શ્રી શ્રાદ્ધવિધિ

(ભાષાન્તર.)



"જૈન" પત્ર ઓફીસ.

"જૈન" ગ્રંથાવળી—નં. ૩.

શ્રી
શ્રાદ્ધવિધિ.

પંડિતશ્રી રત્નશેખરસૂરિએ કરેલા મૂળ ગ્રંથ તથા તે ઉપર તેમણે કરેલી
કૌમુદી નામની ટિકાનું ગુર્જર ભાષાન્તર.)

પ્રકટ કરનાર
"જૈન" પત્રના માલીક.
અમદાવાદ.

(સર્વ હક્ક સ્વાધિન.)

અમદાવાદ—"જૈનોદય" છાપખાનું.

સંવત ૧૯૬૦. વિરસં [illegible] ન ૧૯૦૪.



Sheth Dharamchand Udaichand,
Jeweller, Bombay.
(Died 19th January, 1904.)

KUNTALINE PRESS, CALCUTTA.

નામદાર શેઠજી સાહેબ મર્હુમ,

ધરમચંદ ઉદયચંદ,

જેઓશ્રી અનેક ધાર્મીક કાર્યો કરી, તેમજ પોતાના
જાતિ ભાઇઓનું પોતાથી બનતું યથાશક્તિ શ્રેય
કરી અને તે શીવાય અનેક ઉત્તમ કાર્યો કરી
પોતાની ૫૫ વર્ષની વયે તા. ૧૯–૧–૦૪
ના રોજ આ દુનિયા છોડી દેહ
મુક્ત થયા, તેમના પવિત્ર
સ્મરણાર્થે આ પુસ્તક તેમને
અર્પણ કરવામાં
આવ્યું
છે.

અમદાવાદ—જૈન ઑફીસ.

બે બોલ.

કેટલાકો તરફથી એમ પૂછવામાં આવશે કે આ **શ્રાદ્ધવિધિ ભાષાન્તરના** જરૂર શી હતી? કેમકે આ ગ્રંથના અત્યાર સુધીમાં બે ગુર્જર ભાષાન્તરો બહાર પડયાં છે અને તે બન્ને પુસ્તકો જૈન સમાજમાં પ્રચલીત છે. આના ઉત્તરમાં એટલુંજ કહેવાનું છે કે આ **શ્રાદ્ધવિધિ** પુસ્તક દરેક જૈનને અત્યંત ઉપયોગી છે અને આ બન્ને ભાષાન્તરોની કીમત ભારે હોવાથી સાધારણ વર્ગ તેનો જોઇએ તેટલો ઉપયોગ કરી શકે તેમ નથી. તે શીવાય આ બન્ને ભાષાન્તરોમાં અમુક અમુક દોષ છે. એક ભાષાન્તર તો તદ્દન અશુદ્ધ છે. બીજું કાંઇ સારૂં છે પણ તેની કીંમત વધારે હોવાથી મારા સમજવા પ્રમાણે તેનો ઉપયોગ વિશેષ થતો હોય તેમ જણાતું નથી. આ ગ્રંથમાં શ્રાવક જન્મથી મરણ પર્યંત શું શું કાર્ય કરવાનું છે તે દર્શાવ્યું છે. આ એકલે ગ્રંથ જો દરેક જૈન બંધુ મનન કરે તો તે જરૂર પોતાના ધર્મ શું છે? પોતાની પોતાના જ્ઞાતિ ભાઇઓ પ્રત્યે ફરજ શી છે? નાણાનો કેવીરીતે કરવો તે વગેરે બહુ સારી રિતે જાણી શકે. આવા ઉત્તમ ગ્રંથનો દરેક જૈન બંધુ છૂટથી ઉપયોગ કરી શકે તેમ વિચારી મેં તેની માત્ર નામની **આઠ આના** કિંમત લઇ મારા **જૈનપત્ર**ના ગ્રાહકોને તે ભેટ આપ્યો છે. આવી રિતે જો આ ભેટ મારા ગ્રાહકોને ઉપયોગી થઇ પડશે તો ભવિષ્યમાં આવું એક નહી પણ બે ત્રણ ઉત્તમ પુસ્તકો માત્ર નામની કીંમત એટલે કાગળ અને બંધાઇ જેટલો ખર્ચ લઇ આપવા મેં ધાર્યું છે. આમ કરવાથી એક તો મારા **જનપત્ર**નો બોજો ખમ થાય છે અને આ **જૈનપત્ર** કેવળ જૈન હિતાર્થે પ્રકટ થતું હોવાથી તે દરેક જૈન વાંચે આ ભવિષ્યમાં દરેક જૈન પોતાની કોમના હિત ખાતર પ્રકટ થતું આ એકજ પત્ર છે એવું અભિમાન રાખતો થાય એ જોવાની મારી ઇચ્છા છે. જૈન પત્રની ખાતર હું કેવો અને કેવા પ્રકારનો ભોગ આપું છું તે કહેવાનું આ સ્થળ નથી, પણ મારે ટુંકામાં કહેવું જોઇએ કે દરેક માણસની ફરજ છે કે પોતાના જ્ઞાતિલાભઆવું. પો-

તાથી બને તેટલું યથાશક્તી શ્રેય કરવું. અને આવું શ્રેય કરવાનું ઉત્તમ સાધન આ જમાનામાં વર્તમાન પત્રજ છે, વર્તમાનપત્ર વડેજ હજારો ગ્રાહક આપણે એક ભાવના વિચારો અદ્વી શકિયે છીએ અને આ જૈન પત્રે આવા કેટલાએ લેખકોના લેખો પોતાના પત્રમાં સ્થાન આપી નવા નવા વિચારો જાહેર કર્યા છે. તે સોકોએ વાંચનાર સારી પેઠે જાણે છે.

હાલમાં વર્તમાન પત્રનો સમય છે. જ્યારે બીજા વર્તમાન પત્રોની હજારો નકલ ખપે છે ત્યારે પંદર લાખની વસ્તીવાળી જૈન કોમમાં અને તે પણ માત પર ગણાતી કોમમાં એકજ અઢવાડિકની માત્ર ૧૨૦૦–૧૫૦૦ કોપી ખપે તે ખરે અફશોસની વાર્તા છે. માત્ર ત્રણ, ચાર રૂપિયા ખર્ચવાથી બાર માસ સુધી પોતાના જ્ઞતિભાઈઓના સંબંધમાં બનતા બનાવોની ખબરો આપવા ઉપરાંત–પંચાંગ, ધર્મના પુસ્તકો વગેરે મફત મળે છે તે વધારે, અને આવી રીતે નજીવા વર્ષીક ખર્ચમાં મળતો લાભ લેવા જ્યારે મારા જ્ઞતિભાઈઓ તત્પર થતા નથી તો તેવાઓ દ્વારા બીજા કયા શ્રેયની આશા રાખી શકાય ? વધુ પુસ્તકો ભેટ આપવા માટે વધુ ગ્રાહકોની જરૂર છે અને તેથી અમારા દરેકે દરેક ગ્રાહક એવી પ્રતિજ્ઞા કરશો કે ઓછામાં ઓછા દરેકે એવી પાંચ ગ્રાહકો તો મેળવી આપવા. અને જ્યારે આમ થશે ત્યારેજ જૈન પત્રનો ઝહોળો ફેલાવો થશે.

આ ભાષાન્તર મુની મહારાજ બુદ્ધિસાગરે જોયું છે. તેમજ તે શુદ્ધ કરવા માટે બનતી કાળજી રાખવામાં આવી છે. તેમજ તેના પ્રુફ શોધવામાં મારી ગેરહાજરીમાં મારા મિત્ર અત્રેની ગુજરાત વર્નાકયુલર સોસાયટીના આસીસ્ટટ સેક્રેટરી રા. છગનલાલ અમરશીએ જે તસદી લીધી છે તે માટે તેમનો આભાર માનુછું.

જૈન પત્રના અંગે એક સ્વતા છાપખાનાની જરૂર છે અને જ્યારે આવું એક છાપખાનું થશે ત્યારેજ આપણા ધર્મનાં સારા પુસ્તકો ઉત્તમ રિતે છાપવા હું શક્તિમાન થઈશ. બાકી બનતી કાળજી લેવા છતાં જો તેની છાપકળા મારે દોષ હોય તો તે દોષ મારો નથી પણ છાપખાનાનોજ સમજવો.

આ પુસ્તક પરમ પુજ્ય શેઠ ધરમચંદ ઉદયચંદના સ્મર્ણાર્થે અર્પણ કરવામાં આવ્યું છે અને આ જગ્યાએ મારે કહેવું જોઇએ કે જૈન પત્રની હયાતી આ મહુમ શેઠના લીધેજ હતી—તે પવિત્ર પુરૂષની આજ્ઞાથી આ પત્ર કહાડયું હતું અને આવા ધાર્મીક પુરૂષોનાં વચન હમેશાં ફળે છે અને જૈન પત્રની કાંઇ પણ ફતેહ હોય તો તે મારી નથી પણ આ શેઠના વચનનીજ છે એમ મારૂ માનવું છે. તેમણે કરેલી જૈન કોમની શેવા તેમના આ સાથે આપેલા જીવન ચરિત્ર ઉપરથીજ જણાશે અને આવી તેમની ઉત્તમ શેવાનું દ્રષ્ટાંત મારા જાતિ ભાઈઓ લે અને તે પવિત્ર પુરૂષની મુખમુદ્રા જોઇ પોતાની આંખ બે ઘડી ઠારે એવા વિચારથી આ પુસ્તકમાં તેમની છબી પણ આપવામાં આવી છે.

છેવટ મારા મિત્રો જેઓ હમેશાં મારા શ્રેય માટે અને વિશેશ જૈન પત્રની વૃદ્ધી માટે જે પ્રયાસ તેઓ લે છે તેમનો આ સ્થળે અંતઃકરણ પૂર્વક આભાર માનુછું.

અમદાવાદ.
તા. ૨૭–૯–૦૪

ભગુભાઈ ફતેહચંદ કારભારી.
અધિપતિ જૈન.

અનુક્રમણિકા.

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૧	મંગલાચરણ.	૧
૨	છ દ્વારનાં નામ.	૩
૩	શ્રાવકધર્મને આદરવા લાયક પુરૂષનાં લક્ષણ.	૪
૪	દૃષ્ટિરાગી ધર્મ પામી શકતો નથી તે ઉપર ભુવનભાનુ કેવલીનું દૃષ્ટાંત.	૪
૫	ધર્મનો દ્વેષી ધર્મ પામી શકતો નથી, તે ઉપર વરાહમિહિરનું દૃષ્ટાંત.	૪
૬	મૂઢ પુરૂષ ગુરૂના વચનનો ભાવાર્થ જાણી શકતો નથી, તે ઉપર ગાભડીઆના પુત્રની કથા.	૪
૭	શ્રાવકના એકવીશ ગુણ.	૬
૮	ભદ્રકપણા ઉપર શુકરાજની કથા.	૮
૯	નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારના શ્રાવકનાં લક્ષણ.	૮૧
૧૦	વ્રતશ્રાવક ઉપર સુરસુંદર કુમારની સ્ત્રીઓની કથા.	૮૧
૧૧	શ્રાવકથી ત્રિવિધ ત્રિવિધ ભાંગે પચ્ચખાણ કેમ ન થાય? તે સંબંધી પ્રશ્નોત્તર.	૮૨
૧૨	બીજી રીતે ચાર પ્રકારના શ્રાવક સંબંધી પ્રશ્નોત્તર.... ...	૮૩
૧૩	શ્રાવક શબ્દનો અર્થ....	૮૪

દિનકૃત્યપ્રકાશ ૧

૧૪	શ્રાવકે સવારે કઈ વખતે ઉઠવું? અને ઉઠીને શું કરવું? ...	૮૫
૧૫	પૃથ્વીઆદિ પાંચ તત્ત્વોનું તથા ચંદ્ર સૂર્ય નાડીનું સ્વરૂપ અને તેથી થતું ફળ.	૮૭
૧૬	નવકાર ગણવાનો વિધિ.	૮૯
૧૭	જાપ કરવાનો વિધિ અને તેથી થતા લાભ.	૯૦
૧૮	નવકાર ગણવાનું ફળ અને તે ઉપર શિવકુમારનું અને વડ ઉપર રહેલી સમળીનું દૃષ્ટાંત.	૯૩
૧૯	ધર્મજાગરિકા કરવાનો વિધિ.	૯૩
૨૦	રાતમાં થએલાં કુસ્વપ્ન દુસ્વપ્ન માટે કરવાના કાઉસ્સગ્ગનો વિધિ.	૯૪
૨૧	સ્વપ્નના વિચાર અને તેથી થતાં ફળ.	૯૫

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૨૨	નિયમ લેવાનો વિધિ	૯૬
૨૩	નિયમ લેવા ઉપર કમલશ્રેષ્ઠીનું દૃષ્ટાંત.	૯૯
૨૪	સચિત્ત, અચિત્ત, અને મિશ્ર વસ્તુનું સ્વરૂપ.	૧૦૦
૨૫	શસ્ત્રના સંબંધ વિના મીઠું વગેરે વસ્તુ અચિત્ત શી રીતે થાય છે?	૧૦૨
૨૬	ધાન્યના બીજપણાનો કાળ.	૧૦૩
૨૭	લોઢનો સચિત્ત અચિત્તપણાનો કાળ	૧૦૪
૨૮	પક્વાન વગેરેનો કાળ, અભક્ષ્ય વસ્તુનું અને વિદલનું સ્વરૂપ ...	૧૦૫
૨૯	ગરમ પાણીનું સ્વરૂપ.	૧૦૭
૩૦	ચોખાના ધોવણનું સ્વરૂપ અને તેનો કાળ.	૧૦૮
૩૧	નિર્દોષનું સ્વરૂપ.	૧૦૭
૩૨	અચિત્ત પાણીનો કાળ.	૧૦૮
૩૩	સચિત્ત વસ્તુના ત્યાગ ઉપર અંબડ પરિવ્રાજકના શિષ્યોનું દૃષ્ટાંત.	૧૧૧
૩૪	ચૌદ પ્રકારના નિયમનું સ્વરૂપ.	૧૧૧
૩૫	નવકારશી તથા ગંઠસહિ પચ્ચખાણનું સ્વરૂપ અને તેનું ફળ.	૧૧૩
૩૬	ચાર પ્રકારના આહારનું સ્વરૂપ.	૧૧૪
૩૭	અનાહાર વસ્તુનું સ્વરૂપ.	૧૧૬
૩૮	પચ્ચખાણને વિષે આહારના ભેદ.	૧૧૭
૩૯	મલ મૂત્રનો ત્યાગ કઈ દિશાએ અને કેવી જગા ઉપર કરવો?	૧૧૯
૪૦	દાતણ કરવાનો વિધિ તથા તેથી થતી અગમચેતીઓ. ...	૧૨૧
૪૧	ન્હાવાનો વિધિ.	૧૨૨
૪૨	દ્રવ્યસ્નાન ઉપર કુલપુત્રની કથા.	૧૨૪
૪૩	ભાવસ્નાનનું સ્વરૂપ.	૧૨૫
૪૪	ભૂમિ ઉપર પડેલાં ફુલ ચડાવવા ઉપર ચંડાળની કથા. ...	૧૨૫
૪૫	દેવપૂજા કરતી વખતે કેવું વસ્ત્ર પહેરવું જોઈએ? તેનું સ્વરૂપ	૧૨૬
૪૬	બીજાએ વાપરેલું વસ્ત્ર પૂજા કરતી વખતે ન લેવું, તે ઉપર કુમારપાલ રાજાનું અને ચાહડ મંત્રીનું દૃષ્ટાંત.	૧૨૭
૪૭	પૂજા કરતી વખતે દ્રવ્યશુદ્ધિ તથા ભાવશુદ્ધિનું લક્ષણ. ...	૧૨૮

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૪૮	મોટી ઋદ્ધિથી ભગવંતને વાંદવા જવા ઉપર દશાર્ણભદ્રરાજાની કથા.	૧૨૯
૪૯	સત્તાવન પ્રકારનાં વાજિંત્રનું સ્વરૂપ.	૧૩૧
૫૦	બત્રીશબદ્ધ નાટકના ભેદ.	૧૩૩
૫૧	જિનમંદિરે જતાં પાંચ અભિગમન સાચવવાં, તેનું સ્વરૂપ. ...	૧૩૫
૫૨	નિર્માલ્યનું સ્વરૂપ.	૧૩૬
૫૩	નવાંગે પૂજા કરવાની સમજ.	૧૩૭
૫૪	અંગ પૂજનનું સ્વરૂપ.	૧૩૯
૫૫	જિનપૂજા કરતી વખતે શ્રાવક દયાવાનજ હોય. તે ઉપર જિણદા શ્રેષ્ઠની કથા.	૧૪૦
૫૬	મૂલનાયકજીની પ્રથમ પૂજા કરવા સંબંધી પ્રશ્નોત્તર. ...	૧૪૧
૫૭	અગ્રપૂજનનું સ્વરૂપ.	૧૪૫
૫૮	પ્રભુ આગળ નૈવેદ્ય ધરવા ઉપર ખેડુતનું દૃષ્ટાંત.	૧૪૬
૫૯	ભાવપૂજનનું સ્વરૂપ.	૧૪૭
૬૦	ચૈત્યવંદનના ભેદ.	૧૪૮
૬૧	સાત ચૈત્યવંદનનું સ્વરૂપ.	૧૪૮
૬૨	જિનપ્રતિમાની ત્રણ અવસ્થા.	૧૫૦
૬૩	પાંચ પ્રકારી, અષ્ટ પ્રકારી, સર્વ પ્રકારી, વગેરે પૂજાઓનું સ્વરૂપ.	૧૫૦
૬૪	પૂજામાં પુષ્પ કેવાં વાપરવાં ? તેનું સ્વરૂપ.	૧૫૩
૬૫	સ્નાત્ર કરવાનો વિધિ.	૧૫૪
૬૬	પૂજામાં ધારવા યોગ્ય દશત્રિક વગેરેનું સ્વરૂપ. ...	૧૬૧
૬૭	વિધિ અવિધિ ઉપર ચિત્રકાર પુત્રની અને બે બ્રાહ્મણોની કથા.	૧૬૩
૬૮	ત્રણ પ્રકારની જિનપૂજાનું ફળ.	૧૬૫
૬૯	દ્રવ્યપૂજાના ભેદ.	૧૬૬
૭૦	પારકી જિનપૂજાનો દ્વેષ કરવા ઉપર કુંતલા રાણીની કથા.	૧૬૭
૭૧	ભાવસ્તવનું સ્વરૂપ.	૧૬૮
૭૨	દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવનું ઉત્કૃષ્ટપણું.	૧૬૮
૭૩	દ્રવ્યસ્તવ ઉપર કૂવાનું દૃષ્ટાંત.	૧૬૯

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૭૪	જિનમંદિરે જતા થતું ફળ.	૧૬૯
૭૫	ત્રણે કાળ જિનપૂજા કરવાનું ફળ.	૧૭૦
૭૬	વિધિ અને બહુમાન ઉપર ચૌભંગી.	૧૭૦
૭૭	વિધિપૂર્વક જિનપૂજા કરવા ઉપર ધર્મદત્ત રાજાની કથા.	૧૭૨
૭૮	જિનમંદિરની અને દેવદ્રવ્યની સારસંભાળ.	૧૮૭
૭૯	જ્ઞાનની આશાતના.	૧૮૮
૮૦	દેવની જઘન્ય ૧૦, મધ્યમ ૪૦ અને ઉત્કૃષ્ટ ૮૪, આશાતનાનું સ્વરૂપ.	૧૮૯
૮૧	બીજી પણ દેવની પાંચ પ્રકારની આશાતના.	૧૯૧
૮૨	ગુરૂની તેત્રીશ આશાતના.	૧૯૨
૮૩	દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનું સ્વરૂપ.	૧૯૫
૮૪	દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાના ઉપાય.	૧૯૬
૮૫	દેવદ્રવ્ય ભક્ષણ કરવા ઉપર સાગરશ્રેષ્ઠીની કથા.	૧૯૭
૮૬	જ્ઞાનદ્રવ્ય ભક્ષણ કરવા ઉપર કર્મસારની અને સાધારણ દ્રવ્ય-ભક્ષણ કરવા ઉપર પુણ્યસારની કથા.	૨૦૧
૮૭	જ્ઞાનદ્રવ્ય તથા ગુરૂદ્રવ્યનું સ્વરૂપ.	૨૦૫
૮૮	દેવદ્રવ્ય ખાતે આપવા કબૂલ કરેલું દ્રવ્ય તરત ન આપી શકવાથી થતી હાની અને તે ઉપર ઋષભદત્ત શ્રેષ્ઠીની કથા.	૨૦૬
૮૯	દેવદ્રવ્યની ઉઘરાણી કરવામાં આળસ રાખવા ઉપર એક વણિકની કથા.	૨૦૮
૯૦	દેરાસરના દીવાથી ઘરનું કામ કરવા ઉપર એક ઉંટડીની કથા.	૨૦૯
૯૧	દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય એ ત્રણે ખાતાની કોઈ પણ વસ્તુ નકરો આપ્યા શિવાય વાપરવી નહિ તેનું સ્વરૂપ.	૨૧૦
૯૨	થોડો નકરો આપીને દેરાસરની વસ્તુ વાપરવા ઉપર લક્ષ્મીવતીની કથા.	૨૧૧
૯૩	ઘરદેરાસરમાં ચડાવેલા ચોખા વગેરેની વ્યવસ્થા વિષે.	૨૧૨
૯૪	મરનારની પાછળ ધર્મખાતે આપવા કબૂલ કરેલા દ્રવ્યનું સ્વરૂપ.	૨૧૪
૯૫	તીર્થે ખરચવા માનેલા દ્રવ્યનું સ્વરૂપ.	૨૧૫
૯૬	ગુરૂવંદન વિધિ અને ગુરૂ સાક્ષીએ પચ્ચખાણ કરવાનું ફળ.	૨૧૬

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૯૭	ધર્મદેશના સાંભલવાથી થતા ફાયદા અને તે ઉપર પરદેશી રાજાની કથા.	૨૨૦
૯૮	ધર્મદેશના સાંભળવાના ફળ ઉપર થાવચ્ચા પુત્રની કથા.	૨૨૨
૯૯	સાધુ મુનિરાજને નિમંત્રણ કરવાનું તથા વહોરાવવાનું ફળ.	૨૨૭
૧૦૦	સાધુ મુનીરાજને નિમંત્રણ કરવા ઉપર જીર્ણશેઠનું અને અભિનવ શ્રેષ્ઠીનું દૃષ્ટાંત.	૨૨૭
૧૦૧	સાધ્વીઓની સારસંભાળ કરવાનો વિચાર.	૨૨૮
૧૦૨	ન્યાય કરવા ઉપર યશોવર્મા રાજાની કથા.	૨૩૦
૧૦૩	આજીવિકા કરવાના સાત ઉપાય.	૨૩૩
૧૦૪	બુદ્ધિથી કાર્ય કરવા ઉપર ધનશ્રેષ્ઠીના પુત્રની કથા... ...	૨૩૫
૧૦૫	રાજસેવાની શ્રેષ્ઠતા.	૨૩૯
૧૦૬	ત્રણ પ્રકારની ભિક્ષા.	૨૪૧
૧૦૭	દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એ ચાર પ્રકારે વ્યવહાર શુદ્ધિ તથા વિરોધી માણસ સાથે વ્યાપાર ન કરવો તેનું સ્વરૂપ. ...	૨૪૨
૧૦૮	ઉધારે નહી ધીરવાની શીખામણ ઉપર મુગ્ધપુત્રની કથા ...	૨૪૪
૧૦૯	ઋણ ન રાખવા વિષે.	૨૪૬
૧૧૦	ઋણભવાંતરે પણ આપવું પડે છે, તે ઉપર ભાવડ શ્રેષ્ઠીની કથા...	૨૪૭
૧૧૧	પુણ્ય પ્રબલ હોય તો ગએલું ધન પણ પાછું મલી શકે છે તે ઉપર આભડ શ્રેષ્ઠીની કથા.	૨૪૯
૧૧૨	ભાગ્યહીન પુરૂષે ભાગ્યશાળી પુરૂષનો આશ્રય કરવો, તે ઉપર એક મુનીમની કથા.	૨૫૧
૧૧૩	જ્યાં ત્યાં ન્યાય કરવા જવા ઉપર એક શ્રેષ્ઠીની કથા ...	૨૫૪
૧૧૪	પાપની અનુમોદના ન કરવા ઉપર બે મિત્રોની કથા. ...	૨૫૫
૧૧૫	ન્યાયથી વેપાર કરવા ઉપર હેલાક શ્રેષ્ઠીની કથા	૨૫૬
૧૧૬	વિશ્વાસઘાત કરવા ઉપર રાજપુત્રની કથા.	૨૫૮
૧૧૭	પુણ્યસંબંધી ચૌભંગી.	૨૬૨
૧૧૮	સત્ય બોલવા ઉપર મહણસિંહનું તથા ભીમસોનીનું દૃષ્ટાંત...	૨૬૪

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૧૧૯	મિત્ર કેવા રાખવા ? તેનું સ્વરૂપ.	૨૬૪
૧૨૦	સાક્ષી રાખ્યા વિના દ્રવ્ય ન આપવા ઉપર ધનેશ્વર શ્રેષ્ઠીની કથા...	૨૬૬
૧૨૧	સાક્ષી રાખીને દ્રવ્ય આપવા ઉપર એક ધુર્ત વણિકની કથા...	૨૬૭
૧૨૨	પરદેશ જતાં ભાગ્યશાળી માણસ સાથે હોય તો સુખ થાય છે, તે ઉપર એકવીશ માણસની કથા...	૨૬૯
૧૨૩	પાપવૃદ્ધિ ઉપર ચાર મિત્રોની કથા.	૨૭૩
૧૨૪	ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ સાધવાનું સ્વરૂપ. ...	૨૭૫
૧૨૫	પેદાશના વિભાગ કરવાનું સ્વરૂપ.	૨૭૭
૧૨૬	ખરી જરૂર પડે ધન ખરચવા ઉપર એક શેઠની કથા ...	૨૭૮
૧૨૭	ધર્મસ્થાનકે વાપરવાથી ધન વૃદ્ધિ પામે છે, તે ઉપર વિધાપતિ શ્રેષ્ઠીની કથા.	૨૭૮
૧૨૮	ન્યાયથી અને અન્યાયથી ધન ઉપાર્જન કરવા ઉપર દેવશ્રેષ્ઠી-ની અને યશશ્રેષ્ઠીની કથા	૨૭૯
૧૨૯	ન્યાયથી ઉત્પન્ન કરેલા ધન ઉપર સોમરાજની કથા. ...	૨૮૦
૧૩૦	ન્યાયથી ઉપાર્જન કરેલા ધનનું દાન આપવા ઉપર ચૌભંગી તેમાં ભીન્ન ભાંગા આવી દાખ બ્રાહ્મણને જમાડનાર બ્રાહ્મણની કથા.	૨૮૧
૧૩૧	અન્યાયથી મેળવેલા ધન ઉપર રંક શ્રેષ્ઠીની કથા. ...	૨૮૩
૧૩૨	દેશવિરૂદ્ધ, કાળવિરૂદ્ધ અને રાજ્યવિરૂદ્ધનું સ્વરૂપ... ...	૨૮૬
૧૩૩	રાજ્યવિરૂદ્ધ ઉપર રોહિણીની કથા.	૨૮૮
૧૩૪	પારકા બોટા દોષ બોલવા ઉપર વૃદ્ધ બ્રાહ્મણની કથા. ...	૨૮૮
૧૩૫	સાચા દોષ ન કહેવા ઉપર ત્રણ કોપરીઓનું દૃષ્ટાંત. ...	૨૮૯
૧૩૬	લોકવિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધનું સ્વરૂપ	૨૮૯
૧૩૭	માતા પિતાદિક તથા જ્ઞાનું ઉચિતાચરણ.	૨૯૧
૧૩૮	સ્ત્રીનું કહ્યું કરવાથી દુઃખી થવા ઉપર મંથર કોલીની કથા...	૩૦૨
૧૩૯	સ્ત્રી રૂપવાન અને પુરૂષ કુરૂપવાન તેમજ પુરૂષ રૂપવાન અને સ્ત્રી કુરૂપવાન એવા કજોડા ઉપર બે પુરૂષની કથા. ...	૩૦૪
૧૪૦	સ્વજનોની સાથે એક દિલ રાખવા ઉપર પાંચ આંગળીઓનું દૃષ્ટાંત.	૩૦૮

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૧૪૧	મૂર્ખનાં સો લક્ષણો...	૩૧૬
૧૪૨	નીતિ સંબંધી શાખામણ.	૩૨૫
૧૪૩	વ્યવહારશુદ્ધિ ઉપર ધનમિત્રની કથા.	૩૨૫
૧૪૪	સુપાત્રદાનની યુક્તિ, તેનાં ફળ અને દૂષણનાં ભૂષણ ...	૩૨૮
૧૪૫	સુપાત્રદાન અને પરિગ્રહપરિમાણ વ્રત ઉપર રત્નસાર કુમારનું ચરિત્ર	૩૩૦
૧૪૬	ભોજન વગેરે કરતી વખતે દીન જનો ઉપર અનુકંપા કરવા વિષે.	૩૪૦
૧૪૭	ખાદ્ય વસ્તુ ખાવાનું સ્વરૂપ	૩૬૨
૧૪૮	ભોજન કરવાનો અને પાણી પીવાનો વિધિ	૩૬૫
૧૪૯	સાંજે જમ્યા પછી કરવાના કાર્ય.	૩૬૬
૧૫૦	એકવાર ભોજન કરવા વિષે અને સાંજે કઇ વખતે જમવું?...	૩૬૭
૧૫૧	દિવસચરિમ પચ્ચખાણ કરવાનું સ્વરૂપ	૩૬૮
૧૫૨	દિવસચરિમ પચ્ચખાણ કરવા ઉપર એડનાક્ષની કથા. ...	૩૬૮

રાત્રિકૃત્ય પ્રકાશ ૨

૧૫૩	પ્રતિક્રમણ કરવાનું સ્વરૂપ.	૪૦૧
૧૫૪	પ્રતિક્રમણનો અનિયમ પાળવા ઉપર એક શ્રાવકનું દૃષ્ટાંત.	૪૦૨
૧૫૫	પાંચ પ્રકારનાં પ્રતિક્રમણ અને તે કરવાનો કાળ. ...	૪૦૨
૧૫૬	પખ્ખી પ્રતિક્રમણ ચૌદશે કરાય? કે પૂનમે કરાય? તે સંબંધી ખુલાસો.	૪૦૩
૧૫૭	ચિરંતનાચાર્ય કૃત પાંચે પ્રતિક્રમણ કરવાનો વિધિ. ...	૪૦૪
૧૫૮	શીલાંગરથ અને શ્રમણરથનું સ્વરૂપ.	૪૧૧
૧૫૯	પાંચપદની અને નવપદની અનાનુપૂર્વિનું સ્વરૂપ.	૪૧૨
૧૬૦	સઝાય કરવા ઉપર ધર્મદાસ શ્રાવકનું દૃષ્ટાંત.	૪૧૨
૧૬૧	શ્રાવકે ઘરના માણસોને ધર્મોપદેશ કરવાનું સ્વરૂપ. ...	૪૧૩
૧૬૨	ધર્મોપદેશ કરવા ઉપર ધનશ્રેષ્ઠનું દૃષ્ટાંત.	૪૧૪
૧૬૩	નિદ્રા લેવાનું સ્વરૂપ.	૪૧૫
૧૬૪	કામવિકાર જીતવાનું સ્વરૂપ.	૪૧૮
૧૬૫	કષાય જીતવાનું સ્વરૂપ.	૪૧૯
૧૬૬	ધર્મના મનોરથ ચિંતવવાનું સ્વરૂપ.	૪૨૧

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
	પર્વકૃત્યપ્રકાશ ૩	
૧૬૭	પર્વ તીથિઓનું સ્વરૂપ.	... ૪૨૪
૧૬૮	શાશ્વતિ અશાશ્વતિ અઠાઇનું સ્વરૂપ. ...	... ૪૨૫
૧૬૯	ઉગમણી આથમતી તિથિ માનવાનું સ્વરૂપ. ...	... ૪૨૫
૧૭૦	પૌષધ કરવાનો વિધિ.	... ૪૨૮
૧૭૧	પર્વતિથિએ પૌષધ કરવા ઉપર ધનેશ્વર શ્રેષ્ઠીની કથા.	... ૪૩૨
	ચાતુર્માસિકકૃત્યપ્રકાશ ૪	
૧૭૨	નિયમ ગ્રહણ કરવાનું સ્વરૂપ.	... ૪૩૮
૧૭૩	અછતી વસ્તુનો ત્યાગ કરવા ઉપર દ્રમક મુનિનું દૃષ્ટાંત.	... ૪૩૯
૧૭૪	ચોમાસા સંબંધી શ્રાવક શ્રાવિકાના નિયમ. ...	... ૪૪૨
૧૭૫	ચોમાસાના નિયમ પાળવા ઉપર રાજપુત્રની કથા.	... ૪૪૩
૧૭૬	લૌકિક શાસ્ત્રમાં બતાવેલા ચોમાસા સંબંધી નિયમ.	... ૪૪૫
	વર્ષકૃત્યપ્રકાશ ૫	
૧૭૭	સંઘપૂજનું સ્વરૂપ.	... ૪૪૭
૧૭૮	સાધર્મિવાત્સલ્યનું સ્વરૂપ.	... ૪૪૯
૧૭૯	સાધર્મિવાત્સલ્ય ઉપર દંડવીર્ય રાજાનું, વિમલવાહન રાજાનું, જગસિંહ શ્રેષ્ઠીનું અને આભૂસંઘપતિનું દૃષ્ટાંત....	... ૪૫૧
૧૮૦	અઠાહિયાત્રા અને રથયાત્રાનું સ્વરૂપ.	... ૪૫૩
૧૮૧	રથયાત્રા કરવા ઉપર સંપ્રતિરાજાની અને કુમારપાળ રાજાની કથા.	૪૫૭
૧૮૨	તીર્થયાત્રાનું સ્વરૂપ.	... ૪૫૫
૧૮૩	સ્નાત્રોત્સવનું સ્વરૂપ.	... ૪૫૮
૧૮૪	દ્રવ્યની વૃદ્ધિનું સ્વરૂપ.	... ૪૫૮
૧૮૫	મહાપૂજનું સ્વરૂપ.	... ૪૫૮
૧૮૬	ધર્મ જાગરિકાનું સ્વરૂપ.	... ૪૫૮
૧૮૭	શ્રુતજ્ઞાનની પૂજાનું સ્વરૂપ.	... ૪૬૦
૧૮૮	ઉજમણાનું સ્વરૂપ.	... ૪૬૧
૧૮૯	તીર્થની પ્રભાવના કરવાનું સ્વરૂપ.	... ૪૬૧
૧૯૦	આલોયણા કરવાનું સ્વરૂપ.	... ૪૬૩

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૧૯૧	આલોયણ આપનાર આચાર્યનાં લક્ષણ.	૪૬૩
૧૯૨	આલોયણા કોની પાસે લેવી ? તેનું સ્વરૂપ	૩૬૪
૧૯૩	આલોયણા કેવી રીતે લેવી ? તેનું સ્વરૂપ.	૪૫૬
૧૯૪	આલોયણા લેનારના દશ દોષનું સ્વરૂપ.	૪૬૮
૧૯૫	સમ્યક્ પ્રકારે આલોયણ કરનારના ગુણ.	૪૬૮
૧૯૬	સારી રીતે આલોયણા ન કરવા ઉપર લક્ષણા સાધ્વીની કથા.	૪૬૯

જન્મકૃત્ય પ્રકાશ ૬

૧૯૭	રહેવાનું સ્થાન કેવું જોઇએ ? તેનું સ્વરૂપ.	૪૭૧
૧૯૮	કુગ્રામમાં રહેવાથી થતી હાની ઉપર એક વણિકનું દૃષ્ટાંત ...	૪૭૨
૧૯૯	રહેવાનું ઘર કેવું જોઇએ ? તેનું સ્વરૂપ...	૪૭૩
૨૦૦	નઠારા પડોશીથી થતી હાની....	૪૭૩
૨૦૧	ભૂમિની પરીક્ષા.	૪૭૪
૨૦૨	ભૂમિથી નીકળેલા શલ્યથી થતું ફળ	૪૭૪
૨૦૩	સુખશાંતિ માટે વર્જવા તથા ધ્યાનમાં રાખવા યોગ્ય નિયમો.	૪૭૪
૨૦૪	ઘર બંધાવવામાં જિનમંદિરની વસ્તુ વપરાઈ જવાથી થએલી હાની વિષે વણિકનું દૃષ્ટાંત.	૪૭૫
૨૦૫	ઘર કરવા સંબંધિ વિચાર.	૪૭૬
૨૦૬	ઘરમાં ચિત્રામણ કેવાં જોઇએ ? તેનું સ્વરૂપ.	૪૭૬
૨૦૭	ઘરમાં વૃક્ષોથી થતાં શુભાશુભ ફલનું સ્વરૂપ.	૪૭૬
૨૦૮	ઘર બાંધકામના નિયમો.	૪૭૭
૨૦૯	કેવા ઘરમાં રહેવું ? તેનું સ્વરૂપ.	૪૭૮
૨૧૦	સારા મહેલમાં રહેવાથી થતા ફાયદા ઉપર વિક્રમ રાજાની કથા.	૪૭૮
૨૧૧	કાલિદાસ પંડિત ગાયો ચારતો હતો, પણ વિદ્યાના પ્રસાદથી માનવંત થયો તેનું દૃષ્ટાંત.	૪૭૯
૨૧૨	આલોકમાં ન શીખાય તો ઓછામાં ઓછી બે કળા તો અવશ્ય શીખવી.	૪૮૦
૨૧૩	પાણિગ્રહણ કરવાનું સ્વરૂપ.	૪૮૦
૨૧૪	વર કન્યાનાં લક્ષણની પરીક્ષા.	૪૮૧

વિષયાંક.	વિષયનું નામ.	પૃષ્ઠાંક.
૨૧૫	આઠ પ્રકારના વિવાહ.	૪૮૧
૨૧૬	સ્ત્રીનું રક્ષણ કરવાના ઉપાય.	૪૮૨
૨૧૭	મિત્ર કેવા કરવા ? તેનું સ્વરૂપ.	૪૮૨
૨૧૮	જિનપ્રતિમા કરાવવાનું સ્વરૂપ.	૪૮૩
૨૧૯	જીર્ણોદ્ધાર કરાવવાનું સ્વરૂપ.	૪૮૪
૨૨૦	જીર્ણોદ્ધાર કરાવનારા મંત્રી વાગભટ્ટ, ભીમ અને આંબડ મંત્રીના દૃષ્ટાંત.	૪૮૫
૨૨૧	જિનપ્રતિમા સ્થાપન કરવાનું સ્વરૂપ.	૪૮૬
૨૨૨	જીવંતસ્વામિની પ્રતિમાનું અને ઉદાયન રાજાનું ચરિત્ર. ...	૪૮૭
૨૨૩	પ્રતિમા શાની શાની કરાવવી તેનું સ્વરૂપ.	૪૯૪
૨૨૪	કેવા પ્રતિમા પૂજવા યોગ્ય હોય તેનું સ્વરૂપ	૪૯૪
૨૨૫	ગિરનાર પર્વત ઉપરના સુવર્ણમય બલાનકનો સંબંધ. ...	૪૯૭
૨૨૬	પ્રતિષ્ઠા કરવાનું સ્વરૂપ	૪૯૯
૨૨૭	પુત્ર પુત્રી વિગેરેનો દીક્ષા ઉત્સવ કરવાનું સ્વરૂપ	૪૯૯
૨૨૮	પદ સ્થાપના (આચાર્ય પદ) આપવાનું સ્વરૂપ... ...	૪૯૯
૨૨૯	પુસ્તક લખવાનું તથા વંચાવવાનું સ્વરૂપ	૪૯૯
૨૩૦	પૌષધશાળા કરાવવાનું સ્વરૂપ.	૫૦૦
૨૩૧	યાવજ્જીવ સંયમિત પાળવાનું તથા અણુવ્રત પાળવાનું સ્વરૂપ.	૫૦૧
૨૩૨	અવસરે દીક્ષા ગ્રહણ કરવાનું સ્વરૂપ.	૫૦૧
૨૩૩	ભાવ શ્રાવકનાં સત્તર લક્ષણ.	૫૦૨
૨૩૪	દીક્ષા ન લઈ શકાય તો યાવજ્જીવ આરંભ ન કરવાનું સ્વરૂપ	૫૦૪
૨૩૫	યાવજ્જીવ બ્રહ્મચર્ય પાળવાનું સ્વરૂપ.	૫૦૫
૨૩૬	શ્રાવકની અગીયાર પ્રતિમાનું સ્વરૂપ.	૫૦૫
૨૩૭	અંતકાળે આરાધના કરવાનું સ્વરૂપ.	૫૦૬
૨૩૮	સર્વ અતિચારના પરિહારને અર્થે ચાર શરણરૂપ તથા દશદ્વારરૂપ આરાધના કરવાનું સ્વરૂપ.	૫૦૮
૨૩૯	ગ્રંથકર્તાની ગુર્વાવળી.	૫૦૪

શેઠ ધર્મચંદ ઉદયચંદનું સંક્ષિપ્ત

જીવન ચરિત્ર એટલે શું ?

મહાત્મા પુરૂષોનાં જીવનચરિત્રોએ હજારો ભાષણો, અનેક સદુપદેશો અને લાખો શીખામણની કથાઓ કરતાં મનુષ્ય જીવનને ઉન્નત બનાવવાને પ્રબળ સાધનરૂપ હોય છે, એમ મનાય છે એમાં કાંઇપણ અતિશયોક્તી નથી. તેમાં પણ ધર્મપરાયણ પુરૂષોનાં જીવન ચરિત્રો તો દુનિયામાં એવાં વાંચનની ગરજ સારેછે કે હજારો બલકે લાખો વખત સાંભળેલી કહાણીઓને પાછળ હઠાવી દેછે. જીવનચરિત્રો નિર્મળ આયનાની માફક મનુષ્યની સમક્ષ ખડા થઇ મનુષ્યમાં રહેલા ગુણ દોષની ખામીઓ પ્રદર્શિત કરવામાં તેને સાહ્યભુત થઇ પડે છે. જીવનચરિત્રોમાં બચપણથી મરણ પર્યંતની જીંદગીનો નાનારૂપે જે અનુભવ વર્ણવામાં આવે છે તે મનુષ્ય ધારે તો પોતાની તેવી જીંદગીનાં નાના પ્રકારનાં કામો સાથે તુલના કરી તેમાંથી બહુ બહુ શીખી શકે છે, ખરૂં છે કે સારગ્રાહી બુદ્ધિ પથ્થર પાસેથી પણ ઓષ મેળવે છે, પરંતુ બધાં માણસો કાંઇ એવી ઝીણી બુદ્ધિના હોતાં નથી કે કુદરતના અનેક અદ્‌ભૂત ચમત્કારોમાંથી પણ ઓષ લેઇ શકે. અને તેટલાજ માટે જીવનચરિત્રો સામાન્ય મનુષ્ય જાતના ઉદ્ધાર અર્થે નકલ કરવા જોગ તથા તેનું અનુકરણ કરી તેમાંથી તાત્પર્ય લેવા લાયક જીંદગીનાં કામોમાંથી પોતા માટે થઈ પડતી અનુકૂળ ભાવનાને મેળવી શકે છે, એટલાજ માટે જીવનચરિત્રો વધુ અનુકરણીય કહેવાય છે, જીવ ભૂતોમાં અરે કહો કે આ કુદરતની બલકમાં મનુષ્ય પ્રાણી સર્વ કરતાં શ્રેષ્ટ છે, અને એ શ્રેષ્ટના હોવાનું કારણ જે બુદ્ધિ તે બુદ્ધિનો વ્યાપાર મનુષ્યો કેવા નફા ટોટા સાથે કરતા રહે છે અને કેવા રસ્તે ચાલવાથી તે વ્યાપારમાં લાભ મળે છે ને કયો રસ્તો ગૃહણ કરવાથી તેમાં ટોટો આવે છે, એ જાણવાની કુંચી તો માત્ર જીવનચરિત્રોજ છે. એકનું દેખીને બીજો કરે છે એ જાણે કુદરતી કાયદો ન હોય તેમ મનુષ્ય નકલ કરવામાં સ્વભાવથી

નિર્માણ થએલ હોવાથી જીવનચરિત્રો ઉપરથી તે પોતા માટે ઘણું મેળવી શકે છે. ઇતિહાસ ગાથા, કથા કે રાસા અથવા તો આપણામાં વંચાતાં વ્યાખ્યાનોમાં પણ જીવન ચરિત્રના લેખોની એક યા બીજી રીતે છાયા પડેલી જોવામાં આવે છે. તેમાં માત્ર મુખ્ય તફાવત એટલોજ જણાય છે કે જીવન ચરિત્રમાં જ્યારે અમુક વ્યક્તીના ગુણ દોષ બારીકપણે પ્રદર્શિત કરવામાં આવે છે ત્યારે ઇતિહાસ વીગેરેમાં તેની માત્ર ઉપલક ખાસીયતોજ વર્ણવામાં આવે છે. જીવન ચરિત્રમાં ધારણ કરેલી ધીરજ, સહન કરેલી સહન શીલતા, ખપાવેલી ખંત, વેઠેલાં સંકટો, સુખ દુઃખમાં સમાનતા રાખી બન્નેમાં મર્યાદાની ભીતિ અને હર પ્રસંગે જણાવવામાં આવેલી સમયોચીત બાહોશી તથા અનન્ય વર્તન, વીગેરે સદ્‌ગુણોની છાપ વાંચનારના હૃદય ઉપર એવી તો સજ્જડ પડે છે કે તેને ઉખાડવા કોઇ સમર્થ જણાતું નથી. આવાં વાંચનોથી મનની મોટાઇ આત્માની ઉન્નત સ્થિતિ, મનુષ્યનો પ્રાણી માત્રમાં દરજ્જો કેવો છે તે, તથા મનુષ્ય જીવન શા ઉદ્દેશને માટે છે એ વીગેરે જાણવાની જોગવાઈ મળતાં, હું પણ એવો થાઉં તો ઠીક એવી સ્વાભાવિક પ્રબળ ઇચ્છા વાંચતા મનમાં ઉદ્‌ભવે છે, અને એવી ઇચ્છા જે જીવન ચરિત્ર ઉત્પન્ન ન કરી શકે તે સાચું બોલતાં જીવન ચરિત્રજ નહીં પણ માત્ર કથા કહી શકાય. આપણામાં જીવન ચરિત્રો લખવાનો રીવાજ પ્રાચીનકાળથી છે અને તેવાં અનેક ચરિત્રો આપણા સાહીત્યમાં અત્યારે મોજુદ પણ છે, અને તે સાંભળવાને આપણે હમેશાં ઉત્સુક પણ છઇએ એટલે જૈન સાહીત્યમાં જીવન ચરિત્રોનાં વાંચન કાંઇ નવો સુધારો હોય એમ અમારૂં માનવું નથી. આપણે કર્મવાદી કોમ છઇએ અને તેના પ્રતિપાદન અર્થે આપણામાં અનેક રાસા, ગાથાઓ, વખાણો વગેરે છે, જે દરેક જૈન બાળક પણ જાણે છે. બીજી કોમમાં અલંકારયુક્ત કથાઓ હોવાથી તેઓને સત્ય વાત શોધતાં જરા અથડાવું પડે છે, પરંતુ આપણામાં તેમ નથી એજ જૈન સાહીત્યકારોની ખુબી છે. આધુનીક વખતમાં જીવન ચરિત્રો લખવાનો રીવાજ કેટલાકો કહે છે કે પાશ્ચાત્ય પ્રજાના દેખાદેખી આપણે ગ્રહણ કરવા લાગ્યા છી-

એ, અમે તેને માન્ય કરતા નથી. અમારા પરમ પૂજ્ય જૈનશાસનમાં તો જીવન ચરિત્રોએજ બોધ ગ્રહણ કરવાનો પરંપરા શિષ્ટાચાર છે, જે સ્ત્રીઓ પણ જાણે છે, માતલબ કે જીવન ચરિત્રોથી જૈન કોમ અજ્ઞાત રહેલ નથી. તેનું મહાત્મ્ય, તેનો મહિમા, અને તેનું ઉપયોગીપણું આપણા ધર્માચાર્યોએ પ્રથમથી જાણી લેઇ તેવા રસ્તે જૈન બંધુઓને બોધ આપવા ઘણી તકલીફ લઇ ઘણા રસીક ગ્રંથો અને બોધક રાસો રચેલા છે, જે સઘળા તેના ઉદ્દેશમાં જીવન ચરિત્રો છે.

આટલો ખુલાસો કરવાનું કારણ કાંઇજ નહીં પણ આજકાલ જીવન ચરિત્રના નવા નામથી કેટલાક લોકો વાંચનારના મગજમાં પાશ્ચાત્ય વિચારો પ્રમાણે વર્તી તેના મૂળ તરીકે પશ્ચિમના સાહિત્યની આપણે માત્ર નકલ કરીએ છીએ એમ મનાવા લાગ્યા છે, પરંતુ બીજાઓને માટે ભલે તેમ થાય, પણ આપણા જૈન બાંધવોએ જૈન સાહિત્ય તરફ નજર દોડાવી જીવન ચરિત્રો તો આપણો એક સીરસ્તો જ છે માટે તે તરફ ઘટતા માનથી જોઇને તથા તે વાંચીને તેને ઘટતો ઇન્સાફ આપવાને ચુકવું જોઇતું નથી. આ પુસ્તકમાં આપેલી છબી આ જીવન ચરિત્રના નાયકની છે અને કેટલાક હરીફાઇમાં પડેલાઓ ધુનમાં આવી જઈ છબીઓ, પ્રતિમાઓ કે ફોટોની જરૂરીયાત સ્વીકારતા નથી. પહેલું આપણે તો મૂર્તિ પૂજક જૈન શ્વેતાંબરી છઇએ અને મૂર્તિ એજ આપણા પરમપવિત્ર ધર્મનું પડેલું પગથીયું છે, વળી ધ્યાન તથા ધારણા માટે આકારની જરૂર હોવાથી શુષ્ક નિરાકારના ખુમાટને આપણે વજન આપનારા નથી તેમજ મંગળ મૂર્તિ મહાત્માઓની છબીઓ અને તેનાં દર્શન એજ આપણા જૈન શાસનમાં પરમ કલ્યાણકારક સાધનો જણાવેલાં હોવાથી તેવા મહાત્મા પુરૂષના દર્શનના અમુલ્ય લાભને નજરમાં રાખી ખાસ તૈયાર કરાવેલી છબી અમે મેળવી શક્યા છીએ કે જેની ઝાંખી માત્ર કરવાથીજ ઇચ્છાતુરનાં જન્મોજન્મનાં પાપો ખપાવી શકાય છે, વીગેરે કારણથી આ ચરિત્રના નાયકની છબી મેળવવામાં અમોને પડેલી મહેનતનો ખંગ અમારા વાંચકોની સેવામાં તે મૂકવાથી વળી ગએલો અમે સમજીએ છીએ.

ઉત્તમ કુળ.

ચરિત્રના નાયક ધર્મવીર શેઠ. ધરમચંદ ઉદયચંદનો જન્મ સંવત ૧૯૦૬ ના વૈશાખ સુદી ૧૩ ના રોજ સુરત ખાતે વીશાઓશવાળ જ્ઞાતિમાં થયો હતો કે જે જ્ઞાતિ મારવાડના ઉંચી કોમના ક્ષત્રીઓમાંથી ઉદ્ભવ્યાનું આપણા જૈન બંધુ મી. અમરચંદ પરમાર જણાવે છે. રાજવંશી કોમની શ્રેણીમાં જન્મ થવો એ આદેશ કે હર કોઈ દેશમાં પૂરા ભાગ્યની નિશાની ગણાય છે, કેમકે એ વંશમાં ઉદારતા, નિખાલસપણું, વીરતા, ધૈર્યતા, અને પરોપકારીમન એ તો જન્મ સાથેજ મળેલાં હોય છે, એવા એક કુળમાં મહુમનો જન્મ થવાથી તેમના સદગુણો વિષેનું ઉત્તમ સરટીફીકેટ તો જન્મ સાથેજ મળી જાય છે, તેમાં વળી જીવદયા પ્રતિપાળ જૈન ધર્મનું સંમેલન થયું એ તો સોનામાં સુગંધી ભળ્યા બરાબર મનાય છે. આ ધર્મવીર શેઠનો જન્મ પ્રખ્યાત થએલા શા. માણેકચંદ જીવાશાના કુળમાં થયો હતો, તે નામીચા કુટુંબમાં તેમનો જન્મ થયો એજ તેમના ગર્ભશ્રીમંત પણાની એક સાબીતી છે. આ કુટુંબ અસલ ગોંડવાથી સુરત રહેવા આવેલું અને કેટલીક પેઢીઓ થયાં તેઓ સુરતના વતની થયા છે. શા. માણેકચંદના પુત્ર મુળચંદ અને શા. મુળચંદના પુત્ર ઉદયચંદ તથા પ્રતાપચંદ અને તેમના પુત્ર તે આપણા આ ચરિત્ર નાયક છે. સુરત શહેરમાં ઝવેરીના ધંધામાં ગયા સૈકાની શરૂઆતથી પંકાયલા કુટુંબોમાં આપણા ચરિત્ર નાયકનું કુટુંબ પણ એક છે. એટલુંજ નહીં પણ પોતાના ધંધારોજગારમાં મેળવેલો પૈસો પોતાનાજ એકલાના સુખમાં નહી વાપરતાં પોતાના સ્વામિ બંધુઓના લાભમાં છુટા હાથે વાપરી બચપણથી અને પોતાના ઘેરથીજ સખાવત શરૂ કરવાનો ઉત્તમ દાખલો મહુમે બેસાડયો હતો જે અન્ય બંધુઓએ ગ્રહણ કરવા જેવો છે. પારીસમાં પોતે દુકાન ઉઘાડી કેટલાક યૂવાનોને પ્રદેશ ગમનથી પૈસાદ્વર કર્યા હતા. અત્યાર સુધીમાં તેમની પેઢી તરફથી ૫-૬ જણ જર્ય આવી સુખી થયા છે. ધર્મવીર ધર્મચંદે જૈન શાસનના દરેક ક્ષેત્રોમાં ઉદાર હાથે મદદ આપવાની શરૂઆત

કરી હતી, જે શરૂઆતનો અંત તેમના અંતીમકાળે ચિતામાંજ આવ્યો હતો, એ વિષે અમે લંબાણથી બોલ્યા જઇએ તો એકાદ સારૂં પુસ્તક ભરાય પણ સ્થળ સંકોચને લીધે તેમાંના બહુ જાહેર દાખલા અત્રે ટાંકીનેજ સંતોષ પકડીશું. આ સ્થળે અમારે કહેવું જોઇએ કે મહેનતના ઉન્નત વર્તનની છાયા તેમના કુટંબમાં એવી તો સજ્જડ પડેલી છે કે તે કુટુંબનાં તમામ માણસો મુગે મોંઢે અને ચુપચુપ પણ સારી સખાવતો કરવામાં ટેવાઇ ગયાં છે. જન સમાજમાં સાધારણ રીતે કહેવાય છે કે "જમણો હાથ શું કરે છે તેની ડાબા હાથને ખબર ન પડે તેનું નામ તે સખાવત." વળી સખાવતની ખાતરજ સખાવત કરવી એજ ખરી સખાવત છે, નહી કે જગતની વાહવાહ કે વખાણ મેળવવાની ડાબો નામના માટે સખાવત કરવી. આજના જમાનામાં ઘણા સાહેબો પોતાનાં બણગાં ફુંકાવવા નજીવી સખાવતનાં કામો કરી તેની પ્રસિદ્ધી માટે પોતે યત્નવાન થાય છે એવી સખાવત આ સખાવતે બહાદુર નરના વિકારને પાત્રજ ઠરેલી હોવાથી તેમનાં અનેક છુપાં કામોએ એ પ્રકાશ જોયોજ નથી એજ તેમની મગરૂબી હતી. જેઓ બચપણથી ધંધામાં જોડાઈ જાતી હુંશીયારી અને બાહોસીથી દ્રવ્ય કમાય છે તેવા પુરૂષો હમેશાં દ્રવ્યનો ખરો ઉપયોગ કેવી રીતે કરવો તે બરાબર સમજે છે.

ધંધામાં જોડાવું.

આ ચરિત્રના ધર્મશીલ અને ધર્મપાળ નાયક ચૌદ વર્ષની કીશોર વયમાંજ સુરતથી મુંબાઈ જઇ વગર મુડીએ અને વગર મદદે ઝવેરી જેવા સંપૂર્ણ પરીક્ષકની કસોટીવાળા ધંધામાં જોડાયા હતા. અને ઉત્તરોત્તર એ ધંધામાં નામના મેળવી કસાયલા ઝવેરીઓનાં માન મૂકાવવા સમર્થ થયા હતા. આ ધંધો કાંઇ એકલી હુંશીયારીનો નથી તેમાં પૈસાની સારી થાપણ પણ રોકવી પડે છે અને એવી થાપણ રોકવામાં રહેલું જોખમ ફક્ત કામ કરનારની દીર્ઘદૃષ્ટિ અને કાર્યદક્ષતા ઉપર આધાર રાખતું હોવાથી તેમાં બહુ વ્યાપારી કુનેહની જરૂર હોય છે, તેવી વ્યાપારી કુનેહ અને લાયકાત આ ધર્મચંદના લલાટમાં જાણે વિધાતાએ

લખેલીજ હોય નહિ તેમ ધધામાં દિવસે દિવસે કુશળતા મેળવતા ચાલ્યા. જેમ જેમ ધંધામાં કૃતેહ મળતી ગઇ તેમ તેમ ધર્મમાં તેમની શ્રદ્ધા અડગ થતી ચાલી અને મેળવેલા પૈસાનો સુમાર્ગે સદુપયોગ કરવાને પૂર્વના પૂણ્ય પ્રતાપે વધુને વધુ ઉત્કંઠીત થતા રહ્યા.

ધર્મ તરફ ભાવ, તથા ફીદાગીરી.

પોતાની સાધારણ સ્થીતિ હોવા છતાં સંવત ૧૯૩૭ની સાલમાં તેમણે સ્વામી બાંધવોમાં ધર્મવૃતિ ખીલવવા ઉજમણું કર્યું હતું, અને તેમાં પૈસાની ઘણી સારી મદદ આપી ધર્મભાવની દ્રઢતામાં ઓર વધારો કર્યો હતો, હમેશાં ધર્મ તરફ પ્રીતિથી જોઇ પ્રમાણીક રસ્તેજ દ્રવ્ય કમાવાની વૃતિ રાખતા હોવાથી અસત્ય કે છળ કપટના કાવાદાવાની જાળમાં સ્વધર્મી વીર કહી પણ સપડાતા નહોતા એટલુંજ નહી પણ એવા પ્રપંચી ક્રામથી સો ગાઉ દૂરના દૂર રહી પોતાની ધર્મ ભાવનાની પ્રતિતિ લોકોમાં પાડી આજુબાજુનાઓ ઉપર સારી છાપ પાડી શક્યા હતા. આપણામાં તીર્થ યાત્રાના સંઘો કાઢનારને બહુ પુણ્ય હાંસલ થવાનું ફરમાન છે અને આજના વખતમાં રેલવે વીગેરે સાધનોની છત હોવા છતાં આપણે પગે ચાલી યાત્રાનું મહાપુણ્ય મેળવવા હજુ શ્રદ્ધાશીલ છઇએ ને તેવી શ્રદ્ધાના યોગે આપણામાંના શક્તીવાળા લોકો સંઘ કાઢી ધર્મ લાભ મેળવે છે. આજના સુધરેલા નવ જુવાનોમાં કદાચ આવી શ્રદ્ધા ડગુમગુ જણાતી હશે તો પણ જેઓ જૈન શાસનમાં પૂર્ણ શ્રદ્ધાવાળા છે તેઓ તો આ ફરમાનને પ્રાણ કરતાં પ્રીય ગણી તેનું અક્ષરશઃ અનુકરણ કરે છે; અને એવા ધર્મ પ્રીય ધર્મવીરોમાં આ ચરિત્રના નાયકનું નામ અગ્રે મૂકવા જેવું છે. તેના પુરાવામાં સંવત ૧૯૪૬માં તારંગાજીની યાત્રા કરવા દરમીયાન શ્રી કેશરીયાજી જતાં પોતાની સાથે સંઘમાં લગભગ ૧૫૦૦) માણસો લેઇ ગયા હતા અને તેની પાછળ રૂ. ૨૫૦૦૦ જેટલી રકમ ખર્ચી હતી. ૧૯૪૯માં સુરતથી શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરવાને પગ રસ્તે પધારતાં સંઘ કાઢયો હતો અને એ સંઘમાં પણ ૨૦૦૦ માણસોતો સમુદાય સાથે લીધો હતો જેનું તમામ ખર્ચ પોતે માંડી વાળ્યું હતું. એ સંઘમાં પૂજ્ય

મુતીરાજ મોહનલાલજી મહારાજ પોતાના શિષ્યવર્ગ સાથે હતા તેમજ અન્ય સાધુ સાધ્વીઓ મળી સંઘમાં ૬૦–૭૦ થાણા હતા. આ યાત્રા દરમીયાન એક એવો અકસ્માત બન્યો હતો કે જે અકસ્માતના સહી સલામત નીવારણ માટે આ ચરિત્રના ધર્મપ્રીય નાયકે સંઘનો કોઇ પણ માણસ આ અકસ્માતનો ભોગ નહી થઈ પડે તે માટે ધર્મ શ્રદ્ધારૂપ નાવમાં–નદીમાં આવેલા પૂર દરમીયાન બેસારી સહીસલામત ઉતારે તો અન્ન જળની આખડી લીધા હતી, આ હકીકતને આજના ઉછાંછળા અને શ્રદ્ધામાં ડોલણીયા પીરજાદાઓ કદાચ વહેમી કહી ઉંહુમાં પસાર કરશે પરંતુ તેવી રીતે પસાર કરવા જેવી આ હકીકત નથી, કેમકે તેમાં રહેલી ધર્મ શ્રદ્ધાની ખુબી તથા સ્વામિ બંધુઓ પ્રત્યેનો તેમનો ભાવ કેવો અનુપમ અને અપ્રતિમ હતો તેનો આ દાખલો આપેહુમ નમૂનો છે અને એ દૃષ્ટાંતમાંથી થોડો પણ સાર ગ્રહણ કરવાને અમે અમારા જૈન બંધુઓને આગ્રહથી ભલામણ કરીએ છીએ. ભોયણી તીર્થ જો કે પ્રાચીન નથી પણ તેમાં બિરાજતા તીર્થંકર ભગવાન પ્રાચીનતાનો પૂરાવો છે તેથી તે ક્ષેત્ર તરફ દરેક ભાવીક જૈન બંધુની ધર્મ શ્રદ્ધા દૃઢ થવી જોઇએ એ સ્વાભાવિક નિયમ પ્રમાણે આપણા ચરિત્ર નાયકની શ્રદ્ધા ત્યાં પણ દૃઢ થતાં શ્રી મલ્લિનાથજી મહારાજને એક જડાવ મુકુટ સંવત ૧૯૪૩માં ચડાવ્યો હતો, જે આજ સુધી નિહાળવામાં આવે છે.

આવા જુના વિચારના ધર્મ તરફજ ઢળેલા પુરૂષો આજના નવા સુધારા તરફ પસંદગી બતાવનારા ભાગ્યેજ જોવામાં આવે છે પરંતુ જેઓનું આખું જીવનજ ધર્મ સાથે ઓતપ્રોત થએલું હોય છે તેઓ ધર્મમાંજ જીવનનું સાર્થક કરવાને દરેક પળે તક મળતાં ઉત્સુક થાય છે. પૈસાની સખ્યામાં આળોટનારા શ્રીમંતો મીથ્યા આડંબરો અને ફોકટની નામના સારૂ લગ્ન પ્રસંગે હજારો રૂપીઆ ઉપર પાણી ફેરવી નકામી ધામધુમો કરવા પાછળ પૈસાનું સાર્થક થએલું ગણી પોકળ પતરાજી પાછળ પૈસામાં દીવાસળી મૂકે છે, પણ આપણા આ ધર્મવીર નાયકે પોતાના પુત્રોના લગ્ન પ્રસંગ ઉપર નકામી ધામધુમો ન કરી શ્રી નવપદજીની

ઓળીનું ઉજમણું કરી તેની પાછળ રૂ. ૩૦ હજારનો ખર્ચ કર્યો હતો. પૈસો બચાવવા ખાતર કેટલાકો સુધારાને નામે સુમપણું ગ્રહણ કરે છે, તેમ નહીં પણ ધર્મ ક્રીયાની ભાવનામાં મનુષ્યભવની સાર્થકતા થાય છે એવી શ્રદ્ધાથી લગ્નના બે ઘડીના આનંદમાં પરસેવાના પૈસાને ન ખર્ચી ધર્મની શાસ્વત શ્રદ્ધા પાછળ હજારો રૂપીયા વાપરવા ઉત્સુક થવું એ કાંઇ સૂહેજસાજ ધર્મભાવના ન કહેવાય. આવી ધર્મ શ્રદ્ધાના દૃષ્ટાંતથી અમારા જૈન બાંધવો આ ચરિત્રના નાયકનું અનુકરણ કરી તેમની મહાન અને પરોપકારી જીંદગીના પાઠનું સ્તવન કરી તેને લક્ષ બહાર નહીં રાખે એવી અમારી તેમને પ્રાર્થના છે.

ગયા છપ્પનના દુકાળમાં ઠંબાવેલો સખી હાથ.

સ્વધર્મીઓ પ્રત્યેની મર્હુમ શેઠની લાગણી કેટલી તીવ્ર હતી તેનો તાદૃશ્ય પૂરાવો અને તેમના દયાળુ સ્વભાવની ઉદારતાનો જીવતો નમૂનો ગયા છપ્પનના દુકાળ વખતે તેમણે પોતાના જૈન બંધુઓ માટે આપેલી મદદનો છે. ગુજરાત તથા કાઠીયાવાડમાં પોતાના ગુમાસ્તાઓને મોકલી સ્વામિ બંધુઓ પૈકી જેઓ મદદને લાયકના હતા તથા જેઓ મીસકીન છતાં શરમના માર્યા માગી શકતા નહોતા તેઓને ઘટતી મદદ આપી એ નાશમાંથી બચાવી લીધાનું પુણ્ય વહોરી લીધું હતું. આ કામ કેટલી બંધુ લાગણીનું તથા ધર્મ ભાઇઓ પ્રત્યેની પ્રીતિનું હતું તેનો તોલ કરવા અમે સુજ્ઞ વાંચકોનેજ સોંપીએ છીએ. નામના, કીર્તિ અને લોકો તરફની વાહ વાહ ઇચ્છાથી દુનિયામાં હજારો આદમીઓ "મેં કર્યું" "મેં કર્યું" વીગરે ઉદ્ગારો દર્શાવવા અનેક રસ્તે ઉપાયો યોજે છે, પરંતુ "પુણ્યની ખાતરજ પુણ્ય કરનાર" તો કોઇ જવલેજ મા દીકરા જણે છે, અને તે પૈકીના આ ચરિત્રના નાયક એક હતા તે જાણી કયા જૈન બંધુને મગરૂરી તથા માન ઉત્પન્ન નહી થાય.

ધર્મ તથા કોમ તરફની લાગણી.

આ ધર્માત્મા પુરૂષે અન્ય કોમ તરફ દયાની લાગણી દર્શાવી પ્રાણી માત્રમાં પરમાત્માની પ્રતિતિ જોઇ હતી, તેની સાથે જૈન ધર્મ ઉપરની

તેમની દીક્ષાગીરી એવી તો સચોટ હતી કે જેની સાબીતીમાં તેમણે એવા તો અનુપમ પુરાવા રજુ કર્યા છે કે જેનું અનુકરણ કરવા માટે અન્ય સ્વામી બાંધવોને લાલચ થાય તેમ માની તેમની પદ્ધતિ વિશદપણ અમે આ મહાત્માનું જીવન ચરિત્ર બારીક રીતે આલેખવાને આ તક જવા દેઈ શકતા નથી. ૧૮૫૭ની સાલમાં મુની શ્રી હરખ મુનિજીએ ગણીપદ સ્વીકાર્યું તે નિમિત્તે રૂ. ૨૫૦૦૦)ની રકમ કાઢી તેને **ધર્મચંદ ઉદયચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડનું** નામ આપી અન્ય જૈનબંધુઓને આ ઉત્તમ કામ તરફ હાથ લંબાવવાની તક આપી હતી, જે રકમ આજે વધીને રૂ. ૪૦૦૦૦) હજાર ઉપરાંતની થવા આવી છે. આપણી જૈન કોન્ફરન્સના પિતા તુલ્ય ગણાતા જયપુર નિવાસી **મી. ગુલાબચંદજી ઢઢાના** સમાગમમાં મર્હુમ શીખરજીની યાત્રાથી પાછા ફરતાં જયપુરની મુલાકાતે જતા આવ્યા હતા, જેમની સાથે જૈન કોમની ઉન્નતિ અર્થે કોન્ફરન્સ સ્થાપવાની વાતચીત થતાં આ ધર્મવીરે મી. ઢઢાના વિચારોને પુષ્ટી આપી તેમના એ કાર્યમાં મદદ આપી તેમને ઉત્તેજ્યા અને કોન્ફરન્સની શરૂઆતમાં પોતાના પુત્ર મી. ગુલાબચંદ તથા સ્નેહી દીપચંદ માણેકચંદને તેમાં ભાગ લેવા મોકલી મી. ઢઢાના પ્રયાસને ફક્ત વચનોથીજ નહીં પરંતુ તન, મન, ને ધનથી દરેક મદદ આપી કોમની ઉન્નતિ કરવા તરફના પ્રયાસને અગત્યતા આપી હતી. બીજી શ્વેતાંબર કોન્ફરન્સ પાલીતાણે ભરવાની અડચણ જણાતાં તેને મુંબાઈમાં મેળવવા પોતાનો અભિપ્રાય દર્શાવી મુંબાઇમાં મેળવવા જીગરથી મદદ પુરી પાડી હતી જેની ઉપકારીક નોંધ મરહુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદને માનપત્ર આપવાના એક પ્રસંગ વખતે શેઠ માણેકલાલ ઘેલાભાઇએ લીધી હતી.

જીર્ણોદ્ધાર તરફનો પ્રેમ.

જૈન શાસનનો ઉપદેશ જીર્ણોદ્ધારને પોતાનું અંગ માને છે અને તેથી દરેક શ્રાવક બંધુએ તે કામ પાછળ માત્ર જીભ હલાવવી તેને પણ પુણ્ય હાંસલ થવાનું ફરમાન છે, તો આપણા ચરિત્ર નાયક જેવા ધર્મ પરાયણ શેઠો આપણી કોમમાં નાણાની જોગવાઇ ધરાવતા હોવાથી તેવા કામમાં

નાણા કાઢી આપી ધર્મની પહેલી જરૂરનાં કામો પૂરા પાડી અન્ય જનોને દૃષ્ટાંતિક થઇ પડે એજ કોમની, ધર્મની ઉન્નતિ સૂચવે છે. સને ૧૯૫૯ ની સાલમાં આબુજીની જાત્રાએ પધારતાં ત્યાંના જીર્ણ દેરાસરજીની મદદમાં રૂ. ૧૫૦૦૦ આપ્યા હતા અને બીજાં દહેરાસરોના જીર્ણોદ્ધાર માટે વધુ રકમ આપવાની ઇચ્છા બતાવી હતી પરંતુ હિંદુસ્થાનની સરકારે જુનામ કાનો જાળવી રાખવાને લગતો કરેલો કાયદો વચ્ચે આવતાં ના. લોર્ડ કર્ઝનના અભિપ્રાય ઉપર વધુ કામ મુલતવી રાખ્યું હતું દરમીયાન આ ધર્માત્માનો કાળ થતાં તેમાંનું કેટલુંક કામ બોરમે પડયું છે.

જુના વિચાર ના છતાં નવા વિચારોને આપેલો ઇનસાફ.

મરહુમ સ્વર્ગવાસી શેઠ જો કે ઝાઝી કેળવણી પામેલા નહોતા છતાં આધુનિક કાળના કેળવાયલાઓના ઉન્નત ગણાતા વિચારોને શરમાવે તેવા માત્ર વિચારોજ તે ધરાવતા તેમ નથી, પણ બોલે તે પ્રમાણે કરી બતાવી આજકાલના બોલકણાઓને ગર્ભીત રીતે બોધ આપતા હતા કે બોલવા કરતાં કરી બતાવવું એમાંજ દરેકની ફત્તેહ છે. જૈન કોમ તરફ તેમની લાગણી એટલી તીવ્ર હતી કે તેની સ્થીતિ સુધારવા તેમને મળતી દરેક પળનો તેઓ લાભ લેતા અને કોમને આપવા કહી પણ પછાત પડયા નથી, "જૈન" પત્ર અત્યારે જે જૈન કોમની અદના પણ સેવા બજાવવા હયાતીમાં આવ્યું છે તે તેમનાજ ફળદ્રુપ મગજનું ફળ છે અને તેમનીજ ઉત્તમ સલાહને માટે તેની આજની સ્થીતિ સારૂ તેમને આભારી છે. તેમણે જે જે કીંમતી સલાહો અમને આપેલી છે અને દરેક વખતે "જૈન" પત્રની ઉન્નતિ ઇચ્છી તેના ફેલાવામાં જૈન કોમનું હિત સમાયલું છે એવા તેમના ઉદ્‌ગારો આજે પણ એ પત્રના માલેક અને અધિપતિ ઘણી વખતે ઉપકાર સાથે યાદ કરે છે એવા એક મુરબ્બી ધર્મવીરના ચરિત્રની નોંધ એ પત્રે તેના તા. ૨૪ મી જાન્યુઆરી ૧૯૦૪ ના અંકમાં પણ લીધી છે.

જૈન સાહિત્ય તરફનો શોખ.

મુંબાઇ ખાતે સ્થપાયલા "જૈન જ્ઞાન પ્રસારક મંડળ"ના મરહુમ

જીંદગી પર્યંતના સભાસદ હતા એટલુંજ નહી પણ આ બાળ મંડળ સારી સ્થીતિમાં આવે અને તેનું કામ અટકી ન પડે તે માટે પોતાના સુપુત્રોને તેમણે એ મંડળને હરેક મદદ આપવા ઉદ્દેશ્યા હતા અને લાયક પિતાશ્રીના લાયક પુત્રોએ પિતાશ્રીના વચનોને અપૂર્વ માન આપી એ મંડળની હાલત એવી આણી છે કે જેમાંથી બહાર પડતાં પુસ્તકો અરે જૈન સાહિત્યના ભડારની કીર્તિ જળવીજ રાખશે. આવા એક પોતાના કુળ ધર્મની ફીદાગીરીવાળા ઉદાર ગૃહસ્થની ખોટ કોમને ભારે જણાવા લાગી હતી. પરંતુ કહેતાં સંતોષ થાય છે કે તેમના સુપુત્રોએ પિતાશ્રીના પગલે ચાલી "બાપ તેવા બેટા" ની સાદી કહેવત સાચી પાડી છે.

શ્રીમાનોની સાધારણ ઐબ

શ્રીમાનો લાડી વાડીને ગાડીની મોજમજાહમાં પડી પૈસો એજ પરમેશ્વર માની અન્ય દુનિયાની દરકાર કરતા નથી અરે, અન્ય દુનિયાની હાજતો પુરી પાડવા દરેક મનુષ્ય જન્મથી બંધાયો છે તે જાણવાની કે તેને બજાવવાની પણ પરવા રાખતા નથી તેવી તેઓના નામની સાથે સામાન્ય રીતે ઐબ વળગેલો હોય છે તેવી ઐબથી આ ધર્મવીર શેઠ સદા મોકળા હતા, કેમકે ધર્મ ઉપરની તેમની અડગ આસ્તાથી ધર્મની ક્રીયાઓમાંજ તેઓ મગ્ન રહેતા અને આ ક્ષણુમંગુર દુનિયાની જાડોજલાલી નિરર્થક છે એવી દ્રઢ ભાવનાવાળા હોવાથી ધંધાના અંગે પૈસાની રેલછેલમાં તણાવાની ઈચ્છા હોતનો તેમાંજ તણાતા જાત પરંતુ ધર્મ તરફના પ્રબળ ચાહને લીધે એવા તાણુમાંથી ધર્મરૂપ નૌકાને પકડી લેઈ દુનિયાના વૈભવને ક્ષણીક અને ધુમાડાના બાચકાવત્ માની ધંધામાંથી ફારક થઈ હુમસના પોતાના વિજય બાગના બંગલામાં એકાંત જીંદગીનું સુખ મેળવવા અને પરમાત્માના અહોનીશ વિચારમાં રહેવા તેમણે શરૂઆત કરી હતી.

હાથે તે સાથે.

પાપને ઠેલવા તથા પાપને અવકાશ ન મળે તેટલા સારૂ પુણ્યનાં કામોને ધર્મઆદેશ મોટામાં મોટાં કામોમાં ગણે છે પરતુ જે પુણ્ય ગર્વ

રહીત અથવા હુંપણુની યતકીંચીત પણ લાગણીથી કરવામાં આવે છે તે પુણ્યનું ફળ શાસ્ત્રકારો કહે છે કે કરનારને કર્મબંધન કરતા થઈ પડે છે, માટે જ "ગુપ્ત દાન" શ્રેષ્ટ ગણવામાં આવ્યું છે. લોકની વાહ વાહ માટેજ જેઓ પુણ્ય કરે છે તેઓ પોતાના હાથથી એક પાઈ પણ છોડી શકતા નથી અને તેવા સુમ માણસોના મરણ પછી તેમનાં સંતાનો ભાત કીર્તી ઉપર નજર રાખી કીર્તી દાન કરે છે. જે વધુ કર્મબંધન કરે છે. આવી જાતનું પુણ્ય ધર્મના ગર્ભમાં તલ્લીન થએલાઓ પસંદ કરતા નથી અને તેથીજ "હાથે તે સાથે"ના નિયમને સ્વીકારી પોતાની મેળેજ સુકમાઇનો પૈસો ધર્મ માર્ગે ખર્ચે છે. આ ધર્મવીર શેઠનો એતો સિદ્ધાંતજ હતો કે પુણ્ય કરવું તે આત્માના ઉદ્ધાર અર્થે છે, ને આત્મા ઘટ ઘટમાં વ્યાપેલો હોવાથી અન્યને આપવું છે તેમાંજ આપણા અગર આત્માના અંશનેજ આપવાનું હોવાથી પોતાને મદદ કરી એમાં પુલાવાનું નથી પણ એતો ધર્મજ છે. આ ગુઢ સિદ્ધાંતને અનુસરીનેજ તેમણે જે જે સખાવતો કરેલી છે તે તે સઘળી "ગુપ્ત દાન"ના નિયમ મુજબ કરેલો છે, અને તેમની તેવી સખાવતો વિષે અમારી જાણમાં જે જે કાંઈ આવ્યું છે તે તે સખાવતોના "પાત્ર" મારફતે આવેલ હોવાથી તે ખુલ્લી પાડવા અમો ઇચ્છતા નથી.

ભવિ જીવો કેવા હોય છે.

આ પંચમઆરામાં જે જીવો ભવિ ગણાય છે તેનાં સઘળાં ચિન્હો આપવાનો આ જગો નથી છતાં સાધારણ રીતે લોકોમાં એમ મનાય છે કે બોલતાં ચાલતાં ખુશાય તે ભવિ જીવ કહી શકાય. આ પ્રમાણે આ ધર્મવીર શેઠ ધર્મનાજ ધ્યાનમાં તંદુરસ્ત તબીયત છતાં વળતે દીવસેજ સ્વર્ગવાસી થયા હતા. ૫૪ વર્ષની ઉમરે વસ્તાર વાડી તથા દુનીયાનો લીલા વિસ્તારી ધર્મને સાથે લેઇ "અરિહંત" "અરિહંત" ના માંગલીક નામોચ્ચાર સાથે આ પુદ્ગલને તેમનો અમર આત્મા તજી ચાલ્યો ગયો હતો. આવા પુરૂષો કોમમાં ઉત્પન્ન થાય તો કોમની ઉન્નતિ થાયજ, પરંતુ અફસોસ કે આવા ભવિ આત્માઓ લાંબુ આયુષ્ય ભોગવી શકતા નથી.

છબી આપવાનું કારણ.

લોકોમાં સાધારણ રીતે મનાય છે કે "અન્ન તેવો ઓડકાર" ને "દર્શન તેવી પ્રસન્નતા" આ નિયમને લીધેજ મહાત્માઓની, છબીઓ આપણે આપણા ઘરોમાં ટાંકીએ છીએ કે જેમનાં મંગલમય દર્શન થતાં સર્વ વિઘ્નો નાશ પામે પણ તેવી છબીઓના અભાવે અત્યારે આપણા દેશમાં કાળ બળને લીધે તથા જમાનાની ફેશનને વશ થઇને એવા નર નારીઓની છબીઓ આપણા ઘરમાં દાખલ થએલી છે કે જેમના દર્શન માત્રથી ઇકોત્તર પરીયા તરવાના તો રહ્યા પણ ઇકોતરને એક બહોંતેરે પરીયા રસાતાળ જાય. આવી છબીઓ કરતાં આવા ધર્મવીરોની છબીઓ જો તેમના જીવન ચરિત્રો સાથે આપવામાં આવતી હોય તો તેમની માત્ર મુખમુદ્રા જોવાથીજ તેમનાં ચારિત્રની આબેહુબ મનોમય મૂર્તિ આપણા આંતરચક્ષુની સમીપે ખડી થઇ જાય અને તેવી મંગળમય મૂર્તિની જાંખીજ કરવાથી આપણાં તમામ પાપોનો નાશ થાય. આપણે મૂર્તીપૂજકો છઇએ અને તેનું રહસ્ય જેવું આપણે સમજીએ છીએ તેવું અન્યધર્મીઓ સમજતા ન હોવાથી તેઓ અરણ્યમાં રૂદન કર્યાંજ કરે છે, " પરંતુ આપણા તીર્થંકર ભગવાનોની મૂર્ત્તિ માત્રના દર્શનથી આપણે જન્માંતરોનાં પાપોને ખપાવીએ છીએ તેવીજ રીતે આવા ધર્મવીર શ્રાવકની છબીના દર્શનથી પણ આપણા ચરીત્રમાં આપણને ફેરફાર કરવાનો ગર્ભીત મોકો મળે છે, અને તેટલાજ માટે આ મહાન પુરૂષની ધર્મમય જીંદગીનું ટુંક વૃત્તાંત અને તેમના સ્થુળ દેહની કાંઇક પ્રતિતિ કરાવવા તેમની મનોહર છબી આપી અમે સ્વામી બંધુઓને તેમના ઉન્નત્ત જીવનમાંથી અમુક તત્વ પણ ગ્રહણ કરવાની પ્રાર્થના કરીએ છીએ.

श्राद्धविधि भाषांतर समालोचना.

लेखक मुनि श्रीबुद्धिसागरजी, मु. मेसाणा.

श्री तीर्थंकर महाराजाओ भव्यात्माओना हितार्थे समवसरणमां बेसी पांत्रीस वाणी गुणयुक्त यतिधर्म अने श्राद्धधर्मना प्ररूपणा द्रव्य क्षेत्र-काळ भावयुक्त करी छे, श्री तीर्थंकरनी वाणी समुद्र जलवत् अपार छे. कर्मवश्ली छद्मस्थ तीर्थंकरनी वाणीनुं गणधरोओ इर्णुसंपुट द्वारा पान करी द्वादशांगीनी रचना करी अने सूत्रादि रूपे प्रसरी भव्यात्माओना हृदयमां शिववधूवरमाळारूपे गवराई, प्राचीन सूत्रोना अनुसारे पूर्वाचार्योओ सूत्रनां रहस्य खेंची ग्रंथारूपे प्रभुवाणीनो देखावो कर्यो, ते पैकी श्राद्धविधि नामनो ग्रंथ जाणवो. आ अतिशय उपयोगी चिंतामणी रत्न समान ग्रंथना कर्त्ता आचार्य श्रीरत्नशेखरसूरिजी छे. तेमनो वृत्तांत नीचे मुजब पट्टावलीमां आप्यो छे.

बावण्णोरयणसेहरओ ॥ ५२ ॥

श्रीमुनिसुंदरसूरिपट्टे द्विपंचाशत्तमः श्रीरत्नशेखरसूरिः वि. सप्त पंचाशत् अधिक चतुर्दशशत १४५७ वर्षे क्वचिद्द्विपंचाशत् अधिकजन्म त्रिषष्ट्यधिके १४६३ व्रतं (दीक्षाग्रहाता) अशीत्यधिके १४८३ पंडितपदं त्रिनवत्यधिके १४९३ वाचकपदं द्व्युत्तरपंचदशशत १५०२ वर्षेसूरिपदं सप्तदशाधिके १५०७ पो० वदिषष्ठी ६ दिने स्वर्गः स्तंभतीर्थे पांचीनाज्ञा भट्टेन बालसरस्वतीति नामदत्तं तत् कृताग्रंथाः श्राद्धप्रतिक्रमणवृत्तिः श्राद्धविधिसूत्रवृत्तिः आचारप्रदीपश्चेति.

श्री वीरपरमात्मानी पाटमां पाटे श्रीरत्नशेखरसूरि थया. तेमनो जन्म वि. १४५७ वा १४५२ मां थयो लेखाय छे. वि. १४६३ मां दीक्षा लीधी. ५२ पावतनी सालमां जन्म थयो होय तो अगीयार वर्षे दीक्षा लीधी, पहेलां अगीआर वर्षे दीक्षा अपातां लोकापवादने आचार्यो गणता

નહોતા તે આ ઉપરથી સિદ્ધ થાય છે, સત્તાવનની સાલમાં જન્મ થયો ગણીએ તો છ વર્ષે દીક્ષા ગ્રહણ કરી સંભવે છે **तत्त्वंकेवलीगम्यं**—એ ઉપરથી સિદ્ધ થાય છે કે, લઘુ વયમાં દીક્ષા અર્પવા થી શિષ્યો મહા વિદ્વાન્ થઇ શકે. દીક્ષા લીધા બાદ વીશ વર્ષ પછી પંડિતપદ (પન્યાસ) ગ્રહણ કર્યું એટલે એકત્રીસ વર્ષની ઉમર થયે છતે **પંડિતપદ** ગ્રહણ કર્યું. પ્રથમના મુનિવરો સંગીન શાસ્ત્રાભ્યાસ કરી **પંડિતપદ** ગ્રહણ કરતા હતા. સં. ૧૪૯૩ માં **વાચકપદ** લીધું. સં. ૧૫૦૨ માં **સૂરિપદ** લીધું. સં. ૧૫૧૭ ના પોસ વદી છઠ્ઠના રોજ સ્વર્ગગમન કર્યું. તેમના વખતમાં એટલે ૧૫૦૮ ની સાલમાં લુંકામત નીકળ્યો, વેષધારી તો વિ. ૧૫૩૩ ની સાલમાં થયા, પ્રથમ વેષધારી **ભાણઋષિ** નામનો થયો. તેણે **જિનપ્રતિમાનું** ઉત્થાપન કર્યું આ મહાન્ આચાર્યે જૈનોના ઉપર મોટો ઉપકાર કર્યોછે.

આ ગ્રંથમાં શ્રાવકનાં દરેક ધર્મ કૃત્યોનો સમાવેશ થાય છે, ૧ દિન કૃત્ય, ૨ રાત્રિકૃત્ય, ૩ પર્વકૃત્ય, ૪ ચાતુર્માસિકકૃત્ય, ૫ વાર્ષિકકૃત્ય, ૬ જન્મ કૃત્ય. આ છ ભાગનું સવિસ્તર યથાયોગ્ય આ ગ્રંથમાં વર્ણન કર્યું છે.

આદ્યમાં શ્રાવકના એકવીસ ગુણ ઉપર સવિસ્તર ઉપયોગી સારી વ્યાખ્યા કરી છે. શ્રાવકે પ્રભાતમાં ઉઠી શું કૃત્ય કરવું ? કેવી રીતે ઉઠવું ? તેનું જ્ઞાન સારૂ આપ્યું છે. તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, **જૈનાચાર્યો સ્વરશાસ્ત્રમાં પરિપૂર્ણ કુશલ હતા** અને **યોગવિદ્યામાં** પણ **કુશલ** હતા. **ચંદ્રનાડી, સૂર્યનાડી** અને **સુષુમ્ણા** આ ત્રણના વહેવાથી શું શું ફળ થાય ? તે આ ગ્રંથમાં દર્શાવ્યું છે. સંક્રાંતિઓમાં પણ **નાડીવહનનું** ફળ દર્શાવ્યું છે તેથી જ્યોતિષ્ય શાસ્ત્રમાં **જૈનાચાર્યો પરિપૂર્ણ કુશલ** હતા. તે જૈનના **જ્યોતિષ્ય ગ્રંથો** ઉપરથી સિદ્ધ **થાય છે.** હાલ **જ્યોતિષ્યવિદ્યા** લુપ્ત પ્રાયઃ થઇ છે, અને થતી જાય છે. તેનો ઉદ્ધાર થાય તો સારૂ. અને **જૈનીપંચાંગ** નીકળે તેમ જૈનો પ્રવૃત્તિ કરશે, આગળ **નવકાર** વિગેરેનો જાપ કેવા આસને કરવો. તેનું વર્ણન કર્યું છે, વિગેરે પ્રભાત કૃત્યનો સમાવેશ સારો કર્યો છે તે જિન મંદિર કેવી રીતે કરાવવું. દેવદ્રવ્યનું રક્ષણ કરવું, દેવદ્રવ્ય ભક્ષણથી થતી હાનિ વિગેરેનું વર્ણન સારૂ

કર્યું છે, તે વાંચવાથી માલુમ પડશે. ગુરૂવંદન ગુરૂ આશાતના પરિહારનું, તથા વ્યાખ્યાન સાંભળવાનું, તથા ભોજન કૃત્યનું વર્ણન સૂક્ષ્મ બુદ્ધિથી કર્યું છે. શ્રાવકે કેવા વ્યાપાર કરવા અને કેવા વ્યાપાર કરવા નહીં, તથા નોકરી ખેતીનું જ્ઞાન આ ગ્રંથમાં આપ્યું છે. પત્ર ૨૮૦ મેં ન્યાય અને **અન્યા** ઉપર બે મિત્રોનું ચરિત્ર વર્ણવ્યું છે, પત્ર ૩૧૬ મેં સો મૂર્ખનું વર્ણન કર્યું છે તે રસિક અને વાંચવા લાયક તથા ધ્યાન આપનારૂં છે. શ્રાવકને કેવી નીતિથી ચાલવું તેનો **સમાવેશ** સંપૂર્ણ આ ગ્રંથમાં છે. માટે **શ્રાવક યોગ્ય નીતિશાસ્ત્ર**નો પણ આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે. પત્ર ૪૦૦થી **રાત્રિ કૃત્ય**નું વર્ણન કર્યું છે. શ્રાવકનાં કેટલાં **પર્વ** છે. અને તે પર્વ દિવસોમાં કેમ વર્તવું. પત્ર ૪૦૩ થી કર્યું છે. પત્ર ૪૩૮ થી **ચાતુર્માસિક કૃત્ય**નું વિવરણ કર્યું છે. પત્ર ૪૪૭ થી **વર્ષકૃત્ય**નું સ્વરૂપ દર્શાવ્યું છે. **પ્રકાશ** છઠ્ઠામાં **જન્મકૃત્ય**નું વર્ણન પાના. ૪૭૧ થી છે. પાણિગ્રહણનું વર્ણન પત્ર ૪૮૦ થી છે તેમાં કન્યા અને વર કેવાં જોઇએ તેનું જ્ઞાન આપ્યું છે પત્ર ૫૦૨ મેં ભાવ શ્રાવકના સત્તર ગુણો દર્શાવ્યા છે. **અંતે આચાર્યે પ્રશસ્તિ** દર્શાવી છે. ખરેખર આ અમૂલ્ય ગ્રંથ છે. આ ગ્રંથને વાંચ્યા વિના શ્રાવક પોતાના કૃત્યને જાણી શકતો નથી. માટે દરેક શ્રાવક આ ગ્રંથ વાંચે એમ ઇચ્છું છું.

ઇત્યેવં શ્રી શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પ્રમાણ પત્ર.

જૈન પત્રના અધિપતિ કારભારી ભગુભાઈ કેતેહચંદ તરફથી આ ગ્રંથનું ભાષાંતર મારી તરફ આવ્યું તે મેં સર્વ તપાસી જોયું છે, ભાવાર્થમાં ભૂલ નથી. એકંદર સારી રીતે ભાષાંતર થએલું જોઇ હું ખુશ થાઉંછું, દરેક લોક જુજ કિંમતમાં આ પુસ્તકનો લાભ લેઇ સ્વકૃત્ય સમજે તેજ ભાષાંતરનો હેતુ છે, તેમજ ભગુભાઇ વિગેરે સજ્જનોનો હેતુ છે.

ઇત્યેવં શ્રી શાંતિઃ શાંતિઃ શાંતિઃ

श्री वितरागाय नमः ।

श्री

श्राद्धविधि.

सरूआतमां टीकाकार नीचेना श्लोकवडे मंगलाचरण करे छेः-

(शार्दूलविक्रीडितं वृत्तम् ।)

अर्हत्सिद्धगणीन्द्रवाचकमुनिप्रष्ठाः प्रतिष्ठास्पदं,
पञ्च श्रीपरमेष्ठिनः प्रददतां प्रोच्चैर्गरिष्ठात्मताम् ॥
द्वेधा पञ्च सुपर्वणां शिखरिणः प्रोद्दाममाहात्म्यत-
श्चेतश्चिन्तितदानतश्च कृतिनां ये स्मारयन्त्यन्वहम् ॥ १ ॥

जे, पंडितोने पोतानी लोकोत्तर वडाइथी देवताना पांच मेरुने अने मनोवांछित वस्तुना दानथी पांच कल्पवृक्षोने हमेशां स्मरण करावे छे, ते यशकीर्त्तिना स्थानक श्रीअरिहंत, सिद्ध, आचार्य, उपाध्याय अने मुनिवर्य; ओ पंच परमेष्टी आराधक एवा भव्य जीवोने घणी श्रेष्ठता आपो. ॥१॥ हवे टीकाकार मंगलाचरण पूर्ण करीने आगळ शुं करवानुं छे ते कहे छे.

(आर्या वृत्तम्)

श्रीवीरं सगणधरं, प्रणिपत्य श्रुतगिरं च सुगुरूंश्च ॥
विवृणोमि स्वोपज्ञ-श्राद्धविधिप्रकरणं किंचित् ॥ २ ॥

भगवान् श्रीमहावीरस्वामी, गौतमादि गणधरो, श्रुतवाणी (जिनभाषित सिद्धांत) अने छत्रीश गुणना धारक एवा म्हारा सद्गुरु ओ सर्वने भावथी वंदना करीने पोते रचेला 'श्राद्धविधि' प्रकरणनी लेशमात्र व्याख्या करूं छुं. ॥ २ ॥

(હવે ટીકાકાર ટીકા કરવાનું કારણ કહે છે.)

युगवरतपागणाधिप-पूज्यश्रीसोमसुन्दरगुरूणाम् ॥
वचनादधिगततत्त्वः, सत्त्वहितार्थं प्रवर्तेऽहम् ॥ ३ ॥

યુગપ્રધાન; તપાગચ્છના આચાર્ય અને પૂજ્ય શ્રી સોમસુંદર ગુરૂ મહારાજના વચનથી કેવળિભાષિત તત્ત્વનો જાણ થયેલો હું, તેમના વચનથીજ ભવ્ય જીવોના હિતને અર્થે વ્યાખ્યા કરું છું. ॥ ૩ ॥

(मूलगाथा.)

सिरिवीरजिणं पणमिअ, सुआउ साहेमि किमविसट्ठविहिं ॥
रायगिहे जगगुरुणा, जह भणिअं अभयपुट्ठेणं ॥ १ ॥

ભાવાર્થ:—કેવળજ્ઞાન, અશોકવૃક્ષાદિ આઠ પ્રાતિહાર્ય, વાણીના પાંત્રીશ ગુણો ઇત્યાદિ ઐશ્વર્યથી વિરાજમાન શ્રી વીરજિનને મન, વચન, કાયાવડે ભાવથી વંદના કરીને, રાજગૃહી નગરીમાં અભયકુમારના પૂછવાથી શ્રીવીર ભગવાને જે રીતે ઉપદેશ કર્યો હતો, તે રીતે સિદ્ધાંત વચનને અને ગુરુ સંપ્રદાયને અનુસરી શ્રાદ્ધવિધિ (શ્રાવકોની સામાચારી) ટુંકામાં કહું છું. ૧

અહિં શ્રીમદ્વીર સ્વામીને **'वीरजिन'** એવા નામથી ઓળખાવ્યા છે, તેનું કારણ એ છે કે:—કર્મરૂપ શત્રુઓનો સમૂળ ઉચ્છેદ કરવો, તપસ્યાથી શોભવું વગેરે કારણથી વીર કહેવાય છે, અને રાગાદિકને છતનાર તેથી જિન કહેવાય છે. વળી કહ્યું છે કે:—જે માટે કર્મનું વિદારણ કરે છે, અને તપે કરીને શોભે છે, તે માટે વીર્ય અને તપસ્યાથી વિરાજમાન ભગવાન્ વીર કહેવાય છે. વળી શાસ્ત્રમાં પણ ત્રણ પ્રકારના વીર કહ્યા છે. **'१ दानवीर, २ युद्धवीर** અને ૩ **धर्मवीर'** આ ત્રણે પ્રકારનું વીરપણું ભગવાનમાં હોવાથી એમને વીર કહે છે. કહ્યું છે કે—(વાર્ષિક દાનની વખતે) ક્રોડો સોનૈયાના દાનથી જગતને વિષે **દારિદ્ર્ય**ને મિથ્યા કરીને અર્થાત્ કહેવા માત્ર દારિદ્ર્ય રાખીને, મોહાદિકના કુળમાં થયેલા અને કેટલાક ગર્ભમાં (સત્તામાં) પણ રહેલા ચળકતા (કર્મરૂપ) શત્રુઓને હણીને, તેમજ કુળની વાંછા નહિ રાખતાં કોઇથી કરાય નહિ એવી મોક્ષને આપનારી તપસ્યા કરીને જે ત્રણ પ્રકારની **'वीर'** પદવીના ધારક થયા, એટલે બહુ દાન દેવાથી **दानवीर** થયા, રાગાદિક શત્રુઓને મૂળ સહિત હણવાથી

યુદ્ધવીર થયા, અને મહા તપસ્યા કરવાથી ધર્મવિર થયા; તે ત્રણે જગત્ના ગુરૂ શ્રી મહાવીર જયવંતા વર્ત્તો. અહિં "वीरजिन" આ પદથી ૧ અપાયાપગમાતિશય, ૨ જ્ઞાનાતિશય, ૩ પૂજાતિશય અને ૪ વચનાતિશય આ ચાર અતિશયો શ્રી વીર ભગવાન્ને વિષે છે એમ કહ્યું.

હવે એક ગાથાએ કરી આ પુસ્તકના વિભાગ સંબંધી કહે છે.

(મૂલગાથા.)

दिण-रत्ति-पव्व-चउमा-सग-वच्छर-जम्मकिच्च-दाराइं ॥
सद्दूढाणणुग्गहठा, सद्दूढविहीए भणिऊंति ॥ २ ॥

ભાવાર્થ-૧ દિનકૃત્ય, ૨ રાત્રિકૃત્ય, ૩ પર્વકૃત્ય, ૪ ચાતુર્માસિકકૃત્ય, ૫ વાર્ષિક કૃત્ય અને ૬ જન્મકૃત્ય; એમ આ છ ભાગ શ્રાવક જન ઉપર ઉપકાર કરવાને માટે આ 'श्राद्धविधि' ગ્રંથમાં વર્ણવામાં આવશે. ૨

આમ પહેલી ગાથામાં મંગલ અને બીજી ગાથામાં ગ્રંથનો વિષય કહીને, હવે જે લાયક હોય તેનેજ વિદ્યા, રાજ્ય અને ધર્મ એ ત્રણ વસ્તુ પ્રાપ્ત થાય છે માટે શ્રાવકધર્મ આદરવા લાયક કોણ યોગ્ય છે તે વિષે કહેછેઃ-

(મૂલગાથા.)

सद्दूढसणस्स जुग्गो, भद्दगपगई विसेसनिउणमई ॥
नयमग्गरई तह दढ-नियवयणठिई विणिद्दिट्ठो ॥ ३ ॥

ભાવાર્થઃ—૧ ભદ્રપ્રકૃતિ, ૨ વિશેષનિપુણમતિ, ૩ ન્યાયામાર્ગરતિ અને ૪ દ્રઢનિજવચનસ્થિતિ જેણે પ્રાપ્ત કરી છે એવો પુરૂષ શ્રાવકપણાને યોગ્ય છે. ॥ ૩ ॥

૧ ભદ્રકપ્રકૃતિ એટલે ભદ્રક સ્વભાવનો એટલે કોઇ વાતમાં પક્ષપાત ન રાખતાં મધ્યસ્થ રહી નજીવી બાબતમાં કદાગ્રહ ન રાખે તે કહ્યું છે કે ૧ મિથ્યાત્વી ઉપર દૃષ્ટિરાગ રાખનારો, ૨ ધર્મનો દ્વેષી, ૩ બિલકૂલ મૂઢ (જડમતિ) અને ૪ પૂર્વવ્યુદ્ગ્રાહિત એટલે સદ્ગુરૂનો લાભ થયાં પહેલાંજ જેનું ચિત્ત કોઇ મતવાદીએ એકાંતવાદમાં ખોટું સમજાવીને દૃઢ કર્યું હોય તે, એ ચાર પુરૂષો ધર્મ પામવા લાયક નથી. માટે જે મધ્યસ્થ (કોઇ મત ઉપર પક્ષપાત ન રાખનારો) હોય, તેજ ધર્મ પામવા યોગ્ય જાણવો. ૧ દૃષ્ટિરાગી ધર્મ પામી શકતો નથી, તેના ઉપર એક દ્રષ્ટાંત છે કે:-જેમ

ભુવનભાનુ કેવળીનો જીવ પૂર્વ ભવમાં વિશ્વસેન નામા રાજપુત્ર હતો. તે ત્રીદંડીનો ભક્ત થયો. તેને ગુરૂએ ઘણીજ મહેનતથી પ્રતિબોધ્યો, અને અંગીકાર કરેલા સમકિતને વિષે દૃઢ કર્યો; તો પણ પૂર્વે પરિચિત ત્રિદંડીના વચનથી પાછો તેનામાં દૃષ્ટિરાગનો ઉદય થયો. તેથી પૂર્વે પામેલું સમકિત વમીને તે અનંતા કાળ સુધી સંસારમાં ભમ્યો. ૨ ધર્મનો દ્વેષી ધર્મ પામતો નથી, તેના વિષે કહ્યું છે કે–જેમ ભદ્રબાહુ સ્વામીનો ભાઇ વરાહમિહિર ધર્મનો દ્વેષી હોવાથી પ્રતિબોધ ન પામતાં સંસારમાં ભમ્યો. ૩ મૂઢ એટલે જે ગુરૂના વચનનો ભાવાર્થ જાણી શકતો નથી તે. એના ઉપર એક ગામડિયાના પુત્રનો લોકપ્રસિદ્ધ નીચે આપેલો દાખલો છેઃ–

એક ગામડિયાનો પુત્ર હતો. તે ઘણોજ જડ હોવાથી સહજ વાતમાં પણ કાંઇ સમજતો નહોતો. એક દિવસે રાજસેવાને અર્થે તેની માતાએ તેને શીખામણ આપી કે, " હે પુત્ર ! દરબારમાં વિનય કરવો. " પુત્રે પૂછ્યું, " વીનય તે શું ? " માતાએ કહ્યું. " જુહાર કરવો, નીચુ જોઇને ચાલવું, અને રાજાની મરજી માફક વર્ત્તવું વગેરે વિનય જાણવો. " પછી તે એક વખત રાજસેવાને અર્થે જ્યાં દરબાર હતો, તે નગર તરફ નીકળ્યો. માર્ગમાં શિકારી લોકો હરણનો શિકાર કરવા સારૂ તાકીને ચુપચુપ બેઠા હતા, એટલામાં પેલા ગામડિયાના છોકરાએ તેમની આગલ જઇ મ્હોટે સાદે " ભાઇઓ, જુહાર ! " એમ કહ્યું. તે શબ્દ સાંભળતાંજ આસપાસ આવેલાં હરણ નાસી ગયા. તેથી ગુસ્સે થયેલા શિકારીઓએ તેને ઘણોજ માર્યો. પેલા છોકરાએ ખરી વાત હતી તે કહી ત્યારે તેમણે તેને છોડ્યો, અને કહ્યું કે, " એવું કામ દેખાય ત્યારે છાનું જવું. " આગળ જતાં ધોબીઓને દેખી તે ચોરની માફક જવા લાગ્યો. તે ધોબીઓનાં લૂગડાં ચોરોએ પહેલાં ચોર્યા હતાં, તેથી તેમણે ચોર જાણી પેલા છોકરાને પકડ્યો. તેણે ખરી વાત કહી ત્યારે ધોબીઓએ તેને કહ્યું, " અરે મૂઢ ! આવા અવસરે ' પાણીવડે ઘણુંજ ધોવાઇ ગયાથી શુદ્ધ થાઓ ' એમ કહેવું. " આગળ જતાં ખેડુત લોકો ખેતરમાં ધાન્ય વાવતા હતા, તે દેખી પેલા છોકરાએ ધોબીઓના કહેવા પ્રમાણે કહ્યું કે, " પાણીવડે ઘણુંજ ધોવાઇ ગયાથી શુદ્ધ થાઓ. " તે સાંભળી ખેડુતોએ એને ઘણોજ માર

માર્યો. છેવટ તેણે ખરી વાત કહી, ત્યારે બેહુતોએ તેને છોડયો અને કહ્યું:-, " આવા અવસર ઉપર ' ઘણું ઘણું થાઓ ' એમ કહેવું. " આગળ જતાં મડદું જોઇ પેલા છોકરાએ " ઘણું ઘણું થાઓ " એમ કહ્યું. તે સાંભળી મડદાને પહોચાડનારા લોકોએ (સમશાનીયાઓ) તેને કહ્યું કે, " એવું ન થાઓ એમ કહેવું. " આગળ જતાં વિવાહના પ્રસંગે " એવું ન થાઓ " એમ કહેવાથી તેને ઘણો માર પડયો, અને શીખામણ મળી કે, " એવા અવસર ઉપર ' હમ્મેશાં એમજ થાઓ ' એમ કહેવું આગળ જતાં હાથ પગમાં બેડીથી બંધાયેલા એક કેદીને જોઇને તેણે કહ્યું કે, " હમ્મેશાં એમજ થાઓ. " તે સાંભળી પેલા બંદીવાને એને શીખામણ આપી કે, " એવું દેખી ' શીઘ્ર છુટી જાઓ. ' એમ કહેવું. " પછી કેટલાક લોકો મૈત્રી કરતા હતા, તેમને જોઇ પેલા છોકરાએ ' શીઘ્ર છુટી જાઓ ' એમ કહ્યું, ત્યારે તેમણે તેને ઘણો માર મારીને છોડી દીધો. પછી તે એક સરદારના પુત્રની ચાકરી કરવા રહ્યો. એક વખત ઘણો દુકાળ પડયો, ત્યારે ઘણા ધાન્યના અભાવથી સરદારના પુત્રની સ્ત્રીએ રાબડી તૈયાર કરી અને પોતાના પતિને બોલાવવા માટે પેલા ગામડિયાના છોકરાને કહ્યું. તે વખત સરદાર પુત્ર સભામાં બેઠો હતો. ત્યાં આવી પેલા જડ પુરુષે બૂમ પાડી કે " રાબડી તૈયાર થઇ છે. " આથી શરમાયેલા સરદાર પુત્રે તેને ઘણો માર્યો, પીટયો, અને કહ્યું કે, " આવી વાત અવસર જોઇને કાનમાં કહેવી. " પછી પ્રભાત સમયે સરદાર પુત્રના ઘરમાં આગ લાગી ત્યારે પેલા મૂર્ખાએ એકાંત મળી, ઘણી ધીરજથી સરદાર પુત્રના કાનમાં પેલી વાત કહી. એટલામાં ઘર બળી ગયું. ત્યારે સરદાર પુત્રે તેને શીખામણ આપી કે, " એવું કાંઇ થાય તો તુરતજ આપણે તેના ઉપર ધુળ, પાણી વિગેરે નાંખવું. " એક વખત સરદાર પુત્ર ન્હાઈ ધોઇ પોતાના માથાના વાળને સુગંધી ધૂપ દેતો હતો, ત્યારે પોતાના શેઠના માથા ઉપર ધૂમાડો જોઈ પેલા બે મૂઢે " હાય હાય " કરી ઘણી ઉતાવળથી પોતાના શેઠના માથા ઉપર છાણ અને ધૂળનો (ટોપલો) નાંખી પાણી રેડયું. એવો મૂઢ પુરુષ શિખામણને લાયક નથી. ૪ પૂર્વવ્યુદ્ગ્રાહિતમાં ગોશાલકે નિયતિવાદમાં દૃઢ કરેલા નિયતિ-

વાદી વગેરેનો આ દાખલો જાણવો.

આવી રિતે ચારે પુરુષો ધર્મને લાયક નથી પણ આર્દ્રકુમારાદિકની પેઠે જે પુરુષ મધ્યસ્થ હોય, અર્થાત્ જેને કોઇપણ મત ઉપર રાગ અથવા દ્વેષ નથી, તેજ પુરુષ ધર્મ પામવાને લાયક જાણવો, માટે મૂળ ગાથામાં 'ભદ્રકપ્રકૃતિ' હોય તેજ ધર્મયોગ્ય એમ કહ્યું છે તેમજ ૨ વિશેષ નિપુણમતિ એટલે હેય (ત્યાગ કરવા યોગ્ય) અને ઉપાદેય (આદરવા યોગ્ય) વસ્તુઓમાં શો તફાવત છે, તે જાણવામાં જેની મતિ નિપુણ હોય, તેજ ધર્મને લાયક જાણવો. તેટલા માટે ઉપર કહેલા ગામડિયાના પુત્ર જેવા મૂઢને ધર્મનો અધિકાર નથી. તથા વ્યવહારની શુદ્ધિ રાખવી વિગેરે ન્યાયમાર્ગ ઉપરજ જેને ઘણી અભિરુચિ હોય, પણ અન્યાય માર્ગ ઉપર બિલકૂલ ન હોય તે ૩ ન્યાયમાર્ગ રતિ અને પોતાનું વચન પાળવાના કામમાં જેની દૃઢ પ્રતિજ્ઞા હોય તે ૪ નિજવચન સ્થિતિએ બન્ને પુરુષ ધર્મને લાયક જાણવા. ૧ ભદ્રકપ્રકૃતિ, ૨ વિશેષ નિપુણમતિ, ૩ ન્યાયમાર્ગરતિ અને ૪ દૃઢ નિજવચન સ્થિતિ; આ ઉપર કહેલાં ચાર વિશેષણોમાં આગળ શ્રાવકના એકવીશ ગુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રાવકના એકવીશ ગુણ:-

૧ અક્ષુદ્ર (ઉદાર દિલનો), ૨ રૂપવાન્ (જેનાં અંગોપાંગ તથા પાંચે ઇંદ્રિયો વિકાર રહિત સારાં છે એવો), ૩ પ્રકૃતિસૌમ્ય (સ્વભાવથીજ પાપકર્મથી દૂર રહે તથા ચાકર વગેરે લોકો જેની રાજી ખુશીથી સેવા ચાકરી કરી શકે એવો), ૪ લોકપ્રિય (દાન, શીલ, વિનય વગેરે ગુણોથીલોકોના મનમાં પ્રીતિ ઉત્પન્ન કરનારો), ૫ અક્રૂર (મનમાં સંક્લેશ ન રાખનારો), ૬ ભીરૂ (પાપથી અને અપયશથી ડર રાખનારો), ૭ અશઠ (કોઇને ઠગે નહીં એવો), ૮ સદાક્ષિણ્ય (કોઇ કાંઇ ચીજ માગે તો 'તેનો ઇચ્છાભંગ ન થવો જોઇએ' એવો ડર રાખનારો), ૯ લજ્જાળુ (મનમાં શરમ હોવાથી ખોટા કાર્યને વર્જનારો), ૧૦ દયાળુ, ૧૧ મધ્યસ્થ અને સૌમ્ય દ્રષ્ટિ, (એટલે પુરુષ ધર્મતત્વનો જાણુ થઇ દોષનો ત્યાગ કરે છે.) ૧૨ ગુણરાગી અને નિર્ગુણની ઉપેક્ષા કરનારો, ૧૩ સત્કથ (ધર્મ સંબંધીજ વાત જેને પ્રિય છે એવો), ૧૪ સુપક્ષયુક્ત (જેનો પરિવાર શીલવંત

અને ઉપરીની મરજી માફક ચાલનારો છે એવો), ૧૫ સુદીર્ઘદર્શી (દૂરદર્શી હોવાથી થોડી મહેનતમાં ઘણો લાભ થાય એવું કાર્ય કરનારો), ૧૬ વિશેષજ્ઞ (પક્ષપાતી ન હોવાથી વસ્તુની અંદર રહેલા ગુણ દોષોને યથાર્થપણે જાણનારો), ૧૭ વૃદ્ધાનુગ (દીક્ષાપર્યાયવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ, એમની સેવા કરનારો),૧૮ વિનીત (આપણા કરતાં જેમાં વધારે ગુણ હોય, તેનું આદરમાન કરનારો), ૧૯ કૃતજ્ઞ (આપણા ઉપર કરેલા ઉપકારને નહીં ભૂલનારો), ૨૦ પરહિતાર્થકારી (કાંઇ લાભની આશા ન રાખતાં પારકું હિત કરનારો) અને ૨૧ લબ્ધલક્ષ (ધર્મકૃત્યની બાબતમાં જેને સારી શીખામણ મળેલી છે એવો), આ એકવીશે ગુણો ઉપર કહેલા ભદ્રક પ્રકૃતિ વગેરે ચાર વિશેષણોમાં ઘણાખરા સમાઇ જાય છે; તે નીચે પ્રમાણે:—

જે માણસમાં (૧) ભદ્રક પ્રકૃતિ હોય, તેનામાં ઘણુંકરીને અક્ષુદ્રપણું, ૩ પ્રકૃતિસૌમ્યપણું, ૫ અક્રૂરપણું ૮ સદાક્ષિણ્યપણું, ૨૦ દયાળુપણું ૧૧ મધ્યસ્થ સૌમ્યદ્રષ્ટિપણું, ૧૭ વૃદ્ધાનુગપણું અને ૧૮ વિનીતપણું એ આઠ ગુણો દેખાય છે. જે માણસ વિશેષ નિપુણમતિ હોય, તેનામાં રૂપવાન્ પણું, સુદીર્ઘદર્શીપણું અને, વિશેષજ્ઞપણું, ૧૯ કૃતજ્ઞપણું, ૨૦ પરહિતાર્થકારીપણું અને ૨૧ લબ્ધલક્ષપણું એ છ ગુણો પ્રાયે જોવામાં આવે છે. જે માણસ (૩) ન્યાયમાર્ગરતિ હોય, તેનામાં ૬ ભીરૂપણું, ૭ અશઠપણું, ૯ લજ્જાળુપણું, ૧૨ ગુણરાગી પણું અને ૧૩ સત્કથપણું એ પાંચ ગુણો ઘણું કરીને દેખાય છે. જે માણસ (૪) દ્રઢનિજવચનસ્થિતિ હોય, તેનામાં ૪ લોકપ્રિયપણું અને ૧૪ સુપક્ષયુક્તપણું એ બે ગુણો પ્રાયે જોવામાં આવે છે. માટે મૂળ ગાથામાં શ્રાવકોના એકવીશ ગુણોને બદલે ચાર વિશેષણોથીચારજ ગુણ ગ્રહણ કર્યા છે.

જે માણસમાં ૧ ભદ્રકપ્રકૃતિપણું, ૨ વિશેષનિપુણમતિપણું અને ૩ ન્યાયમાર્ગરતિપણું એ ત્રણ ગુણો ન હોય, તે કેવળ કદાગ્રહી, મૂઢ તથા અન્યથી હોવાથી શ્રાવકધર્મ પામવા યોગ્ય નથી. તથા જે ૪ દ્રઢપ્રતિજ્ઞ ન હોય, તે કદાચ શ્રાવક ધર્મને અંગીકાર કરે, તો પણ જેમ ઢંગ લોકોની મૈત્રી, ધેટા માણસનો સારો વેષ અને વાંદરાના ગળામાં

પહેરાવેલો હાર, એ ઘણી વાર ટકી શકતાં નથી, તેમ તે માણસ પણ યાવજ્જીવ ધર્મ પાળી શકતો નથી.

માટે જે મૂળ ગાથામાં કહેલા ચાર ગુણધારી હોય, તેજ જેમ સારી તૈયાર કરેલી ભીંત ચિત્રામણને, મજબૂત પૂરેલો પાયો મહેલ ચણવાને અને તાપ વિગેરે દઈને ચોખ્ખું કરેલું સોનું માણિક્ય રત્નને લાયક છે, તેમ તે માણસ પણ શ્રાવક ધર્મ પામવા યોગ્ય છે. વળી તેજ માણસ ચુલ્લક વિગેરે દશ દૃષ્ટાંતથી દુર્લભ એવું સમકિતાદિક, સદ્‌ગુરૂ વિગેરે સામગ્રીના યોગથી પામે છે અને શુકરાજે જેમ પૂર્વભવે પાળ્યું તેમ સારી પેઠે પાળે છે.

શુક રાજાની કથા.

ભરતક્ષેત્રમાં પૂર્વે કોઈ ઠેકાણે મળી ન શકે એવી ધાન્યની સંપદાનો સારો પાક ઘરાવનારૂં ક્ષેત્ર હોય નહી! એવું **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામા પ્રસિદ્ધ નગર હતું. જે નગરમાં ખડ્‌ગને વિષેજ નિસ્ત્રિંશપણું (કુર ઘાતકીપણું) હળને વિષેજ કુશળતા (લોઢાની ફાલ) જળને વિષેજ જડતા અને પુષ્પને વિષેજ બંધન હતું; પરંતુ નગરવાસી જનોમાં કોઈ પણ ક્રૂર, કુશીલ, જડ અને બંધનમાં પડેલો ન હતો. તે નગરમાં કામદેવના સરખો રૂપવંત અને શત્રુઓને સંહાર કરવામાં અગ્નિ સમાન એવો ઋતુધ્વજ રાજાનો પુત્ર મૃગધ્વજ રાજા રાજ્ય કરતો હતો. રાજલક્ષ્મી, ન્યાયલક્ષ્મી અને ધર્મલક્ષ્મી એ ત્રણે સ્ત્રીઓએ ઘણી હરીફાઇથી તે રાજાનું પોતાની મેળેજ પાણિગ્રહણ કર્યું હતું.

વખત જ્યારે લોકો ઘણું કરીને રમત ગમ્મતમાજ રસ ચાખતા રહે છે, તેવી વસંતઋતુ આવતાં, મૃગધ્વજ રાજા અંતઃપુરના પરિવાર સહિત નગરના ઉદ્યાનમાં ગયો. જેમ હાથી હાથણીઓની સાથે રમે છે. તેમ મૃગધ્વજ રાજાએ પોતાના અંતઃપુરની સાથે જલક્રીડા વિગેરે જાત જાતની ક્રીડા કરી. તે ઉદ્યાનમાં ભૂમી રૂપ સ્ત્રીનું જાણે ઓઢવાનું છત્રજ હોયની! એવું સુંદર આકારનું વખાણવા લાયક એક આંબાનું વૃક્ષ હતું. તે જોઈને મૃગધ્વજ રાજાએ વિદ્વાનો સંસ્કાર હોવાથી તેનું નીચે પ્રમાણે વર્ણન કર્યું.

"પૃથ્વીના કલ્પવૃક્ષ રૂપ હે આમ્રવૃક્ષ! તારી છાયા જગતને ઘણીજ પ્રિય લાગે છે, પાંદડાંનો સમુદાય ઘણો માંગલિક ગણાય છે, આ મ્ર-

ત્યક્ષ દેખાતો તારી મંજરીનો (મહોરનો) સમુદાય જેની બરાબરી કોઇ પણ કરી શકે નહીં એવાં ફળોની વૃદ્ધિ કરે છે, અને તારો આકાર જોતાંજ માણસના મનને આકર્ષી લે છે તેમજ તું અમૃત સમાન મધુર રસવાળાં ફળ આપે છે, માટે મોટા મોટા વૃક્ષોમાં અમે તને નક્કી શ્રેષ્ટ ગણીએ છીએ. શોભામય એવા હે આમ્રવૃક્ષ ! પોતાનાં પાન, ફૂલ, ફળ, કાષ્ટ છાયા વગેરે સર્વ અવયવોએ કરીને સર્વ જીવો ઉપર પરોપકાર કરવામાંજ મંડી રહેલા એવા તારા કરતાં બીજો કોણ વખાણવા યોગ્ય છે ? જે પોતાને આમ્રવૃક્ષ સમાન કહેવરાવે છે, એવા મોટા વૃક્ષોને અને તેનાં વખાણ કરનારા, પાપી મિથ્યાવાદી મોટા મોટા કવિયોને પણ ધિક્કાર થાઓ. ”

આ પ્રમાણે આમ્રવૃક્ષની પ્રશંસા કરીને, જેમ દેવતા કલ્પવૃક્ષની છાયામાં બેસે છે. તેમ મૃગધ્વજ રાજા આદરથી અંતઃપુરના પરિવાર સહિત આમ્રવૃક્ષની શિતળ છાયા નીચે બેઠો. મૂલ્યથી મોટો અને મણિરત્નાદિ વસ્તુની ઘટનાથી સારભૂત એવો શૃંગાર કરેલો હોવાથી જાણે મૂર્તિમાન્ શૃંગાર રસજ હોયની ! એવી પોતાની અંતઃપુરની સ્ત્રીઓને જોઇને મૃગધ્વજ રાજા આશ્ચર્યથી વિચાર કરવા લાગ્યો કે, “જાણે પૃથ્વીમાંથી સાર સાર સ્ત્રીરત્ન જોઇને કાઢેલાંજ હોયની ! એવી અંતઃપુરની સ્ત્રીઓ મને મળી, માટે મ્હારા ઉપર દૈવની મ્હોટી કૃપા છે. સ્ત્રીઓ તો ઘેર ઘેર છેજ, પણ મ્હારા જેવી સુંદર સ્ત્રીઓ તો બીજા કોઇને ત્યાં ભાગ્યેજ હશે. ઠીક છે ! તારાઓ તો ચંદ્રમાનીજ સ્ત્રીઓ હોય, બીજા ગ્રહોની ક્યાંથી હોય !”

જેમ ચોમાસામાં આવેલા પુરથી નદી બહાર ઉછળે છે, તેમ મૃગધ્વજ રાજાનું મન પણ ઘણી મ્હોટાઈથી સહેજ આવે એવા અહંકારથી ઉછળી જાય છે એટલી વારમાં આંબાના વૃક્ષ ઉપર બેઠેલો એક સુંદર પોપટ અવસર જોઇ બોલનારા પંડિતની પેઠે એક વાક્ય બોલ્યો કે:—“મનઃકલ્પિત અહંકાર કયા ક્ષુદ્ર પ્રાણીને પણ નથી હોતો ? જુઓ, રખે આકાશ આપણા ઉપર પડે ! એવા ડરથી ટીટોડી પણ પોતાના પગ ઉંચા કરીને સુઇ રહે છે.”

આ સાંભળી રાજાએ વિચાર કર્યો કે, “અરે ! આ પોપટ કેવો ધીઠો

છે! અહંકાર કરનાર એવા મને એ તદ્દન તુચ્છ કેમ કરી નાંખે છે? અથવા એ પંખીની જાત એ જે કાંઇ બોલે છે, તે [1]અન્ધકૃપાણ, [2]કાકતાલીય, [3]ઘુણાક્ષર અને [4]ખલતિમિલ્વ એવા ન્યાયથીજ સાચા જેવું લાગે છે. બાકી મનમાં કાંઈ પણ મતલબ ન રાખતાં એ પોપટ સ્વભાવથીજ ઉપર કહેલું વાક્ય બોલ્યો હશે."

મૃગધ્વજ રાજા આમ વિચાર કરે છે, એટલામાં ફરીથી પોપટ એક અન્યોક્તિ બોલ્યો કેઃ—"(આ વાક્યમાં દેડકો પૂછે છે અને હંસ ઉત્તર આપે છે.) (સવાલ) "હે પંખી! તું કયાંથી આવ્યો?" (જવાબ) "હું મ્હારા સરોવરમાંથી આવ્યો." (સવાલ) "તે સરોવર કેટલું મ્હોટું છે?" (જવાબ) "ઘણું મ્હોટું છે." (સવાલ) "કેમ મ્હારા ઘર કરતાં પણ સરોવર મ્હોટું છે?" (જવાબ) "ઘણુંજ." તે સાંભળી દેડકો નજીક બેઠેલા હંસને ગાળો દેવા લાગ્યો કે, "અરે પાપી! તું મ્હારી આગળ કેમ મિથ્યા વચન બોલે છે? ધિક્કાર થાઓ તને!" આ ઉપરથી હંસને તો "હલકો પ્રાણી થોડું કાંઇ મળે, તોપણ ઘણો અહંકાર કરે છે." એટલુંજ સમજી લેવું ઉચિત છે."

આ અન્યોક્તિ સાંભળી મૃગધ્વજ રાજાએ વિચાર કર્યો કે, "અન્યોક્તિ કહેનારા એ પોપટે નક્કી મને કૂવાની અંદર રહેનારા દેડકા જેવો જાણ્યો. માટે મને કાંઇ આશ્ચર્ય ઉપજે છે કે, મુનિરાજની પેઠે એ ઉત્તમ પોપટ પણ જ્ઞાની છે." રાજા મનમાં એવો વિચાર કરે છે, એટલામાં ફરીથી પોપટ બોલ્યો કેઃ—"મૂર્ખના સરદાર એવા ગામડિયાનું આ તે કેવું ગામડિયાપણું! કે, જેથી એ પોતાના ગામડાને સ્વર્ગપુરી સમાન ગણે છે! ઝૂંપડીને વિમાન જાણે છે! પોતાના ખાવાના અન્ન પાનને અમૃત માને છે! પહેરવા અને ઓઢવાનાં લૂગડાંઓને દિવ્યવસ્ત્ર સમજે છે! પોતાને ઇંદ્ર માને છે! અને પોતાના સર્વ પરિવારને દેવતા માફક દેખે છે!" તે

---

૧ અચાનક બકરીનું આવવું અને તરવારનું પડવું. ૨ કાગડાનું બેસવું અને તાડનું પડવું. ૩ કાષ્ઠમાં રહેનારા ઘુણ જાતિના કીડાનું કોતરવું અને તેમાં અક્ષરોના આકારની આકૃતી થવી. ૪ ટાળવાળા માણસનું વૃક્ષની નીચે બેસવું અને તેના મસ્તક ઉપર બીલીના ફળનું પડવું.

સાંભળી મૃગધ્વજ રાજાએ મનમાં વિચાર્યું કે " આ મહા પંડિતે મને ગામડિયા માફક ગણ્યો તેથી મને એમ લાગે છે કે, કદાચ આ મ્હારી અંતઃપુરની સ્ત્રીના કરતાં પણ વધારે સુંદર સ્ત્રી કોઇ બીજે સ્થળે હશે. "

મૃગધ્વજ રાજા એવો વિચાર કરે છે, એટલામાં તે સુંદર પોપટ રાજાનું મન જાણીને ફરીથી બોલ્યો કેઃ—"ઠીક જ છે, અધુરી વાત કહેવાથી માણસને આનંદ થતો નથી ? હે રાજન્ ! જ્યાં સુધી તું ગાંગલિ ઋષિની પુત્રીને જોઇશ નહીં, ત્યાં સુધી તું પોતાના અંતઃપુરની સ્ત્રીઓને મનોહર માનીશ. ત્રણ લોકમાં સુંદર અને સર્વ અવયવોએ પૂર્ણ એવી તે પુત્રીને સર્જને વિધાતાએ આજ સુધી કરેલી સૃષ્ટિની મહેનતનો બદલો મેળવ્યો, જેણે તે પુત્રી દેખી નથી, તેનું જીવિત મીથ્યા છે અને જેણે જોયાં છતાં પણ તેને આલિંગન કરી નથી, તેનું જીવિત પણ ફોકટ છે. તે સુંદર પુત્રીને જેણે જોઇ, તે બીજી સ્ત્રી ઉપર શી રીતે પ્રીતિ કરે ? ભ્રમર માલતીનું ફૂલ ચાખીને બીજે ઠેકાણે કદી આસક્ત થાય કે ? ના, નજ થાય. જેવી સૂર્યની પુત્રી કમલમાલા તેવી તે કમલમાલા પુત્રીને જો જોવાની અથવા પરણવાની ઇચ્છા હોય તો ઉતાવળો મ્હારી સાથે ચાલ. "

એમ કહીને તે પોપટ વૃક્ષ ઉપરથી ઉડ્યો. એટલામાં મનમાં ઘણીજ ઉત્સુકતા રાખનારા રાજાએ એકદમ બૂમો પાડી ચાકરોને કહ્યું કે, " રે બિજમતદારો ! મ્હારો પવન માફક ચાલનારો સત્યાન્વય નામનો ઘોડો જલદી તૈયાર કરીને અહિં લાવો !" સેંકડો રાજાઓ જેના તાબેદાર છે એવો મૃગધ્વજ રાજા ચાકરોએ તુરત પલાણ ચઢાવીને લાવેલા ઘોડા ઉપર ચઢ્યો અને પોપટની પછવાડે ગયો. જેમ દૂર રહેલા લોકોએ પોપટની વાણી સાંભળી નહીં, તેમ એક રાજા વિના બીજા નજીક રહેલા કોઇ પણ રાજાના સેવકે કાંઇ અજાણ કારણથી તે વાણી સાંભળી નહીં. તેથી મંત્રી વગેરે લોકો ' આજે રાજાને શું થયું અને એ ક્યાં જશે ? એમ ગભરાઇને રાજાની પછવાડે કેટલાક ગાઉ સુધી ગયા અને પાછા વળ્યા પોપટ આગળ અને રાજા પાછળ એમ ઘણા વેગથી ચાલનારા તે બન્ને જણા પવનની પેઠે એક ક્ષણ માત્રમાં પાંચસો યોજન ઉલ્લંઘી ગયા. કોઇ દિવ્ય પ્રભાવથી રાજા અને તે ઘોડો એટલો માર્ગ ઉલ્લંઘી ગયા, છતાં ભીલકુલ

થાકયા નહીં. જેમ કર્મે ખેંચાયલો જીવ ભવાંતરે જાય છે, તેમ વિઘ્નથી બચાવનારા તે પોપટે ખેંચાયલો મૃગધ્વજ રાજા મ્હોટી અટવીમાં ગયો.

મ્હોટા પુરૂષોમાં પણ પૂર્વભવનો સંસ્કાર કેવો દૃઢ રહે છે ? કે જેથી ઠામ ઠેકાણાની કાંઇ પણ ખાત્રી નહીં છતાં મૃગધ્વજ રાજા પોપટની પછવાડે દોડયો ! જાણે મેરૂ પર્વતની એક ટૂંકજ આવી હોયની ! એવું તે અટવીમાં કલ્યાણનું આપનારૂં અને દિવ્ય કાંતિ ધારણ કરનારૂં શ્રી આદિનાથનું એક સુવર્ણરત્નમય મંદિર હતું તેના કળશ ઉપર બેસીને પોપટે મધુર વાણીથી કહ્યું. "હે રાજન્ ! જન્મથી માંડીને કરેલાં બધાં પાપોની શુદ્ધિને અર્થે શ્રી આદિનાથ ભગવાનને વંદના કર. " પોપટને જવાની ઘણી ઉતાવળ છે, ' એમ જાણી રાજાએ શીઘ્ર ઘોડા ઉપરથીજ ભગવાનને ઘણી વંદના કરી. ઉચિતના જાણ એવા ચતુર પોપટે રાજાનો તે અભિપ્રાય જાણી તેના હિતને અર્થે પોતે મંદિરની અંદર જઇને પ્રભુને પ્રણામ કર્યા જેમ સારા પુરૂષના ચિતમાં જ્ઞાનની પાછળ વિવેક પ્રવેશ કરે છે, તેમ રાજા પણ તુરત ઘોડા ઉપરથી ઉતરીને પોપટની પછવાડે મંદિરમાં ગયો. ત્યાં શ્રી ઋષભદેવ ભગવાનની રત્નમય અને ઉપમાએ રહિત પ્રતિમા જોઇને મૃગધ્વજ રાજાએ તેને વંદના કરી અને મધુર વાણીથી સારી સ્તુતિ કરી અને બોલ્યો કે:—એક તરફ સ્તુતિ કરવાને વિષે ઘણી ઉત્સુકતા અને બીજી તરફ નિપુણતાનો અભાવ. એમ હોવાથી મ્હારૂં ચિત્ત ભક્તિથી સ્તુતિ કરવા તરફ અને શક્તિ ન હોવાથી ન કરવા તરફ ખેંચાવાને લીધે દોલાયમાન થાય છે. તથાપિ હે નાથ! હું યથાશક્તિ તમારી સ્તુતિ કરૂં છું. મચ્છર પણ પોતાની શક્તિ માફક આકાશમાં વેગથી ઉડતો નથી કે શું ? અપરિમિત (પ્રમાણ રહિત) દેનારા તમને પ્રમાણ સહિત દેનારા કલ્પવૃક્ષો વિગેરેની ઉપમા શી રીતે અપાય ? તેથી તમે અનુપમ છો, તમે કોઇ ઉપર પ્રસન્ન થતા નથી અને કોઇને કાંઇ આપતા નથી, તથાપિ સર્વે લોકો તમારી આરાધના કરે છે, તેથી તમારી ગતિ અદ્‌ભૂત છે. તમે મમતા નહીં છતાં જગતના રક્ષણ કરનારા અને કોઇ ઠેકાણે સંગ નહીં છતાં જગતના પ્રભુ કહેવરાવો છો, એવા લોકોત્તર સ્વરૂપના ધારક મનુષ્યરૂપી તમોને મ્હારો નમસ્કાર થાઓ. "

મૃગધ્વજ રાજાએ એવી સ્તુતિ કરી, ત્યારે ગાંગલિ ઋષિ નજીકના આશ્રમમાં બેઠા હતા તેમણે મૃગધ્વજે મધુર શબ્દથી કરેલી સારી સ્તુતિ આનંદથી સાંભળી. જાણે બીજો શંકરજ હોયની ! એવા જટાધારી અને વલ્કલ (વૃક્ષની છાલ) પહેરનારા ગાંગલિ ઋષિ કોઇ કારણથી મંદિરમાં આવ્યા અને નિર્મળ વિદ્યાના જાણુ એવા તેમણે ભક્તિથી શ્રી ઋષભદેવ ભગવાનને વંદના કરીને મનોહર, નિર્દોષ અને નવાં તુરત બનાવેલાં ગદ્યાત્મક વચનથી ભગવાનની પ્રાર્થના કરી. કેઃ—"ત્રણે જગતના નાથ; જેથી ત્રણે જગત્ ઉપર ઉપકાર થાય એવી જશકીર્તિ આપવાને સમર્થ, અનંત જ્ઞાન, અનંત દર્શન વગેરે અતિશયોથી શોભનારા એવા હે આદિનાથ ભગવાન્! આપ જયવંતા વર્તો. નાભિરાજાના કુલ રૂપ કમલને વિકસિત કરવાને સૂર્ય સમાન, ત્રણે જગતના જીવોને સ્તુતિ કરવા લાયક, શ્રી મરૂદેવી માતાની કુક્ષિ રૂપ સુંદર સરોવરને વિષે રાજહંસ સમાન એવા હે ભગવાન્! તમે જયવંતા વર્તો. ત્રૈલોક્યની અંદર રહેલા ઘણા ભવ્ય જીવોનાં ચિત્ત રૂપ જે ચક્રવાક (ચકવો) પક્ષી તેનો શોક દૂર કરવાને સૂર્ય સમાન, બીજા સર્વ દેવના ગર્વને સદંતર ઉખેડી નાખે એવો નિર્દોષ, નિસ્સીમ અને કોઇ જેની બરાબરી કરી શકે નહીં એવો પોતાનો મહિમા, તેજ લક્ષ્મી, તેના વિલાસને અર્થે પોતે કમલાકર છો, એવા હે ભગવાન્! આપ જયવંતા વર્તો. સરસ ભક્તિના રસથી શોભતા અને સ્પર્ધાથી વંદના કરતા એવા દેવતાઓના અને મનુષ્યોનાં મુકુટોને વિષે રહેલાં રત્નોની કાંતિ, તે રૂપ નિર્મળ જળવડે ધોવાઇ ગયા છે ચરણ જેમના અને મનની અંદર રહેલા રાગ, સમૂલ ઉચ્છેદ કરી નાંખ્યા છે વગેરે મલ જેમણે દ્વેષ એવા હે ભગવાન્ ! આપ જયવંતા વર્તો. પાર વિનાના સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને કિનારા ઉપર ઉતારવાને મોટા જહાજ સમાન, સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ટ જે સિદ્ધિ રૂપ સ્ત્રી તેના પ્રિયપતિ, જરા, મરણ અને ભયથી રહિત, સર્વ દેવોમાં ઉત્તમ એવા હે પરમેશ્વર, યુગાદિ તીર્થંકર, શ્રી આદિનાથ ભગવાન્! તમને નમસ્કાર થાઓ."

ગાંગલિ ઋષિએ ઉપર કહ્યા પ્રમાણે આનંદ પૂર્વક શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી અને પછી મૃગધ્વજ રાજાને

સરળ સ્વભાવથી કહ્યું. " ઋતુધ્વજ રાજાના કુલને વિષે ધ્વજ સમાન એવા હે મૃગધ્વજ રાજન્! હે વત્સ! તું મ્હારા આશ્રમમાં આવ. ઠીક થયું. તું અમારો અણધાર્યો આવેલો પરોણો છે, માટે અમે અમારાથી બને તેવો તહારો આદર સત્કાર કરીશું. તહારા જેવા પરોણા તો ભાગ્યેજ મળે છે. " ગાંગલિ ઋષિનું એવું વચન સાંભળી મૃગધ્વજ રાજા મનમાં વિચારવા લાગ્યો કે, " આ ઋષિ કોણ છે? મને ઘણા આગ્રહથી શા માટે બોલાવે છે? અને પરિચય નહીં છતાં એ મ્હારું નામ ઠામ શી રીતે જાણે છે?" મનમાં એવો વિચાર આવવાથી ઘણો આશ્ચર્ય પામેલો મૃગધ્વજ રાજા, ગાંગલિ ઋષિની સાથે તેના આશ્રમે ગયો. ઠીક છે, કોઇ કાંઇ પ્રાર્થના કરે તો સત્પુરૂષો તેનો ભંગ કરતા નથી. મહા પ્રતાપી એવા મૃગધ્વજ રાજાની તે તાપસોએ સારી રીતે પરોણાગત કરી ખરૂં છે કે, એવા તાપસો તો જે કામ હાથમાં લે, તેમાં યશસ્વીજ નિવડે છે. પછી બુદ્ધિશાળી ગાંગલિ ઋષિએ મૃગધ્વજ રાજાને કહ્યું. " હે રાજન્! તમે પધાર્યાથી અમે કૃતાર્થ થયા, માટે અમારા કુળને અલંકાર સમાન. જગતના નેત્રોને વશ કરવાને જાણે સાક્ષાત્ કામણ રૂપજ હોયની! જાણે અમારા જીવનું પ્રત્યક્ષ જીવિતજ હોયની! એવી કલ્પવૃક્ષોનાં ફૂલોની માલા સરખી કમલમાળા નામની મ્હારી કન્યા તનેજ લાયક છે, માટે તેનું પાણિગ્રહણ કરીને અમારો અંગીકાર કર. "

"મનને ગમતી વસ્તુજ વૈદ્યે બતાવી" એવી વાત થઇ. તે મૃગધ્વજરાજાને મનમાં કબૂલ હતી, તો પણ ગાંગલિએ ઘણો આગ્રહ કર્યો, ત્યારેજ તેણે તે વાત કબૂલ કરી. સત્પુરૂષોની રીત એવીજ હોય છે. પછી ગાંગલિ ઋષિએ નવા યૌવનથી ખીલી નીકળેલી પોતાની પુત્રીને આનંદથી તુરત મૃગધ્વજ રાજાની સાથે પરણાવી. શુભ કૃત્ય કરવું હોય તો વાર કોણ લગાડે? પહેરેલાં વલ્કલ (વૃક્ષની છાલ) વિના જેના શરીર ઉપર બીજા કોઇ અલંકાર નથી એવી પણ કમલમાલાને જોઇને મૃગધ્વજ રાજા ઘણો રાજી થયો. ઠીકજ છે, રાજહંસની પ્રીતિ કમળમાળા (કમળોની પંક્તિ) ઉપર થાયજ. પછી ગાંગલિ ઋષિએ પોતાની પુત્રી કમળમાળાને મૃગધ્વજ રાજાની સાથે પરણાવીને કરમોચનને અવસરે જમાઇને પુત્રની સંતતિ આપનારો એક મંત્ર

આપ્યો. ઋષિયોની પાસે બીજું આપવા લાયક શું હોય? તે વખત આન પામેલી તાપસીઓએ ગવાયેલાં ધવલગીતથી ઉલ્લાસ પામવા લાગ્યો, અને પોતાની તથા વરની યોગ્યતાને અનુસારે સર્વ વિધિ ગાંગલી ઋષીએ પોતે કરાવ્યાથી ઘણી શોભા વધી.

વિવાહ થયા પછી મૃગધ્વજ રાજાએ ગાંગલિ ઋષિને કહ્યું કે, "કોઇને રાજ્યની ભલામણ કર્યા વિના હું ઓચિંતો અહિં આવેલો છું." ગાંગલિ ઋષિએ કહ્યું કે, "ત્યારે શીઘ્ર જવાની તૈયારી કરો. દિગંબર જેવા અમારી તૈયારી તે શું હોય? પણ હે રાજન્! તમારો દિવ્યવેષ અને પોતાનો વલ્કલ વેષ જોઇ જોઇને, આ કમળામાળા મ્હોટા પુરુષોને ખેદ ઉપજાવે છે; તેમજ આ પુત્રી અમારા આશ્રમમાં આજ સુધી વૃક્ષોને જલ આપતી અને જન્મથી માંડીને તાપસી સ્ત્રીઓનાજ સિવાજ હમ્મેશાં જોતી આવેલી છે, માટે જન્મથી ભોળી પણ તમારે વિષે ઘણીજ અનુરાગિણી આ મ્હારી પુત્રીને શોકય થકી કાંઇપણ તિરસ્કાર વિગેરે નહીં થવો જોઇએ."

રાજાએ કહ્યું. "એની શોકય થકી ઘણી ઋદ્ધિ થશે, પણ તિરસ્કાર નહીં થાય. તેથી તમારા વચનનું લેશમાત્ર પણ ઉત્થાપન નહિ થાય." ચતુર રાજાએ મધુર વચનથી તાપસોને ખુશી કરીને તાપસની સ્ત્રીઓ વગેરેને સંતોષ થવા માટે પ્રકટપણે ફરીથી કહ્યું કે, "હું પોતાને સ્થાનકે ગયા પછી એના પોતાની નવી સ્ત્રીના સર્વ મનોરથ પૂર્ણ કરીશ. હાલ અહિંતો પહેરવા ઓઢવાનું પણ કયાંથી મળી શકે?" પછી ખેદ કરતાં ગાંગલિ ઋષિએ કહ્યું કે, "દરિદ્રી એવા મ્હારાથી જન્મ દરિદ્રીની પેઠે પુત્રીને પહેરામણી પણ અપાઇ નહીં, તેથી મને ધિક્કાર થાઓ." એમ બોલતાં છતાં ગાંગલિ ઋષિની આંખમાંથી દુઃખનાં આંસુ પડે છે, એટલી વારમાં મેઘથી જલવૃષ્ટિ થાય, તેમ નજીકના એક આંબાના વૃક્ષથી દિવ્ય વસ્ત્રોના અને અલંકારોના ઢગલે ઢગલા પડયા! તે જોઇ બધાએ મનમાં ચમત્કાર પામી નિશ્ચય કર્યો કે, "ઉત્તરોત્તર આ કન્યાનું ભાગ્ય વધતું છે. જેમ મેઘ થકી જલાદિક પડે છે, તેમ વૃક્ષ થકી ફલાદિક પડે, પણ દિવ્ય વસ્ત્રો તથા અલંકારો કોઇ કાળે પડે નહીં. તેથી પુણ્યનું માહાત્મ્ય અદ્ભુત છે. આ લોકમાં પુણ્યથી કઇ વાત સંભવતી નથી? અર્થાત્ સર્વ

સંભવ છે. રામચંદ્રના પુણ્યથી મેરુપર્વત સરખી શિલાઓ પણ સાગર ઉપર તરતી રહી તો પછી શું ? પછી શું ? પછી હર્ષ પામેલા ગાંગલિ ઋષિની અને નવી પરણેલી કમળમાળાની સાથે મૃગધ્વજ રાજા ચિત્તને પ્રસન્ન કરનારા શ્રી આદિનાથ ભગવાનના દેવાલયમાં ગયો અને "હે પ્રભો ! ફરીથી આપનાં પવિત્ર દર્શન શીઘ્ર થાઓ અને શિલા ઉપર કોતરેલી મૂર્ત્તિની પેઠે આપની મૂર્ત્તી મ્હારા ચમત્કાર પામતા ચિત્તમાં સ્થિર રહો." એમ કહીને મૃગધ્વજ રાજાએ પોતાની સ્ત્રી કમળમાળા સાથે ભગવાનને વંદના કરી અને જિનમંદિરમાંથી બહાર આવી તાપસને માર્ગ પુછ્યો. તાપસે કહ્યું. "હું માર્ગ વગેરે જાણતો નથી." રાજાએ કહ્યું. "તો મ્હારા નામ વગેરેની આપને શી રીતે ખબર પડી ?" ગાંગલિ રુષિએ કહ્યું. "હે રાજન! સાંભળ, એક વખત મારી આ નવયૌવનને પામેલી કન્યાને આનંદથી જોઇને મેં મનમાં વિચાર કર્યોકે, 'એને યોગ્ય વર કોણ મળશે?' એટલામાં આંબાના વૃક્ષ ઉપર બેઠેલા એક પોપટે મને કહ્યું. "હે ગાંગલી! વૃથા ચિંતા કરીશ નહીં. ઋતુધ્વજ રાજાના પુત્ર મૃગધ્વજ રાજાને હું આજે હમણાંજ આ જિનમંદીરે લઈ આવું છું. કલ્પવેલી જેમ કલ્પવૃક્ષને વરવા લાયક, તેમ આ તમ્હારી કન્યા પણ જગત્માં શ્રેષ્ઠ એવા મૃગધ્વજ રાજાનેજ વરવા યોગ્ય છે. આ વાતમાં લેશ માત્ર પણ સંશય કરીશ નહીં." એમ કહીને પોપટ ગયો અને થોડી વારમાંજ હે રાજન ! તમે આવ્યા. પછી થાપણ રાખેલી વસ્તુ જેમ પાછી અપાય છે, તેમ આ મારી પુત્રી મેં તમને આનંદથી આપી. એ કરતાં વધારે વાત હું જાણતો નથી. "એટલું કહીને ગાંગલી ઋષિ મૌનપણે રહ્યા અને મૃગધ્વજ રાજા 'આગળ શું કરવું ?' તેની ચિંતામાં પડયો. એટલામાં અવસરના જાણ પુરૂષની પેઠે તે પોપટે શીઘ્ર આવી રાજાને કહ્યું, "હે રાજન્ ! આવ આવ ! હું તને માર્ગ દેખાડું. હું જાતનો એક ક્ષુદ્ર પંખી છું, તો પણ હું આશ્રિત (મ્હારો વિશ્વાસ રાખનાર) જનની ઉપેક્ષા નહીં કરું. આપણા ઉપર વિશ્વાસ રાખી બેઠેલો કોઈ હલકો પ્રાણી હોય. તો તેની પણ ઉપેક્ષા ન કરવી; તો મ્હોટાની ન કરવી એમાં તો કહેવું જ શું ? ચંદ્રમા, પોતાનો આશ્રિત સસલો બાળક હોવાથી તેને પોતાના ખોળામાંથી આઘો પાછો મુકે

છે કે શું ? ના. હે રાજન ! તું જગતમાં શ્રેષ્ટ અને આર્ય છતાં પણ અનાર્યની પેઠે એક ક્ષણ માત્રમાં મને ભૂલી ગયો, પણ હું ક્ષુદ્ર પ્રાણી મ્હોટા માણસની પેઠે તને શી રીતે ભૂલી જાઉં ?

પોપટનું એવું વચન સાંભળી મૃગધ્વજ રાજા ચિત્તમાં ચમત્કાર પામ્યો અને ગાંગલિ રુષિને પ્રણામ કરી, શીઘ્ર સ્ત્રી સહિત ઘોડા ઉપર બેસી પોપટની પછવાડે ગયો. પોતાને નગર જવાની ઘણી આતુરતાથી મૃગધ્વજ રાજા પોપટની પછવાડે જતો હતો, એટલામાં તેનું ક્ષિતિપ્રતિષ્ટિત નામનું નગર દૂરથી સહજ નજરે પડ્યું. ત્યારે તે પોપટ એક વૃક્ષ ઉપર ચઢીને સ્વસ્થ થઇને બેઠો. તે જોઈ રાજા મનમાં ચકિત થયો અને ઘણા આગ્રહથી પોપટને કહ્યું. " હે પોપટ ! જો કે નગરના મહેલ, કોટ વગેરે આગળ દેખાય છે; તો પણ હજી નગર દૂર છે, માટે તું કેમ રૂષ્ટ થયાની પેઠે બેઠો છે ? " પોપટે હુંકારો કર્યો અને કહ્યું. " એમ કરવાનું એક મ્હોટું કારણ છે કેમકે ડાહ્યા પુરૂષો હેતુ વગર કોઇપણ કાર્ય કરતા નથી. " આથી રાજા ગભરાયો અને તેને પૂછ્યું કે, " આ તે શું ? " પોપટે કહ્યું. " હે રાજન્ ! હું કહું છું તે સાંભળ ચંદ્રપુરીના ચંદ્રશેખર રાજાની ચંદ્રવતી નામની બહેન, તે તમારી પ્રિય સ્ત્રી થાય છે. તે અંદરથી કપટી અને ઉપરથી મધુર વચન કહેનારી હોવાથી ગૌ મુખ ધારણ કરનારા વાઘ જેવી છે. જેમ જળની તેમ સ્ત્રીની પણ પ્રાયે વાંકી ગતિ હોય છે. ' તું વૈરાગીની માફક રાજ્ય મૂકીને ક્યાંહિ ઘણે દૂર જતો રહ્યો ' એમ ધારી જોઇએ તેવો અવસર મળવાથી પ્રબળ થએલી, શાકિની જેવી તમારી સ્ત્રીએ પોતાના ભાઈને તુરત જણાવ્યું કે, ' રાજ્ય હરણ કરવાનો આ અવસર છે. ' પોતાની મતલબ સાધવી હોય તો છળ-કપટ એજ અબળાઓનું મ્હોટું બળ છે. પછી ચતુરંગિણી સેનાના પરિવાર સાથે ચંદ્રશેખર રાજા તમારું રાજ્ય લેવા માટે શીઘ્ર આવ્યો પોતાની મેળે ચાલતું આવેલું રાજ્ય કોણ મૂકે છે ? શત્રુને જોઇ અંદર રહેલા સુભટોએ તમારા નગરના દરવાજા તુરત બંધ કર્યા. પછી જેમ પોતાના શરીરે કરીને સર્પ નિધિને વીંટે છે, તેમ ચંદ્રશેખર રાજાએ પોતાની સેનાવડે ચારે તરફથી તમારું નગર ઘેર્યું. હવે શૂરવીરપણાનો સતેજ અહંકાર ધારણ કરનારા,

હારા પરાક્રમી સુભટો નગરની અંદર ચારે તરફ ઉભા રહીને શત્રુની સાથે સાથે લડે છે; પણ "નાયક વિનાનુ સૈન્ય દુર્બળ છે." એ લોક પ્રસિદ્ધ કહેવતને અનુસરી પોતાને નાયક વિનાની સમજનારી હારી સેના શત્રુને શી રીતે જીતી શકે? આવા પ્રસંગને લીધે આપણા બન્ને જણથી નગરની અંદર શી રીતે જઇ શકાય? માટે હે રાજન્! એમ વારી મનમાં ખેદ કરતો હું આ ઝાડ ઉપર બેઠો છું."

હૃદયને છેદી નાંખે એવી પોપટના મુખથી આ વાત સાંભળતાંજ જાણે અંદર જવાનો માર્ગ મળી ગયો તેથીજ તે શું? રાજા મનમાં સંતાપવા લાગ્યો. અને તેણે મનમાં વિચાર્યું કે. "દુષ્ટ આચરણવાળી સ્ત્રીના હૃદયની અંદર રહેલા કપટને ધિક્કાર થાઓ! અને ચંદ્રશેખર રાજાનું પણ આ કેવું સાહસ! તેના મનમાં બિલકુલ ભયજ નથી! તેને પોતાના ધણીનું રાજ્ય હરણ કરવાની અભિલાષા થઇ? આ તેનો કેટલો મોટો અન્યાય! એમાં ચંદ્રશેખરનો શું દોષ? નાયક વિનાનું રાજ્ય લેવાની બુદ્ધિ કોને ન થાય? કોઇ રક્ષક ન હોય તો ખેતરને સૂઅર જેવા ક્ષુદ્ર પ્રાણીઓ પણ ખાઇ જતા નથી કે શું? અથવા પરવશ થઇ રાજ્યની આવી અવસ્થા કરનારા મનેજ ધિક્કાર થાઓ. કોઇપણ કાર્યમાં વિવેક ન કરવો, તે સર્વ આપદાની વૃદ્ધિ કરનારૂં છે. વિવેક વિના કાંઇ કરવું, થાપણ મુકવી. કોઇ ઉપર વિશ્વાસ રાખવો, દેવું લેવું, બોલવું, છોડી દેવું, ખાવું એ સર્વ માણસને ઘણું કરીને પાછળથી પસ્તાવો આપે છે. કહ્યું છે કે—જેની અંદર સારા ગુણો રહ્યા છે, એવું અથવા ગુણ રહિત કાર્ય કરવું હોય તો તે કરતાં પહેલાં પંડીત પુરૂષે યત્નથી તેનું પરિણામ વિચારવું જોઇએ. જેમ હૃદયાદિ મર્મસ્થળમાં પેઠેલું શલ્ય મરણ સુધી હૃદયનો દાહ કરનારી પીડા આપે છે, તેમ વિવેક વિના સહસાત્કારથી કરેલાં કાર્યો પણ મરણ સુધી પીડા કરે છે."

રાજ્યની અભિલાષા મૂકી હોય એમ મનમાં પસ્તાવો કરતો અને આ શું થયું!' એમ આશ્ચર્ય પામતા મૃગધ્વજ રાજાને પોપટે કહ્યું કે, "હે રાજન્! હવે નાહક પસ્તાવો ન કર. મ્હારા વચન પ્રમાણે કરયું હોય તો અશુભ ક્યાંથી થાય? જાણીતા વૈદ્યના કહેવા પ્રમાણે દવા કરે

તો શું દૈવ કોઇ કાળે પણ મટયા વિના રહે ? હે રાજન્ તું એમ ન જાણીશ કે, મ્હારૂં રાજ્ય ફોગટ જતું રહ્યું. તું હજી ઘણા કાળ સુધી સુખે સમગ્ર રાજ્યને ભોગવીશ. ”

નિમિત્તિયા જેવા પોપટનાં એવાં વચનથી મૃગધ્વજ રાજા પોતાનું રાજ્ય પાછું મળવાની આશા રાખે છે, એટલી વારમાં રાજાએ વનની અંદર સળગેલા અગ્નિની પેઠે ચારે તરફથી પ્રસરતી ચતુરંગિણી સેના સહસ્ત્રબદ્ધ થઇને સામી આવતી જોઈ અને ભયથી મનમાં વિચાર્યું કે, “ જેણે મને આટલી વાર દીનતા ઉત્પન્ન કરી, તેજ આ શત્રુની સેનાઅહિં આવેલા મને જાણીને ખરેખર મ્હારો વધ કરવામાટે દોડતી આવે છે. હવે હુ એકલો આ સ્ત્રીનો બચાવ શી રીતે કરૂં ? અને એમની જોડે કેવીરીતે લ ડું ? ” મનમાં એવો વિચાર આવવાથી હવે શું કરવું તે મૃગધ્વજ રાજાને સૂજ્યું નહીં. એટલામાં “ હે સ્વામિન્ ? જીવતા રહો, જયવંતા વર્તો, આપના સેવકોને આદેશ આપો. મહારાજ, હાથમાંથી ગયેલું નિધાન જેમ પાછું મળે છે. તેમ આજે આપ સાહેબનાં દર્શન થયાં બાળક જેવા આ સેવકો તરફ પ્રેમદૃષ્ટિથી જુઓ. ” ઇત્યાદિ વચન બોલનારી પોતાની સેના જોઇને મૃગધ્વજ રાજા ઘણું આશ્ચર્ય પામ્યો. પછી રાજાએ મનમાં હર્ષ પામીને સૈનિક લોકોને પૂછ્યું કે, “તમે અહીં શી રીતે આવ્યા ?” સૈનિકોએ કહ્યું કે, “ હે રાજન્ ! અહિં પધારેલા આપના ચરણોને અમે જોઇએ છીએ, પણ આ વાત જાણતા નથી કે, અમને જલદીયા કોણ અને શી રીતે અહિં લઇ આવ્યો ? મહારાજ ! આપણા સારા ભાગ્યથી આ કોઈ દેવતાનો પ્રભાવ થયો જણાય છે. ” જગતને આશ્ચર્ય પમાડનારા એવા આ બનાવથી મૃગધ્વજ રાજા ઘણો ચમત્કાર પામ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, “જો આ પોપટનીજ વાણી સાચી હોય તો, એનો મ્હારે ઘણો આદર સન્માન કરવો જોઇએ. કેમ કે, એણે મ્હારા ઉપર ઘણા મોટા ઉપકાર કર્યા છે. વળી કહ્યું છે કે—કોઇ પુરૂષ આપણા ઉપર ઉપકાર કરનારનું ઇષ્ટ કાર્ય કરીને ગમે એટલો બદલો વાળે તો પણ તે પુરૂષ પ્રથમ ઉપકાર કરનારની બરાબરી કરી શકતો નથી. કારણ કે, તે પુરૂષ પ્રથમ ઉપકાર કરનારે કરેલો ઉપકાર ધ્યાનમાં લઇ તેનું અનુકરણ કરે છે અને પ્રથમ

ઉપકાર કરનાર તો કોઇ પણ બદલાની આશા રાખ્યા શિવાય ઉપકાર કરે છે " એમ વિચારી રાજા પ્રીતિપૂર્વક પોપટ તરફ જુએ છે, એટલી વારમાં પ્રાતઃકાળે સૂર્યના પ્રકાશથી અદૃશ્ય થએલો વધનો તારો જેમ ક્યાંહિ પણ દેખાતો નથી, તેમ તે પોપટ પણ અદૃશ્ય થયો ! પછી રાજાએ વિચાર્યું કે, " હું ઉપકારનો બદલો કાંઈ પણ આપીશ, એવા ભયથી એ સારો જીવ (પોપટ) ઉપકાર કરતાંજ ક્યાંહિ પણ દૂર જતો રહ્યો. એમાં સંશય નથી. કહ્યું છે કે—બુદ્ધિશાળી સત્પુરૂષોના મનની એ કોઇ અલૌકિક અને ઘણીજ કઠોરતા છે કે, તેનો ઉપકાર કરીને તુરતજ પ્રત્યુપકારના ભયથી ખસી જાય છે. એવો જ્ઞાનનિધિ જીવ નિરંતર પાસે હોય તો દુઃખાદી સ-મય તત્કાળ જાણવામાં આવે ? ગમે તે વિઘ્ન આવે તો પણ તે તત્કાળ દૂર કરી શકાય. અથવા એવો ઉત્તમ મદદગારી જીવ કોઇ સ્થળે પ્રાયે મળે નહીં અને વખતે મળે તો દારિદ્રીના હાથમાં આવેલા દ્રવ્યની પેઠે લાંબો વખત ટકે નહીં, વળી આ પોપટ તે કોણ ? એ આટલો જાણ શી રીતે થયો ? મ્હારા ઉપર એટલો દયાળ કેમ ? ક્યાંથી આવ્યો ? અને આ વૃક્ષ ઉપરથી ક્યાં જતો રહ્યો ? આ સર્વ વાત શી રીતે બની હશે ? તેમજ મ્હારી સેના પણ અહિં શી રીતે આવી ? ઇત્યાદિક મને ઘણો સંશય થાય છે. ગુફાની અંદર રહેલા અંધકારને જેમ દીપક વિના કોઇ પણ દૂર કરી શકતો નથી, તેમ તે પોપટ વિના આ સંશયને કોણ દૂર કરે ? "

મૃગધ્વજ રાજા એવા વિચારથી વ્યગ્ર થયો, એટલામાં તેના મુખ્ય સેવકોએ થએલી બાબતમાં પ્રશ્ન કર્યું, ત્યારે રાજાએ તુરત મૂળથી માંડીને પોપટનો સર્વ વૃત્તાંત પ્રકટપણે કહ્યો. તે સાંભળી સર્વે સેવકો આશ્ચર્ય તેમજ આનંદ પામ્યા. અને તેમણે કહ્યું કે, "હે મહારાજ ? થોડા કાળમાંજ તે પોપટનો અને આપનો કોઇ પણ ઠેકાણે સમાગમ થશે. કેમ કે, જે પુરૂષ જેનું હિત કરવા ઇચ્છે છે, તે તેની અપેક્ષા રાખ્યા વિના રહેતો નથી. જેમ સૂકાયેલું પાન સહજમાં ભગાય છે, તેમ આપણા મનમાં રહેલો સર્વ સંશય પણ જ્ઞાની મુનિરાજને પૂછવાથી તુરત ભાગી જાય તેમ છે. કારણ કે. જ્ઞાની પુરૂષોથી નહીં જાણી શકાય એવું શું છે ! માટે હે

મહારાજ! આપ એ ચિંતા મૂકી દઈ આપણા નગરમાં પધારો. જેમ મેઘના દર્શનથી ઢોર હર્ષ પામે છે, તેમ આપના દર્શનથી નગરવાસી લોકોને આનંદ થાઓ."

સેવકોનું આ કહેવું મૃગધ્વજ રાજાને ઠીક લાગ્યું. ઠીકજ છે અવસર જોઇ કરેલું કાર્ય અને કહેલું વચન કોને સમ્મત ન થાય? પછી મૃગધ્વજ રાજા પરિવાર સહિત મંગળ વાદિંત્રોના મધુર ધ્વનીથી દિશાઓને ક્ષણમાત્ર શબ્દવાલી કરતો છતો પોતાના નગર તરફ ચાલ્યો. જેમ બીલાડીથી દૂર રહેલો ઉંદર સામા આવતા તક્ષક નાગને જોઇને નાશી જાય છે, તેમ પરિવાર સહિત ઘણા આડંબરથી આવતા મૃગધ્વજ રાજાને જોઇને ચંદ્રશેખર રાજા નાશી ગયો અને ઔત્પાતિક બુદ્ધિનો ઘણી હોવાથી તેજ અવસરે સૂઝેલી યુક્તિને અનુસરી તેણે મૃગધ્વજ રાજા તરફ તુરત પોતાના એક સુભટને સાથે ભેટણું આપી મોકલ્યો. તે સુભટે મૃગધ્વજ રાજા પાસે આવી ઘણા વિનયથી કહ્યું કે, "હે મહારાજ અમારો સ્વામી આપના ચરણકમળની પાસે આપ સાહેબનું ચિત્ત પ્રસન્ન કરવા સારૂ વિનંતિ કરે છે કે, "કોઈ દુષ્ટ લોકોએ છળ કરવાથી આપ જાણે રાજ્ય મૂકીનેજ ક્યાંય જતા રહ્યા, એમ જાણી હું આપના નગરમાં સ્વાસ્થ્ય રાખી તેની રક્ષા કરવાને અર્થે આવ્યો હતો, પરંતુ તમારા સુભટોને આ વાતનું જ્ઞાન નહીં હોવાથી તે સર્વે બખતરો પહેરી, હથિયારો ઉપાડી જેમ શત્રુની સાથે લડે, તેમ મ્હારી સાથે લડવા લાગ્યા, ત્યારે મેં શસ્ત્રોના સર્વ પ્રહાર સહન કર્યા અને તમારા નગરનું મારાથી બન્યુ તેટલુ શત્રુઓથી રક્ષણ કર્યું. સ્વામીનું કાંઇ કાર્ય ઉત્પન્ન થાય, ત્યારે એક દિલથી કામ ન કરે, તે કાંઈ સેવક કહેવાય? ના. માટે તેવોજ કોઈ પ્રસંગ આવે તો પુત્ર પિતાને અર્થે, શિષ્ય ગુરૂને અર્થે, સેવક સ્વામીને અર્થે અને સ્ત્રી ભર્તારને અર્થે પોતાના પ્રાણને તરખલા માફક ગણે છે, તે યોગ્યજ છે."

ચંદ્રશેખરના સુભટનું એવું વચન સાંભળીને મૃગધ્વજ રાજાના મનમાં એ વચનની સત્યતા વિષે કાંઇક સંશય તો પડયો, પણ 'કેટલેક ભાગે આ વચન સત્ય હશે,' એમ તેણે સરળ સ્વભાવથી માન્યું. પછી તુરત મળવા માટે સામા આવેલા ચંદ્રશેખર રાજાને મૃગધ્વજ રાજાએ

સન્માન આપ્યું આ મૃગધ્વજ રાજાની કેટલી દક્ષતા, સરળતા અને ગંભીરપણું ? પછી લક્ષ્મી સરખી કમળમાળાથી વિષ્ણુની પેઠે શોભતા મૃગધ્વજ રાજાએ ઘણા આનંદથી નગરમાં પ્રવેશ કર્યો અને જેમ શંકરે ચંદ્રની કલા મસ્તકે ચઢાવી, તેમ પોતાની સુંદર પ્રિય પત્ની કમળમાળાને રાજાએ પટ્ટરાણીના પદે સ્થાપી. તે ઉચિતજ કર્યું. "જેમ યુદ્ધમાં જય મેળવનાર મુખ્ય રાજા છે અને પાયદળ વગેરે સેના તેને માત્ર મદદજ કરે છે, તેમ પુત્રાદિક ઇષ્ટ વસ્તુ આપનાર મુખ્ય ધર્મજ છે અને મંત્ર વગેરે તો તેને સહાય્ય માત્ર કરે છે." એમ વિચારી મૃગધ્વજ રાજાએ પુત્ર પ્રાપ્તિને અર્થે એક દિવસે મન સ્થિર રાખી ગાંગલિ ઋષિએ આપેલા મંત્રનો યથાવિધિ જપ કર્યો. તેથી સર્વે રાણીઓને એકેક પુત્ર થયો. ઠીકજ છે. સર્વે કારણોનો યોગ બરોબર મળી આવે તો કાર્યની સીદ્ધી થાયજ. મૃગધ્વજ રાજા સરળ સ્વભાવથી ચંદ્રવતી રાણીને બહુ માન આપતો હતો; તો પણ પૂર્વે ભર્થારની સાથે વૈર બાંધ્યું, તે પાતકથીજ અગર બીજા કારણથી તેને પુત્ર થયો નહીં. એક દિવસે કમળમાળા રાણી રાત્રીના સમયે સુખે સૂતી હતી, તે વખતે દિવ્ય પ્રભાવથી તેણે સ્વપ્ન જોયું અને રાજાને એવી રીતે કહ્યું કે, "હે પ્રાણનાથ ! આજે થોડી રાત્રી બાકી રહી, ત્યારે કાંઇક ઉંઘતાં, કાંઇક જાગતાં એવી અવસ્થામાં મેં સ્વપ્નમાં તે તાપસના આશ્રમના ચૈત્યને વિષે નિવાસ કરનારા શ્રી ઋષભદેવ ભગવાનને વંદના કરી. તેજ વખત પ્રસન્ન થએલા શ્રી ઋષભદેવ ભગવાને મને કહ્યું કે, "હે ભદ્રે ! આ પોપટ તું લે અને બીજી કોઇ વખતે તને હું એક હંસ આપીશ" એમ કહી ભગવાને જાણે એક દિવ્ય વસ્તુજ આપી હોયની ! એવો સર્વ અવયવોથી સુંદર પોપટ મને આપ્યો. તે પ્રભુના પ્રસાદથી જાણે ચારે તરફથી ઐશ્વર્યની પ્રાપ્તિજ થઇ હોયની ! એવો મને પરમ આનંદ ઉપજ્યો, અને તેજ સમયે હું જાગી ઉઠી. માટે હે પ્રાણનાથ ! ઓચિંતા મળેલા આ સ્વપ્ન રૂપ વૃક્ષનાં આપણને કેવાં ફળ મળશે ? તે આપ કહો."

પરમાનંદ રૂપ કંદને નવપલ્લવ કરવાને જાણે વરસતો મેઘજ હોયની ! એવું કમળમાળાનું વચન સાંળળીને સ્વપ્નમાં ફળ જાણનારા રાજાએ

કહ્યું કે, "જેમ દેવતાનાં દર્શન દુર્લભ છે, તેમ આવાં સ્વપ્નોનાં દર્શન પણ દુર્લભ છે મ્હોટાં ભાગ્ય હોય તોજ એવાં સ્વપ્નો દેખાય છે અને તેનાં પૂરાં ફળ પણ મળે છે. હે પ્રિયે ! જેમ પૂર્વ દિશાના ચંદ્રમા અને સૂર્ય એ બે દિવ્ય પુત્ર થાય છે, તેમ આ દિવ્ય સ્વપ્ન થકી તેને દિવ્ય સ્વરૂપને ધારણ કરનારા બે પુત્રો અનુક્રમે થશે. જેમ પોપટ અને હંસ, પક્ષીના કુળમાં સર્વ પ્રકારે શ્રેષ્ઠ ગણાય છે, તેમ હે સુંદરી! તહારા બે પુત્રો પણ આપણા રાજ્યમાં કુળ દીપક થશે. પ્રિયે, જે માટે ભગવાને પોતાને હાથે તને પ્રસાદ તરીકે બે પુત્રો આપ્યા. તે માટે તે પુત્રો અંતે મુક્ત થઇ ભગવાન્ જેવાજ થશે, એમાં જરા પણ સંશય નથી."

એ સાંભળી ખુશી થએલી કમળમાલાએ જેમ પૃથ્વી અમૂલ્ય રત્નને અથવા આકાશ સૂર્યને ધારણ કરે છે, તેમ ગર્ભ ધારણ કર્યો. જેમ મેરૂપર્વતની ભૂમિમાં દિવ્ય રસોથી કલ્પવૃક્ષનો કંદ પુષ્ટ થાય છે, તેમ ધર્મને અનુસરતા રમણીય દોહદો મૃગધ્વજ રાજાએ પૂર્ણ કરવાથી કમળમાલાનો ગર્ભ વૃદ્ધિ પામ્યો. એક વખત શુભ દિવસ, શુભ લગ્ન અને લગ્નનો અંશ પણ શુભ એવા સમય ઉપર કમળમાલા રાણીએ, જેમ પૂર્વદિશા પૂર્ણ ચંદ્રમાને પ્રસવે છે. તેમ સુપુત્ર પ્રસવ્યો. પટ્ટરાણીનો પુત્ર હોવાથી રાજાએ તેનો જન્મ મહોત્સવ બીજા સર્વ પુત્રો કરતાં અધીક કર્યો; અને તે રજવાડી રીવાજ છે. પછી ત્રીજે દિવસે મૃગધ્વજ રાજાએ પોતાના પુત્રને ઉત્સવસહિત સૂર્યનું અને ચંદ્રમાનું દર્શન કરાવ્યું. છઠે દિવસે રાજાએ ઉત્સવની ઘણી દેદીપ્યમાન શોભાથી પોતાની યોગ્યતાને શોભે એવું ઘણું દ્રવ્ય ખરચીને રાત્રિજાગરણ કર્યું. પછી રાજાએ સારો દિવસ જોઇને ઘણા ઉત્સાહ અને ઉત્સવથી સ્વપ્નને અનુસરતું તે પુત્રનું **શુકરાજ** એવું નામ પાડ્યું. જેમ પાંચ સમિતિએ રક્ષણ કરેલો સંયમ વૃદ્ધિ પામે છે, તેમ ઘણી પ્રીતિ કરનારી પાંચ ધાવમાતાઓથી પાલન કરાતો તે શુકરાજ અનુક્રમે મોટો થયો. માતા પિતાને અતી આનંદ ઉત્પન્ન કરનારૂં અન્નપ્રાશન (ચાટણ), જાણે સાક્ષાત્ લક્ષ્મીની દૃષ્ટિની લહરીજ હોય નહી ! એવું પાખોડીએ ચાલવું, મનમાં હર્ષ ઉપજાવનારૂં ચાલવું, જાણે લક્ષ્મીનું સુખે સુઇ રહેવાનું બિછાનુંજ હોયની ! એવું શોભતું કાલુકાલુ બો-

લવું, ચિત્તને ઘણોજ સંતોષ કરનાર કપડાં પહેરાવવાં, જાણે મૂર્તિમાન્ પ્રેમ-ગ્રંથિજ હોયની! એવી વરસગાંઠ ઇત્યાદિક તે પુત્રનાં સર્વે કૃત્યો મૃગધ્વજ રાજાએ મ્હોટા ઉત્સવથી અનુક્રમે કર્યાં. મ્હોટા પુરૂષોની એવીજ પદ્ધતિ હોય છે. ન્યાયમાર્ગે ચાલનારો શુકરાજ અનુક્રમે મ્હોટો થતાં પાંચ વર્ષનો થયો, ત્યારે એટલી નાની અવસ્થામાં પણ જેમ આંબાનું વૃક્ષ પાંચ વર્ષનું થતાંજ મધુર ફળ આપે છે, તેમ તે જે જે કાંઇ કરતો હતો, તેમાંથી સારૂંજ ફળ નિપજતું હતું. પરિપૂર્ણ એવા સર્વે સદ્‌ગુણોએ પોતાના રૂપે કરી જયંત નામા ઇંદ્રના પુત્ર નીરૂપ સંપદાને જીતનારા શુકરાજનો માંહો માંહે સ્પર્ધા રાખીને આશ્રય કર્યો. બોલવાની ચતુરતા, મધુરતા, પટુતા અને અંદર રહેલા અર્થની ખુબી એવા ગુણોએ કરી તે બાળકે (શુકરાજે) મ્હોટા પંડિતની પેઠે સજ્જનોનું મન રીઝાવ્યું.

એક વખત વસંત ઋતુમાં સુગંધી પુષ્પોથી સર્વ ઉદ્યાન સુગંધમય થઈ ગયું હતું, તે વખતે મૃગધ્વજ રાજા રાણીના અને પુત્રના પરિવાર સાથે ત્યાં ગયો. જે આંબાના ઝાડ ઉપર પોપટનો સંવાદ થયો હતો, તેજ વૃક્ષના સુંદર તળને વિષે રાજા બેઠો અને પૂર્વે થએલી સર્વ વાત સંભાળીને રાણી પ્રત્યે બોલ્યો. "જે વૃક્ષ ઉપર પોપટે કહેલું તહારૂં નામ સાંભળીને હું મ્હોટા વેગથી તે આશ્રમ તરફ દોડતો ગયો, અને ત્યાં તને પરણીને મેં મ્હારો આત્મા કૃતાર્થ કર્યો, તેજ આ સુંદર આંબાનું ઝાડ છે." આ સર્વ વાત પિતાના ખોળામાં બેઠેલા શુકરાજે સાંભળી.

તે વાત સાંભળતાં વેંતજ શુકરાજ જબરી મૂર્ચ્છા ખાઇને, જેમ શસ્ત્રથી છેદેલી કલ્પવૃક્ષની ડાળી ભૂમી ઉપર તૂટી પડે છે, તેમ તે તુરત પડી ગયો. આણી તરફ માતા પિતાનો હર્ષ જે છેક ઉંચે ચઢી ગયો હતો, તે પણ તેજ વખતે તદ્દન જતો રહ્યો. ઘણા આતુર થએલાં માતા પિતાએ એવો કોલાહલ કર્યો કે, જેથી સર્વે લોકો ત્યાં એકઠા થઇ ગયા! "હાય હાય! આ શું થયું!!" એમ કહી સર્વે લોકો બહુ આકુળ વ્યાકુળ થયા. કહ્યું છે કેઃ—મ્હોટા પુરૂષો સુખી હોય તો સર્વે સુખી અને તે દુઃખી હોય તો સર્વે દુઃખી. પછી ચંદનનાં શીતળ જળ છાંટવાથી, કેળના પત્રનો પવન નાંખવાથી તથા બીજા પણ ઘણા શીતળ ઉપચાર કરવાથી ઘણી

વાર થયા પછી તે કુંવર (શુકરાજ) ચેતન થયો. તેની આંખોની પાંપણો કમળપત્રની પેઠે ઉઘડી ગઈ. ચેતના રૂપ સૂર્યનો ઉદય થયો, તો પણ તેનું મુખકમળ પ્રફુલ્લિત થયું નહીં. તે બે આંખોથી ચારે તરફ વિચાર પૂર્વક જોવા લાગ્યો, પરંતુ ઉચ્ચસ્વરે ઘણું બોલાવતાં છતાં પણ કાંઇ બોલ્યો નહીં. છદ્મસ્થ તીર્થંકરની પેઠે તે કુમાર મૌન ધરી બેઠો, ત્યારે માતા પિતાએ વિચાર કર્યો કે, "દૈવયોગથી એ આમ તેમ જોયા કરે છે, એમાં કાંઈ પણ છળ–કપટ હોવું જોઇએ; પણ ઘણી દુઃખની વાત છે કે, અમારા દુર્ભાગ્યથી એની બુદ્ધિ ઉઘડતી નથી."

એમ વિચારી ગાભરાં બની ગયેલાં માતા પિતા કુમારને ઘેર લઈ ગયાં. પછી મૃગધ્વજ રાજાએ શુકરાજ કુમારની વાણી પ્રકટ કરવા માટે નાના-પ્રકારના ઉપાય કર્યા; પણ દુર્જન ઉપર કરેલા ઉપકારની પેઠે તે સર્વે નિષ્ફળ થઇ ગયા! આમ કુમાર મૌન અવસ્થામાં છતાં છ માસ જતા રહ્યા; પરંતુ કોઇ પણ તે મૌનનું ખરું નિદાન કહી શકયો નહીં. ઘણી દિલગિરીની વાત છે કે, વિધાતા પોતાના સર્જેલા પ્રત્યેક રત્નમાં કાંઇ પણ દોષ રાખે છે. જેમ ચંદ્રમામાં કલંક, સૂર્યમાં તીક્ષ્ણતા, આકાશમાં શૂન્યતા, કૌસ્તુભ મણિમાં પત્થરપણું, કલ્પવૃક્ષમાં કાષ્ઠપણું, પૃથ્વીમાં રજઃકણ, સમુદ્રમાં ખારાપણું, સર્વ જગતને ઠંડક આપનાર એવા મેઘમાં કૃષ્ણમુખપણું, જળમાં નીચગતિ, સુવર્ણમય મેરૂપર્વતમાં કઠણપણું, કપૂરમાં અસ્થિરપણું, કસ્તૂરીમાં કાળાશ, સજ્જનોમાં નિર્ધનતા, શ્રીમાનોમાં મૂર્ખતા અને રાજાઓમાં લોભીપણું રાખ્યું છે, તેમ સર્વથા નિર્દોષ એવા એ કુમારમાં મૂગાપણું છે એવી રીતે ઉચ્ચસ્વરથી સમસ્ત લોકોએ ઘણોજ શોક કર્યો. મોટા લોકોનું કાંઈ માઠું થાય તો કોના હૃદયમાં ખેદ ન ઉપજે ?

પછી, જેની અંદર લોકો ઉજાગરા કરી ક્રીડારસનો સ્વાદ લે છે, તે લોકોના નેત્રોને આલ્હાદ ઉત્પન્ન કરનાર એવો કૌમુદી મહોત્સવ આવ્યો. ત્યારે પાછો મૃગધ્વજ રાજા કમળમાલાને તથા શુકરાજાને સાથે લઈ ઉદ્યાનમાં ગયો, અને તે આમ્રવૃક્ષને જોઇ દીલગીર થઇ કમળમાલાને કહેવા લાગ્યો કે, " દેવિ ! ઝેર જેવા આ આમ્રવૃક્ષને દુરથીજ તજવું જોઇએ કેમકે, એની નીચે આપણા પુત્ર રત્નની એવી ખરાબ અવસ્થા થઈ !'

એમ કહીને આગળ જાય છે, એટલામાં તેજ વૃક્ષની નીચે હર્ષ ઉપજાવનારો દુંદુભીનો દિવ્યધ્વનિ થયો. ત્યારે રાજાના પૂછવાથી કોઇએ કહ્યું કે, "શ્રીદત્ત મુનિમહારાજને હમણાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેનો દેવતાઓ મહોત્સવ કરે છે." "ત્યાં જઇને કેવળી ભગવાને પુત્રના સ્વરૂપ વિષે પુછ્યું" એમ વિચારી ઘણી ઉત્સુકતાથી પરિવાર સહિત મૃગધ્વજ રાજા ત્યાં ગયો. અને મુનિરાજને વંદના કરી પુત્રની સાથે પર્ષાદમાં બેઠો. પછી કેવળી મહારાજે કલેશનો નાશ કરનારી અમૃત સમાન દેશના દીધી. અવસર જોઇ રાજાએ પૂછ્યું કે, "હે મહારાજ! એ મ્હારા પુત્રની વાણી થંભાણી, તેનું શું કારણ છે?" કેવળી મહારાજે કહ્યું કે, "એ બાળક બોલશે." તે સાંભળી ખુશી થયેલા રાજાએ કહ્યું કે, "તો એ ફરી ફરી અમારી તરફ કેમ જોઈ રહે છે?" કેવળી મહારાજે કહ્યું કે, "હે શુકરાજ! તું અમને યથાવિધિ વંદના કર." તે સાંભળી શુકરાજે ઉચ્ચસ્વરથી વદનાસૂત્ર* બોલી કેવળી મહારાજને વંદના કરી. તે જોઈ પર્ષદા; માં બેઠેલા સર્વ લોકો અજબ થયા અને કહેવા લાગ્યા કે "કેવી આશ્ચર્યની વાત છે! આ મુનિ મહારાજનો મહિમા તે કેવો! કે આ બાળક કોઇપણ મત્ર કે તંત્ર વગર જોતાં જોતાં સ્પષ્ટ બોલનારો થઈ ગયો? પછી રાજાએ એ વાતનો ખુલાસો પૂછ્યો ત્યારે કેવળી મહારાજે કહ્યું કે, "હે ચતુર! આ વાત બનવાનું કારણ પૂર્વભવે થયું, તે સાંભળ.

પૂર્વકાળમાં મલય દેશની અંદર ભદ્દિલપુર નામનું એક નગર હતું. ત્યાં યાચક જનોને અલંકાર વગેરે આપનારો, તથા પોતાના દુશ્મનોને બંદીખાને મોકલનારો; ચાતુર્ય ઔદાર્ય, શૌર્ય વગેરે ગુણોનું વસતિ સ્થાન અને જેનું ચરિત્ર આશ્ચર્યકારી છે એવો જિતારિ નામા રાજા રાજ્ય કરતો હતો. એક વખત તે સભામાં બેઠો છે, એવામાં દ્વારપાળે આવીને વિનતિ કરી કે, "હે દેવ! આપના દર્શનની ઇચ્છાથી આવેલો વિજયદેવ રાજાનો દૂત, જે શુદ્ધ મનનો દેખાય છે તે દ્વાર આગળ ઉભો છે.

રાજાએ "અંદર આવવા દે." એમ કહ્યું. ત્યારે દ્વારપાળ તેને લઈને અંદર આવ્યો. પોતાના કર્તવ્યનો જાણ અને સત્યવક્તા એવો દૂત

---

* ઇચ્છામી ખમાસમણોનો પાઠ.

રાજાને પ્રણામ કરી પોતાનું કામ કહેવા લાગ્યો. તે આ રીતેઃ—

" હે મહારાજ ! સાક્ષાત્ દેવપુર–(સ્વર્ગ)–જ હોયની ! એવું દેવપુર નામા નગર છે ત્યાં વાસુદેવ જેવો પરાક્રમી વિજયદેવ નામે રાજા છે. તેની પ્રીતિમતી નામે પટ્ટરાણી મહાસતી છે, સારી રાજનીતિ જેમ સામ, દામ, ભેદ અને દંભ આ ચાર ઉપાયોને પ્રસવે છે, તેમ તે રાણીએ સારા ચાર પુત્રોને જન્મ આપ્યો. પછી તે રાણીને ચાર પુત્ર ઉપર, જેમ હંસણીની બન્ને પાંખો સરૂદ્દ હોય છે, તેમ જેનો મોસાળનો પક્ષ અને પિતાનો પક્ષ શુદ્ધ છે એવી એક સુલક્ષણ અને સુંદર હંસી નામે પુત્રી થઇ જે વસ્તુ થોડી હોય, તે ઉપર વધારે પ્રીતિ રહે છે. એવી લૌકિક રીતિ પ્રમાણે માતા પિતાની ચારે પુત્રો કરતાં તે પુત્રી ઉપર વધારે પ્રીતિ હતી. એવી તે પુત્રી વખત જતા મે ટી થતી આઠ વર્ષની થઇ. એટલામાં જેમ સારસ પક્ષીની સ્ત્રી સરોવરના સુંદર જળમાં પુત્રીને પ્રસવે, તેમ અમારા મહારાજની બીજી સ્ત્રીએ પણ એક બહુજ રૂપવાન સારસી નામની પુત્રીને જન્મ આપ્યો. મને એમ લાગે છે કે, પૃથ્વીનો અને સ્વર્ગનો સાર લઇને વિધાતાએ તે બે પુત્રીઓ ઉત્પન્ન કરી છે. કેમકે, તે બન્નેની સરખામણી માંહો માંહેજ થાય છે. સર્વ જગતમાં એવી કોઈ કુમારીકા નથી કે, જે એમની બરોબરી કરી શકે તે બન્નેની પરસ્પર પ્રીતિ ઘાડી થઇ. તેથી તેઓ એમ માનવા લાગી કે, ' આપણા બન્નેનાં શરીર જૂદાં છે, તે કરતાં એક હોત તો ઠીક, પણ તેમ નથી તેથી તે વાત ઘણી બેદકારક છે. ' જાણે કામદેવરૂપ હસ્તી ને ક્રીડા કરવાનું મનજ હોયની એવી તરૂણ અવસ્થા પ્રાપ્ત થઈ તો પણ પોતાની બહેનનો વિયોગ થાય એ ભયથી હંસીએ પોતાનો વિવાહ પ્રથમ કરવાની વાત માંડી વાળી. વખત જતાં સારસી પણ યૌવન દશામાં આવી, ત્યારે બન્ને બહેનોએ " આપણે બન્ને એકજ પતિને વરશું " એવો પ્રીતિથી નિશ્ચય કર્યો. પછી અમારા મહારાજે તે બે પુત્રીઓને મનોહર વરની પ્રાપ્તિને અર્થે સ્વયંવર મંડપની પોતેજ યથાવિધિ રચના કરી. તેમાં બેઠકોની રચના એવી કરી છે કે, તેની શોભા કોઈથી પણ કહી શકાય નહીં. ત્યાં ધાસના અને ધાન્યના તો એટલા મોટા ઢગલા કરેલા છે કે, તેની આગળ પર્વતની મોટાઇ પણ ગણિતમાં નથી ! પછી અમારા મહારાજે અંગ, વંગ, કલિંગ,

આંધ્ર, જાલંધર, મરૂસ્થળ, લાટ, ભોટ, મહાભોટ, મેદપાટ, વિરાટ, ગૌડ, ચૌડ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કુરૂજંગલ, ગૂર્જર, આભીર, કીક, કાશ્મીર, ગોલ્લ, પંચાલ, માલવ, હૂણ, ચીન, મહાચી, કચ્છ, કર્ણાટક, કોંકણ, સપાદલક્ષ, નેપાલ, કાન્યકુબ્જ, કુંતલ, બગધ, નિષધ, સિંધુ, વિદર્ભ, દ્રવિડ, ઉડ્ર વગેરે દેશોના અનેક રાજાઓને સ્વયંવરમાં પધારવા માટે વિનતિપત્ર મોકલ્યા છે. હે મલયદેશાધિપતિ મહારાજ ! ત્યાં પધારવા વિનતિ કરવા માટે મને મ્હારા સ્વામીએ આપ સમીપ મોકલ્યો છે, માટે આપ ત્યાં પધારીને સ્વયંવરને શોભા આપશો.”

દૂતનું એવું વચન સાંભળી જિતારિ રાજાના મનમાં કન્યાનો અભિલાષ હોવાથી ઘડીકમાં જવાનો વિચાર થાય અને ‘એ આપણનેજ વરશે એની શું ખાત્રી ?’ એવા સંશયથી પાછો વિચાર ફરી જાય, એમ હોવાથી તેનું મન ચકડોળે ચઢયું. છેવટ ‘પાંચની સાથે આપણે પણ જવું જોઈએ.’ એમ વિચારી જિતારિ રાજા સ્વયંવરમાં જવા નીકળ્યો. માર્ગમાં શકુન સારા થયા, તેથી તે ઉત્સાહભેર ત્યાં ગયો, તેમજ બીજા પણ ઘણા રાજાઓ ત્યાં આવ્યા હતા.

વિજયદેવ રાજાએ બધા પધારેલા રાજાઓનો ઘણો સારો આદરસત્કાર કર્યો. પછી દેવતાઓ જેમ વિમાનમાં વિરાજે છે, તેમ તેઓ ઊંચા સિંહાસન ઉપર વિરાજ્યા. એટલામાં જાણે સાક્ષાત્ સરસ્વતી અને લક્ષ્મી જ હોયની ! એવી તે બન્ને કુમારીકાઓ ન્હાઇ ધોઇ, તિલક કરી, શુદ્ધ વસ્ત્રો અને આભૂષણો પહેરી પાલખીમાં બેસીને તે મંડપમાં આવી જેમ ગ્રાહકો કોઇ નહી મળતી બીજ વેચાથી લેવી હોય, ત્યારે આગળ થઇ થઇને હરિફાઇથી તે વસ્તુનું ઘણું મૂલ્ય આપે છે, તેમ મંડપની અંદર બેઠેલા સર્વે રાજાઓએ તે બે કન્યાઓ મળવાની ઇચ્છાથી ‘હું પહેલો આપીશ, હું પહેલો આપીશ’ એમ ધારી પોતાની દૃષ્ટિ અને મન એજ સર્વોત્કૃષ્ટ મૂલ્ય કન્યાઓને આપ્યું. અર્થાત્ સર્વે રાજાઓએ પોતાની દૃષ્ટિ અને મન કન્યા તરફ ફેંકયું. પછી કન્યાઓએ વશ કરેલા સર્વ રાજાઓએ પોતાની મનની અંદર રહેલી અભિલાષા પ્રકટ જણાવવાને માટેજ હોયની ! તેમ નાનાવિધ ચેષ્ટાઓ કરી. તે ઉપરાંત સખીએ કન્યાઓની આગળ રાજાઓની નીચે

પ્રમાણે પ્રશંસા કરી :—

"સર્વે રાજાઓનો રાજા એવો આ રાજગૃહ નગરનો રાજા છે. શત્રુઓનું સુખ ઉખેડી નાંખવામાં કુશળ એવો આ કૌશલદેશનો રાજા છે. સ્વયંવરની શોભાથી દેદીપ્યમાન એવો આ ગૂર્જરાધિપતિનો પુત્ર છે. જયંત નામા ઇંદ્રપુત્રની ઋદ્ધિને પણ જીતે એવી ઋદ્ધિથી શોભતો એવો આ સિંધુદેશાધિપતિનો પુત્ર છે. શૌર્યલક્ષ્મીનું અને ઔદાર્યલક્ષ્મીનું જાણે ક્રીડા કરવાનું સ્થાનકજ હોયની! એવો આ અંગદેશનો રાજા છે. રમણીય એવી ઋદ્ધિએ પોતાની મેળે આવીને તેને આલિંગન દીધું છે એવો આ ઘણોજ સૌમ્ય કલિંગદેશનો રાજા છે. પોતાના રૂપે કરી કામદેવના અહંકારને ખંડિત કરનાર એવો આ અંગદેશનો રાજા છે. જેના ભાળામાં પાર વિનાની લક્ષ્મી છે, એવો આ માલવદેશનો રાજા છે. પ્રજાનું સારી રીતે પાલન કરનાર અને ઘણોજ દયાળુ એવો આ નેપાલદેશનો રાજા છે. પ્રસિદ્ધ સહયુણોથી જેને ઘણું આદરમાન મળે છે, એવો આ કુરુદેશનો રાજા છે. શત્રુની સ્ત્રીઓને અલંકાર પહેરવાની મનાઈ કરનાર અર્થાત્ શત્રુનો સમૂળ ઉચ્છેદ કરનાર એવો આ નિષધદેશનો રાજા છે. કીર્તિરૂપ ચંદનવૃક્ષોની સુગંધીથી જાણે સાક્ષાત્ મલયપર્વતજ હોયની! એવો આ મલયદેશનો રાજા છે."

આમ સખીએ રાજાઓની પ્રશંસા કરી, ત્યારે ઇંદુમતી જેમ અજ રાજાને વરી, તેમ હંસીએ અને સારસીએ જિતારિ રાજાનું પાણિગ્રહણ કર્યું. તે વખત બીજા રાજાઓના મનમાં ઇચ્છા, ઉત્સુકતા, સંશય, અહંકાર, ખેદ, લજ્જા, પશ્ચાત્તાપ અને અદેખાઇ વગેરે મનોવિકાર પ્રકટ થયા. કેટલાક સમજુ રાજાઓ ખુશી પણ થયા. કેઠલાક રાજાઓને સ્વયંવર ઉપર, કેટલાકને પોતાના આગમન ઉપર, કેટલાકને પોતાના દૈવ ઉપર તથા કેટલાકને તો પોતાના મનુષ્યભવ ઉપર પણ તિરસ્કાર આવ્યો.

પછી વિજયદેવ રાજાએ સારો દિવસ જોઇ મ્હોટા ઉત્સવથી **જિતારી** રાજાની સાથે બે કન્યાઓનો વિવાહ કર્યો અને ઘણું દ્રવ્ય, વાહન, સૈન્ય વગેરે દઇને વરનો ઘણો સારો સત્કાર કર્યો. બીજા મ્હોટા મ્હોટા રાજાઓ પણ તે સ્વયંવરમાં નિરાશ થઇ ગયા તેનું એજ કારણ છે કે,

પુણ્ય વિના માણસોને મનગમતી વસ્તુની પ્રાપ્તિ થતી નથી. તે વખત જિતારિ રાજાના ઉપર ઈર્ષા રાખનારા સેંકડો રાજાઓ હતા: પણ આશ્ચર્યની વાત એ છે કે, તેમાં કોઈ પણ જિતારિ રાજાને ઉપદ્રવ કરી શકયો નહીં ? અથવા જે જિતારી × તેનો પરાભવ કોણ કરી શકે ? પછી રતિ પ્રીતિ સરખી બે સ્ત્રીઓથી કામ દેવને લજ્જાવતો; અને બીજા રાજાઓનો મદ ઉતારતો જિતારિ રાજા પોતાના નગરે ગયો. અને ત્યાં જઇ તેણે હંસીને તથા સારસીને પટ્ટાભિષેક કરી. પટ્ટરાણીઓ બનાવી. જેમ બન્ને આંખ ઉપર મનુષ્યની સરખી પ્રીતિ રહી. રાજા બન્નેનું માન સરખું રાખતો હતો, તો પણ તે રાણિઓને સપત્ની ભાવથી કાંઇક એમ લાગ્યું કે, " મ્હારા ઉપર રાજાનો પ્રેમ થોડો છે અને બીજી ઉપર વધારે છે." બે મનુષ્યોને એક વસ્તુની અભિલાષા હોય ત્યારે એવા વ્હેમથી પ્રેમ સ્થિર રહેતો નથી. હંસી, હંસલીની પેઠે સરલ સ્વભાવની હતી: પણ સારસી તો કપટી હોવાથી વારંવાર થોડું થોડું કપટ કરતી હતી. એવી રીતે રાજાના મનને રાજી રાખનારી સારસીએ માયાથી ઘણું ભારે કર્મ બાંધ્યું અને હંસી તો સરલ સ્વભાવથી કર્મબંધોને શિથિલ કરી રાજાને પણ માન્ય થઈ. જીવો કપટ કરીને ફોગટ પોતાને પરલોકને વિષે નીચ ગતિમાં લઈ જાય છે. એ તેમનું કેટલું અજ્ઞાન છે ?

એક વખત જિતારિ રાજા, હંસી અને સારસીની સાથે ગોખમાં બેસી નગરની શોભા જોતો હતો, એટલામાં નગરમાંથી બહાર નીકળતો યાત્રાળુ લોકોનો પવિત્ર સંઘ તેની નજરે પડયો. પછી રાજાએ પોતાના એક માણસને પૂછ્યું કે, " આ શું છે ? " ત્યારે તે માણસે ત્યાં જઇ તપાસ કરી રાજાને કહ્યું, " હે મહારાજ ! આ તો શંખેશ્વરથી આવેલ સંઘ શ્રી મહાતીર્થ પાલીતાણે જાય છે."

આ સાંભળી જિતારિ રાજા કૌતકથી તે સંઘની અંદર ગયો. ત્યાં **શ્રુતસાગર** નામા આચાર્યને જોઈ તેણે તેમને વંદના કરી, અને શુદ્ધ પરિણામથી પૂછ્યું કે, " આ જગતમાં વિમલાદ્રિ (પાલીતાણા) તે કોણ છે ? તેને તીર્થપણું ક્યાંથી આવ્યું ? અને તેનું માહાત્મ્ય શું છે ? "

× દુશ્મનને હરાવી જય મેળવનાર. ૨. શોકયપણાથી.

ક્ષીરાશ્રવ નામા મહાલબ્ધિના ધારક એવા શ્રુતસાગરસૂરિએ રાજાનું વચન સાંભળીને આ રીતે કહ્યું, "હે રાજન ! ધર્મથીજ ઈષ્ટ મનોરથની સફળતા પ્રાપ્ત થાય છે. કારણકે, જગતમાં ધર્મ શિવાય બીજુ કાંઇ શ્રેષ્ટ નથી. ધર્મોમાં પણ અર્હત્પ્રણીત ધર્મજ શ્રેષ્ટ છે. તેમાં પણ તત્ત્વશ્રદ્ધાન રૂપ સમકિત શ્રેષ્ટ છે. કારણ કે, સમકિત વિના સર્વે અજ્ઞાનકષ્ટ રૂપ ક્રિયાનું વાંઝિયા વૃક્ષની પેઠે નિષ્ફળ છે. તત્ત્વશ્રદ્ધાન રૂપ સમકિતમાં વીતરાગ દેવ, શુદ્ધ પ્રરૂપક ગુરૂ અને કેવળ ભાષિત ધર્મ આ ત્રણ તત્ત્વો આવે છે, તે ત્રણે તત્ત્વોમાં વીતરાગ દેવ મુખ્ય છે. સર્વે વીતરાગોમાં યુગાદીશ શ્રી ઋષભદેવ ભગવાન્ શ્રેષ્ટ છે. તે ભગવાનના શાસનમાં આ વિમલાદ્રિ તીર્થનો અદ્‌ભૂત મહિમા પ્રકટ થયો. સર્વે તીર્થોમાં વિમલાદ્રિ તિર્થ પ્રથમ સ્થાન ભોગવે છે જૂદા જૂદા કારણથી તે તીર્થનાં ઘણાં નામ છે. જેવાં કે ૧ સિદ્ધિક્ષેત્ર, ૨ તીર્થરાજ, ૩ મરૂદેવ, ૪ ભગીરથ, ૫ વિમલાચલ, ૬ બાહુબલિ, ૭ સહસ્રકમલ, ૮ તાલધ્વજ, ૯ કદંબ, ૧૦ શતપત્ર, ૧૧ નગાધિરાજ, ૧૨ અષ્ટોત્તરશતટૂટ, ૧૩ સહસ્રપત્ર, ૧૪ ઢંક, ૧૫ લૌહિત્ય, ૧૭ કપર્દીનિવાસ ૧૭ સિદ્ધિશેખર, ૧૮ પુંડરીક, ૧૯ મુક્તિનિલય, ૨૦ સિદ્ધિપર્વત અને ૨૧ શત્રુંજય એવાં આ તીર્થનાં એકવીશ નામ દેવતા, મનુષ્ય તથા ઋષિઓ એમણે કહેલાં છે, તે હાલમાંભવ્ય જીવોથી ગવાય છે. આ તીર્થનાં ઉપર કહેલાં એકવીશ નામ આ અવસર્પિણીમાં જાણવાં. તેમાં કેટલાંક નામ પૂર્વ કાળે થઈ ગયાં છે અને કેટલાંક આવતા કાળમાં થવાનાં છે. તેમાં જેનો અર્થ પ્રત્યક્ષ દેખાય છે એવું ' **શત્રુંજય** ' એ નામ આવતા ભવમાં તુંજ નિર્માણ કરીશ. એમ અમે જ્ઞાનીઓના મુખથી સાંભળ્યું છે. વળી શ્રી સુધર્મા સ્વામીએ રચેલા શ્રી શત્રુંજય મહાકલ્પમાં એ તીર્થના એકસો આઠ નામ પૈકી કેટલાંક આ પ્રમાણે કહેવાયછે:–૧ વિમલાદ્રિ, ૨ સુરશૈલ, ૩ સિદ્ધિક્ષેત્ર, ૪ મહાચલ, ૫ શત્રુંજય, ૬ પુંડરીક, ૭ પુણ્યરાશિ, ૮ શ્રીપદ, ૯ સુભદ્ર, ૧૦ પર્વતેંદ્ર, ૧૧ દ્રઢશક્તિ, ૧૨ અકમક, ૧૩ મહાપદ્મ, ૧૪ પુષ્પદંત, ૧૫ શાશ્વત, ૧૬ સર્વકામપ્રદ, ૧૭ મુક્તિગૃહ; ૧૮ મહાતીર્થ ૧૯ પૃથ્વીપીઠ, ૨૦ પ્રભુપદ, ૨૧ પાતાળ મૂળ, ૨૨ કૈલાસ, ૨૩ ક્ષિતિમંડળમંડન આદી એકસો ને આઠ નામ જાણવાં. એજ અવસરપીણીમાં ઋષભદેવ ભગવાનથી માંડીને

ચાર તીર્થંકરનું અહિં સમવસરણ થયું છે અને નેમીનાથને વછેને, બા-કીના ઓગણીશ તીર્થંકરોનું સમવસરણ આવતા કાળમાં અહિં થવાનું છે. તેમજ પૂર્વકાળે અહિં અનંતા સિદ્ધ થયા અને આવતે કાળે પણ અનંતા સિદ્ધ થશે, માટે આ તિર્થને **સિદ્ધક્ષેત્ર** કહે છે. જગતને સ્તુતિ કરવા લાય-ક એવા, મહાવિદેહ—ક્ષેત્રની અંદર વિચરતા શાશ્વતા તીર્થંકરો પણ આ તીર્થની ઘણીજ પ્રશંસા કરે છે. તેમજ ઇહાંના ભવ્ય જીવો પણ હમ્મેશાં એનું સ્મરણ કરેછે જેમ સારી ભૂમીમા વાવેલું બીજ અતીઘણી સંખ્યામાં થાયછે, તેમ આશાશ્વતા તીર્થે કરેલી યાત્રા, પૂજા, તપસ્યા, સ્નાત્ર અને દાન એ સર્વ અતીઘણું ફળ આપેછે, વળી કહ્યું છે કે—શત્રુંજય તીર્થેનું ધ્યાન કરવા-થી હજાર પલ્યોપમ જેટલી અશુભ કર્મની સ્થિતિ ક્ષય પામે છે અને શત્રું-જયે જવા માર્ગે પગ મૂકવાથી એક સાગરોપમ જેટલી અશુભ કર્મની સ્થિતિ-નાશ થાય છે. શત્રુંજય પર્વત ઉપર શ્રી આદીનાથ ભગવાનનાં દર્શન કરવાથી તિર્યંચ અને નારકી એ બે દુર્ગતિનો નાશ થાય છે. તેમજ કોઈ ભવ્ય જીવ ત્યાં સ્નાત્રપૂજા કરે તો હજાર સાગરોપમ જેટલી અશુભ કર્મની સ્થિતિ ખપાવે છે. કોઈ ભવ્ય જીવ શત્રુંજય પર્વત તરફ જવા માટે એ-કેક પગલું મૂકે તો ક્રોડો ભવોમાં કરેલાં પાતકોમાથી પણ તે મુક્ત થાય છે. શુદ્ધ પરિણામનો કોઇ જીવ બીજે ઠેકાણે ક્રોડ પૂર્વ સુધી શુભ ધ્યાન કરીને જેટલું શુભકર્મ બાંધે છે, તેટલું શુભકર્મ આ પર્વતને વિષે બે ઘડી શુભધ્યાન કરવાથી નિશ્ચે બંધાય છે. ક્રોડો વર્ષ સુધી મુનિરાજ-ને સૂઝતો ઈચ્છિત આહાર આપવાથી તથા સાધર્મીને ઇચ્છાભોજન દીવા-થી જે પુણ્ય બંધાય છે, તે પુણ્ય શત્રુંજય પર્વત ઉપર એક ઉપવાસ કરવાથી બંધાય છે, જે ભવ્ય જીવ ભાવથી શત્રુંજય પર્વતને વંદના કરે તેણે સ્વર્ગ માં, પાતાળમાં તથા મનુષ્યક્ષેત્રમાં જેટલાં તીર્થો છે તે સર્વેનાં દર્શન કર્યા એમ જાણવું. ભવ્ય જીવ શ્રેષ્ટ એવા શત્રુંજયનાં દર્શન કરે, અથવા ન કરે; પણ જો શત્રુંજયે જતા સંઘનું વાત્સલ્ય કરે, તો પણ ઘણાં શુભકર્મ ઉ-પાર્જે છે. તે જેવાં કે:—શત્રુંજય પર્વતને ન જોતાં જો શત્રુંજયના સંઘનુંજ કેવળ વાત્સલ્ય કરે, તો, સાધારણ સાધર્મિવાત્સલ્ય કરતાં ક્રોડગુણું પુણ્ય પ્રાપ્ત કરે અને જો શત્રુંજયનાં દર્શન કરીને સંઘનું વાત્સલ્ય કરે

તો અનંત ઘણું પુણ્ય પ્રાપ્ત કરે. જે ભવ્ય જીવ મન વચન કાયાની શુદ્ધિ રાખી પ્રથમ શત્રુંજય તીર્થનું સ્મરણ કરે અને પછી આહારનો ત્યાગ કરવાને અર્થે નોકારસી, પોરિસી, પુરિમઢ, એકાશન, આંબિલ, છઠ, અઠમ, દશમ (ચાર ઉપવાસ), દુવાલસ (પાંચ ઉપવાસ), માસખમણ, અર્ધમાસખમણ (પંદર ઉપવાસ) વગેરે પચ્ચખાણ કરે, તે પચ્ચખાણનું પૂરેપૂરું ફળ પામે. શત્રુંજય પર્વત ઉપર પૂજા તથા સ્નાત્ર કરવાથી જે પુણ્ય ભવ્ય જીવ પામે છે, તે પુણ્ય અન્ય તીર્થને વિષે અમે તેટલું સુવર્ણ ભૂમિ તથા આભૂષણ દીધાથી પણ પામી શકે નહીં. ભવ્ય જીવ શત્રુંજય પર્વત ઉપર ધૂપ ઉવેખે તો પંદર ઉપવાસનું કર્પૂરનો દીવો કરે તો માસખમણનું અને મુનિરાજને સૂઝતો આહાર આપે તો કાર્તિક માસમાં કરેલા માસખમણનું પુણ્ય પ્રાપ્ત કરે છે. જેમ બીજાં તળાવ, સરોવર, નદીઓ વગેરે સ્થાનક જળમય કહેવાય છે, અને સમુદ્ર તો જળનો નિધિ કહેવાય છે, તેમ બીજાં સર્વે તીર્થો છે અને શત્રુંજય તો મહા તીર્થ કહેવાય છે. તે શત્રુંજયની યાત્રા કરીને જેણે પોતાનું કર્તવ્ય કર્યું નહીં, તે માણસનાં મનુષ્ય ભવ, જીવિત, ધન અને કુટુંબ એ સર્વ શા કામનાં? જેણે શત્રુંજય તીર્થને વંદના કરી નહીં, તે મનુષ્ય, મનુષ્ય ભવ પામ્યા છતાં પણ નહીં પામ્યો એમ સમજવું. વળી જીવતાં છતાં પણ મુવા જેવો જાણવો, અને મોટો જાણ હોય તો પણ અજ્ઞાનીજ સમજવો. જો કે દાન, શીલ, તપ અને તીવ્ર ધર્મ ક્રિયાઓ કરવી કહેણ છે, પણ સહજથી થઇ શકે એવી તીર્થવંદના કેમ બહુ માનથી ન કરવી? જે પુરૂષો *છ-રી પાળીને પોતાને પગે શત્રુંજય તીર્થની યથાવિધિ સાત યાત્રાઓ કરે છે તે પુરૂષોને ધન્ય છે અને તેઓ જગતમાં માન્ય છે વળી કહ્યું છે કે-જે પુરૂષ લાગટ ચઉવિહારો છઠ કરીને શત્રુંજય તીર્થે સાત યાત્રાઓ કરે, તે ત્રીજે ભવે સિદ્ધિ પામે છે."

---

* એકલ આહારી-એક વખત જમવું ૧, સચિત્ત પરિહારી-સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો ૨, બ્રહ્મચારી-બ્રહ્મચર્ય પાળવું ૩, પયચારી-પગે ચાલીને જવું ૪, ગુરૂ સહચારી-ગુરૂની સાથે ચાલવું ૫, અને ભૂમિ સંથારી-ભૂમિ ઉપર સૂઇ રહેવું ૬. એમ છ-રી કહેવાય છે. આ શબ્દનો અપભ્રંશ છરેડી પાળતો થઇ ગયો છે.

જેમ વર્ષાદનું પાણી કાળી માટી ઉપર પડવાથી ચીકાશ આપે છે, તેમ ગુરૂ મહારાજ શ્રી શ્રુતસાગરસૂરિના વચનથી જિતારિ રાજાનું મન ભદ્રિક હોવાથી (કોમળ બન્યું) સૂર્ય સમાન શ્રી શ્રુતસાગરસૂરિજી અને સૂર્યકિરણ સમાન તેમની વાણી એવો યોગ મળવા જિતારી રાજાના મનમાં મિથ્યાત્વ રૂપ જે અંધકાર હતો, તે ક્યાંય પણ જતો રહ્યો, અને સમ્યકત્વ રૂપ પ્રકાશ થયો; સમકિતનો લાભ થવાથી જિતારિ રાજાને શત્રુંજયની યાત્રા કરવાને માટે ઘણીજ ઉત્સુકતા થઇ. અને તેથી તેણે ઉતાવળથી મંત્રિયોને કહ્યું કે, "અરે મંત્રિજનો ! ઘણી ઉતાવળથી યાત્રાની તૈયારી કરો." એમ કહી જિતારિ રાજાએ સહસા એવો અભિગ્રહ કર્યો કે, "જ્યારે હું પગે ચાલીને શત્રુંજય પર્વત ઉપર શ્રી ઋષભદેવ ભગવાનને વંદના કરીશ, ત્યારેજ હું અન્નપાણી લઇશ." હંસી, સારસી તથા બીજા ઘણા લોકોએ પણ આ વાત સાંભળી રાજાના જેવો અભિગ્રહ કર્યો. કહ્યું છે કે, જેવા રાજા તેવી પ્રજા. જ્યારે કોઇ ધર્મનું કાર્ય કરતી વખતે માણસને વિચાર કરવો પડે, ત્યારે તેનો ભાવ તે શું ? માટેજ રાજાદિકોએ કાંઇ પણ વિચાર કર્યા વિના કેવળ ભાવથીજ અભિગ્રહ કર્યો. "આ આપણું નગર ક્યાં અને તે શત્રુંજય તીર્થ ક્યાં ? વિચાર ન કરતાં સહસા એવો અભિગ્રહ લેવાનો કદાગ્રહ તે કેવો ?! એ ઘણી ખેદની વાત છે." એમ ઘણી રીતે મંત્રી વગેરે લોકોએ રાજાને કહ્યું, તેમજ શ્રી શ્રુતસાગરસૂરિજીએ પણ કહ્યું કે, "હે રાજન્ ! અભિગ્રહ વિચાર કરીનેજ લેવાય છે. કેમકે, વગર વિચારે કાંઇ કાર્ય કર્યું હોય, તેનો પાછળથી પશ્ચાતાપ થાય છે, અને પશ્ચાત્તાપ થાય તો કાંઇ લાભ થતો નથી, એટલુંજ નહીં પણ આર્ત્તધ્યાનથી અશુભ કર્મનો બંધ થાય છે."

જિતારિ રાજાએ કહ્યું કે, "ગુરૂ મહારાજ ! જેમ પાણી પીધા પછી પાનારનું નામ ઠામ પૂછવામાં તથા મુંડન કરાવ્યા પછી નક્ષત્ર પૂછવામાં કાંઇ લાભ નથી, તેમ અભિગ્રહ લીધા પછી વૃથા વિચાર કરવામાં શું લાભ ? ગુરૂ મહારાજ ! પશ્ચાત્તાપ ન કરતાં હું પોતાના અભિગ્રહનો નિર્વાહ કરીશ, અને આપના ચરણના પ્રસાદથી શત્રુંજયે શ્રી ઋષભદેવ ભગવાનને વંદના કરીશ. એમાં અશકય વાત તે શી છે ? અરણુ (સૂર્યનો

સારથિ) પંગુ છતાં પણ સૂર્યના પ્રસાદથી દરરોજ આકાશના એક છેડાથી બીજા છેડા સુધી શું જતો નથી ?" આટલું કહી રાજા પરિવાર સહિત સંઘ સાથે ચાલ્યો.

જાણે કર્મ રૂપ શત્રુ ઉપર ચઢાઈજ કરવી હોયની ! એવી ઉતાવળથી પંથ કાપતાં કેટલેક દિવસે જિતારિ રાજા કાશ્મીર દેશની અંદર એક અટવીમાં આવી પહોંચ્યો. જે વખતે ક્ષુધા, તૃષા, પગે ચાલવું તથા માર્ગનો પરિશ્રમ ઇત્યાદિ કારણોથી રાજા તથા તેની બે રાણીઓ ઘણું આકુળ વ્યાકુળ થયાં હતાં. તેમજ જિતારિ રાજાનો સિંહ નામા મુખ્ય પ્રધાન ઘણો ચતુર હતો, તેણે ચિંતાતુર થઇ શ્રુતસાગરસૂરિજીને કહ્યું કે, " ગુરૂ મહારાજ ! આપ યુક્તિથી રાજાના મનનું સમાધાન કરો, નહિ તો ધર્મને સ્થાનકે લોકમાં ઘણો ઉડ્ડાહ થશે. " તે સાંભળી શ્રુતસાગરસૂરિજીએ રાજાને કહ્યું કે, " હે રાજન્ ! હવે તું લાભાલાભનો વિચાર કર. સહસાકારથી કરેલું કોઇપણ કાર્ય પ્રમાણ મનાતું નથી. માટેજ પચખ્ખાણના દંડકમાં સર્વે ઠેકાણે સહસાકારાદિ આગાર રાખેલા છે. "

જિતારિ રાજા શરીરથી અકળાણો હતો, પણ મનથી સાવધાન હતો, તેથી તેણે કહ્યું કે, " ગુરૂ મહારાજ ! જે જીવ આદરેલું પાળવાને અશક્ત હોય, તેને એવો ઉપદેશ કરવો ઘટે છે. પરંતુ હું તો મ્હારો અભિગ્રહ પાળવાને સમર્થ છું. પ્રાણની હાનિ થાય તો ચિંતા નથી, પણ મ્હારા અભિગ્રહનો ભંગ ન થાઓ." પોતે ધૈર્ય તથા ઉત્સાહ રાખીને પોતાના પતિએ લીધેલો અભિગ્રહ પાળવાના કામમાં ઉત્તેજન આપતી એવી હંસી અને સારસીએ તે સમયે પોતાનું વીરપત્નીપણું પ્રકટ કર્યું. અર્થાત્ પતિને ધૈર્ય આપી અભિગ્રહ પાળવા માટે આગ્રહ કર્યો. " અહો આ રાજાનું ચિત્ત ધર્મને વિષે કેટલું તલ્લીન છે ? એનું કુટુંબ પણ કેવું ધર્મી છે ? અને એનું સત્ત્વ પણ કેવું દૃઢ છે ? " તે વખતે જિતારિ રાજાની એવી સર્વ એ સ્તુતિ કરી.

પછી " હવે શું થશે ! અને શું કરવું ? " એવી ચિંતા સમાન ચિત્તાથી સિંહ મંત્રી આકુળ વ્યાકુળ થયો. તેનું હૃદયકમળ તાપથી કરમાઇ ગયું અને અવસર થયો ત્યારે તે બિછાના ઉપર જઇને સૂઇ રહ્યો. એટલામાં

શત્રુંજયના અધિષ્ઠાયક ગોમુખ નામા યક્ષે સિંહ મંત્રીના સ્વપ્નામાં પ્રકટ થઇને કહ્યું કે, " હે મંત્રી ! ચિંતા કરીશ નહીં. જિતારિ રાજાના સાહસ-થી ખેંચાયલો હું સંતુષ્ટ થઈ પોતાની દિવ્ય શક્તિથી શત્રુંજય તીર્થને અહિં નજીક લાવું છું. પ્રાતઃકાળમાં તમે પ્રયાણ કરશો, ત્યારે નિશ્ચયથી તમને શત્રુંજય પર્વતનાં દર્શન થશે. ત્યાં ઋષભદેવ ભગવાનને વંદના કરીને તમે પોતાના અભિગ્રહ પૂરા કરજો. " એમ સાંભળી મંત્રીએ સ્વપ્ન-માંજ યક્ષને કહ્યું કે, " હે યક્ષ ! જેમ મને જણાવ્યું તેમ તું સર્વ લોકોને પણ જણાવજે. એટલે તેમને વિશ્વાસ આવશે. " મંત્રીનું એવું વચન સાં-ભળી યક્ષે સર્વે લોકોને સ્વપ્નમાં આવેલી ઉપરની વાત જણાવી. પછી યક્ષે તે અટવીમાં પર્વત ઉપર ક્ષણમાત્રમાં આબેહૂબ શત્રુંજય તીર્થ લાવી આપ્યું. દેવતા શું નથી કરી શકતા ? દેવતાએ આણેલી વસ્તુ ઘણો કાળ રહે તો એક પખવાડિયા સુધી રહે છે, પણ ગિરનાર ઉપરની જિનમૂર્તિની માફક દેવતાએ તૈયાર કરેલી વસ્તુ તો ઘણા કાળ સુધી રહે છે.

પછી પ્રભાત થતાં શ્રી શ્રુતસાગરસુરિ, જિતારિ રાજા, સિંહ મંત્રી, રા-ણીઓ તથા બીજા પણ સંઘના લોકો પોતાને આવેલાં સ્વપ્ન માંહો માંહે કહેવા લાગ્યા. સર્વેનાં સ્વપ્નાં સરખાં મળતાં આવ્યાં ત્યારે સર્વે લોકો આ-ગળ ગયા, અને સ્વપ્નમાં કહ્યા પ્રમાણે પર્વત ઉપર શત્રુંજય તીર્થ જોઇને ઘણોજ હર્ષ પામ્યા. પછી રાજા અને રાણી વગેરે લોકોએ ઋષભદેવ ભ-ગવાનની વંદના પૂર્વક પૂજા કરી પોતાના અભિગ્રહ પૂર્ણ કર્યા. તે વખતે ભગવાનના દર્શનથી તેમના શરીર ઉપર હર્ષથી રોમરાજિ વિકસ્વર થઇ, અને સુકૃત રૂપ અમૃતમાં તેમનો આત્મા નિમગ્ન થઇ રહ્યો. પછી જિ-તારિ રાજાએ તથા બીજા લોકોએ સ્નાત્રપૂજા કરી, ધ્વજા ચઢાવી, માળા પહેરાવી, તથા બીજાં પણ તીર્થ ઉપર કરવા લાયક ધર્મકૃત્ય કરીને સર્વે લોકો ત્યાંથી નીકળ્યા. જિતારી રાજા પરિવાર સહિત ત્યાંથી વિદાય થયો ખરો. પણ ભગવાનના ગુણ રૂપ કામણથી ખેંચાયો, ત્યારે ભગવાનને વંદના કરવાને અર્થે પાછો વળ્યો. જાણે નરક રૂપ સાત દુર્ગતિમાં પડતા થકી આત્માનું રક્ષણ કરવા માટેજ કે શું ? તેમ જિતારિ રાજા પૂર્વે કહ્યા પ્રમાણે સાત વાર માર્ગે ચાલ્યો અને સાત વાર ભગવાનને વંદના કરવા

માટે પાછો વળ્યો. તે જોઈ સિંહ મંત્રીએ રાજાને પૂછ્યું કે, "આ શું!" ત્યારે રાજાએ કહ્યું કે, "જેમ બાળક માતાને છોડી શકતો નથી, તેમ હું પણ આ તીર્થરાજને છોડી શકતો નથી. તેથી મને રહેવા માટે અહિંજ એક સારા નગરની સ્થાપના કર." કયો બુદ્ધિવાન પુરૂષ નિધાન જેવું મનગમતું સ્થાનક મળે તો તે મૂકી શકે? પછી મંત્રીએ વાસ્તુકશાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે ત્યાં એક નગર સ્થાપન કર્યું. ઠીકજ છે, ભલી બુદ્ધિનો અધિકારી કયો માણસ સ્વાગીનું યોગ્ય વચન ન માને? તે નગરમાં કોઇ પાસેથી પણ બિલકૂલ કર લેવાતો નહોતો, તેમજ શ્રી સંઘમાંના બીજા પણ ઘણા લોકો સ્વાર્થનાં તથા પરમાર્થનાં કૃત્યો સાધવાને અર્થે ત્યાં રહ્યા. પછી તે નગરનું 'વિમળપુર' એવું યોગ્ય નામ પડી ગયું. જે વસ્તુમાં નામ પ્રમાણે ગુણ રહ્યા હોય, તેજ વસ્તુનું નામ યથાર્થ કહેવાય છે. પછી જિનેશ્વરના ધ્યાનને વિષે તત્પર એવો જિતારિ રાજા ઉત્તમ રાજ્ય રીદ્ધિને ભોગવતો છતો દ્વારિકામાં કૃષ્ણની પેઠે સુખે રહેવા લાગ્યો. ત્યાં ભગવાનના મંદિર ઉપર હંસની પેઠે સુસ્વર વાણીવાળો એક પોપટ હતો, તે રાજાના મનને ઘણોજ રીઝવતો હતો. તેથી જિતારિ રાજાનું તે એક ક્રીડાનું સ્થાનક થઇ ગયો. અરિહંત પ્રભુના મંદિર પ્રત્યે ગએલા એવા પણ એ રાજાનું અરિહંત ધ્યાન, ધૂમથી મલીન થએલા ચિત્રામણની પેઠે પોપટના ક્રીડારસથી મલિન થયું. સમય જતાં જિતારિ રાજાનો અંતકાળ આવ્યો, ત્યારે તેણે શ્રી ઋષભદેવ ભગવાનના ચરણકમળ પાસે અનશન કર્યું ધર્મી લોકોની એવીજ રીતિ હોય છે. તે વખતે હંસીએ અને સારસીએ મનમાં ધીરજ રાખી રાજાની સારવાર કરી અને તેને નવકાર મંત્ર સંભળાવ્યો. સદ્બુદ્ધિવાળા મનુષ્યો સમયના જાણજ હોય છે. તે અવસરે પેલા પોપટે મંદિરના શિખર ઉપર બેસી મધુર ધ્વનિ કર્યો, ત્યારે કર્મની વિચિત્ર ગતિથી રાજાનું ચિત્ત તે તરફ ગયું. પછી પોપટના ધ્યાનથી રાજાનો જીવ પોપટનીજ યોનિમાં ઉત્પન્ન થયો, જેમ પોતાની છાયાનું ઉલ્લંઘન કરવું અશક્ય છે, તેમ ભવિતવ્યતાનું પણ ઉલ્લંઘન કરી શકાતું નથી. 'અંતે મતિ તેવિ ગતિ' એવી પંડિત લોકોમાં કહેવત છે, તે ખોટી ન પડે તે માટેજ કે શું? જિતારિ રાજા પોપટ થયો. "પોપટ અને મેના વગેરે

તિર્યંચની સાથે ક્રીડા કરવાથી અનર્થ નિપજે છે," એમ જે જિનેશ્વર મહારાજે કહ્યું છે, તે બરોબર છે. જુઓ, જિતારિ રાજા સમકિતી છતાં પણ તેની તે ક્રીડાથીજ એવી માઠી ગતિ થઇ! જિતારિ રાજા જેવા ધર્મી માણસની પણ એવી ગતિ થઈ, તેથી જીવની વિચિત્ર ગતિ અને જિનભાષિત સ્યાદ્વાદ પ્રગટ દેખાય છે. ભવ્ય જીવ શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી નારકી અને તિર્યંચ એ બે દુર્ગતિને પમાડનારૂં અશુભ કર્મ ખપાવે છે; પણ ખપાવ્યા પછી ફરીથી જો તે કર્મ બાંધે, તો અવશ્ય ભોગવવું પડેજ. એમ થવાથી તીર્થનું માહાત્મ્ય લેશમાત્ર પણ ઓછું થતું નથી. વૈદ્યે સાજો કરેલો માણસ ફરીથી અપથ્ય વસ્તુનું સેવન કરીને જો માંદો થાય તો તેમાં વૈદ્યનો શો દોષ? જો કે પૂર્વ ભવના દુર્દૈવથી ઉત્પન્ન થએલા માઠા ધ્યાનથી જિતારી રાજા તિર્યંચ યોનિમાં ગયો; તો પણ તે થોડા કાળમાંજ કલ્યાણકારિ સમકિતનું શ્રેષ્ઠ ફળ પામશે. પછી જિતારી રાજાનું અગ્નિસંસ્કારાદિક ઉત્તરકાર્ય થઈ રહ્યા પછી હંસી તથા સારસી એ બન્ને રાણીઓએ તેજ દીવસે દીક્ષા લીધી, અને અનુક્રમે કાળ કરી તેઓ સ્વર્ગમાં દેવીઓ થઇ. પછી અવધિજ્ઞાનથી તેમણે પોતાના પતિનો જીવ ક્યાં છે, તે જોવાથી તેમના જાણવામાં આવ્યું કે, તે તો તિર્યંચ યોનિપોપટ થયો છે. ત્યારે તેમણે ઘણા સ્નેહથી ત્યાં જઈ પોતાના પતિને પ્રતિબોધ્યો, અને તેજ તીર્થ ઉપર તેમણે તેની પાસે અનશનને લેવરાવ્યું. પછી તે મરણ પામી તે દેવીઓનો પોતે રૂપ દેવ થયો. એ સર્વ વાત યોગ્યજ છે. કાળક્રમથી પ્રથમ તે દેવીઓ સ્વર્ગથી ચ્યવી, ત્યારે પાછળ રહેલા દેવે કેવળી ભગવાનને પૂછ્યું કે, "હે પ્રભો! હું સુલભબોધિ છું કે દુર્લભબોધિ?" ત્યારે કેવળી ભગવાનને કહ્યું કે, "તું સુલભબોધિ છે." એમ કેવળીએ કહ્યું ત્યારે પાછું એણે પૂછ્યું કે, "એ વાત શી રીતે? તે મને કહો." કેવળીએ કહ્યું. "જે તારી બે દેવીઓ સ્વર્ગથી ચ્યવી, તેમાં હંસીનો જીવ ક્ષિતિપ્રતિષ્ઠિત પુરમાં ઋતુધ્વજ રાજાનો પુત્ર મૃગધ્વજ નામે થયો, અને સારસીનો જીવ, પૂર્વે માયા કરવાથી કાશ્મીરદેશમાં આવેલા વિમળાચળની પાસે એક આશ્રમમાં ગાંગલિ ઋષિની કમળમાળા નામે પુત્રી થઇ. તું હવે તેમનો જાતિસ્મરણ જ્ઞાનવાળો પુત્ર થઇશ" (શ્રીદત્ત મુનિ

કહે છે) હે મૃગધ્વજ રાજન્! કેવળીના મુખથી એવી વાત સાંભળીને પેાપટનેા જીવ દેવતા મધુર વચનથી તે આશ્રમમાં તેને લઇ ગયેા. ત્યાં તેણે કન્યાને પહેરવા યેાગ્ય અલંકાર આપ્યા. પાછેા તેને લઇ આવી હારી સેનાની સાથે ભેગેા કર્યો, અને પછી તે સ્વર્ગે ગયેા. સ્વર્ગથી ચ્યવીને હવે એ તમારેા પુત્ર થયેા છે. એણે પેાતાનેા વૃત્તાંત સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામી વિચાર કર્યો કે, "પૂર્વ ભવમાં જે મ્હારી બે સ્ત્રીઓ હતી, તેજ આ ભવમાં મ્હારાં માતાપિતા થયા છે, હવે હું તેમને 'હે તાત! હે માત!' એમ શી રીતે કહું? માટે મને મૌન કરી બેસવુંજ ઠીક લાગે છે." કાંઇ દેાષ નહીં છતાં પણ એણે આજ સુધી મૌન આદર્યું. હમણાં અમારૂં વચન ઉલ્લંઘાય નહીં એમ જાણી બેાલવા લાગ્યેા. પૂર્વ ભવના અભ્યાસથી બાલ્યાવસ્થામાં પણ એનું શમકિત વજેરે દૃઢ છે. પૂર્વ ભવના અભ્યાસથીજ દૃઢ સંસ્કાર રહે છે."

પછી શુકરાજે પણ એ સર્વ વાત લેશમાત્ર કપટ નહીં રાખતાં કહી તેને કેવળીએ ફરીથી કહ્યું કે, "હે રાજપુત્ર! એમાં શું આશ્ચર્ય છે? આ સંસારનું નાટક એવુંજ છે. સર્વે જીવ સર્વ જીવેાની સાથે માંહેા માંહે સર્વે પ્રકારના સંબંધ અનંતી વાર પામ્યા છે. કારણ કે જે આ ભવમાં પીતા છે, તે આવતા ભવમાં પુત્ર થાય છે, પુત્ર છે, તે પિતા થાય છે. સ્ત્રી છે, તે માતા થાય છે, માતા છે, તે પિતા થાય છે. જે કેાઇએ સર્વે જીવ અનંતી વાર જન્મ્યા નથી, અને મરણ પામ્યા નથી, એવી કેાઇ પણ જાતિ નથી, યેાનિ નથી, સ્થાન નથી, તેમજ કુળ પણ નથી. માટે સારા પુરૂષે સમતા રાખી કેાઇ પણ વસ્તુ ઉપર રાગ અથવા દ્વેષ રાખવેા નહીં કેવળ વ્યવહાર માર્ગનું અનુસરણ કરવું (શ્રીદત્તમુનિ કહે છે. હે રાજન્! મને પણ એવેાજ સંબંધ વિશેષ વૈરાગ્યનું કારણ થયેા, તે સારી પેઠે સાંભળ.

જાણે શ્રીદેવીનું રહેવાનું મંદિરજ હેાયની! એવા શ્રીમંદિરપુરમાં સુરકાંત નામે રાજા સ્ત્રીલંપટ, કપટી અને દુર્દાંત (કેાઇથી જીતાય નહીં એવેા) હતેા. તે નગરમાં ઉદારતામાં જેની બરાબરી કેાઇ કરી શકે નહીં એવેા એક સેામ નામે મ્હેાટેા શ્રેષ્ઠી રહેતેા હતેા. લક્ષ્મીના રૂપને પણ જીતે એવી

રૂપવંતી સોમશ્રી નામે તે શ્રેષ્ઠીની સ્ત્રી હતી. તેમનો શ્રીદત્ત નામે પુત્ર હતો, અને શ્રીમતી નામે પુત્રની સ્ત્રી હતી. એ ચારેનો મેળાપ સારા પુણ્યના યોગથીજ થયો હતો. કહ્યું છે કે—જે પુરૂષનો પુત્ર આજ્ઞામાં હોય, સ્ત્રી પતિ ઉપર પ્રેમ રાખનારી અને મન માફક ચાલનારી હોય, તથા જે જેટલું દ્રવ્ય મળે તેટલામાંજ સંતોષ રાખતો હોય, તે પુરૂષને આ લોકમાંજ સ્વર્ગ છે. એક વખત, સોમશ્રેષ્ઠી સોમશ્રીની સાથે ક્રીડા કરવાને અર્થે ઉદ્યાનમાં ગયો. દૈવના યોગથી સૂરકાંત રાજા પણ તેજ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં સુંદર એવી સોમશ્રીને જોઇને રાજાના મનની અંદર રહેલો રાગ રૂપી સાગર તોફાની થયો. પછી દુષ્ટ મનના સૂરકાંત રાજાએ રામ વશ થઇને ક્ષણમાત્રમાં સોમશ્રીને પોતાના અંતઃપુરમાં મોકલાવી દીધી. કહ્યું છે કે—તરૂણ અવસ્થા, ધનની વિપુલતા, અધિકાર અને અવિવેક એ ચારેમાં એકેક વસ્તુ પણ અનર્થ ઉપજાવે છે, તો પછી જો ચારે એકઠી હોય તો અનર્થ ઉપજાવે એમાં શું કહેવું! "અન્યાય એ રાજ્ય રૂપ લતાને બાળી નાંખનાર દાવાગ્નિ જેવો છે, એમ છતાં રાજ્યની વૃદ્ધિનો અર્થી કયો પુરૂષ પરસ્ત્રીની ઇચ્છા કરે! હમ્મેશાં રાજાઓજ લોકોને અન્યાય માર્ગે જતાં અટકાવે છે, તેને બદલે જો તેઓજ પોતે અન્યાય માર્ગે ચાલે, તો જેમ સાગરમાં બળવાન્ મત્સ્ય દુર્બળ મત્સ્યને ખાય છે, તેવો પ્રકાર થયો." સોમશ્રેષ્ઠીની પ્રેરણાથી મંત્રી વગેરે લોકોએ રાજાને ઉપર કહેલી યુક્તિથી સમજાવ્યો. તેથી તેણે ન સમજતાં મંત્રી વગેરેનેજ કાઢી મૂક્યા. પરંતુ અગ્નિના વર્સાદ માફક મુખમાંથી દુર્વચન નિકળતાં હતાં, તે તેણે છોડ્યાં નહીં. એવા દુષ્ટ ચિત્તના લોકોને ધિક્કાર થાઓ. અથવા સૂર્યકાંત મણિ જેમ સૂર્યના યોગથી અગ્નિની વૃષ્ટિ કરે છે, તેમ પ્રધાન રૂપ સૂર્યના યોગથી સૂર્યકાંત સરખો સૂરકાંત રાજા ક્ષણમાં અગ્નિ સરખાં દુર્વચન મુખમાંથી કાઢવા લાગ્યો એમાં શું આશ્ચર્ય! પછી મંત્રી વગેરે લોકોએ કહ્યું કે, "હે શેઠ! આ વાતમાં હવે કાંઇ પણ ઉપાય જણાતો નથી. હાથીને કાન ઉપર શી રીતે રાખવો? તેમ રાજાને શી રીતે અન્યાયથી વારવો? બીજાથી રક્ષણ કરવા માટે કરેલી વાડજ જો અંદર પાકેલાં ચીભડાં ખાય, તો મ્હોટો દક્ષ માણસ હોય તે પણ તેમની રક્ષા શી રીતે કરી શકે? લોક-

માં પણ કહ્યું છે કે—જો માતા પુત્રને વિષ દે, પિતા પુત્રને વેચે, અને રાજા સર્વસ્વ લૂટે, તો ત્યાં શું ઉપાય ?"

પછી સોમશ્રેષ્ઠી ઘણોજ ગુસ્સે થયો અને પોતાના પુત્રને કહેવા લાગ્યો. "હે શ્રીદત્ત ! જેનો બિલકૂલ સંભવ નહીં હતો, એવું આપણા દુર્ભાગ્યથી મોટું અપમાન થયું. વળી કહ્યું છે કે, કોઇ પિતાનો અથવા માતાનો પરાભવ કરે, તો વખતે પુત્ર સહન કરી શકે, પણ કોઇ સ્ત્રીનો પરાભવ કરે તો તેને તિર્યંચ પણ સહન કરી શકતા નથી ! માટે ગમે તે ઉપાય કરીને એ વાતનો બદલો વાળવો જોઇએ. હે પુત્ર ! દ્રવ્યનો વ્યય કરવો એજ ઉપાય મ્હારી નજરે આવે છે. છ લાખ રૂપિયા આપણી પાસે છે, તેમાંથી પાંચ લાખ સાથે લઇને હું કોઇ દૂર દેશ જઇશ, ત્યાં જઇ કોઈ મહાન્ બળવાન રાજાની સેવા કરીશ. પછી તે પ્રસન્ન થાય, ત્યારે તેની મદદથી એક ક્ષણમાં તમ્હારી માતાને પાછી લઇ આવીશ. પોતામાં પ્રભુતા ન હોય અને રાજા પણ વશ ન હોય, તો ઇષ્ટ કાર્યની સિદ્ધિ શી રીતે થાય ! જો આપણી પાસે વહાણ ન હોય, અને વહાણનો ચલાવનાર પણ અનુકૂળ ન હોય, ત્યારે તે પુરૂષ શી રીતે સાગર તરી શકે ?" એમ કહી સાથે દ્રવ્ય લઇ સોમશ્રેષ્ઠી છાનો માનો એક દિશા તરફ જતો રહ્યો. પુરૂષો સ્ત્રીને અર્થે શું ન કરે ? કહ્યું છે કે, પ્રિય પતિઓ પ્રિય સ્ત્રીને અર્થે દુષ્કર કાર્યો પણ કરે છે. શું પાંડવો દ્રૌપદીના માટે સમુદ્ર ઉલ્લંઘી ગયા નહીં કે ?

હવે સોમશ્રેષ્ઠી પરદેશ ગયા પછી શ્રીદત્ત ઘરમાં રહેતો હતો. તેને એક પુત્રી થઈ. દુર્દૈવ પણ અવસર મળે પોતાનું જોર ચલાવે છે. ત્યારે શ્રીદત્તે મનમાં વિચાર્યું કે, "ધિક્કાર થાઓ ! મ્હારા ઉપર કેટલાં દુઃખો આવી પડ્યાં ! એક તો માતા પિતાનો વિયોગ થયો, દ્રવ્યની હાનિ થઇ, રાજા દ્વેષી થયો, અને તેમાં વળી પુત્રીની ઉત્પત્તિ થઇ ! પારકા જીવને વિઘ્નમાં મૂકીનેજ સંતોષ પકડનારૂં દુર્દૈવ હજી પણ કોણ જાણે શું કરશે ?" એવી રીતે ખેદ કરતાં શ્રીદત્તે દસ દિવસ કાઢ્યા. પછી શ્રીદત્તનો સંખદત્ત નામા એક મિત્ર હતો, તેણે તેને કહ્યું કે, "હે શ્રીદત્ત ! તું ખેદ કરીશ નહીં. ચાલો, આપણે દ્રવ્ય ઉપાર્જવાને અર્થે સમુદ્રમાં મુસાફરી કરીશું. તેમાં જે લાભ થાય, તેમાં અર્ધો ભાગ તમ્હારો અને અર્ધો મ્હારો." શ્રીદત્ત તે વાત ક-

ખૂબ કરી. પછી પોતાની સ્ત્રીને તથા પુત્રીને કોઇ તેના સગાને ત્યાં મળાવીને શ્રીદત્ત તૈયાર થઇ શંખદત્તની સાથે વહાણ ઉપર ચઢયો, અને સિંહલદ્વીપમાં આવી ઘણાં વર્ષ રહ્યો. પછી 'કટાહ દ્વીપમાં ઘણો લાભ થશે,' એમ વિચારી તે બન્ને જણા ત્યાં જઇ સુખે બે વર્ષ રહ્યા. વખત જતાં તે બન્ને જણાએ આઠ ક્રોડ દ્રવ્ય સંપાદન કર્યું. અનુકૂળ દૈવ અને દીર્ઘ પ્રયત્ન એ બેનો યોગ થાય તો દ્રવ્ય મળે એમાં શું આશ્ચર્ય! જેમ પોતાના પુણ્યની ગણત્રી નથી, તેમ અગણિત કરિયાણાં તેમણે ખરીદ કર્યા, અને પર્વત સરખાં શેંકડો વહાણોમાં ઠાંથી સરખાં તે કરિયાણાં ચઢાવીને પોતે બન્ને જણા વહાણમાં બેસી ત્યાંથી સુખરૂપ વિદાય થયા. એક વખત વહાણના છજ્જામાં તે બન્ને જણ બેઠા હતા, એટલામાં સમુદ્રમાં તરતી એક પેટી તેમની નજરે પડી કે, તુરત તે તેમણે વહાણ ચલાવનારા લોકો પાસેથી બહાર કઢાવી. "અંદર જે વસ્તુ નીકળે, તેનો અર્ધો અર્ધ ભાગ દરેકે લેવો" મધ્યસ્થ માણસને સાક્ષીમાં રાખી તે બન્ને જણે આ ઠરાવ કર્યો અને પછી પેટી ઉઘાડી. તેમાં જુએ છે તો, લીંબડાના પાંદડામાં વીંટાયલી, નીલવર્ણની અચેતન થઇ ગએલી એક કન્યા તેમના જોવામાં આવી. સર્વે લોક "આ તે શું?" એમ કહેવા લાગ્યા. ત્યારે શંખદત્તે કહ્યું. "આ કન્યાને કોઇ દુષ્ટ સર્પે દંશ કર્યો છે, તેથી તેને કોઇએ જળમાં વહેતી મૂકી દીધી છે." એમ કહી શંખદત્તે તેને કપડાં ઓઢાડી મંત્રેલા પાણીથી સચેતન કરી, અને હર્ષથી કહ્યું કે, "અરે શ્રીદત્ત! મેંજ એને સચેતન કરી છે, માટે સૌંદર્યથી મેનકાની બરાબરી કરનારી એ સ્ત્રીને હુંજ પરણીશ." ત્યારે શ્રીદત્તે કહ્યું કે, "અરે શંખદત્ત! એમ કહીશ નહીં. કેમકે મેં પહેલાંથીજ અર્ધાઅર્ધ ભાગ લેવાની વાત કરી છે. માટે એ કન્યા હુંજ લઇશ, અને તારા અર્ધા વિભાગને બદલે તને દ્રવ્ય આપીશ." જેમ મેંઢળના સેવનથી વમન થાય છે, તેમ ઉપર કહ્યા પ્રમાણે વિવાદ કરનારા તે બન્ને જણાએ સ્ત્રી સંભોગની ઇચ્છા પરસ્પર જે પ્રીતિ હતી, તે છોડી દીધી. કહ્યું છે કે—એક બીજા ઉપર ઘણી પ્રીતિ કરનારા ભાઇઓના અથવા મિત્રોના મનમાં એક સ્ત્રી વિના બીજી કોઇ વસ્તુ ભેદ ઉત્પન્ન કરતી નથી. લાગુ ગમે તેવું મજબૂત હોય, તો પણ ફૂંચી રૂપ સ્ત્રી અંદર પેસતાંજ

તે ઉઘડે છે. પછી વાદી પ્રતિવાદીની પેઠે તે બન્ને ઘણો કલહ કરવા લાગ્યા; ત્યારે ખલાસી લોકોએ કહ્યું કે, "હમણાં તમે સ્વસ્થ રહો. બે દિવસમાં આપણું વહાણ સુવર્ણ કૂલ નામના બંદરે પહોંચશે, ત્યારે ત્યાં જાણીતા પુરુષો પાસે એ વાતનો સંદેહ ટાળીશ." નિર્યામકના કહેવાથી શંખદત્ત સ્વસ્થ થઈને બેઠો ત્યારે શ્રીદત્તે વિચાર્યું કે, શંખદત્તને આ કન્યાને સચેતન કરી, માટે ન્યાયપૂર્વક ઇન્સાફ કરનારા ન્યાયી પુરુષો પણ એનેજ આ કન્યા અપાવશે. માટે તેવો સમય આવ્યા પહેલાંજ હું કાંઇ ઉપાયની રચના કરું." એમ વિચારી દુષ્ટ બુદ્ધિવાળા શ્રીદત્તે શંખદત્તનો પોતાના ઉપર ઘણોજ વિશ્વાસ બેસાડ્યો. પછી તે શ્રીદત્ત તેને સાથે લઈ વહાણના છજામાં આવી બેઠો અને કહેવા લાગ્યો કે, "હે શંખદત્ત! જો, આ આઠ મુખનો મત્સ્ય જાય છે." એમ કહેવાથી શંખદત્ત ત્યાં આવી કૌતુક-કથા જુએ છે, એટલામાં મિત્ર શ્રીદત્તે શત્રુની પેઠે શંખદત્તને ધક્કો મારી સમુદ્રમાં નાંખ્યો. જોને અર્થે સારા ભવ્ય જીવો પણ મિત્રદ્રોહ જેવું મહા પાપ માથે લે છે, તે દેખાવામાં સારા મુખની, પણ ખરેખર જોતાં તો જેનું મુખ જોવા લાયકજ નથી એવી સ્ત્રીને ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ!! દુષ્ટ બુદ્ધિવાળા શ્રીદત્તનું ધારેલું કાર્ય સિદ્ધ થવાથી ઘણો આનંદ પામ્યો, પણ સવાર થતાં ખોટો પોકાર કરી કહેવા લાગ્યો કે, "હાય હાય! મ્હારો મિત્ર કેમ ક્યાંય દેખાતો નથી?" જેમ સર્પ પોતાની અંદર વિષ ન હોય. તો પણ લોકને બતાવવા સારૂ ફણા કાઢે છે, તેમ કપટથી દિલગિરી દેખાડનારો શ્રીદત્ત પણ પછી સુવર્ણકૂલબંદરે આવ્યો અને તેણે ત્યાંના રાજાને મ્હોટા હાથી ભેટ મોકલ્યા. આથી રાજા ખુશી થયા અને બહુ માન દઈ શ્રીદત્તને ઘણા ઉત્સવથી બંદર ઉપર ઉતાર્યો, અને તેને હાથીની કિમ્મત આપી બંદરનો સર્વ કર માફ કર્યો. પછી એક મોટી વખાર લઈ શ્રીદત્તે ત્યાં મ્હોટો વ્યાપાર માંડ્યો, તે કન્યાની સાથે પરણવા માટે શ્રીદત્તે પોતાને ઘેર લગ્ન નક્કી કર્યું. વિવાહની સર્વ સામગ્રી તૈયાર થવા માંડી. શ્રીદત્ત દરરોજ રાજસભામાં જતો હતો. એક વખત રૂપથી લક્ષ્મીને લજ્જા પમાડનારી રાજાની ચામરધારિણીને જોઈને તેણે તેનું સ્વરૂપ કોઈ માણસને પૂછ્યું. તે માણસે કહ્યું, "એ રાજાની

આશ્રિત સુવર્ણ રેખા નામે પ્રખ્યાત વેશ્યા છે. અર્ધ લક્ષ દ્રવ્ય આપ્યા વિના એની સાથે વાતચિત પણ થતી નથી. " આ સાંભળી શ્રીદત્તે તે વેશ્યાને અર્ધ લક્ષ દ્રવ્ય આપવું કબૂલ કર્યું અને તેને તથા તે કન્યાને રથમાં બેસારી તે વનમાં ગયો. ત્યાં સ્થિર મન કરી શ્રીદત્ત એક ચંપકવૃક્ષની છાયામાં બેઠો, અને એક પાસે તે કન્યાને તથા બીજે પાસે વેશ્યાને બેસારી હાસી મશ્કરીની વાતો કરવા લાગ્યો. એટલામાં એક વાનર ચતુરાઇથી અનેક વાનરીઓની સાથે ક્રીમકીડા કરતો ત્યાં આવ્યો. શ્રીદત્તે તેને જોઇ સુવર્ણ રેખાને પૂછ્યું કે, " એ સર્વ વાનરીઓએ વાનરની પોતાની સ્ત્રીઓ હશે કે કેમ ? " વેશ્યાએ કહ્યું. " અરે દક્ષ ! તિર્યંચની જાતિમાં આ તે શું પ્રશ્ન ? એમાં કોઇ એની માતા હશે, કેટલીક બહેનો હશે, કેટલીક પુત્રીઓ હશે, અને કેટલીક બીજી કોઇ પણ હશે. " તે સાંભળી શ્રીદત્તે શુદ્ધ ચિત્તથી અને ગંભીર વાણીથી કહ્યું કે, " જેમાં માતા, પુત્રી, બહેન એટલો પણ ભેદ નથી, એવા અવિવેકી તિર્યંચના અતિ નિંદ્ય જન્મને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ ! જેમાં કૃત્યનો અથવા અકૃત્યનો વિભાગ પણ કરી શકાય નહીં, એવી બલવત્તર મૂઢતા રહે છે, તે નીચ જન્મ અને તે જીવીત પણ શા કામનું ?" જેમ કોઇ અહંકારી વાદી કોઇનું આક્ષેપ વચન સાંભળીને પાછો વળી તુરત જવાબ આપે છે, તેમ તે વાનર જતો હતો, તે શ્રીદત્તનું વચન સાંભળતાંજ તુરત પાછો વળી કહેવા લાગ્યો કે, " અરે દુષ્ટ ! અરે દુરાચારી ! પરના દોષને કહેનારા ! તું પર્વત ઉપર બળતું માત્ર જુએ છે; પણ પોતાના પગ નીચે શું બળે છે ? તે જોતો નથી. પારકા દોષજ માત્ર તને કહેતાં આવડે છે ! કહ્યું છે કે— દુષ્ટ માણસ રાઇ જેટલાં અથવા સરસવ જેટલાં પણ પારકાં છિદ્ર જુએ છે, અને પોતાનાં બીલીફળ જેવડાં છિદ્ર જોતાં છતાં પણ દેખતો નથી. રે દુષ્ટ ! ખરાબ નિષ્ઠાથી એક બાજૂએ પોતાની પુત્રીને અને બીજી બાજૂએ પોતાની માતાને બેસારીને તથા પોતાના મિત્રને સમુદ્રમાં ફેંકી દઇને તું મ્હારી નિંદા કરે છે ?" એમ કહી વાનર કૂદકા મારતો પોતાના ટોળામાં જઇ ભેગો થયો. પછી અંદર વજ્રપ્રહાર જેવી વેદના ભોગવતો શ્રીદત્ત વિચાર કરવા લાગ્યો કે, " ધિક્કાર થાઓ ! વાનરે એકદમ આ શું

દુર્વચન કહ્યું ? જેનો સમુદ્રમાં મને લાભ થયો, તે આ કન્યા મ્હારી પુત્રી કેમ રીતે હોય ? અને આ સુવર્ણરેખા પણ મ્હારી માતા કેમ રીતે હોય ? મ્હારી માતા તો એના કરતાં કિંચિત્ માત્ર ઊંચી છે અને તેના શરીરનો વર્ણ પણ જરા શ્યામ છે. આ સુવર્ણરેખા જેવી નથી. અનુમાનથી છમ્મરનાં વર્ષ ગણિએ તો કદાચિત્ એ કન્યા માત્ર મ્હારી પુત્રી હશે એવો સંભવ છે; પણ સુવર્ણરેખા તો મ્હારી માતા સંભવતીજ નથી. તથાપિ હું એને પૂછું તો ખરો " એમ વિચારી શ્રીદત્તે સુવર્ણરેખાને પૂછ્યું. ત્યારે તેણે સાફ કહ્યું કે, " અરે મુગ્ધ ! વગડામાં તને કોણ ઓળખે છે? તું જનવરની વાણીથી ફોગટ ભ્રાંતિમાં કેમ પડે છે ? " સુવર્ણરેખાએ એમ કહ્યું, તો પણ શ્રીદત્તના મનની શંકા ગઈ નહીં. તુરત તે ત્યાંથી ઉઠ્યો. જે કૃત્યમાં અનર્થની શંકા આવી, તે કૃત્ય કરવું સત્પુરુષને યોગ્ય નથી. કયો શુભ ઇચ્છનાર પુરુષ જાણી જોઇને અથાગ પાણીમાં પ્રવેશ કરે ? પછી આમ તેમ ભમતાં શ્રીદત્તે એક મુનિરાજને દીઠા, અને તેમને વંદના કરીને પૂછ્યું કે, " હે સ્વામિન્ ! વાનરે મને ભ્રાંતિ રૂપ સમુદ્રમાં નાંખ્યો છે. આપ જ્ઞાનની સાહાય્યતાથી મ્હારો ઉદ્ધાર કરો. " મુનિરાજે કહ્યું. " આ જગતમાં સૂર્યની પેઠે ભવ્ય જીવ રૂપ કમળને બોધ કરનાર મ્હારો ગુરૂ કેવળી છે, અને તે આજ દેશમાં છે. હું અવધિજ્ઞાનથી જે કાંઇ જાણું છું, તે તને હમણાં કહું છું વાનરે જે વાત કહી, તે સર્વ સ્વજન મનુષ્યના વચનની પેઠે તું સત્ય જાણ. " શી રીતે સત્ય જાણું ? " એમ શ્રીદત્તે પૂછ્યું, ત્યારે પાછું મુનિરાજે કહ્યું કે, " હે ચતુર પુરુષ ! સાંભળ, તને પ્રથમ તહારી પુત્રીનું, વૃત્તાંત કહું છું.

તહારો પિતા પોતાની સ્ત્રીને તાબામાં લેવા માટે છાનો નીકળ્યો, તે રણમાં ક્રૂર એવા સમરસામા પલ્લીપતિ પાસે આવ્યો, " એવો માણસ જ (પલ્લીપતિ) આપણું કામ કરવા યોગ્ય છે " એમ વિચારી સોમશ્રેષ્ટીએ પલ્લીપતિને સર્વ વાત કહી, અને દ્રવ્ય પણ આપ્યું. ત્યારે પલ્લીપતિની સેના શ્રીમંદિરપુર તરફ ચાલવા માંડી. વેલા ઉપરાંત ચઢી ગએલા સાગરથી જેમ લોકો ડરે છે, તેમ પલ્લીપતિની સેનાથી શ્રી મંદિરપુરની સર્વ પ્રજા ભય પામી. સંસારથી ભય પામેલા ભવ્ય જીવ જેમ શિવસુખની ઇચ્છા

કરે છે, તેમ સર્વ પ્રજાએ કોઇ સુરક્ષિત સ્થાને જવાનો વિચાર કર્યો. તે વખત તે તારી સ્ત્રી પોતાની પુત્રીને સાથે લઇ ઉતાવળથી ગંગા નદીના કિનારા ઉપર સિંદ્ધપુરમાં આવેલા પોતાના પિતાને ઘેર ગઇ. ત્યાં એ પોતાના ભાઇ પાસે ઘણાં વર્ષ રહી. સ્ત્રીઓને પતિ, સાસુ, સસરા વગેરેનો વિયોગ થાય, ત્યારે પિતા અથવા ભાઇ રક્ષણ કરે. એક વખત અષાઢ મહિનામાં એક ઘણા ઝેરી સર્પે તારી પુત્રીને ડંશ દીધો દુષ્ટ જીવોના દુષ્કર્મને ધિક્કાર થાઓ ! પછી તારી પુત્રી મૂર્છા ખાઇ અચેતન થઇને પડી. તારી સ્ત્રી વગેરે લોકોએ ઘણી દવા કરી, પણ જેમ વંધ્યા સ્ત્રીને સંતતિ થતી નથી, તેમ તે પણ ચૈતન્ય પામી નહીં. " સર્પથી ડશાયેલા માણસને ઉતાવળથી અગ્નિસંસ્કાર કરવો ઠીક નથી. આયુષ્ય દૃઢ હશે તો કદાચિત્ એ પાછી જીવતી થશે. " તારી સ્ત્રી વગેરે લોકોએ એવો વિચાર કરી તારી પુત્રીને લીંબડાના પાંદડાથી વીંટી એક સારી પેટીમાં રાખી, અને તે પેટી ઘણા શોકથી ગંગા નદીના પ્રવાહમાં તરતી મૂકી. પછી ઘણી વૃષ્ટિ થવાથી ગંગા નદીમાં પૂર આવ્યું તેથી તેના કિનારા ઉપરનાં આશ્રિત એવાં વૃક્ષો પણ જડમૂળથી ઉખડીને પ્રવાહમાં તણાતાં ગયાં. જેમ વાયુના વેગથી વહાણ ચાલે છે, તેમ તે પ્રવાહના વેગથી પેટી પણ તરતી તરતી સમુદ્રમાં આવી તે તારા હાથમાં આવી આગળ જે થયું તે સર્વ તું જાણે છે તેથી આ તારી પુત્રીજ છે, એમાં બિલકુલ શંશય નથી.

હવે તારી માતાનું વૃત્તાંત કહું છું, તે સ્થિર ચિત્ત કરીને સાંભળ. તે પલ્લીપતિનો દાવાનળ સમાન ઉત્સહ સેના પાસે આવી, ત્યારે તેના તેજથી સૂરકાંત રાજા તેજ રહિત થઇ ગયો. પછી તેણે પહાડ જેવો કિલ્લો તુરત સજ્જ કર્યો, અને પૂરની અંદર ઘાસ, દાણો, લાકડાં વગેરે સર્વ વસ્તુ પૂરેપૂરી ભરી મૂકી. કિલ્લાની અંદર ઠેકાણે ઠેકાણે સારા પરાક્રમી સુભટોને રાખ્યા. જે રાજા શત્રુ ઉપર ચઢાઇ લઇ જઇને યુદ્ધ કરી શકે નહીં, તેનો એવો બંદોબસ્ત કરી રહેવું એજ બળ છે. પછી પલ્લીપતિની સેનાએ એક કૂમ મૂકી ચારે તરફથી ચઢાઇ કરવા માંડી. જેમ મુનિરાજને દુષ્કર્મ તોડતાં વાર લાગતી નથી, તેમ શૂરવીર સેનાને કિલ્લો તોડી નાખતાં શી વાર ? જેમ મદોન્મત્ત હાથી અંકુશના પ્રહારને ગણતા નથી, તેમ પલ્લીપતિની

સેનાએ કિલ્લા ઉપરથી શૂરવીરોનાં આવતાં બાણને તૃણખલા સમાન પણ ગણ્યાં નહીં. પછી જૂની વસ્તુ જેમ તોડી પાડતાં વાર લાગતી નથી, તેમ શ્રીમંદીરપુરની પોળનો દરવાજો તે સેનાના લોકોએ ક્ષણમાત્રમાં ઘણથી અને મુદ્ગરથી તોડી નાંખ્યો અને સર્વે લોકો નદીના પ્રવાહની પેઠે એકદમ અંદર પેસી ગયા. તારો પિતા સોમશ્રેષ્ઠી ઘણી ઉત્સુકતાથી આગળ જતો હતો, એટલામાં કપાળમાં એક આકરું બાણ વાગવાથી તે દુરત મરણ પામ્યો. માણસ શું ધારીને કાંઇ કામ કરે છે, અને દૈવ તેનું કેવું માઠું પરિણામ નિપજાવે છે! સ્ત્રીને પોતાના તાબામાં લેવા માટે સોમશ્રેષ્ઠીએ કરેલો પ્રયત્ન તેના પોતાનાજ નાશને અર્થે થયો. કહ્યું છે કે— હાથીના મનમાં કાંઈ બીજુંજ હતું, વાઘના મનમા બીજું, સર્પના મનમાં બીજું, શિયાળિયાના મનમાં પણ બીજું અને (દૈવના) મનમાં તો સર્વે કરતાં કાંઈ જુદુંજ હતું શ્રીમંદિરપુરમાં પલ્લીપતિની સેનાએ હરિણીની પેઠે ભયથી ધ્રૂજતી સોમશ્રીને દુરત પકડી લીધી. પછી નગર લૂટીને પોતાની મરજી પ્રમાણે ભિલ્લ લોકો પોતાના સ્થાન તરફ જવા લાગ્યા, ત્યારે સારા દૈવના યોગથી સોમશ્રી પણ કોઇ રીતે તેમનાથી જૂદી પડી. અટવીમાં ભમતાં તેણે એક વૃક્ષનું ફળ ખાધું. તેથી તેનું શરીર કિંચિત્ માત્ર ઢિંગણું થયું; પણ શરિરની કાંતિ પહેલા કરતાં ઘણીજ ઔર વર્ણ અને દિવ્ય થઇ. મણિ, મંત્ર અને ઔષધી એમનો પ્રભાવ અચિંત્ય છે. પછી માર્ગે જતાં કેટલાક વણિક લોકો તે સોમશ્રીને જોઇને ઘણું આશ્ચર્ય પામ્યા. અને તેને પૂછવા લાગ્યા કે "હે સુંદરી! તું વિરાંગના છે? કે, કોઇ વનદેવતા છે! અથવા કોઇ સ્થલદેવી કે, જળદેવી છે? અમારી ખાત્રી છે કે, તું મનુષ્યણી તો નથીજ." સોમશ્રીએ ગદ્ગદ સ્વરથી કહ્યું કે, "હે જાણુ પુરૂષો! હું કોઇ પણ દેવતા નથી, પરતુ મનુષ્યની સ્ત્રી છું, એમ તમે ખાત્રીથી સમજો. આ સુંદર રૂપથીજ હું દુઃખ રૂપ કૂવામાં પડી. દૈવ પ્રતિકૂળ થાય, ત્યારે ગુણનો પણ દોષ થાય છે." સોમશ્રીનું આવું વચન સાંભળી વટેમાર્યું વણિકોએ કહ્યું કે, "તું સુખેથી અમારી પાસે રહે," એમ કહી હર્ષ પામેલા તે વણિક જનોએ સોમશ્રીનું ગુપ્ત રત્નની પેઠે ઘણા યત્નથી રક્ષણ કર્યું. પછી સુંદર અને શેણુવાળી એવી સોમશ્રીને જોઇને તે વણિક જ-

નોમાં પ્રત્યેક જણ તેને પોતાની સ્ત્રી કરવાની ઈચ્છા કરવા લાગ્યા. ઠીકજ છે, સુંદર ભક્ષ્ય વસ્તુ જોઈને ખાવાનું મન કોને ન થાય? એમ કરતાં તે સર્વે અનુક્રમે આ સુવર્ણકૂળ મંદરે આવ્યા. અહિં તેમણે નાના પ્રકારનાં કરિયાણાં ખરીધાં, તેટલા માટેજ તે અહિં આવ્યા હતા. તે વખતે એક કરિયાણું ઘણું સોંઘું થઇ ગયું ત્યારે સર્વનું મન વિશેષે કરી તે વસ્તુ ખરીદવી એ વ્યાપારી રીત છે, પણ ફળ ભોગવવાથી જેમ પૂર્વ ભવનું પુણ્ય ખવાઇ જાય છે, તેમ બીજી ઘણી વસ્તુ પહેલાં ખરીદવાથી તેમની પાસે બિલકૂલ પૈસો રહ્યો નહીં. ત્યારે સર્વે વણિકોએ વિચાર કરી પૈસાની ખાતર આ સોમશ્રીને વેશ્યાને ઘેર વેચી દીધી. માણસને લોભ પાર વિનાનો હોય છે, અને તેમાં વણિક જનોને તો વિશેષજ એમાં સંશય નથી. આ ગામમાં રહેનારી વિભ્રમવતી નામની વેશ્યાએ લક્ષ દ્રવ્ય આપીને આનંદથી સોમશ્રીને લીધી. ખરૂં છે, વેશ્યાની જાતિજ એવી છે કે, તેને વરણી સ્ત્રી મળે તો તે કામધેનુ સમાન તેને લાગે છે. વિભ્રમવતીએ સોમશ્રીનું સુવર્ણરેખા એવું નવીન નામ પાડ્યું. સ્ત્રી એક ઘર મૂકીને બીજે ઘેર જાય, ત્યારે તેનું પ્રાયે નામ બદલાય છે. વિભ્રમવતીએ ઘણી સખતાઇથી શીખામણ દઇને સુવર્ણરેખાને ગીત, નૃત્ય ઇત્યાદિ શીખવ્યું. ગીત નૃત્યાદિ કળામાં નિપુણપણું એજ વારાંગનાઓનું ધન કહેવાય છે. વખત જતાં સુવર્ણરેખા વેશ્યાની ચાલચલગતમાં એટલી બધી નિપુણ થઇ કે જાણે જન્મથી માંડીનેજ વેશ્યાનો ધંધો કરતી હોયની! ઠીકજ છે, પાણી જેની સાથે મિશ્ર થાય, તેનો રંગ રૂપ તે તુરત પકડે છે. દૂર્જનની સંગતિને ધિક્કાર થાઓ! જુઓ, આ સોમશ્રી એક ભવ છોડીને જાણે બીજે ઠેકાણે બીજા ભવમાં ગઈજ હોયની! એવી તદ્દન જુદીજ થઇ ગઇ. અથવા ઉદૈવના વશ થકી એક ભવમાંજ ઘણા ભવ થાય છે. પછી સુવર્ણરેખાએ પોતાની કળાથી રાજાને એટલો બધો પ્રસન્ન કર્યો કે, જેથી તેણે એને પોતાની ચામર ધારિણી કરી. મુનિ કહે કે અરે શ્રીદત્ત! આ તારી માતા જાણે બીજો ભવ પામી હોયની! એવી થઈ છે. પૂર્વનું રૂપ તથા વર્ણ બદલાઇ ગયાથી તને તેની બીલકૂલ ઓળખાણ પડી નહીં; પણ એણે તને ઓળખ્યો, તથાપિ શરમથી અને દ્રવ્યના લોભથી ઓળખાણ કાઢી નહીં. જગતમાં લોભનું કેવું અખંડ સામ્રાજ્ય છે? એણે કોઇને

પણ મૂક્યો નહીં. વેશ્યાનું પાપ કર્મ કે, જે દુષ્કર્મની સીમા કહેવાય છે, અને જેની અંદર પ્રત્યક્ષ માતા પુત્રને ઓળખીને પણ દ્રવ્યના લોભથી તેની સાથે કામ ક્રીડા કરવા ઇચ્છે છે, તે વેશ્યાના દુષ્કર્મને ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ!! જે એવી શીળથી ભ્રષ્ટ થએલી, તે વેશ્યાઓને જાણ પુરૂષો નિંદ્યમાં નિંદ્ય અને ત્યાજ્યમાં ત્યાજ્ય ગણે છે, તે સર્વથા યોગ્ય છે, "

મુનિનું એવું વચન સાંભળી શ્રીદત્તને ઘણો ખેદ અને આશ્ચર્ય થયો. પાછું તેણે મુનિને પૂછયું કે, " હે ત્રૈલોક્યાધીશ! આ સર્વ વાત વાનરે શી રીતે જાણી? મહારાજ! મુનિરાજ જેમ જીવોને સંસારમાં પડતાં બચાવે છે, તેમ અંધ કૂપમાં પડતાં મને તેણે ટેકો દઇને કાઢયો એ ઠીક થયું, પણ તે મનુષ્યની ભાષા શી રીતે બોલતો હતો તે મને કહો?" મુનિ મહારાજે કહ્યું કે, "હે શ્રીદત્ત! તારો પિતા સોમશ્રેષ્ઠી પોતાની સ્ત્રીના ધ્યાનમાં નિમગ્ન થઇ પુરમાં પ્રવેશ કરતો હતો, એટલામાં ચણાયું બાણ વાગવાથી મરણ પામીને વ્યંતર થયો. ચિત્તમાં ઘણો રાગ રાખનારા તેણે ભ્રમરની પેઠે એક વનમાંથી બીજા વનમાં ફરતાં ફરતાં અહિં આવી માતાને વિષે આશક્ત થએલો તને જોયો. પછી તેણે વાનરના શરીરમાં પ્રવેશ કરીને તને બોધ કર્યો. પિતા પરભવે જાય, તો પણ પુત્રનો હિતાકાંક્ષી તો ખરોજ. તેજ તારો પિતા હમણાં વાનર રૂપે અહિં આવશે, અને પૂર્વ ભવના પ્રેમથી તારી માતાને પીઠ ઉપર બેસારી તારા જોતાં છતાં શીઘ્ર લઇ જશે. "મુનિરાજ એમ કહે છે, એટલામાં તેજ વાનર આવીને, સિંહ જેમ અંબાજી દેવીને પીઠ ઉપર ધારણ કરેછે, તેમ સુવર્ણરેખાને પોતાની પીઠ ઉપર બેસાડીને પોતાના ઇષ્ટ સ્થળે ગયો. "મોહનું પરિણામ કેવું છે! અને સંસારની અંદર કેવી કેવી વિટંબણાઓ થાય છે!" એમ કહી માથું ધૂણાવતો શ્રીદત્ત કન્યાને લઇ પોતાને સ્થાનકે ગયો.

એટલામાં વિભ્રમવતીએ " સુવર્ણરેખા ક્યાં છે?" એમ પોતાની દાસીઓને પૂછયું. ત્યારે તેમણે કહ્યું કે, " શ્રીદત્ત નામા શ્રેષ્ઠી અર્ધ લક્ષ દ્રવ્ય આપવાની કબૂલત કરી સુવર્ણરેખાને ઉદ્યાનમાં લઇ ગયો. " પછી વિભ્રમવતીએ સુવર્ણરેખાને તેડવા માટે દાસીઓને મોકલી. તે દાસીઓએ એક દુકાન ઉપર બેઠેલા શ્રીદત્તને જોઈ ઉતાવળથી પૂછયું કે, " સુવર્ણરેખા ક્યાં

છે ? ત્યારે શ્રીદત્તે કહ્યું કે, "કયાં ગઈ કોણ જાણે ? હું કાંઈ તેનો ચાકર છું ? " જાણે દોષની ભરેલી પેટીજ હોયની ! એવી તે દાસીઓએ તે વાત વિભ્રમવતીને કહી. ત્યારે રાઝથી રાક્ષસી જેવી થએલી તે વેશ્યાએ રાજા આગળ જઇ "હે રાજન્ ! હું લૂટાણી, લૂટાણી." એવો મ્હોટા સ્વરથી પોકાર કર્યો. રાજાએ " આ શું છે ? " એમ પૂછયું, ત્યારે વેશ્યાએ ઘણા કષ્ટથી કહ્યું કે, " હે પ્રભો ! સુવર્ણરેખા કે, જે અમારો સાક્ષાત સુવર્ણ પુરૂષજ કહેવાય છે, તેને ચોરમાં શિરોમણી એવો શ્રીદત્ત કયાંય હરણ કરી ગયો છે. " " શ્રીદત્તે ગણિકાની ચોરી કરી, એ વાત કેવી અસંભવીત છે ?" એમ વિચારી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો, અને શ્રીદત્તને બોલાવીને આ વાત પૂછી. " જો આપણે ખરૂં કહીશું, તો પણ એ વાત કોઇ સાચી માનશે નહીં. " એમ વિચારી શ્રીદત્તે તુરત કાંઇ પણ જવાબ આપ્યો નહીં; કહ્યું છે કે—કાંઇ અણઘટતી વાત નજરે જોઇ હોય, તો પણ તે પ્રકટપણે કહેવી નહીં. જેમ વાનરની સંગીતકળા અને પાણી ઉપર તરતી શિલા. તેની પેઠે જેમ પાપ કર્મ નર્કમાં નાંખે છે, તેમ રાજાએ શ્રીદત્તને બંધીખાનામાં નાંખ્યો. ઘણો રોષ આવ્યાથી તેણે તેની વખારે પણ તાળું માર્યું અને સીલ કરી તે પોતાના તાબામાં લઈ લીધી અને તેની પુત્રીને ઘરમાં ચાકરડી તરીકે રાખી, ઠીકજ છે, જેમ નરીખ, તેમ રાજા પણ કોઇનો સગો નથી. પછી શ્રીદત્તે વિચાર કર્યો કે, " જેમ પવનથી અગ્નિ સળગે છે, તેમ મેં કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં, તેથી રાજાનો કોપાગ્નિ સળગાયો. માટે હવે હું યથાર્થ કહું તો કદાચિત છૂટકો થાય. " એમ વિચારી તેણે રખવાળ પાસે આ વાત રાજાને જણાવી. પછી રાજાએ બંદીખાનામાંથી કાઢી પાછું પૂછયું, ત્યારે શ્રીદત્તે કહ્યું કે, " વાનર સુવર્ણરેખાને લઈ ગયો. " તે સાંભળી સર્વે હસવા લાગ્યા, અને ઘણું આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે, " અહો ! આ કેવી સાચી વાત કહી ! આ દુષ્ટ પુરૂષ કેવો ધીઠો છે ? " પછી રાજા અતી કોપાયમાન થયો. અને તેણે એકદમ શ્રીદત્તનો વધ કરવાનો હુકમ કર્યો. યોગ્યજ છે, મ્હોટા પુરૂષનો રોષ અને તોષ* એ બન્ને અનુક્રમે તુરત સારૂં અને માઠું ફળ

* ખુશાલી.

આપે છે. જેમ કસાઇ લોકો ગાયને લઇ જાય છે, તેમ રાજાના શૂરવીર સુભટો શ્રીદત્તને વધસ્થાને લઇ ગયા. ત્યારે તેણે મનમાં વિચાર્યું કે, " માતા અને પુત્રીની સાથે કામભોગ કરવાની અને મિત્રનો ઘાત કરવાની ઇચ્છા ઇત્યાદિ મહા પાતકો મ્હારા હાથે થયાં, તેનું ફળ આજ ભવમાં મને મળ્યું ! તેથી જેનું ઘણુંજ માઠું પરિણામ છે એવા દુર્દૈવને ધિક્કાર થાઓ.. સત્ય કહ્યું તો પણ તેનું એવું અયોગ્ય માઠું પરિણામ નીપજ્યું. અથવા તોફાની સાગરને જેમ કોઈ રોકી શકતો નથી, તેમ પ્રતિકૂળ દૈવને પણ કોણ રોકી શકે ? કહ્યું છે કે—જેણે પોતાની કલ્લોલમાલાથી કુલ પર્વતોને તોડી નાંખ્યા, એવા સામા આવતા સાગરના પ્રવાહને કોઇ રોકી શકે ? તેમ પૂર્વભવે કરેલા કર્મના શુભ અથવા અશુભ પરિણામને પણ કોઈ રોકી શકે નહીં. "

એટલામાં શ્રીદત્તના પુણ્યે આકર્ષણ કરી લાવ્યા હોયની ! એવા તે દેશમાં વિહાર કરતા મુનિચંદ્ર નામા કેવળી તેજ વખતે બહારના ઉદ્યાનમાં સમવસરયા. ઉદ્યાનપાલકના કહેવાથી રાજા પરિવાર સહિત ત્યાં ગયો, અને જેમ બાળક માતા પાસે સવારમાં ખાવાનું માગે, તેમ રાજાએ મુનિરાજ પાસે દેશના માગી. ગુરૂ મહારાજે કહ્યું. " જેમ વાનરને રત્નમાળા, તેમ જેના હૃદયમાં જગતનો હિતકારી ધર્મ અને ન્યાય નથી, તેને દેશના તે શું આપવી ? " તે સાંભળી રાજાએ ગભરાઇને પૂછ્યું કે, " હે મહારાજ ! હું અન્યાયથી કેવી રીતે ? " મુનિચંદ્ર કેવળીએ કહ્યું. " સત્ય કહેનાર શ્રીદત્તનું વચન તું કેમ માનતો નથી ? " પછી શરમાયલા રાજાએ શ્રીદત્તને બોલાવ્યો, અને આદરથી પોતાની પાસે બેસાડીને મુનિરાજને પૂછ્યું કે, " હે મહારાજ ! એ સત્ય બોલનાર શી રીતે ? " એટલામાં પીઠ ઉપર સુવર્ણરેખાને ધારણ કરતો તે વાનર ત્યાં આવ્યો, અને સુવર્ણરેખાને ઉતારી પોતે ત્યાં બેઠો. ત્યારે સર્વ લોકો કૌતુકથી તેને જોવા લાગ્યા. પછી રાજા વગેરે લોકોએ સત્યવાદી શ્રીદત્તની ઘણી પ્રશંસા કરી, અને કેવળી ભગવાનને સર્વ વાત પૂછી. ત્યારે તેમણે જેવી હતી, તેવી તે વાત કહી. પછી શ્રીદત્તે સરળ ભાવથી કેવળી ભગવાનને પૂછ્યું કે, " હે મહારાજ ! મને પોતાની માતા તથા પુત્રી ઉપર કામવાસના કેમ ઉત્પન્ન થઇ ? "

કેવળી ભગવાને કહ્યું કે, " પૂર્વભવના સંબંધથી એ સર્વ થયું. માટે તું તારો પૂર્વભવ સાંભળ.

પાંચાલ દેશની અંદર કાંપિલ્યપુર નગરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને ચૈત્ર નામનો પુત્ર હતો. તેને શંકરની પેઠે ગંગા અને ગૌરી નામની બે સ્ત્રીઓ હતી. એક વખત તે ચૈત્ર, મૈત્ર નામા મિત્રની સાથે કોંકણ દેશમાં યાચના કરવા ગયો. બ્રાહ્મણોને યાચના ઘણી પ્રિય હોય છે. ગામો ગામ ફરતાં તેમણે ઘણું દ્રવ્ય ઉપાર્જ્યું. એક સમયે ચૈત્ર સુતો હતો, ત્યારે હૃદયમાં દુષ્ટ અધ્યવસાય રાખી મૈત્રે વિચાર્યું કે, " હું આ ચૈત્રને મારી નાંખીને સર્વે દ્રવ્ય પોતે લઉં. " એમ વિચારી તુરત તે તેને હણવા ઉઠ્યો. અનર્થને આપનાર એવા દ્રવ્યને ધિક્કાર થાઓ. જેમ દુષ્ટ વાયુ મેઘને છિન્નભિન્ન કરે છે, તેમ દ્રવ્યનો લોભી માણસ વિવેક, સત્ય, સંતોષ, લજ્જા, પ્રીતિ અને દયા વગેરે સદ્‌ગુણોનો તત્કાળ નાશ કરે છે. પણ સુદૈવના યોગથી મૈત્રના હૃદયમાં તેજ વખતે વિવેક રૂપી સુર્યનો ઉદય થયો અને તેથી લોભ રૂપ ગાઢ અંધકારનો વિધ્વંશ થયો. ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે, " મ્હારા ઉપર વિશ્વાસ રાખનારા મિત્રનો વધ કરવા માટે તૈયાર થએલા મને ધિક્કાર થાઓ ! હું એવા અધ્યવસાયથી નિંદ્ય લોકોમાં પણ નિંદ્ય થયો. એમ વિચારી તે મૈત્ર જેમનો તેમ પોતાને સ્થાને બેઠો. " જેમ ખરજ ખણવાથી વધે છે, તેમ લાભથી લોભ વધે છે. " એ કહેવતને અનુસરી તે બન્ને બ્રાહ્મણો લોભથી વળી ગામો ગામ ભ્રમણ કરવા લાગ્યા. અતિ લોભ કરવાથી આ લોકમાંજ એવા અનર્થ ઉત્પન્ન થાય છે, એમાં શંશય નથી. એક વખતે તે બન્ને બ્રાહ્મણો લોભથી વ્યામ થઇને વૈતરણી નદીમાં પેઠા. પ્રથમથીજ લોભ રૂપ નદીના પૂરમાં ડુબી ગએલા તે બન્ને જણા ફરીથી વૈતરણીના પૂરમાં ડુબી ગયા અને મરણ પામી તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા. (કેવળી ભગવાન કહે છે) હે શ્રીદત્ત ! ઘણા ભવ ભ્રમણ કરીને પછી તમે બે (શ્રીદત્ત અને શંખદત્ત નામના) મિત્ર થયા. શંખદત્તે પૂર્વભવે મનમાં તારો વધ ચિંતવ્યો હતો. તેથી તેં તેને સમુદ્રમાં નાંખી દીધો. જેમ લેણદારને દેવું ન્યાજ સુદ્ધાં આપવું પડે છે, તમ જીવ પૂર્વભવે, જે જેવું અને જે રીતે

કર્મ કરે છે, તે તેવું અને તેજ રીતે તેને પાછળથી ભોગવવું પડે છે. તહારી સ્ત્રીઓ ગૌરી અને ગંગા એ બન્ને જણીઓ તહારા વિયોગથી સંસાર ઉપરનો રાગ છોડી દઇ તાપસણી થઈ, અને મહિનાના ઉપવાસ રૂપ તપસ્યા કરવા લાગી. જ્યારે વિધવાપણું પ્રાપ્ત થાય ત્યારે કેવળિભાષિત ધર્મની આરાધના કરવી એજ કુલસ્ત્રીઓને ઉચિત છે. મનુષ્ય ભવ પામીને આ ભવ તથા પરભવ એ બન્ને ફોગટ ગુમાવી બેસે એવો મૂઢ માણસ કોણ હશે ? એક દિવસે ઘણી તૃષા લાગવાથી આકુળ વ્યાકુળ થએલી ગૌરીએ એક દાસી પાસે ઘણી વાર પાણી માગ્યું. બપોરનો સમય હોવાથી તે વખતે તે દાસીની આંખો નિદ્રાથી ઘણી સુસ્ત થઇ હતી, તેથી તેણે છાની માની રહી ધીઠ માણસની પેઠે કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. ગૌરી સ્વભાવથી ઘણી ક્રોધી નહોતી. તોપણ તેણે તે વખતે દાસી ઉપર ઘણોજ કોપ કર્યો. પ્રાયે તપસ્વી, રોગી, અને તૃષાથી તથા ક્ષુધાથી પીડાયલા એટલા લોકોને થોડા કારણથી ઘણો કોપ ચઢે છે, ક્રોધથી ગૌરીએ કહ્યું. " રે નીચ ! જેમ મરીગએલું માણસ જવાબ આપતું નથી, તેમ તું મને જવાબ આપતી નથી તેનું શું કારણ ? કોઇ ઘણા ઝેરી સર્પે તને કરડી છે કે શું ?" એમ ગૌરીએ ઘણો તિરસ્કાર કરીને કહ્યું. ત્યારે દાસીએ શીઘ્ર ઉઠી, મધુર વચનથી સમાધાન કરી, તુરત પાણી લાવી ગૌરીને પાયું, પણ ગૌરીએ તે દુષ્ટ વચનથી ઘણા દુઃખથી ભોગવાય એવું કઠણ દુષ્કર્મ બાંધ્યું. હાંસીમાં દુષ્ટ વચન બોલે, તો પણ તેથી દુષ્કર્મ બંધાય છે, તો પછી ક્રોધથી બોલે તો બંધાય એમાં તો કહેવુંજ શું ? ગંગાએ પણ કામનો વખત વીતી ગયા પછી આવેલી દાસીને ચિત વ્યગ્ર હોવાથી ક્રોધથી કહ્યું કે, " અરે દુષ્ટ દાસી ! તું હમણાં આવી, તને કોણએ બંદીખાનામાં નાંખી હતી કે શું ? " ગૌરીની સાથે સ્પર્ધા હોવાથીજ કે શું ? ગંગાએ પણ તેના જેવુંજ અશુભ કર્મ બાંધ્યું. એ માઠાં પરિણામ ઉત્પન્ન કરનાર ક્રોધને ધિક્કાર થાઓ. પછી ગંગાએ એક વખત ઘણા કામવ્યસની લોકોની સાથે વિલાસ કરતી એક વેશ્યાને જોઇ પોતાના મનમાં ચિંતવ્યું કે, " ભ્રમરો જેમ પુષ્પોથી પ્રફુલ્લિત થએલી મોગરાની વેલને ભોગવે છે, તેમ ઘણા કામી લોકો જેને ભોગવે છે, એવી આ સ્ત્રીને ધ-

ન્ય છે, અને જેનો પતિ પણ મૂકીને પરલોકે ગયો એવી હું અભાગ-ણીમાં અભાગિણી છું. માટે મને ધિક્કાર થાઓ." દુષ્ટ છે મતિ જેની એવી ગંગાએ એવા આર્ત્તધ્યાનથી જેમ વર્ષાકાળમાં લોઢા ઉપર કાટ વળે છે, તેમ પાછું દુષ્કર્મ બાંધ્યું. જીવની મૂઢતાને ધિક્કાર થાઓ. અનુક્રમે મરણ પામેલી ગૌરી અને ગંગા દેવલોકે જ્યોતિષી દેવતાની દેવીઓ થઇ. ત્યાંથી ચ્યવીને એક જણ (ગંગા) તારી માતા થઈ, અને બીજી (ગૌરી) તારી પુત્રી થઇ. પૂર્વભવે દાસીને દુર્વચન કહ્યું હતું, તેથી તારી પુત્રીને સર્પ દંશ થયો અને તારી માતાને પણ તેથીજ બિલ્લની પલ્લીમાં રહેવું પડ્યું, તથા ગણિકાની પ્રશંસા કરી તેથી ગણિકાપણું ભોગવવું પડ્યું. કદી ન જેની શકે એવી વાત પણ પૂર્વ કર્મથી બનતી નથી કે શું? ઘણી ખેદની વાત છે કે, જે કર્મ કેવળ વચનથી અથવા મનથીજ બંધાય છે, તે કર્મની જો આલોચના ન થાય તો તે કાયાએ કરી એવી રીતે ભોગ-વવું પડે છે. તેં પૂર્વભવના અભ્યાસથી એ બન્ને ઉપર કામવાસના રાખી. જેવો અભ્યાસ હોય તેવો સંસ્કાર પરભવમાં પ્રકટ થાય છે. ઘણો અભ્યા-સ હોય તો પણ ધર્મના સંસ્કાર પરભવે પ્રકટ થતા નથી; પરંતુ કાચા પાકા ગમે એવા બીજા સંસ્કાર પરભવમાં આગળ દોડે છે."

કેવળી ભગવાનનું એવું વચન સાંભળી શ્રીદત્તને સંસાર ઉપર વૈરાગ્ય અને ખેદ થયો. પાછું તેણે પૂછ્યું કે, "હે મહારાજ! સંસારથી છૂટકો થાય એવો કાંઈ ઉપાય કહો. જેમાં એવી એવી મનુષ્યોની વિટંબણા થાય છે, તે સ્મશાન જેવા સંસારમાં કોણ જીવતો માણસ રતિ પામે?" મુનિ-રાજે કહ્યું. "સંસાર રૂપ અપાર માયામાંથી છૂટવાનું સાધન તો એક ચારિત્રનુંજ બળ છે. માટે શીઘ્ર ચારિત્ર લેવા માટે તું પ્રયત્ન કર." શ્રી-દત્તે કહ્યું. "બહુ સારૂં, પણ મ્હારે આ કન્યા કોઇ સારૂં સ્થળ જોઇને આ-પવાની છે. કારણ કે, કન્યાની ચિંતા એ મને સંસાર રૂપી સાગર તરતાં ગળામાં બાંધેલા પથ્થર સરખી છે." મુનિરાજે કહ્યું. "હે શ્રીદત્ત! તું ફોગટ મનમાં પુત્રીની ચિંતા કરે છે. કારણ કે, તારો મિત્ર શંખદત્ત તારી પુત્રીને પરણશે." શ્રીદત્તે ખેદથી આંખમાં આંસુ લાવી ગદ્‌ગદ સ્વરે કહ્યું કે, "હે મહારાજ! ક્રૂર અને પાપી એવા મને તે મિત્ર ક્યાંથી મ-

જે ?" મુનિરાજે કહ્યું કે, "રે શ્રીદત્ત! તું ખેદ નહીં કર અને દુઃખી પણ નહીં થા. હમણાંજ તહારો મિત્ર જાણે બોલાવ્યોજ હોયની! એવી રીતે અહિં આવશે."

પછી શ્રીદત્ત આશ્ચર્યથી હાસ્ય કરી મનમાં વિચાર કરે છે, એટલામાં તેણે પોતાના મિત્ર શંખદત્તને દૂરથી આવતાં જોયો, શંખદત્ત પણ શ્રીદત્તને જોઇને ક્રોધથી લાલચોળ થઇ ગયો અને યમ સરખો ક્રૂર થઇ શ્રીદત્તને મારવા દોડયો. શ્રીદત્ત ઘણો ક્ષોભ પામ્યો હતો. "રાજા વગેરે લોકો પાસે છે." એમ જોઇ ક્ષણમાત્ર થોભ્યો; એટલામાં મુનિરાજે તેમને કહ્યું કે, "હે શંખદત્ત! તું તહારા ચિત્તમાંથી ક્રોધને દુર કર, કારણ કે, તે અગ્નિની પેઠે તીવ્ર હોવાથી પોતાના ઉત્પત્તિ સ્થાનને પણ બાળી નાખે છે. કોપ એ ચાંડાલ છે, માટે તેનો સ્પર્શ ન કરવો એજ ઉચિત છે. કદાચિત્ સ્પર્શ કરે તો આશ્ચર્ય એ છે કે, ઘણાય ગંગાસ્નાન વગેરે કરે, તો પણ શુદ્ધ થાય નહીં." જેમ મ્હોટો ઝેરી સર્પ ગારૂડીનો મંત્ર સાંભળી શાંત થાય છે, તેમ મુનિરાજની તત્ત્વગર્ભિત વાણી સાંભળીને શંખદત્ત શાંત થયો. પછી શ્રીદત્તે શંખદત્તને પ્રીતિથી હાથે પકડીને પોતાની પાસે બેસાડયો. એમ કરવાથીજ વૈર દૂર થાય છે. પછી શ્રીદત્તે કેવળી ભગવાનને પૂછ્યું કે, "હે સ્વામિન્! એ શંખદત્ત સમુદ્રમાંથી અહિં શી રીતે આવ્યો?" કેવળી ભગવાનને કહ્યું. "જ્યારે તેં શંખદત્તને સમુદ્રમાં નાંખ્યો, ત્યારે ક્ષુધાથી પીડાયલા માણસને જેમ ફળ મળે, તેમ સારા દૈવના યોગથી એને હાથ એક પાટિયું આવ્યું, આયુષ્ય તૂટયા વિના મૃત્યુ થાય નહીં. જેમ મનુષ્ય સારા વૈદ્યે કહેલા ઔષધથી સાત દિવસમાં દુસ્તર વ્યાધિથી પણ મુક્ત થાય છે, તેમ શંખદત્ત કિનારે જવા સારૂ મળેલા પવને ચલાવેલા પાટીઆથી સાત દિવસમાં સમુદ્ર તરી ગયો. જેમ થાકેલો માણસ નદીના પ્રવાહ પાસે આવે, તેમ તે શંખદત્ત સમુદ્રના કિનારા ઉપર આવેલા સારસ્વત નામા નગરમાં આવી સંતોષ પામ્યો. શંખદત્તનો સંવર નામા મામો તે નગરમાં રહેતો હતો, તે શંખદત્તને જોઇ ઘણો ખેદ પામ્યો, અને ઘણા પ્રેમથી તેને પોતાને ઘેર લઇ આવ્યો. ત્યારે શંખદત્તના સર્વે અવયવ સમુદ્રની ગરમીથી દાઝી ગયા હતા. જેમ ગુરૂ પો-

તના મૂર્ખ શિષ્યને સારી શીખામણથી સારો કરે છે, તેમ સંવરે સારા ઔષધથી એક મહિનામાં શંખદત્તને સારો કર્યો. એક વખત શંખદત્તે પોતાના મામાને સુવર્ણકૂલ બંદરની હકીકત પૂછી, ત્યારે તેણે તે સર્વ કહી. તે આ રીતે:—" એહિંથી એંશી ગાઉ ઉપર સુવર્ણકૂલ બંદર છે. ત્યાં આજ કાલ મ્હોટા શ્રેષ્ટીનાં ઘણાં વહાણ આવ્યાં છે, એમ સંભળાય છે. "

નટના મનમાં જેમ સમકાલે હર્ષ તથા રોષ ઉત્પન્ન થાય છે, તેમ આ હકીકત સાંભળી શંખદત્તના મનમાં હર્ષ અને રોષ ઉત્પન્ન થયા શ્રીદત્તનો પત્તો લાગ્યો તેથી તેને હર્ષ થયો અને તેની કપટ ચેષ્ટનું સ્મરણ થવાથી રોષ ઉત્પન્ન થયો. મનમાં એવા પરસ્પર વિરૂદ્ધ ભાવ ધારણ કરતો શંખદત્ત મામાને પૂછીને આ નગરમાં શીઘ્ર આવ્યો, અને ક્રોધથી વ્યાપ્ત થઈ તહારો તપાસ કરતો તે અહિં આવ્યો. એવી રીતે જીવના પરસ્પર સંયોગ અને વિયોગ પૂર્વકર્મના અનુસારે થાય છે. " પછી કરૂણાસાગર કેવળી ભગવાને શંખદત્તને પૂર્વભવનો સર્વ સંબંધ કહી સંભળાવ્યો, અને કહ્યું કે, " હે શંખદત્ત ! પૂર્વભવે તેં એને મારવાની ઇચ્છા કરી હતી, માટે આ ભવમાં એણે તને મારવાની ઇચ્છા કરી. માટે જેમ માળ ઉપર ગાળ દીધાથી બદલો વળે છે, તેમ ઘાતથી ઘાતનો બદલો વળી ગયો. હવે પછી તમે બન્ને જણા માંહો માંહે ઘણી પ્રીતી રાખજો. કેમ કે, મૈત્રી છે તે આ લોકમાં તથા પરલોકમાં પણ સર્વ કાર્યની સિદ્ધિ કરનારી છે, એમાં સંશય નથી. " કેવળી ભગવાનનું એવું વચન સાંભળી શ્રીદત્ત, શંખદત્તને તથા શંખદત્તે શ્રીદત્તને સર્વ અપરાધ ખમાવ્યા અને માંહો માંહે તે બન્ને ઘણી પ્રીતિ રાખવા લાગ્યા. ઉન્હાળા પછી આવેલા પહેલા વર્ષાદની પેઠે સફળ એવા સદ્‌ગુરૂના વચનથી શું ન થાય ? પછી કેવળી ભગવાને દેશના દીધી કે, " હે ભવ્ય જીવો ! તમે સમકિત પૂર્વક જૈનધર્મની આરાધના કરો. તેથી તમારાં સર્વ ઇષ્ટ કાર્ય સિદ્ધ થશે. અન્ય ધર્મ સારી પેઠે આરાધ્યા હોય, તો પણ તે આંબા વગેરેના વૃક્ષ સરખા છે. એટલે જેમ આંબાનું વૃક્ષ આમ્રફળજ આપે છે, જાંબૂનું વૃક્ષ જાંબૂ ફળજ આપે છે, તેમ તે ધર્મ પણ નિયમિત ફળનાજ દાતાર છે, અને જો જૈન ધર્મની સંપૂર્ણપણે આરાધના કરી હોય, તો તે કલ્પવૃક્ષની પેઠે ગમે તે ઇષ્ટ ફળ

આપે છે." મોક્ષના અભિલાષી એવા રાજાદિ લોકોએ એવી દેશના સાંભળી કેવળી ભગવાન્ પાસે મૂળ બાર વ્રત લીધાં- તે વ્યંતર (વાનરનો જીવ) અને સુવર્ણરેખા એમણે પણ સમકિતનો અંગીકાર કર્યો. મોહથી તે બન્નેનો દિવ્ય તથા ઔદારિક સંયોગ ઘણા કાળ સુધી રહ્યો. શ્રીદત્ત પોતાના સ્થાનકે આવ્યો. ત્યારે તેને રાજાએ બહુમાન આપ્યું. પછી શ્રીદત્તે શંખદત્તને પોતાની પુત્રી અને દ્રવ્યનો અર્ધો ભાગ આપ્યો. પછી પવિત્ર બુદ્ધિવાળા શ્રીદત્તે પોતાનું સર્વ દ્રવ્ય સાત ક્ષેત્રોમાં વાવ્યું, અને તે જ્ઞાની ગુરૂ પાસે દીક્ષા લઈ વિહાર કરતાં અહિં આવ્યો છે.

(શ્રીદત્ત કેવળી કહે છે) હે મૃગધ્વજ રાજન્! દુસ્તર મોહને જીતીને કેવળજ્ઞાન પામેલો શ્રીદત્ત તે હુજ છું એમ તું જાણ. એવી રીતે જે પૂર્વ ભવમાં મ્હારી સ્ત્રીઓ હતી, તે આ ભવમાં મ્હારી પુત્રી તથા માતા થઇ. માટે આ સંસારમાં આ વાત કાંઇ પણ આશ્ચર્ય કરનારી નથી. એમ વિચારી પંડિત પુરૂષે વ્યાવહારિક સત્યને અનુસરી સર્વ વ્યવહાર કરવો. સિદ્ધાંતમાં દસ પ્રકારનું સત્ય કહ્યું છે. તે એકે "૧ જનપદ સત્ય, ૨ સંમત સત્ય. ૩ સ્થાપના સત્ય, ૪ નામ સત્ય, ૫ રૂપ સત્ય, ૬ પ્રતીત્ય સત્ય, ૭ વ્યવહાર સત્ય, ૮ ભાવ સત્ય, ૯ યોગ સત્ય, અને ૧૦ ઉપમા સત્ય. તેમાં કોકણ વગેરે દેશોમાં 'पयः, पिच्चं, नीरं, उदकं" એવા નામથી પાણીને ઓળખે છે, તે પ્રથમ જનપદ સત્ય જાણવું. કુમુદ (સફેદકમળ) કુવલય (લીલુકમળ) વગેરે સર્વ જાતનાં કમળો કાદવબીજ ઉત્પન્ન થાય છે, તો પણ અરવિંદ-(રાતુકમળ)—તેજ કમળ કહેવું એ લોક સંમત સત્ય છે, માટે એ બીજું સંત સત્ય જાણવું. લેપ્યાદિ પ્રતિમાને અરિહંત સમજવા, એ અથવા એક, બે ઇત્યાદિ અંક લખવા તે, કિંવા રૂપિયા, પૈસા ઇત્યાદિક ઉપર "આ રૂપિયો છે, પૈસો છે" એવા અર્થની સૂચક મુદ્રા (છાપ) કરવી એ ત્રીજું સ્થાપના સત્ય જાણવું. કુળની વૃદ્ધિ ન કરે, તો પણ 'કુળવર્ધન' કહેવાય તે ચોથું નામ સત્ય જાણવું. વેષ માત્ર ધારણ કરનાર પણ સાધુ કહેવાય છે, એ પાંચમું રૂપ સત્ય જાણવું એકજ અનામિકા (ટચલી પાસેની આંગળી) કનિષ્ઠિકાની (ટચલી આંગળીની) અપેક્ષાથી લાંબી અને મધ્યમાની (વ-

ચલો આંગળીની) અપેક્ષાથી ટુંકી કહેવાય છે, એ બહુ પ્રતીત્ય સત્ય જાણવું. પર્વત ઉપર રહેલાં વૃક્ષ, તૃણ વગેરે બળતાં હોય તો પર્વત બળે છે, એમ કહેવાય છે, વાસણમાંથી પાણી ગળતું હોય તો વાસણ ગળે છે, એમ કહેવાય છે, કૃશ ઉદરવાળી કન્યા ઉદર રહિત કહેવાય છે, અને જેના શરીર ઉપર થોડા રોમ હોય એવી ઘેટી રોમ રહિત કહેવાય છે, એ સાતમું વ્યવહાર સત્ય જાણવું. અહિં ભાવ શબ્દથી વર્ણાદિક લેવું છે, માટે પાંચ વર્ણનો સંભવ છતાં બગલી સફેદ કહેવાય છે, તે આઠમું ભાવ સત્ય જાણવું. દંડના યોગથી દંડી કહેવાય છે, એ નવમું યોગ સત્ય જાણવું અને "આ તળાવ તો સાક્ષાત્ સમુદ્રજ છે" એમ કહેવાય છે, તે દસમું ઉપમાં સત્ય જાણવું એવા સત્યના પ્રકાર જાણી વ્યવહારમાં વ્યવહાર સત્યથીજ ચાલવું."

સમજુ શુકરાજ મુનિરાજની એવી વાણી સાંભળી પોતાના પિતાને "બાપા" અને માને "મા" એમ પ્રકટપણે કહેવા લાગ્યો તેથી સર્વ લોકો સંતોષ પામ્યા. પછી મૃગધ્વજ રાજાએ કહ્યું. "હે પ્રભો! યૌવન અવસ્થામાં પણ આપને એવો વૈરાગ્ય થયો, તેથી તમને ધન્ય છે. એવો વૈરાગ્ય મને પણ કોઇ કાળ થશે?" કેવળી ભગવાને કહ્યું. "હે મૃગધ્વજ રાજા! તમારી ચંદ્રવતી નામે સ્ત્રીનો પુત્ર દૃષ્ટિગોચર થતાંજ તને દૃઢ વૈરાગ્ય થશે." મૃગધ્વજ રાજા કેવળી ભગવાનનું એવું વચન સાચું માની તથા તેમને વંદના કરી, હર્ષભેર પરિવાર સહિત પોતાના મહેલમાં આવ્યો. પોતાની સૌમ્યદૃષ્ટિથી અમૃતનીજ વૃષ્ટિ કરતો હોયની! એવો શુકરાજ દશ વર્ષનો થયો ત્યારે કમળમાળા રાણીને બીજો પુત્ર થયો. પુર્વે રાણીએ સ્પષ્ટ દેખેલા સ્વપ્નના અનુસારથી મૃગધ્વજ રાજાએ તે પુત્રનું હંસરાજ એવું નામ રાખ્યું. જેમ ચંદ્ર શુક્લ પક્ષમાં દિવસે દિવસે વધે છે, તેમ હંસરાજ પણ પોતાની રૂપાદિકની સમૃદ્ધી સાથે વધવા લાગ્યો. મનુષ્યોના મનમાં ઘણા હર્ષ રૂપી ઉત્સવને ઉત્પન્ન કરનારો તે હંસરાજ, જેમ રામની સાથે લક્ષ્મણ રમે, તેમ શુકરાજની સાથે રમવા લાગ્યો. જેમ પુત્ર સરખા અર્થ અને કામ ધર્મની સેવા કરે છે, તેમ શુકરાજ અને હંસરાજ એ બે પુત્રોથી સેવાતો એવો મૃગધ્વજ રાજા એક વખત સભામાં બેઠો હતો, ત્યારે

દ્વારપાળે આવીને વિનંતિ કરી કેઃ—" હે મહારાજ! ગાંગલિ ઋષિ ત્રણ શિષ્યના પરિવાર સાથે દરવાજા આગળ આવ્યા છે. " આશ્ચર્ય પામેલા રાજાની આજ્ઞા થવાથી દ્વારપાળ ગાંગલિ ઋષિને અંદર લઇ આવ્યો. મૃગધ્વજ રાજાએ પોતે કુશળ સમાચાર પૂછ્યા તથા આસનાદિક આપી ઋષિને ખુશી કર્યા. ઋષિએ પણ ક્ષેમ કુશળની વાત પૂછી રાજાને આશીર્વચન આપ્યું. મૃગધ્વજ રાજાએ ગાંગલિ ઋષિને પ્રથમ વિમળાચળનું તથા તેના આશ્રમનું ક્ષેમ કુશળ પૂછ્યું, અને પછી " અત્રે આપનું આવવું કેમ અને શા કારણથી થયું છે?" એવું પ્રશ્ન કર્યું કે. ત્યારે ગાંગલિ ઋષિએ કમળમાલાને પડદાની અંદર બોલાવીને કહ્યું કે, " આજે ગોમુખ નામા યક્ષ સ્વપ્નમાં આવી મને કહેવા લાગ્યો કે, " હું મુખ્ય શ્રી વિમળાચળ તીર્થે જવાનો છું. " પછી મેં યક્ષને પુછ્યું કે, " આ તીર્થની રક્ષા કોણ કરશે?" ત્યારે તેણે મને કહ્યું કે, " હે ગાંગલિ ઋષિ! જાણે બીજા ભીમ અને અર્જુનજ હોયની! એવા લોકોત્તર ચરિત્રને ધારણ કરનારા શુકરાજ અને હંસરાજ નામના તમારી પુત્રીના બે પુત્રો છે. માટે તે બેમાંથી એકને તું અહિં લઇ આવ, તો તેના માહાત્મ્યથી આ તીર્થને વિષે કોઇપણ ઉપદ્રવ થાય નહીં. મ્હોટા પુરૂષોનું માહાત્મ્ય કાંઇ પ્રમાણવાળું હોય છે. " પછી મેં પૂછ્યું કે, " ક્ષિતિપ્રતિષ્ઠિત નગર અહિંથી બહુ દૂર છે, માટે ત્યાં તેને બોલાવવા સારૂં મ્હારૂં જવું આવવું શી રીતે થાય?" મ્હારા એવા પ્રશ્નથી યક્ષે કહ્યું કે, " હે ગાંગલિ ઋષિ! ક્ષિતિપ્રતિષ્ઠિત નગર બહુ દૂર છે, તો પણ મ્હારા પ્રભાવથી તમારૂં ત્યાં જવુ આવવું ' કાંઇ નજીક જવું આવું હોય, ' તેમ શીઘ્ર એટલે બપોરની અંદરજ થશે. " એમ કહીને યક્ષ ગયો, પ્રભાત સમય થતાંજ હું જાગૃત થયો, તેથી ત્યાંથી વિદાય થયો, અને તુરતજ અત્રે આવ્યો. દેવતાના પ્રભાવથી શું ન થાય! માટે હે મૃગધ્વજ રાજા! જેમ દક્ષિણા આપે, તેમ મને એમાંથી એક પુત્ર શીઘ્ર આપ એટલે અમે પ્રયાસ વિના પ્રભાતના ઠંડા પહોરમાં આશ્રમે જઇશું. " તાપસનાં આવાં વચન સાંભળી બાળ છતાં પણ મહા પરાક્રમવંત અને ઉત્કૃષ્ટ કાંતિવાળા હંસ બીજા પુત્ર હંસરાજે, હંસ સરખી ગંભીર વાણીથી પોતાના પિતાને આદરપૂર્વક કહ્યું કે, " હે તાત!

હું તીર્થની રક્ષા કરવા જઈશ " તે સાંભળી માતા પિતાએ કહ્યું કે, " હે વત્સ ! તહારા વચન ઉપર અમે ઉવારણાં લઇએ છીએ " ગાંગલિ ઋષિએ કહ્યું. " અહો ! બાલ્યાવસ્થામાં પણ આ ક્ષત્રિયતેજ કેટલું આશ્ચર્યકારક છે ? યથવા જેમ સૂર્યનું તેમ સત્પુરૂષોનું તેજસ્વિપણું અવસ્થાની અપેક્ષા રાખતું નથી. " મૃગધ્વજ રાજાએ કહ્યું. " આ બાળકને (હંસરાજને) કી રીતે મોકલી શકાય ? બાળક શક્તિવંત હોય તો પણ માતા પિતાના મનમાં પુત્રસ્નેહથી નાશની શંકા તો આવેજ. પુત્રસ્નેહ એવો છે કે,તે ભયનું સ્થાનક નહોય, તો પણ પગલે પગલે ભય જુએ છે. સિંહની માતા પોતાનો પુત્ર સિંહ છતાં પણ તેના સંબંધમાં નાશની શંકા મનમાં રાખતી નથી કે શું ? " ઉચિત કાર્ય જાણવામાં ચતુર એવા શુકરાજે તેજ વખતે ઉત્સાહથી કહ્યું કે, ' હે તાત ! હું પહેલાંથીજ વિમળાચળ તીર્થને વંદના કરવાની ઇચ્છા રાખું છું, અને તેમાં આ કારણપણ આવી મળ્યું છે. જેમ નૃત્ય કરવાની ઇચ્છા કરનારા કાને મૃદંગનો ગંભીર શબ્દ પડે, ક્ષુધાથી આકુળ વ્યાકુળ થએલા પુરૂષને જેમ ભોજનનું નિમંત્રણ આવે, તથા જેની આંખમાં નિદ્રા આવી રહી હોય એવા પુરૂષને જેમ પાથરેલું મિછાનું મળે, તેમ મને એ કાર્ય ઠીક આવી મળ્યું. માટે આપની આજ્ઞાથી હું ત્યાં જઇશ. " શુકરાજનું આવું વચન સાંભળી મૃગધ્વજ રાજા મંત્રિઓના મુખ તરફ જોવા લાગ્યો, ત્યારે મંત્રિઓએ કહ્યું. " ઋષિમાં શ્રેષ્ઠ ગાંગલિઋષિ ભાગનાર છે, તું દાતા છે, તીર્થના સ્થાનકનું રક્ષણ કરવું છે અને રક્ષણ કરનારો શુકરાજ છે; માટે અમારી આ કાર્યમાં સમ્મતિ છે. " જેમ દૂધમાં ઘી અને સાકર નાંખવી, તેમ મંત્રીઓનું વચન અનુકૂળ સમજી શુકરાજ જવા માટે ઘણોજ ઉત્સુક થયો, અને જેની આંખોમાં આંસુ વહે છે એવા માતા પિતાના ચરણને નમસ્કાર કરી ગાંગલિઋષિની સાથે ચાલ્યો. અર્જુનની પેઠે ધનુષ્ય બાણ ધારણ કરવામાં સૂર એવો તે શુકરાજ, ક્ષણમાત્રમાં તે સેવા કરવા યોગ્ય તીર્થ ઉપર આવ્યો અને ત્યાં સજ્જ થઇ રહ્યા. શુકરાજના પ્રભાવથી તે પર્વત ઉપર પુષ્પ તથા ફળનો સમુદાય ઘણોજ ઉત્પન્ન થયો અને હિંસક પશુ તથા વનનો અગ્નિ ઇત્યાદિકનો ઉપદ્રવ ત્યાં કિંચિતમાત્ર પણ થયો નહીં. પૂર્વ ભવે આરાધન કરેલા ધર્મનો મ્હોટો મહિ-

મા કહી શકાય નહીં એવો અદ્‌ભુત હોય છે. કારણ કે, શુકરાજ જેવા સાધારણ મનુષ્યની પણ યોગ્યતા એક મ્હોટા તીર્થ જેવી થઇ. તાપસોના સાંનિધ્યથી સુખે ત્યાં રહેનારા શુકરાજે એક વખત રાત્રિના સમયે કોઇ સ્થળે સ્ત્રીને રૂદન કરતી સાંભળી. દયા અને સત્ત્વનો નિધિ એવો શુકરાજ તે સ્ત્રી પાસે ગયો, અને મધુર વચન કહી તેણે તેના દુઃખનું કારણ પૂછ્યું. તે સ્ત્રીએ કહ્યું. "શત્રુના સમુદાયથી પણ નહિ કંપનારી એવી ચંપાપુરીમાં શત્રુનું મર્દન કરનારો શત્રુમર્દન નામે રાજા છે. ગુણથી સાક્ષાત્ પદ્માવતી સમાન એવી તે રાજાની પદ્માવતી નામે પુત્રી છે. હું તેની ધાવમાતા હોવાથી એક વખત મેં તેને રમાડવા માટે ખોળામાં લીધી. એટલામાં જેમ સિંહ ગાય સહિત વત્સને હરણ કરે, તેમ કોઇ પાપી વિદ્યાધરે મ્હારા સહિત તે પુત્રીને વેગથી હરણ કરી. પછી મને અહિં મૂકી અને પુત્રીને સાથે લઇ તે વિદ્યાધર કાગડાની પેઠે ક્યાંય નાસી ગયો. માટે તે દુઃખથી હું રડું છું" એમ તે સ્ત્રીએ કહ્યું. ત્યારે શુકરાજે ધીરજ આપી અને તેને તાપસની ઝૂંપડીમાં મૂકી અને પોતે વિદ્યાધરની શોધ કરવા માટે નીકળ્યો. ભમતાં ભમતાં તે પાછલી રાત્રે જિનમંદિરના પાછલા ભાગે આવ્યો. ત્યાં ભૂમી ઉપર પડી આક્રોશ કરતા એક માણસને દયાળુ શુકરાજે જોયો, અને "તું કોણ છે, તને શું દુઃખ છે ?" એમ તેને પૂછ્યું. "દયાળુ હોય તેને સર્વ વાત સારી પેઠે કહેવી." એમ વિચારી તે પુરૂષે કહ્યું કે, ભગનવલ્લભ પુરનો રાજા જે એક પ્રસિદ્ધ વિદ્યાધર છે, તેનો હું પુત્ર છું. વાયુવેગ એવું મ્હારૂં સત્ય નામ છે. હું શત્રુમર્દન રાજાની પુત્રીને હરણ કરીને આ માર્ગે જતો હતો, એટલામાં તીર્થના ઉલ્લંઘનથી મ્હારી વિદ્યા ભ્રષ્ટ થઇ, તેથી હું અહિં પડયો. જેનાં સર્વે અંગ ઇજા પામ્યાં છે તેવો હું "પારકી કન્યાના અપહારના પાતકથી કોણ દુર્ગતિમાં પડે ?" એમ વિચારી તે પુત્રી અને તેના ઉપરનો રાગ પણ છોડયો. જેમ છૂટો થએલો પંખી બિલ્લને છોડી જાય છે, તેમ તે કન્યા મને મૂકીને ક્યાંય જતી રહી. લાભની ઇચ્છાથી મૂળ દ્રવ્યને પણ ખોઇ દેનાર એવા પાપી મને ધિક્કાર થાઓ. જે વાત જાણવામાં હતી તે જાણવામાં આવી, તેથી આનંદ પામેલા શુકરાજે શોધ અને ખોળ કરતાં મંદિરની અંદર દેખી

સરખી તે કન્યાને દીધી. પછી શુક્રરાજે ધાત્રીનો અને કન્યાનો મેળાપ કર્યો. ત્યારે તે બન્નેને ઘણો હર્ષ થયો. ઘણા ઉપાય કરી વિદ્યાધરને પણ શુક્રરાજે હલકે હલકે સાજો કર્યો. જીવતદાન રૂપ ઉપકારથી જાણે વેચાણોજ હોયની! એવો તે વિદ્યાધર, શુક્રરાજ ઉપર ઘણી પ્રિતિ રાખી તેનો સેવક થયો. પુણ્યનું મહાત્મ્ય અદ્‌ભુત છે. એક વખત શુક્રરાજે વિદ્યાધરને પૂછ્યું કે, "અરે વિદ્યાધર! આકાશગામિની વિદ્યા તહારી પાસે છે?" વિદ્યાધરે કહ્યું. "મહારાજ, છે; પણ તે બરાબર સ્ફુરણ પામતી નથી. કોઇ વિદ્યાસિદ્ધ પુરૂષ જો મ્હારા મસ્તક ઉપર પોતાનો હાથ મૂકીને વિદ્યા મને ફરીથી આપે, તો તે મને સિદ્ધ થશે. નહીં તો નહિં." શુક્રરાજે કહ્યું. "ત્યારે તું મને પ્રથમ એ વિદ્યા આપ એટલે હું વિદ્યાસિદ્ધ થઇ પછી તહારી વિદ્યા તને લીધેલા દ્રવ્યની પેઠે પાછી આપીશ." પછી વાયુવેગ વિદ્યાધરે સંતોષથી આકાશગામિની વિદ્યા શુક્રરાજને આપી ત્યારે તે પણ વિધિપૂર્વક સાધવા લાગ્યો. દૈવ અનુકૂળ અને પૂર્વભવનું પુણ્ય દ્રઢ હોવાથી પવિત્ર શુક્રરાજને આકાશ ગામિની વિદ્યા તુરત પ્રાપ્ત થઇ. પછી તેણે વિદ્યાધરને તે વિદ્યા પાછી આપી. તેને પણ મુખપાઠ હોય તેમ સિદ્ધ થઇ. તેથી બન્ને જણા આકાશગામી ભૂમિગામી થયા. વાયુવેગે બીજી પણ ઘણી વિદ્યાઓ શુક્રરાજને આપી. ગણત્રી કરાય નહીં એટલા પૂર્વ પુણ્યનો યોગ હોય તો મનુષ્યને દુર્લભ તે શું છે? પછી માંગલીઋષિની આજ્ઞાથી તે બન્ને જણા એક મ્હોટું વિમાન વિકૂર્વીને તથા તે બન્ને સ્ત્રીઓને સાથે લઇ ચંપા નગરીએ ગયા, અને મંત્રવાળો પુરૂષ જેમ પિશાચને કાઢી નાંખે, તેમ તેમણે રાજાને અપહારથી ઘણું દુઃખ થયું હતું, તે દૂર કર્યું. "શુક્રરાજ કોણ છે?" તે રાજાએ જાણવા માગ્યું, ત્યારે વાયુવેગે શુક્રરાજનો સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. તે ઉપરથી રાજાએ જાણ્યું કે, એ (શુક્રરાજ) મ્હારા મિત્રનો પુત્ર છે. શાસ્ત્રમાં મિત્ર પુત્રનો (શનિનો) રાજા (રવિ) શત્રુ છે, એમ કહ્યું છે, તો પણ આશ્ચર્યની વાત એ છે કે, તે મિત્ર પુત્ર ઉપર (શુક્રરાજ ઉપર) રાજા ઘણો પ્રેમ કરવા લાગ્યો, અને પછી તો તેણે હર્ષથી પોતાની પુત્રી પણ ચતુર એવા વર શુક્રરાજને આપી. એમ કરવાથીજ પ્રીતિ વધે છે. પછી ચંપાપુરીના રાજાએ

વર કન્યાનો મોટો વિવાહ ઉત્સવ કર્યો. તે સમયે વરનો ઘણોજ સત્કાર કર્યો. વધારે પ્રીતિ હોય ત્યાં એજ રીતિ છે. રાજાની ઘણી વિનતિથી શુક્રરાજ પદ્માવતીની સાથે ત્યાં કામવિલાસ કરતો કેટલોક કાળ રહ્યા. જેમ રસોઇ લવણથીજ ઘણી રૂચિકર થાય છે, તેમ આલોકનાં સર્વ કાર્યો પૂર્વ પુણ્યથીજ સફળ થાય છે, માટે વિવેકી પુરૂષે સાંસારિક કાર્યો કરતાં વચ્ચે યોગ્યતા માફક ધર્મકાર્યો પણ અવશ્ય કરવાં જોઇએ." એમ વિચારી એક દિવસે શુક્રરાજે રાજાની આજ્ઞા લીધી, પ્રિય પદ્માવતીને પણ પૂછ્યું, અને વિદ્યાધરને સાથે લઇ તે વૈતાઢ્ય પર્વત ઉપર ચૈત્યવંદન કરવા ગયો ચિત્ર વિચિત્ર જિનમંદિરથી શોભતા વૈતાઢ્ય પર્વતની શોભા જોતો તે શુક્રરાજ માર્ગે ચાલતાં ગગનવલ્લભ નગરમાં આવ્યો ત્યાં વાયુવેગે પોતાના માતા પિતાને શુક્રરાજનો કરેલો ઉપકાર કહ્યો, ત્યારે તેમણે હર્ષથી પોતાની વાયુવેગા નામે કન્યા શુક્રરાજને આપી. વિવાહ ઉત્સવ થઇ રહ્યા પછી તીર્થવંદના કરવા માટે શુક્રરાજ ઘણોજ ઉત્સુક થયો; તો પણ વાયુવેગના માતા પિતાએ અંતરંગની પ્રીતિથી ઘણો સત્કાર કરી તેને કેટલાક દિવસ રાખ્યો. ભાગ્યશાળી હોય કે અભાગી હોય, તેને તીર્થયાત્રા જેવાં ધર્મકૃત્યો કરતાં વિઘ્નો તો આવેજ, પણ તેમાં ફરક એટલોજ કે, ભાગ્યશાળીને ઠેર ઠેર થતો સત્કાર નડે છે, અને અભાગીને પગલે પગલે થતો તિરસ્કાર નડે છે. એક વખત કાંઇ પર્વ આવ્યું તેને ઉદ્દેશી વાયુવેગ અને શુક્રરાજ બન્ને જણા દેવતાની પેઠે વિમાનમાં બેસી તીર્થને વંદના કરવાને અર્થે ચાલ્યા. "શુક્રરાજ શુક્રરાજ" એમ પછવાડેથી ઉચ્ચ સ્વરથી બોલાવતી કોઇ સ્ત્રીને સાંભળી બન્ને જણા આશ્ચર્ય પામી ઉભા રહ્યા, અને "તું કોણ છે?" એમ પૂછ્યું, ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે, "હું ચક્રેશ્વરી નામની દેવી છું. જેમ સદ્‌ગુરૂની, તેમ ગોમુખ યક્ષની આજ્ઞાથી હું કાશ્મીર દેશની અંદર આવેલા વિમળાચળ તીર્થ ઉપર રક્ષા કરવા માટે જતી હતી, એટલામાં હું ક્ષિતિપ્રતિષ્ઠિતપુર ઉપર આવી, ત્યારે એક ઉચ્ચસ્વરથી રોતી સ્ત્રી મ્હારા સાંભળવામાં આવી. તેના દુઃખથી દુઃખી થયેલી હું તેજ વખતે નીચે ઉતરી. જે પારકા માણસને દુઃખી જોઇને મોતે દુઃખી થતો નથી, તે શું જીવતો માણસ કહેવાય? શોકથી આકુળ વ્યાકુળ

થએલી તે સ્ત્રીને ઘરના ઉદ્યાનમાં લક્ષ્મીની પેઠે જોઇને મેં તેને પૂછ્યું કે, "હે કમળાક્ષિ ! તને શું દુઃખ છે !" ત્યારે તેણે કહ્યું કે, "મ્હારા શુકરાજ નામના પુત્રને ગાંગલિ ઋષિ પોતાના આશ્રમમાં લઇ ગયો. ઘણો કાળ થયો પણ તેનું કાંઇ કુશળ વૃત્તાંત જણાતું નથી, માટે હું રૂદન કરું છું" પછી મેં કહ્યું. "હે ભદ્રે ! રૂદન કરીશ નહીં. હું ત્યાંજ જઉં છું. પાછી આવતાં હું ત્હારા પુત્રનું કુશળ વૃત્તાંત લેતી આવીશ" એ રીતે તેનું સમાધાન કરીને હું વિમળાચળ તીર્થે ગઈ. ત્યાં તું દીઠામાં આવ્યો નહીં, ત્યારે અવધિજ્ઞાનથી જાણીને હું અહિં આવી. માટે હે જાણ પુરૂષ ! તું અમૃત મેઘની પેઠે શીઘ્ર આવી આતુર થએલી માતાને પોતાના દર્શન રૂપ અમૃતથી સિંચન કર. જેમ સેવક સ્વામીના મન માફક વર્તે, તેમ વિશેષે કરી સુપુત્ર પોતાની માતાના, સુશિષ્ય પોતાના ગુરૂના અને સારી વહુઓ પોતાની સાસૂના મન માફક વર્ત્તે છે, માતા પિતા પોતાના સુખને અર્થે પુત્રોની ઇચ્છા કરે છે. તે પુત્રો જો દુઃખના કારણ થાય, તો પછી જળમાંથી અગ્નિ ઉત્પન થયો એમ સમજવું. માતા પિતામાં પણ માતા વિશેષ પૂજનીય છે. કારણ કે, પિતા કરતાં માતા હજારગણી અધિક છે, એમ કહેવાય છે. વળી કહ્યું છે કે—જેણે ગર્ભ ધારણ કર્યો, પ્રસૂતિને સમયે અતિ વિષમ વેદના સહન કરી અને બાળ્યાવસ્થામાં હ્યવરાવી, દૂધપાનની યતના રાખી, મળમૂત્ર કાઢી તથા સહતી વસ્તુ ખવરાવી ઘણા પ્રયાસથી રક્ષણ કર્યું, તે માતાજ પ્રશંસા કરવા યોગ્ય છે." એમ સાંભળી શુકરાજ આંખમાંથી શોકના બિંદુ માફક આંસુ પાડતો કહેવા લાગ્યો કે, "હે દેવિ ! સમીપ આવેલા તીર્થને વંદના ન કરતાં શી રીતે આવું ? ડાહ્યા પુરૂષે ગમે તેટલી ઉત્સુકતા હોય, તો પણ ઉચિત હોય તેજ અવશ્ય કરવું જોઇએ. જેમ અવસરે ભોજન કરીએ, તેમજ અવસર મળે ધર્મકૃત્ય પણ અવશ્ય કરવું જોઇએ. માતા આ લોકનો સ્વાર્થ કરનારી છે, અને આ તિર્થ તો આલોકમાં તથા પરલોકમાં હિતકારી છે, માટે હું ઉત્સુક છતાં પણ આ તિર્થને વંદના કરીને ત્યાં આવીશ. 'હું હમણાં આવ્યોજ' એમ તું માતાને કહેજે." શુકરાજે એમ કહ્યું, ત્યારે ચક્રેશ્વરી દેવીએ પણ શીઘ્ર તેમ કર્યું. શુકરાજ પણ વૈતાઢ્ય પર્વતના તિર્થ ઉપર આવ્યો. ત્યાં આશ્ચર્યનું સ્થાનક એવા શાશ્વત

ચૈત્યમાં શાશ્વતી જિન પ્રતિમાનું પૂજન કરી તે શુકરાજે પોતાનો મનુષ્ય-ભવ સફળ માન્યો. પાછા વળતાં નવી પરણેલી બે સ્ત્રીઓને તેણે સાથે લીધી. પછી બે સસરાની તથા માતામહ ગાંગલિ ઋષિની આજ્ઞા લઇ ઋષભ-દેવ ભગવાનના ચરણે લાગી તે સર્વોત્તમ વિમાનમાં બેઠો, અને ઘણા આ-ડંબરથી ઘણા વિદ્યાધરોનો સમુદાય સાથે લઈ પોતાના નગરના આગલા ભાગમાં આવ્યો. તે વખતે ઘણી પ્રશંસા કરતા તમામ નગરવાસી લોક તેને જોવા લાગ્યા. પછી જયંત જેમ ઇંદ્રની નગરીમાં પ્રવેશ કરે તેમ તે શુક-રાજે પોતાના પિતાની નગરીમાં પ્રવેશ કર્યો. ત્યારે મૃગધ્વજ રાજાએ 'પુત્ર કુશળ આવ્યો,' તેથી નગરમાં ઉત્સવ કર્યો. જેમ વર્ષાકાળનો મેઘ સર્વ ઠેકાણે વરસે છે, તેમ મ્હોટા પુરૂષોનો હર્ષ પણ સર્વ ઠેકાણે પ્રસરે છે. પછી શુકરાજ યુવરાજની પેઠે રાજ્યકાર્યને તપાસવા લાગ્યો. ઠીકજ છે, જે સમર્થ છતાં પિતાનો રાજ્યભાર હલકો ન કરે તે કાંઇ સુપુત્ર કહેવાય ? ક્રીડાના સાગર રૂપ વસંતઋતુ શરૂ થઇ, ત્યારે એક વખત મૃગધ્વજ રાજા પોતાના બે પુત્રોને સાથે લઈ પરિવાર સહિત ઉદ્યાનમાં ગયો. લાંજ મૂકી સર્વે લોકો જૂદા જૂદા ક્રીડા કરવા લાગ્યા એટલામાં સંભળાય નહીં એવો કળ-કળાટ એકદમ ઉત્પન્ન થયો. રાજાના પૂછવાથી કોઇ સુભટે તપાસ કરીને કહ્યું કે, "હે પ્રભો ! સારંગપુર પત્તનમાં વીરાંગ નામે રાજા છે. તેનો શૂર-નામા એ શૂરવીર પુત્ર, જેમ હાથી ઉપર હાથી ધસી આવે છે, તેમ પૂર્વ વૈરથી તમારા પુત્ર હંસ ઉપર ક્રોધથી ધસી આવ્યો છે." એમ સાંભળીને તર્ક કરવામાં કુશળ એવા મૃગધ્વજ રાજાએ મનમાં તર્ક કર્યો કે, " હું રા-જ્ય કરૂં છું, શુકરાજ કારભાર તપાસે છે, વીરાંગ મારો સેવક છે, એમ છ-તાં શૂર અને હંસ એ બેમાં મનને વિરુદ્ધ કરનારૂં વૈર પડવાનું કારણ શું હશે ?" એમ મનમાં વિચાર કરી મૃગધ્વજ રાજા ઉત્સુક થઇ શુકરાજ અને હંસરાજની સાથે શૂર તરફ દોડી જવા લાગ્યો. એટલામાં એક સેવકે આ-વીને રાજાને કહ્યું કે, " હે રાજન્ ! પૂર્વ ભવમાં હંસરાજે શૂરનો પરાભવ કર્યો હતો, તે વૈરથી એ (શૂર) હંસરાજની પાસે યુદ્ધ લડવા લાગે છે." તે સાંભળી મૃગધ્વજ રાજા અને શુકરાજ યુદ્ધની તૈયારી કરવા લાગ્યા; પણ શૂરવીર હંસરાજ, તેમને વારીને પોતે શીઘ્ર તૈયાર થઇ યુદ્ધ કરવા

ગયો. શૂર પણ ઘણાં શસ્ત્રો સાથે લઈ રણના ભયંકર રથ ઉપર ચઢી મ્હોટા અહંકારથી રણાંગણમાં આવ્યો. અર્જુન અને કર્ણની પેઠે તે બન્ને જણાનો શસ્ત્રથી થતો મ્હોટો સંગ્રામ બીજા સર્વ લોકો જોતાં છતાં ઘણો આશ્ચર્યકારી થયો. તે વખતે જેમને યુદ્ધ કરવાની ઘણી ઇચ્છા છે, એવા તે બન્ને જણા (શૂર અને હંસરાજ) જેમ શ્રાદ્ધભોજી બ્રાહ્મણો ભોજન કરતાં ધરાતા નથી, તેમ યુદ્ધ કરતાં કેટલાક કાળ સુધી ધરાયા નહીં. માંહો માંહે સરખા શૂરવીર, સરખા ઉત્સાહી અને સરખા બલિષ્ટ એવા તે બન્ને જણાને જોઈ જયશ્રીને પણ ક્ષણમાત્ર સંશય પડ્યો કે, હું હવે કોને વરું? એટલામાં જેમ ઇંદ્ર પર્વતની પાંખ તોડે, તેમ હંસરાજે શૂરનાં સર્વે શસ્ત્રો અનુક્રમે તોડી નાંખ્યાં. તેથી શૂર ઘણા ક્રોધમાં આવી મદોન્મત્ત હાથી સરખો થયો, અને વજ્ર જેવી મૂઠી વાળી હંસરાજને હણવા દોડ્યો. તે જોઈ મૃગધ્વજ રાજાના મનમાં શંકા આવી, તેથી તેણે શુકરાજાના મુખ તરફ જોયું. એટલે ચતુર શુકરાજે પિતાનો અભિપ્રાય જાણી તુરત હંસરાજના શરીરમાં પોતાની વિદ્યાઓ ઉતારી. હંસરાજે વિદ્યાના બળથી ક્ષણમાત્રમાં શૂરને ઉપાડ્યો, અને ઘણાં આક્ષેપ વચન કહી દડાની પેઠે ઘણોજ ઉંચો ફેંકી દીધો, શૂર પોતાનું સૈન્ય ઉલંઘીને સૈન્યના લુંછણાની પેઠે ઘણો દૂર એક બાજુ જઇને પડ્યો અને જબરી મૂર્છા પામ્યો. ત્યારે સેવકોએ તુરત તેની ઉપર પાણી છાંટ્યું, તેથી તે ઘણા પ્રયાસથી બાહ્યચેતના પામ્યો, અને કોપનું પ્રકટ ફળ જોઈ અંદર પણ ચેતી ગયો. પછી તે મનમાં વિચારવા લાગ્યો કે, "મેં ક્રોગટ ક્રોધથી પોતાનો પરાભવ કરાવ્યો અને અનંત દુઃખ આપનારો સંસાર પણ રૌદ્રધ્યાનથી કર્મબંધન કરીને ઉપાર્જ્યો. માટે મને ધિક્કાર થાઓ." એવા વિચારથી પોતાનો આત્મા શુદ્ધ કરી તથા વૈરબુદ્ધિનો ત્યાગ કરી શૂરે મૃગધ્વજ રાજાને અને તેના બે પુત્રોને ખમાવ્યા. પછી આશ્ચર્ય પામેલા મૃગધ્વજ રાજાએ શૂરને પૂછ્યું કે, "તું પૂર્વભવનું વૈર શી રીતે જાણે છે?" ત્યારે શૂરે કહ્યું કે, "અમારા નગરમાં શ્રીદત્ત કેવળી આવ્યા હતા. મેં તેમને મ્હારો પૂર્વભવ પૂછ્યો. તેથી તેમણે કહ્યું કે, "ભદ્દિલપુરમાં જિતારિ નામે રાજા હતો. હંસી અને સારસી નામે તેની બે સ્ત્રીઓ હતી, અને સિંહ નામે મંત્રી હતો. તે રાજા કોઇ અભિગ્રહ લઇ તીર્થયા-

ત્રાએ નીકળ્યો. કાશ્મીર દેશની અંદર યક્ષે ઉતારેલા શ્રીવિમળ તીર્થ ઉપર તેણે જિનભગવાનને વંદના કરી. ત્યાં વિમળપુરની સ્થાપના કરી ઘણો કાળ રહ્યો. સમય જતાં જિતારિ રાજા મરણ પામ્યો. પછી સિંહ મંત્રી રાજાના સર્વ પરિવારને અને નગરવાસી લોકોને સાથે લઇ ભદ્રિલપુર તરફ ચાલ્યો. હીકજ છે, જનની (માતા), જન્મભૂમિ, પાછલી રાત્રિની નિદ્રા, ઇષ્ટ વસ્તુનો સંયોગ અને સારી ચાલતી વાત એ પાંચ વાનાંનો ત્યાગ કરવો બહુ મુશ્કેલ છે. અર્ધો માર્ગ ઉલ્લંઘન કરી ગયા પછી મંત્રીને યાદ આવ્યું કે, "આપણી એક ઉત્તમ વસ્તુ ભૂલથી ત્યાં રહી ગઇ." ત્યારે મંત્રીએ એક દૂતને કહ્યું કે, "અરે! તું હમણાંજ વિમળપુરે જા અને તે વસ્તુ તુરત લઇ આવ." દૂતે કહ્યું. "હું વસ્તી વગરના નગરમાં એકલો શી રીતે જઉં?" ત્યારે મંત્રીએ રોષમાં આવી તેને જમરાઇથી મોકલ્યો. તે દૂત પણ વિમળપુર આવ્યો. પરંતુ એક ભિલ્લ તે વસ્તુને ઉપાડી પોતાને ઘેર લઈ ગયાથી તે વસ્તુ દૂતને મળી નહીં. ત્યારે દૂતે તે પ્રમાણે મંત્રી આગળ આવીને કહ્યું. તેથી મંત્રી ઘણો ગુસ્સે થયો. "તેંજ લીધી" એમ કહી તેણે તે દૂતને ઘણો માર માર્યો અને મૂર્છા ખાઇ પડેલા તેને માર્ગમાંજ મૂકીને તે આગળ જતો રહ્યો. લોભથી માણસને કેટલી મૂઢતા પ્રાપ્ત થાય છે? તેને ધિક્કાર થાઓ. મંત્રી સર્વ પરિવાર સહિત થોડા વખતમાં પોતાના ભદ્રિલપુરમાં આવ્યો. આણી તરફ તે દૂત પણ શીતળ પવનથી ચેતના પામ્યો. સ્વાર્થ સાધવા તત્પર એવો સર્વ સાથ ગએલો જોઇ તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, "પોતાની પ્રભુતાના અહંકારથી ઉન્મત્ત એવા અધમ મંત્રીને ધિક્કાર થાઓ. કહ્યું છે કે—ચોર, બાળક, ગાંધિક, સુભટ, વૈદ્ય, પરોણા, વેશ્યા, કન્યા, અને રાજા એ નવ જણા પારકું દુઃખ જાણતા નથી. એમ વિચારી તે દૂત, માર્ગ અજાણ્યો હોવાથી અટવીમાં ફરતાં ફરતાં ક્ષુધાથી તથા તૃષાથી ઘણો દુઃખી થયો, અને મનમાં આર્ત્ત રૌદ્રધ્યાન કરી મરણ પામ્યો. તેજ દૂતનો જીવ ભદ્રિલપુરના જંગલમાં ઘણો વિકરાળ સર્પ થયો. તે સર્પ કોઇ વખતે ત્યાં આવેલા મંત્રીને ઘણા રોષથી કરડ્યો. તેથી મંત્રી મરણ પામ્યો. સર્પ પણ મરણ પામી નરકે ગયો. નરકથી નીકળીને તે વીરાંગ રાજાનો પુત્ર થયો. મંત્રી મરણ પામી વિમળાચળ પર્વત ઉપરની વાવડીના જળને

વિષે હંસનું બચ્ચું થયો. તેને વિમળાચળના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. " પૂર્વભવે મેં સમ્યક્‌પ્રકારે જિનમહારાજની આરાધના કરી નહીં, તેથી મને તિર્યંચપણું પ્રાપ્ત થયું. " એમ વિચારી તે હંસબાળક ચાંચમાં લાવેલા ફૂલથી નિમહારાજની પૂજા કરવા લાગ્યો. ઉદકથી બે પાંખો ભરીને તે ભગવાનને નવરાવે. એવી આરાધના કરી, મરણ પામી મંત્રીનો જીવ હંસ, સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. તે ત્યાંથી ચ્યવીને લાલમાં મૃગધ્વજ રાજાનો હંસરાજ નામે પુત્ર થયો છે. " શ્રીદત્ત મુનિરાજનું એવું વચન સાંભળવાથી મને જાતિસ્મરણની પેઠે પૂર્વભવના સર્વ વૈરનું સ્મરણ થયું. અને " હંસને હમણાં મારી નાંખુ " એમ અહંકારથી જલ્પના કરતો હું અહિં આવ્યો. આવતાં મ્હારા પિતાએ મને ઘણો વાર્યો, તો પણ મેં તેનું વચન માન્યું નહીં. અહિં આવ્યા પછી તહારા પુત્રે હમણાં સંગ્રામમાં મને જીત્યો. ભાગ્યથી મળેલા એવા એજ વૈરાગ્યથી હું શ્રીદત્ત મુનિરાજની પાસે દીક્ષા લઇશ " દુષ્કર્મ રૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન શૂરે એમ કહી પોતાને સ્થાનકે આવી તુરતજ દીક્ષા લીધી. ઠીકજ છે, ધર્મના કાર્યમાં ઉતાવળ કરવી એજ બહુ વખાણવા લાયક છે. જે માણસનું જે ચીજ ઉપર મન હોય, તે ચીજ ઉપર આસક્ત થએલા બીજા માણસને જોઇને તે ઘણોજ ઉત્સુક થાય છે એવી રીતે છે, તેથી મૃગધ્વજ રાજા પણ દીક્ષા લેવાને ઘણો આતુર થઇ મનમાં વિચારવા લાગ્યો કે, " શાશ્વત આનંદનો મેલાપ કરનારો વૈરાગ્યરંગ હજુ કેમ મ્હારા ચિત્તમાં ઉત્પન્ન થતો નથી ? અથવા કેવળી ભગવાને તે વખતે કહ્યું છે કે, " જ્યારે તું ચંદ્રવતીના પુત્રને જોઇશ, ત્યારે તને યોગ્યતાની પ્રાપ્તિ થવાથી સારો વૈરાગ્ય થશે. " " ચંદ્રવતીને તો હજુ પણ વંધ્યાની પેઠે પુત્ર થતો નથી, માટે શું કરૂં ?" એમ વિચાર કરતો મૃગધ્વજ રાજા એકાંતમાં બેઠો હતો, એટલામાં તરૂણ અવસ્થાથી ઘણા શોભતા એવા એક પુરૂષે ત્યાં આવી મૃગધ્વજ રાજાને નમસ્કાર કર્યો. રાજાએ " તું કોણ છે ?" એમ તેને પૂછ્યું. તે પુરૂષ રાજાને ઉત્તર આપે છે, એટલામાં દિવ્ય આકાશવાણી ઉત્પન્ન થઇ, કે " હે રાજન્ ! એ (આવેલો પુરૂષ) ચંદ્રવતીનો પુત્ર છે, એમ તું જાણ. આ વાતમાં તને જો કાંઇ સંશય

લાગતો હોય તો અહિંથી ઇશાન કોણમાં પાંચ યોજન ઉપર બે પર્વતોની વચ્ચે એક કદળીવન છે, ત્યાં યશોમતી નામે જાણ યોગિની રહે છે તેની પાસે જઈને તું તપાસ કર તે તને સર્વ હકીકત કહેશે." એવી દિવ્ય આકાશવાણી સાંભળીને મૃગધ્વજ રાજા મનમાં ઘણું આશ્ચર્ય પામવા લાગ્યો અને તે પુરૂષને સાથે લઈ ઈશાન કોણમાં કહેલા સ્થાનકે ગયો. ત્યાં યોગિની પણ જોવામાં આવી. યોગિનીએ રાજાને પ્રીતિથી કહ્યું કે, "હે રાજન્! તે જે દિવ્ય વચન સાંભળ્યું, તે સત્ય છે. સંસાર રૂપી વિકટ જંગલની અંદર આવેલો માર્ગ ઘણોજ વિષમ છે. જ્યાં તહારા જેવા તત્ત્વજ્ઞાની પુરૂષો પણ મુંઝાઇ જાય છે. એ ઘણી આશ્ચર્યની વાત છે. હે રાજન્! આ પુરૂષનું મૂળથી માંડીને વૃત્તાંત કહું છું, તે તું સાંભળ.

ચંદ્રપુર નગરમાં ચંદ્રમા જેવા આલ્હાદકારી જશવાળો સોમચંદ્ર નામે રાજા અને ભાનુમતી નામે તેની રાણી હતી. એક યુગલ (જોડલું) હેમવંત ક્ષેત્રથી સૌધર્મ દેવલોકનાં સુખ ભોગવીને ભાનુમતીના ગર્ભનાં અવતર્યું. ભાનુમતીને વખત જતાં જ્ઞાતિવર્ગને આનંદ પમાડનારા પુત્ર અને પુત્રી થયાં. તેમાં પુત્રનું નામ ચંદ્રશેખર અને પુત્રીનું નામ ચંદ્રવતી પાડયું. સાથે વૃદ્ધિ પામતા અને જાણે સ્પર્ધાથીજ હોયની! તેમ એક કરતાં એક વધારે શોભતા એવા તે બન્ને જણાને જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલામાં સોમચંદ્ર રાજાએ ચંદ્રવતીને તહારી સાથે પરણાવી, અને ચંદ્રશેખરનું યશોમતી નામે રાજકન્યાની સાથે પાણિગ્રહણ કરાવ્યું. પૂર્વભવના અભ્યાસથી ચંદ્રશેખર અને ચંદ્રવતી એ બન્ને જણાં માંહે માંહે ઘણાં અનુરાગી થયાં અને કામવાસનાથી પૂર્વભવ માફક સંબંધ કરવાની ઇચ્છા કરવા લાગ્યાં. એવા સંબંધને ધિક્કાર થાઓ! આ સંસારમાં જીવોને મુખથી ઉચ્ચારણ કરાય નહીં, એવી માઠી વાસના ઉત્પન્ન થાય છે. જેથી ચંદ્રશેખર અને ચંદ્રવતી જેવાં ઉત્તમ સ્ત્રી પુરૂષને પણ આવો કુમાર્ગ સૂઝે છે! હે રાજન્! જ્યારે તું ગાંગલિ ઋષિના આશ્રમે ઘણીજ ઉતાવળથી એકદમ ગયો, ત્યારે પોતાના ઇષ્ટ મનોરથ પૂર્ણ કરવાને અર્થે ચંદ્રવતીએ ચંદ્રશેખરને હર્ષથી તેડાવ્યો. તે (ચંદ્રશેખર) તહારૂં રાજ્ય લેવા માટેજ આવ્યો હતો, પણ ઉત્તંભકથી જેમ અગ્નિ દાહ કરી શકતો નથી, તેમ તે

તારા પુણ્યથી પોતાની મતલબ પાર પાડી શકયો નહીં. પછી ચંદ્રવતી અને ચંદ્રશેખર એ બન્ને જણાં ચતુર એવા તને ભોળાની પેઠે ઠગવાની બુદ્ધિથી શીઘ્ર નાના પ્રકારના વચનની યુક્તિ કરીને વારે વારે સમજાવતાં હતાં. એક વખતે ચંદ્રશેખરે કામદેવ નામા યક્ષની આરાધના કરી. તેણે પ્રકટ થઇને કહ્યું કે, "અરે ચંદ્રશેખર! હું તારૂં શું પ્રિય કરૂં?" ચંદ્રશેખરે કહ્યું. "તું મને શીઘ્ર ચંદ્રવતી આપ." તે સાંભળી યક્ષે તેને અંજન આપીને કહ્યું કે, "મૃગધ્વજ રાજા ચંદ્રવતીના પુત્રને પ્રત્યક્ષ જોશે નહીં. ત્યાં સુધી ચંદ્રવતીની સાથે કામવિલાસ કરતાં તને કોઇ પણ આ અદૃશ્યકરણ અંજનથી જાણશે નહીં. જ્યારે મૃગધ્વજ રાજા ચંદ્રવતીના પુત્રને જોશે, ત્યારે આ સર્વ વાત્ત પ્રકટ થશે." યક્ષની એવી ઉક્તિ સાંભળીને આનંદ પામેલો ચંદ્રશેખર ચંદ્રવતીને મંદિરે ગયો. ત્યાં અંજનયોગથી અદૃશ્ય રહી ઘણા કાળ સુધી ઇચ્છા પ્રમાણે ક્રીડા કરનાર ચંદ્રશેખરથી ચંદ્રવતીને ચંદ્રાંક નામે પુત્ર થયો. યક્ષના પ્રભાવથી પુત્રજન્મ કોઇના પણ જાણવામાં આવ્યો નહીં. પુત્ર ઉત્પન્ન થતાંજ ચંદ્રશેખરે તેને પોતાની સ્ત્રી યશોમતીને સોંપ્યો. પતિનું મુખ પણ નહીં જોનારી એવી તે યશોમતીએ પણ પોતે પ્રસવેલા પુત્રની પેઠે તેનું લાલન પાલન કર્યું. સ્ત્રીઓનો સ્નેહ અદ્‌ભુત છે. પતિના ઘણા વિયોગથી પીડાયલી તે યશોમતી પોતાની તરૂણ અવસ્થાની પ્રાપ્તિથી અને સૌંદર્યથી શોભતા તે પુત્રને જોઇને મનમાં ચિંતવવા લાગી કે, "જેનો પતિ હમેશ પરદેશ જાય છે, તે સ્ત્રી જેમ પતિને જોઇ પણ શકતી નથી; તેમ ચંદ્રવતી ઉપર જેનું ચિત્ત ઘણું આસક્ત છે એવા ચંદ્રશેખર પતિને હું જોઈ પણ શકતી નથી. માટે પોતે ઉછેરેલા ઝાડનું ફળ જેમ પોતે ભોગવવું, તેમ પોતે પાલન કરેલા આ રમણીય પુત્રનેજ હું રમણ (પતિ) કરીને પાલન કર્યાનું ફળ લેઉં." એમ વિચારી વિવેક અને ડાહાપણ કોરે મૂકી તેણે પુત્રને કહ્યું કે, "હે ભદ્ર! જો તું મ્હારો અંગીકાર કરીશ, તો તને સંપૂર્ણ રાજ્ય મળશે, અને હું પણ તારા વશ્યમાં રહીશ." એવું વચન સાંભળી અકસ્માત્ થએલા ભયંકર પ્રહારથી જેમ માણસને વેદના થાય છે, તેવી વેદના પામેલો ચંદ્રાંક પુત્ર કહેવા લાગ્યો. "હે માત! તું આ મુખથી બોલાય નહીં અને કાનથી પણ

સંભળાય નહીં એવું અયુક્ત વચન કેમ બોલે છે?" યશોમતીએ કહ્યું. "હે સુંદર! હું તમારી માતા નથી, પણ મૃગધ્વજ રાજાની રાણી ચંદ્રવતી તે તમારી માતા છે." એવું વચન સાંભળીને સત્યપ્રિય ચંદ્રાંકનું મન ખરી વાત જાણવાને અર્થે ઘણું આતુર થયું. તેણે સંભળાય નહીં એવાં યશોમતીના વચનનો તિરસ્કાર કર્યો અને ખરાં માતા પિતાની પરીક્ષા કરવાને તથા તેમને જોવાને ત્યાંથી નીકળ્યો, તે આજ તને આવીને મળ્યો. તે યશોમતી બગલીની પેઠે પતિથી અને પુત્રથી ભ્રષ્ટ થઈ. બન્નેના વિયોગથી તેને વૈરાગ્ય થયો. દીક્ષા લેવાનો વિચાર હતો, પણ જૈન સાધ્વીનો યોગ નહિ મળવાથી તે યોગિની થઇ. તેજ યશોમતી હું છું. સારા ભવની ભાવના ભાવવાથી મને શીઘ્ર કેટલુંક જ્ઞાન થયું, તેથી હું આ સર્વ વાત જાણું છું. તેજ દક્ષ યક્ષે આકાશવાણીના રૂપે મ્હારી આગળ આ સર્વ વાત કહી. તે મેં તને જેવી હતી તેવી કહી સંભળાવી." નહિ સાંભળવા લાયક એવી તે વાત સાંભળીને મૃગધ્વજ રાજાને ઘણો ક્રોધ ચઢ્યો, અને તેના મનમાં ઘણો ખેદ પણ ઉત્પન્ન થયો. ઘરનું ખરાબ વૃત્તાંત સાંભળવાથી કોના ચિત્તને બળતરા ન થાય? પછી સત્ય ભાષણ કરનારી યોગિનીએ મૃગધ્વજ રાજાને પ્રતિબોધ કરવાને અર્થે યોગિનીની ભાષાની રીત પ્રમાણે મધુર વચનથી કહ્યું. તે આ રીતે:—

કવણુકેરા પુત્તા મિત્તા, રે કવણુ કેરી નારી ॥
મોહે મોહ્યા મેરી મેરી, મૂઢ ગણે અવિચારી ॥ ૧ ॥
જગ જાગને જોગી હો, જોઇને જોગવિચારા ॥
મેલ્હિ અમારગ આદરિ મારગ, જિમ પામે ભવપારા ॥રા॥આંક૦॥
અતિહિ ગહના અતિહિ કૂડા, અતિહિ અથિર સંસારા ॥
ભામુ છાંડી યોગ જુ માંડી, કીજે જિનધર્મ સારા ॥૩॥ જાગ૦ ॥
મોહે મોહિઓ કોહે ખોહિઓ, લોહે વાહિઓ ધાઈ ॥
મુહિઆ બિહું ભવિ અવર કારણિ, મૂરખ દુખિઓ થાઇ ॥૪॥ જા૦॥
એકને કાજે બિન્હે ખચે, ત્રણે સંચે ચારે વારે ॥
પાંચે પાળી છએ ટાળી, આપે આપ ઉતારે ॥ ૫ ॥ જાગ૦ ॥

(ઇતિ યોગિનોની વાણી)

એ યોગિનીની વાણી સાંભળી મૃગધ્વજ રાજાનું ચિત્ત શાંત અને વિરાગી થયું. પછી મૃગધ્વજ રાજા તે યોગિનીની આજ્ઞા લઇ ચંદ્રાક પુત્ર સહિત પોતાના પુરના ઉદ્યાને ગયો. ચંદ્રાકને મોકલી પોતાના પુત્રોને તથા મંત્રી આદિકને તેડાવ્યા, અને સંસારથી ઉદ્વિગ્ન અને તત્ત્વમાં નિમગ્ન થઇ તેણે સર્વ પરિવારને કહ્યું કે, "હું હવે તપસ્યાનો અંગીકાર કરીશ, કારણ કે, દ્વાસ સરખા આ સંસારથી મ્હારો ઘણો પરાભવ થયો. હવે પછી શુકરાજને રાજ્ય આપવું. હું હવે ઘેર આવીશ નહીં." મંત્રીઆદિ લોકોએ કહ્યું. "હે મહારાજ! ઘેર પધારો. ઘેર પધારવામાં શું દોષ છે? મનમાં મોહ ન હોય તો ઘર પણ જંગલ સમાન છે, અને જો મોહ હોય તો જંગલ પણ ઘર માફક કર્મબંધ કરનારૂં છે. સાર એ છે કે, જીવને બંધનમાં નાંખનારો માત્ર એક મોહજ છે." મંત્રી આદિકના આગ્રહથી રાજા પરિવાર સહિત ઘેર આવ્યો. ત્યારે ચંદ્રશેખરે રાજાના પડખામાં ચંદ્રાકને દીઠો. તેને દેખતાંજ ચંદ્રશેખરને યક્ષનું વચન યાદ આવ્યું કે, તુરતજ તે કોઇ પણ જાણે નહીં એવી રીતે, જેમ જીવ એક સમયમાં અલોક સુધી પહોંચે છે, તેમ વેગથી પોતાને નગરે ગયો. મૃગધ્વજ રાજાએ ઘણા ઉત્સવથી શુકરાજને રાજ્ય આપ્યું, અને દીક્ષા લેવા માટે સમ્મતિ એજ પુત્ર પાસેથી લીધી. રાજ્યાભિષેકનો ઉત્સવ થઇ રહ્યા પછી રાત્રિ થઇ. યુક્તજ છે, રાજા (ચંદ્ર તથા પૃથ્વીનો પાળક) જ્યારે નવા ઉદયથી શોભે, ત્યારે રાત્રી ઉલ્લાસ પામે એમાં શું આશ્ચર્ય! ચોતરફથી અંધકારનો સમુદાય ફેલાઇ રહ્યો. તો પણ જ્ઞાનરૂપ ઉદ્યોત ઉજ્વલ હોવાથી જેના ચિત્તમાં લેશમાત્ર, અંધકાર (અજ્ઞાન) નથી, એવો મૃગધ્વજ રાજા મનમાં વિચારવા લાગ્યો કે, "પ્રાતઃકાળ ક્યારે થસે? અને હું દીક્ષા લઇને હર્ષ ક્યારે પામીશ? અતિચાર રહિત સુંદર ચારિત્રની મર્યાએ હું ક્યારે ચાલીશ? અને સકળ કર્મનો ક્ષય ક્યારે કરીશ?" એવી રીતે ઉત્કર્ષની છેલ્લી મર્યાદાએ પહોંચેલા અને શુભ ધ્યાનમાં તલ્લીન થએલા મૃગધ્વજ રાજાએ રાત્રિએ એવી શુભ ભાવના ભાવી કે, જેથી પ્રાતઃકાળ થતાંજ રાત્રિની સાથે ઘનઘાતી કર્મ પણ અત્યંત ક્ષય પામ્યાં! અને તેની (કર્મની) સાથે સ્પર્ધા હોવાથીજ કે શું? અનાયાસે તેને કેવળજ્ઞાન પણ

પ્રાપ્ત થયું. સાંસારિ કૃત્યો કરવાને અર્થે ગમે એટલો પ્રયત્ન કરો તે સર્વ નિષ્ફળ છે; પરંતુ આશ્ચર્યની વાત છે કે, દીક્ષા જેવું ધર્મકૃત્ય કરવાની માત્ર શુભ ભાવનાથીજ મૃગધ્વજ રાજાની પેઠે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. સર્વજ્ઞ માટેજ નિર્ગ્રંથ મુનિરાજોમાં શિરોમણિ થએલા તે મૃગધ્વજ રાજાને તુરત સાધુનો વેષ આપનારા દેવતાઓએ મહોટો ઉત્સવ કર્યો. તે સમયે આનંદ અને આશ્ચર્ય પામેલા શુકરાજ ઇત્યાદિ લોકો ત્યાં આવ્યા. મૃગધ્વજ રાજર્ષિએ પણ અમૃત સરખી દેશના દીધી કે:—"હે ભવ્ય જીવો! સાધુ ધર્મ અને શ્રાવકધર્મ એ બે સંસારરૂપ સમુદ્રને વિષે સેતુબંધ છે. તેમાં પહેલો સીધો પણ કઠણ માર્ગ છે, અને બીજો વાંકો પણ સુખે જવાય એવો માર્ગ છે. એમાં જે માર્ગે જવાની ઇચ્છા હોય તે માર્ગે જાઓ." એવી દેશના સાંભળી કમળમાલા, સદ્ધર્મ રૂપ સરોવરને વિષે હંસ સમાન હંસરાજ અને ચંદ્રાંક એ ત્રણે જણા પ્રતિબોધ પામ્યા, અને દીક્ષા લઈ વખત જતાં સિદ્ધ થયાં. શુકરાજ વગેરે લોકોએ સાધુધર્મ ઉપર શ્રદ્ધા રાખી શક્તિ મા-ફક દૃઢ સમકિત પૂર્વક બાર વ્રત લીધાં. મૃગધ્વજ રાજર્ષિએ તથા ચંદ્રાંકે વિરાગી થવાથી અસતી ચંદ્રવતીનું કુકર્મ કોઇ ઠેકાણે પણ મુખમાંથી બહાર કાઢ્યું નહીં દૃઢ વૈરાગ્ય હોય તો પારકા દોષ પ્રગટ કરવાનું પ્રયોજન શું? ભવાભિનંદી જીવોજ પારકી નિંદા કરવામાં નિપુણ હોય છે. પોતાની સ્તુતિ કરવી અને પારકી નિંદા કરવી એ નિર્ગુણી માણસનું લક્ષણ છે, તથા પોતાની નિંદા કરવી અને પારકી સ્તુતિ કરવી એ ગુણી માણસનું લક્ષણ છે, કેવળજ્ઞાનથી સૂર્ય સમાન મૃગધ્વજ રાજર્ષિ પોતાના ચરણથી પૃથ્વીને પવિત્ર કરવા લાગ્યા અને ઇંદ્ર સરખો પરાક્રમી શુકરાજ રાજ્ય કારભાર ચલાવવા લાગ્યો.

અન્યાયી લોકોમાં અગ્રેસર એવો ચંદ્રશેખર ફરીથી ચંદ્રવતી ઉપર ઘણો સ્નેહ અને શુકરાજ ઉપર ઘણો દ્વેષ કરવા લાગ્યો. તેણે એક વખત અતિશય ક્લેશ થવાથી રાજ્યની અધિષ્ઠાયક ગોત્રદેવીની ઘણા કાળ સુધી આરાધના કરી. વિષયાંધ પુરૂષના કદાગ્રહને ધિક્કાર થાઓ! અધિષ્ઠાયક દેવીએ પ્રકટ થઇ ચંદ્રશેખરને કહ્યું કે, "હે વત્સ! વર માગ." ચંદ્રશેખરે કહ્યું. "હે દેવિ! શુકરાજનું રાજ્ય મને આપ." દેવીએ કહ્યું. 'જેમ

સિંહ આગળ હરિણીનું કાંઇ પણ પરાક્રમ ચાલે નહી." તેમ દૃઢ સમ્યકત્વ ધારી શુકરાજ આગળ મારૂં પરાક્રમ ચાલે નહિ, એમ ચંદ્રશેખરે કહ્યું. "હે દેવિ! જો તું પ્રસન્ન થઇ હોય, અને મને વર આપતી હોય, તો બળથી અથવા છળથી મ્હારૂં ઉપર કહેલું કાર્ય કર." ચંદ્રશેખરની આ વગેરે ઉક્તિથી તથા ભક્તિથી સંતુષ્ટ થએલી દેવીએ કહ્યું. "અહિં છળનુંજ કામ છે, બળનું નથી. કોઇ વખતે શુકરાજ બહાર ગામ જાય, ત્યારે તું શિઘ્ર રાજમહેલમાં જા. મ્હારા પ્રભાવથી તહારૂં રૂપ તદ્દન શુકરાજ જેવુંજ થશે. તેથી તું શુકરાજનું રાજ્ય યથેચ્છ ભોગવ." એમ કહીને દેવી અદૃશ્ય થઈ. ચંદ્રશેખરે ઘણા સંતોષથી એ વાત ચંદ્રવતીને કહી. એક વખતે તીર્થ યાત્રા કરવાને મન ઉત્સુક થવાથી શુકરાજે પોતાની બે સ્ત્રીઓને કહ્યું કે, "હે પ્રિયાઓ! હું વિમળાચળ તીર્થને વંદન કરવા માટે તે આશ્રમે જવાનો વિચાર કરૂં છું." સ્ત્રીઓએ કહ્યું. "ત્યારે અમે પણ સાથે આવીએ. કેમકે, અમને પણ અમારા પુજ્ય માત પિતાનો મેલાપ થશે." પછી શુકરાજ પોતાની બે સ્ત્રીઓને સાથે લઇ કોઇને પણ ન કહેતાં દેવતાની પેઠે વિમાનમાં બેસી વિદાય થયો. એ વાતની કોઇને પણ ખબર પડી નહીં. ચંદ્રવતીનું ચિત્ત એ વાત તરકજ હોવાથી તેણે આ વાત જાણી તુરત ચંદ્રશેખરને જણાવી. તે પણ જેમ પરકાયામાં પ્રવેશ કરવો, તેમ છળથી શીઘ્ર તે નગરમાં આવ્યો, કે તુરતજ તે રૂપથી શુકરાજ સરખો થયો. રૂપધારી સુગ્રીવ જેવા તે દાંભિકને સર્વે જનો શુકરાજ સમજવા લાગ્યા. રાત્રે મ્હોટો પોકાર કરીને ચંદ્રશેખર ઉઠ્યો અને કહેવા લાગ્યો કે, "અરે દોડો દોડો! એ વિદ્યાધર મ્હારી બે સ્ત્રીઓને હરણ કરી જાય છે?" તે સાંભળી મંત્રી વગેરે સર્વે લોકો હાહાકાર કરતા ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કે, "હે પ્રભો! તમારી તે સર્વે વિદ્યાઓ ક્યાં ગઇ?" ચંદ્રશેખરે દુઃખી માણસ જેવી મુદ્રા દેખાડીને કહ્યું કે, "હું શું કરૂં? તે દુષ્ટ વિદ્યાધરે યમ જેમ પ્રાણ ખેંચી લે છે, તેમ મ્હારી વિદ્યાઓ પણ હરણ કરી." ત્યારે લોકોએ કહ્યું. "હે મહારાજ! તે વિદ્યાઓ અને સ્ત્રીઓ ભલે જાઓ. આપ મહારાજનું શરીર કુશળ છે તેથી અમે સંતુષ્ટ છીએ" એવી રીતે પૂરેપૂરા કપટથી સર્વ રાજકુળને ઠગીને ચંદ્ર-

વતીને પ્રીતિ ઉપજાવતો ચંદ્રશેખર રાજ્ય કરવા લાગ્યો.

શુકરાજ વિમળાચળ તીર્થને વંદના કરી સસરાને નગરે ગયો. ત્યાં કેટલાક દિવસ રહીને પોતાના નગરના ઉદ્યાનમાં આવ્યો. પોતાના કુકર્મથી શંકા પામેલો ચંદ્રશેખર ગોખમાં બેઠો હતો. એટલામાં સામા આવતાં શુકરાજને જોઇને આકુળ વ્યાકુળ થયો, અને હાહાકાર કરી મંત્રીને કહેવા લાગ્યો કે, "જેણે મ્હારી બે સ્ત્રીઓ અને વિદ્યાઓ હરણ કરી, તેજ આ દુષ્ટ વિદ્યાધર મહારૂં રૂપ કરીને મને ઉપદ્રવ કરવા આવે છે. માટે મધુર વચનથી કોઇ પણ રીતે તેને ત્યાંથીજ શીઘ્ર પાછો વિદાય કર. બળવાન્ પુરૂષ આગળ સમતાથી વર્તવું એજ પોતાનું મ્હોટું બળ સમજવું." "દક્ષ પુરૂષની સહાય્યથી દુઃસાધ્ય કાર્ય પણ સુસાધ્ય થાય છે." એમ વિચારી મંત્રી કેટલાક દક્ષ પુરૂષોની સાથે લઇ ગયો. "આ સર્વ લોકો મારી સામા આવે છે." એમ સમજી ઘણો હર્ષ પામેલો શુકરાજ પોતાના વિમાનમાંથી ઉતરીને આમ્રવૃક્ષને તળે આવ્યો. વિવેકી મંત્રી પણ ત્યાં ગયો, અને ખરા શુકરાજને નમસ્કાર કરી કહેવા લાગ્યો. કે, "હે વિદ્યાધરેંદ્ર! તમારી શક્તિ વાદિની ઉક્તિ માફક અસ્ખલિત છે. કારણ કે, તમે, અમારા સ્વામિની બે સ્ત્રીઓ અને સર્વ વિદ્યાનું હરણ કરી, હવે શીઘ્ર પ્રસન્ન થઈ આપ વેગથી પોતાના સ્થાનકે પધારો."

મંત્રીનું આવું વચન સાંભળી "એનું ચિત્તભ્રમ થયું, મગજ ફરી ગયું, વાયુ થયો, કે પિશાચ વળગ્યું?" ઇત્યાદિ મનમાં તર્ક કરી આશ્ચર્ય પામતા શુકરાજે કહ્યું કે, "હે મંત્રિન્! તેં આ શું કહ્યું? અરે હું શુકરાજ છું!" મંત્રીએ કહ્યું. "હે વિદ્યાધર! શુકરાજની પેઠે મને પણ તું ઠગે છે કે શું? મૃગધ્વજ રાજાના વંશરૂપ આમ્રવૃક્ષને વિષે શુક સમાન (પોપટ સરખો) અમારો પ્રભુ શુકરાજ રાજમહેલમાં છે. તું તો કોઇ વેષધારી વિદ્યાધર છે. વધારે શું કહીયે? જેમ ઉંદર બિલાડીના દર્શનથી પણ ડરે છે, તેમ અમારો પ્રભુ શુકરાજ તારા દર્શનથી પણ ધ્રૂજે છે, અને બહુ ડરે છે. માટે તું શીઘ્ર અહિંથી જા." ચિત્તમાં ખિન્ન થયેલા શુકરાજે વિચાર્યું કે, "નક્કી કોઇ કપટીએ છળ ભેદથી મ્હારા જેવું રૂપ કરીને મ્હારૂં રાજ્ય લીધું. કહ્યું છે કે—૧ રાજ્ય, ૨ ભક્ષણ કરવા યોગ્ય

વસ્તુ, ૩ શય્યા, ૪ રમણીય ઘર, ૫ રૂપવંતી સ્ત્રી, અને ૬ ધન એ છ વસ્તુઓને ઘણીની ગેરહાજરીમાં પારકા લોકો હરણ કરે છે. હવે શું કરવું ? જો હું એને મારીને પોતાનું રાજ્ય લેઉં, તો જગતમાં મ્હારો મોટો અપરાધ કહેવાશે. તે એવી રીતે કે, "કોઈ મહાપાપી હશે મગરમચ્છની પેઠે જોરાવર થઈ મૃગધ્વજ રાજાના પુત્ર શુકરાજને હણી તેનું રાજ્ય પોતે લઈ લીધું. પછી ખરા શુકરાજે તથા તેની બે સ્ત્રીઓએ પોતાને ઓળખાવવા માટે ઘણી નિશાનીઓ કહી, પણ તે કોઇએ સાચી માની નહીં. દંભના કૃત્યને ધિક્કાર થાઓ ! પછી પોતાનું અપમાન થયું એમ માની ચિંતાથી પીડાયલો ખરો શુકરાજ, વિમાનમાં બેસી આકાશ માર્ગે ગયો. મંત્રીએ હર્ષ પામીને વેષધારી શુકરાજ પાસે આવી ખરો શુકરાજ પાછો ગયાનો વૃત્તાંત કહ્યો. ત્યારે તે સ્ત્રીલંપટ વેષધારી હર્ષ પામ્યો. શુકરાજ પોપટની પેઠે આકાશમાં ઉતાવળથી જવા લાગ્યો. ત્યારે તેની બન્ને સ્ત્રીઓ એ પોતાને પિયર જવા માટે કહ્યું, પણ તે શરમથી ત્યાં ગયો નહીં. પોતાના પદથી ભ્રષ્ટ થએલા પુરૂષે ઓળખીતા, તથા સગા વહાલાને ત્યાં જવું નહીં. અને સસરાને ઘેર તો જવુંજ નહીં. કારણ કે, ત્યાં આડંબરથી જવું એજ યોગ્ય છે. કહ્યું છે કે—સભામાં, વ્યાપારમાં શત્રુ આગળ, સાસરાને ઘેર, સ્ત્રીને વિષે અને રાજ્યદરબારમાં આડંબરજ પૂજાય છે. વિદ્યાબળથી કામભોગની સામગ્રી પરિપૂર્ણ છતાં પણ રાજ્ય ગયાની ચિંતાથી દુઃખી થયેલા ખરા શુકરાજે શૂન્ય સ્થળમાં નિવાસ કરીને છ માસ કાઢ્યા. ઘણી ખેદની વાત છે કે, મ્હોટા પુરૂષોને પણ એવો દુઃસહ ઉપદ્રવ ભોગવવો પડે છે ! અથવા કોને સર્વે દિવસ સર્વ પ્રકારે સરખા સુખના આપનારા થાય છે ? વળી દોષને પાત્ર કોણ નથી ? ઉત્પન્ન થએલો કોણ મરણ નહી પામશે ? સંકટ કોની ઉપર નથી આવ્યું ? અને કોને નિરંતર સુખજ મળે છે ? એક વખત સૌરાષ્ટ્ર દેશમાં ફરતાં શુકરાજનું વિમાન નદીનું પૂર જેમ પર્વતે અટકે છે, તેમ આકાશમાંજ અટકી ગયું. તેથી ચિત્તમાં આકુળ વ્યાકુળ થએલા શુકરાજે આ વાત દાઝી ગએલા અવયવ ઉપર વિસ્ફોટક (ચાંદા) થાય તેમ પડી ગએલા પુરૂષ પ્રહાર ઉપર પડે તેમ અથવા ક્ષતચાંદ્ય ઉપર ખાર પડે તેમ માની. પછી પ-

રાકમી શુકરાજ પોતે ક્ષણમાત્રમાં વિમાનમાંથી નીચે ઉતરીને વિમાન અ-
ટકી પડવાનું કારણ જોવા લાગ્યો એટલામાં તેણે કેવળજ્ઞાન પામેલા
પોતાના પિતા મૃગધ્વજ રાજર્ષીને જોયા. મેરૂપર્વત ઉપર જેમ મંદાર
કલ્પવૃક્ષ શોભે છે, તેમ તે સુવર્ણકમળ ઉપર શોભતા હતા, અને દેવ-
તાઓ તેમની સેવામાં હતા. પછી શુકરાજ પોતાના પિતા મૃગધ્વજ રાજ-
ર્ષિને સત્ય ભક્તિથી વંદના કરીને ઘણો સંતોષ પામ્યો, અને આંખમાં
પ્રકટ આંસુ લાવીને તેણે શીઘ્ર પોતાના રાજ્યનો અપહાર થયાની વાત
કહી. લોક, પોતાના પિતાદિક, પ્રિયમિત્ર, આપણો સ્વામી અથવા આ-
શ્રિત એમાં ગમે તેની આગળ પોતાનું દુઃખ કહીને એક વાર પોતાના
જીવને સુખી જેવો માને છે. મૃગધ્વજ રાજર્ષિએ કહ્યું, "આ તો પૂર્વક-
ર્મનો વિપાક છે," એમ કહ્યું. ત્યારે પાછું શુકરાજે પૂછયું. "મેં પૂર્વ-
ભવે એવું કયું કર્મ ઉપાર્જ્યું હતું?" કેવળી રાજર્ષીએ કહ્યું.

"જિતારિ રાજાના ભવથી પૂર્વભવમાં શ્રીગ્રામ નામા ગામમાં તું સ્વ-
ભાવથી ભદ્રક અને ન્યાયનિષ્ટ ઠાકુર હતો. પિતાએ જૂદા પાડી આપેલા
ગામને ભોગવનારો એક તારો ઓરમાઇ ભાઈ સ્વભાવથી ઘણોજ કાયર
હતો. એક વખત તે શ્રીગ્રામે આવીને પોતાને સ્થાનકે પાછો જતો હતો,
એટલામાં તેં મશ્કરીમાં બંદીવાનની માફક કબજે કરીને તેને રાખ્યો. અને
કહ્યું કે, "તું અહિંજ સુખે રહે. તારે ગામની ચિંતા કરીને શું કરવું
છે?" મોટો ભાઇ છતાં નાનો ભાઈ ફોગટ કલેશ ઉપજાવનારી ચિંતા શું
કરવા કરે? એક તો ઓરમાઇ ભાઇ થએલો અને તેમાં સ્વભાવનો કાયર
એવો સંયોગ મળી આવ્યાથી તેણે મનમાં એવો તર્ક બાંધ્યો કે "હાય
હાય! નિશ્ચે મ્હારૂં રાજ્ય ગયું! હું શું કરવા અહિં આવ્યો? હવે શું ક-
રૂં?" એમ વિચારી તે ઘણો આકુળવ્યાકુળ થયો, કેટલાક મુહૂર્ત (બે ઘડી
કાલ) ગયા પછી તેં છોડયો, ત્યારે તેણે પોતાને જીવતો માન્યો. તે સ-
મયે મશ્કરીમાં પણ તેં ઘણું દારૂણ કર્મ બાંધ્યું. તેના ઉદયથી હમણાં ત-
ને પણ અતિ ઉત્સહ રાજ્ય વિયોગ થયો. જીવો અહંકારમાં સંસાર સં-
બંધી ક્રિયાઓ કરે છે, પણ તેથી બંધાયલા કર્મનો ઉદય થાય, ત્યારે કૂ-
દતા અને ફાળથી ભ્રષ્ટ થએલા વાનરની પેઠે દિવસ થાય છે."

મૃગધ્વજ રાજા ચંદ્રશેખરનું સર્વ કૃત્ય જાણતા હતા, તથાપિ તે સંબંધમાં એક શબ્દ પણ બોલ્યા નહીં કારણ કે, શુકરાજે પ્રકટપણે તે વાત પૂછી હતી નહીં. એવી વાત પૂછ્યા વિના કેવળી મહારાજ કહેતા નથી. જગતમાં સર્વ ઠેકાણે કેવળ ઉદાસીનપણું રાખવું એજ કેવળ જ્ઞાનનું ફળ છે. પછી શુકરાજે બાળકની પેઠે પિતાને પગે વળગીને પૂછયું કે, "હે તાત! તમારું દર્શન થયાં છતાં પણ મ્હારું રાજ્ય જાય, આ કેવી વાત? સાક્ષાત્ ધન્વંતરી વૈદ્ય પ્રાપ્ત થયાં છતાં આ તે કયા રોગનો ઉપદ્રવ? પ્રત્યક્ષ કલ્પવૃક્ષ હોવા છતાં આ દરિદ્રની શી વાત? સૂર્ય ઉદય પામ્યા છતાં અંધકારનો આ તે શું ઉપદ્રવ? માટે હે પ્રભો! કોઈ પણ અંતરાય વિના શીઘ્ર તે રાજ્યની પાછી પ્રાપ્તિ થાય એવો કાંઇ પણ ઉપાય આપ મને કહો." ઇત્યાદિ વચન કહીને શુકરાજે ઘણોજ આગ્રહ કર્યો, ત્યારે મૃગધ્વજ રાજર્ષિએ કહ્યું. "ઉગ્રાધ્ય કાર્ય પણ ધર્મ કૃત્યથી સુસાધ્ય થાય છે. તીર્થમાં મુખ્ય એ વિમળાચળ તીર્થ અહિંથી નજીક છે. ત્યાં જઇ શ્રી આદિનાથ ભગવાનની ભક્તિથી વંદના પૂર્વક સ્તુતિ કર. એ પર્વતની છ માસ સુધી પરમેષ્ઠી સ્તુમંત્રનો જપ કરે તો, તે (મંત્ર) સ્વતંત્રપણે સર્વ પ્રકારની સિદ્ધિઓને આપે છે. ગમે તેવો શત્રુ હોય, તો તે પણ બીક પામેલા શિયાળની પેઠે જોતાં વારજ પોતાનો જીવ લઇને વેગથી પોતાની મેળેજ નાસી જાય છે, અને તેનાં સર્વ કપટો નિષ્ફળ થાય છે. ગુફાની અંદર મ્હોટું તેજ પ્રકાશ પામે, ત્યારે 'કાર્ય સિદ્ધિ થઇ' એમ તું સમજજે અને મનમાં નિશ્ચયથી એવું ધાર કે, પોતાનો શત્રુ ગમે તેટલો દુર્જય હોય, તો પણ એ તેને જીતવાનો ઉપાય છે." કેવળીનું એવું વચન સાંભળી જેમ પુત્ર રહિત પુરૂષને પુત્ર પ્રાપ્તિની વાર્તાથી આનંદ થાય છે, તેમ તે શુકરાજને આનંદ થયો. પછી શુકરાજ વિમાનમાં બેશીને વિમળાચળે ગયો. ત્યાં તેણે પાપને હરણ કરનારો પરમેષ્ઠિ મંત્ર યોગીંદ્રની પેઠે નિશ્ચળ રહીને જપ્યો. કેવળીએ કહ્યા પ્રમાણે છ માસ ગયા, ત્યારે તેણે ચારે બાજુએ ફેલાતું પોતાના ઉદય પામેલા પ્રતાપ સરખું તેજ જોયું. તે અવસરે ચંદ્રશેખરને પ્રસન્ન થએલી ગોત્રદેવી નિઃપ્રભાવ થઈ અને તે ચંદ્રશેખરને કહેવા લાગી. "અરે ચંદ્રશેખર! હ્મારૂં શુક સ્વરૂપ જતું રહ્યું. માટે તું હવે અહિંથી

શીઘ્ર તારે સ્થાને જા. " એમ કહીને ગોત્રદેવી ગઇ. ચંદ્રશેખર પોતાનું મૂળ સ્વરૂપ પામ્યો. કોઇ પુરૂષની લક્ષ્મી જતી રહે, ત્યારે તે જેમ ઉદ્વિગ્ન થાય છે, તેવો ઉદ્વિગ્ન, ચિંતાક્રાંત અને હર્ષ રહિત થએલો ખોટો શુકરાજ ચોરની પેઠે છાનો માનો બહાર નીકળે છે, એટલામાં ખરો શુકરાજ ત્યાં આવ્યો. વેષધારી પૂર્વના શુકરાજને નહીં જોનારા અને ખરા શુકરાજને જોનારા મંત્રી આદિ સર્વે લોકોએ શુકરાજને ઘણું માન આપ્યું. " કોઈ દુષ્ટ રાજમંદિરમાં પેઠો હતો, પણ તે હમણાં નાસી ગયો. " એટલું જ સર્વ લોકોએ જાણ્યું. પરંતુ કોઇએ વધારે જાણ્યું નહીં. પછી વિમળાચળ તીર્થનું ફળ પ્રત્યક્ષ જોનાર શુકરાજ નવા અને દેદિપ્યમાન નાના પ્રકારનાં દિવ્ય વિમાનો તથા બીજા પણ મોટા આડંબરથી સર્વે માંડલિક રાજાઓ, સ્વજન વર્ગ, વિદ્યાધરો વગેરેના પરિવાર સહિત ઉપમા રહિત ઉત્સવ કરતો વિમળાચળની યાત્રાએ ચાલ્યો. પોતાના કુકર્મનો કોઈ જાણ ન હોવાથી કોઈ શીલવાન્ પુરૂષની પેઠે મનમાં લેશમાત્ર પણ શંકા ન રાખનારો ચંદ્રશેખર રાજા પણ ઉદ્વેગતાથી શુકરાજની સાથે આવ્યો. પછી તે વિમળાચળે જઇ જિનેશ્વર મહારાજની પૂજા, સ્તુતિ તથા મહોત્સવ કરી સર્વના સાંભળતાં થકાં કહેવા લાગ્યો કે, " આ તીર્થને વિષે મંત્રના સાધનથી મેં શત્રુંજય મેળવ્યો, માટે આ તીર્થનું વિચક્ષણ પુરૂષોએ 'શત્રુંજય' એવું નામ પ્રસિદ્ધ કરવું." એવા કારણથી આ તીર્થનું 'શત્રુંજય' એવું અન્વર્થ નામ થયું. તે જગતમાં ઘણું પ્રસિદ્ધિ પામ્યું. પ્રાયે નવી વસ્તુ શીઘ્ર પ્રસિદ્ધિ પામે છે. જિનેશ્વર મહારાજનાં દર્શન કરીને પોતાના દુષ્કર્મની નિંદા કરતો ચંદ્રશેખર પસ્તાવો પામ્યો. દુષ્કર્મના ક્ષયથી પોતાના મોટા ઉદયની ઇચ્છા કરનારા ચંદ્રશેખરે ચિત્ત શુદ્ધ કરીને મહોદય નામા મુનિરાજને પૂછ્યું કે, " અહો મુનિરાજ ! કોઈ પણ રીતે મારી શુદ્ધિ થાય ?" મુનિરાજે કહ્યું. "જો તું સમ્યક્ પ્રકારે પાપની આલોચના કરીને આ તીર્થને વિષે તીવ્ર તપસ્યા કરીશ, તો તારી પણ શુદ્ધિ થશે. કહ્યું છે કે—તીવ્ર તપસ્યા કોડો જન્મમાં કરેલા કર્મનો એક ક્ષણમાત્રમાં નાશ કરે છે. પ્રદીપ્ત થયેલો અગ્નિ ગમે તેટલાં લાકડાંને થોડીવારમાં બાળતો નથી કે શું ?" મુનિરાજનું એવું વચન સાંભળી ચંદ્રશેખરે તેમની પાસેજ પ્રથમ

આલોચના કરી પછી તુરત દીક્ષા લીધી. અને માસખમણ પ્રમુખ તપસ્યા કરીને ત્યાંજ તે મોક્ષે ગયો. શત્રુ રહિત રાજ્યને ભોગવતો શુકરાજ જિનપ્રણીત ધર્મે ચાલનારા સમ્યગ્દૃષ્ટિ રાજાઓમાં એક દૃષ્ટાંત રૂપ થયો. પછી દ્રવ્યશત્રુને અને ભાવશત્રુને જીતનાર શુકરાજે અઠાહીયાત્રા, રથયાત્રા અને તીર્થયાત્રા એવી ત્રણ પ્રકારની યાત્રા, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારે ચતુર્વિધ સંઘની ભક્તિ તથા જિનેશ્વર ભગવાનની વિવિધ પ્રકારની પૂજા ઇત્યાદિ ધર્મ કૃત્યો વારંવાર કર્યાં. પટ્ટરાણી પદ્માવતિ, વાયુવેગા તથા બીજી પણ ઘણી રાજપુત્રીઓ તથા વિદ્યાધરની પુત્રી એટલો શુકરાજનો અંતઃપુરનો પરિવાર હતો. લક્ષ્મીનું નિવાસસ્થાન પદ્મસરોવરજ હોયની ! એવો પદ્માવતી રાણીને પદ્માકર નામા પુત્ર થયો, અને વાયુવેગા રાણીને ખરૂં નામ ધારણ કરનારો વાયુસાર નામે પ્રસિદ્ધ પુત્ર થયો. પૂર્વકાળે થયેલા કૃષ્ણના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્નની પેઠે તે બન્ને પુત્રોએ "પિતા સરખો પુત્ર હોય" એ કહેવતની પોતાના ગુણથી સત્યતા દેખાડી. શુકરાજે અનુક્રમે ઘણા હર્ષથી પોતાના મોટા પુત્ર પદ્માકર કુમારને રાજ્ય અને બીજા પુત્ર વાયુસારને યુવરાજ પદ આપ્યું. કર્મશત્રુને જીતવાને અર્થે સ્ત્રીઓની સાથે ઘણા ઉત્સવથી દીક્ષા લઈને સ્થિરતાથી તે શત્રુંજય તીર્થે ગયો. પર્વતની સાથેજ શુક્લધ્યાને ચઢતાં તેને શીઘ્ર કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. મહાત્મા પુરૂષોની લબ્ધિ અદ્‌ભુત હોય છે ! પછી ચિરકાળ પૃથ્વી ઉપર વિહાર કરતો અને ભવ્ય જીવોના મોહરૂપી અંધકારને દૂર કરતો શુકરાજ રાજા પછી બે સ્ત્રીઓની સાથે મોક્ષે ગયો. હે ભવ્ય જીવો ! પ્રથમ ભદ્રકપણું ઇત્યાદિ ગુણોથી અનુક્રમે રૂડા સમકિતની પ્રાપ્તિ, પછી તેનો નિર્વાહ ઇત્યાદિ શુકરાજને મળેલું અપૂર્વ ફળ સાંભળી તમે તે ગુણોને ઉપાર્જવાનો આદરથી ઉદ્યમ કરો." ઇતિ ભદ્રકપણાદિક ગુણ ઉપર શુકરાજની કથા.

(મૂલગાથા.)

નામાઈચઉભેઓ, સદ્દો ભાવેણ ઇચ્છ અહિગારો ॥

તિવિહો અ ભાવસદ્દો, દંસણ-વય-ઉત્તરગુણેહિં ॥ ૪ ॥

ભાવાર્થઃ— ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય, અને ૪ ભાવ એથી ચાર પ્રકારનો શ્રાવક થાય છે. જેનામાં શાસ્ત્રમાં કહેલાં શ્રાવકના લક્ષણ નથી, અને જેમ કોઇ ઇશ્વરદાસ નામ ધરાવે, પણ દરિદ્રીનો દાસ હોય, તેમ જે કેવળ 'શ્રાવક' નામથી ઓળખાય તે ૧ નામ શ્રાવક. ચિત્રામણની અથવા કાષ્ઠ પાષાણાદિકની જે શ્રાવકની મૂર્તિ તે, ૨ સ્થાપના શ્રાવક. ચંદ્રપ્રદ્યોતન રાજાની આજ્ઞાથી અભયકુમારને પકડવાને અર્થે કપટવડે શ્રાવિકાનો વેષ ધારણ કરનારી ગણિકાની પેઠે અંદરથી ભાવશૂન્ય અને બહારથી શ્રાવકની કરણી કરે તે, ૩ દ્રવ્ય શ્રાવક. જે ભાવથી શ્રાવકની ધર્મ ક્રિયા કરવામાં તત્પર હોય તે, ૪ ભાવ શ્રાવક. કેવળ નામધારી, ચિત્રામણની અથવા જેમાં ગાયોનાં લક્ષણ નથી, તે ગાય જેમ પોતાનું કામ કરી શકતી નથી, તેમ ૧ નામ, ૨ સ્થાપના અને ૩ દ્રવ્ય શ્રાવક પણ પોતાનું ઇષ્ટ ધર્મ કાર્ય કરી શકતો નથી, માટે અહિં ભાવ શ્રાવકનોજ અધિકાર જાણવો. ૧ દર્શન શ્રાવક, ૨ વ્રત શ્રાવક અને ૩ ઉત્તરગુણ શ્રાવક એવા ભાવશ્રાવકના ત્રણ પ્રકાર છે. શ્રેણિકાદિકની પેઠે કેવળ સમ્યક્ત્વધારી હોય તે ભાવથી ૧ દર્શન શ્રાવક. સુરસુંદર કુમારની સ્ત્રીઓની પેઠે સમ્યક્ત્વ મૂળ પાંચ અણુવ્રતનો ધારક હોય, તે ભાવથી ૨ વ્રત શ્રાવક. સુરસુંદર કુમારની સ્ત્રીઓની સંક્ષિપ્ત કથા નીચે લખી છેઃ—

એક વખત કોઈ મુનિરાજ સુરસુંદર સ્ત્રીઓને પાંચ અણુવ્રતનો ઉપદેશ કરતા હતા, ત્યારે એકાંતમાં છાનો ઉભો રહી જોનાર સુરસુંદર જોતો હતો અને તેથી તેના મનમાં મુનિરાજ ઉપર ઇર્ષા ઉત્પન્ન થઈ તેણે મનમાં ચિંતવ્યું કે, "આ મુનિના શરીર ઉપર હું લાકડીના પાંચ પાંચ પ્રહાર કરીશ." મુનિરાજે પ્રથમ પ્રાણાતિપાત વિરમણ નામા અણુવ્રત દ્રષ્ટાંત સહિત કહ્યું, ત્યારે તે સ્ત્રીઓએ અંગીકાર કર્યું તેથી સુરસુંદરે વિચાર કર્યો કે," એ સ્ત્રીઓ રોષે ભરાણી હશે, તો પણ વ્રત લીધેલું હોવાથી મને મારશે નહીં. "એમ વિચારી હર્ષથી પાંચમાંથી એક એક પ્રહાર ઓછો કર્યો. એવી રીતે એકેક

જતની પૂંઠે એકેક પ્રહાર ઓછો કરતો ગયો. તે સ્ત્રીઓએ તો પાંચે અણુવ્રત લીધાં. ત્યારે" મને ધિક્કાર થાઓ, "મેં માઠું ચિંતવ્યું." એમ સુરસુંદર ઘણોજ પશ્ચાત્તાપ કરી મુનિસાજને ખમાવી વ્રત લઇ અનુક્રમે સ્ત્રીઓ સહિત સ્વર્ગે ગયો. "

સુદર્શન શેઠ આદિક શ્રાવકની પેઠે જે સમ્યક્ત્વ મૂળ પાંચ અણુવ્રત તથા ઉત્તર ગુણ એટલે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર વ્રત ધારણ કરે, તે ભાવથી ૩ ઉત્તરગુણ શ્રાવક જાણવો. અથવા સમ્યક્ત્વ મૂળ બારવ્રતને ધારણ કરે તે ભાવથી ૨ વ્રત શ્રાવક જાણવો. અને આનંદ, કામદેવ, કાર્તિકશ્રેષ્ટી ઇત્યાદિકની પેઠે જે સમ્યક્ત્વ મૂળ બારવ્રત તથા સર્વ સચિત્ત પરિહાર, એકાસન પચ્ચખાણ, ચોથું વ્રત, ભૂમિશયન, શ્રાવક પ્રતિમાદિક અને બીજા વિશેષ અભિગ્રહને ધારણ કરતો હોય, તો તે ભાવથી ૩ ઉત્તરગુણ શ્રાવક જાણવો. બારવ્રતમાં એક બે ઇત્યાદિવ્રત અંગીકાર કરે તો પણ ભાવથી વ્રતશ્રાવકપણું થાય. ઇહાં બારવ્રતના એકેક, દ્વિક, ત્રિક, ચતુષ્ક ઇત્યાદિ સંયોગમાં દ્વિવિધ ત્રિવિધ ઇત્યાદિ ભાંગા તથા ઉત્તરગુણ અને અવિરતિ રૂપ બે ભેદ મેળવ્યાથી શ્રાવક વ્રતના સર્વ મળીને તેરસો ચોરાશી ક્રોડ, બારલાખ, સત્યાશી હજાર, બસેને બે ભાંગા થાય છે.

શંકાઃ—શ્રાવકવ્રતમાં ત્રિવિધ ત્રિવિધ એ ભાંગાનો ભેદ કયાંય પણ કેમ ન જોડાયો ?

સમાધાનઃ—શ્રાવક પોતે અથવા પુત્રાદિકની પાસે પૂર્વે આરંભેલા કાર્યમાં અનુમતિનો નિષેધ કરી શકે નહીં, માટે ત્રિવિધ ત્રિવિધ ભાંગો લીધો નહીં. હવે પ્રજ્ઞપ્ત્યાદિ ગ્રંથમાં શ્રાવકને ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણ પણ કહ્યું છે, તે વિશેષ વિધિ છે. તે આ રીતેઃ—જે શ્રાવક દીક્ષા લેવાની જ ઇચ્છા કરતો હોય, પણ કેવળ પુત્રાદિ સંતતિનું પાલન કરવા માટેજ ગૃહવાસમાં અટકી રહ્યો હોય, તેજ ત્રિવિધે ત્રિવિધે કરી શ્રાવક પ્રતિમાનો અંગીકાર કરે. અથવા કોઈ શ્રાવક સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેલા મત્સ્યના માંસાદિકનું કિંવા મનુષ્યક્ષેત્રથી બહાર સ્થૂલ હિંસાદિકનું કોઈ અવસ્થામાં પચ્ચખાણ કરે તો, તેજ ત્રિવિધ ત્રિવિધ ભાંગાથી કરે. એવી રીતે ત્રિવિધ ત્રિવિધનો વિષય ઘણો અલ્પ હોવાથી તે અહિં કહેવાની

ઇચ્છા રાખી નથી. મહાભાષ્યમાં પણ કહ્યું છે કે, કેટલાક કહે છે કે, "શ્રાવકને ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણ નથી," પણ એમ નથી. કારણ કે, પન્નત્તિમાં વિશેષ આશ્રયથી ત્રિવિધ ત્રિવિધનું કથન કર્યું છે. કોઈ શ્રાવક વિશેષ અવસ્થામાં સ્વયંભૂરમણ સમુદ્રની અંદર આવેલા મત્સ્યના માંસની પેઠે મનુષ્ય ક્ષેત્રથી બહાર હસ્તિદંત, ચિત્રાનું ચામડું, ઇત્યાદિ નહિ મળી શકે એવી વસ્તુનું અથવા કાગડાનું માંસ વગેરે પ્રયોજન રહિત વસ્તુનું પચ્ચખાણ ત્રિવિધ ત્રિવિધે કરે તો દોષ નથી. કેટલાક એમ કહે છે કે, કોઇ ગૃહસ્થ દીક્ષા લેવાને તત્પર હોય, તો પણ કેવળ પુત્રાદિક સંતતિનું રક્ષણ કરવાને અર્થેજ (દીક્ષા ન લેતાં) શ્રાવક પ્રતિમા વહે, તો તેને પણ ત્રિવિધ ત્રિવિધે પચ્ચખાણ હોય."

શંકા:—આગમમાં બીજી રીતે શ્રાવકના ભેદ સંભળાય છે. શ્રીઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે—શ્રમણોપાસક ચાર પ્રકારના કહ્યા છે. તે જેમ કે. ૧ માતા પિતા સમાન, ૨ બંધુ સમાન, ૩ મિત્ર સમાન અને ૪ સપત્ની સમાન, અથવા બીજી રીતે ચાર પ્રકારના શ્રમણોપાસક કહ્યા છે. તે જેમ કે, ૧ આરિસા સમાન, ૨ ધ્વજા સમાન, ૩ થાંભલા સમાન અને ડાંખરા સમાન.

સમાધાન:—ઉપર કહેલા ભેદ શ્રાવકનો સાધુની સાથે જે વ્યવહાર તે આશ્રયી જાણવા.

શંકા:—ઉપર કહેલા ભેદ તમે કહેલા ભેદમાંના કયા ભેદમાં સમાય છે?

સમાધાન:—વ્યવહાર નયને મતે આ (ઉપર કહેલા) ભાવ શ્રાવકજ છે. કેમકે, તેવો વ્યવહાર છે. નિશ્ચય નયને મતે શોક્ય સમાન અને ડાંખરા સમાન એ બે પ્રાયે મિથ્યાદૃષ્ટિ સરખા દ્રવ્ય શ્રાવક અને બાકી રહેલા સર્વે ભાવ શ્રાવક જાણવા. કહ્યું છે કે—સાધુનાં જે કાંઈ કાર્ય હોય, તે મનમાં વિચારે, વખતે સાધુનો કાંઇ પ્રમાદ દીઠામાં આવે, તો પણ સાધુ ઉપરથી રાગ ઓછો ન કરે, અને જેમ માતા પોતાના બાળક ઉપર તેમ જે મુનિરાજ ઉપર અતિશય દયાના પરિણામ રાખે, તે શ્રાવક માતા પિતા સરખો જાણવો. જે શ્રાવક સાધુ ઉપર મનમાં તો ઘણો રાગ રાખે, પરંતુ બહારથી વિનય સાચવામાં મંદ આદર દેખાડે, પણ સાધુનો

કોઈ પરાભવ કરે, તો તે સમયે તુરત ત્યાં જઈ મુનિરાજને સાહાય્ય કરે, તે શ્રાવક બંધુ સરખો જાણવો. જે શ્રાવક પોતાને, મુનિના સ્વજન કરતાં પણ અધિક ગણે, અને કાંઈ કામ કાજમાં મુનિરાજ એની સલાહ ન લે. તો અહંકારથી રોષ કરે, તે શ્રાવક મિત્ર સરખો જાણવો. જે મ્હોટો ગવીષ્ટ શ્રાવક સાધુનાં છિદ્ર જોયા કરે, તેમની પ્રમાદથી થએલી ભુલ હમ્મેશાં કહ્યા કરે, અને તેમને તરખડ્યા સમાન ગણે, તે શ્રાવક શોકય સરખો જાણવો. બીજા ચાર ભાંગામાં, ગુરૂએ કહેલો સૂત્રાર્થ જેવો કહ્યો હોય, તેવોજ જે શ્રાવકના મનમાં ઉતરે તે સુશ્રાવકને સિદ્ધાંતમાં આરિસા સમાન વર્ણવ્યો છે. જે શ્રાવકે ગુરૂના વચનનો બરાબર નિર્ણય કર્યો નહીં માટેજ પવન જેમ ધ્વજાને આમતેમ ભમાવે, તેમ અજ્ઞાની લોકો જેને ભમાવે તે શ્રાવક ધ્વજા સમાન જાણવો. ગીતાર્થ મુનિરાજ ગમે તેટલું સમજાવે તો પણ જે પકડેલો હઠ છોડે નહીં, પરંતુ જે મુનિરાજ ઉપર દ્વેષભાવ ન રાખે, તે શ્રાવક સ્તંભ સમાન જાણવો. જે શ્રાવક સદ્ધર્મનો ઉપદેશ કરનારા મુનિરાજ ઉપર પણ "તું ઉન્માર્ગ દેખાડનારો, નિન્હવ, મૂઢ અને મંદધર્મી છે." એવા નિંદાના શબ્દ બોલે, તે શ્રાવક ઝાંખરા સમાન જાણવો. જેમ પાતાળ વિષ્ટાદિ અશુચિ દ્રવ્ય, સ્પર્શ કરનાર માણસને પણ લેપ કરે કે, તેમ સારો ઉપદેશ કરનારને પણ જે દૂષણ આપે, તે ઝાંખરા સમાન કહેવાય છે, નિશ્ચય નયમતે શોકય સમાન અને ઝાંખરા સમાન એ બન્ને મિથ્યાત્વી જાણવા. અને વ્યવહાર નયમતે તો શ્રાવક કહેવાય છે, કારણ કે, તે જિનમંદિરાદિકને સ્થંભ જાય છે.

(હવે 'શ્રાવક' એ શબ્દનો અર્થ કહે છે.) શ અને સ એ બે સરખા જાણીને શ્રાવક શબ્દનો અર્થ આ રીતે થાય છે. પ્રથમ સકાર માનીને '**स्रवति अष्टप्रकारं कर्मेतिश्रावकः**" એટલે દાન, શીલ, તપ, ભાવના ઇત્યાદિ શુભ યોગથી આઠ પ્રકારના કર્મને ત્યાગ કરે, તે શ્રાવક જાણવો. બીજો શકાર માનીને **शृणोति यतिभ्यः सम्यक् सामाचारीमिति श्रावकः** એટલે સાધુ પાસેથી સમ્યક્ પ્રકારે સામાચારી સાંભળે તે શ્રાવક જાણવો. એ બન્ને અર્થ ભાવ શ્રાવકની અપેક્ષાથીજ જાણવા. વળી જેનાં પૂર્વે બંધાયલાં અનેક પાપો ખપે છે, અર્થાત્ જીવ પ્રદેશથી

બહાર નીકળી જાય છે, અને જે વ્રતોથી નિરંતર વીંટાયલો છે, તે શ્રાવક કહેવાય છે, જે પુરૂષ સમ્યક્ત્વાદિક પામીને હર દિવસે મુનીરાજ પાસે ઉત્કૃષ્ટ સામાચારી સાંભળે છે, તેને જાણુ લોકો શ્રાવક કહે છે. જે પુરૂષ (શ્રા એટલે) સિદ્ધાંતના પદનો અર્થ વિચારીને જે પોતાની આગમ ઉપરની શ્રદ્ધા પરિપક્વ કરે, (વ એટલે) નિત્ય સુપાત્રને વિષે ધનનો વ્યય કરે, અને (ક એટલે) ફડા મુનિરાજની સેવા કરીને પોતાનાં માઠાં કર્મ છોડવે અર્થાત્ ખપાવે, એ માટેજ તેને ઉત્તમ પુરૂષો **શ્રાવક** કહે છે." અથવા "જે પુરૂષ **શ્રા** એટલે પદના અર્થ ચિંતવીને પ્રવચન ઉપરની શ્રદ્ધા પરિપક્વ કરે, તથા સિદ્ધાંત સાંભળે, 'વ' એટલે સુપાત્રે ધનનો વ્યય કરે, અને દર્શન—સમકિત આદરે, ક એટલે માઠાં કર્મને છોડવે, અને ઈંદ્રિયાદિકનો સંયમ કરે, તેને વિચક્ષણ પુરૂષો **શ્રાવક**કહે છે." હવે 'શ્રાદ્ધ' શબ્દનો અર્થ કહે છે. જેની સદ્ધર્મને વિષે શ્રદ્ધા છે, તે **શ્રાદ્ધ** કહેવાય છે મૂળ શબ્દ શ્રદ્ધા હતો તેને **प्रज्ञाश्रद्धार्चावृत्तेर्णः** એ વ્યાકરણસૂત્રથી **ણ** પ્રત્યય કર્યો, ત્યારે પ્રત્યયના ણ કારનો લોપ અને આદિ વૃદ્ધિ થવાથી **શ્રાદ્ધ** એવું રૂપ થાય છે. **શ્રાવક** શબ્દની પેઠે શ્રાદ્ધ શબ્દનો પણ ઉપર કરેલો અર્થ ભાવ શ્રાવકની અપેક્ષાથીજ જાણવો. માટેજ અહિં ગાથામાં કહ્યું કે અહિં ભાવ શ્રાવકનો અધિકાર છે."

એવી રીતે ચોથી ગાથામાં શ્રાવકનું સ્વરૂપ કહ્યું. હવે પાછળ બીજી ગાથામાં 'દિવસકૃત્ય' રાત્રિકૃત્ય' ઇત્યાદિ છ વિષય કહેવામાં આવ્યા છે, તેમાં પ્રથમ દિવસ કૃત્યની વિધિ કહે છે.

(મૂલગાથા.)

नवकारेण विबुद्धो, सरेइ सो सकुलधम्मनियमाई ॥
पडिकमिअसुईपूइअ, गिहे जिणं कुणइ संवरणं ॥ ५ ॥

ભાવાર્થ—"નમો અરિહંતાણં" ઇત્યાદિ નવકાર ગણીને જાગૃત થએલો શ્રાવક પોતાનું કુળ, ધર્મ, નિયમ ઇત્યાદિકનું ચિંતવન કરે. એનો સારઃ—પ્રથમ તો શ્રાવકે નિદ્રા થોડી લેવી. પાછલી રાત્રે પહોર રાત્રિ બાકી રહે તે વખત ઉઠવું. તેમ કરવામાં આલોક સંબંધી તથા પરલોક સંબંધી કાર્યનો બરોબર વિચાર થવાથી તે કાર્યની સિદ્ધિ તથા બીજા પણ

ઘણા ફાયદા છે, અને તેમ ન કરવામાં આલોક પરલોક સંબંધી કાર્યની હાનિ વગેરે ઘણા દોષ છે. લોકમાં પણ કહ્યું છે કે—

"कम्मीणं धण संपडइ, धम्मीणं परलोअ ॥

जिहिं सुत्ता रवि उग्गमइ, तिहिं नर आऊ न ओअ" ॥१॥

અર્થ—મજૂર લોકો જો વહેલા ઉઠીને કામે વળગે તો, તેમને ધન મળે છે, ધર્મી પુરૂષો વહેલા ઉઠીને ધર્મકાર્ય કરે તો, તેમને પરલોકનું સારૂં ફળ મળે છે; પરંતુ જેઓ સૂર્યોદય થયા છતાં પણ ઉઠતા નથી, તેઓ બળ, બુદ્ધિ, આયુષ્ય અને ધનને હારી જાય છે. ॥ ૧ ॥

નિદ્રાવશ થવાથી અથવા બીજા કાંઇ કારણથી જો પહેલા કહેલા વખતે ન ઉઠી શકે તો, પંદર મુહૂર્ત્તની રાત્રિમાં જઘન્યથી ચૌદમે બાર મુહૂર્ત્તે (અર્થાત્ ચાર ઘડી રાત્રિ બાકી રહે છતે) ઉઠવું. ઉઠતાંજ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી તથા ભાવથી ઉપયોગ કરવો. તે આ પ્રમાણે:—"હું શ્રાવક છું, કે બીજો કોઇ છું?" એવો વિચાર કરવો તે દ્રવ્યથી ઉપયોગ. "હું પોતાના ઘરમાં છું કે બીજાના ઘેર? મેડા ઉપર છું કે, ભોંય તળીએ? એવો વિચાર કરવો તે ક્ષેત્રથી ઉપયોગ. "રાત્રિ છે કે દિવસ છે?" એવો વિચાર કરવો તે કાળથી ઉપયોગ. "કાયાના, મનના અથવા વચનના દુઃખથી હું પીડાયલો છું કે નહી?" એવો વિચાર કરવો તે ભાવથી ઉપયોગ. એવો ચતુર્વિધ વિચાર કર્યા પછી નિદ્રા બરાબર ગઈ ન હોય, તો નાસિકા પકડીને શ્વાસોશ્વાસને રોકે. તેથી નિદ્રા તદ્દન જાય, ત્યારે દ્વાર (બારણું) જોઇને કાયચિંતા વગેરે કરવી. સાધુની અપેક્ષાથી ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—દ્રવ્યાદિ ઉપયોગ, અને શ્વાસોશ્વાસનો નિરોધ કરવો. રાત્રે જો કાંઇ કોઈ બીજાને કામકાજ જણાવવું પડે તો, તે બહુજ ધીમા સાદે જણાવવું. ઊંચા સ્વરથી ખાંસી, ખુંખાર, હુંકાર અથવા કોઇ પણ શબ્દ ન કરવો, કારણ કે તેમ કરવાથી ચરોળી વગેરે હિંસક જીવ જાગે અને માખી પ્રમુખ ક્ષુદ્ર જીવોને ઉપદ્રવ કરે, તથા પડોશના લોકો પણ જાગૃત થઈ પોત પોતાના કાર્યનો આરંભ કરવા લાગે. જેમ પાણી લાવનારી તથા રાંધનારી સ્ત્રી, વેપારી, શોક કરનાર, મુસાફર, ખેડૂત, માળી, રહેંટ ચલાવનાર, ઘરટ્ટ પ્રમુખ યંત્રને ચલાવનાર, સલાટ, ધાંચી,

ધોબી, કુંભાર, લુહાર, સુતાર, જુગારી, શસ્ત્ર તૈયાર કરનાર, કલાલ, માછી, કસાઈ શિકારી, ઘાતપાત કરનાર, પરસ્ત્રીગમન કરનાર, ચોર, ઘાડ પાડનાર ઇત્યાદિ લોકોને પરંપરાએ પોત પોતાના નિંદ્ય વ્યાપારને વિષે પ્રવૃત્તિ કરાવવાનો તથા બીજા પણ નિરર્થક અનેક દોષ લાગે છે. શ્રીભગવતી સૂત્રમાં કહ્યું છે કે—ધર્મી પુરૂષો જાગતા અને અધર્મી પુરૂષો સુતા હોય તે સારા જાણવા. એવી રીતે વત્સદેશના રાજા સતાનિકની બહેન જયંતીને શ્રીમહાવીરસ્વામીએ કહ્યું છે.

નિદ્રા જતી રહે, ત્યારે સ્વરશાસ્ત્રના જાણ પુરૂષે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચે તત્ત્વોમાં કયું તત્ત્વ શ્વાસોશ્વાસમાં ચાલે છે? તે તપાસવું. કહ્યું છે કે—પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વને વિષે નિદ્રાનો ત્યાગ કરવો શુભકારી છે, પણ અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વોને વિષે તો તે દુઃખદાયક છે. શુક્લપક્ષના પ્રાતઃકાળમાં ચંદ્ર નાડી અને કૃષ્ણપક્ષના પ્રાતઃકાળમાં સૂર્ય નાડી સારી જાણવી. શુક્લપક્ષમાં અને કૃષ્ણપક્ષમાં ત્રણ દિવસ પડવે, બીજ અને ત્રીજ સુધી પ્રાતઃકાળમાં અનુક્રમે ચંદ્રનાડી અને સૂર્યનાડી શુભ જાણવી. અજવાળી પડવેથી માંડીને પહેલા ત્રણ દિવસ (ત્રીજ) સુધી ચંદ્રનાડીમાં વાયુતત્ત્વ વહે, તે પછી ત્રણ દિવસ (ચોથ પાંચમ અને છઠ) સુધી સૂર્યનાડીમાં વાયુતત્ત્વ વહે, એ રીતે આગળ ચાલે તો શુભ જાણવું, પણ એથી ઉલટું એટલે પહેલા ત્રણ દિવસ સૂર્યનાડીમાં વાયુ તત્ત્વ અને પાછલા ત્રણ દિવસ ચંદ્રનાડીમાં વાયુ તત્ત્વ એ પ્રમાણે ચાલે તો દુઃખદાયી જાણવું.

ચંદ્રનાડીમાં વાયુતત્ત્વ ચાલતાં છતાં જો સૂર્યનો ઉદય થાય તો સૂર્યનાડીમાં અસ્ત થવો એ શુભ જાણવું. તથા જો સૂર્યને ઉદયે સૂર્યનાડી વહેતી હોય તો અસ્તને સમયે ચંદ્રનાડી શુભ જાણવી. કેટલાકનો મત એવો છે કે વારને અનુક્રમે સૂર્ય ચંદ્રનાડીના ઉદયને અનુસરી ફળ કહ્યાં છે. તે એમ કે:—રવિ, મંગલ, ગુરૂ અને શની આ ચાર વારને વિષે પ્રાતઃકાળમાં સૂર્યનાડી તથા સોમ, બુધ, અને શુક્ર એ ત્રણ વારને વિષે પ્રાતઃકાળમાં ચંદ્રનાડી હોય તે સારી. કેટલાકનો મત સંક્રાંતિના અનુક્રમથી સૂર્ય ચંદ્રનાડીનો ઉદય કહ્યો છે. તે એમ કે—મેષ સંક્રાંતિને વિષે પ્રાતઃકાળમાં

સૂર્યનાડી અને વૃષભ સંક્રાંતિને વિષે ચંદ્ર નાડી સારી ઇત્યાદિ. કેટલાકનો મત ચંદ્રરાશિના પરાવર્ત્તનના ક્રમથી નાડીનો વિચાર છે. જેમ કે-સૂર્યના ઉદયથી માંડીને એકેક નાડી અઢી ઘડી નિરંતર વહે છે. રહેંટના ઘડા જેમ અનુક્રમે વારંવાર ભરાય છે, અને ખાલી થાય છે, તેમ નાડીઓ પણ અનુક્રમે ફરતી રહે છે. છત્રીશ ગુરૂ વર્ણ (અક્ષર) નો ઉચ્ચાર કરતાં જેટલો કાળ લાગે છે, તેટલો કાળ પ્રાણવાયુને એક નાડીમાંથી બીજી નાડીમાં જતાં લાગે છે. એવી રીતે પાંચ તત્ત્વોનું સ્વરૂપ જાણવું. અગ્નિતત્ત્વ ઉંચું, જળતત્ત્વ નીચું, વાયુતત્ત્વ આડું, પૃથ્વીતત્ત્વ નાસિકાપુટની અંદર અને આકાશતત્ત્વ ચારે બાજુ વહે છે. વહેતી સૂર્ય અને ચંદ્રનાડીમાં અનુક્રમે વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી અને આકાશ એ પાંચ તત્ત્વો વહે છે. એ સર્વદા જાણવો. પૃથ્વીતત્ત્વ પચાસ, જળતત્ત્વ ચાલીશ, અગ્નિતત્ત્વ ત્રીશ, વાયુતત્ત્વ વીશ અને આકાશતત્ત્વ દસ પળ વહે છે. સૌમ્ય (સારા) કાર્યને વિષે. પૃથ્વી અને જળતત્ત્વથી ફળની ઉન્નતિ થાય છે. ક્રૂર તથા અસ્થિર એવા કાર્યને વિષે અગ્નિ, વાયુ અને આકાશ એ ત્રણ તત્ત્વોથી સારૂ ફળ થાય. આયુષ્ય, જય, લાભ, ધાન્યની ઉત્પત્તિ, વૃષ્ટિ, પુત્ર, સંગ્રામનું પ્રશ્ન, જવું અને આવવું એટલા કાર્યમાં પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વ શુભ જાણવાં, પણ અગ્નિતત્ત્વ અને વાયુતત્ત્વ શુભ નથી. પૃથ્વીતત્ત્વ હોય તો કાર્યસિદ્ધિ ધીરે ધીરે અને જળતત્ત્વ હોય તો તુરતજ જાણવી. પૂજા, દ્રવ્યોપાર્જન, વિવાહ, કિલ્લાદિનું અથવા નદીનું ઉલ્લંઘન, જવું, આવવું, જીવિત, ઘર, ક્ષેત્ર ઇત્યાદિકનો સંગ્રહ, ખરીદવું, વેચવું, વૃષ્ટિ, રાજાદિકની સેવા, ખેતી, વિષ, જય, વિદ્યા, પટ્ટાભિષેક ઇત્યાદિ શુભ કાર્યમાં ચંદ્રનાડી શુભ છે. કોઇ કાર્યનું પ્રશ્ન અથવા કાર્યનો આરંભ કરવાને સમયે ડાબી નાસિકા વાયુથી પૂર્ણ હોય, તથા તેની અંદર વાયુનું જવું આવવું, સારી પેઠે ચાલતું હોય તો નિશ્ચે કાર્યસિદ્ધિ થાય. બંધનમાં પડેલા, રોગી, પોતાના અધિકારથી ભ્રષ્ટ થએલા એવા પુરૂષોનું પ્રશ્ન, સંગ્રામ, શત્રુનો મેળાપ, સહસા આવેલો ભય, સ્નાન. પાન, ભોજન, ગઇ વસ્તુની શોધ ખોળ, પુત્રને અર્થે સ્ત્રીનો સંભોગ, વિવાદ તથા કોઇ પણ ક્રૂર કર્મ એટલી વસ્તુમાં સૂર્યનાડી સારી છે. કોઇ ઠેકાણે એમ છે કે વિદ્યાનો આરંભ,

દીક્ષા, શસ્ત્રનો અભ્યાસ, વિવાદ, રાજાનું દર્શન, ગીત ઇત્યાદિ, મંત્ર યંત્રાદિકનું સાધન, એટલા કાર્યમાં સુર્યનાડી શુભ છે, જમણી અથવા ડાબી જે નાસિકામાં પ્રાણવાયુ એક સરખો ચાલતો હોય, તે બાજુનો પગ આગળ મૂકીને પોતાના મંદિરમાંથી નીકળવું સુખ, લાભ અને જય એના અર્થી પુરૂષોએ પોતાના દેવાદાર, શત્રુ, ચોર, વિવાદ કરનારા ઇત્યાદિકને પોતાની શુન્ય (શ્વાસોશ્વાસ રહિત) નાસિકાના ભાગમાં રાખતા. કાર્યસિદ્ધિની ઇચ્છા કરનારા પુરૂષોએ સ્વજન, પોતાનો સ્વામી, ગુરૂ તથા બીજા પોતાના હિતચિંતક એ સર્વ લોકોને પોતાની જે નાસિકા વહેતી હોય, તે નાસિકાના ભાગમાં રાખવા. પુરૂષે બિછાના ઉપરથી ઉઠતાં જે નાસિકા પવનના પ્રવેશથી પરિપૂર્ણ હોય, તે નાસિકાના ભાગનો પગ પ્રથમ ભૂમિ ઉપર મૂકવો.

શ્રાવકે એવી વિધિથી નિદ્રાનો ત્યાગ કરીને પરમ મંગલને અર્થે બહુમાનપૂર્વક નવકાર મંત્રનું વ્યક્ત વર્ણન સંભળાય (કોઇ બરોબર ન સાંભળે) એવી રીતે સ્મરણ કરવું. કહ્યું છે કે—બિછાના ઉપર બેઠેલા પુરૂષે પંચ પરમેષ્ઠીનું ચિંતવન મનમાં કરવું. એમ કરવાથી સુતેલા માણસના સંબંધમાં અવિનયની પ્રવૃત્તિ રોકાય છે. બીજા આચાર્યો તો—એવી કોઇ પણ અવસ્થા નથી કે, જેની અંદર નવકાર મંત્ર ગણવાનો અધિકાર નથી, એમ માનીને " નવકાર હમેશા માકૂક જાણવો " એમ કહે છે. આ બન્ને મતો પ્રથમ પંચાશકની વૃત્તિમાં કહ્યા છે. શ્રાદ્ધદિનકૃત્યમાં તો એમ કહ્યું છે કે, શય્યાનું સ્થાનક મૂકીને નીચે ભૂમી ઉપર બેસવું, અને ભાવજંતુ તથા જગતના નાથ એવા નવકારનું ભણવું. યતિદિનચર્યામાં તો આ રીતે કહ્યું છે કે, રાત્રિને પાછલે પહોરે બાળ, વૃદ્ધ ઇત્યાદિ સર્વે લોકો જાગે છે. માટે તે સમયે ભવ્ય જીવો સાત આઠ વાર નવકાર મંત્ર કહે છે. એવી રીતે નવકાર ગણવાનો વિધિ જાણવો.

નિદ્રા કરીને ઉઠેલો પુરૂષ મનમાં નવકાર ગણતો શય્યા મૂકે, પવિત્ર ભૂમિ ઉપર ઉભો રહી અથવા પદ્માસનાદિ સુખાસને બેસે. પૂર્વ દિશાએ, ઉત્તર દિશાએ અથવા જ્યાં જિનપ્રતિમા હોય તે દિશાએ મુખ કરે. અને ચિત્તની એકાગ્રતા વગેરે થવાને અર્થે કમળબંધથી અથવા હસ્તજપથી

નવકાર મંત્ર ગણે. તેમાં કલ્પિત અષ્ટદળ કમળની કર્ણિકા ઉપર પ્રથમપદ સ્થાપન કરવું, પૂર્વે, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર દિશાના દળ ઉપર અનુક્રમે બીજું ત્રીજું, ચોથું અને પાંચમું પદ સ્થાપન કરવું. અને અગ્નિ, નૈરૂત્ય, વાવ્ય અને ઇશાન એ ચાર કોણ દિશામાં બાકી રહેલાં ચાર પદ અનુક્રમે સ્થાપન કરવાં. શ્રી હેમચંદ્રસૂરિજીએ આઠમા પ્રકાશમાં કહ્યું છે કે, આઠ પાંખડીના શ્વેતકમળની કર્ણિકાને વિષે ચિત્ત સ્થિર રાખીને ત્યાં પવિત્ર સાત અક્ષરનો મંત્ર–**નમો અરિહંતાણં**નું ચિંતવન કરવું. પૂર્વાદિ ચાર દિશાની ચાર પાંખડીને વિષે અનુક્રમે સિદ્ધાદિ ચાર પદનું, અને વિદિશાને વિષે બાકીનાં ચાર પદનું ચિંતવન કરવું. મન વચન કાયાની શુદ્ધિથી જો એ રીતે એકસો આઠ વાર મૌન રાખીને નવકારનું ચિંતવન કરે, તો ભોજન કરતાં છતાં પણ ઉપવાસનું ફળ અવશ્ય મળે. નંદ્યાવર્ત, શંખાવર્ત, ઇત્યાદિ પ્રકારથી હસ્તજપ કરે, તો પણ ઇષ્ટસિદ્ધિ આદિક ઘણા ફળની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે—જે ભવ્ય હસ્તજપને વિષે નંદ્યાવર્ત્ત બાર સંખ્યાએ નવ વાર એટલે હાથ ઉપર ફરતાં રહેલાં બાર સ્થાનક (વેઢા) ને વિષે નવ ફેરા અર્થાત્ એક સો આઠ વાર નવકાર મંત્ર જપે, તેને પિશાચાદિ વ્યંતરો ઉપદ્રવ કરે નહિ. બંધનાદિ સંકટ હોય તો નંદ્યા વર્ત્તને બદલે તેથી વિપરીત (અવળા) શંખાવર્ત્તથી અથવા મંત્રના અક્ષરના કિંવા પદનો વિપરીત ક્રમથી નવકાર મંત્રનો લક્ષાદિ સંખ્યા સુધી પણ જપ કરવો એટલે કલેશનો નાશ વગેરે તુરતજ થાય.

ઉપર કહેલો કમળબંધ જપ અથવા હસ્તજપ કરવાની શક્તિ ન હોય તો, સૂત્ર, રત્ન, રૂદ્રાક્ષ ઇત્યાદિકની નોકારવાળી પોતાના હૃદયની સમશ્રેણીમાં પહેરેલા વસ્ત્રને કે, પગને સ્પર્શ કરે નહિ, એવી રીતે ધારણ કરવી. અને મેરૂનું ઉલ્લંઘન ન કરતાં વિધિ પ્રમાણે જપ કરવો. જેમ કે–અંગુલિના અગ્રભાગથી, વ્યગ્રચિત્તથી, તથા મેરૂના ઉલ્લંઘનથી કરેલો જપ, પ્રાયે અલ્પ ફળનો આપનારો થાય છે. લોક સમુદાયમાં જપ કરવા કરતાં એકાંતમાં કરવો તે, મંત્રાક્ષરનો ઉચ્ચાર કરીને કરવા કરતાં મૌનપણે કરવો તે, અને મૌનપણે કરવા કરતાં પણ મનની અંદર કરવો તે શ્રેષ્ઠ છે. એ ત્રણે જપમાં પહેલા કરતાં બીજો અને બીજા કરતાં ત્રીજો શ્રેષ્ઠ જા-

ણવો. જપ કરતાં થાકી જાય તો ધ્યાન કરવું અને ધ્યાન કરતાં થાકી જાય તો જપ કરવો. તેમજ એ કરતાં થાકી જાય તો સ્તોત્ર કહેવું એમ ગુરૂ મહારાજે કહ્યું છે, શ્રીપાદલિપ્ત સૂરિજીએ પોતે કરેલી પ્રતિષ્ઠાપદ્ધતિમાં પણ કહ્યું છે કે, માનસ, ઉપાંશુ અને ભાષ્ય એવા જપના ત્રણ પ્રકાર છે. તેમાં કેવળ મનોવૃત્તિથીજ ઉત્પન્ન થયેલો અને માત્ર પોતાથીજ જાણી શકાય તે માનસ જપ, બીજાથી સંભળાય નહીં એવી રીતે અંદર બોલવું તે ઉપાશું જપ તથા બીજાથી સંભળાય તેવી રીતે કરવો તે ભાષ્ય જપ. એમાં પહેલાનો શાંત્યાદિ ઉત્તમ કાર્યને વિષે, બીજાનો પુષ્ટ્યાદિ મધ્યમ કાર્યને વિષે, તથા ત્રીજાનો અભિચાર–જરણ મારણાદિ અધમ કાર્યને વિષે ઉપયોગ કરવો. માનસ જપ યત્નસાધ્ય છે, અને ભાષ્યજપ અધમ ફળ આપનારો છે, માટે સાધારણ હોવાથી ઉપાંશુ જપનોજ ઉપયોગ કરવો. નવકારનાં પાંચ અથવા નવ પદ અનાનુપૂર્વીથી પણ ચિત્તની એકાગ્રતાને અર્થે ગણવાં. તેનું (નવકારનો) એકેક અક્ષર, પદ વગેરે પણ ફેરવવું. આઠમા પ્રકાશમાં કહ્યું છે કે, પંચ પરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થએલી સોળ અક્ષરની વિદ્યા છે, તેને બસે જપ કરે, તો ઉપવાસનું ફળ મળે. અહિં **अरिहंत सिद्ध आयरिअ उवज्झाय साहु** એ સોળ અક્ષર જાણવા. તેમજ ભવ્યજીવ, ત્રણસો વાર છ અક્ષરના મંત્રનો, ચારસો વાર ચાર અક્ષરના મંત્રનો અને પાંચસો વાર "अ" એ વર્ણનો ચિત્તની એકાગ્રતાથી જપ કરે, તો ઉપવાસનું ફળ પામે. અહિં "**अरिहंत सिद्ध**" એ છ અક્ષરનો તથા "**अरिहंत**" એ ચાર અક્ષરનો મંત્ર જાણવો. ઉપર કહેલું ફળ કેવળ જીવની પ્રવૃત્તિ કરવાને અર્થેજ છે. પરમાર્થથી તો નવકાર જપનું ફળ સ્વર્ગ તથા મોક્ષ છે. તેમજ કહ્યું છે કે—નાભિકમલે સર્વેનો મુખી "**अ**"કાર, શિરઃકમલે "**सि**કાર, મુખકમલે "**आ**"કાર, હૃદયકમલે "**उ**"કાર, કંઠપંજરને વિષે "**सा**કાર રહેલો છે એમ ધ્યાન કરવું. તથા બીજાં પણ સર્વ કલ્યાણનાં કરનારાં મંત્રબીજ ચિંતવવાં. આહલોક સંબંધી ફળની ઇચ્છા કરનારા પુરૂષોએ એ (નવકાર) મંત્ર **ॐकार** સહિત પઠન કરવો. અને નિર્વાણ પદની ઇચ્છા કરનારા હોય તેમણે **ॐकार** રહિત પઠન કરવો. એવી રીતે ચિત્ત સ્થિર થવાને અર્થે એ

મંત્રના વર્ણ અને પદ અનુક્રમે જૂદાં કરવાં જપાદિકનું ઘણું ફળ કહ્યું છે, જેમ ક્રોડો પૃચ્છા સમાન એક સ્તોત્ર છે, ક્રોડો સ્તોત્ર સમાન એક જપ છે, ક્રોડો જપ સમાન ધ્યાન છે, અને ક્રોડો ધ્યાન સમાન લય (ચિત્તની સ્થિરતા) છે. ચિત્તની એકાગ્રતા થવાને અર્થે જીન ભગવાનની જન્મકલ્યાણકાદિ ભૂમિ વગેરે તિર્થનો અથવા બીજા કોઈ ચિત્તને સ્વસ્થ કરનાર, પવિત્ર અને એકાંત સ્થાનનો આશ્રય કરવો. ધ્યાન શતકમાં કહ્યું છે કે—તરૂણ સ્ત્રી, પશુ, નપુંસક અને કુશળ પુરૂષ એથી હમ્મેશાં રહિત એવું પવિત્ર અને એકાંત સ્થાનક મુનિરાજનું કહ્યું છે. ધ્યાન કરવાને સમયે એવું સ્થાનક વિશેષે કરી ખાસ જોઇએ.

જેમના મન વચન કાયાના યોગ સ્થિરતા પામ્યા હોય અને તેથીજ ધ્યાનને વિષે નિશ્ચલ મન થયું હોય તે મુનિરાજને તો માણસની ભીડવાળા ગામમાં અને શૂન્ય અરણ્યમાં કાંઇ પણ વધારે નથી. માટે જ્યાં મન વચન કાયાના યોગ સ્થિર રહે અને કોઇ જીવને હરકત ન થતી હોય, તે સ્થાન ધ્યાન કરનારને યોગ જાણવું. જે સમયે મન વચન કાયાના યોગ ઉત્તમ સમાધિમાં રહેતા હોય, તેજ કાળ ધ્યાનને માટે યોગ્ય છે. ધ્યાન કરનારને દિવસનો કે રાત્રિનોજ સમય જોઇએ ઇત્યાદિ નિયમ શાસ્ત્રમાં કહ્યો નથી. દેહની અવસ્થા જીવને ધ્યાનને વિષે હરકત કરનારી ન હોય, તેજ અવસ્થામાં ગમે તો ઉભો રહી, બેસી અથવા બીજી રીતે પણ ધ્યાન કરવું. કારણ કે, સાધુઓ સર્વ દેશમાં, સર્વ કાળમાં અને સર્વ પ્રકારની દેહની ચેષ્ટામાં વર્તતાં પાપકર્મ શમાવીને સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાનાદિક પામ્યા. માટે ધ્યાનના સંબંધમાં દેશનો, કાળનો અને દેહની અવસ્થાનો કોઇ પણ નિયમ સિદ્ધાંતમાં કહ્યો નથી. જેમ મન વચન કાયાના યોગ સમાધિમાં રહે, તેમ ધ્યાન કરવાનો પ્રયત્ન કરવો. નવકાર મંત્ર આલોકમાં તથા પરલોકમાં ઘણો ગુણકારી છે. મહાનિશિદ્ધ સૂત્રમાં કહ્યું છે કે—નવકાર મંત્રનું ભાવથી ચિંતવન કર્યું હોય તો તે ચોર, શ્વાપદ (જંગલી જનવરો), સર્પ, જળ, અગ્નિ, બંધન, રાક્ષસ, સંગ્રામ અને રાજા એટલા થકી ઉત્પન્ન થતા ભયનો નાશ કરે છે. બીજે ઠેકાણે પણ કહ્યું છે કે, જીવના જન્મ સમયે નવકાર ગણવા. કારણ કે, તેથી ઉત્પન્ન થનાર જીવને

સારી ફળ પ્રાપ્તિ થાય છે. દેહના અંત સમયે પણ નવકાર ગણવા. કારણ કે, તેથી મરનાર સુગતિએ જાય છે. આપદા આવી પડે તોપણ ગણવા. કારણ કે, તેથી શેંકડો આપદાનો નાશ થાય છે. ઘણી ઋદ્ધિ હોય તોપણ ગણવા. કારણ કે, તેથી ઋદ્ધિની વૃદ્ધિ થાય છે.

નવકારનો એક અક્ષર ગણે તો સાત સાગરોપમ સ્થિતિવાળું, એક પદ ગણે તો પચાશ સાગરોપમ સ્થિતિવાળું, અને સમગ્ર નવકાર ગણે તો પાંચસો સાગરોપમ સ્થિતિવાળું પાપકર્મ નાશ પામે છે. જે જીવ એક લક્ષ નવકાર મંત્ર ગણે, અને વિધિપૂર્વક જિન નમસ્કારની પૂજા કરે, તે તીર્થંકર નામગોત્ર બાંધે એમાં સંશય નથી. જે જીવ આઠ ક્રોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠ (૮૦૮૦૮૮૦૮) વાર નવકાર મંત્ર ગણે, તે ત્રીજે ભવે મુક્તિ પામે. નવકાર માહાત્મ્ય ઉપર આલોક સંબંધમાં શ્રેષ્ઠિપુત્ર શિવકુમારાદિકનું દૃષ્ટાંત છે. જેમ—તે (શ્રેષ્ઠિપુત્ર શિવકુમાર) ધૂતાદિ વ્યસનમાં આસક્ત હોવાથી તેના પિતાએ તેને શિખામણ આપી કે, કોઇ સંકટ આવી પડે ત્યારે નવકાર મંત્ર ગણજે. કેટલેક કાળે પિતા મરી ગયા પછી વ્યસનથી નિર્ધન થએલો શિવકુમાર ધનને અર્થે કોઇ ત્રિદંડીના કહેવાથી ઉત્તરસાધક થયો. અંધારી ચોથની રાત્રિએ સ્મશાનમાં (મૃતકલેવરના) પગ ઘસતાં બીધો, તેથી તેણે તેજ વખતે ત્રણ વાર નવકાર મંત્ર ગણ્યો. તેથી ઉભા થયેલા શબની શક્તિ તેના ઉપર ચાલી નહીં. ત્યારે શબે ત્રિદંડીને હણ્યો. તે ત્રિદંડીનોજ સુવર્ણ પુરૂષ થયો, તેથી ઘણા ઋદ્ધિશાલી થએલા શિવકુમારે આલોકમાં જિનમંદિરાદિક બંધાવ્યાં.

પરલોક સંબંધમાં વડ ઉપર રહેલી સમળીનો દાખલો છે કે જ્યારે તે સમળીને કોઇ પારધીએ બાણથી વિંધી, ત્યારે મુનિરાજે તેને નવકાર મંત્રદીધો; અને તેથી તે સિંહલાધિપતિ રાજાની માન્ય પુત્રી થઇ. એકદા કોઇ મ્હોટા શ્રેષ્ઠિએ છીંક આવતાં પોતાને નવકારનું પ્રથમ પદ કહ્યું. તે સાંભળવાથી તેને (પુત્રીને) જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણે પચાશ વહાણ ભરી, સાથે લઈ ભરૂચ આવી શકુનિકાવિહારનો ઉદ્ધાર કરાવ્યો.

માટે નિદ્રા લઇ ઉઠતાંજ પ્રથમ નવકાર મંત્ર ગણવો. પછી ધર્મ જાગરિકા કરવી, એટલે પાછલી રાત્રે વિચાર કરવો. તે આ રીતેઃ—હું કોણ? અને

મ્હારી જાતિ કઇ? કુળ કયું? દેવ કોણ? ગુરૂ કયા ? ધર્મ કયો ? અભિગ્રહ કયા ? અને અવસ્થા કઇ ? મેં પોતાનું કર્ત્તવ્ય કર્યું કે નહિ ? કાંઇ અકૃત્ય (ન કરવા યોગ્ય) કરયું કે શું ? મ્હારે કાંઇ કર્ત્તવ્ય કરવાનું બાકી રહ્યું છે કે શું ? કરવાની શક્તિ છતાં (પ્રમાદથી) હું કરતો નથી એવું કાંઇ છે ? પારકા જન મ્હારૂં શું (સારૂં કે માઠું) જુએ છે ? હું પોતાનું (સારૂં માઠું) શું જોઉં છું ? (મ્હારામાં રહેલો) કયો દોષ હું છોડતો નથી ? એમજ આજે તિથિ કઇ ? અરિહંતનું કલ્યાણક કયું ? તથા મ્હારે આજે શું કરવું જોઇએ ? ઇત્યાદિ વિચાર કરે,

આ ધર્મ જાગરિકામાં ભાવથી પોતાનું કુળ, ધર્મ, વ્રત, ઇત્યાદિકનું ચિંતવન, દ્રવ્યથી સદ્‌ગુરૂ આદિકનું ચિંતવન, ક્ષેત્રથી " હું કયા દેશમાં ? પુરમાં ? ગામમાં ? અથવા સ્થાનકમાં છું ? " એ વિચાર તથા કાળથી " હમણાં પ્રભાતકાળ છે ? કે, રાત્રિ બાકી છે ? " ઇત્યાદિ વિચાર કરવો. પ્રસ્તુત ગાથાના "**सकुलधम्मनियमाइ**" એ પદમાં "આદી" શબ્દ છે. તેથી ઉપર કહેલા સર્વ વિચારનો અહિં સંગ્રહ કર્યો એવી ધર્મજાગરિકા કરવાથી પોતાનો જીવ સાવધાન રહે છે, અને તેથી વિરૂદ્ધ કર્મનો તથા દોષાદિકનો ત્યાગ, પોતાના આદરેલા વ્રતનો નિર્વાહ, નવા ગુણનો લાભ, અને ધર્મની ઉપાર્જના ઇત્યાદિક સારા પરિણામ થાય છે. સંભળાય છે કે, આનંદ, કામદેવાદિક ધર્મી લોકો પણ ધર્મ જાગરિકા કરવાથી બોધ પામ્યા, અને શ્રાવકપ્રતિમાદિ વિશેષ ધર્મ આચરવા લાગ્યા. માટે ધર્મ જાગરિકા જરૂર કરવી.

ધર્મજાગરિકા કરી રહ્યા પછી પ્રતિક્રમણ કરનાર શ્રાવકે રાત્રિ પ્રતિક્રમણ કરી, તથા ન કરનારે ન કરી *રાગાદિમય કુસ્વપ્ન, ‡દ્વેષાદિમય દુઃસ્વપ્ન તથા માઠા ફળનું સૂચક સ્વપ્ન એ ત્રણેમાં પહેલાના પરિહારને અર્થે એકસો આઠ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવો, અને બાકીના પરિહારને અર્થે સો શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવો. વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે—

---

* મોહ, માયા, લોભાદીકથી ઉત્પન્ન થયેલ કુસ્વપ્ન એટલે સ્ત્રી ભોગ વગેરે.

‡ ક્રોધ, માન, ઇર્ષા, વિવાદથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન.

પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (અસત્ય વચન) અદત્તાદાન (ચોરી), મૈથુન (સ્ત્રીસંભોગ), અને પરિગ્રહ (ધન ધાન્યાદિકનો સંગ્રહ) એ પાંચે સ્વપ્નમાં પોતે કર્યા, કરાવ્યાં અથવા અનુમોદ્યાં હોય તો પૂરા સો શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવો. મૈથુન (સ્ત્રીસંભોગ) પોતે કર્યું હોય તો સત્તાવીસ શ્લોકનો (એકસો આઠ શ્વાસોશ્વાસનો) કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગમાં પચ્ચીસ શ્વાસોશ્વાસ પ્રમાણવાળો લોગસ્સ ચાર વાર ગણવો. અથવા પચ્ચીસ શ્લોક પ્રમાણવાળાં દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહેલાં પંચ મહાવ્રત ચિંતવવાં. અથવા સ્વાધ્યાય રૂપ ગમે તે પચ્ચીસ શ્લોક ગણવા. એવી રીતે વ્યવહાર ભાષ્યની વૃત્તિમાં કહ્યું છે. પ્રથમ પંચાશકની વૃત્તિમાં પણ કહ્યું છે કે, કોઇ વખતે મોહિની કર્મના ઉદયથી સ્ત્રી સેવા-રૂપ કુસ્વપ્ન આવે તો, તેજ વખતે ઉઠી ઇર્યાવહિ પુર્વક પ્રતિક્રમણ કરી એકસો આઠ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવો.

કાઉસ્સગ્ગ કર્યા પછી અને રાત્રિ પ્રતિક્રમણની વેળા થાય ત્યાં સુધી ઘણી નિદ્રા વગેરે પ્રમાદ થાય તો પાછો કાઉસ્સગ્ગ કરવો. કોઇ વખતે દિવસે નિદ્રા લેતાં કુસ્વપ્ન આવે, તો પણ એવી રીતેજ કાઉસગ્ગ કરવો એમ જણાય છે; પણ તે તેજ વખતે કરવો? કે, સંધ્યા સમયે પ્રતિક્રમણને અવસરે કરવો? તે બહુશ્રુત જાણે. વિવેકવિલાસ ગ્રંથમાંતો વળી એમ કહ્યું છે કે, સારૂં સ્વપ્ન જોયું હોય તો પાછું સુઈ રહેવું નહીં, અને સૂર્યોદય થાય ત્યારે તે (સ્વપ્ન) ગુરૂ આગળ કહેવું. દુઃસ્વપ્ન જોયામાં આવે તો એથી ઉલટું કરવું, એટલે તે જોતાંજ સુઇ રહેવું, અને તે કોઇ આગળ કહેવું પણ નહીં. જેના શરીરમાં કફ વાત પિત્તનો પ્રકોપ અથવા કોઇ જાતનો રોગ ન હોય, તથા જે શાંત, ધાર્મિક અને જિતેંદ્રિય હોય તેજ પુરૂષનાં શુભ અથવા અશુભ સ્વપ્ન સાચાં થાય છે. ૧ અનુભવેલી વાતથી, ૨ સાંભળેલી વાતથી, ૩ દીઠેલી વાતથી, ૪ પ્રકૃતિના અજીર્ણાદિ વિકારથી, ૫ સ્વભાવથી, ૬ નિરંતર ચિંતાથી, ૭ દેવતાદિકના ઉપદેશથી, ૮ ધર્મકરણીના પ્રભાવથી તથા ૯ અતિશય પાપથી એવા નવ કારણથી મનુષ્યોને નવ પ્રકારનાં સ્વપ્ન આવે છે. પહેલાં છ કારણથી દીઠેલાં શુભ અશુભ સ્વપ્ન નિષ્ફળ જાણવાં અને છેલ્લાં ત્રણ કારણથી દીઠેલાં શુભ અશુભ સ્વપ્ન

નિષ્ફળ જાણવાં અને છેલ્લાં ત્રણ કારણથી દીઠેલાં શુભ અશુભ સ્વપ્ન પોતાનું ફળ દેનારાં જાણવાં. રાત્રિના પહેલા, બીજા, ત્રિજા અને ચોથા પહોરે દીઠેલાં સ્વપ્ન અનુક્રમે બાર, છ, ત્રણ અને એક માસે પોતાનાં ફળ આપે જે, રાત્રિની છેલ્લી બે ઘડીએ દીઠેલું સ્વપ્ન દસ દિવસમાં ફળે છે, અને સૂર્યોદયને સમયે દીઠેલું તો તત્કાળ ફળ આપે છે. ઉપરા ઉપરી આવેલાં, દિવસે દીઠેલાં, મનની ચિંતાથી, શરીરના કોઇ વ્યાધિથી અથવા મળ મૂત્રાદિકના રોકાણથી આવેલાં સ્વપ્ન ફોગટ જાણવાં. પહેલાં શુભ અને પછી અશુભ આવે, અથવા પહેલાં શુભ અને પછી અશુભ આવે, તોએ પાછળથી આવે તેજ ફળ આપનાર જાણવાં. ખોટું સ્વપ્ન આવે તો તેની શાંતિ કરવી જોઇએ. સ્વપ્નચિંતામણી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, અનિષ્ટ સ્વપ્ન જોતાંજ રાત્રિ હોય તો ફરીવાર સુઇ જવું. તે સ્વપ્ન કોઇને કયારે પણ કહેવું નહીં. કારણ કે, તેમ કરવાથી તેનું ફળ થતું નથી. જે પુરૂષ સવારમાં ઉઠીને જિનભગવાતનું ધ્યાન અથવા સ્તુતિ કરે, કિંવા પાંચ નવકાર ગણે, તેનું દુઃસ્વપ્ન ફોગટ થાય. દેવ ગુરૂની પ્રજ્ઞા તથા શક્તિ માફક તપસ્યા કરવી. એ રીતે જે લોકો હમેશાં ધર્મકરણીમાં રમી રહે છે, તેમને આવેલાં માઠાં સ્વપ્ન પણ સારાં ફળના આપનારાં થાય છે. દેવ, ગુરૂ, ઉત્તમ તીર્થ, તથા આચાર્ય એમનું નામ લઇને તથા સ્મરણ કરીને જે લોકો સુવે છે, તેમને કોઇ કાળે પણ માઠું સ્વપ્ન આવતું નથી.

પછી ખસ વગેરે થઇ હોય તો તેને થૂંક લગાડીને ઘસવું, અને શરીરના અવયવ દૃઢ થવાને અર્થે બે હાથથી અંગમર્દન કરવું પુરૂષે પ્રાતઃકાળમાં પહેલાં પોતાનો જમણો હાથ જોવો, અને સ્ત્રીએ ડાબો હાથ જોવો. કેમ કે, તે પોતાનું પુણ્ય પ્રકટ દેખાડે છે. જે લોકો માતા, પિતા ઇત્યાદિ વૃદ્ધ લોકોને નમસ્કાર કરે છે, તેને તીર્થયાત્રાનું ફળ મળે છે. માટે તે (નમસ્કાર) પ્રતિદિન કરવો. જે લોકો વૃદ્ધ પુરૂષની સેવા કરતા નથી, તેમનાથી ધર્મ વેગળો રહે છે, જે લોકો રાજસેવા કરતા નથી, તેમનાથી લક્ષ્મી વેગળી રહે છે, અને જે લોકો વેશ્યાની મિત્રતા રાખતા નથી, તેમનાથી વિષયવાસનાની તૃપ્તિ દુર રહે છે.

રાત્રિ પ્રતિક્રમણ કરનારને પચ્ચખાણનો ઉચ્ચાર કરતાં પહેલાં સચિ-

ત્યાદિ ચૌદ નિયમ લેવા જોઇએ. પ્રતિક્રમણ નહીં કરે, તેણે પણ સૂર્યોદયની પહેલાં ચૌદ નિયમ ગ્રહણ કરવા, શક્તિ માફક નવકારસી, ગંઠીસહિએ, બિયાસણું, એકાસણું ઇત્યાદિ પચ્ચખાણ કરવું. તથા સચિત દ્રવ્યનો અને વિગય વગેરેનો જે નિયમ રાખેલો હોય, તેમાં સંક્ષેપ કરીને દેશાવકાશિક વ્રત કરવું, વિવેકી પુરૂષે પહેલાં સદ્‌ગુરૂની પાસે યથાશક્તિ સમકિત મૂળ બારવ્રત રૂપ શ્રાવકધર્મનું ગ્રહણ અવશ્ય કરવું. કારણ કે, તેમ કરવાથી ચારિત્રનો લાભ થવાનો સંભવ રહે છે. ચારિત્ર ફળ ઘણું મોટું છે. મન વચન કાયાના વ્યાપાર ચાલતા ન હોય, તો પણ અવિરતિથી નિગોદિયા વગેરે જીવની પેઠે ઘણો કર્મબંધ અને બીજા મહા દોષ થાય છે, જેમ કે:—જે ભવ્ય જીવ ભાવથી વિરતિનો (દેશવિરતિનો અથવા સર્વવિરતિનો) અંગીકાર કરે, તેની વિરતિ કરવાને અસમર્થ એવા દેવતા ઘણી પ્રશંસા કરે છે.

એકેંદ્રિય જીવો બિલકુલ આહાર કરતા નથી, તો પણ તેમને ઉપવાસનું ફળ મળતું નથી, એ અવિરતિનું ફળ જાણવું. એકેંદ્રિય જીવો મન વચન કાયાથી સાવદ્ય વ્યાપાર કરતા નથી, તો પણ તેમનો ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધી તે કાયામાં રહેવું પડે છે. એનું કારણ અવિરતિ જાણવું. જો પરભવે વિરતિ કરી હોત તો, તિર્યંચ જીવો આ ભવમાં કશા (ચાબૂક), અંકુશ, પરોણી ઇત્યાદિકનો પ્રહાર તથા વધ, બંધન, મારણ ઇત્યાદિ સંકટો દુઃખ ન પામત, સદ્‌ગુરૂનો ઉપદેશ વગેરે સર્વ સામગ્રી છતાં પણ અવિરતિ કર્મનો ઉદય હોય તો દેવતાની પેઠે વિરતિ સ્વીકારવાનો પરિણામ થતો નથી. માટેજ શ્રેણીક રાજા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છતાં તથા વીર ભગવાનનું વચન સાંભળવું ઇત્યાદિ ઉત્કૃષ્ટ યોગ છતાં પણ માત્ર કાગડાના માંસની પણ બાધા લઈ શકયો નહીં. અવિરતિને વિરતિથી જિતાય છે અને વિરતિ અભ્યાસથી સાધ્ય થાય છે. અભ્યાસથીજ સર્વ ક્રિયામાં નિપુણતા ઉત્પન્ન થાય છે. લખવું, ભણવું, ગણવું, ગાવું, નાચવું ઇત્યાદિ સર્વ કળા કૌશલ્યમાં એ વાત સર્વે લોકોને અનુભવ સિદ્ધ છે. અભ્યાસથી સર્વ ક્રિયાઓ સિદ્ધ થાય છે, અભ્યાસથીજ સર્વ કળાઓ આવડે છે, અને અભ્યાસથીજ ધ્યાન, મૌન ઇત્યાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

માટે કઇ ચીજ એવી છે કે જે અભ્યાસથી ન બને ? જો નિરંતર વિરતિના પરિણામ રાખવાનો અભ્યાસ કરે, તો પરભવે પંણ તે પરિણામની અનુવૃત્તિ થાય છે. કહ્યું છે કે—જીવ આ ભવમાં જે કોઇ ગુણનો અથવા દોષનો અભ્યાસ કરે છે, તે અભ્યાસના યોગથીજ પરભવે તે વસ્તુ પામે છે. માટે જેવી ઇચ્છા હોય તે પ્રમાણે પણ વિવેકી પુરૂષે આરક્ષન સંબંધી નિયમ ગ્રહણ કરવા.

આ સ્થળને વિષે શ્રાવકે અને શ્રાવિકાએ પોતાની ઇચ્છાથી પરિમાણ કેટલું સંખવું ? તેની સવિસ્તર વ્યાખ્યા કરવી જોઇએ. જેથી સારી પેઠે જાણી, ઇચ્છા માફક પરિમાણ રાખી, નિયમનો સ્વીકાર કરે તો તેનો ભંગ ન થાય, નિયમ તો વિચાર કરીને એવી રીતેજ લેવા કે, જે રીતે આપણે પાળી શકીએ. સર્વ નિયમોમાં [૧]સહસાનાભોગાદિ ચાર આગાર છે, એ ધ્યાનમાં રાખવા. માટે અનુપયોગથી અથવા સહસાગારાદિકથી નિયમમાં રાખેલી વસ્તુ નિયમથી વધારે લેવાય, તો પણ નિયમનો ભંગ થતો નથી, પણ અતિચાર માત્ર થાય છે. જાણી જોઇને નિયમ કરતાં વધારે લેશમાત્ર ગ્રહણ કરે તો નિયમનો ભંગ થાય છે. કોઇ સમયે પાપકર્મના વશથી જાણતાં નિયમનો ભંગ થાય, તો પણ ધર્માર્થી જીવે આગળ નિયમ અવશ્ય પાળવો. પડવે, પાંચમ, અને ચૌદશ ઇત્યાદિ પર્વતિથીએ જેણે ઉપવાસ કરવાનો નિયમ લીધો હોય, તેને કોઇ સમયે તપસ્યાની તિથિએ બીજી તિથિની ભ્રાંતિ વગેરે થવાથી, જો સચિત જળપાન, તાંબૂલ ભક્ષણ, કાંઇક ભોજન વગેરે થાય, અને પછી તપસ્યાનો દિવસ જણાય, તો મુખમાં કોળીઓ હોય તે પણ ગળી જવો નહીં પરંતુ તે કાઢી નાંખીને પ્રાસુક જળથી મુખશુદ્ધિ કરવી અને તપસ્યાની રીતી પ્રમાણે રહેવું. જો કદાચિત્ ભ્રાંતિથી તપસ્યાને દિવસે પૂરે પૂરૂં ભોજન કરે, તો બીજે દિવસે દંડને અર્થે તપસ્યા કરવી, અને સમાપ્તિને અવસરે તે તપ વર્ધમાન (જેટલા દિવસ પડી ગયા હોય, તેટલાની વૃદ્ધિ કરીને) કરવું. એમ કરે તો અતિચાર માત્ર લાગે, પણ નિયમનો ભંગ થાય નહીં. " આજે તપ-

---

૧ અન્નત્થણાભોગેણું, ૨ સહસાગારેણું. ૩ મહત્તરાગારેણું, અને ૪ સવ્વસમાહિવત્તિયાગારેણું.

સ્થાનો દિવસ છે," એમ જાણ્યા પછી એક દાણો ગળી જાય, તો નિયમનો ભંગ થવાથી નરક ગતિનું કારણ થાય છે. " આજે તપસ્યાનો દિવસ છે કે નહીં ?" અથવા " એ વસ્તુ લેવાય કે નહીં ?" એવો મનમાં સંશય આવે, અને તે (વસ્તુ) લે તો નિયમભંગાદિ દોષ લાગે. ઘણો મંદવાડ, ભૂત પિશાચાદિકના ઉપદ્રવ થવાથી પરવશપણું અને સર્પદંશાદિકથી અસમાધિપણું થવાને લીધે તપ ન થાય તો પણ ચોથા આગારનો (**सव्वसमाहिवत्तियागारेणं**) ઉચ્ચાર કર્યો છે માટે નિયમનો ભંગ ન થાય એવી રીતે સર્વે નિયમને વિષે જાણવું. વળી નિયમનો ભંગ થાય તો મ્હોટો દોષ લાગે છે, માટે થોડો નિયમ લઇને તે બરાબર પાળવામાંજ ઘણો ગુણ છે. ધર્મના સંબંધમાં તારતમ્ય અવશ્ય જાણવું જોઇએ. માટેજ (પચ્ચખાણમાં) આગાર રાખેલા છે.

જો કે કમળશ્રેષ્ઠિએ "સમીપ રહેલા કુંભારના માથાની ટાળ જોયા વિના મ્હારે ભોજન ન કરવું." એવો નિયમ માત્ર કૌતુકથીજ લીધો હતો તોપણ તેથી તેને અર્ઘ નિધાનની પ્રાપ્તિ થઇ. અને તેથીજ નિયમ સફળ થયો. તો પુણ્યને અર્થે જો નિયમ લે, તો તેનું કેટલું ફળ કહેવું ? કહ્યું છે કે–પુણ્યની ઇચ્છા કરનાર પુરૂષે ગમે તે નિયમ પણ અવશ્ય ગ્રહણ કરવો. તે (નિયમ) ગમે તેટલો નાનો હોય તો પણ કમળશ્રેષ્ઠની પેઠે ઘણા લાભને અર્થે થાય છે. પરિગ્રહ પરિણામ વ્રતને વિષે દૃઢતા રાખવા ઉપર રત્નસાર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત આગળ કહીશું. નિયમ એવી રીતે લેવા કે:—તેમાં પ્રથમ તો મિથ્યાત્વ છોડી દેવું. પછી દરરોજ શક્તિ પ્રમાણે દિવસમાં ત્રણ, બે અથવા એક વાર ભગવાનની પૂજા, દેવદર્શન, સંપૂર્ણ દેવવંદન ચૈત્યવંદન કરવાનો નિયમ રાખવો અને વળી જો જોગવાઈ હોય તો સદ્‌ગુરૂને મ્હોટી અથવા નહાની વંદના કરવી. જોગવાઇ ન હોય તો સદ્‌ગુરૂનું નામ ગ્રહણ કરીને નિત્ય વંદના કરવી, દરરોજ વર્ષાકાળના ચાતુર્માસમાં અથવા [૧]પંચપર્વી ઇત્યાદિકને વિષે અષ્ટ પ્રકારી પૂજા અથવા સ્નાત્રપૂજા કરવી. યાવજ્જીવદરવર્ષે નવું આવેલું અન્ન, પકવાન અથવા ફળાદિક ભગવાનને અર્પણ કર્યા વગર ન લેવું. નિત્ય નૈવેદ્ય, સોપારી વગેરે ભગવાન આગળ મૂકવું.

---

૧ બીજ, પાંચમ, આઠમ, અગીઆરશ અને ચૌદશ.

નિત્ય ત્રણ ચોમાસામાં અથવા સંવત્સરી અને દીવાળી આદિક ને વિષે અષ્ટમંગલિક મૂકવાં. નિત્ય, પર્વતિથિએ અથવા વર્ષની અંદર કેટલીક વાર ખાદ્ય (સુખડી), સ્વાદ્ય (મુખવાસ) વગેરે સર્વ વસ્તુ દેવને અને ગુરૂને અર્પણ કરીને (બાકી રહેલી) પોતાના ભોગમાં લેવી. દર મહિને અથવા દર વર્ષે મ્હોટી ધ્વજા ચઢાવી ઘણા વિસ્તારથી સ્નાત્ર મહોત્સવ પૂર્વક મ્હોટી પૂજા તથા રાત્રિજાગરણ વગેરે કરવું.

દરરોજ અથવા મહિનામાં કિંવા વર્ષમાં કેટલીકવાર ચૈત્યશાળા પ્રમાર્જવી, સમારવી ઇત્યાદિ. પ્રતિમાસે અથવા પ્રતિવર્ષે મંદિરને વિષે અંગલૂહણાં, દીવાને અર્થે રૂની પૂણી, કેટલાક દીવાનું તેલ, ચંદન, કેશર ઇત્યાદિક આપવું, તથા પૌષધશાળાને વિષે મુહપત્તિ, નવકારવાળી તથા કટાસણાં, ચરવલા ઇત્યાદિકને અર્થે કેટલાંક વસ્ત્ર, સૂત્ર, કંબળ ઉન ઇત્યાદિ મૂકવાં. વર્ષાકાળમાં શ્રાવક વગેરે લોકોને બેસવાને અર્થે કેટલીક પાટ વગેરે કરાવવી. પ્રતિવર્ષે સૂત્રાદિકથી પણ સંઘની પૂજા કરવી, તથા કેટલાક સાધર્મિકોનું વાત્સલ્ય કરવું. દરરોજ કેટલાએક કાયોત્સર્ગ કરવા, તથા ત્રણસે ગાથાની સઝાય ઇત્યાદિક કરવું, નિત્ય દિવસે નવકારસી પ્રમુખ તથા રાત્રે દિવસચરમ પચ્ચખાણ કરવું, દરરોજ બે ટંક પ્રતિક્રમણ કરવું. ઇત્યાદિ નિયમ શ્રાવકે પ્રથમ લેવા. પછી યથાશક્તિ બારવ્રતને સ્વીકારવાં. તેમાં સાતમા (ભોગોપભોગ વિરમણ) વ્રતને વિષે સચિત્ત, અચીત અને મિશ્ર વસ્તુ પ્રકટ કહી છે તે સારી રીતે જાણવી.

જેમ—પ્રાયે સર્વ ધાન્ય, ધાણા, જીરૂં, અજમો, વરિયાળી સવા, રાઇ, ખસખસ ઇત્યાદિ સર્વે કણ, સર્વે ફળ અને પત્ર, લવણ, ખારી, ખારો, રાતો સૈંધવ, સંચળ વગેરે અકૃત્રિમ ખાર, માટી, ખડી, ગેરૂ તેમજ, લીલાં દાતણ વગેરે વ્યવહારથી સચિત્ત છે. પાણીમાં પલાળેલા ચણા તથા ગહૂં વગેરે ધાન્ય તથા ચણા અને મગ વગેરેની દાળ પાણીમાં પલાળેલી હોય, તો પણ કોઇક ઠેકાણે અંકુરનો સંભવ હોવાથી તે મિશ્ર છે. પ્રથમ લવણાદિકનો લાય અથવા બાફ દીધા વિના કિંવા રેતીમાં નાંખ્યા વિના શેકેલા ચણા, ઘહું, જાર ઇત્યાદિકની ધાણીઓ, ખારાદિક દીધા વિનાના તલ, ઓળા, †

† લીલા ચણા.

ચોંખ, પડવા શેકેલી મંગફળી, પાપડી વગેરે, મરી, રાઈ વગેરેનો વઘાર માત્ર દઈને તૈયાર કરેલાં ચીભડાં વગેરે તથા જેની અંદર બીજ સચિત્ત છે, એવાં સર્વ પાકાં ફળ મિશ્ર (કાંઇક સચિત્ત કાંઇક અચિત્ત) છે. જે દિવસે તલપાપડી કરી હોય, તે દિવસે તે મિશ્ર હોય છે. અન્ન અથવા રોટલી વગેરેમાં નાંખી હોય તો તે બે ઘડી ઉપરાંત અચિત્ત થાય છે. દક્ષિણ, મારવા ઇત્યાદિ દેશોમાં ઘણો ગોળ નાંખવાથી બીજી પણ જે વસ્તુ પ્રબળ અગ્નિના સંયોગ વિના અચિત્ત કરેલી હોય. તે બે ઘડી સુધી મિશ્ર અને તે પછી અચીત થાય છે, એવો વ્યવહાર છે. તેમજ કાચાં ફળ, કાચા ધાન્ય, ઘણું મર્દન કરેલું એવું પણ મીઠું ઇત્યાદિ ચીજ કાચા પાણીની પેઠે અગ્નિ વગેરે પ્રબળ શસ્ત્ર વીના અચિત્ત થતાં નથી. શ્રી ભગવતી સૂત્રના ઓગણીશમા શતકના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે—વજ્રમયી શીલા ઉપર અલ્પ પૃથ્વીકાય રાખી તેને વજ્રમય પથ્થરથીજ જે એકવીસ વાર ચુર્ણ કરીએ, તો તે પૃથ્વીકાયમાં કેટલાક જીવો એવા રહે છે કે, જેને પથ્થરનો સ્પર્શ પણ થયો નથી ! હરડે, ખારેક, ખીસમીસ, દ્રાક્ષ, ખજૂર, મરી, પીંપર, જાયફળ, બદામ, વાવડંગ, અખોડ, નિમજાં, અંજીર, જળદાળુ, પસ્તાં, ચિનીકબાલા, સ્ફટિક જેવાં સૈંધવ વગેરે, સાજીખાર, બીડલવણ (ભઠ્ઠીમાં પકાવેલું મીઠું) બનાવટી ખાર, કુંભાર વગેરે લોકોએ તૈયાર કરેલી માટી વગેરે, એલચી, લવિંગ, જાવંત્રી, સુકી નાગરમોથ, કોંકણ વગેરે દેશમાં પાકેલાં કેળાં, ઉકાળેલાં શીંગોડાં, સોપારી ઇત્યાદિ વસ્તુ સો યોજન ઉપરથી આવેલી હોય તો. અચિત્ત માનવાનો વ્યવહાર છે. શ્રી કલ્પમાં કહ્યું છે કે, લવણાદિ વસ્તુ સો યોજન ગયા પછી (ઉત્પત્તિ સ્થાનમાં મળતો હતો તે) આહાર ન મળવાથી, એક પાત્રમાંથી બીજા પાત્રમાં નાંખવાથી અથવા એક વખારમાંથી બીજી વખારમાં નાંખવાથી, પવનથી, અગ્નિથી તથા ધૂમાડાથી અચિત્ત થાય છે. (વળી એજ વાત વિસ્તારથી કહે છે.) લવણાદિક વસ્તુ પોતાના ઉત્પત્તિ સ્થાનથી પરદેશ જતાં પ્રતિદિન પ્રથમ થોડું, પછી તે કરતાં વધારે, તે પછી તે કરતાં પણ વધારે, એમ કરતાં અનુક્રમે અચિત્ત થતાં સો યોજન ઉપર જાય છે. ત્યારે તો તે સર્વથા અચિત્ત થાય છે.

તત્કાળ કરેલી તલપાપડી તેજ દિવસે પણ અચિત્ત ગણવાનો વ્યવહાર છે. વૃક્ષ ઉપરથી તત્કાળ ગ્રહણ કરેલો ગુંદ, લાખ, છાલ વગેરે તથા તત્કાળ કાઢેલો લિંબુ, લીમડો, નાળિએર, કેરી, શેલડી વગેરેનો રસ, તેમજ તત્કાળ કાઢેલું તલાદીકનું તેલ, તત્કાળ ભાગેલું અને નિર્બીજ કરેલું નાળિએર, શીંગોડાં, સોપારી વગેરે નિર્બીજ કરેલાં પાકાં ફળ, ઘણું ખાંડીને એક રહીત કરેલું જીરૂં, અજમો વગેરે બે ઘડી સુધી મિશ્ર અને તે પછી અચિત્ત એવો વ્યવહાર છે.

શંકા:—શસ્ત્રનો સંબંધ નહીં છતાં કેવળ સો યોજન ઉપર ગયા-થીજ લવણાદિક વસ્તુ અચિત્ત શી રીતે થાય છે?

સમાધાન:—જે વસ્તું જે દેશમાં ઉત્પન્ન થાય છે, તેને તે દેશ, સાંનાં હવા પાણી વગેરે માફક આવે છે, તેજ વસ્તુને ત્યાંથી પરદેશ લઇ જઇએ તો તેને પૂર્વે જે દેશ, હવા પાણી વગેરેની પુષ્ટિ આપનારો આહાર મળતો હતો, તેનો વિચ્છેદ થવાથી તે વસ્તુ અચિત્ત થાય છે. એક પાત્રથી બીજા પાત્રમાં અથવા એક વખારમાંથી બીજી વખારમાં એમ વારંવાર ફેરવ્યાથી પણ લવણાદિ વસ્તુ અચિત્ત થાય છે. તેમજ પવનથી, અગ્નિથી અને રસોડા વગેરે સ્થાનકને વિષે ધૂમાડો લાગવાથી પણ લવણાદિક વસ્તુ અચિત્ત થાય છે. "લવણાદિ" એ પદમાં "આદિ" શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી હરતાળ, મનશીલ, પીંપર, ખજુર, દ્રાક્ષ, હરડાં એ વસ્તુ પણ સો યોજન ઉપરાંત ગયાથી અચિત્ત થાય છે એમ જાણવું; પણ એમાં કેટલાક વાપરવા યોગ્ય અને કેટલાક નહિં વાપરવા યોગ્ય છે. પીંપર, હરડે ઇત્યાદી વાપરવા યોગ છે, અને ખજૂર દ્રાક્ષ વગેરે નહી વાપરવા યોગ છે.

હવે સર્વે વસ્તુનું પરિણામ થવાનુ સાધારણ (સર્વેને લાગુ પડે એવું) કારણ કહે છે. ગાડામાં અથવા બળદ વગેરેની પીઠ ઉપર વારંવાર ચઢાવવા ઉતારવાથી, ગાડામાં અથવા બળદ ઉપર લાવેલા લવણાદિ વસ્તુના ભારને વિષે માણસ બેસવાથી, બળદના તથા માણસના શરીરની ઉષ્ણતા લાગવાથી, જે ચીજનો જે આહાર છે, તે ન મળવાથી, અને ઉપક્રમથી લવણાદિ વસ્તુનો પરિણામ થાય છે, અર્થાત્ તે અચીત્ત થાય છે. ઉપક્રમ એટલે શસ્ત્ર તે (શસ્ત્ર) સ્વકાય ૧, પરકાય ૨, અને ઉભકાય ૩, એવા

ભેદથી ત્રણ પ્રકારનું છે. ખારૂં પાણી મીઠા પાણીનું શસ્ત્ર છે, તે સ્વકાય શસ્ત્ર જાણવું. અથવા કાળી જમીન સફેદ જમીનનું સ્વકાય શસ્ત્ર જાણવું જળનું અગ્નિ અને અગ્નિનું જળ શસ્ત્ર છે, તે પરકાય શસ્ત્ર જાણવું માટીથી મીશ્ર થએલું જળ શુદ્ધ જળનું શસ્ત્ર છે, તે ઉભયકાય શસ્ત્ર જાણવું. સચિત્ત વસ્તુના પરિણામ થવાનાં (અચિત્ત થવાનાં) ઇત્યાદિક કારણ જાણવાં. ઉત્પલ (કમળ વિશેષ) અને પદ્મ (કમળ વિશેષ) જળયોનિ હોવાથી તડકામાં રાખીએ તો એક પહોર પણ સચિત્ત રહેતાં નથી. અર્થાત્ પહોર પૂરો થતાં પહેલાંજ અચિત્ત થાય છે. મોગરાનાં મૃગદંતિકાનાં અને જૂઇનાં ફૂલ ઉષ્ણયોનિ હોવાથી ઉષ્ણ પ્રદેશમાં રાખીએ તો ઘણા કાળ સુધી સચિત્ત રહે છે. મૃગદંતિકાનાં ફૂલ પાણીમાં રાખીએ તો એક પહોર પણ સચિત્ત રહેતાં નથી. ઉત્પલકમળ તથા પદ્મકમળ પાણીમાં રાખીએ તો ઘણા વખત સુધી સચિત્ત રહેછે. પાનડાં, ફૂલ, બીજ ન બંધાયલાં ફળ અને વછુલા પ્રમુખ હરિતકાય અથવા સામાન્યથી તૃણ તથા વનસ્પતિ એમનું બીંટું અથવા મૂળનાલ સૂકાય તો અચિત્ત થયું એમ જાણવું. એ પ્રકારે કલ્પવૃત્તિમાં કહ્યું છે. શ્રી ભગવતીસૂત્રના છઠ્ઠા શતકના સાતમા ઉદ્દેશામાં શાલિ પ્રમુખ ધાન્યનો સચિત્ત અચિત્ત વિભાગ એવી રીતે કહ્યો છે.

પ્રશ્ન:—હે ભગવંત ! શાલિ (કોલમ વગેરે ચોખાની જાતિ), વ્રીહિ (સર્વે જાતની સામાન્ય ડાંગેર), ગહું, જવ, જવજવ (એક જાતના જવ), એ ધાન્યો કોઠીમાં, વાંસથી બનાવેલા પાલ્યમાં, માંચામાં, મંચમાં, માલામાં ઢાંકેલાં, ઢાંકણની જોડે છાણ માટીથી લીંપાયલાં, અથવા સર્વ બાજૂએ છાણમાટીથી લીંપાયલાં, (મોઢા ઉપર) મુદ્રિત કરેલાં રેખા વગેરે કરીને લાંછિત કરેલાં હોય તો તેમની યોનિ કેટલા કાળ સુધી રહે છે ?

ઉત્તર:—હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ (યોનિ રહે છે.) તે પછી યોનિ સુકાઇ જાય, ત્યારે (તે ધાન્યો) અચિત્ત થાય છે. અને બીજ છે તે અબીજ થાય છે.

પ્રશ્ન:—હે ભગવંત ! વટાણા, મસૂર, તિલ, મગ, અડદ, વાલ, ક-

લથી, ચોળા, તુવેર, કાળા ચણા ઇત્યાદિ ધાન્યો શાલિ માફક કોઠી વગેરેમાં રાખીએ તો તેમની યોનિ કેટલા કાળ સુધી રહે?

ઉત્તરઃ—હે ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પાંચ વર્ષ સુધી (યોનિ રહે છે.) તે પછી યોનિ સુકાય ત્યારે (ધાન્યો) અચિત્ત થાય છે, અને બીજ છે તે અબીજ થાય છે.

પ્રશ્નઃ—હે ભગવંત! અળસી, કુસુંભક, કોદરા, કાંગ, બંટી, શણક, કોદ્રૂસગ (કોદ્રાની એક જાતિ), સણ, સરશવ, મૂલબીજ ઇત્યાદિ ધાન્યો શાલિ માફક રાખીએ તો તેમની યોનિ કેટલા કાળ સુધી રહે?

ઉત્તરઃ—હે ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાત વર્ષ (યોનિ રહે છે.) તે પછી યોનિ સુકાય ત્યારે (તે ધાન્યો) અચિત્ત થાય છે, અને બીજ તે અબીજ થાય છે.

આ બાબતમાં પૂર્વાચાર્યોએ નીચેની ગાથાઓ રચી છેઃ—

जव जव जव गोहुम सा-लि वीहि धणाण कुठमाईसु ॥
खिविआणं उक्कोसं, वरिस तिगं होइ सजिअत्तं ॥ १ ॥
तिल मुग्ग मसूर कला-य मास चवलय कुलच्छ तुवरीणं ॥
तह वट्ट चणय वल्ला-ण वरिस पणगं सजीवत्तं ॥ २ ॥
अयसी लट्टा कंगू, कोद्रूसग सण बरट्ट सिद्धच्छा ॥
कुद्दव रालय मूलग-बीआणं सत्त वरिसाणि ॥ ३ ॥

(એ ત્રણે ગાથાઓનો અર્થ ઉપરના પ્રશ્નોત્તરમાં આવી ગયો છે.)

કપાસ ત્રણ વર્ષે અચિત્ત થાય છે. શ્રીકલ્પબૃહદ્‌ભાષ્યમાં કહ્યું છે કે, કપાસ ત્રણ વર્ષે લે છે. એટલે કપાસ ત્રણ વરસનો અચિત્ત થએલો લેવો કલ્પે છે.

લોટના અચિત્ત, મિશ્ર ઇત્યાદિ પ્રકાર પૂર્વાચાર્યોએ એવી રીતે કહ્યા છે. કે—લોટ ચાળેલો ન હોય તો શ્રાવણ તથા ભાદરવા માસમાં પાંચ દિવસ, આસો માસમાં ચાર દિવસ, કાર્તિક, માગશર અને પોષ માસમાં ત્રણ દિવસ, માહા અને ફાગણ એ બે માસમાં પાંચ પહોર, ચૈત્ર તથા વૈશાંખ માસમાં ચાર પહોર અને જ્યેષ્ટ તથા અષાઢ માસમાં ત્રણ પહોર મિશ્ર (કાંઇક સચિત્ત કાંઇક અચિત્ત) હોય છે. તે પછી અચિત્ત થાય

છે. ચાળેલો લોટ તો બે ઘડી પછી અચિત્ત થાય છે.

શંકા:—અચિત્ત થયેલો લોટ વગેરે અચિત્ત ભોજન કરનારને કેટલા દિવસ સુધી કલ્પે છે.

સમાધાન:—સિદ્ધાંતને વિષે આ વિષયના સંબંધમાં કાંઈ દિવસનો નિયમ સાંભળવામાં નથી પણ દ્રવ્યથી ધાન્યના નવા જૂનાપણા ઉપરથી, ક્ષેત્રથી સરસ નિરસ ખેતર ઉપરથી, કાળથી વર્ષાકાળ, શીતકાળ તથા ઉષ્ણકાળ ઇત્યાદિ ઉપરથી અને ભાવથી કહેલા વસ્તુના તે તે પરિણામ ઉપરથી પખવાડીયું, માસ ઇત્યાદિક અવધિ ક્યાં સુધી વર્ણ ગંધ રસાદિકમાં ફેરફાર થાય નહીં, અને ઇયળ વગેરે જીવની ઉત્પત્તિ થાય નહીં, ત્યાં સુધી કહેવું. સાધુને આશ્રીને (સાથવાની—શેકેલા ધાન્યના લોટની) યતના કલ્પવૃત્તિના ચોથા ખંડમાં એવી રીતે કહી છે:—જે દેશ, નગર ઇત્યાદિકમાં સાથવાને વિષે જીવની ઉત્પત્તિ થતી હોય. ત્યાં તે લેવો નહીં લીધા વિના નિર્વાહ ન થતો હોય, તો તેજ દિવસે કરેલો લેવો. તેમ છતાં પણ નિર્વાહ ન થાય તો બે ત્રણ દિવસનો કરેલો જૂદો જૂદો લેવો. તે ચાર, પાંચ ઇત્યાદિ દિવસનો કરેલો હોય તો તે સર્વ એકઠો લેવો. તે લેવાનો વિધિ આ પ્રમાણે છે:—ઝીણું કપડું નીચે પાથરીને તે ઉપર પાત્રબંધન રાખી તેના ઉપર સાથવાને વિંખેરવો. પછી ઉંચા મુખે પાત્રબંધન કરીને એક બાજુ જઇને જે ઇયળ (જીવ વિશેષ) જ્યાં વળગી રહેલી હોય તે ઉપાડીને ઠીકરામાં રાખવી. એમ નવ વાર પ્રતિલેખન કરતાં જો જીવ ન દેખાય તો, તે સાથવો ભક્ષણ કરવો; અને જો જીવ દેખાય તો ફરીથી નવવાર પ્રતિલેખન કરવું. તો પણ જીવ દેખાય તો પાછું નવવાર પ્રતિલેખન કરવું. એવી રીતે શુદ્ધિ થાય તો ભક્ષણ કરવો, અને ન થાય તો પરઠવવો. પણ જો તે ખાધા વિના નિર્વાહ ન થતો હોય તો, શુદ્ધ થાય ત્યાં સુધી પ્રતિલેખન કરી શુદ્ધ થએ ભક્ષણ કરવો. કાઢી રાખેલી ઇયળ ઘરટ્ટ વગેરેની પાસે ફોતરાનો મ્હોટો ઢગલો હોય, ત્યાં લઇ જઇ સાચવી રાખવી પાસે ઘરટ્ટ ન હોય તો ઠીકરા વગેરે ઉપર થોડો સાથવો વિંખેરીને જ્યાં અથાઇ ન થાય એવી જગ્યાએ રાખવી.

પકવાન ઇત્યાદિકને ઉદ્દેશીને એવી રીતે કહ્યું છે:—ઘૃતપક્વાદિ પકવાન્ન

સાધુ મુનિરાજને વર્ષાકાળમાં કરેલા દિવસથી માંડી પંદર દિવસ સુધી, શીતકાળમાં એક માસ સુધી અને ઉષ્ણકાળમાં વીશ દિવસ સુધી લેવું કલ્પે. કેટલાક આચાર્યો એમ કહે છે કે, આ ગાથા મૂળ કયા ગ્રંથમાંની છે? તે જણાતું નથી, માટે જ્યાં સુધી વર્ણ ગંધ રસાદિ ન પળટે, ત્યાં સુધી ઘૃતપક્વાદિ વસ્તુ શુદ્ધ જાણવી. જો મગ, અડદ ઇત્યાદિ વિદળ કાચા ગોરસમાં પડે તો તેમાં અને બે દિવસ ઉપરાંત રહેલા દહિંમાં પણ ત્રસ જીવની ઉત્પત્તિ થાય છે. એમ પૂર્વાચાર્યો કહે છે. આ ગાથામાં "**दुदिणुवरि**" (બે દીવસ ઉપરાંત) ને બદલે "**तिदिणुवरि**" (ત્રણ દીવસ ઉપરાંત) એવો પાઠ ક્વચિત્ છે, પણ તે ઠીક નથી એમ જણાય છે. કારણ કે, "**दध्यहर्द्वितयातीम्**" એવું હેમચંદ્રાચાર્યનું વચન છે. ઘાણીમાં પીલીએ તો જેમાંથી તેલ નીકળતું નથી, તેને **વિદળ** કહે છે. વિદળ જાતીમાં ઉત્પન્ન થયું હોય તોપણ જેમાંથી તેલ નીકળતું હોય તે વિદળમાં ગણવું નહીં. વિદળના લોટનો પદાર્થ વગેરે, માત્ર પાણીમાં રાંધેલો ભાત વગેરે તથા એવીજ બીજી વસ્તુ વાશી હોય તો, તેમજ સડેલું અન્ન, પ્રુલેલો ભાત અને પક્વાન્ન અભક્ષ્ય હોવાથી શ્રાવકે વર્જવું. બાવીસ અભક્ષ્યનું તથા બત્રીસ અનંતકાયનું પ્રકટ સ્વરૂપ મેં કરેલી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર વૃત્તિથી જાણી લેવું. વિવેકી પુરૂષે જેમ અભક્ષ્ય વર્જવાં, તેમ રિંગણાં, કાયમાં, ટિંબરૂં, જંબૂડાં, બિલ્લીફળ, લીલાંપીલુ, પાકાં કરમદાં, ગુંદાં, પિલુ, મહુડાં, મકરોડાં, વાલ્હઉલી, મ્હોટાં મોર, કાચાં કોઠિંબડાં, ખસખસ, તલ, સચિત્ત લવણ ઇત્યાદિક વસ્તુ બહુબીજ તથા જીવાકુળ હોવાથી વર્જવી. લાળ વગેરે હોવાથી જેના ઉપર બરાબર તેજ નથી, એવા ગિલોડાં, કંટોલાં, ફણસ ઇત્યાદિ વસ્તુ તથા જે દેશ નગદ ઇત્યાદિકમાં કડવું તુંબડું, ભૂરૂં કોહલું વગેરે લોકવિરૂદ્ધ હોય તો તે પણ શ્રાવકે વર્જવું. કારણ કે, તેમ ન કરે તો જૈનધર્મની નિંદા પ્રમુખ થવાની પ્રાપ્તિ થાય. બાવીશ અભક્ષ્ય તથા બત્રીસ અનંતકાય પારકે ઘેર અચિત્ત થએલાં હોય તોપણ તે લેવા નહીં. કારણ કે, તેથી પોતાનું ક્રૂરપણું પ્રકટ થાય, તથા "આપણે અચિત્ત અનંતકાય વગેરે લઇએ છીએ" એમ જાણી તે લોકો વધારે અનંતકાયાદિકનો આરંભ કરે, ઇત્યાદિ દોષ થવાનો સંભવ છે. માટેજ

ઉકાળેલો લોધર, રાંધેલું આદુ, સૂરણ, રિંગણાં ઇત્યાદિક સર્વ અચિત્ત હોય તોપણ વર્જવું. વખતે કદાચિત્ દોષ થાય તે ટાળવાને અર્થે મૂળનાં પાંચે અંગ (મૂળ, પત્ર, પુલ, ફળ અને કાંડ) વર્જવાં. સૂંઠ વગેરે તો નામમાં અને સ્વાદમાં ફેર થવાથી કલ્પે છે.

ગરમ પાણી તો ત્રણ ઉકાળા આવે ત્યાં સુધી મિશ્ર હોય છે. પિંડ નિર્યુક્તિમાં કહ્યું છે કે, ત્રણ ઉકાળા ન આવ્યા હોય, ત્યાં સુધી ગરમપાણી મિશ્ર હોય છે. તે ઉપરાંત અચિત્ત થાય છે. તેમજ વૃષ્ટિ પડતાં માત્રજ ગ્રામ, નગર ઇત્યાદિકને વિષે જ્યાં મનુષ્યનો પ્રચાર ઘણો હોય, તે સ્થાનકે પડેલું જળ જ્યાં સુધી પરિણમતું નથી, ત્યાં સુધી મિશ્ર હોય છે. અરણ્યમાં તો જે પ્રથમ વૃષ્ટિનું જળ પડે છે, તે સર્વ મિશ્ર અને પાછળથી પડે તે સર્વ સચિત્ત હોય છે.

ચોખાનું પાણી તો ત્રણ આદેશ મૂકીને ઘણું સ્વચ્છ ન હોય તો મિશ્ર અને ઘણું સ્વચ્છ હોય તો અચિત્ત હોય છે. ત્રણ આદેશ આ રીતેઃ—કેટલાક કહે છે કે, ચોખાનું પાણી—જે વાસણમાં ચોખા ધોયા હોય, તે વાસણમાંથી બીજા વાસણમાં કાઢી નાંખતાં ધારાથી તૂટીને આજુ બાજુએ વળગી રહેલાં ટીંપાં જ્યાં સુધી ટકી રહે, ત્યાં સુધી મિશ્ર હોય છે. બીજા એમ કહે છે કે, ચોખાનું પાણી બીજા વાસણમાં કાઢી નાંખતાં આવેલા પપોટા જ્યાં સુધી ટકી રહે, ત્યાં સુધી મિશ્ર હોય છે. ત્રીજા એમ કહે છે કે જ્યાં સુધી ધોયેલા ચોખા રંધાયા નહીં હોય, ત્યાં સુધી મિશ્ર હોય છે. આ ત્રણે આદેશ બરાબર નથી, માટે અનાદેશ સમજવા. કારણ કે, પાત્ર રૂક્ષ (લૂખું) હોય અથવા પવનનો કે અગ્નીનો સ્પર્શ થાય તો બિંદુ થોડી વાર ટકી રહે, અને પાત્ર ચીકણું હોય તથા પવનનો કે, અગ્નિનો સંબંધ ન હોય તો ઘણી વાર ટકી રહે. તાત્પર્ય એ છે કે, આ ત્રણે આદેશમાં કાળ નિયમનો અભાવ છે, માટે અતિશય સ્વચ્છ હોય, તેજ ચોખાનું પાણી અચિત્ત જાણવું.

હવે નીવોદક ધૂમાડાથી ધૂમ્રવર્ણ અને સૂર્ય કિરણના સંબંધથી થોડું ગરમ હોય છે, તેથી અચિત્ત છે, માટે તે લેવામાં કાંઇ પણ વિરાધના નથી. કેટલાક કહે છે કે, તે પોતાના પાત્રમાં ગ્રહણ કરવું

અહિં આચાર્ય કહે છે કે, નિર્વોદક અશુચિ હોવાથી પોતાના પાત્રમાં લેવા-
ની મનાઇ છે. માટે ગૃહસ્થની કુંડી વગેરે વાસણમાંજ લેવું. વરસાદ પડતો
હોય ત્યારે તે મિશ્ર હોય છે. માટે વર્ષાદ બંધ થયા પછી બે ઘડીએ લે-
વું. શુદ્ધ જળ ત્રણ ઉકાળા આવ્યાથી અચિત્ત થએલું હોય, તો પણ ત્રણ
પહોર ઉપરાંત તે પાછું સચિત્ત થાય છે, માટે તેમાં રક્ષા નાંખવી. તેથી
તે પાણી સ્વચ્છ રહે છે. એમ પિંડનિર્યુક્તિની વૃત્તિમાં કહ્યું છે.

ચોખાનું ધોવણ પહેલું, બીજું અને ત્રીજું તત્કાળનું કાઢેલું હોય
તો મિશ્ર અને કાઢયા પછી ઘણો કાળ રહ્યું હોય તો અચિત્ત હોય છે.
ચોથું, પાંચમું વગેરે તંદુલોદક ઘણી વાર રહે તો પણ સચિત્ત હોય છે.
પ્રવચનસારોદ્ધારાદિક ગ્રંથમાં અચિત્ત જળાદિકનું કાળમાન એવી રીતે કહ્યું
છે કેઃ—ગરમ પાણી ત્રણ ઉકાળા આવે એવું ઉકાળેલું હોય તો અચિત્ત
હોવાથી સાધુને કલ્પે છે. પરંતુ જ્ઞાનાદિકને અર્થે ત્રણ પહોર ઉપરાંત પણ
રાખવું. અચિત્ત જળ ગ્રીષ્મઋતુમાં પાંચ પહોર ઉપરાંત, શીત ઋતુમાં
ચાર પહોર ઉપરાંત અને વર્ષા ઋતુમાં ત્રણ પહોર ઉપરાંત સચિત્ત થાય છે.
ગ્રીષ્મ ઋતુમાં કાળ અતિ લૂખો હોવાથી જળમાં જીવની ઉત્પત્તિ થતાં ઘણો
વખત (પાંચ પહોર) લાગે છે. શીત ઋતુમાં વખત સ્નિગ્ધ હોવાથી ગ્રી-
ષ્મ કરતાં થોડો વખત (ચાર પહોર) લાગેછે અને વર્ષાઋતુમાં વખત અ-
તિશય સ્નિગ્ધ હોવાથી શિત ઋતુ કરતાં પણ થોડો વખત (ત્રણ પહોર)
લાગે છે. જો ઉપર કહેલા વખત કરતાં વધારે રાખવું હોય તો, તેમાં
રક્ષા નાંખવી. જેથી પાછું સચિત્ત ન થાય. એમ ૧૩૬ મા દ્વારમાં કહ્યું
છે. જે અપ્કાયાદિક (જળ વગેરે) અગ્નિ આદિક બાહ્ય શસ્ત્રનો સંબંધ
થયા વિના સ્વભાવથીજ અચિત્ત થયું હોય તેને કેવળી, મનઃપર્યવજ્ઞાનિ,
અવધિજ્ઞાની, તથા શ્રુતજ્ઞાની અચિત્ત છે, એમ જાણે તો પણ મર્યાદાભંગના
પ્રસંગથી તેનું સેવન કરતા નથી. સંભળાય છે કે, શેવાળ તથા ત્રસ
જીવથી રહીત અને સ્વભાવથી અચીત્ત થએલા પાણીથી ભરેલો મ્હોટો
દ્રહ નજીક છતાં પણ ભગવાન્ શ્રી વર્ધમાન સ્વામીએ અનવસ્થા દોષ ટા-
ળવાને અર્થે અને શ્રુતજ્ઞાન પ્રમાણભૂત છે એમ દેખાડવા માટે તૃષાથી
બહુ પીડાએલા અને તેથીજ પ્રાણાંત સંકટમાં આવી પડેલા પોતાના

શિષ્યોને તેનું પાણી પીવાની આજ્ઞા આપી નહીં. તેમજ ભુખથી પીડાયેલા શિષ્યોને અચિત્ત તલથી ભરેલું શટક અને વડીનીતિની સંજ્ઞાથી પીડાયેલા શિષ્યોને અચિત્ત એવી સ્થંડિલની ભૂમિ ઉપભોગમાં લેવાની પણ આજ્ઞા આપી નહીં. આને ખુલાસો એવો છે કે શ્રુતજ્ઞાની સાધુ જાણ શસ્ત્રનો સંબંધ થયા વિના જળાદિક વસ્તુ અચિત્ત છે, એમ વ્યવહાર કરતા નથી. માટે જાણ શસ્ત્રનો સંબંધ થવાથી જેના વર્ણ, ગંધ, રસ વગેરે પરિણમ્યા હોય એવુંજ જળાદિક વાપરવું. કંકટ મગ, હરડે કુલિક ઇત્યાદિ વસ્તુ અચેતન હોય તો પણ અવિનષ્ટ (નાશ ન પામેલી) યોનિના રક્ષણને અર્થે તથા ક્રૂરપણું વગેરે ટાળવાને અર્થે દાંત વગેરેથી ભાગતી નહીં. શ્રી ઓઘનિર્યુક્તિમાં પંચોતેરમી ગાથાની વૃત્તિને વિષે કહ્યું છે કે:—

શંકા:—અચિત્ત વનસ્પતિકાયની યતના રાખવાનું પ્રયોજન શું ?

સમાધાન:—વનસ્પતિકાય અચીત્ત હોય, તો પણ ગળો, મગ ઇત્યાદિ કેટલીક વનસ્પતિની યોનિ નાશ પામતી નથી. જેમ ગળો સુકાયલી હોય તો પણ પાણી છાંટવાથી પોતાના સ્વરૂપને પામતી દેખાય છે. એમજ કંકટકમગ પણ જાણવા. માટે યોનિનું રક્ષણ કરવાને અર્થે અચિત્ત વનસ્પતિકાયની પણ યતના રાખવી એ ન્યાયની વાત છે.

એવી રીતે સચિત્ત અચિત્ત વસ્તુનું સ્વરૂપ જાણી, સચીતાદિક સર્વ ભોગ્ય વસ્તુ નામ લઇ નક્કી કરી, તથા બીજી પણ બધી વાત ધ્યાનમાં લઇ સાતમું વ્રત જેમ આનંદ કામદેવ વગેરેએ સ્વીકાર્યું તેમ શ્રાવકે સ્વીકારવું. એવી રીતે સાતમું વ્રત લેવાની શક્તિ ન હોય તો સામાન્યથી એક બે ઇત્યાદિ સચિત્ત વસ્તુ, દસ, બાર ઇત્યાદી દ્રવ્ય, એક, બે ઇત્યાદિ વિગય વગેરેનો નિયમ દરરોજ કરવો. પણ દરરોજ નામ ન લેતાં સામાન્યથી અભિગ્રહમાં એક સચીત્ત વસ્તુ રાખે, અને હર દીવસ જૂદી જૂદી એક સચીત વસ્તુ લે તો, વારાફરતી એકેક વસ્તુ લેતાં સર્વ સચીત વસ્તુનું પણ ગ્રહણ થાય, એમ કરવાથી વિશેષ વિરતિ થાય નહીં. માટે નામ દઈ સચીત વસ્તુનો નિયમ કર્યો હોય તો નિયમમાં રાખેલી અન્ય સર્વ સચીત વસ્તુથી યાવજ્જીવ વિરતિ થાય, એ અધીક ફળ સ્પષ્ટ દેખાય છે.

કહ્યું છે કે—પુષ્પનો, ફળનો, મદ્યાદીકનો, માંસનો અને સ્ત્રીનો રસ જાણતા છતાં પણ જે વૈરાગી થયા, તે દુષ્કરકારક ભવ્ય જીવોને વંદના કરૂં છું.

સર્વે સચિત્ત વસ્તુમાં નાગરવેલનાં પાન છોડવાં બહુ મુશ્કેલ છે. કારણ કે, બાકી સર્વે સચિત્ત વસ્તુ તેમાં પણ વિશેષે કરીને કેરીઆદિક અચિત્ત થાય તો પણ તેમાં પ્રાયે મીઠાશ, સ્વાદ વગેરે રહે છે, પણ નાગરવેલના પાનમાં તો બિલકુલ સ્વાદ રહેતો નથી. સચિત્ત નાગરવેલના પાનમાં તો જળની ભીનાશ વગેરે હમેશાં રહેવાથી નીલી (લીલકૂલ) તથા કુંથુઆ વગેરે જીવોની ઉત્પત્તિ થવાને લીધે તેની ઘણી વિરાધના થાય છે. માટેજ પાપ ભીરૂ પુરૂષો રાત્રે પાન વાપરતા નથી. અને જે કોઇ વાપરે છે તે પણ રાત્રે ખાવાનાં પાન દિવસે સારી પેઠે તપાસી શોધી રાખેલાંજ વાપરે છે. બ્રહ્મચારી શ્રાવકે તો તે કામવિકારની વૃદ્ધિ કરનારાં હોવાથી (નાગરવેલનાં પાન) જરૂર ખાવાં નહિ જોઇએ. આ (નાગરવેલનાં પાન) પ્રત્યેક વનસપતિ છે ખરાં, પણ પ્રત્યેક પાન, ફૂલ, ફળ ઇત્યાદિક એકેક પ્રત્યેક વનસ્પતિને વિષે તેની નિશ્રાથી રહેલા અસંખ્યાતા જીવની વિરાધના થવાનો સંભવ છે. કહ્યું છે કે—પર્યાપ્તા જીવની નિશ્રાએ અપર્યાપ્તા જીવોની ઉત્પત્તિ થાય છે.તે પણ જ્યાં એક પર્યાપ્ત જીવ, ત્યાં અસંખ્યાતા અપર્યાપ્ત જીવ જાણવા. બાદર એકેંદ્રિયોને વિષે એમ કહ્યું છે. તેમજ સુક્ષ્મને વિષે તો જ્યાં, એક અપર્યાપ્ત, ત્યાં તેની નિશ્રાએ અસંખ્યાતા પર્યાપ્ત હોય છે. એ વાત આચારાંગસુત્ર વૃત્તિ વગેરે ગ્રંથને વિષે કહી છે. એવી રીતે એક પણ પત્ર, ફળ ઇત્યાદિકને વિષે અસંખ્યાતા જીવની વિરાધના થાય છે. અને જો કદાચિત્ તે પત્રાદિક ઉપર લીલકુલ વગેરે હોય તો તો અનંતા જીવની પણ વિરાધના થાય છે. જળ, મીઠું ઇત્યાદિ વસ્તુ અસંખ્યાતા જીવ રૂપ છે. પૂર્વાચાર્યનું વચન એવું છે કે, તીર્થંકરોએ એક જળબિંદુને વિષે જે જીવ કહ્યા છે, તે જીવ સરસવ જેટલા થાય તો જંબૂદ્વીપમાં સમાય નહિ. લીલા આમળા જેટલી પૃથ્વીકાય પિંડમાં જે જીવ હોય છે, તે પારેવા જેટલા થાય તો જંબૂદ્વીપમાં સમાય નહિ. સર્વ સચિત્તનો ત્યાગ કરવા ઉપર અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યોનું દૃષ્ટાંત જાણવું.

શ્રાવકધર્મ અંગીકાર કરી અચિત્ત અને કોઇએ આપેલા અન્ન પાનને ભોગવનારા તે (અંબડના શિષ્ય) એક વખત એક અટવીમાંથી બીજી અટવીમાં ફરતા ગ્રીષ્મ ઋતુને વિષે ઘણા તૃષાતુર થઇ ગંગા નદીના તટ ઉપર આવ્યા- ત્યાં "ગંગા નદીનું જળ સચીત્ત અને અદત્ત (કોઇએ ન આપેલું) હોવાથી, ગમે તે થાય તો પણ અમે નહી લઇશું" એવા દૃઢ નીશ્ચયથી અનશન કરી પાંચમા બ્રહ્મ દેવલોકમાં ઇંદ્ર સમાન દેવતા થયા. એવી રીતે સચીત્ત વસ્તુના ત્યાગને વીષે યતના રાખવી. જેણે પૂર્વે ચૌદ નીયમ લીધા હોય, તેણે તે નીયમોમાં પ્રતીદીન સંક્ષેપ કરવો, અને બીજા પણ નવા નીયમ યથાશક્તી ગ્રહણ કરવા. ચૌદ નીયમ કહ્યા છે તે એવી રીતે કેઃ—સચીત્ત ૧, દ્રવ્ય ૨, વીગય ૩, પગરખાં ૪, તાંબૂલ ૫, વસ્ત્ર ૬, ફૂલ ૭, વાહન ૮, શયન ૯, વિલેપન ૧૦, બ્રહ્મચર્ય ૧૧, દિશાપરિમાણ ૧૨, સ્નાન ૧૩, ખોરાક ૧૪ એ ચૌદ નિયમ જાણવા.

૧ સુશ્રાવકે મુખ્ય માર્ગથી તો સચિત્તનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. તેમ કરવાની શક્તિ ન હોય તો નામ લઇને અથવા સામાન્યથી એક બે ઇત્યાદિ સચિત્ત વસ્તુનો નિયમ કરવો. કહ્યું છે કે—અચિત્ત અને નિરવદ્ય આહારી આહારથી આત્માનું પોષણ કરનારા સુશ્રાવકો એવા (સચિત્ત-ત્યાગી) હોય છે. ૨ સચિત્ત અને વિગય છોડીને બાકી રહેલી જે કોઇ વસ્તુ મુખમાં નંખાય છે, તે સર્વ દ્રવ્ય જાણવું. ખીચડી, રોટલી, નીવીયાતા લાડવા, લાપશી, પાપડ, ચૂરમુ, દહીભાત, ખીર ઇત્યાદિક વસ્તુ ઘણા ધાન્યાદિકથી બનેલી હોય છે, તોપણ રસાદિકનો અન્ય પરિણામ થવાથી એકેકજ વસ્તુ ગણાય છે. પોળી, જાડા રોટલા, માંડા, ખાખરા, ઘૂઘરી, ઢોકળાં, થૂલી, બાટ, કણેક વગેરે વસ્તુ એક ધાન્યની બનેલી હોય છે, તો પણ પ્રત્યેકનું નામ જૂદું પડવાથી તથા સ્વાદમાં પણ ફેર થવાથી જૂદા જૂદા દ્રવ્ય ગણાય છે. ફલા, ફલિકા ઇત્યાદિકને વિષે નામ એક છે, તોપણ ભિન્ન સ્વાદ પ્રકટ દેખાય છે, તેથી તથા રસાદિકનો પરિણામ પણ અન્ય હોવાથી તે ઘણા દ્રવ્ય ગણાય છે. અથવા પોતાનો અભિપ્રાય તથા સંપ્રદાય ઉપરથી બીજી કોઇ રીતે પણ દ્રવ્ય ગણવા. ધાતુની શલાકા

(શલી) તથા હાયની આંગળી મુખ દ્રવ્યમાં, ગણાય નહિ.૩ ખાવા યોગ્ય વિગય છ છે, તે આ રીતેઃ—દૂધ ૧, દહી ૨, ઘી ૩, તેલ ૪, ગોળ ૫, અને ઘીમાં અથવા તેલમાં તળેલી વસ્તુ ૬, એ છ વીગય જાણવાં. ૪ ઉપાન્હ એટલે પગરખાં અથવા મોજા. પાવડીનું વગેરે તો જીવની ઘણી વિરાધનાનો હેતુ હોવાથી શ્રાવકને તે પહેરવી યુક્ત નથી. ૫ તાંબૂલ એટલે નાગરવેલનાં પાન, સોપારી કાથો વગેરેથી બનેલી સ્વાદિમ વસ્તુ જાણવી. ૬ વસ્ત્ર એટલે પંચાગાદિક વેષ જાણવો. ધોતી, પોતી, તથા રાત્રે પહેરવા માટે રાખેલું વસ્ત્ર વગેરે વેષમાં ગણાતાં નથી. ૭ પૂલ તે માથે તથા ગળા વગેરેમાં પહેરવાના અને ગુંથીને બીછાના ઉપર અથવા ઓશીકે પાથરવા લાયક લેવાં. ફૂલનો નિયમ કર્યો હોય તો પણ ભગવાનની શેષામાળા કલ્પે છે. ૮ વાહન તે રથ, અશ્વ, પોડિયા, સુખાસન પ્રમુખ જાણવાં. ૯ શયન તે ખાટ પ્રમુખ લેવા. ૧૦ વિલેપન તે ચોપડવાને અર્થે તૈયાર કરેલી ચંદન, ચૂવા, જવાસાદિ કસ્તૂરી પ્રમુખ વસ્તુ લેવી. વિલેપનનો નિયમ લીધો હોય તો પણ ભગવાનની પૂજા પ્રમુખ કાર્યમાં તિલક, હસ્તકંકણ, ધૂપ વગેરે કરવો કલ્પે છે. ૧૧ બ્રહ્મચર્ય (ચોથું વ્રત) તે દિવસે સર્વથા અને રાત્રે પોતાની સ્ત્રી વગેરે અપેક્ષાથી જાણવું. ૧૨ દિશા પરિમાણ તે ચારે તરફ અથવા કોણી દિશાએ આટલા ગાઉ સુધી અથવા આટલા જોજન સુધી જવું એવી મર્યાદા કરવી. ૧૩ સ્નાન તે તેલ ચોપડીને અથવા તે વગર નહાવું. ૧૪ ભક્ત એટલે રાંધેલું અન્ન તથા સુખડી પ્રમુખ સર્વ લેવું, આ ભક્તના નિયમમાં સર્વ મળી ત્રણ ચાર શેર અથવા એથી વધારે અન્ન સંભવ માફક રાખવું. ખડબૂચાં વગેરે લે તો ઘણાએ શેર થાય. એ ચૌદે વસ્તુનો નિયમ કરવો. તેમાં બે ત્રણ અથવા એથી વધારે સચિત્ત વસ્તુનાં નામ લઈને અથવા સામાન્યથી નિયમ કરવાનું જેમ ઉપર કહ્યું, તેમ દ્રવ્યાદિક તેરે વસ્તુના નિયમ વસ્તુનાં નામ દઈને અથવા સામાન્યથી યથાશક્તિ યુક્તિપૂર્વક કરવા. ઉપર કહેલા ચૌદ નિયમ એ એક નિયમની દિશા બતાવી છે. એ ઉપરથી બીજા પણ શાક, ફળ, ધાન્ય વગેરે વસ્તુના પ્રમાણનો તથા આરંભનો નિશ્ચય વગેરે કરી યથાશક્તિ નિયમ ગ્રહણ કરવા.

એવી રીતે નિયમ લીધા પછી યથાશક્તિ પચ્ચખાણ કરવું. તે નવકારસી, પોરસી વગેરે કાળ પચ્ચખાણ જો સૂર્યોદય પહેલાં ઉચ્ચાર્યું હોય, તો શુદ્ધ થાય, નહિ તો નહિ. બાકીનાં પચ્ચખાણ તો સૂર્યોદય પછી પણ કરાય છે. નવકારસી પચ્ચખાણ જો સૂર્યોદય પહેલાં ઉચ્ચાર્યું હોય, તો તે પૂરું થયા પછી પણ પોત પોતાની કાળમર્યાદામાં પોરસી વગેરે સર્વે કાળ પચ્ચખાણ કરાય છે. નવકારસી પચ્ચખાણ પરેલાં ન કર્યું હોય તો, સૂર્યોદય થયા પછી કાળ પચ્ચખાણ શુદ્ધ થતું નથી. જો સૂર્યોદય પહેલાં નવકારસી પચ્ચખાણ વિના પોરસી વગેરે પચ્ચખાણ કર્યું હોય તો, તે પૂરું થયા પછી બીજું કાળ પચ્ચખાણ શુદ્ધ થતું નથી. પણ તે સૂર્યોદય પહેલાં કરેલું પચ્ચરકાણપૂરું થતા પહેલા બીજું કાળ પચ્ચખાણ લે તો શુદ્ધ થાય છે, એવો વૃદ્ધ પુરૂષોનો વ્યવહાર છે. નવકારસી પચ્ચખાણનું બે ઘડી જેટલું પ્રમાણ તેના થોડા આગાર ઉપરથીજ પ્રકટ જણાય છે. નવકારસી પચ્ચખાણ કર્યા પછી બે ઘડી ઉપરાંત પણ નવકારનો પાઠ કર્યા વગર ભોજન કરે તો પચ્ચખાણનો ભંગજ થાય કારણ કે, પચ્ચખાણ દંડકમાં "**नमुक्कार सहिअं**" એમ કહ્યું છે.

જેને પ્રમાદ છોડવાની ઇચ્છા હોય, તેણે પચ્ચખાણ વિના ક્ષણમાત્ર રહેવું ઉચિત્ત નથી. નવકારસી પ્રમુખ કાંઇ પચ્ચખાણ પૂરું થાય તે સમયે, અંઠિસહિઅં વગેરે કરવું. જેને વારંવાર ઔષધ વગેરે લેવું પડતું હોય, એવા બાળક, રોગી ઇત્યાદિકથી પણ ગ્રંથિસહિત પચ્ચખાણ શેહેલાઇથી થાય એમ છે. એથી હમેશાં પ્રમાદ રહિતપણું રહે છે માટે એનું ફળ મ્હોટું છે. એક સાળવી મદ્ય માંસ વગેરે વ્યસનોમાં ઘણો આસક્ત હતો, તે માત્ર એકજ વાર ગ્રંથિસહિત પચ્ચખાણ કરવાથી કપર્દી યક્ષ થયો. એ દૃષ્ટાંત અહિં જાણવું. કહ્યું છે કે— જે પુરૂષો પ્રમાદ રહિત થઇને ગ્રંથિસહિત પચ્ચખાણની ગાંઠ બાંધે છે, તેમને સ્વર્ગનું તથા મોક્ષનું સુખ પોતાની ગાંઠે બાંધ્યું. જે ધન્ય પુરૂષો ન ભૂલતાં નવકાર ગણીને ગ્રંથિસહિ પચ્ચખાણની ગ્રંથિ છોડે છે, તે પોતાના કર્મની ગાંઠ છોડે છે. જો મુક્તિ પામવાની ઇચ્છા હોય તો એ રીતે પચ્ચખાણ કરી પ્રમાદ છોડવાનો અભ્યાસ કરવો. સિદ્ધાંતના જાણ પુરૂષો એનું પુણ્ય ઉપવાસ જેટલું કહે

છે. જે પુપર રાત્રે ચઉવિહાર પચ્ચખાણ અને દિવસે ગ્રંથિસહિત પચ્ચખા લઇ એક ઠેકાણે બેસી એક વાર ભોજન તથા તાંબૂલ વગેરે ભક્ષણ કરવું, અને પછી વિધિપૂર્વક મુખશુદ્ધિ વગેરે કરવી, એવી રીતે એકાશન કરે, તેને એક માસમાં ઓગણત્રીસ ચઉવિહાર ઉપવાસ કરવાનું ફળ પ્રાપ્ત થાય. તેમજ ઉપર કહેલ વિધિ પ્રમાણે રાત્રે ચઉવિહાર પચ્ચખાણ અને દિવસે બિયાસણું કરે તો તેને એક માસમાં અઠાવીસ ચઉવિહાર ઉપવાસ કરવાનું ફળ પ્રાપ્ત થાય. એમ વૃદ્ધ લોકો કહે છે. ભોજન, તાંબુલ, પાણી વગેરે વાપરતાં રોજ બે બે ઘડી લાગવાનો સંભવ છે, એ રીતે ગણતાં એકાશન કરનારી સાઠ ઘડી અને બિયાસણું કરનારની એકસો વીસ ઘડી એક મહિનાની અંદર ખાવા પીવામાં જાય છે. તે બાદ કરતાં બાકી રહેલા અનુક્રમે ઓગણત્રીશ, અઠાવીસ દિવસ ચઉવિહાર ઉપવાસમાં ગણાય એ પ્રકટ છે. પદ્મચરિત્રમાં કહ્યું છે કે—જે પુરૂષ લાગટ બિયાસણાનું પચ્ચખાણ લઇને પ્રતિદિન બે વાર ભોજન કરે, તે એક માસમાં અઠાવીસ ઉપવાસનું ફળ પામે છે. જે પુરૂષ બે ઘડી સુધી દરરોજ ચઉવિહાર પચ્ચખાણ કરે, તે એક માસમાં એક ઉપવાસનું ફળ પામે, અને તે ફળ દેવલોકમાં ભોગવે. કોઇ અન્યદેવતાની ભક્તિ કરનારો જીવ તપસ્યાથી જો દેવલોકમાં દસ હજાર વર્ષની સ્થિતિ પામે, તો જિનધર્મી જીવ જિનમહારાજે કહેલી તેટલીજ તપસ્યાથી ક્રોડ પલ્યોપમની સ્થિતિ પામે. એવી રીતે યથાશક્તિ બે બે ઘડી ચઉવિહાર વધારે, અને તે પ્રમાણે રોજ કરે તો તે જીવને એક મહિનામાં પચ્ચખાણના કાળમાનની વૃદ્ધિ માફક ઉપવાસ, છઠ, અઠમ ઇત્યાદિક શાસ્ત્રોક્ત ફળ થાય. એવી યુક્તિથી ગ્રંથસહિત પચ્ચખાણનું ફળ ઉપર કહેલું વિચારી લેવું. ગ્રહણ કરેલા સર્વ પચ્ચખાણનું વારંવાર સ્મરણ કરવું. પચ્ચખાણની પોત પોતાની કાળ મર્યાદા પૂરી થતાંજ મ્હારૂં ફલાણું પચ્ચખાણ પૂરૂં થયું, એમ વિચારવું. ભોજનની વેળાએ પણ પચ્ચખાણનું સ્મરણ કરવું. જો તેમ ન કરે તો કદાચિત્ પચ્ચખાણનો ભંગ વગેરે થવાનો સંભવ છે.

હવે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વગેરેનો વિભાગ એ રીતે જાણવો. અન્ન, ખાજા, દહિથરાં પ્રમુખ પકવાન્ન, માડા, સાથુડું વગેરે સર્વ જે

કાંઇ ક્ષુધાને શીઘ્ર ઉપશમાવી શકે છે, તે અશન જાણવું (૧). છાશ, પાણી, મદ્ય, કાંજી વગેરે સર્વ પાન જાણવું (૨). સર્વ જાતનાં ફળ, શેલડી, પહુંઆ, સુખડી વગેરે ખાદ્ય જાણવું (૩). તથા સૂંઠ, હરડે, પીંપર, મરી, જીરૂં, અજમો, જાયફળ, જાવંત્રી, કસેલો, કાથો, ખદિખટિકા, નેહીમદ્ય, તજ, તમાલપત્ર, એલચી, લવિંગ, કાહી, વાવડંગ, મિલલવણ, અજાજક, અજમોદ, કુલિંજણ, પીપરીમૂળ, ચિનીકમાળા, કચૂરો, મોથ, કંટા, સેલિકું, કપૂર, સંચળ, હરડાં. બેહેડાં, કુંભડો, બાવળ, ધમાસો, બેર, બીજડા વગેરેની છાલ, બાવાનાં પાન, સોપારી, હિંગાષ્ટક, હિંગુત્રેવીસો, પંચકૂળ, પુષ્કરમૂળ, જવાસાનાં મૂળ, બાવચી, તુલસી, કપૂરીકંદ ઇત્યાદિક ખાદિમ જાણવું (૪). ભાષ્ય અને પ્રવચનસારોદ્ધાર એ બે ગ્રંથના અભિપ્રાય પ્રમાણે જીરૂં સ્વાદ્ય છે. અને કલ્પવૃત્તિના અભિપ્રાય પ્રમાણે ખાદ્ય છે. અજમો પણ ખાદ્ય છે. એમ કેટલાક કહે છે. સર્વ ખાદ્ય વસ્તુ અને એલચી કપૂર ઇત્યાદિકનું જળ દુવિહાર પચ્ચખાણમાં ખપે છે. વેમણ, વરિયાળી, સવા, કોઇબડી, આમલાગંઠી, આંબાગોળી, કોઇપત્ર, લીંબૂપત્ર ઇત્યાદિ ખાદ્ય વગેરે હોવાથી દુવિહાર પચ્ચખાણમાં કલ્પે નહિ. તિવિહારમાં તો એક પાણીજ કલ્પે છે. કૂંકા જળ, તથા સીકરી, કપૂર, એલચી, કાથો, ખદિરચૂર્ણ, કસેલક, પાડલ ઇત્યાદિકનું જળ નીતરેલું અથવા ગાળેલું હોય તોજ કલ્પે, અન્યથા નહીં.

શાસ્ત્રને વિષે મદ્ય, ગોળ, સાકર, બાંડ, વગેરે સ્વાદ્યમાં અને દ્રાક્ષ, સાકર ઇત્યાદિકનું જળ અને છાશ વગેરે પાનમાં કહ્યું છે. પણ તે દુવિહાર વગેરેમાં કલ્પે નહિ. નાગપુરીય ગચ્છ પચ્ચખાણ ભાષ્યમાં કહ્યું છે કે, જો પણ શાસ્ત્રમાં દ્રાક્ષ પાનકાદિક પાનમાં અને ગોળ વગેરે સ્વાદિમમાં કહ્યું છે, તો પણ તે તૃમિનું કરનારૂં હોવાથી તિવિહારાદિકમાં અનાચરિત છે, એટલે પૂર્વાચાર્યોએ લીધું નથી. સ્ત્રીનો સંભોગ કરવાથી ચઉવિહારનો ભંગ થતો નથી, પણ બાલાદિકના હોઠ, ગાલ ઇત્યાદિકનું ચુંબન કરે તો ભંગ થાય. દુવિહારમાં તો સ્ત્રી સંભોગ તથા બાલાદિકનું ચુંબન પણ કલ્પે છે. ચઉવિહાર.દિ પચ્ચખાણ તો કવલ આહારનુંજ છે. લોમાદિક આહારનું નથી. એમ ન હોય તો શરીરે તેલ ચોપડવાથી તથા ગ-

ઠગૂમડા ઉપર પોટીસ બાંધવાથી પણ અનુક્રમે આંબિલ તથા ઉપવાસનો ભંગ થવાનો પ્રસંગ આવે. એમ માનવાનો વ્યવહાર પણ નથી કદાચિત્ કોઇ એમ માને તો, લોભાહાર નિરંતર ચાલવાનો સંભવ હોવાથી પચ્ચખાણના અભાવનો પ્રસંગ આવી પડે છે.

હવે અનાહાર વસ્તુ વ્યવહારમાં ગણાય છે તે આ રીતે:–લીમડાનાં પંચાંગ (મૂલ, છાલ, પત્ર, ફુલ, ફળ), મૂત્ર, ગળો, કડુ, કરિયાતું, અતિવિષ, કુડો, ચીડ, સૂખડ, રક્ષા, હળધર, રોહિણી, ઉપલેટ, વજ, ત્રિફળાં, બાવળની છાલ, ધમાસો, નાહિ, આસંધ, રિંગણી, એળીયો, ગુગ્ગલ, હરડેદલ, વડવિણ, બોર, છાલમૂત્ર, કંથેરીમૂત્ર, કેરડા મૂત્ર, પૂંઆડ, બોડથેરી, આછી, મજીઠ, બોર, બીલ, કુંઆરી, ચિત્રક, કુંદરૂ વગેરે એ સ્વાદની વસ્તુ રોગાદિ સંકટ હોય તો ચઉવિહારમાં પણ કલ્પે છે. શ્રીકલ્પમાં અને બૃહની વૃત્તિમાં ચોથા ખંડને વિષે શિષ્ય આહાર અને અનાહાર વસ્તુના લક્ષણ તે વિશેષ પુછેછે. આચાર્ય કહે છે:—ભાત પ્રમુખ શુદ્ધ એકલોજ ક્ષુધાને શમાવે, તેને આહાર કહે છે. તે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ભેદથી ચાર પ્રકારનો છે. તથા તે આહારમાં બીજી વસ્તુ જે પડે છે, તે પણ આહારજ કહેવાય છે. હવે એકાંગિક ચતુર્વિધ આહારની વ્યાખ્યા કરીએ છીએ. ભાત એકાંગિક એટલે શુદ્ધ એકલોજ ભુખનો નાશ કરે છે, માટે એ અશન આહાર રૂપ પ્રથમ ભેદ જાણવો (૧) છાશ, જળ મદ્યાદિક વસ્તુ પણ એકાંગિક એટલે શુદ્ધ એકલી ક્ષુધાનો નાશ કરે છે, માટે એ પાન આહાર રૂપ બીજો ભેદ જાણવો (૨) ફળ માંસ ઇત્યાદિક વસ્તુ એકાંગિક એટલે શુદ્ધ એકલી ભુખનો નાશ કરે છે, માટે એ ખાદિમ આહાર રૂપ ત્રીજો ભેદ જાણવો (૩) મધ, શેળડીનો ઉકાળી ઘટ કરેલો રસ વગેરે વસ્તુ એકાંગિક એટલે શુદ્ધ એકલી ભુખનો નાશ કરી શકે છે, માટે એ સ્વાદિમ આહાર રૂપ ચોથો ભેદ જાણવો ૪.

હવે આહારમાં જે બીજી વસ્તુ પડે છે, તે પણ આહાર કહેવાય છે. એમ કહ્યું તેની વ્યાખ્યા એ છે કે જે વળી લવણાદિક એકાંગિક (શુદ્ધ એકલી) વસ્તુ ભુખ ટાળવાને સમર્થ ન હોય, પણ ચતુર્વિધ આહારને વિષે કામમાં આવતી હોય, તે વસ્તુ ગમે તો આહારમાં પડેલી હોય

અથવા તો છૂટી હોય, તો પણ આહારની અંદરજ ગણાય છે. ભાત પ્રમુખ અશનમાં મીઠું, હીંગ. જીરૂં વગેરે વસ્તુ આવે છે, પાણી પ્રમુખ પાનમાં કપૂર વગેરે વસ્તુ આવે છે. આંબા આદિકના ફળ રૂપ ખાદિમમાં સૂક્ત વગેરે વસ્તુ આવે છે, તથા મગફળી અને સૂંઠ વગેરે સ્વાદિમમાં ગોળ ઇત્યાદિ વસ્તુ આવે છે, એ અંદર આવનારી કપૂરાદિ વસ્તુ પોતે ક્ષુધાનો નાશ કરી શકતી નથી, તથાપિ ક્ષુધાનો નાશ કરનાર આહારને મદદ કરે છે, માટે એ પણ આહારમાંજ ગણાય છે. એ ચતુર્વિધ આહાર મૂકીને બાકી રહેલી સર્વ વસ્તુ અનાહાર કહેવાય છે. અથવા ભુખથી પીડાયલો જીવ જે કાંઇ કાદવ સરખી વસ્તુ પેટમાં નાંખે છે, તે સર્વ આહાર જાણવો. ઔષધ વગેરેની ભજના છે, એટલે ઔષધમાં તો કેટલાક આહાર છે, અને કેટલાક અનાહાર છે. તેમાં સાકર અને ગોળ મુખ્ય ઔષધ આહારમાં ગણાય છે, અને સર્પે કરડેલા માણસને માટી પ્રમુખ ઔષધ અપાય છે, તે અનાહાર જાણવું. અથવા જે વસ્તુ ભુખથી પીડાયલા માણસને ખાધા કરતાં સ્વાદ આપે, તે સર્વ આહાર જાણવો. અને "હું આ વસ્તુ ભક્ષણ કરૂં" એવી રીતે જે વસ્તુ ખાવાની કોઇને પણ ઇચ્છા ન થાય, તથા જે જીભને પણ બે સ્વાદ આપે, તે સર્વ વસ્તુ અનાહાર જાણવી. તે આ રીતેઃ—કાવિઠી, લીમડાદિકની છાલ, પંચમૂલાદિક મૂળ, આમલાં, હરડાં બહેડાં ઇત્યાદિક ફળ એ સર્વ અનાહાર છે.

નિશીથચૂર્ણિમાં તોઃ—લીમડા પ્રમુખ વૃક્ષોની છાલ, તેમનાંજ લિંબોળી પ્રમુખ ફળ અને તેમનાંજ મૂળ ઇત્યાદિ સર્વ અનાહાર જાણવાં.

વળી પચ્ચખાણ ઉચ્ચારને વિષે પાંચ ભેદ છે. પ્રથમ ભેદને વિષે નવકારશી, પોરિસી પ્રમુખ તેર કાળ પચ્ચખાણ ઉચ્ચરાય છે. એ કાળ પચ્ચખાણ પ્રાયે સર્વ ચઉવિહાર (ચતુર્વીધ આહાર ત્યાગ રૂપ) હોય છે. બીજા ભેદને વિષે વિગય નીવી અને આંબીલ એમનો ઉચ્ચાર (પાઠ) આવે છે. વિગયનું પચ્ચખાણ વિગયનો નિયમ રાખનાર તથા ન રાખનાર એ સર્વેને પણ હોય. કારણ કે, શ્રાવક માત્રને પ્રાયે ચાર અભક્ષ્ય વિગયનો ત્યાગ હોય છેજ તેથી. ત્રીજા ભેદને વિષે એકાસણું, બીયાસણું, અને

એકલઠાણું ઉચ્ચરાય છે. એમાં દુવિહાર તિવિહાર તથા ચઉવિહાર આવે છે. ચોથા ભેદને વિષે "પાણુસ્સ લેવેણ" ઇત્યાદિક અચિત્ત પાણીના છ આગાર ઉચ્ચરાય છે. પાંચમા ભેદને વિષે પૂર્વે ગ્રહણ કરેલા સચિત્ત, દ્રવ્ય ઇત્યાદિ ચૌદ નિયમમાં સંક્ષેપ કરવા રૂપ દેશાવકાશિક વ્રત સવાર સાંજ ઉચ્ચરાય છે. ઉપવાસ, આંબિલ, અને નીવી એ ત્રણે પચ્ચખાણો પ્રાયે તિવિહાર અથવા ચઉવિહાર હોય છે; પણ અપવાદથી તો નીવી, પોરિસી ઇત્યાદિક પચ્ચખાણ દુવિહાર પણ હોય છે, કહ્યું છે કે—સાધુઓને રાત્રિને વિષે નમસ્કાર સહિત ચઉવિહારજ હોય છે. અને ભવચરિમ, ઉપવાસ તથા આંબિલ, એ ત્રણે પચ્ચખાણ તિવિહાર તથા ચઉવિહાર હોય છે. બાકીનાં પચ્ચખાણ દુવિહાર, તિવિહાર તથા ચઉવિહાર પણ હોય છે. એ રીતે પચ્ચખાણના વિષે આહારના ભેદ જાણવા.

હવે નીવી, આંબિલ ઇત્યાદિકને વિષે કઇ વસ્તુ કલ્પે, અને કઇ ન કલ્પે ? એ વાતનો નિર્ણય પોત પોતાની સામાચારી ઉપરથી જાણવો. અનાભોગ, સહસાત્કાર ઇત્યાદિક આગારનું પચ્ચખાણ ભાષ્યાદિકમાં કહેલું પ્રકટ સ્વરૂપ સિદ્ધાંતના અનુસારે મનમાં સારી પેઠે રાખવું એમ ન કરે તો, પચ્ચખાણ શુદ્ધ થવાનો સંભવ રહેતો નથી.

એ મૂળગાથાના ઉત્તરાર્ધમાં આવેલા "**पडिक्कमिअ**" એ પદની એવી રીતે સવિસ્તર વ્યાખ્યા કરી. હવે "**सुईपूइअ**" ઇત્યાદિ પદની વ્યાખ્યા કરિયે છીએ. મળમૂત્રનો ત્યાગ, દાતણ કરવું, જીભનું ઘસવું, કોગળા કરવા અને સર્વસ્નાન અથવા દેશસ્નાન ઇત્યાદિક કરીને પવિત્ર થવું. અહિં પવિત્ર થવું એ લોક પ્રસિદ્ધ વાતનો અનુવાદ માત્ર જાણવો. કારણ કે, મળમૂત્ર ત્યાગ વગેરે પ્રકાર લોક પ્રસિદ્ધ હોવાથી શાસ્ત્ર તે કરવા વિષેનો ઉપદેશ કરતું નથી. જે વસ્તુ લોક સંજ્ઞાથી પ્રાપ્ત થતી નથી, તેજ વસ્તુનો ઉપદેશ કરવો એ પોતાનું કર્તવ્ય છે, એમ શાસ્ત્ર સમજે છે. મળમલિન ગાત્ર હોય તો ન્હાવું, ભૂખ લાગે તો ખાવું, એવી વાતોમાં શાસ્ત્રના ઉપદેશની બીલકુલ આવશ્યકતા નથી. લોકસંજ્ઞાથી અપ્રાપ્ત એવા ઇહ પરલોક હિતકારી ધર્મ માર્ગનો ઉપદેશ કરવાથીજ શાસ્ત્રની સફળતા થાય છે. એમ બીજે ઠેકાણે પણ જાણી લેવું. શાસ્ત્રના ઉપદેશ કરનારને

સાવદ્ય આરંભની વચનથી અનુમોદના કરવી એ પણ યોગ્ય નથી. વળી કહ્યું છે કે— જે સાવદ્ય અને અનવદ્ય વચનના ભેદ વિશેષ જાણતો નથી, તે મુખમાંથી એક વચન બોલવા પણ યોગ્ય નથી. તો પછી દેશના કરવાની તો વાત ક્યાંથી હોય!

મળમૂત્રનો ત્યાગ તો મૌન કરી નિરવદ્ય તથા યોગ્ય સ્થાન વગેરે જોવાના વિધિથીજ કરવો ઉચિત છે. કહ્યું છે કે— મળમૂત્રનો ત્યાગ, સ્ત્રી-સંભોગ, સ્નાન, ભોજન, સંધ્યાદિ કર્મ, દેવપૂજા અને જપ એટલાં કાર્યો મૌન રાખીનેજ કરવાં. વિવેક વિલાસમાં પણ કહ્યું છે કે— પ્રભાતે, સાંયંકાળે તથા દિવસે ઉત્તર દિશાએ અને રાત્રિને વિષે દક્ષિણ દિશાએ મુખ કરી, મૌન રાખી તથા વસ્ત્ર ઓઢીને મળમૂત્રનો ત્યાગ કરવો. સંપૂર્ણ નક્ષત્રો નિસ્તેજ થએ છતે સૂર્યબિંબનો અર્ધો ઉદય થાય ત્યાં સુધી પ્રભાત સંધ્યાનો સમય કહેવાય છે. સૂર્યબિંબના અર્ધા અસ્તથી માંડી બે ત્રણ નક્ષત્રો આકાશમાં ન દેખાય, ત્યાં સુધી સાયં સંધ્યાનો સમય જાણવો. મળમૂત્રનો ત્યાગ કરવો હોય તો, જ્યાં રક્ષા, છાણ, ગાયોનું રહેઠાણ, રાફડા, વિષ્ટા વગેરે હોય, તે સ્થાન તથા ઉત્તમ વૃક્ષ, અગ્નિ, માર્ગ, તળાવ વગેરે સ્મશાન, નદી કિનારો તથા સ્ત્રીઓ અને પોતાના વડીલો એમની જ્યાં દૃષ્ટિ પડતી હોય, એવી જગ્યા તજવી. આ નિયમો ઉતાવળ ન હોય તો સાચવવા. ઉતાવળ હોય તો સર્વે નિયમ સાચવવાજ જોઇએ એમ નથી.

શ્રી ઓઘનિર્યુક્તિ આદિક ગ્રંથોને વિષે પણ સાધુઓને ઉદ્દેશીને કહ્યું છે કે-જ્યાં કોઈ માણસની આવજાવ નથી, તથા જે સ્થળની અંદર કોઇની દૃષ્ટિ પણ પડતી નથી, જ્યાં કોઇને અપ્રીતિ ઉપજવાથી શાસનના ઉડાહનું કારણ તાડનાદિક થવાનો સંભવ નથી, ભૂમી સરખી હોવાથી જ્યાંથી પડી જવાય તેવું નથી, તૃણ આદિક વસ્તુથી જે ઢંકાયલું નથી, જ્યાં વીંછી અને કીડી આદિકનો ઉપદ્રવ નથી, જ્યાંની ભૂમિ અગ્નિ વગેરેના તાપથી થોડાકાળની અચિત્ત કરેલી છે, જેની નીચે ઓછામાં ઓછી ચાર આંગળ ભૂમિ અચિત્ત છે, વાડી, બંગલા વગેરેના સમીપ ભાગમાં જે આવેલું નથી, ઓછામાં ઓછું એક હાથજ વિસ્તારવાળું, ઉંદર, કીડી પ્રમુખનાં બિલ, ત્રસજીવ અને જ્યાં બીજ (સચિત્ત ધાન્યના દાણા પ્રમુખ) નથી,

એવા સ્થંડિલને (સ્થળને) વિષે વડીનીતિનો તથા લઘુનીતિનો ત્યાગ કરવો. ઉપર તૃણ આદિક વસ્તુથી ઢંકાયલું સ્થળ નહીં જોઇએ એમ કહ્યું એનું કારણ કે, ઢંકાયલું સ્થળ હોય તો ત્યાં વીંછી વગેરે કરડવાનો સંભવ રહે છે. તથા વડીનીતિ વગેરેથી કીડી પ્રમુખ ચાલી જાય માટે તૃણાદિકથી ઢંકાયલું નહીં હોવું જોઇએ. તેમજ જ્યાંની ભૂમિ થોડા કાળની અચિત્ત કરેલી છે, એમ કહેવાનું કારણ કે, અગ્નિનો તાપ વગેરે કરીને અચિત્ત કરેલી ભૂમિ બે મહિના સુધી અચિત્ત રહે છે, અને તે પછી મિશ્ર થાય છે. જે ભૂમીએ ચોમાસામાં ગામ વસ્યું હોય, તે ભૂમી બાર વર્ષ સુધી શુદ્ધ સ્થંડિલ રૂપ જાણવી. વળી કહ્યું છે કે—દિશા ધારીને બેસવું, પવન, ગામ તથા સૂર્ય એમની તરફ મુખ કરીને બેસવું નહી. છાયાને વિષે ત્રણ વાર પૂંજી, "**अणुजाणह जस्सग्गो**" કહી, પોતાના શરીરની શુદ્ધિ થાય તેમ વડીનીતિ લઘુનીતિનો ત્યાગ કરવો. ઉત્તર અને પૂર્વ દિશા ભણી મુખ કરવું સારૂં છે. દક્ષિણ દિશાને વિષે કરે તો રાક્ષસ, પિશાચાદિક આવી પડે છે. પવન સામું મુખ કરે તો નાસિકાને પીડા થાય, સૂર્ય અને ગામ સામું મુખ કરે તો નિંદા થાય જે છાયા જીવ ઉત્પત્તિ વાળી હોય તો ત્યાંથી વેગળે જઇને ત્યાગ કરવો. છાયા ન હોય તો તડકામાંજ ત્યાગ કરવો. ત્યાગ કરીને એક મુહૂર્ત (બે ઘડી) સુધી ત્યાં બેસવું. લઘુનીતિ રોકે તો નેત્રપીડા થાય, અને વડીનીતિ રોકે તો જીવિતની હાનિ થાય, ઊર્ધ્વ વાયુને (ઓડકારને) રોકે તો કોઢ રોગ થાય, અથવા ત્રણેના રોકવાથી ગાંડાપણું થાય. વડીનીતિ, સલેખમ પ્રત્યાદિકનો ત્યાગ કરતાં પહેલાં "**अणुजाणह जस्सग्गो**" એમ કહેવું. તથા ત્યાગ કરી રહ્યા પછી તુરત "**वोसिरे**" એમ ત્રણ વાર મનમાં ચિંતવવું. સલેખમ પ્રમુખને ધૂળથી ઢાંકવા યત્ન કરવો. ન કરે તો તેને વિષે અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ થાય તથા તેમની વિરાધના પ્રમુખ દોષ લાગે છે. શ્રીપન્નવણા સૂત્રમાં પ્રથમ પદને વિષે કહ્યું છે કે—હે ભગવંત ! સંમૂર્ચ્છિમ મનુષ્ય શી રીતે ઉત્પન્ન થાય છે ? ઉત્તરઃ—હે ગૌતમ ! પિસ્તાલીશ લાખ જોજનવાળા મનુષ્યક્ષેત્રને વિષે, અઢીદ્વીપ સમુદ્રની અંદર, પંદર કર્મભૂમિને વિષે, તથા છપ્પન અંતર્દ્વીપને વિષે, ગર્ભજ મનુષ્યની વિષ્ઠા, મૂત્ર, બળ-

ખો, નાસિકાનો મળ, ઓકારી, પિત્ત, વીર્ય, પુરૂષવીર્યમાં મિશ્ર થયેલું સ્ત્રી-વીર્ય (લોહી), બહાર કાઢી નાંખેલા પુરૂષવીર્યના પુદ્‌ગલ, જીવ રહિત કલેવર, સ્ત્રીપુરૂષનો સંયોગ, નગરની ખાલ તથા સર્વે અશુચિ સ્થાનક એમને વિષે સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. આંગળીના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળા, અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિએ અપર્યાપ્ત અને અંતર્મુહૂર્ત આયુષ્યવાળા એવા તે સંમૂર્ચ્છિમ મનુષ્ય (અંતર્મુહૂર્તમાં કાળ કરે છે. ઉપર **સર્વે અશુચિ સ્થાન** એમ કહ્યું, તેથી જે કાંઇ મનુષ્યના સંસર્ગથી અશુચિ થાય છે, તે સર્વ સ્થાનક લેવાં એમ પન્નવણાની વૃત્તિમાં કહ્યું છે.

દાતણ વગેરે કરવું હોય તો દોષ રહિત (અચિત્ત) સ્થાનકે જાણીતા વૃક્ષના અચિત્ત અને કોમળ દંતકાષ્ઠથી અથવા દાંતની દૃઢતા કરનાર એવું [1]તર્જની આંગળીથી ઘસીને કરવું. દાંત તથા નાક વગેરેનો મળ નાંખ્યો હોય, તે ઉપર ધૂળ નાંખવી. વ્યવહાર શાસ્ત્રમાં તો આ રીતે કહ્યું છેઃ— દાંતની દૃઢતાને અર્થે પ્રથમ તર્જની આંગળીથી દાંતની દાઢયો ઘસવી. પછી યતનાથી દાતણ કરવું. જો પાણીના પહેલા કોગળામાંથી એક બિંદુ ગળામાં જાય, તો સમજવું કે, આજે ભોજન સારૂં મળશે. સરળ, ગાંઠ વિનાનું, સારો ફૂચો થાય એવું, પાતળી અણીવાળું, દશ આંગળ લાંબું, [2]કનિષ્ઠા આંગળીની ટોચ જેટલું જાડું એવું જાણીતા વૃક્ષનું દાતણ કનિષ્ઠિકા **અને** [3]અનામિકા આંગળીની વચ્ચે લઇને દાતણ કરવું, તે વખતે જમણી અથવા ડાબી દાઢના તળે ઘસવું. દાંતના પારાને પીડા ઉપજાવવી નહીં. સ્વસ્થ થઈ ઘસવામાંજ મન રાખવુ. ઉત્તર અથવા પૂર્વદિશા ભણી મુખ કરીને બેસવું. બેસવાનું આસન સ્થિર રાખવું, અને ઘસતી વખતે મૌન રહેવું. દુર્ગંધવાળું, પોલું, સૂકાયલું, ભીનું, ખાટું અને ખારૂં એવું દાતણ વર્જવું. વ્યતિપાત, રવિવાર, સૂર્યસંક્રાંતિ, ચંદ્ર સૂર્યનું ગ્રહણ, નોમ, આઠમ, પડવો, ચૌદશ, પૂનમ, અને અમાસ એ છ દિવસને વિષે દાતણ કરવું નહિ. દાતણ ન મળે તો બાર કોગળા કરીને મોં સાફ કરવું, અને જીભ ઉપરનો મળ તો દરરોજ ઉતારવો. જીભ સાફ કરવાની પટ્ટીથી અથવા દાતણની ચીરીથી ધીરે ધીરે

---

૧ અંગૂઠાના જોડલી. ૨ ટચલી આંગળી. ૩ ટચલી આંગળીના જોડલા.

છભ ઘસીને આગળ ચોખ્ખા સ્થળને વિષે દાતણ ફેંકી દેવું. દાતણ પોતાની સામું અથવા શાંત દિશામાં પડે તો કિંવા ઊંચું રહે તો સુખને અર્થે જાણવું, અને એથી બીજી કોઈ રીતે પડે તો દુઃખને અર્થે સમજવું. ક્ષણમાત્ર ઊંચું રહીને જો પડી જાય તો, તે દિવસે મિષ્ટાન્નનો લાભ મળે છે એમ શાસ્ત્રના જાણ લોકો કહે છે. ખાંસી, શ્વાસ, જ્વર, અજીર્ણ, શોક, તૃષ્ણા, મોઢું આવવું એ જેને થયું હોય, અથવા જેને માથાનો, આંખનો, હૃદયનો અને કાનનો રોગ થયો હોય. તે માણસે દાતણ કરવું નહિ.

પછી સ્થિર રહીને નિત્ય વાળ સમારવા, પોતાના માથાના વાળ પોતે સમકાળ બે હાથે સમારવા નહિ. તિલક જોવાને અર્થે અથવા મંગળને અર્થે દર્પણમાં મુખ જોવાય છે. જો પોતાનું શરિર દર્પણમાં ધડ વગરનું દેખાય તો પંદર દિવસે પોતાનું મરણ થાય એમ સમજવું. ઉપવાસ, પોરિસી ઇત્યાદિ પચ્ચખાણ કરનારને તો દાતણ પ્રમુખ કર્યા વિના પણ શુદ્ધિ જાણવી. કારણ કે, તપસ્યાનું ફળ બહુ મ્હોટું છે. લોકમાં પણ ઉપવાસાદિક હોય, ત્યારે દાતણ વગેરે કર્યા સિવાય પણ દેવપૂજાદિક કરાય છે. લૌકિક શાસ્ત્રમાં પણ ઉપવાસાદિક હોય, ત્યારે દાતણ વગેરે કરવાનો નિષેધ કર્યો છે. વિષ્ણુભક્તિ ચંદ્રોદયમાં કહ્યું છે કે— પડવે, અમાસ, છઠ અને નોમ એટલી તિથિને વિષે, મધ્યાન્હને સમએ, તથા ઉપવાસનો, સંક્રાંતિનો અને શ્રાદ્ધનો દિવસ હોય ત્યારે દાતણ ન કરવું. કારણ કે, ઉપર કહેલા દિવસે દાતણ કરે તો સાત કુળનો નાશ થાય છે. વ્રતને વિષે બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય વચન અને માંસનો ત્યાગ એ ચાર નિયમ નિત્ય પાળવા. વારંવાર પાણી પીવાથી, એક વખત પણ તાંબૂલ ભક્ષણ કરવાથી, દિવસે સુવાથી, અને સ્ત્રીનો સંગ કરવાથી ઉપવાસને દોષ લાગે છે.

જ્યાં કીડિયોનાં નગરાં, લીલફૂલ, કુંથુઆં વગેરે જીવોની ઉત્પત્તિ ન હોય, તથા જ્યાં ઊંચા નીચાપણું, લાણ વગેરે દોષ ન હોય, એવા સ્થાનકે ઉડતા જીવોની રક્ષા વગેરેના યતના રાખીને પરિમિત અને વસ્ત્રથી ગાળેલા પાણીથી ન્હાવું. દિનકૃત્યમાં કહ્યું છે કે— જ્યાં ત્રસ પ્રમુખ જીવ નથી, એવા શુદ્ધ ભૂમિભાગને વિષે અચિત્ત અથવા ગળેલા સચિત્ત પાણીથી વિધિ પ્રમાણે ન્હાઇને ઇત્યાદિ. વ્યવહાર શાસ્ત્રમાં તો એમ કહ્યું છે

કે— નગ્ન, રોગી, મુસાફરી કરીને આવેલા, સારાં વસ્ત્ર તથા અલંકાર પહેરેલા, ભોજન કરી રહેલા, પોતાના સ્વામી વહાલાને વળાવીને આવેલા અને કાંઇ પણ મંગલિક કાર્ય કરી રહેલા એટલા લોકોએ ન્હાવું નહીં. અજાણ્યા, વિષમ માર્ગવાળા, ચંડાલાદિક મલિન લોકોએ દૂષિત કરેલા; વૃક્ષોથી ઢંકાયલા અને શેવાળવાળા એવા પાણીમાં ન્હાવું ઠીક નથી. ઠંડા પાણીથી ન્હાઇ તુરત ગરમ અન્ન તથા ગરમ પાણીથી ન્હાઇને તુરત ઠંડું અન્ન ભક્ષણ ન કરવું. અને ગમે તેવા પાણીથી ન્હાયા પછી શરીરે કોઈ સમયે પણ તેલ ચોપડવું નહીંજ. ન્હાએલા પુરૂષની છાયા જો ભિન્ન ભિન્ન અથવા વિદ્રૂપ દેખાય, દાંત માંહો માંહે ઘસાય, અને શરીરે મૃત્કલેવર જેવો ગંધ આવે તો ત્રણ દિવસમાં તેનું મરણ થાય. ન્હાઇ રહ્યા પછી જો તુરતજ છાતી અને બે પગ સૂકાઇ જાય, તો છઠે દિવસે મરણ થાય એમાં સંશય નથી. સ્ત્રીસંગ કર્યો હોય, ઉલટી થઇ હોય, સ્મશાનમાં ચિતાનો ધૂમાડો લાગ્યો હોય, ખોટું સ્વપ્ન આવ્યું હોય, અને હજામત કરાવી હોય તો ગાળેલા શુદ્ધ જળથી ન્હાવું.

તૈલમર્દન, સ્નાન અને ભોજન કરી તથા આભૂષણ પહેરી રહ્યા પછી, યાત્રાના તથા સંગ્રામના અવસરે, વિવાહના આરંભમાં, ઉત્સવમાં, રાત્રિએ, સંધ્યા સમયે, કોઇ પર્વને દિવસે તથા (એક વાર હજામત કરાવ્યા પછી) નવમે દિવસે હજામત ન કરાવવી. પખવાડીયામાં એક વાર દાઢી, મૂછ, માથાના વાળ તથા નખ કઢાવવા, પણ ઉત્તમ પુરૂષે પોતાના હાથથી પોતાના વાળ તથા પોતાના દાંતની અણીથી પોતાના નખ ન કાઢવા.

જળસ્નાન, શરીરને પવિત્ર કરી, સુખ ઉપજાવી પરંપરાએ ભાવશુદ્ધિનું કારણ થાય છે. શ્રીહરિભદ્રસૂરિએ બીજા અષ્ટકમાં કહ્યું છે કે—પ્રાયે બીજા ત્રસ પ્રમુખ જીવને ઉપદ્રવ ન થાય, તેમ શરીરની ચામડી વગેરે ભાગની ક્ષણમાત્ર શુદ્ધિને અર્થે જે પાણીથી ન્હવાય છે, તેને દ્રવ્યસ્નાન કહે છે. સાવદ્ય વ્યાપાર કરનારો ગૃહસ્થ આ દ્રવ્યસ્નાન યથાવિધિ કરીને દેવની તથા સાધુની પૂજા કરે તો તેને એ સ્નાન પણ શુભ કરનારૂં છે. કારણ કે, એ દ્રવ્યસ્નાન ભાવશુદ્ધિનું કારણ છે. અને દ્રવ્યસ્નાનથી ભાવશુદ્ધિ થાય એ વાત અનુભવસિદ્ધ છે. માટે દ્રવ્યસ્નાનમાં કાંઇક અપકાય

વિરાધનાદિ દોષ છે, તો પણ બીજા સમકિત શુદ્ધિ વગેરે ઘણા ગુણો હોવાથી એ (દ્રવ્યસ્નાન) ગૃહસ્થને શુભકારી જાણવું. વળી કહ્યું છે કે—પૂજા ને વિશે જીવહિંસા થાય છે તે નિષિદ્ધ છે તો પણ જીનેશ્વર ભગવાનની પૂજા સમકિત શુદ્ધિનું કારણછે, માટે શુદ્ધ જાણવી. સિદ્ધ એ થયું કે, દેવપૂજાદિક કાર્ય કરવું હોય તોજ ગૃહસ્થને દ્રવ્યસ્નાનની અનુમોદના (સિદ્ધાંતમાં) કહીછે. માટે દ્રવ્યસ્નાન પુણ્યને અર્થે છે, એમ જે કેટલાક કહેછે, તે દુર કર્યું એમ જાણવું. તીર્થમાં કરેલા સ્નાને કરીને દેહની કાંઇક શુદ્ધિ થાય છે, પરંતુ જીવની તો એક અંશમાત્ર પણ શુદ્ધિ થતી નથી. સ્કંદપુરાણમાં કાશીખંડને વિષે છઠ્ઠા અધ્યાયની અંદર કહ્યું છે કે—દુરાચારી પુરૂષો હજારો મણ માટીથી શેંકડો ઘડા પાણીથી તથા શેંકડો તીર્થોના જળથી ન્હાય, તો પણ શુદ્ધ થતા નથી. જળચર જીવ જળમાંજ ઉત્પન્ન થાય છે, અને જળમાંજ મરણ પામે છે; પણ મનના મેલ નહિ ધોવાયાથી તેઓ સ્વર્ગે પણ જતા નથી. જેનું ચિત્ત શમદમાદિકથી, મુખ સત્ય વચનથી અને શરીર બ્રહ્મચર્યથી શુદ્ધ છે, તે ગંગા નદીએ ગયા વિના પણ શુદ્ધજ છે. જેનું ચિત્ત રાગાદિકથી, મુખ અસત્ય વચનથી અને શરીર જીવ હિંસાદિકથી મલિન હોય, તે પુરૂષથી ગંગા નદી પણ વેગળી રહે છે. જે પુરૂષ પરસ્ત્રીથી, પરદ્રવ્યથી અને પારકું (વૈર) કરવાથી વેગળો રહે, તેને ઉદ્દેશીને ગંગા નદી પણ કહે છે કે—એ પુરૂષ ક્યારે આવીને મને પવિત્ર કરશે ?

એના ઉપર એક કુળપુત્રની વાત છે, તે આ પ્રમાણેઃ—કોઇએક કુળપુત્ર ગંગા નામના તીર્થને વિષે જતો હતો, તેને તેની માતાએ કહ્યું કે, "હે વત્સ ! તું જ્યાં ન્હાય, ત્યાં આ મ્હારા તુમડાને પણ ન્હવરાવજે." એમ કહી તેને તેની માતાએ એક તુંબડું આપ્યું. કુળપુત્ર પણ ગંગા પ્રમુખ તીર્થે જઇ માતાના વચન પ્રમાણે પોતાની સાથે તુંબડાને ન્હવરાવી ઘેર આવ્યો. ત્યારે માતાએ તે તુંબડાનું શાક રાંધી પુત્રને પીરસ્યું. પુત્રે કહ્યું. "બહુજ કડવું છે." માતાએ કહ્યું. "જો શેંકડોવાર ન્હવરાવ્યાથી પણ એ તુંબડાની કડવાશ ન ગઇ, તો સ્નાન કરવાથી તમારું પાપ શી રીતે જતું રહ્યું ? તે (પાપ) તો તપસ્યારૂપ ક્રિયાનુષ્ઠાનથીજ જાય." માતાનાં એવાં વચનથી કુળપુત્ર પ્રતિબોધ પામ્યો.

અસંખ્યાત જીવમય જળ, અનંત જીવમય શેવાળાદિક અને અનગળ પાણી હોય તો તેમાં રહેલા પુરા પ્રમુખ ત્રસજીવ એમની વિરાધના થતી હોવાથી ન્હાવું દોષવાળું છે. એ વાત પ્રસિદ્ધ છે. જળ જીવમય છે એ વાત લૌકિકમાં પણ કહી છે. ઉત્તરમીમાંસામાં કહ્યું છે કે—કરોળીયાના મુખમાંથી નીકળેલા તંતુ ઉપરથી ગળીને પડેલા પાણીના એક બિંદુમાં જે સૂક્ષ્મ જીવો છે, તે જો ભ્રમર જેટલા થાય, તો ત્રણે જગતમાં સમાય નહિ.

હવે ભાવસ્નાન કહે છેઃ—ધ્યાનરૂપ જળથી કર્મરૂપ મળ દૂર કરવાથી જીવને જે સદાકાળ શુદ્ધતાનું કારણ તે ભાવસ્નાન કહેવાય છે. કોઇ પુરૂષને દ્રવ્યસ્નાન કરે છતે પણ જો ગુમડાં પ્રમુખ ઝરતાં હોય તો, તેણે પોતાની ચંદન, કેસર, પુષ્પ પ્રમુખ સામગ્રી આપીને બીજા માણસ પાસે ભગવાનની અંગપૂજા કરાવવી; અને અગ્રપૂજા, તથા ભાવપૂજા પોતે કરવી. શરીર અપવિત્ર હોય તો પૂજાને બદલે આશાતના થવાનો સંભવ છે, માટે પોતે અંગપૂજા કરવાનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે—જે અપવિત્ર પુરૂષ સંસારમાં પડવાનો ભય ન રાખતાં દેવપૂજા કરે છે, અને જે પુરૂષ ભૂમિ ઉપર પડેલા ફૂલથી પૂજા કરે છે. તે બન્ને ચંડાલ જાણવા. એ ઉપર નિચે પ્રમાણે દૃષ્ટાંત છેઃ—

કામરૂપ નગરમાં એક ચંડાલને પુત્ર થયો. તે થતાંજ તેનો પૂર્વભવનો વૈરી કોઇ વ્યંતર દેવતા હશે તેણે તેને હરણ કરી વનમાં મૂકયો. એટલામાં કામરૂપ નગરનો રાજા રથવાડીએ નીકળ્યો છે. તેણે વનમાં તે બાળકને દીઠો. રાજા પુત્રહીન હતો તેથી તેણે તે ગ્રહણ કર્યો, પાળ્યો, અને તેનું પુણ્યસાર એવું નામ દીધું. પુણ્યસાર તરૂણ અવસ્થામાં આવ્યો, ત્યારે પિતાએ તેને રાજ્ય સોંપીને દીક્ષા લીધી. કેટલેક કાળે કામરૂપ નગરના રાજા કેવળી થઇ કામરૂપ નગરમાં આવ્યા. પુણ્યસાર, કેવળીને વંદના કરવા ગયો. સર્વ નગરના જનો વાંદવા આવ્યા. પુણ્યસારની માતા ચંડાલી પણ ત્યાં આવી. પુણ્યસાર રાજાને જોઇ ચંડાલીના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. ત્યારે પુણ્યસાર રાજાએ કેવળી ભગવાનને એનું કારણ પૂછયું. કેવળીએ કહ્યું. "હે રાજન્! આ તહારી માતા છે. તું વનમાં પડયો

હતો તે મ્હારા હાથે આવ્યો." પુણ્યસારે પાછું કેવળીને પૂછ્યું. "હે ભગવન્! કયા કર્મથી હું ચંડાલ થયો." કેવળીએ કહ્યું. "પૂર્વભવે તું વ્યવહારી હતો. એક વખતે ભગવાનની પૂજા કરતાં "ભૂમી ઉપર પડેલું ફૂલ ચઢાવવું નહીં" એમ જાણતાં છતાં પણ તેં ભૂમી ઉપર પડેલું ફૂલ અવજ્ઞાથી ભગવાન ઉપર ચઢાવ્યું. તેથી તું ચંડાલ થયો. કહ્યું છે કે—જે પુરૂષ એવું ફળ, ફૂલ અથવા નૈવેદ્ય ભગવાનને અર્પણ કરે, તે પ્રાયે પરભવે નીચગોત્ર કર્મ બાંધે છે. તારી માતાએ પૂર્વભવે રજસ્વલા છતાં દેવ પૂજા કરી, તે કર્મથી એ ચંડાળી થઇ." કેવળીનાં એવાં વચન સાંભળી વૈરાગ્યથી પુણ્યસાર રાજાએ દીક્ષા લીધી. એવી રીતે અપવિત્ર છતાં તથા ભૂમી ઉપર પડેલા ફુલથી દેવપૂજા કરવા ઉપર ચંડાળની કથા છે.

આથી ભૂમિ ઉપર પડેલું ફૂલ સુગંધિ હોય, તો પણ તે ભગવાનને ચઢાવવું નહીં, અને થોડી અપવિત્રતા હોય તો પણ ભગવાનને અડવું નહિ. વિશેષે કરી સ્ત્રીઓએ રજસ્વલાપણામાં ગિલકુલ પ્રતિમાને સ્પર્શ કરવો નહિ. કારણ કે, મ્હોટી આશાતના પ્રમુખ દોષ લાગે છે. નહાઇ રહ્યા પછી પવિત્ર, કોમળ અને સુગંધિ એવા કાષાયિકાદિક વસ્ત્રે કરી અંગ લ્હોઇ પલાળેલું ધોતિયું મૂકી બીજું પવિત્ર વસ્ત્ર પહેરી ઇર્ત્યાદિ યુક્તિથી ભીને પગે ભૂમિને સ્પર્શ ન કરતાં પવિત્ર સ્થાનકે આવવું. ઉત્તર દિશા તરફ મુખ કરીને ચળકતાં, નવાં, પૂરેપૂરાં, સાંધેલાં નહીં, અને પહોળાંએવાં બે શ્વેત વસ્ત્રમાંથી એક પહેરવું તથા બીજું ઓઢવું. કહ્યું છે કે—જોગવાઈ હોય તે પમાણે પાણીથી શરીર શુદ્ધિ કરીને ધોએલાં, ધૂપ દઈ સુગંધિ કરેલાં અને પવિત્ર એવાં બે વસ્ત્ર ધારણ કરવાં. લોકને વિષે પણ કહ્યું છે કે—હે રાજન્! દેવપૂજામાં સાંધેલું, બળેલું, અને ફાટેલું વસ્ત્ર ન લેવું. તથા પારકું પણ ધારણ ન કરવું એક વાર પહેરેલું વસ્ત્ર, જે વસ્ત્ર પહેરીને વડીનીતિ, મૂત્ર તથા સ્ત્રીસંગ કર્યો હોય, તે વસ્ત્ર દેવપૂજામાં વર્જવું. એકજ વસ્ત્ર ધારણ કરીને જમવું નહિ, તથા પૂજા કરવી નહિ. સ્ત્રીઓએ પણ કાંચળી કે ચોળી વગર દેવપૂજા ન કરવી. આ ઉપરથી એમ સિદ્ધ થયું કે, પુરૂષોને બે વસ્ત્ર વગર અને સ્ત્રીઓને ત્રણ વસ્ત્ર વગર દેવપૂજા કરવા શાસ્ત્ર નિષેધ કરે છે. ધોએલું

વસ્ત્ર મુખ્ય પક્ષથી તો ક્ષીરોદક પ્રમુખ બહુ ઉંચું અને તે શ્વેતવર્ણજ રાખવું. ઉદાયન રાજાની રાણી પ્રભાવતી પ્રમુખનું પણ શ્વેત વસ્ત્રજ નિશિ-થાદિક ગ્રંથમાં કહ્યું છે. દિનકૃત્યાદિક ગ્રંથોમાં પણ કહ્યું છે કે—**सेअ-वच्छनिअंसणोत्ति** " (એટલે શ્વેતવસ્ત્ર પહેરનાર ઇત્યાદિ) ક્ષીરોદક પ્રમુખ વસ્ત્ર રાખવાની શક્તિ ન હોય તો. (રેશમી વસ્ત્ર) પ્રમુખ શ્રેષ્ઠ વસ્ત્રજ રાખવું. પૂજા ષોડશકમાં કહ્યું છે કે—" **सितशुभवस्त्रेणेति**" એની ટીકામાં કહ્યું છે કે—શ્વેત અને શુભ વસ્ત્ર પહેરી પૂજા કરવી. અહિં શુભ વસ્ત્ર તે પટ્ટયુગ્માદિક રાતા, પીળા પ્રમુખ વર્ણનું લેવાય છે. " **एग साडिअं उत्तरासंगं करेइ** " (એટલે એગસાડી ઉત્તરાસંગ કરે) ઇત્યાદિક સિદ્ધાંતનાં પ્રમાણભૂત વચન છે, તેથી ઉત્તરીય વસ્ત્ર અખંડજ રાખવું એ અથવા તેથી વધારે કકડા સાંધેલા ન રાખવા. " દુકુલ (રેશમી) વસ્ત્ર પહેરીને ભોજનાદિક કરે તો પણ તે અપવિત્ર થતું નથી, " એ લોકોક્તિ પૂજાના વિષયમાં પ્રમાણભૂત ન માનવી. પરંતુ બીજા વસ્ત્રની પેઠે દુકુલ વસ્ત્ર પણ ભોજન, મળ, મૂત્ર તથા અશુચિ વસ્તુનો સ્પર્શ વર્જવા પ્રમુખ ઉપાયથી સાચવવું જોઇએ. જેમ વપરાય તેમ ધોવું, ધૂપ દેવો ઇત્યાદિ સંસ્કાર કરીને પાછું પવિત્ર કરવું. તથા એ (પૂજા સંબંધી) વસ્ત્ર થોડી વારજ વાપરવું. પરસેવો, નાકનો મળ પ્રમુખ એ વસ્ત્રથી લૂહોવું નહિ. કારણ કે, તેથી અપવિત્ર પણું ઉપજે છે. વાપરેલા બીજા વસ્ત્રથી એ વસ્ત્ર વેગળું મૂકવું. પ્રાયે પૂજાનું વસ્ત્ર પારકું ન લેવું. વિશેષે કરી બાળક, વૃદ્ધ, સ્ત્રીઓ પ્રમુખનું તો નજ લેવું.

સંભળાય છે કે—કુમારપાળ રાજાનું ઉત્તરીય વસ્ત્ર બાહડ મંત્રીના નહાના ભાઈ ચાહડે વાપર્યું, ત્યારે રાજાએ કહ્યું કે "નવું વસ્ત્ર મને આપ" ચાહડે કહ્યું કે, "આવું નવું વસ્ત્ર તો સવાલક્ષનું અંબેરાપુરીને વિષે જ થાય છે અને તે ત્યાંથી ત્યાંના રાજાએ વાપરેલુજ અહિં આવે છે." પછી કુમારપાળે નહિ વાપરેલું એક (રેશમી) વસ્ત્ર અંબેરાના રાજા પાસે માગ્યું, પણ તે તેણે આપ્યું નહિ. ત્યારે કુમારપાળ રાજાએ રૂષ્ટ થઈ ચાહડને " ઘણું દ્રવ્ય દાન કરવું " એમ કહીને સાથે સૈન્ય આપી મોકલ્યો. ત્રીજે પ્રયાણે ચાહડે ભંડારી પાસે લક્ષ દ્રવ્ય માગ્યું, ત્યારે તેણે આપ્યું

નહિ, તેથી તેણે તેને કાઢી મૂક્યો, અને યથેષ્ટ દાન દઇ રાત્રિએ ચહુટા-સો ઉંટડી સ્વાર સાથે જઇ અંબેરાપુરને ઘેર્યું. ત્યારે નગરમાં સાતસો કન્યાઓનો વિવાહનો સમય હતો, તેમાં વિઘ્ન ન આવે માટે તે રાત્રિ વીતી જાય ત્યાં સુધી વિલંબ કરીને પ્રભાત કાળ થતાંજ ચાહડે દુર્ગ (કિલ્લો) હસ્તગત કર્યો. તેણે સાતક્રોડ સોનૈયા અને અગ્યારસો ઘોડા અંબેરાના રાજાના લીધા, અને ધરતીથી દુર્ગનું ચુર્ણ કરી નાંખ્યું. તે દેશમાં પોતાના સ્વામીની (કુમારપાળની) આજ્ઞા ચલાવી, અને સાતસો સાલવીને ઉત્સવ સહિત પોતાના નગરમાં લઇ આવ્યો. કુમારપાળે કહ્યું. "બહુ ઉદારતા એ એક તમારામાં દોષ છે. તેજ દોષ તને દ્રષ્ટિ દોષથી પોતાનું રક્ષણ કરવાનો એક મંત્ર છે એમ હું જાણું છું. કારણ કે, તું મ્હારા કરતાં પણ દ્રવ્યનો વ્યય અધિક કરે છે." ચાહડે કહ્યું. "મને મ્હારા સ્વામિનું બળ છે તેથી હું અધિક વ્યય કરૂં છું. આપ કોના બળથી અધિક વ્યય કરો ?" ચાહડનાં એવાં ચતુરતાનાં વચનથી કુમારપાળ પ્રસન્ન થયો, અને તેણે બહુ માન કરી ચાહડને "**राजघरट्ट**" એવું બિરૂદ આપ્યું. બીજાએ વાપરેલું વસ્ત્ર ન લેવું તે ઉપર આ દૃષ્ટાંત છે.

વળી પોતે સારા સ્થાનકથી અથવા પોતે જેના ગુણ જાણતો હોય, એવા સારા માણસ પાસેથી પાત્ર, ઢાંકણું, લાવનાર માણસ, માર્ગ એ સર્વેની પવિત્રતાની યતના રાખવા પ્રમુખ યુક્તિથી પાણી, ફૂલ ઇત્યાદિક વસ્તુ લાવવી. ફૂલ પ્રમુખ આપનારને સારૂં મૂલ્ય વગેરે આપીને રાજી કરવો. તેમજ, સારો મુખકોશ બાંધી પવિત્ર ભૂમિ જોઇ યુક્તિથી જેમાં જીવની ઉત્પત્તિ ન હોય, એવાં કેશર, કસ્તૂર પ્રમુખ વસ્તુથી મિશ્ર કરેલું ચંદન ઘસવું. વીણેલા અને ઉંચા આખા ચોખા, શોધેલો ધૂપ અને દીપ, એવું નહિ થએલું એવું સરસ નૈવેદ્ય તથા મનોહર ફળ ઇત્યાદિ સામગ્રી એકઠી કરવી. એવી રીતે દ્રવ્ય શુદ્ધિ કહી છે. રાગ, દ્વેષ, કષાય, ઇર્ષ્યા, ઇહલોકની તથા પરલોકની ઇચ્છા, કૌતુક તથા ચિત્તની ચપળતા ઇત્યાદિ દોષ મૂકીને ચિત્તની એકાગ્રતા રાખવી તે ભાવશુદ્ધિ જાણવી. કહ્યું છે કે —મન, વચન, કાયા, વસ્ત્ર, ભૂમિ, પૂજનાં ઉપકરણ અને સ્થિતિ (આસન પ્રમુખ) એ સાતેની શુદ્ધિ ભગવાનની પૂજા કરતી વેળાએ રાખવી.

એવી રીતે દ્રવ્યથી અને ભાવથી શુદ્ધ થએલો મનુષ્ય ઘર દેરાસરમાં જઇ શકે. અને કહ્યું છે કે—પુરૂષ જમણો પગ આગળ મૂકીને જમણી બાજૂએ યતનાથી પ્રવેશ કરે, અને સ્ત્રી ડાબો પગ આગળ મૂકીને ડાબી બાજૂએ યતનાથી પ્રવેશ કરે. પૂર્વ અથવા ઉત્તર દિશાએ મુખ કરીને ડાબી નાડી ચાલતી વખત મૌન કરી સુગંધિ અને મધુર દ્રવ્યથી ભગવાનની પૂજા કરવી. ઇત્યાદિ વચનમાં કહ્યા પ્રમાણે ત્રણ નિસિહી કરી, ત્રણ પ્રદક્ષિણા ચિંતવી તથા બીજે પણ વિધિ સાચવી પવિત્ર પાટલા પ્રમુખ આસન ઉપર પદ્માસનાદિક સુખકારક આસને બેસવું. પછી ચંદનના પાત્રમાંથી બોહું ચંદન બીજા પાત્રમાં અથવા હાથ ઉપર લઇ કપાળમાં તિલક કરી તથા હાથે સુવર્ણનાં કંકણ અને ચંદનનો લેપ કરી તથા ધૂપ દઇ બે હાથે જિનેશ્વર ભગવાનની અગ્રપૂજા, અંગપૂજા તથા ભાવપૂજા કરવી. તે પછી પૂર્વે કરેલું અથવા ન કરેલું પચ્ચખાણ ભગવાનની સાખે ઉચ્ચરવું.

(મૂલગાથા)

विहिणा जिणं जिणागिहे, गंतुं अच्चेइ उचिअचिंतरओ ॥
उच्चरइ पच्चरकाणं, दढपंचाचारगुरुपासे ॥ ६ ॥

ભાવાર્થ:—ઉપલી ગાથામાં **विधिना** (વિધિથી) એ પદ છે, તે સર્વ ઠેકાણે જોડવું. તે આ રીતે— પછી વિધિથી જિનમંદિરે જઇ, વિધિથી ઉચિતચિંતા (વિચાર) કરતો છતો વિધિથી ભગવાનની પૂજા કરે.

તે વિધિ આ પ્રમાણે:— જો રાજા પ્રમુખ મોટો ઋદ્ધિવંત પુરૂષ હોય તો "સર્વે ઋદ્ધિથી, સર્વ દીપ્તિથી, સર્વ ધૃતિથી, સર્વ બળથી, સર્વ પરાક્રમથી" ઇત્યાદિ આગમ વચન છે તેથી તે (પુરૂષ) જિનશાસનની પ્રભાવનાને અર્થે મોટી ઋદ્ધિથી દશાણભદ્ર રાજાની પેઠે જિનમંદિરે જાય.

જેમ તે દશાર્ણભદ્ર રાજા "પૂર્વે કોઇએ વાંદ્યા નહિ એવી મોટી ઋદ્ધિથી હું વીરભગવાનને વંદના કરૂં" એવા અહંકારથી મોટી ઋદ્ધી સજ્જ કરી પોતાના અંતઃપુરની સ્ત્રીઓને સર્વાંગે શૃંગાર પહેરાવી સારા હાથી, ઘોડા, રથ પ્રમુખ ચતુરંગ સૈન્ય સાથે લઇ હસ્તિદંતની, રૂપાની તથા સોનાની પાંચસે પાલખીઓમાં બેસારી શ્રી વીરભગવાનને વંદના કરવા

આવ્યો. તેનો (દશાર્ણભદ્ર રાજાનો) મદ દૂર કરવાને અર્થે સૌધર્મેંદ્રે વીરભગવાન્‌ને વંદના કરવા આવતાં દિવ્ય ઋદ્ધિ વિકુર્વી. બૃહત્ ઋષિમંડળ સ્તવમાં કહ્યું છે કે—ચોસઠ હજાર હાથી. તે દરેક હાથીને પાંચસે બાર મુખ. દરેક મુખે આઠ દાંત, દરેક દાંતને વિષે આઠ વાવ્યો. દરેક વાવ્યમાં લાખ પાંખડીનાં આઠ કમળ, દરેક પાંખડી ઉપર બત્રીસબદ્ધ દિવ્ય નાટક, દરેક કર્ણિકામા એકેક દિવ્ય પ્રાસાદ, અને દરેક પ્રાસાદમાં અગ્રમહિષીની સાગે ઇંદ્ર (ભગવાન્‌ના ગુણ) ગાય છે. એવી ઋદ્ધિથી ઐરાવત હાથી ઉપર બેસી આવતા ઇંદ્રને જોઇ જેની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ નહિ એવા દશાર્ણભદ્ર રાજાએ દીક્ષા લીધી.

આ વિષયમાં પૂર્વાચાર્યોએ કરેલી હાથીના મુખ પ્રમુખ વસ્તુની ગણત્રી દેખાડનારી ગાથાઓ છે તેનો અર્થ એ છે કેઃ—એક હાથીને પાંચસે બાર મુખ, ચાર હજાર છન્નુ દાંત, બત્રીસ હજાર સાતશો અડસઠ વાવ્યો બે લાખ બાસઠ હજાર એકસો ચુમ્માલીશ કમળ. કર્ણિકા પ્રાસાદની અંદર આવેલા નાટકની સંખ્યા કમળ જેટલીજ. છવીસસો ક્રોડ, એકવીસ ક્રોડ અને ચોપન લાખ એટલી એક હાથીના કમળદળની સંખ્યા શકેંદ્રની જાણવી.

હવે ચોસઠ હજાર હાથીનાં સર્વેનાં મુખ, દંત સાથેની બધી વસ્તુની સંખ્યા *ભેગી કહીએ છીએ. સર્વે હાથીનાં મુખ ત્રણ ક્રોડ, સત્તાવીસ* લાખ, અડસઠ હજાર. સર્વેના દાંતની સંખ્યા છવીસ ક્રોડ, એકવીશ લાખ, ચોપન હજાર. સર્વે વાવડીની સંખ્યા બસે ક્રોડ, નવક્રોડ, ઇકોતેર લાખ, બાવન હજાર. સર્વે કમળની સંખ્યા એક હજાર ક્રોડ, છસે ક્રોડ, સિત્તોતેર ક્રોડ, બહોતેર લાખ, સોળ હજાર. સર્વે પાંખડીની તથા નાટકની સંખ્યા સોળ કોડાકોડી, સિત્તોતેર લાખ ક્રોડ, બહોત્તેર હજાર ક્રોડ, એકસોને સાડ ક્રોડ.

હવે સર્વે નાટકના રૂપની સંખ્યા પાંચસે કોડાકોડી, છત્રીસ કોડાકોડી, સત્યાશી લાખ ક્રોડ, નવ હજાર ક્રોડ, એકસો ક્રોડ અને વીસ ક્રોડ. એ સર્વ સંખ્યા આલસ્યક ચૂર્ણીમાં કહી છે પ્રત્યેક પ્રાસાદને વિષે આઠ અગ્રમહિષીની સાથે ઇંદ્ર ભગવાન્‌ના ગુણ ગાય છે, એમ કહ્યું. ત્યાં અ-

ગ્રમહિષીની સંખ્યા કમળ જેટલી જાણવી. ઇંદ્રાણીની સંખ્યા તો, તેર હજાર ક્રોડ, ચારસોને એકવીસ ક્રોડ, શિત્તોતેર લાખ, અઠાવીસ હજાર એટલી જાણવી. એકેક નાટકમાં સરખાં છે ૩૫, શ્રૃંગાર અને નાટયોપકરણ જેનાં એવા એકસો આઠ દિવ્યકુમાર અને તેટલીજ દેવકન્યા હોય. એમજ ૧ શંખ, ૨ શ્રૃંગ, ૩ શંખિકા, ૪ પેયા, ૫ પરિપરિકા, ૬ પણવ, ૭ પટહ, ૮ ભંભા, ૯ હોરંભા, ૧૦ ભેરી, ૧૧ ઝલ્લરી, ૧૨ દુંદુભી, ૧૩ મુરજ, ૧૪ મૃદંગ, ૧૫ નાંદીમૃદંગ ૧૬ આલિંગ, ૧૭ કુરતુંબ, ૧૮ ગોમુખ, ૧૯ માદલ, ૨૦ વિપંચી, ૨૧ વલ્લકી, ૨૨ ભ્રામરી, ૨૩ ષડ્ભ્રામરી, ૨૪ પરિવાદિની, ૨૫ બબ્બીસા, ૨૬ સુઘોષા, ૨૭ નંદિઘોષા, ૨૮ મહતી. ૨૯ કચ્છપી, ૩૦ ચિત્રવીણા, ૩૧ આમોટ, ૩૨ ઝાંઝ, ૩૩ નકુલ, ૩૪ તૂણા, ૩૫ તુંબવીણા, ૩૬ મુકુંદ, ૩૭ હુરક્કા, ૩૮ ચિચ્ચિકી, ૩૯ કરટીકા, ૪૦ ડિંડિમ, ૪૧ કિણિત, ૪૨ કડંબા, ૪૩ દર્દરક, ૪૪ દર્દરિકા, ૪૫ કસ્તુંબર, ૪૬ કલસિકા, ૪૭ તલ, ૪૮ તાલ, ૪૯ કાંસ્યતાલ, ૫૦ ગિરિસિકા, ૫૧ મકરિકા, ૫૨ શિશુમારિકા. ૫૩ વંશ, ૫૪ વાલી, ૫૫ વેણુ, ૫૬ પરિલી, ૫૭ બંધૂક પ્રમુખ વિવિધ વાજિંત્રના વગાડનાર પ્રત્યેકમાં એકસોને આઠ જાણવા. ૩ શંખિકા એટલે તીક્ષ્ણ સ્વરવાળો નહાનો શંખ હોય છે, અને શંખનો તો ગંભીર સ્વર હોય છે. ૪ પેયા તે મ્હોટા કાહલા જાણવી. ૫ પરિપરિકા એટલે કરોળિયાના પડથી બંધાયલું એક મુખવાજિંત્ર છે. ૬ પણવ તે પટહ વિશેષ અથવા ભાંડપટહ જાણવો. ૮ ભંભા એટલે ઢક્કા અને ૯ હોરંભા એટલે મહાઢક્કા. ૧૦ ભેરી તે ઢક્કા જેવા આકારનો વાદ્ય વિશેષ છે. ૧૧ ઝલ્લરી તે ચામડાથી વીંટાયલી પહોળી અને વલયાકાર જાણવી. ૧૨ દુંદુભી તે ભેરી સરખા આકારનું સાંકડા મુખનું દેવવાદ્ય છે. ૧૩ મુરજ એટલે મ્હોટો માદલ. ૧૪ મૃદંગ એટલે નહાનો માદલ. ૧૫ નાંદીમૃદંગ તે એક બાજૂથી સાંકડો અને બીજી બાજૂથી પહોળો હોય છે. ૧૬ આલિંગ એ એક મુરજની જાતિ છે. ૧૭ કુરતુંબ તે ચામડાથી બંધાયલું ઘડા જેવું વાજિંત્ર જાણવું. ૧૯ માદલ તે બે બાજૂથી સરખો હોય છે. ૨૦ વિપંચી તે ત્રણ તાંતની વીણા હોય છે. ૨૧ વલ્લકી એટલે સામાન્ય વીણા. ૨૪ પરિવાદિની એટલે

સાત તાંતની વીણા. ૨૮ મહતી એટલે સો તારની વીણા. ૩૫ તુંબવીણા તે તુંબડાવાળી વીણા જાણવી. ૩૬ મુકુંદ તે એક જાતનો મુરજ છે. જે પ્રાયે ઘણું લીન થઇને બગડાય છે. ૩૭ હુડુક્કા પ્રસિદ્ધ છે. ૪૦ ડિંડિમ તે પ્રસ્તાવનાનું સૂચક એક જાતનું વાજિંત્ર છે. ૪૨ કડંબા, ૩૯ કરટિકા અને ૪૩ દર્દરક પ્રસિદ્ધ છે. ૪૪ દર્દરિકા તે નાનો દર્દરક જાણવો. ૪૭ તલ એટલે હસ્તતાલ. ૫૪ વાલી એ એક જાતનું મુખવાજિંત્ર છે. ૫૭ બંધૂક એ પણ તૂણ સરખું મુખવાજિંત્રજ છે. બાકીના ભેદ લોકમાં પ્રસિદ્ધ હોય તે માફક જાણવા.

સર્વે વાજિંત્રના ભેદ ઓગણપચાસ જાતના વાજિંત્રના ભેદમાં સમાય છે. જેમ વંશમાં વીલી, વેણુ, પરિલી અને બંધૂક એ વાજિંત્રો સમાય છે. શંખ, શૃંગ, શખિકા, ખરમુખી, પૈયા અને પરપરિકા એ વાજિંત્રો ઘણા ધમધમતા શબ્દે પૂરતાં વાગે છે. પટહ અને પએવ એ બે ડાંડીથી ઠોકતાં વાગે છે. ભંભા અને હોરંભા એ બે આસ્ફાલન કરતાં વાગે છે. ભેરી, ઉલ્લરી અને દુંદુસિ એ ત્રણ ઠોકતાં વાગે છે. મુરજ, મૃદંગ અને નાંદી મૃદંગ એ ત્રણ આલાપ કરતાં વાગે છે. આલિંગ, કુસ્તુંબ, ગોમુખી અને મર્દલ એ ચાર જોરથી તાડના કરતાં વાગે છે. વિપંચી, વીણા અને વલ્લકી એ ત્રણ મૂર્ચ્છના કરતાં વાગે છે. ભ્રામરી, ષડ્ભ્રામરી અને પરિવાદની એ ત્રણ કિંચિત્ હલાવતાં વાગે છે. બબ્બીસા, સુઘોષા અને નંદીઘોષા એ ત્રણ ફેરવતાં વાગે છે. મહતી કચ્છપી અને ચિત્રવીણા એ ત્રણ કૂટતાં વાગે છે. આમોટ, ઝંઝા અને નકુલ એ ત્રણ મરડતાં વાગે છે. તૂણ અને તુંબવીણા એ બે સ્પર્શ કરતાં વાગે છે. મુકુંદ, હુડુક્ક અને ચિચ્ચિકી એ ત્રણ મૂર્ચ્છના કરતાં વાગે છે. કરટી, ડિંડિમ, કિણિત અને કંદબા એ ચાર વગાડતાં વાગે છે. દર્દરક, દર્દરિકા, કુસ્તુંબ અને કલશિકા એ ચાર ઘણી તાડના કરતાં વાગે છે. તલ, તાલ અને કાંસ્યતાલ એ ત્રણ માંહો માંહે અફાળતાં વાગે છે. રિંગિસિકા, લત્તિકા, મકરિકા અને શિશુકુમારિકા એ ચાર ઘસતાં વાગે છે. વંશ, વેણુ, વાલી, પિરલી અને બંધૂક એ પાંચ ફૂદતાં વાગે છે. આ પ્રમાણે વાજિંત્રના જુદા જુદા પ્રકાર કહ્યા છે.

સર્વ દિવ્યકન્યા અને કુમાર સાથેજ ગાયન, અને નૃત્ય કરે. પ્રસંગે બત્રીશબદ્ધ નાટકનાં નામ કહે છેઃ—સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય યુગ્મ, દર્પણ, એ આઠ મંગલિકની વિચિત્ર રચના એ મંગલ્ય ભક્તિ ચિત્ર નામા પ્રથમ ભેદ (૧). આવર્ત્ત, (દક્ષિણાવર્ત), પ્રત્યાવર્ત (વામાવર્ત), શ્રેણિ (સમીપંક્તિ), પશ્રેણિ (ઉલટી પંક્તિ) ખસ્તિક, સૌવસ્તિક, પુષ્યમાન (લક્ષણ વિશેષ) વર્દ્ધમાન, મત્સ્યાંડક (મત્સ્યનાં ઈંડાં), મકરાંડક (મગરનાં ઈંડા), જ્ઞરમાર (મણિ વિશેષ), પુષ્પાવલિ, પદ્મપત્ર, સાગરતરંગ, વાસંતીલતા અને પદ્મલતા એમની વિચિત્ર રચનારૂપ બીજો ભેદ (૨). મૃગાંમૃગ (વરૂ), ઋષભ (બળદ), અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, રૂરૂ (હરિણ ભેદ), શરભ (અષ્ટાપદ), ચમર (ચમરી ગાય), હસ્તી, વનલતા, પદ્મલતા એમની વિચિત્ર રચનારૂપ ત્રીજો ભેદ (૩). એકતોવક્ર (એક બાજુએ વાંકું), એકતઃખદ્ગ (એક બાજુએ ધારવાળું), એકતઃ ચક્રવાલ (એક બાજુએ ચક્રાવાર), દ્વિધા ચક્રવાલ, (બે બાજુએ ચક્રાકાર) ચક્રાર્દ્ધ ચક્રવાલ એવી રચના રૂપ ચોથો ભેદ (૪). ચંદ્રાવલિ (ચંદ્રની પંક્તિ), સૂર્યાવલિ (સૂર્યની પંક્તિ), વલયાવલિ, તારાવલિ, હંસાવલિ, એકાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ એ આવલિ પ્રવિભક્તિ (પંક્તિની રચના) નામા પાંચમો ભેદ (૫). ચંદ્રોદય પ્રવિભક્તિ (ચંદ્રોદયની રચના), સૂર્યોદય પ્રવિભક્તિ (સૂર્યોદયની રચના) એ ઉદય પ્રવિભક્તિ નામા છઠો ભેદ (૬). ચંદ્રાગમન પ્રવિભક્તિ (ચંદ્રના આગમનની રચના), સૂર્યાગમન પ્રવિભક્તિ (સૂર્યના આગમનની રચના) એ ગમનાગમન પ્રવિભક્તિ નામા સાતમો ભેદ (૭). ચંદ્રાવરણ પ્રવિભક્તિ (ચંદ્રમા આવરણની રચના), સૂર્યાવરણ પ્રવિભક્તિ (સૂર્યના આવરણની રચના) એ આવરણાવરણ પ્રવિભક્તિ નામા આઠમો ભેદ (૮). ચંદ્રાસ્તમન પ્રવિભક્તિ (આથમતા ચંદ્રની રચના), સૂર્યાસ્તમન પ્રવિભક્તિ (આથમતા સૂર્યની રચના) એ અસ્તમન પ્રવિભક્તિ નામા નવમો ભેદ (૯) ચંદ્રમંડળ પ્રવિભક્તિ (ચંદ્રમંડળની રચના), સૂર્યમંડલ પ્રવિભક્તિ (સૂર્યમંડળની રચના), નાગમંડળ પ્રવિભક્તિ, યક્ષમંડળ પ્રવિભક્તિ, ભૂતમંડળ પ્રવિભક્તિ રાક્ષસ મહોરગ ગંધર્વમંડળ પ્રવિભક્તિ એ મંડળ પ્રવિભક્તિ (મંડ-

ળની રચના) નામા દશમો ભેદ (૧૦). ઋષભલલિત વિક્રાંત (બળદની એક જાતની ગતિ), સિંહલલિત વિક્રાંતિ (સિંહની વિશેષ ગતિ), અશ્વ વિલંબિત (ઘોડાની વિશેષ ગતિ), ગજ વિલંબિત (હાથીની વિશેષ ગતિ), મત્તહય વિલસિત (મસ્ત ઘોડાની ચેષ્ટા), મત્તગય વિલસિત (મસ્ત હાથીની ચેષ્ટા) એ દ્રુતવિલંબિત નામા અગ્યારમો ભેદ (૧૧). શકટોપધિ પ્રવિભક્તિ (ગાડલાના ઉપકરણની રચના), સાગર પ્રવિભક્તિ (સમુદ્રની રચના), નગર પ્રવિભક્તિ (નગરની રચના) એ સાગર નાગર પ્રવિભક્તિ નામા બારમો ભેદ (૧૨). નંદા પ્રવિભક્તિ, ચંપા પ્રવિભક્તિ એ નંદાચંપા પ્રવિભક્તિ નામા તેરમો ભેદ (૧૩). મત્સ્યાંડ પ્રવિભક્તિ (મત્સ્યનાં ઇડાંની રચના), મકરાંડ પ્રવિભક્તિ, જાર પ્રવિભક્તિ, માર પ્રવિભક્તિ એ મત્સ્યાંડાદિ પ્રવિભક્તિ નામા ચૌદમો ભેદ (૧૪). ક, ખ, ગ, ઘ, ઙ પ્રવિભક્તિ એ પંદરમો ભેદ (૧૫). ચ, છ, જ, ઝ, ઞ પ્રવિભક્તિ એ સોળમો ભેદ (૧૬). ટ, ઠ, ડ, ઢ, ણ પ્રવિભક્તિ એ સત્તરમો ભેદ (૧૭). ત, થ, દ, ધ, ન પ્રવિભક્તિ એ અઢારમો ભેદ (૧૮). પ, ફ, બ, ભ, મ પ્રવિભક્તિ એ ઓગણીશમો ભેદ (૧૯). અશોકપલ્લવ પ્રવિભક્તિ (આસોપાલવની રચના), આમ્રપલ્લવ પ્રવિભક્તિ (આંબાના પાલવની રચના), જંબૂપલ્લવ પ્રવિભક્તિ, કોશાંબપલ્લવ પ્રવિભક્તિ એ પલ્લવ પ્રવિભક્તિ નામાં વીસમો ભેદ (૨૦). પદ્મલતા પ્રવિભક્તિ, નાગલતા પ્રવિભક્તિ, અશોકલતા પ્રવિભક્તિ, ચંપકલતા પ્રવિભક્તિ, આમ્રલતા પ્રવિભક્તિ, વનલતા પ્રવિભક્તિ, કુંદલતા પ્રવિભક્તિ, અતિમુક્તલતા પ્રવિભક્તિ અને સ્યામલતા પ્રવિભક્તિ એ લતાપ્રવિભક્તિ નામા એકવીસમો ભેદ (૨૧). દ્રુતનૃત્ય (ઉતાવળું નાચવું) એ બાવીસમો ભેદ (૨૨). વિલંબિત નૃત્ય (ધીમે નાચવું) એ ત્રેવીસમો ભેદ (૨૩). દ્રુતવિલંબિત નૃત્ય એ ચોવીસમો ભેદ (૨૪). અંચિતનૃત્ય નામા પચીશમો ભેદ (૨૫). રિંભિતનૃત્ય નામા છવીશમો ભેદ (૨૬). અંચિતરિંભિત નૃત્ય નામા સત્તાવીશમો ભેદ (૨૭). આરભટનૃત્ય નામા અઠાવીસમો ભેદ (૨૮). ભસોલનૃત્ય નામા ઓગણત્રીશમો ભેદ (૨૦). આરભટ ભસોલનૃત્ય નામા ત્રીશમો ભેદ (૩૦). ઉત્પાત—(ઊંચું ચઢવું). નિપાત (નીચે પડવું), પ્રસક્ત

) વળગવું),સિંકુચત (અંગ સંકોચવું), પ્રસારિત (અંગ પસારવું), રેચક, આરચિત, ભ્રાંત (ભમવું), સંભ્રાંત (ઘણું ભમવું), એ ઉત્પાતાદિનૃત્ય નામા એકત્રીશમો ભેદ (૩૧). તીર્થંકરાદિ મહાપુરૂષના ચરિત્રનો વિનય કરવા એ બત્રીશમો ભેદ (૩૨). એવી રીતે બત્રીશબદ્ધ નાટકના ભેદ રાયપસેણી સૂત્રમાં કહ્યા છે.

એવી રીતે રાજા પ્રમુખ મ્હોટો રૂદ્ધિવંત શ્રાવક જિનમંદિરે જાય. પણ જે સાધારણ રૂદ્ધિનો ધણી હોય, તેણે તો લોકોની હાંસી ટાળવાને માટે અહંકાર છોડી પોતાના કુળને તથા દ્રવ્યને ઉચિત એવો આડંબર રાખીને ભાઇ, મિત્ર પુત્રાદિક પરિવારને સાથે લઇ જિનમંદિરે જવું. ત્યાં જઈ (૧) ફૂલ, તાંબૂલ, સરશવ, દૂર્વા (દરો), તથા છરી, પાદુકા મુકુટ, વાહન પ્રમુખ સચિત્ત અને અચિત્ત વસ્તુનો ત્યાગ કરે, એ પ્રથમ અભિગમ જાણવો. (૨) મુકુટ વર્જીને બાકી રહેલા અલંકાર પ્રમુખ અચિત્ત દ્રવ્યનો ત્યાગ ન કરે, એ બીજો અભિગમ જાણવો. (૩) એક (વગર સાંધેલા) તથા પહોળા વસ્ત્રથી ઉત્તરાસંગ કરે એ ત્રીજો અભિગમ જાણવો. (૪) ભગવાનને દીઠે છતે બે હાથ જોડી " **નમો જિણાણં** " એમ કહી વંદના કરે, એ ચોથો અભિગમ જાણવો. (૫) મનને એકાગ્ર કરે, એ પાંચમો અભિગમ જાણવો. એવા પાંચ અભિગમ સાચવી તથા **નિસિહી** કરી જિનમંદિરમાં પ્રવેશ કરે. આ વિષયમાં પૂર્વાચાર્યનું વચન એવું છે કે:—સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવાથી (૧), અચિત્ત દ્રવ્યનો ત્યાગ નહિ કરવાથી (૨), એક શાટક (એક પનાનું સાંધા વગરનું) ઉત્તરાસંગ કરવાથી (૩), ભગવાનને દીઠે બે હાથ જોડવાથી (૪), અને મનનું એકાગ્રપણું કરવાથી (૫) ઇત્યાદિ. રાજા પ્રમુખ તો જિનમંદિરમાં પ્રવેશ કરતાં તેજ સમયે પોતનાં રાજચિન્હ મૂકી દે, કહ્યું છે કે—ખડ્ગ, છત્ર, મોજડી, મુકુટ અને ચામર એ પાંચ શ્રેષ્ટ રાજચિન્હ મૂકીને અંદર જવું.

મંદિરના પ્રથમ દ્વારમાં પ્રવેશ કરતાં, " મન વચન કાયાથી ઘર સંબંધી વ્યાપારનો નિષેધ કરાય છે. એમ જણાવવાને અર્થે ત્રણ વાર **નિસિહિ** કરાય છે; પણ તે **નિસિહિ** એકજ ગણાય છે. કારણ કે, એક ઘર સંબંધી વ્યાપારનોજ તેમાં નિષેધ કર્યો છે. પછી મૂળનાયકજીને વં-

દના કરી, કલ્યાણને વાંછનારા લોકોએ સર્વે ઉત્કૃષ્ટ વસ્તુ પ્રાયે જમણે ભાગેજ રાખવી." એવી નિતિ છે માટે મૂળનાયકજીને પોતાને જમણે ભાગે કરતો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણની આરાધના કરવાને અર્થે ત્રણ પ્રદક્ષિણા દે, કહ્યું છે કે-- તે પછી ભક્તિથી પરિપૂર્ણ મને કરી "**નમો જિણાણ**" એમ પ્રકટ કહે. અર્ધાવનત જેમાં અરધું શરીર નમાય છે એવો અથવા પંચાંગ પ્રણામ કરે. પછી પૂજનાં ઉપકરણ હાથમાં લઈ ભગવાનના ગુણગણથી રચાયલા સ્તવનોને પોતાના પરિવારની સાથે ગંભીર અને મધુર સ્વરથી ગાતો હાથમાં યોગમુદ્રાને ધારણ કરતો, પગે પગે જીવરક્ષાનો ઉપયોગ રાખતો અને ભગવાનના ગુણગણને એકાગ્ર મનથી ચિંતવતો થકો ત્રણ પ્રદક્ષિણા દે. ઘરદેરાસરને વિષે એવી રીતે પ્રદક્ષિણા આદિ ક્રિયા કરવાનું બનતું નથી. બીજા મ્હોટા મંદિરને વિષે પણ કારણથી એ સર્વ કરાય છે. તોપણ બુદ્ધિશાળી પુરૂષે એ સર્વ ક્રિયા કરવાનો પરિણામ નિરંતર રાખવો, પણ છોડવો નહીં. સુશ્રાવક પ્રદક્ષિણા દેવાને અવસરે સમવસરણમાં બેઠેલા ચતુર્મુખ ભગવાનનું ધ્યાન કરતો છતો ગભારાને વિષે ભગવાનની પૂંઠ અને ડાબો તથા જમણો ભાગ એ ત્રણે દિશાએ રહેલા જિનબિંબને વાંદે. એ માટેજ સર્વે જિનમંદિર સમવસરણને ઠેકાણે હોવાથી ગભારાના બહારના ભાગમાં ત્રણે દિશાએ મૂળનાયકજીના નામથી જિનબિંબ કરાય છે. એમ કરવાથી, "**અરિહંતની પૂંઠ વર્જવી**" એમ કહ્યું છે, તેથી ચારે દિશાએ અરિહંતની પૂંઠે રહેવાનો દોષ ટળે છે.

પછી જિનમંદિરનું પૂંજવું, પોતિયા પ્રમુખનું નામું લખવું ઇત્યાદિ આગળ કહેશે તે પ્રમાણે યથાયોગ્ય ચૈત્યચિંતા તથા પૂજની સંપૂર્ણ સામગ્રી પ્રથમથીજ તૈયાર કરીને મુખ્ય મંડપાદિકને વિષે ચૈત્ય વ્યાપાર નિષેધરૂપ બીજી **નિસિહી** કરે. અને મૂળનાયકજીને ત્રણ વાર વાંદી પૂજા કરે. ભાષ્યમાં કહ્યું છે કે—તે પછી પ્રથમ **નિસિહી** કરી મુખમંડપમાં પેસી, જિન ભગવાનની આગળ ઢીંચણ અને હાથ ભૂમિએ લગાડી યથાવિધિ ત્રણ વાર વંદના કરે. પછી હર્ષથી ઉલ્લાસ પામતો સુશ્રાવક મુખકોશ કરીને જિનેંદ્ર પ્રતિમા ઉપરનો રાત્રિનો વાસી ફૂલ પ્રમુખ નિર્માલ્ય મોરપીંછીથી ઉતારે.

તે પછી પોતે જિનેશ્વરના દેરાને પૂજે, અથવા બીજા પાસે પૂજાવે. ઉપરાંત જોગવાઇ હોય તે પ્રમાણે વિધિએ જિનબિંબની પૂજા કરે. મુખકોશ આઠ પડવાળા વસ્ત્રના છેડાથી મુખનો અને નાસિકાનો નિશ્વાસ રોકવાને અર્થે બાંધવો. ચોમાસુ હોય ત્યારે નિર્માલ્યમાં કુંથૂઆ પ્રમુખ જીવોની ઉત્પત્તિ પણ થાય છે, માટે તેવે સમયે નિર્માલ્ય અને સ્નાત્રનું જળ જ્યાં પ્રમાદી માણસની હાલચાલ નથી એવા પવિત્ર સ્થાનકને વિષે નાંખવું. એમ કરવાથી જીવની રક્ષા થાય છે, અને આશાતના પણ ટળે છે. ઘરદેરાસરને વિષે તો પ્રતિમાને ઊંચે સ્થાનકે ભોજનાદિ કૃત્યોમાં વાપરવામાં ન આવનારા પવિત્ર પાત્રમાં સ્થાપન કરી બે હાથે પકડેલા પવિત્ર કળશાદિકના જળે કરી અભિષેક કરવો. તે સમયે—

बालतणम्मि सामिअ, सुमेरुसिहरम्मि कणयकलसेहिं ॥
तिअसीसरेहिं न्हविओ, ते धन्ना जेहिं दिठोसि ॥ १ ॥

૧ હે સ્વામિન્! ચોસઠ ઇંદ્રોએ બાલ્યાવસ્થામાં મેરૂપર્વત ઉપર સોનાના કળશથી આપને ન્હવરાવ્યા તે સમયે જેમણે આપના દર્શન કર્યા છે, તે જીવોને ધન્ય છે. ॥ ૧ ॥

આ ગાથાનું મનમાં ચિંતવન કરવું. પછી ઘણી યતના રાખી વાળાકુંચીથી જિનબિંબ ઉપરના ચંદનાદિક ઉતારી ફરીથી પખાલીને બે અંગલૂહણાથી જિનબિંબ ઉપરનું સર્વ પાણી લોહી લેવું. પછી પગના બે અંગૂઠા, બે ઢીંચણ, હાથના બે કાંડાં, બે ખભા અને મસ્તક એટલા સ્થાનકે અનુક્રમે પૂજા કરવી. એમ કહ્યું છે માટે આગળ કહીશું તે પ્રમાણે સીધા ક્રમથી નવે અંગને વિષે ચંદન કેસર આદિ વસ્તુએ કરી પૂજા કરે કેટલાક આચાર્ય કહે છે કે, પહેલાં કપાળે તિલક કરી પછી નવાંગે પૂજા કરવી. શ્રી જિનપ્રભસૂરીએ કરેલી પૂજાવિધિને વિષે તો સરસ અને સુગંધી ચંદને કરી ભગવાનનું જમણું ઢીંચણ, જમણો ખભો, કપાળ, ડાબો ખભો અને ડાબું ઢીંચણ એ પાંચ અથવા હૃદય સહિત છ અંગને વિષે પૂજા કરી તાજાં ફળ અને વાસક્ષેપ એ બે દ્રવ્યથી પૂજા કરે એમ કહ્યું છે.

જો પહેલાં કોઇએ પૂજા કરી હોય, અને આપણી પાસે પહેલી પૂજા

કરતાં શ્રેષ્ઠ પૂજા કરવાની સામગ્રી ન હોય તો, તે પૂજા દૂર ન કરવી. કારણ કે, તે (પહેલી) સુંદર પૂજાના દર્શનથી ભવ્ય જીવોને થનારા પુણ્યાનુબંધિ પુણ્યના અનુબંધને અંતરાય કરવાનો પ્રસંગ આવે. માટે પહેલી પૂજા ન ઉતારતાં પોતાની પાસે રહેલી સામગ્રીથી પહેલી પૂજા વધારવી. બૃહદ્‌ભાષ્યમાં કહ્યું છે કે—જો પૂર્વે કોઇએ સારો દ્રવ્ય વ્યય કરીને પૂજા કરી હોય, તો તેજ (પહેલી) પૂજા જેમ વિશેષ શોભા આપનારી થાય, તેમ પોતાની પૂજા સામગ્રી વાપરીને કરવું. એમ કરે તો પહેલી પૂજા નિર્માલ્ય પણ ગણાય નહીં કારણ કે, ત્યાં નિર્માલ્યનું લક્ષણ આવતું નથી. ગીતાર્થ આચાર્યો ઉપભોગ લીધાથી નિરૂપયોગી થએલી વસ્તુને નિર્માલ્ય કહે છે. એ માટેજ વસ્ત્ર, આભરણ, બે કુંડલ જેવી ઘણી વસ્તુ એક વાર ઉતારેલી ફરીથી જિનબિંબ ઉપર ચઢાવે છે. એમ ન હોય તો એક ગંધકાયાયિકા વસ્ત્રથી એકસો આઠ જિન પ્રતિમાની અંગલૂહણા કરનારા વિજયાદિક દેવતાનું વર્ણન સિદ્ધાંતમાં કર્યું છે તે શી રીતે ઘટે ? જિનબિંબ ઉપર ચઢાવેલી જે વસ્તુ ફીકી, દુર્ગંધી, જોનારને શોભાકારી ન લાગે, તથા ભવ્ય જીવના મનને હર્ષ ન ઉપજાવે એવી થઇ ગઈ હોય, તેનેજ બહુ શ્રુતના જાણુ પુરૂષો નિર્માલ્ય કહે છે. એમ સંધાચારવૃત્તિમાં કહ્યું છે. પ્રદ્યુમ્નસૂરીએ કરેલા વિચારસાર પ્રકરણમાં તો એવી રીતે કહ્યું છે. ચૈત્યદ્રવ્ય (દેવદ્રવ્ય) બે પ્રકારનું છે. એક પૂજાદ્રવ્ય અને બીજું નિર્માલ્ય દ્રવ્ય. પૂજાને અર્થે જે લાવીને દ્રવ્ય એકઠું કરેલું હોય તે પૂજાદ્રવ્ય જાણવું. અને અક્ષત, ફળ, બલિ (સૂખડી વગેરે) વસ્ત્ર પ્રમુખ સંબંધી જે દ્રવ્ય, તે નિર્માલ્ય દ્રવ્ય કહેવાય તેનો જિનમંદિરને વિષે ઉપયોગ જાણવો. આ વચનમાં પ્રતિમા આગળ ધરેલા ચોખા આદિ દ્રવ્યને પણ નિર્માલ્યપણું કહ્યું છે. પણ બીજે ઠેકાણે આગમમાં, પ્રકરણમાં અથવા ચરિત્રાદિકમાં કોઈ સ્થળે એ વાત જણાતી નથી. સ્થવિરનો સંપ્રદાયાદિકથી પણ કોઇ ગચ્છમાં એ પ્રકાર જણાતો નથી. વળી જે ગામડા આદિકમાં લાવેલા દ્રવ્ય પ્રાપ્તિનો ઉપાય નથી હોતો, ત્યાં પ્રતિમા આગળ ધરેલા ચોખા આદિ વસ્તુના દ્રવ્યથીજ પ્રતિમા પૂજાય છે. જો ચોખાદિક નિર્માલ્ય હોત તો તેથી પ્રતિમાની પૂજા પણ કેમ થાય ? માટે ઉપભોગ

કરવાથી નિરૂપયોગી થએલી વસ્તુનેજ નિર્માલ્ય કહેવું યુક્તિયુક્ત લાગે છે. અને "**भोगविएठं दव्वं, निम्मल्लं बिंति गीअच्छा**" એ આગમ વચન પણ એ વાતને આધાર ભૂત છે. તત્ત્વ તો કેવળી જાણે. ચંદન, પુષ્પ આદિ વસ્તુથી પૂજા એવી રીતે કરવી કે, જેથી પ્રતિમાનાં ચક્ષુ તથા મુખ ઢંકાઇ જાય નહીં, અને પૂર્વ કરતાં વધારે શોભા થાય. કારણ કે. તેમ કરવાથીજ જોનારને હર્ષ, પુણ્યની વૃદ્ધિ ઇત્યાદિ થવાનો સંભવ રહે છે.

અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એવા પૂજાના ત્રણ પ્રકાર છે. તેમાં પ્રથમ અંગપૂજામાં શી શી વસ્તુ આવે તે કહે છે. નિર્માલ્ય ઉતારવું, પૂંજણીએ પૂજવું, અંગ પ્રક્ષાલન કરવું, વાળાકૂંચીએ કેશર પ્રમુખ દ્રવ્ય ઉતારવા, કેશરાદિક દ્રવ્ય પૂજા કરવી, પુષ્પ ચઢાવવાં, પંચામૃત સ્નાત્ર કરવું, શુદ્ધ જળની ધારા દેવી, ધૂપ દીધેલા નિર્મળ અને કોમળ એવા ગંધકાષાયિકાદિ વસ્ત્રે કરી અંગ લ્હેવું, કપૂર કુંકુમ આદિ વસ્તુથી મિશ્ર કરેલા ગોશીર્ષચંદને વિલેપન કરવું, આંગી પ્રમુખની રચના કરવી, ગોરોચના, કસ્તુરી પ્રમુખ દ્રવ્યે કરી તિલક તથા પત્રવલ્લી (પીત્ર) આદિકની રચના કરવી, સર્વોત્કૃષ્ટ રત્નજડિત સુવર્ણનાં તથા મોતીનાં આભરણ અને સોના રૂપાનાં પુષ્પ વગેરે ચઢાવવાં. જેમ શ્રી વસ્તુપાળ મંત્રીએ પોતે કરાવેલા સવાલાખ જિનબિંબ ઉપર તથા શ્રી સિદ્ધાચળજી ઉપર આવેલી સર્વે પ્રતિમા ઉપર રત્નજડિત સુવર્ણનાં આભરણ ચઢાવ્યાં, તથા જેમ દમયંતીએ પૂર્વભવે અષ્ટાપદ તીર્થ ઉપર આવેલી ચોવીશે પ્રતિમા ઉપર રત્નનાં તિલક ચઢાવ્યાં, તેમ સુશ્રાવકે જેમ બીજા ભવ્ય જીવોના ભાવ વૃદ્ધિ પામે, તેમ આભરણ ચઢાવવાં, વળી કહ્યું છે કે-પ્રશંસનીય સાધનોથી પ્રાયે પ્રશંસનીય ભાવ ઉત્પન્ન થાય છે. પ્રશંસનીય સાધનોનો એ વિના બીજો સારો ઉપયોગ નથી. તથા પહેરામણી, ચંદ્રોદય પ્રમુખ નાનાવિધ દુકૂલાદિ વસ્ત્ર ચઢાવવાં, શ્રેષ્ઠ, તાજાં અને શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે લાવેલાં શતપત્ર (કમળની જાતિ), સહસ્રપત્ર (કમળની જાતિ), જાઈ, કેતકી ચંપા પ્રમુખના પુષ્પોની ગૂંથેલી, વીંટેલી, પુરેલી અને ભેગી કરેલી, એવી ચાર પ્રકારની માળા, મુકુટ, શેખર, પુષ્પઘર પ્રમુખની રચના કરવી, જિનેશ્વર ભગવાનના હાથને વિષે સોનાનાં બીજોરાં, નાલીએર, સોપારી, ના-

ગરવેલનાં પાન, સોનામ્હોર, વીંટીઓ, મોદક પ્રમુખ મૂકવાં. ધુપ ઉખેવવો, સુગંધી વાસક્ષેપ કરવો ઇત્યાદિ સર્વ ઉપચાર અંગપૂજાને વિષે થાય છે. બૃહદ્‌ભાષ્યમાં કહ્યું છે કે—સ્નાત્ર, વિલેપન, આભરણ, વસ્ત્ર, ફળ, વાસક્ષેપ, ધુપ અને પુષ્પ એટલા ઉપચારથી જિનેશ્વર ભગવાનની અંગપૂજા કરાય છે. તેનો વિધિ એ પ્રમાણે જાણવો. વસ્ત્રથી નાસિકા બાંધીને અથવા જેમ ચિત્તની સમાધિ રહે તેમ કરીને પૂજા કરવી. તે સમયે શરીરે ખરજ ખણવા પ્રમુખ ક્રિયા અવશ્ય વર્જવી, અન્ય સ્થળે પણ કહ્યું છે કે–જગતના બાંધવ શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરતી વખતે શરીરે ખરજ ખણવી, બગાસાં નાંખવાં, અને સ્તુતિ સ્તોત્ર ભણવાં એ ત્રણ વાનાં વર્જવાં. દેવપૂજાને અવસરે શ્રેષ્ઠ માર્ગ એ છે કે મૈથુન કરવું, કદાચિત્ તેમ ન કરી શકાય તો સાવદ્ય વચન તો સર્વથા છોડવું. કારણ કે, **નિસિહિ** કરવામાં ગૃહવ્યાપારનો નિષેધ કર્યો છે. તે માટેજ હસ્ત, મુખ, નેત્ર આદિ અવયવથી પાપહેતુ સંજ્ઞા પણ ન કરવી. કરે તો અનુચિતપણાનો પ્રસંગ આવે.

અહિં જિણહા શેઠનું દૃષ્ટાંત કહે છે. તે આ પ્રમાણે:—ધોળકા નગરમાં જિણહા નામે અતિ દરિદ્રી શ્રાવક રહેતો હતો. તે ઘીનાં કૂલ્લાં, કપાસની ગાંસડીઓ આદિ ભાર ઉપાડીને પોતાનો નિર્વાહ કરતો હતો. ભક્તામર પ્રમુખ સ્તોત્રના સ્મરણથી પ્રસન્ન થએલી ચક્રેશ્વરી દેવીએ તેને વશીકરણ કરી શકે એવું એક રત્ન આપ્યું. તે રત્નના પ્રભાવથી જિણહાએ માર્ગમાં રહેલા ત્રણ પ્રસિદ્ધ દુષ્ટ ચોરોને હણી નાંખ્યા. તે અદ્‌ભૂત વૃત્તાંત સાંભળી પાટણના ભીમદેવ રાજાએ બહુ માન સહિત બોલાવી તેને દેશની રક્ષાને અર્થે એક ખડ્ગ આપ્યું. ત્યારે શત્રુશલ્ય નામા સેનાપતિએ અદેખાઇથી કહ્યું કે,

खांडो तासु समप्पिइ, जसु खांडे अभ्यास ॥
जिणहा इक्कुं समप्पिइ, तुलचेलउ कप्पास ॥ १ ॥

ખાંડું તેનેજ આપવું જોઇએ કે, જેને ખાંડાનો અભ્યાસ હોય. જિણહાને તો માત્ર તેલનાં કુલ્લાં અને કપાસ એજ આપવું જોઇએ. ॥ १ ॥ આ સાંભળી જિણહાએ જવાબ આપ્યો કે:—

असिधर धणुधर कुंतधर, संति नरा अ बहू य ॥
सतुसल रणि जे शूर नर, जणणी विरल पसूअ ॥ २ ॥

તરવાર, ધનુષ્ય અને ભાલાને પકડનાર તો જગતમાં ઘણા પુરૂષો છે, પરંતુ શત્રુઓના શલ્ય રૂપ રણભૂમિમાં શૂરવીર પુરૂષોને પ્રસવનારી તો કોઈકજ માતા હોય છે.

અશ્વ, શસ્ત્ર, શાસ્ત્ર, વીણા, વાણી, નર અને સ્ત્રી એટલી વસ્તુ યોગ્ય પુરૂષના હાથમાં જાય તો સારી યોગ્યતા પામે, અને અયોગ્ય પુરૂષના હાથમાં જાય તો યોગ્યતા પામે નહીં. જિણહાનાં આવાં વચનથી ભીમદેવ રાજા ખુશી થયો અને તેને કોટવાળની જગ્યા આપી. પછી જિણહાએ ગૂજરાત દેશમાં ચોરનું નામ પણ રહેવા દીધું નહીં.

એક દિવસે સોરઠ દેશના કોઇ ચારણે જિણહાની પરીક્ષા કરવાને અર્થે ઊંટની ચોરી કરી. ત્યારે જિણહાના સુભટો તેને પકડી સવારમાં દેવપૂજાને અવસરે જિણહા આગળ લઇ આવ્યા. જિણહાએ પુચ્છનું બીડું તોડવાથી સૂચવ્યું કે, "એને હણી નાંખો" ત્યારે ચારણે કહ્યું.

जिणहाने जिणवरह, न मिले तारो तार ॥
जिणकर जिनवर पूजिए ते किम मारणहार ॥ ३ ॥

ચારણનું આવુ વચન સાંભળી શરમાયલા જિણહાએ "ફરીથી ચોરી ન કરીશ" એમ કહી તેને છોડી દીધો. ત્યારે ચારણે કહ્યું.

इक्का चोरी सा किया, जा खोलडे न माय ॥
बीजी चोरी किम करे, चारण चोर न थाय ॥ ४ ॥

ચારણની ચતુરાઇથી ભરેલી ઉક્તિ સાંભળી જિણહાએ તેને પહેરામણી આપી. પછી જિણહાએ તીર્થયાત્રાઓ કરી. જિનમંદિર બંધાવ્યાં પુસ્તક લખાવ્યાં, તથા બીજું પણ ઘણું પુણ્ય કર્યું. પોટલી ઉપરનું દ્રણ બંધ કરાવ્યું વગરે વાતો તો હજી સુધી લોકમાં ચાલે છે. આવી રિતે જિણહાની કથા છે.

મૂળનાયકજીની સવિસ્તર પૂજા કરી રહ્યા પછી અનુક્રમે સામગ્રી હોય તે પ્રમાણે સર્વે જિનબિંબની પૂજા કરવી. બારણા ઉપરના તથા સમવસરણના જિનબિંબની પૂજા પણ મૂળનાયકજીની પૂજા કરી ગભારામાંથી બહાર ની-

કળતી વખતે કરવી સંભવે છે, પણ પહેલાં નહીં. કારણ કે, મૂળનાયકજીનીજ પ્રથમ પૂજા કરવી ઉચિત લાગે છે. બારણા ઉપરનું બિંબ બારણામાં પેસતાં પ્રથમ પાસે આવે છે, તેથી તેની પ્રથમ પૂજા કરવી, એમ જો કદાપિ કહો, તો મ્હોટા જિનમંદિરમાં પેસતાં ઘણાં જિનબિંબ પ્રથમ પાસે આવે છે, તેથી તેમની પણ પ્રથમ પૂજા કરવાનો પ્રસંગ આવે, અને તેમ કરે તો પુષ્પાદિકની સામગ્રી થોડી હોય ત્યારે મૂળનાયકજી સુધી જતાં સામગ્રી ખૂટી જવાથી મૂળનાયકજીની પૂજા કદાચ ન થાય તેમજ શ્રી સિદ્ધાચળજી, ગિરનાર પ્રમુખ તીર્થોને વિષે પ્રવેશ કરતાં માર્ગમાં નજીક ઘણાં ચૈત્ય આવે છે, તેમની અંદર રહેલી પ્રતિમાઓનું પ્રથમ અનુક્રમે પૂજન કરે તો, છેક છેડે મૂળનાયકજીના મંદિરે જવાનું થાય. એ વાત્ત યોગ્ય નથી. જો યોગ્ય માનિયે તો ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં ગુરૂને વાંદતાં પહેલાં નજીક આવેલા સાધુઓને પ્રથમ વંદના કરવાનો પ્રસંગ આવે છે. નજીક આવેલી પ્રતિમાઓને મૂળનાયકજીની પૂજા કરતાં પહેલાં માત્ર પ્રણામ કરવો યોગ્ય છે. સંધાચારમાં ત્રીજા ઉપાંગને મળતી વિજયદેવતાની વક્તવ્યતામાં પણ દ્વારના અને સમવસરણના જિનબિંબની પૂજા મૂળનાયકજીની પૂજા કરયા પછી કહી છે. તે આ રીતેઃ—તે પછી સુધર્મા સભાએ જઇને જિનેશ્વર ભગવાનની દાઢા દેખતાંજ વંદના કરે, ડાબડો ઉઘાડીને મોરપીંછીની પૂજણીએ પ્રમાર્જન કરે, સુગંધી જળથી એકવીશ વાર પ્રક્ષાલન કરી ગોશીર્ષચંદનનો લેપ કરે, અને પછી સુગંધી પૂલ આદિ દ્રવ્યે કરી પૂજા કરે. તે ઉપરાંત પાંચે સભાઓને વિષે પૂર્વની પેઠે દ્વાર પ્રતિમાની પૂજા કરે. દ્વારની પૂજા પ્રમુખ બાકી રહ્યું તે ત્રીજા ઉપાંગમાંથી જાણી લેવું. માટે મૂળનાયકજીની પૂજા બીજી સર્વે પ્રતિમાથી પહેલી અને વિશેષ શોભા સહિત કરવી. વળી એમ પણ કહ્યું છે કેઃ—મૂળનાયકજીની પૂજાને વિષે વિશેષ શોભા કરવી ઉચિત છે; કારણ કે, મૂળનાયકજીને વિશેજ ભવ્ય જીવોની દ્રષ્ટિ અને મન પ્રથમ આવીને પડે છે.

શિષ્ય પૂછે છે કે, "પૂજા, વંદન પ્રમુખ ક્રિયા એકને કરીને પછી બાકીના બીજા સર્વેને કરવામાં આવે, તો તેથી તીર્થંકરોમાં સ્વામિ સેવકભાવ કરેલો પ્રકટ દેખાય છે. એક પ્રતિમાની ઘણા આદરથી વિશિષ્ટ પૂજા

કરવી, અને બીજી પ્રતિમાઓની સામગ્રી માફક થોડી કરવી, એ પણ મ્હોટી અવજ્ઞા થાય છે, એ વાત શું નિપુણબુદ્ધિવાળા પુરૂષોના ધ્યાનમાં આવશે ?"

સમાધાન કરતાં આચાર્યજી કહે છે કે—" સર્વે જિનપ્રતિમાઓનો પ્રતિહાર્યપ્રમુખ પરિવાર સરખોજ છે, તેને પ્રત્યક્ષ જોનારા જાણુ પુરૂષોના મનમાં તિર્થંકરોને વિષે માંહો માંહે સ્વામિ સેવક ભાવ છે એવી બુદ્ધિ ઉત્પન્ન થાય નહીં. મૂળનાયકજીની પ્રતિષ્ઠા પ્રથમ થઈ માટે તેમની પૂજા પ્રથમ કરવી એ વ્યવહાર છે. એથી બાકી રહેલી તીર્થંકરની પ્રતિમાનું નાયકપણું જતું નથી. ઉચિત પ્રવૃત્તિ કરનારો પુરૂષ એક પ્રતિમાને વંદના, પૂજા તથા બલિ દોકન કરે તો, તેમાં બીજી પ્રતિમાઓની આશાતના જોવામાં આવતી નથી. જેમ માટીની પ્રતિમાની પૂજા ફળ ચોખા આદિ વસ્તુથીજ કરવી ઉચિત છે, અને સુવર્ણ આદિ ધાતુની પ્રતિમાને તો સ્નાન, વિલેપન ઇત્યાદિક ઉપચાર પણ કરવા ઉચિત છે. કલ્યાણક ઇત્યાદિકનો મહોત્સવ હોય તો એકજ પ્રતિમાની વિશેષ પૂજા કરે તો, એ જેમ ધર્મના જાણુ પુરૂષોના મનમાં બાકીની પ્રતિમાને વિષે અવજ્ઞા પરિણામ આવતાં નથી, એ રીતે ઉચિત પ્રવૃત્તિ કરનાર પુરૂષથી જેમ બાકીની પ્રતિમાની અવજ્ઞા થતી નથી, તેમ મૂળનાયકજીની વિશેષ પૂજા કરે તો પણ બીજી પ્રતિમાની આશાતના થતી નથી.

જિનમંદિરમાં જિન પ્રતિમાની પૂજા કરવામાં આવે છે, તે જિનેશ્વર ભગવાનને અર્થે નથી, પણ બોધ પામેલા પુરૂષોને શુભભાવના ઉત્પન્ન કરવા માટે તથા બોધ નહીં પામેલા પુરૂષોને બોધ પમાડવાને અર્થે કરાય છે. કેટલાક ભવ્ય જીવ ચૈત્યના દર્શનથી, કેટલાક પ્રશાંત જિનબિંબ જોવાથી, કેટલાક પૂજનો અતિશય જોવાથી અને કેટલાક ઉપદેશથી પ્રતિબોધ પામે છે. માટે મ્હોટાં મંદિરો અને ઘરદેરાસરો તથા તેમાંની સર્વ પ્રતિમાઓ તથા વિશેષે કરી મૂળનાયકજીની પ્રતિમા એ સર્વ પોતાનું સામર્થ્ય, દેશ તથા કાળ એમના અનુસારથી સર્વોત્કૃષ્ટ કરાવવાં. ઘર દેરાસર તો પીતળ, તાંબા આદિ ધાતુનું હમણાં પણ કરી શકાય છે. ધાતુનું કરવાની શક્તિ ન હોય તો, હસ્તિદંત આદિ વસ્તુનું કરાવવું, અથવા હસ્તિદંતની ભ્રમરી પ્રમુખની રચનાથી શોભતું, પીતળની પટ્ટીથી અને હિંગળોકના

રંગથી સુંદર દેખાતું અને શ્રેષ્ઠ કારણોથી રળિયામણું એવું કાષ્ઠાદિકનું ઘર-દેરાસર કરાવવું. મ્હોટા જિન મંદિરે તથા ઘરદેરાસરને વિષે પણ ચારે તરફથી પ્રતિદિન પૂંજવું, તેજ બાંધકામમાં આવેલા લાકડાં ઉજ્વળ કરવાને અર્થે તેની ઉપર તેલ ચોપડવું, તથા ભીંતો ચૂનાથી ધોળાવવી, જિનેશ્વર ભગવાન્નું ચરિત્ર દેખાડે એવી ચિત્રામણની રચના કરવી, પૂજનની સમગ્ર સામગ્રી બરાબર ગોઠવી રાખવી, પડદા તથા ચંદ્રવા બાંધવા. ઇત્યાદિક મંદિલનાં કામો એવી રીતે કરવાં કે, જેથી મંદિરની અને પ્રતિમાની વિશેષ શોભા વધે. ઘરદેરાસર ઉપર ધોતીઆં, પછેડી આદિ વસ્તુ પણ ન મૂકવી. કારણ કે, મ્હોટા ચૈત્યની પેઠે તેની (ઘરદેરાસરની) પણ ચોરાશી આશાતના ટાળવાની છે. પીતળ, પાષાણ વગેરેની પ્રતિમા હોય તો તેના ન્હવણ કરી રહ્યા પછી દરરોજ એક અંગલૂહણાથી સર્વે અવયવો જળ રહિત કરવા અને તે પછી કોમળ અને ઉજ્વળ અંગલૂહણાથી વારંવાર પ્રતિમાનાં સર્વ અંગને સ્પર્શ કરવો. એમ કરવાથી પ્રતિમાઓ ઉજ્વળ રહે છે. જે જે ઠેકાણે થોડી પણ જળની ભીનાશ રહે છે, તે તે ઠેકાણે કાળા ડાઘ પડે છે. માટે જળની ભીનાશ સર્વથા દૂર કરવી. ઘણા કેશર સહિત ચંદનનો લેપ કરવાથી પણ પ્રતિમાઓ અધિકાધિક ઉજ્વળ થાય છે. પંચતીર્થી, ચતુર્વિંશતિ પટ્ટ ઇત્યાદિ સ્થળને વિષે સ્નાત્ર જળનો માંહોમાંહે સ્પર્શ થાય છે, તેથી કાંઇ પણ શંકા મનમાં ન લાવવી.

શ્રીરાયપસેણી સૂત્રને વિષે કહ્યું છે કે—સૌધર્મદેવ લોકે સૂર્યાભ દેવતાના અધિકારમાં તથા જીવાભિગમને વિષે પણ કહ્યું છે કે, વિજયાપુરી રાજધાનીમાં વિજયાદિ દેવતાનાભૃંગાર (નાળવાળા કળશ), મોરપીંછ, અંગલૂહણું તથા ધૂપધાણું પ્રમુખ જિનપ્રતિમાનાં તથા જિનેશ્વર ભગવાનની દાઢાનાં ઉપકરણ પૂજનને વિષે એકેકજ હોય છે. નિર્વાણ પામેલા જિનેશ્વર ભગવાન્ની દાઢાઓ દેવલોકના ડાબડામાં તથા ત્રણે લોકમાં છે, તે માંહોમાંહે એક બીજાને લાગેલી છે. તેથીજ તેમનું ન્હવણ જળ પણ માંહોમાંહે ફરસે છે. પૂર્વધર આચાર્યોના વારામાં બનાવેલી પ્રતિમાઓ વગેરે કેટલાક નગરોમાં હાલ છે. તેમાં કેટલીક પ્રતિમાઓ વ્યક્ત નામની છે, કેટલીક ક્ષેત્રા નામની છે, તથા કેટલીક મહા નામની છે. વળી બીજી પણ

ગ્રંથોક્ત પ્રતિમાઓ છે. અરિહંતની એકજ પાટ ઉપર એકજ પ્રતિમા હોય તો તે વ્યક્તા કહેવાય. એકજ પાટ પ્રમુખ ઉપર ચોવીસ પ્રતિમાઓ હોય તો તે ક્ષેત્રા નામથી કહેવાય, અને એકજ પાટપ્રમુખ ઉપર એકસો શિત્તેર પ્રતિમાઓ હોય તો તે મહા નામથી કહેવાય, પૂલની વૃષ્ટિ કરતા માલાધર દેવતાઓની પ્રતિમા જે જિનબિંબને માથે હોય છે, તેનું ફરસેલું જળ પણ જિનબિંબને ફરસે છે. તથા જિનપ્રતિમાના ચિત્રામણવાળા પુસ્તક ઉપરા ઉપરી રહે છે, અને એક બીજાને ફરસે છે. માટે ચોવીસ પટ્ટ પ્રમુખ પ્રતિમાઓનું ન્હવણ જળ માંહોમાંહે ફરસે તેમાં કાંઇ દોષ જણાતો નથી. કારણ કે, ગ્રંથોને વિષે તેની આચરણાની યુક્તિઓ દેખાડી છે. બૃહદ્ભાષ્યમાં પણ કહ્યું છે કે—કોઇ ભક્તિમાન્ શ્રાવક જિનેશ્વર ભગવાન્‌ની ઋદ્ધિ દેખાડવાને અર્થે દેવતાનાં આગમન તથા અષ્ટ પ્રાતિહાર્ય સહિત એકજ પ્રતિમા કરાવે છે, કોઇ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેની આરાધનાને અર્થે ત્રણ પ્રતિમા કરાવે છે, કોઇ પંચ પરમેષ્ઠી નમસ્કારના ઉચ્ચારણામાં પંચતીર્થી (પાંચ પ્રતિમા) કરાવે છે, કોઇ ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકર થાય છે, માટે બહુમાનથી કલ્યાણક તપના ઉચ્ચારણામાં ચોવીસ પ્રતિમા કરાવે છે, કોઇ ધનાઢ્ય શ્રાવક મનુષ્યક્ષેત્રમાં ઉત્કૃષ્ટા એકસો શીત્તેર તીર્થંકર વિચરે છે, માટે ભક્તિથી એકસો શીત્તેર પ્રતિમા કરાવે છે, માટે ત્રિતીર્થી (ત્રણ પ્રતિમા), પંચતીર્થી (પાંચ પ્રતિમા) ચતુર્વિંશતિ પટ્ટ (ચોવીસ પ્રતિમા) પ્રમુખ કરવું ન્યાયયુક્ત છે.

હવે અગ્રપૂજા વિષે કહે છે. કે વિવિધ પ્રકારનું ઉદન (ભાત) પ્રમુખ અશન, સાકર ગોળ આદિ પાન, પકવાન્ન, સુખડી તથા ફળ આદિ ખાદ્ય અને તાંબૂલ આદિક સ્વાદ્ય એવું ચાર પ્રકારનું નૈવેદ્ય ભગવાન્ આગળ ધરવું, જેમ શ્રેણિક રાજા પ્રતિદિન સોનાના એકસો આઠ જવે કરી મંગળિક લખતો હતો, તેમ સોનાના અથવા રૂપાના ચોખા, ધોળા સરસવ, ચોખા ઇત્યાદિ વસ્તુથી અષ્ટ મંગલિક લખવાં, અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાંને અર્થે પાટલા આદિ વસ્તુને વિષે શ્રેષ્ટ અખંડ ચોખાના અનુક્રમે ત્રણ પુંજ (ઢગલીઓ) કરીને મૂકવા, ગોશીર્ષચંદનના રસથી પાંચ આંગળી સહિત હાથેલીએ મંડલ રચવાં વગેરે, તથા પુષ્પાંજલિ, આ-

રતિ આદિ સર્વ અગ્રપૂજાની અંદર આવે છે. ભાષ્યમાં કહ્યું છે કે—ગાયન, નૃત્ય, વાજિંત્ર, લૂણ ઉતારવું, જળ તથા આરતિ દીપ પ્રમુખ જે કાંઇ કરાય છે, તે સર્વ અગ્રપૂજામાં સમાય છે. નૈવેદ્ય પૂજા તો પ્રતિદિન સુખથી કરી શકાય તેમ છે, અને તેનું ફળ પણ બહુ મ્હોટું છે. કારણ કે, સાધારણ ધાન્ય તથા ઘણું કરી રાંધેલું ધાન્ય જગતનું જીવન હોવાથી સર્વોત્કૃષ્ટ રત્ન કહેવાય છે. માટે વનવાસથી આવેલા રામચંદ્રજીએ મહાજનને અન્નનું કુશલ પૂછ્યું. કલહનો અભાવ અને પ્રીતિ આદિ માંહો માંહે જમાડવાથી અતિશય દૃઢ થાય છે. ઘણું કરીને દેવતાદિક પણ નૈવેદ્યથીજ પ્રસન્ન થાય છે. સંભળાય છે કે—ભૂત, પ્રેત, પિશાચ પ્રમુખ પણ ખીર, ખીચડી, વડાં વગેરે અન્નનોજ ઉતાર પ્રમુખ માગે છે. તેમજ દિગ્પાલનો અને તીર્થંકરની દેશના થયા પછી જે બલિ કરાય છે, તે બલિ પણ અન્નથીજ કરાય છે.

કોઇ નિર્ધન ખેડૂત સાધુના વચનથી સમીપ આવેલા જિનમંદિરે પ્રતિદિન નૈવેદ્ય ધરતો હતો. એક દિવસે મોહું થવાથી અધિષ્ઠાયક યક્ષે સિંહના રૂપથી ત્રણ ભિક્ષુ દેખાડી તેની પરિક્ષા કરી. પરિક્ષામાં ટકી રહ્યો તેથી સંતુષ્ટ થએલા યક્ષના વચનથી સાતમે દિવસે સ્વયંવરમાં કન્યા, રાજ્યશ્રી અને રાજ્ય એ ત્રણે વસ્તુ તેને મળી. લોકમાં પણ કહ્યું છે કે—ધૂપ પાપોને બાળી નાંખે છે, દીપ મૃત્યુનો નાશ કરે છે, નૈવેદ્ય આપવાથી વિપુળ રાજ્ય મળે છે, અને પ્રદક્ષિણાથી કાર્યસિદ્ધિ થાય છે. અન્ન પ્રમુખ સર્વે વસ્તુ નીપજવાનું કારણ હોવાથી જળ અન્નાદિકથી પણ વધારે શ્રેષ્ઠ છે. માટે તે પણ ભગવાન્ આગળ મૂકવું. નૈવેદ્ય, આરતી આદિ આગમનને વિષે પણ કહ્યું છે. આવશ્યક નિર્યુક્તમાં કહ્યું છે કે—"બલિ કરાય છે" ઇત્યાદિ. નિશીથને વિષે પણ કહ્યું છે કે—તે પછી પ્રભાવતી રાણીએ બલિ પ્રમુખ સર્વ કરીને કહ્યું કે, "દેવાધિદેવ વર્ધમાનસ્વામીની પ્રતિમા હોય તો પ્રકટ થાઓ." એમ કહી પેટી ઉપર કુહાડો નાંખ્યો. તેથી પેટીના બે ભાગ થયા અને અંદર સર્વે અલંકારથી શોભિત ભગવંતની પ્રતિમા જોવામાં આવી. નિશીથપીઠમાં પણ કહ્યું છે કે—બલિ એટલે ઉપદ્રવ શમાવવાને અર્થે કૂર (અન્ન) કરાય છે. નિશીથચૂર્ણિમાં પણ કહ્યું છે કે—

સંપ્રતિ રાજા રથયાત્રા કરતાં પહેલાં વિવિધ પ્રકારનાં ફળ, સુખડી, શાલિ, દાલિ, કોરા વસ્ત્ર પ્રમુખ ભેટણું કરે. કલ્પને વિષે પણ કહ્યું છે કે—

साहम्मिओ न सच्छा, तस्सकयं तेण कप्पइ जईणं ॥
जं पुण पडिमाणकप, तस्स कहा का अ जीवत्ता ॥ १ ॥

શ્રીપાદલિપ્તસૂરિએ પ્રતિષ્ઠા પ્રાભૃતમાંથી ઉદ્ધરેલી પ્રતિષ્ઠા પદ્ધતિને વિષે કહ્યું છે કે— "આગમમાં કહ્યું છે કે, આરતિ ઉતારી મંગલ દીવો પછી ચાર સ્ત્રીઓએ મળી નિર્મંછણ (ગીતગાન) પ્રમુખ વિધિ માફક કરવું. મહાનિશીચ્છને વિષે ત્રીજા અધ્યયનમાં કહ્યું છે કે—અરિહંત ભગવંતની ગંધ, માલ્ય, દીપ, પૂંજવું, વિલેપન, વિવિધ પ્રકારનો બલિ, વસ્ત્ર, ધૂપ પ્રમુખ ઉપચારથી આદર પૂર્વક પૂજા પ્રતિદિન કરતા થકા તીર્થની ઉન્નતિ કરીયે." આ અગ્રપૂજાના સંબંધમાં છે.

(હવે ભાવપૂજા વિષે કહે છે.) જેની અંદર જિનેશ્વર ભગવાનની પૂજા સંબંધી વ્યાપારનો નિષેધ આવે છે, એવી ત્રીજી **નિસિહી** કરી પુરૂષે ભગવાનની જમણી બાજૂએ અને સ્ત્રીએ ડાબી બાજૂએ આશાતના ટાળવાને અર્થે સગવડ હોય તો જઘન્યથી પણ નવ હાથ, ઘરદેરાસર હોય તો એક હાથ અથવા અર્ધો હાથ અને ઉત્કૃષ્ટથી તો સાઠ હાથ અવગ્રહથી બહાર રહી ચૈત્યવંદન, સારી સ્તુતીઓ ઇત્યાદિ ભણવાથી ભાવપૂજા થાય છે, કહ્યું છે કે—ચૈત્યવંદન કરવાને ઉચિત એવા સ્થાનકે બેસી પોતાની શક્તિ માફક વિવિધ આશ્ચર્યકારી ગુણ વર્ણન રૂપ સ્તુતિ સ્તોત્ર આદિ કહીને દેવવંદન કરે તે ત્રીજી ભાવપૂજા કહેવાય છે. નિશીથમાં પણ કહ્યું છે કે—તે ગંધાર શ્રાવક સ્તુતિયે કરી ભગવાનની સ્તવના કરતો વૈતાઢ્યગિરિની ગુંફામાં અહોરાત્ર રહ્યો. તેમજ વસુદેવહિંડમાં પણ કહ્યું છે કે—વસુદેવ રાજાએ સમ્યક્ત્વ પૂર્વક શ્રાવકના સામાયિક પ્રમુખ વ્રતનો અંગીકાર કરી પચ્ચખાણ લઈ, અને કાયોત્સર્ગ, સ્તુતિ તથા વંદના કરી. એવી રીતે ઘણે ઠેકાણે " શ્રાવક પ્રમુખ મનુષ્યોએ કાયોત્સર્ગ, સ્તુતિ વગેરે કરીને ચૈત્યવંદન કર્યું એમ કહ્યું છે. ચૈત્યવંદન જઘન્યાદિ ભેદથી ત્રણ પ્રકારનું છે. ભાષ્યમાં કહ્યું છે કે—

नमुक्कारेण जहन्ना, चिइवंदण मज्झदंडथुइजुअला ॥
पणदंड थुइचउक्कग--थयपणिहाणेहिं उक्कोसा ॥ १ ॥

અર્થ:—નમસ્કાર એટલે હાથ જોડીને માથું નમાવવું વગેરે લક્ષણવાળો પ્રણામ માત્ર કરવાથી, અથવા **नमो अरिहंताणं** એમ કહી નમસ્કાર કરવાથી, કિંવા શ્લોકાદિ રૂપ એક અથવા ઘણા નમસ્કારથી, કિંવા પ્રણિપાત દંડક નામા શક્રસ્તવ (**नमुच्चुणं**) એક વાર કહેવાથી જઘન્ય ચૈત્યવંદન થાય છે. ચૈત્યસ્તવ દંડક એટલે "अरिहंत चेइयाणं" કહી અંતે પહેલી એકજ સ્તુતિ (થુઇ) ભણે તો મધ્યમ ચૈત્યવંદન થાય. પાંચ દંડક એટલે ૧ શક્રસ્તવ, ૨ ચૈત્યસ્તવ (અરિહંત ચેઈયાણું), ૩ નામસ્તવ (લોગસ્સ), શ્રુતસ્તવ (પુખ્ખરવરદી), ૫ સિદ્ધસ્તવ (સિદ્ધાણું બુદ્ધાણું) એ પાંચ દંડક કહી અંતે પ્રણિધાન એટલે જયવીયરાય કહેવાથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય.

બીજા આચાર્ય એમ કહે છે કે, એક શક્રસ્તવથી જઘન્ય, બે અથવા ત્રણ શક્રસ્તવથી મધ્યમ અને ચાર અથવા પાંચ શક્રસ્તવથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે. ઇરિયાવહી પહેલા અથવા પ્રણિધાન (જયવીયરાય) ને અંતે શક્રસ્તવ કહેવો, અને દ્વિગુણ ચૈત્યવંદનને અંતે પણ શક્રસ્તવ કહેવાથી ત્રણ શક્રસ્તવ થાય. એક વાર વંદનામાં અને પૂર્વે તથા છેડે શક્રસ્તવ કહેવાથી ચાર શક્રસ્તવ થાય અથવા દ્વિગુણ ચૈત્યવંદનમાં અને પૂર્વે તથા છેડે શક્રસ્તવ ભણવાથી ચાર શક્રસ્તવ થાય. દ્વિગુણ ચૈત્યવંદનમાં ત્રણ શક્રસ્તવ, સ્તુતિ, પ્રણિધાન અને શક્રસ્તવ મળી પાંચ શક્રસ્તવ થાય છે.

મહાનિશીથસૂત્રમાં સાધુને પ્રતિદિન સાત ચૈત્યવંદન કહ્યાં છે, તથા શ્રાવકને પણ ઉત્કૃષ્ટતાથી સાતજ કહ્યાં છે. ભાષ્યમાં કહ્યું છે કે—રાત્રિ પ્રતિક્રમણમાં ૧, જિનમંદિરે ૨, આહાર પાણીને સમયે ૩, દિવસ ચરિમ પચ્ચખાણને અવસરે ૪, દૈવસિક પ્રતિક્રમણમાં ૫, સુઈ રહેવા પહેલાં ૬, અને જાગ્યા પછી ૭ એવી રીતે સાધુઓને અહોરાત્રમાં મળી સાત વાર ચૈત્યવંદન હોય છે. પ્રતિક્રમણ કરનાર શ્રાવકને પ્રતિદિન સાત વાર ચૈત્યવંદન હોય છે, એ ઉત્કૃષ્ટ ભાંગો જાણવો. પ્રતિક્રમણ ન કરનારને પાં-

ચ વાર હોય છે. એ મધ્યમ ભાંગો જાણવો. ત્રિકાલ પૂજામાં પ્રત્યેક પૂજાને છેડે એકેક મળીને ત્રણ વાર ચૈત્યવંદન કરે તે જઘન્ય ભાંગો જાણવો. સાત ચૈત્યવંદન એ રીતે જાણવાં:—બે પ્રતિક્રમણને અવસરે બે, સૂતા અને જાગતાં મળી બે, ત્રિકાળ પૂજામાં પ્રત્યેક પૂજાને છેડે એકેક મળી ત્રણ. એવી રીતે અહોરાત્રમાં સર્વ મળી સાત ચૈત્યવંદન શ્રાવક આશ્રયી થયાં. એક વાર પ્રતિક્રમણ કરતો હોય તો છ થાય. સૂતી વખતે વગેરે ન કરે તો પાંચ, ચાર પ્રમુખ પણ થાય. જિનમંદિર ઘણાં હોય તો પ્રતિદિન સાત કરતાં પણ વધારે ચૈત્યવંદન થાય. શ્રાવકે ત્રણ ટંક પૂજા કરવાનું કદાચિત ન બને તો ત્રણ ટંક અવશ્ય દેવ વાંદવા. આગમમાં કહ્યું છે કે—હે દેવાનુપ્રિય ! આજથી માંડી જાવજ્જીવ સૂધી ત્રણ કાળ વિક્ષેપ રહિત અને એકાગ્ર ચિત્તથી દેવ વાંદવા. હે દેવાનુપ્રિય ! અપવિત્ર, અશાશ્વત અને ક્ષણભંગુર એવા મનુષ્યપણાથી એજ સાર લેવા યોગ્ય છે. મધ્યાન્હ પહેલા જ્યાં સૂધી દેવને તથા સાધુને વંદના ન કરાય, ત્યાં સૂધી પાણી ન પીવું. મધ્યાન્હે જ્યાં સૂધી દેવને તથા સાધુને વંદના ન કરાય, ત્યાં સૂધી ભોજન ન કરવું. તેમજ પાછલે પહારે દેવને વંદના કર્યા વગર પથારીએ ન જવાય તેમ કરવું. કહ્યું છે કે—પ્રભાત સમયે શ્રાવકે જ્યાં સૂધી દેવને તથા સાધુને વિધિપૂર્વક વાંદ્યા ન હોય. ત્યાં સૂધી પાણી પણ પીવું યોગ્ય નથી. મધ્યાન્હ સમયે ફરી વંદના કરીને નિશ્ચયથી ભોજન કરવું કલ્પે. સંધ્યા સમયે પણ ફરીથી દેવને તથા સાધુને વંદના કરી પછી સુઇ રહેવું યોગ્ય છે.

ગીત, નાટક પ્રમુખ અગ્રપૂજામાં કહ્યુ છે, તે ભાવપૂજામાં પણ આવે છે. તે (ગીત નાટક) મહા ફળનું કારણ હોવાથી મુખ્ય માર્ગે તો ઉદાયન રાજાની રાણી પ્રભાવતીની પેઠે પોતેજ કરવું. નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે— પ્રભાવતી રાણી ન્હાઇ, કૌતુકમંગળ કરી, ઉજવલ વસ્ત્ર પહેરી હમેશાં આઠમ તથા ચૌદશે ભક્તિરાગથી પોતેજ ભગવાનનો નાટક રૂપ રાજોપચાર કરે. રાજા (ઉદ્દાયન) પણ રાણીની અનુવૃત્તિથી પોતે મૃદંગ વગાડે.

પૂજા કરવાને અવસરે અરિહંતની છદ્મસ્થ, કેવળી અને સિદ્ધ એ

ત્રણ અવસ્થાની ભાવના કરવી. ભાષ્યમાં કહ્યું છે કે—

ન્હવણચ્ચગેહિં છઉમ—ચ્છબચ્છ પડિહારગેહિં કેવલિઅં ॥
પલિઅંકુસ્સગ્ગેહિં, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥ ૧ ॥

અર્થ:—પ્રતિમાના પરિવાર ઉપર રચેલા જે હાથમાં કળશ લઈ હાથી ઉપર ચઢેલા એવા ભગવાનને ન્હવરાવનારા દેવતા, તથા તે પરિવારમાંજ રચેલા જે પૂલની માળા ધારણ કરનાર પૂજય દેવતા, તે મનમાં ચિંતવી ભગવાનની છદ્મસ્થ અવસ્થા ભાવવી. છદ્મસ્થ અવસ્થા ત્રણ પ્રકારની છે. એક જન્માવસ્થા. બીજી રાજ્યાવસ્થા અને ત્રીજી શ્રામણ્યાવસ્થા—તેમાં, પરિવારમાં રચેલા ન્હવરાવનાર દેવતા ઉપરથી ભગવાનની જન્માવસ્થા ભાવવી. પરિવારલાં રચેલાજ માળાધારક દેવતા ઉપરથી ભગવાનની રાજ્યાવસ્થા ભાવવી, તથા ભગવાનનું મસ્તક તથા મુખ લોચ કરેલું જોવાથી ભગવાનની શ્રામણ્યાવસ્થા (દીક્ષા લીધી તે વખતની અવસ્થા) તો સુખથી જણાય. એવી છે. પરિવારની રચનામાં પત્રવેલની રચના આવે છે, તે જોઇને અશોકવૃક્ષ, માળાધારી દેવતા જોઇને પુષ્પવૃષ્ટિ અને બન્ને બાજુએ વીણા તથા વાંસળી હાથમાં ધારણ કરનાર દેવતા જોઇને દિવ્યધ્વનિની કલ્પના કરવી. બાકીના ચામર, આસન આદિ પ્રાતિહાર્ય તો પ્રકટ જણાય એવા છે. એવા આઠ પ્રાતિહાર્ય ઉપરથી ભગવાનની કેવળી અવસ્થા ભાવવી, અને પદ્માસને બેઠેલા અથવા કાઉસગ્ગ કરી ઉભા રહેલા ભગવાનનું ધ્યાન કરી સિદ્ધાવસ્થા ભાવવી. ॥ ૧ ॥ આ પ્રમાણે ભાવ પૂજાના ભેદ છે.

બૃહદ્‌ભાષ્યમાં કહ્યું છે કે—પાંચ પ્રકારી, અષ્ટ પ્રકારી તથા વિશેષ ઋદ્ધિ હોય તો સર્વ પ્રકારી પણ પૂજા જાણવી. તેમાં પૂલ, ચોખા, ગંધ, ધૂપ અને દીપ એ પાંચ વસ્તુથી પંચ પ્રકારી પૂજા જાણવી. પૂલ, ચોખા ગંધ. દીપ, ધૂપ, નૈવેદ્ય, ફળ અને જળ એ આઠ વસ્તુથી આઠ કર્મનો ક્ષય કરનારી અષ્ટ પ્રકારી પૂજા થાય છે, સ્નાત્ર, અર્ચન, વસ્ત્ર, આભુષણ, ફળ, નૈવેદ્ય, દીપ, નાટક, ગીત, આરતી પ્રમુખ ઉપચારથી સર્વ પ્રકારી પૂજા થાય છે. એવી રીતે બૃહદ્‌ભાષ્યાદિ ગ્રંથોમાં પૂજાના કહેલા ત્રણ પ્રકાર, તથા ફળ પૂલ આદિ પૂજાની સામગ્રી પોતે લાવે તે પ્રથમ પ્રકાર,

બીજા પાસે મંગાવે તે બીજો પ્રકાર અને મનમાં સર્વ સામગ્રીની કલ્પના કરવી એ ત્રીજો પ્રકાર. એવી રીતે મન વચન કાયાના યોગથી તથા કરણ કરાવણ અનુમોદનાથી કહેલા ત્રણ પ્રકાર, તેમજ પુષ્પ, આમિષ (અશનાદિ પ્રધાન ભોગ્ય વસ્તુ), સ્તુતિ અને પ્રતિપત્તિ (ભગવાનની આજ્ઞા પાળવી) એવી રીતે ચાર પ્રકારની પૂજા છે. તે યથાશક્તિ કરવી. લલિતવિસ્તરાદિક ગ્રંથોમાં તો પુષ્પપૂજા, આમિષ પૂજા, સ્તોત્રપૂજા અને પ્રતિપત્તિ પૂજા એ ચારે પૂજામાં ઉત્તરોત્તર એક કરતાં એક પૂજા શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે. આમિષ શબ્દથી શ્રેષ્ઠ અશનાદિક ભોગ્ય વસ્તુજ લેવી. ગૌડકોશમાં કહ્યું છે કે—**उत्कोचे पलले न स्त्री, आमिषं भोग्य वस्तुनि** એનો અર્થઃ—સ્ત્રીલિંગ નહીં એવા આમિષ શબ્દના લાંચ, માંસ અને ભોગ્ય વસ્તુ એવા ત્રણ અર્થ થાય છે. પ્રતિપત્તિ શબ્દનો અર્થ "તીર્થંકર ભગવાનની આજ્ઞા સર્વ પ્રકારે પાળવી" એવો જાણવો. એવી રીતે આગમમાં કહેલા ચાર પ્રકાર, તેમજ જિનેંદ્ર ભગવાનની પૂજા દ્રવ્યથી અને ભાવથી એવી રીતે બે પ્રકારની છે. તેમાં પુષ્પ, ચોખા આદિ દ્રવ્યથી જે પૂજા કરાય છે, તે દ્રવ્યપૂજા અને ભગવાનની આજ્ઞા પાળવી તે ભાવપૂજા જાણવી. એવી રીતે કહેલા બે પ્રકાર, તેમજ પુષ્પ ચઢાવવાં, ચંદન ચઢાવવું વગેરે ઉપચારથી કહેલી સત્તર પ્રકારી પુજા તથા સ્નાત્ર, વિલેપન આદિ ઉપચારથી કહેલી એકવીસ પ્રકારની પૂજા એ સર્વ પૂજાના પ્રકાર અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એ સર્વ વ્યાપક ત્રણ પ્રકારમાં સમાઇ જાય છે. સત્તર પ્રકારી પૂજાના ભેદ એવી રીતે કહ્યા છેઃ—૧ અંગપૂજામાં સ્નાત્ર અને વિલેપન કરવું, ૨ વાસપૂજામાં બે ચક્ષુ ચઢાવવી, ૩ પુષ્પ ચઢાવવાં, ૪ પુષ્પની માળા ચઢાવવી, ૫ વર્ણક (ગંધ વિશેષ) ચઢાવવું, ૬ ચૂર્ણ ચઢાવવું, મુકુટ પ્રમુખ આભરણ ચઢાવવાં, ૮ પુષ્પઘર કરવું, ૯ પુષ્પનો પગર (રાશિ) કરવો, ૧૦ આરતિ તથા મંગળદીવો કરવો, ૧૧ દીવો કરવો, ૧૨ ધુપ ઉખેવવો, ૧૩ નૈવેદ્ય ધરવું, ૧૪ સારાં ફળ ધરવાં, ૧૫ ગાયન કરવું, ૧૬ નાટક કરવું, ૧૭ વાજિંત્ર વગાડવાં એવી રીતે પૂજાના સત્તર પ્રકાર કહ્યા છે. એકવીસ પ્રકારી પ્રમુખ પૂજાનો વિધિ પણ એ રીતેજ કહ્યો છે. તે નીચે પ્રમાણે—

પશ્ચિમ દિશાએ મુખ કરીને દાતણ કરવું, પુર્વ દિશાએ મુખ કરીને નહાવું, ઉત્તર દિશાએ મુખ કરીને ઉજ્વળ વસ્ત્ર પહેરવાં, અને પૂર્વ અથવા ઉત્તર દિશાએ મુખ કરીને ભગવાનની પુજા કરવી. ઘરમાં પેસતાં શલ્ય વર્જિત ડાબે ભાગે બેઢ હાથ ઉંચી ભૂમી ઉપર ઘરદેરાસર કરવું. જો નીચે ભૂમીએ લાગતું દેરાસર કરે તો તેનો વંશ એક સરખો નીચે જાય છે, અર્થાત્ ધીમે ધીમે નાશ પામે છે. પુજા કરનાર માણસ પુર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ કરીને બેસે, પણ દક્ષિણ દિશાએ તથા ચારે કોણ દિશાએ મુખ કરીને ન બેસે. જો પશ્ચિમ દિશાએ મુખ કરીને ભગવાન્ની પુજા કરે, તો તે માણસની ચોથી પેઢીએ તેનો કુલક્ષય થાય; અને દક્ષિણ દિશાએ મુખ કરે તો તે માણસની આગળ સંતતિ વૃદ્ધિ પામે નહીં. અગ્નિ કોણ તરફ મુખ કરીને પૂજા કરે તો, તે માણસની દિવસે દિવસે ધન હાનિ થાય. વાયવ્ય કોણ તરફ મુખ કરે તો સંતતિ ન થાય, નૈઋત્ય કોણ તરફ મુખ કરે તો કુળ ક્ષય થાય, અને ઇશાન કોણ તરફ મુખ કરે તો સંતતિ મિત્રકુલ ન થાય. પ્રતિમાના બે પગ, બે ઢીંચણ બે હાથ, બે ખભા અને મસ્તક એ નવે અંગની અનુક્રમે પુજા કરવી. ચંદન વિના કોઈ કાળે પણ પુજા ન કરવી. કપાળ, કંઠ, હૃદય, ખભા અને પેટ એટલે ઠેકાણે તિલક કરવાં. નવ તિલકથી હમેશાં પુજા કરવી. જાણુ પુરૂષોએ પ્રભાત કાળમાં પ્રથમ વાસપુજા કરવી, મધ્યાન્હ સમયે પુષ્પથી પુજા કરવી, અને સંધ્યા સમયે ધુપ દીપથી કરવી. ધુપધાણું ભગવાનના ડાબે પડખે રાખવું, અગ્રપુજામાં ધરાય છે તે સર્વે વસ્તુ ભગવાનની અન્મુખ મૂકવી. ભગવાનની જમણી બાજુએ દીવાની જગ્યા રાખવી. ધ્યાન તથા ચૈત્યવંદન ભગવાનની જમણી બાજુએ કરવું. હાથથી ખસી પડેલું વૃક્ષ ઉપરથી ભૂમીએ પડેલું, કોઇ પણ રીતે પગે લાગેલું, માથે ઉચકી લાવેલું, ખરાબ વસ્ત્રમાં રાખેલું, નાભિથી નીચે પહેરેલા વસ્ત્ર પ્રમુખમાં રાખેલું દુષ્ટ મનુષ્યોએ ફરસેલુ, ઘણા લોકોએ ઉપાડી મુકી ખરાબ કરેલું અને કીડીઓએ કરડેલું એવું ફળ પૂજ્ય તથા પત્ર ભક્તિથી જિન ભગવાન્ની પ્રીતિને અર્થે ચઢાવવું નહીં. એક પૂલના બે ભાગ ન કરવા. કળી પણ તોડવી નહીં. ચંપા અને કમળ એના બે ભાગ કરે તો ઘણો દોષ લાગે.

ગંધ, ધુપ, દીપ, ચોખા, માળાઓ, બલિ (નૈવેદ્ય), જળ અને શ્રેષ્ઠ ફળ એ-ટલી વસ્તુથી શ્રી જિન ભગવાનની પુજા કરવી. શાંતિને અર્થે લેવું હોય તો ધોળુ લેવું, લાભને અર્થે પીળુ લેવું શત્રુને જીતવાને અર્થે શ્યામ વર્ણ લેવું, મંગલિકને અર્થે રાતું લેવું અને સિદ્ધિને અર્થે પંચવર્ણું લેવું પંચા-મૃતનું સ્નાત્ર આદિ કરવું, અને શાંતિને અર્થે ઘી ગોળ સહિત દીવો કર-વો. શાંતિ તથા પુષ્ટિને અર્થે અગ્નિમાં લવણ નાંખવું સારૂં છે. ખંડિત, સાંધેલું, ફાટેલું, રાતું, તથા બીહામણું એવું વસ્ત્ર પહેરીને કરેલું દાન, પૂજા, તપસ્યા, હોમ, આવશ્યક પ્રમુખ અનુષ્ઠાન સર્વ નિષ્ફળ છે. પુરૂષ પદ્માસ-ને બેસી નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખી, મૌન કરી, વસ્ત્રથી મુખ-કોશ કરી જિનેશ્વર ભગવાનની પૂજા કરે. ૧ સ્નાત્ર, ૨ વિલેપન, ૩ આભૂ-ષણ, ૪ પૂલ, ૫ વાસ, ૬ ધૂપ, ૭ દીપ, ૮ ફળ, ૯ અક્ષત, ૧૦ પત્ર, ૧૧ સોપારી, ૧૨ નૈવેદ્ય, ૧૩ જળ, ૧૪ વસ્ત્ર, ૧૫ ચામર, ૧૬ છત્ર, ૧૭ વા-જિંત્ર, ૧૮ ગીત, ૧૯ નાટક, ૨૦ સ્તુતિ, ૨૧ ભંડારની વૃદ્ધિ, આ એકવીસ ઉપચારથી એકવીસ પ્રકારી પૂજા થાય છે. સર્વે જાતના દેવતા એવી ભગવાનની એકવીસ પ્રકારની પ્રસિદ્ધ પૂજા હમેશાં કરે છે; પરંતુ કલિકાળના દોષથી કુમતિ જીવોએ ખંડિત કરી. આ પૂજામાં પોતાને જે જે વસ્તુ પ્રિય હોય, તે તે વસ્તુ ભગવાનને અર્પણ કરવી. પૂજાનું આ પ્રકરણ ઉમાસ્વાતિ વાચકે કર્યું છે એમ જાહેર છે

"ઈશાન કોણે દેવમંદિર કરવું." એમ વિવેકવિલાસમાં કહ્યું છે. તે-મજ, વિષમ આસને બેસી, પગ ઉપર પગ ચઢાવી, ઉભા પગે બેસી, અ-થવા ડાબો પગ ઊંચો રાખી પૂજા કરવી નહીં. તથા ડાબે હાથે પણ પૂજા ન કરવી. સૂકાં, ભૂમી ઉપર પડેલાં, સડેલી પાંખડીવાળાં, નીચ લોકોએ ફરશેલાં, ખરાબ અને નહિ ખીલેલાં, કીડીથી ખવાયલાં, બાળથી ભરાયલાં, સડેલાં, વાસી, કરોળિયાનાં ઘરવાળાં, દુર્ગંધી, સુગંધ રહિત, ખાટા ગંધનાં, મળના તથા મૂત્રના †સંપર્કથી અપવિત્ર થએલાં એવાં પૂલ પૂજામાં લેવાં નહીં.

સવિસ્તર પૂજા કરવાને અવસરે, પ્રતિ દિવસ તથા વિશેષે કરી પર્વ દિવસે ત્રણ, પાંચ અથવા સાત પુષ્પાંજલિ ચઢાવીને ભગવાનને સ્નાત્ર કરવું.

† વડીનીતિ લઘુનીતિ કરતી વખતે પાસે રાખેલાં.

તેનો વિધિ એવો છે કે :—પ્રભાત સમયે પ્રથમ નિર્માલ્ય ઉતારવું, પખાલ કરવો, સંક્ષેપથી પૂજા, આરતી અને મંગળદીવો કરવો. પછી સ્નાત્ર આદિ સવિસ્તર બીજી પૂજા કરવી. પૂજાના આરંભ સમયે પ્રથમ ભગવાન્ આગળ કુંકુમ જળથી ભરેલો કળશ સ્થાપન કરવો. પછી

मुक्तालंकार विका-रसारसौम्यत्वकांतिकमनीयम् ॥
सहजनिजरूपनिर्जित-जगत्त्रयं पातु जिनबिंबम् ॥ १ ॥

અલંકારના સંબંધ વિના અને ક્રોધાદિક વિના પણ સારભૂત સૌમ્ય કાંતિથી રમણીય અને પોતાના સ્વભાવિક સુંદર રૂપથી ત્રણ જગને જીતનારૂં જિનબિંબ તમારી રક્षા કરો. ॥ ૧ ॥

એ મંત્ર કહી અલંકાર ઉતારવા.

अवणिअ कुसुमाहरणं, पयइपइट्ठिअमणोहरच्छायं ॥
जिणरूवं मज्जाणपीठसंठिअं वो सिवं दिसउ ॥ १ ॥

ફૂલ તથા આભરણથી રહિત, પણ સ્વભાવસિદ્ધ રહેલી મનોહર કાંતિથી શોભતું સ્નાત્રપીઠ ઉપર રહેલું જિનબિંબ તમને શિવ સુખ આપો.

એમ કહી નિર્માલ્ય ઉતારવું. પછી પૂર્વે કહેલો કળશ ઢોળવો, અને સંક્ષેપથી પુજા કરવી. પછી ધોએલા અને સુગંધી ધૂપ દીધેલા કળશોમાં સ્નાત્ર યોગ્ય સુગંધી જળ ભરવું, અને તે સર્વે કળશ એક હારમાં સ્થાપન કરી તેમની ઉપર શુદ્ધ ઉજ્વલ વસ્ત્ર ઢાંકવું. પછી સર્વે શ્રાવકો પોતાની ચંદન ધૂપ આદિ સામગ્રીથી તિલક કરી, હાથે સુવર્ણનાં કંકણ પહેરી, હાથને ધૂપ દઇ, તથા એવી બીજી ક્રિયા કરીને હારબંધ ઉભા રહે, અને કુસુમાંજલિનો પાઠ બોલે. તે આ રીતે :—

सयवत्त कुंद मालइ-बहुविह कुसुमाइ पंचवन्नाइं ॥
जिणन्हवणकाले, दिंति सुरा कुसुमंजली हिट्ठा ॥ १ ॥

દેવતાઓ કમળ, મોગરાનાં પુષ્પ, માલતિ પ્રમુખ પાંચ વર્ણનાં બહુ જાતનાં ફૂલનો પુષ્પાંજલિ જિનભગવાન્‌ના સ્નાત્રને વિષે આપેછે.

એમ કહી ભગવાનના મસ્તકે પૂલ ચઢાવવાં.

गंधायदिअमहुयर-मणहरझंकारसद्दसंगीआ ॥
जिणचलणोवरि मुक्का, हरउ तुम्ह कुसुमंजली दुरिअं ॥ १ ॥

સુગંધીથી ખેંચાયલા ભ્રમરોના મનોહર ગુંજારવ રૂપ સંગીતથી યુક્ત એવો ભગવાનના ચરણ ઉપર મૂકેલો પુષ્પાંજલિ તમારૂં દુરિત હરણ કરો. ॥ ૧ ॥

ઇત્યાદિ પાઠ કહેવો. પ્રત્યેક ગાથાદિકનો પાઠ થાય, ત્યારે ભગવાનના ચરણ ઉપર એક એક શ્રાવકે કુસુમાંજલિનાં પૂલ ચઢાવવાં, પ્રત્યેક પુષ્પાંજલિનો પાઠ થએ છતે તિલક, પૂલ, પત્ર, ધૂપ આદિ પૂજનો વિસ્તાર જાણવો. પછી મ્હોટા અને ગંભીર સ્વરથી પ્રસ્તુત જે ભગવાનની સ્નાત્ર પીઠ ઉપર સ્થાપના હોય, તે ભગવાનના જન્માભિષેક કળશનો પાઠ બોલવો. પછી ઘી, શેલડીનો રસ, દૂધ, દહી અને સુગંધી જળ એ પંચામૃતથી સ્નાત્ર કરવાં. સ્નાત્ર કરતાં વચમાં પણ ધૂપ દેવો, તથા સ્નાત્ર ચાલતું હોય ત્યારે પણ જિનબિંબને માથે પૂલ જરૂર રાખવું.

વાદિવેતાલ શ્રીશાંતિસૂરિજીએ કહ્યું છે કે—સ્નાત્ર પૂરૂં થાય ત્યાં સુધી ભગવાનનું મસ્તક કૂલથી ઢાંકેલું રાખવું. સારાં સુગંધી પૂલ તે ઉપર એવી રીતે રાખવાં કે, જેથી ઉપર પડતી જળધારા દેખાય નહીં. સ્નાત્ર ચાલતું હોય ત્યારે શક્તિ માફક એક સરખો ચામર, સંગીત, વાજિંત્ર આદિ આડંબર કરવો. સર્વ લોકોએ સ્નાત્ર કરે છતે ફરીથી ન કરવાને અર્થે શુદ્ધ જળની ધારા દેવી. તેનો પાઠ આ રીતેઃ—

अभिषेकतोयधारा, धारेव ध्यानमंडलाग्रस्य ॥
भवभवनभित्तिभागान्, भूयोऽपि भिनत्तु भागवती ॥ १ ॥

ધ્યાન રૂપ મંડલની ધારા સરખી ભગવાનના અભિષેકની જળધારા સંસાર રૂપ મહેલની ભીંતોને ફરી ફરીવાર તોડી નાંખો. ॥ ૧ ॥

પછી અંગલૂહણાં કરી વિલેપન આદિ પૂજા, પહેલા કરતાં વધુ કરવી સર્વ જાતનાં ધાન્યનાં પકવાન, શાક, ઘી, ગોળ આદિ નિગય તથા

શ્રેષ્ટ ફળ આદિ બલિ ભગવાન્ આગળ ધરવો. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નના ધણી એવા ત્રણ લોકના સ્વામી ભગવાન્ આગળ મ્હોટા ન્હાના ક્રમથી પ્રથમ શ્રાવકોએ ત્રણ પુંજ (ઢગલીઓ) કરી ઉચિત સ્નાત્રપૂજાદિક કરવું. પછી શ્રાવિકાએ પણ અનુક્રમથી કરવું. ભગવાન્ના જન્માભિષેકને અવસરે પણ પ્રથમ અચ્યુત ઇંદ્ર પોતાના દેવના પરિવાર સહિત સ્નાત્ર આદિ કરે છે, અને તે પછી અનુક્રમે બીજા ઇંદ્ર કરે છે. શેષાની (ચઢાવેલી ફૂલની માળાની) પેઠે સ્નાત્ર જળ માથે છાંટયું હોય તો 'તેમાં કાંઇ દોષ લાગશે,' એવી કલ્પના ન કરવી. હેમચંદ્ર કૃત વીરચરિત્રમાં કહ્યું છે કે—સુર, અસુર, મનુષ્ય અને નાગકુમાર એમણે તે સ્નાત્ર જળને વારંવાર વંદન કર્યું, અને પોતાના સર્વ અંગે છાંટયું. શ્રીપદ્મચરિત્રમાં પણ ઓગણીશમા ઉદ્દેશમાં આષાડ શુદિ આઠમથી માંડી દશરથ રાજાએ કરાવેલા અઠાઇ મહોત્સવના ચૈત્ય સ્નાત્રોત્સવને અધિકારે કહ્યું છે કે—દશરથ રાજાએ તે શાંતિ કરનારૂં ન્હવણ જળ પોતાની ભાર્યાઓ તરફ મોકલ્યું. તરૂણ દાસીઓએ શીઘ્ર જઇ બીજી રાણીઓને માથે તે ન્હવણ જળ છાંટયું, પણ મ્હોટી રાણીને પહોંચાડવાનું ન્હવણ જળ દાસીના હાથમાં આવ્યું. તેની વૃદ્ધાવસ્થા હોવાથી પહોંચતાં વાર લાગી, ત્યારે મ્હોટી રાણી શોકાતુર અને દીલગીર થઈ પછી દાસીએ આવી ક્રોધ પામેલી રાણીને તે ન્હવણ જળ આપ્યું ત્યારે તે રાણીનું ચિત્ત અને શરીર શીતળ થયાં અને તે દાસી ઉપર પ્રસન્ન થઈ.

બૃહદ્શાંતિ સ્તવમાં પણ કહ્યું છે કે— સ્નાત્રજળ મસ્તકે ચઢાવવું. સંભળાય છે કે—શ્રીનેમિનાથ ભગવાન્ના વચનથી કૃષ્ણે નાગેંદ્રની આરાધના કરી પાતાળમાંજ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા શંખેશ્વર પુરે લાવી તેના ન્હવણ જળથી પોતાનું સૈન્ય જરાસંધની જરાથી પીડાયું હતું તે સાજું કર્યું આગમમાં પણ કહ્યું છે કે—જિનેશ્વર ભગવાન્ની દેશનાને સ્થાનકે રાજા આદિ લોકોએ ઉછાળેલો અન્નનો બલિ પાછો ભૂમીએ પડતાં પહેલાંજ દેવતાઓ તેનો અર્ધો ભાગ લે છે. અર્ધનો અર્ધ ભાગ રાજા લે છે, અને બાકી રહેલો ભાગ બીજા લોકો લે છે. તેનો એક દાણો પણ માથામાં રાખ્યો હોય તો રોગ મટે, અને છ મહિના સુધી બીજો રોગ થાય નહીં.

પછી સદ્‌ગુરૂએ સ્થાપન કરેલો, મ્હોટે ઉત્સવે આણેલો અને દુકૂલાદિ શ્રેષ્ટ વસ્ત્રથી શોભતો એવો મહાધ્વજ ત્રણ પ્રદક્ષિણા તથા બલિદાન પ્રમુખ વિધિ કરીને ચઢાવવો. ત્યાં સર્વ લોકોએ શક્તિ માફક પહેરામણી મૂકવી. પછી ભગવાન્ આગળ મંગળદીવા સહીત આરતીનો ઉદ્યોત કરવો. તેની પાસે શગડી મૂકવી ને તેમાં લવણ અને જળ નાંખવાં.

उवणेउ मंगलं वो, जिणाण मुहलालिजालसंवलिआ ॥
तिच्छपवत्तणसमए, तिअसविमुक्का कुसुमवुट्ठी ॥ १ ॥

તીર્થંકરના તીર્થ પ્રવૃત્તિને અવસરે શબ્દ કરતા ભ્રમરના સમુદાયથી યુક્ત એવી દેવતાની કરેલી પુષ્પવૃષ્ટિ તમને કલ્યાણકારી થાઓ. ॥ ૧ ॥

એ મંત્ર કહી પ્રથમ પુષ્પ વૃષ્ટિ કરવી. પછી—

उअह पडिभग्ग पसरं, पयाहिणं मुणिवइं करेऊणं ॥
पडइ सलोणत्तणल- ज्जिअं व लोणं हुअवहंमि ॥ १ ॥

જુઓ, લવણ જાણે પોતાના લાવણ્યથી લજ્જિત થયું અને કાંઈ ઉપાય ન રહેવાથી ભગવાન્‌ને ત્રણ પ્રદક્ષિણા દઈ અગ્નિમાં પડેછે.

ઇત્યાદિ પાઠ કહીને જિનેશ્વર ભગવાન ઉપરથી ત્રણ પૂલ સહિત લવણ જળ ઉતારવા વગેરે કરવું પછી અનુક્રમે પૂજા કરવી, તે પછી આરતી કરવી તે આ રીતેઃ-આરતીને વખતે ધૂપ ઉખેવવો, બે દિશાએ ઉંચી અને અખંડ કળશ જળની ધારા દેવી. શ્રાવકોએ પૂલના પગર વિંખેરવા. શ્રેષ્ટ પાત્રમાં આરતી રાખી

मरगय मणि घडिय विसा-ल थाल माणिक्कमंडिअपईवं ॥
न्हवणयरकरूरिकत्तं, भमउ जिणारत्तिअं तुम्ह ॥ १ ॥ વગેરે પાઠ કહીને પ્રધાન પાત્રમાં રહેલી આરતિ ત્રણ વાર ઉતારવી. ત્રિષષ્ટિચરિત્રાદિ ગ્રંથમાં કહ્યું છે કે—પછી ઇંદ્રે કૃતકૃત્ય પુરૂષની પેઠે કાંઇક પાછા ખસી ફરી આગળ આવી ભગવાન્‌ની આરતિ ગ્રહણ કરી. ઇંદ્રે બળતા દીવાઓની કાંતિથી શોભતી આરતી હાથમાં હોવાથી દેદીપ્યમાન ઔષધીના સમુદાયથી ચળકતા શિખરે કરી જેમ મેરૂપર્વત સુંદર દેખાય

છે, તેમ સુંદર દેખાયો. શ્રદ્ધાળુ દેવતાઓ ફૂલની વૃષ્ટિ કરતા છતાં ઇંદ્રે ત્રણ વાર ભગવાન્ ઉપરથી આરતિ ઉતારી. મંગળદીવો પણ આરતિની પેઠે પૂજ્ય છે.

कोसंबिसंठिअस्स व, पयाहिणं कुणइ मउलिअपईवो ॥
जिण सोमदंसणे दिण- यरुव्व तुह मंगलपईवो ॥ १ ॥
भामिज्जंतो सुरसुं-दरीहिं तुह नाह मंगलपईवो ॥
कणयायलस्स नज्जइ, भाणुव्व पयाहिणं दिंतो ॥ २ ॥

સૌમ્ય દૃષ્ટિવંત એવા હે ભગવાન્ ! જેમ કૌશાંબીમાં રહેલા તમને સૂર્યે આવી પ્રદક્ષિણા કરી તેમ કલિકા સમાન દીપવાલો એ મંગલદીવો તમને પ્રદક્ષિણા કરે છે. ॥ ૧ ॥

હે નાથ ! દેવીઓએ ભમાડેલો તમારો મંગલદીવો મેરૂને પ્રદક્ષિણા કરતા સૂર્ય માફક દેખાય છે. ॥ ૨ ॥

એવો પાઠ કહી મંગળદીવો આરતિ માફક ઉતારી દેદીપ્યમાન એવોજ જિનભગવાન્‌ની આગળ મૂકવો. આરતિ તો ઓલવાય છે. તેમાં દોષ નથી. મંગળદીવો તથા આરતિ પ્રમુખ મુખ્ય માર્ગથી તો ઘી, ગોળ, કપૂર આદિ વસ્તુનો કરાય છે. કારણ કે, તેમ કરવામાં વિશેષ ફળ છે. લોકમાં પણ કહ્યું છે કે—ભક્તિમાન્ પુરૂષ દેવાધિદેવની આગળ કપૂરનો દીવો પ્રજ્વલિત કરીને અશ્વમેધનું પુણ્ય પામે, તથા કુળનો પણ ઉદ્ધાર કરે. અહિં "मुक्ताक्षलंकार-" ઇત્યાદી ગાથાઓ હરીભદ્રસૂરિની કરેલી હશે એવું અનુમાન થાય છે. કારણ કે, તેમના રચેલા સમરાદિત્ય ચરિત્રના આરંભમાં "उज्जेउ मंगलं वो" એવો નમસ્કાર દેખાય છે. આ ગાથાઓ તપાપક્ષ આદિ ગચ્છમાં પ્રસિદ્ધ છે માટે અત્રે બધી લખી નથી. સ્નાત્ર આદિ ધર્માનુષ્ઠાનમાં સામાચારીના ભેદથી નાનાવિધ વિધિ દેખાય છે, તો પણ તેથી ભવ્ય જીવે મનમાં મુઝવણ ન કરવી. ક્રમકે, સર્વેને અરિહંતની ભક્તિ. રૂપ ફળજ સાધવાનું છે. ગણધરોની સામાચારીમાં પણ ઘણા ભેદ હોય છે, માટે જે જે આચરણોથી ધર્માદિકને વિરોધ ન આવે, અને અરિહંતની ભક્તિની પુષ્ટિ થાય તે તે

આચરણો કોઇને પણ નાકબુલ નથી. એજ ન્યાય સર્વે ધર્મકૃત્યોમાં જાણવો. આ પૂજાના અધિકારમાં લવણુ, આરતિ આદિનું ઉતારવું સંપ્રદાયથી સર્વ ગચ્છમાં તથા પ્રદર્શનમાં પણ સૃષ્ટિથીજ કરાતું દેખાય છે. શ્રી જિનપ્રભસૂરિએ કરેલા પૂજાવિધિમાં તો એવી રીતે કહ્યું છે કે—પાદલિપ્તસૂરિ પ્રમુખ પૂર્વાચાર્યોએ લવણાદિકનું ઉત્તારણ સંહારથી કરવાની અનુજ્ઞા આપી છે, તો પણ સાંપ્રત સૃષ્ટિથીજ કરાય છે.

સ્નાત્ર કરવામાં સર્વ પ્રકારની સવિસ્તર પૂજા તથા પ્રભાવના વગેરે કરવાનો સંભવ છે, કેમકે તેથી પરલોકે ઉત્કૃષ્ટ ફળ નક્કી જાણવું. તથા જિનેશ્વર ભગવાનના જન્મ કલ્યાણકને સમયે સ્નાત્ર કરનારા ચોસઠ ઇંદ્ર તથા તેના સામાનિક દેવતા આદિનું અનુકરણ અહિં મનુષ્યો કરે છે, એ ઇહલોકે પણ ફળ જાણવું આમ સ્નાત્રવિધિ વિષે કથન છે.

પ્રતિમાઓ ઘણા પ્રકારની છે. તેમની પૂજા કરવાના વિધિમાં સમ્યક્ત્વ પ્રકરણ ગ્રંથને વિષે એવી રીતે કહ્યું છે કે—

गुरुकारिआइ केई, अन्नेसत्थकारिआइ तं बिंति ॥
विहिकारिआइ अन्ने, पडिमाए पूअणविहाणं ॥ १ ॥

એ ગાથાનો **અર્થ**:—કેટલાક આચાર્યો ગુરૂ એટલે મા, બાપ, દાદા આદિ લોકોએ કરાવેલી પ્રતિમાની, બીજા કેટલાએક આચાર્યો પોતે કરાવેલી પ્રતિમાની, તથા બીજા વળી વિધિથી કરાવેલી પ્રતિમાની વિધિ પુર્વક પુજા કરવી એમ કહે છે. પણ છેલ્લે પક્ષે નિર્ણય એ છે કે, બાપ દાદાએ કરાવેલી એ વાત નિરૂપયોગી છે. માટે મમત્વ તથા કદાગ્રહ છોડી દઇને સર્વે પ્રતિમાઓ સમાન બુદ્ધિથી પૂજવી. કારણ કે, સર્વ પ્રતિમાને વિષે તીર્થંકરનો આકાર જણાય છે, તેથી "**આ તીર્થંકર છે**" એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એમ ન કરતાં પોતાના કદાગ્રહથી અરિહંતની પ્રતિમાની પણ અવજ્ઞા કરે તો, તે બળાત્કારથી દુરંત સંસાર રૂપ દંડ ભોગવવો પડે છે. જો એમ કરે તો અવિધિથી કરેલી પ્રતિમાનું પણ પૂજન કરવાનો પ્રસંગ આવે, અને તેથી અવિધિકૃત પ્રતિમાને અનુમતિ આપવાથી ભગવાનનો આજ્ઞા ભંગ કર્યાનો દોષ આવી પડે. માટે એવો કુતર્ક ન કરવો. કારણ કે, આગમનું એવું પ્રમાણ છે.

શ્રીકલ્પભાષ્યમાં કહ્યું છે કે—

निस्सकड मनिस्सकडे, अ चेइए संव्वहिं थुई तिन्नि ॥
वेलं च चेइआणि अ, नाउं इक्किक्किआ वा वि ॥ १ ॥

અર્થઃ—નિશ્રાકૃત એટલે ગચ્છ પ્રતિબદ્ધ અને અનિશ્રાકૃત એટલે ગચ્છ પ્રતિબદ્ધ રહિત એવા ચૈત્યને વિષે સર્વ ઠેકાણે ત્રણ સ્તુતિ કહેવી, હવે સર્વ ઠેકાણે ત્રણ સ્તુતિ કહેતાં વખત જતો રહેતો તો અથવા ત્યાં ચૈત્ય ઘણાં હોય તો વેળા અને ચૈત્ય એ બન્નેનો વિચાર કરી પ્રત્યેક ચૈત્યને વિષે એક એક સ્તુતિ પણ કહેવી.

ચૈત્યમાં જો કરોળિયાનાં જાળ આદિ થાય તો તે કાઢી નાંખવાનો વિધિ કહે છે.

सीलेह मंखफलए, इयरे चोइंति तंतुमाईसु ॥
अभिओइंति सवित्तिसु, अणिच्छ फेडंतऽदीसंता ॥ १ ॥

અર્થઃ—સાધુઓ મંદિરમાં કરોળિયાનાં જાળ વગેરે હોય તો મંદિરની સંભાળ કરનાર બીજા ગૃહસ્થી લોકોને પ્રેરણા કરે. તે એવી રીતે કે— "તમે ચિતારાના પાટિયાની પેઠે મંદિરને સ્વચ્છ રાખો. જેમ ચિતારાનું ચિત્રનું પાટીયું ઉજ્જ્વલ હોય તો સર્વ લોક તેને વખાણે છે, તેમ તમે જો મંદિરોને વારંવાર સંમાર્જન (પૂંજવું) પ્રમુખ કરી ઉજ્જ્વલ રાખો તો ઘણા લોકો તમારો પૂજા સત્કાર કરશે." હવે તે મંદિરના સેવક લોકો જો મંદિરના ઘર ક્ષેત્ર (ખેતર) આદિની વૃત્તિ ભોગવનારા હોય તો, તેમને ઠપકો દેવો. તે આ રીતેઃ— "એક તો તમે મંદિરની વૃત્તિ ભોગવો છો, અને બીજું મંદિરની સંમાર્જન આદિ સારસંભાર પણ કરતા નથી" એમ કહ્યા પછી પણ તે લોકો જો કરોળિયાનાં જાળાં આદિ કાઢી નાંખવા ન ઇચ્છે, તો જેની અંદર જીવ દેખાતાં ન હોય તેવા તંતુજાળોને સાધુ પોતેજ કાઢી નાંખે. એવાં સિદ્ધાંત વચનના પ્રમાણથી સાધુએ પણ વિનાશ પામતા ચૈત્યની સર્વથા ઉપેક્ષા ન કરવી, એમ સિદ્ધ થયું. ચૈત્યે જવું, પૂજા કરવી, સ્નાત્ર કરવું ઇત્યાદિ જે આ ઉપર વિધિ કહ્યો, તે સર્વ ઋદ્ધિપાત્ર શ્રાવક આશ્રયી જાણવો. કારણ કે, તેનાથીજ એ સર્વ બની શકવાનો સંભવ છે. ઋદ્ધિ રહિત શ્રાવક તો પોતાને ઘેરજ સામાયિક

આદરિને કોઇનું દેવું અથવા કોઇની સાથે વિવાદ આદિ ન હોય તો ઇર્યાસમિતિ આદિકને વિષે ઉપયોગ રાખી સાધુની પેઠે ત્રણ **નિસિહિ** આદિ ભાવપૂજાને અનુસરતા વિધિથી મંદિરે જાય. પુષ્પ આદિ સામગ્રી ન હોવાથી તે શ્રાવક દ્રવ્યપૂજા કરવાને અસમર્થ હોય છે, માટે ફૂલ ગૂંથવાં વગેરે કામ કાયાથી બની શકે એમ હોય તો સામાયિક પારીને તે કરે.

શંકાઃ—સામાયિક મૂકીને દ્રવ્યસ્તવ કરવો ઉચિત શી રીતે થાય ?

સમાધાનઃ—ઋદ્ધિ રહિત શ્રાવકથી સામાયિક કરવું પોતાના હાથમાં હોવાથી ગમે તે સમયે પણ બની શકે એમ છે; પણ મંદિરનું કાર્ય તો સમુદાયને આધીન હોવાથી કોઇ કોઇ સમયેજ તે કરવાનો પ્રસંગ આવે છે, માટે પ્રસંગ આવે ત્યારે તે કરવાથી વિશેષ પુણ્યનો લાભ થાય છે. આગમમાં કહ્યું છે કે— (દ્રવ્ય સ્તવથી) ભવ્ય જીવોને બોધિલાભ થાય છે, સમ્યગ્દૃષ્ટિ જીવોનું પ્રિય કર્યું એમ થાય છે, ભગવાન્‌ની આજ્ઞા પળાય છે, જિનેશ્વર ભગવાન્‌ની ભક્તિ થાય છે, અને શાસનની પ્રભાવના થાય છે. આ રીતે અનેક ગુણ દ્રવ્યસ્તવમાં રહ્યા છે, માટે તેજ કરવો. દિનકૃત્ય સૂત્રમાં પણ કહ્યું છે કે— આ રીતે આ સર્વ વિધિ ઋદ્ધિવંત શ્રાવકનો કહ્યો. સામાન્ય શ્રાવકતો પોતાને ઘેરજ સામાયિક લઇને જો કોઇનું દેવું ન હોય, અને કોઇની સાથે વિવાદ ન હોય તો સાધુની પેઠે ઉપયોગથી જિનમંદિરે જાય. જો જિનમંદિરે કાયાથી બની શકે એવું કાંઇ કાર્ય હોય, તો સામાયિક પારીને જે કાર્ય કરતો હોય તે કરે. સૂત્ર ગાથામાં "વિધિના" એવું પદ છે, તેથી ભાષ્યાદિ ગ્રંથમાં ચોવીસમૂળ દ્વારથી અને બે હજાર ચુમોત્તેર પ્રતિદ્વારથી કહેલો, દશ ત્રિક તથા પાંચ અભિગમ પ્રમુખ સર્વ વિધિ આ ઠેકાણે જાણવો. તે આ રીતેઃ—[1]ત્રણ નિસિહી [2]ત્રણપ્રદક્ષિ,

---

૧ ત્રણ **નિસિહિ** આ રીતેઃ—દેરાસરના મૂળ બારણે પેસતાં પોતાના ઘર સંબંધી વ્યાપારનો ત્યાગ કરવા રૂપ પ્રથમ **નિસિહિ** જાણવી ૧. ગભારાની અંદર પેસતાં દેરાસરને પૂંજવા સમારવાના કાર્યને તજવા રૂપ બીજી **નિસિહિ** જાણવી ૨. ચૈત્યવંદન કરવા સમયે દ્રવ્યપૂજાનો ત્યાગ કરવા રૂપ ત્રીજી **નિસિહિ** જાણવી ૩.

૨ જિનપ્રતિમાની જમણી બાજુથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના રૂપ ત્રણ પ્રદક્ષિણા દેવી.

ણાં; ૩ [૩]ત્રણ પ્રણામ, ૪ [૪]ત્રિવિધ પૂજા, ૫ [૫]અરિહંતની ત્રણ અવસ્થાની ભાવના, ૬ [૬]ત્રણ દિશાએ જોવાથી વિરમવું, ૭ [૭]પગ નીચેની ભૂમિ ત્રણ વાર પૂજવી, ૮ [૮]ત્રણ વર્ણાદિક, ૯ [૯]ત્રણ મુદ્રા, અને ૧૦ [૧૦]ત્રિવિધ પ્ર-

---

૩ ત્રણ પ્રકારના પ્રણામ આ રીતેઃ—જિનપ્રતિમાને દેખી બે હાથ જોડી કપાળે લગાડીને પ્રણામ કરીએ તે પહેલો અંજલિબદ્ધ પ્રણામ ૧. કેડ ઉપરનો ભાગ લગારેક નમાવીને પ્રણામ કરીએ તે બીજો અર્ધાવૃત પ્રણામ ૨. બે ઢીંચણ, બે હાથ, અને મસ્તક એ પંચાંગ નમાવી ખમાસણ દઇએ તે ત્રીજો પંચાંગ પ્રણામ૩.

૪ ત્રણ પ્રકારની પૂજા. ભગવાનને અંગે કેસર, ચંદન, પુષ્પ વગેરે ચડાવવાં તે પહેલી અંગપૂજા ૧. ધૂપ, દીપ, અને નૈવેદ્યાદિ ભગવાનની આગળ મૂકવા રૂપ બીજી અગ્રપૂજા ૨. ભગવાનની આગળ સ્તુતિ, સ્તોત્ર, ગીત, ગાન, નાટક આદિ કરવા રૂપ ત્રીજી ભાવપૂજા ૩.

૫ ત્રણ અવસ્થાઃ— પિંડસ્થ એટલે છદ્મસ્થાવસ્થા૧. પદસ્થ એટલે કેવળિઅવસ્થા ૨. રૂપસ્થ એટલે સિદ્ધાવસ્થા ૩.

૬ જે દિશાએ જિનપ્રતિમા હોય, તે દિશા વિના બીજી ત્રણ દિશાએ ન જોવું.

૭ ચૈત્યવંદનાદિક કરતાં પગ મૂકવાની ભૂમિ ત્રણ વાર પૂંજવી.

૮ નમુત્થુણં વગેરે ભણતાં સૂત્ર શુદ્ધ બોલવું ૧. તેના અર્થ વિચારવા ૨. જિનપ્રતિમાનું સ્વરૂપ—આલંબન ધારવું ૩.

૯ ત્રણ મુદ્રાઃ—બે હાથની દશે આંગળીઓ માંહો માંહે મેલવી કમળના દોડાને આકારે હાથ જોડી પેટ ઉપર કોણી રાખવી તે પહેલી યોગમુદ્રા ૧. બે પગના આંગળાંના વચમાં આગળથી ચાર આંગળનો અને પાછળથી કાંઈક ઓછો અંતર રાખી કાઉસ્સગ્ગ કરવો તે બીજી જિનમુદ્રા ૨. બે હાથ ભેગા કરી કપાળે લગાડવા તે ત્રીજી મુક્તાશુક્તિમુદ્રા ૩.

૧૦ ત્રણ પ્રણિધાનઃ—જાવંતિ ચેઇયાઈ એ ગાથાએ કરી ચૈત્ય વાંદવા રૂપ પ્રથમ પ્રણિધાન ૧. જાવંત કેવિ સાહૂ એ ગાથાએ કરી ગુરૂને વાંદવા રૂપ બીજું પ્રણિધાન ૨. જયવીયરાય કહેવા રૂપ ત્રીજું પ્રણિધાન જાણ ૩. અથવા મન, વચન અને કાયાનું એકાગ્રપણું કરવું તે રૂપ ત્રણ પ્રણિધવું જાણવાં.

ણિધાન એ દશ ત્રિક જાણવાં. ઇત્યાદિ વિધિપૂર્વક કરેલું દેવપૂજા, દેવવંદન પ્રમુખ ધર્માનુષ્ઠાન મહા ફળદાયી થાય છે, અને વિધિ પૂર્વક ન કરે તો અલ્પ ફળ થાય છે. તેમજ અતિચાર લાગે તો વખતે સારા ફળને બદલે ઉલટો અનર્થ ઉપજે છે. કહ્યું છે કે—જેમ ઔષધ અવિધિથી અપાય તો ઉલટો અનર્થ ઉપજે છે, તેમ ધર્માનુષ્ઠાનમાં અવિધિ થાય તો નરકાદિકના દુઃખ સમુદાયને નિપજાવે એવો મ્હોટો અનર્થ થાય છે. ચૈત્યવંદન આદિ ધર્માનુષ્ઠાનમાં અવિધિ થાય તો સિદ્ધાંતમાં તેનું પ્રાયશ્ચિત્ત પણ કહ્યું છે. મહાનિશીથ સૂત્રના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે—જો અવિધિથી ચૈત્યવંદન કરે, તો તેને પ્રાયશ્ચિત્ત લાગે; કારણ કે, અવિધિથી ચૈત્યવંદન કરનારો પુરૂષ બીજા સાધર્મિઓને અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે. દેવતા, વિદ્યા અને મંત્રની આરાધના પણ વિધિથી કરી હોય તોજ ફળસિદ્ધિ થાય છે. નહિં તો તત્કાળ અનર્થાદિક થાય છે. એ ઉપર દૃષ્ટાંત કહે છે.

અયોધ્યા નગરીમાં સુરપ્રિય નામે યક્ષ છે. તે પ્રતિવર્ષે યાત્રાને દિવસે જો રંગાવ્યો હોય, તો રંગનાર ચિત્રકારને હણે, અને રંગાવ્યો તો નગરના લોકોને હણે. પછી ભયથી ચિત્રકારો નાસભાગ કરવા લાગ્યા. ત્યારે રાજાએ માંહોમાંહે જમીન વગેરે લઇને સર્વે ચિત્રકારોને બેડીથી બાંધ્યા હોય એ રીતે નગરમાં રાખ્યા. પછી એક ઘડામાં સર્વેના નામોની ચિઠીઓ નાંખે. જેના નામની ચિઠી નીકળે તે, તે યક્ષને રંગે. એક વખત કોઇ વૃદ્ધસ્ત્રીના પુત્રનું નામ નીકળ્યું, ત્યારે તે ડોશી રોવા લાગી. એટલામાં કોશાંબી નગરીથી કેટલાક દિવસ ઉપર આવેલો એક ચિત્રકારનો પુત્ર હતો. તેણે "નક્કી અવિધિથી યક્ષ ચિતરાય છે." એમ ચિંતવી વૃદ્ધસ્ત્રીને દૃઢતાથી કહ્યું કે, "હું યક્ષને ચિતરીશ" પછી તે ચિત્રકારના પુત્રે છઠ કર્યો. શરીર, વસ્ત્ર, જાત જાતના રંગ, પીંછીઓ પ્રમુખ સર્વ વસ્તુ પવિત્ર જોઇને લીધી, મુખે આઠપડતો મુખકોશ બાંધ્યો અને બીજો પગ વિધિ સાચવી તે યક્ષને ચિતર્યો, અને પગે લાગીને ખમાવ્યો. તેથી સુરપ્રિય યક્ષને પ્રસન્ન થયેલો જોઈ ચિત્રકાર પુત્રે કહ્યું કે, "હે યક્ષ! મારિને ઉપદ્રવ ન કરવો" અર્થાત્ હવે કોઇને મારવો નહિં. યક્ષે તે વાત અંગીકાર કરી, વળી તેણે પ્રસન્નતાથી ચિત્રકાર પુત્રને કોઇ પણ વસ્તુના અવયવો

અંશમાત્ર જોવાથી વસ્તુનો સર્વ આકાર ચિત્રાય એવી અદ્‌ભૂત ચિત્રકલા આપી

એક વખત કૌશાંબી નગરીને વિષે રાજસભામાં ગએલા તે ચિત્રકાર પુત્રે ગોખમાંથી મૃગાવતી રાણીનો અંગૂઠો જોઈ, તે ઉપરથી તે રાણીનું યથાસ્થિત રૂપ ચિતર્યું. રાજાએ મૃગાવતીની સાથળ ઉપર તલ હતો, તે પણ છબીમાં કાઢેલો જોઇ ચિત્રકાર પુત્રને મારી નાંખવાની આજ્ઞા કરી. બીજા સર્વ ચિત્રકારોએ યક્ષના વરની વાત રાજાને કહી. ત્યારે રાજાએ પરીક્ષા કરવા માટે એક દાસીનું મુખમાત્ર દેખાડી રૂપ ચિતરવા કહ્યું. તે ચિત્રકાર પુત્રે બરાબર ચિત્રેલું જોઈ રાજાએ તેનો જમણો હાથ કાપી નાંખ્યો. ત્યારે ચિત્રકાર પુત્રે ફરીથી યક્ષની આરાધના કરી વર મેળવી મૃગાવતીનું રૂપ ફરી વાર ડાબે હાથે ચીતર્યું, અને તે ચંડપ્રદ્યોત રાજાને દેખાડ્યું. પછી મૃગાવતીની માગણી કરવા માટે ચંડપ્રદ્યોતે કૌશાંબી નગરીએ દૂત મોકલ્યો. તેનો ધિક્કાર કરેલો જોઇ, ચંદ્રપ્રદ્યોતે કૌશાંબી નગરીને કટકથી ચારે બાજૂએ વીંટી. શતાનિક રાજા મરી ગયો, ત્યારે મૃગાગતીએ ચંડપ્રદ્યોતને કહેવરાવ્યું કે, "ઉજ્જયિનીથી ઇટો રંગાવીને કોટ કરાવ, અને નગરમાં અન્ન તથા ઘાસ ઘણું ભરી રાખવા કહે." તે પ્રમાણે ચંડપ્રદ્યોતે કર્યું. એટલામાં વીર ભગવાન્ સમવસર્યા. ભિલના પૂછવાથી ભગવાને કહેલો "**या सा सा सा नो**" સંબંધ સાંભળી મૃગાવતી રાણી અને ચંદ્રપ્રદ્યોતની અંગારવતી પ્રમુખ આઠ રાણીઓએ દીક્ષા લીધી. એ રીતે વિધિ અવિધિ ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

આ ઉપરથી "અવિધિથી કરવા કરતાં ન કરવું તે સારૂં" એવા વિરૂદ્ધ પક્ષની કલ્પના ન કરવી. કહ્યું છે કે—અવિધિએ કરવું, તે કરતાં ન કરવું એ સારૂં, એ વચન સિદ્ધાંત વિરૂદ્ધ છે. એમ સિદ્ધાંતના જાણ આચાર્યો કહે છે. કારણ કે, ન કરે તો ઘણું પ્રાયશ્ચિત્ત લાગે છે, અને કરે તો થોડું લાગે છે. માટે ધર્માનુષ્ઠાન હમેશાં કરવુંજ. પણ તે કરતાં સર્વ શક્તિથી વિધિ સાચવવાની યતના રાખવી. એમ કરવું એજ શ્રદ્ધાવંત જીવોનું લક્ષણ છે. કહ્યું છે કે—શ્રદ્ધાવંત અને શક્તિમાન્ પુરૂષ વિધિથીજ સર્વ ધર્મક્રિયા કરે છે, અને કદાચિત્ દ્રવ્યાદિક દોષ લાગે તો પણ તે "વિધિથીજ કરવું" એવો વિધિને વિષેજ પક્ષપાત રાખે છે. જેમને વિધિ

પૂર્વક ધર્મક્રિયા કરવાનો યોગ મળી આવે છે, તે પુરૂષો તથા વિધિપક્ષની આરાધના કરનારા વિધિપક્ષને બહુમાન આપનારા અને વિધિપક્ષને દોષ ન દેનારા પુરૂષોને પણ ધન્ય છે. આસન્નસિદ્ધિ જીવોનેજ વિધિથી ધર્માનુષ્ઠાન કરવાનો સદાય પરિણામ થાય છે. તથા અભવ્ય અને દૂરભવ્ય હોય તેને તો વિધિનો ત્યાગ અને અવિધિની સેવા કરવાનો પરિણામ થાય છે. ખેતી, વ્યાપાર, સેવા આદિ તથા ભોજન, શયન, બેસવું આવવું જવું બોલવું ઇત્યાદિ ક્રિયા પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ પ્રમુખ વિધિથી કરી હોય તો ફળવાળી થાય છે, નહીં તો અલ્પ ફળવાળી થાય છે.

આ વાત ઉપર દાખલો સંભળાય છે કે–કોઈ બે માણસોએ દ્રવ્યને અર્થે દેશાંતરે જઈ એક સિદ્ધ પુરૂષની ઘણી સેવા કરી. જેથી સિદ્ધ પુરૂષે પ્રસન્ન થઇ તેમને અદ્‌ભુત પ્રભાવવાળા તુંબી ફળનાં બીજ આપ્યાં. તેનો સર્વ આમ્નાય પણ કહ્યો. તે આ રીતેઃ—સો વાર ખેડેલા ખેતરમાં તડકો ન હોય અને ઉક્ત વાર નક્ષત્રનો યોગ હોય, ત્યારે તે બીજ વાવવાં. વેલડી થાય ત્યારે કેટલાંક બીજ લઇને પત્ર, પુષ્પ, ફળ સહિત તે વેલડી તેજ ખેતરમાં બાળવી. તેની રાખ એક ગદિયાણા ભાર લઇ ચોસઠ ગદિયાણા ભાર તાંબામાં નાંખી દેવી. તેથી સો ટચનું સુવર્ણ થાય. એવી સિદ્ધ પુરૂષની શીખામણ લઇને તે બન્ને જણા ઘેર આવ્યા. તેમાં એક જણાને બરાબર વિધિ પ્રમાણે ક્રિયા કરવાથી સો ટચનું સોનું થયું બીજાએ વિધિમાં કાંઇક કસુર કરી તેથી રૂપું થયું માટે સર્વ કાર્યમાં વિધિ સારી પેઠે જાણવી. પોતાની સર્વ શક્તિથી તે (વિધિ) સાચવવી.

પૂજા આદિ પુણ્યક્રિયા કરી રહ્યા પછી સર્વ કાળવિધિની કાંઈ આશાતના થઇ હોય, તે માટે મિથ્યાદુષ્કૃત દેવું. હવે પૂર્વાચાર્યો અંગપૂજાદિ ત્રણ પૂજાઓનું ફળ આવી રીતે કહે છેઃ—પહેલી અંગપૂજા વિઘ્નની શાંતિ કરનારી છે, બીજી અગ્રપૂજા અભ્યુદય કરનારી છે, અને ત્રીજી ભાવપૂજા નિર્વાણની સાધક છે. એવી રીતે ત્રણે પૂજાઓ નામ પ્રમાણે ફળ આપનારી છે. અહિં પૂર્વે કહેલી અગ્રપૂજા તથા અંગપૂજા અને ચૈત્ય કરાવવા માટે જિનબિંબની સ્થાપના કરાવવી, તીર્થયાત્રા કરવી ઇત્યાદિ સર્વ દ્રવ્યસ્તવ જાણવો, કહ્યું છે કે—જિનમંદિરની અને જિનબિંબની પ્રતિષ્ઠા, યા-

ત્રા, પૂજા આદિ ધર્માનુષ્ઠાન સૂત્રોમાં કહેલા વિધિ માફક કરવું. યાત્રા આદિ આ સર્વ દ્રવ્યસ્તવ છે એમ જાણવું. કારણ કે, એ ભાવસ્તવનું કારણ છે પણ જો પૂજા દરરોજ પરિપૂર્ણપણે કરી શકાય નહીં, તો પણ ચોખા દીવો વગેરે દ્રવ્યને હમેશાં પૂજા કરવી. જળનો એક બિંદુ મહા સમુદ્રમાં નાંખવાથી તે જેમ અક્ષય થાય છે, તેમ વીતરાગને વિષે પૂજા અર્પણ કરીએ તો અક્ષય થાય. સર્વ ભવ્ય જીવો આ પૂજા રૂપ બીજથી આ સંસાર રૂપ અટવીમાં દુઃખ ન પામતાં અત્યંત ઉદાર ભોગ ભોગવીને મોક્ષ પામે છે. પૂજાથી મનને શાંતિ થાય છે, મનની શાંતિથી શુભ ધ્યાન થાય છે, શુભ ધ્યાનથી મુક્તિ પામે છે, અને મુક્તિ પામવાથી નિરાબાધ સુખ થાય છે.

જિનભક્તિ પાંચ પ્રકારની છે. એક ફૂલ આદિ વસ્તુથી પૂજા કરવી. બીજી ભગવાનની આજ્ઞા પાળવી, ત્રીજી દેવદ્રવ્યનું સારી પેઠે રક્ષણ કરવું, ચોથી જિનમંદિરે ઉત્સવ કરવો, પાંચમી તીર્થયાત્રા કરવી. દ્રવ્યસ્તવ આભોગથી અને અનાભોગથી એવી રીતે બે પ્રકારનું છે. કહ્યું છે કે–ભગવાનના ગુણનો જાણપુરૂષ વીતરાગ ઉપર ઘણો ભાવ રાખી વિધિથી તથા ઘણા આદરથી જિનરાજની ઉત્તમ પ્રકારે પૂજા કરે, તે આભોગ દ્રવ્યસ્તવ જાણવો. આ આભોગ દ્રવ્યપૂજાથી સકળ કર્મનું નિર્દલન કરી શકે એવો ચારિત્રનો લાભ શીઘ્ર થાય છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવોએ આ પૂજાને વિષે સારી પેઠે પ્રવૃત્ત થવું. પૂજાનો વિધિ બરાબર ન હોય, જિનભગવાનના ગુણોનું પણ જ્ઞાન ન હોય, અને માત્ર શુભ પરિણામથી કરેલી જે પૂજા, તે અનાભોગ દ્રવ્યપૂજા કહેવાય છે. એ રીતે કરેલી અનાભોગ દ્રવ્યપૂજા પણ ગુણસ્થાનનું સ્થાનક હોવાથી ગુણકારીજ છે. કારણ કે, એથી અનુક્રમે શુભ, શુભતર પરિણામ થાય છે, અને સમ્યક્ત્વનો લાભ થાય છે, ભાવિકાળે કલ્યાણ પામનારા ઘણા ધન્ય જીવોનેજ ' ગુણ નહીં જાણવા તો પણ પૂજાદિ વિષયે જેમ અરિહંતના બિંબને વિષે સૂડાના જોડલા ને ઉત્પન્ન થઇ, ' તેમ પ્રીતિ ઉત્પન્ન થાય છે. ભારેકર્મી અને ભવાભિનંદી જીવોનેજ, પૂજાદિ વિષયમાં જેમ નિશ્ચયથી મરણ નજીક આવે, ત્યારે રોગી મનુષ્યને પથ્ય વસ્તુને વિષે દ્વેષ ઉત્પન્ન થાય છે, તેમ દ્વેષ ઉત્પન્ન થા-

ય છે. માટે તત્વજ્ઞ પુરૂષ જિનબિંબને વિષે અથવા જિનેંદ્ર પ્રણીત ધર્મને વિષે અશુભ પરિણામનો અભ્યાસ થવાની બીકથી લેશ માત્ર પણ દ્વેષ વર્જે છે. પારકી જિનપૂજાનો દ્વેષ કરવા ઉપર કુંતલા રાણીની નીચે લખી કથા છે.

અવનિપુરમાં જિતશત્રુ રાજાની ધણી ધર્મનિષ્ટ એવી કુંતલા નામે પટરાણી હતી. તે બીજાને ધર્મને વિષે પ્રવર્તાવનારી હતી, માટે તેના વચનથી તેની સર્વ શોક્યો ધર્મનિષ્ટ થઇ, અને કુંતલા રાણીને ઘણું માનવા લાગી. એક વખત સર્વ રાણીઓએ પોત પોતાનાં જૂદાં સારાં અંગોપાંગ સહિત નવાં જિનમંદિર તૈયાર કરાવ્યાં. તેથી કુંતલા રાણીના મનમાં ઘણોજ મત્સર ઉત્પન્ન થયો. તે પોતાના મંદિરમાંજ સારી પૂજા, ગીત, નાટક વગેરે કરાવે, અને બીજી રાણીઓની પૂજા આદિનો દ્વેષ કરે. ઘણી ખેદની વાત એ છે કે, મત્સર કેવો દુસ્તર છે! કહ્યું છે કે–મત્સર રૂપ સાગરમાં સમજી પુરૂષ રૂપ વહાણ પણ ડૂબી જાય છે. તો પછી પચ્છર સરખા બીજા જીવ ડૂબી જાય એમાં શી નવાઇ? વિદ્યા, વ્યાપાર, કળાકૌશલ્ય, વૃદ્ધિ, ઋદ્ધિ. ગુણ, જાતિ, ખ્યાતિ, ઉન્નતિ વગેરેમાં માણસ અદેખાઇ કરે તે વાત જૂદી, પણ ધર્મમાં એ મત્સર કરે છે! તેઓને ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ!! (શોક્યો) સરળ સ્વભાવની હોવાથી તેનું હમેશાં કુતંલા રાણીના પૂજા આદિ શુભ કૃત્યને અનુમોદના આપતી હતી. અદેખાઇથી ભરેલી કુંતલા રાણી તો દુર્દૈવથી અસાધ્ય રોગે પીડાણી. રાજાએ આભરણ આદિ કિમતી વસ્તુ તેની પાસે હતી તે લઇ લીધી. પછી તે (કુંતલા) ધણી અશાતા વેદનાથી મરણ પામી શોક્યની પૂજાનો દ્વેષ કરવાથી કુત્રી થઇ. તે પૂર્વભવના અભ્યાસથી પોતાના ચૈત્યના બારણામાં બેસતી હતી. એક વખત ત્યાં કેવળી સમવસરયા. રાણીઓએ કેવળીને પૂછ્યું કે, "કુંતલા રાણી મરણ પામીને કઇ ગતિએ ગઈ?" કેવળીએ યથાર્થ વાત હતી તે કહી. તેથી રાણીઓના મનમાં ઘણો વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેઓ હમેશાં તે કુત્રીને ખાવા પીવા આપતી, અને સ્નેહથી કહેતી કે, "હાહા! ધર્મિષ્ઠ એવી તેં કેમ ફોગટ દ્વેષ કર્યો કે, જેથી તારી એવી અવસ્થા થઇ." આ વચન સાંભળી તથા પોતાનું ચૈત્ય વગેરે જોઇ તેને (કુત્રીને) જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે સંવેગ પામી તેણે સિદ્ધાદિકની સાક્ષીએ પોતે કરેલા દ્વેષ વગેરે અશુભ

કર્મ આલોચ્યાં, અને અનશન કરી મરણ પામી વૈમાનિક દેવતા થઇ. અદેખાઇનાં એવાં કડવાં ફળ છે માટે દ્વેષ કરવો નહીં.

આ ઠેકાણે સર્વે ભાવપૂજા (જિનેશ્વરની આજ્ઞા પાળવી) એ ભાવસ્તવ જાણવો. જિનાજ્ઞા સ્વીકાર રૂપ, અને પરિહાર રૂપ એવી રીતે બે પ્રકારની છે. તેમાં શુભકર્મનું સેવન કરવું તે સ્વીકાર રૂપ આજ્ઞા જાણવી, અને નિષિદ્ધનો ત્યાગ કરવો તે પરિહાર રૂપ આજ્ઞા જાણવી. સ્વીકાર રૂપ આજ્ઞા કરતાં પરિહાર રૂપ આજ્ઞા શ્રેષ્ટ છે. કારણ કે, નિષિદ્ધ એવા પ્રાણાતિપાત પ્રમુખ સેવન કરનારો મનુષ્ય ગમે તેટલું શુભકર્મ કરે, તો પણ તેથી વિશેષ ગુણ થતો નથી. જેમ રોગી માણસના રોગની ચિકિત્સા ઔષધનો સ્વીકાર અને અપથ્યનો પરિહાર એ બે પ્રકારથી કરાય છે. રોગીને ઘણું ઔષધ આપતાં પણ તે જો પથ્ય (ચરી) પાળે નહી, તો તેનો રોગ મટતો નથી વળી કહ્યું છે કે—રોગ દવા વગર ફક્ત ચરીથીજ મટે છે, પણ ચરી ન પાળે તો સેંકડો દવાથી પણ રોગ મટે નહીં. એ રીતે જિનભગવાનની ભક્તિ પણ નિષિદ્ધ આચરણ કરનારને વિશેષ ફળવાળી થાય નહીં. જેમ ચરી પાળનારને દવાથી આરામ થાય છે, તેમ સ્વીકાર રૂપ અને પરિહાર રૂપ બે આજ્ઞાનો યોગ થાય તો સંપૂર્ણ ફળસિદ્ધિ થાય છે. શ્રી હેમચંદ્રસૂરીએ પણ કહ્યું છે કે—હે વીતરાગ! તમારી પૂજા કરવા કરતાં તમારી આજ્ઞા પાળવી બહુ લાભકારી છે. કારણ કે, આજ્ઞાની આરાધના કરી હોય તો શિવસુખ અને વિરાધના કરી હોય તો ભવની વૃદ્ધિ થાય છે. હે વીતરાગ! તમારી આજ્ઞા હમેશાં છાંડવા યોગ્ય વસ્તુના ત્યાગ રૂપ અને આદરવા યોગ્ય વસ્તુના આદર રૂપ હોય છે. આશ્રવ સર્વથા છાંડવા યોગ્ય છે, અને સંવર સર્વથા આદરવા યોગ્ય છે. પૂર્વાચાર્યોએ દ્રવ્યસ્તવનું અને ભાવસ્તવનું ફળ કહ્યું છે. તે આરીતેઃ—દ્રવ્યસ્તવની ઉત્કૃષ્ટપણે આરાધના કરી હોય તો બારમા અચ્યુત દેવલોક સુધી જાય છે, અને ભાવસ્તવની ઉકૃષ્ટપણે આરાધના કરી હોય તો અંતર્મુહૂર્તમાં નિર્વાણ પામે છે. દ્રવ્યસ્તવ કરતાં જો પણ કાંઇક પટ્કાય જીવોની ઉપમર્દનાદિક વિરાધના થાય છે, તો પણ કૂવાને દૃષ્ટાંતે ગૃહસ્થ જીવને તે (દ્રવ્યસ્તવ) કરવો ઉચિત છે. કારણ કે, તેથી કર્તા (દ્રવ્ય-

સ્તવનો કરનાર), દ્રષ્ટા (દ્રવ્યસ્તવનો જોનાર), અને શ્રોતા (દ્રવ્યસ્તવનો સાંભળનાર) એ ત્રણેને અગણિત પુણ્યાનુબંધિ પુણ્યનો લાભ થાય છે.

કૂવાનું દૃષ્ટાંત આ રીતે છેઃ—એક નવા ગામમાં લોકોએ કૂવો ખોદવા માંડ્યો, ત્યારે તેમને તૃષા, થાક, કાદવથી મલિનતા વગેરે થયું; પણ જ્યારે કૂવામાંથી જળ નીકળ્યું, ત્યારે કેવળ તેમનાંજ તૃષાદિક તથા શરિર અને વસ્ત્ર પ્રમુખ વસ્તુ ઉપર ચઢેલા મલાદિક દૂર થયા. એટલુંજ નહિ પણ બીજા સર્વ લોકોનાં પણ દૂર થયાં, સદા કાળ સર્વ પ્રકારે સુખ થયું, તેમ દ્રવ્યસ્તવની વાતમાં પણ જાણવું. આવસ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે—સર્વ વિરતિ ન પામેલા દેશવિરતિ જીવોને સંસારને પાતળા કરનારો એ દ્રવ્યસ્તવ કૂવાને દૃષ્ટાંતે ઉચિત છે. બીજે ઠેકાણે પણ કહ્યું છે કે—આરંભને વળગી રહેલા ષટ્કાય જીવોની વિરાધનાથી વિરતિ ન પામેલા અને તેથીજ સંસાર અટવીમાં પડતા જીવોને દ્રવ્યસ્તવ એજ મોટું આલંબન છે. જે વણિક વાયુ સરખા ચંચળ, નિર્વાણને અંતરાય કરનાર, ઘણા નામકોના તાબામાં રહેલા, સ્વલ્પ અને અસાર એવા ધનથી સ્થિર ફળને આપનારી, નિર્વાણને સાધનારી, પોતાની સ્વાધિનતામાં રહેલી; ઘણું ફળ આપનારી અને સારભૂત એવી જિનેશ્વર ભગવાનની પૂજા કરીને નિર્મળ પુણ્ય ઉપાર્જે છે, તેજ વણિક વાણિજ્ય કર્મમાં ઘણો નિપુણ જાણવો.

શ્રદ્ધાવંત મનુષ્ય "જિનમંદિરે જઇશ" એમ ચિંતવતાં એક ઉપવાસનું, જવા માટે ઉઠતાં છઠ્ઠનું, જવાનું નક્કી કરતાં અઠમનું, માર્ગે જતાં ચાર ઉપવાસનું, જિનમંદિરના બાહ્ય ભાગે જતાં પાંચ ઉપવાસનું, મંદિરની અંદર જતાં પંદર ઉપવાસનું અને જિન પ્રતિમાનું દર્શન કરતાં એક માસ ઉપવાસનું ફળ પામે. પદ્મચરિત્રમાંતો વળી એમ કહ્યું છે કે—શ્રદ્ધાવંત શ્રાવક જિનમંદિરે જઇશ એમ મનમાં ચિંતવતાં એક ઉપવાસનું, ઉઠતાં બે ઉપવાસનું, માર્ગે જવા લાગતાં ત્રણ ઉપવાસનું, જતાં ચાર ઉપવાસનું, થોડો માર્ગ ઉલ્લંઘતાં પાંચ ઉપવાસનું, અર્ધે માર્ગ જતાં પંદર ઉપવાસનું, જિનપ્રતિમાનું દર્શન કરતાં એક મહિનાના ઉપવાસનું, જિનમંદિરે પ્રવેશ કરતાં છ મહિનાના ઉપવાસનું, મંદિરને બારણે જતાં બાર મહિનાના ઉપવાસનું, પ્રદક્ષિણા દેતાં સો વર્ષના ઉપવાસનું, જિનપ્રતિમા-

ની પૂજા કરતાં હજાર વર્ષના ઉપવાસનું ફળ પામે, અને જિનભગવાન્‌ની સ્તુતિ કરતાં અનંત પુણ્ય પામે. પ્રમાર્જન કરતાં સો ઉપવાસનું, વિલેપન કરતાં હજાર ઉપવાસનું, માળા પહેરાવતાં લાખ ઉપવાસનું, અને ગીત વાદિત્ર પૂજા કરતાં અનંત ઉપવાસનું ફળ પામે. પૂજા પ્રતિદિન ત્રણ ટંક કરવી. કહ્યું છે કે–પ્રાતઃકાળે કરેલી જિનપૂજા રાત્રે કરેલા પાપનો નાશ કરે છે, મધ્યાન્હ સમયે કરેલી પૂજા જન્મથી માંડીને કરેલા પાપનો ક્ષય કરે છે, અને સંધ્યા સમયે કરેલી પૂજા સાત જન્મમાં કરેલાં પાપ ટાળે છે. જળપાન, આહાર, ઔષધ, નિદ્રા, વિદ્યા, દાન ખેતી એ સાત વસ્તુ થોડા સમયે કરી હોય તો સારૂં ફળ આપે છે; તેમ જિનપૂજા પણ અવસરે કરી હોય તો તે પણ સારૂ ફળ આપે છે. ત્રિકાળ જિનપૂજન કરનારો ભવ્ય જીવ સમકિતને શોભાવે, અને શ્રેણિક રાજાની પેઠે તીર્થંકર નામગોત્ર કર્મ બાંધે. જે પુષ્પ દોષ રહિત જિનભગવાનની ત્રિકાળ પૂજા કરે, તે ત્રીજે અથવા સાતમે આઠમે ભવે સિદ્ધિસુખ પામે. ચોસઠ ઇંદ્રો પરમ આદરથી પૂજા કરે છે, તોપણ ભગવાન્ પૂજતા નથી. કારણ કે, ભગવાન્‌ના ગુણ અનંત છે. હે ભગવન્! અમે તમને નેત્રથી દેખી શકતા નથી, અને સારી પૂજાથી પરિપૂર્ણ આરાધી શકતા નથી; પરંતુ ગુરૂભક્તિ રાગના વશથી અને આપની આજ્ઞા પાળવાને અર્થે પૂજાદિકને વિષે પ્રવૃત્તિ કરીએ છીએ. દેવપૂજાદિ શુભ કૃત્યમાં પ્રીતિ, બહુમાન અને સમ્યગ્ વિધિ વિધાન (સારી પેઠે સાચવવો). એ બન્નેને વિષે ખરા ખોટા રૂપિયાના દૃષ્ટાંતથી ચૌભંગી જાણવી. તે વિષે કહ્યું છે કે:—

ખરૂં રૂપું અને ખરી મુદ્રા એ પ્રથમ ભાંગો જાણવો. ખરૂં રૂપું અને ખોટી મુદ્રા એ બીજો ભાંગો જાણવો. ખરી મુદ્રા અને ખોટું રૂપું એ ત્રીજો ભાંગો જાણવો. ખોટું રૂપું અને ખોટી મુદ્રા એ ચોથો ભાંગો જાણવો. એ રીતેજ દેવપૂજા આદિ કાર્યોમાં પણ સારૂં બહુમાન અને સારો વિધિ હોય તો પ્રથમ ભાંગો જાણવો. સારૂં બહુમાન હોય, પણ સારો વિધિ ન હોય તો બીજો ભાંગો જાણવો. સારો વિધિ હોય, પણ સારૂં બહુમાન ન હોય તો ત્રીજો ભાંગો જાણવો. અને સારૂં બહુમાન ન હોય અને સારો વિધિ પણ ન હોય તો ચોથો ભાંગો જાણવો. બૃહદ્‌ભાષ્યમાં કહ્યું છે કે—આ વંદનાને

વિષે રૂપા સરખું, પુરૂષના ચિત્તમાં રહેલું બહુમાન જાણવું અને સંપૂર્ણ બાહ્ય (બહાર રહેલી) ક્રિયા, મુદ્રા સમાન જાણવી. બહુમાન અને બાહ્યક્રિયા, એ બેનો યોગ મળી આવે તો ખરા રૂપિયાની પેઠે સારી વંદના જાણવી. મનમાં બહુમાન છતાં પ્રમાદથી વંદના કરનારી વંદના બીજા ભાંગામાં કહેલા રૂપિયા જેવી જાણવી. કાંઇ વસ્તુના લાભને માટે સંપૂર્ણ બાહ્યક્રિયા સાચવીને પણ વંદના કરનારની વંદના ત્રીજા ભાંગામાં કહેલા રૂપિયા સરખી જાણવી. મનમાં બહુમાન ન હોય અને બાહ્યક્રિયા પણ બરાબર ન હોય તો એ તત્વથી વંદના નજ સમજવી. મનમાં બહુમાન રાખનારા પુરૂષે દેશ કાળને અનુસરીને થોડી કિંવા ઘણી વંદના વિધિથી કરવી, એ ભાવાર્થ છે. બીજું આ જિનમતને વિષે ધર્માનુષ્ઠાન ચાર પ્રકારનું કહ્યું છે. એક પ્રીતિ અનુષ્ઠાન, બીજું ભક્તિ અનુષ્ઠાન, ત્રીજું વચન અનુષ્ઠાન અને ચોથું અસંગ અનુષ્ઠાન. બાલાદિકની, જેમ રત્નને વિષે પ્રીતિ હોય છે, તેમ સરળ પ્રકૃતિવાળા જીવને જે પૂજા વંદનાદિ અનુષ્ઠાન કરતાં મનમાં પ્રીતિરસ ઉત્પન્ન થાય, તે પ્રીતિ અનુષ્ઠાન જાણવું. શુદ્ધ વિવેકી ભવ્ય જીવને વિશેષ બહુમાનથી પૂજા વંદનાદિ અનુષ્ઠાન કરતાં જે પ્રીતિ રસ ઉત્પન્ન થાય, તો તે ભક્તિ અનુષ્ઠાન જાણવું. જેમ પુરૂષ પોતાની માતાનું અને સ્ત્રીનું પાળણપોષણ વગેરે સરખુંજ કરે છે, તોપણ માતાનું પાલણાદિક બહુમાનથી કરે છે, અને સ્ત્રીનું પાલણાદિક પ્રીતિથી કરે છે. તેમ અહિં પ્રીતિ અનુષ્ઠાનમાં અને ભક્તિ અનુષ્ઠાનમાં પણ ભેદ જાણવો. જિનેશ્વર ભગવાનના ગુણનો જાણ ભવ્ય જીવ સૂત્રમાં કહેલા વિધિથી જે વંદના કરે, તો તે વચનાનુષ્ઠાન જાણવું. એ વચનાનુષ્ઠાન ચારિત્રવંત પુરૂષને નિયમથી હોય છે. ફળની આશા ન રાખનારો ભવ્ય જીવ શ્રુતના આલંબન વગર કેવળ પૂર્વના અભ્યાસના રસથીજ જે અનુષ્ઠાન કરે, તે નિપુણ પુરૂષોએ અસંગ અનુષ્ઠાન જાણવું. એ જિનકલ્પી પ્રમુખને હોય છે. જેમ કુંભારના ચક્રનું ભ્રમણ પ્રથમ દંડના સંયોગથી થાય છે, તેમ વચન અનુષ્ઠાન આગમથી પ્રવર્તે છે. અને જેમ દંડ કાઢી લીધા પછી પણ પૂર્વ સંસ્કારથી ચક્ર ભમતું રહે છે, તેમ આગમના કેવળ સંસ્કારથી આગમની અપેક્ષા ન રાખતાં અસંગ અનુષ્ઠાન થાય છે. એ રીતે આપેલા દૃષ્ટાંતથી

વચન અનુષ્ઠાનમાં અને અસંગ અનુષ્ઠાનમાં ભેદ સમજવો. પ્રથમ બાલાદિકને લેશમાત્ર, પ્રીતિથી અનુષ્ઠાન સંભવે છે, પણ ઉત્તરોત્તર નિશ્ચયથી અધિક ભક્તિ વગેરે ગુણની પ્રાપ્તિ થાય છે. માટે પ્રીતિ ભક્તિ વગેરે ગુણની પ્રાપ્તિ થાય છે. માટે પ્રીતિ ભક્તિ આદિ ચારે પ્રકારનું અનુષ્ઠાન પ્રથમ ભાંગામાં કહેલા રૂપિયા સરખું નિશ્ચયથી જાણવું. કારણ કે, પૂર્વાચાર્યોએ ચારે પ્રકારનું અનુષ્ઠાન મુક્તિને અર્થે કહ્યું છે. બીજા ભાંગામાં કહેલા રૂપિયા સરખું ધર્માનુષ્ઠાન પણ સમ્યગ્ ધર્માનુષ્ઠાનનું કારણ હોવાથી એકાંત દૂષિત ન જાણવું. કારણ કે, પૂર્વાચાર્યો કહે છે કે, દંભ કપટાદિ રહીત ભવ્ય જીવની અશુદ્ધ ધર્મક્રિયા પણ શુદ્ધ ધર્મક્રિયા આદિનું કારણ થાય છે, અને તેથી અંદર રહેલું નિર્મળ સમ્યક્ત્વ રૂપ રત્ન બાહ્યમળનો ત્યાગ કરે છે. ત્રીજા ભાંગામાં કહેલા રૂપિયા સરખું ધર્માનુષ્ઠાન માયામૃષાદિ દોષ યુક્ત હોવાથી ખોટા રૂપિયાથી વ્યવહાર કરનારની પેઠે મહાન્ અનર્થ ઉત્પન્ન કરે છે. એ (ત્રીજા ભાંગામાં કહેલા રૂપિયા સરખું) ધર્માનુષ્ઠાન પ્રાયે ભવાભિનંદી જીવોને અજ્ઞાનથી, અશ્રદ્ધાથી અને ભારે કર્મીપણાથી થાય છે. ચોથા ભાંગામાં કહેલા રૂપિયા સરખું ધર્માનુષ્ઠાન તો નિશ્ચે આરાધનાથી અને વિરાધનાથી રહીત છે. તે અભ્યાસ વશથી કોઈ વખત એકાદ જીવને શુભને અર્થે થાય છે. જેમ રોમ શ્રાવકનો પુત્ર કાંઈ પણ પુણ્યકર્મ કર્યા વિના કેવળ હમેશાં જિનબિંબને જોતાં જોતાં મરણ પામ્યો, અને મત્સ્યને ભવે જઈ ત્યાં પ્રતિમાકાર મત્સ્યના દર્શનથી સમ્યક્ત્વ પામ્યો. એ ચોથા ભાંગાનું દૃષ્ટાંત જાણવું. એ રીતે દેવપૂજા આદિ ધર્મકૃત્યોમાં એકાંતથી પ્રીતિ અને બહુમાન હોય તથા વિધિપૂર્વક ક્રિયા કરે તો ભવ્ય જીવ યોગ્ય ફળ પામે. માટે પ્રીતિ, બહુમાન અને વિધિ વિધાન ('વિધિ માફક કરવું.') એ ત્રણેને વિષે સારી પેઠે યત્ન કરવો. આ વિષય ઉપર ધર્મદત્ત રાજાનું દૃષ્ટાંત નીચે આપ્યું છે:—

રૂપાના જિનમંદિરથી શોભતા એવા રાજપુર નગરમાં ચંદ્રમાની પેઠે શીતકર અને +કુવલયવિકાસી એવો રાજધર નામે રાજા હતો. જેમની પાસે દેવાંગનાઓએ પોતાની રૂપ સંપદા જાણે થાપણજ મૂકી હોયની!

× કમળને બીબવનાર; પૃથ્વીને આનંદ પમાડનાર.

એવી તે રાજાની પ્રીતિમતી પ્રમુખ પાંચસે પરણેલી રાણીઓ હતી. એક પ્રીતિમતી રાણી વર્જીને બાકી સર્વે રાણીઓ જગતૂને આનંદકારી પુત્રના લાભથી ચિત્તમાં સંતોષ પામી. પુત્ર ન હોવાથી વંધ્યા જેવી પ્રીતિમતી રાણી મનમાં ઘણોજ ખેદ પામી. પંક્તિભેદ સહન કરવો કઠણ છે, અને તેમાં પણ પ્રમુખ માણસને જો પંક્તિભેદ થાય તો તેનાથી તે સહન કરાય એ ઘણીજ કઠણ વાત છે. અથવા જે વસ્તુ દૈવના આધીનમાં રહી, તે વસ્તુની બાબતમાં મુખ્ય, અમુખ્યનો વિચાર કરવાથી શું લાભ થવાનો? એમ છતાં મનમાં તે વાતથી દુઃખ ધારણ કરનારા મૂઢ હૃદયવાળા લોકોનાં મૂઢતાને ધિક્કાર થાઓ. દેવતાઓને કરેલી વિવિધ પ્રકારની માનતાઓ પણ જ્યારે નિષ્ફળ નીવડી, ત્યારે તો પ્રીતિમતીનું દુઃખ ઘણું વૃદ્ધિ પામ્યું ઉપાય નિષ્ફળ ઉતરે, ત્યારે આશા સફળ ન થાય એમ જાણવું. એક સમયે એક હંસનું બચ્ચું ઘરમાં બાળકની પેઠે રમતું હતું, તે તેણે હાથ ઉપર લીધું. તો પણ મનમાં ભય ન રાખતાં હંસે મનુષ્ય વાણીથી તે રાણીને કહ્યું કે "હે ભદ્રે! હું અહિં યથેચ્છ છૂટથી રમતો હતો, તો મને તું નિપુણ છતાં કેમ રમાડવાના રસથી પકડે છે? યથેચ્છ વિહાર કરનાર જીવોને બંધનમાં રહેવું નિરંતર મરણ સમાન છે. તું પોતે વંધ્યાપણું ભોગવતી છતી પાછું વળી એવું અશુભ કર્મ કેમ કરે છે? શુભ કર્મથી ધર્મ થાય છે, અને ધર્મથી પોતાનું વાંછિત સફળ થાય છે." પછી પ્રીતિમતીએ મનમાં ચમત્કાર અને ડર પામી હંસને કહ્યું કે, "હે ચતુરશિરોમણે! તું મને એમ કેમ કહે છે? તને હું થોડી વારમાં મૂકી દઉં. પણ તે પહેલાં એક વાત તને પૂછું છું કે, અનેક દેવતાઓની પૂજા, વિવિધ પ્રકારનાં દાન આદિ ઘણાં શુભકર્મ હું હમેશાં કરું છું, તો પણ શાપ પામેલી સ્ત્રીની પેઠે મને સંસારમાં સુખકર પુત્ર કેમ નથી થતો! પુત્ર વિના હું દુઃખી છું, તે તું શી રીતે જાણે છે, અને મનુષ્યની વાણી શી રીતે બોલે છે?" હંસ બોલ્યો. "મ્હારી વાતચિત પૂછવાનું તને શું કારણ છે? હું તને લાભકારી વચન કહું છું. ધન, પુત્ર, સુખ આદિ સર્વે વસ્તુની પ્રાપ્તિ પૂર્વભવે કરેલા કર્મની આધીનતામાં છે. આલોકે કરેલું શુભકર્મ તો વચ્ચે આવતા અંતરાયોને દૂર કરે છે. બુદ્ધિહીન મનુષ્યો જે તે

દેવતાની પૂજા કરે છે, તે મિથ્યા છે, અને તેથી મિથ્યાત્વ લાગે છે. એક જિનપ્રણીત ધર્મજ જીવોનો આલોકમાં તથા પરલોકમાં વાંછિત વસ્તુનો દાતાર છે. જો જિનધર્મથી વિઘ્નની શાંતિ વગેરે ન થાય, તો તે બીજા ઉપાયથી કયાંથી થવાની ? જો અંધકાર સૂર્યથી દૂર થઇ શકે નહી, તે કાંઇ બીજા ગ્રહથી દૂર થાય ? માટે તું કુપથ્ય સરખા મિથ્યાત્વને છોડી દે, અને રૂડા પથ્ય સમાન અર્હદ્ધર્મની આરાધના કર. તેથી આલોકમાં તથા પરલોકમાં પણ તહારા મનોરથ ફળીભૂત થશે. "

હંસ આટલુ કહી પારાની પેઠે ઝટ કયાંય ઉડી ગયો. પછી ચમત્કાર પામેલી પ્રીતિમતી રાણી પુત્રની આશા પાછી ઉત્પન્ન થવાથી હારયમુખી થઇ. ચિત્તમાં કાંઇ પીડા થઈ હોય તો ધર્મ, ગુરૂ આદિ વસ્તુ ઉપર બહુ સ્થિર આસ્થા રહે છે. જીવનો એવો સ્વભાવ હોવાથી પ્રીતિમતી રાણીએ સદ્‌ગરૂ પાસેથી શ્રાવક ધર્મનો અંગીકાર કર્યો. સમ્યક્ત્વ ધારણ કરનારી અને ત્રિકાળ જિનપૂજા કરનારી પ્રીતિમતી રાણી અનુક્રમે સુલસા શ્રાવિકા જેવી થઇ. હંસની વાણીનો એ કોઇ મ્હોટો ચમત્કારી ગુણ જાણવો. હશે; એક વખતે રાજધર રાજાના ચિત્તમાં એવી ચિંતા ઉત્પન્ન થઈ કે, " હજી પટ્ટરાણીને એકે પુત્ર થયો નથી, અને બીજી રાણીઓને તો શેંકડો પુત્ર છે. એમાં રાજ્યને યોગ્ય પુત્ર કોણ હશે ? " રાજા એવી ચીંતામાં છે, એટલામાં રાત્રે સ્વપ્નમાં જાણે સાક્ષાતજ હોયની ! એવા કોઇ દિવ્ય પુરૂષે આવી રાજાને કહ્યું. " હે રાજન્ ! પોતાના રાજ્યને યોગ્ય પુત્રની તું ફોકટ ચીંતા ન કર. દુનીયામાં કલ્પવૃક્ષ સમાન ફળ દાયક એવા એક જિનધર્મનીજ તું આરાધના કર. તેથી આ લોક પરલોકમાં તહારી ઇષ્ટ સિદ્ધિ થશે. " એવું સ્વપ્ન જોવાથી રાજધર રાજા પવિત્ર થઇ હર્ષથી જિનપૂજા આદિ કરવાથી જિનધર્મની આરાધના કરવા લાગ્યો. એવું સ્વપ્ન જોયા પછી કોણ આળસ્યમાં રહે ? પછી કોઇ ઉત્તમ જીવ હંસ જેમ સરોવરમાં અવતરે છે, તેમ પ્રથમ અરિહંતની પ્રતિમા સ્વપ્નમાં દેખાડી પ્રીતિમતીની કૂખમાં અવતર્યો. તેથી સર્વે લોક આનંદ પામ્યા. ગર્ભના પ્રભાવથી તે પ્રીતિમતી રાણીને મણિરત્નમય જિનમંદિર અને જિનપ્રતિમા કરાવવી તથા તેની પૂજા કરવી ઇત્યાદિ દોહલો ઉત્પન્ન થયો. ફૂલ ફળને

અનુસરતું થાય તેમાં શી નવાઇ ? દેવતાઓની કાર્યસિદ્ધિ મનમાં ચિંતવતાંજ થઇ જાય છે, રાજાઓની કાર્યસિદ્ધિ મુખમાંથી વચન નિકળતાં વારજ થાય છે, ધનવંત લોકોની કાર્યસિદ્ધિ ધનથી તત્કાળ થાય છે, અને બાકી રહેલા મનુષ્યોની કાર્યસિદ્ધિ તે પોતે અંગ મહેનત કરે ત્યારે થાય છે. પ્રીતિમતિનો દોહલો દુઃખથી પૂર્ણ કરાય એવો હતો, તો પણ રાજાએ ઘણા હર્ષથી તેનો સંપૂર્ણ દોહલો તત્કાળ પૂર્ણ કર્યો જેમ મેરૂ પર્વત ઉપરની ભૂમિ પારિજાત કલ્પવૃક્ષને પ્રસવે, તેમ પ્રિતિમતી રાણીએ આગળથીજ શત્રુને નાશ કરનારો પુત્ર પ્રસવ્યો. તે પુત્ર અનુક્રમે મહિમાવંત થયો.

રાજધર રાજાને પુત્ર જન્મ સાંભળી ઘણોજ હર્ષ થયો. તેથી તેણે પૂર્વે કોઇ સમયે ન કરેલો એવો મ્હોટો તે પુત્રનો જન્મોત્સવ વગેરે તે સમયે કર્યો, અને તે પુત્રનું શબ્દાર્થને અનુસરતું ધર્મદત્ત એવું નામ રાખ્યું. એક દિવસે નવનવા ઉત્સવ કરીને આનંદથી તે પુત્રને જિનમંદિરે લઇ જઇ અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરાવી ભગવાન્ આગળ ભેટણા માફક મૂક્યો. ત્યારે ઘણી સંતુષ્ટ થએલી પ્રીતિમતી રાણીએ પોતાની સખીને કહ્યું કે, " હે સખી ! તે ચતુર હંસે ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરે એવો ઘણોજ ઉપકાર મ્હારા ઉપર કર્યો તે હંસના વચન પ્રમાણે કરવાથી નિર્ધન પુરૂષ જેમ દૈવયોગથી પોતાથી મેળવી ન શકાય એવો નિધિ પામે, તેમ મ્હારાથી મેળવી ન શકાય એવું જિનધર્મ રૂપ એક રત્ન અને બીજું આ પુત્રરત્ન હું પામી. પ્રીતિમતિ આમ બોલે છે, એટલામાં માંદા માણસની પેઠે તે બાળક એકાએક આવેલી મૂર્ચ્છાથી તત્કાળ બેભાન થઇ ગયું, અને તેની પાછળ તેની માતા પણ આકરા દુઃખથી મૂર્ચ્છા ખાઇ બેભાન થઇ. તુરત પરિવારના તથા આશપાશના લોકોએ ' દૃષ્ટિદોષ અથવા કોઈ દેવતાની પીડા વગેરે હશે, ' એમ મનમાં કલ્પના કરી ઘણા બેદથી ઉંચે સ્વરે પોકાર કર્યો કે, " હાય હાય ! માતા અને પુત્ર એ બન્નેને એકદમ આ શું થયું ? " ક્ષણમાત્રમાં રાજા, પ્રધાન પ્રમુખ લોકોએ ત્યાં આવી બન્ને માતા પુત્રને શીતળ ઉપચાર કર્યા. તેથી થોડી વારમાંજ બાળક અને તેની પાછળ તેની માતા પણ સચેતન થઇ. પૂર્વકર્મનો યોગ ઘણો આશ્ચર્યકારી છે. તેજ સમયે સર્વત્ર આ વાતની વધામણી ગઇ. રાજપુત્રને ઉત્સવ

સહિત લઇ ગયા. તે દિવસે રાજપુત્રની તબિયત સારી રહી. તેણે વારંવાર દૂધપાન વગેરે કર્યું. પણ બીજે દિવસે શરીરની પ્રકૃતિ સારી છતાં અરૂચિતાળા માણસની માફક તે બાળ કે દૂધ પીધું નહીં, અને ચઉવિહાર પચ્ચખાણ કરનારની પેઠે ઔષધ વગેરે પણ ન લીધું. તેથી તે બાળકના માતાપિતા મંત્રી, નગરના લોકો એ સર્વ ઘણા દુઃખી થયા; અને શું કરવું? તે કોઇને સૂઝે નહીં. ત્યારે જાણે બાળકના પુણ્યથી ખેંચાયલાજ હોયની! એવા એક મુનિરાજ મધ્યાન્હ સમયે આકાશમાંથી ઉતર્યા. પ્રથમ પરમ પ્રીતિથી બાળકે અને તે પછી રાજા આદિ લોકોએ મુનિરાજને વંદના કરી. રાજાએ બાળકે દૂધ વગેરે ત્યાગ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે મુનિરાજે સ્પષ્ટ કહ્યું કે, "હે રાજન્! આ બાળકને રોગાદિકની અથવા બીજી કાંઇ પણ પીડા નથી. એને તમે જિનપ્રતિમાનાં દર્શન કરાવો. એટલે એ હમણાં દૂધપાન વગેરે કરશે." મુનિરાજના વચન પ્રમાણે તે બાળકને જિનમંદિરે લઇ જઇ દર્શન, નમસ્કાર આદિ કરાવ્યું. ત્યારે તે પૂર્વની માફક દૂધ પીવા લાગ્યો, અને તેથી સર્વ લોકો આશ્ચર્ય અને સંતોષ પામ્યા. ફરીથી રાજાએ મુનિરાજને પૂછ્યું કે, "આ શું ચમત્કાર?" મુનિરાજે કહ્યું. "હે રાજન્! તને એ વાત એના પૂર્વભવથી માંડીને કહું છું તે સાંભળ.

જેમાં નિંદ્ય પુરૂષ થોડા અને ઉત્તમ પુરૂષ ઘણા એવી પુરિક્ષા નામે નગરીમાં દીન જીવ ઉપર દયા અને શત્રુ ઉપર ક્રૂરદૃષ્ટિ રાખનારો કૃપ નામે રાજા હતો બુદ્ધિથી બૃહસ્પતિની બરાબરી કરી શકે એવો તે રાજાનો ચિત્રમતિ નામે મંત્રી હતો; અને દ્રવ્યથી કુબેરની બરાબરી કરનારો વસુમિત્ર નામે શ્રેષ્ઠી તે મંત્રીનો મિત્ર હતો. નામથીજ એક અક્ષરે ઓછો,પણ ઋદ્ધિથી બરાબરીનો એવો સુમિત્ર નામે એક ધનાઢ્ય વણિકપુત્ર વસુમિત્રનો મિત્ર હતો. વણિકપુત્ર પણ અનુક્રમે શ્રેષ્ઠીની બરાબરીનો અથવા તેના કરતાં અધિક ચઢતો પણ થાય છે. સારા કુળમાં જન્મ્યાથી પુત્ર સરખો માન્ય એવો એક ધન્ય નામે સુમિત્રનો સેવક હતો. તે ધન્ય એક દિવસે ન્હાવાને અર્થે ન્હાવા સારૂ સરોવરે ગયો. સારાં કમળ, સારી શોભા અને સારૂં જળ ધરાવનાર તે સરોવરમાં હાથીના બચ્ચાની પેઠે જળક્રીડા કરતાં તે ધન્યને દિવ્ય કમળ સરખું ઘણું સુગંધી હજાર પાંખડીવાળું કમળ મળ્યું. પછી તે

ધન્ય સરોવરમાંથી બહાર નીકળી ઘણા હર્ષથી ચાલતો થયો. અનુક્રમે માર્ગે જતાં પૂલ ઉતારીને જતી માલીની ચાર કન્યાઓ તેને મળી. પૂર્વનો ઘણો પરિચય હોવાથી તે કન્યાઓએ કમળના ગુણ જાણી ધન્યને કહ્યું કે, "હે ભદ્ર! ભદ્રશાલ વનમાંના વૃક્ષનું પુલ જેમ અહિં દુર્લભ છે, તેમ આ કમળ પણ દુર્લભ છે. આ ઉત્તમ વસ્તુ ઉત્તમ પુરૂષનેજ માટે છે, માટે એનો ઉપયોગ જેવા તેવા પાત્રને વિષે કરીશ નહી." ધન્યે કહ્યું. "આ કમળનો ઉત્તમ પુરૂષને વિષેજ મુકુટ સમાન ઉપયોગ કરીશ."

પછી ધન્યે વિચાર કર્યો કે, "સુમિત્રજ સર્વે સજ્જનોમાં શ્રેષ્ઠ છે, અને તેથીજ તે મ્હારે પૂજ્ય છે," જેની આજીવિકા જે માણસથી ચાલતી હોય, તેને તે માણસ કરતાં બીજો કોણ વધુ સારો લાગે? હશે, ભોળા સ્વભાવના ધન્યે એમ વિચારી જેમ કોઇ દેવતાને ભેટણું આપવું હોય, તેમ સુમિત્રની પાસે જઇ વિનયથી નમસ્કાર કરી અને યથાર્થ વાત હતી તે કહી, પેલું કમળ ભેટ કર્યું. ત્યારે સુમિત્રે કહ્યું કે, "મ્હારા શેઠ વસુમિત્ર સર્વે લોકોમાં ઉત્તમ હોવાથી તેમનેજ આ ઉત્તમ વસ્તુ વાપરવા યોગ્ય છે. તેમના મ્હારા ઉપર એટલા બધા ઉપકાર છે કે, હું અહોનિશ તેમનું દાસપણું કરૂં તોપણ તેમના ઋણમાંથી હું મુક્ત ન થઉં." સુમિત્રે એમ કહ્યાથી ધન્યે તે કમળ વસુમિત્રને ભેટ આપ્યું. ત્યારે વસુમિત્રે પણ કહ્યું કે "આ-લોકમાં મ્હારાં સર્વ કાર્ય સફળ કરનારો એક ચિત્રમતી મંત્રીજ સર્વમાં ઉત્તમ છે." વસુમિત્રનાં એવાં વચનથી ધન્યે તે કમળ ચિત્રમતિ મંત્રીને નજરાણા તરીકે આપ્યું. ત્યારે ચિત્રમતિએ પણ કહ્યું કે, "મ્હારા કરતાં શ્રેષ્ઠ કૃપ રાજા છે. કારણ કે તે પૃથ્વીનો અને પ્રજાનો અધિપતિ હોવાથી તેની દૃષ્ટિનો પ્રભાવ પણ દૈવ ગતિની પેઠે ઘણો અદ્‌ભુત છે. તેની ક્રૂરદૃષ્ટિ જે કોઇની ઉપર પડે તે ઘણો માતબર હોય તોપણ કંગાળ જેવો થઈ જાય, અને તેની કૃપાદૃષ્ટિ જેની ઉપર પડે તે કંગાળ હોય તો પણ માતબર થાય." ચિત્રમતિનાં એવાં વચનથી ધન્યે તે કમળ કૃપ રાજાને આપ્યું. કૃપ રાજા પણ જિનેશ્વર ભગવાનની અને સદ્‌ગુરૂની સેવા કરવામાં તત્પર હતો, તેથી તેણે કહ્યું કે, "જેના ચરણકમળને વિષે મ્હારા જેવા રાજાઓ ભ્રમરની પેઠે તલ્લીન રહે છે, તેજ સદ્‌ગુરૂ સર્વમાં શ્રેષ્ઠ છે, પણ

તેમનો યોગ સ્વાતિ નક્ષત્રના જળની પેઠે સ્વરૂપ મળે."

કૃપ રાજા એમ કહે છે, એટલામાં સર્વ લોકોને આશ્ચર્ય પમાડનાર કોઇ ચારણ મુનિ દેવતાની પેઠે ત્યાં આકાશમાંથી ઉતર્યા. ઘણી આશ્ચર્યની વાત છે કે, આશા રૂપ વેલડી કેવી રીતે સફળ થાય છે! કૃપ રાજા આદિ લોકો મુનિરાજને બહુમાનપૂર્વક આસન દઈ, વંદના આદિ કરી પોત પોતાને ઉચિત સ્થાનકે બેઠા. પછી ધન્યે વિનયથી તે કમળનું મુનિરાજ આગળ ભેટણું મૂક્યું. ત્યારે ચારણ મુનિએ કહ્યું કે, "જો તારતમ્યતાથી કોઇ પણ મનુષ્યને વિષે ઉત્કૃષ્ટપણું આવતું હોય તો તેનો છેડો અરિહંતને વિષેજ આવવો યોગ્ય છે. કારણ કે, અરિહંત ત્રણે લોકમાં પૂજ્ય છે. માટે ત્રણ જગતમાં ઉત્તમ એવા અરિહંતનેજ આ કમળ ધારણ કરવું ઉચિત છે. આલોકે અને પરલોકે વાંછિત વસ્તુ આપનારી તે અરિહંતની પૂજા એક નવી ઉત્પન્ન થએલી કામધેનુ સમાન છે." ભદ્રક સ્વભાવનો ધન્ય, ચારણ મુનિના વચનથી હર્ષ પામ્યો, અને પવિત્ર થઇ જિનમંદિરે જઇ તેણે તે કમળ ભાવથી ભગવાનને મસ્તકે છત્રની માફક ચઢાવ્યું. તે કમળથી ભગવાનનું મસ્તક જેમ મુકુટ પહેરવાથી શોભે, તેમ શોભવા લાગ્યું. તેથી ધન્યના મનમાં ઘણોજ આનંદ ઉત્પન્ન થયો. પછી તે ધન્ય સ્વસ્થ મન કરી ક્ષણ માત્ર શુભ ભાવના ભાવવા લાગ્યો. એટલામાં તે માળીની ચારે કન્યાઓ ત્યાં ફૂલ વેચવા આવી. ત્યારે ધન્યે અરિહંતને મસ્તકે મૂકેલું તે કમળ તેમના જોવામાં આવ્યું. તે શુભ કર્મને અનુમોદના દઈ તે ચારે કન્યાઓએ જાણે સંપત્તિનું બીજજ હોયની! એવું એક એક ઉત્કૃષ્ટ ફૂલ ભગવાનની પ્રતિમા ઉપર સમકાળે ચઢાવ્યું. ઠીકજ છે, શુભ અથવા અશુભ કર્મ કરવું, ભણવું, ગણવું, દેવું, લેવું, કોઇને માન આપવું, શરીર સંબંધી અથવા ઘર સંબંધી કાંઇ કાર્ય કરવું, ઇત્યાદિ કૃત્યને વિષે ભવ્ય જીવની પ્રવૃત્તિ પ્રથમ ભગવાનનું દર્શન કરીનેજ થાય છે.

પછી પોતાના જીવને ધન્ય માનતો ધન્ય અને તે ચાર કન્યાઓ પોતપોતાને ઘેર ગયાં. તે દિવસથી માંડી ધન્ય ભગવાનને બનતાં સુધી દરરોજ વંદના કરવા આવે, અને એવી ભાવના ભાવે કે, "રાંક જાનવરની પેઠે અહોરાત્ર પરતંત્રતામાં રહેવાથી દરરોજ જેનાથી ભગવાનને વાંદવા-

નો નિયમ પણ લેવાતો નથી, એવો હું તેને ધિક્કાર થાઓ." હશે, કૃપ રાજા, ચિત્રમતિ મંત્રી, વસુમિત્ર શ્રેષ્ઠી અને સુમિત્ર વણિકપુત્ર એ ચારે જણાએ ચારણ મુનિના ઉપદેશથી શ્રાવકધર્મ આદર્યો, અને અનુક્રમે તેઓ સૌધર્મ દેવલોકે ગયા. ધન્ય પણ અરિહંત ઉપર ભક્તિ રાખવાથી સૌધર્મે દેવલોકે મહર્દ્ધિક દેવતા થયો; અને તે ચારે માણીની કન્યાઓ તેના (ધન્યના) મિત્રદેવતા થઇ. કૃપ રાજાનો જીવ દેવલોકથી ચ્યવી જેમ સ્વર્ગમાં દેવતાઓનો રાજા ઇંદ્ર છે, તેમ વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા ગગનવલ્લભ નગરમાં તે ચિત્રગતિ નામે વિદ્યાધરનો રાજા થયો. મંત્રીનો જીવ દેવલોકથી ચ્યવીને ચિત્રગતિ વિદ્યાધરનો પુત્ર થયો. તેની ઉપર માતા પિતા ઘણીજ પ્રીતિ કરવા લાગ્યા. બાપથી વધારે તેજસ્વી એવા તે પુત્રનું વિચિત્રગતિ નામ રાખ્યું. વિચિત્રગતિએ યૌવન અવસ્થામાં આવી એક વખતે રાજ્યના ઘણા લોભથી પોતાના બાપને મારી નાંખવા માટે મજબૂત અને ગુપ્ત વિચાર કર્યો. લોભાંધ થઇ પિતાનું અનિષ્ટ કરવા ધારનાર એવા કુપુત્રને ધિક્કાર થાઓ! સારા દૈવયોગથી ગોત્રદેવીએ તે સર્વ ગુપ્ત વિચાર ચિત્રગતિને કહ્યો. એકાએક ઘણો ભય આવવાથી ચિત્રગતિ તેજ સમયે ઉજ્વલ વૈરાગ્ય પામ્યો, અને વિચાર કરવા લાગ્યો કે, "હાય હાય! હવે હું શું કરું? કોને શરણ જાઉં? કોને શું કહું? પૂર્વભવે પુણ્ય ઉપાર્જ્યું નહીં, તેથી પોતાનાજ પુત્રથી મ્હારા ભાગ્યમાં પશુની માફક મરણ અને માઠી ગતિ પામવાનો પ્રસંગ આવ્યો, તો હજી પણ હું ચેતી જાઉં." એમ ચિંતવી મનના અધ્યવસાય નિર્મળ થવાથી તેણે તેજ વખત પંચમુષ્ટિ લોચ કર્યો. દેવતાઓએ આવી સાધુનો વેષ આપ્યો. ત્યારે ઉત્તમ બુદ્ધિવાળા તે ચિત્રગતિએ પંચ મહાવ્રત આદર્યા. પછી પશ્ચાતાપ પામેલા વિચિત્રગતિએ ચિત્રગતિને ખમાવ્યા; અને ફરીથી રાજ્ય ઉપર બેસવા ઘણી વિનંતિ કરી. ચિત્રગતિએ ચારિત્ર લેવાની વાત જેવી રીતે બની, તે સર્વ કહી પવનની પેઠે અપ્રતિબંધ વિહાર કર્યો. સાધુના કલ્પને અનુસરી વિહાર કરતાં અને દુઃખથી આચરાય એવી તપસ્યા આચરતાં તે ચિત્રગતિ મુનિરાજને અવધિજ્ઞાન અને તેની પછવાડે તેની સ્પર્ધાથીજ કે શું! મનઃપર્યવ જ્ઞાન પણ ઉત્પન્ન થયું.

(ચિત્રગતિ મુનિ રાજા પ્રત્યે કહે છે કે,) તે હું જ્ઞાનથી લાભ થાય એમ જાણીને તમારો મોહ દૂર કરવા માટે અહિં આવ્યો. હવે બાકીનો સમગ્ર સંબંધ કહું છું. વસુમિત્રનો જીવ દેવલોકથી ચ્યવીને તું રાજા થયો, અને સુમિત્રનો જીવ ચ્યવીને તમારી પ્રીતિમતી નામે રાણી થયો. એ રીતે તમારી બન્નેની પ્રીતિ પૂર્વભવથી દૃઢ થએલી છે. પોતાનું ઉત્કૃષ્ટ શ્રાવકપણું જણાવવાને અર્થે કોઇ કોઇ વખત સુમિત્રે કપટ કર્યું, તેથી તે સ્ત્રીપણું પામ્યો. ઘણી બેદની વાત છે કે, સમજુ મનુષ્યો પણ પોતાનું હિત અને અહિત જાણવામાં મુંઝાઇ જાય છે. "મ્હારા કરતાં પહેલાં મ્હારા મ્હાના ભાઇને પુત્ર ન થાઓ." એમ ચિંતવ્યું, તેથી આ ભવમાં ઘણા વખત પછી પુત્ર થયો, એક વાર કોઇનું બોટું ધાર્યું હોય-તોપણ તે પોતાનું ઘણુંજ આકરૂ ફળ આપ્યા વગર રહે નહીં. ધન્યના જીવે દેવતાના ભવમાં એક દિવસે સુવિધિ જિનેશ્વરને પૂછ્યું કે, "હું અહિંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થઇશ?" ત્યારે તે ભગવાને તમારા બન્નેના પુત્ર થવાની વાત ધન્યના જીવને કહી. પછી ધન્યના જીવે વિચાર કર્યો કે, "માતા પિતા ધર્મ પામ્યા ન હોય, તો પુત્રને ધર્મની સામગ્રી ક્યાંથી મળે? મૂળ કૂવામાં જો પાણી હોય, તોજ પાસેના હવાડામાં સહજથી મળી આવે." એમ વિચારી પોતાને બોધિબીજનો લાભ થવા માટે હંસનું રૂપ ધારણ કરી રાણીને પ્રસ્તાવને ઉચિત વચનથી અને તને સ્વપ્ન દેખાડીને બોધ કર્યો. એ રીતે ભવ્ય જીવો દેવતાના ભવમાં છતાં પણ પરભવે બોધિલાભ થવાને અર્થે ઉદ્યમ કરે છે. બીજા કેટલાએક લોકો મનુષ્ય ભવમાં છતાં પણ પૂર્વે પામેલા ચિંતામણિરત્ન સમાન બોધિરત્નને (સમ્યક્ત્વને) બોઇ બેસે છે.

તે સમ્યક્ત્વધારી દેવતા (ધન્યનો જીવ) સ્વર્ગથી ચ્યવીને તમારા બન્ને જણાનો પુત્ર થયો. હવે એની માતાને સારાં સ્વપ્ન આવ્યાં અને સારા દોહલા ઉત્પન્ન થયા, તેનું કારણ એજ છે કે, જેમ શરીર પછવાડે છાયા, પતિની પછવાડે પતિવ્રતા સ્ત્રી, ચંદ્રની પછવાડે ચંદ્રિકા, સૂર્યની પછવાડે તેનો પ્રકાશ, અને મેઘની પછવાડે વીજળી જાય છે, તેમ એની પછવાડે પૂર્વભવથી જિનભક્તિ આવેલી છે. તેથી દોહલા અને સ્વપ્નાં સારાં આવ્યાં. ગઇ કાલે એને જિનમંદિરે લઈ ગયા, ત્યારે ફરી ફરીને જિનપ્રતિમાને

જોવાથી તથા હંસના આગમનની વાત સાંભળવાથી એને મૂર્છા આવી. અને તત્કાળ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પૂર્વભવનું સર્વ કૃત્ય એની યાદમાં આવ્યું. ત્યારે એણે પોતાના મનથીજ એવો નિયમ લીધો કે, "જિનેશ્વર ભગવાનનું દર્શન અને વંદના કર્યા વિના મ્હારે યાવજ્જીવ સુધી મુખમાં કાંઈ પણ નાંખવું ન કલ્પે," નિયમ રહિત ધર્મ કરતાં નિયમ સહિત ધર્મનું અનંતગુણું અધિક ફળ છે. કહ્યું છે કે—નિયમ સહિત અને નિયમ રહિત એવો બે પ્રકારનો ધર્મ છે. તેમાં પહેલો ધર્મ થોડો ઉપાર્જ્યો હોય, તો પણ નિશ્ચયથી બીજા કરતાં અનંતગુણું ફળ આપે છે. અને બીજો ધર્મ ઘણો ઉપાર્જ્યો હોય, તો પણ પ્રમાણવાળું અને અનિશ્ચિત ફળ આપે છે. જો કાંઈ પણ ઠરાવ કર્યા વગર કોઇને ઘણા કાળ સુધી અને ઘણુંજ દ્રવ્ય ધીર્યું હોય, તો તેથી કિંચિત્માત્ર પણ વ્યાજ ઉત્પન્ન ન થાય. અને જો ધીરતી વખતે ઠરાવ કર્યો હોય તો ધીરેલા દ્રવ્યની પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. એમ ધર્મના વિષયમાં પણ નિયમ કરવાથી વિશેષ ફળવૃદ્ધિ જાણવી. તત્ત્વનો જાણુ પુરૂષ હોય, તો પણ અવિરતિનો ઉદય હોય તો શ્રેણિક રાજાની પેઠે તેનાથી નિયમ લેવાતો નથી, અને અવિરતિનો ઉદય ન હોય તો લેવાય છે. તો પણ કઠણ વખત આવતાં દૃઢતા રાખી નિયમનો ભંગ ન કરવો, એ વાત તો આસનસિદ્ધિ જીવથીજ બની શકે છે. એ ધર્મદત્તે પૂર્વભવથી આવેલી ધર્મરૂચિથી અને ભક્તિથી પોતાની એક મહિનાની ઉમ્મરે ગઈ કાલે નિયમ ગ્રહણ કર્યો. ગઇ કાલે જિનદર્શન અને જિનવંદના કર્યાં હતાં, માટે એણે દૂધ વગેરે પીધું. આજે ક્ષુધા તૃષાથી પીડાયો તો પણ દર્શનનો અને વંદનાનો યોગ ન મળવાથી એણે મન દૃઢ રાખી દૂધ ન પીધું. અમારા વચનથી એનો અભિગ્રહ પૂર્ણ થયો, ત્યારે એણે દૂધપાન વગેરે કર્યું. પૂર્વભવે જે શુભ અથવા અશુભ કર્મ કર્યું હોય, અથવા કરવા ધાર્યું હોય, તે સર્વ પરભવે પૂર્વભવની પેઠે મળી આવે છે. એ મહિમાવંત પુરૂષને પૂર્વભવે કરેલી જિનેશ્વર ભગવાનની અપ્રકટ ભક્તિથી પણ ચિત્તને ચમત્કાર ઉત્પન્ન કરનારી પરિપૂર્ણ સમૃદ્ધિ મળશે. માળીની ચારે કન્યાઓના જીવ સ્વર્ગથી ચ્યવીને જૂદા જૂદા મ્હોટા રાજકુળમાં અવતરી એની રા-

ણીઓ થશે. સાથે સુકૃત કરનારાઓનો યોગ પણ સાથેજ રહે છે."

મુનિરાજની એવી વાણી સાંભળી તથા બાળકના નિયમની વાત પ્રત્યક્ષ જોઇ રાજા આદિ લોકો નિયમ સહિત ધર્મનો સ્વીકાર કરવામાં અગ્રેસર થયા. "પુત્રને પ્રતિબોધ કરવાને અર્થે વિહાર કરૂં છું." એમ કહી તે મુનિરાજ ગરૂડની પેઠે વૈતાઢ્ય પર્વતે ઉડી ગયા. જગતને આશ્ચર્યકારી પોતાની રૂપ સંપત્તિથી કામદેવને પણ લજ્જાવનાર એવો જાતિસ્મરણ પામેલો ધર્મદત્ત, ગ્રહણ કરેલા નિયમને મુનિરાજની પેઠે પાળતો દિવસ જતાં વૃદ્ધિ પામવા લાગ્યો. તેના સર્વોત્કૃષ્ટ શરીરની વૃદ્ધિ થતી હોવાથી તેના રૂપ, લાવણ્ય પ્રમુખ લોકોત્તર સદ્‌ગુણ જાણે માંહો માંહે સ્પર્ધાથીજ કે શું! પ્રતિદિન વધવા લાગ્યા. તે ધર્મદત્તના સદ્‌ગુણોને ધર્મ કરવાથી વિશેષ શોભા આવી. કારણ કે, એણે ત્રણ વર્ષની ઉમ્મરેજ "જિનેશ્વર ભગવાનની પૂજા કર્યા વગર જમવું નહી." એવો અભિગ્રહ લીધો. નિપુણ ધર્મદત્તને લખવું, ભણવું આદિ બહોતેર કળાઓ જાણે પૂર્વે લખેલી ભણેલીજ હોયની! તેમ સહજમાત્ર લીલાથીજ શીઘ્ર આવડી ગઇ. પુણ્યનો મહિમા ઘણો ચમત્કારી છે! પછી ધર્મદત્તે "પુણ્યાનુબંધી પુણ્યથી પરભવે પણ પુણ્યની પ્રાપ્તિ સુખે થાય છે." એમ વિચારી સદ્‌ગુરૂ પાસેથી પોતે સારા શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

"ધર્મકૃત્ય વિધિ વિના સફળ થતું નથી." એમ વિચારી તેણે ત્રિકાળ દેવપૂજા વગેરે શુભ કૃત્ય શ્રાવકની સામાચારીને અનુસરી કરવા માંડ્યું. હમેશાં ધર્મ ઉપર ઉત્કૃષ્ટ ભાવ રાખનારો તે ધર્મદત્ત, અનુક્રમે મધ્યમ વય પામ્યો. ત્યારે જાડી શેલડીની પેઠે તેનામાં લોકોત્તર મીઠાશ આવી. એક દિવસે કોઇ પરદેશી પુરૂષે ધર્મદત્તને અર્થે ઇંદ્રના અશ્વ સરખા લક્ષણવાળા એક અશ્વનું રાજાને ભેટણું કર્યું ન્યાયે ધર્મદત્ત પોતાની માફક 'તે અશ્વ પણ સ્વર્ગમાં દુર્લભ છે' એમ જાણી યોગ્ય વસ્તુનો યોગ કરવાની ઇચ્છાથી તેજ સમયે પિતાની આજ્ઞા લઇને તે અશ્વ ઉપર ચઢ્યો. સમજુ માણસને પણ મોહ વશ કરી લે છે, એ ઘણી ખેદની વાત છે! હશે ધર્મદત્ત ઉપર ચઢતાં વારજ પોતાનો અલૌકિક વેગ આકાશમાં પણ દેખાડવાને અર્થેજ કે શું! અથવા ઇંદ્રના અશ્વને મળવાની ઉત્સુકતાથીજ કે શું!

તે અશ્વ એકદમ આકાશમાં ઉડી ગયો. થોડી વારમાં દેખાતો હતો, તે ક્ષણમાત્રમાં અદૃશ્ય થયો, અને હજારો યોજન ઉલ્લંઘી તે ધર્મદત્તને ઘણી વિકટ અટવીમાં મૂકી ક્યાંય ચાલ્યો ગયો. સર્પના ફૂત્કારથી, વાનરાના ધૂત્કારથી, સુઅરના ધુત્કારથી, દીપડાના ચીત્કારથી, ચમરી ગાયના ભાંકારથી, રોઝના ત્રાટકારથી અને ખરાબ શિયાળિયાના ફેત્કારથી ઘણીજ ભયંકર એવી તે અટવીમાં પણ સ્વભાવથીજ ભય રહિત એવા ધર્મદત્તે લેશમાત્ર પણ ભય મનમાં રાખ્યો નહીં. એ તો ખરૂ છે કે સારા પુરૂષ વિપત્તીના વખતે ઘણીજ ધીરજ રાખે છે, અને સુખ આવે ત્યારે ગર્વ બિલકુલ કરતા નથી. હાથીની પેઠે અટવીમાં યથેષ્ટ ફરનારો ધર્મદત્ત તે શૂન્ય અટવીમાં પણ મન શૂન્ય ન રાખતાં જેમ પોતાના રાજમંદિરના ઉદ્યાનમાં રહેતો હોય, તેમ ત્યાં સ્વસ્થપણે રહ્યો. પરંતુ જિનપ્રતિમાનું પૂજન કરવાનો યોગ ન મળવાથીજ માત્ર દુઃખી થયો. તો પણ સમતા રાખી તે દિવસે ફળ આદિ વસ્તુ પણ તેણે ન ખાતાં પાપને ખપાવનારો નિર્જલ ચતુર્વિહારો ઉપવાસ કર્યો. શીતળ જળ અને જાત જાતનાં ફળ ઘણાં હોવા છતાં પણ ક્ષુધા તૃષાથી અતિશય પીડાયલા ધર્મદત્તને એ રીતે ત્રણ ઉપવાસ થયા. પોતાના આદરેલા નિયમ સહિત ધર્મને વિષે એ કેવી આશ્ચર્યકારી દૃઢતા છે! લૂ લાગવાથી અતિશય કરમાઇ ગએલી ફૂલની માળાની પેઠે ધર્મદત્તનું સર્વ શરીર કરમાઈ ગયું હતું, તો પણ ધર્મને વિષે દૃઢતા હોવાથી તેનું મન ઘણુંજ પ્રસન્ન જણાતું હતું. આવામાં એક દેવ પ્રકટ થઈ તેને કહેવા લાગ્યો. "અરે સત્પુરૂષ! બહુ સારૂં! બહુ સારૂં! કોઇથી સધાય નહીં એવું કાર્ય તેં સાધ્યું. આ તે કેવું ધૈર્ય! પોતાના જીવિતની અપેક્ષા ન રાખતાં આદરેલા નિયમને વિષેજ તહારી દૃઢતા નિરૂપમ છે. શક્રેંદ્રે તહારી પ્રકટ પ્રશંસા કરી તે યોગ્ય છે. તે વાત મ્હારાથી ખમાઇ નહિ, તેથી મે અહિં અટવીમાં લાવીને તહારી ધર્મ મર્યાદાની પરીક્ષા કરી. હે સુજ્ઞજણ! તહારી દૃઢતાથી હું પ્રસન્ન થયો છું, માટે મુખમાંથી એક વચન કાઢીને તહારે જે ઇષ્ટ માગવું હોય તે માગ." દેવતાનું એવું વચન સાંભળી ધર્મદત્તે વિચાર કરીને કહ્યું, કે, "હે દેવ! હું જ્યારે તને યાદ કરૂં, ત્યારે તું પાછો આવી જે હું કહું તે મ્હારૂં કાર્ય કરજે."

પછી તે દેવ "એ ધર્મદત્ત અદ્‌ભુત ભાગ્યનો નિધિ ખરો. કારણ કે, એણે મને એ રીતે તદ્દન વશ કરી લીધો." એમ કહેતો ધર્મદત્તનું વચન સ્વીકારી તેજ વખતે ત્યાંથી તે જતો રહ્યો. પછી "ધર્મદત્ત, મને હવે મ્હારા રાજભુવનની પ્રાપ્તિ વગેરે શી રીતે થશે?" એવા વિચારમાં છે એટલામાં તેણે પોતાને પોતાના મહેલમાં જોયો. ત્યારે ધર્મદત્તે વિચાર્યું કે, "હમણાં મેં દેવતાનું સ્મરણ નહીં કર્યું હતું, તો પણ તેણે પોતાની શક્તિથી મને મ્હારે સ્થાનકે લાવી મૂક્યો. અથવા પ્રસન્ન થએલા દેવતાને એટલું કાર્ય કરવું એમાં શું કઠણ છે?" હવે ધર્મદત્ત રાજપુત્રે પોતાના મેળાપથી મા બાપને, બીજા સગા વહાલાને તથા પોતાના ચાકરોને આનંદ પમાડ્યો. પુણ્યનો મહિમા અદ્‌ભુત છે. પછી રાજપુત્રે પારણાને અર્થે ઘણી ઉત્સુકતા ન રાખતાં જિનપ્રતિમાની પૂજા તે દિવસે પણ વિધિસર કરી, અને તે પછી પારણું કર્યું. ધર્મનિષ્ટ પુરૂષોનો આચાર ઘણો આશ્ચર્યકારી હોય છે.

હવે તે ચારે કન્યાઓના જીવ પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર એ ચારે દિશાઓમાં આવેલા દેશના ચાર રાજાઓની સર્વેને ઘણી માન્ય એવી ઘણા પુત્ર ઉપર અનુક્રમે પુત્રીઓ થઇ. તેમાં પહેલીનું નામ ધર્મરતિ, બીજીનું ધર્મમતિ, ત્રીજીનું ધર્મશ્રી અને ચોથીનું ધર્મિણી. આ નામ પ્રમાણે તેમનામાં ગુણ પણ હતા. તે ચારે કન્યાઓ વખત જતાં તરૂણ અવસ્થામાં આવી ત્યારે જાણે લક્ષ્મીદેવીયેજ પોતાના ચાર રૂપ બનાવ્યાં હોયની! એવી રીતે તેઓ દેખાવા લાગી. એક દિવસે તે કન્યાઓ અનેક સુકૃતકારી ઉત્સવનું સ્થાનક એવા જિનમંદિમાં આવી અને અરિહંતની પ્રતિમા જોઇને જાતિસ્મરણ જ્ઞાન પામી. તેથી "જિનપ્રતિમાની પૂજા કર્યા વગર અમારે ભોજન કરવું ન કલ્પે" એવો નિયમ લઇ હમેશાં જિનભક્તિ કરતી રહી. વળી તે ચારે કન્યાઓએ એક દિલ થઇ એવો નિયમ કર્યો કે, "આપણા પૂર્વ ભવનો મિત્રાપિ ધનનો મિત્ર જ્યારે મળે ત્યારે તેનેજ આપણે વરીશું. અને બીજા કોઇને વરીશ નહીં તે જાણી પૂર્વ દેશના રાજાએ પોતાની પુત્રી ધર્મરતિને અર્થે મ્હોટો સ્વયંવર મંડપ કરાવ્યો, અને તેમાં તમામ રાજાઓને તેડાવ્યા. પુત્ર સહિત રાજઘર રાજાને આમંત્રણ

આવ્યું હતું, તો પણ ધર્મદત્ત ત્યાં ગયો નહીં. કારણ કે, તેણે વિચાર્યું કે, "જ્યાં ફળ પ્રાપ્તિ થાય કે નહીં? તેનો નિશ્ચય નથી એવા કાર્યમાં કોણ સમજુ માણસ દોડતો જાય?" એટલામાં વિચિત્રગતિ નામા વિદ્યાધરનો રાજા ચારિત્રવંત થએલા પોતાના પિતાના ઉપદેશથી પંચ મહાવ્રત આદરવા તૈયાર થયો. તેને એક પુત્રી હતી. માટે તેણે પ્રજ્ઞપ્તિ વિદ્યાને પૂછયું કે, "મ્હારી પુત્રીને પરણી મ્હારૂં રાજ્ય ચલાવવા યોગ્ય કોણ પુરૂષ છે?" પ્રજ્ઞપ્તિએ કહ્યું. "તું તહારી પુત્રી અને રાજ્ય સુપાત્ર એવા ધર્મદત્ત કુમારને આપજે." વિદ્યાનાં એવા વચનથી વિચિત્રગતિ ઘણો હર્ષ પામ્યો, અને ધર્મદત્તને બોલાવવાને અર્થે રાજપુર નગરે આવ્યો. ત્યાં ધર્મદત્તના મુખથી ધર્મરતિ કન્યાના સ્વયંવરના સમાચાર જાણી, તે વિચિત્રગતિ ધર્મદત્તને સાથે લઇ દેવતાની પેઠે અદૃશ્ય થઇ કૌતુકથી ધર્મરતિના સ્વયંવરમંડપે આવ્યો. અદૃશ્ય રહેલા તે બન્ને જણાએ આશ્ચર્યકારી તે સ્વયંવરમંડપમાં જોયું તો કન્યાએ અંગીકાર ન કરવાથી ઝાંખા પડી ગએલા અને જાણે લૂટાઇ ગયા હોયની! એવા નિસ્તેજ થએલા સર્વ રાજાઓ જોવામાં આવ્યા. સર્વ લોકો "હવે શું થશે?" એમ મનમાં આકુળ વ્યાકુળ થઇ ગયા. એટલામાં વિચિત્રગતિએ અરૂણ સહિત સૂર્ય જેમ પ્રાતઃકાળે પ્રકટ થાય છે, તેમ પોતે અને ધર્મદત્ત ત્યાં શીઘ્ર પ્રકટ થયા. ધર્મરતિ રાજકન્યા ધર્મદત્તને જોતાં વારજ સંતોષ પામી, અને જેમ રોહિણી વસુદેવને વરી, તેમ તેણે ધર્મદત્તને વરમાળ આરોપી પૂર્વભવનો પ્રેમ અથવા દ્વેષ એ બન્ને પોત પોતાને ઉચિત એવાં કૃત્યોને વિષે જીવને પ્રેરણા કરે છે. બાકી ત્રણે દિશાઓના રાજાઓ ત્યાં આવ્યા હતા, તેમણે વિદ્યાધરની સહાયથી પોતાની ત્રણે પુત્રીઓને વિમાનમાં બેસારી ત્યાં તેડાવી, અને ઘણા હર્ષથી તેજ સમયે ધર્મદત્તને આપી. પછી ધર્મદત્તે, વિદ્યાધરે કરેલા દિવ્ય ઉત્સવમાં તે ચારે કન્યાઓનું પાણિગ્રહણ કર્યું. તે પછી વિચિત્રગતિ વિદ્યાધર ધર્મદત્તને તથા સર્વે રાજાઓને વૈતાઢય પર્વતે લઈ ગયો. ત્યાં વિવિધ પ્રકારના ઉત્સવ કરી તેણે પોતાની પુત્રી, અને રાજ્ય ધર્મદત્તને અર્પણ કર્યું. તથા તેજ સમયે વિદ્યાધરે આપેલી એક હજાર વિદ્યાઓ ધર્મદત્તને સિદ્ધ થઇ. એ રીતે વિચિત્રગતિ પ્રમુખ

વિદ્યાધરોએ આપેલી પાંચસે કન્યાઓનું વૈતાઢ્ય પર્વત ઉપર પાણિગ્રહણ કરી ધર્મદત્ત અનુક્રમે પોતાને નગરે આવ્યો. અને ત્યાં પણ રાજાઓની પાંચસે કન્યાઓ પરણ્યો. તે પછી રાજધર રાજાએ આશ્ચર્યકારી ઘણા ઉત્સવ કરીને જેમ બેલડી સારા ક્ષેત્રમાં વાવવી, તેમ પોતાની સમગ્ર રાજ્યસંપદા પોતાના સદ્‌ગુણી પુત્ર ધર્મદત્તને માથે વૃદ્ધિને અર્થે સોંપી; અને ચિત્રગતિ સદ્‌ગુરુની પાસે પોતાની પટ્ટરાણી પ્રીતિમતીની સાથે દીક્ષા લીધી. પોતાનો સુપુત્ર રાજ્ય ચલાવવા યોગ્ય થયા પછી કોણ પોતાના આત્માનું હિત ન કરે? વિચિત્રગતિએ પણ ધર્મદત્તને પૂછીને દીક્ષા લીધી. અનુક્રમે ચિત્રગતિ, વિચિત્રગતિ, રાજધર રાજા અને પ્રીતિમતી રાણી એ ચારે મોક્ષે ગયાં.

ધર્મદત્તે રાજ્યની લગામ હાથમાં લીધા પછી હજારો રાજાઓને સહજમાં જીતી લીધા, અને તે દસ હજાર રથ, દસ હજાર હાથી, એકલાખ ઘોડા અને એક ક્રોડ પાયદલ એટલા સૈન્યનો સાહ્યવાળો થયો. ઘણા પ્રકારની વિદ્યાનો મદ ધરનારા હજારો વિદ્યાધરોના રાજાઓ ધર્મદત્તના તાબે થયા. એ રીતે ઘણા કાળ સુધી ઇંદ્રની પેઠે તેણે ઘણું રાજ્ય ભોગવ્યું. સ્મરણ કરતાંજ આવનારો જે પૂર્વે પ્રસન્ન થએલ દેવતા તેના સહાય્યથી ધર્મદત્તે પોતાના દેશને દેવકુરુ ક્ષેત્રની પેઠે મારિ, દુર્ભિક્ષ વગેરેનું જેમાં નામ પણ ન જણાય એવો કર્યો. પૂર્વે ભગવાનની સહસ્રદળ કમળથી પૂજા કરી, તેથી એટલી સંપદા પામ્યો' તો પણ યથાવિધિ ત્રિકાળ પૂજા કરવામાં તે ઘણોજ તત્પર રહેતો હતો. "પોતાના ઉપર ઉપકાર કરનારનું પોષણ અવશ્ય કરવું જોઇએ" એમ વિચારી તે ધર્મદત્તે નવાનવા ચૈત્યમાં પ્રતિમા પધરાવી તથા તીર્થયાત્રા' સ્નાત્રમહોત્સવ આદિ શુભ કૃત્ય કરીને પોતાની ઉપર ઉપકાર કરનારી જિનભક્તિનું ઘણુંજ પોષણ કર્યું. તે ધર્મદત્તના રાજ્યમાં અઢારે વર્ણ "જેવો રાજા તેવી પ્રજા" એવી કહેવત પ્રમાણે ઘણા ખરા જૈનધર્મી થયા. તે જૈનધર્મથીજ આભવે તથા પરભવે ઉદય થાય છે. તે ધર્મદત્તે અવસર ઉપર પુત્રને રાજ્ય આપી પોતે રાણીઓની સાથે દીક્ષા લીધી, અને મનની એકાગ્રતાથી તથા અરિહંત ઉપર દૃઢ ભક્તિથી તીર્થંકર નાગોત્ર કર્મ બાંધ્યું. અહિં બે લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને તે સહસ્રાર દેવલોકે દેવતા થયો. તથા તે ચારે રાણી-

ઓ જિનભક્તિથી ગણધર કર્મ બાંધીને તેજ દેવલોકે ગઇ. પછી ધર્મદત્તનો જીવ ચારે રાણીઓના જીવની સાથે સ્વર્ગથી ચ્યવ્યો. ધર્મદત્તનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થયો. અને ચારે રાણીઓના જીવ તેના ગણધર થયા. ધર્મદત્તનો જીવ તીર્થંકર નામગોત્ર વેદીને અનુક્રમે ગણધર સહિત મુક્તિએ ગયો. આ ધર્મદત્તનો અને ચારે રાણીઓનો સંયોગ કેવો આશ્ચર્યકારી છે? સમજુ જીવોએ આ રીતે જિનભક્તિનું ઐશ્વર્ય જાણી ધર્મદત્ત રાજાની પેઠે જિનભક્તિ તથા બીજાં શુભ કૃત્ય કરવાને અર્થે હમેશાં તત્પર રહેવું. આ રીતે વિધિપૂર્વક જિનપૂજા કરવાથી ઉત્તમ ફળ મળે પ્રાપ્ત થાય છે અને તે ઉપર આ ધર્મદત્ત રાજાની કથા છે.

મૂળગાથામાં "**उचिअ चिंतरओ**" એટલે "ઉચિત ચિંતા કરવાને તત્પર" એમ કહ્યું છે. માટે ઉચિત ચિંતા તે શું? તે કહે છે. જિનમંદિરમાં સફાઈ રાખવી; જિનમંદિર અથવા તેનો ભાગ પડી જતો હોય તો તે તુરત દુરસ્ત કરાવવો; પૂજાનાં ઉપગરણ ખૂટતાં હોય તો પૂરાં પાડવાં; ભગવાનની તથા પરિવારની પ્રતિમાઓ નિર્મળ રાખવી, ઉત્કૃષ્ટી પૂજા તથા દીપાદિકની ઉત્કૃષ્ટ શોભા કરવી, ચોરાશી આશાતનાઓ ટાળવી; ચોખા, ફળ, નૈવેદ્ય આદિની સિદ્ધતા કરવી, ચંદન, કેશર, ધૂપ, દીવો, તેલ એટલી વસ્તુનો સંગ્રહ કરવો, દેરાસરના પૈસાનો નાશ થતો હોય તો આગળ કહેવાશે તે દૃષ્ટાંત માફક તેની રક્ષા કરવી, બે ચાર સારા શ્રાવક સાક્ષી રાખીને દેવદ્રવ્યની ઉઘરાણી કરવી, ઉઘરાણીમાં આવેલું દ્રવ્ય સારે ઠેકાણે યતનાથી રાખવું, દેવદ્રવ્યના જમે ખર્ચનું નામું ચોખ્ખું રાખવું. પોતે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી તથા બીજા પાસે કરાવવી, મંદિરમાં કામ કરનાર લોકોને પગાર આપવો, તથા તે લોકો બરાબર કામ કરે છે કે નહીં? તે તપાસવા માટે તેમની ઉપર દેખરેખ રાખવી, વગેરે અનેક પ્રકારની ઉચિત ચિંતા જાણવી. દ્રવ્યથી અથવા ચાકર વગેરેથી બની શકે એવાં મંદિરનાં કાર્ય દ્રવ્યવાન્ શ્રાવકથી વગર પ્રયાસે થાય એમ છે. તથા પોતાની અંગ મહેનતથી અથવા પોતાના કુટુંબના માણસોથી બની શકે એવાં કામ હોય તે નિર્ધન માણસથી વગર દ્રવ્યે થાય એમ છે. માટે જેની જે કરવાની જેવી શક્તિ હોય, તેણે તે કાર્યમાં તેવી ઉચિત ચિંતા કરવી.

જે ઉચિત ચિંતા થોડા સમયમાં થાય એવી હોય, તે બીજી **નિસિહી** કરતાં પહેલાંજ કરવી. પછી પણ જેવો યોગ હોય, તે પ્રમાણે કરવી.

જેમ ઉપર મંદિરની ઉચિત ચિંતા કહી, તેમજ ધર્મશાળા, ગુરૂ, જ્ઞાન આદિની પણ ઉચિત ચિંતા પોતાની સર્વ શક્તિથી કરવી. કારણ કે દેવ, ગુરૂ પ્રમુખની ચિંતા કરનાર શ્રાવક વગર બીજો કોઇ નથી. જેમ એક ગાયના ઘણા માલીક બ્રાહ્મણો તેને દોહતા, પણ તેને ઘાસ પાણી નીરતા નહી. એવી રીતે દેવ, ગુરૂ આદિની ઉપેક્ષા અથવા તેમના કામમાં ઢીલ ન કરવી. કારણ કે, તેમ કરે તો સમ્યક્ત્વનો પણ વખતે વિનાશ થઈ જાય. આશાતના વગેરે થતાં જો પોતાને ઘણું દુઃખ ન થાય તો તે કેવી અરિહંત પ્રમુખની ભક્તિ? લૌકિકમાં પણ સંભળાય છે કે, મહાદેવની આંખ ઉખડી ગએલી જોઈ ઘણા દુઃખી થએલા ભિલ્લે પોતાની આંખ મહાદેવને અર્પણ કરી. માટે હમેશાં દેવ, ગુરૂ આદિનાં કામ પોતાના કામ કરતાં પણ ઘણા આદરથી કરવાં. અમે એમ કહીએ છીએ કે—સર્વ સંસારી જીવોની દેહ, દ્રવ્ય અને કુટુંબ ઉપર જેવી પ્રીતિ હોય છે, તેવીજ પ્રીતિ મોક્ષાભિલાષી જીવોની જિનપ્રતિમા, જિનમત અને સંઘ ઉપર હોય છે. દેવ, ગુરૂ અને જ્ઞાન આદિની આશાતના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદથી ત્રણ પ્રકારની છે. તેમાં પુસ્તક, પાટલી, ટિપ, જપમાળા આદિને થૂંક લગાડવું, ઓછા અથવા વધારે અક્ષર બોલવા, જ્ઞાનોપકરણ પાસે છતાં વાયુસંચાર કરવો, ઇત્યાદિક જઘન્ય આશાતના જાણવી. ભણવાનો કાળ ન હોય ત્યારે ભણવું, યોગનાં ઉપધાન તપસ્યા વગર સૂત્રનું અધ્યયન કરવું, ભ્રાંતિથી અર્થનો અનર્થ કરવો, પ્રમાદથી પુસ્તક આદિ વસ્તુને પગ વગેરે લગાડવો, પુસ્તક આદિ ભૂમિ ઉપર નાંખી દેવું, જ્ઞાનોપગરણ પાસે છતાં આહાર અથવા લઘુનીતિ કરવી, ઇત્યાદિક મધ્યમ આશાતના જાણવી. પાટલી વગેરે ઉપરના અક્ષર થૂંકથી ઘસીને ભૂંસી નાંખવા, જ્ઞાનોપગરણ ઉપર બેસવું, સૂઇ રહેવું વગેરે, જ્ઞાનોપગરણ પાસે છતાં વડીનીતિ વગેરે કરવું, જ્ઞાનની અથવા જ્ઞાનીની નિંદા, દુશ્મનાઇ, નુકશાન વગેરે કરવું, તથા ઉત્સૂત્ર ભાષણ કરવું, એ ઉત્કૃષ્ટ આશાતના જાણવી.

જિનપ્રતિમાની ત્રણ પ્રકારની આશાતના આ રીતેઃ—તેમાં વાળાકુંચી

વગેરે પગાડવી, જિનપ્રતિમાને પોતાના નિશ્વાસનો સ્પર્શ કરાવવો, પોતાના વસ્ત્રના છેડા પ્રતિમાને અડાડવા વગેરે જઘન્ય આશાતના જાણવી. વગર ધોએલા ધોતીયાથી જિનપ્રતિમાની પૂજા કરવી, તથા જિનબિંબને ભૂમી ઉપર પાડવું વગેરે મધ્યમ આશાતના જાણવી. પગ લગાડવો, જિનપ્રતિમાને નાકનો મલ અથવા થૂંક વગેરે લગાડવું, પ્રતિમાનો ભંગ કરવો પ્રતિમાને લઇ જવી, તથા જિનેશ્વર ભગવાનની હીલના કરવી, વગેરે ઉત્કૃષ્ટ આશાતના જાણવી. અથવા જિનપ્રતિમાની જઘન્યથી આશાતના દસ મધ્યમથી ચાલીશ, અને ઉત્કૃષ્ટથી ચોરાશી જાણવી. તે નીચે પ્રમાણે છેઃ—

જિનમંદિરની અંદર ૧ પાન સોપારી ખાવી, ૨ પાણી આદિ પીવું, ૩ ભોજન કરવું, ૪ જુગરખાં પહેરવાં, ૫ સ્ત્રીસંભોગ કરવો, ૬ નિદ્રા લેવી, ૭ થૂંકવું, ૮ લઘુનીતિ કરવી, ૯ વડીનીતિ કરવી, તથા ૧૦ જુગાર રમવું, એ રીતે જિનમંદિરમાં જઘન્યથી દસ આશાતના જરૂર ટાળવી.

જિનમંદિરની અંદર ૧ લઘુનીતિ કરવી, ૨ વડીનીતિ કરવી, ૩ પગરખાં પહેરીને જવું, ૪ પાણી આદિ પીવું, ૫ ભોજન કરવું, ૬ નિદ્રા લેવી, ૭ સ્ત્રી સંભોગ કરવો, ૮ પાન સોપારી ખાવી, ૯ થૂંકવું, ૧૦ જૂગાર રમવું, ૧૧ ઘૂતક્રીડા ચાલતી હોય તે જોવી, ૧૨ વિકથા કરવી, ૧૩ પલાંઠી વાળી (પગ ઉપર પગ ચઢાવીને) બેસવું, ૧૪ પગ પહોળા કરીને બેસવું, ૧૫ માંહે માંહે વિવાદ કરવો, ૧૬ મશ્કરી કરવી, ૧૭ અદેખાઇ કરવી, ૧૮ બેસવાનું સિંહાસન વગેરે ઉપભોગ્ય વસ્તુ વાપરવી, ૧૯ કેશની અથવા શરીરની આભૂષણ વગેરેથી શોભા કરવી, ૨૦ છત્ર ધારણ કરવું, ૨૧ ખડ્ગ ધારણ કરવું, ૨૨ મુકુટ ધારણ કરવો, ૨૩ ચામર ધારણ કરવાં, ૨૪ લાંબવા બેસવું. ૨૫ સ્ત્રીઓની સાથે વિકાર સહિત હાસ્ય આદિ કરવું, ૨૬ વિટ (જાર) પુરૂષોની સાથે પ્રસંગ કરવો, ૨૭ પૂજાને અવસરે મુખકોશ ન કરવો. ૨૮ પૂજાને અવસરે શરીર તથા વસ્ત્ર મલિન રાખવાં, ૨૯ પૂજાને અવસરે મનની એકાગ્રતા ન કરવી, ૩૦ સચિત્ત દ્રવ્યનો બહાર ત્યાગ ન કરવો, ૩૧ હાર, મુદ્રિકા આદિ અચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, ૩૨ એકસાડી ઉત્તરાસંગ ન કરવું, ૩૩ જિનપ્રતિમાનું દર્શન થએ

અંજલિ ન કરવી, ૩૪ જિનપ્રતિમાનું દર્શન થએ પૂજા ન કરવી, ૩૫ ખરાબ ફૂલ આદિ વસ્તુથી પૂજા કરવી, ૩૬ પૂજાદિકને વિષે ઘણા આદરથી પ્રવૃત્તિ ન કરવી, ૩૭ જિનપ્રતિમાના શત્રુનું નિવારણ ન કરવું, ૩૮ ચૈત્યદ્રવ્યની ઉપેક્ષા કરવી, ૩૯ શરીરમાં શક્તિ, છતાં ગાડી પ્રમુખ વાહનમાં બેસી જિનમંદિરે આવવું, ૪૦ પ્રથમજ ચૈત્યવંદનાદિક બોલવું, એ રીતે જિનમંદિરમાં મધ્યમથી ચાલીશ આશાતના જાણવી.

૧ મંદિરમાં બેલ, શ્લેષ્મ (નાસીકા દ્વારા લીટ આદિ મળ) નાંખવો. ૨ ધૂતક્રીડા આદિ કરવું, ૩ કલહ કરવો, ૪ ધનુર્વેદાદિ કલા પ્રકટ કરવી, ૫ કોગળા કરવા, ૬ પાન સોપારી ખાવી, ૭ તાંબૂલના કૂચા આદિ નાંખવા, ૮ ગાળો દેવી, ૯ લઘુનીતિ તથા વડીનીતિ વગેરે કરવું, ૧૦ શરીર ધોવું, ૧૧ કેશ સમારવા ૧૨ નખ સમારવા, ૧૩ લોહી આદિ નાંખવાં, ૧૪ શેકેલાં ધાન્ય, સુખડી આદિ ખાવાં, ૧૫ ગડ ગૂમડાં વગેરેની ચામડી નાંખવી, ૧૬ પિત્તનું ઔષધાદિકથી વમન કરવું, ૧૭ ઔષધાદિકથી અન્નાદિકનું વમન કરવું, ૧૮ ઔષધાદિકથી પડેલા દાંત નાંખવા, ૧૯ પગ વગેરે ચંપાવવા, ૨૦ હાથી, ઘોડા આદિ પશુઓને દમાવવા ૨૧ દાંતનો, ૨૨ આંખનો, ૨૩ નખનો, ૨૪ ગાલનો. ૨૫ નાસિકાનો, ૨૬ મસ્તકનો, ૨૭ કાનનો, અથવા ૨૮ ચામડીનો મળ જિનમંદિરમાં નાંખવો, ૨૯ જારણ મારણ ઉચ્ચાટનના મંત્ર અથવા રાજકાર્ય વગેરેની મસલતો કરવી, ૩૦ પોતાના ઘરના વિવાહ આદિ કૃત્યમાં ભેગા થવાનું નક્કી કરવા માટે વૃદ્ધ પુરૂષોને મંદિરે ભેગા કરી બેસારવા, ૩૧ લેખાં લખવાં, ૩૨ ધન આદિની વહેંચણ કરવી, ૩૩ પોતાનો દ્રવ્ય ભંડાર ત્યાં સ્થાપન કરવો, ૩૪ પગ ઉપર પગ ચઢાવીને અથવા અવિનય થાય એવી કોઈ પણ રીતે બેસવું, ૩૫ છાણાં, ૩૬ વસ્ત્ર, ૩૭ દાળ, ૩૮ પાપડ, ૩૯ વડી તથા કેરાં, ચીભડાં, આદિ વસ્તુ જિનમંદિરે સૂકવવા માટે તડકા વગેરેમાં રાખવી, ૪૦ રાજાદિકના રૂણ આદિના ભયથી ગભારા વગેરેમાં સંતાઈ રહેવું, ૪૧ સ્ત્રી, પુત્ર વગેરેના વિયોગથી રૂદન આક્રંદ કરવું, ૪૨ સ્ત્રીઓ, ભોજનાદિક અન્ત, રાજા અને દેશ એ ચાર સંબંધી વિકથા કરવી. ૪૩ બાણ તથા ધનુષ્ય, ખડ્ગ આદિ શસ્ત્ર ઘડવાં, ૪૪ ગાય, બળદ વગેરે જા-

નવરોને ત્યાં રાખવાં, ૪૫ શીતનો ઉપદ્રવ દૂર કરવા માટે અગ્નિને સેવવો, ૪૬ અન્નાદિક રાંધવું ૪૭ નાણું વગેરે પરખવું, ૪૮ યથાવિધિ નિસિહી ન કરવી, ૪૯ છત્ર, ૫૦ પગરખાં, ૫૧ શસ્ત્ર તથા ૫૨ ચામર એ ચાર વસ્તુ મંદિરથી બહાર ન મૂકવી, ૫૩ મનની એકાગ્રતા ન કરવી ૫૪ શરીરે તેલ આદિ ચોપડવું, ૫૫ સચિત્ત પુષ્પાદિકનો ત્યાગ ન કરવો, ૫૬ અજીવ એવાં હાર વીંટી વગેરે અચિત વસ્તુ બહાર ઉતારી મૂકી શોભા હીન થઇ મંદિરમાં પેસવું, (એમ કરવાથી અન્યદર્શની લોકો "શોભા હીન થઇ મંદિરમાં પેસવું, 'આ તે કેવો ભિક્ષાચર લોકોનો ધર્મ છે," એવી નિંદા કરે છે. માટે હાર વીંટી વગેરે ન ઉતારતાં અંદર જવું.) ૫૭ ભગવાનને દીઠે છતે હાથ ન જોડવા, ૫૮ એકસાડી ઉત્તરાસંગ ન કરવું, ૫૯ મસ્તકે મુકુટ ધારણ કરવો, ૬૦ માથે મુકુટ અથવા પાઘડી ઉપર ફેંટો વગેરે રાખવો. ૬૧ ફૂલના તોરા, કલગી આદિ માથે રાખેલા ન ઉતારવા, ૬૨ પારેવા, નાળિએર આદિ વસ્તુની હોડ રમવી, ૬૩ દડે રમવું ૬૪ માબાપ આદિ સ્વજનોને જુહાર કરવો, ૬૫ ગાળ, કાખ વગાડવા વગેરે ભાંડચેષ્ટા કરવી, ૬૬ રેકાર ટુંકાર વગેરે તિરસ્કારનાં વચન બોલવાં, ૬૭ લેહેણું ઉઘરાવવાને અર્થે લાંઘવા બેસવું, ૬૮ કોઇની સાથે સંગ્રામ કરવો, ૬૯ વાળઝૂટા કરવા, ૭૦ પલાંઠી વાળીને બેસવું, ૭૧ લાકડાની પાવડીઓ પગે પહેરવી, ૭૨ સ્વેચ્છાએ પગ લાંબા કરીને બેસવું, ૭૩ સુખને અર્થે પુડપુડી વગાડવી, ૭૪ પોતાનું શરીર અથવા શરીરના અવયવ ધોઇ પાણી ઢોળી કાદવ કરવો, ૭૫ પગે લાગેલી ધૂળ જિનમંદિરમાં ખંખેરવી, ૭૬ સ્ત્રીસંભોગ કરવો, ૭૭ માથાની અથવા વસ્ત્ર આદિની જૂઓ જોવરાવવી તથા નંખાવવી, ૭૮ ત્યાં ભોજન કરવું, અથવા દૃષ્ટિયુદ્ધ બાહુયુદ્ધ કરવું, ૭૯ શરીરના ગુપ્ત અવયવ ઉઘાડા કરવા, ૮૦ વૈદું કરવું, ૮૧ ક્રય વિક્રય આદિ વ્યાપાર કરવો, ૮૨ પથારી પાથરીને સૂઇ રહેવું, ૮૩ જિનમંદિરમાં પીવાનું પાણી રાખવું, ત્યાં પાણી પીવું અથવા બારે માસ પીવાય એવા હેતુથી મંદીરના ટાંકામાં વર્ષાદનું પાણી લેવું ૮૪ જિનમંદિરે ન્હાવું, ધોવું. એ ઉત્કૃષ્ટ ભાંગાથી ચોરાશી આશાતનાઓ જાણવી.

બૃહદ્‌ભાષ્યમાં તો માત્ર પાંચ આશાતના કહી છે. તે એકે:-૧ અવર્ણ

આશાતના, ૨ અનાદર આશાતના, ૩ ભોગ આશાતના, ૪ દુઃપ્રણિધાન આશાતના અને ૫ અનુચિતવૃત્તિ આશાતના; એવી જિનમંદિરે પાંચ આશાતના થાય છે. તેમાં પલાંઠી વાળવી, ભગવાન્ તરફ પૂંઠ કરવી, પુડપુડી વગાડવી, પગ પસારવા, તથા જિનપ્રતિમાની આગળ દુષ્ટ આસને બેસવું. એ સર્વ પહેલી અવર્ણ આશાતના જાણવી. જેવાં તેવાં કપડાં વગેરે પહેરી, જેવા તેવા સમયે જેમ તેમ શૂન્ય મનથી જિનપ્રતિમાની પૂજા વગેરે કરવી તે બીજી અનાદર આશાતના જાણવી. જિનમંદિરે પાનસોપારી આદિ ભોગ ભોગવવા, તે ત્રીજી ભોગ આશાતના જાણવી. એ આશાતના કરવાથી અવશ્ય આત્માના જ્ઞાનાદિ ગુણોને આવરણ આવે છે, માટે એ આશાતના જિનમંદિરે અવશ્ય તજવી રાગથી, દ્વેષથી અથવા મોહથી મનની વૃત્તિ દૂષિત થએલી હોય તો, તે ચોથી દુઃપ્રણિધાન આશાતના કહેવાય છે. તે જિનરાજને વિષે વર્જવી. લેણ દેણને નિમિત્તે લાંઘવા બેસવું, વાદ વિવાદ કરવો, રોવું કૂટવું, રાજકથા આદિ વિકથા કરવી, જિનમંદિરે પોતાના ગાય બળદ આદિ બાંધવા, ત્યાં વિવિધ પ્રકારનાં અન્ન રાંધવાં, વગેરે ઘરનાં કાર્યો તથા કોઇને ગાળો દેવી વગેરે પાંચમી અનુચિતવૃત્તિઆશાતના જાણવી. અત્યંત વિષયાસક્ત અને અવિરતિ એવા દેવતાઓ પણ સર્વથા જિનમંદિરાદિકને વિષે આશાતનાઓ ટાળે છે. કહ્યું છે કે—કામ વિષય રૂપ વિષયથી મૂર્છાયલા દેવતાઓ પણ જિનમંદિરને વિષે અપ્સરાઓની સાથે હાસ્યક્રીડા આદિ કોઇ કાળે કરતા નથી.

ગુરૂની આશાતના તેત્રીશ છે. તે આ રીતેઃ— ૧ કારણ વિના ગુરૂથી આગળ ચાલવું. માર્ગ દેખાડવા આદિ કારણ વિના ગુરૂની આગળ ચાલવું ન કલ્પે. કારણ કે, તેથી અવિનય રૂપ દોષ થાય છે. માટે એ આશાતના જાણવી. ૨ ગુરૂના બેહુ પડખે ચાલવું (એથી પણ અવિનય થાય છે, માટે એ આશાતના જાણવી.) ૩ ગુરૂની પૂંઠને અડકતાં અથવા થોડે છેટે ચાલવું (એમ કરવાથી ખાસી અથવા છીંક આવતાં સહેજમાં મળ નીકળે તે ગુરૂના વસ્ત્ર આદિને લાગવાનો સંભવ છે, માટે એ આશાતના જાણવી. એમ બીજી આશાતનાના પણ દોષ જાણવા.) ૪ ગુરૂના મુખ આગળ ઉભા રહેવું. ૫ પડખે ઉભા રહેવું, ૬ પૂઠે નજીક ઉભા રહેવું, ૭

ગુરૂના મુખ આગળ બેસવું, ૮ બે પડખે બેસવું, ૯ પૂઠે નજીક બેસવું, ૧૦ આહાર આદિ લેવાના વખતે ગુરૂથી પ્રથમજ આચમન કરવું, ૧૧ ગમનાગમનની આલોચના (ઇરિયાવહિ) ગુરૂથી પહેલાં કરવી, ૧૨ રાત્રિએ "કોણ સૂતો છે?" એમ કહી ગુરૂ બોલાવે ત્યારે ગુરૂનું વચન સાંભળીને પણ નિદ્રાદિકનું નિષ કરી પાછો ઉત્તર ન દેવો, ૧૩ ગુરૂઆદિકને કોઇ બોલાવવા આવે તો તેને પ્રસન્ન રાખવાને અર્થે ગુરૂથી પહેલાં પોતેજ બોલાવે, ૧૪ આહાર આદિ પ્રથમ બીજા સાધુઓની પાસે આલોઇ, પછી ગુરૂ પાસે આલોવે, ૧૫ આહાર આદિ બીજા સાધુઓને પ્રથમ દેખાડી પછી ગુરૂને દેખાડવો, ૧૬ આહાર વગેરે કરવાના વખતે પ્રથમ બીજા સાધુઓને બોલાવી પછી ગુરૂને બોલાવવા, ૧૭ ગુરૂને ન પૂછતાં સ્વેચ્છાએ સ્નિગ્ધ તથા મિષ્ટ અન્ન બીજા સાધુઓને આપવું, ૧૮ ગુરૂને જેવો તેવો આપીને સરસ તથા સ્નિગ્ધ આહાર પોતે વાપરવો, ૧૯ ગુરૂ બોલાવે ત્યારે સાંભળીને પણ અણસાંભળ્યાની પેઠે ગુરૂને પાછો ઉત્તર ન આપવો, ૨૦ ગુરૂની સાથે ઘણું કર્કશ વચને તથા ઉંચે સ્વરે બોલવું, ૨૧ ગુરૂ બોલાવે ત્યારે પોતાને આસને બેસીનેજ ઉત્તર આપવો, ૨૨ ગુરૂ બોલાવે ત્યારે "કહો, શું છે? કોણ બોલાવે છે?" એવાં વિનયહીણ વચન બોલવાં, ૨૩ ગુરૂ કાંઇ કાર્ય કરવાને કહે, ત્યારે "તમે કેમ કરતા નથી?" એવો ઉત્તર આપવો, ૨૪ ગુરૂ કહે કે "તમે સમર્થ છો, પર્યાયે (દીક્ષાએ) લઘુ છો, માટે વૃદ્ધ ગ્લાનાદિકનું વૈયાવૃત્ય કરો." ત્યારે "તમે પોતે કેમ નથી કરતા? તમારા બીજા શિષ્ય લાભના અર્થી નથી? તેમની પાસે કરાવો." વગેરે ઉત્તર આપવો, ૨૫ ગુરૂ ધર્મકથા કહે ત્યારે નાખુશ થાય, ૨૬ ગુરૂ સૂત્ર આદિનો પાઠ આપે, ત્યારે "એનો અર્થ તમને બરાબર સાંભરતો નથી. આનો એવો અર્થ નથી, આવોજ છે." એવાં વચન બોલવાં, ૨૭ ગુરૂ કાંઇ કથા આદિ કહેતા હોય તો પોતે પોતાનું ડહાપણ બતાવવાને અર્થે "હું કહું?" એમ કહીને કથામાં ભંગ પાડવો, ૨૮ પર્ષદા રસથી ધર્મકથા સાંભળતી હોય, ત્યારે "ગોચરીનો સમય થયો" વગેરે વચન કહી પર્ષદાનો ભંગ કરવો, ૨૯ પર્ષદા ઉઠતાં પહેલાં પોતાની ચતુરાઈ જણાવવાને અર્થે ગુરૂએ કહેલીજ કથા વિશેષ વિસ્તારથી કહેવી, ૩૦ ગુરૂની શય્યા,

આસન, સંથારો વગેરે વસ્તુને પગ લગાડવો, ૩૧ ગુરૂની શય્યા વગેરે ઉપર બેસવું, ૩૨ ગુરૂ કરતાં ઉંચે આસને બેસવું, ૩૩ ગુરૂ સમાન આસને બેસવું. આવશ્યકચૂર્ણિ આદિ ગ્રંથમાં તો ગુરૂ ધર્મકથા કહેતા હોય, ત્યારે વચ્ચે "હાજી, આ એમજ છે" એમ શિષ્ય કહે તો તે એક જૂદી આશાતના ગણી છે, અને ગુરૂથી ઉંચે અથવા સરખે આસને બેસવું એ બન્ને મળી એકજ આશાતના ગણી છે. આ રીતે ગુરૂની તેત્રીશ આશાતનાઓ છે.

હવે ગુરૂની ત્રિવિધ આશાતના ગણાય છે, તે એ છે કેઃ—૧ ગુરૂને શિષ્યના પગ આદિથી સંઘટ્ટ થાય તો જઘન્ય આશાતના થાય, ૨ ગુરૂને શિષ્યના સળેખમ થૂંક આદિનો સ્પર્શ થાય તો મધ્યમ આશાતના થાય, અને ૩ ગુરૂની આજ્ઞા ન પાળવી, પણ તેથી ઉલટું કરવું, ગુરૂની આજ્ઞા ન સાંભળવી, તથા કઠોર વચન બોલવાં વગેરેથી ઉત્કૃષ્ટ આશાતના થાય.

સ્થાપનાચાર્યજીની આશાતના ત્રણ પ્રકારની છે. તે એ છે કેઃ—૧ સ્થાપનાચાર્યજીને આમ તેમ ફેરવે, અથવા પગ આદિ લગાડે તો જઘન્ય આશાતના થાય, ૨ ભૂમી ઉપર પાડે, અથવા તિરસ્કારથી મૂકી દે તો મધ્યમ આશાતના, થાય અને ૩ ગુમાવે અથવા ભાગી નાંખે તો ઉત્કૃષ્ટ આશાતના થાય. જ્ઞાનોપકરણની પેઠે રજોહરણ, મુહપત્તિ, દાંડો, દાંડી, આદિ દર્શનનાં અને ચારિત્રનાં ઉપકરણની પણ આશાતના વર્જવી. કારણ કે, "**नाणाइति**" એવા વચનથી જ્ઞાનોપકરણની પેઠે દર્શનોપકરણની અને ચારિત્રોપકરણની પણ ગુરૂને સ્થાનકે સ્થાપના થાય છે, માટે વિધિથી વાપરવા કરતાં વધારે વાપરી તેની આશાતના ન કરવી. શ્રીમદ્દાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે—પોતાનું આસન, ઉત્તરાસંગ, રજોહરણ અથવા દાંડો અવિધિથી વાપરે તો, એક ઉપવાસનું આલોયણ આવે છે. માટે શ્રાવકોએ પણ ચરવળો મુહપતિ વગેરે ઉપગરણ વિધિથી વાપરવાં, અને બરાબર પોત પોતાને સ્થાનકે રાખવાં. એમ ન કરે તો ધર્મની અવજ્ઞા આદિ કર્યાનો દોષ માથે આવે. એ આશાતનાઓમાં ઉત્સૂત્ર વચન, અરિહંતની અથવા ગુરૂ આદિની અવજ્ઞા વગેરે ઉત્કૃષ્ટ આશાતના સાવદ્ય આચાર્ય, મરિચી, જમાલિ, કૂલવાલક આદિને જેમ અનંતસંસારી કરનારી થઇ, તેમ અનંતસંસારની કરનારી જાણવી. કહ્યું છે કે— "ઉત્સૂત્ર વચન બોલનારનું સમકિત નાશ થાય છે, અને તે

અનંત સંસારી થાય છે. માટે ધીર પુરૂષો પ્રાણત્યાગ થાય તોપણ ઉત્સૂત્ર વચન બોલતા નથી. તીર્થંકર ભગવાન્, ગણધર, પ્રવચન, શ્રુત, આચાર્ય અથવા બીજા કોઇ મહર્દ્ધિક સાધુ આદિ એમની આશાતના કરનારો અનંતસંસારી થાય છે.

એવીજ રિતે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય અને વસ્ત્ર પાત્રાદિ ગુરૂદ્રવ્ય એમનો નાશ કરે, અથવા નાશ થતો હોય તો ઉપેક્ષા વગેરે કરે, તો પણ મ્હોટી આશાતના લાગે છે. વળી કહ્યું છે કે—ચૈત્યદ્રવ્યનો ભક્ષણાદિકથી નાશ કરવો, ચારિત્રીયા મુનિરાજનો ઘાત કરવો, પ્રવચનનો ઉડ્ડાહ કરવો અને સાધ્વીના ચતુર્થવ્રતનો ભંગ કરવો એટલાંવાનાં કરનારો સમકિતના લાભરૂપ વૃક્ષના મૂળમાં અગ્નિ મૂકે છે. ઇહાં વિનાશ શબ્દથી ચૈત્યદ્રવ્યનું ભક્ષણ અને ઉપેક્ષા કર્યાનું સમજવું. શ્રાવકદિનકૃત્ય, દર્શનશુદ્ધિ ઇત્યાદિ ગ્રંથમાં કહ્યું છે કે—જે મૂઢમતિ શ્રાવક ચૈત્યદ્રવ્યનો અથવા સાધારણ દ્રવ્યનો ભક્ષણાદિકથી વિનાશ કરે, તેને ધર્મતત્વનું જ્ઞાન થાય નહીં, અથવા તે નરકગતિનું આયુષ્ય બાંધે. ચૈત્યદ્રવ્ય પ્રસિદ્ધ છે. તેમજ શ્રીમાન્ શ્રાવકોએ પુસ્તક લખાવવાં, નિર્ધન અનાથ શ્રાવકોને સહાય કરવી. ઇત્યાદિ સાધારણ ધર્મકૃત્ય કરવા માટે આપેલું દ્રવ્ય, તે સાધારણ દ્રવ્ય જાણવું. નવું (રોકડ આવેલું) દ્રવ્ય અને મંદિરના કામમાં વાપરી પાછી ઉપાડી રાખેલી ઇંટો, લાકડાં, પત્થર આદિ વસ્તુ એવા બે પ્રકારના ચૈત્યદ્રવ્યનો નાશ થતો હોય, અને જો તેની સાધુ ઉપેક્ષા કરે તો, તેને પણ સિદ્ધાંતમાં તીર્થંકરાદિકે અનંતસંસારી કહ્યા છે. મૂળ અને ઉત્તર ભેદથી પણ બે પ્રકારનું ચૈત્યદ્રવ્ય કહ્યું છે. તેમાં સ્તંભ કુંભી વગેરે મૂળદ્રવ્ય અને છાપરૂં વગેરે ઉત્તર દ્રવ્ય જાણવું. અથવા સ્વપક્ષ અને પરપક્ષ એ બે ભેદથી બે પ્રકારનું ચૈત્યદ્રવ્ય જાણવું. તેમાં શ્રાવકાદિક સ્વપક્ષ અને મિથ્યાદૃષ્ટિ આદિ પરપક્ષ જાણવો. સર્વ સાવદ્યવિરત સાધુ પણ ચૈત્યદ્રવ્યની ઉપેક્ષા કરવાથી જો અનંતસંસારી થાય છે, તો પછી શ્રાવક થાય એમાં તો શું આશ્ચર્ય!

શંકાઃ—ત્રિવિધ ત્રિવિધે સર્વ સાવદ્યનું પચ્ચખાણ કરનાર સાધુને, ચૈત્યદ્રવ્યની રક્ષા કરવાનો અધિકાર શી રીતે આવે છે?

સમાધાનઃ—જો સાધુ રાજા, મંત્રી વગેરે પાસે માગણી કરીને ઘર, દુકાન, ગામ વગેરે મંદિર ખાતે અપાવી આદાન કર્મથી ચૈત્યદ્રવ્યમાં નવો ઉમેરો કરે, તો તે સાધુને દોષ લાગે. કારણ કે, એવાં સાવદ્ય કામ કરવાનો સાધુને અધિકાર નથી. પણ કોઇ ભદ્રક જીવે ધર્માદિકને અર્થે પૂર્વે આપેલા અથવા બીજા ચૈત્યદ્રવ્યનો વિનાશ થતો હોય તો તેનું જો સાધુ રક્ષણ કરે, તો કાંઇ દોષ નથી. એટલુંજ નહીં પણ એમ કરવામાં જિનાજ્ઞાની સમ્યક્ પ્રકારે આરાધના થતી હોવાથી સાધુધર્મને ઉલટી પુષ્ટી મળે છે. જેમ સાધુ નવું જિનમંદિર કરાવે નહીં, પણ પૂર્વે કરેલા જિનમંદિરનું તેના શત્રુને યોગ્ય શિક્ષા કરી રક્ષણ કરે, તો તે સાધુને કાંઇ પ્રાયશ્ચિત્ત લાગતું નથી, અથવા સર્વ સાવદ્યવિરતિ રૂપ પ્રતિજ્ઞાને પણ બાધ આવતો નથી. તેમ ચૈત્યદ્રવ્યની રક્ષામાં પણ જાણવું. આગમમાં પણ એવીજ વ્યવસ્થા છે. શંકાકાર કહે છે કે—"જિનમંદિર સંબંધી ક્ષેત્ર, સુવર્ણ, ગામ, ગાય વગેરે વસ્તુના સંબંધમાં આવનાર સાધુને ત્રિકરણશુદ્ધિ શી રીતે થાય?" ઉત્તરમાં સિદ્ધાંતી કહે છે કે—"અહિં એ વાત છે, જો સાધુ મંદિર સંબંધી વસ્તુ પોતે માગે તો તેને ત્રિકરણ શુદ્ધિ ન થાય, જો કોઇ એ (ચૈત્ય સંબંધી) વસ્તુ હરણ કરે, અને તે બાબતની જો સાધુ ઉપેક્ષા કરે, તો તેની ત્રિકરણ શુદ્ધિ ન થાય; એટલુંજ નહિં પણ ચૈત્યદ્રવ્ય હરણોપેક્ષા રૂપ અભક્તિ પણ થાય. માટે કોઇને પણ હરણ કરતાં અવશ્ય વારવો જોઇએ, કારણ કે, સાધુઓને સર્વ શક્તિએ સંઘની સાથેજ સંબંધ છે. ચારિત્રી હોય કે અચારિત્રી હોય, પરંતુ સર્વેને સંઘની સાથે કાર્ય તો છેજ.

તેમજ પોતે ચૈત્યદ્રવ્ય ખાનારો, બીજા ખાનારની ઉપેક્ષા કરનારો અને અંગ ઉપર ઉધાર આપીને કિંવા બીજી રીતે ચૈત્યદ્રવ્યનો નાશ કરનારો અથવા કિયું કામ થોડા દ્રવ્યમાં થાય? અને કિયા કામને ઘણું દ્રવ્ય લાગે? એ વાતની ખબર ન હોવાથી મતિમંદપણાને લીધે ચૈત્યદ્રવ્યનો નાશ કરનારો અથવા ખોટું નામું લખનારો શ્રાવક પાપકર્મે લોપાય છે, દેવદ્રવ્યની આવકમાં ભંગ આવે એવું કોઇ પણ કૃત્ય કરે, અથવા પોતે આપવા કબૂલ કરેલું દેવદ્રવ્ય ન આપે, તથા દેવદ્રવ્ય ભક્ષણ કરનારની ઉ-

પેક્ષા કરે, તો પણ તે સંસારમાં ભમે છે. કેવળિભાષિત ધર્મની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન દર્શનના ગુણની પ્રભાવના કરનાર એવા જો ચૈત્યદ્રવ્યનું ભક્ષણ કરે, તો અનંતસંસારી થાય. દેવદ્રવ્ય હોય તો મંદિરની સારસંભાળ તથા હમેશાં પૂજા, સત્કાર થવાનો સંભવ છે. ત્યાં મુનિરાજનો પણ યોગ મળી આવે છે. તેમનું વ્યાખ્યાન સાંભળવાથી કેવળિભાષિત ધર્મની વૃદ્ધિ અને જ્ઞાન દર્શનના ગુણની પ્રભાવના થાય છે. કેવળિભાષિત ધર્મની વૃદ્ધિ કરનારા અને જ્ઞાન દર્શનના ગુણોની પ્રભાવના કરનારા દેવદ્રવ્યનું જે રક્ષણ કરે, તે પરિમિત (અલ્પ) સંસારી થાય. કેવળિભાષિત ધર્મની વૃદ્ધિ કરનારા અને જ્ઞાન દર્શનના ગુણોની પ્રભાવના કરનારા દેવદ્રવ્યની, પૂર્વનું હોય તેનું રક્ષણ તથા નવાનો ઉમેરો કરી જે વૃદ્ધિ કરે, તે કેવળિભાષિત ધર્મની અતિશય ભક્તિ કરવાથી તીર્થંકરપણું પામે. પંદર કર્માદાન તથા બીજા નિંદ્ય વ્યાપાર વર્જીને સારા વ્યવહારથી તથા ન્યાયમાર્ગેજ દેવદ્રવ્યનો વૃદ્ધિ કરવી. કહ્યું છે કે—મોહથી મુઝાયલા કેટલાક અજ્ઞાની લોકો જિનેશ્વર ભગવાનની આણાથી વિપરીત માર્ગે દેવદ્રવ્યની વૃદ્ધિ કરતા ઉલટા સંસાર સમુદ્રમાં ડૂબે છે. "શ્રાવક શિવાય બીજા લોકો પાસેથી બદલામાં વધારે વસ્તુ રખાવી તથા વ્યાજ પણ વધારે લઇ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી ઉચિત છે" એવો કેટલાક લોકોનો અભિપ્રાય છે. સમ્યકત્ત્વવૃત્તિ આદિ ગ્રંથોમાં સંકાશની કથાને વિષે એમજ કહ્યું છે. દેવદ્રવ્યના ભક્ષણ રક્ષણ ઉપર સાગરશ્રેષ્ઠીનું દૃષ્ટાંત નીચે આપ્યું છે:—

સાકેતપુર નામના નગરમાં અરિહંતનો ભક્ત એવો સાગર શ્રેષ્ઠી નામનો એક સુશ્રાવક રહેતો હતો. ત્યાંના બીજા સર્વ શ્રાવકોએ સાગર શ્રેષ્ઠીને સુશ્રાવક જાણી સર્વ દેવદ્રવ્ય સોંપ્યું, અને કહ્યું કે "મંદિરનું કામ કરનારા સૂતાર આદિને આ દ્રવ્ય આપતા રહેજો" પછી સાગર શ્રેષ્ઠીએ લોભથી દેવદ્રવ્ય વાપરીને ધાન્ય, ગોળ, ઘી, તેલ, કપડાં આદી ઘણી ચીજો વેચાથી લઇ મૂકી, અને તે સૂતાર વગેરેને રોકડનાણું ન આપતાં તેના બદલામાં ધાન્ય, ગોળ, ઘી આદી વસ્તુ મોંઘે ભાવે આપે, અને એમ કરતાં લાભ મળે તે પોતે રાખે. એમ કરતાં તેણે રૂપિયાના એશીમા ભાગ રૂપ એક હજાર કાંકણીનો લાભ લીધો, અને તેથી મહાઘોર પાપકર્મ ઉપા-

જર્યું. તેની આલોચના ન કરતાં મરણ પામી સમુદ્રની અંદર જળમનુષ્ય થયો. ત્યાં જાલ રત્નના ગ્રાહકોએ જળના અને જલચર જીવોના ઉપદ્રવને ટાળનાર અંડગોલિકાનું ગ્રહણ કરવાને અર્થે તેને વજ્રઘરટ્ટમાં પીલ્યો. તે મહા વ્યથાથી મરણ પામી ત્રીજી નરકે નારકી થયો. વેદાંતમાં પણ કહ્યું છે કે—દેવદ્રવ્યથી તથા ગુરૂદ્રવ્યથી થએલી દ્રવ્યની વૃદ્ધિ પરિણામે સારી નથી. કેમકે, તેથી ઇહલોકે કુલ નાશ અને મરણ પછી નરક ગતિ થાય છે. નરકમાંથી નીકળીને પાંચસે ધનુષ્ય લાંબો મહામત્સ્ય થયો. તે ભવે કોઇ દ્વેષથી તેના સર્વાંગે છેદ કરી મહા કદર્થના કરી. તેથી મરણ પામી ચોથી નરકે નારકી થયો. એમ એકેક અથવા બે બે ભવ વચ્ચે કરીને સાતે નરકોમાં બે બે વાર ઉત્પન્ન થયો. પછી તે સાગર શ્રેષ્ઠીના જીવે એક હજાર કાંકણી જેટલા દેવદ્રવ્યનો ઉપભોગ કર્યો હતો, તેથી લાગટ તથા આંતરાથી શ્વાન, ભૂંડ, ભેંસ, બોકડો, ઘેટો, હરિણ, સસલો, સાબર, શિયાળિયો, બિલાડી, ઉંદર, નોળિયો, કરોળિયો, ગિરોલી, ઘો, સર્પ, વીંછી, વિષ્ઠાના કૃમિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, શંખ, છીપ, જળો, કીડી, કીડા, પતંગ, માખી, ભમરો, મચ્છર, કાચબો ગર્દભ, પાડો, બળદ, ઉંટ, ખચ્ચર, ઘોડો, હાથી વગેરે જીવયોનિમાં પ્રત્યેક જીવયોનિએ એકેક હજાર વાર ઉત્પન્ન થઇ સર્વ મળી લાખો ભવ સંસારમાં ભમતાં પૂરા કર્યા. પ્રાયે સર્વ ભવે શસ્ત્રઘાત આદિ મહા વ્યથા સહન કરીને તે મરણ પામ્યો. પછી ઘણું ખરૂં પાપ ક્ષીણ થયું, ત્યારે વસંતપુર નગરમાં ક્રોડપતિ વસુદત્ત શ્રેષ્ઠીથી તેની સ્ત્રી વસુમતિની કૂખે પુત્રપણે ઉત્પન્ન થયો. તે ગર્ભમાં છતાંજ વસુદત્ત શ્રેષ્ઠીનું સર્વ દ્રવ્ય નાશ પામ્યું. પુત્ર અવતર્યો તેજ દિવસે વસુદત્ત શ્રેષ્ઠી મરણ પામ્યો, અને તેને પાંચમું વર્ષ બેસતાં વસુમતી પણ દેવગત થઇ. તેથી લોકોએ તેનું " નિષ્પુણ્યક " એવું નામ પાડ્યું. કોઇ રાંકની પેઠે જેમ તેમ નિર્વાહ કરી તે વૃદ્ધિ પામ્યો.

એક દિવસે તેનો મામો તેને સ્નેહથી પોતાને ઘેર લઇ ગયો. દૈવયોગે તેજ દિવસની રાત્રીએ મામાનું ઘર પણ ચોરોએ લૂટ્યું. એમ જેને જેને ઘેર તે એક દિવસ પણ રહ્યો, તે સર્વને ત્યાં ચોર, ધાડ, અગ્નિ વગેરે ઉપદ્રવ થયો. કોઇ ઠેકાણે તો ઘરધણીજ મરણ પામ્યો. પછી " આ પારેવાનું

બચ્યું છે ? કે બળતી ગાડરી છે ? અથવા મૂર્ત્તિમાન્ ઉત્પાત છે ? " એવી રીતે લોકો તેની નિંદા કરવા લાગ્યા. તેથી ઉદ્વેગ પામી તે નિષ્પુણ્યક નામા સાગર શ્રેષ્ઠીનો જીવ બહુ દેશાંતરે ભમતાં તામ્રલિપ્તિ નગરીએ ગયો. ત્યાં વિનયધર શ્રેષ્ઠીને ત્યાં ચાકરપણે રહ્યો. તેજ દિવસે વિનયધર શ્રેષ્ઠીનું ઘર સળગ્યું. તેથી તેણે પોતાના ઘરમાંથી હડકાયલા શ્વાનની પેઠે તેને કાઢી મૂક્યો. પછી શું કરવું ? તે ન સૂઝવાથી પૂર્વભવે ઉપાર્જેલા દુષ્કર્મની નિંદા કરવા લાગ્યો. કહ્યું છે કે—સર્વે જીવ સ્વવશપણે કર્મ કરે છે, પણ તે ભોગવવાનો અવસર આવે ત્યારે પરવશ થઇને ભોગવે છે. જેમ માણસ પોતાની સ્વતંત્રતાથી વૃક્ષ ઉપર ચઢી જાય છે, પણ પડવાનો સમય આવે ત્યારે પરવશ થઇને નીચે પડે છે. નિષ્પુણ્યક " યોગ્ય સ્થાનનો લાભ ન થવાથી ભાગ્યના ઉદયને હરકત આવે છે. " એમ વિચારી સમુદ્રતીરે ગયો, અને ધનાવહ શ્રેષ્ઠીની ચાકરી કરવી કબૂલ કરી તેજ દિવસે વહાણ ઉપર ચઢયો, શ્રેષ્ઠીની સાથે ક્ષેમ કુશળથી પરદ્વીપે ગયો, અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, " મ્હારૂં ભાગ્ય ઉઘડયું ! કારણ કે, હું અંદર બેઠા પછી પણ વહાણ ભાગ્યું નહીં. અથવા મ્હારૂં દુર્દૈવ આ વખતે પોતાનું કામ ભૂલી ગયું. રખેને પાછા વળતાં તેને તે યાદ આવે ! " નિષ્પુણ્યકના મનમાં આવેલી કલ્પના ખરી કરવાને અર્થેજ કે શું ? તેના દુર્દૈવે લાકડીનો પ્રહાર કરીને, જેમ ઘડાના સેંકડો કડકા કરે, તેમ પાછા વળતાં તે વહાણના કડકા કર્યા. દૈવયોગથી નિષ્પુણ્યકને હાથે પાટિયું આવી ગયું તેની મદદથી તે સમુદ્ર કાંઠાના એક ગામે આવ્યો, અને ત્યાંના કોટવાલના આશ્રય તળે રહ્યો.

એક દિવસે ચોરોએ કોટવાલના ઘર ઉપર ધાડ પાડી અને નિષ્પુણ્યકને કોટવાલનો પુત્ર જાણી પકડી બાંધીને તેઓ પોતાની પલ્લીએ લઇ ગયા. તેજ દિવસે બીજા કોઇ પલ્લીપતિએ ધાડ પાડી તે પલ્લીનો મૂળથી નાશ કર્યો. પછી તે ચોરોએ પણ તે નિષ્પુણ્યકને કમનશીબ જાણીને કાઢી મૂક્યો. કહ્યું છે કે—એક માથે ટાળવાળો પુરૂષ માથે તડકો લાગવાથી ઘણોજ તપી ગયો, અને શીતળ છાયાની ઇચ્છાથી દૈવયોગે નિલાના ઝાડની નીચે જઇ પહોંચ્યો. ત્યારે ત્યાં પણ ઉપરથી પડતા એક મ્હોટા બિલીના ફળથી

તેનું માથું " કડાક " શબ્દ કરી ભાગ્યું. મતલબ એ છે કે, કમનશીબ પુરૂષ જ્યાં જાય, ત્યાં આપદા પણ તેની સાથેજ આવે છે. આ રીતે જૂદા જૂદા નવસો નવાણું સ્થળોના વિષે ચોર, જળ અગ્નિ, સ્વચક્ર, પરચક્ર મરકી આદિ અનેક રોગ થવાથી તે નિષ્પુણ્યકને લોકોએ કાઢી મૂક્યો. ત્યારે તે મહા દુઃખી થઇ એક મ્હોટી અટવીમાં આરાધક જનોને પ્રત્યક્ષ ફળ આપનારા સેલક નામા યક્ષને મંદિરે આવ્યો. પોતાનું સર્વ દુઃખ યક્ષ આગળ કહી એકચીત્તથી તેની આરાધના કરવા લાગ્યો. એક દિવસ ઉપવાસ કરવાથી પ્રસન્ન થએલા યક્ષે તેને કહ્યું કે, " દરરોજ " સંધ્યા સમયે મ્હારી આગળ સુવર્ણમય એક હજાર *ચંદ્રકને ધારણ કરનારો મોર નૃત્ય કરશે. તેનાં દરરોજ પડી ગએલાં પિચ્છા તમારે લેવાં." યક્ષના આવા વચનથી ખુશી થયેલા નિષ્પુણ્યકે કેટલાંક પિચ્છા સંધ્યા સમયે પડી ગયાં, તે એકઠાં કર્યાં. એમ દરરોજ એકઠાં કરતાં નવસો પિચ્છાં ભેગાં થયાં. એકસો બાકી રહ્યાં. પછી નિષ્પુણ્યકે દુર્દૈવની પ્રેરણાથી મનમાં વિચાર્યું કે, " બાકી રહેલાં પિચ્છાં લેવાને માટે હવે કેટલા દિવસ આ જંગલમાં રહેવું ? માટે બધાં પિચ્છાં સામટાં એક મૂઠીથી પકડીને ઉખેડી લેવાં એ ઠીક. " એમ વિચારી તે દિવસે મોર નાચવા આવ્યો, ત્યારે એક મૂઠીથી તેનાં પિચ્છાં પકડવા ગયો. એટલામાં મોર કાગડાનું રૂપ કરીને ઉડી ગયો, અને પૂર્વે એકઠાં કરેલાં નવસો પિચ્છાં પણ જતાં રહ્યાં ! ખરૂં છે કે—દૈવની મર્યાદા ઉલ્લંઘીને જે કાર્ય કરવા જઇએ, તે સફળ થાય નહીં. જુઓ, ચાતકે ગ્રહણ કરેલું સરોવરનું જળ પેટમાં ન ઉતરતાં ગળામાં રહેલા છિદ્રથી બહાર જતું રહે છે. માટે " ધિક્કાર થાઓ મને ! કેમકે મેં ફોગટ એટલી ઉતાવળ કરી. " એમ દીલગીરી કરતા નિષ્પુણ્યકે આમ તેમ ભમતાં એક જ્ઞાની ગુરૂને દીઠા. તેમની પાસે જઇ વંદના કરી. તેણે તેમને પોતાના પૂર્વકર્મનું સ્વરૂપ પૂછ્યું. જ્ઞાનીએ પણ તેના પૂર્વભવનું સ્વરૂપ જેવું હતું તેવું પ્રકટપણે કહી દીધું. તે સાંભળી પૂર્વે દેવદ્રવ્ય ઉપર પોતાની આજીવિકા કરી તેનું પ્રાયશ્ચિત મુનિરાજ પાસે માગ્યું. મુનિ મહારાજે કહ્યું કે, " જેટલું દેવદ્રવ્ય તેં પૂર્વભવે વાપર્યું, તે કરતા વધારે દ્રવ્ય દેવદ્રવ્ય ખા-

* મોરના પીછ ઉપર નેત્રાકાર ચિન્હ હોય છે તેને ચંદ્રક કહે છે.

તામાં આપ, અને દેવદ્રવ્યની રક્ષા તથા તેની વૃદ્ધિ વગેરે યથાશક્તિ કર. એટલે તારૂં દુષ્કર્મ ટળશે, તથા પરિપૂર્ણ ભોગ, ઋદ્ધિ અને સુખનો લાભ થશે." તે સાંભળી નિષ્પુણ્યકે જ્ઞાની ગુરૂ પાસે નિયમ લીધો કે, "મેં પૂર્વભવે જેટલું દેવદ્રવ્ય વાપર્યું હોય, તે કરતાં હજારગણું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતે મ્હારાથી ન અપાય, ત્યાં સૂધી અન્ન વસ્ત્ર ચાલે, તે કરતાં વધારે દ્રવ્યનો સંગ્રહ ન કરવો." એવા નિયમની સાથે શુદ્ધ શ્રાવકધર્મ પણ તેણે ગુરૂની સાખે આદર્યો. તે દિવસથી માંડી તેણે જે જે વ્યવહાર કર્યો. તે સર્વમાં તેને બહુ દ્રવ્યનો લાભ થયો. જેમ જેમ લાભ થયો, તેમ તેમ તે માથે રહેલું દેવદ્રવ્ય ઉતારતો ગયો. પૂર્વભવે વાપરેલી એક હજાર કાંકિણીના બદલામાં દસ લાખ કાંકિણી તેણે થોડા દિવસમાં દેવદ્રવ્ય ખાતે આપી. દેવદ્રવ્યના ઋણમાંથી છૂટ્યા પછી ઘણું દ્રવ્ય ઉપાર્જીને તે પોતાને નગરે આવ્યો. સર્વે મ્હોટા શેઠોમા શેઠ થવાથી તે નિષ્પુણ્યક રાજાને પણ માન્ય થયો. પછી તે પોતે કરાવેલા તથા બીજા પણ સર્વ જિનમંદિરોની સાર સંભાળ પોતાની સર્વ શક્તિથી કરે, દરરોજ મ્હોટી પૂજા તથા પ્રભાવના કરાવે, અને દેવદ્રવ્યનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરી તેની યુક્તિથી વૃદ્ધિ કરે. એવા સત્કૃત્યથી ચિરકાલ પુણ્ય ઉપાર્જીને છેવટ તેણે જિનનામકર્મ બાંધ્યું. પછી તે નિષ્પુણ્યકે અવસરે દીક્ષા લઈ ગીતાર્થ થઈ યથાયોગ્ય ઘણી ધર્મદેશના આદિ દેવાથી જિનભક્તિ રૂપ પ્રથમ સ્થાનકની આરાધના કરી, અને તેથી પૂર્વે બાંધેલું જિનનામકર્મ નિકાચિત કર્યું. તે ઉપરાત સર્વાર્થસિદ્ધ મહા વિમાને દેવતાપણું તથા અનુક્રમે મહાવિદેહ ક્ષેત્રમાં અરિહંતની ઋદ્ધી ભોગવી સાગર શ્રેષ્ટીનો જીવ નિષ્પુણ્યક સિદ્ધ થયો. એવી રીતે દેવદ્રવ્ય ઉપર સાગર શ્રેષ્ટીની કથા કહી.

હવે જ્ઞાનદ્રવ્યના અને સાધારણ દ્રવ્યના વિષયમાં દૃષ્ટાંત કહીએ છીએ. ભોગપુર નગરમાં ચોવીસ ક્રોડ સોનઈયાનો ધણી **ધનાવહ** નામે શેઠ હતો, તથા **ધનવતી** નામે તેની સ્ત્રી હતી. તે સ્ત્રી ભર્તારને **કર્મસાર** અને **પુણ્યસાર** નામે બે સુંદર પુત્ર એક સાથે જન્મ્યા હતા. એક દિવસે ધનાવહ શ્રેષ્ટીએ કોઈ નિમિત્તિયાને પૂછ્યું કે, "મ્હારા બન્ને પુત્રો આગળ જતાં કેવા નીવડશે?" નિમિત્તિયાએ કહ્યું. "કર્મસાર જડ સ્વભાવનો અને

ઘણોજ મંદમતિ હોવાથી આડું અવળું ડાહાપણ વાપરીને ઘણા ઉદ્યમ કરશે; પણ પિતાનું સર્વ દ્રવ્ય ખોઇ દેવાથી અને નવું ન મેળવવાથી તે ઘણા કાળ સૂધી દુઃખી અને દરિદ્રી રહેશે. પુણ્યસાર પણ પિતાનું તથા પોતે નવું કમાએલું સર્વ દ્રવ્ય વારંવાર જતું રહેવાથી કર્મસાર જેવોજ દુઃખી થશે; તથાપિ પુણ્યસાર વેપાર વગેરે કળામાં બહુ ડાહ્યો થશે. બન્ને પુત્રોને પાછલી અવસ્થામાં ધન, સુખ, સંતતિ વગેરેની ઘણી સમૃદ્ધિ થશે."

શેઠે બન્ને પુત્રોને એક પછી એક સર્વ વિદ્યા તથા કળામાં નિપુણ એવા ઉપાધ્યાય પાસે ભણવાને અર્થે મૂક્યા. પુણ્યસાર સુખથી સર્વે વિદ્યાઓ ભણ્યો. કર્મસારને તો ઘણો પરિશ્રમ કરે છતે એક અક્ષર પણ આવડે નહીં. ઘણું શું કહીએ! લખતાં વાંચતાં વગેરે પણ ન આવડે. ત્યારે વિદ્યાગુરૂએ પણ "એ સર્વથા પશુ તુલ્યજ છે." એવો ઠરાવ કરી તેને ભણાવવાનું મૂકી દીધું. પછી બન્ને પુત્ર યુવાવસ્થામાં આવ્યા. ત્યારે મા બાપે ધન ઘણું હોવાથી સુખે મળેલી બે શેઠની પુત્રીઓની સાથે બન્ને જણાને ગાજતે વાજતે પરણાવ્યા. "માંહો માંહે કલહ ન થવો જોઇએ" એમ વિચારી ધનાવહ શેઠે એકેક પુત્રને બાર બાર ક્રોડ સોનૈયા જેટલો ભાગ વહેંચી આપી બન્ને પુત્રોને જૂદા રાખ્યા; અને ધનાવહ શેઠ પોતાની પત્ની સાથે દીક્ષા લઇ સ્વર્ગે ગયો.

હવે કર્મસાર પોતાના સ્વજન સંબંધીનું વચન ન માનતાં પોતાની કુબુદ્ધિથી એવા એવા વ્યાપાર કરવા લાગ્યો કે, જેમાં તેને પૈસે ટકે નુકશાનજ થયું. થોડા દિવસમાં પિતાએ આપેલા બાર ક્રોડ સોનૈયા તે ખોઇ બેઠો. પુણ્યસારના બારક્રોડ સોનૈયા તો ચોરોએ ખાતર પાડીને લૂટી લીધા. બન્ને ભાઇ દરિદ્રી થયા. સ્વજન સંબંધી આદિ લોકોએ તેમનું નામ પણ મૂકી દીધું. બન્ને જણાની સ્ત્રીઓ અન્ન વસ્ત્ર પણ ન મળવાથી પોતાને પિયર ગઇ. કહ્યું છે કે—લોકો ધનવંત પુરૂષની સાથે પોતાનું ખોટુંજ સગપણ જગતમાં દેખાડે છે, અને કોઇ નિર્ધન પુરૂષની સાથે ખરેખર અને નજીકનું સગપણ હોય તોપણ તેથી શરમાય છે. ધન જતું રહે છે, ત્યારે ગુણવાન્ પુરૂષને પણ તેના પરિવારના લોકો નિર્ગુણ માને છે, અને ચતુરતા આદિ ખોટા ગુણોની કલ્પના કરીને પરિવારના લોકો ધનવાન પુરૂષોનાં

ગીત ગાય છે. પછી "તમે બુદ્ધિહીણ તથા ભાગ્યહીણ છો." એમ લોકો ઘણી નિંદા કરવા લાગ્યા, ત્યારે લજ્જા પામીને તે બન્ને ભાઇ દેશાંતર ગયા. બીજો કાંઇ ઉપાય ન હોવાથી બન્ને જણા કોઇ મ્હોટા શેઠને ઘેર જૂદા જૂદા ચાકરી કરવા રહ્યા. જેને ઘેર કર્મસાર રહ્યો હતો. તે શેઠ કપટી અને અતિ કૃપણ હતો. ઠરાવેલો પગાર પણ આપે નહીં. "ફલાણે દિવસે આપીશ." એમ વારંવાર ઠગ્યા કરે. આમ હોવાથી કર્મસારે ઘણો વખત થયા છતાં કાંઇ પણ પૈસા એકઠા કર્યા નહીં. પુણ્યસારે તો થોડા ઘણા પૈસા ભેગા કર્યા અને તેનું પ્રયત્નથી રક્ષણ પણ કર્યું હતું, છતાં ધૂર્ત લોકો તે સર્વ હરણ કરી ગયા. પછી કર્મસાર જૂદા જૂદા ઘણા શેઠીઆની પાસે ચાકરીએ રહ્યો, તથા ડિમિયા, ભૂનિમાંથી દ્રવ્ય કાઢવાની વિદ્યા, સિદ્ધ રસાયન, રોહણાચલે ગમન કરવાને અર્થે મંત્રસાધન, ઇદંતી આદિ ઔષધીની શોધ ખોળ વગેરે કૃત્યો તેણે મ્હોટા આરંભથી અગીઆર વાર કર્યાં, તો પણ પોતાની કુબુદ્ધિથી તથા વિધિ વિધાનમાં વિપરીતપણું હોવાથી તે કિંચિત્માત્ર પણ ધન સંપાદન કરી શક્યો નહીં. ઉલટું ઉપર કહેલાં કામ કરતાં તેને નાનાવિધ દુઃખો ભોગવવાં પડ્યાં.

પુણ્યસારે તો અગીઆર વાર ધન મેળવ્યું, અને તેટલીજ વાર પ્રમાદાદિકથી ખોયું. છેવટ બન્ને જણા બહુ ખેદ પામ્યા, અને એક વહાણ ઉપર ચઢી રત્નદ્વીપે ગયા. ત્યાંનો ભક્ત જનોને સાક્ષાત્ ફળ દેખાડનારી એક દેવી આગળ "મૃત્યુ અંગીકાર કરી બન્ને જણા બેઠા. એમ કરતાં સાત ઉપવાસ થયા, ત્યારે આઠમે ઉપવાસે દેવીએ કહ્યું કે, "તમે બન્ને ભાગ્યશાલી નથી." દેવીનું વચન સાંભળી કર્મસાર ઊઠ્યો. એકવીસ ઉપવાસ થયા ત્યારે દેવીએ પુણ્યસારને તો ચિંતામણિ રત્ન આપ્યું. કર્મસાર પશ્ચાત્તાપ કરવા લાગ્યો, ત્યારે પુણ્યસારે કહ્યું. "ભાઇ ખેદ કરીશ નહી. આ ચિંતામણિરત્નથી તહારી કાર્યસિદ્ધિ થશે." પછી બન્ને ભાઇ આનંદ પામી પાછા વળ્યા, અને એક વહાણ ઉપર ચઢ્યા. રાત્રે પૂર્ણ ચંદ્રમાનો ઉદય થયો, ત્યારે મ્હોટા ભાઇએ કહ્યું, "ભાઇ! ચિંતામણિરત્ન કાઢ. આપણે જોઇએ કે, તે રત્નનું તેજ વધારે છે કે, ચંદ્રમાનું તેજ વધારે છે?" પછી વહાણના કાંઠા ઉપર બેઠેલા નહાના ભાઇએ દુર્દૈવની પ્રેરણાથી ચિં-

તામચિરત્ન હાથમાં લીધું, અને ક્ષણમાત્ર રત્ન ઉપર તથા ક્ષણમાત્ર ચંદ્રમા ઉપર એમ આમ તેમ દૃષ્ટિ ફેરવતાં તે રત્ન સાગરમાં પાડ્યું. તેથી પુણ્યસારના સર્વ મનોરથનો ભંગ થયો. પછી એક સરખા દુઃખી થએલા બન્ને ભાઇ પોતાને ગામે આવ્યા.

એક સમયે તેમણે બન્ને જણાએ જ્ઞાની મુનિરાજને પોતાનો પૂર્વભવ પૂછ્યો. ત્યારે જ્ઞાનીએ કહ્યું. "ચંદ્રપુર નગરમાં જિનદત્ત અને જિનદાસ નામે પરમ શ્રાવક શેઠ રહેતા હતા. એક સમયે શ્રાવકોએ ઘણું એકઠું થએલું જ્ઞાનદ્રવ્ય જિનદત્ત શેઠને અને સાધારણ દ્રવ્ય જિનદાસ શેઠને રાખવા માટે સોંપ્યું. તે બન્ને શેઠોએ સોંપેલા દ્રવ્યની ઉત્તમ પ્રકારે રક્ષા કરતા હતા. એક દિવસે જિનદત્ત શેઠે પોતાને માટે કોઇ લખનાર પાસે પુસ્તક લખાવ્યું, અને પાસે બીજું દ્રવ્ય ન હોવાથી 'એ પણ જ્ઞાનનુંજ કામ છે' એમ વીચારી જ્ઞાનદ્રવ્યમાંથી બાર *દ્રમ્મ લખનારને આપ્યા.

જિનદાસ શેઠે તો એક દિવસે વિચાર કર્યો કે, "સાધારણ દ્રવ્ય તો સાતેક્ષેત્રે વપરાય છે, તેથી શ્રાવકથી પણ એ વાપરી શકાય એમ છે, અને હું પણ શ્રાવક છું. માટે હું મ્હારા કામને અર્થે વાપરૂં તો શી હરકત છે?" એમ વિચારી કાંઇ ઘણું જરૂરનું કામ પડવાથી અને પાસે બીજું નાણું ન હોવાથી તેણે સાધારણ દ્રવ્યમાંના બાર દ્રમ્મ ઘરમકામમાં વાપર્યા. પછી તે બન્ને જણા કાળક્રમે મરણ પામી તે પાપથી પહેલી નરકે ગયા. વેદાંતિઓએ પણ કહ્યું છે કે—પ્રાણ કંઠગત થાય, તો પણ સાધારણ દ્રવ્યનો અભિલાષ ન કરવો. અગ્નિથી બળી ગએલ ભાગ રૂઝે છે, પણ સાધારણ દ્રવ્યના ભક્ષણથી જે દઝાણો તે પાછો રૂઝતો નથી. સાધારણ દ્રવ્ય, દરિદ્રીનું ધન, ગુરૂની સ્ત્રી અને દેવદ્રવ્ય એટલી વસ્તુ ભોગવનારને તથા બ્રહ્મહત્યા કરનારને સ્વર્ગમાંથી પણ નીચે ઉતારે છે. નરકમાંથી નીકળીને તે બન્ને જણા સર્પ થયા. ત્યાંથી નીકળી બીજી નરકે નારકી થયા. ત્યાંથી નીકળી ગીધ પક્ષી થયા. પછી ત્રીજી નરકે ગયાં. એ રીતે એક અથવા બે ભવ આંતરામાં કરીને સાતે નરકમાં ગયા. પછી એકેંદ્રિય,

* વીશ કોડીયે એક કાંકિણી, ચાર કાંકિણીયે એક પણ, અને તેવા સોળ પણે એક દ્રમ્મ થાય.

બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય અને પંચેંદ્રિય તથા તિર્યંચોનિમાં બાર હજાર ભવ કરી તેમાં ઘણુંજ આશાતના વેદનીય કર્મ ભોગવી ઘણું ખરૂં પાપ ક્ષીણ થયું, ત્યારે જિનદત્તનો જીવ કર્મસાર અને જિનદાસનો જીવ પુણ્યસાર એવા નામથી તમે ઉત્પન્ન થયા બાર દ્રમ્મ દ્રવ્ય વાપર્યું હતું, તેથી તમારે બન્ને જણાને બાર હજાર ભવમાં ઘણું દુઃખ ભોગવવું પડયું. આ ભવમાં પણ બારક્રોડ સોનૈયા જતા રહ્યા. બાર વાર ઘણો ઉદ્યમ કર્યો તો પણ એકને બિલકુલ ધનલાભની પ્રાપ્તી થઇ નહીં, અને બીજાને જે દ્રવ્ય મળ્યું હતું, તે પણ જતું રહ્યું, તેમજ પારકે ઘેર દાસપણું તથા ઘણું દુઃખ ભોગવવું પડયું. કર્મસારને તો પૂર્વભવે જ્ઞાનદ્રવ્ય વાપરવાથી બુદ્ધિની ઘણીજ મંદતા વગેરે માઠું ફળ થયું."

મુનિરાજનું એવું વચન સાંભળી બન્ને જણાએ શ્રાવકધર્મનો અંગીકાર કર્યો, અને જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ દ્રવ્ય લીધાના પ્રાયશ્ચિત તરીકે કર્મસારે બાર હજાર દ્રમ્મ જ્ઞાન ખાતે તથા પુણ્યસારે બાર હજાર દ્રમ્મ સાધારણ ખાતે જેમ ઉત્પન્ન થતા જાય, તેમ આપવા એવો નિયમ લીધો. પછી પૂર્વભવના પાપનો ક્ષય થવાથી તે બન્ને જણાને પુષ્કળ નાણુ મળ્યું. તેમણે જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ દ્રવ્ય કબૂલ કર્યું હતું, તેટલું આપ્યું. તે ઉપરાંતે બન્ને ભાઇની પાસે થોડા વખતમાં બારક્રોડ સોનૈયા જેટલું ધન થયું. તેથી તે મ્હોટા શેઠ અને સુશ્રાવક થયા. તેમણે જ્ઞાનદ્રવ્યની તથા સાધારણ દ્રવ્યની સારી રક્ષા તથા વૃદ્ધિ વગેરે કરી. આરીતે ઉત્તમ પ્રકારે શ્રાવકધર્મની આરાધના કરી તથા અંતે દીક્ષા લઇ તે બન્ને જણા સિદ્ધ થયા. આ રીતે જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય ઉપર કર્મસારની અને પુણ્યસારની કથા કહી.

જ્ઞાનદ્રવ્ય, દેવદ્રવ્યની પેઠે શ્રાવકને નજ કલ્પે સાધારણદ્રવ્ય પણ સંઘે આપ્યું હોય તોજ વાપરવું કલ્પે, નહિ તો નહીં. સંઘે પણ સાધારણ દ્રવ્ય સાત ક્ષેત્રોને વિષેજ વાપરવું, પણ યાચકાદિકને આપવું નહીં. હાલના વ્યવહારથી તો જે દ્રવ્ય ગુરૂના *ન્યુંછનાદિકથી સાધારણ ખાતે એકઠું કરેલું હોય, તે શ્રાવક શ્રાવિકાઓને આપવાને કાંઇ પણ યુક્તિ

* ગુરૂની સન્મુખ ઉભા રહે તેમના ઉપરથી ઉતારા ભેટ તરીકે મૂકેલું.

દેખાતી નથી. અર્થાત્ તે દ્રવ્ય શ્રાવક શ્રાવિકાને અપાય નહીં. ધર્મશાળાદિકના કાર્યમાં તો તે શ્રાવકથી વપરાય. એવી રીતે જ્ઞાનદ્રવ્યમાંથી સાધુને આપેલા કાગળ પત્રાદિક શ્રાવકે પોતાના કામમાં ન વાપરવા, તેમજ અધિક નકરો આપ્યા વિના તેમાંથી પોતાને માટે પણ પુસ્તક ન લખાવવું. સાધુ સંબંધી મુહપત્તિ વગેરેનું વાપરવું પણ યોગ્ય નથી. કારણ કે, તે ગુરૂદ્રવ્ય છે માટે. સ્થાપનાચાર્ય અને નોકાર વાળી આદી તો પ્રાયે શ્રાવકોને આપવા માટેજ ગુરૂએ વોહરી હોય, અને તે ગુરૂએ આપી હોય તો તે વાપરવાનો વ્યવહાર દેખાય છે. ગુરૂની આજ્ઞા વિના સાધુ, સાધ્વીને, લેખક પાસે લખાવવું અથવા વસ્ત્ર સૂત્રાદિકનું વોહરવું પણ ન કલ્પે. ઇત્યાદિક વાત જાણવી. આ રીતે દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય આદિ થોડું પણ જો પોતાની આજીવિકાને અર્થે ઉપયોગમાં લે તો, તેનું પરિણામ દ્રવ્યના પ્રમાણ કરતાં ઘણુંજ મ્હોટું અને ભયંકર થાય છે. તે જાણીને વિવેકી લોકોએ થોડા પણ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનો ઉપભોગ સર્વ પ્રકારે વર્જવો. માટેજ માળ પહેરાવવી, પહેરામણી, ન્યુંછન ઇત્યાદિકનું કબૂલ કરેલું દ્રવ્ય તેજ વખતે આપવું. કદાચિત્ તેમ ન થઇ શકે તો જેમ શીઘ્ર અપાય, તેમ અધિક ગુણ છે. વિલંબ કરે તો વખતે દુર્દૈવથી સર્વ દ્રવ્યની હાનિ અથવા મરણ વગેરે થવાનો સંભવ છે, અને તેમ થાયતો સુશ્રાવકને પણ અવશ્ય નરકાદિ દુર્ગતિએ જવું પડે. આ વિષય ઉપર એવી વાત કહેવામાં આવે છે કે:—

મહાપુર નામે નગરમાં અરિહંતનો ભક્ત એવો રૂપભદ્રત્ત નામે મ્હોટો શ્રેષ્ઠી રહેતો હતો. તે કોઇ પર્વ આવે છતે મંદિરે ગયો. પાસે દ્રવ્ય ન હોવાથી ઉધાર ખાતે પહેરામણીનું દ્રવ્ય આપવાનું કબૂલ કર્યું. જૂદા જૂદા કામમાં વળી જવાથી તેનાથી કબૂલ કરેલું દેવદ્રવ્ય શીઘ્ર અપાયું નહીં. એક સમયે દુર્દૈવથી તેના ઘર ઉપર ધાડ પડી. શસ્ત્રધારી ચોરોએ ઘરમાં હતું તેટલું સર્વ દ્રવ્ય લૂટી લીધું, અને " શેઠ આગળ જતાં આપણને રાજદંડ વગેરે કરાવશે " એવો મનમાં ભય ઉત્પન્ન થવાથી તેમણે શસ્ત્ર પ્રહારથી રૂપભદ્રત્ત શ્રેષ્ઠીનો પ્રાણ લીધો. રૂપભદ્રત્તનો જીવ મરણ પામી તેજ મહાપુર નગરમાં નિર્દય, દરિદ્રી અને કૃપણ એવા એક પખાલીના ઘર પાડો અવતર્યો. તે નિત્ય જળાદિક ભાર ઘેર ઘેર ઉપાડે છે. તે નગર ઉંચું હતું, અને

નદી ઘણી ઉંડાણમાં હતી. તેથી ઉંચી ભૂમિ ચઢવાની, અહોરાત્ર ભાર ઉપાડવાનો અને આકરી ક્ષુધા તથા પીઠ ઉપર પડતો માર સહવાનો, એવા એવા કારણથી તે પાડાએ ગણ્યા કાળ સુધી મહા વેદના સહન કરી. એક દિવશે નવા બનાવેલા જિનમંદિરનો કોટ બંધાતો હતો, તેને માટે પાણી ઉપાડતાં જિનમંદિર તથા જિનપ્રતિમા આદી જોઇ તે પાડાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તે કોઇ પણ રીતે જિનમંદિર છોડીને જાય નહીં. પછી પૂર્વભવના પુત્રોએ જ્ઞાની ગુરૂના વચન ઉપરથી ભીસ્તીને દ્રવ્ય આપીને પાડાને છોડાવ્યો, અને તેણે પૂર્વભવે જેટલું દેવદ્રવ્ય આપવા કબૂલ કર્યું હતું, તે કરતાં હજારગણું દ્રવ્ય આપી પૂર્વભવના પોતાના પિતાને ઋણમાંથી મુક્ત કર્યો. પછી તે પાડો અનશન કરી સ્વર્ગે ગયો, અને અનુક્રમે મુક્તિ પામ્યો. આ રીત દેવદ્રવ્યાદિ આપતાં વિલંબ કરવા ઉપર ઋષભદત્ત શ્રેષ્ઠીનું દૃષ્ટાંત કહ્યું છે.

આમ કબૂલ કરેલું દેવાદિ દ્રવ્ય ક્ષણમાત્ર પણ ઘરમાં ન રાખવું. વિવેકી પુરૂષો બીજા કોઇનું દેવું હોય, તો પણ વ્યવહાર સાચવવાને અર્થે આપવાને વિલંબ નથી લગાડતા; તો પછી દેવાદિ દ્રવ્ય આપવાને વિલંબ શી રીતે લગાડાય ? તે કારણ માટે દેવ, જ્ઞાન,સાધારણ આદી ખાતામાં, માલ, પહેરામણી વગેરેનું જેટલું દ્રવ્ય જે ખાતે આપવા કબૂલ કર્યું હોય, તેટલું દ્રવ્ય તે ખાતાનું થયું. માટે તે શી રીતે ભોગવાય ? અથવા તે રકમથી ઉત્પન્ન થયેલુ વ્યાજ આદિ લાભ પણ શી રીતે લેવાય ? કારણ કે, તેમ કરે તો ઉપર કહેલો દેવાદિ દ્રવ્યોપભોગનો દોષ માથે આવે. માટે દેવાદિકનું દ્રવ્ય તત્કાળ આપવું. જેનાથી તત્કાળ આપવાનું ન બની શકે, તેણે પ્રથમથીજ પખવાડિયાની અથવા અઠવાડિયાની મુદત બાંધવી, અને મુદતની અંદર ઉઘરાણીની વાટ ન જોતાં પોતેજ આપી દેવું. મુદત વીતી જાય તો દેવાદિ દ્રવ્યોપભોગનો દોષ લાગે. દેવદ્રવ્યાદિકની ઉઘરાણી પણ તે કામ કરનાર લોકોએ પોતાના પૈસાની ઉઘરાણીની માફક તાબડતોબ અને બરાબર મન દઇને કરવી. તેમ ન કરે. અને આળસ કરે તો, વખતે દુર્દૈવના યોગથી દુર્ભિક્ષ, દેશનો નાશ, દારિદ્ર પ્રાપ્તિ ઇત્યાદિક થાય, તો પછી ગમે તેટલું કરે તોપણ ઉઘરાણી ન થાય અને તેથી મ્હોટો

દોષ લાગે. આ વિષય ઉપર એવું દૃષ્ટાંત છે કે:—

મહેંદ્ર નામા નગરમાં એક સુંદર જિનમંદિર હતું. તેમાં ચંદન, બરાસ, ફૂલ, ચોખા ફળ, નૈવેદ્ય, દીવો, તેલ, ભંડાર; પૂજનની સામગ્રી, પૂજનની રચના, મંદિરનું સમારવું, દેવદ્રવ્યની ઉઘરાણી, તેનું નામું લખવું, સારી યતનાથી દેવદ્રવ્ય રાખવું, તેના જમે ખરચનો વિચાર કરવો, એટલાં કામ કરવાને અર્થે શ્રીસંઘે દરેક કામમાં ચાર ચાર માણસ રાખ્યા હતા. તે લોકો પોત પોતાનું કામ બરાબર કરતા. એક દિવસે ઉઘરાણી કરનાર પૈકી નો મુખ્ય માણસ એક ઠેકાણે ઉઘરાણી કરવા ગયો, ત્યાં ઉઘરાણી ન થતાં ઉલટાં દેણદારના મુખમાંથી નીકળેલી ગાળો સાંભળવાથી તે મનમાં ઘણો ખેદ પામ્યો. અને તે દિવસથી તે ઉઘરાણીના કામમાં આલસ કરવા લાગ્યો, "જેવો ઉપરી તેવા તેના હાથ નીચેના લોકો હોય છે," એવો લોક વ્યવહાર હોવાથી તેના હાથ નીચેના લોકો પણ આળસ કરવા લાગ્યા તેટલામાં દેશનો નાશ વગેરે થવાથી ઉધાર રહેલું ઘણું દેવદ્રવ્ય નાશ પામ્યું. પછી તે કર્મના દોષથી ઉઘરાણી કરનારનો ઉપરી અસંખ્યાતા ભવ ભમ્યો. આ રીતે દેવદ્રવ્યની ઉઘરાણી કરવાના કામમાં આલશ કરવા ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

તેમજ દેવદ્રવ્ય આદી જે આપવાનું હોય તે સારૂં આપવું. ઘસાયલું અથવા ખોટું નાણું વગેરે ન આપવું કારણ કે, તેમ કરવાથી કોઇ પણ રીતે દેવદ્રવ્યાદિકનો ઉપભોગ કર્યાનો દોષ માથે આવે છે. તેમજ દેવ, જ્ઞાન, તથા સાધારણ દ્રવ્ય સંબંધી ઘર દુકાન, ક્ષેત્ર, વાડી, પાષાણ, ઇટ, કાષ્ટ, વાંસ, નળીયાં, માટી, ખડી આદી ચીજો તથા ચંદન, કેશર. બરાસ ફૂલ. છાબડીઓ, ચંગેરીઓ, ધૂપધાણું, કળશ, વાળાકુંચી, છત્ર સહિત સિંહાસન, ચામર, ચંદુઓ. ઝલ્લરી, ભેરી આદિ વાજિંત્ર, તંબૂ, કોડિયાં, પડદા, કાંબળ, સાદડી, કબાટ, પાટ, પાટલા અને પાટલીઓ, કૂંડી, ઘડા, ઓરસીઓ, કાજળ, જળ અને દીવા આદી વસ્તુ તથા મંદિરની શાળામાં થઇને નીકને માર્ગે આવેલું જળ વગેરે પણ પોતાના કામને માટે ન વાપરવું. કારણ કે, દેવદ્રવ્યની પેઠે તેના ઉપભોગથી પણ દોષ લાગે છે. ચામર, તંબૂ આદી વસ્તુ તો વાપરવાથી કદાચિત્ મલિન થવાનો તથા

તૂટવા ફાટવાનો પણ સંભવ છે, તેથી ઉપભોગ કરતાં પણ અધિક દોષ લાગે. કહ્યું છે કે ભગવાન્ આગળ દીવો કરીને તેજ દીવાથી ઘરનાં કામ ન કરવાં. તેમ કરે તો તિર્યંચ યોનિમાં જાય. એ ઉપર એવું દૃષ્ટાંત છે કેઃ—

ઇંદ્રપુર નગરમાં દેવસેન નામે એક વ્યવહારી હતો, અને ધનસેન નામે એક ઉંટસ્વાર તેનો સેવક હતો. ધનસેનના ઘરથી દરરોજ એક ઉંટડી દેવસેનને ઘેર આવતી. ધનસેન તેને મારી કૂટીને પાછી લઇ જાય, તો પણ તે સ્નેહને લીધે પાછી દેવસેનને ઘેરજ આવીને રહે. એમ થવા લાગ્યું ત્યારે દેવસેને તેને વેચાથી લઇને પોતાના ઘરમાં રાખી. કોઇ સમયે જ્ઞાની મુનિરાજને ઉંટડીના સ્નેહનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે, "એ ઉંટડી પૂર્વભવે તારી માતા હતી, એણે ભગવાન આગળ દીવો કરીને તેજ દીવાથી ઘરનાં કામ કર્યાં. ધુપધાણામાં રહેલા અંગારાથી ચૂલો સળગાવ્યો. તે પાપકર્મથી એ ઉંટડી થઇ. કહ્યું છે કે—જે મૂઢ મનુષ્ય ભગવાનને અર્થે દીવો તથા ધૂપ કરીને તેથીજ પોતાના ઘરનાં કામ મોહથી સાધે છે, તે વારંવાર તિર્યંચપણું પામે. આ રીતે તમારો બન્નેનો સ્નેહ પૂર્વભવના સંબંધથી આવેલો છે. એ રીતે ભગવાન્ આગળ કરેલો દીવો વાપરવા ઉપર દૃષ્ટાંત છે.

માટે દેવની આગળ કરેલા દીવાના પ્રકાશમાં કાગળ ન વંચાય, કાંઇ પણ ઘરનું કામ ન કરાય, તથા નાણું ન પરખાય, દેવ આગળ કરેલા દીવાથી પોતાને અર્થે બીજો દીવો પણ સળગાવવો નહીં. ભગવાન્ના ચંદનથી પોતાના કપાળાદિકમાં તિલક ન કરવું, ભગવાન્ના જળથી હાથ પણ ધોવાય નહીં. પોતાની મેળે નીચે પડેલી ભગવાન્ની ચઢાવેલી માળા આદી પણ પોતાના હાથે લેવાય છે. પરંતુ તે પ્રતિમા ઉપરથી ઉતારીને ન લેવાય. ભગવાન્નાં ભેરી, ઝલ્લરી વગેરે વાજિંત્ર પણ ગુરૂને અથવા સંઘને કામે વગાડાય નહીં. અહીં કેટલાંકનો મત એવો છે કે, કાંઇ તેવું જરૂરનું કામ હોય તો દેવનાં ભેરી આદી વાજિંત્ર વાપરવાં, પણ વાપરતાં પહેલાં તેના બદલામાં દેવદ્રવ્ય ખાતે મ્હોટો નકરો આંપવો. કહ્યું છે કે—જે મૂઢ પુરૂષ જિનેશ્વર મહારાજનાં ચામર, છત્ર, કળશ આદી ઉપકરણ પોતાને કામે કિમ્મત્ત આપ્યા વિના વાપરે, તે દુઃખી થાય. નકરો આ-

પોતે વાપરવા લીધેલાં વાજિંત્ર કદાચિત્ ભાગી તૂટી જાય તો પોતાના ગાંઠના પૈસાથી તે સમારી આપવાં. ઘરકામ સારૂ કરેલો દીવો દર્શન કરવાને અર્થેજ જો જિનેશ્વર ભગવાન્‌ની પ્રતિમા આગળ આણેલો હોય, તો તે તેટલા કારણથી દેવદીપ થતો નથી. પૂજાને અર્થેજ ભગવાન્ આગળ મૂકયો હોય તો, તે દેવદીપ થાય. મુખ્યમાર્ગથી તો દેવદીપને અર્થે કોડિયાં વગેરે જૂદાંજ રાખવાં, અને તેમાં પૂજાને અર્થે દીવો કર્યો હોય તો તેનાં કોડિયાં, બત્તી અથવા ઘી, તેલ પોતાને કામે ન વાપરવાં. કોઈ માણસે પૂજા કરનાર લોકોને હાથ પગ ધોવાને માટે મંદિરે જૂદું જળ રાખ્યું હોય, તો તે જળથી હાથ પગ ધોવાને કાંઇ હરકત નથી. છામડિઓ, ચંગેરી, ઓરસીયા આદી તથા ચંદન, કેશર, કપૂર, કસ્તૂરી આદી વસ્તુ પોતાની નિશ્રાએ રાખીનેજ દેવના કામમાં વાપરવી; પણ દેવની નિશ્રાએ ન રાખવી. કારણ કે, દેવની નિશ્રાએ ન રાખી હોય તો પોતાના ઘરમાં કાંઇ પ્રયોજન પડે તો તે વાપરી શકાય છે. એજ રીતે ભેરી, ઝલ્લરી આદી વાજિંત્ર પણ સાધારણ ખાતે રાખ્યું હોય તો તે સર્વ ધર્મકૃત્યોમાં વાપરી શકાય છે. પોતાની નિશ્રાએ રાખેલી તંબૂ, પડદા આદી વસ્તુ દેવમંદિર વગેરેમાં વાપરવાને અર્થે કેટલાક દિવસ સૂધી રાખી હોય તોપણ તેટલા કારણથી તે વસ્તુ દેવદ્રવ્યમાં ગણાય નહીં. કારણ કે, મનના પરિણામજ પ્રમાણભૂત છે. એમ ન હોય તો, પોતાના પાત્રમાં રહેલું નૈવેદ્ય ભગવાન્ આગળ મૂકે છે, તેથી તે પાત્ર પણ દેવદ્રવ્ય ગણવું જોઇએ. શ્રાવકે દેરાસર ખાતાની અથવા જ્ઞાનખાતાની ઘર, પાટ આદી વસ્તુ ભાડું આપીને પણ ન વાપરવી. કારણ કે, તેથી નિર્લજ્જપણું વગેરે દોષની પ્રાપ્તિ થાય છે. સાધારણ ખાતાની વસ્તુ સંઘની અનુમતિથી વાપરવી. તોપણ લોકવ્યવહારની રીતને અનુસરી ઓછું ન પડે એટલું ભાડું આપવું, અને તે પણ કહેલી મુદતની અંદર પોતેજ જઇને આપવું. તેમાં જો કદાચિત્ તે ઘરની ભીંત, કરા, આદી પૂર્વના હોય, તે પડી જવાથી પાછા સમારવા પડે તો તેમાં જે કાંઇ ખરચ થયું હોય, તે ભાડામાં વાળી લેવું. કારણ કે, તેવો લોકવ્યવહાર છે; પરંતુ જે પોતાને અર્થે એકાદ ભાળ નવો ચણાવ્યો હોય અથવા તે ઘરમાં બીજું કાંઈ નવું કર્યું હોય તો તેમાં જે ખરચ થયું

હોય, તે ભાડામાં વાળી લેવાય નહીં. કારણ કે, તેથી સાધારણ દ્રવ્યનો ઉપભોગ કરવાનો દોષ આવે છે. કોઇ સાધર્મીભાઈ માઠી અવસ્થામાં હોય, તો તે સંઘની સમ્મતિથી સાધારણ ખાતાના ઘરમાં વગર ભાડે રહી શકે. તેમજ બીજું સ્થાનક ન મળવાથી તીર્થાદિકને વિષે તથા જિનમંદિરમાંજ જો ઘણી વાર રહેવું પડે તથા નિદ્રા આદિ લેવી પડે તો જેટલું વાપરવામાં આવે, તે કરતાં પણ વધારે નકરો આપવો. થોડો નકરો આપે તો સાક્ષાત્ દોષજ છે. આ રીતે દેવ, જ્ઞાન અને સાધારણ એ ત્રણે ખાતાનાં વસ્ત્ર, નાળીયેર, સોના રૂપાની પાટી, કળશ, પુષ્પ, પકવાન્ન, સુખડી વગેરે વસ્તુ ઉજમણામાં, નંદિમાં અને પુસ્તકપૂજા વગેરે કૃત્યોમાં સારો નકરો આપ્યા વિના ન મૂકવી. 'ઉજમણા આદી કૃત્યો પોતાના નામથી મ્હોટા આડંબરે માંડ્યાં હોય તો લોકમાં ઘણી પ્રશંસા થાય' એવી ઇચ્છાથી થોડો નકરો આપીને ઘણી વસ્તુ મૂકવી એ યોગ્ય નથી. આ વાત ઉપર લક્ષ્મીવતીનું દૃષ્ટાંત છે જે નીચે લખ્યું છે:—

કોઇ લક્ષ્મીવતી નામે શ્રાવિકા ઘણી દ્રવ્યવાન, ધર્મિષ્ઠ અને પોતાની મ્હોટાઇ ઇચ્છનારી હતી. તે હમેશાં થોડો નકરો આપીને ઘણા આડંબરથી વિવિધ પ્રકારનાં ઉજમણાં આદી ધર્મકૃત્યો કરે, અને કરાવે. તથા મનમાં એમ જાણે કે, "હું દેવદ્રવ્યની વૃદ્ધિ તથા પ્રભાવના કરૂં છું." એવી રીતે શ્રાવકધર્મ પાળીને તે મરણ પામી ને સ્વર્ગે ગઈ. તોપણ બુદ્ધિપૂર્વક અપરાધના દોષથી ત્યાં નીચ દેવીપણે ઉત્પન્ન થઈ. કાળ વય થતાં સ્વર્ગથી ચ્યવી કોઇ ધનવાન તથા પુત્ર રહિત શેઠને ત્યાં માન્ય પુત્રીપણે ઉત્પન્ન થઈ. પણ તે ગર્ભમાં આવી ત્યારે ઔચિંતો પરચક્રનો મ્હોટો ભય આવ્યાથી તેની માતાનો સીમંતનો ઉત્સવ ન થયો. તથા જન્મોત્સવ, છઠીનો જાગરિકોત્સવ, નામ પાડવાનો ઉત્સવ આદી ઉત્સવ પિતાએ મ્હોટા આડંબરથી કરવાની તૈયારી કરી હતી, તોપણ રાજા તથા મંત્રી આદિ મ્હોટા લોકોના ઘરમાં શોક ઉત્પન્ન થવાથી તે ન થયા. તેમજ શેઠે રત્ન જડિત સુવર્ણના સર્વ અંગે પહેરાય એટલા અલંકાર ઘણા આદરથી કરાવ્યા હતા, તો પણ એરાદિકના ભયથી તે પુત્રી એક દિવસ પણ પહેરી શકી નહીં. તે મા બાપને તથા બીજા લોકોને પણ ઘણી માન્ય

હતી, તો પણ પૂર્વકર્મના દોષથી તેને ખાવા પીવાની તથા પહેરવા ઓઢવાની વસ્તુ ઘણે ભાગે એવી મળતી હતી કે, જે સામાન્ય માણસને પણ સુખે મળી શકે. કહ્યું છે કે— હે સાગર! તું રત્નાકર કહેવાય છે, અને તેથી તું રત્નથી ભરેલો છે, છતાં મ્હારા હાથમાં દેડકો આવ્યો! એ તારો દોષ નથી પણ મ્હારા પૂર્વકર્મનો દોષ છે. પછી શેઠે "એ પુત્રીનો એકે ઉત્સવ થયો નથી એમ વિચારી મ્હોટા આડંબરથી તેનો લગ્ન મહોત્સવ કરવા માંડ્યો. લગ્ન વખત નજીક આવ્યો, ત્યારે તે પુત્રીની માતા અકસ્માત મરણ પામી! ત્યારે બિલકુલ ઉત્સવ ન થતાં વરવહુનો હસ્તમેળાપ માત્ર રૂઢી પ્રમાણે કર્યો. મ્હોટા ધનવાન્ અને ઉદાર શેઠને ઘેર તે પડી હતી. અને સાસરા આદી સર્વે લોકોને માનીતી હતી, તો પણ પૂર્વની પેઠે નવા નવા ભય, શોક, માંદગી આદી કારણ ઉત્પન્ન થવાથી તે પુત્રીને પોતાના મનગમતા વિષયસુખ, તથા ઉત્સવ ભોગવવાનો યોગ પ્રાયે નજ મળ્યો. તેથી તે મનમાં ઘણી ઉદ્વિગ્ન થઈ, અને સંવેગ પામી. એક દિવસે તેણે કેવળી મહારાજને એ વાતનું કારણ પૂછવાથી તે મણે કહ્યું છે કે, "પૂર્વ ભવે તેં થોડો નકરો આપીને મંદિર આદીની ઘણી વસ્તુ વાપરી અને મ્હોટો આડંબર દેખાડ્યો. તેથી જે દુષ્કર્મ તેં ઉપાર્જ્યું તેનું આ ફળ છે." કેવળીનાં એવાં વચન સાંભળી તે પ્રથમ આલોયણ અને પછી દીક્ષા લઈ અનુક્રમે નિર્વાણ પામી. એ રીતે લક્ષ્મીવતીની કથા છે.

માટે ઉજમણા આદીમાં મૂકવા માટે પાટલિઓ, નાળિયેર, લાડુ, આદી વસ્તુ તેનું જેટલું મૂલ્ય હોય, તથા તે તૈયાર કરતાં, લાવતાં જે દ્રવ્ય બેહું હોય તેથી પણ કાંઈક વધારે રકમ આપવી. એમ કરવાથી શુદ્ધ નકરો કહેવાય છે. કોઇએ પોતાના નામથી ઉજમણા વગેરે માંડ્યું હોય, પરંતુ અધિક શક્તિ આદી ન હોવાથી માંડેલા ઉજમણાની રીત બરાબર સાચવવાને અર્થે કોઈ બીજો માણસ કાંઇ મૂકે, તો તેથી કોઇ દોષની પ્રાપ્તિ થતી નથી. પોતાના ઘરદેરાસરમાં ભગવાન આગળ મૂકેલા ચોખા, સોપારી, નૈવેદ્ય આદી વસ્તુ વેચવાથી નિપજેલી રકમમાંથી પુષ્પ, ભોગ (કેસર, ચંદન) વગેરે વસ્તુ પોતાના ઘરદેરાસરમાં ન વાપરવી; અને બી-

જા જિનમંદિરમાં પણ પોતે ભગવાન્ ઉપર ન ચઢાવવી. પરંતુ ખરી વાત કહીને પૂજક લોકોના તે હાથથી ચઢાવે. જિનમંદિરે પૂજકનો યોગ ન હોય તો સર્વે લોકોને તે વસ્તુનું સ્વરૂપ પ્રકટ કહીને પોતેજ તે વસ્તુ ભગવાન્ ઉપર ચઢાવે. એમ ન કરે તો, ગાંઠનું ન ખરચતાં ફોગટ લોકો પાસેથી પોતાની પ્રશંસા કરાવ્યાનો દોષ માથે આવે છે. ધરદેરાસરની નૈવેદ્ય આદી વસ્તુ માળીને આપવી, પણ તે તેના માસિક પગારની રકમમાં ન ગણવી. જો પ્રથમથી માસિક પગારને બદલે નૈવેદ્ય આદી આપવાનો ઠરાવ કર્યો હોય, તો કાંઈ દોષ નથી. મુખ્યમાર્ગે જોતાં માળીને માસિક પગાર જુદોજ આપવો. ધરદેરાસરમાં ભગવાન્ આગળ ધરેલા ચોખા, નૈવેદ્ય આદી વસ્તુ મ્હોટા જિનમંદિરે મૂકવી. નહીં તો 'ધરદેરાસરની વસ્તુથીજ ધરદેરાસરની પૂજા કરી, પણ ગાંઠના દ્રવ્યથી ન કરી" એમ થાય, અને અનાદર, અવજ્ઞા આદી દોષ પણ લાગે. એમ થવું યોગ્ય નથી.

પોતાના શરીર, કુટુંબ વગેરેને અર્થે ગૃહસ્થ માણસ ગમે તેટલો દ્રવ્યવ્યય કરે છે. માટે જિનમંદિરે જિનપૂજા પણ શક્તિ પ્રમાણે પોતાના દ્રવ્યથીજ કરવી, પણ પોતાના ધરદેરાસરમાં ભગવાન્ આગળ ધરેલી નૈવેદ્ય આદિ વસ્તુ વેચીને નિપજેલા દ્રવ્યથી અથવા દેવદ્રવ્ય સંબંધી ફૂલ આદી વસ્તુથી ન કરવી. કારણ કે, તેમ કરવાથી ઉપર કહેલા દોષ આવે છે, તેમજ જિનમંદિરે આવેલી નૈવેદ્ય, ચોખા, સોપારી આદી વસ્તુની પોતાની વસ્તુની માફક સંભાળ લેવી સારૂં મૂલ્ય ઉત્પન્ન થાય એવી રીતે વેચવી, પણ જેમ તેમ આવે તેટલી કિમ્મતથી કાઢી નાંખવી નહીં કારણ કે, તેમ કરવાથી દેવદ્રવ્યનો વિના આદી કર્યાનો દોષ આવે છે. સર્વ પ્રયત્નથી રક્ષણ આદી ફીકર કરતાં છતાં પણ જો કદાચિત્ ચોર, અગ્નિ આદીના ઉપદ્રવથી દેવદ્રવ્યાદિકનો નાશ થઇ જાય, તો સાર સંભાળ કરનારને માથે કાંઇ દોષ નથી. કારણ કે, અવશ્ય થનારી વાત—ભવિષ્ય આગળ કોઇનો ઉપાય નથી. યાત્રા, તીર્થની અથવા સંઘની પૂજા સાધર્મિક વાત્સલ્ય, સ્નાત્ર, પ્રભાવના પુસ્તક લખાવવું, વાંચન આદી ધર્મકૃત્યોમાં જો બીજા કોઇ ગૃહસ્થના દ્રવ્યની મદદ લેવાય તો, તે ચાર પાંચ પુરૂષોને સાક્ષી રાખીને લેવી, અને તે દ્રવ્ય ખરચવાને સમયે ગુરૂ, સંઘ

આદી લોકોની આગળ તે દ્રવ્યનું ખરૂં સ્વરૂપ યથાસ્થીત કરી દેવું, એમ ન કરે તો દોષ લાગે. તીર્થ આદી સ્થળને વિષે દેવપૂજા, સ્નાત્ર, ધજારોપણ, પહેરામણી આદી અવશ્ય કરવા યોગ્ય ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યથીજ કરવાં અને તેમાં બીજા કોઇનું દ્રવ્ય ભેગું ન લેવું.

ઉપર કહેલાં ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યથી કરીને પછી બીજા કોઇએ ધર્મકૃત્યોમાં વાપરવા દ્રવ્ય આપ્યું હોય તો, તે મહાપૂજા, ભોગ, અંગપૂજા આદી કૃત્યોમાં સર્વની સમક્ષ જૂદું વાપરવું. જ્યારે ઘણા ગૃહસ્થ ભેગા થઇને યાત્રા, સાધર્મિક વાત્સલ્ય, સંઘપૂજા આદી કૃત્ય કરે, ત્યારે જેનો જેટલો ભાગ હોય, તેનો તેટલો ભાગ વગેરે સર્વ સમક્ષ કહી દેવો. એમ ન કરે તો પુણ્યનો નાશ, તથા ચોરી આદી દોષ માથે આવે. તેમજ માતા પિતા આદી લોકોની આયુષ્યની છેલ્લી ઘડી આવે, ત્યારે જો તેના પુણ્યને અર્થે દ્રવ્ય ખરચવાનું હોય તો, મરનાર માણસ શુદ્ધિમાં છતાં ગુરૂ તથા સાધર્મીક વગેરે સર્વ લોકોની સમક્ષ મરનારને કહેવું કે, " તમારા પુણ્યને અર્થે આટલા દિવસની અંદર આટલું દ્રવ્ય હું ખરચીશ. તેને તમે અનુમોદના આપો. " એમ કહી તે દ્રવ્ય કહેલી મુદ્દતમાં સર્વ લોકો જાણે એવી રીતે ખરચવું. પોતાના નામથી તે દ્રવ્યનો વ્યય કરે તો પુણ્યને સ્થાનકે પણ ચોરી આદી કર્યાનો દોષ આવે. પુણ્યસ્થાનકે ચોરી વગેરે કરવાથી મુનિરાજને પણ હીણતા આવે છે. કહ્યું છે કે— જે માણસ (સાધુ) તપ, વ્રત, રૂપ, આચાર અને ભાવ એની ચોરી કરે તે કિલ્બિષી દેવતાનું આયુષ્ય બાંધે.

મુખ્યવૃત્તિએ વિવેકી પુરૂષે ધર્મખાતે કાઢેલું દ્રવ્ય સાધારણ રાખવું. તેમ કરવાથી ધર્મસ્થાન બરાબર જોઇને તે ઠેકાણે તે દ્રવ્યનો વ્યય કરી શકાય છે. સાતે ક્ષેત્રમાં જે ક્ષેત્ર સીદાતું હોય, તેને આશ્રય આપવામાં બહુ લાભ દેખાય છે. કોઇ શ્રાવકજ માઠી અવસ્થામાં હોય, અને તેને જો તે દ્રવ્યથી સહાય્ય કરાય, તો તે શ્રાવક આશ્રય મળવાથી ધનવાન થઇ સાતે ક્ષેત્રોની વૃદ્ધિ કરે એવો સંભવ રહે છે. લૌકિકમાં પણ કહ્યું છે કે— હે રાજેંદ્ર ! તું દરિદ્ર માણસનું પોષણ કર, પણ ધનવાન પુરૂષનું કરીશ નહીં. કારણ કે, રોગી માણસનેજ ઔષધ આપવું હિતકારી છે, પણ ની-

રોગી માણસને ઓષધ આપવાથી શું લાભ થવાનો ? માટેજ પ્રભાવના, સંઘની પહેરામણી, દ્રવ્ય યુક્ત મોદક (લાડુ) અને લ્હાણા આદી વસ્તુ સાધર્મિકોને આપવી હોય, ત્યારે દરિદ્રી સાધર્મિકને સારામાં સારી વસ્તુ હોય તેજ આપવી યોગ્ય છે. એમ ન કરે તો ધર્મની અવજ્ઞા આદી કર્યાનો દોષ આવે. યોગ હોય તો ધનવાન્ કરતાં દરિદ્ર સાધર્મિકને વધારે આપવું; પણ યોગ ન હોય તો સર્વેને સમાન આપવું. સંભળાય છે કે, યમુનાપુરમાં જિનદાસ ઠક્કુરે ધનવાન્ સાધર્મીને આપેલા સમકિત મોદકમાં એક એક સોનૈયો અંદર નાંખ્યો હતો, અને દરિદ્ર સાધર્મીકને આપેલા મોદકમાં બે બે સોનૈયા નાંખ્યા હતા. હશે, ધર્મખાતે વાપરવા કબૂલ કરેલું સર્વ દ્રવ્ય તેજ ખાતે વાપરવું જોઇએ.

મુખ્યમાર્ગે જોતાં તો, પિતા આદિ લોકોએ પુત્ર વગેરે લોકોની પાછળ અથવા પુત્ર આદિ લોકોએ પિતા આદીની પાછળ જે પુણ્યમાર્ગે ખરચવું હોય, તે પ્રથમથીજ સર્વની સમક્ષ કરવું. કારણ કે, કોણ જાણે, કોનું ક્યાં અને શી રીતે મરણ થશે ! માટે પ્રથમ નક્કી કરીને જેટલું કબૂલ કર્યું હોય, તેટલું અવસર ઉપર જરૂરજ વાપરવું, પણ પોતે કરેલા સાધર્મિક વાત્સલ્ય વગેરે કૃત્યોમાં ન ગણવું. કારણ કે, તેથી ધર્મસ્થાનને વિષે વ્યર્થ દોષ આવે છે.

એમ છતાં કેટલાક લોકો યાત્રાને અર્થે ' આટલું દ્રવ્ય ખરચીશું' એમ કબૂલ કરીને તે કબૂલ કરેલી રકમમાંથીજ ગાડી ભાડું, ખાવું પીવું, મોકલવું વગેરે માર્ગ આદી સ્થાનકે લાગેલું ખરચ તે દ્રવ્યમાં ગણે છે, તે મૂઢલોકો કોણ જાણે કે, કઇ ગતિ પામશે ? યાત્રાને અર્થે જેટલું દ્રવ્ય માન્યું હોય, તેટલું દેવ, ગુરૂ આદીનું દ્રવ્ય થયું. તે દ્રવ્ય જો પોતાના ઉપભોગમાં વાપરે તો દેવાદિ દ્રવ્ય ભક્ષણ કર્યાનો દોષ કેમ ન લાગે ?

એવી રીતે જાણતાં અથવા અજાણતાં જે કોઇ પ્રસંગે દેવાદિ દ્રવ્યનો ઉપભોગ થયો હોય, તેની આલોયણા તરીકે, જેટલા દ્રવ્યનો ઉપભોગ અનુમાનથી ધ્યાનમાં આવતો હોય, તેના પ્રમાણમાં પોતાની ગાંઠનું દ્રવ્ય દેવાદિ દ્રવ્યમાં નાંખે. એ આલોયણા મરણ સમય નજીક આવે ત્યારે તો અવશ્ય કરવી. વિવેકી પુરૂષે પોતાની અલ્પ શક્તિ હોય તો ધર્મનાં

સાત ક્ષેત્રોને વિષે પોતાની શક્તિ પ્રમાણે અલ્પ દ્રવ્ય વાપરવું, પણ માથે કોઇનું ઋણ રાખવું નહીં. પાઇએ પાઈ ચૂકતી કરવી. તેમાં પણ દેવ, જ્ઞાન અને સાધારણ એ ત્રણ ખાતાનું ઋણ તો બિલકુલ નજ રાખવું. કહ્યું છે કે— શ્રેષ્ઠ પુરૂષે કોઇનું ઋણ એક ક્ષણમાત્ર પણ કોઇ કાળે ન રાખવું. તો પછી અતિ દુઃસહ દેવાદિકનું ઋણ કોણ માથે રાખે? માટે બુદ્ધિમાન્ પુરૂષે ધર્મનું સ્વરૂપ જાણીને સર્વ ઠેકાણે ચોખ્ખો વ્યવહાર રાખવો. કહ્યું છે કે— જેમ ગાય પડવેના ચંદ્રને, નોળિયો નોળિયણને, હંસ પાણીમાં રહેલા દૂધને અને પક્ષી ચિત્રાવેલને જાણે છે, તેમ બુદ્ધિમાન્ પુરૂષ સૂક્ષ્મ-ધર્મ જાણે છે. હવે આ વિષયને આ કરતાં વધારે વિસ્તારની જરૂર નથી.

હવે ગાથાના ઉત્તરાર્દ્ધની વ્યાખ્યા વિષે કહીએ છીએ. આ રીતે જિન-પૂજા કરીને જ્ઞાનાદિ પાંચ આચારને દૃઢપણે પાળનાર એવા ગુરૂની પાસે જઈ પોતે પૂર્વે કરેલું પચ્ચખાણ અથવા તેમાં કાંઈક વધારીને ગુરૂ પાસે ઉચ્ચરવું. જ્ઞાનાદિ પાંચ આચારની વ્યાખ્યા અમારા રચેલા આચારપ્રદીપ ગ્રંથથી જાણવી. પચ્ચખાણ ત્રણ પ્રકારનું છે. એક આત્મ સાક્ષિક, બીજું દેવસા-ક્ષિક અને ત્રીજું ગુરૂ સાક્ષિક. તેનો વિધિ આ પ્રમાણે:—જિનમંદિરે દે-વવંદનને અર્થે, સ્નાત્રમહોત્સવના દર્શનને અર્થે અથવા દેશના આદી કા-રણથી આવેલા સદ્‌ગુરૂની પાસે વંદના વગેરે કરી વિધિપૂર્વક પચ્ચખાણ લેવું. મંદિરે ન હોય તો ઉપાશ્રયમાં જિનમંદિરની પેઠે ત્રણ **નિસિહી** તથા પાંચ અભિગમ વગેરે યથાયોગ્ય વિધિથી પ્રવેશ કરી દેશનાથી પ-હેલા અથવા તે થઇ રહ્યા પછી સદ્‌ગુરૂને પચ્ચીશ આવશ્યકથી શુદ્ધ એવી દ્વાદશાવર્ત્ત વંદના કરે. એ વંદનાનું ફળ બહુ મોટું છે. વળી કહ્યું છે કે— માણસ શ્રદ્ધાથી વંદના કરે તો, નીચગોત્ર કર્મને ખપાવે, ઉચ્ચગોત્ર કર્મ બાંધે, અને કર્મની દૃઢગ્રંથિ શિથિલ કરે. કૃષ્ણે ગુરૂવંદનાથી સાતમીને બદલે ત્રીજી નરકનું આયુષ્ય અને તીર્થંકર નામકર્મ બાંધ્યું, તથા તે ક્ષા-યિક સમ્યક્ત્વ પામ્યો. શીતળાચાર્યને વંદના કરવા માટે આવેલા, રાત્રીએ બહાર રહેલા અને રાત્રે કેવળજ્ઞાન પામેલા પોતાના (શીતળાચાર્યના) ચાર ભાણેજોને પહેલા ક્રોધથી દ્રવ્ય વંદના કરી અને પછી તેમના વચનથી ભાવવંદના કરી ત્યારે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

ગુરૂવંદન પણ ત્રણ પ્રકારના છે ભાષ્યમાં કહ્યું છે કે—ગુરૂવંદન ત્રણ પ્રકારનાં છે. એક ફેટા વંદન, બીજું થોભ વંદન અને ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન. એકલું માથું નમાવે, અથવા બે હાથ જોડે તે ફેટા વંદન જાણવું, બે ખમાસમણાં દે તે બીજું થોભ વંદન જાણવું, અને બાર આવર્ત્ત, પચ્ચીશ આવશ્યક વગેરે વિધિ સહિત બે ખમાસણાં દે, તે ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન જાણવું. તેમાં પ્રથમ ફેટા વંદન સર્વ સંઘે માંહો માંહે કરવું. બીજું થોભ વંદન ગચ્છમાં રહેલા રૂડા મુનિરાજને અથવા કારણથી લિંગમાત્ર ધારી સમકિતીને પણ કરવું. ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન તો આચાર્ય, ઉપાધ્યાય આદિ પદે રહેલા મુનિરાજનેજ કરવું. જે પુરૂષે પ્રતિક્રમણ કર્યું નથી, તેણે વિધિથી વંદના કરવી. ભાષ્યમાં કહ્યું છે કે—પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમીને "**कुसुमिण दुसुमिण**" ટાળવાને માટે ચાર લોગસ્સનો. અથવા સો ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે, દુઃસ્વપ્નાદિ પોતે અનુભવ્યાં હોય તો એકસો આઠ ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરવો. પછી આદેશ માગીને ચૈત્યવંદન કરે, પછી આદેશ માગી મુહપત્તિ પડિલેહે, પછી બે વાંદણા દેઇ, રાઇઅ આલોવે, પછી ફરીથી બે વાંદણાં દે, અભિંતર રાઇઅ ખમાવે, પછી બે વાર વાંદણાં દેઇ, પચ્ચખાણ કરે, પછી ચાર ખમાસમણાં દેઇ, આચાર્યાદિકને થોભ વંદના કરે, પછી સઝાય સંદિસાહુ ? અને સઝાય કરું ? એ બે ખમાસમણે બે આદેશ માગી સઝાય કરે. એ પ્રમાણે પ્રભાત બખતનો વંદન વિધિ કહ્યો છે.

પ્રથમ ઇરિયાવહિ પ્રતિક્રમીને આદેશ માગી ચૈત્યવંદન કરે, પછી મુહપત્તિ પડિલેહે, બે વાંદણાં દે, પછી દિવસચરિમ પચ્ચખાણ કરે, પછી બે વાંદણાં દેહ દેવસિઅ આલોવે, પછી બે વાંદણાં દેઇ દેવસિઅ ખમાવે, પછી ચાર ખમાસમણાં દેઇ, આચાર્યાદિકને વાંદીને આદેશ માગી દેવસિ પાયશ્ચિત્ત વિસોહણને અર્થે ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરે, પછી સઝાય સંદિસાહુ ? અને સઝાય કરું ? એ પ્રમાણે આદેશ માગી બે ખમાસમણ દેઈ સઝાય કરે. એ સંધ્યા સમયનો વંદન વિધિ કહ્યો છે. ગુરૂ કાંઇ કામમાં વ્યગ્ર હોવાથી જો દ્વાદશાવર્ત વંદના કરવાનો યોગ ન આવે તો, થોભ વંદનથીજ ગુરૂને વંદના કરવી. એવી રીતે વંદના કરી ગુરૂ પાસે

પચ્ચખાણ કરવું. કહ્યું છે કેઃ—પોતે જે પહેલાં પચ્ચખાણ કર્યું હોય. તેજ અથવા તેથી વધારે ગુરૂ સાક્ષિએ ગ્રહણ કરવું. કારણ કે, ધર્મના સાક્ષી ગુરૂ છે. ધર્મકૃત્ય ગુરૂ સાક્ષિએ કરવામાં એટલા લાભ છે. એક તો "**गुरु सारिकओ हु धम्मो**" (ગુરૂ સાક્ષિએ ધર્મ હોય છે.) જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. બીજો, ગુરૂના વચનથી શુભ પરિણામ ઉત્પન્ન થવાથી અધિક ક્ષયોપશમ થાય છે. ત્રીજો, પૂર્વે ધાર્યું હોય તે કરતાં પણ વધારે પચ્ચખાણ લેવાય છે. એ ત્રણ લાભ છે. શ્રાવકપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે—પ્રથમથીજ પચ્ચખાણ વગેરે લેવાના પરિણામ હોય, તો પણ ગુરૂ પાસે જવામાં એ લાભ છે કે, પરિણામની દૃઢતા થાય છે, ભગવાનની આજ્ઞા પળાય છે અને કર્મના ક્ષયોપશમની વૃદ્ધિ થાય છે. એમજ દિવસના અથવા ચાતુર્માસના નિયમ આદિ પણ યોગ હોય તો ગુરૂ સાક્ષિએજ ગ્રહણ કરવા.

અહિં, પાંચ નામાદિ બાવીસ મૂળદ્વાર તથા ચારસો બાણું પ્રતિદ્વાર સહિત દ્વાદશવર્ત વંદનનો વિધિ તથા દશ પ્રત્યાખ્યાનાદિ નવ મૂળદ્વાર અને તેનું પ્રતિદ્વાર સહિત પચ્ચખાણ વિધિ પણ ભાષ્ય આદિ ગ્રંથમાંથી જાણી લેવો, પચ્ચખાણનું લેશમાત્ર સ્વરૂપ પૂર્વે કહ્યું છે.

હવે પચ્ચખાણના ફળ વિષે કહીએ છીએ. ધન્મિલ્લ કુમાર છ માસ સુધી આંબિલ તપ કરી મ્હોટા શ્રેષ્ટીઓની, રાજાઓની અને વિદ્યાધરોની બત્રીશ કન્યા પરણ્યો, તથા ઘણી શુદ્ધિ પામ્યો. એ ઇહલોકમાં ફળ જાણવું. તથા ચાર હત્યા આદીનો કરનાર દૃઢપ્રહારી છ માસ તપ કરીને તેજ ભવે મુક્તિ જનારો થયો. એ પરલોકનું ફળ જાણવું. કહ્યું છે કે—પચ્ચખાણ કરવાથી આશ્રવ દ્વારનો ઉચ્છેદ થાય છે. આશ્રવના ઉચ્છેદથી તૃષ્ણાનો ઉચ્છેદ થાય છે. તૃષ્ણાના ઉચ્છેદથી માણસોને ઘણો ઉપશમ થાય છે. ઘણા ઉપશમથી પચ્ચખાણ શુદ્ધ થાય છે. શુદ્ધ પચ્ચખાણથી ચારિત્રધર્મ પ્રાપ્ત થાય છે. ચારિત્રધર્મની પ્રાપ્તિથી કર્મનો વિવેક થાય છે. કર્મના વિવેકથી અપૂર્વકરણ મળે છે. અપૂર્વકરણની પ્રાપ્તિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયાથી સદાય સુખનું દાતાર એવું મળે છે.

પછી શ્રાવકે સાધુ સાધ્વી આદી ચતુર્વિધ સંઘને વંદન કરવું. જિન-

મંદિર આદી સ્થળે ગુરૂનું આગમન થાય તો, તેમનો સારી પેઠે આદર સત્કાર સાચવવો; અને વળી ગુરૂને જોતાંજ ઉભા થવું. સામા આવતા હોય તો સન્મુખ જવું. બે હાથ જોડી માથે અંજળિ કરવી. પોતે આસન આપવું. ગુરૂ આસને બેઠા પછી પોતે આસને બેસવું, ગુરૂને ભક્તિથી વંદના કરવી. ગુરૂની સેવા પૂજા કરવી, અને ગુરૂ જાય તેમની પાછળ જવું. એ રીતે સંક્ષેપથી ગુરૂનો આદર સત્કાર જાણવો. તેમજ ગુરૂની બે બાજૂ; એ મુખ આગળ, અથવા પૂંઠે પણ ન બેસવું. ગુરૂની સાથળને પોતાની સાથળ લગાડીને તેમની પાસે ન બેસવું. તેમજ શ્રાવકે ગુરૂની પાસે પગની અથવા બાહુની પલાંઠી વાળીને અથવા પગ લાંબા કરીને પણ ન બેસવું. બીજે ઠેકાણે પણ કહ્યું છે કે—પલાંઠી વાળવી, ઓઢિંગુ દેવું, પગ લાંબા કરવા, વિકથા કરવી, અને ઘણું હસવું. એટલાંવાનાં ગુરૂ પાસે વર્જવાં. વળી કહ્યું છે કે—શ્રાવકે નિદ્રા તથા વિકથા વજી, મન વચન કાયાની ગુપ્તિ રાખી, હાથ જોડી અને બરાબર ઉપયોગ સહિત ભક્તિથી બહુમાન પૂર્વક ગુરૂનાં ઉપદેશ વચન સાંભળવાં વળી સિદ્ધાંતમાં કહેલી રીત પ્રમાણે ગુરૂની આશાતના ટાળવાને માટે ગુરૂથી સાડાત્રણ હાથનું અવગ્રહ ક્ષેત્ર મૂકી તેને બહાર જીવજંતુ રહિત ભૂમીએ બેસીને ધર્મદેશના સાંભળવી. કહ્યું છે કે—શાસ્ત્રથી, નિંદિત આચરણ આચરવાથી ઉત્પન્ન થએલા તાપને નાશ કરનારૂં સદ્‌ગુરૂના મુખ રૂપ મલય પર્વતથી ઉત્પન્ન થએલું ચંદનરસ સરખું વચન રૂપી અમૃત ધન્ય પુરૂષનેજ મળે છે.

ધર્મદેશના સાંભળવાથી અજ્ઞાનનો અને મિથ્યા જ્ઞાનનો નાશ થાય, સમ્યક્‌તત્વનું જ્ઞાન થાય, સંશય ટળે, ધર્મને વિષે દૃઢપણું થાય, વ્યસન આદિ કુમાર્ગની નિવૃત્તિ થાય, સન્માર્ગને વિષે પ્રવૃત્તિ થાય, કષાય આદિ દોષનો ઉપશમ થાય, વિનય આદિ ગુણોની પ્રાપ્તિ થાય, કુસંગતિનો ત્યાગ થાય, સત્સંગતિનો લાભ મળે, સંસારને વિષે વૈરાગ્ય ઉપજે, મોક્ષની ઇચ્છા થાય, શક્તિ માફક દેશવિરતીની અથવા સર્વ વિરતિની પ્રાપ્તિ થાય, અને અંગીકાર કરેલી દેશવિરતીની અથવા સર્વવિરતિની સર્વ પ્રકારે એકાગ્ર મનથી આરાધના થાય. વગેરે અનેક ગુણ છે. તે નાસ્તિક પ્રદેશી રાજા, આમ રાજા, કુમારપાળ, થાવચ્ચાપુત્ર વગેરે દૃષ્ટાંત ઉપરથી જાણવા.

કહ્યું છે કે—જિનેશ્વર ભગવાનનું વચન સાંભળે તો વૃદ્ધિનો મોહ જતો રહે, કુપંથનો ઉચ્છેદ થાય, મોક્ષની ઇચ્છા વૃદ્ધિ પામે, શાંતિ વિસ્તાર પામે, અધિક વૈરાગ્ય ઉપજે. અને અતિશય હર્ષ થાય. એવી કઇ વસ્તુ છે કે, જે જિનેશ્વર ભગવાનનું વચન સાંભળવાથી ન મળે ? પોતાનું શરીર ક્ષણભંગુર છે, બાંધવ બંધન સમાન છે, લક્ષ્મી વિવિધ અનર્થને ઉત્પન્ન કરનારી છે માટે જૈનસિદ્ધાંત સાંભળવું. તેથી સંવેગ વગેરે ઉત્પન્ન થાય છે, અને તે સિદ્ધાંત માણસ ઉપર કાંઈ ઉપકાર કરવામાં બાકી રાખતું નથી. એ પ્રદેશી રાજાનું દૃષ્ટાંત ટુકામાં નીચે પ્રમાણે છે:—

શ્વેતાંબી નગરીમાં પ્રદેશી નામે રાજા અને ચિત્રસારથી નામે તેનો મંત્રી હતો. ચિત્રસારથી મંત્રીએ ચાર જ્ઞાનના ધારક શ્રીકેશિ ગણધર પાસે શ્રાવસ્તિ નગરીમાં શ્રેષ્ઠ શ્રાવકધર્મ સ્વીકાર્યો હતો. એક વખતે ચિત્રસારથી મંત્રિના આગ્રહથી કેશિ ગણધર શ્વેતાંબી નગરીએ પધાર્યા. ચિત્રસારથી મંત્રી ઘોડા ઉપર બેસી ફરવાના બહાને પ્રદેશી રાજાને કેશિ ગણધર પાસે લઇ ગયો. ત્યારે ગર્વથી રાજાએ મુનિરાજને કહ્યું "હે મુનિરાજ! તમે વૃથા કષ્ટ ન કરો. કારણ કે, ધર્મ વગેરે જગતમાં સર્વથા છેજ નહિ. મ્હારી માતા શ્રાવિકા હતી અને પિતા નાસ્તિક હતો. મરણ સમયે મેં એમને ઘણું કહ્યું કે, "મરણ થયા પછી સ્વર્ગમાં તમને જે સુખ અથવા નરકમાં દુઃખ થાય, તે મને જણાવજો." પણ મરણ પામ્યા પછી આવીને માતાએ સ્વર્ગ સુખ આદિ તથા પિતાએ નરક દુઃખ આદિ કાંઇ પણ મને જણાવ્યું નહીં. એક ચોરના મેં તલ જેટલા કટકા કર્યા, તો પણ તેમાં કંઇથી મને જીવ દેખાયો નહીં. તેમજ જીવતા તથા મરણ પામેલા માણસને તોલતાં ભારમાં કાંઇ પણ ફેર જણાયો નહીં. વળી મેં છિદ્ર વિનાની કોઠીની અંદર એક માણસને પૂર્યો, અને તે કોઠી ઉપર સજ્જડ ઢાંકણું ઢાંકયું. અંદર તે માણસ મરી ગયો. તેના શરીરમાં પડેલા અસંખ્ય કીડા મેં જોયા, પણ તે માણસનો જીવ બહાર જવાને તથા તે કીડાના જીવોને અંદર આવવાને વાળના અગ્રભાગ જેટલો પણ માર્ગ મારા જોવામાં આવ્યો. નહીં એવી રીતે ઘણી પરિક્ષા કરીને હું નાસ્તિક થયો છું."

શ્રી કેશિ ગણધરે કહ્યું. "તહારી માતા સ્વર્ગસુખમાં નિમગ્ન હોવાથી તને કહેવા આવી નહીં. તથા તહારો પિતા પણ નરકની ઘોર વેદનાથી આકુળ હોવાથી અહિં આવી શક્યો નહીં. અરણીના કાષ્ઠની અંદર અગ્નિ છતાં તેના ગમે તેટલા ઝીણા કટકા કરીએ, તોપણ તેમાં અગ્નિ દેખાય એમ નથી. તેમજ શરીરના ગમે તેટલા ઝીણા કટકા કરો, તો પણ તેમાં જીવ ક્યાં છે? તે દેખાય નહીં. લુહારની ધમણ વાયુથી ભરેલી અથવા ખાલી તોળો, તથાપિ તોલમાં રતિમાત્ર પણ ફેર જણાશે નહીં. તેમજ શરીરનો અંદર જીવ છતાં અથવા તે નીકળી ગયા પછી શરીર તોળશો, તો તોલમાં કાંઇ ફેર જણાશે નહીં. કોઠીની અંદર પૂરેલો માણસ અંદર શંખ આદિ વગાડે તો શબ્દ બહાર સંભળાય, પણ તે શબ્દ કયે માર્ગે બહાર આવ્યો? તે જણાય નહીં. તેમજ કુંભીની અંદર પૂરેલા માણસનો જીવ શી રીતે બહાર ગયો? અને કુંભીની અંદર થએલા કીડાના જીવ શી રીતે અંદર આવ્યા? તે પણ જણાય નહીં."

એવી રીતે શ્રીકેશિ ગણધરે યુક્તિથી બરાબર બોધ કર્યો, ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું. "આપ કહો છો, તે વાત ખરી છે, પણ કુળપરંપરાએ આવેલું નાસ્તીકપણું શી રીતે તજાય?" શ્રી કેશિ ગણધરે કહ્યું. "જેમ કુળપરંપરાથી આવેલાં દારિદ્ર, રોગ, દુઃખ આદી મૂકાય છે, તેમ નાસ્તિકપણું પણ મૂકી દેવુંજ." આ સાંભળી પ્રદેશી રાજા સુશ્રાવક થયો. તે રાજાની સૂર્યકાંતા નામે એક રાણી હતી. તેણે પરપુરૂષને વિષે આસક્ત થઇ એક દિવસે પૌષધને પારણે પ્રદેશી રાજાને ઝેર ખવરાવ્યું. તે વાત તુરત તે રાજાના ધ્યાનમાં આવી, ને તેણે ચિત્રસારથીને કહી. તે પછી તેણે ચિત્રસારથી મંત્રિના વચનથી પોતાનું મન સમાધિમાં રાખ્યું, અને આરાધના તથા અનશન કરી તે સૌધર્મ દેવલોકે સૂર્યાભ વિમાનની અંદર દેવતા થયો. વિષપ્રયોગની વાત ખબર પડવાથી સૂર્યકાંતા ઘણી શરમાઇ, અને બીકથી જંગલમાં નાસી ગઇ, અને ત્યાં સર્પના દંશથી મરણ પામી નરકે પહોંચી. એક વખતે આમલકલ્પા નગરીમાં શ્રીવીરભગવાન્ સમવસર્યા. ત્યારે સૂર્યાભ દેવતા ડાબા તથા જમણા હાથથી એકસો આઠ કુંવર તથા કુંવરીઓ પ્રકટ કરવા વગેરે પ્રકારથી ભગવાન્ આગળ આશ્ચર્યકારી

દિવ્ય નાટક કરી સ્વર્ગે ગયો. ત્યારે ગૌતમ સ્વામીના પૂછવાથી શ્રીવીર ભગવાને સૂર્યાભ દેવતાનો પૂર્વભવ તથા દેવના ભવથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધિ પામશે, વગેરે વાત કહી. આ રીતે પ્રદેશી રાજાનું દૃષ્ટાંત છે. આમ રાજા બપ્પભટ્ટસૂરીના અને કુમારપાળ રાજા શ્રી હેમચંદ્રસૂરીના સદુપદેશથી બોધ પામ્યા એ વાત પ્રસિદ્ધ છે. હવે થાવચ્ચાપુત્રની કથા સંક્ષેપથી નીચે લખી છેઃ—

દ્વારિકા નગરીમાં કોઇ સાર્થવાહની થાવચ્ચા નામે સ્ત્રી ઘણી દ્રવ્યવાન હતી. **થાવચ્ચા પુત્ર** એ નામે ઓળખાતો તેનો પુત્ર બત્રીશ કન્યા પરણ્યો હતો. એક સમયે શ્રી નેમિનાથ ભગવાનની દેશનાથી તે પ્રતિબોધ પામ્યો. થાવચ્ચા માતાએ ઘણો વાર્યો, તો પણ તેણે દીક્ષા લેવાનો વિચાર માંડી વાળ્યો નહિ. ત્યારે તે થાવચ્ચા માતા પુત્રના દીક્ષા ઉત્સવને અર્થે કેટલાંક રાજચિન્હ કૃષ્ણ પાસે માગવા ગઇ. કૃષ્ણે પણ થાવચ્ચાને ઘેર આવી તેના પુત્રને કહ્યું કે, "તું દીક્ષા લાયક નહીં. વિષયસુખ ભોગવ." થાવચ્ચા પુત્રે કહ્યું કે, "ભય પામેલા માણસને વિષયભોગ ગમતા નથી." કૃષ્ણે પૂછ્યું. "મ્હારા છતાં તને ભય શાનો?" થાવચ્ચાપુત્રે કહ્યું. "મૃત્યુનો." પછી કૃષ્ણે પોતે તેનો દીક્ષા ઉત્સવ કર્યો. થાવચ્ચાપુત્રે એક હજાર શ્રેષ્ઠી આદિની સાથે દીક્ષા લીધી. અનુક્રમે તે ચૌદપૂર્વી થયો, અને સેલક રાજાને તથા તેના પાંચસે મંત્રીઓને શ્રાવક કરી સૌગંધિકા નગરીમાં આવ્યો. તે સમયે વ્યાસનો પુત્ર શુક નામે એક પરિવ્રાજક ત્યાં પોતાના એક હજાર શિષ્ય સહિત હતો. તે ત્રિદંડ, કમંડલુ, છત્ર, ત્રિકાષ્ઠી, અંકુશ, પવિત્રક, અને કેસરી નામા વસ્ત્ર એટલી વસ્તુ હાથમાં રાખતો હતો. તેનાં વસ્ત્ર ગેરૂથી રંગેલાં હતાં. તે સાંખ્ય શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ચાલનારો હોવાથી પ્રાણાતિપાત વિરમણાદિ પાંચ વ્રત અને શૌચ (પવિત્રતા) સંતોષ, તપ, સ્વાધ્યાય તથા ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ મળીને દશ પ્રકારના શૌચમૂળ પરિવ્રાજક ધર્મની તથા દાનધર્મની પ્રરૂપણા કરતો હતો. તેણે પૂર્વે સુદર્શન નામે નગર શેઠ પાસે પોતાનો શૌચમૂળ ધર્મ લેવરાવ્યો હતો. થાવચ્ચાપુત્ર આચાર્યે તેનેજ ફરી પ્રતિબોધ કરી વિનયવાળા જિનધર્મનો અંગીકાર કરાવ્યો. પછી સુદર્શન શેઠના દેખતાં શુક

પરિવ્રાજકને તથા થાવચ્ચા પુત્ર આચાર્યને એક બીજાને નીચે લખ્યા પ્રમાણે પ્રશ્નોત્તર થયા:—

શુક પરિવ્રાજક:— " હે ભગવન્! *સરિસવયા ભક્ષ્ય છે, કે અભક્ષ્ય છે ?" થાવચ્ચાપુત્ર:— "હે શુક પરિવ્રાજક ! સરિસવય ભક્ષ્ય છે, અને અભક્ષ્ય પણ છે. તે આ રીતે:—સરિસવય બે પ્રકારના છે. મિત્ર સરિસવય (સરખી ઉમ્મરના) અને બીજા ધાન્ય સરિસવય (સર્ષપ, શર્શવ). મિત્ર સરિસવય ત્રણ પ્રકારના છે, એક સાથે ઉત્પન્ન થયેલા, બીજા સાથે વૃદ્ધિ પામેલા અને ત્રીજા બાલ્યાવસ્થામાં સાથે ધૂળમાં રમેલા. એ ત્રણે પ્રકારના મિત્ર સરિસવય સાધુઓને અભક્ષ્ય છે. ધાન્ય સરિસવય બે પ્રકારના છે. એક શસ્ત્રથી પરિણમેલા અને બીજા શસ્ત્રથી ન પરિણમેલા. શસ્ત્ર પરિણમેલા સરિસવય બે પ્રકારના છે. એક પ્રાસુક અને બીજા અપ્રાસુક. પ્રાસુક સરિસવય પણ બે પ્રકારના છે. એક જ્ઞાત અને બીજા અજ્ઞાત. જ્ઞાત સરિસવય પણ બે પ્રકારના છે. એક એષણીય અને બીજા અનેષણીય. એષણીય સરિસવય પણ બે પ્રકારના છે. લબ્ધ અને બીજા અલબ્ધ. ધાન્ય સરિસવયમાં અશસ્ત્ર પરિણમેલા અપ્રાસુક, અજ્ઞાત, અને અનેષણીય અને અલબ્ધ એટલા પ્રકારના અભક્ષ્ય છે, અને બાકી રહેલા સર્વ પ્રકારના ધાન્ય સરિસવય સાધુઓને ભક્ષ્ય છે. એવી રીતેજ [1]કુલત્થ અને [2]માસ પણ જાણવા. તેમાં એટલોજ વિશેષ કે, માસ ત્રણ પ્રકારના છે. એક કાલ માસ (મહિનો), બીજો અર્થ માસ (સોના રૂપાના તો-

---

* " **सरिसवय** " આ માગધી શબ્દ છે. " **सदृशवय** " અને " **सर्षप** " એ બે સંસ્કૃત, શબ્દનું માગધીમાં " **सरिसवय** " એવું રૂપ થાય છે. સદૃશવય એટલે સરખી ઉમરનો અને સર્ષપ એટલે સરશવ.

૧ " **कुलत्थ** " શબ્દ માગધી છે. " કુલત્થ " (કલથી) અને " કુલસ્થ " એ બે સંસ્કૃત શબ્દોનું " કુલત્થ " એવું એકજ માગધીમાં રૂપ થાય છે.

૨ **मास** (મહિનો), **माष** (અડદ) અને **मास** (તોલવાનું એક કાટલું) એ ત્રણે શબ્દનું માગધીમાં " **मास** " એવું એકજ રૂપ થાય છે.

.લમાં આવે છે તે) અને ત્રીજો ધાન્યમાસ (અડદ).

એવી રીતે થાવચ્ચાપુત્ર આચાર્યે બોધ કર્યો, ત્યારે પોતાના હજાર શિષ્યના પરિવાર સહિત શુક પરિવ્રાજકે દીક્ષા લીધી. થાવચ્ચાપુત્ર આચાર્ય પોતાના હજાર શિષ્યના પરિવાર સહિત શત્રુંજય તિર્થે સિદ્ધિ પામ્યા. પછી શુકાચાર્ય શેલકપુરના શેલક નામે રાજાને તથા તેના પાંચસો મંત્રીને પ્રતિબોધ કરી દીક્ષા આપી પોતે સિદ્ધિપદ પામ્યા. શેલક મુનિ અગિયાર અંગના જાણ થઇ પોતાના પાંચસો શિષ્યોની સાથે વિચરવા લાગ્યા. એટલામાં હમેશાં લૂખો આહાર ખાવામાં આવવાથી શેલક મુનિરાજને ખસ, પિત્ત આદિ રોગ થયા. પછી તે વિહાર કરતા પરિવાર સહિત શેલકપુરે આવ્યા. ત્યાં તેમનો ગૃહસ્થપણાનો પુત્ર મંડુક રાજા હતો. તેણે તેમને પોતાની વાહનશાળામાં રાખ્યા. પ્રાસુક ઔષધનો અને પથ્યનો સારો યોગ મળવાથી શેલક મુનિરાજ રોગ રહિત થયા, તો પણ સ્નિગ્ધ આહારની લોલુપતાથી વિહાર ન કરતાં તે ત્યાંજ રહ્યા. પછી પંથક નામે એક સાધુને શેલક મુનિરાજની વૈયાવચ્ચ કરવા માટે રાખીને બીજા સર્વ સાધુઓએ વિહાર કર્યો.

એક સમયે કાર્તિક ચોમાસીને દિવસે શેલક મુનિરાજ યથેચ્છ સ્નિગ્ધ આહાર કરી સૂઇ રહ્યા. પ્રતિક્રમણનો સમય આવ્યો ત્યારે પંથકે ખમાવવાને અર્થે તેમને પગે પોતાનું માથું અડાડયું. તેથી તેમની (શેલક મુનિરાજની) નિદ્રા ઉડી ગઇ. પોતાના ગુરને રોષમાન થએલા જોઇને પંથકે કહ્યું. " ચાતુર્માસમાં થએલા અપરાધ ખમાવવાને અર્થે મેં આપ-સાહેબના ચરણને સ્પર્શ કર્યો. " પથકનું એવું વચન સાંભળી શેલક મુનિરાજ વૈરાગ્ય પામ્યા, અને મનમાં વિચાર કરવા લાગ્યા કે, " રસવિ-ષયમાં લોલુપ થએલા મને ધિક્કાર થાઓ ! " એમ વિચારી તેમણે તુરત વિહાર કર્યો, પછી બીજા શિષ્યો પણ શેલક મુનિરાજને મળ્યા. તેઓ શ-ત્રુંજય પર્વત ઉપર પોતાના પરિવાર સહિત સિદ્ધ થયા. આ રીતે થાવચ્ચાપુ-ત્રની કથા છે.

માટે સુશ્રાવકે નિત્ય સદ્‌ગુરૂ પાસે ધર્મોપદેશ સાંભળવો. અને ધર્મો-પદેશમાં કહ્યા પ્રમાણે યથાશક્તિ ધર્માનુષ્ઠાન પણ કરવું. કારણ કે, જેમ

ઔષધ માત્ર જાણવાથીજ આરોગ્ય થવાતું નથી, તથા ભક્ષ્ય પદાર્થ પણ કેવળ જોવાથી પેટ ભરાતું નથી, તેમ કેવળ ધર્મોપદેશ સાંભળવાથી પણ પૂરું ફળ મળતું નથી. માટે ઉપદેશ માફક ધર્મક્રિયા કરવી જોઇએ. કેમકે—પુરૂષોને ક્રિયાજ ફળ આપનારી છે. કેવળ, જ્ઞાન ફળ આપતું નથી. કારણ કે, સ્ત્રીના અને ભક્ષ્ય પદાર્થના ભોગ શી રીતે ભોગવવા ? તે જાણનો હોય, તોપણ તે કેવળ, જ્ઞાનથી તે પુરૂષને ભોગથી મળનારૂં સુખ મળતું નથી. તેમજ કોઇ પુરૂષ તરવાનું જાણતો હોય, તોપણ જો નદીમાં પડી શરીરને હલાવે નહિ, તો તે નદીના પ્રવાહમાં તણાઇ જાય. તેમ જ્ઞાનવાન્ પુરૂષ ધર્મક્રિયા ન કરે તો, સંસાર સમુદ્રમાં ફરે. દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં કહ્યું છે કે—જે અક્રિયાવાદી છે, તે ભવ્ય હોય, અથવા અભવ્ય હોય, પણ નિયમથી કૃષ્ણપક્ષનો તો હોયજ, અને ક્રિયાવાદી નિયમથી ભવ્ય અને શુક્લપક્ષનો હોયજ. તે સમ્યગ્દૃષ્ટિ હોય અથવા મિથ્યાદૃષ્ટિ હોય, તો પણ તે પુદ્ગલપરાવર્તની અંદર સિદ્ધ થશેજ. આ ઉપરથી "જ્ઞાન વિનાની ક્રિયા પણ હિતકારી છે, એમ ન સમજવું." કહ્યું છે કે—જ્ઞાન વિનાની ક્રિયાથી કર્મનો ક્ષય થાય તે દેડકાના ચૂર્ણ સમાન જાણવો, અને જ્ઞાનપૂર્વક ક્રિયાથી કર્મનો ક્ષય થાય તે દેડકાની ભસ્મ સમાન જાણવો. અજ્ઞાની જીવ ક્રોડોગમે વર્ષોથી જેટલું કર્મ ખપાવે, તેટલાં કર્મને મન વચન કાયાની ગુપ્તિ રાખનાર જ્ઞાની એક ઉચ્છ્વાસમાં ખપાવે છે. એટલા સારૂ તામલિ તાપસ, પૂરણ તાપસ વગેરે ક્રોડોએ તપસ્યાનું ઘણું કષ્ટ સહન કર્યું, તોપણ તેમને ઈશાનેંદ્રપણું, ચમરેંદ્રપણું ઇત્યાદિક અલ્પ ફળજ મળ્યું. જો જ્ઞાની પુરૂષ હોય, તથાપિ ચિત્તમાં શ્રદ્ધા ન હોય તો તેનેસમ્યક્ પ્રકારે ક્રિયાને વિષે પ્રવૃત્તિ થાય નહીં. અહિં અંગારમર્દક આચાર્યનું દૃષ્ટાંત જાણવું કહ્યું છે કે—જ્ઞાન રહિત પુરૂષની ક્રિયા કરવાની શક્તિ, ક્રિયા કરવાને અસમર્થ પુરૂષનું જ્ઞાન અને મનમાં શ્રદ્ધા નથી એવા પુરૂષની ક્રિયા કરવાની શક્તિ અને જ્ઞાન એ સર્વ નિષ્ફળ છે. અહિં ચાલવાની શક્તિ ધરાવનાર પણ માર્ગના અજાણ આંધળાનું, માર્ગના જાણ પણ ચાલવાની શક્તિ નહીં ધરાવનાર પાંગળાનું અને માર્ગનું જ્ઞાન તથા ચાલવાની શક્તિ ધરાવતાં છતાં પણ ખોટે માર્ગે ચાલવાની ઇચ્છા રાખનાર પુરૂષનું એવાં

ત્રણ દૃષ્ટાંત એક પછી એક જાણવાં. કારણ કે, દૃષ્ટાંતમાં કહેલા ત્રણે પુરૂષો અંતરાય રહિત કોઇ ઠેકાણે જઇ શકે તેમ નથી. આ ઉપરથી આટલું સિદ્ધ થયું કે, જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણના યોગથી મોક્ષ થાય છે. માટે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવાનો હમેશાં પ્રયત્ન કરવો.

વળી સુશ્રાવક મુનિરાજને સંયમયાત્રાનો નિર્વાહ પૂછે. તે એમ કેઃ— "તમારી સંયમયાત્રા નિર્વહે છે? તમારી રાત્રિ સુખથી ગઇ? તમારૂં શરીર નિરાબાધ છે? કોઇ વ્યાધિ તમને પીડા તો નથી કરતો? વૈદ્યનું પ્રયોજન શું પડે તેવું કાંઇ નથી? ઔષધ આદીનો ખપ નથી? કાંઇ પથ્ય વગેરેની આવશ્યકતા નથી?" વગેરે પ્રશ્ન કરવાં. એવાં પ્રશ્ન કરવાથી કર્મની મ્હોટી નિર્જરા થાય છે. કહ્યું છે કે—સાધુઓની સન્મુખ જવાથી, તેમને વંદના તથા નમસ્કાર કરવાથી અને સંયમયાત્રાનાં પ્રશ્ન પૂછવાથી ચિરકાળનું સંચિત કરેલું કર્મ પણ ક્ષણમાત્રમાં વિલય પામવાળુ થાય છે. પ્રથમ સાધુઓને વંદના કરી હોય, ત્યારે સામાન્યથી "**सुहराइ सुहदेवसी**" આદી શાતાપ્રશ્ન કર્યું હોય, તો પણ વિશેષે કરી અહિં પ્રશ્ન કરવાનું કહ્યું તે, પ્રશ્નનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે જણાવવાને અર્થે તથા પ્રશ્નમાં કહેલા ઉપાય કરવાને અર્થે છે, એમ જાણવું. માટેજ અહિં સાધુ મુનિરાજને પગે લાગીને પ્રકટ નિમંત્રણા કરવી તે આ રીતેઃ—

"**ઇચ્છકારિ** ભગવાન્! **પયાસ** કરી પ્રાસુક અને **એષણીય** અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક, પ્રાતિહાર્ય, પીઠ, ફલક, સિજ્જા (પગ પહોલા કરી સુવાય તે), સંથારો (પગ પહોલા ન કરાય એવો સાંકડો), ઔષધ (એક વસ્તુનું કરેલું), તથા ભેષજ (ઘણી વસ્તુ એકઠી કરીને કરેલું.) એમાં જે વસ્તુનો ખપ હોય તેનો સ્વીકાર કરી હે ભગવન્! મ્હારા ઉપર અનુગ્રહ કરો." હાલના કાળમાં આ નિમંત્રણ બૃહદ્વંદન દીધા પછી શ્રાવકો કરે છે. જેણે સાધુની સાથે પ્રતિક્રમણ કર્યું હોય, તે શ્રાવક સૂર્યોદય થયા પછી પોતાને ઘેર વગેરે જઇને પછી નિમંત્રણ કરે. જે શ્રાવકને પ્રતિક્રમણનો અને વાંદવાનો યોગ ન હોય, તેણે પણ વંદના આદીને અવસરેજ નિમંત્રણા કરવી. મુખભાગે તો બીજી વાર દેવપૂજા કરી તથા ભગવાન્ આગળ નૈવેદ્ય ધરી પછી ઉપાશ્રયે જવું, અને

સાધુ મુનિરાજને નિમંત્રણા કરવી. શ્રાદ્ધદિન કૃત્ય આદી ગ્રંથોમાં એમજ કહ્યું છે. પછી અવસરનો યોગ હોય તે પ્રમાણે રોગની ચિકિત્સા કરાવે, ઔષધ આદી આપે, ઉચિત એવો પથ્ય આહાર વહોરાવે, અથવા બીજી સાધુ મુનિરાજની જે અપેક્ષા હોય તે પૂરી કરે. કહ્યું છે કે—સાધુ મુનિરાજના જ્ઞાનાદિ ગુણને અવલંબન દેનારો ચતુર્વિધ આહાર તથા ઔષધ, વસ્ત્ર આદી જે મુનિરાજને યોગ્ય હોય, તે તેમને આપવું.

સાધુ મુનિરાજ આપણે ઘેર વહોરવા આવે, ત્યારે સુશ્રાવકે જે જે યોગ્ય વસ્તુ હોય, તે સર્વ તેમને વહોરાવવી, અને સર્વે વસ્તુ નામ દઇને દરરોજ કહેવી કે, "મહારાજ! અમુક વસ્તુની જોગવાઈ છે." એમ ન કહે તો પૂર્વે કરેલી નિમંત્રણા નિષ્ફળ થાય. નામ દઇને સર્વ વસ્તુ કહે, અને કદાચિત્ મુનિરાજ ન વહોરે, તો પણ કહેનાર શ્રાવકને પુણ્યનો લાભ થાયજ. કહ્યું છે કે—સાધુ મુનિરાજને વહોરાવવાની વાત મનમાં ચિંતવે તો પણ પુણ્ય થાય, જો વચનથી વહોરાવવાની વાત ઉચ્ચરે, તો વિશેષ પુણ્ય થાય; અને જો તેવો યોગ બની આવે તો કલ્પવૃક્ષજ ફળ્યો એમ સમજવું. જે વસ્તુનો યોગ હોય, ને તે વસ્તુનું નામ દઇને જો શ્રાવક ન કહે, તો પ્રત્યક્ષ વસ્તુ દેખાય તો પણ તે સાધુ વહોરે નહીં. તેથી ઘણી હાનિ થાય છે. નિમંત્રણા કર્યા પછી જો કદાચિત્ સાધુ મુનિરાજ આપણે ઘેર ન આવે, તો પણ નિમંત્રણા કરનારને પુણ્યનો લાભ તો થાયજ; અને વિશેષ ભાવ હોય તો અધિક પુણ્ય થાય. જેમ વૈશાલી નગરીમાં શ્રીવીર ભગવાન્ છદ્મસ્થપણામાં ચોમાસી તપ કરતા હતા, ત્યારે જીર્ણશ્રેષ્ઠી દરરોજ ભગવાનને પારણાને અર્થે નિમંત્રણ કરવા આવતો ચોમાસી તપ પૂરું થયું, તે દિવસે જીર્ણશ્રેષ્ઠીએ જાણ્યું કે, "આજે તો સ્વામી નિશ્ચે પારણું કરશે. એમ જાણી તે ભગવાનને ઘણા આગ્રહથી નિમંત્રણા કરી પોતાને ઘેર ગયો, અને "હું ધન્ય છું સ્વામિ આજે મ્હારે ઘેર પારણું કરશે." ઇત્યાદિ ભાવના ભાવતાં જીર્ણશ્રેષ્ઠીએ અચ્યુત દેવલોકનું આયુષ્ય બાંધ્યું. પારણાને દિવસે મિથ્યાદૃષ્ટી અભિનવ શ્રેષ્ઠીએ દાસી પાસેથી ભિક્ષાચરને ભિક્ષા આપવાની રીતિ પ્રમાણે ભગવાનને અડદના બાકુલા અપાવ્યા. તે વડેજ ભગવંતે પારણું કર્યું, અભિનવ શ્રેષ્ઠીને ઘેર પંચ દિવ્ય પ્રકટ થયા, ત્યારે

દેવદુંદુભીનો પ્રકટ થએલો સ્વર જો જીર્ણશ્રેષ્ઠી ન સાંભળત, તો કેવળજ્ઞાન પણ પામત; પરંતુ દુંદુભીનો સ્વર સાંભળતાંજ ભાવના ખંડિત થઈ. એમ જ્ઞાનીએ કહ્યું છે. આ રીતે સાધુને નિમંત્રણ કરવા ઉપર દૃષ્ટાંત છે.

સાધુ મુનિરાજને આહાર વહોરાવવાના વિષયમાં શ્રીશાલિભદ્ર આદીનું અને રોગ વગેરે આવે અને ઔષધ ભેષજ દેવાના વિષયમાં શ્રીવીરભગવાન્‌ને ઔષધ દેનારી તથા જિનનામકર્મ બાંધનારી રેવતીનું દૃષ્ટાંત જાણવું. જ્ઞાન સાધુની સારવાર કરવામાં મ્હોટું કૂળ છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે— હે ગૌતમ ! જે જીવ જ્ઞાન સાધુની સારવાર કરે, તે મ્હારા દર્શનનો (શાસનનો) સ્વીકાર કરે, અને જે મ્હારા દર્શનનો સ્વીકાર કરે, તે જ્ઞાન સાધુની સારવાર કરે. કારણ કે, અરિહંતના દર્શનમાં શાસનની આજ્ઞા પ્રમાણે ચાલવું એજ પ્રધાન છે. એમ નિશ્ચયથી જાણવું. વગેરે અહિં કૃમિ કુષ્ટરોગથી પીડાયલા સાધુની સારવાર કરનારો ઋષભદેવનો જીવ જે જીવાનંદ વૈદ્ય, તેનું દૃષ્ટાંત જાણવું. તેમજ સુશ્રાવકે સુપાત્ર સાધુઓને સારા સ્થાનકે યોગ્ય એવો ઉપાશ્રય આદી દેવો. કેમકે—ઇચ્છા જેટલું ઘરમાં ધન ન હોય, તો પણ સુશ્રાવકે મુનિરાજને વસતિ, શય્યા, આસન, આહાર, પાણી, ઔષધ, વસ્ત્ર, પાત્ર આદી થોડામાં થોડું પણ આપવું. જયંતી, વંકચૂલ, કોશાવેશ્યા, અવંતિ સુકુમાર આદી જીવો સાધુને ઉપાશ્રય આપવાથીજ સંસાર સાગરને તરી ગયા. તેમજ સુશ્રાવકે સાધુની નિંદા કરનારા, તથા જિનશાસનના પ્રત્યનીક લોકોને પોતાની સર્વ શક્તિથી વારવા કહ્યું છે કે—સુશ્રાવકે પોતામાં સામર્થ્ય છતાં, ભગવાન્‌ની આજ્ઞાથી ઉલટા ચાલનારા લોકોની કદી પણ નિંદા ન કરવી. અનુકૂળ અથવા પ્રતિકૂળ ઉપાય યોજીને અવશ્ય શિખામણનાં વચન કહેવાં.' અહિં દ્રમક મુનિની નિંદા કરનારને યુક્તિથી વારનાર અભયકુમારનું દૃષ્ટાંત જાણવું.

સાધુની પેઠે સાધ્વીઓને પણ સુખ સંયમયાત્રાનાં પ્રશ્ન વગેરે કરવાં. તેમાં એટલી વાત વળી અધિક જાણવી કે, સાધ્વીઓનું દુરાચારી અને નાસ્તિક લોકોથી રક્ષણ કરવું. પોતાના ઘરની પાસે ચારે બાજૂથી સારી રીતે રક્ષણ કરેલા અને જેનાં બારણાં ગુપ્ત એટલે જ્યાં કોઇ ઝટ આવી શકે તેમ ન હોય તેવી જગ્યા આપવી. પોતાની સ્ત્રીઓ પાસે તેમની સે-

વા કરાવવી, પોતાની પુત્રીઓને જ્ઞાનાદિ ગુણને અર્થે તેમની પાસે રાખવી, પોતાના કુટુંબમાંની પુત્રી આદી કોઈ સ્ત્રી દીક્ષા લેવા તૈયાર થાય, તો તે સાધ્વીઓનેજ સોંપવી, જો સાધ્વીઓ પોતાનો કોઇ આચાર ભૂલી જાય, તો તેમને તે સંભારવો, જો તે સાધ્વીઓ અન્યાય માર્ગે ચાલે, એવો સંભવ દેખાય તો તેમને તે માર્ગે જતાં રોકવી, જો તેમનો પગ ખોટે માર્ગે પડી ગયો હોય તો પહેલી વાર તેમને સારી શિખામણ દેવી, અને જો તે શિખામણ ન માનતાં વારંવાર તે સાધ્વીઓ કુમાર્ગે ચાલવા જાય, તો તેમને કઠોર વચન સંભળાવવાં તથા બીજો ઉપાય ન હોય તો દંડાદિવડે શિક્ષા કરવી. તેમજ ઉચિત વસ્તુ આપી તેમની સેવા કરવી. એ રીતે સાધ્વી સંબંધી વિચાર જાણવો.

સુશ્રાવકે સાધુ મુનિરાજ પાસે જઇ કાંઈ પણ ભણવું. કેમકે વિવેકી પુરૂષે કાજળનો ક્ષય અને રાફડાની વૃદ્ધિ જોઇને દાન અને ભણવા આદી શુભ કૃત્યોથી પોતાનો દિવસ સફળ કરવો. પોતાની સ્ત્રી, ભોજન અને ધન એ ત્રણ વસ્તુને વિષે સંતોષ રાખવો. અર્થાત્ એ ત્રણેનો વધારે લોભ ન રાખવો પરંતુ દાન ભણવું અને તપસ્યાએ ત્રણ વસ્તુમાં સંતોષ ન રાખવો અર્થાત્ ન ધરાતાં હમેશાં તે ત્રણે વસ્તુની વૃદ્ધિ કરવી. જાણે મૃત્યુએ આપણા મસ્તકના કેશ પકડયા હોયની! એમ જાણી વિવેકી પુરૂષે ધર્મકૃત્ય ઉતાવળથી કરવું, અને મ્હારી કાયા અજરામર છે, એમ જાણી વિદ્યા અને ધનનું ઉપાર્જન કરવું. જેમ જેમ ઘણી રૂચિથી સાધુ મુનિરાજ નવા નવા શાસ્ત્રમાં પ્રવેશ કરે, તેમ તેમ પોતાના સંવેગીપણા ઉપર નવી નવી શ્રદ્ધા ઉત્પન્ન થવાથી તેમને ઘણોજ હર્ષ થાય છે. જે જીવ આ મનુષ્યભવમાં દરરોજ નવું નવું ભણે છે, તે પરભવે તીર્થંકરપણું પામે છે, હવે જે બીજાને ભણાવે, તેનું જ્ઞાન સારૂં છે, એમ કહેવાની હવે શી જરૂર રહી? થોડી બુદ્ધિ હોય તો પણ જો પાઠ કરવાનો નિત્ય ઉદ્યમ કરે, તો માષ તુષાદિકની પેઠે તેજ ભવે કેવળ જ્ઞાનાદિકનો લાભ થાય એમ જાણવું. આ રીતે છઠી ગાથાનો અર્થ કહ્યો છે.

ઉપર કહ્યા પ્રમાણે ધર્મક્રિયા કરી રહ્યા પછી રાજા આદી હોય તો પોતાના રાજમંદિરે જાય. મંત્રી આદી હોય તો ન્યાય સભાએ જાય, અને

વણિક આદી હોય તો પોતાની દુકાને અથવા બીજે જે ઉદ્યમ કરતો હોય તે ઉદ્યમે જાય. આ રીતે પોત પોતાના ઉચિત સ્થાનકે જઇ ધર્મને વિરોધ ન આવે, તે રીતે દ્રવ્ય સંપાદન કરવાનો વિચાર કરવો. જે રાજાઓ દરિદ્રીને અને ધનવાનને, પોતાના માન્ય પુરૂષને અને અમાન્ય પુરૂષને તથા ઉત્તમને અને અધમને મધ્યસ્થ વૃત્તિ રાખી સરખી રીતે ન્યાય આપે, તો તેમના કાર્યમાં ધર્મનો વિરોધ નથી એમ જાણવું. આ વિષય ઉપર નીચે દૃષ્ટાંત આપ્યું છે.

કલ્યાણકટક પુરમાં ઘણો ન્યાયી યશોવર્મા નામે રાજા હતો. તેણે પોતાના રાજમંદિરના દ્વારમાં ન્યાયઘંટા નામે એક ઘંટા બંધાવી હતી. એક વખતે રાજાની ન્યાયીપણાની પરીક્ષા કરવાને અર્થે રાજ્યની અધિષ્ઠાયિકા દેવી તત્કાળ પ્રસૂતા થએલી ગાયનું અને વાછડાનું રૂપ પ્રકટ કરી રાજમાર્ગમાં બેઠી. એટલામાં રાજપુત્ર ઘણા વેગથી દોડતો એક ઘોડી ઉપર બેસી ત્યાં આવી પહોચ્યો. વેગ ઘણો હોવાથી વાછરડાંના બે પગ ઘોડીની અડફટમાં આવ્યા. તેથી વાછરડું મરણ પામ્યું. ત્યારે ગાય શબ્દ કરવા અને નેત્રમાંથી આંસુ કાઢવા લાગી. કોઇએ ગાયને કહ્યું કે, "તું રાજદ્વારે જઇને ન્યાય માગ." ત્યારે તેણે ત્યાં જઇ પોતાના શિંગડાની અણીથી ન્યાયઘંટા વગાડી. યશોવર્મા રાજા તે સમયે ભોજન કરવા બેઠો હતો, તેણે ઘંટાનો શબ્દ સાંભળીને પૂછ્યું કે, "ઘંટા કોણ વગાડે છે?" સેવકો એ ત્યાં જઇ જોઇને કહ્યું કે, "હે દેવ! કોઇ નથી. આપ ભોજન કરો." રાજાએ કહ્યું. "કોણે વગાડી તેનો નિર્ણય થયા વિના શી રીતે હું ભોજન કરૂં?" પછી તુરત ભોજનનો થાળ પડતો મૂકીને રાજા બારણે આવ્યો, અને બીજું કોઇ નજરે પડ્યું નહીં, તેથી તેણે ગાયને પૂછ્યું કે, "તને કોઇએ ઉપદ્રવ કર્યો કે શું? ઉપદ્રવ કરનાર કોણ છે? તે મને દેખાડ." રાજાએ એમ કહ્યું, ત્યારે ગાય આગળ ચાલી, અને રાજા પાછળ જવા લાગ્યો. ગાયે મરણ પામેલું વાછરડું દેખાડ્યું. રાજાએ કહ્યું. "એ વાછરડા ઉપરથી જે ઘોડીને કૂદાવતો ગયો, તેણે મારી આગળ હાજર થવું." જ્યારે કોઇ કાંઇ બોલ્યો નહીં, ત્યારે રાજાએ પાછું કહ્યું કે જ્યારે અપરાધી હાજર થશે, ત્યારેજ હું ભોજન કરીશ."

રાજાને લાંઘણ થઇ ત્યારે સવારે રાજકુમારે કહ્યું. "હે તાત! હું અપરાધી છું. મને યથાયોગ્ય દંડ કરો." પછી રાજાએ સ્મૃતિના જાણુ પુરૂષોને પૂછ્યું કે, "એનો શું દંડ કરવો." જાણુ પુરૂષોએ કહ્યું. "હે રાજન્! રાજ્યને યોગ્ય એવો આ તારો એકજ પુત્ર છે. માટે એને શું દંડ કરીએ?" રાજાએ કહ્યું. "કોનું રાજ્ય અને કોનો પુત્ર? હું તો ન્યાયનેજ સર્વ વસ્તુ કરતાં ઉત્તમ ગણું છું. કેમકે— ૧ દુર્જનનો દંડ કરવો, ૨ સજ્જનની પૂજા કરવી, ૩ ન્યાયથી ભંડારની વૃદ્ધિ કરવી, ૪ પક્ષપાત ન રાખવો. અને ૫ શત્રુ થકી રાજ્યની રક્ષા કરવી. એજ રાજાઓને નિત્ય કરવા કરવા યોગ્ય પંચ મહા યજ્ઞ કહ્યા છે. સોમનિતિમાં પણ કહ્યું છે કે—રાજાએ પોતાના પુત્રનો પણ અપરાધના અનુસારથી દંડ કરવો. માટે જે એને યોગ્ય દંડ હોય તે કહો." રાજાએ એમ કહ્યું, તો પણ તે તે વિદ્વાન્ લોકો જ્યારે કાંઇ બોલ્યા નહીં. ત્યારે "જે જીવ બીજા જીવને જે રીતે અને જે દુઃખ દે, તે જીવને તે દુઃખના બદલામાં તે રીતે તેજ દુઃખ મળવું જોઇએ." તથા "કોઇ અપકાર કરે તો તેનો અવશ્ય પાછો બદલો વાળવો જોઇએ" વગેરે નીતિશાસ્ત્રના વચન ઉપરથી રાજાએ પોતેજ પુત્રને કયો દંડ આપવો? તેનો નિર્ણય કર્યો. પછી ઘોડી મંગાવીને પુત્રને કહ્યું. "તું અહિં માર્ગમાં સૂઇ રહે." પુત્ર પણ વિનીત હતો તેથી પિતાનું વચન માની માર્ગમાં સૂઇ રહ્યો. રાજાએ પોતાના સેવકોને કહ્યું. "એના ઉપરથી દોડતી ઘોડી લઇ જાઓ." રાજાનું આ વચન કોઇએ માન્યું નહીં. ત્યારે સર્વે લોકોએ વાર્યો, તો પણ રાજા પોતે ઘોડી ઉપર અસ્વાર થયો, અને ઘોડીને દોડાવીને પુત્રના શરીર ઉપર લઇ જાય છે, એટલામાં રાજ્યની અધિષ્ઠાયિકા દેવીએ પ્રકટ થઇ પુષ્પવૃષ્ટિ કરીને કહ્યું કે, "હે રાજન્! મેં તમારી પરિક્ષા કરી. પ્રાણ કરતાં પણ વલ્લભ એવા પોતાના પુત્રથી પણ તને ન્યાય પ્રિય છે, એમાં સંશય નથી. માટે તું ચિરકાળ નિર્વિઘ્નપણે રાજ્ય કર." આ રીતે ન્યાયને વિષે તત્પર રહેવા ઉપર દૃષ્ટાંત છે.

હવે જે રાજાના અધિકારી છે, તે જો અભયકુમાર, ચાણક્ય આદી રૂપની પેઠે રાજાનું અને પ્રજાનું હિત થાય તેવી રીતે રાજકાર્ય કરે તો, મના કામમાં ધર્મને વિરોધ ન આવે. કહ્યું છે કે—કેવળ સજ્જનુંજ હિ-

તકરનારો માણસ પ્રજાનો શત્રુ થાય છે, અને કેવળ પ્રજાનુંજ હિત કરનારો માણસ રાજાથી તજી દેવાય છે. એવી રીતે એકના હિતમાં બીજાનું અહિત સમાયલું હોવાથી રાજા અને પ્રજા એ બન્નેનું હિત કરનારો અધિકારી દુર્લભ છે. વણિક આદી લોકોએ ચોરકો વ્યવહાર રાખવો, એટલે ધર્મને વિરોધ ન આવે. (૬). તેજ વાત મૂળગાથામાં કહે છે.

(મૂલગાથા.)

ववहारसुद्धि देसा—इविरुद्धचाय उचिअचरणोहिं ॥
तो कुणइ अच्छचिंतं, निव्वाहितो निअं धम्मं ॥ ७ ॥

ભાવાર્થ:—પૂર્વે કહેલી ધર્મક્રિયા કરી રહ્યા પછી, અર્થચિંતા (ધન સંપાદન કરવા સંબંધી વિચાર) કરે. તે કરતાં ત્રણ વસ્તુ ઉપર અવશ્ય ધ્યાન રાખવું જોઇએ. એક તો ધન આદી મેળવવાનું સાધન એવા વ્યવહારની નિર્દોષતા રાખવી. અર્થાત્ વ્યવહારમાં મન, વચન અને કાય એ ત્રણે સરળ રાખવાં. કપટ ન કરવું. બીજું જે દેશમાં રહીએ, તે દેશમાં લોકવિરૂદ્ધ મનાયલાં કૃત્યો ન કરવાં. ત્રીજું ઉચિત કૃત્યો અવશ્ય કરવાં. આ ત્રણેનું વિસ્તારથી વિવેચન આગળ આવશે. તે ધ્યાનમાં રાખીને ધનની ચિંતા કરવી. એથી અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય વાત એ છે કે, પોતાના અંગીકાર કરેલા ધર્મનો તથા આદરેલા વ્રતનો નિર્વાહ થાય, પરંતુ કોઈ સ્થળે કોઇ પણ રીતે તેને (ધર્મને અને વ્રત આદીને) લોભથી અથવા ભૂલ વગેરેથી પણ હરકત ન આવે એવી રીતે ધનની ચિંતા કરવી. કેમકે એવી કોઇ પણ વસ્તુ નથી કે, જે દ્રવ્યથી ન મેળવી શકાય. માટે બુદ્ધિશાળી પુરૂષે સર્વ પ્રકારના પ્રયત્ન કરીને ધન સંપાદન કરવું. આ ઠેકાણે "અર્થચિંતા કરવી" એમ આગમ કહેતું નથી. કારણ કે, માણસ માત્ર અનાદિ કાળની પરિગ્રહ સંજ્ઞાથી પોતાની મેળેજ અર્થચિંતા કરે છે. કેવળિભાષિત આગમ તેવા સાવદ્ય વ્યાપારમાં જીવોની પ્રવૃત્તિ શા માટે કરાવે! અનાદિ કાળની સંજ્ઞાથી મુગ્ધશ્રાવકને અર્થચિંતા કરવી પડે, ત્યારે તેણે ધર્મ વગેરેને બાધ ન આવે તેવી રિતે કરવી, એટલીજ આગમની આજ્ઞા છે. લોક જેમ પરલોકના (સંસાર સંબંધી) કાર્યનાં સર્વ આરંભ કરીને અહોરાત્ર ઉદ્યમ કરે છે, તેના એક લાખમા ભાગ જેટ-

લેા પણ ઉદ્યમ જો ધર્મને વિષે કરે, તેા શું મેળવવાનું બાકી રહે ?

માણસની આ જીવિકા ૧ વ્યાપાર, ૨ વિદ્યા, ૩ ખેતી, ૪ ગાય બકરાં આદિ પશુનું રક્ષણ, ૫ કળા કૌશલ્ય ૬ સેવા અને ૭ ભિક્ષા એ સાત ઉપાયથી થાય છે. તેમાં વણિક લેાકેા વ્યાપારથી, વૈદ્ય, આદિ લેાકેા પેાતાની વિદ્યાથી, કણબી લેાકેા ખેતીથી, ગેાવાળ તથા ભરવાડ લેાકેા ગાય આદીના રક્ષણથી, ચિત્રકાર, સૂતાર વગેરે લેાકેા પેાતાની કારીગરીથી, સેવક લેાકેા સેવાથી અને ભિખારી લેાકેા ભિક્ષાથી પેાતાની આજીવિકા કરે છે. તેમાં ધાન્ય, ઘૃત, તેલ, કપાસ, સૂતર, કાપડ. તાંબા પિતળ આદિ ધાતુ, મેાતી, ઝવેરાત, નાણું વગેરે કરિયાણાના ભેદથી અનેક પ્રકારના વ્યાપાર છે. "ત્રણસેા સાઠ પ્રકારનાં કરિયાણાં છે" એવી લેાકમાં પ્રસિદ્ધિ છે. પેટાના ભેદ જાણવા જોઇએ તેા વ્યાપારની સંખ્યાનેા પાર આવે એમ નથી. વ્યાજે ધીરવું એ પણ વ્યાપારની અંદરજ સમાય છે.

ઔષધ, રસ, રસાયન, ચૂર્ણ, અંજન, વાસ્તુ, શકુન, નિમિત્ત, સામુદ્રિક, ધર્મ, અર્થ, કામ, જ્યેાતિષ, તર્ક વગેરે ભેદથી નાના પ્રકારની વિદ્યાઓ છે. તેમાં વૈદ્યવિદ્યા અને ગાંધીપણું એ બે વિદ્યા પ્રાયે માઠું ધ્યાન થવાનેા સંભવ હેાવાથી વિશેષ ગુણકારી નથી. કેાઈ ધનવાન્ પુરૂષ માંદેા પડી જાય અથવા બીજા કેાઇ એવાજ પ્રસંગે વૈદ્યને તથા ગાંધીને ઘણેા લાભ થાય છે, ઠેકાણે ઠેકાણે બહુમાન મળે છે. કેમકે શરીરે રેાગ થાય ત્યારે વૈદ્ય પિતા સરખેા છે; તથા રેાગિના મિત્ર વૈદ્ય, રાજાના મિત્ર હાજી હાજી કરી મીઠાં વચન બેાલનારા, સંસારી દુઃખથી પીડાયલા માણસના મિત્ર મુનિરાજ અને લક્ષ્મી ખેાઇને બેઠેલા પુરૂષેાના મિત્ર જોશી જાણવા.

વ્યાપારમાં વ્યાપાર ગાંધીનેાજ સરસ છે. કારણ કે, તે વ્યાપારમાં એક ટકે ખરીદેલી વસ્તુ સેા ટકે વેચાય છે. આ સર્વ વાત સાચી છે. વૈદ્યને તથા ગાંધીને લાભ તથા માન ઘણું મળે છે; પરંતુ એવેા નિયમ છે કે, જેને જે કારણથી લાભ થાય છે, તે માણસ તેવું કારણ હમેશાં બની આવવાની ઇચ્છા રાખે છે. કહ્યું છે કે—સુભટેા રણસંગ્રામની, વૈદ્યો મ્હોટા મ્હોટા ધનવંત લેાકેાની માંદગીની, બ્રાહ્મણેા ઘણા મરણેાની અને નિર્ગ્રંથ મુનિઓ લેાકમાં સુભિક્ષની તથા ક્ષેમકુશળની ઇચ્છા કરે છે. મનમાં ધન

ઉપાર્જવાની ઇચ્છા રાખનાર જે વૈદ્ય લોકો માંદા પડવાની ઈચ્છા કરે છે. રોગી માણસના રોગને ઔષધથી સાજા થતા અટકાવીને દ્રવ્ય લોભથી ઉલટી તેની હાની કરે છે, એવા વૈદ્યના મનમાં દયા ક્યાંથી હોય? કેટલાક વૈદ્ય તો પોતાના સાધર્મી, દરિદ્રી, અનાથ, મરણને કાંઠે આવેલા એવા લોકો પાસેથી પણ બળાત્કારે દ્રવ્ય લેવાને ઇચ્છે છે. અભક્ષ્ય વસ્તુ પણ ઔષધમાં નાંખી રોગીને ખવરાવે, અને દ્વારિકાના અભવ્ય વૈદ્ય ધન્વંતરિની પેઠે જાત જાતનાં ઔષધ આદિના કપટથી લોકોને ઠગે છે. હવે થોડો લોભ રાખનારા, પરોપકારી અને સારી પ્રકૃતિના જે વૈદ્યો છે, તેમની વૈદ્યવિદ્યા ઋષભદેવ ભગવાનના જીવ જીવાનંદ વૈદ્યની પેઠે ઇહલોકે તથા પરલોકે ગુણકારી જાણવી.

હવે, ખેતી ત્રણ પ્રકારની છે. એક વરસાદના પાણીથી થનારી, બીજી કૂવા આદિના પાણીથી તથા ત્રીજી બન્ને વર્ષાદ તથા કુવાના પાણીથી થનારી, ગાય, ભેંસ, બકરી, ઉંટ, બળદ, ઘોડા હાથી વગેરે જાનવરો પાળીને પોતાની આજીવિકા કરવી તે પશુરક્ષાવૃત્તિ કહેવાય છે. તે પાળવાનાં જાનવર જાતજાતનાં હોવાથી અનેક પ્રકારની છે. ખેતી અને પશુરક્ષાવૃત્તિ એ બન્ને વિવેકી માણસને કરવા યોગ્ય નથી. વળી કહ્યું છે કે—હાથીના દાંતને વિષે રાજાઓની લક્ષ્મી, બળદના ખંધ ઉપર ખેડુત લોકોની, ખડ્ગની ધારા ઉપર સુભટોની લક્ષ્મી તથા શૃંગારેલા સ્તન ઉપર વેશ્યાઓની લક્ષ્મી રહે છે કદાચિત્ બીજી કાંઇ વૃત્તિ ન હોય, અને ખેતીજ કરવી પડે તો વાવવાનો સમય વગેરે બરાબર ધ્યાનમાં રાખવો. તથા પશુરક્ષાવૃતિ કરવી પડે તો મનમાં ઘણી દયા રાખવી કેમકે જે ખેડુત વાવવાનો વખત ભૂમીનો ભાગ કેવો છે? તે, તથા તેમાં કયો પાક આવે? તે જાણે, અને માર્ગમાં આવેલું ખેતર મૂકી દે, તેનેજ ઘણો લાભ થાય. તેમજ જે માણસ દ્રવ્ય પ્રાપ્તિને અર્થે પશુરક્ષાવૃત્તિ કરતો હોય, તેણે પોતાના મનની અંદર રહેલો દયાભાવ છોડવો નહીં. તે કામમાં સર્વ ઠેકાણે પોતે જાગૃત રહી †છવિચ્છેદ વગેરે વર્જવું.

હવે શિલ્પકળા સો જાતની છે, કહ્યું છે કે—કુંભાર, લુહાર, ચિત્ર-

† ખાંસી કરવી, નાક વિંધવા વગેરે.

કાર, સૂતાર, અને ધાંયજો એ પાંચનાં પાંચ શિલ્પજ (કારીગરી) મુખ્ય છે. પાછા એકેક શિલ્પના વીસ વીસ પેટાના ભેદ ગણતાં સર્વ મળી સો ભેદ થાય છે. પ્રત્યેક માણસની શિલ્પકળા એકની બીજાથી જૂદી પડનારી હોવાથી જૂદી ગણીએ તો ઘણાજ ભેદ થાય. આચાર્યના ઉપદેશથી થએલું તે શિલ્પ કહેવાય છે. ઉપર કહેલાં પાંચ શિલ્પ ઋષભદેવ ભગવાનના ઉપદેશથી ચાલતાં આવેલાં છે. આચાર્યના ઉપદેશ વિના જે કેવળ લોકપરંપરાથી ચાલતું આવેલું ખેતી વ્યાપાર વગેરે તે કર્મ કહેવાય છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે—આચાર્યના ઉપદેશથી થએલું શિલ્પ અને ઉપદેશથી ન થએલું તે કર્મ કહેવાય છે. કુંભારનું, લુહારનું, ચિત્રકારનું વગેરે શિલ્પના ભેદ છે, અને ખેતી, વ્યાપાર આદિ કર્મના ભેદ છે. ખેતી, વ્યાપાર અને પશુરક્ષાવૃત્તિ એ ત્રણ કર્મ અહિં પ્રત્યક્ષ કહ્યાં. બાકી રહેલાં કર્મ પ્રાયે શિલ્પ વગેરેમાં સમાઇ જાય છે. પુરૂષોની તથા સ્ત્રીઓની કળાઓ કેટલીક વિદ્યામાં અને કેટલીક શિલ્પમાં સમાઈ જાય છે. કર્મના સામાન્યથી ચાર પ્રકાર છે કહ્યું છે કે—બુદ્ધિથી કર્મ (કાર્ય) કરનારા ઉત્તમ હાથથી કર્મ કરનારા મધ્યમ, પગથી કર્મ કરનારા અધમ અને મસ્તકથી (ભાર ઉપાડીને) કર્મ કરનારા અધમમાં અધમ જાણવા. હવે બુદ્ધિથી કર્મ કરવા ઉપર નીચે પ્રમાણે એક દૃષ્ટાંત છે.—

ચંપા નગરીમાં મદન નામે ધનશ્રેષ્ઠીનો પુત્ર હતો. તેણે બુદ્ધિ આપનારા લોકોની દુકાને જઇ પાંચસો દ્રમ્મ આપી એક બુદ્ધિ લીધી કે, " બે જણા લઢતા હોય ત્યાં ઉભા રહેવું નહીં. " ઘેર આવ્યો ત્યારે મિત્રોએ પાંચસો દ્રમ્મની બુદ્ધિ સાંભળી તેની ઘણી મશ્કરી કરી,, તથા પિતાએ પણ ઘણો ઠપકો આપ્યો. તેથી તે મદનબુદ્ધિ પાછી આપી પોતાના દ્રમ્મ લેવા દુકાનવાળા પાસે આવ્યો. દુકાનદારે કહ્યું કે, " જ્યાં બે જણાની લઢાઇ ચાલતી હોય, ત્યાં અવશ્ય ઉભા રહેવું. " એમ તું કબૂલ કરતો હોય તો તારા દ્રમ્મ પાછા આપું, " તે વાત કબૂલ કરવાથી દુકાનદારે મદનને પાંચસો દ્રમ્મ પાછા આપ્યા. હવે એક સમયે માર્ગમાં બે સુભટોનો કાંઈ વિવાદ થતો હતો, ત્યારે મદન તેમની પાસે ઉભો રહ્યો. બન્ને સુભટોએ મદનને પોતાના સાક્ષી તરીકે કબુલ કર્યો. ન્યાય કરવાનો સમય

આવ્યો, ત્યારે રાજાએ મદનને સાક્ષી તરીકે બોલાવ્યો. ત્યારે બન્ને સુભટોએ મદનને કહ્યું કે, "જો મ્હારી તરફેણમાં સાક્ષી નહિ પૂરે, તો તહારૂં આવી બન્યું એમ જાણજે." એવી ધમકીથી આકુળ વ્યાકુળ થએલા ધનશ્રેષ્ઠીએ પોતાના પુત્રના રક્ષણ માટે ક્રોડ દ્રમ્મ આપીને બુદ્ધિ દેનારની પાસેથી એક બુદ્ધિ લીધી કે, "તું તહારા પુત્રને ગાંડો કર." એમ કરવાથી ધનશ્રેષ્ઠી સુખી થયો. એ બુદ્ધિકર્મ ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

વ્યાપાર આદી કરનારા લોકો હાથથી કામ કરનારા જાણવા. દૂતપણું વગેરે કામ કરનારા લોકો પગથી કામ કરનારા જાણવા. ભાર ઉપાડનારા વગેરે લોકો મસ્તકથી કામ કરનારા જાણવા. ૧ રાજાની, ૨ રાજાના અમલદાર લોકોની, ૩ શ્રેષ્ઠીની અને ૪ બીજા લોકોની મળી ચાર પ્રકારની સેવા છે. રાજાદિકની સેવા અહોરાત્ર પરવશતા આદિ ભોગવવું પડતું હોવાથી જેવા તેવા માણસથી થાય તેમ નથી. કહ્યું છે કે—જો સેવક કાંઈ ન બોલે, તો મૂગો કહેવાય, જો જૂઠથી બોલે તો બકનારો કહેવાય, જો પાસે બેસી રહે તો ધીઠો કહેવાય, જો આઘો બેસે તો બુદ્ધિહીન કહેવાય, સ્વામી કહે તે સર્વ સહન કરે તો કાયર કહેવાય, જો ન સહન કરે તો હલકા કુળનો કહેવાય, માટે યોગીઓથી પણ ન જાણી શકાય એવો સેવાધર્મ બહુજ કઠણ છે. જે પોતાની ઉન્નતિ થવાને અર્થે નીચું માથું નમાવે, પોતાની આજ્ઞવિકાને અર્થે પ્રાણ આપવા પણ તૈયાર થાય, અને સુખ પ્રાપ્તિને અર્થે દુઃખી થાય, એવા સેવક કરતાં બીજો કોણ મૂર્ખ હશે?

પારકી સેવા કરવી તે શ્વાનવૃત્તિ સમાન છે, એમ કહેનારા લોકોએ બરાબર વિચાર કર્યો જણાતો નથી, કારણ કે, શ્વાન ધણીની ખુશામત પૂંછડીથી કરે છે, અને સેવક તો ધણીની ખુશામત માથું નમાવી નમાવીને કરે છે. માટે સેવકની વૃત્તિ શ્વાન કરતાં પણ નીચ છે. એમ છતાં પણ બીજી કોઇ રીતે નિર્વાહ ન થાય તો, સેવા કરીને પણ વિવેકી પુરૂષે પોતાનો નિર્વાહ કરવો. કેમકે—મ્હોટો શ્રીમાન્ હોય તેણે વ્યાપાર કરવો, અલ્પ ધનવાન્ હોય તેણે ખેતી કરવી, અને સર્વ ઉદ્યમ જ્યારે ખુટી પડે, ત્યારે છેવટ સેવા કરવી. સમજ્યા, ઉપકારનો જાણ તથા જોનામાં

બીજા એવાજ ગુણ હોય, તે ધણીની સવા કરવી કેમકે— જે કાનનો કાચો ન હોય, તથા શૂરવીર, કરેલા ઉપકારનો જાણુ, પોતાનું સત્વ રાખનારો, ગુણી, દાતા, ગુણ ઉપર પ્રીતિ રાખનારો એવો ધણી સેવકને ભાગ્યથીજ મળે છે. ક્રૂર, વ્યસની, લોભી, નીચ, ઘણા કાળનો રોગી, મૂર્ખ અને અન્યાયી એવા માણસને કદિ પણ પોતાનો અધિપતિ ન કરવો. જે માણસ અવિવેકી રાજા પાસેથી પોતે ઋદ્ધિવંત થવાને ઇચ્છે છે, તે પોતાને ઋદ્ધિ પ્રાપ્ત થવાને અર્થે સો યોજન પગે જવાની ધારણા કરે છે, અર્થાત્ તે નકામી એમ સમજવું. કામંદકીય નીતિસારમાં વળી કહ્યું છે કે— વૃદ્ધ પુરૂષોની સમ્મતિથી ચાલનારો રાજા સત્પુરૂષોને માન્ય થાય છે. કારણ કે, ખરાબ ચાલના લોકો કદાચિત્ તેને ખોટે માર્ગે દોરે, તો પણ તે જાય નહીં. ધણીએ. પણ સેવકના ગુણ પ્રમાણે તેનો આદર સત્કાર કરવો જોઇએ, કહ્યું છે કે—જ્યારે રાજા સાસા તથા નરસા સર્વે સેવકોને સરખી પંક્તિમાં ગણે, ત્યારે ઉદ્યમ કરવાને સમર્થ એવા સેવકોનો ઉત્સાહ ભાગી જાય છે.

સેવકે પણ પોતાને વિષે ભક્તિ, ચતુરતા વગેરે અવશ્ય રાખવાંજ જોઇએ. કેમકે—સેવક ધણી ઉપર ઘણી પ્રીતિ રાખનારો હોય, તો પણ તે જો બુદ્ધિહીન અને કાયર હોય તો તેથી ધણીને શું લાભ થવાનો ! તથા સેવક બુદ્ધિશાલી અને પરાક્રમી હોય, તો પણ તે જો ધણી ઉપર પ્રીતિ રાખનારો ન હોય તો તેથી પણ શું લાભ થવાનો ? માટે જેમનામાં બુદ્ધિ, શૂરવીરપણું, અને પ્રીતિ એ ત્રણ ગુણ હોય, તેજ રાજાના સંપતકાળમાં તથા વિપત્તીકાળમાં ઉપયોગી થઇ પડે એમ જાણવા, અને જેમનામાં એવા ગુણ ન હોય, તે સેવક સ્ત્રી સમાન સમજવા. કદાચિત્ રાજા પ્રસન્ન થાય તો તે સેવકોને માન પત્ર આપે છે, પણ સેવકો તો તે માનના બદલામાં વખતે પોતાના પ્રાણ આપીને પણ રાજા ઉપર ઉપકાર કરે છે. સેવકે રાજાદિકની સેવા ઘણી ચતુરાઇથી કરવી. કેમકે—સેવકે સર્પ, વ્યાઘ્ર, હાથી અને સિંહ એવા ક્રૂર જીવોને પણ ઉપાયથી વશ કરેલા જોઇને મનમાં વિચારવું કે, બુદ્ધિશાળી અને ડાહ્યા પુરૂષોએ "રાજાને વશ કરવો" એ વાત સહેજ છે. રાજાદિકને વશ કરવાનો પ્રકાર નીતિશાસ્ત્ર આદિ ગ્રંથોમાં

કહ્યા છે, તે એ છે કે:—ડાહ્યા સેવકે ધણીની બાજૂએ બેસવું, તેના મુખ તરફ દૃષ્ટિ રાખવી. હાથ જોડવા, અને ધણીના સ્વભાવ જાણીને સર્વ કાર્યો સાધવાં. સેવકે સભામાં ધણીની પાસે બહુ નજીક ન બેસવું, તથા બહુ દૂર પણ ન બેસવું, ધણીના આસન જેટલા અથવા તેથી વધારે ઊંચા આસન ઉપર પણ ન બેસવું. ધણીની આગળ તેમ પાછળ પણ ન બેસવું. કારણ કે, બહુ પાસે બેસે તો ધણીને અકળામણ થાય, બહુ દૂર બેસે તો બુદ્ધિ-હીન કહેવાય, આગળ બેસે તો બીજા કોઇ માણસને ખોટું લાગે, અને પાછળ બેસે તો ધણીની દૃષ્ટિ ન પડે, માટે ઉપર કહ્યા પ્રમાણે બેસવું.

થાકી ગએલો, ક્ષુધાથી તથા તૃષાથી પીડાયલો, ક્રોધ પામેલો, કોઈ કાર્યમાં રોકાયલો, સુવાનો વિચાર કરનારો, તથા બીજા કોઇની વિનંતી સાંભળવામાં રોકાયલો એવી અવસ્થામાં ધણી હોય, તે સમયે સેવકે તેને કાંઇ વાત કહેવાની હોય તો કહેવી નહીં. સેવકે જેમ રાજાની સાથે તેમજ રાજમાતા, પટ્ટરાણી, પાટવી કુમાર, મુખ્યમંત્રી, રાજગુરૂ અને દ્વા-રપાળ એટલા માણસોની સાથે પણ વર્તવું. "પૂર્વે મેજર એ સળગાવ્યો છે, માટે હું એની અવહીલના કરૂં, તોપણ એ મને બાળશે નહીં." એવી ખોટી સમજથી જો કોઇ માણસ પોતાની આંગળી દીવા ઉપર ધરે, તો તે તત્કાળ બાળી નાંખે છે. તેમ "મેજર એને હિકમતથી રાજપદવીએ પંહોચાડયો છે, માટે ગમે તે કરૂં તો પણ મ્હારા ઉપર એ રૂષ્ટ થાય નહીં. એવી ખોટી સમજથી જો કોઇ માણસ રાજાને આંગળી અડાડે, તો પણ તે રૂષ્ટ થયા વગર રહે નહીં. માટે તે રૂષ્ટ ન થાય તેમ ચાલવું કોઇ પુરૂષ રાજાને ઘણો માન્ય હોય, તો પણ મનમાં તેણે તે વાતનો ગર્વ ન કરવો. કારણ કે, "ગર્વ વિનાશનું મૂળ છે." એમ કહ્યું છે. આ વિષય ઉપર એક વાત એવી સંભળાય છે કે:—

દિલ્લી શહેરના બાદશાહના મ્હોટા પ્રધાનને ઘણો ગર્વ થયો. તે મ-નમાં એમ સમજવા લાગ્યો કે, "રાજા મ્હારા આધાર ઉપરજ ટકી રહ્યું છે" એક સમયે કોઇ મ્હોટા માણસ આગળ તેણે તેની ગર્વની વાત પણ કહી દીધી તે વાત બાદશાહને કાને પડતાંજ તેણે મુખ્ય પ્રધાનને પદ ઉપ-રથી ઉતારી મૂક્યો, અને તેની જગ્યા ઉપર હાથમાં રાપડી રાખનારો એક

નજીકમાં મોચી હતો, તેને રાખ્યો. તે કામકાજના કાગળ ઉપર સહીની નીશાની તરીકે રાપડી લખતો હતો. તેનો વંશ હજી પણ દિલ્લીમાં હયાત છે,

આ રીતે રાજાદિક પ્રસન્ન થાય તો ઐશ્વર્ય આદિનો લાભ થવો અશક્ય નથી. કહ્યું છે કે—શેલડીનું ખેતર, સમુદ્ર, યોનિ પોષણ અને રાજાનો પ્રસાદ એટલાવાના તત્કાળ દરિદ્રપણું દૂર કરે છે. સુખની વાંછા કરનારા અભિમાની લોકો રાજ આદિ લોકોની સેવા કરવાની ભલે નિંદા કરો; પણ રાજ સેવા કર્યા વગર સ્વજનનો ઉદ્ધાર અને શત્રુનો સંહાર થાય નહીં. કુમારપાળ નાશી ગયો, ત્યારે વોસિર બ્રાહ્મણે તેને સહાયતા આપી, તેથી તેણે પ્રસન્ન થઈ અવસર આવતાં તે બ્રાહ્મણને લાટદેશનું રાજ્ય આપ્યું કોઈ દેવરાજ નામે રાજપુત્ર જિતશત્રુ રાજાને ત્યાં પોલિયાનું કામ કરતો હતો. તેણે એક સમયે સર્પનો ઉપદ્રવ દૂર કર્યો, તેથી પ્રસન્ન થએલા જિતશત્રુ રાજા તે દેવરાજને પોતાનું રાજ્ય આપી પોતે દીક્ષા લઈ સિદ્ધ થયો. મંત્રી,શ્રેષ્ઠી, સેનાપતિ આદિનાં સર્વ કામો પણ રાજસેવામાંજ સમાઈ જાય છે. એ મંત્રી આદિનાં કામો ઘણાં પાપમય છે, અને પરિણામે કડવાં છે. માટે ખરેખર જોતાં શ્રાવકે તે વર્જવાં. કહ્યું છે કે જે માણસને જે અધિકાર ઉપ રાખીએ, તેમાં તે ચોરી કર્યા વગર રહે નહીં જુઓ, ધોબી પોતાનાં પહેરવાનાં વસ્ત્ર વેચીથી લઇને પહેરે છે કે શું? મનમાં અધિક અધિક ચિંતા ઉત્પન્ન કરનારા અધિકાર કારાગૃહ સમાન છે રાજાના અધિકારીઓને પ્રથમ નહીં પણ પરિણામે બંધન થાય છે.

હવે સુશ્રાવક સર્વથા રાજાઓનું કામકાજ કરવાનું મૂકી ન શકે, તો પણ ગુપ્તિપાળ, કોટવાળ, સીમાપાળ વગેરેના અધિકાર તો ઘણા પાપમય અને નિર્દય માણસથી બની શકે એવા છે, માટે શ્રદ્ધાવંત શ્રાવકે તે જરૂર તજવાં. કેમકે—તલાર, કોટવાળે, સીમાપાળ, પટેલ આદિ અધિકારી કોઈ માણસને પણ સુખ દેતા નથી. બાકીના અધિકાર કદાચિત્ કોઈ શ્રાવક સ્વીકારે તો, તેણે મંત્રી વસ્તુપાળ તથા પૃથ્વીધરની પેઠે શ્રાવકોની સુકૃતની કિર્તિ થાય તેવી રીતે તે અધિકાર ચલાવવા; કેમકે—જે માણસોએ પાપમય એવાં રાજકાર્યો કરતાં છતાં, તેની સાથે ધર્મનાં કૃત્યો કરીને પુણ્ય ઉપાર્જ્યું નહીં, તે માણસોને દ્રવ્યને અર્થે ધૂળ ધોનારા લોકો કરતાં પણ

હું મૂઢ જાણું છું. પોતાની ઉપર રાજાની ઘણી કૃપા હોય તો પણ તુતેં શાશ્વતપણું ધારી રાજાના કોઇ પણ માણસને કોપાવવો નહીં. તથા રાજા આપણને કાંઇ કાર્ય કરવા સોંપે તો રાજા પાસે તે કામ ઉપર ઉપરી માણસ માગવો. સુશ્રાવકે આ રીતે રાજસેવા કરવી. તે બનતાં સૂધી શ્રાવક રાજાની જ કરવી. એ ઉચિત છે. કહ્યું છે કે—શ્રાવકે જ્ઞાન અને દર્શન સંપાદન કરેલા કોઇ શ્રાવકને ઘેર દાસપણે રહેવું તે પણ શ્રેષ્ઠ છે, પણ મિથ્યાત્વથી મૂઢમતિ થએલો કોઇ મોટો રાજા અથવા ચક્રવર્ત્તિ હોય, તો તેને ઘેર રહેવું શ્રેષ્ઠ નથી. હવે કદાચિત્ બીજું કાંઇ નિર્વાહનું સાધન ન હોય, તો સમકિતના પચ્ચખાણમાં "**वित्तीकंतारेणं**" એવો આગાર રાખ્યો છે, તેથી કોઇ શ્રાવક જો મિથ્યાદૃષ્ટિની સેવા કરે, તો પણ તેણે પોતાની શક્તિથી અને યુક્તિ કરી શકાય તેટલી સ્વધર્મિની પીડા ટાળવી. તથા બીજા કોઈ પ્રકારે થોડો પણ શ્રાવકને ઘેર નિર્વાહ થવાનો યોગ મળે, તો મિથ્યાદૃષ્ટિની સેવા મૂકી દેવી. એ પ્રકારે સેવાવિધિ કહ્યો છે.

સોનું વગેરે ધાતુ, ધાન્ય, વસ્ત્ર ઇત્યાદિ વસ્તુના ભેદથી ભિક્ષા અનેક પ્રકારની છે. તેમાં સર્વસંગ પરિત્યાગ કરનારા મુનિરાજની ધર્મકાર્યના રક્ષણને અર્થે આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે વસ્તુની ભિક્ષા ઉચિત છે; કેમકે—હે ભગવતિ ભિક્ષે ! તું પ્રતિદિન પરિશ્રમ વિના મળી શકે એવી છે, ભિક્ષુક લોકોની માતા સમાન છે, સાધુ મુનિરાજની તો કલ્પવલ્લી છે, રાજાઓ પણ તને નમે છે, તથા તું નરકને ટાળનારી છે, માટે હું તને નમસ્કાર કરું છું. બાકી સર્વે પ્રકારની ભિક્ષા માણસને અતિશય લઘુતા ઉત્પન્ન કરનારી છે કેમકે માણસ જ્યાં સૂંઘી મ્હોડેથી "આપો" એવો શબ્દ બોલે નહીં, એટલી માગણી કરે નહીં ત્યાં સૂંઘી તેનામાં રૂપ, ગુણ, લજ્જા, સજ્જતા, કુલીનતા અને અહંકાર રહેલાં છે એમ જાણવું. તૃણ બીજી વસ્તુ કરતાં (હલકું) છે, રૂ તૃણ કરતાં હલકું છે, અને યાચક તો રૂ કરતાં પણ હલકો છે, ત્યારે એને પવન કેમ ઉડાડીને લઇ જતો નથી ? તેનું કારણ એ છે કે, પવનના મનમાં એવો ભય રહે છે કે, હું એને (યાચકને) લઈ જઉં તો મારી પાસે એ કાંઇ માગશે ? રોગી, ઘણા કાળ સૂંધી પ્રવાસ કરનાર, નિત્ય પારકું અન્ન ભક્ષણ કરનાર અને

પારકે ઘેર સુઇ રહેનાર એટલા માણસોનું જીવિત મરણ સમાન છે. એટલું જ નહીં પણ મરણ પામવું તે એમને સારી વિશ્રાંતિ છે. ભિક્ષા માગીને નિર્વાહ કરનારો માણસ નિષ્કાળજી, બહુ ખાનારો, આળસુ અને ઘણી નિદ્રા લેનારો હોવાથી જગતમાં તદ્દન નકામો થાય છે. વળી એમ પણ વાર્તા કહેવાય છે કે:—

કોઇ કાપાલિકના ભિક્ષા માગવાના ઠીકરામાં એક ધાંચીના બળદે મ્હોડું ઘાલ્યું. ત્યારે ઘણો કોલાહલ કરીને કાપાલિકે કહ્યું કે, "મને બીજી ઘણી ભિક્ષા મળશે, પણ એ બળદે ભિક્ષાના વાસણમાં મ્હોડું ઘાલ્યું, તેથી રખેને એનામાં ભિક્ષાચરના આળસ, બહુ નિદ્રા આદિ ગુણ આવે, અને તમને નકામો થઇ પડે! માટે મને બહુ દીલગીરી થાય છે." શ્રીહરીભદ્રસૂરીએ પાંચમા અષ્ટકમાં ત્રણ પ્રકારની ભીક્ષા કહી છે. તે એ કે:—તત્વના જાણુ પુરૂષોએ ૧ સર્વસંપત્કરી, ૨ પૌરૂષઘ્ની, અને ૩ વૃત્તિભિક્ષા. આ રીતે ત્રણ પ્રકારની ભિક્ષા કહી છે ગુરૂની આજ્ઞામાં રહેલા, ધર્મધ્યાન આદિ શુભ ધ્યાન કરનારા અને યાવજ્જીવ સર્વ આરંભથી નિવૃત્તી પામેલા સાધુઓની ભિક્ષા સર્વ સંપત્કરી કહેવાય છે. જે પુરૂષ પંચ મહાવ્રતનો અંગીકાર કરીને યતિધર્મને વિરોધ આવે એવી રીતે ચાલે, તે ગૃહસ્થની પેઠે સાવદ્ય આરંભ કરનારા સાધુની ભિક્ષા પૌરૂષઘ્ની કહેવાય છે. કારણ કે, ધર્મની લઘુતા ઉત્પન્ન કરનારો તે મૂઢ સાધુ, શરીરે પુષ્ટ છતાં દીન થઈ ભિક્ષા માગીને ઉદરપોષણ કરે, તેથી તેનો કેવળ પુરૂષાર્થ નાશ પામે છે. દરિદ્રી, આંધળા, પાંગળા તથા બીજા પણ જેમનાથી કાંઈ ધંધો થઇ શકે એમ નથી, એ લોકો જે પોતાની આજીવિકાને અર્થે ભિક્ષા માગે છે, તે વૃત્તિભિક્ષા કહેવાય છે. વૃત્તિભિક્ષામાં બહુ દોષ નથી, કારણ કે, તેના માગનારા દરિદ્રી આદિ લોકો ધર્મને લઘુતા ઉપજાવતા નથી. મનમાં દયા લાવી લોકો તેમને ભિક્ષા આપે છે. માટે ગૃહસ્થે અને વિશેષે કરી ધર્મી શ્રાવકે માગવી વર્જવી.

બીજું કારણ એ છે કે, ભિક્ષા માગનાર પુરૂષ ગમે તેટલું શ્રેષ્ઠ ધર્માનુષ્ઠાન કરે, તો પણ જેમ દુર્જનની મૈત્રીથી, તેમ તેથી લોકમાં અવજ્ઞા, નિંદા વગેરે થાય; અને જે જીવ ધર્મની નિંદા કરાવનારો થાય, તેને સમ્યક્ત્વ પ્રાપ્તિ આદિ થવું મુશ્કેલ છે. ઔઘનિર્યુક્તિમાં સાધુ આશ્રયી કહ્યું છે

કે, ષટ્જીવનિકાય ઉપર દયા રાખનાર સંયમી સાધુ પણ, આહાર નિહાર કરતાં તથા ગોચરીએ અન્ન ગ્રહણ કરતાં જો કાંઇ ધર્મની નિંદા ઉપજાવે, તો તેને બોધિલાભ દુર્લભ થાય. ભિક્ષા માગવાથી કોઇને લક્ષ્મી અને સુખ વગેરેની પ્રાપ્તિ થતી નથી. કહ્યું છે કે—પૂર્ણ લક્ષ્મી વ્યાપારની અંદર વસે છે, થોડી ખેતીમાં છે, સેવામાં નહીં જેવી છે અને ભિક્ષામાં તો બિલકૂલ છેજ નહી. ઉદરપોષણ માત્રતો ભિક્ષાથી પણ થાય છે, તેથી અંધ પ્રમુખને તે આજીવિકાનું સાધન થઈ પડે છે, મનુસ્મૃતિના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે—ઋત, અમૃત, મૃત, પ્રમૃત અને સત્યાનૃત એટલા ઉપાયથી પોતાની આજીવિકા કરવી, પરંતુ નીચની સેવા કરી પોતાનો નિર્વાહ કદી પણ ન કરવો. ચૌટામાં પડેલા દાણા વીણવા તે ઋત કહેવાય છે. યાચના કર્યા વગર મળેલું તે અમૃત અને યાચના કરવાથી મળેલું તે મૃત કહેવાય છે. પ્રમૃત તે ખેતી અને સત્યાનૃત એટલે વેપાર જાણવો. વણિક લોકોને તો દ્રવ્ય સંપાદન કરવાનો મુખ્ય માર્ગ રૂપ સાધન વ્યાપારજ છે. કહ્યું છે કે—લક્ષ્મી વિષ્ણુના વક્ષસ્થળે અથવા કમળ વનમાં રહેતી નથી, પણ પુરૂષોના ઉદ્યમ રૂપ સમુદ્રમાં તેનું મુખ્યસ્થાન છે. વિવેકી પુરૂષે પોતાનો અને પોતાના સહાયક, ધન, બળ, ભાગ્યોદય, દેશ કાળ આદિનો વિચાર કરીનેજ વ્યાપાર કરવો. નહીં તો ખોટ વગેરે આવવાનો સંભવ રહે છે. અમે કહ્યું છે કે—બુદ્ધિશાળી પુરૂષે પોતાની શક્તિ હોય તે પ્રમાણેજ કાર્ય કરવું. તેમ ન કરે તો લોકમાં કાર્યની અસિદ્ધિ, લજ્જા, લોકમાં ઉપહાસ, હીલના તથા લક્ષ્મીની અને બળની હાનિ થાય. અન્ય ગ્રંથકારોએ પણ કહ્યું છે કે—દેશ કયો છે ? મ્હારા સહાય્યકારી કેવા છે ? કાળ કેવો છે ? મ્હારે આવક તથા ખરચ કેટલું છે ? હું કોણ છું ? અને મ્હારી શક્તિ કેટલી છે ? એ વાતનો દરરોજ વારંવાર વિચાર કરવો.

શીઘ્ર હાથ આવનારાં, વિઘ્ન વિનાનાં, પોતાની સિદ્ધિને અર્થે ઘણાં સાધનો ધરાવનારાં એવાં કારણો પ્રથમથીજ શિઘ્ર કાર્યની સિદ્ધિ સૂચવે છે. યત્ન વગર પ્રાપ્ત થનારી અને ઘણા યત્નથી પણ પ્રાપ્ત ન થનારી લક્ષ્મી પુણ્યમાં અને પાપમાં કેટલો ભેદ છે? તે જણાવે છે. વ્યાપારના વ્યવહારની શુદ્ધિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ભેદથી ચાર પ્રકારની છે. તેમાં દ્રવ્યથી

તો પંદર કર્માદાન આદિનું કારણ એવું કરિયાણું સર્વથા વર્જવું. કહ્યું છે કે—ધર્મને પીડા કરનારૂં તથા લોકમાં અપયશ ઉત્પન્ન કરનારૂં કરિયાણું ઘણો લાભ થતો હોય, તો પણ પુણ્યાર્થી લોકોએ કદિ ન લેવું કે રાખવું. તૈયાર થએલાં વસ્ત્ર, સૂતર, નાણું, સુવર્ણ અને રૂપું વગેરે વ્યાપારની ચીજ પ્રાયે નિર્દોષ હોય છે. વ્યાપારમાં જેમ આરંભ ઓછો થાય, તેમ હમેશાં ચાલવું દુર્ભિક્ષ આદિ આવે છતે બીજી કોઇ રીતે નિર્વાહ ન થતો હોય તો, ઘણા આરંભથી થાય એવો વ્યાપાર તથા ખરકર્મ વગેરે પણ કરે. તથાપિ ખરકર્મ વગેરે કરવાની ઇચ્છા મનમાં ન રાખવી. તેવો પ્રસંગ આવે કરવું પડે તો પોતાના આત્માની અને ગુરૂની સાખે તેની નિંદા કરવી. તથા મનમાં લજ્જા રાખીનેજ તેવાં કાર્ય કરવાં.

સિદ્ધાંતમાં ભાવ શ્રાવકના લક્ષણમાં કહ્યું છે કે—સુશ્રાવક તીવ્ર આરંભ વર્જે, અને તે વિના નિર્વાહ ન થતો હોય તો મનમાં તેવા આરંભની ઇચ્છા ન રાખતાં કેવળ નિર્વાહને અર્થેજ તીવ્ર આરંભ કરે; પણ આરંભ પરિગ્રહ રહિત એવા ધન્ય જીવોની સ્તુતિ કરવી. તથા સર્વ જીવ ઉપર દયાભાવ રાખવો. જે મનથી પણ કોઇ જીવને પીડા ઉપજાવતા નથી અને જે આરંભના પાપથી વિરતિ પામેલા છે, એવા ધન્ય મહા મુનિઓ ત્રણ કોટિયે શુદ્ધ આહાર ગ્રહણ કરે છે. નહીં દીઠેલું તથા નહીં પારખેલું કરિયાણું ગ્રહણ ન કરવું. તથા જેને વિષે લાભ થાય કે, ન થાય ? એવી શંકા હોય, અથવા જેમાં બીજી ઘણી વસ્તુ ભેગી થએલી હોય એવું કરિયાણું ઘણા વ્યાપારિઓએ પાંતિથી લેવું. એટલે વખતે ટોટો આવે તો સર્વને સરખે ભાગે આવે, કેમકે—વ્યાપારી પુરૂષ વ્યાપારમાં ધન મેળવવા ઇચ્છતો હોય તો, તેણે કરિયાણાં દીઠા વિના થહાનું ન આપવું, અને આપવું હોય તો બીજા વ્યાપારીઓની સાથે આપવું.

ક્ષેત્રથી તો જ્યાં સ્વચક્ર, પરચક્ર, માંદગી, અને વ્યસન આદિનો ઉપદ્રવ ન હોય, તથા ધર્મની સર્વ સામગ્રી હોય, તે ક્ષેત્રમાં વ્યાપાર કરવો. બીજે બહુ લાભ થતો હોય તો પણ ન કરવો. કાળથી તો બાર માસની અંદર આવતી ત્રણ અઠાઇઓ, પર્વતિથિ વ્યાપારમાં વર્જવી, અને વર્ષાદિ ઋતુ આશ્રયી જે જે વ્યાપારનો સિદ્ધાંતમાં નિષેધ કર્યો છે, તે તે વ્યાપાર

પણ વર્જવો. કઇ ઋતુમાં કયો વ્યાપાર વર્જવો ? તે આ ગ્રંથમાંજ કહીશું. ભાવથી તો વ્યાપારના ઘણા ભેદ છે. તે આ રીતેઃ—ક્ષત્રિય જાતના વ્યાપારી તથા રાજા વગેરે એમની સાથે થોડો વ્યવહાર કર્યો હોય તો પણ પ્રાયે તેથી લાભ થતો નથી. પોતાને હાથે આપેલું દ્રવ્ય માગતાં પણ જે લોકોથી ડર રાખવો પડે, તેવા શસ્ત્રધારી આદિ લોકોની સાથે થોડો વ્યવહાર કરવાથી પણ લાભ ક્યાંથી થાય ? કહ્યું છે કે—ઉત્તમ વણિકે ક્ષત્રિય વ્યાપારી, બ્રાહ્મણ વ્યાપારી તથા શસ્ત્રધારી એમની સાથે કોઇ કાળે પણ વ્યવહાર ન રાખવો. તથા પાછળથી આડુ બોલનાર લોકોની સાથે ઉધારનો વ્યાપાર પણ ન કરવો, કેમકે—વસ્તુ ઉધાર ન આપતાં સંગ્રહ કરી રાખે, તો પણ અવસર આવે તેના વેચવાથી મૂળ કિમ્મત જેટલું નાણું તો ઉપજશે. પણ આડુ બોલનારા લોકોને ઉધાર આપ્યું હોય તો તેટલું દ્રવ્ય પણ ઉત્પન્ન ન થાય. તેમાં વિશેષે કરી નટ, વિટ (વેશ્યાના દલાલ), વેશ્યા તથા ધૂતકાર (જુગારી) એમની સાથે ઉધારનો વ્યાપાર થોડો પણ ન કરવો. કારણ કે, તેથી મૂળ દ્રવ્યનો પણ નાશ થાય છે. વ્યાજ વટાવનો વ્યાપાર પણ જેટલું દ્રવ્ય આપવું હોય, તે કરતાં અધિક મૂલ્યની વસ્તુ ગિરવી રાખીનેજ કરવો ઉચિત છે. તેમ ન કરે તો, ઉઘરાણી કરતાં ઘણો કલેશ તથા વિરોધ થાય, વખતે ધર્મની હાનિ થાય, તથા લાંઘવા બેસવા આદિ અનેક અનર્થ પણ ઉત્પન્ન થાય. આ વિષય ઉપર એક વાત એવી સંભળાય છે. કેઃ—

જિનદત્ત નામે એક શ્રેષ્ઠી તથા તેનો મુગ્ધ નામે એક પુત્ર હતો. મુગ્ધ પોતાના નામ પ્રમાણે ઘણો ભોળો હતો. પોતાના બાપની મહેરબાનીથી તે સુખમાં લીલાલહેર કરતો હતો. અવસર આવતાં જિનદત્ત શ્રેષ્ઠીએ દસ પેઢીથી શુદ્ધ કુળમાં ઉત્પન્ન થએલી નંદિવર્ધન શ્રેષ્ઠીની કન્યાની સાથે મ્હોટા ઉત્સવથી પોતાના પુત્રને પરણાવ્યો. આગળ જતાં પુત્રની ભલામણસાર જેવી અગાઉ હતી તેવીજ જોવામાં આવી, ત્યારે જિનદત્ત શ્રેષ્ઠીએ ગૂઢ અર્થના વચનથી તેને આ રીતે ઉપદેશ કર્યો. " હે વત્સ ! ૧ સર્વ ઠેકાણે દાંતનો પડદો રાખવો. ૨ કોઇને વ્યાજે દ્રવ્ય ધીર્યા પછી તેની ઉઘરાણી ન કરવી. ૩ બંધનમાં પડેલી સ્ત્રીને મારવી. ૪ મીઠું જ ભોજન

કરવું. ૫ સુખેજ નિદ્રા લેવી. ૬ ગામે ગામ ઘર કરવું. ૭ દરિદ્રાવસ્થા આવે તો ગંગાતટ ખોદવો. ૮ ઉપર કહેલી વાતમાં કાંઇ શંકા પડે તો પાટલિપુત્ર નગરે જઇ ત્યાં સોમદત્ત શ્રેષ્ઠી નામે મ્હારો સ્નેહી રહે છે, તેને પૂછવું. મુગ્ધશ્રેષ્ઠીએ પિતાનો આ ઉપદેશ સાંભળ્યો, પણ તેનો ભાવાર્થ તેના સમજવામાં આવ્યો નહીં. આગળ જતાં તે મુગ્ધશ્રેષ્ઠી ઘણો દુઃખી થયો ભોળપણમાં સર્વ નાણું ખોયું. સ્ત્રી આદિ લોકોને તે અપ્રિય લાગવા લાગ્યો. "એકે કામ એનું પાર પડતું નથી. એની પાસેનું નાણું પણ ખુટી ગયું. એ મહામૂર્ખ છે." એવી રીતે લોકમાં તેની હાંસી થવા લાગી.

પછી તે (મુગ્ધ શ્રેષ્ઠી) પાટલીપુત્ર નગરે ગયો. સોમદત્ત શ્રેષ્ઠીને પિતાના ઉપદેશનો ભાવાર્થ પૂછ્યો. સોમદત્તે કહ્યું. "૧ સર્વ ઠેકાણે દાંતનો પડદો રાખવો એટલે મુખમાંથી ખોટું વચન બોલવું નહીં. અર્થાત્ સર્વ લોકોને પ્રિય લાગે એવું હિતકારી વચન બોલવું. ૨ કોઇને વ્યાજે પૈસા ધીર્યા પછી તેની ઉઘરાણી ન કરવી. એટલે પ્રથમથીજ અધિક મૂલ્યવાળી વસ્તુ ગિરવી રાખીને દ્રવ્ય ધીરવું કે, જેથી દેણદાર પોતે આવીને વ્યાજ સહિત નાણું પાછું આપી જાય. ૩ બંધનમાં પડેલી સ્ત્રીને મારવી એટલે પોતાની સ્ત્રીને જો પુત્ર અથવા પુત્રી થઇ હોય, તોજ તેની તાડના કરવી. તેમ ન હોય તો તે તાડના કરવાથી રોષ કરીને પિયર અથવા બીજે કોઇ સ્થળે જાય. અથવા કૂવામાં પડીને કિંવા બીજી કોઈ રીતે આપઘાત કરે. ૪ મીઠું જ ભોજન કરવું, એટલે જ્યાં પ્રીતિ તથા આદર દેખાય ત્યાંજ ભોજન કરવું. કારણ કે, પ્રીતિ તથા આદર એજ ભોજનની ખરેખર મીઠાશ છે. અથવા ભૂખ લાગે ત્યારેજ ખાવું એટલે સર્વ મીઠુંજ લાગે. ૫ સુખેજ નિદ્રા કરવી એટલે જ્યાં કોઇ પ્રકારની શંકા ન હોય, ત્યાંજ રહેવું એટલે ત્યાં સુખે નિદ્રા આવે. અથવા આંખમાં નિદ્રા આવે, ત્યારેજ સૂઇ રહેવું, એટલે સુખે નિદ્રા આવે. ૬ ગામે ગામ ઘર કરવું એટલે ગામે ગામ એવી મૈત્રી કરવી કે, જેથી પોતાના ઘરની પેઠે ત્યાં ભોજનાદિક સુખે મળી શકે. ૭ દરિદ્રાવસ્થા આવે તો ગંગાતટ ખોદવો એટલે તમ્હારા ઘરમાં જ્યાં ગંગા નામે ગાય બંધાય છે, તે ભૂમિ ખોદવી જેથી પિતાએ દાટી રાખેલું નિધાન તને ઝટ મળે." સોમદત્ત શ્રેષ્ઠીના મુખથી

એ ભાવાર્થ સાંભળી મુગ્ધશ્રેષ્ઠીએ તે પ્રમાણે કર્યું, તેથી તે દ્રવ્યવાન, સુખી અને લોકમાં માન્ય થયો. એ રીતે પુત્રશિક્ષાનું દૃષ્ટાંત કહ્યું છે.

માટે ઉધારનો વ્યવહાર નજ રાખવો. કદાચિત્ તે વિના ન ચાલે તો સત્ય બોલનાર લોકોની સાથેજ રાખવો. વ્યાજ પણ દેશ, કાળ આદિનો વિચાર કરીનેજ એક, બે, ત્રણ, ચાર. પાંચ અથવા એથી વધારે ટકા લેવું, પણ તે એવી રીતે કે, જેથી શ્રેષ્ટ લોકોમાં આપણી હાંસી ન થાય. દેવાદારે પણ કહેલી મુદતની અંદરજ દેવું પાછું આપવું. કારણ કે, માણસની પ્રતિષ્ટા મુખમાંથી નીકળેલું વચન પાળવા ઉપરજ આધાર રાખે છે; કેમકે—જેટલાં વચનનો નિર્વાહ કરી શકો, તેટલાંજ વચન તમે મુખમાંથી બહાર કાઢો. અર્ધા માર્ગમાં મૂકવો ન પડે, તેટલોજ ભાર પ્રથમથી ઉપાડવો. કદાચિત્ કાંઇ ઓચિંતા કારણથી ધનની હાની થઇ જાય, અને તેથી કરેલી કાળ મર્યાદામાં ઋણ પાછું ન વાળી શકે, તો કટકે કટકે લેવાનું કબૂલ કરાવી લેણદારને સંતોષ કરવો. એમ ન કરે તો વિશ્વાસ ઉઠી જવાથી વ્યવહારમાં બાધો પડે.

વિવેકી પુરૂષે પોતાની સર્વ શક્તિથી ઋણ ઉતારવાનો પ્રયત્ન કરવો. આભવે અને પરભવે દુઃખ દેનારૂં ઋણ ક્ષણ માત્ર પણ માથે રાખે એવો કોણ મૂઢમતિ હશે ? કહ્યું છે કે—ધર્મનો આરંભ, ઋણ ઉતારવું, કન્યાદાન ધન મેળવવું, શત્રુનો ઉચ્છેદ, અને અગ્નિનો તથા રોગનો ઉપદ્રવ મટાડવો એટલાંવાનાં જેમ બને તેમ જલદીથી કરવાં. શરીરે તેલનું મર્દન કરવું, ઋણ ઉતારવું અને કન્યાનું (દીકરીનું) મરવું એ ત્રણવાનાં પ્રથમ દુઃખ દઇને પાછલથી સુખ આપે છે. પોતાનું ઉદરપોષણ કરવાને પણ અસમર્થ હોવાથી જે ઋણ પાછું આપી ન શકાય તો, પોતાની યોગ્યતા માફક શાહુકારની સેવા કરીને પણ ઋણ ઉતારવું. એમ ન કરે તો આવતે ભવે શાહુકારને ત્યાં સેવક, પાડો, બળદ, ઉંટ, ગર્દભ, ખચ્ચર, અશ્વ આદિ થવું પડે. શાહુકારે પણ ઋણ પાછું વાળવા અસમર્થ હોય તેની પાસે માગવું નહીં. કારણ કે, તેથી ફોગટ સંક્લેશ તથા પાપની વૃદ્ધિ માત્ર થવાનો સંભવ રહે છે. માટે એવા નાદારને શાહુકારે કહેવું કે, "તને આપવાની શક્તિ આવે ત્યારે મ્હારૂં ઋણ આપજે, અને ન આવે તો મ્હારૂં

એટલું દ્રવ્ય ધર્મખાતે થાઓ." દેવાદારે ઘણા કાળ સુધી [illegible] સંબંધ માથે ન રાખવો. કારણ કે, તેમ કરવાથી વખતે આયુષ્ય પૂરું થઈ જાય તો, આવતે ભવે પાછો બે જણનો સંબંધ થઇ વૈર વગેરે વધે છે. ભાવડા શ્રેષ્ઠીને પૂર્વભવના ઋણના સંબંધથીજ પુત્ર થયા એવી વાત સંભળાય છે, તે નીચે લખી છેઃ—

ભાવડ નામે એક શ્રેષ્ઠી હતો. તેની સ્ત્રીને પેટે એક જીવ અવતર્યો તે વખતે ખોટાં સ્વપ્ન આવ્યાં, તથા શ્રેષ્ઠીની સ્ત્રીને દોહલા પણ ઘણાજ માઠા ઉત્પન્ન થયા. બીજા પણ ઘણા અપશુકન થયા. સમય પૂર્ણ થએ શ્રેષ્ઠીને મૃત્યુયોગ ઉપર દુષ્ટ પુત્ર થયો. તે ઘરમા રખાય નહીં, તેથી માહણી નદીને કાંઠે એક સૂકાયલા વૃક્ષની નીચે તે બાળકને મૂક્યો. ત્યારે તો બાળકે પ્રથમ રૂદન કરી અને પાછળથી હસીને કહ્યું કે, "એક લાખ સોનૈયા હું તમારી પાસે માગું છું, તે આપો. નહીં તો તમારા ઉપર ઘણા અનર્થ આવી પડશે." તે સાંભળી ભાવડ શ્રેષ્ઠીએ પુત્રનો જન્મોત્સવ કરી છઠે દિવસે એક લાખ સોનૈયા વાવર્યા, ત્યારે તે બાળક મરણ પામ્યો. એજ રીતે બીજો પુત્ર પણ ત્રણ લાખ સોનૈયા આપ્યા, ત્યારે મરણ પામ્યો. ત્રીજો પુત્ર થવાને અવસરે સ્વપ્ન તથા શકુન પણ સારા થયા. પુત્ર ઉત્પન્ન થયા પછી તેણે કહ્યું કે, "મ્હારે ઓગણીશ લાખ સોનૈયા લેવા છે." એમ કહી તેણે મા બાપ પાસેથી ઓગણીસ લાખ સોનૈયા ધર્મખાતે કઢાવ્યા. પછી તે નવ લાખ સોનૈયા ખરચીને કાશ્મીર દેશમાં શ્રી ઋષભદેવ ભગવાન્, શ્રી પુંડરીક ગણધર અને ચક્રેશ્વરી દેવી એ ત્રણની પ્રતિમા લઈ ગયો. દસ લાખ સોનૈયા ખરચીને ત્યાં પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. પછી ઉપાર્જન કરેલું અસંખ્ય સુવર્ણ અઢાર વહાણમાં ભરીને તે શત્રુંજયે ગયો. ત્યાં લેપ્યમય પ્રતિમાઓ હતી, તે કાઢીને તેને ઠેકાણે તેણે મમ્માણી રત્નની પ્રતિમાઓ સ્થાપન કરી. આ રીતે ઋણ ભવાંતરે વાળવું પડે, એ વિષય ઉપર ભાવડ શ્રેષ્ઠીની કથા છે.

ઋણના સંબંધમાં પ્રાયે કલહ તથા વૈરની વૃદ્ધિ વગેરે થાય છે, તે લોકમાં પ્રસિદ્ધ છે. માટે ઋણનો સંબંધ ચાલતા ભવમાંજ ગમે તે ઉપાય કરીને વાળી નાંખવો. બીજું, વ્યવહાર કરતાં જો દ્રવ્ય પાછું ન આવે, તો

મનમાં એમ જાણવું કે, તેટલું દ્રવ્ય મેં ધર્માર્થે વાપર્યું. આપેલું દ્રવ્ય ઉધરાણી કરતાં પણ પાછું ન મળે તો, તે ધર્માર્થે ગણવાને માર્ગ રહે, તે માટેજ વિવેકી પુરૂષે સાધર્મી ભાઇઓની સાથેજ મુખ્ય માર્ગે વ્યવહાર કરવો, એ યોગ્ય છે. મ્લેચ્છ આદિ અનાર્ય લોકો પાસે લેહેણું હોય, અને તે જો પાછું ન આવે તો તે દ્રવ્ય ધર્માર્થે છે, એવું ચિંતવવાને કાંઇ પણ રસ્તો નથી, માટે તેનો કેવળ ત્યાગ કરવો, અર્થાત્ તેના ઉપરથી પોતાની મમતા છોડી દેવી. કદાચિત્ ત્યાગ કર્યા પછી તે દ્રવ્ય દેણદાર આપે, તો તે શ્રીસંઘને ધર્માર્થે વાપરવાને અર્થે સોંપવું. તેમજ દ્રવ્ય, શસ્ત્ર આદિ આયુધ અથવા બીજી પણ કોઇ વસ્તુ ખોવાઇ જાય, અને પાછી મળવાનો સંભવ ન રહે, ત્યારે તેનો પણ ત્યાગ કરવો જોઇએ. અર્થાત્ તેને વીસરી નાખવી જોઇએ. એમ કરવાથી જો ચોર આદિ, ચોરાઇ ગએલી વસ્તુનો ઉપયોગ પાપકર્મમાં કરે, તો તે પાપના ભાગીયા આપણે થતા નથી એટલો લાભ છે. વિવેકી પુરૂષે પાપનો અનુબંધ કરનારી, અનંતા ભવ સંબંધી શરીર, ગૃહ, કુટુંબ, દ્રવ્ય શસ્ત્ર આદિ વસ્તુનો આ રીતે ત્યાગ કરવો. એમ ન કરે તો અનંતા ભવ સુધી તેમના (તે વસ્તુના) સંબંધથી થનારાં માઠાં ફળ ભોગવવાં પડે.

આ અમારૂં વચન સિદ્ધાંતથી વિરૂદ્ધ છે, એમ નથી. શ્રીભગવતી સૂત્રના પાંચમાં શતકના છઠ્ઠા ઉદ્દેશામાં "આહેડીએ હરિણને માર્યો, ત્યારે જે ધનુષ્યથી, બાણથી, ધનુષ્યની દોરીથી તથા લોઢાથી હરિણ હણાયો, તે *જીવોને પણ હિંસા (પાંચ ક્રિયા) લાગે. એમ કહ્યું છે. હવે, વિવેકી પુરૂષે કોઇ ઠેકાણે કાંઇ ધન હાનિ આદિ થાય તો, તેથી મનમાં દીલગીર ન થવું. કારણ કે, દીલગીરી ન કરવી એજ લક્ષ્મીનું મૂળ છે. કહ્યું છે કે— દૃઢ નિશ્ચયવાળા કુશળ, ગમે તેટલા ક્લેશને ખમનારો અને અહોરાત્ર ઉદ્યમ કરનારો માણસ પાછળ લાગે તો લક્ષ્મી કેટલી દૂર જવાની? જ્યાં ધનનું ઉપાર્જન કરાય, ત્યાં થોડું ઘણું ધન તો નાશ પામેજ. ખેડૂતને વાવેલા બીજથી ઉત્પન્ન થએલા ધાન્યના પર્વત સરખા ઢગલે ઢગલા મળે, તોપણ વાવેલું બીજ તેને પાછું મળતું નથી. તેમ જ્યાં ઘણો લાભ થાય, ત્યાં થોડી

* ધનુષ્ય બાણ વગેરેના મૂળ જીવોને.

રણ ખોટ ખમવીજ પડે. કોઇ સમયે દુર્દૈવથી ધનની ઘણી હાનિ થાય, તો પણ વિવેકી પુરૂષે દીનતા ન કરવી; પણ ઉપર કહેલી રીત પ્રમાણે ખોટ ગએલું દ્રવ્ય ધર્માર્થે ચિંતવવું. તેમ કરવાને માર્ગ ન હોય તો તેનો મનથી ત્યાગ કરવો, અને લેશ માત્ર પણ ઉદાસીનતા ન રાખવી. કહ્યું છે કે—છેદાયલો વૃક્ષ પાછો નવપલ્લવ થાય છે, અને ક્ષીણ થએલો ચંદ્રમા પણ પાછો પરિપૂર્ણ દશામાં આવે છે. એમ વિચાર કરનારા સત્પુરૂષો આપત્કાળ આવે મનમાં ખેદ કરતા નથી. સંપત્તિ અને વિપત્તિ એ બન્ને મોટા પુરૂષોને ભોગવવી પડે છે. જુઓ, ચંદ્રમાને વિષેજ ક્ષય અને વૃદ્ધિ દેખાય છે, પણ નક્ષત્રોને વિષે દેખાતી નથી. હે આમ્રવૃક્ષ! "ફાગણ માસે મ્હારી સર્વ શોભા એકદમ હરણ કરી" એમ જાણી તું શા માટે ઝાંખો પડે છે? થોડા સમયમાં વસંતઋતુ આવે છતે પાછી પૂર્વે હતી, તેવીજ તહારી શોભા તને અવશ્ય મળશે. આ વિષય ઉપર દૃષ્ટાંત કહેવાય છે, જે નીચે પ્રમાણે છે:—

પાટણમાં શ્રીમાળી નાતનો નાગરાજ નામે એક કોટિધ્વજ શ્રેષ્ટી હતો, અને મેલાદેવી નામે તેની સ્ત્રી હતી. એક સમયે મેલાદેવી ગર્ભવતી થઇ છતે નાગરાજ શ્રેષ્ટી કોલેરાના રોગથી મરણ પામ્યો. 'શ્રેષ્ટીને પુત્ર નથી' એમ જાણી રાજાએ તેનું સર્વ ધન પોતાના કબજામાં લઇ લીધું ત્યારે મેલાદેવી પોતાને પિયર ધોળકે ગઇ. ગર્ભના સુલક્ષથી મેલાદેવીને અમારી પડહ વજાવવાનો દોહલો ઉત્પન્ન થયો. તે તેના પિતાએ પૂર્ણ કર્યો. અવસર આવે પુત્ર થયો તેનું અભય એવું નામ રાખ્યું તે લોકોમાં "આબડ" એવે નામે પ્રખ્યાત થયો. પાંચ વર્ષનો થયો ત્યારે તેને નિશાળે ભણવા મોકલ્યો. એક વખતે સાથે ભણનાર બીજા બાળકોએ એને ઉપહાસથી "નબાપો, નબાપો," એમ કહ્યું. તેણે ઘેર આવી ઘણા આગ્રહથી માતાને પિતાનું સ્વરૂપ પૂછ્યું માતાએ સત્ય વાત બની હતી, તે આબડને કહી. પછી આબડ ઘણા આગ્રહથી અને હર્ષથી પાટણ ગયો, અને ત્યાં વ્યાપાર કરવા લાગ્યો. અનુક્રમે તે આબડ લાછલદેવી નામે કન્યા પરણ્યો. પિતાએ દાટેલું નિધાન આદિ મળવાથી તે પણ કોટીધ્વજ થયો. તેને ત્રણ પુત્ર થયા.

અનુક્રમે સમય જતાં માઠા કર્મના ઉદયથી તે આભડ નિર્ધન થયો. પોતાના ત્રણ પુત્રો સહિત તેણે સ્ત્રીને પિયર મોકલી દીધી અને પોતે મણિહારની દુકાન ઉપર મણિ આદિ ઘસવાના કામ ઉપર રહ્યો. તેને બે માપ જવ મળતા હતા. તે તે પોતે દળીને તથા રાંધીને ખાતો હતો. લક્ષ્મીની ગતિ એવી વિચિત્ર છે. કહ્યું છે કે— જે લક્ષ્મી સ્નેહથી ખોળામાં બેસારનાર સમુદ્રના અને કૃષ્ણના રાજમહેલમાં સ્થિર ન રહી, તે લક્ષ્મી બીજા ઉડાઉ લોકોના ઘરમાં શી રીતે સ્થિર રહે? એક સમયે આભડ શ્રીહેમાચાર્યજી પાસેથી પરિગ્રહ પરિમાણ વ્રત લેવા ઉભો થયો. દ્રવ્ય પરિમાણનો બહુજ સંક્ષેપ કરેલો જોઇ શ્રીહેમાચાર્યજીએ તેને તેમ કરતાં વાર્યો. ત્યારે એક લાખ દ્રમ્મનું અને તેના અનુસારથી બીજી વસ્તુનું પણ તેણે પરિમાણ રાખ્યું. પરિમાણ કરતાં ધન આદિ વૃદ્ધિ પામે તો, તેણે ધર્મ કાર્યે વાપરવાનો નિશ્ચય કર્યો. આગળ જતાં પાંચ દ્રમ્મ ગાંઠે થયા.

એક સમયે આભડે પાંચ દ્રમ્મ આપી એક બકરી વેચાથી લીધી. ભાગ્યના ઉદયથી બકરીના ગળામાં મણિ બાંધ્યો હતો, તે આભડે ઓળખ્યો. તેના કટકા કરી એકેકનું લાખ લાખ મૂલ્ય ઉત્પન્ન થાય એવા મણિ તૈયાર કરાવ્યા. તેથી અનુક્રમે તે પૂર્વે હતો તેવો દ્રવ્યવાન થયો. ત્યારે આભડના કુટુંબના સર્વ માણસો ભેગા થયા. તેના ઘરમાંથી દરરોજ સાધુ મુનિરાજને એક ઘડા જેટલું ઘૃત વહોરાવતા. પ્રતિદિન સાધર્મિવાત્સલ્ય, સદાવર્ત તથા મહાપૂજા આદિ આભડને ઘેર થતું હતું. વર્ષે વ સર્વ દર્શન સંઘની પૂજા બે વાર થતી હતી. તથા નાના પ્રકારનાં પુસ્તક લખાતાં, તેમજ જીર્ણોદ્ધારના જીર્ણોદ્ધાર થતા હતા! તથા ભગવાન મનોહર પ્રતિમાઓ પણ તૈયાર થતી હતી. એવાં ધર્મકૃત્ય કરતાં આભડ ચોરાશી વર્ષની અવસ્થા થઇ. અંત સમય નજદીક આવ્યો, ત્યારે આભ ધર્મખાતાનો ચોપડો વંચાવ્યો, તેમાં ભીમરાજના સમયના અઢાણુ લા દ્રમ્મનો વ્યય થએલો તેના સાંભળવામાં આવ્યો. તેથી આભડે દીલગી થઇને કહ્યું કે, "મેં કૃપણે એક ક્રોડદ્રમ્મ પણ ધર્મકાર્યે વાપર્યા નહીં. તે સાંભળી આભડના પુત્રોએ તેજ સમયે દશલાખ દ્રમ્મ ધર્મકૃત્ય વાપર્યા. તેથી સર્વ મળી એક ક્રોડ અને આઠ લાખ દ્રમ્મ ધર્મખાતે થયા

વળી બીજા આઠ લાખ દ્રમ્મ ધર્મને માટે વાપરવાનો આભડના પુત્રોએ નિશ્ચય કર્યો. પછી કાળ સમય આવે આભડ અનશન કરી સ્વર્ગે ગયો. આ રીતે આભડનો પ્રબંધ કહ્યો છે.

પૂર્વભવે કરેલા દુષ્કૃતના ઉદયથી પૂર્વના સરખી અવસ્થા ફરીથી ન આવે, તો પણ મનમાં ધિરજ રાખવી. કારણ કે, આપત્કાળ રૂપ સમુદ્રમાં ડુબતા જીવને ધિરજ વહાણ સમાન છે. સર્વે દિવસ સરખા કોના રહે છે? કહ્યું છે કે—આ જગતમાં સદાય સુખી કોણ છે? લક્ષ્મી કોની પાસે સ્થિર રહી? સ્થિર પ્રેમ ક્યાં છે? મૃત્યુના વશમાં કોણ નથી? અને વિષયાસક્ત કોણ નથી? માઠી અવસ્થા આવે, ત્યારે સર્વ સુખનું મૂળ એવો સંતોષજ નિત્ય મનમાં રાખવો. તેમ ન કરે તો ચિંતાથી આલોકનાં તથા પરલોકનાં પણ તેનાં કાર્ય વિનાશ પામે. કહ્યું છે કે—ચિંતા નામે નદી આશા રૂપ પાણીથી ભરપૂર ભરેલી વહે છે. હે મૂઢ જીવ! તે નદીમાં તું ડુબે છે, માટે તને એમાંથી તારનાર સંતોષ રૂપ જહાજનો આશ્રય લે. નાના પ્રકારના ઉપાય કર્યા પછી પણ જો એમ જણાય કે, "પોતાની ભાગ્યદશાજ હીણ છે." તો કોઈ ભાગ્યશાળી પુરૂષનો સારી યુક્તિથી કોઇ પણ રીતે આશ્રય કરવો. કારણ કે, કાષ્ઠનો આધાર મળે તો લોઢું અને પથ્થર આદિ વસ્તુ પણ પાણીમાં તરે છે. એવી વાત સાંભળવામાં છે કે—એક ભાગ્યશાળી શેઠ હતો. તેનો વણિકપુત્ર (મુનમ) ઘણોજ વિચક્ષણ હતો. તે પોતે ભાગ્યહીણ છતાં શેઠના સંબંધથી દ્રવ્યવાન થયો. અનુક્રમે શેઠ મરણ પામ્યો, ત્યારે તે પણ નિર્ધન થયો. પછી તે શેઠના પુત્રોની પાસે રહેવાની ઇચ્છા કરતો હતો, પણ નિર્ધન જાણી તેની સાથે શેઠના પુત્રો એક અક્ષર પણ બોલતા નહોતા. ત્યારે તેણે બે ત્રણ સારા માણસોને સાક્ષી રાખીને યુક્તિથી શેઠના જૂના ચોપડામાં પોતાના હાથ અક્ષરથી લખ્યું કે, "શેઠના બે હજાર ટંક મ્હારે દેવા છે." આ ક્રમ તેણે ઘણીજ છુપી રીતે કર્યું. એક વખતે શેઠના પુત્રોના જોવામાં તેના હાથ અક્ષર આવ્યા, ત્યારે તેમણે મુનમ પાસે બે હજાર ટંકની માગણી કરી. તેણે કહ્યું, "વ્યાપારને અર્થે થોડું ધન મને આપો તો હું થોડા દિવસમાં તમારૂં દેવું આપું." પછી શેઠના પુત્રોએ તેને વ્યાપારને અર્થે દ્રવ્ય આ-

પ્યું. અનુક્રમે મુનમે ઘણું દ્રવ્ય સંપાદન કર્યું. ત્યારે શેઠના પુત્રોએ પોતાનું લેહેણું તેની પાસે માગ્યું. મુનમે સાક્ષી સહિત યથાર્થ વાત હતી તે કહી. આ રીતે શેઠના પુત્રોના આશ્રયથી તે મુનમ ધનવાન્ થયો.

નિર્દયપણું, અહંકાર, ઘણો લોભ, કઠોર ભાષણ અને નીચ વસ્તુ ઉપર પ્રીતિ રાખવી એ પાંચવાનાં લક્ષ્મીની સાથે નિરંતર રહે છે. એવું એક વચન પ્રસિદ્ધ છે, પણ તે સજ્જન પુરૂષોને લાગુ પડતું નથી. હલકા સ્વભાવના લોકોને ઉદ્દેશીને ઉપરનું વચન પ્રવૃત્ત થયું છે માટે વિવેકી પુરૂષે દ્રવ્ય આદિ ઘણું મળે તો પણ અહંકાર વગેરે ન કરવો. કેમકે—જે સત્પુરૂષોનું ચિત્ત આપદા આવે દીન થતું નથી, સંપદા (લક્ષ્મી) આવે અહંકાર પામતું નથી, પારકું દુઃખ જોઈને દુઃખી થાય, અને પોતે સંકટમાં આવે તો સુખી થાય, તેમને નમસ્કાર થાઓ. સામર્થ્ય છતાં પારકા ઉપદ્રવખમે, ધનવાન્ છતાં ગર્વ ન કરે, અને વિદ્વાન્ છતાં પણ વિનય કરે, એ ત્રણ પુરૂષો પૃથ્વીના ઉત્તમ અલંકાર છે. વિવેકી પુરૂષે કોઇની સાથે સ્વલ્પમાત્ર પણ ક્લેશ ન કરવો. તેમાં પણ મ્હોટા પુરૂષોની સાથે તો કયારે પણ નજ કરવો. કહ્યું છે કે—જેને ખાંસીનો વિકાર હોય, તેણે ચોરી ન કરવી, જેને ઘણી નિદ્રા આવતી હોય, તેણે જાર કર્મ ન કરવું, જેને રોગ થયો હોય તેણે મદ્યમાદિ રસ ઉપર આસક્તિ ન કરવી, કેમકે પોતાની જીભ સ્વાધીનતામાં રાખવી, અને જેની પાસે ધન હોય, તેણે કોઇની સાથે ક્લેશ ન કરવો. ભંડારી, રાજા, ગુરૂ અને તપસ્વી એમનો સાથે તથા પક્ષપાતી, બલિષ્ટ, ક્રૂર અને નીચ એવા પુરૂષની સાથે વિવેકી પુરૂષે વાદ ન કરવો. કદાચિત્ કોઈ મ્હોટા પુરૂષની સાથે દ્રવ્ય આદિનો વ્યવહાર થયો હોય, તો વિનયથીજ પોતાનું કાર્ય સાધવું. બળાત્કાર, ક્લેશ આદિ ન કરવો. પચ્ચોપાખ્યાનમાં પણ કહ્યું છે કે—ઉત્તમ પુરૂષને વિનયથી, શૂર પુરૂષને કૃતુરીથી, નીચ પુરૂષને અલ્પ દ્રવ્યાદિકના દાનથી અને આપણી બરાબરીનો હોય તેને પોતાનું પરાક્રમ દેખાડીને વશ કરવો.

ધનનો અર્થી અને ધનવાન્ એ બન્ને પુરૂષોએ વિશેષે કરી ક્ષમા રાખવી જોઇએ. કારણ કે, ક્ષમા કરવાથી લક્ષ્મીની વૃદ્ધિ અને રક્ષણ થાય છે. કહ્યું છે કે—બ્રાહ્મણનું બળ હોમમંત્ર, રાજાનું બળ નીતિશાસ્ત્ર, અનાથ

પ્રજ્ઞાઓનું બળ રાજા અને વણિકપુત્રનું બળ ક્ષમા છે' મીઠું વચન અને ક્ષમા એ બે ધનનાં કારણ છે. ધન, શરીર અને યૌવન અવસ્થા એ ત્રણ કામનાં કારણ છે. દાન, દયા અને ઇંદ્રિયનિગ્રહ એ ત્રણ ધર્મનાં કારણ છે, અને સર્વસંગ પરિત્યાગ કરવો એ મોક્ષનું કારણ છે. વચન ક્લેશ તો સર્વ ઠેકાણે સર્વથા વર્જવો. શ્રી દારિદ્રસંવાદમાં કહ્યું છે કે—(લક્ષ્મી કહે છે.) હે ઇંદ્ર ! જ્યાં મ્હોટા પુરૂષોની પૂજા થાય છે, ન્યાયથી ધન ઉપાર્જે છે, અને લેશમાત્ર પણ વચન કલહ નથી, ત્યાં હું રહું છું. (દારિદ્ર કહે છે) હમેશાં ઘૂતત (જુગાર) રમનાર, સ્વજનની સાથે દ્વેષ કરનાર ધાતુવાદ (કિમિયા) કરનાર, સર્વ કાળ આળસમાં ગુમાવનાર, અને પેદાશ તથા ખરચ તરફ દૃષ્ટિ ન રાખનાર એવા પુરૂષની પાસે હું હમેશાં રહું છું. વિવેકી પુરૂષે પોતાના લેણદેણની ઉઘરાણી પણ કોમળતા રાખી, નિંદા ન થાય તેવી રીતે કરવી, એજ યોગ્ય છે. એમ ન કરે તો દેવાદારની દાક્ષિણ્યતા લજ્જા વગેરેનો લોપ થાય અને તેથી પોતાના ધન, ધર્મ અને પ્રતિષ્ઠા એ ત્રણેની હાનિ થવાનો સંભવ છે. માટેજ પોતે કદાચિત્ લાંઘણ કરે તો પણ બીજાને લાંઘણ ન કરાવવી. પોતે ભોજન કરીને બીજાને લાંઘણ કરાવવી, એ સર્વથા અયોગ્યજ છે. ભોજન આદિનો અંતરાય કરવો, એ હુંઢણકુમારાદિકની પેઠે બહુ દુઃસહ છે.

સર્વ પુરૂષોએ તથા ઘણુ કરી વણિકજનોએ સર્વથા સંપ સલાહથીજ પોતાનું સર્વ કામ સાધવું; કેમકે—સામ, દામ, ભેદ અને દંભ એ કાર્ય સાધન કરવાના ચાર ઉપાય પ્રસિદ્ધ છે, તો પણ સામથીજ સર્વત્ર કાર્યસિદ્ધિ થાય છે, અને બાકીના ઉપાયતો કેવળ નામનાજ છે. કોઇ તીક્ષ્ણ તથા ઘણા ક્રૂર હોય, તો પણ તે સામથી વશ થાય છે. જુઓ, જીભમાં ઘણી મીઠાશ હોવાથી કઠોર દાંત પણ દાસની પેઠે તેની (જીભની) સેવા કરે છે. લેહેણ દેણના સંબંધમાં જો ભ્રાંતિથી અથવા વિસ્મરણ વગેરે થવાથી કાંઈ વાંધો પડે તો માંહો માંહે નકામો વિવાદ (ઝગડો) ન કરવો. પરંતુ ચતુર, લોકમાં પ્રતિષ્ઠા પામેલા, હિતકારી અને ન્યાય કરી શકે એવા ચાર પાંચ પુરૂષો નિષ્પક્ષપાતથી જે કાંઇ કહે તે માન્ય કરવું. તેમ ન કરે તો મટે નહીં. વળી કહ્યું છે કે—સગા ભાઇઓમાં વિવાદ

હોય, તો પણ તેને મારકા પુરૂષોજ મટાડી શકે. કારણ કે, ગુંથાઇ ગએલા વાળ ફાંકશીથીજ જૂદા થઇ શકે છે. ન્યાય કરનારા પુરૂષોએ પણ પક્ષપાત મૂકી મધ્યસ્થ વૃત્તિ રાખીનેજ ન્યાય કરવો. અને તે પણ સ્વજનનું અથવા સ્વધર્મી આદિનું કાર્ય હોય તોજ સારી પેઠે સર્વ વાતનો વિચાર કરીને કરવો. જ્યાં ત્યાં ન્યાય કરવા ન બેસવું. કારણ કે લોભ ન રાખતાં સારી પેઠે ન્યાય કરવામાં આવે, તો પણ તેથી જેમ વિવાદનો ભંગ થાય છે અને ન્યાય કરનારને મ્હોટાઈ મળે છે, તેમ તેથી એક મ્હોટો દોષ પણ ઉત્પન્ન થાય છે. તે આ કે, વિવાદ ભાગતાં ન્યાય કરનારના ધ્યાનમાં વખતે ખરી બીના ન આવવાથી કોઇનું દેવું ન હોય તો તે માથે પડે છે, અને કોઇનું ખરૂં દેવું હોય તો તે ભાગી જાય છે. પ્રસ્તુત વિષય ઉપર એક વાત સંભળાય છે. તે એ છે કે:—

એક ઋદ્ધિવંત શ્રેષ્ઠી લોકમાં બહુ પ્રખ્યાત હતો. તે મ્હોટાઇના અને બહુમાનના અભિલાષથી જ્યાં ત્યાં ન્યાય કરવા જાય. તેની બાળવિધવા પણ ઘણી સમજુ એવી એક પુત્રી હતી, તે હમેશાં શ્રેષ્ઠીને તેમ કરતાં વારે, પણ તે તેનું કહ્યું માને નહીં એક વખત શ્રેષ્ઠીને બોધ કરવાને અર્થે પુત્રીએ ખોટો ઝગડો માંડ્યો. તે એ રીતે કે, " પૂર્વે થાપણ મુકેલા મ્હારા બે હજાર સોનૈયા આપો, તોજ હું ભોજન કરૂં." એમ કહીને તે શ્રેષ્ઠીપુત્રી લાંઘણ કરવા લાગી. કોઇ પણ રીતે માને નહીં. " પિતાજી વૃદ્ધ થયા, તો પણ મ્હારા ધનનો લોભ કરે છે. " ઇત્યાદિ જેવાં તેવાં વચન બોલવા લાગી. પછી શ્રેષ્ઠીએ લજ્જાઇને ન્યાય કરનાર લોકોને બોલાવ્યા. તેમણે આવીને વિચાર કર્યો કે, " આ શ્રેષ્ઠીની પુત્રી છે, અને બાળવિધવા છે, માટે એની ઉપર દયા રાખવી જોઇએ." એમ વિચારી ન્યાય કરનાર પંચોએ શ્રેષ્ઠી પાસેથી બે હજાર સોનૈયા પુત્રીને અપાવ્યા. તેથી શ્રેષ્ઠી "એ પુત્રીએ ફોગટ મ્હારૂં ધન લીધું અને લોકમાં ખમાય નહીં એવો અપવાદ ફેલાયો." એવો વિચાર કરી મનમાં બહુ ખેદ પામ્યો. થોડીવાર પછી પુત્રીએ પોતાના સર્વ અભિપ્રાય શ્રેષ્ઠીને સારી પેઠે કહી સમજાવી સોનૈયા પાછા આપ્યા. તેથી શ્રેષ્ઠીને હર્ષ થયો, અને ન્યાય કરવાના પરિણામ ધ્યાનમાં ઉતરવાથી જ્યાં ત્યાં ન્યાય કરવા જવાનું તેણે છોડી દીધું. આ રીતે ન્યાય કરનારનું

દૃષ્ટાંત કહ્યું છે.

માટે ન્યાય કરનાર પંચોએ જ્યાં ત્યાં જેવો તેવો ન્યાય ન કરવો. સાધર્મીનું, સ્વજનું, મ્હોટા ઉપકારનું અથવા એવુંજ યોગ્ય કારણ હોય તો ન્યાય કરવો. તેમજ કોઇ જીવની સાથે મત્સર પણ ન કરવો. લક્ષ્મીની પ્રાપ્તિ કર્માધીન છે, માટે નકામો મત્સર કરવામાં શું લાભ છે ? તેથી બન્ને ભવમાં દુઃખમાત્ર થાય છે. અમે કહ્યું છે કે—જેવું બીજાને ચિંતવે, તેવું પોતે પામે, એમ જાણતાં છતાં કયો માણસ બીજાની લક્ષ્મીની વૃદ્ધિ જોઇને મત્સર કરે ? તેમજ ધાન્યના વેચાણમાં લાંભ થવાને અર્થે દુર્ભિક્ષની, ઔષધમાં લાભ થવાને અર્થે રોગવૃદ્ધિની તથા વસ્ત્રમાં લાભ થવાને અર્થે અગ્નિ આદિથી વસ્ત્રના ક્ષયની ઇચ્છા ન કરવી. કારણ કે, જેથી લોકો સંકટમાં આવી પડે એવી ઇચ્છા કરવાથી કર્મબંધન થાય છે. દુર્દૈવના યોગથી કદાચિત્ દુર્ભિક્ષાદિ આવે તો પણ વિવેકી પુરૂષે "ઠીક થયું" એમ કહી અનુમોદના પણ ન કરવી. કારણ કે, તેથી વૃથા પોતાનું મન મલિન થાય છે. આ વિષય ઉપર ટુંકમાં એક દૃષ્ટાંત છે, તે એકેઃ—

બે મિત્ર હતા, તેમાં એક ઘૃતની અને બીજો ચામડાની ખરિદી કરવા જતા હતા. માર્ગમાં એક વૃદ્ધ સ્ત્રીને ત્યાં ભોજન કરવા રહ્યા. વૃદ્ધ સ્ત્રીએ તેમનો ભાવ જાણી ઘૃતના ખરીદનારને ઘરની અંદર અને બીજાને બહાર બેસારીને જમાડ્યા. બન્ને જણા ખરીદ કરીને પાછા તેજ વૃદ્ધ સ્ત્રીને ત્યાં આવ્યા. ત્યારે તે સ્ત્રીએ ચામડા ખરીદનારને અંદર અને બીજાને બહાર બેસારી જમાડ્યા. પછી તે બન્નેના પૂછવાથી વૃદ્ધ સ્ત્રીએ કહ્યું કે, જેનું મન શુદ્ધ હતું, તેને અંદર બેસાર્યો, અને જેનું મન મલિન હતું તેને બહાર બેસાર્યો. આ રીતે મનની મલિનતા ન રાખવા ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

કહ્યું છે કે—

उचिअं मुत्तूण कलं, दव्वादिकमागयं च उक्करिसं ॥
निव डिअमविजाणंतो, परस्स संतं न गिण्हज्जा ॥ १ ॥

એની વ્યાખ્યાઃ— સો રૂપિયે ચાર પાંચ ટકા સુધી ઉચિત વ્યાજ અથવા "વ્યાજમાં ભમણું મૂળ દ્રવ્ય થાય" એવું વચન છે, તેથી ધીરેલા દ્રવ્યની ભમણી વૃદ્ધિ અને ધીરેલા ધાન્યની ત્રમણી વૃદ્ધિ થાય તેટલો

લાભ વિવેકી પુરૂષે લેવો. તથા જે ગણિમ ધરિમાદિ વસ્તુનો સર્વત્ર કાંઇ કારણથી ક્ષય થઈ ગયો હોય, અને આપણી પાસે હોય તો તેનો ચઢતે ભાવે જેટલો ઉત્કૃષ્ટો લાભ થાય તેટલો લેવો; પણ એ વિના બીજો લાભ ન લેવાય. તાત્પર્ય એ છે કે, જે કોઇ સમયે ભાવિભાવથી સોપારી આદિ વસ્તુનો નાશ થવાથી પોતાની પાસે સંગ્રહ કરેલી તે વસ્તુ વેચતાં બમણો અથવા તેથી વધારે લાભ થાય, તે મનના પરિણામ શુદ્ધ રાખીને લેવો, પણ "સોપારી આદિ વસ્તુનો જ્યાં ત્યાં નાશ થયો એ ઠીક થયું." એમ મનમાં ન ચિંતવે. તેમજ કોઈ પણ ઠેકાણે પડેલી વસ્તુ પારકી છે, આપણી નથી, એમ જાણતા છતાં ઉપાડવી નહીં. વ્યાજ વટાવ અથવા ક્રય વિક્રય આદિ વ્યાપારમાં દેશ, કાળ વગરેની અપેક્ષાએ ઉચિત તથા શિષ્ટ જનોને નિંદાપાત્ર ન થાય તેવી રીતે જેટલો લાભ મળે તેટલોજ લેવો. એમ પ્રથમ પંચાશકની વૃત્તિમાં કહ્યું છે.

તેમજ ખોટાં કાટલાં અથવા ખોટાં માપ રાખીને, ન્યૂનાધિક વ્યાપાર કરીને રસની અથવા બીજી વસ્તુની ભેળસેળ કરીને, મર્યાદા કરતાં અધિક અયોગ્ય મૂલ્ય વધારીને, અયોગ્ય રીતે વ્યાજ વધારીને, લાંચ આપીને અથવા લેઇને, કૂડકપટ કરીને, ખોટું અથવા ઘસાયલું નાણું આપીને, કોઇના ખરીદ વેચાણનો ભંગ કરીને, પારકા ગ્રાહકો ભરમાવી ખેંચી લઇને, નમુનો એક બતાવી બીજો માલ આપીને, જ્યાં બરાબર દેખાતું ન હોય એવા સ્થાનકે વસ્ત્રાદિકનો વ્યાપાર કરીને, લેખમાં ફેરફાર કરીને તથા બીજા એવાજ પ્રકારથી કોઇને પણ ઠગવું નહીં. કહ્યું છે કે—જે લોકો વિવિધ પ્રકારે કપટ કરીને પરને ઠગે છે, તે લોકો મોહજાળમાં પડી પોતાના જીવનેજ ઠગે છે. કારણ કે, તે લોકો કૂડ કપટ ન કરત તો વખતે સ્વર્ગનાં તથા મોક્ષનાં સુખ પામત. આ ઉપરથી એવો કુતર્ક ન કરવો કે, કૂડ કપટ કર્યા વિના દરિદ્રી તથા ગરીબ લોકો વ્યાપાર ઉપર શી રીતે પોતાની આજીવિકા કરે? આજીવિકા તો કર્મને આધીન છે, તોપણ વ્યવહાર શુદ્ધ રાખે તો ઉલટા ગ્રાહકો વધારે આવે અને તેથી વિશેષ લાભ થાય. આ વિષય ઉપર એક દૃષ્ટાંત છે, તે એ કે:—

એક નગરમાં હેલાક નામે શેઠ હતો. તેને ચાર પુત્ર હતા. તથા

તેનો બીજો પરિવાર પણ મ્હોટો હતો. હેલાક શ્રેષ્ઠીએ ત્રણ શેર, પાંચ શેર આદિ ખોટાં માપ તથા ખોટાં કાટલાં વગેરે રાખ્યાં હતાં. તથા ત્રિપુષ્કર, પંચપુષ્કર આદિ સંજ્ઞા કહી પુત્રને ગળ દેવાના બહાનાથી ખોટાં તોલ માપ વાપરીને તે લોકોને ઠગતો હતો. તેના ચોથા પુત્રની સ્ત્રી બહુ સમજુ હતી. તેણે તે વાત જાણી એક સમયે શ્રેષ્ઠીને ઘણો ઠપકો દીધો. ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે, "શું કરીએ? એમ ન કરીએ તો નિર્વાહ શી રીતે થાય? કહ્યું છે કે—ભૂખ્યો માણસ કયું પાપ ન કરે?" તે સાંભળી પુત્રની સ્ત્રીએ કહ્યું કે, "હે તાત! એમ ન કહો. કારણ કે, વ્યવહાર શુદ્ધ રાખવામાંજ સર્વ લાભ રહ્યો છે. કહ્યું છે કે—લક્ષ્મીના અર્થી સુજાણસો ધર્મને તથા નીતિને અનુસરીને ચાલે તો તેમનાં સર્વ કાર્ય ધર્મથીજ સિદ્ધ થાય છે. ધર્મ વિના કોઇ પણ રીતે કર્મની સિદ્ધિ થતી નથી. માટે હે તાત! પરીક્ષા જોવાને અર્થે છ માસ સુધી શુદ્ધ વ્યવહાર કરો. તેથી ધનની વૃદ્ધિ થશે, અને તેટલામાં પ્રતીત આવે તો આગળ પણ તેમજ ચલાવજો." પુત્રની સ્ત્રીનાં એવાં વચનથી શ્રેષ્ઠીએ તેમ કરવા માંડ્યું.

વખત જતાં ગ્રાહક ઘણા આવવા લાગ્યા, આજીવિકા સુખે થઈ, અને ગાંઠે ચાર તોલા સોનું થયું. પછી "ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ખોવાય, તો પણ તે પાછું હાથ આવે છે." એ વાતની પરીક્ષા કરવાને અર્થે પુત્રની સ્ત્રીના વચનથી શ્રેષ્ઠીએ ચાર તોલા સોના ઉપર લોઢું મઢાવીને તેનું એક કાટલું પોતાના નામનું બનાવ્યું અને છ માસ સુધી તે વાપરીને એક નદીમાં નાંખી દીધું. એક માછલી "કાંઇ ભક્ષ્ય વસ્તુ છે" એમ જાણી તે ગળી ગઈ. ધીવરે તે માછલી પકડી, ત્યારે તેના પેટમાંથી પેલું કાટલું નીકળ્યું. નામ ઉપરથી ઓળખીને ધીવરે તે કાટલું શ્રેષ્ઠીને આપ્યું. તેથી શ્રેષ્ઠીને તથા તેના પરિવારનાં સર્વ માણસોને શુદ્ધ વ્યવહાર ઉપર વિશ્વાસ ઉત્પન્ન થયો. આ રીતે શ્રેષ્ઠીને બોધ થયો ત્યારે તે સમ્યક્ પ્રકારે શુદ્ધ વ્યવહાર કરી મ્હોટો ધનવાન થયો. રાજદ્વારમાં તેને માન મળવા લાગ્યું, અને તે શ્રાવકોમાં અગ્રેસર અને સર્વ લોકોમાં એટલો પ્રખ્યાત થયો કે, તેનું નામ લીધાથી પણ વિઘ્ન-ઉપદ્રવ ટળવા લાગ્યાં. હાલના વખતમાં પણ વહાણ ચલાવનારા લોકો વહાણ ચલાવવાની વખતે "હેલા હેલા" એમ

કહે છે તે સંભળાય છે. આ રીતે વ્યવહારશુદ્ધિ ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

વિવેકી પુરૂષે સર્વ પાપકર્મ તજવાં, તેમાં પણ પોતાના સ્વામી, મિત્ર, આપણા ઉપર વિશ્વાસ રાખનાર, દેવ, ગુરૂ, વૃદ્ધ તથા બાળક એટલાની સાથે વેર કરવું, અથવા તેમની થાપણ ઓળવવી એ તેમની હત્યા કરવા સમાન છે. માટે એ તથા બીજાં મહા પાતકો વિવેકી પુરૂષે અવશ્ય વર્જવાં. કહ્યું છે કે—ખોટી સાક્ષી પુરનાર, ઘણા કાળ સુધી રોષ રાખનાર, વિશ્વાસઘાતી અને કૃતઘ્ન એ ચાર કર્મચાંડાળ કહેવાય છે, અને પાંચમો જાતિચાંડાળ જાણવો. અહિં વિસેમિરાનો સંબંધ કહીએ છીએ. તે એ પ્રકારે—

વિશાલા નગરીમાં નંદ નામે રાજા, ભાનુમતી નામે રાણી, વિજયપાળ નામે પુત્ર અને બહુશ્રુત નામે દિવાન હતા. નંદરાજા ભાનુમતી રાણીને વિષે ઘણો મોહિત હોવાથી તે રાજ્યસભામાં પણ રાણીની સાથે બેસતો હતો. જે રાજાના વૈદ્ય, ગુરૂ અને દિવાન પ્રસન્નતા રાખવાને અર્થે કેવળ મધુર વચન બોલનારા હોય, રાજાનો કોપ થાય એવા ભયથી સત્ય વાત પણ કહે નહીં, તે રાજાના શરીરનો, ધર્મનો અને ભંડારનો વખત જતાં નાશ થાય. એવું નીતિશાસ્ત્રનું વચન હોવાથી રાજાને સત્ય વાત કહેવી એ આપણું કર્તવ્ય છે, એમ વિચારી દિવાને રાજાને કહ્યું કે, "મહારાજ! સભામાં રાણી સાહેબને પાસે રાખવાં એ ઘટિત નથી. કેમકે—રાજા, અગ્નિ, ગુરૂ અને સ્ત્રીઓ એ ચાર વસ્તુ બહુ પાસે હોય તો વિનાશ કરે છે, અને બહુ દૂર હોય તો તે પોતાનું ફળ બરાબર આપી શકતી નથી. માટે ઉપર કહેલી ચારે વસ્તુ બહુ પાસે અથવા બહુ દૂર ન રાખતાં સેવવી. માટે રાણીની એક સારી છબી ચિતરાવી તે પાસે રાખો." નંદરાજાએ દીવાનની વાત સ્વીકારી એક છબી ચિતરાવી શારદાનંદન નામે પોતાના ગુરૂને દેખાડી. શારદાનંદને પોતાની વિદ્વતા બતાવવાને અર્થે કહ્યું કે, "રાણીના ડાબા સાથળ ઉપર તલ છે, તે આ ચિત્રમાં બતાવ્યો નથી." ગુરૂના આ વચનથી રાજાના મનમાં રાણીના શીળને વિષે શક આવ્યો, અને તેથી તેણે દિવાન શારદાનંદને મારી નાંખવા દિવાનને હુકમ આપ્યો.

લાંબી નજરવાળા દિવાને વિચાર કર્યો કે, કાંઇ સહસા કાર્ય ન કરવું. વિચાર ન કરવો એ મ્હોટા સંકટોનું સ્થાનક છે. સદ્‌ગુણોથી લલચાયેલી સંપદાઓ પ્રથમ પૂર્ણ વિચાર કરીને પછી કાર્ય કરનાર પુરૂષને પોતે આવીને વરે છે. પંડિત પુરૂષે શુભ અથવા અશુભ કાર્ય કરતાં પહેલાં તેના પરિણામનો યત્નથી નિર્ણય કરવો. કારણ કે, અતિશય ઉતાવળથી કરેલા કામનું પરિણામ શલ્યની પેઠે મરણ સુધી હૃદયમાં વેદના ઉત્પન્ન કરનારૂં થાય છે.

એવાં નીતિશાસ્ત્રનાં વચન તેને યાદ આવ્યાં, તેથી તેણે પોતાના ઘરમાં શારદાનંદનને છાનો રાખ્યો. એક વખતે વિજયપાળ રાજપુત્ર શિકાર રમતાં એક સૂઅરની પછવાડે લાગી બહુ દૂર ગયો. સંધ્યા સમયે એક સરોવરનું પાણી પીને રાજપુત્ર વાઘના ભયથી એક ઝાડ ઉપર ચઢ્યો. ત્યાં વ્યંતરાધિષ્ઠિત વાનર હતો, તેના ખોળામાં પડેલાં રાજપુત્ર સુઇ રહ્યો અને પછી રાજપુત્રના ખોળામાં વાનર સૂતો હતો; એટલામાં ભુખથી પીડાયેલા વાઘના વચનથી રાજપુત્રે વાનરને નીચે નાંખ્યો. વાનર વાઘના મુખમાં પડ્યો હતો, પણ વાઘ હસ્યો, ત્યારે તે મુખમાંથી બહાર નીકળ્યો, અને રૂદન કરવા લાગ્યો. વાઘે રૂદન કરવાનું કારણ પૂછવાથી વાનરે કહ્યું કે, "હે વાઘ! પોતાની જાતિ મૂકીને જે લોકો પરજાતિને વિષે આસક્ત થાય, તેમને ઉદ્દેશીને હું એટલા માટે રૂદન કરૂં છું કે, તે જડ લોકોની શી ગતિ થશે?"

પછી એવા વચનથી તથા પોતાના કૃત્યથી શરમાયેલા રાજપુત્રને તેણે ગાંડો કર્યો. ત્યારે રાજપુત્ર **વિસેમિરા, વિસેમિરા** એમ કહેતો જંગલમાં ભટકવા લાગ્યો. રાજપુત્રનો ઘોડો એકલોજ નગરમાં જઈ પહોંચ્યો. તે ઉપરથી નંદરાજાએ શોધ ખોળ કરાવી પોતાના પુત્રને ઘેર આણ્યો. ઘણા ઉપાય કર્યા, તો પણ રાજપુત્રને લેશમાત્ર પણ ફાયદો થયો નહીં. ત્યારે નંદરાજાને શારદાનંદન યાદ આવ્યો. "જે રાજપુત્રને સાજો કરે તેને હું મ્હારૂં અર્ધ રાજ્ય આપીશ." એવો ઢંઢેરો પીટાવવાનો નંદરાજાએ વિચાર કર્યો, ત્યારે દીવાને કહ્યું, "મહારાજ, મ્હારી પુત્રી થોડું ઘણું જાણે છે." તે સાંભળી નંદરાજા પુત્ર સહિત દીવાનને ઘેર આવ્યો.

ત્યારે પડદાની અંદર બેસી રહેલા શારદાનંદને કહ્યું કે, " વિશ્વાસ રાખનારને હણવું એમાં શી ચતુરાઇ ? તથા ખોળામાં સૂતેલાને મારવો એમાં પણ શું પરાક્રમ ? "

શારદાનંદનનું એ વચન સાંભળી રાજપુત્રે " વિસેમિરા " એ ચાર અક્ષરમાંથી પ્રથમ અક્ષર વિ મૂક્યો. " સેતુ (રામે બંધાવેલી સમુદ્રની પાળ) જોવાથી તથા ગંગાના અને સાગરના સંગમને વિષે સ્નાન કરવાથી બ્રહ્મહત્યા કરનાર પોતાના પાતકથી છૂટે છે, પણ મિત્રને હણવાની ઇચ્છા કરનાર માણસ પાળને જોવાથી અથવા સંગમ સ્નાનથી શુદ્ધ થતો નથી. " આ બીજું વચન સાંભળી રાજપુત્રે બીજો સે અક્ષર મૂકી દીધો. " મિત્રને હણવાની ઇચ્છા કરનાર, કૃતઘ્ન, ચોર અને વિશ્વાસઘાત કરનાર એ ચારે જણા જ્યાં સુધી ચંદ્ર સૂર્ય છે, ત્યાં સુધી નરકગતિમાં રહે છે. " આ ત્રીજું વચન સાંભળી રાજપુત્રે ત્રીજો મિ અક્ષર મૂક્યો. " રાજન્ ! તું રાજપુત્રનું કલ્યાણ ઇચ્છતો હોય તો સુપાત્રે દાન આપ. કારણ કે, ગૃહસ્થ માણસ દાન આપવાથી શુદ્ધ થાય છે. " એ ચોથું વચન સાંભળી રાજપુત્રે ચોથો સા અક્ષર મૂક્યો. પછી સ્વસ્થ થયેલા રાજપુત્રે વાઘ અને વાનર આદિનું સર્વ વૃત્તાંત કહ્યું. રાજા પડદાની અંદર રહેલા શારદાનંદનને દિવાનની પુત્રી સમજતો હતો, તેથી તેણે તેને પૂછ્યું કે, " હે બાળા ! તું ગામમાં રહે છે, તેમ છતાં જંગલમાં થયેલી વાઘની, વાનરની અને માણસની વાત શી રીતે જાણે છે ? " રાજાએ એમ પૂછ્યું, ત્યારે શારદાનંદને કહ્યું કે, " હે રાજન્ ! દેવ ગુરુના પ્રસાદથી મ્હારી જીભની અણી ઉપર સરસ્વતી વસે છે, તેથી જેમ મેં ભાનુમતી રાણીનો તલ જાણ્યો, તેમ આ વાત પણ હું જાણું છું. "

આ સાંભળી રાજા અજાયબ થયો અને કહેવા લાગ્યો કે, " શું શારદાનંદન ? ' અને સામો હાનો જવાબ મળતાં બન્નેનો મેળાપ થયો, અને તેથી બન્ને જણાને ઘણો આનંદ થયો. આ રીતે વિશ્વાસઘાત ઉપર દૃષ્ટાંત કહ્યું છે.

આ લોકમાં પાપ બે પ્રકારનું છે. એક ગુપ્ત અને બીજું જાહેર. ગુપ્ત પાપ પણ બે પ્રકારનું છે. એક લઘુ પાપ અને બીજું મહા પાપ. મોટાં

ત્રાજવાં તથા ખોટાં માપ વગેરે રાખવાં એ ગુપ્ત લઘુ પાપ અને વિશ્વાસઘાત વગેરે કરવો એ ગુપ્ત મહા પાપ કહેવાય છે. જાહેર પાપના પણ બે પ્રકાર છે. એક કુળાચારથી કરવું તે અને બીજું લોકલજ્જા મૂકીને કરવું તે. ગૃહસ્થ લોકો કુળાચારથી આરંભ સમારંભ કરે છે, તથા મ્લેચ્છ લોકો કુળાચારથીજ હિંસા આદિ કરે છે, તે જાહેર લઘુ પાપ જાણવું; અને સાધુનો વેષ પહેરી નિર્લજ્જપણાથી હિંસા આદિ કરે તે જાહેર મહા પાપ જાણવું. લજ્જા મૂકીને કરેલા જાહેર મહા પાપથી અનંતસંસારીપણું વગેરે થાય છે, કારણ કે, જાહેર મહા પાપથી શાસનનો ઉભ્ભાહ આદિ થાય છે. કુળાચારથી જાહેર લઘુ પાપ કરે તો થોડો કર્મબંધ થાય, અને જે ગુપ્ત લઘુ પાપ કરે તો તીવ્ર કર્મબંધ થાય છે. કારણ કે, તેવું પાપ કરનાર માણસ અસત્ય વ્યવહાર કરે છે. મન વચન કાયાથી અસત્ય વ્યવહાર કરવો એ ઘણુંજ મ્હોટું પાપ કહેવાય છે; અને અસત્ય વ્યવહાર કરનારા માણસો ગુપ્ત લઘુ પાપ કરે છે.

અસત્યનો ત્યાગ કરનાર માણસ કોઇ સમયે પણ ગુપ્ત પાપ કરવાને પ્રવૃત્ત થાય નહીં. જેની પ્રવૃત્તિ અસત્ય તરફ થઈ તે માણસ નિર્લજ્જ થાય છે, અને નિર્લજ્જ થએલો માણસ શેઠ, દોસ્ત, મિત્ર અને પોતાના ઉપર વિશ્વાસ રાખનારનો ઘાત કરવો આદિ ગુપ્ત મહા પાપ કરે. એજ વાત યોગશાસ્ત્રમાં કહી છે. તે એ કે:—એક બાજુએ ત્રાજવામાં અસત્ય રાખીએ, અને બીજી બાજુએ સર્વ પાતક મૂકીએ તો તે બેમાં પહેલુંજ તોલમાં વધારે ઉતરશે. તેથી કોઇને ઠગવું એ અસત્યમય ગુપ્ત લઘુ પાપની અંદર સમાય છે. માટે કોઇને ઠગવાનું સર્વથા તજવું. ન્યાયમાર્ગે ચાલવું એજ દ્રવ્યની પ્રાપ્તિ કરાવનાર એક ગુપ્ત મહા મંત્ર છે. હમણાં પણ જણાય છે કે, ન્યાયમાર્ગને અનુસરનારા કેટલાક લોકો થોડું થોડું ધન ઉપાર્જન કરે, તો પણ તેઓ ધર્મ સ્થાનકે નિત્ય ખરચે છે. તેમ છતાં જેમ કૂવાનું પાણી નીકળે થોડું, પણ કોઇ વખત બંધ પડે નહિ, તેમ તેમનો પૈસો નાશ પામતો નથી. બીજા પાપકર્મ કરનારા લોકો ઘણો પૈસો પેદા કરે છે, તથા બહુ ખરચ કરતા નથી, તો પણ મરૂદેશનાં સરોવર થોડા વખતમાં સૂકાઇ જાય છે, તેમ તે લોકો થોડા વખતમાં નિર્ધન થાય છે, કેમકે

પારકાં છિદ્ર કાઢીને સ્વાર્થ સાધવાથી પોતાની ઉન્નતિ થતી નથી, પણ ઉલટો પોતાનો નાશજ થાય છે. જુઓ, રહેંટના ઘડા છિદ્રથી પોતામાં જળ ભરી લેછે, તેથી તેમાં જળ ભરાએલું રહેતું નથી, પણ વારંવાર ખાલી થઇને તેને જળમાં ડુબવું પડે છે.

શંકાઃ—ન્યાયવાન અને ધર્મી એવા પણ કેટલાક લોકો નિર્ધનતા આદિ દુઃખથી ઘણા પીડાયેલા દેખાય છે. તેમજ બીજા અન્યાયથી અને અધર્મથી ચાલનારા લોકો પણ ઐશ્વર્ય આદિ ઘણું હોવાથી સુખી દેખાય છે. ત્યારે ન્યાયથી અને ધર્મથી સુખ થાય એમ આપ કહો છો તે પ્રમાણભૂત કેમ મનાય?

સમાધાનઃ—ન્યાયથી ચાલનારા લોકોને દુઃખ અને અન્યાયથી ચાલનારા લોકોને સુખ દેખાય છે, તે પૂર્વ ભવનાં કર્મનાં ફળ છે, પણ આ ભવમાં કરેલા કર્મનાં ફળ નથી. પૂર્વ કર્મના ચાર પ્રકાર છે. શ્રી ધર્મઘોષસૂરીજીએ કહ્યું છે કે— ૧ પુણ્યાનુબંધિ પુણ્ય, ૨ પાપાનુબંધિ પુણ્ય, ૩ પુણ્યાનુબંધિ પાપ અને ૪ પાપાનુબંધિ પાપ, એવા પૂર્વકર્મના ચાર પ્રકાર છે. જિનધર્મની વિરાધના ન કરનારા જીવો ભરત ચક્રવર્તીની પેઠે સંસારમાં દુઃખ રહિત નિરૂપમ સુખ પામે છે, તે પુણ્યાનુબંધિ પુણ્ય જાણવું. અજ્ઞાન કષ્ટ કરનારા જીવો કૌણિક રાજાની પેઠે ભોગી ઋદ્ધિ તથા રોગ રહિત કાયા આદિ ધર્મસામગ્રી છતાં પણ ધર્મકૃત્ય કરે નહિ, અને પાપકર્મને વિષે રક્ત થાય, તે પાપાનુબંધિ પુણ્ય જાણવું. જે જીવો દ્રમક મુનિની પેઠે પાપના ઉદયથી દરિદ્રી અને દુઃખી છતાં પણ લેશ માત્ર દયા આદિ હોવાથી જિનધર્મ પામે છે, તે પુણ્યાનુબંધિ પાપ જાણવું. જે જીવો કાલશૌકરિકની પેઠે પાપી, ઘાતકી કર્મ કરનારા, અધર્મી, નિર્દય, કરેલા પાપનો પસ્તાવો ન કરનાર અને જેમ જેમ દુઃખી થતા જાય, તેમ તેમ અધિક અધિક પાપકર્મ કરતા જાય એવા છે, તે પાપાનુબંધિ પાપનું ફળ જાણવું. પુણ્યાનુબંધિ પુણ્યથી બાહ્ય ઋદ્ધિ અને અંતરંગ ઋદ્ધિ પણ પમાય છે. તે બે ઋદ્ધિમાં એક પણ ઋદ્ધિ જે માણસ ન પામ્યો તેના મનુષ્યભવને ધિક્કાર થાઓ. જે જીવો પ્રથમ શુભ પરિણામથી ધર્મકૃત્યનો આરંભ કરે, પણ પાછળથી શુભ પરિણામ ઉતરી જવાથી

પરિપૂર્ણ ધર્મ કરે નહીં, તે જીવો પરભવે આપદા સહિત સંપદા પામે. આ રીતે કોઇ જીવને પાપાનુબંધિ પુણ્યના ઉદયથી આલોકમાં દુઃખ જાણાતું નથી, તો પણ તેને આવતા ભવમાં પરિણામે નિશ્ચયથી પાપકર્મનું ફળ મળવાનું એમાં કાંઈ શક નથી. કેમકે—દ્રવ્ય સંપાદન કરવાની બહુ ઇચ્છાથી અંધ થએલો માણસ પાપકર્મ કરીને જે કાંઈ દ્રવ્ય વગેરે પામે, તે દ્રવ્ય આદિ વસ્તુ માંસમાં પરોવેલા લોઢાના કાંટાની પેઠે તે માણસનો નાશ કર્યા વગર પચતી નથી. માટે જેથી સ્વામિદ્રોહ થાય એવાં દાણચોરી વગેરે અકાર્ય સર્વથા તજવાં. કેમકે, તેથી આલોકે તથા પરલોકે અનર્થ પેદા થાય છે. જેથી કોઇને સ્વલ્પ માત્ર પણ તાપ ઉત્પન્ન થતો હોય તે વ્યવહાર, તથા ઘર, હાટ કરાવવાં, તથા લેવાં તથા તેમાં રહેવું વગેરે સર્વ છોડવું. કારણ કે, કોઇને તાપ ઉત્પન્ન કરવાથી પોતાની સુખાદિ ઋદ્ધિ વધતી નથી. કેમકે—જે લોકો મૂર્ખતાથી મિત્રને, કપટથી ધર્મને, સુખથી વિદ્યાને અને ક્રૂરપણાથી સ્ત્રીને વશ કરવા તથા પરને તાપ ઉપજાવી પોતે સુખી થવા ઇચ્છતા હોય, તે મૂર્ખ જાણવા.

વિવેકી પુરૂષે જેમ લોકો આપણા ઉપર પ્રીતિ કરે તેમ પોતે વર્તવું. કહ્યું છે કે-ઇંદ્રિયો જીતવાથી વિનય ગુણ ઉત્પન્ન થાય છે. વિનયથી ઘણા સદ્‌ગુરૂઓની પ્રાપ્તિ થાય છે; ઘણા સદ્‌ગુરૂઓથી લોકોના મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે, અને લોકોના અનુરાગથી સર્વ સંપત્તિ ઉત્પન્ન થાય છે. વિવેકી પુરૂષે પોતાના ધનની હાનિ, વૃદ્ધિ અથવા કરેલો સંગ્રહ વગેરે વાત કોઇની આગળ ખુલ્લી ન કરવી. કેમકે-ડાહ્યા પુરૂષે સ્ત્રી, આહાર, પુણ્ય, ધન, ગુપ્ત, દુરાચાર, મર્મ અને મંત્ર એ આઠ પોતાની વસ્તુ ગુપ્ત રાખવી. કોઇ અજાણ્યો માણસ ઉપર કહેલી આઠ વસ્તુનું સ્વરૂપ પૂછે તો, અસત્ય ન બોલવું; પણ એમ કહેવું કે, "એવા સવાલનું શું કારણ છે?" વગેરે જવાબ ભાષાસમિતિથી આપવો. રાજા, ગુરૂ વગેરે મ્હોટા પુરૂષો ઉપર કહેલી આઠ વસ્તુ વિષે પૂછે તો, પરમાર્થથી જે વસ્તુ જેવી હોય તેવી કહી દેવી. કેમકે—મિત્રોની સાથે સત્ય વચન બોલવું, સ્ત્રીની સાથે મધુર વચન બોલવું, શત્રુની સાથે અસત્ય પણ મધુર વચન બોલવું, અને પોતાના સ્વામીની સાથે તેને અનુકૂળ પડે એવું સત્ય વચન બોલવું. સત્ય વચન

એ એક માણસને મ્હોટો આધાર છે. કારણ કે, સત્ય વચનથીજ વિશ્વાસ આદિ ઉત્પન્ન થાય છે. આ વિષય ઉપર એક દૃષ્ટાંત સંભળાય છે, તે એ કેઃ—

દિલ્લી નગરીમાં એક મહણસિંહ નામે શેઠ રહેતો હતો. તેની સત્યવાદીપણાની કીર્તિ સઘળે સ્થળે જાહેર હતી. બાદશાહે એક દિવસે મહણસિંહની પરીક્ષા કરવાને અર્થે તેને પૂછ્યું કે, "તમારી પાસે કેટલું ધન છે?" ત્યારે મહણસિંહે કહ્યું કે, "હું ચોપડામાં લેખ જોઇને પછી કહીશ" એમ કહી મહણસિંહે સર્વ લેખ સમ્યક્ પ્રકારે જોઈ બાદશાહને સાચે સાચું કહ્યું કે, "મ્હારી પાસે આશરે ચોરાશી લાખ ટંક હશે." "મેં થોડું ધન સાંભળ્યું હતું, અને એણે તો બહુ કહ્યું." એમ વિચાર કરી બાદશાહ ઘણો પ્રસન્ન થયો, અને તેણે મહણસિંહને પોતાનો ભંડારી બનાવ્યો.

આવીજ રિતે ખંભાત નગરમાં વિષમ દશામાં આવે તો પણ સત્ય વચનને ન છોડે એવો શ્રીજગચ્ચંદ્રસૂરીનો શિષ્ય ભીમ નામે સોની રહેતો હતો. એક વખતે શસ્ત્રધારી યવનોએ શ્રીમલ્લિનાથજીના મંદિરમાં ભીમને પકડી બંદીખાનામાં રાખ્યો. ત્યારે ભીમના પુત્રોએ પોતાના પિતાજીને છોડાવવાને માટે ચાર હજાર ખોટા ટંકનું તે લોકોને ભેટણું કર્યું. યવનોએ તે ટંકની પરીક્ષા ભીમ પાસે કરાવી. ત્યારે ભીમે જે હતું તે કહ્યું. તેથી પ્રસન્ન થઈ તેમણે ભીમને છોડી દીધો, અને તેના પુત્રોને તેજ વખતે મારી નાંખ્યા. તેમને અગ્નિદાહ દીધા પછી યવનોએ ભોજન કર્યું. વચન આપવાથી તેમના મરણ દિવસે એમના નિમિત્તથી હજી પણ ત્યાં શ્રીમલ્લિનાથજીની મહાપૂજા વગેરે થાય છે.

વિવેકી પુરૂષે આપત્તિ વખતે મદદ મળે તે સારૂ એવો એક મિત્ર કરવો કે જે ધર્મથી, ધનથી, પ્રતિષ્ઠાથી તથા બીજા એવાજ સદ્‌ગુણોથી આપણી બરાબરીનો, બુદ્ધિશાળી તથા નિર્લોભી હોય. રઘુકાવ્યમાં કહ્યું છે કે—રાજાના મિત્ર તદન શક્તિ વિનાના હોય તો પ્રસંગ આવે રાજા ઉપર ઉપકાર કરી ન શકે. તથા તેના મિત્ર રાજાથી વધારે શક્તિમાન હોય તો તે રાજાની સાથે સ્પર્ધાથી વેર વગેરે કરે. માટે રાજાના મિત્ર મધ્યમ શક્તિના ધારણ કરનારા જોઇએ. બીજા એક સ્થળને વિષે પણ કહ્યું છે કે—

આવેલી આપદાને દૂર કરનાર મિત્ર, માણસને એવી અવસ્થામાં સહાય્ય કરે છે કે, જે અવસ્થામાં માણસનો સગો ભાઈ, પ્રત્યક્ષ પિતા અથવા બીજા સ્વજન પણ તેની પાસે ઉભા રહી ન શકે. હે લક્ષ્મણ! આપણા કરતાં મ્હોટા સમર્થની સાથે પ્રીતિ રાખવી એ મને ઠીક લાગતું નથી. કેમકે તેને ઘેર આપણે જઇએ, તો આપણો કાંઇ પણ આદર સત્કાર થાય નહીં, અને તે જો આપણે ઘેર આવે તો આપણે શક્તિ કરતાં વધારે ધન ખરચીને તેની પરોણાગત કરવી પડે. એવી રીતે આ વાત યુક્તિવાળી છે ખરી, તો પણ કોઇ પ્રકારે જો મ્હોટાની સાથે પ્રીતિ થાય તો તેથી બીજાથી ન સધાય એવાં આપણાં કાર્યો બની શકે છે, તથા બીજા પણ કેટલાક લાભ થાય છે. કેમકે—ભાષામાં પણ કહેલું છે કે:—પોતેજ સમર્થ થઇને રહેવું અગર કોઇ મ્હોટો પોતાનો હાથ કરી રાખવો. આમ કરવાથી ધારેલું કામ પાર પાડી શકાય છે, કામ કાઢી લેવાનો આ ઉત્તમ ઉપાય છે.

મ્હોટા પુરૂષે હલકા માણસની સાથે પણ મૈત્રી કરવી. કારણ કે, મ્હોટા પુરૂષ ઉપર કોઇ વખત આવે હલકો માણસ પણ સહાય્ય કરી શકે છે. પંચોપાખ્યાનમાં કહ્યું છે કે:—બળવાન્ અને દુર્બળ એવા બન્ને પ્રકારના મિત્રો કરવા. જુઓ, અટવીની અંદર બંધનમાં પડેલા હાથીના ટોળાને ઉંદરડે છોડાવ્યું. ક્ષુદ્ર જીવથી થઇ શકે એવાં કામો સર્વે મ્હોટા લોકો એકત્ર થાય, તોપણ તેમનાથી તે થઇ શકે નહીં. સોયનું કાર્ય સોયજ કરી શકે, પણ તે ખડ્ગ આદિ શસ્ત્રોથી થાય નહીં. તૃણનું કાર્ય તૃણજ કરી શકે, પણ તે હાથી વગેરેથી થાય નહીં. તેમજ કહ્યું છે કે—તૃણ, ધાન્ય, મીઠું, અગ્નિ, જળ, કાજળી, છાણ, માટી, પત્થર, રક્ષા, લોઢું, સોય, ઔષધીચૂર્ણ અને કૂંચી વગેરે વસ્તુઓ પોતાનું કાર્ય પોતેજ કરી શકે, પણ બીજી વસ્તુથી થાય નહીં. દુર્જનની સાથે પણ વચનની સરળતા આદિ દાક્ષિણ્યતા રાખવી. કહ્યું છે કે—મિત્રને શુદ્ધ મનથી, બાંધવોને સન્માનથી, સ્ત્રીઓને પ્રેમથી, સેવકોને દાનથી અને બીજા લોકોને દાક્ષિણ્યતાથી વશ કરવા.

કોઇ વખતે પોતાની કાર્યસિદ્ધિને અર્થે ખળ પુરૂષોને પણ અગ્રેસર કરવા. કેમકે—કોઇ સ્થળે ખળ પુરૂષોને પણ અગ્રેસર કરીને જાણુ પુરૂષે

સ્વકાર્ય સાધવું. રસને ચાખનારી જિવ્હા કલહ ક્લેશ કરવામાં નિપુણ એવા દાંતોને અગ્રેસર કરી પોતાનું કાર્ય સાધે છે. કાંટાનો સંબંધ કર્યા વિના પ્રાયઃ નિર્વાહ થતો નથી. જુઓ, ક્ષેત્ર, ગ્રામ, ગૃહ, બગીચા આદિ વસ્તુની રક્ષા કાંટાવડેજ થાય છે. જ્યાં પ્રીતિ હોય ત્યાં દ્રવ્ય સંબંધ આદિ રાખવોજ નહીં. જ્યાં મૈત્રી કરવાની ઈચ્છા ન હોય, ત્યાં દ્રવ્ય સંબંધ કરવો અને પોતાની પ્રતિષ્ઠાનો ભંગ થાય એવા ભયથી જ્યાં ત્યાં ઉભા ન રહેવું. સોમનીતિને વિષે પણ કહ્યું છે કે—જ્યાં દ્રવ્ય સંબંધ અને સહવાસ એ બે વાનાં હોય, ત્યાં કલહ થયા વિના રહે નહીં. પોતાના મિત્રને ઘેર પણ કોઇ સાક્ષી રાખ્યા વિના થાપણ મૂકવી નહીં. તેમજ પોતાના મિત્રને હાથે દ્રવ્ય મોકલવું પણ નહીં. કારણ કે, અવિશ્વાસ ધનનું અને વિશ્વાસ અનર્થનું કારણ છે. કહ્યું છે કે—વિશ્વાસુ તથા અવિશ્વાસુ બન્ને માણસો ઉપર વિશ્વાસ ન રાખવો. કારણ કે, વિશ્વાસથી ઉત્પન્ન થએલો ભય મૂળથી નાશ કરે છે. એવો કોણ મિત્ર છે કે, જે ગુપ્ત થાપણ મૂકી હોય તો તેનો લોભ ન કરે? કહ્યું છે કે—શેઠ પોતાના ઘરમાં કોઇની થાપણ આવી પડે ત્યારે તે પોતાના દૈવતની સ્તુતિ કરીને કહે કે, "જો એ થાપણનો સ્વામી શીઘ્ર મરણ પામે તો તને માનેલી વસ્તુ આપીશ." વળી એમ પણ કહ્યું છે કે ધન અનર્થનું મૂળ છે, પણ જેમ અગ્નિ વિના, તેમ તે ધન વિના ગ્રહસ્થનો નિર્વાહ કોઈ પણ રીતે થાય નહીં. માટે વિવેકી પુરૂષે ધનનું અગ્નિની પેઠે રક્ષણ કરવું. આ વિષય ઉપર ધનેશ્વર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત નીચે આપ્યું છે.

ધનેશ્વર નામે એક શેઠ હતો, તેણે પોતાના ઘરમાંની સર્વ સાર વસ્તુ એકઠી કરી તેનું રોકડું નાણું કરી એકેકનું ક્રોડક્રોડ સોનૈયા દામ ઉપજે, એવાં આઠ રત્ન વેચાથી લીધાં, અને કોઇ ન જાણે તેવી રીતે પોતાના એક મિત્રને ત્યાં અનામત મૂકયાં. પછી પોતે ધન મેળવવા માટે પરદેશ ગયો. ત્યાં બહુ કાળ રહ્યા પછી દુર્દૈવના યોગથી ઔચિંતી શરીરે માંદગી થઇ, અને મરણ પામ્યો. કહ્યું છે કે–પુરૂષ મુચકુંદના ફૂલ સરખા શુદ્ધ મનમાં કાંઇ જૂદુંજ ચિંતવે છે, અને દૈવયોગથી કાંઇ જૂદુંજ થાય છે. ધનેશ્વર શ્રેષ્ઠીનો અંત સમય સમીપ આવ્યો, ત્યારે પાસે સ્વજન સં-

બધી હતા તેમણે શ્રેષ્ઠીને દ્રવ્ય આદિનું સ્વરૂપ પૂછયું. શ્રેષ્ઠીએ કહ્યું કે "પરદેશે ઉપાર્જન કરેલું બહુ દ્રવ્ય છે, તો પણ તે જ્યાં જ્યાં વિખરાયેલું હોવાથી મ્હારા પુત્રોથી તે લેવાય તેમ નથી; પણ મ્હારાં એક મિત્રની પાસે મેં આઠ રત્ન અનામત મૂક્યાં છે, તે મ્હારા સ્ત્રી પુત્રાદિકને અપાવજો." એમ કહી ધનેશ્વર શેઠ મરણ પામ્યો. પછી સ્વજનોએ આવી ધનેશ્વર શેઠના પુત્રાદિકને એ વાત કહી, ત્યારે તેમણે પોતાના પિતાના મિત્રને વિનયથી, પ્રેમથી અને બહુ માનથી ઘેર બોલાવ્યો. અને અભયદાનાદિ અનેક પ્રકારની યુક્તિથી રત્નોની માગણી કરી; તો પણ લોભી મિત્રે તે વાત માની નહીં, અને રત્ન પણ આપ્યાં નહીં. પછી તે વિવાદ ન્યાયસભામાં ગયો. સાક્ષી, લેખ વગેરે પુરાવો નહીં હોવાથી રાજા મંત્રી વગેરે ન્યાયાધીશો રત્નો અપાવી શકયા નહીં. આ રીતે સાક્ષી રાખીને દ્રવ્ય આપવા ઉપર ધનેશ્વર શેઠનું દૃષ્ટાંત કહ્યું છે.

માટે કોઇને પણ સાક્ષી રાખીને દ્રવ્ય આપવું. સાક્ષી રાખ્યો હોય તો ચોરને આપેલું દ્રવ્ય પણ પાછું મળે છે. એ ઉપર એક દૃષ્ટાંત કહે છેઃ—

એક વણિક ધનવાન્ અને બહુ ઠગ હતો. પરદેશ જતાં માર્ગમાં તેને ચોરોની ધાડ નડી. ચોરોએ જુહાર કરીને તેની પાસે દ્રવ્ય માગ્યું. વણિકે કહ્યું. "સાક્ષી રાખીને આ સર્વ દ્રવ્ય તમે ગ્રહણ કરો અને અવસર આવ્યે પાછું આપજો. પણ મને મારશો નહીં." પછી ચોરોએ "આ કોઇ પરદેશી મૂર્ખ માણસ છે" એમ ધારી એક જંગલી કાબરચિત્ર વર્ણના બિલાડાને સાક્ષી રાખી સર્વ દ્રવ્ય લઇ લેઇ વણિકને છોડી દીધો. તે વણિક અનુક્રમે તે સ્થાન બરાબર ધ્યાનમાં રાખીને પાછો પોતાને ગામ ગયો. કેટલાક વખત ગયે છતે એક દિવસે તે ચોરો વણિકના ગામના કેટલાક ચોરોની સાથે ઘણી વસ્તુ લેઇને (વણિકના ગામમાં) આવ્યા. તે વણિકે ચોરોને ઓળખી પોતાના દ્રવ્યની માગણી કરી; તેથી કલહ થયો, અને છેવટ તે વાત રાજદ્વારે ચઢી. ન્યાયાધીશોએ વણિકને પૂછયું. "દ્રવ્ય આપ્યું તે વખતે કોઈ સાક્ષી હતું?" વણિકે પાંજરામાં રાખેલા એક કાળા બિલાડાને આગળ મૂકીને કહ્યું. "આ મ્હારો સાક્ષી છે." ચોરોએ કહ્યું. "તારો કેવો સાક્ષી છે તે દેખાડ." વણિકે દેખાડયો. ત્યારે ચોરોએ ક-

હ્યું. "તે આ નથી. તે કામરચિત્ર વર્ણનો હતો, અને આ તો કાળો છે." આ રીતે પોતાને મુખેજ ચોરોએ કબૂલ કર્યું, ત્યારે ન્યાયાધીશોએ તેમની પાસેથી વણિકને તેનું સર્વ ધન પાછું અપાવ્યું. એ પ્રકારે સાક્ષી રાખવા ઉપર દૃષ્ટાંત છે.

માટે થાપણ મૂકવી, તથા લેવી હોય તો છાની મૂકવી નહીં, તેમ લેવી પણ નહીં. પણ સ્વજનોને સાક્ષી રાખીનેજ મૂકવી તથા લેવી. ધણીની સમ્મતિ વિના થાપણ હલાવવી ચલાવવી પણ નહીં. તો પછી વાપરવાની તો વાતજ શી? કદાચિત્ થાપણ મૂકનાર માણસ પરદેશે મરણ પામે તો તે થાપણ તેના પુત્રોને આપવી. તેને પુત્ર આદિ ન હોય તો સર્વ સંઘના સમક્ષ તે ધર્મસ્થાને વાપરવી. ઉધાર થાપણ આદિની નોંધ તેજ વખતે કરવામાં, લેશમાત્ર પણ આળસ ન કરવી. કહ્યું છે કે—ગાંડમાં દ્રવ્ય રાખવામાં, વસ્તુની પરીક્ષા કરવામાં, ગણવામાં, છાનું રાખવામાં, ખરચ કરવામાં અને નામું રાખવામાં જે માણસ આળસ કરે તે શીઘ્ર વિનાશ પામે છે. પાછળથી માણસના ધ્યાનમાં સર્વ વાત રહેતી નથી, બહુ ભૂલી જવાય છે, અને ભૂલી જવાથી વૃથા કર્મબંધ આદિ દોષ માથે આવે છે. પોતાના નિર્વાહને અર્થે ચંદ્રમા જેમ રવિને અનુસરે છે, તેમ રાજા તથા મંત્રી આદિને અનુસરવું. નહીં તો વખતે વખતે પરાભવ આદિ થવાનો સંભવ છે. કહ્યું છે કે—ડાહ્યા પુરૂષો પોતાના મિત્રજન ઉપર ઉપકાર કરવાને માટે તથા શત્રુજનનો નાશ કરવાને માટે રાજાનો આશ્રય માગે છે, પણ પોતાના ઉદરપોષણને અર્થે નહિ. કારણ કે રાજાના આશ્રય વિના કોણ પોતાનું ઉદરપોષણ કરતું નથી? ઘણા કરે છે. વસ્તુપાળ મંત્રી, પેથડશ્રેષ્ઠી આદિ લોકોએ પણ રાજાના આશ્રયથી જિનમંદિર આદિ અનેક પુણ્યકૃત્ય કર્યાં છે.

હરેક, વિવેકી પુરૂષે જુગાર, કિમિયા આદિ વ્યસનોનો દૂરથીજ ત્યાગ કરવો. કહ્યું છે કે—દૈવનો કોપ થાય ત્યારેજ દ્યૂત, ધાતુવાદ, અંજનસિદ્ધિ, રસાયન અને યક્ષિણીની ગુફામાં પ્રવેશ, એટલાં વાનાં કરવાની બુદ્ધિ થાય છે. તેમજ સહજ કામમાં જેમ તેમ સોગન વગેરે પણ ન ખાવા, અને તેમાં પણ વિશેષે કરીને દેવ, ગુરૂ, જ્ઞાન આદિના તો નજ ખાવા. કહ્યું

છે કે—જે મૂઢ પુરૂષ ચૈત્ય (દેવ) ના સાચા અથવા જૂઠા સમ ખાય તે બોધિબીજ વમે, અને અનંતસંસારી થાય. જાણુ પુરૂષે કોઈના જમીન થવા વગેરેના સંકટમાં ન પડવું. કાપાસિકે કહ્યું છે કે—દરિદ્રીને બે સ્ત્રીઓ, માર્ગમાં ક્ષેત્ર, બે પ્રકારની ખેતી, જમીનપણું અને સાક્ષીપણુ એ પાંચ અનર્થ માણસોએ પોતે ઉત્પન્ન કરેલાં હોય છે. તેમજ વિવેકી પુરૂષે બનતાં સુધી જે ગામમાં પોતાનું રહેવાનું સ્થળ હોય તેજ ગામમાં વ્યાપાર આદિ કરવો. તેથી પોતાના કુટુંબના માણસોનો વિયોગ થતો નથી, ઘરનાં તથા ધર્મનાં કામો યથાસ્થિત થાય છે. આ આદિ ગુણ પોતાના ગામમાંજ વ્યાપાર વગેરે કરવામાં છે. પોતાના ગામમાં નિર્વાહ ન થતો હોય તો પોતાના દેશમાં વ્યાપાર વગેરે કરવો, પણ પરદેશે ન જવું. પોતાના દેશમાં વ્યાપાર કરવાથી શીઘ્ર તથા વારે વારે પોતાને ગામે જવાય છે, તથા ઘરનાં કામો વગેરે પણ જોવાય છે. કોણ દરિદ્રી માણસ પોતાના ગામમાં અથવા દેશમાં નિર્વાહ થવાનો સંભવ છતાં પરદેશે જવાનો ક્લેશ માથે લે ? કહ્યું છે કે—હે અર્જુન ! દરિદ્રી, રોગી, મૂર્ખ, મુસાફર અને નિત્ય સેવા કરનારો એ પાંચ જણા જીવતા છતાં પણ મરણ પામ્યા જેવા છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે. હવે જો પરદેશ ગયા વિના નિર્વાહ ન ચાલતો હોય, તેથી પરદેશમાં વ્યાપાર કરવો પડે તો પોતે વ્યાપાર ન કરવો, તથા પુત્રાદિક પાસે પણ ન કરાવવો. પરંતુ સમ્યક્ પ્રકારે પરીક્ષા કરવાથી વિશ્વાસપાત્ર થએલા મુનિમો પાસે વ્યાપાર ચલાવવો. જો કોઈ સમયે પોતાને પરદેશે જવું પડે તો સારા શકુન આદિ જોઇ તથા ગુરૂવંદન વગેરે માંગલિક કરી ભાગ્યશાળી પુરૂષોની સાથેજ જવું. જતાં સાથે પોતાની જ્ઞાતિના કેટલાએક ઓળખીતા લોકો પણ લેવા, અને માર્ગમાં નિદ્રા દ પ્રમાદ લેશમાત્ર પણ ન કરવો. તથા ઘણા યત્નથી જવું. પરદેશમાં વ્યાપાર કરવો પડે, અથવા રહેવું પડે તો પણ આ રીતેજ કરવું. કારણ કે, એક ભાગ્યશાળી સાથે હોય તો સર્વ લોકોનું વિઘ્ન ટળે છે. આ વિષય ઉપર દૃષ્ટાંત છે તે આ રીતેઃ—

એકવીસ માણસો ચોમાસામાં કોઈ ગામે જતા હતા, તે સંધ્યા સમયે એક મંદિરે ઉતર્યા. ત્યાં વારે વારે વિજળી મંદિરના બારણા મુખી

આવીને જાય. તે સર્વે જણાએ મનમાં ભય થવાથી કહ્યું કે, " આપણામાં કોઇ અભાગી પુરૂષ છે, માટે એકેક જણાએ મંદિરને ફરતી પ્રદક્ષિણા દઇને પાછું અહિંજ આવવું. " તેમ કરતાં વીસ જણાએ એક પછી એક એમ પ્રદક્ષિણા દઇ મંદિરમાં પાછો પ્રવેશ કર્યો એકવીશમો પુરૂષ બહાર નીકળતો નહોતો. તેને વીશ જણાએ બળાત્કારથી ખેંચીને બહાર કાઢયો. ત્યારે વીસ જણા ઉપર વીજળી પડી. તેઓમાં એકજ ભાગ્યશાળી હતો. આ રીતે ભાગ્યવાન પુરૂષની સાથે જવા ઉપર દૃષ્ટાંત છે.

માટે ભાગ્યશાળી પુરૂષોના સાથમાં તેમની સંગાથે જવું, તથા જે કાંઇ લેણ દેણ હોય, અથવા નિધિ આદિ રાખ્યો હોય તો તે સર્વ પિતા, ભાઈ અથવા પુત્ર આદિને નિત્ય જણાવવું. તેમાં પણ પરગામ જતી વખતે તો અવશ્ય જણાવવુંજ. તેમ ન કરે તો દુર્દૈવના યોગથી જો કદાચિત્ પરગામે અથવા માર્ગમાં પોતે મરણ પામે તો ધન છતાં પિતા, ભાઇ. પુત્ર વગેરેને વૃથા દુઃખ ભોગવવું પડે.

વિવેકી પુરૂષે પરગામ જતી વખતે ધનાદિકની યથાયોગ્ય ચિંતા કરવાને અર્થે કુટુંબના સર્વે લોકોને સારી શિખામણ દેવી, તથા બહુમાનથી સર્વે સ્વજનોની સાથે વાત કરી વિદાય થવું. કહ્યું છે કે— જેને જગતમાં જીવવાની ઇચ્છા હોય, તે માણસે પૂજ્ય પુરૂષોનું અપમાન કરી, પોતાની સ્ત્રીને કટુ વચન કહી, કોઇને તાડના કરી તથા બાળકને રોવરાવી પરગામે ગમન ન કરવું. પરગામ જવાનો વિચાર કરતાં જો પાસે કાંઈ પર્વ અથવા ઉત્સવ આદિ આવ્યો હોય તો તે કરીને જવું. કહ્યું છે કે—ઉત્સવ, ભોજન, મ્હોટું પર્વ તથા બીજું પણ સર્વ મંગળ કાર્યની ઉપેક્ષા કરીને તથા જન્મનાં અને મરણનાં મળી બે પ્રકારનાં સૂતક હોય તો અને પોતાની સ્ત્રી રજસ્વલા હોય તો પરગામે ગમન ન કરવું. એમજ બીજી વાતોનો પણ શાસ્ત્રાનુસારથી વિચાર કરવો. વળી કહ્યું છે કે—દૂધનું ભક્ષણ, સ્ત્રીસંભોગ, સ્નાન, પોતાની સ્ત્રીને તાડના, વમન તથા થૂંકવું એટલાં વાનાં કરીને તથા આક્રોશ વચન સાંભળીને પરગામે ન જવું. હજામત કરાવીને, નેત્રમાંથી આંસુ ગાળીને તથા સારા શકુન થતા ન હોય તો પરગામે ન જવું. પોતાના સ્થાનકની કાંઇ કાર્યને અર્થે બહાર જતાં જે ભાગની

નાડી વહેતી હોય, તે બાજુનો પગ આગળ મૂકવો. તેમ કરવાથી માણસના વાંછિત કાર્યની સિદ્ધિ થાય છે. જાણ પુરૂષે માર્ગે જતાં સામા આવેલા રોગી, વૃદ્ધ, બ્રાહ્મણ, અંધ, ગામ, પૂજ્ય પુરૂષ, રાજા, ગર્ભિણી સ્ત્રી અને માથે ભાર હોવાથી નમી ગએલો માણસ એટલા લોકોને પ્રથમ માર્ગ આપીને પછી પોતે જવું. પક્વ અથવા અપક્વ ધાન્ય, પૂજવા યોગ્ય મંત્રનું મંડળ, નાંખી દીધેલું ઉચ્છણું, સ્નાનનું ઉદક, રૂધિર અને મડદું એટલાં વાનાં ઉલ્લંઘીને ગમન ન કરવું. થૂંક, શ્લેષ્મ, વિષ્ટા, મૂત્ર, પ્રજ્વલિત અગ્નિ, સર્પ, માણસ અને આયુધ એટલાં વાનાં બુદ્ધિશાળી પુરૂષે કોઇ કાળે પણ ઉલ્લંઘન ન કરવાં. વિવેકી પુરૂષે નદીના કાંઠા સૂંસી, ગાયો બાંધવાના સ્થાનક સુધી, વડ આદિ વૃક્ષ, તળાવ, સરોવર, કૂવા, આરામ વગેરે આવે ત્યાં સુધી પોતાના બંધુને વળાવવા જવું.

કલ્યાણના અર્થી પુરૂષે રાત્રિને વખતે ઝાડના નીચે રહેવું નહીં. ઉત્સવ તથા સૂતક સમાપ્ત થયા પહેલાં કોઇ દૂર પ્રદેશે જવું નહીં. જાણ પુરૂષે એકલા અજાણ્યા માણસોની સાથે અથવા દાસની સાથે ગમન ન કરવું. તથા મધ્યાન્હ સમયે અથવા મધ્ય રાત્રિએ પણ માર્ગે ગમન ન કરવું. ક્રૂર પુરૂષ, રખવાળ, ચાંડીયા, શિલ્પી લોક અને અયોગ્ય મિત્ર ખટલાની સાથે ઘણી વાર્તા ન કરવી. તથા અકાળે એમની સાથે કયાંય પણ ગમન ન કરવું. લક્ષ્મીની ઇચ્છા કરનાર માણસે માર્ગમાં ગમે એટલો થાક લાગે તો પણ પાડા, ગર્દભ અને ગાય એમની ઉપર બેસવું નહીં. માણસે માર્ગે જતાં હસ્તિથી એક હજાર, ગાડાથી પાંચ, તથા શિંગડાવાળા પશુથી અને અશ્વથી દશ હાથને છેટે ચાલવું. બુદ્ધિશાળી પુરૂષે ભાતું લીધા વિના માર્ગે ગમન ન કરવું. મુકામ કર્યો હોય ત્યાં ઘણી નિદ્રા ન લેવી, તથા સાથે આવનારા લોકો ઉપર વિશ્વાસ ન રાખવો. શેંકડો કાર્ય હોય તો પણ કયાંય એકલા ન જવું. જૂઓ એકલા કાકીડા સરખા તીર્યંચ જીવે બ્રાહ્મણની રક્ષા કરી. એકલા માણસે કોઈ પણ માણસને ઘેર ગમન ન કરવું. કોઇના ઘરમાં આડે માર્ગે પણ પ્રવેશ ન કરવો.

બુદ્ધિમાન્ પુરૂષે જીર્ણ નાવમાં ન બેસવું, એકલાએ નદીમાં પ્રવેશ ન કરવો અને સગા ભાઇની સાથે માર્ગે જવું નહીં. વિવેકી પુરૂષે પોતાની પાસે

સાધન ન હોય તો જળના તથા સ્થળના વિષમ પ્રદેશ, ઘોર અટવી તથા ઊંડું જળ એટલાં વાનાનું ઉલ્લંઘન ન કરવું. જેમાં ઘણા ખરા લોકો ક્રોધી, સુખના અભિલાષી અને કૃપણ હોય, તે સમુદાય પોતાનો સ્વાર્થ ખોઇ બેસે છે. જેમાંના સર્વે લોકો નાયકપણું ધરાવે છે, સર્વે પોતાને પંડિત માને છે, અને મ્હોટાઇ ઇચ્છે છે, તે સમુદાય ખરાબ અવસ્થામાં આવી પડે છે. જ્યાં બંદીવાનોને તથા ફાંસીની શિક્ષા પામેલા લોકોને રાખતા હોય, જ્યાં જુગાર રમાતો હોય, જ્યાં પોતાનો અનાદર થતો હોય ત્યાં તથા કોઈના ખજાનામાં અને અંતઃપુરમાં ગમન ન કરવું જાણુ પુરૂષે મનને ગમે નહીં તેવા સ્થળે, સ્મશાન, શૂન્ય સ્થાન, ચકટું, ફોતરા તથા જ્યાં સૂકું ઘાસ ઘણું પથરાયેલું હોય, જ્યાં પ્રવેશ કરતાં ઘણું દુઃખ થાય, તથા જ્યાં કચરો નંખાતો હોય એવું સ્થાનક, ખારી ભૂમિ, વૃક્ષનો અગ્રભાગ, પર્વતની ટૂંક, નદીનો તથા કૂવાનો કાંઠો અને જ્યાં ભસ્મ, કોયલા, વાળ અને માથાની ખોપરીઓ પડેલી હોય એટલી જગ્યાએ ઘણી વાર ઉભા ન રહેવું. ઘણો પરિશ્રમ થાય તો પણ જે સમયે જે કૃત્ય કરવાનું હોય તે ન મૂકવું. ક્લેશને વશ થએલો પુરૂષ પુરૂષાર્થના ફળ રૂપ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે મેળવી શકતો નથી.

માણસ છેક આડંબર રહિત હોય તો તેનો જ્યાં ત્યાં અનાદર થાય છે, માટે બુદ્ધિશાળી પુરૂષે કોઇ પણ સ્થળે વિશેષ આડંબર છોડવો નહીં. વિવેકી પુરૂષે પરદેશ ગયા પછી પોતાની યોગ્યતા માફક સર્વાંગે વિશેષ આડંબર તથા સ્વધર્મને વિષે પરિપૂર્ણ નિષ્ઠા રાખવી. કારણ કે તેમ કરવાથીજ મ્હોટાઈ, બહુ માન તથા ધારેલા કાર્યની સિદ્ધિ આદિ થવાનો સંભવ છે. પરદેશે બહુ લાભ થાય તો પણ ઘણા કાળ સુધી ન રહેવું. કારણ કે, તેમ કરવાથી ગૃહકાર્યની અવ્યવસ્થા આદિ દોષ ઉત્પન્ન થાય છે. કાષ્ટ શ્રેયાદિકની પેઠે લેવા વેચવા આદિ કાર્યના આરંભમાં, વિઘ્નનો નાશ અને ઇચ્છીત લાભ વગેરે કામ સિદ્ધ થવાને અર્થે પંચ પરમેષ્ટીનું સ્મરણ કરવું, ગૌતમાદિકનું નામ ઉચ્ચારવું, તથા કેટલીએક વસ્તુ દેવના, ગુરૂના અને જ્ઞાન આદિના ઉપયોગમાં આવે એવી રીતે રાખવી. કારણ કે, ધર્મની પ્રધાનતા રાખવાથીજ સર્વ કાર્ય સફળ થાય છે. ધનનું ઉપા-

જન કરવાને અર્થે જેને આરંભ સમારંભ કરવો પડે તે શ્રાવકે સાત ક્ષેત્રમાં ધન વાપરવાના તથા બીજા એવાજ ધર્મકૃત્યના નિત્ય મ્હોટા મનોરથ કરવા. કહ્યું છે કે—વિચારવાન પુરૂષે નિત્ય મ્હોટા મ્હોટા મનોરથ કરવા. કારણ કે, પોતાનું ભાગ્ય જેવા મનોરથ હોય તે પ્રમાણે કાર્યસિદ્ધિ કરવામાં યત્ન કરે છે. ધન, કામ અને યશ એ ત્રણ વસ્તુની પ્રાપ્તિને અર્થે કરેલો યત્ન વખતે નિષ્ફળ થાય છે; પરંતુ ધર્મકૃત્ય કરવાનો કેવળ મનમાં કરેલો સંકલ્પ પણ નિષ્ફળ જતો નથી.

લાભ થાય ત્યારે પૂર્વે કરેલા મનોરથ લાભના અનુસારથી સફળ કરવાં. કેમ કે—ઉદ્યમનું ફળ લક્ષ્મી છે, અને લક્ષ્મીનું ફળ સુપાત્રે દાન દેવું એ છે. માટે જો સુપાત્રે દાન ન કરે તો ઉદ્યમ અને લક્ષ્મી બન્ને દુર્ગતિનાં કારણ થાય છે. સુપાત્રે દાન દે, તોજ પોતે ઉપાર્જન કરેલી લક્ષ્મી તે ધર્મની ઋદ્ધિ કહેવાય, નહીં તો પાપની ઋદ્ધિ કહેવાય. કહ્યું છે કે—ઋદ્ધિ ત્રણ પ્રકારની છે. એક ધર્મઋદ્ધિ, બીજી ભોગઋદ્ધિ, અને ત્રીજી પાપઋદ્ધિ. તેમાં જે ધર્મકૃત્યને વિષે વપરાય છે તે ધર્મઋદ્ધિ, જે શરીર સુખને અર્થે વપરાય તે ભોગઋદ્ધિ અને જે દાનના તથા ભોગના કામમાં આવતી નથી તે અનર્થ ઉત્પન્ન કરનારી પાપઋદ્ધિ કહેવાય છે. પૂર્વભવે કરેલા પાપકર્મથી અથવા ભાવિ પાપથી પાપઋદ્ધિ પમાય છે. આ વિષય ઉપર નીચેનું દૃષ્ટાંત વિચારો:—

વસંતપુર નગરમાં એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય, એક વણિક્ અને એક સોની, એ ચાર જણા મિત્ર હતા. તેઓ દ્રવ્ય ઉપાર્જન કરવાને અર્થે સાથે પરદેશ જવાને નીકળ્યા. રાત્રિએ એક ઉદ્યાનમાં રહ્યા. ત્યાં વૃક્ષની શાખાએ લટકતો એક સુવર્ણ પુરૂષ તેમણે દીઠો. ચારમાંથી એક જણે કહ્યું. "દ્રવ્ય છે." સુવર્ણપુરૂષે કહ્યું, "દ્રવ્ય અનર્થ આપનારો છે." તે સાંભળી સર્વે જણાએ ભયથી સુવર્ણપુરૂષને તજ્યો; પણ સોનીએ સુવર્ણપુરૂષને કહ્યું. "નીચે પડ." ત્યારે સુવર્ણપુરૂષ નીચે પડ્યો. પછી સોનીએ તેની એક આંગળી કાપી લીધી, અને ભાકી સર્વ સુવર્ણપુરૂષને એક ખાડામાં ફેંક્યો. તે સર્વેએ દીઠો. પછી તે ચાર જણામાંથી બે જણા ભોજન લાવવાને અર્થે ગામમાં ગયા, અને બે જણા બહાર રહ્યા. ગામમાં ગએલા બે જણા

બહાર રહેલાને મારવાને અર્થે વિષ મિશ્રિત અન્ન લાવ્યા. બહાર રહેલા બે જણાએ ગામમાંથી આવતા બે જણાને ખડ્ગ પ્રહારથી મારી નાંખી પોતે વિષ મિશ્રિત અન્ન ભક્ષણ કર્યું. આ રીતે ચાર જણા મરણ પામ્યા. એ પાપવૃદ્ધિ ઉપર દૃષ્ટાંત છે.

માટે દરરોજ દેવપૂજા, અન્નદાન આદિ પુણ્ય તથા અવસર આવે સંઘપૂજા, સાધર્મિવાત્સલ્ય વગેરે અવસર પુણ્ય કરીને પોતાની લક્ષ્મી ધર્મકૃત્યે લગાડવી. સાધર્મિવાત્સલ્ય વગેરે અવસર પુણ્યો ઘણા દ્રવ્યનો વ્યય કરવાથી થાય છે, અને તેથી તે શ્રેષ્ઠ પણ કહેવાય છે. અને દરરોજ થતાં પુણ્યો નાનાં કહેવાય છે. એ વાત સત્ય છે, તો પણ દરરોજનાં પુણ્યો નિત્ય કરતા રહીએ તો તેથી પણ મોટું ફળ ઉત્પન્ન થાય છે. માટે દરરોજનાં પુણ્ય કરીનેજ અવસર પુણ્ય કરવાં એ ઉચિત છે. ધન અલ્પ હોય, તથા બીજાં એવાંજ કારણ હોય તોપણ ધર્મકૃત્ય કરવામાં વિલંબાદિક ન કરવો. કહ્યું છે કે—થોડું ધન હોય તો થોડામાંથી થોડું પણ આપવું, પણ મોટા ઉદયની અપેક્ષા ન રાખવી. ઇચ્છા માફક દાન આપવાની શક્તિ કયારે કોને મળવાની? આવતી કાલે કરવા ધારેલું ધર્મકાર્ય આજજ કરવું. પાછલે પહોરે કરવા ધારેલું ધર્મકાર્ય બપોર પહેલાંજ કરવું. કારણ કે, મૃત્યુ આવશે ત્યારે એમ નહીં વિચાર કરે કે, "એણે પોતાનું કર્તવ્ય કેટલું કર્યું છે, અને કેટલું બાકી રાખ્યું છે?" દ્રવ્ય ઉપાર્જન કરવાનો પણ યથાયોગ્ય ઉદ્યમ પ્રતિદિન કરવો. કેમકે— વણિક, વેશ્યા, કવિ, ભટ્ટ, ચોર, હગારા, બ્રાહ્મણ, એટલા લોકો જે દિવસે કાંઈ પણ લાભ ન થાય તે દિવસ નકામો માને છે. થોડી લક્ષ્મી મળવાથી ઉદ્યમ છોડી ન દેવો. માઘ કવિએ કહ્યું છે કે-જે પુરૂષ થોડા પૈસા મળવાથી પોતાને સારી સ્થિતિમાં આવેલો માને, તેનું દૈવ પણ પોતાનું કર્તવ્ય કર્યું એમ જાણી તેની સંપત્તિ વધારતું નથી, એમ મને લાગે છે. અતિ લોભ પણ ન કરવો. લોકમાં પણ કહ્યું છે કે—અતિ લોભ ન કરવો. તથા લોભનો સમૂળ ત્યાગ પણ ન કરવો. અતિ લોભને વશ થએલો સાગરશ્રેષ્ઠી સમુદ્રમાં બૂડીને મરણ પામ્યો.

હદ વિનાની ઇચ્છા જેટલું ધન કોઇને પણ મળવાનો સંભવ નથી.

રાંક પુરૂષ ચક્રવર્ત્તિપણું વગેરે ઉચ્ચ પદની ઈચ્છા કરે, તો પણ તે તેને કોઈ વખતે મળવાનું નથી. ભોજન, વસ્ત્ર, આદિ તો ઇચ્છા પ્રમાણે મળી શકે. કહ્યું છે કે—ઇચ્છા માફક ફળ મેળવનાર પુરૂષે પોતાની યોગ્યતા માફક ઇચ્છા કરવી. લોકમાં પણ પરિમિત (પ્રમાણવાળી) વસ્તુ માગે તો મળે છે, અને અપરિમિત (પ્રમાણ વિનાની) માગે તો મળતી નથી. માટે પોતાના ભાગ્ય આદિના અનુસારથીજ ઇચ્છા રાખવી. જે માણસ પોતાની યોગ્યતા કરતાં અધિક તે અધિકજ ઇચ્છા કર્યા કરે, તેને ઇચ્છિત વસ્તુનો લાભ ન થવાથી હમેશાં દુઃખીજ રહેવું પડે છે. નવાણું લાખ ટંકનો અધિપતિ છતાં ક્રોડપતિ થવાને અર્થે અહોનિશ ઘણી ચીંતા કરનાર ધનશ્રેષ્ઠીનાં તથા એવાંજ બીજાં દૃષ્ટાંત અહિં જાણવાં. વળી કહ્યું છે કે—માણસોના મનોરથ જેમ જેમ પૂર્ણ થતા જાય, તેમ તેમ તેનું મન વધુ લાભને માટે દુઃખી થતું જાય છે. જે માણસ આશાનો દાસ થયો તે ત્રણે જગતનો દાસ સમજવો, અને જેણે આશાને પોતાની દાસી કરી તેણે ત્રણે જગતને પોતાના દાસ કર્યા.

ગૃહસ્થ પુરૂષે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનું એક બીજાને બાધ ન થાય તેવી રીતે સેવન કરવું. કેમકે—ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થ લોકમાં મુખ્ય ગણાય છે. ડાહ્યા પુરૂષો અવસર જોઇ ત્રણેનું સેવન કરે છે. તેમાં જંગલી હાથીની પેઠે ધર્મનો અને અર્થનો ત્યાગ કરીને ક્ષણિક વિષયસુખથી આસક્ત થએલો કયો માણસ આપદામાં નથી પડતો? એટલે સર્વે પડે છે. જે માણસ વિષયેસુખને વિષે ઘણી આસક્તિ રાખે છે તેના ધનની, ધર્મની અને શરીરની પણ હાનિ થાય છે. ધર્મને અને કામને છોડી દઇને મળેલું ધન પારકા લોકો ભોગવે છે, અને મેળવનાર પોતે હાથીને મારનાર સિંહની પેઠે માત્ર પાપનો ધણી થાય છે. અર્થ અને કામ છોડીને એકલા ધર્મનીજ સેવા કરવી એ તો સાધુ મુનિરાજનો ધર્મ છે, પણ ગૃહસ્થનો નથી. ગૃહસ્થે પણ ધર્મને બાધા ઉપજાવીને અર્થનું તથા કામનું સેવન ન કરવું. કારણ કે, બીજ ભોજી (વાવવાને અર્થે રાખેલા દાણા ભક્ષણ કરનાર) કણબીની પેઠે અધાર્મિક પુરૂષનું પરિણામે કાંઇ પણ કલ્યાણ થતું નથી. સોમનીતિમાં પણ કહ્યું છે કે—જે માણસ

પરલોકના સુખને બાધા ન આવે, તેવી રીતે આ લોકનું સુખ ભોગવે તેજ સુખી કહેવાય. તેમજ અર્થને બાધા ઉપજાવીને ધર્મનું તથા કામનું સેવન કરનારને માથે ઘણું દેવું થાય, અને કામને બાધા ઉપજાવીને ધર્મનું અને અર્થનું સેવન કરનારને સંસારી સુખનો લાભ ન થાય. આ રીતે ક્ષણિક વિષયસુખને વિષે આસક્ત થએલા, મૂળભોજી (મૂળને ખાઈ જનાર) અને કૃપણ એ ત્રણે પુરૂષના ધર્મ, અર્થ તથા કામને બાધા ઉત્પન્ન થાય છે.

જે માણસ કાંઇ પણ એકદુ નહીં કરતાં જેટલું ધન મળે તેટલું વિષય સુખને અર્થેજ ખરચે, તે ક્ષણિક વિષયસુખને વિષે આસક્ત કહેવાય. જે માણસ પોતાના બાપ દાદાનું ઉપાર્જન કરેલું નાણું અન્યાયથી ભક્ષણ કરે તે મૂળભોજી કહેવાય, અને જે માણસ પોતાના જીવને, કુટુંબને તથા સેવક વર્ગને દુઃખ દઇને દ્રવ્યનો સંગ્રહ કરે, પણ યોગ્ય— જેટલું ખરચવું જોઇએ તેટલું પણ ન ખરચે તે કૃપણ કહેવાય. તેમાં ક્ષણિક વિષયસુખને વિષે આસક્ત થએલા અને મૂળભોજી એ બન્ને જણાનું નાણું નાશ પામે છે, તેથી તેમનાથી ધર્મ અને કામ સચવાતાં નથી. માટે એ બન્ને જણાનું કલ્યાણ થતું નથી. હવે કૃપણે કરેલો દ્રવ્યનો સંગ્રહ પારકો કહેવાય છે. રાજા, ભાગીદાર, ભૂમિ, ચોર આદિ લોકો કૃપણના ધનના ધણી થાય છે, તેથી તેનું ધન ધર્મના અથવા કામના ઉપયોગમાં આવતું નથી. કેમકે—જે ધનને બાંધુ ઇચ્છે, ચોર લૂટે, કાંઇ છળભેદ કરી રાજાઓ હરણ કરે, ક્ષણમાત્રમાં અગ્નિ ભસ્મ કરી નાંખે, જળ ડુબાવે, ભૂમિમાં દાટયું હોય તો યક્ષ હરણ કરે, પુત્રો દુરાચારી હોય તો બળાત્કારથી ખોટે માર્ગ ઉડાડે, તે ધણીના તાબામાં રહેલા ધનને ધિક્કાર થાઓ. પોતાના પુત્રને લાડ લડાવનાર પતિને જેમ દુરાચારીણી સ્ત્રી હસે છે, તેમ મૃત્યુ શરીરની રક્ષા કરનારને અને પૃથ્વી ધનની રક્ષા કરનારને હસે છે. કીડિઓએ સંગ્રહ કરેલું ધાન્ય, મધમાખીઓએ ભેગું કરેલું મધ અને કૃપણે મેળવેલું ધન એ ત્રણે વસ્તુ પારકાના ઉપભોગમાંજ આવે છે. માટે ધર્મ, અર્થ અને કામને બાધા ઉત્પન્ન કરવી એ વાત ગૃહસ્થને ઉચિત નથી. જ્યારે પૂર્વકર્મના યોગથી તેમ થાય,

ત્યારે ઉત્તરોત્તરથી બાધા થાય તોપણ પૂર્વ પૂર્વનું રક્ષણ કરવું. તે એ રીતેઃ—

કામને બાધા થાય તો પણ ધર્મનું અને અર્થનું રક્ષણ કરવું. કારણ કે, ધર્મ અને અર્થની સારી રીતે રક્ષા કરી હશે તો કામ ઇચ્છા સુખેથી પૂર્ણ થઈ શકશે. વળી અર્થ અને કામ એ બન્નેને બાધા થાય તો પણ સર્વ પ્રકારે ધર્મની રક્ષા કરવી. કેમકે, અર્થનું અને કામનું મૂળ ધર્મ છે. કેમકે— ગમે તો કોપરીમાં ભિક્ષા માગીને પોતાની આજીવિકા ચલાવતો હોય, તો પણ માણસ જો પોતાના ધર્મને બાધા ન ઉપજાવે, તો તેણે એમ જાણવું કે, "હું મોટો ધનવાન્ છું." કારણ કે, ધર્મ તેજ સત્પુરૂષોનું ધન છે. જે માણસ મનુષ્યભવ પામીને ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનું સાધન ન કરે, તેનું આયુષ્ય પશુના આયુષ્યની પેઠે વૃથા જાણવું. તે ત્રણમાં પણ ધર્મ શ્રેષ્ઠ ગણાય છે. કારણ કે તે વિના અર્થ અને કામ ઉત્પન્ન થતા નથી. દ્રવ્યની પ્રાપ્તિના પ્રમાણમાં ઉચિત ખરચ કરવું. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—જેટલી નાણાંની પેદાશ હોય, તેના ચોથા ભાગનો સંચય કરવો; બીજો ચોથો ભાગ વ્યાપારમાં અથવા વ્યાજે લગાડવો; ત્રીજો ચોથો ભાગ ધર્મકૃત્યમાં તથા પોતાના ઉપભોગમાં લગાડવો; અને ચોથો ચતુર્થ ભાગ કુટુંબના પોષણને અર્થે ખરચવો. કેટલાક એમ કહે છે કે—પ્રાપ્તિનો અર્ધો અથવા તે કરતાં પણ અધિક ભાગ ધર્મકૃત્યમાં વાપરવો, અને બાકી રહેલા દ્રવ્યમાં બાકીનાં સર્વ કાર્યો કરવાં. કારણ કે, એક ધર્મ વિના બાકીનાં કાર્યો નકામાં છે.

કેટલાક લોકો કહે છે કે—ઉપર આપેલાં બે વચનોમાં પહેલું વચન ગરીબ ગૃહસ્થને તથા બીજું ધનવાન્ ગૃહસ્થને માટે કહ્યું છે એમ સમજવું. તથા જીવિત અને લક્ષ્મી કોને વલ્લભ નથી! પણ અવસર આવે સત્પુરૂષો તે બન્નેને તણખલા કરતાં પણ હલકાં ગણે છે. ૧ યશનો ફેલાવ કરવો હોય, ૨ મિત્રતા કરવી હોય, ૩ પોતાની પ્રિય સ્ત્રીને માટે કાંઇ કરવું હોય, ૪ પોતાના નિર્ધન બાંધવોને સહાય કરવી હોય, ૫ ધર્મકૃત્ય કરવું હોય, ૬ વિવાહ કરવો હોય, ૭ શત્રુનો ક્ષય કરવો હોય, અથવા ૮ કાંઇ સંકટ આવ્યું હોય, તો ડાહ્યા પુરૂષો (એ આઠ કૃત્યોમાં) ધનના ખરચની ગણત્રી રાખતા નથી. જે પુરૂષ એક કાંકિણી (પૈસાનો

ચોથો ભાગ) પણ ખોટે માર્ગે જાય તો એક હજાર સોનૈયા ગયા એમ સમજે છે, તેજ પુરૂષ યોગ્ય અવસર આવે, જો કોડો ધનનું છૂટા હાથથી ખરચ કરે, તો લક્ષ્મી તેને કોઇ વખતે પણ છોડે નહીં. આ વિષય ઉપર એક દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ—

એક શેઠના પુત્રની વહૂ નવી પરણેલી હતી. તેણે એક દિવસે પોતાના સસરાને દીવામાંથી નીચે પડેલા તેલના છાંટા વડે પગરખાને ચોપડતાં જોયો. તે જોઇને તે મનમાં વિચાર કરવા લાગી કે, "મ્હારા સસરાની એ કૃપણતા છે કે ધણી કરકસર છે?" એવો સંશય આવ્યાથી તેણે સસરાની પરીક્ષા કરવાનું ધાર્યું. એક દિવસે "મ્હારૂં માથું દુઃખે છે." એવા બહાનાથી તે સુઇ રહી, અને ઘણી ઘણી બૂમો પાડવા લાગી. સસરાએ ઘણા ઉપાય કર્યા, ત્યારે તેણે કહ્યું, "મને પહેલાં પણ કોઇ કોઇ વખતે એવો દુખાવો થતો હતો ત્યારે ઊંચાં મોતીના ચૂર્ણના લેપથી તે મટતો." તે સાંભળી સસરાને ઘણો હર્ષ થયો. તેણે તુરત ઊંચાં મોતી મંગાવી વાટવાની તૈયારી કરી, એટલામાં વહૂએ જે ખરી વાત હતી તે કહી.

ધર્મકૃત્યમાં ખરચ કરવું એ એક લક્ષ્મીનું વશીકરણ છે. કારણ કે તેમ કરવાથીજ તે સ્થિર થાય છે. કહ્યું છે કે—દીવાથી ધનનો નાશ થાય છે, એમ તું કોઇ કાળે પણ સમજીશ નહીં. જુઓ કુવા, બગીચા, ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે, તેમ તેમ તેમની સંપદા વૃદ્ધિ પામે છે. આ વિશય ઉપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છેઃ—

વિદ્યાપતિ નામે એક શ્રેષ્ઠી ઘણો ધનવાન્ હતો. લક્ષ્મીએ સ્વપ્નમાં આવી તેને કહ્યું કે, "હું આજથી દશમે દિવસે તમારા ઘરમાંથી નીકળી જવાની છું." પછી શ્રેષ્ઠીએ પોતાની સ્ત્રીના કહેવાથી સર્વે ધન તેજ દિવસે ધર્મના સાત ક્ષેત્રોમાં વાપર્યું, અને તે ગુરૂ પાસેથી પરિગ્રહનું પ્રમાણ કરીને રાત્રે સુખે સુઈ રહ્યો. પ્રભાત સમયે જોયું તો પાછું ઘરમાં પહેલાંની માફક પરિપૂર્ણ ધન તેના જોવામાં આવ્યું. ત્યારે ફરીથી તેણે સર્વ ધન ધર્મકૃત્યમાં વાપર્યું. એમ કરતાં નવ દિવસ ગયા. દશમે દિવસે ફરી સ્વપ્નમાં આવી લક્ષ્મીએ કહ્યું કે, "તમારા પુણ્યને લીધે હું તમારા ઘરમાંજ ટકી રહી છું." લક્ષ્મીનું આ વચન સાંભળી વિદ્યાપતિ શ્રેષ્ઠી

પરિગ્રહ પરિણામ વ્રતનો કદાચ ભંગ થાય, એવા ભમથી નગર મૂકી બહાર જઈ રહ્યો. એટલામાં કોઇ એક રાજા પછવાડે પુત્ર ન મૂકતાં મરી ગયો હતો, તેની ગાદીએ યોગ્ય પુરૂષને બેસારવાને માટે પટ્ટહસ્તીની શૂંઢમાં મંત્રી વગેરે લોકોએ અભિષેક કળશ રાખ્યો હતો. તે હાથીએ આવી આ વિદ્યાપતિ શ્રેષ્ઠીને અભિષેક કર્યો. પછી આકાશવાણી થવા પ્રમાણે વિદ્યાપતિએ રાજા તરીકે જિનપ્રતિમાની સ્થાપના કરી રાજ્ય ચલાવ્યું, અને છેવટ તે પાંચમે ભવે મોક્ષ પામ્યો.

ન્યાયથી ધનનું ઉપાર્જન કરનાર માણસ ઉપર કોઇ શક રાખતું નથી, પણ જ્યાં ત્યાં તેની પ્રશંસા થાય છે. પ્રાયે તેની કોઈ પ્રકારની હાનિ થતી નથી, અને તેની સુખસમૃદ્ધિ વગેરે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. માટે ધનનું ઉપાર્જન કરવું તે ઉપર કહેલી રીતે આ લોકમાં તથા પરલોકમાં લાભકારી છે. કેમકે—પવિત્ર પુરૂષો પોતાની શુદ્ધ ચાલ ચલગતના બળની મગરૂરી હોવાથી સર્વ ઠેકાણે ધીરજથી વર્તે છે. પણ પાપી પુરૂષો પોતાના કુકર્મથી હણાયેલા હોવાને લીધે સર્વ ઠેકાણે મનમાં શંકા રાખીને ચાલે છે. આ વિષય ઉપર નીચે પ્રમાણે એક કથા છે:—

દેવ અને યશ નામે શેઠ બહુ પ્રીતિથી સાથે ફરતા હતા. કોઇ નગરને વિષે માર્ગમાં પડેલું રત્નજડિત કુંડલ તેમના જોવામાં આવ્યું. દેવશ્રેષ્ઠી સુશ્રાવક, પોતાના વ્રતને દૃઢ વળગી રહેલો અને પરધનને સર્વ અનર્થ સમાન ગણનારો હોવાથી પાછો વળ્યો. યશશ્રેષ્ઠી પણ તેની સાથે પાછો વળ્યો. પણ "પડેલી વસ્તુ લેવામાં બહુ દોષ નથી." એમ વિચારી તેણે દેવ શ્રેષ્ઠીની નજર ચૂકાવીને કુંડલ ઉપાડયું. અને પાછું મનમાં વિચાર્યું કે, "એવા (દેવશ્રેષ્ઠી) મ્હારા મિત્રને ધન્ય છે. કારણ કે, એનામાં એવી અલૌકિક નિર્લોભતા વસે છે. તો પણ યુક્તિથી હું એને આ કુંડલમાં ભાગિદાર કરીશ." એમ વિચારી યશશ્રેષ્ઠીએ કુંડલ છુપું રાખ્યું, અને બીજે શહેર જઇ તે કુંડલના દ્રવ્યથી ઘણું કરિયાણું ખરીદ્યું. અનુક્રમે બન્ને શ્રેષ્ઠી પોતાને ગામે આવ્યા. લાવેલા કરિયાણાની વહેંચણ કરવાનો અવસર આવ્યો, ત્યારે ઘણું કરિયાણું જોઈ દેવશ્રેષ્ઠીએ ઘણા આગ્રહથી તેનું કારણ પૂછ્યું. યશશ્રેષ્ઠીએ પણ જે વાત હતી તે કહી. પછી દેવશ્રેષ્ઠી-

એ કહ્યું, " અન્યાયથી મેળવેલું એ ધન કોઈ પણ રીતે સંચરવા યોગ્ય નથી. કેમકે, જેમ ખાટી કાંજી અંદર પડે તો દૂધનો નાશ થાય છે, તેમ એ ધન લીધાથી પોતાનું ન્યાયથી ઉપાર્જેલું ધન પણ એની સાથે અવશ્ય નાશ પામે છે " એમ કહી દેવશ્રેષ્ઠીએ તે સર્વ અધિક કરિયાણું હતું તે જૂદું કરી યશશ્રેષ્ઠીને આપ્યું. " પોતાની મેળે ચાલ્યું આવેલું ધન કોણ મૂકે ! " એવા લોભથી યશશ્રેષ્ઠી તે સર્વ કરિયાણું પોતાની વખારે લઇ ગયો. તેજ દિવસની રાત્રિએ ચોરોએ યશશ્રેષ્ઠીની વખારે ધાડ પાડી સર્વ કરિયાણું લઈ ગયા. પ્રભાત કાળમાં કરિયાણાના ગ્રાહક ઘણા આવ્યા. તેથી અમણું તથા તેથી પણ વધારે મૂલ્ય મળવાથી દેવશ્રેષ્ઠીને બહુ લાભ થયો. પછી યશશ્રેષ્ઠી પણ પસ્તાવો થવાથી સુશ્રાવક થયો, અને શુદ્ધ વ્યવહારથી ધન ઉપાર્જીને સુખ પામ્યો. આ રીતે ન્યાયથી તથા અન્યાયથી ધન ઉપાર્જન કરવા ઉપર બે મિત્રોની કથા કહી છે.

આ વિષય ઉપર લૌકિક શાસ્ત્રમાં કહેલી એક વાર્તા નીચે પ્રમાણે છે.

ચંપાનગરીમાં સોમ નામે રાજા હતો. તેણે "સુપર્વને વિષે દાન આપવા યોગ્ય સારૂં દ્રવ્ય કયું ? અને દાન લેવાને સુપાત્ર કોણ ? "એવું મંત્રીને પૂછ્યું. મંત્રીએ કહ્યું. " આ નગરમાં એક સુપાત્ર બ્રાહ્મણ છે, પણ ન્યાયથી ઉપાર્જન કરેલા શુભ દ્રવ્યનો યોગ મળવો સર્વે લોકોને અને વિશેષે કરી રાજાને દુર્લભ છે. કેમ કે—જેમ સારા બીજનો અને સારા ક્ષેત્રનો યોગ મળવો કઠણ છે, તેમ શુદ્ધ મનનો દાતા અને યોગ્ય ગુણને ધરાવનાર પાત્ર એ બન્નેનો યોગ મળવો પણ દુર્લભ છે. તે સાંભળી સોમ રાજાએ પર્વ ઉપર પાત્રે દાન દેવાના હેતુથી કોઇ ન જાણે તેવી રીતે વેષ બદલીને રાત્રિને સમયે વણિક લોકોની દુકાને જઇ સાધારણ વણિક પુત્રને કરવા યોગ્ય કામ આઠ દિવસ સુધી કર્યું, અને તેના બદલામાં આઠ દ્રમ્મ ઉપાર્જન કર્યા. પર્વ આવેથી સર્વ બ્રાહ્મણોને નિમંત્રણ કરી સુપાત્ર બ્રાહ્મણને બોલાવવા સારૂ મંત્રીને મોકલ્યો. મંત્રીએ તે બ્રાહ્મણને બોલાવતાં તેણે કહ્યું કે, " જે બ્રાહ્મણ લોભથી મોહમાં સપડાઇને રાજા પાસેથી દાન લે, તે તમિસ્રાદિક ઘોર નરકમાં પડી દુઃખી થાય. રાજાનું દાન મધમાં મિશ્ર કરેલા ઝેર સરખું છે. અવસર આવે

ભલે પોતાના પુત્રનું માંસ ખાવું પડે સારૂં પણ રાજા પાસેથી દાન ન લેવું. ચક્રી પાસેથી દાન લેવું તે દસ હિંસા સમાન, કલાલ પાસેથી લેવું તે સો હિંસા સમાન, વેશ્યા પાસેથી લેવું તે હજાર હિંસા સમાન, અને રાજા પાસેથી લેવું તે દશ હજાર હિંસા સમાન છે. એવાં સ્મૃતિનાં તથા પુરાણ આદિનાં વચનોમાં રાજા પાસેથી દાન લેવામાં દોષ કહ્યો છે. માટે હું રાજદાન નહીં લઉં." પછી મંત્રીએ કહ્યું, "રાજા પોતાના ભુજાબળથી ન્યાયમાર્ગે મેળવેલું સારૂં નાણું તમને આપશે. માટે તે લેવામાં કાંઇ પાપ નથી." વગેરે વચનોથી ઘણું સમજાવી મંત્રી તે સુપાત્ર બ્રાહ્મણને રાજાની પાસે લઇ ગયો. તેથી રાજાએ ઘણા હર્ષથી બ્રાહ્મણને બેસવા સારૂ આસન આપ્યું, પગ ધોઈ વિનયથી તેની પૂજા કરી, અને ન્યાયથી ઉપાર્જેલા આઠ દ્રમ્મ તેને દક્ષિણા તરીકે કોઇ ન જોઇ શકે એવી રીતે તેની મૂઠીમાં આપ્યા. બીજા બ્રાહ્મણો તે જોઈ થોડા ગુસ્સે થયા. તેમના મનમાં એવો વહેમ આવ્યો કે, "રાજાએ કાંઇ સાર વસ્તુ છાની રીતે એને આપી." પછી રાજાએ સુવર્ણ વગેરે આપીને બીજા બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા. સર્વેની રાજા તરફથી વિદાયગીરી થઇ બીજા સર્વે બ્રાહ્મણોનું રાજાએ આપેલું ધન કોઇનું છ માસમાં, તો કોઇનું તેથી થોડી વધુ મુદ્દતમાં ખપી ગયું. પણ સુપાત્ર બ્રાહ્મણને આપેલા આઠ દ્રમ્મ અન્ન વસ્ત્ર આદિ કાર્યમાં વાપર્યા, તો પણ ન્યાયથી ઉપાર્જેલા તેથી ખુટયા નહીં. પણ અક્ષય નિધિની પેઠે તથા ક્ષેત્રમાં વાવેલા સારા બીજની પેઠે લક્ષ્મીની વૃદ્ધિ ઘણા કાળ સુધી થતી રહી. આ રીતે ન્યાયાર્જિત ધન ઉપર સોમ રાજાની કથા છે.

૧ ન્યાયથી મેળવેલું ધન અને સુપાત્રે દાન એ બેના સંબંધથી ચઉભંગી (ચાર ભાંગા) થાય છે. તેમાં ૧ ન્યાયથી મેળવેલું ધન અને સુપાત્ર દાન એ બેના યોગથી પ્રથમ ભાંગો થાય છે, એ પુણ્યાનુબંધિ પુણ્યનું કારણ હોવાથી એથી ઉત્કૃષ્ટ દેવતાપણું, યુગલિયાપણું તથા સમકિત વગેરેનો લાભ થાય છે, અને એવી સામગ્રીના લાભને અંતે મોક્ષ પણ થોડા વખતમાં પ્રાપ્ત થાય છે. અહિં ધનસાર્થવાહ તથા શાલિભદ્ર વગેરેનું દૃષ્ટાંત જાણવું.

૨ ન્યાયથી મેળવેલું ધન પણ કુપાત્ર દાન એ બેનો યોગ થવાથી બીજો ભાંગો થાય છે. એ પાપાનુબન્ધિ પુણ્યનું કારણ હોવાથી એથી કોઇ કોઇ ભવમાં વિષયસુખનો દેખીતો લાભ થાય છે: તો પણ અંતે તેનું પરિણામ કડવું જ નિપજે છે. અહિં લાખ બ્રાહ્મણોને ભોજન આપનાર બ્રાહ્મણનું દૃષ્ટાંત છે, જે નીચે પ્રમાણે છે:—

એક બ્રાહ્મણે લાખ બ્રાહ્મણોને ભોજન આપ્યું. તેથી તે કેટલાક ભવોમાં વિષયભોગ આદિ સુખ ભોગવી મરીને સર્વે સુંદર અને સુલક્ષણ અવયવોને ધારણ કરનારો સેચનક નામે ભદ્ર જાતિનો હાથી થયો. તેણે લાખ બ્રાહ્મણોને જમાડયા, ત્યારે બ્રાહ્મણોને જમતાં ઉગરેલું અન્ન બેગું કરી સુપાત્રદાન આપનારો બીજો એક દરિદ્રી બ્રાહ્મણ હતો. તે સુપાત્રદાનના પ્રભાવથી સૌધર્મ દેવલોકે જઈ ત્યાંથી ચ્યવી પાંચસો રાજ્યકન્યાઓને પરણનાર નંદિષેણ નામે શ્રેણીક પુત્ર થયો. તેને જોઇ સેચનકને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તો પણ અંતે તે પહેલો નરકે ગયો.

૩ અન્યાયથી ઉપાર્જેલું ધન અને સુપાત્ર દાન એ બેના મળવાથી ત્રીજો ભાંગો થાય છે. સારા ક્ષેત્રમાં હલકું બીજ વાવવાથી જેમ અંકુર માત્ર ઉગે છે, પણ ધાન્ય નિપજતું નથી, તેમ એથી પરિણામે સુખનો સંબંધ થાય છે તેથી રાજાઓ, વ્યાપારિઓ અને ઘણા આરંભથી ધન મેળવનાર લોકોને તે માનવા લાયક થાય છે. કેમકે—એ લક્ષ્મી *કાશયષ્ટિની પેઠે સાર વિનાની અને રસ વિનાની છતાં પણ ધન્યપુરૂષોએ તેને સાત ક્ષેત્રોમાં લાવીને શેલડી સમાન કરી, ગાયને ખોળ આપતાં તેનું પરિણામ દૂધ જેવું થાય છે, અને દૂધ સર્પને આપતાં તેનું ઝેરના રૂપમાં આવે છે. સુપાત્રે તથા કુપાત્રે વસ્તુનો ઉપયોગ કરવાથી એવાં ભિન્ન ભિન્ન પરિણામ નિપજે છે, માટે સુપાત્રદાન કરવું એજ ઉત્તમ છે. સ્વાતિ નક્ષત્રનું જળ સર્પના મુખમાં પડે તો ઝેર અને છીપના સંપુટમાં પડે તો મોતી થાય છે. જુઓ, તેજ સ્વાતિ નક્ષત્ર અને તેજ જળ પણ પાત્રના ફેરફારથી પરિણામમાં કેટલો ફેર પડે છે? આ વિષય ઉપર આબૂ પર્વત ઉપર જિનમંદિર કરાવનાર વિમળમંત્રી વગેરેનાં દૃષ્ટાંત લોકપ્રસિદ્ધ

*એક જાતના ઘાસની સાઠી.

છે. મ્હોટા આરંભ, સમારંભ વગેરે અનુચિત કર્મ કરીને મેળું કરેલું ધન ધર્મકૃત્યમાં ન વાપરે તો, તે ધનથી આલોકમાં અપયશ અને પરલોકમાં નરકજ પ્રાપ્ત થાય. અહિં મમ્મણશ્રેષ્ઠી વગેરેનાં દૃષ્ટાંત જાણવાં.

૪ અન્યાયથી મેળવેલું ધન અને કુપાત્ર દાન એ બેના યોગથી ચોથો ભાંગો થાય છે. એથી માણસ આલોકમાં સત્પુરૂષોને ધિક્કારવા યોગ્ય થાય છે, અને પરલોકમાં નરકાદિક દુર્ગતિમાં જાય છે. માટે એ ચોથો ભાંગો વિવેકી પુરૂષોએ અવશ્ય તજવો. કેમકે—અન્યાયથી મેળવેલા ધનનું દાન આપવામાં બહુ દોષ છે. ગાયને મારી તેના માંસથી કાગડાને તૃપ્ત કરવા જેવી આ વાત છે. અન્યાયે મેળવેલા ધનથી લોકો જે શ્રાદ્ધ કરે છે, તેથી ચંડાલ, મ્લેચ્છ અને એવાજ (ક્રુરકર્મ) હલકી જાતના લોકો ધરાઈ રહે છે. ન્યાયથી મેળવેલું થોડું પણ ધન જો સુપાત્રે આપે તો, તેથી કલ્યાણ થાય છે. પરંતુ અન્યાયથી મેળવેલું ઘણું ધન આપે તો પણ તેથી કાંઈ ખરૂં ફળ નિપજવાનું નથી. અન્યાયે મેળવેલા ધનથી જે માણસ પોતાના કલ્યાણની ઈચ્છા રાખતો હોય તે કાલકૂટ નામે ઝેર ભક્ષણ કરી જીવવાની આશા રાખે છે. અન્યાયે મેળવેલા ધન ઉપર પોતાનો નિર્વાહ ચલાવનાર ગૃહસ્થ પ્રાયે અન્યાયમાર્ગે ચાલનારો, કલહ કરનારો, અહંકારી અને પાપકર્મી હોય છે. અહિં રંકશ્રેષ્ઠી વગેરેનાં દૃષ્ટાંત જાણવાં. રંકશ્રેષ્ઠીની કથા નીચે પ્રમાણે છે:—

મારવાડ દેશને વિષે પાલી ગામમાં કાકૂયાક અને પાતાક નામે બે ભાઈ હતા. તેમાં નહાનો ભાઇ પાતાક ધનવંત અને મ્હોટો ભાઇ કાકૂયાક બહુ દરિદ્રી હતો. મ્હોટો ભાઇ દરિદ્રી હોવાથી નહાનાને ઘેર ચાકરી કરી પોતાનો નિર્વાહ કરે. એક સમયે વર્ષાકાળમાં દિવસે બહુ મહેનત કરવાથી થાકી ગએલો કાકૂયાક રાત્રિએ સુખ રહ્યો. એટલામાં પાતાકે ઓલંભો દઇને કહ્યું કે, "ભાઇ! આપણા ખેતરોના ક્યારડામાં પાણી ઘણું ભરાઈ ગયાથી ફાટી ગયા, છતાં તને કાંઇ તેની ચિંતા નથી?" એવો ઠપકો સાંભળી તુરત પોતાની પથારી છોડી કાકૂયાક દરિદ્રી પારકે ઘેર ચાકરી કરનારા પોતાના જીવની નિંદા કરતો છતો કોદાળા લઇ ખેતરે ગયો; અને કેટલાક લોકોને ફાટી ગએલા ક્યારડાને ફરીથી સમા કરતા જોઇ

તેણે પૂછ્યું કે, " તમે કોણ છો ? " તેમના જવાબમાં તેમણે કહ્યું કે "અમે તમારા ભાઈના ચાકર છીએ." પાછું કાકૂયાકે પૂછ્યું કે, "મ્હારા ચાકર કોઈ હેકાણે છે ?" તેમણે કહ્યું કે, " વલભીપુરમાં છે," અનુક્રમે કેટલોક સમય ગયા પછી અવસર મળતાંજ કાકૂયાક પોતાનો પરિવાર સાથે લઈ વલભીપુરે ગયો. ત્યાં ગોપુરમાં ભરવાડ લોકો રહેતા હતા, તેમની પાસે એક ઘાસનું ઝૂંપડું બાંધી તથા તેમાં તે લોકોની મદદથીજ એક નહાની દુકાન કાઢીને રહ્યો. કાકૂયાક શરીરે બહુ દુબળો હોવાથી ભરવાડ લોકો તેને " રંકશ્રેષ્ઠી " એવા નામથી કહેવા લાગ્યા. એક સમયે કોઈ કાર્પટિક, શાસ્ત્રમાં કહેલા કલ્પ પ્રમાણે ગિરનાર પર્વત ઉપર સિદ્ધ કરેલો કલ્યાણરસ તુંબડીમાં ભરી લઈ આવતો હતો. એટલામાં વલભીપુરના નજદીક ભાગમાં આવતાં " કાકૂ તુંબડી " એવી વાણી કલ્યાણરસમાંથી નીકળી. તે સાંભળી મરી ગએલા કાર્પટિકે વલભીપુરના પરામાં કપટી એવા કાકૂયાકના ઘરમાં કલ્યાણરસની તુંબડી થાપણ મુકી, અને તે પોતે સોમનાથની યાત્રાએ ગયો.

એક વખતે કાંઈ પર્વ આવે કાકૂયાકના ઘરમાં પાક વિશેષ વસ્તુ તૈયાર કરવાની હોવાથી ચુલા ઉપર તાવડી મુકી. તે તાવડી ઉપર પેલા તુંબડીના કાણામાંથી એક ટપકું પડી ગયું હતું. અગ્નિનો સંયોગ થતાંજ તે તાવડી સુવર્ણમય થએલી જોઈ કાકૂયાકે નિશ્ચયથી જાણ્યું કે, "આ તુંબડીમાં કલ્યાણરસ છે." પછી તેણે ઘરમાંની સર્વ સાર વસ્તુ અને તે તુંબડી બીજે કોઈ સ્થળે રાખી તે ઝૂંપડું સળગાવી દીધું, અને બીજે ગોપુરે એક ઘર બંધાવીને રહ્યો. ત્યાં રહેતાં છતાં એક સ્ત્રી ઘી વેચવા આવી, તેનું ઘી તોળી લેતાં કાકૂયાકની નજરમાં એમ આવ્યું કે, "ગમે તેટલું ઘી કાઢતાં પણ એ ઘીનું પાત્ર ખાલી થતું નથી." તે ઉપરથી કાકૂયાકે નિશ્ચય કર્યો કે, "એ પાત્રની નીચે ઉંદરણી છે, તે કાળી ચિત્રકવેલીની છે " પછી તેણે કોઈ બહાનું કરીને તે કુંડલિકા લીધી. આ રીતેજ કપટ કરી તેણે ખોટાં ત્રાજવાંથી અને ખોટા માપથી વ્યાપાર કર્યો. પાપાનુબંધિ પુણ્ય જોરાવર હોવાથી તેવા વ્યાપારમાં પણ રંકશ્રેષ્ઠીને ઘણો ધનનો લાભ થયો. એક સમયે કોઈ સુવર્ણસિદ્ધિ કરનાર પુરૂષ તેને મળ્યો.તારે

તેણે છળભેદ કરી તેને ઠગીને સુવર્ણસિદ્ધિ ગ્રહણ કરી. આ રીતે ત્રણ પ્રકારની સિદ્ધિ હાથ આવવાથી રંકશ્રેષ્ઠી કેટલાક કરોડો ધનનો માલીક થયો. પોતાનું ધન કોઈ તીર્થે, સુપાત્રે તથા અનુકંપા દાનમાં યથેચ્છ વાપરવાનું દૂર રહ્યું પણ અન્યાયથી મેળવેલા ધન ઉપર નિર્વાહ કરવાનું તથા પૂર્વની ગરીબ સ્થિતિ અને પાછળથી મળેલી ધનસંપદાનો પાર વિનાનો અહંકાર એવા કારણોથી રંકશ્રેષ્ઠીએ, સર્વ લોકોને દુખેડી નાંખ્યા, નવા નવા કર વધારવા, બીજા ધનવાન લોકોની સાથે હરીફાઈ તથા મત્સર વગેરે કરવાં વગેરે દુષ્ટ કામો કરી પોતાની લક્ષ્મી લોકોને પ્રલયકાળની રાત્રી સરખી ભયંકર દેખાડી.

એક સમયે રંકશ્રેષ્ઠીની પુત્રીની રત્નજડિત કાંશકી બહુ સુંદર હોવાથી રાજાએ પોતાની પુત્રી માટે માગી, પણ તે શેઠે આપી નહીં. ત્યારે રાજાએ બળાત્કારથી તે કાંશકી લીધી. તેથી રાજા ઉપર રોષ કરી રંકશ્રેષ્ઠી મ્લેચ્છ લોકોના રાજ્યમાં ગયો, અને ત્યાં ક્રોડો સોનૈયા ખરચી મોગલ લોકોને વલ્લભીપુર ઉપર ચઢાઈ કરવા લઇ આવ્યો. મોગલોએ વલ્લભીપુરના રાજાના તાબાનો દેશ ભાગી નાંખ્યો, ત્યારે રંકશ્રેષ્ઠીએ સૂર્ય મંડળથી આવેલા અશ્વના રખવાળ લોકોને છાનું દ્રવ્ય આપી તેમને ક્રોડી કપટ ક્રિયાનો પ્રપંચ કરાવ્યો. પૂર્વે વલ્લભીપુરમાં એવો નિયમ હતો કે, સંગ્રામનો પ્રવેશ આવે એટલે રાજા સૂર્યના વચનથી આવેલા ઘોડા ઉપર ચઢે, અને પછી પહેલેથીજ તે કામ માટે ઠરાવી રાખેલા લોકો પંચવાજિંત્રો વગાડે, એટલે તે ઘોડો આકાશમાં ઉડી જાય. પછી ઘોડા ઉપર સ્વાર થએલો રાજા શત્રુઓને હણે, અને સંગ્રામની સમાપ્તિ થાય, ત્યારે ઘોડો પાછો સૂર્યમંડળે જાય. આ પ્રસંગે રંકશ્રેષ્ઠીએ પંચવાજિંત્રો વગાડનાર લોકોને ક્રોડયા હતા, તેથી તેમણે રાજા ઘોડા ઉપર ચઢયા પહેલાંજ પંચવાજિંત્રો વગાડયાં. એટલે ઘોડો આકાશમાં ઉડી ગયો. શિલાદિત્ય રાજાને તે સમયે શું કરવું તે સૂજ્યું નહીં. ત્યારે શત્રુઓએ શિલાદિત્યને મારી નાંખ્યો, અને સુખે વલ્લભીપુરનો ભંગ કર્યો. કહ્યું છે કે—વિક્રમ સંવત્ ૩૭૫ વરસ ગયા પછી વલ્લભીપુર ભાગ્યું. રંકશ્રેષ્ઠીએ મોગલોને પણ જળ વિનાના પ્રદેશમાં પાડીને મારી નાંખ્યા. એ રીતે રંકશ્રેષ્ઠીનો સંબંધ કહ્યો.

અન્યાયથી મેળવેલા ધનનું એવું પરિણામ ધ્યાનમાં લઈ ન્યાયથી ધન મેળવવાને સારૂ ઉદ્યમ કરવો. કેમકે—સાધુઓના વિહાર, આહાર, વ્યવહાર અને વચન એ ચારે વાનાં શુદ્ધ છે કે નહીં તે જોવાય છે. પણ ગૃહસ્થનો તો માત્ર એક વ્યવહારજ શુદ્ધ છે કે નહિ તે જોવાય છે. વ્યવહાર શુદ્ધ હોય તોજ સર્વ ધર્મકૃત્યો સફળ થાય છે. દિનકૃત્યકારે કહ્યું છે કે, વ્યવહાર શુદ્ધ રાખવો એ ધર્મનું મૂળ છે. કેમકે વ્યવહાર શુદ્ધ હોય તો તેથી મેળવેલું ધન શુદ્ધ હોય છે. ધન શુદ્ધ હોય તો આહાર શુદ્ધ હોય છે. આહાર શુદ્ધ હોય તો દેહ શુદ્ધ હોય છે, અને દેહ શુદ્ધ હોય તો માણસ ધર્મકૃત્ય કરવાને ઉચિત થાય છે; તથા તે માણસ જે જે કાંઇ કૃત્ય કરે છે, તે તે કૃત્ય તેનું સફળ થાય છે. પરંતુ વ્યવહાર શુદ્ધ ન હોય તો, માણસ જે જે કાંઈ કૃત્ય કરે તે સર્વ તેનું નકામું છે. કેમકે, વ્યવહાર શુદ્ધ ન રાખનાર માણસ ધર્મની નિંદા કરાવે છે, અને ધર્મની નિંદા કરાવનાર માણસ પોતાને તથા પરને અતિશય દુર્લભબોધિ કરે છે. યોગ સૂત્રમાં કહ્યું છે. માટે વિચક્ષણ પુરૂષે બની શકે તેટલો પ્રયત્ન કરી એવાં કૃત્ય કરવાં કે, જેથી મૂર્ખજનો ધર્મની નિંદા કરે નહીં. લોકમાં પણ આહાર માફક શરીરપ્રકૃતિ બંધાય છે, એ વાત પ્રકટ દેખાય છે. જેમ પોતાની બાલ્યાવસ્થામાં ભેંશનું દૂધ પીનારા ઘોડાઓ જળમાં સુખે પડયા રહે છે, અને ગાયનું દૂધ પીનારા ઘોડાઓ જળથી દૂર રહે છે. તેમ માણસ પણ નાનપણ આદિ અવસ્થામાં જેવો આહાર ભોગવે છે, તેવી તેમની પ્રકૃતિ બંધાય છે. માટે વ્યવહાર શુદ્ધ રાખવાને માટે સારો પ્રયત્ન કરવો. આ રીતે વ્યવહારશુદ્ધિનું સ્વરૂપ કહ્યું છે.

વળી દેશાદિ વિરૂદ્ધ વાતનો ત્યાગ કરવો. એટલે જે વાત દેશવિરૂદ્ધ (દેશની રૂઢીને મળતી ન આવે એવી) અથવા સમયને અનુસરતી ન હોય એવી કિંવા રાજદિકને ન ગમે એવી હોય, તે છોડી દેવી. હિતોપદેશમાળામાં કહ્યું છે કે, જે માણસ દેશ, કાળ, રાજા, લોક તથા ધર્મ એટલામાં કોઇને પણ પ્રતિકૂળ આવે તેવી વાત જો વર્જે, તો તે સમકિત અને ધર્મ પામે. તેમાં સિંધ દેશમાં ખેતી અને લાટ દેશમાં દારૂ નિપજાવવો એ દેશવિરૂદ્ધ છે. બીજું પણ જે દેશમાં શિષ્ટ લોકોએ જે વર્જ્યું હોય તે તે દેશનાં દેશવિરૂદ્ધ જાણવું. અથવા જાતિ, કુળ વગેરેની રીતભાતને જે અ-

નુચિત હોય તે દેશ વિરૂદ્ધ કહેવાય. જેમ બ્રાહ્મણે મદ્યપાન કરવું, તથા તલ, લવણ વગેરે વસ્તુનો વિક્રય કરવો એ દેશવિરૂદ્ધ છે. તેમના શાસ્ત્રમાં કહ્યું છે કે, તલનો વ્યાપાર કરનારા બ્રાહ્મણો જગતૂમાં તલ બ્રાહ્મક હલકા તથા કાળું કામ કરનારા હોવાથી કાળા ગણાય છે, તથા પરલોકે તલની પેઠે ઘાણીમાં પીલાય છે. કુળની રીતભાત પ્રમાણે તો ચૌલુક્ય વગેરે કુળમાં થએલા લોકોને મદ્યપાન કરવું તે દેશવિરૂદ્ધ છે; અથવા પરદેશી લોકો આગળ તેમના દેશની નિંદા કરવી વગેરે દેશવિરૂદ્ધ કહેવાય છે.

હવે કાળવિરૂદ્ધ આ રીતેઃ—શિયાળામાં હિમાલય પર્વતના આસપાસના પ્રદેશમાં જ્યાં ઘણી ટાઢ પડતી હોય ત્યાં, અથવા ગરમીની મોશમમાં મારવાડ જેવા અતિશય નિર્જળ દેશમાં, અથવા વર્ષાકાળમાં જ્યાં ઘણું પાણી, ભેજ, ચાને ઘણોજ ચીકણો કાદવ રહે છે, એવા પશ્ચિમ તથા દક્ષિણ સમુદ્રને કાંઠે આવેલા કોંકણ વગેરે દેશોમાં પોતાની સારી શક્તિ તથા કોઇની સારી સહાય્ય વગેરે ન છતાં જવું; તથા ભયંકર દુકાળ પડયો હોય ત્યાં, બે રાજાઓની માંહો માંહે તકરાર ચાલતી હોય ત્યાં, ધાડ વગેરે પડવાથી માર્ગ બંધ પડયો હોય ત્યાં, અથવા પાર ન જઇ શકાય એવા મ્હોટા જંગલમાં, તથા સમીસાંઝ વગેરે ભયંકર સમયમાં પોતાની તેવી શક્તિ વના તથા કોઇની તેવી સહાય્ય વગેરે વિના જવું, કે જેથી પ્રાણુની અથવા ધનની હાનિ થાય, નહી તો બીજો કોઇ અનર્થ સામો આવે, તે કાળવિરૂદ્ધ કહેવાય. અથવા ફાગણ માસ ઉતરી ગયા પછી તલ પિલવા, તિલનો વ્યાપાર કરવો, અથવા તિલ ભક્ષણ કરવા વગેરે, વર્ષાકાળમાં તાંદલજા વગેરેની ભાજી લેવી વગેરે, તથા જ્યાં ઘણી જીવાકુળભૂમિ હોય ત્યાં ગાડી ગાડાં ખેડવાં વગેરે. એવો મ્હોટો દોષ ઉપજાવનાર કૃત્ય કરવું તે કાળવિરૂદ્ધ કહેવાય.

હવે રાજવિરૂદ્ધ આ રીતેઃ—રાજા વગેરેના દોષ કાઢવા, રાજાના માનનીક મંત્રી વગેરેનું આદરમાન ન કરવું, રાજાથી વિપરીત એવા લોકોની સોબત કરવી, વૈરિના સ્થાનકમાં લોભથી જવું, વૈરિના સ્થાનકથી આવેલાની સાથે વ્યવહાર વગેરે રાખવો, રાજાની મહેરબાની છે એમ સમજી રાજાના કરેલા કામમાં પણ ફેરફાર કરવો, નગરના આગેવાન

લોકોથી વિપરીત ચાલવું, પોતાના ધણીની સાથે નીમકહરામી કરવી, વગેરે રાજવિરૂદ્ધ કહેવાય છે. તેનું પરિણામ ઘણું દુઃસહ છે. જેમ ભુવનભાનુ કેવળીના જીવ રૂપ રોહિણીનું થયું તેમ. તે રોહિણી નિષ્ઠાવાળી તથા ભણેલી, સ્વાધ્યાય ઉપર લક્ષ રાખનારી એવી હતી; તો પણ વિકથાના રસથી વૃથા રાણીનું કુશળપણું વગેરે દોષો બોલવાથી રાજાને તેના ઉપર રોષ ચઢયો, તેથી ઉત્તમ શ્રેષ્ઠીની પુત્રી હોવાથી માનીતી એવી રોહિણીની જીભના રાજાએ કટકે કટકા કર્યા, અને દેશ બહાર કાઢી મૂકી. તેથી દુઃખી થએલી રોહિણીએ અનેક ભવોમાં જિવ્હાછેદ વગેરે દુઃખો સહ્યાં.

લોકની તથા વિશેષે કરીને ગુણી જનોની નિંદા ન કરવી. કેમ કે, લોકની નિંદા કરવી, અને પોતાનાં વખાણ કરવાં એ બન્ને લોકવિરૂદ્ધ કહેવાય છે. કેમકે—ખરા ખોટા પારકા દોષ બોલવામાં શું લાભ છે? તેથી ધનનો અથવા યશનો લાભ થતો નથી, એટલુંજ નહીં પણ જેના દોષ કાઢિયે, તે એક પોતાનો નવો શત્રુ ઉત્પન્ન કર્યો એમ થાય છે. ૧ પોતાની સ્તુતિ, ૨ પારકી નિંદા, ૩ વશ ન રાખેલી જીભ, ૪ સારાં વસ્ત્ર અને ૫ કષાય આ પાંચ વાનાં સંયમ પાળવાને અર્થે સારો ઉદ્યમ કરનારા એવા મુનિરાજને પણ ખાલી કરે છે. જો પુરૂષમાં ખરેખરા ઘણા ગુણ હોય, તો તે ગુણો વગર કહે પોતાનો ઉત્કર્ષ કરશેજ, અને જો તે (ગુણો) ન હોય તો ફોગટ પોતાનાં પોતે કરેલાં વખાણથી શું થાય? પોતે પોતાનાં બહુ વખાણ કરનારા સારા માણસને તેના મિત્ર હસે છે, બાંધવજનો નિંદા કરે છે, મ્હોટા લોકો તેને કોરે મૂકે છે, અને તેનાં બાપ પણ તેને બહુ માનતા નથી. બીજાનો પરાભવ અથવા નિંદા કરવાથી તથા પોતાની મ્હોટાઇ પોતે પ્રકટ કરવાથી ભવે ભવે નીચ ગોત્ર કર્મ બંધાય છે. તે કર્મ કરોડો ભવ થએ પણ છૂટવું મુશ્કેલ છે. પારકી નિંદા કરવી એ મહા પાપ છે. કારણ ઘણી બેદની વાત છે કે, નિંદા કરવાથી પારકાં પાપો વગર કરે માત્ર નિંદા કરનારને ખાડામાં ઉતારે છે. એક નિંદક વૃદ્ધ સ્ત્રીનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ—

સુગ્રામ નામના ગામમાં સુંદર નામનો એક શ્રેષ્ઠી હતો. તે મ્હોટો ધર્મી અને મુસાફર વગેરે લોકોને ભોજન, વસ્ત્ર, રહેવાનું સ્થાનક વગેરે

આપીને તેમના ઉપર મોટો ઉપકાર કરતો હતો. તેની પડોશમાં એક વૃદ્ધ બ્રાહ્મણી રહેતી હતી. તે શેઠની હમ્મેશાં નિંદા કર્યા કરે, અને કહે કે, "મુસાફર લોકો પરદેશમાં મરણ પામે છે, તેમની થાપણ વગેરે મળવાની લાલચથી એ શ્રેષ્ઠી પોતાની સચ્ચાઈ બતાવે છે વગેરે." એક વખતે ભુખ તરસથી પીડાએલો એક કાર્પટિક આવ્યો. તેને ઘરમાં ન હોવાથી ભરવાડણ પાસે છાશ મંગાવીને તે પાઇ, અને તેથી તે મરી ગયો. કારણ કે, ભરવાડણે માથે રાખેલા છાશના વાસણમાં ઉપરથી જતી સમડીએ મોઢામાં પકડેલા સર્પના મુખમાંથી ઝેર પડયું હતું. કાર્પટિક મરણ પામ્યો તેથી ઘણી ખુશી થએલી બ્રાહ્મણીએ કહ્યું કે, "જુઓ, આ કેવું ધાર્મિપણું ! !" તે સમયે આકાશમાં ઉભી રહેલી દેવીએ વિચાર કર્યો કે, "દાતાર (શ્રેષ્ઠી) નિરપરાધી છે. સર્પ અજ્ઞાની તથા સમડીના મોઢામાં ઝપડાએલો હોવાથી પરવશ છે, સમડીની જાતજ સર્પને ભક્ષણ કરનારી છે, અને ભરવાડણ પણ એ વાતમાં અજાણ છે. માટે હવે હું કોને વળગું !" એમ વિચારી છેવટ તે હત્યા વૃદ્ધ બ્રાહ્મણીને વળગી. તેથી તે કાળી કૂબડી અને કોઢ રોગ વાળી થઇ. રીતે પારકા ખોટા દોષ બોલવા ઉપર લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

હવે કોઇ રાજાની આગળ કોઇ પરદેશીએ લાવેલી ત્રણ કોપરીઓની પંડિતોએ પરીક્ષા કરી. તે એમ કે:—એકના કાનમાં દોરો નાંખ્યો, તે તેના મુખમાંથી બહાર નીકળ્યો. તે સાંભળ્યું હોય તેટલું મોઢે બકનારી કોપરીની કિમ્મત કુટી કોડી કરી. બીજી કોપરીના કાનમાં નાંખેલો દોરો તેના બીજા કાનમાંથી બહાર નીકળ્યો. તે એક કાને સાંભળી બીજે કાને બહાર નાંખી દેનારીની કિમ્મત લાખ સોનૈયા કરી. ત્રીજીના કાનમાં નાંખેલો દોરો તેના ગળામાં ઉતર્યો. તે સાંભળેલી વાત મનમાં રાખનારીની કિમ્મત પંડિતો કરી શક્યા નહીં એ સાચા દોષ કહેવા ઉપર દૃષ્ટાંત છે.

તેમજ સરળ લોકોની મશ્કરી કરવી, ગુણવાન લોકોની અદેખાઇ કરવી, કૃતઘ્ન થવું, ઘણા લોકોની સાથે વિરોધ રાખનારની સોબત કરવી, લોકમાં પૂજાએલાનું અપમાન કરવું, સદાચારી લોકો સંકટમાં આવે રાજી થવું, આપણામાં શક્તિ છતાં આફતમાં સપડાયલા સારા માણસને મદત

ન કરવી, દેશ વગેરેની ઉચિત રીતભાત છોડવી, ધનના પ્રમાણથી ઘણો ઉજળો અથવા ઘણો મલિન વેષ વગેરે કરવોઃ એ સર્વ લોકવિરૂદ્ધ કહેવાય છે. એથી આ લોકમાં અપયશ વગેરે થાય છે. વાચક શિરોમણિ શ્રીઉમાસ્વાતિ વાચકજીએ કહ્યું છે કે, સર્વે ધર્મી લોકોનો આધાર લોક છે. માટે જે વાત લોકવિરૂદ્ધ અથવા ધર્મવિરૂદ્ધ હોય તે સર્વથા છોડવી. લોકવિરૂદ્ધ તથા ધર્મવિરૂદ્ધ વાત છોડવામાં લોકની આપણા ઉપર પ્રીતિ ઉપજે છે, સ્વધર્મ સચવાય છે, અને સુખે નિર્વાહ થાય છે, વગેરે ગુણ રહેલા છે. કહ્યું છે કે— લોકવિરૂદ્ધ વાતને છોડનાર માણસ સર્વ લોકોને પ્રિય થાય છે, અને લોકપ્રિય થવું એ સમકિત વૃક્ષનું મૂળ છે.

હવે ધર્મવિરૂદ્ધ કહીએ છીએ. મિથ્યાત્વ કૃત્ય કરવું, મનમાં દયા ન રાખતાં બળદ વગેરેને મારવું, બાંધવું વગેરે. જૂવો તથા માકણ વગેરે તડકે નાંખવા, માથાના વાળ મ્હોટી કાંશકીથી સમારવા, લીખો વગેરે ફોડવી, ઉષ્ણકાળમાં ત્રણ વાર અને બાકીના કાળમાં બે વાર મજબૂત મ્હોટા જનાં ગળણાથી સંખારો વગેરે સાચવવાની યુક્તિથી પાણી ગાળવામાં તથા ધાન્ય, છાણાં, શાક, બાવાનાં પાન ફળ વગેરે તપાસવામાં સમ્યક્ પ્રકારે ઉપયોગ ન રાખવો. આખી સોપારી, ખારેક, વાલોળ, ફળી, વગેરે મોઢામાં એમની એમ નાંખવી, નાળવાનું અથવા ધારાનું જળ વગેરે પીવું, ચાલતાં, બેસતાં, સુતાં, નહાતાં, કાંઇ વસ્તુ મૂકતાં અથવા લેતાં, રાંધતાં, ખાંડતાં, દળતાં, ઘસતાં અને મળમૂત્ર, બડબો, કોગળો, ધર્મકરણીને વિષે જળ, તાંબૂલ, વગેરે નાંખતા બરાબર યત્ના ન રાખવી. આદર ન રાખવો, દેવ, ગુરૂ તથા સાધર્મિ એમની સાથે દ્વેષ કરવો, દેવદ્રવ્ય વગેરેનો ઉપભોગ કરવો, અધર્મી લોકોની સોબત કરવી, ધાર્મિક વગેરે સારા લોકોની મશ્કરી કરવી, કષાયનો ઉદય બહુ રાખવો, બહુ દોષથી ભરેલું ખરીદ વેચાણ કરવું, ખરકર્મ તથા પાપમય અધિકાર આદી કાર્ય વિષે પ્રવર્તવું. એ સર્વ ધર્મવિરૂદ્ધ કહેવાય છે. ઉપર આવેલાં મિથ્યાત્વ વગેરે ઘણાં બારા પદોની વ્યાખ્યા અર્થદીપિકામાં કરી છે. ધર્મી લોકો દેશવિરૂદ્ધ, કાળવિરૂદ્ધ, રાજવિરૂદ્ધ અથવા લોકવિરૂદ્ધ આચરણ કરે તો તેથી ધર્મની નિંદા થાય છે, માટે તે સર્વ ધર્મવિરૂદ્ધ સમજવું. ઉપર કહેલું પાંચ

પ્રકારનું વિરૂદ્ધકર્મ શ્રાવકે છોડવું. આ રીતે દેશાદિ પાંચ વિરૂદ્ધકર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે.

હવે ઉચિતકર્મ કહીએ છીએ. ઉચિતાચરણથી પિતા સંબંધી, માતા સંબંધી વગેરે નવ પ્રકાર છે. ઉચિતાચરણથી આલોકમા પણ સ્નેહની વૃદ્ધિ તથા યશ વગેરેની પ્રાપ્તિ થાય છે. તે હિતોપદેશમાળામાં જે ગાથાઓ વડે દેખાડયું છે, તે ગાથાઓ અહીં લખીએ છીએ

सामन्ने मणुअत्ते, जं केई पाउणंति इह किर्त्तिं ॥
त मुणह निच्चिअण्णं, डाहिआयरणस्स माहप्पं ॥ १ ॥

અર્થ:—માણસ માત્રનું માણસપણું સરખું છતાં કેટલાક માણસોજ આ લોકમાં યશ પામે છે, તે ઉચિત આચરણનો મહિમા છે એમ નક્કી જાણવું (१)

तं पुण पिइमाइसहो-अरेसु पणइणिअवच्च सयणेसु ॥
गुरुजण नायरपरति चिछदसु पुरिलेल नायव्वं ॥ २ ॥

અર્થ:—તે ઉચિત આચરણના નવ પ્રકાર છે, તે એ કે:—१ પોતાના પિતા સંબંધી, २ માતા સંબંધી, ૩ સગા ભાઇ સંબંધી, ૪ સ્ત્રી સંબંધી, ૫ પુત્ર પુત્રી સંબંધી, ૬ સગાં વહાલાં સંબંધી, ૭ વડીલ લોકો સંબંધી, ૮ શહેરના રહીશ લોકો સંબંધી, તથા ૯ અન્યદર્શની સંબંધી. એ નવ પ્રકારનું ઉચિત આચરણ દરેક માણસે કરવું જોઇએ. (२)

હવે પિતાના સંબંધમાં મન વચન કાયાથી ત્રણ પ્રકારે ઉચિત આચરણ કરવું પડે છે, તે સંબંધે હિતોપદેશમાળાના કર્તા કહે છે.

पिउणो तणुसुस्सूसं, विणएणं किंकरव्व कुणइ सयं ॥
वयणं पि से पडिच्छइ, वयणाओ जणडिअ चेव ॥ ३ ॥

અર્થ:—પિતાની શરીર સેવા ચાકરની પેઠે પોતે વિનયથી કરવા. તે એમ કે—તેમના પગ ધોવા, તથા હાથવા, વૃદ્ધ અવસ્થામાં તેમને ઉઠાડવા તથા બેસાડવા, દેશના અને કાળના અનુસારથી તેમને સદે એવું ભોજન, બિછાનું, વસ્ત્રો, ઉપકરણ વગેરે ચીજો આપવી. એ તથા એવાં બીજાં પિતાજીનાં કામ સુપુત્રે વિનયથી કરવાં, પણ કોઇના કહેવાથી પરાણે અથવા કચવાતા મને તિરસ્કાર વગેરેથી ન કરવાં. અને તે પોતે કરવાં, પણ ચાકર

વગેરે પાસે ન કરાવવાં. કહ્યું છે કે-પુત્ર પિતા આગળ બેઠો હોય ત્યારે તેની જે શોભા દેખાય છે, તે શોભાનો સોમો ભાગ પણ તે ઉંચા સિંહાસન ઉપર બેસે તો પણ ક્યાંથી આવે ? તથા મુખમાંથી બહાર પડયું ન પડયું એટલામાં પિતાનું વચન ઉઠાવી લેવું. એટલે પિતાનું વચન સત્ય કરવાને અર્થે રાજ્યાભિષેકને અવસરેજ વનવાસને અર્થે નીકળેલા રામચંદ્રજીની પેઠે સુપુત્રે પિતાના મુખમાંથી વચન નીકળતાંજ "હાજી, આપની આજ્ઞા પ્રમાણ છે. આજ્ઞા માફક હમણાંજ કરું છું" એમ કહી ઘણા માનથી તે વચન સ્વીકારવું; પણ સાંભળ્યું ન સાંભળ્યું કરી, માથું ધુણાવી, કહ્યા માફક કરતાં ઘણી વાર લગાડી અથવા કહેલું કામ અધૂરું મૂકીને પિતાના વચનની અવજ્ઞા કરવી નહીં. (૩)

चित्तं पि हु अणुअत्तइ, सव्वपयत्तेण सव्वकज्जेसु ॥
उवजीवइ बुद्धिगुणे, निअसप्पभावं पयासेइ ॥ ४ ॥

અર્થ:—સુપુત્રે દરેક કામમાં દરેક રિતે પિતાના મનને પસંદ પડે તેમ કરવું. કેમકે પોતાની બુદ્ધિથી કાંઇ ખાસ કરવા જેવું કામ ધાર્યું હોય તો પણ તે પિતાને મનગમતું હોય તોજ કરવું. તથા સેવા, ગ્રહણ આદી તથા લૈકિક અને અલૈકિક સર્વ વ્યવહારમાં આવનારા બીજા સર્વે જે બુદ્ધિના ગુણો તેમનો અભ્યાસ કરવો. બુદ્ધિનો પહેલો ગુરૂ મા બાપ વગેરેની સેવા કરવી એ છે. બહુ જાણુ એવા મા બાપ વગેરેની સારી સેવા કરી હોય તો, તેઓ દરેક કાર્યનાં રહસ્ય અવશ્ય પ્રકટ કરે છે. કહ્યું છે કે—જ્ઞાનવૃદ્ધ લોકોની સેવા ન કરનારા અને પુરાણ તથા આગમ વિના પોતાની બુદ્ધિથી જૂદી જૂદી કલ્પના કરનારા લોકોની બુદ્ધિ ઘણી પ્રસન્ન થતી નથી. એક અનુભવી વૃધ્ધ જે જાણે છે, તે કરોડો તરૂણ લોકો પણ જાણી શકતા નથી. જુઓ, રાજાને લાત મારનાર માણસ વૃદ્ધના વચનથી પૂજાયછે. વૃદ્ધ પુરૂષોનું વચન સાંભળવું, તથા કામ પડે બહુશ્રુત એવા વૃદ્ધનેજ પૂછવું. જુઓ, વનમાં હંસનું ટોળું બંધનમાં પડયું હતુ તે વૃદ્ધના વચનથી છૂટયું. તેમજ પોતાના મનમાંનો અભિપ્રાય પિતાની આગળ જાહેર રિતે કહેવો. (૪)

आपुच्छिउं पयट्टइ, करणिज्जेसु निसेहिओ ठाइ ॥
खलिए खरं पि भणिओ, विणीअयं न हु विलंघेइ ॥ ५ ॥

અર્થ:—પિતાને પૂછીનેજ દરેક કામને વિષે પ્રવર્ત્તે, જો કદાચ પિતા કોઇ કામ કરવાની ના કહે તો તે ન કરે, કાંઇ ગુન્હો થયે પિતાજી કઠણ શબ્દ બોલે તો પણ પોતાનું વિનીતપણું ન મૂકે, અર્થાત્ મર્યાદા મૂકીને ગમે તેમ દુરુત્તર ન કરે.

सविसेसं परिपूरइ, धम्माणुगए मणोरहे तस्स ॥
एमाइ उचिअकरणं, पिउणो जणणीइ वि तहेव ॥ ६ ॥

અર્થ:-જેમ અભયકુમારે શ્રેણિક રાજાના તથા ચિલ્લણા માતાના મનોરથ પૂર્ણ કર્યા તેમ સુપુત્રે પિતાના સાધારણ લૌકિક મનોરથ પણ પૂર્ણ કરવા. તેમાં પણ દેવપૂજા કરવી, સદ્‌ગુરુની સેવા કરવી, ધર્મ સાંભળવો, વ્રત પચ્ચખાણ કરવું, ષડાવશ્યકને વિષે પ્રવર્ત્તવું, સાત ખેતરમાં ધન વાપરવું, તીર્થયાત્રા કરવી, અને દીન તથા અનાથ લોકોનો ઉદ્ધાર કરવો, વગેરે જે ઇષ્ટ થાય તે ધર્મ મનોરથ કહેવાય છે. પિતાના ધર્મ મનોરથ ઘણાજ આદરથી પૂર્ણ કરવા. કેમકે, આલોકમાં મોટા એવા માબાપના સંબંધમાં સુપુત્રોનું એ કર્તવ્યજ છે. કોઇ પણ રીતે જેમના ઉપકારનો માથે રહેલો ભાર ઉતારી શકાય નહીં, એવા મા બાપ વગેરે ગુરુજનોને કેવળિ ભાષિત સદ્ધર્મને વિષે જોડ્યા વિના બીજો ઉપકારનો ભાર હલકો કરવાનો ઉપાયજ નથી. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે, ત્રણ જણના ઉપકાર ઉતારી ન શકાય એવા છે.

तिण्हं दुप्पडिआरं समणाउसो । तं जहाअम्मापिओणो ॥ १॥
भट्टिस्स २, धम्मायरिअस्स ३ ॥ संपाओविअणं । તે આ રીતેઃ—૧ મા બાપના, ૨ ધણીના અને ૩ ધર્માચાર્યના.

केइ पुरिसे अम्मापिअरं सयपाग सहस्सपागेहिं तिल्लेहिं अब्भंगित्ता सुरभिणागंधट्टयणं उव्वट्टित्ता तिहिं उदगेहिं मज्जावित्ता सव्वालंकार विभूसिअंकरित्ता मणुन्नं थालिपाग सुद्धं अठारसवंजणाउलंभोअणभोआवित्ता जावज्जीवं पिठवडंसिआए परिवाहिज्जा । तेणावि तस्स अम्मापिउस्स दुप्पडिआरं भवइ ? अहेणं से तं अम्मापिअरं केवलिपन्नत्ते धम्मे आघवइत्ता, पन्नवइत्ता, परूवइत्ता, ठावइत्ता भवइ, तेणामेव तस्स अम्मापिउस्स सुप्पडियारं भवइ समणाउसो ॥ १ ॥

કોઇ પુરૂષ જાવજ્જીવ સુધી પ્રભાત કાળમાં પોતાના મા બાપને શતપાક તથા સહસ્રપાક તેલવડે અભ્યંગ કરે, સુગંધી પીઠી ચોળે, ગંધોદક, ઉષ્ણોદક, અને શીતોદક એ ત્રણ જાતના પાણીથી નહવરાવે, સર્વે વસ્ત્ર પહેરાવી સુશોભિત કરે, પાકશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે બરોબર રાંધેલું, અઢાર જાતિનાં શાક સહીત મનગમતું અન્ન જમાડે, અને જાવજ્જીવ પોતાના ખભા ઉપર ધારણ કરે, તો પણ તેનાથી પોતાનાં મા બાપના ઉપકારનો બદલો વાળી ન શકાય; પરંતુ જો તે પુરૂષ પોતાનાં મા બાપને કેવળિ ભાષિત ધર્મ સંભળાવી, મનમાં બરોબર ઉતારી તથા ધર્મના મૂળ ભેદની અને ઉત્તર ભેદની પ્રરૂપણા કરી તે ધર્મને વિષે સ્થાપન કરનારો થાય તોજ તે પુરૂષથી પોતાનાં મા બાપના ઉપકારનો બદલો વાળી શકાય.

केइ महच्चे दरिद्दं समुक्कसिज्जा । तएणं से दरिद्दे समुक्किठे समाणे पच्छापुरंचणं विउलभोगसमिइ समन्नागएआवि विहरिज्जा । तएणं से महच्चे अन्नयाकयाइ दरिद्दिहूय समाणे तस्स दरिद्दस्स अंतिअं हव्वमागच्छिज्जा । तएणं से दरिद्दे तस्स भट्टिस्स सव्वस्समवि दलमाणे तेणावि तस्स दुप्पाडियारं भवइ ? अहेणं से तं भट्टिं केवलिपन्नत्तेधम्मे आयवइत्ता जाव ठावइत्ता भवइ, तेणामेव तस्स भट्टिस्स सुप्पाडियारं भवइ ॥ २ ॥

કોઇ મહાન ધનવાન પુરૂષ એકાદ દરિદ્રી માણસને ધન વગેરે આપીને સારી અવસ્થામાં લાવે, અને તે માણસ સારી અવસ્થામાં આવ્યો, તે વખતની પેઠે તે પછી પણ ઘણી ભોગ વસ્તુના સંયોગનો ભોગવનારો જેવો રહે, પછી તે માણસને સારી સ્થિતિમાં લાવનાર ધનવાન પુરૂષ કોઇ વખતે પોતે દરિદ્રી થઇ પૂર્વે જે દરિદ્રો હતો તે માણસ પાસે શીઘ્ર આવે, ત્યારે તે માણસ પોતાના તે ધણીને જો સર્વસ્વ આપે, તો પણ તેનાથી તે ધણીના ઉપકારનો બદલો વાળી શકાય નહીં; પરંતુ જો તે માણસ પોતાના ધણીને કેવળિ ભાષિત ધર્મ કહી, સમજાવી અને અંતર્ભેદ સહિત પ્રરૂપીને તે ધર્મને વિષે સ્થાપન કરનારો થાય, તોજ તેનાથી ધણીના ઉપકારનો બદલો વાળી શકાય.

केइ तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एग-

मवि आरि अं धम्मिअं सुवयणं सुच्चा निसम्म कालमासे कालंकिच्चा अन्नयरेसु देवलोगेसु देवत्ताए उववण्णे ॥ तएणं सा देवे तं धम्मायरियं दुप्भिक्खाओ वा दिसाओ सुभिक्खंदेसं साहरिज्जा । कंताराओ निक्कंतारं करिज्जा । दीहकालिएणं वा रोगायंकेण अभिभूअं विमोइज्जा । तेणावि तस्स धम्मायरियस्स दुप्पडियारं भवइ ? अहेणं से तं धम्मायरिअं केवलिपन्नत्ताओ धम्माओ भट्ठं समाणं भुज्जो केवलिपन्नत्तधम्मे आघवइत्ता जाव ठावइत्ता भवइ तेणामेव तस्स धम्मायरियस्स सुप्पडियारं भवइ ॥ ३ ॥

કોઇ પુરૂષ સિદ્ધાંતમાં કહેલા લક્ષણવાળા એવા શ્રમણ ધર્માચાર્યની પાસે જે ધર્મ સંબંધી ઉત્તમ એકજ વચન સાંભળી મનમાં તેનો બરાબર વિચાર કરી મરણનો સમય આવે મરણ પામી કોઇ દેવલોકને વિષે દેવતાપણે પેદા થાય. પછી તે દેવતા પોતાના તે ધર્માચાર્યને જે દુર્ભિક્ષવાળા દેશમાંથી સુભિક્ષ દેશમાં લાવી મૂકે, વિકરાળ જંગલમાંથી પાર ઉતારે, અથવા કોઇ દીર્ઘકાળના રોગથી પીડાતા તે ધર્માચાર્યને તેમાંથી મૂકાવે, તો પણ તેનાથી તે ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળી ન શકાય; તો પણ તે પુરૂષ કેવળિ ભાષિત ધર્મથી ભ્રષ્ટ થએલા તે પોતાના ધર્માચાર્યને કેવળિ ભાષિત ધર્મ કહી, સમજાવી, અંતર્ભેદ સહિત પ્રરૂપી ફરી વાર તે ધર્મને વિષે સ્થાપન કરનારો થાય, તોજ તે પુરૂષથી તે ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળી શકાય. ”

માત પિતાની સેવા કરવા ઉપર, પોતાના આંધળા મા બાપને કાવડમાં બેસારી કાવડ પોતે ઉપાડી તેમને તીર્થયાત્રા કરાવનાર શ્રવણનું દૃષ્ટાંત જાણવું. મા બાપને કેવળિ ભાષિત ધર્મને વિષે સ્થાપન કરવા ઉપર પોતાના પિતાજીને દીક્ષા દેનાર શ્રી આર્યરક્ષિત સૂરિનું અથવા કેવળજ્ઞાન ઉત્પન્ન થએ છતે પણ મા બાપને પ્રતિબોધ થાય ત્યાં સુધી નિરવદ્ય વૃત્તિએ ઘરમાં રહેલા કૂર્માપુત્રનું દૃષ્ટાંત જાણવું. પોતાના શેઠને ધર્મને વિષે સ્થાપન કરવા ઉપર પ્રથમ કોઇ મિથ્યાત્વી શ્રેષ્ઠીના મુનીમપણાથી પોતે મ્હોટો શેઠ થએલો, અને વખત જતાં દુર્ભાગ્યથી દરિદ્રી થએલા તે મિથ્યાત્વી શેઠને પૈસા વગેરે આપીને ફરીથી તેને મ્હોટો શેઠ બનાવનાર અને શ્રાવક

ધર્મને વિષે સ્થાપન કરનાર જિનદાસ શેઠનું દૃષ્ટાંત જાણવું. પોતાના ધર્માચાર્યને ફરીથી ધર્મને વિષે સ્થાપન કરવા ઉપર નિદ્રા વગેરે પ્રમાદમાં પડેલા સેલકાચાર્યને બોધ કરનાર પંથક શિષ્યનું દૃષ્ટાંત જાણવું. આ વગેરે પિતા સંબંધી ઉચિત આચરણ છે. માતા સંબંધી ઉચિત આચરણ પણ પિતાની પેઠેજ સમજવું. (૬)

હવે માતા સંબંધી ઉચિત આચરણમાં કહેવા યોગ્ય છે તે કહે છે.

नवरं से सविसेसं, पयडइ भावाणु वित्तिमप्पडिमं ॥
इच्छीसहावसुलहं, पराभवं वहइ न हु जेण ॥ ७ ॥

અર્થઃ—માતા સંબંધી ઉચિત આચરણ પિતા સરખું છતાં પણ તેમાં એટલું વિશેષ છે કે, માતા જાતે સ્ત્રી હોય છે. અને સ્ત્રીનો સ્વભાવ એવો હોય છે કે, નજીની બાબતમાં તે પોતાનું અપમાન થયું એમ માની લે છે, માટે માતા પોતાના મનમાં સ્ત્રી સ્વભાવથી કાંઇ પણ અપમાન ન લાવે એવી રીતે સુપુત્રે તેમની ઇચ્છા પ્રમાણે પિતાજી કરતાં પણ વધારે ચાલવું. વધારે કહેવાનું કારણ એ છે કે, માતા, પિતાજી કરતાં અધિક પૂજ્ય છે. મનુએ કહ્યું છે કે— ઉપાધ્યાયથી દસ ગણો શ્રેષ્ઠ આચાર્ય છે, આચાર્યથી સો ગણો શ્રેષ્ઠ પિતા છે, અને પિતાથી હજાર ગણી શ્રેષ્ઠ માતા છે. બીજાઓએ પણ કહ્યું છે કે—પશુઓ દૂધપાન કરવું હોય ત્યાં સુધી માતાને માને છે, અધમ પુરૂષો સ્ત્રી મળે ત્યાં સુધી માને છે, મધ્યમ પુરૂષો ઘરનું કામકાજ તેને હાથે ચાલતું હોય ત્યાં સુધી માને છે, અને સારા પુરૂષો તો જાવજ્જીવ તીર્થની પેઠે માને છે. પશુઓની માતા પુત્રને જીવતો જોઇનેજ ફક્ત સંતોષ માને છે. મધ્યમ પુરૂષોની માતા પુત્રની કમાઈથી રાજી થાય છે, ઉત્તમ પુરૂષોની માતા પુત્રના શૂરવીરપણાનાં કૃત્યોથી સંતોષ થાય છે, અને લોકોત્તર પુરૂષોની માતા પુત્રના પવિત્ર આચરણથી ખુશી થાય છે. (૭)

હવે ભાઇ ભાંડું સંબંધી ઉચિત આચરણ કહે છે.

उचिअं एअं तु सहो-अरंमिजं निअइ अप्पसममेअं ॥
जिठं व कणिठं पि हु, बहु मन्नइ सव्वकज्जेसु ॥ ८ ॥

અર્થઃ—પોતાના સગા ભાઇના સંબંધમાં યોગ આચરણ એ છે

કે, તેને પોતાની માફક જાણવો. નહાના ભાઇને પણ મ્હોટા ભાઇ માફક સર્વ કાર્યમાં બહુ માનવો. " મ્હોટા ભાઇ માફક " એમ કહેવાનું કારણ એ છે કે, " **ज्येष्ठो भ्राता पितुः समः** " એટલે મ્હોટો ભાઈ પિતા સમાન છે, એમ કહ્યું છે. માટે મ્હોટા ભાઇ માફક એમ કહ્યું જે લક્ષ્મણ શ્રી રામને પ્રસન્ન રાખતો હતો. તેમ સાવકા એવા નહાના ભાઇએ પણ મ્હોટા ભાઇની મરજી માફક ચાલવું. એ રીતેજ નહાના મ્હોટા ભાઇઓનાં સ્ત્રી પુત્ર વગેરે લોકોએ પણ ઉચિત આચરણ ધ્યાનમાં રાખવું. (૮)

दंसइ न पुट्ठो भावं, सब्भावं कहइ पुच्छइ अ तस्स ॥
ववहारंमि पयट्टइ, न निगूहइ थेवमवि दधिणं ॥ ९ ॥

અર્થ:—ભાઇ પોતાના ભાઇને જૂઠો ભાવ ન દેખાડે, મનમાંનો સારો અભિપ્રાય કહે, તેનો સારો અભિપ્રાય પૂછે, તેને વ્યાપારમાં પ્રવર્તાવે, તથા થોડું પણ ધન છાનું ન રાખે. **व्यापारमां प्रवर्तावे** એટલે જેથી તે વ્યાપારમાં હોંશિયાર થાય, તથા ઠગ લોકોથી ઠગાય નહીં. **धन छानुं न राखे** એટલે મનમાં દગો રાખીને ધન ન છુપાવે; પણ ભવિષ્યમાં કાંઈ દુઃખ પડશે અને સામાં કાંઈ ધનનો સંગ્રહ કરવો જોઇએ એમ ધારી જો કાંઇ છુપું ધન રાખે તો તેમાં કાંઈ દોષ નથી. (૯)

હવે નહારી સોબતથી પોતાનો ભાઇ ખરાબ રસ્તે ચડે તો શું કરવું તે વિષે કહે છે.

अविणीअं अणुअत्तइ, मित्तेहिं तो रहो उवालभइ ॥
सयणजणाओ सिक्खं, दावइ अन्नावएसेण ॥ १० ॥

અર્થ:—વિનય રહિત થએલા પોતાના ભાઇને તેના દોસ્તો પાસે સમજાવે, પછી પોતે એકાંતમાં તેને તેના કાકા, મામા, સસરો, સાળા, વગેરે લોકો પાસે શીખામણ દેવરાવે, પણ પોતે તેનો તિરસ્કાર કરે નહી. કારણ કે તેમ કરવાથી તે કદાચ બેશરમ થાય, અને મર્યાદા મૂકી દે. (૧૦)

हिअए ससिणेहो वि हु, पयडइ कुविअं व तस्स अप्पाणं ॥
पडिवन्न विणयमग्गं, आलवइ अछम्मपिम्मपरो ॥ ११ ॥

અર્થ:—હૃદયમાં સારો ભાવ હોય તો પણ બહારથી તેને પોતાનું સ્વરૂપ ક્રોધી જેવું દેખાડે, અને જ્યારે તે ભાઇ વિનય માર્ગ સ્વીકારે,

ત્યારે તેની સાથે ખરા પ્રેમથી વાત કરે. ઉપર કહેલા ઉપાય કર્યા પછી પણ જો તે ભાઈ ઠેકાણે ન આવે તો "તેનો એ સ્વભાવજ છે" એવું તત્વ સમજી તેની ઉપેક્ષા કરે. (૧૧)

तप्पणइणिपुत्ताइसु, सम्मद्दिट्ठी होइ दाणसम्माणे ॥
सावद्धंमि उइत्तो, सविसेसं कुणइ सव्वं पि ॥ १२ ॥

અર્થ:—ભાઇની સ્ત્રી, પુત્ર વગેરેને વિષે દાન, આદર વગેરે બાપ-તમાં સમાન દૃષ્ટિ રાખવી, એટલે પોતાનાં સ્ત્રી પુત્ર વગેરેની માફક તેમની પણ આસના વાસના કરવી. તથા શ્રાવકા ભાઇનાં સ્ત્રી પુત્ર વગેરેનાં માન વગેરે સર્વ ઉપચાર તો પોતાનાં સ્ત્રી પુત્ર કરતાં પણ વધુ કરવાં. કારણ કે, શ્રાવકા ભાઇના સંબંધમાં થોડો પણ ભેદ રાખવામાં આવે તો તેમનાં મન ભાગે છે, અને લોકમાં પણ અપવાદ થાય છે. એ રીતે પોતાના પિતા સમાન, માતા સમાન તથા ભાઇ સમાન લોકોના સંબંધમાં પણ ઉચિત આચરણ તેમની યોગ્યતા પ્રમાણે ધ્યાનમાં લેવું. કેમ કે— ૧ ઉત્પન્ન કરનાર, ૨ ઉછેરનાર, ૩ વિદ્યા આપનાર, ૪ અન્ન વસ્ત્ર દેનાર, અને ૫ જીવને બચાવનાર, એ પાંચે **પિતા** કહેવાય છે. ૧ રાજાની સ્ત્રી, ૨ ગુરૂની સ્ત્રી, ૩ પોતાની સ્ત્રીની માતા, ૪ પોતાની માતા અને ૫ પોતાની ધાવમાતા એ પાંચે **માતા** કહેવાય છે. ૧ સગો ભાઈ, ૨ સાથે ભણનાર, ૩ મિત્ર, ૪ માંદગીમાં માવજત રાખનાર અને ૫ માર્ગમાં વાતચીત કરી મૈત્રી કરનાર એ પાંચે **ભાઇ** કહેવાય છે. ભાઇઓએ માંહોમાંહે ધર્મકરણીની એક બીજાને સારી પેઠે યાદ કરાવવી. કેમ કે—જે પુરૂષ, પ્રમાદરૂપ અગ્નિથી સળગેલા સંસાર રૂપ ઘરમાં મોહનિદ્રાથી સુતેલા માણસને જગાડે તે તેનો પરમ બંધુ કહેવાય. ભા-ઇઓની માંહોમાંહે પ્રીતિ ઉપર ભરતનો દૂત આવે શ્રીઋષભદેવ ભગવાનને સાથે પૂછવા ગએલા અઠ્ઠાણું ભાઇઓનું દૃષ્ટાંત જાણવું. ભાઇ માફક દેરાની સાથે પણ ચાલવું. (૧૨)

इअ भाइगयं उचिअं, पणइणिविसयं पि किं पि जंपेमो ॥
सप्पणयवयणसम्मा-णणेण तं अभिमुहं कुणइ ॥ १३ ॥

અર્થ:—આ રીતે ભાઇના સંબંધમાં ઉચિત આચરણ કહ્યું. હવે

સ્ત્રીની બાબતમાં પણ કાંઇક કહીએ છીએ. પુરૂષે પ્રીતિ વચન કહી આપ્યું માન રાખી પોતાની સ્ત્રીને સ્વકાર્યમાં ઉત્સાહવંત રાખવી. પતિનું પ્રીતિ વચન તે એક સંજીવની વિદ્યા છે. તેથી બાકીની સર્વ પ્રીતિઓ સફળ થાય છે. યોગ્ય અવસરે પ્રીતિવચનનો ઉપયોગ કર્યો હોય તો તે દાનાદિ-કથી પણ ઘણુંજ વધારે ગૌરવ પેદા કરે છે. કેમ કે—પ્રીતિ વચન જેવું બીજું વશીકરણ નથી, કળા કૌશલ જેવું બીજું ધન નથી, અહિંસા જેવો બીજો ધર્મ નથી, અને સંતોષ સમાન બીજું સુખ નથી. (૧૩)

सुस्सूसाइ पयट्टइ, पच्छाभरणाइ लभुब्भिअं देइ ॥
नाडयचिच्चणयाइसु, जणसंमद्दसु वारेइ ॥ १४ ॥

અર્થઃ—પુરૂષ પોતાની સ્ત્રીને નવરાવવું, પગ દબાવવા વગેરે પો-તાની કાયસેવામાં પ્રવર્તાવે. દેશ, કાળ, પોતાનું કુટુંબ, ધન વગેરેનો વિચાર કરી ઉચિત એવાં વસ્ત્ર, આભૂષણ આદિ તેને આપે, તથા જ્યાં નાટક, નૃત્ય વગેરે જોવાય છે, એવા ઘણા લોકોના મેળાવડામાં તેને જતાં અટકાવે. પોતાની કાયસેવામાં સ્ત્રીને જોડવાનું કારણ એ છે કે, તેમ કરવાથી તેનો પતિ ઉપર સારો વિશ્વાસ રહે છે, તેના મનમાં સ્વાભાવિક રીતે પ્રેમ ઉપજે છે, અને તેથી તે કોઇ સમયે પણ પતિને અણગમતું લાગે તેવું કામ કરે નહીં. આભૂષણ આદિ આપવાનું કારણ એ છે કે, સ્ત્રીઓ આભૂષણ વગેરેથી શોભતી હોય તો તેથી ગૃહસ્થની લક્ષ્મી વધે છે. કેમકે—લક્ષ્મી સારાં કાર્ય કરવાથી પેદા થાય છે, ધીર-જથી વધે છે, દક્ષતાથી પોતાનું જડમૂળ કરીને રહે છે, અને ઇંદ્રિયો વશ રાખવાથી સ્થિર રહે છે. નાટક વગેરેના મેળાવડામાં સ્ત્રીઓને જતાં અટકાવવાનું કારણ એ છે કે, ત્યાં હલકા લોકોનાં અટકચાળા, મર્યાદા વ-ગરનાં હલકાં વચન તથા બીજી પણ ખરાબ ચેષ્ટાઓ જોવાથી મૂળથી નિર્મળ એવું પણ સ્ત્રીઓનું મન વરસાદના પવનથી શુદ્ધ આરિસાની પેઠે પ્રાયે બગડે છે. માટે નાટક જોવા વગેરે તજવું. (૧૪)

रुंभइ रयणिपयारं कुसीलपासंडिसंगमवणेइ ॥
गिहकज्जेसु निओअइ न विओअइ अप्पणा सद्धिं ॥ १५ ॥

અર્થઃ—પુરૂષ પોતાની સ્ત્રીને રાત્રિએ બહાર રાજમાર્ગે અથવા કો-

ઘને ઘેર જતાં અટકાવે, કુશીળની તથા પાખંડીની સોબતથી દૂર રાખે, દેવું લેવું, સગાં વહાલાંનું આદરમાન કરવું, રસોઇ કરવી વગેરે ગૃહકાર્યમાં તેને અવશ્ય જોડે, તથા આપણાથી છુટી-એકલી ને જૂદી ન રાખે. સ્ત્રીને રાત્રિએ બહાર જતાં અટકાવવાનું કારણ એ છે કે, મુનિરાજની પેઠે કુલીન સ્ત્રીઓને પણ રાત્રિએ ફરવું હરવું ઘણું નુકશાનકારી છે. ધર્મ સંબંધી આવશ્યક વગેરે કામને અર્થે મોકલવી હોય તો મા, બ્હેન વગેરે સુશીલ સ્ત્રીઓના સમુદાયની સાથેજ જવાની આજ્ઞા આપવી. સ્ત્રીઓએ ઘરમાં કયાં કયાં કામ કરવાં એ વિષે કહે છે કે-પથારી વગેરે ઉપાડવી, ઘર સાફ કરવું, પાણી ગળવું. ચૂલો તૈયાર કરવો, થાળી અ.દિ વાસણ ધોવાં, ધાન્ય દળવાં તથા ખાંડવાં, ગાયો દોહવી, દહીં વલોવવું, પાક કરવો, જમનારાંઓને ઉચિતપણે અન્ન પિરસવું, વાસણ વગેરે ચોખ્ખાં કરવાં, તથા સાસુ, ભરથાર, નણંદ, દીઅર વગેરેનો વિનય સાચવવો. એ રીતે કુલવધુનાં ગૃહકૃત્યો જાણવાં. સ્ત્રીને ગૃહકૃત્યોમાં અવશ્ય જોડવાનું કારણ એ છે કે, તેમ ન કરે તો સ્ત્રી સર્વદા ઉદાસ રહે. સ્ત્રી ઉદાસીન હોય તો ગૃહકૃત્યો બગડે છે. સ્ત્રીને કાંઈ ઉદ્યમ ન હોય તો તે ચપળ સ્વભાવથી બગડે છે. ગૃહકૃત્યોમાં સ્ત્રીઓનું મન વળગાડવાથીજ તેમનું રક્ષણ થાય છે. શ્રી ઉમાસ્વાતિવાચકજીએ પ્રશમરતિ ગ્રંથમાં કહ્યું છે કે, પુરૂષે પિચાશનું આખ્યાન સાંભળીને કુળસ્ત્રીનું હમેશાં રક્ષણ કરવું, અને પોતાનો આત્મા સંયમ યોગવડે હમેશાં ઉદ્યમમાં રાખવો સ્ત્રીને આપણાથી છૂટી ન રાખવી એમ કહ્યું એનું કારણ એ છે કે---પ્રાયે માંહોમાંહ જોવા ઉપરજ પ્રેમ રહ્યો છે. કહ્યું છે કે—જોવાથી, વાર્તાલાપ કરવાથી, ગુણનાં વખાણ કરવાથી, સારી વસ્તુ આપવાથી, અને મન માફક કામ કરવાથી પુરૂષને વિષે સ્ત્રીનો દૃઢ પ્રેમ થાય છે. ન જોવાથી, અતિશય જોવાથી, ભેગા થયે ન બોલવાથી, અહંકારથી અને અપમાનથી એ પાંચ કારણથી પ્રેમ ઘટે છે. પુરૂષ હમેશાં મુસાફરી કરતો રહે તો સ્ત્રીનું મન તેના ઉપરથી ઉતરી જાય, અને તેથી કદાચ વિપરિત કામ પણ કરે; માટે સ્ત્રીને આપણાથી બહુ દિવસ છૂટી ન રાખવી. (૧૫)

अवमाणं न पयंसइ खलिए सिक्खेइ कुविअमणुणेइ ॥
धणहाणिवुड्ढिघरमं-तवइयरं पयडइ न तोसे ॥ १६ ॥

અર્થ:—પુરૂષ વગર કારણે ક્રોધાદિકથી પોતાની સ્ત્રીની આગળ "તારા ઉપર બીજી પરણીશ" એવાં અપમાનવચન ન કહે, કાંઇક અપરાધ થયો હોય તો તેને એકાંતમાં એવી શીખામણ દે કે, પાછો તે તેવો અપરાધ ન કરે. ઘણી ક્રોધે ભરાણી હોય તો તેને સમજાવે, ધનના લાભની અથવા નુકશાનની વાત તથા ઘરમાંની ગુપ્ત મસલતો તેની આગળ કહે નહીં. "તારા ઉપર બીજી પરણી લાવીશ" એવાં વચન ન બોલવાં, એનું કારણ એ છે કે, કોણ એવો મૂર્ખ છે કે, જે સ્ત્રી ઉપર ક્રોધ વગેરે આવ્યાથી બીજી સ્ત્રી પરણવાના સંકટમાં પડે! કેમકે—એ સ્ત્રીના વશમાં પડેલો પુરૂષ ઘરમાંથી ભૂખ્યો બહાર જાય, ઘરમાં પાણીનો છાંટો પણ ન પામે, અને પગ ધોયા વિનાજ સુઈ રહે. પુરૂષ કારાગૃહમાં નંખાય, દેશાંતરમાં ભટકતો રહે, અથવા નરકાવાસ ભોગવે તે કાંઇક ઠીક, પણ તેણે બે સ્ત્રીઓનો ભર્તાર થવું, એ ઠીક નથી. કદાચ કાંઇ યોગ્ય કારણથી પુરૂષને બે સ્ત્રીઓ પરણવી પડે, તો તે બન્નેને વિષે તથા બન્નેના પુત્રાદિકને વિષે સમદૃષ્ટિ વગેરે રાખવી; પરંતુ એમાંથી કોઇનો પણ વારો ખંડિત ન કરવો. કારણ કે, શોક્યનો વારો તોડવાથી પોતાના પતિની સાથે કામસંભોગ કરનાર સ્ત્રીને ચોથા વ્રતનો બીજો અતિચાર લાગે છે એમ કહ્યું છે. ઘણી ક્રોધે ભરાણી હોય તો તેને સમજાવવાનું કારણ એ છે કે, તેમ ન કરે તો તે કદાચ સોમદત્તની સ્ત્રીની પેઠે સહસાત્કારથી કૂવામાં પડે, અથવા બીજું એવુંજ કાંઇ અકૃત્ય કરે, માટે સ્ત્રીઓની સાથે હમેશાં નરમાશથી વર્તવું. કોઇ કાળે પણ કઠોરપણું ન બતાવવું. કેમકે, **पाञ्चालः स्त्रीषु मार्दवम्** (પાંચાલ ઋષિ કહે છે કે, સ્ત્રીઓને વિષે નરમાશ રાખવી.) નરમાશથીજ સ્ત્રીઓ વશ થાય છે, અને તે રીતેજ તેમનાથી સર્વત્ર સર્વે કામ સિદ્ધ થએલાં દેખાય છે. અને નરમાશ ન હોય તો કાર્યસિદ્ધિને બદલે કાર્યમાં બગાડ થએલો પણ અનુભવમાં આવે છે. નગુણી સ્ત્રી હોય તો બહુજ નરમાશથી કામ લેવાની કાળજી રાખવી જોઇએ. દેહમાં જીવ છે ત્યાં સુધી મજબૂત બેડી સરખી વળગેલી તે (નગુણી) સ્ત્રીથીજ કોઇ પણ રીતે પોતાનું ગૃહસૂત્ર ચલાવવું, અને સર્વ પ્રકારનો નિર્વાહ કરી લેવો. કારણ કે, "ગૃ-

હિણી તેજ ઘર" એવું શાસ્ત્રનું વચન છે. "ધનનો લાભની અથવા નુકશાનની વાત ન કરવી" એમ કહેવાનું કારણ એ છે કે, પુરૂષ ધનનો લાભ સ્ત્રી આગળ કરે, તો તે તુચ્છપણાથી જ્યાં ત્યાં તે વાત કહે અને તેથી ભર્તારની ઘણા કાળથી મેળવેલી મ્હોટાઇ ગુમાવે. તથા ઘરમાંની છાની વાતો તેની આગળ નહીં કહેવાનું કારણ એ છે કે, સ્ત્રી સ્વભાવથીજ કોમળ હૃદયની હોવાથી તેના મુખમાં છાની વાત ટકે નહીં. તે પોતાની બ્હેનપણીઓ વગેરેની આગળ તે વાત જાહેર કરે, અને તેથી આગળથી ધારેલાં કાર્યો નિષ્ફળ કરી નાંખે. કદાચ કોઈ છાની વાત તેને મુખે જાહેર થવાથી રાજદ્રોહનો વાંક પણ ઉભો થાય. માટેજ ઘરમાં સ્ત્રીનું મુખ્ય ચલણ ન રાખવું. કહ્યું છે કે—स्त्रो पुंवच्च प्रभवति यदा तद्धि गेहं विनष्टम् " (સ્ત્રી, પુરૂષ જેવી પ્રબળ થાય તો તે ઘર ધુળ બરાબર મળી ગયું એમ સમજવું.) આ વિષય ઉપર નીચે લખેલી એક કથા છે:—

કોઇ નગરમાં મંથર નામનો એક કોળી હતો. તે વણવાનો ધંધો વગેરે કરવાને અર્થે લાકડાં લાવવા જંગલમાં ગયો. ત્યાં એક સીસમના ઝાડને કાપતાં તેના અધિષ્ટાયક વ્યંતરે ના પાડી, તો પણ તે સાહસથી તોડવા લાગ્યો. ત્યારે વ્યંતરે કોળીને કહ્યું. "વર માગ" તે કોળીના ઘરમાં તેની સ્ત્રીનું જોર હોવાથી તે સ્ત્રીને પૂછવા ગયો. માર્ગમાં તેનો એક (ધાંયજો) દોસ્ત મળ્યો, તેણે કહ્યું. "તું રાજ્ય માગ" તો પણ તેણે સ્ત્રીને પૂછયું. સ્ત્રી તુચ્છ સ્વભાવની હતી, તેથી એક વચન તેની બાદમાં આવ્યું તે આ રીતે:—

प्रवर्धमानः पुरुष स्त्रयाणालुपघातकृत् ॥
पूर्वोपार्जितमित्राणां, दाराणामथ वेश्मनाम् ॥ १ ॥

અર્થ:—પુરૂષ લક્ષ્મીના લાભથી ઘણો વધી જાય ત્યારે પોતાના જૂના દોસ્ત, સ્ત્રી અને ઘર એ ત્રણ વસ્તુને છોડી દેછે. એમ વિચારી તેણે ભર્તારને કહ્યું કે, "ઘણું દુઃખદાયિ રાજ્ય લઇને શું કરવું છે? બીજા બે હાથ અને એક મસ્તક માગ એટલે તહારાથી બે વસ્ત્ર સાથે વણાશે." પછી કોળીએ સ્ત્રીના કહ્યા પ્રમાણે માગ્યું, અને વ્યંતરે આપ્યું. પણ લોકોએ તેના વિચિત્ર સ્વરૂપે ગામમાં પેસતાંજ તે કોળીને રાક્ષસ સમજી લાકડાથી અને

પથ્થરથી મારી નાંખ્યો. અર્થાત્—જેને પોતાને અક્કલ નથી, તથા જે મિત્રનું કહેલું પણ માને નહિ અને સ્ત્રીના વશમાં રહે, તે મંથર કાળીની પેઠે નાશ પામે. ઉપર કહેલો પ્રકાર કવચિત્જ બને છે. માટે સુશિક્ષિત અને બુદ્ધિશાળી સ્ત્રી હોય તો તેની સલાહ મસલત લેવાથી ઉલટો ઘણો ફાયદોજ થાય છે. આ વાતમાં અનુપમદેવી અને વસ્તુપાળ તેજપાળનું દૃષ્ટાંત જાણવું. (૧૬)

सुकुलुग्गयाहिं परिणय-वयाहिं निच्छम्मवम्मनिरयाहिं ॥
सयणरमणीहिं पीइं, पाउणइ समाणधम्माहिं ॥ १७ ॥

અર્થ—સારા કુળમાં પેદા થએલી, પાકી વયના, કપટ વિનાની, ધર્મકરણી કરવામાં તત્પર, પોતાની સાધર્મિક અને પોતાનાં સગાં વહાલાંમાં આવેલી એવી સ્ત્રીઓની સાથે પોતાની સ્ત્રીની પ્રીતિ કરાવવી. સારા કુળમાં પેદા થએલીની સ્ત્રીની સાથે પ્રીતિ કરવાનું કારણ એ છે કે, ખરાબ કુળમાં પેદા થયેલી સ્ત્રીની સાથે સોબત કરવી એ કુળવાન સ્ત્રીઓને અપવાદનું મૂળ છે. (૧૭)

रोगाइसु नो विउलइ, सुसहाओ होइ धम्मकज्जेसु ॥
एमाइ पण इत्थियं, उचियं पायज्ज पुरिसस्स ॥ १८ ॥

અર્થ:—સ્ત્રીને રોગાદિક થાય તો તેની ઉપેક્ષા પુરૂષ ન કરે, તપસ્યા, ઉજમણું, દાન, દેવપૂજા, તીર્થયાત્રા આદી ધર્મકૃત્યોમાં સ્ત્રીને તેનો ઉત્સાહ વધારી ધન વગેરે આપીને સહાય્ય કરે, પણ અંતરાય ન કરે. કારણ કે, પુરૂષ સ્ત્રીના પુણ્યનો ભાગ લેનારો છે; તથા ધર્મકૃત્ય કરાવવું એજ પરમ ઉપકાર છે. પુરૂષનું સ્ત્રીના સંબંધમાં વગેરે ઉચિત આચરણ પ્રાયે જાણવું. (૧૮)

पुत्ते पइ पुण उचिअं, पिउणो लालेइ बालभावंमि ॥
उम्मीलिअबुद्धिगुणं, कलासु कुसलं कुणइ कमसो ॥ १९ ॥

હવે પુત્રના સંબંધમાં પિતાનું ઉચિત આચરણ કહીએ છીએ. પિતા બાલ્યાવસ્થામાં પૌષ્ટિક અન્ન, સ્વેચ્છાથી હરવું ફરવું, ભાતભાતનાં રમકડાં વગેરે ઉપાયથી પુત્રનું લાલન પાલન કરે, અને તેના બુદ્ધિના ગુણ ખીલી નીકળે ત્યારે તેને કલામાં કુશલ કરે. બાલ્યાવસ્થામાં પુત્રનું લાલન પાલન કરવાનું

કારણ એ છે કે, તે અવસ્થામાં તેનું શરીર જો શંકાએલું અને દૂબળ રહે તો તે કોઈ કાળે પણ પુષ્ટ ન થાય. માટેજ કહ્યું છે કે, પુત્ર પાંચ વર્ષનો થાય ત્યાં સુધી તેનું લાલન પાલન કરવું, તે પછી દસ વર્ષ સુધી અર્થાત્ પંદર વર્ષનો થાય ત્યાં સુધી તાડના કરવી, અને સોળમું વર્ષ બેઠા પછી પિતાએ પુત્રની સાથે મિત્રની પેઠે વર્તવું. (૧૯)

गुरुदेवधम्मसुहिसय-णपरिचयं कारवेइ निच्चं पि ॥
उत्तम लोएहिं समं, मित्तीभावं रयावेई ॥ २० ॥

અર્થ:—પિતાએ પુત્રને ગુરૂ, દેવ, ધર્મ, સુખી, તથા સ્વજન એમનો હમેશાં પરિચય કરાવવો. તથા સારા માણસોની સાથે તેને મૈત્રી કરાવવી. ગુરૂ આદિકનો પરિચય બાલ્યાવસ્થાથીજ હોય તો વજ્રકલચીરિની પેઠે હમેશાં મનમાં સારી વાસનાજ રહે છે. ઉત્તમ જાતના, કુલીન તથા સુશીલ લોકોની સાથે મૈત્રી કરી હોય તો કદાચ નશીબના વાંકથી ધન ન મળે તો પણ આવનારાં અનર્થ તો ટળી જાયજ એમાં શક નથી. અનાર્ય દેશમાં થએલા એવા પણ આર્દ્રકુમારને અભયકુમારની મૈત્રી તેજ ભવમાં સિદ્ધિને અર્થે થઇ. (૨૦)

गिण्हावेइ अ पाणिं, समाणकुलजम्मरूवकन्नाणं ॥
गिहभारंमि निजुंजइ, पहुत्तणं विअरइ कमेण ॥ २१ ॥

અર્થ:—પિતાએ પુત્રને કુળથી, જન્મથી અને રૂપથી બરાબર હોય એવી કન્યા પરણાવવી. તેને ઘરના કાર્યભારમાં જોડવો, તથા અનુક્રમે તેને ઘરની માલકી સોંપવી. " કુળથી, જન્મથી અને રૂપથી બરાબર હોય એવી કન્યા પરણાવવી" એમ કહેવાનું કારણ એ છે કે, કજોડ સ્ત્રી સાથે ભર્તારનો યોગ થાય તો તેમનો તે ગૃહવાસ નથી, પણ માત્ર વિટંબણા છે; તથા એક બીજા ઉપરનો રાગ ઉતરી જાય તો કદાચ બન્ને જણા અનુચિત કૃત્ય કરે એવો પણ સંભવ છે. આ વિષય ઉપર એક દૃષ્ટાંત સંભળાય છે તે એ કે:—

ભોજરાજાના રાજ્યમાં આવેલી ધારાનગરીની અંદર એક ઘરમાં ઘણો કુરૂપ અને નિર્ગુણી એવો પુરૂષ તથા અતિ રૂપવતિ અને ગુણવાન એવી સ્ત્રી હતી. બીજા ઘરમાં તેથી ઉલટું એટલે પુરૂષ સારો અને સ્ત્રી

બેશીકલ્લ હતી. એક સમયે બન્ને જણાના ઘરમાં ચોરે ખાતર પાડયું, અને બન્ને કજોડાને જોઇ કાંઇ ન બોલતાં સુરૂપ સ્ત્રી સુરૂપ પુરૂષ પાસે, અને કુરૂપ સ્ત્રી કુરૂપ પુરૂષ પાસે ફેરવી નાંખી. જ્યાં સુરૂપને સુરૂપનો યોગ થયો, તે બન્ને સ્ત્રી પુરૂષ પ્રથમ ઘણા ઉદ્વિગ્ન રોતા હતા તે હર્ષ પામ્યા; પણ જેને કુરૂપ સ્ત્રીનો યોગ થયો, તેણે રાજસભામાં વિવાદ ચલાવ્યો. રાજાએ ડંડેરો પીટાવ્યો ત્યારે ચોરોએ આવીને કહ્યું કે, "હે મહારાજ! રાત્રિને વિષે પરદ્રવ્યનો અપહાર કરનારા અમે વિધાતાની ભૂલ સુધારી, એક રત્નનો બીજા રત્નની સાથે યોગ કર્યો." ચોરનું વચન સાંભળી હસનારા રાજાએ તેજ વાત પ્રમાણ કરી.

વિવાહના ભેદ વગેરે આગળ કહેવાશે. "તેને ઘરના કાર્યભારમાં જોડવો." એમ કહેવાનું કારણ એ છે કે, ઘરના કાર્યભારમાં જોડાયલો પુત્ર હમેશાં ઘરની ચિંતામાં રહેવાથી સ્વચ્છંદી અથવા મદોન્મત્ત ન થાય તેમજ ઘણાં દુઃખ સહન કરી ધન કમાવવું પડે છે, એ વાતનો જાણ થઇ અનુચિત વ્યય કરવાનું મનમાં ન લાવે. "ઘરની ગાલકી સોંપવી" એમ કહ્યું તેનું કારણ એ છે કે, મ્હોટા લોકોએ યોગ્ય કાર્ય ન્હાનાને માથે નાખવાથી ન્હાનાની પ્રતિષ્ઠા થાય છે. ઘરનો કાર્યભાર સારી પરીક્ષા કરીને ન્હાનો પુત્ર યોગ્ય હોય તો તેને માથેજ નાખવો. કારણ કે, તેમ કરવાથીજ નિર્વાહ થવાનો, તથા તેથી શોભા વગેરે વધવાનો પણ સંભવ છે. પ્રસેનજિત રાજાએ પહેલા સર્વે પુત્રોની પરીક્ષા કરી સોમો પુત્ર જે શ્રેણિક તેને માથેજ રાજ્ય સોંપ્યું. પુત્રની પેઠેજ પુત્રી, ભત્રીજા વગેરેના સંબંધમાં પણ યોગ્યતા માફક ઉચિત આચરણ કરવાનું જાણવું. તેમજ પુત્રની વહુના સંબંધમાં પણ સમજવું. જૈન ધનશ્રેષ્ઠીએ ચોખાના પાંચ દાણા આપી પરીક્ષા કરી, ચોથી વહૂ રોહિણીનેજ ઘરની સ્વામિની કરી, તથા ઉજ્ઝિતા, ભોગવતી અને રક્ષિતા એ ત્રણે મ્હોટી વહૂઓને અનુક્રમે છાણ વગેરે કાઢવાનું, રાંધવાનું તથા ભંડારનું કામ સોંપ્યું. (૨૧)

पञ्चरकं न पसंसइ, वसणोवहयाण कहइ दुरवच्छं ॥
आयं वयमवसेसं, च सोहए सयमिमेहिंतो ॥ २२ ॥

અર્થ:--પિતા પુત્રની તેના દેખતાં પ્રશંસા ન કરે, કદાચ

પુત્ર વ્યસનમાં સપડાય એમ હોય તો તેને દ્યુતાદિ વ્યસનથી થતો ધનનો નાશ, લોકમાં અપમાન, તર્જના, તાડના આદી દુર્દશા સંભળાવે, તેથી તે વ્યસનમાં સપડાતો અટકે છે. તથા લાભ ખરચ અને શિલક એ ત્રણે પુત્ર પાસેથી તપાસી લે. તેથી તે સ્વચ્છંદી થતો નથી, તથા પોતાની મહોટાઇ રહે છે. "પુત્રની તેના દેખતાં પ્રશંસા ન કરે" એમ કહેવાનું કારણ એ છે કે, પહેલાં તો પુત્રની પ્રશંસાજ ન કરવી. કહ્યું છે કે—ગુરૂની તેમના મુખ આગળ, મિત્રોની તથા બાંધવોની તેમની પછવાડે, દાસની તથા ચાકરની તેમનું કામ સારૂં નીવડે ત્યારે, તથા સ્ત્રીઓની તેઓ મરી ગયા પછી સ્તુતિ કરવી. પણ પુત્રની તો બિલકુલ સ્તુતિ કરવી જ નહીં. એમ છતાં તે વગર ન ચાલે તો સ્તુતિ કરવી; પણ પ્રત્યક્ષ ન કરવી. કારણ કે, તેથી તેના ગુણ આગળ વધતા અટકે છે, અને વૃથા અહંકાર વગેરે આવે છે. (૨૨)

दंसेइ नरिंदसभं, देसंतरभावपयडणं कुणइ ॥
इच्चाइ अवच्चगयं, उचिअं पिउणो मुणेअव्वं ॥ २३ ॥

અર્થઃ—પિતાએ પુત્રને રાજસભા દેખાડવી, તથા પરદેશના આચાર અને વ્યવહાર પણ પ્રકટપણે દેખાડવા. પિતાનું પુત્રના સંબંધમાં વગેરે ઉચિત આચરણ જાણવું. રાજસભા દેખાડવાનું કારણ એ છે કે, રાજસભાનો પરિચય ન હોય તો કોઇ વખતે દુર્દૈવથી ઓચિંતું કાંઇ દુઃખ આવી પડે ત્યારે તે કાયર થાય, તથા પારકી લક્ષ્મી જોઇ અદેખાઇ કરનારા શત્રુઓ તેને નુકશાનમાં નાખે. કેમ કે—રાજદરબારે જવું, રાજાના માનીતા લોકો જોવા, તેથી કાંઇ અર્થલાભ ન થાય તો પણ અનર્થનો નાશ તો થાયજ. માટે રાજસભાનો અવશ્ય પરિચય કરાવવો. પરદેશના આચાર તથા વ્યવહાર દેખાડવાનું કારણ એ છે કે, પરદેશના આચાર વ્યવહારનું જ્ઞાન ન હોય, અને કારણ પડેથી ત્યાં જવું પડે તો ત્યાંના લોકો એને પરદેશી જાણીને સહજ વારમાં વ્યસનના ખાડામાં નાંખી દે. માટે પરદેશના આચાર વ્યવહાર દેખાડવા. પિતાની પેઠે માતાએ પણ પુત્રના સંબંધમાં તથા પુત્રની વહૂના સંબંધમાં સંભવ માફક ઉચિત આચરણ સાચવવું. માતાએ ઓરમાઇ પુત્રના સંબંધમાં વિશેષ ઉચિત આચરણ સાચવવું, કા-

રણ કે, તે પ્રાયે સહજમાં પોતાને કાંઇ ઓછું પડયું એમ માનનારો હોય છે. આ વિષયમાં સાવકી માએ આપેલી અડદની રાબડી ઓકનાર પુત્રનો દાખલો જાણવો. (૨૩)

सयणाणसमुचिअमिणं, जं ते निअगेहवुड्ढिकज्जेसु ॥
संमाणिज्ज सयावि हु, करिज्ज हाणीसु वि समीवे ॥२४॥

અર્થ:—પિતાના, માતાના તથા સ્ત્રીના પક્ષના લોકો સ્વજન કહેવાય છે. તેમના સંબંધમાં પુરૂષનું ઉચિત આચરણ આ રીતે છે. પોતાના ઘરમાં પુત્રજન્મ તથા વિવાહ સગાઈ આદી મંગળકાર્ય હોય ત્યારે તેમનો હમેશાં આદર સત્કાર કરવો. તેમજ તેમને માથે કાંઇ નુકસાન આવી પડે ત્યારે તેમને પોતાની પાસે રાખવા.

सयमावि तेसिं वसणू, सवेसु होअव्वमंतिअंमि सया ॥
खीणविहवाण रोगा, उराण कायव्वमुद्धरणं ॥ २५ ॥

અર્થ:—સ્વજનોને માથે કાંઇ સંકટ આવે, અથવા તેમને ત્યાં કાંઇ ઉત્સવ હોય તો પોતે પણ હમેશાં ત્યાં જવું. તથા તેઓ નિર્ધન અથવા રોગાતુર થાય તો તેમનો તે સંકટમાંથી ઉદ્ધાર કરવો. કેમકે–રોગ, આપદા દુકાળ તથા શત્રુનું સંકટ માથે આવે છતે તથા રાજદ્વારે અને સ્મશાને જવાને અવસરે જે સાથે રહે તે બાંધવ કહેવાય. સ્વજનનો ઉદ્ધાર કરવો તે ખરેખર જોતાં પોતાનોજ ઉદ્ધાર કરવા બરાબર છે. કેમકે, રહેંટના ઘડા જેમ ભરાય છે, અને ખાલી થાય છે તેમજ માણસ પણ પૈસાદાર અને દરિદ્રી થાય છે. કોઇની દરિદ્રી અથવા પૈસાવાળી અવસ્થા ચિરકાળ ટકતી નથી. માટે કદાચ દુર્દૈવથી આપણે માથે માઠી અવસ્થા આવી પડે તો પૂર્વે આપણે જેમના ઉપર ઉપકાર કર્યા હોય, તેઓજ આપણો આપદાથી ઉદ્ધાર કરે. માટે અવસર આવે સ્વજનોનો સંકટમાંથી ઉદ્ધાર કરવોજ. (૨૫)

खाइज्ज पिठिमंसं, न तेसि कुज्जा न सुक्कफलहं च ॥
तदमित्तेहिं मित्ति, न करिज्ज करिज्ज मित्तेहिं ॥ २६ ॥

અર્થ:—પુરૂષે સ્વજનોની પરપૂંઠે નિંદા ન કરવી; તેમની સાથે મશ્કરી વગેરેમાં પણ વગર કારણે શુષ્ક વાદ ન કરવો. કારણ કે, તેથી ઘણા કાળની પણ પ્રીતિ તૂટી જાય છે. તેમના શત્રુની સાથે દોસ્તી ન કરે, તથા

તેમના મિત્રની સાથે મૈત્રી કરે.

तयभावे तग्गेहं, न वइज्ज चइज्ज अच्छ संबंधं ॥
गुरुदेवधम्मकज्जे, सु एकचित्तेहिं होअव्वं ॥ २७ ॥

અર્થ:—પુરૂષે સ્વજન ઘરમાં ન હોય, અને તેના કુટુંબની એકલી સ્ત્રીઓજ ઘરમાં હોય, તો તેના ઘરમાં પ્રવેશ ન કરવો, તેમની સાથે પૈસાનો વ્યવહાર ન કરવો, તથા દેવનું, ગુરૂનું અથવા ધર્મનું કાર્ય હોય તો તેમની સાથે એકદિલ થવું. સ્વજનોની સાથે પૈસાનો વ્યવહાર ન કરવાનું કારણ એ છે કે, તેમની સાથે વ્યવહાર કરતાં પ્રથમ જરાક એમ લાગે છે કે, એથી પ્રીતિ વધે છે; પણ પરિણામે તેથી પ્રીતિને બદલે શત્રુપણું વધે છે. કહ્યું છે કે—જ્યાં ઘણી પ્રીતિ રાખવાની ઈચ્છા હોય ત્યાં ત્રણ વાતો ન કરવાં. એક વાદવિવાદ, બીજો પૈસાનો વ્યવહાર અને ત્રીજું તેની પછવાડે તેની સ્ત્રીની સાથે ભાષણ. ધર્માદિક કાર્યમાં એકદિલ થવાનું કારણ એ છે કે, સંસારી કામમાં પણ સ્વજનોની સાથે એકદિલપણું રાખવાથીજ પરિણામ સારૂં આવે છે. તો પછી જિનમંદિર આદી દેવાદિકના કાર્યમાં તો જરૂર એકદિલપણું હોવુંજ જોઇએ. કેમ કે, તેવાં કાર્યોનો આધાર સર્વ સંઘના ઉપર છે. અને તે સર્વ સંઘના એકદિલથી થાય તેમાંજ નિર્વાહ તથા શોભા વગેરેનો સંભવ છે. માટે તે કાર્યો સર્વની સંમતિથી કરવાં. સ્વજનોની સાથે એકદિલ રાખવા ઉપર પાંચ આંગળીઓનો દાખલો છે, તે નીચે પ્રમાણે છે:—

પ્રથમ તર્જની (અંગૂઠાની બ્હેડેની) આંગળી લખવામાં તથા ચિત્રકલા વગેરે સર્વ કાર્યોમાં પ્રથમ હોવાથી તથા વસ્તુ દેખાડવામાં, ઉત્તમ વસ્તુનાં વખાણ કરવામાં, વાળવામાં અને ચપટી વગેરે ભરવામાં ડાહી હોવાથી અહંકાર પામી મધ્યમા (વચલી) આંગળીને કહે છે. "તારામાં શા ગુણ છે?" મધ્યમાએ કહ્યું. "હું સર્વ આંગળીઓમાં મુખ્ય, મ્હોટી અને મધ્ય ભાગમાં રહેનારી છું. તંત્રી, ગીત, તાલ, વગેરે કળામાં કુશળ છું, કાર્યની ઉત્પત્તિ જણાવવા માટે અથવા હોય, છળ વગેરેનો નાશ કરવાને માટે ચપટી વગાડું છું, અને ટચકારાથી શિક્ષા કરનારી છું." એમજ ત્રીજી આંગળીને પૂછ્યું ત્યારે તેણે કહ્યું, "દેવ, ગુરૂ, સ્થાપના-

આર્ય, સાધર્મિક વગેરેની નવાંગ ચંદનપૂજા, મંગલીક, સ્વસ્તિક, નંદાવર્ત વગેરે કરવાનું; તથા જળ, ચંદન, વાસક્ષેપ ચૂર્ણ વગેરેનું અભિમંત્રણ કરવું મ્હારા તાબામાં છે." પછી ચોથી આંગળીને પૂછયું ત્યારે તેણે કહ્યું કે, " હું પાતળી હોવાથી દાનની અંદર ખણવા આદી જીણાં કામો કરી શકું છું, શરીરે દુઃખ આવે છેદાદિ પીડા સહું છું, શાકિની વગેરેના ઉપદ્રવ દૂર કરું છું, જપ વગેરે કરવામાં પણ અગ્રેસર છું." તે સાંભળી ચારે આંગળીઓએ માંહો માંહે મિત્રતા કરી અંગૂઠાને પૂછયું કે, " તમારામાં શા ગુણ છે?" અંગૂઠે કહ્યું, "અરે ઓ ! હું તો તમારો ધણી છું ! જૂઓ લખવું, ચિત્રામણ કરવું, કોળિયો વાળવો, ચપટી વગાડવી, ટચકારો કરવો, મૂઠી વાળવી, ગાંઠ વાળવી, દ્રવ્યિયાર વગેરે વાપરવાં, દાઢી મૂછ સમારવી, તથા કાતરવી, કાતરવું, લોચ કરવો, પીંજવું, વણવું, ધોવું, ખાંડવું, દળવું, પિરસવું, કાંટા કાઢવો, ગાયો વગેરે દોહવી, જપની સંખ્યા કરવી, વાળ અથવા પૂલ ગૂંથવાં, પુષ્પ પૂજા કરવી, વગેરે કાર્યો મ્હારા વિના થતાં નથી. તેમજ વૈરીનું ગળું પકડવું, તિલક કરવું, શ્રીજિનામૃતનું પાન કરવું, અંગૂઠ પ્રશ્ન કરવો વગેરે કાર્યો એકલા મ્હારાથીજ થાય છે" તે સાંભળી ચારે આંગળીઓ અંગૂઠાનો આશ્રય કરી સર્વે કાર્યો કરવા લાગી. (૨૭)

एमाई सयणोचिअ, मह धम्मायरिअ सम्मुचिअं भणिमो ॥
भत्तिबहुमाणपुव्वं, तेसिं तिसं झंपि पणिवाओ ॥ २८ ॥

અર્થઃ—સ્વજનના સંબંધમાં ઉપર કહ્યું વગેરે ઉચિત આચરણ જાણવું. હવે ધર્માચાર્યના સંબંધમાં ઉચિત આચરણ કહીએ છીએ. પુરૂષે દરરોજ ત્રણ ટંક ભક્તિથી તથા શરીર વડે અને વચન વડે બહુ માનથી ધર્માચાર્યને વંદના કરવી. ૨૮

तद्दंसिअनिद्दिष्ट, आवस्सयपमुहकिच्चकरणं च ॥
धम्मोवएससवणं, तदंतिए सुद्धसद्धाए ॥ २९ ॥

અર્થઃ—ધર્માચાર્યે દેખાડેલી રીત પ્રમાણે આવશ્યક વગેરે કામો કરવાં, તથા તેમની પાસે શુદ્ધ શ્રદ્ધાથી ધર્મોપદેશ સાંભળવો. (૨૯)

आएसं बहु मन्नइ, इमेसिं मणसा वि कुणइ नावन्नं ॥
रुंभइ अवन्नवायं, थुइवायं पयडइ सया वि ॥ ३० ॥

અર્થ:—ધર્માચાર્યના આદેશનું બહુમાન કરે, એમની મનથી પણ અવજ્ઞા ન કરે. અધર્મી લોકોએ કરેલો ધર્માચાર્યના અવર્ણવાદને પોતાની શક્તિ માફક રોકે; પણ ઉપેક્ષા ન કરે. કહ્યું છે કે—મોટાઓની નિંદા કરનારજ કેવળ પાપી નથી, પણ તે નિંદા સાંભળનાર પણ પાપી છે. તથા ધર્માચાર્યનો સ્તુતિવાદ હમેશાં કરે. કારણ કે, સમક્ષ અથવા પાછળ ધર્માચાર્યની પ્રશંસા કરવાથી અસંખ્ય પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે. (૩૦)

न हवइ छिद्दप्पेही, सुहिव्व अणुअत्तए सुहदुहेसु ॥
पडिणीअपच्चवायं, सव्वपयत्तेण वारेइ ॥ ३१ ॥

અર્થ:—ધર્માચાર્યનાં છિદ્ર ન જોવાં, સુખમાં તથા દુઃખમાં મિત્રની પેઠે તેમને અનુવર્તવું, તથા પ્રત્યનીક લોકોએ કરેલા ઉપદ્રવને પોતામાં જેટલી શક્તિ હોય, તેટલી શક્તિથી વારવા. અહિં કોઈ શંકા કરે કે, "પ્રમાદથી રહિત એવા ધર્માચાર્યમાં છિદ્રોજ ન હોય, ત્યારે તે ન જોવાં એમ કહેવું વ્યર્થ છે. તથા મમતા રહિત ધર્માચાર્યની સાથે મિત્રથી પેઠે શી રીતે વર્તવું," એનો જવાબ—" ખરી વાત છે, ધર્માચાર્ય તો પ્રમાદથી અને મમતાથી રહિતજ છે, પણ જૂદી જૂદી પ્રકૃતિના શ્રાવકોને પોતાની પ્રકૃતિના અનુસારથી ધર્માચાર્યને વિષે પણ જૂદા જૂદા ભાવ ઉત્પન્ન થાય છે. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે—હે ગૌતમ ! ચાર પ્રકારના શ્રાવક કહ્યા છે. એક માતા પિતા સમાન, બીજા ભાઇ સમાન, ત્રીજા મિત્ર સમાન, ચોથા શોક્ય સમાન. " વગેરે આ ગ્રંથમાં પૂર્વે કહી ગયા છીએ. પ્રત્યનીક લોકોએ કરેલો ઉપદ્રવ દૂર કરવાના સંબંધમાં કહ્યું છે કે, સાધુઓનો, જિનમંદિરનો તથા વિશેષે કરી જિનશાસનનો કોઈ વિરોધી હોય, અથવા કોઇથી અવર્ણવાદ બોલતો હોય, તો તેને સર્વ શક્તિથી વારવો. " આ વિષય ઉપર ભગીરથ નાગના સગર ચક્રવર્તીના પોત્રાનો જીવ કુંભાર, કે જેણે પ્રાંત ગામના રહીશ સાઠ હજાર લોકોએ કરેલા ઉપદ્રવથી પીડાયલા યાત્રાએ જનાર સંઘનો ઉપદ્રવ ટાળ્યો હતો તેનો દાખલો જાણવો. (૩૧)

खलिअंमि चोइओ गुरु, जणेण मन्नइ तहत्ति सव्वं पि ॥
चोएइ गुरु जणं पि हु, पमायखलिएसु एगंते ॥ ३२ ॥

અર્થ:—પુરૂષે પોતાનો કાંઇ અપરાધ થએ છતે ધર્માચાર્ય શીખામણ દે ત્યારે "આપ કહો તે યોગ્ય છે" એમ કહી સર્વ કબુલ કરવું. કદાચ ધર્માચાર્યની કાંઇક ભૂલ જણાય તો તેમને એકાંતમાં "મહારાજ, આપ જેવા ચારિત્રવંતને આ વાત ઉચિત છે કે?" એમ કહે. (૩૨)

कुणइ विणओवयारं, भत्तीए समयसमुचिअं सव्वं ॥
गाढं गुणाणुरायं निम्मायं वहइ हिअयंमि ॥ ३३ ॥

અર્થ:—શિષ્યે સામું આવવું, ગુરૂ આવે ત્યારે ઉઠવું, આસન આપવું, પગચંપી કરવી, તથા શુદ્ધ એવાં વસ્ત્ર, પાત્ર, આહાર આદિનું દાન વગેરે સમયને ઉચિત એવો સર્વ વિનય સંબંધી ઉપચાર ભક્તિથી કરવો. અને પોતાના હૃદયમાં ધર્માચાર્યને વિષે દૃઢ તથા કપટ રહિત અનુરાગ ધારણ કરવો. (૩૩)

भावोवयारमेसिं, देसंतरिओ वि सुमरइ सया वि ॥
इअ एवमाइगुरुजण, समुचिअमुचिअं गुणेयव्वं ॥ ३४ ॥

અર્થ:—પુરૂષ પરદેશમાં હોય તો પણ ધર્માચાર્યે કરેલા સમ્યક્ત્વ દાન આદી ઉપકારને નિરંતર સંભારે. ધર્માચાર્યના સંબંધમાં ઇત્યાદિ ઉચિત આચરણ જાણવું. (૩૪)

जच्छ सयं निवसिज्जइ, नयरे तच्छेव जे किर वसंति ॥
ससमाणवत्तिणो ते, नायरया नाम वच्चंति ॥ ३५ ॥

અર્થ:—પુરૂષ જે નગરમાં પોતે રહેતો હોય, તેજ નગરમાં બીજા જે વણિકવૃત્તિએ આજીવિકા કરનારા લોકો રહેતા હોય, તે "નાગર" એવા નામથી કહેવાય છે. (૩૫)

समुचिअमिणमोतेसिं, जमेगचित्तेहिं समसुहदुहेहिं ॥
वसणूसवतुल्लगमा, गमेहिं निच्चं पि होअव्वं ॥ ३६ ॥

અર્થ:—નાગર લોકોના સંબંધમાં યોગ્ય આચરણ આ રીતે જાણવું. પુરૂષે તેમને—નગરમાં રહેનાર લોકોને-દુઃખ આવે પોતે દુઃખી થવું, તથા સુખ આવે પોતે સુખી થવું. તેમજ તેઓ સંકટમાં હોય તો પોતે પણ સંકટમાં પડયા હોય એમ વર્તવું. તથા તેઓ ઉત્સવમાં હોય તો પોતે પણ ઉત્સવમાં રહેવું. એમ ન કરતાં એક નગરમાં રહેલા સરખા ધંધાના લોકો

જો કુસંપમાં રહે, તો રાજાના અધિકારીઓ તેમને, શીકારીઓ જેમ મૃગલાઓને જાળમાં ફસાવે છે, તેમ સંકટમાં ઉતારે. (૩૬)

कायव्वं कज्जे वि हु, न इक्कमिक्केण दंसणं पहुणो ॥
कज्जो न मंतभेओ, पेसुन्नं परिहरेअव्वं ॥ ३७ ॥

અર્થઃ—મ્હોટું કાર્ય હોય તો પણ પોતાની મ્હોટાઇ વધારવા સારૂ સર્વે નાગરોએ રાજાની ભેટ લેવા જૂદા જૂદા ન જવું. કાંઇ કામની છાની મસલત કરી હોય તો તે ઉઘાડી ન પાડવી. તથા કોઇએ કોઇની ચાડી ન કરવી. એકેક જણ જૂદો જૂદો રાજાને મળવા જાય તો તેથી બીજાના મનમાં વૈર વગેરે પેદા થાય છે. માટે સર્વેએ ભેગા થઇને જવું. તથા સર્વેની યોગ્યતા સરખી હોય તો પણ યવનની પેઠે કોઇને પણ મુખ્ય કરી સર્વેએ તેની પછવાડે રહેવું; પણ રાજાના હુકમથી મંત્રીએ પરીક્ષા કરવાને અર્થે આપેલી એક શય્યા ઉપર સર્વે સુવાને માટે વિવાદ કરનારા પાંચસો મૂર્ખની પેઠે કુસંપથી રાજાની ભેટ લેવા અથવા તેને વિનતિ વગેરે કરવા ન જવું. કેમકે—ગમે એવી અસાર વસ્તુ હોય તો પણ તે જો ઘણી ભેગી થાય, તો તેથી જય થાય છે. જુઓ, તૃણના સમુદાયથી બનેલું દોરડું હાથીને પણ બાંધે છે. મસલત બહાર પાડવાથી કાર્ય ભાગી પડે છે, તથા વખતે રાજાનો કોપ વગેરે પણ થાય છે. માટે ગુપ્ત મસલત બહાર ન પાડવી. માંહોમાંહે ચાડી કરવાથી રાજા આદિ અપમાન તથા વખતે દંડ વગેરે પણ કરે. તથા સરખા ધંધાવાળા લોકોનું કુસંપમાં રહેવું નાશનું કારણ છે. કહ્યું છે કે—એક પેટવાળા, એ ડોકવાળા અને જૂદાં જૂદાં ફળની ઇચ્છા કરનારા ભારંડ પક્ષિની પેઠે કુસંપમાં રહેનારા લોકોનો નાશ થાય છે. જે લોકો એક બીજાનાં મર્મોનું રક્ષણ કરતા નથી તે રાફડામાં રહેલા સર્પની પેઠે મરણ પર્યંત દુઃખ પામે છે. (૩૭)

समुवठिए विवाए, तुलासमाणेहिं चेव ठायव्वं ॥
कारण सावित्तेहिं, विद्धणेअव्वो न नयमग्गो ॥ ३८ ॥

અર્થઃ—કાંઇ વિવાદ ઉત્પન્ન થાય તો ત્રાજુઆં સમાન રહેવું: પણ સ્વજન સંબંધી તથા પોતાની જ્ઞાતિના લોકો ઉપર ઉપકાર કરવાની અ-

થવા લાંચ ખાવાની ઇચ્છાએ ન્યાયમાર્ગનું ઉલ્લંઘન ન કરવું. (૩૮)

बलिएहिं दुब्बल जणो, सुंककराईहिं नाभिभवियव्वो ॥
सेवावराह दोसे, वि दंडभूमिं न नेअव्वो ॥ ३९ ॥

અર્થ:—પ્રબળ લોકોએ દુર્બળ લોકોને ઘણા દાણ, કર, રાજદંડ વગેરેથી સતાવવા નહીં. તથા થોડો અપરાધ હોય તો એકદમ તેનો દંડ ન કરવો. દાણ, કર વગેરેથી પીડાયલા લોકો માંહોમાંહે પ્રીતિ ન હોવાથી સંપ મૂકી દે છે. સંપ ન હોય તો ઘણા બલિષ્ટ લોકો પણ વગડામાંથી જૂદા પડેલા સિંહની પેઠે જ્યાં ત્યાં પરાભવજ પામે છે માટે માંહોમાંહે સંપ રાખવો એજ સારૂં છે. કેમકે—માણસોનો સંપ સુખકારી છે. તેમાં પણ પોત પોતાના પક્ષમાંનો અવશ્ય સંપ હોવોજ જોઇએ. જુઓ ફોતરાથી પણ જૂદા પડેલા ચોખા ઉગતા નથી. જે પર્વતોને ફોડી નાંખે છે, તથા ભૂમિને પણ વિદારે છે, તે જળના પ્રવાહને તૃણનો સમુદાય રોકે છે. એ સંપનો મહિમા છે. (૩૯)

कारणिएहिं पि समं, कायव्वो ता न अच्छसंबंधो ॥
किं पुण पहुणा सद्धिं, अप्पहिअं अहिल्लसंतेहिं ॥ ४० ॥

અર્થ:—પોતાનું હિત ઇચ્છનારા લોકોએ રાજાના, દેવસ્થાનના અથવા ધર્મખાતાના અધિકારી તથા તેમના હાથ નીચેના લોકોની સાથે લેણ દેણનો વ્યવહાર ન કરવો, અને જ્યારે આમ છે તો રાજાની સાથે વ્યહવાર નજ કરવો એમાં તો કહેવુંજ શું? રાજાના અધિકારીઓ વગેરેની સાથે વ્યવહાર ન કરવાનું કારણ એ છે કે, તે લોકો ધન લેવું હોય તે વખતે માત્ર પ્રાયે પ્રસન્ન મુખથી વાર્તાલાપ કરી તથા તેમને ત્યાં ગએ બેસવા આસન, પાનબીડાં આદિ આપી બોટા-દેખાડાનો ભભકો દેખાડે છે, અને ભલાઇ ઉઘાડી કરે છે. પણ અવસર આવે ખરૂં લહેણું માગીએ, ત્યારે "અમે ફલાણું તમારૂં કામ નહોતું કર્યું?" એમ કહી પોતે કરેલો તલના ફોતરા સરખો યત્કિંચિત્ માત્ર ઉપકાર પ્રકટ કરે છે, અને પૂર્વના દાક્ષિણ્યને તેજ વખતે મૂકી દે છે. એવો તેમનો સ્વભાવજ છે. કહ્યું છે કે—૧ બ્રાહ્મણમાં ક્ષમા, ૨ માતામાં દ્વેષ, ૩ ગણિકામાં પ્રેમ અને ૪ અધિકારીઓમાં દાક્ષિણ્યપણું એ ચારે અરિષ્ટ જાણવાં. એટલુંજ

નહીં, પણ તે ઉલટા લેણદારને ખોટા તહોમતમાં લાવી રાજા પાસે શિક્ષા કરાવે છે. કહ્યું છે કે—લોકો પૈસાદાર માણસ ઉપર ખોટાં તહોમત મૂકી તેને હેરાન કરે છે; પણ નિર્ધન માણસ અપરાધી હોય, તો પણ તેને કોઇ કેકાણે નુકસાન થતું નથી. રાજાની સાથે ધનનો વ્યવહાર ન રાખવાનું કારણ એ કે, કોઇ સામાન્ય ક્ષત્રિ પાસે પણ લહેણું માગીએ તો તરવાર દેખાડે છે, તો પછી સ્વભાવથીજ ક્રોધી એવા રાજાઓની શી વાત કહેવી? આ રીતે સરખો ધંધો કરનારા નાગર લોકના સંબંધમાં ઉચિત આચરણ કહ્યું. સરખો ધંધો ન કરનારા નાગર લોકોની સાથે પણ ઉપર કહ્યા પ્રમાણેજ યથાયોગ્ય રીતે વર્તવું. (૪૦)

एअं परुप्परं ना, यराण पाएण समुचिआचरणं ॥
परतिच्छिआण समुचिअ, मह किं पि भणामि लेसेणं ॥ ४१ ॥

અર્થ:—નાગર લોકોએ એક બીજાની સાથે શી રીતે ઉચિત આચરણ કરવું, તે કહ્યું. હવે, અન્યદર્શની લોકોની સાથે શી રીતે ઉચિત આચરણ કરવું તે કહીએ છીએ. (૪૧)

एएसि तिच्छिआणं, भिख्खट्ठमुवट्ठिआण निअगेहे ॥
कायव्वमुचिअकिच्चं, विसेसओ रायमहिआणं ॥ ४२ ॥

અર્થ:—અન્યદર્શની ભિક્ષુકો આપણે ઘેર ભિક્ષાને અર્થે આવે તો તેમને યથાયોગ્ય દાન આદિ આપવું. તેમાં પણ રાજાના માનનીક એવા અન્યદર્શની ભિક્ષાને અર્થે આવે તો તેને વિશેષે કરી દાન અવશ્ય આપવું. (૪૨)

जइ वि न मणंमि भत्ती, न पख्खवाओ अ तग्गयगुणेसु ॥
उचिअं गिहागएसुं, ति तह वि धम्मो गिहीण इमो ॥ ४३ ॥

અર્થ:—જો શ્રાવકના મનમાં અન્યદર્શનીને વિષે ભક્તિ નથી, તેના ગુણને વિષે પક્ષપાત નથી તો પણ ઘેર આવેલાનું યોગ્ય આદરમાન કરવું એ ગૃહસ્થનો ધર્મ છે. (૪૩)

गेहागयाणमुचिअं, वसणावडीआण तह समुद्धरणं ॥
दुहिआण दया एसो, सव्वेसिं संमओ धम्मो ॥ ४४ ॥

અર્થ—ઘેર આવેલાની સાથે ઉચિત આચરણ કરવું, એટલે જેની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે તેની સાથે મધુર ભાષણ

કરવું, તેને બેસવા આસન આપવું, આસનાદિકને માટે નિમંત્રણ કરવું, કયા કારણથી આવવું થયું ? તે પૂછવું તથા તેનું કામ કરવું, વગેરે યોગ્ય આચરણ જાણવું. તથા સંકટમાં પડેલા લોકોને તેમાંથી કાઢવા. અને દીન, અનાથ આંધળા, બહેરા, રોગી વગેરે દુઃખી લોકો ઉપર દયા કરવી, તથા તેમને પોતાની શક્તિ પ્રમાણે મદદ કરી તે દુઃખમાંથી કાઢવા. એ ધર્મ સર્વ દર્શનીઓને સમ્મત છે. અહિં શ્રાવકોને એ લૌકિક ઉચિત આચરણ કરવાનું કહ્યું, એનું કારણ એ છે કે, જે માણસો ઉપર કહેલું લૌકીક ઉચિત આચરણ કરવામાં પણ કુશળ નથી, તેઓ લોકોત્તર પુરૂષની સૂક્ષ્મ બુદ્ધિથી ગ્રહણ કરાય એવા જૈનધર્મને વિષે શી રીતે કુશળ થાય. માટે ધર્માર્થી લોકોએ અવશ્ય ઉચિત આચરણ કરવામાં નિપુણ થવું. બીજે સ્થળે પણ કહ્યું છે કે, સર્વ ઠેકાણે ઉચિત આચરણ કરવું, ગુણ ઉપર અનુરાગ રાખવો, દોષને વિષે મધ્યસ્થપણું રાખવું અને જિનવચનને વિષે રૂચિ રાખવી, એ સમ્યગ્દૃષ્ટિનાં લક્ષણ છે. સમુદ્રો પોતાની મર્યાદા મૂકતા નથી, પર્વતો ચલાયમાન થતા નથી, તેમ ઉત્તમ પુરૂષો પણ કોઈ વખતે પણ ઉચિત આચરણો છોડતા નથી. માટે જગતના ગુરૂ એવા તીર્થંકરો પણ ગૃહસ્થપણામાં માતા પિતાના સંબંધમાં અભ્યુત્થાન (મ્હોટા પુરૂષ આવે આદરથી ઉભું રહેવું) વગેરે કરે છે." આ રીતે નવ પ્રકારનું ઉચિત આચરણ કહ્યું. (૪૪)

અવસરે કહેલાં યોગ્ય વચનથી ઘણો લાભ થાય છે. જેમ આંબડ મંત્રીએ મલ્લિકાર્જુનને જીતીને ચૌદ કરોડ મૂલ્યના મોતીના ભરેલા છ મૂડા, એકેક તોલમાં ચૌદ ભાર જેટલો એવા ધનના બત્રીશ કુંભ, શૃંગારના રત્ન જડિત ક્રોડ વસ્ત્ર, તથા વિષને હરણ કરનાર શુક્તિ (છીપ) વગેરે વસ્તુ કુમારપાળના ભંડારમાં ઉમેરી, તેથી તેણે (રાજાએ) સંતુષ્ટ થઇ આંબડ મંત્રીને **राज पितामह** એ બિરૂદ, ક્રોડ દ્રવ્ય, ચોવીશ સારા જાતિવંત અશ્વ વગેરે રિદ્ધિ આપી. ત્યારે આંબડ મંત્રીએ પોતાના ઘરસુધી પહોચતાં પહેલાજ માર્ગમાં તે સર્વ રિદ્ધિ યાચક જનોને આપી. એ વાતની રાજા પાસે કોઇએ ચાડી ખાધી, ત્યારે મનમાં માઠા અધ્યવસાય આવ્યાથી કુમારપાળ રાજાએ ક્રોધથી આંબડ મંત્રીને કહ્યું કે, "કેમ તું

મ્હારા કરતાં પણ વધારે દાન આપે છે ?" આંબડે કહ્યું, "મહારાજ ! આપના પિતાજી દશ ગામડાના ધણી હતા, અને આપ તો અઢાર દેશના ધણી છો. એમાં આપ તરફથી પિતાજીનો કાંઇ અવિનય થએલો ગણાય ?" વજેરે ઉચિત વચનથી રાજાએ રાજી થઈ આંબડને **રાજપુત્ર** એવો કિતાબ અને પૂર્વે આપી હતી તે કરતાં બમણી ઋદ્ધિ આપી. અમેજ ગ્રંથાંતરમાં કહ્યું છે કે, દાન દેતાં, ગમન કરતાં, સુતાં, બેસતાં, ભોજન પાન કરતાં, બોલતાં તથા બીજે સર્વ સ્થાનકે ઉચિત વચનનો મ્હોટો રસમય અવતાર હોય છે. માટે સમયનો જાણ પુરૂષ સર્વ ઠેકાણે ઉચિત આચરણ કરે છે. કેમ કે—એક તરફ એક ઉચિત આચરણ અને બીજી તરફ બીજા ક્રોડો ગુણો છે. એક ઉચિત આચરણ ન હોય તો સર્વ ગુણોનો સમુદાય ઝેર માફક છે. માટે પુરૂષે સર્વ અનુચિત આચરણ છોડી દેવું. તેમજ જે આચરવાથી પોતાની મૂર્ખમાં ગણતરી થાય તે સર્વે અનુચિત આચરણમાં સમાય છે. તે સર્વ લૌકીક શાસ્ત્રમાં કહ્યું છે, તે ઉપકારનું કારણ હોવાથી અહિં દેખાડીએ છીએ.

" રાજા ! સો મૂર્ખ કયા ? તે સાંભળ, અને તે તે મૂર્ખપણાનાં કારણ મૂક. તેમ કરવાથી તું આ જગતમાં દિવ્ય રત્નની પેઠે શોભા પામીશ. ૧ છતી શક્તિએ ઉદ્યમ ન કરે, ૨ પંડિતોની સભામાં પોતાનાં વખાણ કરે, ૩ ગણિકાના વચન ઉપર વિશ્વાસ રાખે, ૪ દંભ તથા આડંબર ઉપર ભરૂસો રાખે, ૫ જુગાર, કિમિયા વગેરેથી ધન મેળવવાની આશા રાખે, ૬ ખેતી આદિ લાભના સાધનોથી લાભ થશે કે નહીં ? એવો શક રાખે, ૭ બુદ્ધિ નહીં છતાં મ્હોટું કામ કરવા ધારે, ૮ વણિક થઇ એકાંતવાસ કરવામાં રૂચિ રાખે, ૯ માથે દેવું ફેરી ઘરબાર વગેરે ખરીદે, ૧૦ પોતે વૃદ્ધ થઈ કન્યા પરણે, ૧૧ ગુરૂ પાસે ન ધારેલા ગ્રંથની વ્યાખ્યા કરે, ૧૨ બુલ્લી વાત ઢાંકવાનો પ્રયત્ન કરે, ૧૩ ચંચળ સ્ત્રીનો ભર્તાર થઈ ઈર્ષા રાખે, ૧૬ શત્રુ સમર્થ છતાં મનમાં તેની શંકા ન રાખે, ૧૫ પ્રથમ ધન આપીને પાછળથી પશ્ચાત્તાપ કરે, ૧૬ અભણ છતાં મ્હોટા સ્વરથી કવિતા બોલે, ૧૭ અવસર નહીં છતાં બોલવાની ચતુરતા દેખાડે, ૧૮ બોલવાનો અવસર આવે મૌન રાખે, ૧૯ લાભને અવસરે કલહ કલેશ કરે, ૨૦ ભો-

જનને સમયે ક્રોધ કરે, ૨૧ મ્હોટા લાભની આશાથી ધન વિખેરે, ૨૨ સાધારણ બોલવામાં ક્લિષ્ટ એવા સંસ્કૃત શબ્દ વાપરે, ૨૩ પુત્રના હાથમાં સર્વ ધન આપી પોતે દીન થાય, ૨૪ સ્ત્રી પક્ષના લોકો પાસે યાચના કરે, ૨૫ સ્ત્રીની સાથે ટંટો થવાથી બીજી સ્ત્રી પરણે, ૨૬ પુત્ર ઉપર ક્રોધ કરી તેનું નુકશાન કરે, ૨૭ કામી પુરૂષોની સાથે હરીફાઈ કરી ધન ઉડાવે, ૨૮ યાચકોએ કરેલી સ્તુતિથી મનમાં અહંકાર લાવે, ૨૯ પોતાની બુદ્ધિના અહંકારથી બીજાનાં હિત વચન ન સાંભળે, ૩૦ **અમારું મ્હોટું કુળ** એવા અહંકારથી કોઇની ચાકરી ન કરે, ૩૧ દુર્લભ એવું દ્રવ્ય આપીને કામભોગ સેવે, ૩૨ મૂલ્ય આપીને ખરાબ માર્ગે જાય, ૩૩ રાજા લોભી છતાં તેની પાસેથી લાભ થવાની આશા રાખે, ૩૪ અધિકારી દુષ્ટ છતાં ન્યાયની આશા રાખે, ૩૫ કાયસ્થને વિષે સ્નેહની આશા રાખે, ૩૬ મંત્રી ક્રૂર છતાં ભય ન રાખે, ૩૭ કૃતઘ્ન પાસે ઉપકારના બદલાની આશા રાખે, ૩૮ અરિસક પુરૂષ આગળ પોતાના ગુણ જાહેર કરે, ૩૯ શરીર નિરોગી છતાં વહેમથી દવા ખાય, ૪૦ રોગી છતાં પરેજ ન પાળે, ૪૧ લોભથી સ્વજનને છોડી દે, ૪૨ જેથી મિત્રના મનમાંથી રાગ ઉતરી જાય એવાં વચન બોલે, ૪૩ લાભનો અવસર આવે આળસ કરે, ૪૪ મ્હોટો ઇંદ્રિયવંત છતાં કલહ કલેશ કરે, ૪૫ જોશીના વચન ઉપર ભરૂસો રાખી રાજ્યની ઇચ્છા કરે, ૪૬ મૂર્ખની સાથે મસલત કરવામાં આદર રાખે, ૪૭ દુર્બળ લોકોને ઉપદ્રવ કરવામાં શૂરવીરપણું બતાવે, ૪૮ જેના દોષ જાહેર દેખાય છે, એવી સ્ત્રી ઉપર પ્રીતિ રાખે, ૪૯ ગુણનો અભ્યાસ કરવામાં ક્ષણમાત્ર રૂચિ રાખે, ૫૦ બીજાએ સંચય કરેલું ધન ઉડાવે, ૫૧ માન રાખી રાજા જેવો ડોળ ધાલે, ૫૨ લોકમાં રાજાદિકની જાહેર નિંદા કરે, ૫૩ દુઃખ આવે દીનતા બતાવે, ૫૪ સુખ આવે ભાવિકાળે થનારી દુર્ગતિ ભૂલી જાય. ૫૫ થોડા બચાવને અર્થે ઘણો વ્યય કરે, ૫૬ પરીક્ષાને અર્થે ઝેર ખાય, ૫૭ ઉમિયામાં ધન હોમે, ૫૮ ક્ષયરોગી છતાં રસાયન ખાય, ૫૯ પોતે પોતાની મ્હોટાઇનો અહંકાર રાખે, ૬૦ ક્રોધથી આત્મઘાત કરવા તૈયાર થાય, ૬૧ નિરંતર વગર કારણે આમ તેમ ભટકતો રહે, ૬૨ બાણના પ્રહાર થયા હોય, તો પણ યુદ્ધ જૂએ, ૬૩ મ્હોટાની સાથે વિરોધ કરી

નુકશાનમાં ઉતરે, ૬૪ થોડું ધન છતાં આડંબર મોટો રાખે, ૬૫ હું પંડિત છું એમ સમજી બહુ બકબકાટ કરે, ૬૬ પોતાને શૂરવીર સમજી કોઇની બીક ન રાખે, ૬૭ ઘણું વખાણ કરી સામા માણસને ત્રાસ ઉપજાવે, ૬૮ હાંસી કરતાં મર્મ વચન બોલે, ૬૯ દરિદ્રીના હાથમાં પોતાનું ધન આપે, ૭૦ લાભ નક્કી નહીં છતાં ખરચ કરે, ૭૧ પોતાના ખરચનો હિસાબ રાખવાનો પોતે કંટાળો કરે, ૭૨ નશીબ ઉપર ભરૂસો રાખી ઉદ્યમ ન કરે, ૭૩ પોતે દરિદ્રી થઇ વાતો કરવામાં વખત ગુમાવે, ૭૪ વ્યસનાસક્ત થઈ ભોજન કરવાનું પણ ભૂલી જાય, ૭૫ પોતે નિર્ગુણી છતાં પોતાના કુળની ઘણી પ્રશંસા કરે, ૭૬ કઠોર સ્વર છતાં ગીત ગાય, ૭૭ સ્ત્રીના ભયથી યાચકને દાન આપે નહીં, ૭૮ કૃપણના કરવાથી માઠી અવસ્થા પામે, ૭૯ જેના દોષ ખુલ્લા દેખાતા હોય તેનાં વખાણ કરે, ૮૦ સભાનું કામ પૂરૂં થયા વિના વચમાંથી ઉઠી જાય, ૮૧ દૂત થઇ સંદેશો ભૂલી જાય, ૮૨ ખાંસીનો રોગ છતાં ચોરી કરવા જાય, ૮૩ યશને અર્થે ભોજનનું ખરચ મોટું રાખે, ૮૪ લોકો વખાણ કરે એવી આશાથી થોડો આહાર કરે, ૮૫ જે વસ્તુ થોડી હોય તે ઘણી ભક્ષણ કરવાની મરજી રાખે, ૮૬ કપટી અને ગીઠાબોઝા લોકોના પાસમાં સપડાય, ૮૭ વેશ્યાના વારની સાથે કજહ કરે, ૮૮ બે જણા કાંઇ મસલત કરતા હોય તો વચ્ચે ત્રીજો જાય, ૮૯ આપણા ઉપર રાજાની મહેરબાની હમેશાં રહેશે એવી ખાત્રી રાખે, ૯૦ અન્યાયથી સારી અવસ્થામાં આવવાની ઇચ્છા કરે, ૯૧ ધન પાસે નહીં છતાં ધનથી થનારાં કામો કરવા જાય, ૯૨ લોકમાં ગુપ્ત વાત જાહેર કરે, ૯૩ યશને અર્થે અજાણ માણસનો જામીન થાય, ૯૪ હિતનાં વચન કહેનારની સાથે વેર કરે, ૯૫ આ બધાને ભરૂસો રાખે, ૯૬ લોક વ્યવહાર ન જાણે, ૯૭ યાચક થઈ ઉન્હું ભોજન જમવાની ટેવ રાખે, ૯૮ મુનિરાજ થઈ ક્રિયા પાળવામાં શિથિળતા રાખે, ૯૯ કુકર્મ કરતાં શરમાય નહીં, અને ૧૦૦ ભાષણ કરતાં બહુ હસે, તે મૂર્ખ જાણવો. " આ રીતે સો પ્રકારના મૂર્ખ કહ્યા છે.

વળી જેથી આપણો અપયશ થાય તે છોડવું. વિવેક વિલાસ નામના ગ્રંથમાં કહ્યું છે કે—વિવેકી પુરૂષે સભામાં બગાસું, હેડકી, ઓડકાર, હા-

સ્થ વગેરે કરવાં પડે તો મોં આગળ લુગડું ઢાંકીને કરવા, તથા સભામાં નાક ખોતરવું નહીં, અને હાથ મરડવા નહીં. પલાંઠી ન વાળવી, પગ લાંબા ન કરવા, તથા નિદ્રા વિકથા અને ખરાબ ચેષ્ટા ન કરવી. અવસર આવે કુલીન પુરૂષોનું હસવું માત્ર હોઠ પહોળા થાય એટલુંજ હોય છે, પણ ખડખડ હસવું અથવા ઘણું હસવું સર્વથા અનુચિત છે. બગલમાં શીસોટી વગાડવા આદિ અંગવાદ્ય, વગર પ્રયોજને તૃણના કટકા કરવા, પગે અથવા હાથે જમીન ખોતરવી, નખથી નખ અથવા દાંત ઘસવા, એટલી ચેષ્ટાઓ કરવી નહીં. વિવેકી પુરૂષે ભાટ, ચારણ અને બ્રાહ્મણ વગેરે લોકોએ કરેલી પોતાની પ્રશંસા સાંભળી મનમાં અહંકાર ન લાવવો. તથા સમજુ લોકો વખાણ કરે તો તે ઉપરથી આપણામાં ગુણ છે, એટલો નિશ્ચય ફક્ત કરવો, પણ અહંકાર ન કરવો. વિચક્ષણ પુરૂષોએ પારકા વચનનો અભિપ્રાય બરાબર ધારવો. તથા નીચ માણસ હલકાં વચન બોલે તો તેનો બદલો વાળવા તેવાં વચન મુખમાંથી કાઢવાં નહીં. ડાહ્યા પુરૂષે જે વાત અતીત, અનાગત તથા વર્તમાન કાળમાં ભરૂસો રાખવા યોગ્ય ન હોય, તે વાતમાં એ એમજ છે એવો સ્પષ્ટ પોતાનો અભિપ્રાય ન જણાવવો. વિવેકી પુરૂષોએ પારકા માણસ પાસેથી શરૂ કરાવવા ધારેલું કામ તે માણસ આગળ પહેલેથીજ કાંઇ દાખલાદલીલથી અથવા વિશેષ વચનથી જણાવવું. આપણા ધારેલા કાર્યને અનુકૂળ એવું કોઇનું વચન હોય તો તે આપણા કાર્યની સિદ્ધિને અર્થે અવશ્ય કબુલ કરવું. જેનું કાર્ય આપણાથી ન બની શકે એમ હોય તેને પહેલેથીજ તેમ કહી દેવું. પણ મિથ્યા વચન કહીને ખાલી કોઇને ધક્કા ન ખવરાવવા.

સમજુ લોકોએ કોઇને કડવાં વચન ન સંભળાવવાં. પોતાના શત્રુઓને તેવાં વચન સંભળાવવાં પડે તો તે પણ અન્યોક્તિથી અથવા બીજા કોઇ બહાનાથી સંભળાવવાં. જે પુરૂષ માતા, પિતા, રોગી, આચાર્ય, પરોણા, ભાઇ, તપસ્વી, વૃદ્ધ, બાળક, દુર્બળ માણસ, વૈદ્ય, પોતાની સંતતિ, ભાઇયાત, ચાકર, બ્હેન, આશ્રિત લોકો, સગા સંબંધી અને મિત્ર એટલાની સાથે જે કલહ ન કરે તે ત્રણે જગતને વશ કરે છે. એક સરખું સૂર્ય તરફ ન જોવું. તેમજ ચંદ્ર સૂર્યનું ગ્રહણ, મ્હોટા કૂવાનું પાણી અને સંધ્યા સમયે

આકાશ ન જોવું. સ્ત્રી પુરૂષનો સંભોગ, મૃગયા, તરૂણ અવસ્થામાં આવેલ નગ્ન સ્ત્રી, જાનવરોની ક્રીડા અને કન્યાની યોની એટલા વાનાં ન જોવાં વિદ્વાન્ પુરૂષ પોતાના મુખનો પડછાયો તેલમાં, જળમાં હથિયારમાં, મૂત્રમાં તથા લોહીમાં ન જુએ. કારણકે, એમ કરવાથી આયુષ્ય ઘટે છે. સારા માણસે કબૂલ કરેલ વચનનો ભંગ, ગઈ વસ્તુનો શોક તથા કોઇનો નિદ્રાભંગ કોઇ કાળે પણ ન કરવો. ઘણાની સાથે વૈર ન કરતાં ઘણા મતમાં પોતાનો મત આપવો. જેમાં સ્વાદ નથી એવાં કાર્યો પણ સમુદાયની સાથે કરવાં. સુજ્ઞ પુરૂષોએ સર્વે સારાં કાર્યમાં અગ્રેસર થવું. માણસો કપટથી પણ નિરપૃહસ્થપણું દેખાડે તો પણ તેથી ફળ નીપજે છે. પુરૂષોએ કોઇનું નુકસાન કરવાથી નીપજે એવું કામ કરવા તત્પર ન થવું. તથા સુપાત્ર માણસોની કોઇ કાળે અદેખાઇ કરવી નહીં. પોતાની જાતિ ઉપર આવેલા સંકટની ઉપેક્ષા ન કરવી, પણ ઘણા આદરથી જાતિનો સંપ થાય તેમ કરવું. કારણ કે, એમ નં કરે તો માન્ય પુરૂષોની માનખંડના અને અપયશ થાય. પોતાની જાતિ છોડીને પરજાતિને વિષે આસક્ત થએલા લોકો કુકર્દમ રાજાની પેઠે મરણ પર્યંત દુઃખ પામે છે. જ્ઞાતિયો માહોમાંહે કલહ કરવાથી પ્રાયે નાશ પામે છે, અને સંપમાં રહે તો, જેમ જળમાં કમળિની વધે છે તેમ વૃદ્ધિ પામે. સમજુ માણસે દરિદ્રી અવસ્થામાં આવેલો પોતાનો મિત્ર, સાધર્મી, જ્ઞાતિનો આગેવાન, મ્હોટા ગુણી તથા પુત્ર વિનાની પોતાની બ્હેન એટલા લોકોનું અવશ્ય પોષણ કરવું. જેને મ્હોટાઇ ગમતી હોય. એવા પુરૂષે સારથિનું કામ, પારકી વસ્તુનું ખરીદ વેચાણ તથા પોતાના કુળને અનુચિત કાર્ય કરવા તૈયાર ન થવું.

મહાભારત વગેરે ગ્રંથોમાં પણ કહ્યું છે કે, પુરૂષે બ્રાહ્મ મુહૂર્ત્તને વિષે ઉઠવું, અને ધર્મનો તથા અર્થનો વિચાર કરવો. સૂર્યને ઉગતાં તથા આથમતાં કોઇ વખતે પણ ન જોવો. પુરૂષે દિવસે ઉત્તર દિશાએ તથા રાત્રિએ દક્ષિણ દિશાએ અને કાંઇ હરકત હોય તો ગમે તે દિશાએ મુખ કરીને મળમુત્રનો ત્યાગ કરવો. આચમન કરીને દેવની પૂજા વગેરે કરવી, ગુરૂને વંદના કરવી, તેમજ ભોજન કરવું. હે રાજા! જાણ પુરૂષે ધન સંપાદન કરવાને પ્રયત્ન અવશ્ય કરવોજ કારણ કે તે હોય તોજ ધર્મ કામ

વગેરે થાય છે. જેટલો ધનનો લાભ હોય તેનો ચોથો ભાગ ધર્મકૃત્યમાં, ચોથો ભાગ સંગ્રહમાં અને બાકી રહેલા બે ચોથા ભાગમાં પોતાનું પોષણ ચલાવવું અને નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ કરવી. વાળ સમારવા, આરિસામાં મ્હેડું જોવું, તથા દાતણ અને દેવની પૂજન કરવી એટલાં વાનાં બપોર પહેલાંજ કરવાં. પોતાના હિતની વાંછા કરનાર પુરૂષે હમેશાં ઘરથી આઘે જઈ મળ મૂત્ર કરવું, પગ ધોવા, તથા એઠવાડ નાંખવો. જે પુરૂષ માટીના ગાંગડા ભાંગે, તૃણના કટકા કરે, દાંતવડે નખ ઉતારે, તથા મળ મૂત્ર કર્યા પછી બરાબર શુદ્ધિ ન કરે, તે આલોકમાં લાંબું આયુષ્ય ન પામે. ભાંગેલા આસન ઉપર ન બેસવું, ભાંગેલું કાંસાનું પાત્ર રાખવું નહીં. વાળ છૂટા મૂકી ભોજન ન કરવું, તથા નમ્ર થઈને ન નહાવું. નગ્નપણે સુઈ ન રહેવું, ઘણી વાર એકા હાથ વગેરે ન રાખવા, મસ્તકના આશ્રયથી સર્વ પ્રાણ રહે છે, માટે એકા હાથ મસ્તકે ન લગાડવા. માથાના વાળ ન પકડવા, તથા મસ્તકને વિષે પ્રહાર પણ ન કરવો. પુત્ર તથા શિષ્ય વિના શીખામણને અર્થે કોઈને તાડના પણ ન કરવી. પુરૂષોએ કોઈ કાળે પણ બે હાથે મસ્તક ન ખણવું, તથા વગર કારણે વારંવાર માથે નહાવું નહીં. ગ્રહણ વિના રાત્રીએ નહાવું સારૂં નથી, તથા ભોજન કરી રહ્યા પછી અને ઉંડા ઘરમાં પણ ન નહાવું. ગુરૂનો દ્રોહ ન કરવો, ગુરૂ ક્રોધ કરે તો તેમને પ્રસન્ન કરવા. તથા બીજા લોકો આપણા ગુરૂની નિંદા કરતા હોય તો તે સાંભળવી પણ નહીં.

હે ભારત! ગુરૂ, સતી સ્ત્રીઓ, ધર્મી પુરૂષો તથા તપસ્વીઓ, એમની મસ્કરીમાં પણ નિંદા ન કરવી. કોઈ પણ પારકી વસ્તુ ચોરવી નહીં, કિંચિત્માત્ર પણ કડવું વચન ન બોલવું, મધુર વચન પણ વગર કારણે બોલવું નહીં. પારકા દ્રોહ ન કરેલા, મહા પાપ કરવાથી પતિત થએલા લોકોની સાથે વાર્તાલાપ પણ ન કરવો, તેમના હાથનું અન્ન ન લેવું, તથા તેમની સાથે કાંઇ પણ કામ કરવું નહીં. એક આસન ઉપર ન બેસવું, ડાહ્યા માણસે લોકમાં નિંદા પામેલા, પતિત, ઉન્મત્ત, ઘણા લોકની સાથે વૈર કરનારા, અને મૂર્ખ એટલાની દોસ્તી કરવી નહીં. તથા એકલા મુસાફરી કરવી નહીં. હે રાજા! દૃઢ રથમાં ન ચઢવું, કિનારા ઉપર

આવેલી છાયામાં ન બેસવું, તથા આગળ પડી જળના પ્રવાહની સામા જવું નહીં. સળગેલા ઘરમાં દાખલ થવું નહીં, પર્વતની ટૂંક ઉપર ન ચઢવું, મુખ ઢાંકયા વિના બગાસુ, ઉઘરસ તથા છીંકો ખાવાં નહીં. ડાહ્યા માણસે ચાલતાં ઉંચી, આડી અવળી અથવા દૂર દૃષ્ટિ ન રાખવી, પણ આગળ ચાર હાથ જેટલી ભૂમી ઉપર નજર રાખીને ચાલવું. ડાહ્યા માણસે ખડખડ હસવું નહીં, સીસોટી ન વગાડવી, દાંતથી નખ ન છેદવા, તથા પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહીં. દાઢી મૂછના વાળ ચાવવા નહીં, હોઠ દાંતમાં વારંવાર ન પકડવા, બેડું હોય તો તે કાંઇ ભક્ષણ ન કરવું, તથા કોઈ પણ કેકાણે દ્વાર ન હોય તો ચોરમાર્ગે જવું નહીં. ઉનાળાની તથા ચોમાસાની ઋતુમાં છત્ર લઇને તથા રાત્રીએ અથવા વગડામાં જવું હોય તો લાકડી લઇને જવું. પગરખાં, વસ્ત્ર અને માળા એ ત્રણ વાનાં કોઇએ પહેરેલાં હોય તો પહેરવાં નહીં. સ્ત્રીઓને વિષે ઈર્ષ્યા કરવી નહીં, તથા પોતાની સ્ત્રીનું પ્રયત્નથી રક્ષણ કરવું, ઇર્ષ્યા કરવાથી આયુષ્ય ઘટે છે માટે ઈર્ષ્યા કરવી નહીં.

હે મહારાજ! રાત્રીએ જળનો વ્યાપાર, દહીં, અને સાથવો તેમજ મધ્યરાત્રિએ ભોજન કરવું નહીં. ડાહ્યા માણસે ઘણી વાર સુધી ઢીંચણ ઉંચા કરીને ન સુવું. ગોદોહિકા આસને ન બેસવું, તથા પગે આસન ખેંચીને પણ ન બેસવું. પુરૂષે તદન પ્રાતઃકાળમાં, તદન સંધ્યાને વિષે તથા તદન બપોરમાં તથા એકાકીપણે અથવા ઘણા અજાણ લોકોની સાથે જવું નહીં. હે મહારાજ! બુદ્ધિશાળી પુરૂષોએ મલિન દર્પણમાં પોતાનું મુખ વગેરે ન જોવું. તથા દીર્ઘાયુષ્યની વાંચ્છા કરનાર પુરૂષે રાત્રિએ પણ દર્પણમાં પોતાનું મોં જોવું નહીં. હે રાજા! પંડિત પુરૂષે એક કમળ અને કુવલય* વર્જીને રાતી માળા ધારણ કરવી નહીં, પણ સફેદ ધારણ કરવી. હે રાજન્! સૂતાં, દેવપૂજા કરતાં તથા સભામાં જતાં પહેરવાનાં વસ્ત્ર જૂદાં જૂદાં રાખવાં. બોલવાની તથા હાથ પગની ચપળતા, અતિશય ભોજન, શય્યા ઉપર દીવો, તથા અધમ પુરૂષની અને થાંભલાની છાયા એટલાં વાનાં અવશ્ય તજવાં. નાક ખોતરવું નહીં, પોતે પોતાનાં પગરખાં ન ઉપાડવાં. માથે ભાર

* રાતું કમળ.

ન ઉપાડવો, તથા વરસાદ વરસતો હોય ત્યારે દોડવું નહીં. પાત્ર ભાગે તો પ્રાયે કલહ થાય છે, અને ખાટ ભાગે તો વાહનનો ક્ષય થાય. જ્યાં શ્વાન અને કૂકડો વસતા હોય ત્યાં પિતરાઇઓ પોતાનો પિંડ લેતા નથી.

ગૃહસ્થે તૈયાર કરેલા અન્નથી પહેલા સુવાસિની સ્ત્રી, ગર્ભિણી, વૃદ્ધ, બાળક અને રોગી એમને જમાડવા અને પછી પોતે જમવું. હે પાંડવ શ્રેષ્ઠ ! ગાય, બળદ આદિ ઘરમાં બંધમાં રાખી તથા જોનારા માણસોને કાંઇકે ભાગ ન આપી પોતેજ એકલો જે માણસ ભોજન કરે, તે કેવળ પાપ ભક્ષણ કરે છે. ગૃહની વૃદ્ધિ વાંછનાર ગૃહસ્થે પોતાની જ્ઞાતિનો ધરડો થએલો માણસ અને પોતાનો દરિદ્રી થએલો મિત્ર એમને ઘરમાં રાખવા. ડાહ્યા માણસે અપમાન આગળ કરી તથા માન પાછળ રાખી સ્વાર્થ સાધવો. કારણ કે, સ્વાર્થથી ભ્રષ્ટ થવું એ મૂર્ખતા છે. થોડા લાભને અર્થે ઘણું નુકશાન ખમવું નહીં. થોડું ખરચી ઘણાનો બચાવ કરવો એ માંજ ડહાપણ છે. લેણું, દેણું તથા બીજાં કર્ત્તવ્યકર્મ જે સમયે કરવાં જોઇએ, તે સમયે જો શીઘ્ર ન કરાય તો તેની અંદર રહેલો રસ કાળ ચૂસી લે છે. જ્યાં જતાં આદર સત્કાર ન મળે, મધુર વાર્તાલાપ ન થાય, ગુણ દોષની પણ વાત ન થાય, તેને ઘેર જવું નહીં. હે અર્જુન ! વગર બોલાવે ઘરમાં પ્રવેશ કરે, વગર પૂછે બહુ બોલે, તથા ન આપેલા આસને પોતેજ બેસે, તે પુરૂષ અધમ જાણવો. અંગમાં શક્તિ નહીં છતાં ક્રોપ કરે, નિર્ધન છતાં માનને વાંછે, અને પોતે નિર્ગુણી છતાં ગુણી પુરૂષનો દ્વેષ કરે, એ ત્રણે પુરૂષ જગત્માં લાકડી સમાન સમજવા.

માતા પિતાનું પોષણ ન કરનારો, ક્રિયાને ઉદ્દેશીને યાચના કરનારો અને મૃતપુરૂષનું શય્યાદાન લેનારો એ ત્રણે જણાને ફરીથી મનુષ્યનો અવતાર દુર્લભ છે. કોઇ કાળે પાછી ન જાય એવી લક્ષ્મીની ઇચ્છા કરનાર પુરૂષે પોતે બલિષ્ટ પુરૂષના સપાટામાં આવતાં નેતરની પેઠે નમ્ર થવું, પણ સર્પની પેઠે કદાપિ ઘસી ન જવું. નેતર માફક નમ્ર રહેનારો પુરૂષ અવસર આવે અનુક્રમે ફરીથી મ્હોટી લક્ષ્મી પેદા કરે છે, પણ સર્પની પેઠે ઘસી જનાર માણસ કેવળ વધ માત્ર પામવા યોગ્ય થાય છે. બુદ્ધિશાળી પુરૂષે અવસર આવે કાચબાની પેઠે અંગોપાંગનો સંકોચ કરી

તાડનાઓ સહન કરી, અને તેવો અવસર આવે કાળા સાપની માફક ધસી જવું. એક સંપમાં રહેલા ગમે તેવા તુચ્છ લોકો હોય તો પણ તેમને અનિષ્ટ લોકો ઉપદ્રવ કરી શકતા નથી. જુઓ, સામો પવન હોય તો પણ તે એક જથામાં રહેતી વેલડીઓને કાંઇ પણ બાધા ઉત્પન્ન કરી શકતો નથી. વિદ્વાન્ પુરૂષો શત્રુને એક વાર વધારીને પછી તેનો તદ્દન નાશ કરે છે. કારણ કે, પ્રથમ ગોળ ખાઇને સારી પેઠે વધારેલો કફ, સુખે બહાર કાઢી શકાય છે. જેમ સમુદ્ર વડવાનળને દરરોજ નિયમિત જળ આપે છે, તેમ બુદ્ધિશાળી પુરૂષો સર્વસ્વ હરણ કરવા સમર્થ એવા શત્રુને અલ્પ અલ્પ દાન કરીને પ્રસન્ન કરે છે. લોકો પગમાં ભાગેલા કાંટાને જેમ હાથમાંના કાંટાથી કાઢી નાંખે છે, તેમ ડાહ્યો પુરૂષ એક તીક્ષ્ણ શત્રુથી બીજા તીક્ષ્ણ શત્રુને છતી શકે છે. જેમ અષ્ટાપદ પક્ષી મેઘનો શબ્દ સાંભળી તેની તરફ કૂદકા મારી પોતાનું અંગ ભાગી નાંખે છે, તેમ પોતાની તથા શત્રુની શક્તિનો વિચાર ન કરતાં જે મનુષ્ય શત્રુ ઉપર દોડે છે તે નાશ પામે છે. જેમ કાગડીએ સુવર્ણસૂત્રથી કૃષ્ણ સર્પને નીચે પાડયો, તેમ ડાહ્યા પુરૂષે બળથી નહીં થઇ શકે એવું કાર્ય યુક્તિથી કરવું. નખવાળા અને શીંગડાવાળા જનવરો, નદીઓ, શસ્ત્રધારી પુરૂષો, સ્ત્રીઓ અને રાજાઓ એમનો વિશ્વાસ કોઇ કાળે કરવો નહીં.

સિંહથી એક, બગલાથી એક, કૂકડાથી ચાર, કાગડાથી પાંચ, કૂતરાથી છ અને ગધેડાથી ત્રણ શીખામણો લેવી. સિંહ જેમ સર્વ શક્તિવડે એક ફાળ મારી પોતાનું કામ સાધે છે, તેમ ડાહ્યા પુરૂષે થોડું અથવા ઘણું જે કામ કરવું હોય તે સર્વ શક્તિથી કરવું. બગલાની પેઠે કર્યાનો વિચાર કરવો, સિંહની પેઠે પરાક્રમ કરવું, વરૂની માફક લૂંટવું, અને સસલાની પેઠે નાસી જવું. ૧ સઉના પહેલાં ઊઠવું, ૨ લઢવું, ૩ બંધુવર્ગમાં ખાવાની વસ્તુ વહેંચવી અને ૪ સ્ત્રીને પ્રથમ તાબામાં લઇ પછી ભોગવવી, એ ચાર શીખામણો કૂકડા પાસેથી લેવી. ૧ એકાંતમાં સ્ત્રીસંભોગ કરવો, ૨ ધિઠાઈ રાખવી, ૩ અવસર આવે ઘર બાંધવું, ૪ પ્રમાદ ન કરવો અને ૫ કોઇ ઉપર વિશ્વાસ ન રાખવો, એ પાંચ શીખામણો કાગડા પાસેથી લેવી. ૧ મરજી માફક ભોજન કરવું, ૨ અવસરે અલ્પ

માત્રમાં સંતોષ રાખવો, ૩ સુખે નિદ્રા લેવી, ૪ સહજમાં જાગૃત થવું, ૫ સ્વામી ઉપર ભક્તિ રાખવી, અને ૬ શૂરવીર રહેવું એ છ શીખામણો કૂકડા પાસેથી લેવી. ૧ ઉપાડેલો ભાર વહેવો, ૨ તાઢની તથા તાપની પરવા રાખવી નહીં અને ૩ હમેશાં સંતુષ્ટ રહેવું, એ ત્રણ શીખામણો ગધડા પાસેથી લેવી. "

આ વગેરે નીતિશાસ્ત્રમાં કહેલા સર્વ ઉચિત આચરણનો સુશ્રાવકે સમ્યક્ પ્રકારે વિચાર કરવો. કહ્યું છે કે—જે માણસ હિત કયું? અહિત કયું? ઉચિત વાત કઇ? અનુચિત કઈ? વસ્તુ કઇ? અવસ્તુ કઇ? એ પોતે જાણી શકતો નથી, તે શિંગડા વિનાનો પશુ સંસાર રૂપી વનમાં ભટકે છે. જે માણસ બોલવામાં, જોવામાં, રમવામાં, પ્રેરણા કરવામાં, રહેવામાં પરીક્ષા કરવામાં, વ્યવહાર કરવામાં, સોભવામાં, પૈસા મેળવવામાં, દાન દેવામાં, હાલચાલ કરવામાં, અભ્યાસ કરવામાં, ખુશી થવામાં અને વૃદ્ધિ પામવામાં કાંઇ જાણીતો નથી, તે બેશરમ શિરોમણિ દુનિયામાં શા માટે જીવતો હશે? જે માણસ પોતાને અને પારકે ઠેકાણે બેસવું, સુવું, ભોગવવું, પહેરવું, બોલવું, એ સર્વ બરાબર જાણે તે ઉત્તમ વિદ્વાન્ જાણવો. આ સંબંધી વિસ્તારથી લખવાની કાંઇ વિશેષ જરૂર જણાતી નથી.

વ્યવહાર શુદ્ધિ વગેરે ત્રણ શુદ્ધિથી પૈસા મેળવવા સંબંધી આ પ્રમાણે દૃષ્ટાંત છે:—વિનયપુર નગરમાં ધનવાન એવો વસુભદ્રનો **ધનમિત્ર** નામનો પુત્ર હતો. નાનપણમાં તેના માત પિતા મરણ પામવાથી તે ઘણો દુઃખી તથા ધનની હાનિ થવાથી ઘણો દરિદ્રી થયો. તરૂણ અવસ્થામાં પગ તેને કન્યા મળી નહીં. ત્યારે તે શરમાઇને ધન મેળવવા માટે પરદેશ ગયો. જમીનમાં દાટેલું ધન કાઢવાના ઉપાય, સિદ્ધિયા, સિદ્ધરસ, મંત્ર, જળની તથા સ્થળની મુસાફરી, જાત જાતના વ્યાપાર, રાજાદિકની સેવા વગેરે ઘણા ઉપાય કર્યા, તો પણ તે **ધનમિત્રને** ધન મળ્યું નહીં. તેથી તેણે અતિશય ઉદ્વિગ્ન થઇ ગજપુર નગરમાં કેવળી ભગવાનને પોતાનો પૂર્વભવ પૂછ્યો. કેવળી ભગવાને કહ્યું, "**વિજયપુર** નગરમાં ઘણો કૃપણ એવો ગંગદત્ત નામનો ગૃહપતિ રહેતો હતો. તે ઘણો મત્સરી તથા બીજા-

ને દાન મળતું હોય અથવા બીજા કોઇને લાભ થતો હોય તો તેમાં પણ અંતરાય કરતો હતો. એક વખતે સુંદર નામનો શ્રાવક તેને મુનિરાજ પાસે લઇ ગયો. કાંઇક ભાવથી તથા કાંઇક દાક્ષિણ્યથી તેણે દરરોજ ચૈત્યવંદન કરવાનો અભિગ્રહ બરાબર પાળ્યો. તે પુણ્યથી હે ધનમિત્ર! તું ધનવાન વણિકનો પુત્ર થયો, અને અમને મળ્યો. તથા પૂર્વભવે કરેલા પાપથી ઘણો દરિદ્રી અને દુઃખી થયો. જે જે રીતે કર્મ કરાય છે, તેજ તેના કરતાં હજાર ગણું તેજ રીતે ભોગવવું પડે છે. એમ જાણીને ઉચિત હોય તે આચરવું."

કેવળીનાં એવાં વચનથી પ્રતિબોધ પામેલા ધનમિત્રે શ્રાવકપણું સ્વીકાર્યું. તથા રાત્રિના અને દિવસના પહેલા પહોરમાં ધર્મ જ આચરવો, એવો અભિગ્રહ પણ ગ્રહણ કર્યો. પછી એક શ્રાવકને ઘેર તે ઉતર્યો. પ્રભાતકાળમાં માળીની સાથે બાગમાં પુષ્પ લેગાં કરીને તે ઘરદેરાસરમાં ભગવાનની પરમ ભક્તિથી પૂજા કરતો હતો. તથા બીજા, ત્રીજા વગેરે પહોરમાં દેશવિરૂદ્ધ, રાજ્યવિરૂદ્ધ વગેરેને છોડી દઇને વ્યવહારશુદ્ધિથી તથા ઉચિત આચરણથી શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે તે ધનમિત્ર વ્યાપાર કરતો હતો. તેથી તેને નિર્વાહ જેટલું સુખે મળવા લાગ્યું. એમ કરતાં જેમ જેમ તેની ધર્મને વિષે દૃઢતા થઇ, તેમ તેમ તેને વધુ ને વધુ ધન મળવા લાગ્યું, અને ધર્મકરણીમાં વધુ ને વધુ વ્યય થવા લાગ્યો. આગળ જતાં ધનમિત્ર જૂના ઘરમાં રહ્યો અને ધર્મિષ્ટ જાણીને કોઇ શેઠે તેને પોતાની કન્યા પણ આપી. એક વખતે ગાયોનો સમુદાય વગડામાં જવા નીકળ્યો, ત્યારે ગોળ, તેલ આદિ વસ્તુ વેચવા તે જતો હતો. ગાયોના સમુદાયનો ધણી ગોવાળિયો આ 'અંગારા છે,' એમ સમજીને સોનાનો નિધિ નાંખી દેતો હતો, તેને જોઇ ધનમિત્રે કહ્યું. "સોનું છે, કેમ નાંખી ઘો છો." ગોકુળના ધણીએ કહ્યું, "પૂર્વે પણ અમારા પિતાજીએ "આ સોનું છે" એમ કહી અમને ઠગ્યા, તેમ તું પણ અમને ઠગવા આવ્યો છે." ધનમિત્રે કહ્યું. "હું ખોટું કહેતો નથી." ગોકુળના ધણીએ કહ્યું, "એમ હોય તો અમને ગોળ વગેરે આપીને તુંજ આ સોનું લે." પછી ધનમિત્રે તે પ્રમાણે કર્યું, અને તેથી તેને ત્રીશ હજાર સોનૈયા મળ્યા. તથા બીજું પણ તેણે ઘણું ધન મેળ-

વ્યું, તેથી તે મ્હોટો શેઠ થયો. તેજ ભવમાં ધર્મનું માહાત્મ્ય કેટલું સાક્ષાત્ દેખાય છે? એક દિવસે ધનમિત્ર કર્મને વશ થઇ સુમિત્ર શેઠને ઘેર એકલોજ ગયો. ત્યારે સુમિત્ર શેઠ ક્રોડ મૂલ્યનો રત્નનો હાર બહાર મૂકીને કાંઇ કાર્યથી ઘરમાં ગયો, અને તુરત પાછો આવ્યો. એટલામાં રત્નનો હાર કયાંય જતો રહ્યો. ત્યારે "અહિં બીજો કોઇ આવ્યો નથી. માટે તેંજ લીધો." એમ કહી સુમિત્ર, ધનમિત્રને રાજસભામાં લઇ ગયો. ધનમિત્રે જિનપ્રતિમાના અધિષ્ટાયક સમકિતી દેવતાનો કાઓસ્સગ કરી પ્રતિજ્ઞા કરવા માંડી. એટલામાં સુમિત્રના ખોળામાંથીજ રત્નનો હાર નીકળ્યો તેથી સર્વે લોકોને અન્યથી થઈ. આ વાત જ્ઞાનીને પૂછતાં તેમણે યથાયોગ રીતે કહ્યું, "ગંગદત્ત નામનો ગૃહપતિ અને ભગધા નામની તેની સ્ત્રી હતી. ગંગદત્તે પોતાના શેઠની સ્ત્રીનું એક લાખ રૂપિયાની કિમ્મતનું રત્ન કોઇ ન જાણે એવી ગુપ્ત રીતે મેળવ્યું. શેઠની સ્ત્રીઓ ઘણી માગણી કરી, તો પણ પોતાની સ્ત્રીને વિષે મોહ હોવાથી ગંગદત્તે તેને "તમારા સમા વહાલાઓએજ તે રત્ન ચોર્યું છે," એમ કહી ખોટું આળ દીધું. પછી શેઠની સ્ત્રી બહુ દીલગીર થઇ. તાપસી થઈ, અને મરણ પામી વ્યંતર થઇ. ભગધા મરણ પામી સુમિત્ર થઈ, અને ગંગદત્ત મરણ પામીને ધનમિત્ર થયો. તે વ્યંતરે ક્રોધથી સુમિત્રના આઠ પુત્ર મારી નાંખ્યા. હમણાં રત્નનો હાર હરણ કર્યો, હજી પણ સર્વસ્વ હરણ કરશે, અને ઘણા ભવ સુધી વેરનો બદલો વાળશે. અરે રે! વેરનું પરિણામ કેવું પાર વિનાનું અને અસહ્ય આવે છે?! આળ દીધાથી ધનમિત્રને માથે આળ આવ્યું. ધનમિત્રના પુણ્યથી ખેંચાયલી સમ્યગ્દૃષ્ટિ દેવતાએ વ્યંતર પાસેથી રત્નાવળી હાર બળાત્કારથી છોડાવ્યો."

જ્ઞાનીનાં એવાં વચન સાંભળી સંવેગ પામેલો રાજા તથા ધનમિત્ર મ્હોટા પુત્રને પોતાની ગાદીએ બેસાડી દીક્ષા લઈ સિદ્ધ થયો. આ રીતે વ્યવહારશુદ્ધિ આદિ ઉપર ધનમિત્રની કથા છે.

(મૂળગાથા.)

मच्छण्हे जिणपूआ, सुपत्तदाणाइजुत्तिभुंजित्ता ॥
पच्चरकाइ अ गोअच्छअंतिए कुगइ सच्छायं ॥ ८ ॥

અર્થ:—અપોરના વખતે પૂર્વે કહેલા વિધિથી ઉત્તમ કમોદના ચોખા આદિથી તૈયાર કરેલી સંપૂર્ણ રસવતી ભગવાન્ આગળ ધરીને બીજી વાર પૂજા કરી, તથા સુપાત્રદાન વગેરે આપવાની યુક્તિ ન મૂકતાં પોતે ભોજન કરી ગીતાર્થ ગુરૂ પાસે જવું, અને ત્યાં પચ્ચખાણ તથા સ્વાધ્યાય કરવું. અપોરની પૂજાનો તથા ભોજનનો વખત નિયમિત નથી. જ્યારે થોડી ભુખ લાગે, ત્યારે જમવાનો વખત સમજવાની રીત છે. માટે અપોર પહેલાં પણ આદરેલું પચ્ચખાણ પળીને દેવપૂજા કરી ભોજન કરે તો દોષ નથી. વૈદકશાસ્ત્રમાં તો વળી કહ્યું છે કે, પહોર દિવસ આવ્યા પહેલાં ભોજન ન કરવું. તથા ભોજન વિના અપોરનું ઉલ્લંઘન ન થવા દેવું. કેમકે, પહેલા પહોરમાં પહેલા દિવસે ખાધેલા અન્નનો રસ અને છે. માટે નવું ભોજન ન કરવું, અને ભોજન વિના અપોર થઇ જાય તો બળનો ક્ષય થાય છે, માટે બીજે પહોરે અવશ્ય ભોજન કરવું. સુપાત્રદાન આદિ કરવાની રીત આ પ્રમાણે છે:—શ્રાવકે ભોજનને અવસરે પરમ ભક્તિથી મુનિરાજને નિમંત્રી તેમને પોતાને ઘેર લાવવા.

અથવા શ્રાવકે પોતાની ઇચ્છાએ આવતા મુનિરાજને જોઇ તેમની આગળ જવું. પછી ક્ષેત્રસંવેગીનું ભણિત છે કે, અમન્ત્રિત છે? કાળ સુનિક્ષનો છે કે, દુર્ભિક્ષનો છે? આપવાની વસ્તુ સુલભ છે કે, દુર્લભ છે? તથા પાત્ર (મુનિરાજ) આચાર્ય છે, અથવા ઉપાધ્યાય, ગીતાર્થ તપસ્વી, બાળ વૃદ્ધ, રોગી સમર્થ કિંવા અસમર્થ છે? ઇત્યાદિ વિચાર મનમાં કરવો. અને હરીફાઈ, મ્હોટાઇ, અદેખાઈ, પ્રીતિ, લજ્જા, દાક્ષિણ્ય, "બીજા લોકો દાન આપે છે. માટે આપણે પણ તે પ્રમાણે કરવું જોઇએ" એવી ઇચ્છા, ઉપકારનો બદલો વાળવાની ઇચ્છા, કપટ, વિલંબ, અનાદર, કડવું ભાષણ, પશ્ચાત્તાપ વગેરે દાનના દોષ તજવા. પછી કેવળ પોતાના જીવ ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી બેંતાળીસ તથા બીજા દોષથી રહિત એવી પોતાની સંપૂર્ણ અન્ત, પાન, વસ્ત્ર આદિ વસ્તુ; પ્રથમ ભોજન, પછી બીજી વસ્તુ એવા અનુક્રમથી પોતે મુનિરાજને આપવી, અથવા પોતે પોતાના હાથમાં પાત્ર વગેરે ધારણ કરી પાસે ઉભો રહી પોતાની સ્ત્રી વગેરે પાસેથી અપાવવું. આહારના બેંતાળીશ દોષ પિંડવિશુદ્ધિ ના-

મના ગ્રંથમાં જોઈ લેવા. દાન દીધા પછી મુનિરાજને વંદના કરી તેમને પોતાના ઘરના બારણા સુધી પહોંચાડી પાછું વળવું. મુનિરાજનો યોગ ન હોય તો, "મેઘવિનાની વૃષ્ટિ માફક જો કદાચ મુનિરાજ કયાંથી પધારે તો હું કૃતાર્થ થઉં" એવી ભાવના કરી મુનિરાજની આવવાની દિશા તરફ જોવું. કેમકે—જે વસ્તુ સાધુ મુનિરાજને ન અપાય, તે વસ્તુ કોઇ પણ રીતે સુશ્રાવકો ભક્ષણ કરતા નથી. માટે ભોજનનો અવસર આવે દ્વાર તરફ નજર રાખવી.

મુનિરાજનો નિર્વાહ બીજી રીતે થતો હોય તો અશુદ્ધ આહાર આપનાર ગૃહસ્થ તથા લેનાર મુનિરાજને હિતકારી નથી; પરંતુ દુર્ભિક્ષ આદિ હોવાથી જો નિર્વાહ ન થતો હોય તો આતુરના દૃષ્ટાંતથી તેજ આહાર બન્નેને હિતકારી છે. તેમજ માર્ગ કાપવાથી થાકી ગએલા, ગ્લાન થએલા, ક્ષોચ કરેલા એવા આગમ શુદ્ધ વસ્તુનું ગ્રહણ કરનાર મુનિરાજને ઉતરવારણાને વિષે દાન આપ્યું હોય, તે દાનથી બહુ ફળ મળે છે. આ રીતે શ્રાવક દેશ તથા ક્ષેત્ર જાણીને પ્રાસુક અને એષણીય એવો આહાર જેને જે યોગ્ય હોય તે તેને આપે. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ઔપધ (એક વસ્તુથી બનેલું) અને ભેષજ્ય ઘણા દ્રવ્યના મિશ્રણથી બનેલું એ સર્વ વસ્તુ પ્રાસુક અને એષણીય હોય તે મુનિરાજને આપે. મુનિરાજને શી રીતે નિમંત્રણા કરવી? તથા ગોચરી શી રીતે ગ્રહણ કરવી? ઇત્યાદિક વિધિ આ ગ્રંથકારે કરેલી શ્રાદ્ધપ્રતિક્રમણ વૃત્તિથી જાણી લેવો. એ સુપાત્ર દાનજ અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે, કહ્યું છે કે—ન્યાયથી ઉપાર્જન કરેલા તથા કલ્પનીય એવા અન્ન પાન આદિ વસ્તુનું દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર, અને ક્રમ સાચવીને પરમ ભક્તિએ પોતાના આત્મા ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિએ સાધુ મુનિરાજને દાન આપવું, તેજ અતિથિસંવિભાગ કહેવાય છે. સુપાત્રદાનથી દિવ્ય તથા ઔદારિક વગેરે વાંછિત ભોગની પ્રાપ્તિ થાય છે, સર્વ સુખની સમૃદ્ધિ થાય છે, તથા ચક્રવર્ત્તિ વગેરેની પદવી પણ મળે છે, અને અંતે થોડા સમયમાંજ નિર્વાણ સુખનો લાભ થાય છે. કહ્યું છે કે—૧ અભયદાન, ૨ સુપાત્રદાન, ૩ અનુકંપાદાન, ૪ ઉચિતદાન, અને ૫ કીર્તિદાન એવા દાનના પાંચ પ્રકાર છે. તેમાં પહેલા બે પ્રકારના દાનથી

ભોગ સુખ પૂર્વક મોક્ષની પ્રાપ્તિ થાય છે, અને છેલ્લા ત્રણ પ્રકારના દાનથી માત્ર ભોગ સુખાદિક વગેરે મળે છે. સુપાત્રનું લક્ષણ આ રીતે કહ્યું છે. ઉત્તમ પાત્ર સાધુ, મધ્યમ પાત્ર શ્રાવકો અને જઘન્ય પાત્ર અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જાણવા. તેમજ કહ્યું છે કે—હજારો મિથ્યાદૃષ્ટિ કરતાં એક બાર વ્રતધારી શ્રાવક ઉત્તમ છે, અને હજારો બાર વ્રતધારી શ્રાવકો કરતાં એક પંચ મહાવ્રતધારી મુનિરાજ ઉત્તમ છે. હજારો મુનિરાજ કરતાં એક તત્ત્વજ્ઞાની ઉત્તમ છે. તત્ત્વજ્ઞાની જેવું પાત્ર થયું નહીં, અને થશે પણ નહીં. સત્પાત્ર, મ્હોટી શ્રદ્ધા, યોગ્ય કાળ, ઉચિત એવી આપવાની વસ્તુ, એવી ધર્મસાધનની સામગ્રી ઘણા પુણ્યથી મેળવાય છે. ૧ અનાદર, ૨ વિલંબ, ૩ પરાઙ્મુખપણું, ૪ કડવું વચન અને ૫ પશ્ચાત્તાપ એ પાંચ દાનાં શુદ્ધ દાનને પણ દૂષિત કરે છે. ૧ ભમર ઊંચી ચઢાવવી, ૨ દૃષ્ટિ ઊંચી કરવી, ૩ અંતર્વૃત્તિ રાખવી, ૪ પરાઙ્મુખ થવું, ૫ મૌન કરવું, અને ૬ કાળવિલંબ કરવો, એ છ પ્રકારનો નાકારો કહેવાય છે. ૧ આંખમાં આનંદનાં આંસુ, ૨ શરીરના રૂવાટાં ઊંચાં થવાં, ૩ બહુમાન ૪ પ્રિય વચન અને ૫ અનુમોદના એ પાંચ પાત્રદાનનાં ભૂષણ કહેવાય છે. સુપાત્રદાન ઉપર અને પરિગ્રહ પરિમાણવ્રત પાળવા ઉપર નીચે પ્રમાણે રત્નસાર કુમારની કથા છે:—

સંપત્તિના મ્હોટા નિવાસસ્થાન રૂપ રત્નવિશાળા નામની નગરી હતી. તેમાં **સમરસિંહ** એવું યથાર્થ નામ ધારણ કરનારો રાજા રાજ્ય કરતો હતો. માઠી અવસ્થામાં આવી પડેલા લોકોનાં દુઃખોને હરણ કરનારો વસુસાર નામનો એક મ્હોટો ધનાઢ્ય વ્યાપારી તે રત્નવિશાળામાં રહેતો હતો. તેની વસુંધરા નામે સ્ત્રી હતી. તેમને રત્ન સરખા ઉત્કૃષ્ટ ગુણોને ધારણ કરનાર રત્નસાર નામે એક પુત્ર હતો. તે એક વખતે પોતાના દોસ્તો સાથે વનમાં ગયો. વિચીક્ષણ રત્નસારે ત્યાં વિનયંધર આચાર્યને જોઈ વંદન કરી તેમને પૂછ્યું કે, "હે મહારાજ! આલોકમાં પણ સુખ શી રીતે મળે છે?" વિનયંધર આચાર્યે કહ્યું, "હે દક્ષ! જીવ સંતોષની વૃદ્ધિ રાખવાથી આલોકમાં પણ સુખી થવાય છે; પરંતુ બીજી કોઇ રીતે નથી થતો. સંતોષ દેશથી અને સર્વથી એવા બે પ્રકારનો છે. તેમાં દેશથી સંતોષ જે છે

તેથી ગૃહસ્થ પુરૂષોને સુખ મળે છે. પરિગ્રહ પરિમાણ વ્રતના અંગીકારથી ગૃહસ્થ પુરૂષોને દેશથી સંતોષ વૃદ્ધિ પામે છે કારણ કે, પરિગ્રહ પરિમાણ કરવાથી પાર વિનાની આશા મર્યાદામાં આવી રહે છે. સર્વથી સંતોષની વૃદ્ધિ તો મુનિરાજથીજ કરી શકાય છે. તેથી અનુત્તર વિમાનવાસી દેવતા કરતાં પણ સારૂં સુખ આલોકમાંજ મળે છે.

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—એક માસ સુધી દીક્ષાપર્યાય પાળનારા સાધુ આદરેલા ચારિત્રના વિશુદ્ધ પરિણામથી વાણમંતરની, બે માસ સુધી પાળનારા ભવનપતિની, ત્રણ માસ સુધી પાળનારા અસુરકુમારની, ચાર માસ સુધી પાળનારા જ્યોતિષીની, પાંચ માસ સુધી પાળનારા ચંદ્ર સૂર્યની, છ માસ સુધી પાળનારા સૌધર્મ તથા ઈશાન દેવતાની, સાત માસ સુધી પાળનારા સનત્કુમારવાસી દેવતાની, આઠ માસ સુધી પાળનારા બ્રહ્મવાસી તથા લાંતકવાસી દેવતાની, નવ માસ સુધી પાળનારા શુક્રવાસી તથા સહસ્રારવાસી દેવતાની, દશ માસ સુધી પાળનારા આનત આદિ ચાર દેવલોકમાં રહેનાર દેવતાની, અગીઆર માસ સુધી પાળનારા ગ્રૈવેયકવાસી દેવતાની તથા બાર માસ સુધી પાળનારા અનુત્તરોપપાતિક દેવતાની મનમાં ઉત્પન્ન થએલી સુખની પ્રાપ્તિનું ઉલ્લંઘન કરે છે.

જે માણસ સંતોષી નથી, તેને ઘણા ચક્રવર્ત્તિ રાજ્યોથી, અખુટ ધનથી, તથા સર્વે ભોગોપભોગનાં સાધનોથી પણ સુખ પ્રાપ્ત થતું નથી. સુભૂમ ચક્રવર્તી, કોણિક રાજા, મમ્મણ શેઠ, હાસા પ્રહાસા પત્નિ વગેરે મનુષ્યો સંતોષ ન રાખવાથીજ દુઃખી થયા. કેમકે—અભય કુમારની પેઠે સંતોષ રાખનારને જે કાંઈ સુખ મળે છે, તે સુખ અસંતોષી એવા ચક્રવર્તીને તથા ઇંદ્રને પણ મળી શકતું નથી. ઉપર ઉપર જોનારા સર્વે દરિદ્રો થાય છે; પણ નીચે નીચે જોનાર કયા માણસનો મ્હોટાઇ વૃદ્ધિ ન પામી ? માટે સુખને પુષ્ટિ આપનાર એવા સંતોષને સાધવાને અર્થે તું પોતાની ઇચ્છા મારફક ધન ધાન્ય આદિ પરિગ્રહનું પરિમાણ કર. ધર્મ, નિયમપૂર્વક લેશ માત્ર આચર્યો હોય, તો પણ તેથી પાર વિનાનું ફળ મળે છે; પરંતુ નિયમ લીધા વિના ઘણો ધર્મ આચર્યો હોય, તો પણ તેથી સ્વલ્પ માત્ર ફળ મળે છે. જુઓ ! કૂવામાં સ્વલ્પ માત્ર ઝરણું હોય છે, તો પણ તે

નિયમિત હોવાથી તેનું જળ કોઇ કાળે ખૂટતું નથી, અને સરોવરનું જળ કાંઠા સુધી ભર્યું હોય તો પણ તે નિયમ વિનાનું હોવાથી ખૂટે છે. માણસે નિયમ લીધો હોય તો સંકટ સમય આવે પણ તે ન મૂકાય અને નિયમનું બંધન ન હોય તો સારી અવસ્થામાં છતાં પણ કદાચ ધર્મકૃત્ય મૂકાય છે. તેમજ નિયમ લીધો હોય તોજ માણસની ધર્મને વિષે દૃઢતા થાય છે. જુઓ! દામણ બાંધવાથીજ જનવરો પણ ઉભાં રહે છે. ધર્મનું જીવિત દૃઢતા, વૃક્ષનું જીવિત ફળ, નદીનું જીવિત જળ, યુદ્ધનું જીવિત બળ, ઠગ માણસનું જીવિત જુઠ, જળનું જીવિત શીતળપણું અને ભક્ષ્યનું જીવિત ઘૃત છે. માટે ડાહ્યા પુરૂષોએ ધર્મકરણીનો નિયમ લેવામાં તથા લીધેલા નિયમને વિષે દૃઢતા રાખવામાં ઘણોજ મજબૂત પ્રયત્ન કરવો. કારણ કે, તેમ કરવાથી વાંછિત સુખની સુખે પ્રાપ્તિ થાય છે."

રત્નસાર કુમારે સદ્‌ગુરૂની એવી વાણી સાંભળીને સમ્યક્ત્વ સહિત પરિગ્રહ પરિમાણવ્રત લીધું. તે એ રીતે કે:—"મ્હારે મ્હારી માલેકીમાં એક લાખ રત્ન, દસ લાખ સુવર્ણ, મોતી ॥ અને પરવાળાના એમ એકેકના આઠ આઠ મૂડા, નાણાંમધ આઠ ક્રોડ સોનૈયા, દસ હજાર ભાર રૂપું વગેરે ધાતુઓ, સો મૂડા ધાન્ય, એક લાખભાર બાકીનાં કરીયાણાં, ૬૦ હજાર ગાયો, પાંસસો ઘર તથા દુકાનો, ચારસો વાહન, એક હજાર ઘોડા અને સો હાથી રાખવા. એથી વધારે સંગ્રહ ન કરવો. તથા મ્હારે રાજ્ય અને રાજ્યનો વ્યાપાર પણ ન સ્વીકારવો. શ્રદ્ધાવંત એવો તે રત્નસાર કુમાર આ રીતે પાંચ અતિચારથી રહિત એવા પાંચમા અણુવ્રતનો અંગીકાર કરી શ્રાવક ધર્મ પાળવા લાગ્યો.

બીજે કોઈ વખતે તે પ્રભુ પોતાના શુદ્ધ મનવાળા દોસ્તોની સાથે ફરતાં ફરતાં "રોલંબલોલ" નામના બગીચામાં આવ્યો. બગીચાની શોભા જોતો તે ક્રીડા પર્વત ઉપર ગયો. ત્યાં કુમારે દિવ્યરૂપ અને દિવ્ય વેષ ધારણ કરનારૂં તથા દિવ્ય ગાયન કરી રહેલું એક કિન્નરનું જોડલું જોયું. તે બન્નેનું મુખ ઘોડા જેવું અને બાકીના શરીરનો તમામ ભાગ માણસ સરખો એવું કોઇ દિવસે તે જોએલું સ્વરૂપ જોઇ ચમત્કાર પામેલા કુમારે હાસ્ય કરીને કહ્યું કે, "જો એ માણસ અથવા દેવતા હોત તો એનું

મુખ ઘોડા જેવું કેમ હોય? માટે એ માણસ નથી, અને દેવતા પણ નથી; પરંતુ કોઇ બીજા દ્વીપમાં ઉત્પન્ન થએલો કોઇ તીર્યંચ દેખાય છે, અથવા કદાચ કોઇ દેવતાનું એ વાહન હશે" તે કુમારનું કાનને કડવું લાગે એવું વચન સાંભળી દુઃખ પામેલા કિન્નરે કહ્યું. "હે કુમાર! તું કુકલ્પના કરીને મ્હારી ફ્રોગટ વિડંબના શું કરવા કરે છે? જગત્માં પોતાની ઇચ્છા પ્રમાણે કામવિલાસ કરનારો હું વ્યંતર દેવતા છું. પણ તું માત્ર તિર્યંચ સરખો છે. કારણ કે, તહારા પિતએ તને દેવતાઓને પણ ન મળી શકે એવી એક દિવ્ય વસ્તુથી એકાદ ચાકરની માફક દૂર રાખ્યો છે.

અરે કુમાર! સમરાંધકાર નામનો એક નીલવર્ણ ધારણ કરનારો ઉત્તમ ઘોડો તહારા પિતાને કોઇ દૂર દ્વીપાંતરમાં પૂર્વે મળ્યો. જેમ ખરાબ રાજા કૃશ અને વક્ર મુખને ધારણ કરનારો, હલકા કાનનો, ઠેકાણા વગરનો, પગે પગે દંડ કરનારો અને ક્રોધી હોય છે, તેમ તે અશ્વ પણ કૃશ અને વાંકા મુખને ધારણ કરનારો, ટૂંકા કાનને ધારણ કરનારો, બહુજ ચપળ, સ્કંધને વિષે ઐડીરૂપ ચિન્હ ધારણ કરનારો અને પ્રહાર ન ખમી શકે એવો છે. આ રીતે ખરાબ રાજા સરખો તે અશ્વ છે ખરો તો પણ એ આશ્ચર્ય છે કે તે સર્વ લોકોના મનને ખેંચનારો તથા પોતાની અને પોતાના ધણીની સર્વ પ્રકારે ઋદ્ધિને વધનારો છે. કેમકે—કૃશ મુખમાળા, નહીં બહુ જાડા તથા નહીં બહુ પાતળા એવા મધ્યભાગને ધારણ કરનારા ટૂંકા કાનવાળા ઉંચા ખંધને અને પહોળી છાતીને ધારણ કરનારા, સ્નિગ્ધ રોંમ રાજીવાળા પુષ્ટ એવા પાછલા બે પાસાને ધારણ કરનારા, પૃષ્ટભાગને ધણાજ વિશાળ, અને ધણા વેગવાળા એવા સર્વ ઉત્તમ ગુણોને ધારણ કરનાર ઘોડા ઉપર રાજાએ બેસવું." પવન કરતાં પણ ચપળ એવો તે ઘોડા "અસવારનું મન વિચારે આગળ દોડે છે કે, હું દોડું છું" એવી હરીફાઇથીજ કે શું? એક દિવસમાં સો ગાઉ જાય છે. જાણે લક્ષ્મીનો અંકુરજ હોયની! એવા બેસવા લાયક ઘોડા ઉપર જે પુરૂષ અસવાર થાય, તે સાત દિવસમાં જગત્માં શ્રેષ્ઠ એવી વસ્તુ મેળવે છે, એ ધણી આશ્ચર્યની વાત છે! અરે કુમાર! તું પોતાના ઘરમાંની છાની વાત જાણતો નથી, અને પોતે પંડિતાઇનો મ્હોટો અહંકાર ધારણ કરી માત્ર અજ્ઞાનથી

મ્હારી વગર કારણે નિંદા કરે છે! જો તું તે ઘોડો મેળવીશ, તો તારૂં ધૈર્ય, શૂરવીરપણું અને ડાહાપણ જણાશે." એમ કહી કિંનર, કિંનરીની સાથે આકાશમાં ઉડી ગયો.

રત્નસાર કુમાર ઘણી અપૂર્વ વાત સાંભળી ઘેર આવ્યો, અને પોતાને છેતરાયલો માની આમણો દુમણો થઈ શોક કરવા લાગ્યો. પછી ઘરના મધ્ય ભાગમાં જઈ બારણાં દઈ પલંગ ઉપર બેઠો. ત્યારે દીલગીર થએલા પિતાએ આવી તેને કહ્યું કે, "હે વત્સ! તને શું દુઃખ થયું! કાંઈ મનને અથવા શરીરને પીડા તો થઈ નથી? આના ઉત્તરમાં તેણે કહ્યું કે, જો કાંઈ તેવું હોય તો હું તેનો અવશ્ય ઉપાય કરૂં. જે હોય તે વાત મને કહે. કેમકે મોતીની પણ કિમ્મત વિંધ્યા વિના થતી નથી." પિતાનાં એવાં વચનથી સંતોષ પામેલા રત્નસારે શીઘ્ર બારણાં ઉઘાડ્યાં, અને જે વાત બની ગઈ હતી અને જે મનમાં હતી, તે સર્વ પિતાજીને કહી. પિતાએ ઘણું આશ્ચર્ય પામીને કહ્યું કે, "હે વત્સ! એ અમારો પુત્ર આ સર્વોત્તમ અશ્વ ઉપર બેસીને ભૂતળને વિષે ચિરકાળ ફરતાં રખે અમને પોતાના વિયોગથી દુઃખી કરે." એવી કલ્પનાથી મેં આજ સુધી તે ઘોડો ઘણી મહેનતે ગુપ્ત રાખ્યો, પણ તે હવે તારા હાથમાં સોંપવોજ પડશે. પરંતુ તને યોગ લાગે તેજ કર. એમ કહી પિતાએ હર્ષથી રત્નસાર કુમારને તે ઘોડો આપ્યો, માગ્યા પછી પણ ન આપવું એ પ્રીતિ ઉપર અગ્નિ મૂકવા સરખું છે. જેમ નિધાન મળવાથી નિર્ધનને આનંદ થાય છે, તેમ રત્નસાર કુમારને ઘોડા મેળવવાથી ઘણો આનંદ થયો. શ્રેષ્ઠ વાંછિત વસ્તુ મળે ત્યારે કોને આનંદ ન થાય? પછી ઘણો બુદ્ધિશાળી કુમાર, સૂર્ય જેમ ઉદય પર્વત ઉપર આવે છે, તેમ રત્નજડિત સુવર્ણનું પલાણ ચડાવેલા તે ઘોડા ઉપર ચઢ્યો, અને વયથી તથા શીળથી સરખા એવા શોભતા ઘોડા ઉપર બેઠેલા શ્રેષ્ઠ મિત્રોની સાથે નગરથી બહાર નીકળ્યો. ઇંદ્ર જેમ પોતાના ઉચ્ચૈઃશ્રવા નામના અશ્વને ચલાવે છે, તેમ તે કુમાર, જેની બરાબરીનો અથવા જેથી ચઢિયાતા લક્ષણવાળો ઘોડો જગતમાં પણ નથી, એવા ઉચ્ચૈઃશ્રવા સમાન તે ઘોડા રૂપી રત્નને ઘોડા ફેરવવાના મેદાનમાં ફેરવવા લાગ્યો.

ડાહ્યા એવા કુમારે તે ઘોડાને આક્ષેપથી અનુક્રમે ધોરિત, વલ્ગિત, પ્લુત, અને ઉત્તેજિત એ ચાર ગતિમાં (ચાર પ્રકારની ચાલમાં) ચલાવ્યો. પછી શુદ્ધધ્યાન જીવને પાંચમી ગતિએ પહોંચાડે છે ત્યારે તે જીવ જેમ બીજા સર્વ જીવને પાછળ મૂકે છે, તેમ કુમારે તે ઘોડાને આરકંદિત નામની પાંચમી ગતિએ પહોંચાડયો, ત્યારે તે ઘોડાએ બીજા સર્વ ઘોડાને પાછળ મૂક્યા. એટલામાં શેઠના ઘરને વિષે પાંજરામાં રાખેલો એક બુદ્ધિશાળી પોપટ હતો, તેણે કાર્યનો સાર ધ્યાનમાં લઇ વસુસાર શેઠને કહ્યું કે, "હે તાત! આ મ્હારો ભાઈ રત્નસાર કુમાર હાલમાં અશ્વરત્ન ઉપર બેસીને ઘણા વેગથી જાય છે. કૌતુકનો ઘણો રસિક એવો કુમાર ચાલાક મનનો છે: ઘોડો પણ હરિણ સરખો ઘણો ચાલાક અને ચાલતાં જબરા કૂદકા મારનારો છે, અને દૈવની ગતિ વીજળીના ચમકારા કરતાં પણ ઘણી વિચિત્ર છે, તેથી અમે જાણી શકતા નથી કે, આ કામનું પરિણામ કેવું આવશે? સારા ભાગ્યનો જાણે એક સમુદ્રજ હોયની! એવા મ્હારા ભાઇનું અશુભ તો કોઈ ઠેકાણે થાયજ નહીં, તથાપિ સ્નેહવાળા લોકોના મનમાં પોતાની જેના ઉપર પ્રીતિ હોય, તેની બાબતમાં અશુભ કલ્પનાઓ આવ્યા વિના રહેતી નથી. સિંહ જ્યાં જાય ત્યાં પોતાની પ્રભુતાજ ચલાવે છે, તથાપિ તેની માતા સિંહીણીનું મન પોતાના પુત્રના સંબંધમાં અશુભ કલ્પના કરી અવશ્ય દુઃખી થાય છે. એમ છતાં પણ પડેલાથીજ પોતાની શક્તિ પ્રમાણે યત્ન રાખવો એ બહુ સારી વાત છે. તળાવ મજબૂત હોય, તેટલામાંજ પાળ બાંધવી, એ યુક્તિથી બહુ સારૂં દેખાય છે. માટે હે તાત! હે સ્વામિન્! આપની આજ્ઞા થાય તો હું કુમારની ખોળ માટે એક પાળાની માફક તુરત જઉં. દૈવ ન કરે, અને કદાચ કુમાર ઉપર કાંઇ આપદા આવી પડે તો, હું હર્ષ ઉત્પન્ન કરનારાં વચન વગેરે સંભળાવી તેને સહાય પણ કરૂં."

પછી શેઠના મનમાં જે અભિપ્રાય હતો તેને મળતી વાત કરનાર પોપટને શેઠે કહ્યું કે, "હે ભલા પોપટ! તેં બહુ સારૂં કહ્યું. તહારૂં મન બહુ શુદ્ધ છે. માટે હે વત્સ! હવે તું શીઘ્ર જા. અને ઘણા વેગથી ગમન કરનાર એવા રત્નસાર કુમારને વિકટ માર્ગમાં સહાય કર. લક્ષ્મણ સાથે

હોવાથી રામ જેમ સુખે પાછા આવ્યા, તેમ તમારા જેવો પ્રબળ મિત્ર સાથે હોવાથી તે કુમાર પોતાની વાંછા પૂર્ણ કરીને સુખે નિશ્ચયથી પાછો પોતાને સ્થાનકે આવશે." શેઠનાં એવાં વચન સાંભળી પોતાને કૃતાર્થ માનનારો તે માનવંત પોપટ શેઠની આજ્ઞા મળતાંજ, સંસારમાંથી જેમ સદ્‌બુદ્ધિ માણસ બહાર નીકળે છે, તેમ શીઘ્ર પાંજરામાંથી બહાર નીકળ્યો. બાલની પેઠે ગમન કરનાર તે પોપટ તુરતજ કુમારને આવી મળ્યો. કુમારે પોતાના નાના ભાઇની પેઠે પ્રેમથી ખોલાવી ખોળામાં બેસાર્યો જાણે મનુષ્ય રત્નની (રત્નસારની) પ્રાપ્તિ હોવાથી પ્રમાણ વિનાના અહંકારમાં આવ્યો હોયની ! એવા તે અશ્વરત્ને વેગથી ગમન કરતાં રત્નસારના મિત્રના અશ્વોને નગરની પાછળ ભાગોળના ભાગમાંજ મૂક્યા બુદ્ધિશાળી પુરૂષ મતિમંદ પુરૂષોને જેમ પાછળ મૂકે છે, તેમ કુમારના અશ્વરત્ને પાછળ મૂકેલા બાકીના ઘોડા પ્રથમથીજ નિરૂત્સાહ હતા, તે ત્યાંજ થાકી ઉભા રહ્યા.

હવે અતિશય ફૂદકા મારતારો શરીરથી પ્રાયે અદ્ધર ચાલનારો કુમારનો ઘોડો જાણે શરીર રજ લાગવાની બીકથીજ કે શું ભૂમીને સ્પર્શ પણ કરતો નહોતો. તે સમયે નદીઓ, પર્વતો, જંગલની ભૂમીઓ વગેરે સર્વ વસ્તુ જાણે કુમારના અશ્વની સાથે હરીફાઇથીજ કે શું ! વેગથી ચાલતી હોય એવી ચારે તરફ દેખાતી હતી ! ઝડપથી ભૂમિનું ઉલ્લંઘન કરનાર તે શ્રેષ્ઠ ઘોડો કૌતુકથી ઉત્સુક થએલા કુમારના મનની પ્રેરણાથીજ કે શું ! પોતાને થતા શ્રમ તરફ કોઇ સ્થળે પણ બિલકુલ ધ્યાન નહીં પહોંચાડયું. એમ કરતાં તે ઘોડો અનુક્રમે વારંવાર ફરતી ભિલ્લની સેનાથી ઘણી ભયંકર એવી શબરસેના નામની મ્હોટી અટવીમાં આવ્યો. તે મ્હોટી અટવી સાંભળનારને ભય અને ખેલચ્છા ઉત્પન્ન કરનાર, તથા ન સંભળાય એવા જંગલી ક્રૂર જાનવરોની ગર્જનાઓના બહાનાથી જાણે "હું સર્વે અટવીઓમાં અગ્રેસર છું" એવા અહંકારવડે ગર્જના જ કરતી હોયની ! એમ લાગતું હતું. ગજ, સિંહ, વાઘ, સૂઅર, પાડા વગેરે જાનવરો કુમારને કૌતુક દેખાડવાને અર્થેજ કે શું ! ચારે તરફ પરસ્પર લડતા હતા. તે મહા અટવી શિયાળીયાના શબ્દના બહાનાથી "અપૂર્વ વસ્તુના લાભની તથા કૌતુક જોવાની ઇચ્છા હોય તો શીઘ્ર આમ

આવ" એમ કહી કુમારને બોલાવતીજ હોયની! એવી દેખાતી હતી. તે મ્હોટી અટવીમાંનાં વૃક્ષ ધ્રુજતી શાખાઓના ટુંકના બહાનાથી જાણે તે અશ્વરત્નનો વેગ જોઈ, ચમત્કાર પામી પોતાનાં મસ્તક ધુણાવતાં હોયની! એવાં દેખાતાં હતાં. તે મહા અટવીમાં ભિલ્લની સ્ત્રીઓ જાણે કુમારનું મનરંજન કરવાને અર્થેજ કે શું! કિંનરીની પેઠે મધુર સ્વરથી ઉદ્‌ભટ ગીતો ગાતી હતી.

આગળ જતાં રત્નસાર કુમારે ડિંડોળા ઉપર ડિંચકા ખાતા એક તાપસ કુમારને સ્નેહવાળી નજરથી જોયો. તે તાપસ કુમાર મર્ત્યલોકમાં આવેલા નાગકુમાર જેવો સુંદર હતો; પ્રિય બાંધવ સરખી તેની દૃષ્ટિ જોતાંવેંતજ સ્નેહવાળી દેખાતી હતી: અને તેને જોતાંજ એમ જણાતું હતું કે, હવે જોવા જેવું કાંઈ પણ રહ્યું નથી. તે તાપસ કુમાર પણ કામદેવ સરખા સુંદર રત્નસાર કુમારને જોઈને, જેમ વરને જોવાથી કન્યાના મનમાં લજ્જા વગેરે પેદા થાય છે, તેમ તે તાપસ કુમારના મનમાં લજ્જા, ઉત્સુકતા, હર્ષ વગેરે મનોવિકાર ઉત્પન્ન થયા. ઘણા મનોવિકારથી ઉત્તમ એવો તાપસ કુમાર મનમાં શૂન્ય જેવો થયો હતો, તથાપિ કોઇ પણ રીતે ધૈર્ય પકડીને તેણે ડિંડોળા ઉપરથી ઉતરી રત્નસાર કુમારને આ રીતે સવાલ કર્યો. "હે જગત્‌વલ્લભ! હે સૌભાગ્યનિધે! અમારા ઉપર કૃપા દૃષ્ટિ રાખ, સ્થિરતા ધારણ કર, પ્રમાદ ન કર, અને અમારી સાથે વાત ચીત કર. તહારા નિવાસથી કયો દેશ અને કયું નગર જગતમાં ઉત્તમ અને પ્રશંસા કરવા યોગ્ય થયું? તહારા જન્મથી કયું કુળ ઉત્સવથી પરિપૂર્ણ થયું? તહારા સંબંધથી કઇ જાતિ જાઈના પુષ્પ પેઠે સુગંધી થઇ? કે જેની અમે પ્રશંસા કરીએ? એવો ત્રૈલોક્યને આનંદ પમાડનારો તહારો પિતા કયો? તને પણ પૂજવા યોગ્ય એવી તહારી માન્ય માતા કોણ! સમગ્ર સુંદર વસ્તુમાં શ્રેષ્ઠ એવો તું જેમની સાથે સગાઇ સંબંધ રાખે છે, તે સજ્જનની પેઠે જગતને આનંદ પમાડનારા તહારા સ્વજન કયા? જે વડે જગતમાં તું ઓળખાય છે, તે મ્હોટાઈનું સ્થાનક એવું તહારું નામ કયું? તહારે પોતાના ઇષ્ટ માણસને દૂર રાખવાનું શું કારણ બન્યું? કેમ કે, તું કોઇ પણ મિત્ર વિના એકલોજ દેખાય છે. બીજાનો

તિરસ્કાર કરનારી એવી આ અતિશય ઉતાવળ કરવાનું પ્રયોજન શું ? અને મ્હારી સાથે તું પ્રીતિ કરવા ઇચ્છે છે, તેનું પણ કારણ શું ?"

તાપસ કુમારનું એવું મનોહર ભાષણ પૂર્ણપણે સાંભળતાં એકલો રત્નસારજ નહીં, પરંતુ ઘોડો પણ ઉત્સુક થયો. તેથી કુમારનું મન જેમ ત્યાં સ્થિર થયું, તેમ તે અશ્વ પણ ત્યાં સ્થિર ઉભો રહ્યો. ઉત્તમ અશ્વોનું વર્તન અસવારની મરજી માફકજ હોય છે. રત્નસાર તાપસ કુમારના સૌંદર્યથી અને બોલવાની ચતુરાઇથી મોહિત થવાથી તથા ઉત્તર આપવા જેવી બાબત ન હોવાથી કાંઇ ઉત્તર આપી શક્યો નહીં. એટલામાં તે ભલો પોપટ વાચાળ માણસની માફક ઉચ્ચસ્વરે બોલવા લાગ્યો. જે સર્વ અવસરનો જાણ હોય, તે અવસર મળે કાંઇ વિલંબ કરે ? પોપટ કહે છે. "હે તાપસ કુમાર ! કુમારનું કુળ વગેરે પૂછવાનું પ્રયોજન શું છે ? હાલમાં તેં અહિં કાંઇ વિવાહ માંડ્યો નથી. ઉચિત આચરણ આચરવામાં તું ચતુરજ છે. તથાપિ તે તને કહું છું. સર્વે વ્રતધારીઓને ઘેર આવેલો અતિથી સર્વ પ્રકારે પૂજવા લાયક છે. લૌકિક શાસ્ત્રકારોએ કહ્યું છે કે— ચારે વર્ણનો ગુરૂ બ્રાહ્મણ છે, અને બ્રાહ્મણનો ગુરૂ અગ્નિ છે, સ્ત્રીઓનો ભરથાર એજ એક ગુરૂ છે, અને સર્વે લોકોનો ગુરૂ ઘેર આવેલો અતિથિ છે. માટે હે તાપસ કુમાર ! જો તહારૂં ચિત્ત આ કુમાર ઉપર હોય તો, એની ઘણી પરોણાગત કર. બીજા સર્વ વિચાર કોરે મૂકી દે." પોપટની એવી ચતુર ઉક્તિથી રાજી થએલા તાપસ કુમારે રત્નના હાર સરખી પોતાની કમળામાળા ઝટ પોપટના ગળામાં પહેરાવી. અને રત્નસારને કહ્યું કે, "હે શ્રેષ્ઠ કુમાર ! તુંજ જગતમાં વખાણવા લાયક છે. કારણ કે, તહારો પોપટ પણ વચન ચાતુરીમાં ઘણોજ નિપુણ છે. તહારૂં સૌભાગ્ય સર્વે કરતાં ઉત્તમ છે. માટે હે કુમાર ! હવે ઘોડા ઉપરથી ઉતર, મ્હારો ભાવ ધ્યાનમાં લઇ મ્હારો પરોણો થા, અને અમને કૃતાર્થ કર. વિકાસ પામેલાં કમળોથી શોભતું અને નિર્મળ જળને ધારણ કરનારૂં એવું આ ન્હાનું સરખું એક તળાવ છે. આ સઘળો સુંદર વનનો સમુદાય છે, અને અમે તહારા તાબેદાર છીએ. મ્હારા જેવા તાપસથી તહારી પરોણાગત તે શી થવાની ? નમ તપસ્વિના મઢમાં રાજાની આસના વાસના તે શી થાય ?

તથાપિ હું મ્હારી શક્તિ પ્રમાણે તને કાંઈક ભક્તિ દેખાડું. કોઇ સ્થળે કેળાંનું ઝાડ પોતાની છાયાથી નીચે બેસનારને વિશ્રાંતિ સુખ નથી આપતું કે શું? માટે શીઘ્ર મહેરબાની કરી આજ મ્હારી વિનતિ કબૂલ કર. મુસાફરી કરનારા સત્પુરૂષો કોઇની વિનંતિ કોઇ પણ વખતે ફોગટ જવા દેતા નથી."

રત્નસારના મનમાં ઘોડા ઉપરથી ઉતરવાનો વિચાર પહેલેથીજ આવ્યો હતો. પાછળથી જાણે સારા શકુનોજ હોયની! એવાં તાપસ કુમારનાં વચનથી તે નીચે ઉતર્યો. પછી તે બન્ને કુમારો જાણે જન્મથી માંડીનેજ મિત્ર હોયની! તે રીતે પ્રથમ મનથી મળ્યા હતા; તે હમણાં પ્રીતિથી એક બીજાને સુખ ઉત્પન્ન કરનાર શરીરવડે પણ માંહોમાંહે આલિંગન કરીને મળ્યા. પછી માંહોમાંહે દૃઢ થએલી પ્રીતિ તેવીને તેવીજ રાખવાને અર્થે તે બન્ને જણા એક બીજાનો હાથ પકડી થોડી વાર ત્યાં આમતેમ ફરવા લાગ્યા. પ્રીતિથી માંહોમાંહે હસ્તમેલાપ કરનારા બન્ને કુમાર જંગલની અંદર ક્રીડા કરનાર બે હાથીના બચ્ચાની પેઠે શોભવા લાગ્યા. તાપસ કુમારે જેમ પોતાનું સર્વસ્વ દેખાડ્યું, તેમ તે અટવીમાં પર્વત, નદીઓ, તળાવો, ક્રીડા કરવાનાં સ્થાનકો વગેરે સર્વ રત્નસારને દેખાડ્યાં. ફૂલોની તથા ફલોની ઘણી સમૃદ્ધિ થવાથી નમી ગએલાં એવાં, પૂર્વે કોઇ સમયે જોવામાં ન આવેલાં કેટલાંક વૃક્ષો નામ દઈ દઈને તાપસ કુમારે રત્નસારને પોતાના ગુરૂ માફક ઓળખાવ્યાં. પછી રત્નસાર, તાપસ કુમારના કહેવાથી થાક દૂર કરવાને માટે અને કૌતુકને અર્થે હાથીની પેઠે એક હા ા સરોવરમાં હાયો. તાપસ કુમારે રત્નસારને સાથી પેઠે હાયાની વાત પૂછીને તેની આગળ ફળફળાદિ લાવી મૂક્યાં. તે આ પ્રમાણે:—જાણે પ્રત્યક્ષ અમૃતજ હોયની! એવી પાકી તથા કાંઈક કાચી દ્રાક્ષ, વ્રતધારી લોકોનાં મન પણ જેમને નજરે જોતાંજ ભક્ષણ કરવાને અર્થે અધીર થઈ જાય એવાં પાકેલાં સુંદર આમ્રફળો, ઘણાં નાળીયેર, કેળાં, પાકાં ક્ષુવાકરીનાં ફળો, ખજૂરનાં ફળો, મીઠાશનું ઘરજ હોયની! એવાં ઘણાં રાયણનાં ફળો, પાકાં ક્ષીરામલકીનાં ફળો, જેની અંદર સ્નિગ્ધ બીજ છે એવાં હારબંધ ચારોળીનાં ફળ, સારાં બીજવાળાં સુંદર બીજફળો, સારાં મધુર બીજોરાં, સુંદર

નારંગીઓ, સર્વોત્કૃષ્ટ દાડમો, પાકાં સાકરનિંબૂ, જાંબૂડા, બોર, ગૂંદાં, પીલુ, ફણસ, શીંગોડા, સકરટેટી, ચીભડાં, પાકાં તથા કાચાં એવાં જૂદાં જૂદાં વાલુક વગેરે ફળો, કમળપત્રના દડાથી પીવાય એવાં દ્રાખ વગેરેના સરસ શરબતો, નાળિયેરનું તથા સ્વચ્છ સરોવરનું જળ, શાકને ઠેકાણે કાચાં આમ્લવેતસ, આમલી, નિંબૂ વગેરે: સ્વાદિમને ઠેકાણે કાંઇક લીલી તથા કાંઇક સૂકી હારબંધ સોપારીઓ, પહોળા અને નિર્મળ પાન, એલચી, લવિંગ, લવલીફળ, જાયફળ વગેરે, તથા ભોગ સુખને અર્થે શતપત્ર બકુલ, ચંપક, કેતકી, માલતી, મોગરા, કુંદ, સુચકુંદ, ઘણાંજ સુગંધી જાતજાતનાં કમળો, હર્ષ ઉત્પન્ન કરનારા દમણા આદી પુષ્પો તથા પત્રો; તેમજ કર્પૂરવૃક્ષથી ઉત્પન્ન થએલાં કપૂરનાં રજઃકણ અને જેટલી મળી તેટલી કસ્તૂરી, વગેરે તાપસ કુમારે ઉપર કહેલી સર્વ ઉત્તમ વસ્તુઓ બરોબર ગોઠવીને રત્નસાર કુમારની આગળ મૂકી. એટલી બધી વસ્તુઓ મૂકવાનું કારણ એમ છે કે, તે અટવીમાં સર્વે ઋતુનાં ફળ ફૂલ હમેશાં સુખે મળતાં હતાં. તથા પ્રત્યેક માણસના મનની રૂચિ ભિન્ન ભિન્ન હોય છે, માટે વિસ્તારથી સર્વે વસ્તુ તાપસ કુમારે મૂકી.

પછી મ્હોટા મનને ધારણ કરનારા રત્નસાર કુમારે તાપસ કુમારે કરેલી ભક્તિની રચના અંગીકાર કરવાને માટે તે સર્વે વસ્તુઓ ઉપર ઘણા આદરથી એક વાર નજર ફેરવી, અને જાણે પૂર્વે કોઈ વખતે ભક્ષણ કરીજ ન હોય! એવી તે સર્વ વસ્તુઓ ઉપયોગમાં આવી તે રીતે થોડી થોડી ભક્ષણ કરી. દાતાર પુરૂષની એવીજ મહેરબાની હોય છે! પછી તાપસ કુમારે, રાજા ભોજન કરી રહ્યા પછી જેમ તેના સેવકને જમાડવો તેમ તે પોપટને તેની જાતિને ઉચિત એવાં ફળોથી તૃપ્ત કર્યો. ઘોડાની પણ તેની જાતિને લાયક આસના વાસના કરી, તથા યોગ્ય વસ્તુ ખવરાવી તાપસ કુમારે થાક વિનાનો તથા તૃપ્ત કર્યો. હીકજ છે. મ્હોટા પુરૂષો કોઈ કાળે પણ ઉચિત આચરણ મૂકતા નથી. પછી મ્હોટા મનવાળો પોપટ રત્નસાર કુમારનો અભિપ્રાય સમ્યક્ પ્રકારે જાણી પ્રીતિથી તાપસ કુમારને પૂછવા લાગ્યો કે, "હે તાપસ કુમાર! જેને જોતાંજ રોમરાજિ વિકસ્વર થાય એવા આ નવયૌવનમાં કલ્પના પણ ન કરી શકાય એવું આ તાપસ

વ્રત તેં કેમ આદર્યું ? સર્વે સંપદાઓનો જાણે એક સુરક્ષિત કોટજ હોય ની ! એવું આ તહારું સુંદર સ્વરૂપ ક્યાં, અને સંસાર ઉપર તિરસ્કાર ઉત્પન્ન કરનારું એવું આ તાપસ વ્રત તે ક્યાં ? જેમ અરણ્યમાં માલતીનું પુષ્પ કોઇના ભોગમાં ન આવતાં વ્યર્થ સુગંધ જાય છે, તેમ તેં તહારું આ ચાતુર્ય અને સૌંદર્ય પ્રથમથીજ તાપસ વ્રત લઇ નિષ્ફળ કેમ કરી નાંખ્યું ? દિવ્ય અલંકાર અને દિવ્ય વેષ પહેરવા લાયક એવું આ કમળ કરતાં પણ કોમળ શરીર અતિશય કઠોર એવાં વલ્કલોને શી રીતે સહન કરી શકે ? જોનારની નજરે મૃગજાળ પેઠે બંધનમાં નાંખનારો એવો આ તહારો કેશપાશ ક્રૂર એવા જટાબંધનો સંબંધ સહેવા લાયક નથી. આ તહારું સુંદર તારૂણ્ય અને પવિત્ર લાવણ્ય તેને યોગ્ય એવા નવનવા ભોગોપભોગે શૂન્ય હોવાથી હાલમાં અમને ઘણી દયા ઉત્પન્ન કરે છે. માટે હે તાપસ કુમાર ! વૈરાગ્યથી, કપટ કરવામાં ડહાપણ હોવાથી, ભાગ્યયોગથી, માઠા કર્મથી, કોઇના બલાત્કારથી, કોઇ મહા તપસ્વીનો શાપ હોવાથી અથવા કોઇ બીજા કારણથી આ કઠણ તપસ્યાનો અંગીકાર કર્યો તે કહે !"

પોપટ આ રીતે પ્રશ્ન કરી રહ્યા પછી તાપસ કુમાર એક સરખી નેત્રમાંથી ઝરતી આંસુધારાના બહાનાથી અંદર રહેલા દુઃખને વમતો હોયની ! તેવી રીતે ગદ્‌ગદ સ્વરથી કહેવા લાગ્યો. " હે ભલા પોપટ ! હે ઉત્તમ કુમાર ! તમારી બરાબરી કરી શકે એવો જગત્‌માં કોણ છે ? કારણ કે, અનુકંપાપાત્ર એવા મ્હારે વિષે એવી તમારી દયા સાક્ષાત્ દેખાય છે. પોતાને અથવા પોતાના કુટુંબીઓને દુઃખ થઇ દુઃખી થએલા કોણ દેખાતા નથી ? પણ પારકા દુઃખથી દુઃખી થનારા પુરૂષો ત્રણે જગત્‌માં હશે, તો માત્ર બે ત્રણજ હશે. કહ્યું છે કે—શૂરવીર, પંડિત તથા પોતાની લક્ષ્મીથી કુબેરને પણ ખરીદ કરે એવા ધનાઢ્ય લોકો, પૃથ્વી ઉપર પગલે પગલે હજારો જોવામાં આવશે, પણ જે પુરૂષનું મન પારકા દુઃખી માણસને પ્રત્યક્ષ જોઈ અથવા કાને સાંભળી તેના દુઃખથી દુઃખી થાય, એવા સત્‌પુરૂષો જગત્‌માં પાંચ કે છજ હશે. સ્ત્રીઓ, અનાથ, દીન, દુઃખી અને ભયથી પરાભવ પામેલા એમને સત્પુરૂષ સિવાય બીજો કોણ રક્ષણ કરનારો છે ? માટે હે કુમાર ! મ્હારી જે હકીકત છે તે હું તહારી આગળ કહું છું.

મનથી ખરેખર પ્રેમ રાખનાર માણસ આગળ છાનું રખાય એવું તે શું હોય?" તાપસ કુમાર આમ બોલે છે, એટલામાં મદોન્મત્ત હાથીની પેઠે વનને વેગથી સમૂળ ઉખેડી નાંખનારો, એક સરખી ઉછળતી ધૂળના ઢગલાથી ત્રણે જગતને કોઇ વખતે જોવામાં ન આવેલા ઘનઘોર ધૂમાડામાં અતિશય ગર્ક કરનારો, ન સંભળાય એવા મહા ભયંકર ધૂત્કાર શબ્દથી દિશાઓમાં રહેનારા માણસોના કાનને પણ જર્જર કરનારો, તાપસ કુમારના પોતાનો વૃત્તાંત કહેવાના મનોરથ રૂપ રથને બળાત્કારથી ભાગી નાંખી પોતાના **પ્રભંજન** એવા નામને યથાર્થ કરનારો, અકસ્માત્ ચઢી આવેલા મહા નદીના પૂરની પેઠે સમગ્ર વસ્તુને ડૂબાડનારો તથા તોફાની દુષ્ટ ઉત્પાત પવનની પેઠે ખમી ન શકાય એવો પવન સખત વેગથી વાવા લાગ્યો. પછી કાબેલ ચોરની માફક મંત્રથીજ કે શું! રત્નસારની અને પોપટની આંખ ધૂળવડે બંધ કરીને તે પવને તાપસ કુમારને હરણ કર્યો. ત્યારે પોપટે અને રત્નસાર કુમારે કાને ન સંભળાય એવો તાપસ કુમારનો વિલાપ માત્ર સાંભળ્યો. તે નીચે પ્રમાણે:—

"હાય હાય! ઘણી બીપત્તી આવી પડી!! સકળ લોકોના આધાર, અતિશય સુંદર, સંપૂર્ણ લોકોના મનનું વિશ્રાંતિ સ્થાનક, મ્હોટા પરાક્રમી, જગતની રક્ષા કરવામાં દક્ષ એવા હે કુમાર! આ દુઃખમાંથી મને બચાવ, બચાવ!" ક્રોધથી યુદ્ધ કરવા સિદ્ધ થએલો રત્નસાર, "અરે પાપી! મ્હારા જીવિતના જીવન એવા તાપસ કુમારને હરણ કરીને ક્યાં જાય છે?" એમ ઉચ્ચ સ્વરે કહી તથા દૃષ્ટિવિષ સર્પ સરખી વિકાળ તરવાર મ્યાનમાંથી કાઢીને હાથમાં લઇ વેગથી તેની પછવાડે દોડયો. ભલે, પોતાને શૂરવીર સમજનાર લોકોની રીતી એવીજ છે. વીજળીની પેઠે અતિશય વેગથી રત્નસાર થોડોક દૂર ગયો, એટલામાં રત્નસારના અદ્‌ભૂત ચરિત્રથી અજાયમ થયેલા પોપટે કહ્યું કે, "હે રત્નસાર કુમાર! તું ચતુર છતાં મુગ્ધ માણસની પેઠે કેમ પાછળ દોડે છે? તાપસ કુમાર ક્યાં અને આ તોફાની પવન ક્યાં? યમ જેમ જીવિત લઇ જાય છે, તેમ આ ઘણો તોફાની પવન તાપસ કુમારને હરણ કરી, કૃતાર્થ થઇ કોણ જાણે તેને ક્યાં અને કેવી રીતે લઇ ગયો? હે કુમાર! એટલી વારમાં તે પવન તાપસ

કુમારને અસંખ્ય લક્ષ યોજન દૂર લક્ષ જઇને ક્યાંએ સંતાઇ ગયો. માટે તું હવે શીઘ્ર પાછો ફર."

ઘણા વેગથી કરવા માંડેલું કામ નિષ્ફળ જવાથી શરમાયલો રત્નસાર પોપટના વચનથી પાછો આવ્યો, અને ઘણો ખિન્ન થઈ વિલાપ કરવા લાગ્યા કેઃ—"હે પવન! મ્હારા પ્રેમનું સર્વસ્વ એવા તાપસ કુમારને હરણ કરી તેં દાવાગ્નિ સરખું ક્રૂર વર્ત્તન કેમ કર્યું? હાય હાય! તાપસ કુમારનો મુખચંદ્રમા જોઇ મ્હારાં નેત્રરૂપ નીલકમળો ક્યારે વિકસ્વર થશે? અમૃતની લહેરી સરખા સ્નિગ્ધ, મુગ્ધ અને મધુર એવા તે મનને પ્રસન્ન કરનારા દૃષ્ટિવિલાસ ફરીથી મને શી રીતે મળશે? રાંક સરખો હું તેનાં કલ્પવૃક્ષના પુષ્પ સરખાં, અમૃતને પણ તુચ્છ કરનારાં વારંવાર મોમાંથી નીકળતાં મધુર વચન હવે શી રીતે સાંભળીશ?" સ્ત્રીના વિયોગથી દુઃખી થએલા પુરૂષની માફક એવા નાનાવિધ વિલાપ કરનાર રત્નસાર કુમારને પોપટે યથાર્થ જે વાત તે આ રીતે કહીઃ—"હે રત્નસાર! જેને માટે તું શોક કરે છે, તે નક્કી તાપસ કુમાર નથી; પણ કોઇ પુરૂષે પોતાની શક્તિથી રૂપાંતરમાં ફેરવી નાંખેલી એ કાંઈક વસ્તુ છે, એવું મ્હારી ધારણામાં આવે છે. તેના દેખાયલા જૂદા જૂદા મનોવિકારથી, મનોહર વચન બોલવાના પ્રકારથી, કટાક્ષવાળી ખેંચાયલી નજરથી અને બીજાં એવાંજ લક્ષણોથી હું તો નક્કી એમ અનુમાન કરૂં છું કે, તે એક કન્યા છે. એમ ન હોત તો તેં પૂછ્યું ત્યારે તેનાં નેત્ર આંસુથી કેમ પુરેપુરાં ભરાઇ ગયાં? એ તો સ્ત્રીજાતિનું લક્ષણ છે. ઉત્તમ પુરૂષને વિષે એવા લક્ષણનો સંભવજ નથી. તે ધનઘોર પવન નહોતો, પણ તે કાંઇક દિવ્યસ્વરૂપ હતું. એમ ન હોત તો તે પવને પેલા તાપસ કુમારનેજ હરણ કર્યો, અને આપણ બે જણાને કેમ છોડી દીધા? હું તો નક્કી કહી શકું છું કે, તે કોઇક બિચારી ભલી કન્યા છે, અને તેને કોઇ પાપી દેવતા, પિશાચ વગેરે હેરાન કરે છે. ખરે એમજ છે. દુષ્ટ દૈવ આગળ કોનું ચાલે એમ છે? તે કન્યા દુષ્ટ પિશાચના હાથમાંથી છૂટશે, ત્યારે જરૂર તનેજ વરશે. કેમ કે, કલ્પવૃક્ષ જોયું છે, તેની બીજી ઝાડ ઉપર પ્રીતિ શી રીતે રહે? જેમ સૂર્યનો ઉદય થએ રાત્રિરૂપ પિશાચિકાના હાથમાંથી કમલિની

છૂટે છે, તેમ તે કન્યા પણ તહારા શુભ કર્મનો ઉદય થએ દુષ્ટ પિશાચના હાથમાંથી છૂટશે, એમ હું ધારૂં છું. પછી સારા ભાગ્યના વશથી તે કન્યા તને ક્યાંય પણ શીઘ્ર મળશે. કેમ કે, ભાગ્યશાળી પુરૂષોને જોઈતી ચીજ-ની પ્રાપ્તિ જરૂર થાય છે. હે કુમાર! હું જે કલ્પના કરીને કહું છું તો તહારે તે કબુલ રાખવી. એ તો સત્યપણું અથવા અસત્યપણું થોડા કાળમાં જણાઈ જશે. માટે હે કુમાર! તું ઉત્તમ વિચારવાળો છતાં મુખમાંથી ન ઉચ્ચરાય એવા આ વિલાપ કેમ કરે છે? આ વાત ધીર પુરૂષને કામની નથી"

કર્તવ્યના જાણ એવા રત્નસાર કુમારે એવી યુક્તિથી પરિપૂર્ણ ભરેલી પોપટની વાણી મનમાં ધારીને શોક કરવો મૂકી દીધો. જાણ પુરૂષનું વચન શું ન કરી શકે? પછી રત્નસાર કુમાર અને પોપટ તાપસ કુમારને ઇષ્ટ-દેવની પેઠે સંભારતા છતા અશ્વરત્ન ઉપર બેસી પૂર્વની પેઠે માર્ગે ચાલવા લાગ્યા. તે બન્ને જણાએ એક સરખું પ્રયાણ કરતાં અનુક્રમે હજારો મ્હોટાં વનો, પર્વતો, ખીણો, નગરો, સરોવરો, અને નદીઓ ઉલંઘી આગળ આવેલું એક અતિશય મનોહર ઝાડોથી શોભતું ઉદ્યાન જોયું. તે ઉદ્યાન, બીજે સ્થળે ન મળી શકે એવાં સુગંધી પુષ્પોને વિષે ભમતા ભ્રમરોના ઝંકાર શબ્દવડે જાણે રત્નસાર કુમારને ઘણા આદરથી માન આપતું હોય-ની! એવું દેખાતું હતું. પછી બન્ને જણા તે ઉદ્યાનમાં જતાં ઘણો હર્ષ પામ્યા, એટલામાં નવનવાં રત્નોથી શોભતું શ્રીઆદિનાથનું મંદિર તેમણે જોયું. એ મંદિર પોતાની ધ્રૂજતી ધ્વજાથી 'હે કુમાર! આ ઠેકાણે તને આ ભવની તથા પરભવની ઇષ્ટ વસ્તુનો લાભ થશે." એમ કહી રત્નસાર કુમારને જાણે દૂરથી બોલાવતું જ હોયની! એવું લાગતું હતું. કુમાર અશ્વ ઉપરથી ઉતરી, તેને તિલકવૃક્ષને થડે બાંધી, તથા કેટલાંક સુગંધી પુષ્પ ભેગાં કરી પોપટની સાથે મંદિરમાં ગયો. પૂજાવિધિના જાણ એવા રત્નસાર કુમારે શ્રી આદિનાથ ભગવાનની જાતજાતના પૂજોવડે યથાવિધિ પૂજા કરીને જાગૃત બુદ્ધિથી આ રીતે સ્તુતિ કરવા માંડી. "સંપૂર્ણ જગતને જાણનારા અને દેવતાઓ પણ જેમની સેવા કરવા ઘણા તત્પર થઇ રહે છે, એવા શ્રી દેવાધિદેવ શ્રી આદિનાથ ભગવાનને મ્હારો નમસ્કાર થાઓ. પરમ આનંદ કંદ સરખા, પરમાર્થનો ઉપદેશ કરનારા, પરબ્રહ્મ સ્વરૂપવાન, અને

પરમયોગી એવા શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર થાઓ. પરમાત્મસ્વરૂપ, પરમ આનંદના દાતાર, ત્રણે જગતના સ્વામિ અને ભવ્ય જીવના રક્ષક એવા શ્રી યુગાદિ દેવને મ્હારો નમસ્કાર થાઓ. મહાત્મા પુરૂષોને વંદન કરવા યોગ્ય, લક્ષ્મીનું અને મંગળનું સ્થાનક તથા યોગિઓને પણ જેમના સ્વરૂપનું જ્ઞાન થતું નથી એવા શ્રી આદિનાથ ભગવાનને મ્હારો નમસ્કાર થાઓ." ઉલ્લાસથી જેના શરીર ઉપર કૃણસના ફળ માફક રોમરાજી વિકસ્વર થઇ છે, એવા રત્નસાર કુમારે જિનેશ્વર ભગવાનની આ રીતે સ્તુતિ કરી, તત્વાર્થની પ્રાપ્તિ હોવાથી એમ માન્યું કે, "મને મુસાફરીનું પૂરેપૂરૂં ફળ આજે મળ્યું."

પછી રત્નસાર કુમારે તૃષાથી મંદિરના આગલા ભાગમાં રહેલી શોભરૂપ પીઠાયલા ગાણુસની પેઠે ઉત્તમ અમૃતનું વારંવાર પાન કરીને તૃપ્તિસુખ ભોગવ્યું. તે ઉપરાંત, શ્રેષ્ઠ શોભાનું સ્થાનક એવા મંદિરના ઓટલા ઉપર બેઠેલો રત્નસાર, મદોન્મત્ત ઐરાવત હાથી ઉપર બેઠેલા ઇંદ્રની પેઠે શોભવા લાગ્યો. પછી રત્નસાર કુમારે પોપટને કહ્યું કે, "તાપસ કુમારની હર્ષ ઉત્પન્ન કરનારી કાંઇ પણ શુદ્ધિ હજી કેમ નથી મળતી ?" પોપટે કહ્યું કે, "હે મિત્ર ! વિષાદ ન કર. હર્ષ ધારણ કર. આગલા ભાગમાં શકુન દેખાય છે, તેથી નિશ્ચે આજ તને તે તાપસ કુમાર મળશે." એટલામાં, સર્વ અંગે પહેરેલાં સુશોભિત આભૂષણથી સર્વે દિશાઓને પ્રકાશિત કરતી એવી એક સુંદર સ્ત્રી સામી આવી. મસ્તકે રત્ન સરખી શિખા ધારણ કરનાર, જોનાર લોકોને ઘણો આનંદ પેદા કરનાર, મનોહર પિચ્છના સમુદાયથી શોભાને ધારણ કરનાર, મુખે મધુર કેકારવ કરનાર, બીજા મયૂરોને પોતાની અલૌકિક શોભાથી હરાવનાર અને ઇંદ્રના અશ્વને પણ પોતાના વેગથી તુચ્છ ગણનાર એવા એક દિવ્ય મયૂરપક્ષી ઉપર તે સ્ત્રી બેઠી હતી. તેના શરીરની કાંતિ દીવ્ય હતી. શ્રીધર્મની આરાધના કરવામાં નિપુણ એવી તે સ્ત્રી પ્રજ્ઞપ્તિ દેવી માફક દેખાતી હતી. કમલિનીની પેઠે પોતાના સર્વ શરીરમાંથી તે કમળ પુષ્પ જેવી સુગંધીની વૃષ્ટિ કરતી હતી. તેની સુંદર તરૂણ અવસ્થા દીપતી હતી, અને તેનું લાવણ્ય અમૃતની નીક સરખું જણાતું હતું. જાણે રંભાજ પૃથ્વા

ઉપર આવેલી હોયની ! એવી તે સ્ત્રીએ આદિનાથ ભગવાનને ભક્તિથી વંદના કરી, મયુર ઉપર બેસીનેજ નૃત્ય કરવા લાગી. એકાદ નિપુણ નર્તકી માફક તેણે મનને આકર્ષણ કરનારા હસ્તપલ્લવના કંપાવવાથી, અનેક પ્રકારના અંગવિક્ષેપથી, મનનો અભિપ્રાય વ્યક્ત કરનારી અનેક ચેષ્ટાથી તથા બીજા પણ નૃત્યના જુદા જુદા પ્રકારથી મનોહર નૃત્ય કર્યું. જાણે સર્વ વાત ભૂલી જઈ તન્મયજ થઈ ગયાં હોયની ! એવી રીતે કુમારનું અને પોપટનું ચિત્ત તે નૃત્યથી ચકીત થયું. હરણી જેવાં ચાલાક નેત્રને ધારણ કરનારી તે સ્ત્રી પણ આ સુંદર કુમારને જોઇને ઉલ્લાસથી વિલાસ કરતી અને ઘણા કાળ સુધી ચમત્કાર પામેલી હોય તેવી દેખાઇ. પછી રત્નસાર કુમારે તે સ્ત્રીને કહ્યું, "હે સુંદર સ્ત્રી ! જો તમારા મનને કાંઇ પણ ખેદ ન થતો હોય તો હું કાંઇક પૂછું છું." તે સ્ત્રીએ "પૂછો કાંઇ હરકત નથી" એમ કહ્યું. ત્યારે કુમારે તેની સર્વ હકીકત પૂછી. બોલવામાં ચતુર એવી તે સ્ત્રીએ મૂળથી છેડા સુધી પોતાનો મનોવેધક વૃત્તાંત નીચે પ્રમાણે કહ્યોઃ—

"ઘણા સુવર્ણની શોભાથી અલૌકિક શોભાને ધારણ કરનારી કનકપુરી નગરીમાં પોતાના કુળને દીપાવનાર સુવર્ણની ધ્વજા જેવો કનકધ્વજ નામે રાજા હતો. તે રાજાએ પોતાની અમીનજરથી તૃણખલાને પણ અમૃત સમાન કર્યાં. એમ ન હોત તો તેના શત્રુઓ દાંતમાં તૃણખલાં પકડી તેનો સ્વાદ લેવાથી શી રીતે મરણ ટાળીને જીવતા રહેત ? પ્રશંસા કરવા જેવા ગુણોને ધારણ કરનારી અને સ્વરૂપથી ઇંદ્રાણી જેવી સુંદર એવી કુસુમસુંદરી નામે ઉત્તમ રાણી કનકધ્વજના અંતઃપુરમાં હતી. તે સુંદર સ્ત્રી એક વખતે સુખનિદ્રામાં સુતી હતી, એટલામાં જાગૃત અવસ્થામાં સ્પષ્ટ દેખાતું એવું કન્યાની પ્રાપ્તિ કરાવનારું સ્વપ્ન તેના જોવામાં આવ્યું. મનમાં રતિ અને પ્રીતિ ઉત્પન્ન કરનારું રતિ અને પ્રીતિ એ બન્નેનું જોડું કામદેવના ખોળામાંથી ઉઠીને પ્રીતિથી મ્હારા ખોળામાં આવીને બેઠું. તેના સ્વપ્નમાં એવો સંબંધ હતો. શીઘ્ર જાગૃત થએલી કુસુમસુંદરીએ વિકસ્વર કમળ સરખાં પોતાનાં નેત્ર ઉઘાડ્યાં. જેમ મ્હોટા પુરથી નદી ભરાય છે, તેમ કહી ન શકાય એવા આનંદપૂરથી તે પરિપૂર્ણ ભરાઇ ગઈ.

પછી તેણે કનકકેતુ રાજા પાસે જઇને જેવું જોયું હતું, તેવું સ્વપ્ન કહ્યું. સ્વપ્ન વિચારના જાણુ એવા રાજાએ પણ સ્વપ્નનું ફળ કહ્યું. તે નીચે પ્રમાણે:—

"હે સુંદરી! વિધાતાની સૃષ્ટિને શ્રેષ્ઠ પંક્તિએ ચઢાવનારૂં અને જગતમાં સારભૂત એવું એક કન્યાનું જોડું તને થશે." એવું વચન સાંભળી કન્યાનો લાભ થવાનો છતાં પણ કુસુમસુંદરીને ઘણોજ હર્ષ થયો. ઠીકજ છે, પુત્ર અથવા પુત્રી ગમે તે બીજા સર્વ કરતાં ઉત્તમ હોય તો કોને ન ગમે? પછી કુસુમસુંદરી ગર્ભવતી થઈ વખત જતાં ગર્ભના પ્રભાવથી તેનું શરીર ફીકું થઇ ગયું. જાણે ગર્ભ પવિત્ર હોવાને લીધે પાંડુવર્ણના મિષથી તે નિર્મળ થઇ હોયની! ગર્ભમાં જડને રાખનારી કાદંબિની (મેઘની પંક્તિ) જો કૃષ્ણવર્ણ થાય છે, તો ગર્ભમાં મૂઢને ન રાખનારી કુસુમસુંદરી પાંડુવર્ણ થઇ તે ઠીકજ છે. સારી નીતિ જેમ કીર્તિ અને લક્ષ્મીરૂપ જોડાને પ્રસવે છે, તેમ અવસર આવે કુસુમસુંદરીને એક વખતે બે પુત્રીનું જોડું અવતર્યું. રાજાએ પહેલી પુત્રીનું અશોકમંજરી અને બીજીનું તિલકમંજરી એવું નામ રાખ્યું. જેમ મેરૂપર્વત ઉપર કલ્પલતાઓ વૃદ્ધિ પામે છે, તેમ પાંચ ધાવમાતાઓએ લાલન પાલન કરેલી બન્ને કન્યાઓ ત્યાં મોટી થવા લાગી. તે બન્ને થોડા દિવસમાં સર્વે કળાઓમાં નિપુણ થઇ. બુદ્ધિશાળી મનુષ્યોને બુદ્ધિથી બની શકે એવું કાર્ય કરતાં શી વાર? પહેલેથી તે કન્યાઓની રૂપ સંપદામાં કાંઇ ખામી નહોતી, તથાપિ સ્વભાવથીજ સુંદર વનશ્રી જેમ વસંતઋતુ આવે ત્યારે વિશેષ શોભે છે, તેમ તે નવી યૌવન દશા આવે વધારે શોભવા લાગી. કામદેવે જગતને જીતવા માટે બે હાથમાં પકડવાનાં બે ખડ્ગજ ઉજ્જવળ કરી રાખ્યાં હોયની! એવી તે કન્યાઓની શોભા દેખાતી હતી. સર્પની બે જિહ્વા માફક અથવા ક્રૂર ગ્રહનાં બે નેત્ર માફક જગતને કામવિકાર કરનારી તે કન્યાઓની આગળ પોતાનું મન વશ રાખવામાં કોઇનું ધૈર્ય ટકી ન રહ્યું. સુખમાં, દુઃખમાં, આનંદમાં અથવા વિષાદમાં એક બીજીથી જૂદી ન પડનારી, સર્વે કાર્યોમાં અને સર્વ વ્યાપારોમાં સાથે રહેતી, નારી તથા શીલથી અને સર્વ ગુણોથી માંહોમાંહે સરખી એવી તે કન્યાઓની

જન્મથી બંધાયલી પરસ્પર પ્રીતિને જો કદાચ ઉપમા આપી શકાય તો બે આંખનીજ આપી શકાય. કહ્યું છે કે--

सह जग्गिराण सह सो, विराण सह हरिस सोअवंताणं ॥
नयणाण व धन्नाणं, आजम्मं निच्चलं पिम्मं ॥ १ ॥

અર્થ:—સાથે જાગનારી, સાથે સૂઇ રહેનારી, સાથે હર્ષ પામનારી અને સાથે શોક કરનારી બે આંખોની પેઠે જન્મથી માંડીને નિશ્ચળ પ્રેમને ધારણ કરનારાઓને ધન્ય છે. ॥ ૧ ॥

કન્યાઓ યૌવનદશામાં આવી ત્યારે કનકધ્વજ રાજા મનમાં વિચારવા લાગ્યો કે, "એમને એમના જેવો વર કોણ મળશે? રતિ પ્રીતિનો જેમ એક કામદેવ વર છે, તેમ એ બન્નેનો એકજ વર શોધી કાઢવો જોઇએ. જો કદાચ એમને જૂદા વર થશે, તો માંહોમાંહે બન્નેનો વિરહ થવાથી મરણાંત કષ્ટ થશે. એમને આ જગત્માં કયો ભાગ્યશાળી તરૂણ વર ઉચિત છે? એક કલ્પલતાને ધારણ કરી શકે એવો એક પણ કલ્પવૃક્ષ નથી, તો બન્નેને ધારણ કરનારો ક્યાંથી મળી શકે? જગત્માં એમાંથી એકને પણ પરણવા જેવો એવો વર નથી. હાય હાય! હે કનકધ્વજ! તું એ કન્યાઓનો પિતા થઇને હવે શું કરીશ? યોગ્ય વરનો લાભ ન થવાથી આધાર વિનાની કલ્પલતા જેવી થએલી આ લોકોત્તર નિર્ભાગી કન્યાઓની શી ગતિ થશે?" એવી રીતે અતિશય ચિંતાના તાપથી તપાયલા કનકધ્વજ રાજા મહિનાઓને વર્ષ માફક અને વર્ષોને યુગ માફક ગાળવા લાગ્યો. શંકરની દૃષ્ટિ સામા પુરૂષને જેમ દુઃખદાયક થાય છે, તેમ કન્યા તેટલી સારી હોય, તો પણ તે પોતાના પિતાને દુઃખ આપનારી તો ખરીજ! કહ્યું છે કે—પિતાને કન્યા ઉત્પન્ન થતાંજ **કન્યા થઇ** એવી મોટી ચિંતા મનમાં રહે છે. પછી **હવે તે કોને આપવી?** એવી ચિંતા મનમાં રહે છે. લગ્ન કર્યા પછી પણ "ભર્તારને ઘેર સુખે રહેશે કે નહીં?" એવી ચિંતા રહે છે, માટે કન્યાના પિતા થવું એ ઘણું કષ્ટકારી છે, એમાં સંશય નથી. હવે કામદેવ રાજાનો મહિમા જગત્માં અતિશય પ્રસિદ્ધ કરવાને અર્થે પોતાની પરિપૂર્ણ ઋદ્ધિ સાથે સૂઇ વસંતઋતુ વનની અંદર ઉતર્યો. તે વસંતઋતુ જેનો અહંકાર સર્વત્ર પ્રસરી રહ્યો છે, એવા કામદેવ રાજાનો ત્રણ જગત્ને જિત-

ચાથી ઉત્પન્ન થએલો જશ મનોહર ત્રણ ગીતોવડે ગાતોજ હોયની ! એમ લાગતો હતો. ત્રણ ગીતોમાં મલયપર્વત ઉપરથી આવતા પવનનો સૂત્કાર શબ્દ એ પહેલું ગીત, ભ્રમરોના ઝંકાર શબ્દ એ બીજું ગીત અને કોકિલ પક્ષીઓના મધુર શબ્દ એ ત્રીજું ગીત જાણવું.

તે સમયે ક્રીડા કરવાના રસવડે ઘણી ઉત્સુક થએલી તે બન્ને રાજકન્યાઓ મનનું આકર્ષણ થવાથી હર્ષ પામી વનમાં ગઇ. કોઇ હાથીના બચ્ચા ઉપર, તો કોઈ ઘોડા ઉપર, કોઇ મિશ્ર જાતિના ઘોડા ઉપર, તો કોઇ પાલખી અથવા રથ વગેરેમાં એવી રીતે જાતજાતના વાહનમાં બેસી ઘણો સખીઓનો પરિવાર તેમની સાથે નીકળ્યો. પાલખીમાં સુખે બેઠેલી સખીઓના પરિવારથી શોભતી બન્ને રાજકન્યાઓ, વિમાનમાં બેઠેલી અને દેવીઓના પરિવારથી શોભતી એવી લક્ષ્મી અને સરસ્વતી ગાફક શોભવા લાગી. શોકનો સમૂળ નાશ કરનારા ઘણા અશોકવૃક્ષો જેમાં સર્વત્ર વ્યાપી રહ્યા છે, એવા અશોકવન નામના ઉદ્યાનમાં તે રાજકન્યા આવી પહોંચી. અંદર કીકી સરખા ભ્રમર હોવાથી નેત્ર સમાન દેખાતાં પુષ્પોની સાથે જાણે પ્રીતીયાજ કે શું ! પોતાના નેત્રોનો મેળાપ કરનારી રાજકન્યાઓ ઉદ્યાનમાં જવા લાગી. યૌવનદશામાં આવેલી અશોકમંજરી ક્રીડા કરનાર સ્ત્રીના ચિત્તને ઉત્સુક કરનારી, રક્ત અશોક વૃક્ષની શાખાએ મજબૂત બાંધેલા હિંડોળા ઉપર ચઢી. અશોકમંજરી ઉપર દૃઢ પ્રેમ રાખનારી સુંદર તિલક મંજરીએ પ્રથમ હિંડોળાને હિંચકા દીધા. સ્ત્રીના વશમાં પડેલો ભર્તાર જેમ સ્ત્રીના પાદપ્રહારથી હર્ષ પામી શરીરે વિકસ્વર થએલા રોમાંચ ધારણ કરે છે, તેમ અશોકમંજરીના પાદપ્રહારથી સંતુષ્ટ થએલો અશોકવૃક્ષ વિકસ્વર પુષ્પોના મિષથી પોતાની રામરાજિ વિકસ્વર કરવા લાગ્યો કે શું ! એમ લાગ્યું. આશ્ચર્યની વાત એ છે કે, હિંડોળા ઉપર બેસી હીંચકા ખાનારી અશોકમંજરી તરૂણ પુરૂષોના મનમાં નાનાવિધ વિકાર ઉત્પન્ન કરી તેમનાં મનને અને નેત્રોને પણ હિંડોળે ચઢયાં હોય તેમ હીંચકા ખવરાવવા લાગી. તે વખતે રણઝણ શબ્દ કરનારાં અશોકમંજરીનાં રત્નજડિત મેખળા આદિ આભૂષણો જાણે પોતે તૂટી જશે એવા ભયથી આક્રોશજ કરવા લાગ્યાં કે શું ! એમ લાગ્યું.

ક્રીડારસમાં નિમગ્ન થએલી અશોકમંજરી તરફ તરૂણ પુરૂષો વિકસ્વર રોમ રાજિવાળા થઇ અને તરૂણ સ્ત્રીઓ મનમાં ઇર્ષ્યા આણી ક્ષણમાત્ર જોતાં હતાં, તેટલામાં દુર્ભાગ્યથી પ્રચંડ પવનના વેગવડે હિંડોળો તટ તટ શબ્દ કરી અકસ્માત્ તૂટી ગયો, અને તેની સાથે લોકોના મનમાંનો. ક્રીડારસ પણ જતો રહ્યો. શરીરમાંની નાડી તૂટતાં જેમ લોકો આકુળ વ્યાકુળ થાય છે, તેમ હિંડોળો તૂટતાંજ સર્વે લોકો "આનું હવે શું થશે?" એમ કહી આકુળ વ્યાકુળ થઇ હાહાકાર કરવા લાગ્યા. એટલામાં જાણે કૌતકથી આકાશમાં ગમન કરતી હોયની! એવી તે અશોકમંજરી હિંડોળા સહિત આકાશમાં વેગથી જતી વ્યાકુળ થએલા સર્વે લોકોના જોવામાં આવી. તે વખતે લોકોએ, "હાય હાય! કોઇ યમ સરખો અદૃસ્ય પુરૂષ એને હરણ કરી જાય છે!!" એવા ઉચ્ચ સ્વરે ઘણો કોલાહલ કર્યો. પ્રચંડ ધનુષ્યો અને બાણના સમુદાયોને ધારણ કરનારા. શત્રુને આગળ ટકવા ન દેનારા એવા શૂરવીર પુરૂષો ઝડપથી ત્યાં આવી પાસે ઉભા રહી અશોકમંજરીનું હરણ ઊંચી દૃષ્ટિએ જોતા હતા; પરંતુ તેઓ કાંઇ પણ કરી શકયા નહી. કીકજ છે, અદૃસ્ય અપરાધીને કોણ શિક્ષા કરી શકે?

કનકધ્વજ રાજા કાનમાં શૂળ પેઠા કરે એવું કન્યાનું હરણ સાંભળીને ક્ષણમાત્ર વજ્રપ્રહાર થયાની માફક ઘણો દુઃખી થયો. "હે વત્સે! તું ક્યાં ગઇ? તું મને કેમ પોતાનું દર્શન દેતી નથી? હે શુદ્ધ મનવાળી! પૂર્વનો અતિશય પ્રેમ તેં છોડી દીધો કે શું? હાય હાય!!" કનકધ્વજ રાજા ચિરહાતુર થઇ આ રીતે શોક કરતો હતો, એટલામાં એક સેવકે આવીને કહ્યું કે, "હાય હાય! હે સ્વામીન્! અશોકમંજરીના શોકથી જર્જર મનવાળી થએલી તિલકમંજરી જેમ વૃક્ષની મંજરી પ્રચંડ પવનથી પડે છે, તેમ જબરી મૂર્છા ખાઇને પડી તે જાણે ઠંડમાં પ્રાણ રાખી શરણ વિનાની થઇ ગઇ હોયની! એવી જણાય છે." કનકધ્વજ રાજા ઘા ઉપર ખાર નાંખ્યા જેવું અથવા શરીરના બળી ગએલા ભાગ ઉપર ફોલ્લો થાય તેવું આ વચન સાંભળી કેટલાક માણસોની સાથે શીઘ્ર તિલકમંજરી પાસે આવ્યો. પછી તિલકમંજરી, ચંદનનો રસ છાંટવા આદિ ઠંડા ઉપચાર

કરવાથી મહા મહેનત સચેતન થઇ, અને વિલાપ કરવા લાગી. "મદોન્મત્ત હસ્તિ પેઠે ગમન કરનારી મ્હારિ સ્વામિનિ! તું ક્યાં છે? તું મ્હાર. ઉપર ઘણો પ્રેમ રાખનારી છતાં મને અહિં મૂકીને ક્યાં ગઇ? હાય હાય! ભાગ્ય વિનાની મ્હારા પ્રાણ તમ્હારા વિયોગથી શરણ વિનાના અને ચારે બાજુથી બાણવડે વીંધાયલા જેવા થએલા હવે શી રીતે ટકી શકશે? હે તાત! હું જીવતી એ કરતાં બીજી શી સારી વાત છે? સહન કરી ન શકાય એવો મ્હારી બ્હેનનો વિયોગ હું હવે શી રીતે સહન કરું?" એવો વિલાપ કરનારી તિલકમંજરી બેની થયાની માફક ધૂળમાં આળોટવા અને જળમાં માછલીની માફક ઉછળવા લાગી.

જેમ દવના સ્પર્શથી વેલડી સૂકાય છે, તેમ તે ઉલીને ઉલીજ એટલી સૂકાઈ ગઇ કે, કોઇને પણ તેના જીવવાની આશા ન રહી! એટલામાં તેની માતા પણ ત્યાં આવીને આ રીતે વિલાપ કરવા લાગી. "હે દુર્દૈવ! તેં નિર્દય થઈ એવું દુઃખ મને શા સારૂ આપ્યું? તું એક મ્હારી પુત્રીને હરણ કરી ગયો, અને આ બીજી પુત્રી તેના વિરહથી દુઃખી થઇ મ્હારા દેખતાં મરણ પામશે! હાય હાય! નિર્ભાગી એવી હું હણાણી!!! હે ગોત્રદેવીઓ! વનદેવીઓ! આકાશદેવીઓ! તમે હવે તુરતજ પાસે આવો, અને એ મ્હારી પુત્રીને કોઇ પણ રીતે લાંબા આયુષ્યવાળી કરો." રાણીની સખીઓ, દાસીઓ અને નગરની સતી સ્ત્રીઓ ત્યાં આવી રાણીના દુઃખથી પોતે દુઃખી થઇ ઉચ્ચસ્વરે અતિશય વિલાપ કરવા લાગી. તે વખતે ત્યાંના સર્વ લોકોને શોક થયો એમાં શું કહેવું? અશોક એવું નામ ધરાવનારા ઝાડો પણ ચારે તરફથી શોક કરતા હોય એમ લાગ્યું. તે વખતે તે લોકોના દુઃખથી જાણે અતિશય દુઃખી થઇ ત્યાં રહી ન શકતો હોયની! એવો સૂર્ય પણ પશ્ચિમ સમુદ્રમાં ડૂબી ગયો. પૂર્વદિશા તરફથી ફેલાતા અંધકારને અશોકમંજરીના વિરહથી થએલા શોકે માર્ગ દેખાડયો તેથી તે સુખે ઝડપથી ત્યાં સર્વ ઠેકાણે પ્રસરી રહ્યો. મનની અંદર શોક હોવાથી પ્રથમથીજ ઘણા આકુળ વ્યાકુળ થએલા સર્વ લોકો બહાર અંધકાર થઇ ગયો, ત્યારે ઘણાજ અકળાણા. મલીન વસ્તુનાં કૃત્ય એવાંજ હોય છે. પછી અમૃત સરખા સુખદાયી છે. કિરણ જેનાં એવો ચંદ્રમા ત્રૈલોક્યને

મલિન કરનારા અંધકારને દૂર કરતો છતો જાહેર થયો. જેમ સજળ મેઘ વેલડીને તૃપ્ત કરે છે, તેમ ચંદ્રમાએ મનમાં દયા લાવીનેજ કે શું ! પોતાની ચંદ્રિકા રૂપ અમૃતરસની વૃષ્ટિથી તિલકમંજરીને પ્રસન્ન કરી.

પછી રાત્રિને પાછલે પહોરે જેમ માર્ગની જાણુ પથિક મુસાફર સ્ત્રી ઊઠે છે, તેમ જાણુમાં ઉત્તમ એવી તિલકમંજરી મનમાં કાંઇક વિચાર કરીને ઊઠી, અને મનમાં કપટ ન રાખતાં સખીઓનો પરિવાર સાથે લઇ ઉદ્યાનની અંદર આવેલા ગોત્રદેવી ચક્રેશ્વરીના મંદિરમાં શીઘ્ર ગઇ. મહિમાનું સ્થાનક એવી ચક્રેશ્વરી દેવીની પરમ ભક્તિવડે સારા કમળોની માળાઓથી પૂજા કરીને તિલકમંજરીએ તેને નીચે પ્રમાણે વિનતિ કરીઃ— "હે સ્વામિન! મેં જે મનમાં કપટ રહિત ભક્તિ રાખીને સર્વ કાળ તમારી પૂજા, વંદના અને સ્તુતિ કરી હોય, તો આજ મ્હારા ઉપર પ્રસાદ કરી પોતાની પવિત્ર વાણીથી દીન એવી મ્હારી બ્હેનની શુદ્ધિ કહે. હે માતા! એ વાત તમારાથી ન બને તો, "મેં ભોજનનો આ જન્મ છે ત્યાંસુધી ત્યાગ કર્યો એમ માનજે. કેમકે, કયો નીતિનો જાણુ માણસ પોતાના ઇષ્ટ માણસના અનિષ્ટની કલ્પના મનમાં આવે ભોજન કરે?"

તિલકમંજરીની ભક્તિ, શક્તિ અને ભોલવાની યુક્તિ જોઈ ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થઇ શીઘ્ર જાહેર થઈ. માણસ મનની એકાગ્રતા કરે તો શું ન થાય? ચક્રેશ્વરીએ હર્ષથી કહ્યું કે, "હે તિલકમંજરી! તમારી બહેન સારી પેઠે છે. હે વત્સે! તું મનમાં ખેદ કરે છે તે છોડી દે, અને ભોજન કર. અશોકમંજરીની શુદ્ધિ એક માસમાં તને એની મેળે મળશે, અને તેજ વખતે દૈવયોગે તેનો અને તમારો મેળાપ પણ થશે. "મ્હારો મ્હારી બ્હેનની સાથે મેળાપ ક્યાં, ક્યારે અને કેવી રીતે થશે?" એમ જો તું પૂછતી હોય તો સાંભળ. વૃક્ષોની બહુ ભીડ હોવાને લીધે કાયર માણસથી ઉલ્લંઘન ન કરી શકાય એવી એક મ્હોટી અટવી આ નગરીની પશ્ચિમ દિશાએ દૂર આવેલી છે. તે સમૃદ્ધ અટવીમાં કોઇ કેકાણે પણ રાજાનો હાથ પેસી શકતો નથી. તથા સૂર્યનાં કિરણ પણ પ્રવેશ કરી શકતાં નથી. ત્યાંનાં (શિયાળીઆં) પણ અંતઃપુરમાં રહેલી રાણીઓની પેઠે સૂર્યને કોઇ કાળે જોઇ શકતાં નથી. ત્યાં જાણે સૂર્યનું વિમાનજ પૃથ્વી ઉપર ઉતર્યું હોયની!

એવું શ્રી ઋષભદેવ ભગવાનનું શોભીતું એક રત્નજડિત મ્હોટું મંદિર છે. આકાશમાં જેમ પૂર્ણ ચંદ્રમા શોભતો રહે છે, તેમ તે મંદિરમાં શ્રેષ્ઠ ચંદ્રકાંત મણિની જિનપ્રતિમા શોભે છે. વિધાતાએ કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ વગેરે વસ્તુથી મહિમાનો સાર લઇને જે પ્રતિમા ઘડી કે શું કોણ જાણે! હે તિલકમંજરી! તું તે પ્રશસ્ત અને અનિશ્યથી જાગતી પ્રતિમાની પૂજા કર. તેથી તહારી મ્હેનનો પત્તો મળશે, અને મેળાપ પણ થશે. તેમજ તારૂં બીજું પણ સર્વ સારૂં જ થશે. દેવાધિદેવ જિનેશ્વર મહારાજની સેવાથી શું ન થાય? જો તું એમ કહીશ કે, "તે દૂર મંદિરે પૂજા કરવા દરરોજ હું શી રીતે જઉં? અને પાછી શી રીતે આવું?" તો હે સુંદરિ! હું તેનો પણ ઉપાય કહું છું તે તું સાંભળ. કાર્યનો ઉપાય મડમડમાં પૂરેપૂરો ન કહ્યો હોય તો કાર્ય સફળ થતું નથી. શંકરની પેઠે ગમે તે કાર્ય કરવા સમર્થ અને કહેલું ગમે તે કાર્ય કરવા તૈયાર એવો એક મ્હારો ચંદ્રચુડ નામે સેવક દેવતા છે. જેમ બ્રહ્માના આદેશથી હંસ સરસ્વતીને લઇ જાય છે, તેમ મ્હારા આદેશથી તે દેવ મયૂરપક્ષીનું રૂપ કરીને તને વાંછિત જગ્યાએ લઈ જશે."

ચક્રેશ્વરી દેવીએ એમ કહેતાં વારજ જાણે આકાશમાંથીજ પડયો કે શું! કોણ જાણે, એવો મધુર કેકારવ કરનારો એક સુંદર પિંછાવાળો મયૂરપક્ષી ક્યાંયથી પ્રકટ થયો. જેની ગતિની કોઇ બરોબરી ન કરી શકે. એવા તે દિવ્ય મયૂરપક્ષી ઉપર બેસીને તિલકમંજરી દેવીની પેઠે જિનમહારાજની પૂજા કરવા ક્ષણમાત્રમાં આવે છે, અને પાછી જાય છે. જ્યાં તિલકમંજરી આવે છે, તેજ આ મનને આનંદ ઉત્પન્ન કરનારી અટવી, તેજ આ મંદિર, તેજ હું તિલકમંજરી અને તેજ એ મ્હારો વિવેકી મયૂરપક્ષી છે. હે કુમાર! આ મ્હારો વૃતાંત મેં તને કહ્યો. હે ભાગ્યશાળિ! હવે હું શુદ્ધ મનથી તને કાંઇક પૂછું છું. આજ એક માસ પુરો થયાં હું દરરોજ અહિં આવું છું. મારવાડ દેશમાં જેમ ગંગા નદીનું નામ પણ ન મળે, તેમ મેં મ્હારી મ્હેનનું હજી સુધી નામ પણ સાંભળ્યું નહીં. હે જગત્‌માં શ્રેષ્ઠ! હે કુમાર! રૂપ વગેરેથી મ્હારા સરખી એવી કોઈ કન્યા જગત્‌ની અંદર ભ્રમણ કરતાં કોઈ સ્થળે તહારા જોવામાં આવી?"

તિલકમંજરીએ એવું પ્રશ્ન કર્યું, ત્યારે રત્નસાર કુમારે વશ થયાની પેઠે મધુર સ્વરથી કહ્યું કે, " બીક પામેલા હરણીની પેઠે ચંચળ નેત્રવાળી ત્રૈલોક્યની અંદર રહેલી સર્વ સ્ત્રીઓમાં શિરોમણી એવી હે તિલકમંજરી ! જગત્માં ભ્રમણ કરતાં મેં તદ્દન તારા જેવી તો ક્યાંથી ! પરંતુ એક અંશથી પણ તારા જેવી કન્યા જોઇ નહિ, અને જોવામાં આવશે પણ નહીં. કેમકે, જગત્માં જે વસ્તુ હોય, તેજ જોવામાં આવે, ન હોય તે કયાંથી આવે ? તથાપિ હે સુંદરિ ! દિવ્ય દેહને ધારણ કરનારો, હિંડોળા ઉપર ચઢી બેઠેલો, શોભતી ભરજવાનીની અવસ્થામાં આવી પહોંચેલો, લક્ષ્મી દેવી સરખો મનોહર એવો એક તાપસ કુમાર શબરસેના અટવીમાં મ્હારા જોવામાં આવ્યો. તે માત્ર વચનની મધુરતા, રૂપ, આકાર વગેરેથી તારા જેવોજ હતો. મ્હોટા મનવાળી હે તિલકમંજરી ! તે તાપસ કુમારે સ્વાભાવિક પ્રેમથી જે મ્હારો આદરસત્કાર કર્યો, તે સર્વ વાતનો સ્વપ્ન માફક વિરહ થયો. એ વાત જ્યારે જ્યારે યાદ આવે છે, ત્યારે ત્યારે મ્હારૂં મન હજી પણ કટકે કટકા થતું હોય, અથવા બળતું હોય એમ, મને લાગે છે. તે તાપસ કુમારજ તું છે, અથવા તે તારી બ્હેન હશે, એમ મને લાગે છે. કેમ કે, દેવની ગતિ મુખથી કહી ન શકાય એવી હોય છે," કુમાર એમ કહે છે એટલામાં બોલવામાં ચતુર એવો પોપટ કલકલ શબ્દ કરી કહેવા લાગ્યો કે, " હે કુમાર ! એ વાત પહેલેથીજ મેં જાણી હતી, અને તને કહી પણ હતી. હું નિશ્ચયથી કહું છું કે, તે તાપસ કુમાર ખરેખર કન્યાજ છે, અને તે પણ એની બ્હેનજ છે. મ્હારી સમજ પ્રમાણે માસ પૂર્ણ થયો છે, તેથી આજ કોઇ પણ રીતે તેનો મેળાપ થશે." તિલકમંજરીએ પોપટનાં એવાં વચન સાંભળી કહ્યું કે, "હે શુક !! જગત્માં સારભૂત એવી મ્હારી બ્હેનને જો હું આજે જોઇશ, તો હું નિમિત્તના જાણુ એવા તારી આનંદ કમળવડે પૂજા કરીશ."

આ રીતે તિલકમંજરીએ અને કુમારે પણ આદરથી " હે ચતુર બહુ સારૂં વચન કહ્યું " આ પ્રમાણે તે પોપટનાં વખાણ કર્યાં. એટલામાં મધુર શબ્દ કરનારા નેપુરથી શોભતી, જાણે આકાશમાંથી ચંદ્રમંડળીજ પડતી હોયની ! એવી ભ્રાંતિ ઉત્પન્ન કરનારી, અતિશય લાંબો આકાશપ-

થ કોપવાથી થાકી ગએલી તથા બીજી હંસીઓ અદેખાઇથી, હંસો અનુરાગ દૃષ્ટિથી અને કુમાર વગેરે લોકો આશ્ચર્યથી તથા પ્રીતિથી જેની તરફ જોતા રહ્યા છે, એવી એક દિવ્ય હંસી રત્નસાર કુમારના ખોળામાં પડી આળોટવા લાગી, અને ઘણી પ્રીતિથીજ કે શું! કુમારના મો તરફ જોતી તથા ભયથી ધ્રૂજતી છતાં મનુષ્ય ભાષાએ બોલવા લાગી. "સત્ત્વશાલી લોકોની પંક્તિમાં માણિક્યરત્ન સમાન, શરણે આવેલા જીવો ઉપર દયા કરનાર અને તેમની રક્ષા કરનાર એવા હે કુમાર! તું મ્હારી રક્ષા કર. શરણની અર્થી એવી હું શરણે જવા યોગ્ય એવા તહારા શરણે આવી છું; કેમકે, મ્હોટા પુરૂષો શરણે આવેલા લોકોને વજ્રના પાંજરા સમાન છે. કોઇ વખતે અથવા કોઇ સ્થળે પવન સ્થિર થાય, પર્વત હાલે, જળ તપાવ્યા વગર સ્વાભાવિક રીતે અગ્નિની માફક બળવા લાગે, અગ્નિ બરફ સરખો શીતળ થાય, પરમાણુનો મેરૂ થાય, મેરૂનું પરમાણુ થાય, આકાશમાં અહર કમળ ઉગે, તથા ગર્દભને શીંગડાં આવે, તથાપિ ધીર પુરૂષો શરણે આવેલા જીવને કલ્પાંત થએ પણ છોડતા નથી. ધીર પુરૂષો શરણે આવેલા જીવોની રક્ષા કરવાના માટે વિશાલ રાજ્યને રજ:કણ જેવા ગણે છે, ધનનો નાશ કરે છે, અને પ્રાણને પણ તરખલા જેવો ગણે છે." પછી રત્નસાર કુમાર કમળ સરખા કોમળ એવા તે હંસીના પિચ્છ ઉપર હાથ ફેરવી કહેવા લાગ્યો. "હે હંસિ! બીકણની માફક મનમાં બીક ન રાખ. કોઈ મનુષ્યોનો રાજા, વિદ્યાધરોનો રાજા, તથા વૈમાનિક દેવતાનો અથવા ભવનપતિનો ઇંદ્ર પણ મ્હારા ખોળામાં બેઠેલી તને હરણ કરવા સમર્થ નથી. હે હંસિ! મ્હારા ખોળામાં બેઠી છતાં ધ્રુજનારી તુ શેષનાગની કાંચળી જેવા સફેદ એવા પોતાના પિચ્છના જોડાને કેમ ધ્રૂજાવે છે?" એમ કહી દયાળુ રત્નસાર કુમારે આકુળ વ્યાકુળ થએલી હંસીને સરોવરમાંથી નિર્મળ જળ અને સરસ કમળતંતુ મંગાવી આપીને સંતુષ્ટ કરી.

આ કોણ છે? ક્યાંથી આવી? કોનાથી ભય પામી? અને મનુષ્ય વાણીથી શી રીતે બોલે છે? એવો સંશય કુમાર વગેરે લોકોના મનમાં આવે છે, એટલામાં શત્રુનાં ક્રોડો સુભટોનાં ભયંકર વચન તેમને કાને પડ્યાં. તે એવી રીતે કે:—"કોણ ત્રૈલોક્યનો અંત કરનારા યમને કોપાવે? કોણ

પોતાના જીવિતની દરકાર ન રાખતાં શેષનાગના મસ્તકે રહેલા મણિને સ્પર્શ કરે? તથા કોણ પ્રલય કાળના અગ્નિની જ્વાળાઓમાં વગર વિચારે પ્રવેશ કરે?" એવાં વચન સાંભળતાંજ ચતુર પોપટના મનમાં શંકા આવી, અને તે શીઘ્ર મંદિરના દ્વારમાં આવી શું બનાવ બને છે, તે જોવા લાગ્યો. એટલામાં ગંગા નદીના પૂરની માફક આકાશમાર્ગે આવતી વિદ્યાધર રાજાની ઘણી શૂરવીર સેના તેના જોવામાં આવી. તીર્થના પ્રભાવથી, કાંઇ દૈવિક પ્રભાવથી, ભાગ્યશાળી રત્નસારના આશ્ચર્યકારી ભાગ્યથી અથવા રત્નસારના પરિચયથી કોણ જાણે કયા કારણથી પોપટ શૂરવીર પુરૂષોનું વ્રત પાળવામાં અગ્રેસર થયો. તેણે ગંભીર અને ઉચ્ચ સ્વરથી શત્રુની સેનાને હોંકારો કરીને કહ્યું કે, "અરે વિદ્યાધર સુભટો! દુષ્ટ બુદ્ધિથી ક્યાં દોડો છો? દેવતાથી પણ ન જીતાય એવો કુમાર આગળ બેઠો છે તેને નથી જોતા? સુવર્ણ સરખી તેજસ્વી કાયાને ધારણ કરનાર એ કુમાર જેમ ગરૂડ ચારે તરફ દોડનારા સર્પનો મદ ઉતારે છે, તેમ મદોન્મત્ત એવા તમારો અહંકાર ક્ષણમાત્રમાં ઉતારશે. આ કુમારને જો ક્રોધ ચઢશે તો યુદ્ધની વાર્ત્તા તો દૂર રહી! પણ તમને નાસતાં નાસતાં પણ ભૂમિનો છેડો નહી આવે." વિદ્યાધરના સુભટો વીરપુરૂષ સરખો પોપટનો એવો હોંકારો સાંભળીને વિલખા થયા, આશ્ચર્ય પામ્યા, ડરી ગયા, અને મનમાં વિચારવા લાગ્યા કે, "એ કોઇ દેવતા અથવા ભવનપતિ પોપટના રૂપે બેઠો છે. એમ ન હોય તો એ આ રીતે વિદ્યાધરોને પણ હોંકારથી શી રીતે બોલાવે? આગળ રહેલો કુમાર કેવો ભયંકર છે? કોણ જાણે આજ સુધી વિદ્યાધરોના ઘણા સિંહનાદ પણ અમે સહન કર્યા છે. એમ છે છતાં આજ આ એક પોપટનો તુચ્છ હોંકારો અમારાથી કેમ સહન કરાતો નથી? વિદ્યાધરોને પણ ભય ઉત્પન્ન કરે એવો જેનો પોપટ પણ શૂરવીર છે, તો આગળ રહેલો કુમાર કોણ જાણે કેવો હશે? યુદ્ધ કરવામાં નિપુણ હોય તો પણ અજાણ્યાની સાથે કોણ યુદ્ધ કરે! કાંઇ તરવાનો અહંકાર રાખતો હોય તો પણ તે પાર વિનાના સમુદ્રને તરી શકે કે શું?"

બીક પામેલા, આકુળ વ્યાકુળ થએલા અને પરાક્રમથી ભ્રષ્ટ થએલા સર્વે વિદ્યાધરના સુભટો પોપટનો હોંકારો સાંભળતાંજ ઉપર પ્રમાણે વિચારી

શિયાળિયાની માફક એકદમ ભાગી ગયા ! જેમ બાળકો પિતા પાસે જઈને કહે, તેમ તે સુભટોએ પોતાના રાજા પાસે જઈ યથાર્થ વાત હતી તે કહી. ઠીકજ છે, પોતાના સ્વામી આગળ કાંઈ ગુપ્ત રખાય ? સુભટોનું વચન સાંભળતાંજ વિદ્યાધર રાજાનાં નેત્ર રોષથી રક્તવર્ણ થયાં, અને વિજળીની પેઠે આમતેમ ચમકારો મારવા લાગ્યાં, અને તેનું મુખ લલાટ ઉપર ચઢાવેલ ભ્રમરથી ભયંકર દેખાવા લાગ્યું. પછી સિંહ સરખા બલિષ્ટ અને કીર્તિમાન તે રાજાએ કહ્યું કે, "અરે સુભટો ! શૂરવીરતાનો અહંકાર ધારણ કરનારા પણ ખરેખર જોતાં કાયર અને વગર કારણે ડર રાખનારા તમને ધિક્કાર થાઓ ! પોપટ, કુમાર અથવા બીજો કોઇ દેવતા કે ભવનપતિ તે શું ? અરે રંક સુભટો ! તમે હવે મ્હારૂં પરાક્રમ જોતા રહો" આ રીતે ઉચ્ચ સ્વરથી ધિક્કારયુક્ત વચન કહી વિદ્યાધર રાજાએ દશ મુખવાળું અને વીશ હાથવાળું રૂપ પ્રગટ કર્યું. એક જમણા હાથમાં શત્રુના બખ્તરને સહજમાં કાપી નાંખનાર ખડ્ગ, અને એક ડાબા હાથમાં ઢાલ, એક હાથમાં મણિધર સર્પ સરખા બાણનો સમુદાય અને બીજા હાથમાં યમના બાહુદંડની માફક ભય ઉત્પન્ન કરનારૂં ધનુષ્ય, એક હાથમાં જાણે પોતાનો મૂર્તિમંત યશજ હોયની ! એવો ગંભીર સ્વરવાળો શંખ અને બીજા હાથમાં શત્રુના યશ રૂપ નાગને બંધનમાં નાંખનારો નાગપાશ, એક હાથમાં યમ રૂપ હાથીના દંત સરખો શત્રુનો નાશ કરનાર ભાલો અને બીજા હાથમાં શત્રુથી દેખી ન શકાય એવી ફરસી, એક હાથમાં પર્વત સરખો મ્હોટો મુદ્ગર અને બીજા હાથમાં ભયંકર પત્રપાળ, એક હાથમાં બળતી કાંતિવાળો ભિંદિપાળ, અને બીજા હાથમાં તીક્ષ્ણપણાથી જેની કોઇ બરોબરી ન કરી શકે એવું શલ્ય, એક હાથમાં મ્હોટું ભયંકર તોમર અને બીજા હાથમાં શત્રુને શૂળ ઉત્પન્ન કરનારૂં ત્રિશૂળ, એક હાથમાં પ્રચંડ લોહદંડ અને બીજા હાથમાં મૂર્તિમંત પોતાની શક્તિજ હોયની ! એવી શક્તિ, એક હાથમાં શત્રુનો નાશ કરવામાં ઘણો નિપુણ એવો પટ્ટીશ અને બીજા હાથમાં કોઇ પણ રીતે કૂટી ન શકે એવો દુરફોટ, એક હાથમાં વૈરિ લોકોને વિઘ્ન કરનારી શતઘ્ની અને બીજા હાથમાં પરચક્ર ને કાળચક્ર સમાન ચક્ર; આ રીતે વીસ હાથમાં અનુક્રમે

વીસ આયુધો ધારણ કરી તે વિદ્યાધર રાજા જગતને ભય ઉત્પન્ન કરનારો થયો. તેવીજ રીતે, એક મુખથી સાંઢ જેમ ત્રાટકાર શબ્દ કરે, તેમ હોંકારો કરતો, બીજા મુખથી તોફાની સમુદ્રની પેઠે ગર્જના કરતો, ત્રીજા મુખથી સિંહ સરખો સિંહનાદ કરતો, ચોથા મુખથી અટ્ટહાસ્ય કરનાર પુરૂષની માફક શત્રુને ભય પેદા કરનારૂં અટ્ટહાસ્ય કરતો, પાંચમા મુખથી વાસુદેવની માફક મ્હોટો શંખ વગાડતો, છઠા મુખથી મંત્રસાધક પુરૂષની પેઠે દિવ્ય મંત્રોનો જાપ કરતો, સાતમા મુખથી મ્હોટો વાનરો જેમ ધુત્કારવ કરે છે, તેમ હુંકારવ કરતો, આઠમા મુખથી પિશાચની પેઠે ઉચ્ચ સ્વરે ભયંકર કિલકિલ શબ્દ કરતો, નવમા મુખથી ગુરૂ જેમ કુશિષ્યોને તર્જના કરે છે, તેમ પોતાની સેનાને તર્જના કરતો, તથા દશમા મુખથી વાદી જેમ પ્રતિવાદીને તિરસ્કાર કરે, તેમ સત્વસાર કુમારને તિરસ્કાર કરતો એવો તે વિદ્યાધર રાજા જૂદી જૂદી ચેષ્ટા કરનારાં દશ મુખથી જાણે દશે દિશાઓને સમકાળે ભક્ષણ કરવાજ તૈયાર થયો હોયની ! એવો દેખાતો હતો. એક જમણી અને એક ડાબી એવી બે આંખવડે પોતાની સેના તરફ અવજ્ઞાથી અને ધીક્કારથી જોતો, બે આંખવડે પોતાની વીસ ભુજાઓને અહંકારથી અને ઉત્સાહથી જોતો, બે આંખવડે પોતાના આયુધોને હર્ષથી અને ઉત્કર્ષથી જોતો, બે આંખવડે પોપટને આક્ષેપથી અને દયાથી જોતો, બે આંખવડે હંસી તરફ પ્રેમથી અને સમજવટથી જોતો, બે આંખવડે તિલકમંજરી તરફ અભિલાષથી અને ઉત્સુકતાથી જોતો, બે આંખવડે મયૂરપક્ષી તરફ ઇચ્છાથી અને કૌતુકથી જોતો, બે આંખવડે જિનેશ્વર ભગવાનની પ્રતિમા તરફ ઉલ્લાસથી અને ભક્તિથી જોતો, બે આંખવડે કુમારને અદેખાઈથી અને રોષથી જોતો, બે આંખવડે કુમારના તેજ તરફ ભયથી અને આશ્ચર્યથી જોતો એવો તે વિદ્યાધર રાજા પોતાની વીસ ભુજાની હરિફાઇથીજ કે શું ! પોતાની વીસ આંખવડે ઉપર કહ્યા મુજબ જૂદા જૂદા વીસ મનોવિકાર પેદા કરતો હતો. પછી તે વિદ્યાધર રાજા યમની માફક કોઇને વશ ન થાય એવો, પ્રલય કાળની પેઠે કોઇથી ન ખમાય એવો અને ઉત્પાતની પેઠે જગતને ક્ષોભ ઉત્પન્ન કરનારો એવો થઇ આકાશમાં ઉછળ્યો. વાનર

સરખો પોપટ ભયંકરમાં ભયંકર અને જોઈ ન શકાય એવા સાક્ષાત્ રાવણ સરખા વિદ્યાધર રાજાને જોઈને શીઘ્ર બીક પામ્યો.

ઠીકજ છે, તેવા ક્રૂર સ્વરૂપ આગળ કોણ સામો ઉભો રહે? કોણ પુરૂષ દાવાગ્નિની બળતી જ્વાળાને પીવા ઇચ્છે? હશે, બીક પામેલો પોપટ શ્રીરામ સરખા રત્નસાર કુમારને શરણે ગયો. તેવો ભય આવે બીજે કોણ શરણ જવા યોગ્ય છે? પછી વિદ્યાધર રાજાએ આ રીતે હોંકારો કરી બોલાવ્યો. "અરે કુમાર! છેટે ચાલ્યો જા, નહિં તો હમણાં નાશ પામીશ. અરે દુષ્ટ! નિર્લજ્જ! અમર્યાદ! નિરંકુશ! તું મ્હારા જીવિતનું સર્વસ્વ એવી હંસીને ખોળામાં લઈને બેઠો છે? અરે! તને બિલકુલ કોઇની બીક કે શંકા નથી? જેથી તું મ્હારા આગળ હજી ઉભો છે. હે મૂર્ખ! હમેશાં દુઃખી જીવની માફક તું તુરતજ મરણને શરણ થઈશ."

આ પ્રમાણે વિદ્યાધરનો રાજા તિરસ્કાર વચન બોલી રહ્યો, ત્યારે પોપટ શંકાથી, મયૂરપક્ષી કૌતુકથી, કમળ સમાન નેત્ર ધારણ કરનારી તિલકમંજરી ત્રાસથી અને હંસી સંશયથી કુમારના મુખ તરફ નીહાળતી હતી. એટલામાં કુમારે કિંચિત્ હાસ્ય કરીને કહ્યું. "અરે! તું વગર પ્રયોજને કેમ બ્હીવરાવે છે? એ બ્હીવરાવવું કોઇ બાળક આગળ ચાલશે, પણ શૂરવીર આગળ નહીં ચાલે. બીજાં પક્ષીઓ તાળી વગાડવાથી ડરે છે, પરંતુ પડહ વાગે તો પણ ધીટાઇ રાખનારો મઠમાંનો કપોતપક્ષી બિલકુલ નહીં બીહે. એ શરણે આવેલી હંસીને કલ્પાંત થાય તો પણ હું નહીં મુકી દેઉં. એમ છતાં સાપના માથામાં રહેલા મણિની પેઠે તું એની ઇચ્છા કરે છે, માટે તને ધિક્કાર થાઓ. અરે! એની આશા છોડીને તું શીઘ્ર અહિંથી દૂર થા. નહીં તો હું તારા દશ મસ્તકથી દસ દિક્પાળોને ભળી આપીશ."

એટલામાં રત્નસાર કુમારને પોતે સહાય કરવાની ઇચ્છા કરનારા ચંદ્રચૂડ દેવતાએ મયૂરપક્ષીનું રૂપ મૂકી શીઘ્ર પોતાનું દેવતાઈ રૂપ લીધું, અને હાથમાં જાત જાતનાં આયુધ ધારણ કરીને જાણે કુમારે બોલાવ્યોજ હોયની! તેમ કુમારની પાસે આવ્યો. પૂર્વભવે કરેલા પુણ્યોની બલિહારી છે! પછી ચંદ્રચૂડે કુમારને કહ્યું કે, "હે કુમાર! તું તારી

મરજી પ્રમાણે લડાઈ કર, હું તને હથિયાર પૂરાં પાડું, અને તારા શત્રુના ચુરે ચુરા કરી નાંખું." ચંદ્રચૂડનું એવું વચન સાંભળી લોઢાનું કવચ તથા કુબેરનો પક્ષ મળવાથી તક્ષકાદિકની માફક કુમાર બમણો ઉત્સાહ પામ્યો, અને તિલકમંજરીના હાથમાં હંસીને આપી પોતે તૈયાર થઈ વિષ્ણુ જેમ ગરૂડ ઉપર ચઢે છે તેમ સમરાંગણકાર અશ્વ ઉપર ચઢ્યો. ત્યારે ચંદ્રચૂડે શીઘ્ર એકાદ ચાકરની માફક કુમારને ગાંડીવને તુચ્છ કરનારૂં ધનુષ્ય અને બાણનાં ભાથાં આપ્યાં. તે વખતે રત્નસાર કુમાર દેદીપ્યમાન કાળની માફક પ્રચંડ ભુજદંડને વિષે ધારણ કરેલા ધનુષ્યોનો મ્હોટો ટંકાર શબ્દ કરતો આગળ આવ્યો. પછી બન્ને મહાન યોદ્ધાઓએ ધનુષ્યના ટંકારથી દશે દિશાઓને બ્હેરી કરી નાંખે એવું બાણયુદ્ધ ચલાવ્યું. બને જણા ચાલાક હસ્તવાળા હોવાથી તેમનું બાણનું ભાથામાંથી કાઢવું, ધનુષ્યે જોડવું અને છોડવું દક્ષ પુરૂષોથી પણ દેખાયું નહીં. માત્ર બાણની વૃષ્ટિ એક સરખી થતી હતી તે પોપટ વજેરે સર્વના જોવામાં આવી.

ઠીકજ છે, જળથી ભરેલો નવો મેઘ વૃષ્ટિ કરે, ત્યારે વૃષ્ટિની ધારાનો પૂર્વાપર ક્રમ ક્યાંથી જણાય? બાણ ફેંકવામાં સ્વાભાવિક હસ્તચાતુર્ય ધારણ કરનારા અને ક્રોધ કાળે પણ આકુળ વ્યાકુળ ન થાય એવા તે બન્ને વીરોનાં બાણજ માંહોમાંહે એક બીજાને પ્રહાર કરતાં હતાં, પરંતુ તેમને શરીરે એક પણ બાણ લાગ્યું નહીં. ઘણા ક્રોધ પામેલા તે બન્ને મહા યોદ્ધાઓનું ઘણા કાળ સુધી સેલ્લ, બાવલ્લ, તીરો, તોમર, તબલ, અર્ધચંદ્ર, અર્ધનારાચ, નારાચ વગેરે જાત જાતનાં તીક્ષ્ણ બાણથી યુદ્ધ ચાલ્યું. સંગ્રામ કરવામાં કુશળ એવા તે બન્ને જણા ઘણો કાળ સંગ્રામ થયો તો પણ થાકયા નહીં. "સરખે સરખા બે જબ્બર જુગારી હોય તો તેમનાંમાં માંહોમાંહે કોણ કોને જીતે? તેનો જેમ સંશય રહે છે, તેમ તે બન્ને જણામાં કોણ જીતશે? તેનો સંશય રહ્યો. ઠીકજ છે, એક વિદ્યાના બળથી અને બીજો દેવતાના બળથી બલિષ્ટ થએલા, વાલિ અને રાવણ સરખા તે બન્ને યોદ્ધાઓમાં કોનો જય થાય, તે શીઘ્ર શી રીતે નક્કી કરાય? સારી નીતિથી ઉપાર્જન કરેલું ધન જેમ વખત જતાં ચઢતી દશામાં આવે છે, તેમ નીતિનું અને ધર્મનું બળ ઘણું હોવાથી રત્નસાર કુ-

મારનો અનુક્રમે જય થયો. તેથી ખિન્ન થએલા વિદ્યાધર રાજાએ પોતાનો પરાજય થયો એમ જાણીને સંગ્રામ કરવાની સીધી રીતિ છોડી દીધી, અને તે પોતાની સર્વ શક્તિથી કુમાર ઉપર ધસી આવ્યો. વીસ ભુજાઓમાં ધારણ કરેલાં વિવિધ પ્રકારનાં શસ્ત્રોથી કુમારને પ્રહાર કરનારો તે વિદ્યાધર રાજા, સહસ્રાર્જુનની માફક કોઇથી ન ખમાય એવો થયો. મનમાં શુદ્ધ વિચાર રાખનારો રત્નસાર કુમાર "અન્યાયથી સંગ્રામ કરનાર કોઈ પણ પુરૂષની કોઈ કાળે જીત ન થાય" એમ ધારી ઘણો ઉત્સાહવંત થયો.

વિદ્યાધર રાજાએ કરેલા સર્વે પ્રહારથી અશ્વરત્ની ચાલાકીવડે પોતાનો બચાવ કરનારા કુમારે તુરતજ ક્ષુરપ્ર નામે બાણ હાથમાં લીધું. શસ્ત્રો શી રીતે તોડવાં ? તેનો મર્મ જાણનારા કુમારે, અસ્ત્રાવડે જેમ વાળ કાપે તેમ તેનાં સર્વ શસ્ત્રો તોડી નાંખ્યાં, પછી કુમારે સંગ્રામમાં એક બારીક અર્ધચંદ્ર બાણવડે વિદ્યાધર રાજાના ધનુષ્યના પણ શીઘ્ર બે કટકા કર્યા. અને બીજા અર્ધચંદ્ર બાણવડે કોઇથી ન ભેદાય એવા વિદ્યાધર રાજાની છાતીમાં પ્રહાર કર્યો. ઘણું અજાયબ છે કે, એક વણિક્કુમારમાં પણ એવું અલૌકિક પરાક્રમ હતું. લાખના રસ સરખા લોહીને ઝરનારો અને છાતીમાં થએલા પ્રહારથી દુઃખી થએલો વિદ્યાધર રાજા હથિયાર વિનાનો હોવાથી પાનખર ઋતુમાં પાંદડાં વિનાના થએલા પીંપળાના ઝાડ જેવો થયો. વિદ્યાધર રાજા તેવી સ્થિતિમાં હતો, તો પણ ક્રોધાંધ થઇ તેણે વેમ બહુ હોવાને લીધે કોઇથી પકડાય નહીં એવાં અનેક જાતનાં રૂપ બહુરૂપિણી વિદ્યાવડે કર્યાં વિદ્યાધર રાજાએ આકાશમાં પ્રકટ કરેલાં તે લાખો રૂપો પવનના તોફાનની માફક સંપૂર્ણ જગતને ભયકારી થયાં, તે સમયે પ્રલયકાળનાં ભયંકર વાદળાં સરખાં તે રૂપોથી સર્વ પ્રદેશ રોકાયલો હોવાથી આકાશ ન જોવાય એવું ભયંકર થયું. રત્નસાર કુમારે જ્યાં જ્યાં પોતાની નજર ફેરવી, ત્યાં ત્યાં ભયંકર ભુજાના સમુદાયથી ન જોવાય એવો વિદ્યાધર રાજાજ તેના જોવામાં આવ્યો. એટલું થયું તો પણ કુમારને અજાયબજ લાગ્યું, અને કિંચિત્માત્ર પણ ભય ન લાગ્યો. ધીર પુરૂષો કલ્પાંતકાળ આવી પડે તો પણ કાયર થાય કે શું ?

પછી કુમારે નિશાન કર્યા વિના ચારે તરફ બાણની વૃષ્ટિ શરૂ કરી.

હીકજ છે, સંકટનો વખત આવે ધીર પુરૂષો અધિક પરાક્રમ પ્રકટ કરે છે. કુમારને ભયંકર સંકટમાં સપડાયલો જોઇને ચંદ્રચૂડ દેવતા હાથમાં મ્હોટો સુદર લઇ વિદ્યાધર રાજાને પ્રહાર કરવા ઉઠયો. હાથમાં ગદા ધારણ કરનાર ભીમસેનની માફક ભયંકર સ્વરૂપ ધારણ કરીને આવતા ચદ્રચૂડને જોઇ દુઃશાસન સરખો વિદ્યાધર રાજા શીઘ્ર ક્ષોભ પામ્યો. તથાપિ તે ઘણું ધૈર્ય પકડી પોતાના સર્વ રૂપથી, સર્વ ભુજાઓથી સર્વ શક્તિથી અને બધી તરફથી દેવતાને પ્રહાર કરવા લાગ્યો. દેવતાની શક્તિ અચિંત્ય અને કુમારનું ભાગ્ય અદ્‌ભુત હોવાથી ચંદ્રચૂડ ઉપર થએલા શત્રુના સર્વે પ્રહાર, કૃતઘ્ન માણસ ઉપર કરેલા ઉપકારની માફક નિષ્ફળ ગયા ! જેમ ઇંદ્ર વજ્રવડે પર્વતને તોડી પાડે, તેમ ક્રોધથી દુર્ધર થએલા ચંદ્રચૂડે મુદ્‌ગર વડે વિદ્યાધર રાજાના મુખ્ય સ્વરૂપ ઉપર પ્રહાર કર્યો. ચંદ્રચૂડે પોતાની સર્વ શક્તિથી વિદ્યાધર રાજા ઉપર પ્રહાર કર્યો ત્યારે કાયર માણસના પ્રાણ નીકળી જાય એવો ભયંકર અવાજ થયો. વિદ્યાબળથી અહંકારી થએલા, ત્રૈલોક્યને જીતવાની સત્તા રાખનારા એવા વાસુદેવ જેવા વિદ્યાધર રાજાનું વજ્ર સરખું મજબુત માથું તે પ્રહારથી છેદાયું નહિ. તથાપિ તેની બહુ રૂપ ધારણ કરનારી મહોવિદ્યા ભય પામીને જ કે શું ! ફાગડાની પેઠે શીઘ્ર નાસી ગઇ. દેવતાનું સહાય્ય આશ્ચર્યકારી હોય એમાં શક નથી.

" આ કુમાર સ્વભાવથીજ શત્રુઓને રાક્ષસ સરખો ભયંકર લાગતો હતો, અને તેમાં, અગ્નિને સહાય્યકારી જેમ વાયુ મળે, તેમ તેને જેનો પરાભવ ન કરાય એવો દેવતા સહાય્યકારી મળ્યો. " એમ વિચારી બીકણની માફક વિદ્યાધર રાજા નાસી ગયો. કહ્યું છે કે—જે ભાગે તે જીવે. પાયદળનો સ્વામી તે વિદ્યાધર રાજા પોતાની ભાગી ગએલી ભ્રષ્ટ વિદ્યાને જોવાને અર્થે તેની પાછળ શીઘ્ર વેગથી દોડતો ગયો. સંનિયોગ શિષ્ટ (પરસ્પર સંયોગથી બની ગએલાં) બે કાર્યોમાં જેમ એકનો નાશ થવાથી બીજાનો પણ નાશ થાય છે, તેમ વિદ્યાનો લોપ થતાંજ વિદ્યાધર રાજાનો પણ લોપ થયો. સુકુમાર ક્યાં ? અને કઠોર વિદ્યાધર ક્યાં ? તથાપિ કુમારે વિદ્યાધરને જીત્યો. એનું કારણ કે, જ્યાં ધર્મ હોય, ત્યાં જય છે. વિદ્યા-

ધર રાજાના સેવક જે વિદ્યાધરો હતા, તે પણ તેની સાથેજ નાસી ગયા! ઠીકજ છે, દીવો બુઝાઇ ગયા પછી તેનો પ્રકાશ પાછળ રહે કે શું? જેમ રાજા સેવકની સાથે મહેલમાં આવે, તેમ કુમાર દુર્જય શત્રુને જીતવાથી ઉત્કર્ષ પામેલા દેવતાની સાથે મહેલમાં આવ્યો. અતિશય ચમત્કાર ઉત્પન્ન કરનારૂં કુમારનું એવું ચરિત્ર જોઇને તિલકમંજરી હર્ષથી વિકસ્વર થએલી રોમરાજીને ધારણ કરતી છતી મનમાં વિચાર કરવા લાગી કે, "ત્રણે લોકમાં શ્રેષ્ઠ એવો એ તરૂણ કુમાર પુરૂષમાં એક રત્ન છે. માટે ભાગ્યથી જો મ્હારી બ્હેન હમણાં મળે તો એવા ભર્થારનો લાભ થાય." એમ વિચારી મનમાં ઉત્સુકતા, લજ્જા અને ચિંતા ધારણ કરનારી તિલકમંજરી પાસેથી કુમારે બાળકની માફક હંસીને ઉપાડી લીધી, અને તેથી હંસી કહે કે:—"ધીર પુરૂષોમાં અગ્રેસર, કાર્યભાર ચલાવવા સમર્થ, વીર પુરૂષોની ગણતરીમાં મુખ્ય એવા હે કુમારરાજ! તું ચિરકાળ જીવતો અને જયવંતો રહે. હે ક્ષમાશીળ કુમાર! દીન, રાંક અતિશય બીકણ અને અકાર્ય એવી મેં મ્હારે માટે તને ઘણો ખેદ આપ્યો, તેની ક્ષમા કર. ખરેખર જોતાં વિદ્યાધર રાજા જેવો મ્હારા ઉપર ઉપકાર કરનારો બીજો કોઇ નથી. કેમકે, જેની બીકથી હું અનંત પુણ્યોથી પણ ન મળી શકે એવા તહારા ખોળામાં આવીને બેઠી. ધનવાન પુરૂષના પ્રસાદથી જેમ નિર્ધન પુરૂષ સુખી થાય છે, તેમ અમારા જેવા પરાધિન અને દુઃખી જીવ તહારા યોગથી ચિરકાળ સુખી થાઓ." કુમારે કહ્યું. "મીઠું બોલનારી હે હંસી! તું કોણ છે? વિદ્યાધરે તને શી રીતે હરણ કરી? અને આ મનુષ્યની વાણી તું શી રીતે બોલે છે તે કહે." પછી તે ઉત્તમ હંસી કહેવા લાગી:—

"મ્હોટા જિનમંદિરથી શોભતા વૈતાઢય પર્વતના ઉચ્ચ શિખરને અલંકારભૂત એવા **રથનુપર ચક્રવાળ** નામે નગરની રક્ષા કરનારો અને સ્ત્રીઓને વિષે આસક્ત એવો **તરૂણીમૃગાંક** નામે વિદ્યાધર રાજા છે. એક વખત તેણે આકાશમાર્ગે જતાં કનકપુરીમાં મનોવેધક અંગચેષ્ટા કરનારી **અશોકમંજરી** નામે રાજકન્યા જોઇ. સમુદ્ર ચંદ્રમાને જોતાંજ જેમ ખળભળે છે, તેમ હિંડોળા ઉપર ક્રીડા કરતારી સાક્ષાત્ દેવાંગના સરખી

તે કન્યાને જોઇ વિદ્યાધર રાજા ક્ષોભ પામ્યો. પછી તેણે તોફાની પવન વિકુર્વીને હિંડોળા સાથે રાજકન્યાને હરણ કરી! અથવા પોતાની મતલબ સાધવા યથાશક્તિ કોણ પ્રયત્ન કરતો નથી? વિદ્યાધર રાજાએ રાજકન્યાને હરણ કરી શબરસેના નામે મ્હોટી અટવીમાં મૂકી. ત્યાં તે હરિણીની પેઠે બીક પામવા લાગી, અને ટીટોડીની માફક આક્રંદ કરવા લાગી. વિદ્યાધર રાજાએ તેને કહ્યું. "હે સુંદર સ્ત્રી! તું કેમ બીકથી બ્રૂજે છે? દિશાઓને વિષે નજર કેમ ફેંકે છે? અને હે સુંદરિ! આક્રંદ પણ કેમ કરે છે? હું કોઇ બંદીખાનામાં રાખનારો, ચોર કે પરસ્ત્રીલંપટ નથી, પણ મ્હારા પાર વિનાના ભાગ્યથી તને વશ થએલો એક વિદ્યાધર રાજા છું. હું તમ્હારો દાસ થઇ તમ્હારી પ્રાર્થના કરું છું. માટે મ્હારી સાથે પાણિગ્રહણ કર, અને તમામ વિદ્યાધરોની તું સ્વામિની થા." "અમિની માફક બીજાને ઉપદ્રવ કરનારા કામાંધ લોકો એવી દુષ્ટ અને અનિષ્ટ ચેષ્ટા કરીને પાણિગ્રહણ કરવા ઇચ્છે છે, એમને અતિશય ધિક્કાર થાઓ!!" મનમાં એવો વિચાર કરનારી અશોકમંજરીએ વિદ્યાધર રાજાને કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. જેની અનિષ્ટ ચેષ્ટા પ્રકટ દેખાતી હોય, તે પુરૂષને કોણ સત્પુરૂષ મોઢે ના હા નો જવાબ સરખો આપે? "ભાતા પિતાના તથા સ્વજનના વિરહથી હાલમાં એને નવું દુઃખ થયું છે, તથાપિ અનુક્રમે સુખથી એ મ્હારી ઇચ્છા ફળીભૂત કરશે." મનમાં એવા આશા રાખીને વિદ્યાધર રાજાએ, શાસ્ત્રો જેમ પોતાના શાસ્ત્રનું સ્મરણ કરે છે, તેમ પોતાનું સર્વ કામ પરિપૂર્ણ કરનારી સુંદર વિદ્યાને સંભારીને તેનું સ્મરણ કર્યું.

કન્યાનું સ્વરૂપ ગુપ્ત રાખવાને અર્થે વિદ્યાના પ્રભાવથી તે વિદ્યાધર રાજાએ રાજકન્યાને નટની માફક એક તાપસ કુમારના સ્વરૂપમાં પ્રકટ કરી. જેનામાં બિલકુલ સત્ત્વ નથી, તથા બાળક જેવા બુદ્ધિવાળો એવો વિદ્યાધર રાજા કેટલીક વાર સુધી અશોકમંજરીને મનાવતો હતો. મનાવતાં તેણે જે આદરસત્કારનાં વચન કહ્યાં, તે અશોકમંજરીને તિરસ્કાર રૂપ લાગ્યાં. બીજા સારા ઉપચાર કર્યા તે આપદાની પ્રાપ્તિ જેવા લાગ્યા, અને પ્રેમપૂર્વક આલાપ કર્યા તે પાપની વાવણી સરખા લાગ્યા. રાખમાં હોમ

કરવો, જળના પ્રવાહમાં પેશાબ કરવો અથવા ખારી ભૂમિમાં વાવવું, સીંચવું, વગેરે જેમ નકામું છે, તેમ વિદ્યાધર રાજાના સર્વ મનાવવાના પ્રકાર અશોકમંજરીને વિષે નકામા થયા. તો પણ વિદ્યાધર રાજાએ મનાવવાના નિષ્ફળ પ્રકાર બંધ કર્યા નહીં. ચિત્તભ્રમ રોગવાળા પુરૂષની માફક કામી પુરૂષોનો દુરાગ્રહ કહી ન શકાય એવા હોય છે. તે પાપી વિદ્યાધર રાજા એક વખતે કાંઈ કાર્યને બાને પોતાને શહેર ગયો. ત્યારે વેષધારી તાપસ કુમારે હિંડોળાની ક્રીડા કરતાં તેને જોયો. તે તાપસ કુમાર તહારા ઉપર ભરૂસો રાખી, પોતાની હકીકત કહે છે, એટલામાં વિદ્યાધર રાજા ત્યાં આવી, પવન જેમ આકડાના કપાસને હરણ કરે છે, તેમ તેને હરણ કરી ગયો, અને મણિરત્નોથી દેદીપ્યમાન પોતાના દિવ્ય મંદિરમાં લઈ જઈ તેણે ક્રોધથી તેને કહ્યું કે, "અરે દેખી ની ભોળી ! ખરેખર ચતુર ! અને બોલવામાં ડાહી ! એવી હે સ્ત્રી ! તું કુમારની તથા બીજા કોઇની સાથે પ્રેમથી વાર્તાલાપ કરે છે, અને તહારા વશમાં પડેલા મને ઉત્તર સરખો પણ આપતી નથી ! હજી મ્હારી વાત કબૂલ કર. દુરાગ્રહ મૂકી દે, નહીં તો દુઃખદાયી યમ સરખો હું તહારા ઉપર રૂષ્ટ થયો એમ સમજ."

એવું વચન સાંભળી, મનમાં ધૈર્ય પકડી અશોકમંજરીએ કહ્યું. "અરે વિદ્યાધર રાજા ! છળબળથી શું લાભ થાય ! છળવંત તથા બળવંત લોકોથી કદાચ રાજ્યઋદ્ધિ આદી સધાય, પરંતુ કોઈ કાળે પણ છળબળથી પ્રેમ ન સધાય. બન્ને જણાનાં ચિત્ત પ્રસન્ન હોય તોજ ચિત્તરૂપ ભૂમિમાં પ્રેમરૂપ અંકુર ઉત્પન્ન થાય છે. જેમ ઘી વિના લાડવા બાંધવા, તેમ સ્નેહ વિનાનો સ્ત્રી પુરૂષોનો પ્રેમ શા કામનો ? એવો સ્નેહ વિનાનો સંબંધ તો જંગલમાં બે લાકડાઓનો પણ માંહોમાંહે થાય છે. માટે મૂર્ખ વિના બીજો કોણ પુરૂષ સ્નેહ રહિત બીજા માણસની મનવાર કરે ? સ્નેહનું સ્થાનક જોયા વિના દુરાગ્રહ પકડનારા મતિમંદ માણસને ધિક્કાર થાઓ."

અંકુશ વિનાનો વિદ્યાધર રાજા અશોકમંજરીનાં એવાં વચન સાંભળી ઘણો રોષ પામ્યો અને મ્યાનમાંથી શીઘ્ર ખડ્ગ બહાર કાઢી કહેવા લાગ્યો કે, "અરેરે ! હમણાં હું તને મારી નાંખું ! મ્હારી પણ નિંદા કરે છે !" અશોકમંજરીએ કહ્યું. "અનિષ્ટ માણસની સાથે સંબંધ કરવા કરતાં

રતાં મરવું એ મને વધુ પસંદ છે. જો મને છોડવાની તારી ઇચ્છા ન હોય તો તું બીજો કાંઈ પણ વિચાર ન કરતાં અત્યારેજ મને મારી નાંખ."

પછી અશોકમંજરીના પુણ્યના ઉદયથી વિદ્યાધર રાજાના મનમાં વિચાર આવ્યો કે, "હાય હાય! ધિક્કાર થાઓ!! આ શું મેં દુષ્ટ બુદ્ધિનું કામ માંડયું? પોતાનું જીવિત જેના હાથમાં હોવાથી જે જીવિતની ભાલીક કહેવાય છે, તે પ્રિય સ્ત્રીને વિષે કયો પુરૂષ ક્રોધથી એવું ઘાતકીપણાનું આચરણ કરે? સામોપચારથીજ સર્વ ઠેકાણે પ્રેમ ઉત્પન્ન થવાનો સંભવ છે. તેમાં પણ સ્ત્રીને વિષે એ નિયમ વિશેષે કરી લાગુ પડે છે. પાંચાળ નામે નીતિશાસ્ત્રના કર્તાએ કહ્યું છે કે—'સ્ત્રીઓની સાથે ઘણી સરળતાથી કામ લેવું." કૃપણનો સરદાર જેમ પોતાનું ધન ભંડારમાં રાખે છે, તેમ વિદ્યાધર રાજાએ એમ વિચારી, મનમાં ઉલ્લાસ લાવી પોતાનું ખડ્ગ પાછું શીઘ્ર મ્યાનમાં રાખ્યું; અને નવી સૃષ્ટિકર્તા જેવો થઇ કામકરી વિદ્યાથી અશોકમંજરીને મનુષ્યની ભાષા બોલનારી હંસી બનાવી. પછી માણિક્યરત્નમય મજબૂત પાંજરામાં હંસીને રાખી તે પૂર્વની માફક આદરથી તેને સારી રીતે પ્રસન્ન કરતો રહ્યો. વિદ્યાધર રાજાની કમળા નામે સ્ત્રી હતી. તેના મનમાં કાંઇક શંકા આવી તેથી, તેણે સાવચેત રહી એક વખતે પોતાના ભર્થારને હંસી-ની સાથે ડહાપણથી ભરેલાં ચાટુ વચન બોલતાં પ્રકટપણે દીઠો. તે કમળા; મનમાં અદેખાઇ ઉત્પન્ન થવાથી સામું જોવાય નહીં એવી તથા મત્સર ઉત્પન્ન થવાથી કોઇથી મનાવી શકાય નહીં એવી થઇ. એમાં કાંઇ નવાઇ નથી; સ્ત્રીઓનો સ્વભાવ એવોજ હોય છે.

કમળાએ પોતાની સખી જેવી વિદ્યાની મદદથી હંસીનું વૃત્તાંત મૂળથી જાણ્યું, અને હૃદયમાં ખૂંચેલું શલ્ય જેમ કાઢે, તેમ તે હંસીને પાંજરામાંથી કાઢી છૂટી મૂકી. કમળાએ શોકયભાવથી હંસીને કાઢી મૂકી પણ તેજ હંસીને ભાગ્યયોગથી અનુકૂળ પડયું. નરકમાંથી બહાર નીકળવા પ્રમાણે તે વિદ્યાધર રાજાના ઘરમાંથી બહાર પડેલી હંસી શબરસેના અટવી તરફ ચાલી. પાછળ 'વિદ્યાધર આવશે' એવી બ્હીકથી ઘણી આકૂળ વ્યાકૂળ થએલી હંસી ધનુષ્યથી છૂટેલા બાણની માફક વેગથી ગમન કરતાં થાકી

ગઈ, અને પોતાના ભાગ્યોદયથી વિશ્રાંતિ લેવા અહિં ઉતરી. તેમજ કમળમાં જેમ સંતાઈ જવું, તેમ તને જોઇ હંસ ખોળામાં સંતાઈ ગયો. હે કુમારરાજ ! તે હંસી હુંજ છું, અને જે મ્હારી પાછળ આવ્યો, અને જેને તેં જીત્યો, તેજ હું કહું છું તે તેજ વિદ્યાધર છે.''

તિલકમંજરી પોતાની બ્હેનની એવી હકીકત જાણી, બ્હેનના દુઃખથી દુઃખી થઇ ઘણોજ વિલાપ કરવા લાગી. સ્ત્રીઓની રીતિ એવીજ હોય છે. તિલકમંજરીએ કહ્યું. "હાય હાય ! હે સ્વામિનિ ! ભયની જાણે રાજધાનીજ હોયની ! એવા અટવીમાં એકલી તાપસપણામાં શી રીતે રહી દૈવની વિચિત્ર ગતિને ધિક્કાર હોજો. બ્હેન ! આજ સુધી સુખમાં રહેલી તેં દેવાંગનાએ જેમ તિર્યંચના ગર્ભમાં રહેવું, તેમ કોઇથી સહન ન કરાય એવો ઘણો દુઃખદાયી પંજરવાસ શી રીતે સહન કર્યો ! હાય હાય ! વડી બ્હેન ! આ ભવમાંજ તને તિર્યંચપણું પ્રાપ્ત થયું ! દૈવ નટની માફક સુપાત્રની પણ વિડંબના કરે છે ! માટે તને ધિક્કાર થાઓ ! બ્હેન ! પૂર્વભવે તેં કૌતુકથી કોઇને વિયોગ પડાવ્યો હશે અને મેં તે વાતની ઉપેક્ષા કરી હશે, તેનું આ કહી ન શકાય તેવું માઠું ફળ મળ્યું. હાય હાય ! દુર્દૈવથી ઉત્પન્ન થએલું અથવા જાણે મૂર્તિમંત દુર્ભાગ્યજ હોયની ! એવું હારું તિર્યંચપણું હવે શી રીતે દૂર થશે !" તિલકમંજરી એવો વિલાપ કરે છે એટલામાં સન્મિત્રની માફક ખેદ દૂર કરનાર ચંદ્રચૂડ દેવતાએ તે હંસી ઉપર જળ છાંટીને પોતાની શક્તિથી તેની પૂર્વ પ્રમાણે કન્યા બનાવી. જાણે નવી સરસ્વતીજ ઉત્પન્ન થઇ કે શું ! અથવા લક્ષ્મીજ સમુદ્રમાંથી નીકળી કે શું! એવી કુમાર વગેરેને ઘણો હર્ષ ઉત્પન્ન કરનારી કન્યા તે વખતે બહુ શોભવા લાગી. વિકસ્વર રોમરાજિના બહાનાથી જેમના શરીર ઉપર હર્ષના અંકુરોજ ઉત્પન્ન થયા હોયનો એવી તે બન્ને બ્હેનો ઉતાવળથી એક બીજીને આલિંગન કરી રહી. પ્રેમનો મહિમા એવોજ છે.

પછી રત્નસાર કુમારે કૌતુકથી કહ્યું. " હે તિલકમંજરી ! અમને આ કામમાં ઇનામ અવશ્ય મળવું જોઇએ. હે ચંદ્રમુખી ! કહે, શું આપવા યોગ્ય છે ? જે આપવા યોગ્ય હોય તે તુરતજ આપ. ધર્મની માફક ઔચિત્ય દાન વગેરે લેવામાં વિલંબ કોણ કરે ? ઔચિત્યાદિ દાન, ઋણ ઉતા-

રવું, હોડ હરાવેલો પગાર લેવો, ધર્મ અને રોગનો તથા શત્રુનો ઉચ્છેદ, એટલાં વાનાં કરવાં હોય તો બિલકુલ વખત ન ગાળવો. ક્રોધનો જુસ્સો આવ્યો હોય, નદીના પૂરમાં પ્રવેશ કરવો હોય, કાંઈ પાપકર્મ કરવું હોય, અજીર્ણ ઉપર ભોજન કરવું હોય, તથા ભયવાળી જગ્યાએ જવું હોય તો વખત ગાળવો એજ ઉત્તમ છે. એટલે આ બધાં વાનાં કરવાં હોય તો આજનું કાલ ઉપર મુલતવી રાખવું નહિ."

કુમારનાં વિનોદવચન સાંભળી તિલકમંજરીના મનમાં લજ્જા ઉત્પન્ન થઇ શરીરે કંપ છૂટયો, પરશેવો વળ્યો અને રોમરાજિ વિકસ્વર થઇ. સ્ત્રીઓની લીલા અને વિલાસ તેણે પ્રગટ કર્યા, તથા કામવિકારથી ઘણી પીડાઇ તો પણ તેણે ધૈર્ય પકડીને કહ્યું કે, "અમારા ઉપર સર્વ પ્રકારે ઉપકાર કરનાર હું સર્વસ્વ આપવા યોગ્ય છે એમ માનું છું. માટે હે સ્વામિન્! હું આપને દાનનું એક આ બ્હાનું આપું છું. એમ આપ નક્કી જાણજો. એમ કહી ખુશી થયેલી તિલકમંજરીએ જાણે પોતાનું મૂર્તિમંત મનજ હોયની! એવો મોતીનો મનોહર હાર કુમારના ગળામાં પહેરાવ્યો. ઇચ્છા વિનાના એવા કુમારે પણ તે હાર ઘણુંજ માનથી સ્વીકાર્યો. પોતાના ઇષ્ટ માણસે આપેલી વસ્તુ સ્વીકારવા પ્રેરણા કરનારી પ્રીતિજ હોય છે. હશે, તિલકમંજરીએ શીઘ્ર પોપટની પણ પૂજા કરી. ઉત્તમ પુરૂષોનું સાંભારણ વચન પણ કોઇ જગ્યાએ નિષ્ફળ ન થાય. ઉચિત આચરણ કરવામાં નિપુણ એવા ચંદ્રચૂડે તે વખતે કહ્યું કે, "હે કુમાર! પહેલેથીજ તને તારા ભાગ્યે આપેલી એ બે કન્યાઓ હું હમણાં તને આપું છું, સારા કાર્યોમાં વિઘ્ન ઘણાં આવે છે, માટે તું પ્રથમથીજ મનમાં સ્વીકારેલી એ બન્ને કન્યાઓનું તુરતજ પાણિગ્રહણ કર.

ચંદ્રચૂડ દેવતા એમ કહી વરને અને કન્યાઓને જાણે શોભાનો સમુદાયજ હોયની! એવા તિલકવૃક્ષના કુંજમાં પરણાવવાને માટે હર્ષથી લઇ ગયો. ચક્રેશ્વરી દેવીએ રૂપ ફેરવી શીઘ્ર ત્યાં જઇ મૂળથી છેડા સુધી એ સર્વ ઉત્તમ વૃત્તાંત પ્રથમથીજ જાણ્યું હતું. પછી તે ચક્રેશ્વરી વેગથી પવનને પણ જીતે એવા અતિશય મ્હોટા વિમાનમાં ઘણા હર્ષથી બેઠી. તે વિમાન રત્નોની પહોળી ઘંટાઓથી ટંકાર શબ્દ કરતું હતું, રત્નમય શોભતી

ઘુઘરીઓવડે શબ્દ કરનારી શેંકડો ધ્વજાઓ તે વિમાનને વિષે ફરકતી હતી. મનોહર માણિક્ય રત્નોવડે જડેલા તોરણથી તેને ઘણી શોભા આવી હતી. વૃષના, ગીતના અને વાજિંત્રના શબ્દથી તે વિમાનની પૂતળીઓ જાણે બોલતીજ હોયની ! એવો ભાસ થતો હતો. પાર વિનાની પારિજાત વગેરે પુષ્પોની માળાઓ તેમાં ઠેકાણે ઠેકાણે ટંગાયલી હતી હાર, અર્ધહાર વગેરેથી એક ઉત્તમ શોભા તેને આવી હતી, સુંદર ચામરો તેને વિષે ઉજળતાં હતાં, તેની રચનામાં બધી જાતનાં મણિરત્નો આવેલાં હોવાથી તે પોતાના પ્રકાશથી સાક્ષાત્ સૂર્યમંડળની માફક નિબિડ અંધકારને પણ કાપી નાંખતું હતું. એવા વિમાનમાં ચક્રેશ્વરી દેવી બેઠી, ત્યારે બીજી તેની બરાબરીની ઘણી દેવીઓ પોત પોતાના વિવિધ પ્રકારના વિમાનમાં બેસી તેની સાથે ચાલવા લાગી, અને બીજા ઘણા દેવતાઓ તેની સેવામાં તત્પર રહ્યા આ રીતે ચક્રેશ્વરી દેવી તિલકવૃક્ષના કુંજમાં આવી પહોંચી. વર તથા કન્યાઓ ગોત્રદેવીની માફક તેને નમ્યાં. ત્યારે ચક્રેશ્વરીએ પતિ પુત્રવાળી વૃદ્ધ સ્ત્રી જેમ આશિષ આપે છે, તેમ વરને તથા કન્યાઓને આશીષ આપી કે:—"હે વત્સ! તમે હમેશાં પ્રીતિથી સાથે રહો, અને ચિરકાળ સુખ ભોગવો. પુત્ર પૌત્રાદિ સંતતિવડે તમારો જગતમાં ઉત્કર્ષ થાઓ."

પછી ઉચિત આચરણ કરવામાં ચતુર એવી ચક્રેશ્વરી દેવીએ પોતે અગ્રેસર થઈ ચોરી આદિ સર્વ વિવાહની સામગ્રી તૈયાર કરી, અને દેવાંગનાઓ ધવલ ગીતો ગાતાં છતાં યથાવિધિ તેમનો વિવાહોત્સવ મોટા આડંબરથી પૂર્ણ કર્યો. તે વખતે દેવાંગનાઓએ પોપટને વરના સ્નાના ભાઇ તરીકે માનીને તેના નામથી ધવલ ગીતો ગાયાં. મોટા પુરૂષોની સોબતનું ફળ એવું આશ્ચર્યકારી થાય છે. જેમનું વિવાહમંગળ સાક્ષાત્ ચક્રેશ્વરીએ કર્યું, તે કન્યાઓનો અને કુમારનો પુરયનો ઉદય અદ્‌ભુત છે. પછી ચક્રેશ્વરી દેવીએ બીજું સૌધર્માવતંસક વિમાનજ હોયની ? એવો સર્વ રત્નમય મહેલ ત્યાં બનાવીને તેમને રહેવાને અર્થે આપ્યો. વિવિધ પ્રકારની ક્રીડા કરવાનાં સારાં સ્થાનક જૂદાં જૂદાં કરેલાં હોવાથી મનોહર હતો, સાત માળ હોવાથી સાત દ્વીપોની સાત લક્ષ્મીઓનું નિવાસ સ્થાનજ હો-

યની ! એવો જોવામાં આવતો, હજારો ઉત્કૃષ્ટ ગોખથી હજાર નેત્રવાળા ઇંદ્રજ હોયની ! એવી શોભા ધારણ કરતો, મનનું આકર્ષણ કરનાર એવા ગોખથી વિંધ્યપર્વત સરખો દેખાતો, કોઇ સ્થળે કર્કેતન રત્નોના સમુદાય જડેલા હતા તેથી વિશાળ ગંગા નદી સરખો દેખાતો, કોઈ સ્થળે ઉંચી જાતનાં વૈડૂર્ય રત્નો જડેલાં હોવાથી યમુના નદીના જળ જેવો દેખાતો, કોઇ ભાગમાં પદ્મરાગ રત્નો જડેલાં હોવાથી સંધ્યાકાળના જેવો રક્તવર્ણ દેખાતો, કોઇ ઠેકાણે સુવર્ણનું ઘડતર કામ હોવાથી મેરૂપર્વતની એક ટુંક માફક દેખાતો, કોઇ ઠેકાણે હરિત રત્ન જડેલાં હોવાથી લીલા ઘાસવાળી ભૂમિ સરખી મનોવેધક શોભા ધારણ કરતો, કોઈ સ્થળે આકાશ જેવા પારદર્શક સ્ફટિક રત્ન જડેલાં હોવાથી સ્થળ છતાં આકાશ છે એવી ભ્રાંતિ ઉત્પન્ન કરનારો, કોઇ સ્થળે સૂર્યકાંત મણિ જડેલા હોવાથી સૂર્યકિરણના સ્પર્શવડે ઉત્પન્ન થએલા અગ્નિને ધારણ કરતો, કોઈ સ્થળે ચંદ્રકાંતમણિ જડેલા હોવાથી ચંદ્રકિરણના સ્પર્શવડે અમૃતની વૃષ્ટિ કરનારો એવો તે મહેલ હતો.

પુણ્યનો ઘણો ઉદય હોવાથી ચક્રેશ્વરી દેવીએ જેનું વાંછિત પૂર્ણ કર્યું એવો રત્નસાર કુમાર, બે સ્ત્રીઓની સાથે મહેલમાં એવું સર્વોત્કૃષ્ટ અને સર્વ પ્રકારનું વિષયસુખ ભોગવવા લાગ્યો કે, કેટલાક તપસ્વીઓ પણ પોતાની તપસ્યા વેચીને તે સુખનો વાંછા કરતા રહ્યા. સર્વાર્થસિદ્ધ વૈમાનનું સુખ મનુષ્ય ભવમાં પામવું દુર્લભ છે, તથાપિ રત્નસાર કુમારે તે તીર્થની ભક્તિથી, દિવ્ય ઋદ્ધિના ભોગવવાથી અને બે સુંદર સ્ત્રીઓના લાભથી ચાલતા ભવમાંજ સર્વાર્થસિદ્ધપણું મેળવ્યું. ગોભદ્ર દેવતાએ શાલિભદ્રને પિતાના સંબંધથી સંપૂર્ણ ભોગ આપ્યા એમાં શું નવાઇ ! પણ એ ઘણી અન્યાય વાત છે કે, ચક્રેશ્વરીની સાથે કુમારનો માતા પુત્ર વગેરે કોઈ જાતનો સંબંધ નહીં છતાં દેવીએ કુમારને વાંછિત ભોગ પરિપૂર્ણ આપ્યા. અથવા પૂર્વ ભવના પ્રબળ પુણ્યનો ઉદય થએ આશ્ચર્ય તે શું છે ! ભરત ચક્રવર્તીએ મનુષ્ય ભવમાંજ ગંગા દેવીની સાથે ચિરકાળ કામભોગ નહીં ભોગવ્યા કે શું ? એક વખતે ચંદ્રચૂડ દેવતાએ ચક્રેશ્વરીની આજ્ઞાથી કનકકેતુ રાજાને વધૂ વરની શુભ વાર્તાની વધામણી આપી. ઘણા

હર્ષવાળો કનકધ્વજ રાજા પુત્રીઓને જોવાની ઘણા કાળની ઉત્કંઠાએ તથા પુત્રીઓ ઉપર રહેલી ઘણી પ્રીતિએ શીઘ્ર પ્રેરણા કરવાને લીધે સાથે સેનાનો પરિવાર લઇ નીકળ્યો. થોડા દિવસમાં કનકધ્વજ રાજા અંતઃપુર, માંડલિક રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ વગેરે પરિવાર સહિત તથા સેના સહિત ત્યાં આવી પહોંચ્યો.

શ્રેષ્ઠ શિષ્યો જેમ ગુરૂને નમસ્કાર કરે છે, તેમ કુમાર, પોપટ, કન્યાઓ વગેરે લોકોએ શીઘ્ર સન્મુખ આવી ઉતાવળથી રાજાને પ્રણામ કર્યો. ઘણા કાળથી માતાને જોવા ઉત્સુક થએલી બન્ને કન્યાઓ, વાછરડીઓ પોતાની માતાને જોવા પ્રેમથી આવી મળે છે, તેવા કહી ન શકાય એવા અતિ પ્રેમથી આવી મળી. જગતમાં ઉત્તમ એવા કુમારને તથા તે દિવ્ય રૂદ્ધિને જોઇ પરિવાર સહિત કનકધ્વજ રાજાએ તે દિવસ ઘણો કિંમતી માન્યો. પછી રત્નસાર કુમારે કામધેનુ સરખી ચક્રેશ્વરી દેવીના પ્રસાદથી પરિવાર સહિત કનકધ્વજ રાજાની સારી રિતે પરોણાગત કરી. કનકધ્વજ રાજા પાછો પોતાની નગરીએ જવા પહેલાં ઉત્સુક હતો, તો પણ કુમારે કરેલી પરોણાગત જોઇ તેની ઉત્સુકતા જતી રહી. ઠીકજ છે, દિવ્ય રૂદ્ધિ જોઇ કોનું મન ઠંડું ન થાય ? કનકધ્વજ રાજાને તથા તેના પરિવારને કુમારે કરેલી નવનવા પ્રકારની પરોણાગતનો લાભ મળવાથી તથા તીર્થની સેવા પણ થતી હોવાથી પોતાના દિવસ લેખે લાગે છે, એમ જણાયું.

એક વખતે સ્વાર્થના જાણ એવા કનકધ્વજ રાજાએ કુમારને પ્રાર્થના કરી કે, "હે સત્પુરૂષ ! ધન્ય એવા તેં જેમ મ્હારી આ બે કન્યા કૃતાર્થ કરી, તેમ જાતે આવીને અમારી નગરી પણ કૃતાર્થ કર." એવી ઘણી વિનતિ કરી ત્યારે તે કુમારે કબૂલ કરી. પછી રત્નસાર કુમાર, કન્યાઓ તથા બીજા પરિવાર સાથે રાજા પોતાની નગરી તરફ ચાલ્યો. તે વખતે વિમાનમાં બેસી સાથે ચાલનાર ચક્રેશ્વરી, ચંદ્રચૂડ વગેરે દેવતાઓએ ભૂમિને વ્યાપનારી સેનાની સ્પર્ધાથીજ કે શું ! પોતે આકાશ વ્યાપી નાંખ્યું. સૂર્યનાં કિરણ જ્યાં પ્રવેશ કરી શકતાં નથી એવી ભૂમિ જેમ તાપ પામતી નથી, તેમ ઉપર વિમાન ચાલતાં હોવાથી એ સર્વેએ જાણે માથે એક છત્રજ ધારણ કર્યું હોયની ! તેમ કોઇને પણ તાપ લાગ્યો નહીં. કનકધ્વજ રાજા

કુમારની સાથે અનુક્રમે નગરીના નજીક ભાગમાં આવ્યો, ત્યારે વધૂવરોને જોવા માટે ઉત્સુક થએલા શહેરી લોકોને ઘણો હર્ષ થયો. પછી કનકધ્વજ રાજાએ શક્તિથી અને નીતિથી જેમ ઉત્સાહ શોભે છે, તેમ એ પ્રિય સ્ત્રીથી શોભતા રત્નસાર કુમારનો ઘણા ઉત્સવથી પોતાની નગરીમાં પ્રવેશ કરાવ્યો. તે નગરી જ્યાં ત્યાં કેસરના છાંટકાવ કરેલા હોવાથી તરૂણ સ્ત્રી સરખી શોભથી, ઢીંચણ સુધી પુષ્પ પાથરેલાં હોવાથી તીર્થંકરની સમવસરણ ભૂમિ સરખી દેખાતી, ઉછળતી ધ્વજા રૂપ ભુજાથી જાણે હર્ષવડે નાચતીજ હોયની! એવી દેખાતી, ધ્વજની ઘુઘરીઓના મધુર સ્વરથી જાણે ગીત ગાતી હોયની! એવી દેખાતી હતી. તથા તે નગરીની દેદીપ્યમાન તોરણની પંક્તિ જગત્ની લક્ષ્મીનું ક્રીડાસ્થાનજ હોયની! એવી હતી. ત્યાંનાં માણસો ઉંચા ખાટલા ઉપર બેસી સુંદર ગીતો ગાતાં હતાં. પતિ પુત્રવાળી સ્ત્રીઓના હસતાં મુખોથી પદ્મસરોવરની શોભા તે નગરીને આવી હતી. તથા સ્ત્રીઓનાં કમળપત્ર સરખાં નેત્રોથી નીલ કમળના વન સરખી તે નગરી દેખાતી હતી.

એવી નગરીમાં પ્રવેશ થયા પછી રાજાએ માનનીક પુરૂષોમાં શ્રેષ્ઠ એવા કુમારને હર્ષથી અનેક જાતના ઘોડા, દાસ, દાસીઓ, ધન વગેરે ઘણી વસ્તુ આપી. રીત ભાતના જાણુ પુરૂષોની એજ રીત હોય છે. પછી જેને વિલાસ પ્રિય છે, એવો રત્નસાર કુમાર પુણ્યના ઉદયથી સસરાએ આપેલા મહેલમાં બીજા રાજાની માફક એ સ્ત્રીઓની સાથે કામવિલાસ ભોગવવા લાગ્યો. સોનાના પાંજરામાં રહેલો પોપટ ઘણો કોટેકી હોવાથી વ્યાસની માફક કુમારની સાથે હમેશાં સમસ્યાપૂર્તિ, આખ્યાયિકા, પ્રહેલિકા વગેરે વિનોદના પ્રકાર કરતો હતો. ત્યાં રહેલા કુમારે દેદીપ્યમાન શ્રેષ્ઠ લક્ષ્મીની પ્રાપ્તિ હોવાથી જાણે માણસ કાયાથીજ સ્વર્ગે ગયો હોયની! તેમ પૂર્વની કોઈ પણ વાત સંભારી નહીં. એવા સુખમાં કુમારે એક વર્ષ એક ક્ષણની માફક ગાળ્યું. તેમાં દૈવયોગથી જે વાત થઇ તે કહું છું.

એક વખત હલકા લોકોને હર્ષ આપનારી રાત્રિના વખતે કુમાર પોપટની સાથે ઘણી વાર સુધી વાર્તાલાપ રૂપ અમૃતપાન કરી રત્નજડિત ઉત્તમ શય્યાગૃહમાં બિછાના ઉપર સૂતો હતો, અને નિદ્રા વશ થઈ ગયો.

અંધકારથી સર્વ લોકોની દૃષ્ટિને દુઃખ દેનારો મધ્ય રાત્રિનો વખત થયો. ત્યારે સર્વે પહેરાયત લોકો પણ નિદ્રાવશ થયા. એટલામાં દિવ્ય આકાર ધારણ કરનારો, દેદીપ્યમાન અને મૂલ્યવાન શૃંગારથી શોભતો, ચોર ગતિએ ચાલનારો અને મ્યાનમાંથી બહાર કાઢેલી તરવાર હાથમાં ધારણ કરનારો એવો કોઇક ક્રોધી પુરૂષ લોકોનાં નેત્રોની માફક મહેલનાં સર્વે દ્વાર ચારે તરફથી બંધ થયાં છતાં પણ કોણ જાણે કયાંથી ત્યાં આવી પહોંચ્યો ! તે પુરૂષ છુપી રીતે શય્યાગૃહમાં પેઠો, તો પણ દૈવ અનુકૂળ હોવાથી કુમાર શીઘ્ર જાગ્યો. ઠીકજ છે, સત્પુરૂષોની નિદ્રા થોડા સમયમાં તુરતજ જાગૃત થાય એવી હોય છે. " આ કોણ છે? અને શા માટે અને શી રીતે શય્યાગૃહમાં પેઠો "? એવો વિચાર કુમારના મનમાં આવે છે, એટલામાં ક્રોધથી ક્રોધને ન ગણે એવા તે પુરૂષે ઉચ્ચ સ્વરે કહ્યું કે, " અરે કુમાર ! જો તું શૂરો હોય તો સંગ્રામ કરવા તૈયાર થા. સિંહ જેમ ધૂતારા શિયાળિયાના બોદા પરાક્રમને સહન ન કરે, તેમ હું તારા જેવા એક વણિકના બોટા ફેલાયલા પરાક્રમને સહન કરૂં કે શું? " એમ બોલતાં બોલતાંજ તે પુરૂષ બીબટનું સુંદર પાંજરૂં કમાડી ઉતાવળથી ચાલવા લાગ્યો. કપટી લોકોના કપટ આગળ અક્કલ કામ કરતી નથી. હશે, કુમાર પણ મનમાં રોષનો આવેશ આવ્યાથી, બિલમાંથી જેમ સર્પ બહાર કાઢવો, તેમ મ્યાનમાંથી ખડ્ગ બહાર કોઢીને તે પુરૂષ પાછળ દોડ્યો. તે પુરૂષ આગળ અને કુમાર પાછળ એ રીતે ઉતાવળા ચાલતા અને એક બીજાને જોતા એવા તે બન્ને જણ વચ્ચે આવેલા કઠણ પ્રદેશ, ઘર વગેરે વસ્તુને સહજ ઉલ્લંઘન કરતા ચાલ્યા.

દુષ્ટ ભોમિયો જેમ મુસાફરને આડે માર્ગે લઇ જાય છે, તેમ તે દિવ્ય પુરૂષના તેજના અનુસારથી તેની પાછળ જનારા કુમારને તે પુરૂષ ઘણેજ દૂર કયાંય લઈ ગયો. પછી કોઈ પણ રીતે તે દાવાગ્નિ સરખો પુરૂષ કુમારને મળ્યો. કુમાર ક્રોધથી શીઘ્ર ચોરની માફક તેને જીવતો પકડવા લાગ્યો એટલામાં તે ચોર પુરૂષ, કુમારના જોતાં છતાંજ ગરૂડ પક્ષીની માફક આકાશમાં ઉડી ગયો ! કુમારે આકાશમાં ગમન કરનાર તે પુરૂષને કેટલેક દૂર સુધી જોયો. તે ઉપરાંત તે અદૃશ્ય થયો. કુમારના ભયથી

નાસી ગયો કે શું ? કોણ જાણે ! પછી કુમાર આશ્ચર્યથી મનમાં વિચારે છે કે, "એ કોઈ નક્કી મ્હારો વૈરી છે. કોણ જાણે વિદ્યાધર, દેવ કે દાનવ હશે ! જે કો હશે તે હશે. એ શું મ્હારૂં નુકશાન કરનારો હતો ? પણ મ્હારૂં પોપટ રૂપી રત્ન હરણ કરવાથી એ આજ સુધી મ્હારો શત્રુ હતો, તે હવે ચોર પણ થયો. હાય હાય ! જાણ પુરૂષોની પંક્તિમાં અગ્રેસર, ધીર, શૂર, એવા હે પોપટ ! વ્હાલા દોસ્ત એવા તહારા વિના મને હવે સુભાષિત સંભળાવી કાનને સુખ કોણ આપશે ! અને હે ધીર શિરોમણે ! મને માઠી અવસ્થામાં તહારા વિના બીજો કોણ મદદ આપશે !"

એવો ક્ષણમાત્ર મનમાં ખેદ કરીને પાછો કુમાર વિચાર કરવા લાગ્યો કે, "વિષ ભક્ષણ કરવા જેવો આ ખેદ કરવાથી શું સારૂં પરિણામ નીપજવાનું ? નાશ પામેલી વસ્તુની પ્રાપ્તિ કદાચ થાય તો તે યોગ્ય ઉપાયની યોજનાથીજ થાય. ઉપાયની યોજના પણ ચિત્તની સ્થિરતા હોય તોજ સફળ થાય છે, નહીં તો થતી નથી. મંત્ર વગેરે પણ ચિત્તની સ્થિરતા વિના કોઇ કાળે પણ સિદ્ધ થતા નથી. માટે હું હવે એવો નિર્ધાર કરૂં છું કે, "મ્હારો પોપટ મને મળ્યા વિના હું પાછો વળું નહીં," પોતાના કર્ત્તવ્યનો જાણ રત્નસાર કુમાર એવો નિશ્ચય કરી પોપટની શોધમાં ભમવા લાગ્યો. ચોર જે દિશાએ આકાશમાં ગયો, તે દિશાએ થાક વિના ઘણે દૂર સુધી કુમાર ગયો, પરંતુ ચોરનો કાંઇ પણ પતો લાગ્યો નહીં. ઠીકજ છે, આકાશમાર્ગે ગએલાનો પતો જમીન ઉપર કયાંથી લાગે ? હશે, તથાપિ "કોઈ પણ ઠેકાણે કોઇ રીતે પોપનો તપાસ લાગશે" મનમાં એવી આશા રાખી કુમારે તપાસ કરવામાં કંટાળો નહીં કર્યો. સત્પુરૂષોની પોતાના આશ્રિતને વિષે કેવી લાગણી હોય છે ? પોપટે મુસાફરીમાં સાથે રહી અવસરને ઉચિત મધુર સુભાષિત કહી કુમારને માથે જે ઋણ ચઢાવ્યું હતું. તે ઋણ પોપટનો તપાસ કરતાં અનેક કલેશ સહન કરનાર કુમારે ઉતારી નાંખ્યું. કુમારે આ રીતે પોપટની શોધમાં ભમતાં એક આખો દીવસ ગાળ્યો.

બીજે દિવસે આગળ સ્વર્ગ સમાન એક નગર તેના જોવામાં આવ્યું, તે નગર આકાશ સુધી ઉંચા સ્ફટિકમય દેદીપ્યમાન કોટ વડે ચારે

તરફથી વીંટાયલું હતું, તેની દરેક પોળને વિષે માણિક્ય રત્નના દરવાજા હતા, રત્નજડિત મ્હોટા મહેલોના સમુદાયોથી તે નગર રોહણ પર્વતની બરાબરી કરતું હતું, મહેલ ઉપર હજારો સફેદ ધ્વજાઓ ફરકતી હતી, તેથી તે સહસ્રપુખી ગંગા નદી જેવું દેખાતું હતું. ભ્રમર જેમ કમળની સુગંધીથી ખેંચાય છે, તેમ નગરની વિશેષ શોભાથી ખેંચાયલો રત્નસાર કુમાર તેની પાસે આવ્યો. બાવના ચંદનનાં બારણાં હોવાથી જેની સુગંધી આસપાસ ફેલાઈ રહી છે એવા તથા જગતની લક્ષ્મીનું જાણે મુખજ હોયની! એવા ગોપુરદ્વારમાં કુમાર દાખલ થવા લાગ્યો. એટલામાં દ્વારપાલિકાની માફક કોટ ઉપર બેઠેલી એક સુંદર મેનાએ કુમારને અંદર જતાં અટકાવ્યો. કુમારને એથી ઘણું અજાયબ લાગ્યું. તેણે ઉચ્ચ સ્વરથી પૂછ્યું કે, "હે સુંદર સારિકે! તું શા માટે મને વારે છે?" મેનાએ કહ્યું "હે મહાપંડિત! તહારા ભલાને માટે રોકું છું. જો તહારે જીવવાની મરજી હોય તો આ નગરની અંદર ન જા. તું એમ ન સમજ કે, એ મેના વૃથા મને વારે છે. અમે જાતનાં તો પક્ષી છીએ, તોપણ પક્ષી જાતિમાં ઉત્તમપણું હોતુંજ નથી કે શું! ઉત્તમ જીવો હેતુ વિના એક વચન પણ બોલતા નથી. હવે તને હું રોકું છું, તેનો હેતુ જાણવાની ઇચ્છા હોય તો સાંભળઃ

આ રત્નપુર નગરમાં પરાક્રમથી અને પ્રભુતાથી પ્રતિપુરંદરજ (બીજો ઇંદ્રજ) હોયની! એવો પુરંદર નામે રાજા પૂર્વે થયો. કોઈથી ન પકડાય એવો હોવાથી જાણે નગરનું એક મૂર્તિમંત દુર્ભાગ્યજ હોયની! એવો કોઈક ચોર જાતજાતના વેષ કરીને આખા શહેરમાં ચોરીઓ કરતો હતો. તે મનમાનતાં વિચિત્ર પ્રકારનાં ખાતર પાડતો હતો, અને ધનનાં ભરેલાં પાર વિનાનાં પાત્રો ઉપાડી જતો હતો. કાંઠાનાં ઝાડો જેમ નદીના મહાપુરને રોકી શકતાં નથી, તેમ તલાર તથા બીજા રખવાળ વગેરે મ્હોટા સુભટો તેને અટકાવી શકયા નહિ. એક દિવસે રાજા સભામાં બેઠો હતો એટલામાં નગરવાસી લોકોએ આવી પ્રણામ કરી ચોરના ઉપદ્રવ સંબંધી હકીકત રાજાને સંભળાવી. તેથી રાજાને રોષ ચઢયો, તેનાં નેત્ર રાતાં થયાં, અને તેજ વખતે તેણે મુખ્ય તલારને બોલાવી ઘણો ઠપકો દીધો. તલારે કહ્યું. "હે સ્વામિન્! અસાધ્ય રોગ આગળ જેમ કોઇ ઇલાજ ચાલતો

નથી, તેમ મ્હારો અથવા મ્હારા હાથ નીચેના અમલદારોનો તે બિલંદર ચોર આગળ કોઈ પણ ઉપાય ચાલતો નથી. માટે આપને ઉચિત લાગે તે કરો." પછી મ્હોટો પરાક્રમી અને યશસ્વી પુરંદર રાજા પોતે રાત્રિએ છુપી રીતે ચોરની ખોળ કરવા લાગ્યો.

એક વખતે રાજાએ કોઇ ઠેકાણે ખાત્ર દઇ પાછો જતો તે ચોરને ચોરીના માલ સુદ્ધાં જોયો. ઠીકજ છે, પ્રમાદ મૂકીને પ્રયત્ન કરનારા પુરૂષો શું ન કરી શકે! ધુતારો બગલો જેમ માછલી પાછળ છાનોમાનો જાય છે, તેમ રાજા છુપી રીતે તે વાતનો બરાબર નિર્ણય કરવાને સારૂ તથા તેનું સ્થાનક પણ જાણવાને માટે તેની પાછળ જવા લાગ્યો. તે ધૂર્ત ચોરે પાછળ પડેલા રાજાને કોઈ પણ રીતે તુરતજ ઓળખ્યો. દૈવ અનુકૂળ હોય તો શું ન થાય! ધીટા અને તરતબુદ્ધિ એવો તે ચોર ક્ષણમાત્રમાં રાજાની નજર ચુકવીને એક મઠમાં ગયો. તે મઠમાં રૂડી તપસ્યા કરનાર કુમુદ નામે એક શ્રેષ્ઠ તાપસ રહેતો હતો. તે મહા શઠ ચોર તાપસ નિદ્રામાં હતો તેનો લાભ લઇ પોતાના જીવને ભારભૂત થએલો ચોરીનો માલ ત્યાં મૂકી ક્યાંક નાશી ગયો. બાપડા ચોરીની શોધ ખોળ કરનાર રાજા આગતેમ તેને ખોળતો મઠમાં ગયો. એટલે ત્યાં ચોરીના માલ સહિત તાપસ તેના જોવામાં આવ્યો. રાજાએ ક્રોધથી તાપસને કહ્યું. "દુષ્ટ અને ચોર એવા હે દંડચર્મધારી તાપસ! ચોરી કરી હમણાંજ તું કપટથી સૂઇ રહ્યો છે! ખોટી નિદ્રા લેનાર તને હું હમણાંજ મરણને શરણ કરીશ એટલે કે મહા નીદ્રા લાવીશ."

રાજાનાં વજ્રપાત સરખાં આવાં કઠીણ વચનથી તાપસ ભયભીત થયો, ગભરાયો અને જાગૃત થયો હતો, તોપણ ઉત્તર દઈ શક્યો નહિ. નિર્દય રાજાએ સુભટો પાસે બાંધીને તેને સવારમાં સૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. અરેરે! અવિચારી કૃત્યને ધિક્કાર થાઓ!!! તાપસે કહ્યું. "હાય હાય! હે આર્ય પુરૂષો! હું ચોરી કર્યા વિના તપાસ ન કરવાને લીધે માર્યો જઉંછું." તાપસનું એ કહેવું સાચું હતું, તો પણ તે વખતે અધિક ધિક્કારને પાત્ર થયું. જ્યારે દૈવ પ્રતિકૂળ થાય, ત્યારે અનુકૂળ કોણ રહે? જુઓ, રાહુ ચંદ્રમાને એકલો જોઇ તેનો ગ્રાસ કરેછે, ત્યારે તેની મદદમાં કોઇ

પણ આવ્યું નથી. પછી યમના વિકરાળ દૂત સરખા તે સુભટોએ તે તાપસને મુંડાવી, ગર્દભ ઉપર ચઢાવી, તથા બીજી પણ ઘણી વિટંબણા કરી પ્રાણ ઘાતક સૂળી ઉપર ચઢાવ્યો. અરેરે! પૂર્વભવે કરેલાં ખોટાં કર્મોનું પરિણામ કેવું ભયંકર આવે છે!! તાપસ સ્વભાવથી શાંત હતો, તો પણ તેને તે વખતે ઘણો ક્રોધ આવ્યો. જળ સ્વભાવથી શીતળ છે તો પણ તેને તપાવીએ તો તે ઘણુંજ ગરમ ન થાય કે શું? તાપસ તત્કાળ મરણ પામીને રાક્ષસ યોનિમાં ગયો. મરણ વખતે તેવી અવસ્થામાં (રૌદ્રધ્યાનમાં) મરનારા જીવોને વ્યંતરની ગતિ મળે છે, હીન યોનિમાં ઉત્પન્ન થએલા તે દુષ્ટ રાક્ષસે રોષથી ક્ષણમાત્રમાં એકલા રાજાને મારી નાંખ્યો. અરેરે! અવિચાર્યું કાર્ય કરવાથી કેવું માઠું પરિણામ આવે છે!! પછી રાક્ષસે નગરવાસી બધા લોકોને બહાર કાઢી મૂક્યા. રાજાના અવિચારી કૃત્યથી પ્રજાઓ પણ પીડાય છે, તે રાક્ષસ હજી પણ જે કોપ નગરની અંદર પ્રવેશ કરે છે, તેને ક્ષણમાત્રમાં હણે છે. અથવા અંતઃપુરમાં* પ્રવેશ કરનારની કોણ ક્ષમા કરે? માટે હે વીરપુરુષ! હવાઈ શુભ ઇચ્છનારી હું તને યમના મુખ સરખી એ નગરીમાં પ્રવેશ કરતાં અટકાવું છું."

રત્નસાર કુમારને મેનાનું એવું હિતકારી વચન સાંભળી અને તેની વાક્ચાતુરી જોઈ આશ્ચર્ય લાગ્યું તો પણ રાક્ષસથી તે લેશમાત્ર પણ ડર્યો નહિ. વિવેકી પુરુષે કોઈ કાર્ય કરતાં ઉતાવળ, કાયર તથા આળસુ ન થવું. એમ છતાં કુમાર તે નગરની અંદર પ્રવેશ કરવા ઘણોજ ઉત્સુક થયો. પછી કોઇનો ડર ન રાખવાનો શૂરવીર કુમાર રાક્ષસનું પરાક્રમ જોવાના કૌતુકથી જેમ સંગ્રામ ભૂમિમાં ઉતરવું, તેમ શીઘ્ર તે નગરીમાં ગયો. આગળ જતાં કુમારે જોયું તો, કોઇ ઠેકાણે મલય પર્વત સરખા ચંદન કાષ્ઠના ઢગલા પડયા હતા; યુગલિયાને જોઇએ તેવાં પાત્ર આપનાર ભૃંગાંગ કલ્પવૃક્ષની પેઠે, કોઈ ઠેકાણે સુવર્ણના, રૂપાના તથા બીજા પાત્રના ઢગલા પડયા હતા: ખેતરના ખળામાં જેમ અનાજના ઢગલા પડેલા હોય છે, તેમ ત્યાં કોઇ ઠેકાણે કપૂર સાલ આદી ધાન્યના ઢગલા પડેલા હતા: કોઇ ઠેકાણે સાગરના નિવાસ સ્થળની માફક મોતીની વગેરે પાર વિનાની

* રાણીઓને રહેવાની જગ્યા.

કરિયાણાં પડ્યાં હતાં. સરોવર જેમ સરસ જળવાળું હોય છે, તેમ કોઇ ઠેકાણે સરસ લાડવાવાળી એવી કંદોઇની દુકાનોની હારો હતી; કોઇ ઠેકાણે સફેદ કિરણવાળા ચંદ્રમાની માફક સફેદ કપડાંવાળી કાપડિયાની દુકાનો હતી; કોઇ ઠેકાણે સોના રૂપા આદી ઉત્તમ વસ્તુવાળા નિધિની માફક કપૂર આદી સુગંધી વસ્તુવાળી સુગંધીની દુકાનો હતી. કોઇ ઠેકાણે હિમવંત પર્વતની માફક જાતજાતની ઔષધીનો સંગ્રહ રાખનારી ગાંધીની દુકાનો હતી; અભવ્ય જીવોની ધર્મક્રિયા જેમ ભાવવિનાની હોય છે, તેમ કોઇ ઠેકાણે ભાવ વિનાની અક્ષતની દુકાનો હતી; સિદ્ધાંતનાં પુસ્તક જેમ સુવર્ણથી (સારા દસ્કતથી) ભરેલાં હોય છે, તેમ કોઇ ઠેકાણે સુવર્ણથી (સોનાથી) ભરેલી સરહ્હોની દુકાનો હતી; મુક્તિપદ જેમ અનંત મુક્તાઢ્ય (અનંતા સિદ્ધોથી શોભતું) છે, તેમ કોઇ ઠેકાણે અનંત મુક્તાઢ્ય (પાર વિનાના મોતીથી શોભતી) એવી મોતીની દુકાનો હતી; વનો જેમ વિદ્રુમપૂર્ણ (સારા વૃક્ષથી વ્યાપ્ત) હોય છે, તેમ કોઇ ઠેકાણે વિદ્રુમપૂર્ણ (પરવાળાથી વ્યાપ્ત) એવી પરવાળાની દુકાનો હતી; કોઇ ઠેકાણે રોહણ પર્વતની માફક ઉત્તમ રત્નવાળી જવેરાતની દુકાનો હતી; કોઇ ઠેકાણે આકાશની માફક દેવતાધિષ્ઠિત એવા કુત્રિકાપણ હતા; સુતેલા અથવા પ્રમાદી પુરૂષનું ચિત્ત જેમ શૂન્ય દેખાય છે, તેમ તે નગરીમાં સર્વ ઠેકાણે શૂન્યતા દેખાતી હતી; પણ વિષ્ણુ જ્યાં જાય, ત્યાં જેમ તેની સાથે લક્ષ્મી હોય છે, તેમ ત્યાં સર્વ ઠેકાણે ઘણી લક્ષ્મી દેખાતી હતી

બુદ્ધિશાળી રત્નસાર કુમાર સર્વ રત્નમય તે નગરીને અનુક્રમે જોતો હતો. ઇંદ્ર જેમ પોતાના વિમાનમાં જાય તેમ રાજમંદિરમાં ગયો. એક પછી એક ગજશાળા, અશ્વશાળા, શસ્ત્રશાળા વગેરેને ઉલ્લંઘન કરતો કુમાર ચક્રવર્તીની માફક ચંદ્રશાળાએ (છેલ્લે મજલે) ગયો. પછી તેણે ત્યાં એક ઇંદ્રની શય્યા સરખી ઘણીજ મનોહર રત્નજડિત શય્યા દીઠી ઇંદ્ર સરખો સાહસી અને ભય રહિત એવો કુમાર ઘણી નિદ્રા આવતી હોવાથી તથા થાક દૂર કરવાને માટે તે શય્યા ઉપર પોતાના ઘરની માફક હર્ષવડે સૂઇ રહ્યો. એટલામાં રાક્ષસ માણસના પગની હાલચાલ જાણી કોપ પામ્યો, અને ભૂંડો વ્યાઘ્ર જેમ સિંહની પાછળ જાય, તેમ કુમારની પાસે આવ્યો.

અને કુમાર સુખે સૂતો છે એમ જોઇ તેણે મનમાં વિચાર્યું કે, "જે વાત બીજો કોઇ મનમાં પણ આણી ન શકે, તે વાત એણે સહજ લીલાથી કરી. ધિટાઇનાં કામ કાંઇ વિચિત્ર પ્રકારનાં હોય છે. આ મ્હારા વૈરીને હવે કયા મારથી મારૂં ? જેમ નખથી ફળ તોડે છે, તેમ એનું મસ્તક નખથી તોડું કે કેમ ? અથવા એને ગદાવડે મારી એકદમ ચુરેચુરા કરી નાંખું ! કિંવા છરી વડે ચીભડાની માફક એના કટકા કરી નાંખું ! અથવા બળતા નેત્રથી નીકળેલા અગ્નિથી શંકરે જેમ કામદેવને બાળી નાંખ્યો, તેમ એને બાળી નાંખું ! કિંવા આકાશમાં જેમ દડો ફેંકે છે, તેમ એને ઉંચો ફેંકી દઉં કે શું ! અથવા મહેલમાં સૂતાં છતાંજ એને ઉપાડી સ્વયંભૂરમણ સમુદ્રમાં નાંખી દેઉં ! અથવા એને સૂતેલાનેજ અજગરની માફક ગળી જાઉં ! અથવા અહિં આવીને સૂતેલા પુરૂષને હું શી રીતે મારૂં ! શત્રુ પણ ઘેર આવે તો તેની પરોણાગત કરવી યોગ્ય છે. કેમકે—સત્પુરૂષો આપણે ઘેર આવેલા શત્રુની પણ પરોણાગત કરે છે. શુક્ર ગુરૂનો શત્રુ છે, અને મિનરાશી એ ગુરૂનું સ્વગૃહ કહેવાય છે, એમ છતાં પણ શુક્ર જ્યારે મીનરાશિએ આવે ત્યારે ગુરૂ તેને ઉચ્ચ સ્થાન આપે છે. માટે એ પુરૂષ જાગૃત થાય ત્યાં સુધી પોતાના ભૂતોના ટોળાંને બોલાવું. પછી જે ઉચિત લાગશે તે કરીશ."

રાક્ષસ એમ વિચાર કરીને ગયો, અને પાયદળનો ઉપરી જેમ તેને લઇ આવે, તેમ ઘણાં ભૂતોનાં ટોળાંને તેડી લાવ્યો. તો પણ કન્યાનો પિતા જેમ કન્યાદાન કરી વગર ધાસ્તિએ સૂઇ રહે છે, તેમ તે પુરૂષ પહેલાની માફકજ સૂતો હતો, તેને જોઇ રાક્ષસે તિરસ્કારથી કહ્યું. "અરે અમર્યાદ ! મૂઢ ! બેશરમ ! નિડર ! તું મારા મહેલમાંથી ઝટ નીકળ ! નહીં તો મ્હારી સાથે લડાઇ કર." રાક્ષસનાં એવાં તિરસ્કાર ભરેલાં વચનથી અને ભૂતોના કિલકિલ ધ્વનિથી કુમારની ઉંઘ ઉડી ગઇ પછી કુમારે સુસ્તીમાં છતાંજ કહ્યું કે, "અરે રાક્ષસરાજ ! જેમ ભોજન કરતાં માણસના ભોજનમાં અંતરાય કરવો, તેમ સુખે સુતેલા મ્હારા જેવા એક પરદેશી માણસની નિદ્રામાં તેં કેમ ભંગ કર્યો ? ૧ ધર્મની નિંદા કરનારો, ૨ પંક્તિનો ભેદ કરનારો, ૩ વગર કારણે નિદ્રાનો છેદ કરનારો, ૪ ચાલતી

કથામાં અંતરાય કરનારો અને પ વગર કારણે રસોઈ કરનારો એ પાંચે પુરૂષો અતિશય પાતકી છે. માટે મને ફરી ઝટ નિદ્રા આવે તે માટે મ્હારા પગના તળિયાં તાજા ઘીના મિશ્રણવાળા ઠંડા પાણીથી મસળ." કુમારનાં એવાં વચન સાંભળી રાક્ષસે મનમાં વિચાર્યું કે, "આ પુરૂષનું ચરિત્ર જગત્ કરતાં કાંઇ જૂદા પ્રકારનું દેખાય છે! એના ચરિત્રથી ઇંદ્રનું હૃદય થરથર ધ્રુજે, તો પછી બીજા સાધારણ છોકરાની શી વાત! ઘણી આશ્ચર્યની વાત છે કે, એ મ્હારી પાસેથી પોતાનાં તળિયાં મસળવાની ધારણા રાખે છે! એ વાત સિંહ ઉપર અસવારી કરીને જવા જેવી છે. એનું નિડરપણું કાંઇ અજબ પ્રકારનું છે એમાં કાંઈ શક નથી. એનું કેવું જબરૂં સાહસિકપણું! કેવું જબરૂં પરાક્રમ! કેવી ધીટાઇ! અને કેવું નિડરપણું? અથવા ઘણો વિચાર કરવામાં શું લાભ છે? સંપૂર્ણ જગત્ને શિરોમણિ સમાન એવો સત્પુરૂષ આજ મ્હારો અતિથિ થયો છે, માટે એના કહ્યા પ્રમાણે હું એક વાર કરૂં."

એમ ચિંતવી રાક્ષસે કુમારના પગનાં તળિયાં પોતાના કોમળ હાથે ઘી સહિત ઠંડા પાણીવડે થોડી વાર મસળ્યાં. કોઇ કાળે જોવાય, સાંભળાય કે કલ્પના પણ કરાય નહીં, તેવા પુણ્યશાળી પુરૂષોને સહજમાં મળી આવે છે. પુણ્યની લીલા કાંઇ જૂદા પ્રકારની છે! "રાક્ષસ ચાકરની માફક પોતાનાં પગનાં તળિયાં થાક વિના મસળે છે" એમ જોઇ કુમારે તુરતજ ઊઠીને પ્રીતિથી રાક્ષસને કહ્યું કે, "હે રાક્ષસરાજ! તું મ્હોટો સહનશીળ છે, માટે જે કાંઈ મનુષ્યમાત્ર અને અજાણ એવા મેં કરેલા અપમાનની મને માફી આપ. હે રાક્ષસરાજ! તારી ભક્તિ જોઇ હું મનમાં ઘણો ખૂશી થયો. માટે તું વર માગ તારૂં કાંઇ કષ્ટસાધ્ય કાર્ય હશે તે પણ હું ક્ષણમાત્રમાં કરીશ એમાં શક નથી." કુમારનાં એવાં વચનથી અજાયબ પામેલો રાક્ષસ મનમાં વિચારવા લાગ્યો કે, "અરે! આ તો વિપરીત વાત થઇ! હું દ્વેષતા છતાં મ્હારા ઉપર એ મનુષ્ય પ્રાણી પ્રસન્ન થયો! મ્હારાથી ન બની શકે એવું કષ્ટસાધ્ય એ સહજમાં સાધવા ઇચ્છે છે! ઘણી આશ્ચર્યની વાત છે કે, તરાણનું જળ કૂવામાં પ્રવેશ કરવા ઇચ્છે છે! આજ કલ્પવૃક્ષ પોતાની સેવા કરનાર પાસે પોતાનું

વાંછિત મેળવવા ઇચ્છે છે! આજ સૂર્ય પણ પ્રકાશને અર્થે બીજા કોઈની પ્રાર્થના કરવા લાગ્યો! હું શ્રેષ્ઠ દેવતા છું મને એ જે કોઇ માનવી છે તે શું આપવાનો હતો! તથા મ્હારા જેવા દેવતાને માનવી પાસે માગવા જેવું તે શું હોય! તો પણ કાંઈક માગું. મનમાં એમ વિચારી રાક્ષસે ઉચ્ચ સ્વરથી જાહેર રિતે કહ્યું કે, "જે બીજાનું વાંછિત આપે, એવો પુરૂષ ત્રૈલોક્યમાં પણ દુર્લભ છે. તેથી હું માગવાની ઇચ્છા છતાં પણ શી રીતે માગું?" "હું માગું" એવો વિચાર મનમાં આવતાંજ મનમાંના સર્વે સદ્‌ગુણો અને "મને આપો" એવું વચન મુખમાંથી કાઢતાંજ શરીરમાંના સર્વ સદ્‌ગુણો કોણ જાણે ભયથીજ કે શું! જતા રહે છે.

બન્ને પ્રકારના માર્ગણો (જાણુ અને યાચક) બીજાને પીડા કરનારા તો ખરાજ; પણ તેમાં અજ્ઞયમ એ છે કે, પહેલો શરીરમાં પેસે ત્યારેજ પીડા કરે છે, અને બીજો તો જોતાં વારજ પીડા ઉપજાવે છે. બીજી વસ્તુ કરતાં ધૂળ હલકી, ધૂળ કરતાં તૃણ હલકું, તૃણ કરતાં કપાસ (રૂ) હલકું, કપાસ કરતાં પવન હલકો, પવન કરતાં યાચક હલકો અને યાચક કરતાં યાચકને ઠગનારો હલકો છે. કેમકે—હે માતા! બીજા પાસે માગવા જાય એવા પુત્રને તું જણીશ નહીં. તથા કોઇ માગવા આવે તો તેનો આશા ભંગ કરનાર એવા પુત્રને તો ગર્ભમાં પણ ધારણ ન કર. લોકનો આધાર, ઉદ્ધાર એવા હે રત્નસાર કુમાર! તેટલા સારૂ મ્હારી માગણી જો ફોકટ ન જાય એમ હોય તો હું કાંઈક તહારી પાસે માગું."

રત્નસારે કહ્યું. "અરે રાક્ષસરાજ! મનથી, વચનથી, કાયાથી, ધનથી, પરાક્રમથી, ઉદ્યમથી અથવા જીવનો ભોગ આપવાથી પણ તહારૂં કાર્ય સધાય એવું હોય તે હું જરૂર કરીશ." તે સાંભળી રાક્ષસે આદરથી કહ્યું. "હે. ભાગ્યશાળી શ્રેષ્ઠિપુત્ર! એમ હોય તો તું આ નગરીનો રાજા થા. હે કુમાર! તહારામાં સર્વે સદ્‌ગુણો ઉત્કર્ષથી રહ્યા છે એમ જોઈ હું તને હર્ષથી આ સમૃદ્ધ રાજ્ય આપું છું. તે તું પોતાની મરજી પ્રમાણે ભોગવ. હું તહારે વશ થએલો છું, માટે હમેશાં તહારી પાસે ચાકર જેવો થઇને રહીશ, અને દિવ્ય ઋદ્ધિ, દિવ્યભોગ, સેનાનો પરિવાર તથા બીજી જે વસ્તુ જોઇએ તે આપીશ. મનમાં શત્રુતા રાખનારા સર્વે રાજાઓને

મેં જડમૂળથી ઉખેડી નાંખ્યા છે, માટે બીજા અગ્નિ તો જળથી ઓલવાય છે, પણ તહારો પ્રતાપ રૂપ નવો અગ્નિ શત્રુની સ્ત્રીના આંસુના જળથી વૃદ્ધિ પામે. હે કુમારરાજ! મ્હારા તથા બીજા દેવતાના સહાય્યથી સંપૂર્ણ જગત્‌ને વિષે તહારૂં ઈંદ્રની માફક એકછત્ર રાજ્ય થાઓ. લક્ષ્મીથી ઇંદ્રની બરાબરી કરનારો તું આલોકમાં સામ્રાજ્ય ભોગવતાં છતાં, દેવાંગનાઓ પણ સ્વર્ગમાં તહારી કીર્તિનાં ગીત ગાતી રહો. "

હવે રત્નસાર કુમાર મનમાં વિચાર કરવા લાગ્યો કે, "એ રાક્ષસ મ્હારા પુણ્યના ઉદયથી મને રાજ્ય આપે છે. પૂર્વે મેં તો સાધુ મુનિરાજની આગળ પરિગ્રહ પરિમાણ નામે પાંચમું અણુવ્રત લીધું, ત્યારે રાજ્યના ગ્રહણનો નિયમ કર્યો છે; અને હમણાં મેં એ રાક્ષસની આગળ પોતે કબૂલ કર્યું છે કે, "જે તું કહીશ, તે હું કરીશ." એમ મ્હોટું સંકટ આવી પડયું! એક તરફ ખાડો અને બીજી તરફ ઘાડ, એક તરફ વાઘ અને બીજી તરફ પર્વતનો ઉંડો ખાડો, એક તરફ પારધી અને બીજી તરફ ફાંસો એવી કહેવતનો પ્રમાણે હાલ મ્હારી સ્થિતિ થઈ છે. પોતાના વ્રતને વળગી રહીશ તો રાક્ષસની માગણી ફોકટ જશે, અને રાક્ષસની માગણી સ્વીકારીશ તો સ્વીકારેલા વ્રતનો ભંગ થશે. હાય હાય! અરે રત્નસાર! તું ઘણા સંકટમાં પડયો!! અથવા બીજાને ગમે તેવી માગણી કરે તો કોઈ પણ ઉત્તમ પુરૂષ, જેથી પોતાના વ્રતનો ભંગ ન થાય, તેજ વાત કબૂલ કરશે. કારણ કે, પોતાના વ્રતનો ભંગ થાય, ત્યારે બાકી શું રહ્યું! જેથી ધર્મને બાધ આવે એવી સરળતા શા કામની? જેથી કાંત તૂટી જાય, એવું સોનું હોય તો પણ તે શા કામનું? જ્યાં સુધી દાંત પડવાની વાત બનવાનો સંભવ નથી, ત્યાં સુધીજ વિચક્ષણ પુરૂષે કપૂર ભક્ષણ કરવો. વિચક્ષણ પુરૂષોએ સરલતા, શરમ, લોભ વગેરે ગુણો શરીર માફક બાહ્ય જાણવા; અને સ્વીકારેલું વ્રત પોતાના છત્ર સરખું જાણવું. તુંબનો નાશ થએ આરાનું શું પ્રયોજન? રાજનો નાશ થએ સુભટોનું શું પ્રયોજન! મૂળ બળી ગયે વિસ્તારનું શું પ્રયોજન? પુણ્યનો ક્ષય થએ ઔષધનું શું પ્રયોજન? ચિત્ત શૂન્ય થએ શાસ્ત્રોનું શું પ્રયોજન? હાય કપાઈ ગએ શાસ્ત્રોનું શું પ્રયોજન? તેમજ પોતાનું સ્વીકારેલું વ્રત ખંડિત

અમે દિવ્ય ઐશ્વર્ય, સુખ વગેરેનું શું પ્રયોજન ?"

રત્નસાર કુમારે એવો વિચાર કરી રાક્ષસને પરમ આદરથી તેજદાર અને સારભૂત વચન કહ્યું. તે આ રીતે:—"હે રાક્ષસરાજ ! તેં કહ્યું તે ઉચિત છે, પણ પૂર્વે ગુરૂ પાસે મેં નિયમ સ્વીકાર્યો છે કે, ઘણા પાપોનું સ્થાનક એવું રાજ્ય મ્હારે ન સ્વીકારવું. યમ અને નિયમ એ બન્ને વિરાધ્યા હોય તો તીવ્ર દુઃખ આપે છે. તેમાં યમ તો આયુષ્યને અંતેજ દુઃખદાયી છે પણ નિયમ જન્મથી માંડીને હમેશાં દુઃખદાયી છે. માટે હે સત્પુરૂષ ! મ્હારા નિયમને બિલકુલ ભંગ ન લાગે એવું ગમે તે દુઃખમય કાર્ય મને કહે, હું તે શીઘ્ર કરૂં." પછી રાક્ષસે ક્રોધથી કહ્યું. "અરે ! ફોકટ કેમ બકબક કરે છે ? પહેલી માગણી નિષ્ફળ ગુમાવી હવે મ્હારી પાસે બીજી માગણી કરાવે છે ? અરે પાપી ! જેને માટે સંગ્રામ આદિ પાપકર્મ કરવું પડે તે રાજ્યનો ત્યાગ કરવો ઉચિત છે, પણ દેવોએ આપેલા રાજ્યમાં પાપ તે કયાંથી હોય ? અરે મૂઢ ! હું સન્મુખ રાજ્ય દેતાં છતાં તું લેવા આળસ કરે છે ? અરે ! સુગંધી ઘૃત પાતાં છતાં બાલી "ધૂ-ધૂ" એવો શબ્દ કરે છે. અરે મૂઢ ! તું ઘણા મિત્રમયી મ્હારા મહેલમાં પણે ગાઢ નિદ્રામાં સૂતો રહ્યો ! અને મ્હારી પાસેથી પોતાના પગનાં તળિયાં પણ મસળાવ્યાં ?! હે મરણને કાંઠે આવેલા ! મ્હારૂં કહ્યું વચન હિતકારિ છતાં તું માનતો નથી, તો હવે મ્હારા ફળદાયી ક્રોધનાં કેવાં કડવાં ફળ છે ? તે જો."

એમ કહી રાક્ષસ, ગીધપક્ષી જેમ નિર્ભયપણે માંસનો કટકો ઉપાડીને જાય, તેમ કુમારને ઝટ અપહરીને આકાશમાં ઉડી ગયો. પછી ક્રોધથી કોઇને ન ગણે એવા રાક્ષસે પોતાના હોઠ ફુલ્લવતાં શીઘ્ર પોતાને સંસાર સમુદ્રમાં નાંખવાની પેઠે કુમારને ઘોર સમુદ્રમાં નાંખ્યો. તે વખતે કુમાર, આકાશમાંથી શીઘ્ર અપાર સમુદ્રમાં જંગમ મૈનાક પર્વતની પેઠે પડ્યો. ત્યારે વજ્રપાત જેવો ભયંકર અવાજ થયો. જાણે કૌતુકથીજ કે શું ! પાતાળમાં જઇ પાછો તે જળ ઉપર આવ્યો. જળનો સ્વભાવજ એવો છે. પછી "જડમય સમુદ્રમાં અજડ (જાણ) કુમાર શી રીતે રહી શકે ? એમ વિચારીનેજ કે શું ? રાક્ષસે પોતાને હાથે કુમારને સમુદ્રમાંથી કાઢ્યો, અને કહ્યું કે, "દુરાગ્રહનું ઘર અને વિવેક શૂન્ય એવા હે કુમાર ! તું

કેમ ફોકટ મરી જાય છે! રાજ્ય લક્ષ્મીનો કેમ અંગીકાર નથી કરતો! અરે નિંદ્ય! હું દેવતા છતાં મેં તહારૂં નિંદ્ય વચન કબૂલ કર્યું, અને તું જે કાંઇ માનવી છતાં મ્હારૂં હિતકારિ વચન પણ માનતો નથી! અરે! તું મ્હારૂં વચન હુંછ જલદી કબૂલ કર. નહીં તો ધોણી જેમ વસ્ત્રને, તેમ તને પત્થર ઉપર વારંવાર પછાડી પછાડીને યમને ઘેર મોકલી દઇશ, એમાં સંશય લેશમાત્ર રાખીશ નહીં. દેવતાનો કોપ ફોકટ જતો નથી અને તેમાં પણ રાક્ષસનો તો નજ જાય." એમ કહી ક્રોધી રાક્ષસ કુમારને પગે પકડી અને તેનું મુખ નીચું કરી તેને પછાડવા માટે શિલા પાસે લઇ ગયો. ત્યારે સાહસી કુમારે કહ્યું. "અરે રાક્ષસ! તું મનમાં વિકલ્પ ન રાખનાં પોતાનું ધાર્યું કર. શું એ વાતમાં વારંવાર તું મને પૂછે છે? સત્પુરૂષોનું વચન તે એકજ હોય છે."

પછી કુમારને પોતાના સત્ત્વનો ઉત્કર્ષ થવાથી આનંદ થયો. તેના શરીર ઉપરની રોમરાજિ વિકસ્વર થઇ, અને તેજ તો કોઇથી ખમાય નહીં એવું દેખાવા લાગ્યું. એટલામાં રાક્ષસે જાદુગરની માફક પોતાનું રાક્ષસનું રૂપ સંહર્યું. તુરતજ દિવ્ય આભૂષણોથી દેદીપ્યમાન એવું પોતાનું વૈમાનિક દેવતાનું સ્વરૂપ પ્રકટ કર્યું, અને મેઘ જેમ જળની વૃષ્ટિ કરે, તેમ તેણે કુમાર ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પછી ભાટચારણની માફક કુમારની આગળ ઉભો રહી તે દેવતા જય જયકાર બોલ્યો, અને આશ્ચર્યથી ચકિત થએલા કુમારને કહેવા લાગ્યો કે, "હે કુમાર! જેમ મનુષ્યમાં શ્રેષ્ઠ ચક્રવર્તી, તેમ તું સત્ત્વશાળી પુરૂષોમાં ઉત્તમ છે. તું પુરૂષરત્ન અને અપ્રતિમ શૂરવીર હોવાથી પૃથ્વી આજ તહારાવડે ખરેખર રત્નગર્ભા (રત્નવાળી) અને વીરવતી થઈ. જેનું મન મેરૂપર્વતની ચૂલાની માફક નિશ્ચળ, એવા તેં ગુરૂ પાસે ધર્મ સ્વીકાર્યો એ બહુજ સારી વાત કરી. ઇંદ્રનો સેનાપતિ હરિણૈગમેષી નામે ઉત્તમ દેવતા બીજા દેવતા પાસે તહારી પ્રશંસા કરે છે, તે બરોબર છે."

દેવતાનું એવું વચન સાંભળી રત્નસાર કુમારે આશ્ચર્યથી ચકિત થઇ પૂછ્યું કે, "હરિણૈગમેષી નામે શ્રેષ્ઠ દેવતા જેમાં કાંઇ વખાણવા જેવું નથી એવા મ્હારી કેમ પ્રશંસા કરે છે?" દેવતાએ કહ્યું. "સાંભળ, કહું. એક વખતે

જેમ બે ઘરધણીની ઘરની બાબતમાં તકરાર ચાલે છે, તેમ નવા ઉત્પન્ન થએલા હોવાથી સૌધર્મેંદ્ર અને ઈશાનેંદ્ર એ બન્નેમાં વિમાનની બાબતમાં વિવાદ પડ્યો. સૌધર્મેંદ્રનાં વિમાન બત્રીશ લાખ, અને ઇશાનેંદ્રનાં અઠાવીશ લાખ છતાં તેઓ માંહોમાંહે વિવાદ કરવા લાગ્યા. માટે આ સંસારને ધિક્કાર થાઓ ! વિમાનની ઋદ્ધિના લોભિયા એવા તે બન્ને જણાના બે રાજાઓની પેઠે બાહુયુદ્ધ તથા બીજા પણ ઘણા સંગ્રામ અનેક વાર થયા. તિર્યંચોમાં કલહ થાય તો મનુષ્યો શીઘ્ર તેમને શાંત પાડે છે; મનુષ્યોમાં કલહ થાય તો રાજાઓ વચ્ચે પડીને સમજાવે છે; રાજાઓમાં કોઈ સ્થળે કલહ થાય તો દેવતા વચ્ચે પડીને સમાધાન કરે છે; દેવતાઓમાં કલહ થાય તો તેમના ઇંદ્ર મટાડે છે; પણ ઈંદ્રોજ જો માંહોમાંહે કલહ કરે તો તેને વજ્રના અગ્નિ માફક શાંત પાડવો અશક્ય છે. કોણ અને શી રીતે તેમને રોકી શકે ? પછી મહત્તર દેવતાઓએ કેટલોક વખત ગએ છતે માણવક સ્તંભ ઉપરની અરહિંત પ્રતિમાનું આધિ, વ્યાધિ, મહાદ્વેષ અને મહાવૈરને મટાડનારું ન્હાવણજળ તેમના ઉપર છાંટ્યું. એટલે તુરત તે બન્ને જણા શાંત થયા. ન્હવણ જળનો એવો મહિમા છે કે, તેથી શું ન થાય ? પછી બન્ને ઇંદ્રોએ માંહોમાંહેનું વૈર મૂકી દીધું. ત્યારે તેમના મંત્રીઓએ "પૂર્વની વ્યવસ્થા આ રીતે છે" એમ કહ્યું.

ઠીકજ છે, બુદ્ધિશાળી પુરૂષો અવસર જોઈનેજ વાત કરે છે. મંત્રીઓએ વ્યવસ્થા કહી તે આ રીતેઃ—" દક્ષિણ દિશાએ જેટલાં વિમાન છે, તેટલાં સર્વે સૌધર્મ ઇંદ્રનાં છે, અને ઉત્તર દિશાએ જેટલાં આવ્યાં તે સર્વે ઉપર ઇશાન ઇંદ્રની સત્તા છે. પૂર્વ દિશાએ તથા પશ્ચિમ દિશાએ સર્વે મળી તેર ગોળ આકારનાં ઇંદ્રક વિમાન છે, તે સૌધર્મ ઇંદ્રનાં છે. તેજ બન્ને દિશાઓમાં ત્રિકોણ અને ચતુષ્કોણ જેટલાં વિમાન છે, તેમાંનાં અર્ધાં સૌધર્મ ઇંદ્રનાં અને અર્ધાં ઇશાન ઇંદ્રનાં છે. સનત્કુમાર તથા માહેંદ્ર દેવલોકમાં પણ એજ વ્યવસ્થા છે. સર્વે સ્થળે ઇંદ્રક વિમાન તો ગોળ આકારનાંજ હોય છે." મંત્રીઓનાં વચન પ્રમાણે આ રીતે વ્યવસ્થા કરી બન્ને ઇંદ્રો ચિત્તમાં સ્થિરતા રાખી, વૈર મૂકી માંહોમાંહે પ્રીતિ કરવા લાગ્યા.

એટલામાં ચંદ્રશેખર દેવતાએ હરિણેગમેષી દેવતાને સહજ કૌતુકથી પૂછ્યું કે, "સંપૂર્ણ જગતમાં લોભના સપાટામાં ન આવે એવો કોઈ જીવ છે? અથવા ઇંદ્રાદિક પણ લોભવશ થાય છે, તો પછી બીજાની વાત શી? જેણે ઇંદ્રાદિકને પણ સહજમાં ઘરના દાસ જેવા વશ કરી લીધા, તે લોભનું ત્રણે જગતમાં ખરેખર અદ્‌ભૂત એકછત્ર સામ્રાજ્ય છે."

પછી નૈગમેષી દેવતાએ કહ્યું. "હે ચંદ્રશેખર! તું કહે છે તે વાત ખરી છે, તો પણ એવી કાંઇ પણ ચીજ નથી, કે જેની પૃથ્વીને વિષે બિલકુલ સત્તાજ ન હોય. હાલમાં શ્રેયિવર્ય શ્રીવસુસારનો **રત્નસાર** નામે પુત્ર પૃથ્વી ઉપર છે, તે કોઈ પણ રીતે લોભને વશ થાય તેમ નથી. એ વાત બિલકુલ નિઃસંશય છે. તે રત્નસાર કુમારે ગુરૂ પાસે પરિગ્રહ પરિમાણ વ્રત ગ્રહણ કર્યું છે. તે પોતાના વ્રતને એટલો દૃઢ વળગી રહ્યો છે કે, જેને સર્વ દેવતા અથવા ઇંદ્ર પણ ચલાવી ન શકે! દૂર સુધી પ્રસરી રહેલા અપાર લોભરૂપ જળના મહા પુરમાં બીજા સર્વ તૃણ માફક વહેતા જાય એવા છે; પરંતુ તે કુમાર માત્ર કાળી ચિત્રાવેલિની માફક પલળે નહીં એવો છે" જેમ સિંહ બીજાનો હોંકારો સહન કરી શકતો નથી તેમ નૈગમેષી દેવતાનું વચન ન સહન કરનારો ચંદ્રશેખર દેવતા તેની પરીક્ષા કરવા માટે આવ્યો. પાંજરા સહિત પોપટને તે હરી ગયો. નવી એક મેના તેણે તૈયાર કરી. એક શૂન્ય નગર પ્રકટ કર્યું, અને એક ભયંકર રાક્ષસ રૂપ ધારણ કર્યું. તેણેજ તને સમુદ્રમાં ફેંક્યો, અને બીજી પણ ધારતી ઉપજાવી. પૃથ્વીને વિષે રત્ન સમાન એવા હે કુમાર! તેજ ચંદ્રશેખર દેવતા હું છું. માટે હે સત્પુરૂષ! તું મ્હારા આ સર્વે દુષ્ટ કૃત્યની માફી આપ. અને દેવતાનું દર્શન નિષ્ફળ જતું નથી, માટે મને કાંઇક આદેશ કર." કુમારે દેવતાને કહ્યું. "શ્રીધર્મના સમ્યક્ પ્રસાદથી મ્હારાં સર્વે કાર્યો સિદ્ધ થયાં છે. માટે મ્હારે તારી પાસે માગવા જેવું કાંઇ નથી, પરંતુ હે શ્રેષ્ઠ દેવતા! તું નંદીશ્વર આદિ તીર્થોને વિષે યાત્રાઓ કર એટલે તેથી તારા દેવતાના ભવની સફળતા થશે."

ચંદ્રશેખર દેવતાએ તે વાત કબૂલ કરી, પોપટનું પાંજરૂં કુમારના હાથમાં આપ્યું, અને કુમારને ઉપાડી ઝટ કનકપુરીમાં મૂક્યો. પછી સજ્જ

આદિ લોકોની આગળ કુમારનો મહિમા પ્રકટ કહીને ચંદ્રશેખર દેવતા ઝટ પોતાની જગ્યાએ ગયો. પછી રત્નસારે કોઈ પણ રીતે રાજાની પરવાનગી લીધી, અને બન્ને સ્ત્રીઓને સાથે લઈ પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. સામંત, મંત્રી વગેરે રાજાના લોકો કુમારની સાથે તેને પહોંચાડવા આવ્યા. તેથી માર્ગમાં જાણ પુરૂષો પણ રત્નસારને રાજપુત્ર સમજવા લાગ્યા. માર્ગમાં આવેલા રાજાઓએ ઠેકાણે ઠેકાણે રત્નસારનો સત્કાર કર્યો. વખત જતાં કુમાર કેટલેક દિવસે રત્નવિશાળાપુરીમાં આવી પહોંચ્યો. સમરસિંહ રાજા પણ રત્નસારની સારી ઋદ્ધિનો વિસ્તાર જોઈ ઘણા શેઠોની સાથે સામો આવ્યો. પછી રાજાએ તથા વસુસાર આદિ મોટા શેઠીઆઓએ ઘણી ઋદ્ધિની સાથે કુમારનો નગરીમાં પ્રવેશ કરાવ્યો. પૂર્વ પુણ્યની પટુતા કેવી અદ્‌ભુત છે! પરસ્પર આદરસત્કાર આદિ ઉચિત કૃત્યો થઈ રહ્યા પછી ઉચિત કૃત્ય કરવામાં ચતુર એવા પોપટે રત્નસાર કુમારનો સમગ્ર વૃત્તાંત રાજા વગેરે લોકોની આગળ કહ્યો. કુમારનું આશ્ચર્યકારી સત્ત્વ સાંભળી રાજા વગેરે સર્વે લોકો ચકીત થયા, અને કુમારનાં વખાણ કરવા લાગ્યા. એક વખતે **વિદ્યાનંદ** નામે ગુરૂરાજ ઉદ્યાનમાં સમવસર્યા. રત્નસાર કુમાર, રાજા વગેરે લોકો તેમને વંદના કરવા માટે હર્ષથી ગયા. આચાર્ય મહારાજે ઉચિત દેશના આપી. પછી રાજાએ આશ્ચર્ય પામી રત્નસાર કુમારનો પૂર્વભવ ગુરૂ મહારાજને પૂછ્યો. ત્યારે ચાર જ્ઞાનના ધણી એવા વિદ્યાનંદ આચાર્ય નીચે પ્રમાણે કહેવા લાગ્યા:—

"હે રાજા! રાજપુર નગરમાં ધનથી સંપૂર્ણ અને સુંદર એવો શ્રીસારનામે રાજપુત્ર હતો. એક શ્રેષ્ઠિપુત્ર, બીજો મંત્રિપુત્ર અને ત્રીજો ક્ષત્રિયપુત્ર, એવા ત્રણ રાજપુત્રના દોસ્ત હતા. ધર્મ, અર્થ અને કામની જેમ ઉત્સાહ શોભે છે, તેમ તે ત્રણે મિત્રોથી રાજકુમાર મૂર્તિમંત ઉત્સાહ સરખો શોભતો હતો. ચારમાં ક્ષત્રિયપુત્ર જે હતો, તે પોતાના ત્રણ મિત્રોનું કલાકૌશલ્ય જોઈ જડમૂઢ એવા પોતાની નિંદા કરતો હતો, અને જ્ઞાનને માન આપતો હતો. એક વખતે રાણીના મહેલમાં કોઈ ચોરે ખાતર પાડયું. સુભટોએ તે ચોરને ચોરીના માલ સહિત પકડયો. ક્રોધ પામેલા રાજાએ ચોરને શૂળી ઉપર ચઢાવવાનો આદેશ કર્યો. શૂળી ઉપર

ચઢાવનારા લોકો તે ચોરને વધ કરવા લઈ જવા લાગ્યા. એટલામાં દયાળુ શ્રીસારકુમારે હરિણીની માફક ભયભીત આંખથી આમતેમ જોતાં તે ચોરને જોયો. "મ્હારી માતાનું દ્રવ્ય હરણ કરનારો એ ચોર છે, માટે હું એનો પોતે વધ કરીશ." એમ કહી તે વધ કરનાર લોકોની પાસેથી ચોરને પોતાના તાબામાં લઈને કુમાર નગર બહાર ગયો. દિલના ઉદાર અને દયાળુ એવા શ્રીસારકુમારે "ફરીથી ચોરી કરીશ નહીં." એમ કહી કોઈ ન જાણે એવી રીતે ચોરને છોડી દીધો. સત્પુરૂષોની અપરાધી પુરૂષને વિષે પણ અદ્‌ભુત દયા હોય છે. સર્વે મનુષ્યોને બબ્બે ઠેકાણે પાંચ મિત્ર હોય છે. અને પાંચ શત્રુ પણ હોય છે. તેમ કુમારને પણ હોવાથી કોઇએ ચોરને છોડાવવાની વાત રાજાને કાને નાંખી. "આજ્ઞાભંગ કરનો એ રાજાનો શસ્ત્ર વિનાનો વધ કહેવાય છે." એમ હોવાથી રોષ પામેલા રાજાએ શ્રીસારનો ઘણો તિરસ્કાર કર્યો. તેથી ઘણો દુઃખી થએલો અને રોષ પામેલો શ્રીસાર ઝટ નગરથી બહાર નીકળી ગયો.

માની પુરૂષો પોતાની માનહાનિને મરણ કરતાં વધારે અનિષ્ટ ગણે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર જેમ ભવ્ય જીવને આવી મળે, તેમ હમેશાં મિત્રતા રાખનારા ત્રણે મિત્રો શ્રીસારને આવી મળ્યા. કેમકે—સંદેશો મોકલવો પડે ત્યારે દૂતની, સંકટ આવે બાંધવોની, માથે આપદા આવી પડે ત્યારે મિત્રોની અને ધન જતું રહે ત્યારે સ્ત્રીની પરીક્ષા કરાય છે. માર્ગમાં જંગલ આવ્યું ત્યારે તે ચારે જણા એક સાથેના સાથે ચાલતા હતા; પણ કર્મગતિ વિચિત્ર હોવાથી સાર્થથી ભૂલા પડયા. ક્ષુધા તૃષાથી પીડાયલા એવા તે ચારે જણા ત્રણ દિવસ સુધી ભમી ભમીને છેવટે એક ગામમાં આવ્યા, અને ભોજનની તૈયારી કરવા લાગ્યા. એટલામાં જેનો ભવ થોડો બાકી રહ્યો છે એવા કોઈ જિનકલ્પિ મુનિરાજ તેમની પાસે ભિક્ષા લેવાને તથા તેમને ઉત્કૃષ્ટ વૈભવ આપવાને સારૂ આવ્યા. રાજકુમાર સ્વભાવે ભદ્રક હોવાથી તેણે ચઢતે ભાવે મુનિરાજને ભિક્ષા આપી. અને ભોગફળ કર્મ ઉપાર્જ્યું. મુનીરાજને ભિક્ષા આપવાથી બે મિત્રોને આનંદ થયો. તેમણે મન વચન કાયાથી દાનને અનુમોદના આપી. અથવા ઠીકજ છે, સરખા મિત્રોએ સરખું પુણ્ય ઉપાર્જન કરવું ઉચિત છે. "સર્વ

આપો. એવો યોગ ફરી વાર અમને ક્યાંથી મળવાનો?" આ પ્રમાણે તે બન્ને મિત્રોએ પોતાની અધિક શ્રદ્ધા જણાવવાને સારૂ કપટ વચન કહ્યું.

ક્ષત્રિયપુત્રનો સ્વભાવ તુચ્છ હતો, તેથી તે દાનને વખતે બોલ્યો કે, "હે કુમાર! અમને ઘણી ભુખ લાગી છે, માટે અમારે સારૂ કાંઇક રાખો." ખોટી બુદ્ધિના ક્ષત્રિયપુત્રે ફોકટ દાનમાં અંતરાય કરીને ભોગાંતરાય કર્મ બાંધ્યું. પછી રાજાએ બોલાવ્યાથી તે પોતપોતાને સ્થાનકે ગયા, અને ખુશી થયા. મધ્યમ ગુણવાળા તે ચારે જણામાં રાજકુમારને રાજ્ય, શ્રેષ્ઠિ પુત્રને શ્રેષ્ઠિપદ, મંત્રિપુત્રને મંત્રીપદ, અને ક્ષત્રિયપુત્રને સુભટોનું અગ્રેસરપણું મળ્યું. અનુક્રમે તેઓ પોતપોતાનું પદ ભોગવી મરણ પામ્યા. સત્પાત્ર દાનના પ્રભાવથી શ્રીસાર કુમાર રત્નસાર થયો. શ્રેષ્ઠીપુત્ર અને મંત્રિપુત્ર રત્નસારની સ્ત્રીઓ થઇ. કેમકે, કપટ કરવાથી સ્ત્રીભવ પ્રાપ્ત થાય છે. ક્ષત્રિપુત્ર પોપટ થયો. કારણ કે દાનમાં અંતરાય કરવાથી તિર્યંચપણું મળે છે. પોપટમાં જે ઘણી ચતુરતા દેખાય છે, તે પૂર્વભવે જ્ઞાનને ઘણું માન દીધું હતું તેનું ફળ છે. શ્રીસારે છોડાવેલો ચોર તાપસ વ્રત પાળી રત્નસારને સહાય્ય કરનારો ચંદ્રચૂડ દેવતા થયો."

રાજા આદી લોકો મુનિરાજનાં એવાં વચન સાંભળી પાત્રદાનને વિષે ઘણા આદરવંત થયા અને સમ્યક્ પ્રકારે જૈનધર્મ પાળવા લાગ્યા. ઠીકજ છે, તત્ત્વનું જ્ઞાન થાય ત્યારે કોણ આલસ્ય કરે? સત્પુરૂષોનો સ્વભાવ સૂર્યસરખો જગત્માં શોભે છે. કેમકે, સૂર્ય જેમ અંધકાર દૂર કરી લોકોને સન્માર્ગે લગાડે છે, તેમ સત્પુરૂષો પણ અંધકાર દૂર કરી લોકોને સન્માર્ગે લગાડે છે. ઘણા પુણ્યશાળી રત્નસાર કુમારે પોતાની બે સ્ત્રીઓની સાથે ચિરકાળ ઉત્કૃષ્ટ ભોગ ભોગવ્યા. પોતાના ભાગ્યથીજ ધન જેટલું જોઇએ તેટલું મળી ગયાથી શુદ્ધ બુદ્ધિવાળા રત્નસારે ધર્મ અને કામ એ બે પુરૂષાર્થનેજ માંહોમાંહે બાધા ન આવે તેવી રીતે સમ્યક્ પ્રકારે સાધ્યા. કુમારે રથયાત્રાઓ, તીર્થયાત્રાઓ, અરિહંતની રૂપાની, સોનાની તથા રત્નની પ્રતિમાઓ, તેમના પ્રતિષ્ઠાઓ, જિનમંદિરો, ચતુર્વિધ સંઘનું વાત્સલ્ય, બીજા દીનજનો ઉપર ઉપકાર વગેરે સારાં કૃત્યો ચિરકાળ સુધી કર્યાં. એવાં કૃત્યો કરવાં એજ લક્ષ્મીનું ફળ છે. કુમારના સહવાસથી તેની બે સ્ત્રીઓ

પણ કુમાર સરખીજ ધર્મનિષ્ઠ થઇ. સત્પુરૂષોની સાથે સહવાસ કરવાથી શું ન થાય? પછી રત્નસાર કુમાર આયુષ્ય પૂરૂં થયું ત્યારે બે સ્ત્રીઓની સાથે પંડિત મરણવડે દેહ છોડીને બારમા અચ્યુત દેવલોકે ગયો. શ્રાવકને એ ગતિ ઉત્કૃષ્ટ કહી છે. રત્નસારનો જીવ ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરશે, અને જૈનધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરી શીઘ્ર મોક્ષ સુખ પામશે. ભવ્ય જીવોએ આ રીતે કહેલું આશ્ચર્યકારી રત્નસાર કુમારનું ચરિત્ર નિરોપર ધ્યાનમાં લેવું, અને પાત્રદાનને વિષે તથા પરિગ્રહ પરિમાણ વ્રત આદરવાને વિષે ઘણોજ યત્ન કરવો. આ રીતે પાત્રદાન ઉપર અને પરિગ્રહ પરિમાણ ઉપર રત્નસાર કુમારની કથા કહી.

વિવેકી પુરૂષ સાધુ આદિનો યોગ હોય તો ઉપર કહેલી રીતે દરરોજ વિધિ પ્રમાણે અવશ્ય પાત્રદાન કરે. તેમજ ભોજનને વખતે અથવા પહેલાં આવેલા સાધર્મીઓને પણ શક્તિ પ્રમાણે પોતાની સાથે જમાડે. કારણ કે, સાધર્મી પણ પાત્રજ કહેવાય છે સાધર્મી વાત્સલ્યનો વિધિ વગેરે આગળ આવશે. તેમજ બીજા પણ ભીખારી વગેરે લોકોને ઉચિત દાન આપવું. તેમને નિરાશ કરી પાછા કાઢવા નહીં. કર્મબંધ કરાવવો નહીં. ધર્મની હીલના પણ ન કરાવવી. પોતાનું મન નિર્દય ન રાખવું. ભોજનને અવસરે દ્વાર બંધ કરવું વગેરે એ મ્હોટા અથવા દયાળુ પુરૂષોનું લક્ષણ નથી. સાંભળવામાં પણ એમ છે કે, ચિત્રકૂટને વિષે ચિત્રાંગદ રાજા હતો. તેના ઉપર ચઢાઈ કરનાર શત્રુની સેનાએ ચિત્રકૂટ ગઢને ઘેરી નાંખ્યો. શત્રુઓની અંદર પેસવાની ઘણી ધાસ્તી રાખતાં છતાં પણ ચિત્રાંગદ રાજા દરરોજ ભોજનને વખતે પોળનો દરવાજો ઉઘડાવતો હતો. તે ધર્મની વાત ગણિકાએ જાહેર કરવાથી શત્રુઓએ ગઢ તાબામાં લીધો. એવી રીત છે માટે શ્રાવકે અને તેમાં પણ વિશેષે કરી ઋદ્ધિવંત શ્રાવકે ભોજનને વખતે દ્વાર બંધ કરવાં નહીં. કેમકે—કોણ પોતાનું ઉદરપોષણ કરતો નથી? પરંતુ ઘણા જીવોને નિર્વાહ ચલાવે તેનીજ પુરૂષમાં ગણત્રી છે. માટે ભોજન વખતે આવેલા પોતાના બાંધવ આદિને જરૂર જમાડવા. ભોજનને વખતે આવેલા, મુનિરાજને ભક્તિથી, યાચકોને શક્તિના અનુસારથી અને દુઃખી જીવોને અનુકંપાથી યથાયોગ્ય સંતુષ્ટ કર્યા પછીજ મ્હોટા પુરૂષોને

ભોજન કરવું ઉચિત છે.

આગમમાં પણ કહ્યું છે કે—સુશ્રાવક ભોજન કરતાં દ્વાર બંધ કરે નહીં, કેમકે, જિનેંદ્રોએ શ્રાવકોને અનુકંપાદાનની મનાઇ કરી નથી. શ્રાવકે ભયંકર ભવસમુદ્રમાં જીવોનો સમુદાય દુઃખથી હેરાન થએલો જોઈ નાત જાતની અથવા ધર્મની મનમાં તફાવત ન રાખતાં દ્રવ્યથી અન્નાદિક દઇને તથા ભાવથી સન્માર્ગે લગાડીને યથાશક્તિ અનુકંપા કરવી. શ્રીભગવતી આદિ સૂત્રોમાં શ્રાવકના વર્ણનને પ્રસંગે "अवंगुअदुआरा" એવું વિશેષણ દઇ "શ્રાવકે સાધુ આદિ લોકોને પ્રવેશ કરવા માટે હમેશાં દ્વાર ઉઘાડાં રાખવાં" એમ કહ્યું છે. તીર્થંકરોએ પણ સાંવત્સરિક દાન દઇ દીન લોકોનો ઉદ્ધાર કર્યો. વિક્રમ રાજાએ પણ પોતાના રાજ્યમાંના સર્વે લોકોને ઋણ વિનાના કર્યા, તેથી તેના નામનો સંવત્ ચાલ્યો. દુકાળ આદિ આપદા આવી પડે ત્યારે અનાથ લોકોને સહાય આપવાથી ઘણી ફળપ્રાપ્તિ થાય છે. કેમકે—શિષ્યની વિનય ઉપરથી, સુભટની સંગ્રામનો સમય આવવાથી, મિત્રની આપદાનો પ્રસંગ આવવાથી અને દાનની દુર્ભિક્ષ પડવાથી પરીક્ષા થાય છે. સંવત્ ૧૩૧૫ મે વર્ષે દુકાળ પડ્યો ત્યારે ભદ્રેશ્વર નગરના રહીશ શ્રીમાલજ્ઞાતના જગડુશાહે એકસોબાર સદાવ્રતો રાખી દાન આપ્યું. કહ્યું છે કે—દુકાળ પડે છતે હમ્મીરે બાર, વીસળદેવે આઠ, બાદશાહે એકવીસ અને જગડુશાહે હજાર મૂડા ધાન્યના આપ્યા. તેમજ, અણહિલ્લપુર પાટણમાં સિંધાક નામે એક મ્હોટો સરાફ થયો તેણે અશ્વ, ગજ, મ્હોટા મહેલ આદિ ઘણી ઋદ્ધિ ઉપાર્જન કરી. સંવત્ ૧૪૨૯ મે વર્ષે તેણે આઠ મંદિરો બંધાવ્યાં, અને મહાયાત્રાઓ કરી. એક વખતે તેણે જ્યોતિષીના કહેવા ઉપરથી આવતા કાળમાં દુર્ભિક્ષ પડવાનું હતું તે તેણે જાણ્યું, અને બે લાખ મણ ધાન્ય એકઠું કરી રાખ્યું, તેથી દુર્ભિક્ષ પડે ભાવથી તેજીથી તેને ઘણો લાભ થયો, ત્યારે ચોવીશ હજાર મણ ધાન્ય તેણે અનાથ લોકોને આપ્યું. હજાર બંદીવાન છોડાવ્યા. છપ્પન રાજાઓને છોડાવ્યા. જિનમંદિરો ઉઘડાવ્યાં. શ્રીજયાનંદસૂરિ તથા શ્રી દેવસુંદરસૂરિ એમનાં પગલાં સ્થાપન કર્યાં. આ આદિ અનેક તેનાં ધર્મકૃત્યો જાહેર છે. માટે શ્રાવકે વિશેષે કરી ભોજન વખતે અવશ્ય અનુકં-

પાદાન કરવું. દરિદ્રી ગૃહસ્થે પણ ઘરમાં અન્ન વગેરે એકઠું કરવું કે, જેથી કોઇ ગરીબ આવે તો તેની યથાશક્તિ આસનાવાસના કરાય. એમ કરતાં તેને કાંઇ બહુ ખરચમાં ઉતરવું પડતું નથી. કારણ કે, ગરીબ લોકોને થોડામાં પણ સંતોષ થાય છે. કેમકે—કોળિયામાંથી એક દાણો નીચે ખરી પડે તો તેથી હાથીના આહારમાં શું ઓછું પડવાનું હતું ? પણ તે એક દાણા ઉપર કીડીનું તો આખું કુટુંબ પોતાનો નિર્વાહ કરી લે છે. બીજું એવો નિરવદ્ય આહાર ઉપર કહેલી રીતે કિંચિત્ અધિક તૈયાર કર્યો હોય તો તેથી સુપાત્રનો યોગ મળી આવે શુદ્ધ દાન પણ અપાય છે.

તેમજ માતા, પિતા, બાંધવ, બ્હેન, પુત્ર પુત્રીઓ, પુત્રની સ્ત્રીઓ, સેવક, ગ્લાન, બંધનમાં રાખેલા લોકો તથા ગાય વગેરે જાનવરો આદિને ઉચિત ભોજન આપીને, પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરીને તથા પચ્ચખાણનો અને નિયમનો બરોબર ઉપયોગ રાખીને પોતાને સદ્દતું હોય તેવું ભોજન કરવું. કહ્યું છે કે—ઉત્તમ પુરૂષોએ પહેલા પિતા, માતા, બાળક, ગર્ભિણી, વૃદ્ધ અને રોગી એમને ભોજન કરાવીને પછી પોતે ભોજન કરવું. ધર્મના જાણ પુરૂષે સર્વે જાનવરોની, તથા બંધનમાં રાખેલા લોકોની સાર સંભાળ કરીને પછી પોતે ભોજન કરવું, તે વિના ન કરવું. હવે જે વસ્તુનું સાત્મ્ય હોય તે વસ્તુ વાપરવી. આહાર, પાણી, વગેરે વસ્તુ સ્વભાવથી વિરૂદ્ધ હોય તો પણ કોઇને તે માફક આવે છે, તેને સાત્મ્ય કહે છે. જન્મથી માંડીને પ્રમાણશર વિષ ભક્ષણ કરવાની ટેવ પાડી હોય તો તે વિષજ અમૃત સમાન થાય છે; અને ખરેખર અમૃત હોય તો પણ કોઈ વખતે ન વાપરવાથી પ્રકૃતિને માફક ન આવતું હોય તો તે વિષ માફક થાય છે. એવો નિયમ છે, તથાપિ પથ્ય વસ્તુનું સાત્મ્ય ન હોય તો પણ તેજ ઉપયોગમાં લેવી, અને અપથ્ય વસ્તુનું સાત્મ્ય હોય તો પણ તે નવાપરવી. "બલિષ્ટ પુરૂષને સર્વે વસ્તુ હિતકારી છે." એમ સમજી કાળકૂટ વિષ ભક્ષણ ન કરવું વિષશાસ્ત્રનો જાણ પુરૂષ સુશિક્ષિત હોય તો પણ કોઈ વખતે વિષ ખાવાથી મરણ પામે છે. તેમજ કહ્યું છે કે—જે ગળાની નીચે ઉતર્યું તે સર્વ અશન કહેવાય છે. માટે ડાહ્યા લોકો ગળાની નીચે ઉતરે ત્યાં સુધી ક્ષણ માત્ર સુખને અર્થે જિવ્હાની લોલુપતા રાખ-

તા નથી. એવું વચન છે માટે જિવ્હાની લોલુપતા પણ મૂકવી. તથા અ-
ભક્ષ્ય, અનંતકાય અને બહુ સાવદ્ય વસ્તુ પણ વર્જવી.

પોતાના અગ્નિબળ માફક પરિમિત ભોજન કરવું. જે પરિમિત ભો-
જન કરે છે, તે બહુ ભોજન કર્યા જેવું છે. અતિશય ભોજન કરવાથી
અજીર્ણ, ઓકારી, જુલાબ તથા મરણ વગેરે પણ થોડી વારમાં થાય છે.
કેમ કે—હે જીભ! તું ભક્ષણ કરવાનું અને બોલવાનું માપ રાખ. કારણ કે,
અતિશય ભક્ષણ કરવાનું અને અતિશય બોલવાનું પરિણામ ભયંકર નીપજે
છે. હે જીભ! જો તું દોષ વિનાનું તથા પરિમિત ભોજન કરે, અને જો
દોષ વિનાનું તથા પરિમિત બોલે, તો કર્મરૂપ વીરોની સાથે લડતા એવા
જીવ થકી તનેજ જયપત્રિકા મળશે એમ નક્કી જાણ. હિતકારિ, પરિમિત
અને પરિપક્વ અન્ન ભક્ષણ કરનારો, ડાબે પાસે શયન કરનારો, હમેશાં
ફરવા ફરવાની મહેનત કરનારો, વિલંબ ન લગાડતાં મળમૂત્રનો ત્યાગ
કરનારો અને સ્ત્રીઓની બાબતમાં પોતાનું મન વશમાં રાખનારો એવો
પુરૂષ રોગોને જીતે છે. હવે ભોજન કરવાનો વિધિ વ્યવહાર શાસ્ત્રાદિકના
અનુસારે નીચે પ્રમાણે જાણવોઃ-

અતિશય પ્રભાત કાળમાં, તદ્દન સાંજ્યાને વખતે અથવા રાત્રિએ તથા
ગમન કરતાં ભોજન ન કરવું. ભોજન કરતી વખતે અન્નની નિંદા ન ક-
રવી. ડાબા પગ ઉપર હાથ પણ ન રાખવો. તથા એક હાથમાં આવાની
વસ્તુ લઇ બીજે હાથે ભોજન ન કરવું. ઉઘાડી જગ્યામાં, તડકામાં, અં-
ધકારમાં અથવા વૃક્ષને તળે કોઇ કાળે ભોજન કરવું નહીં; તથા ભોજન
કરતી વખતે અંગૂઠા પાસેની આંગળી ઉભી ન રાખવી. મોં, કપડાં
અને પગ ધોયા વિના, નગ્નપણે, મેલાં કપડાં પહેરીને તથા ડાબો હાથ
થાળીને લગાડયા વિના ભોજન કરવું નહીં, એકજ વસ્ત્ર પહેરીને, મસ્તકે
બીનું વસ્ત્ર વીંટીને, અપવિત્ર શરીરે તથા અતિશય જીભની લોલુપતા રા-
ખીને વિચક્ષણ પુરૂષે ભોજન કરવું નહીં. પગમાં પગરખાં પહેરીને, ચિત્ત
ઠેકાણે રાખ્યા વિના કેવળ જમીન ઉપરજ અથવા પલંગ ઉપર બેસીને,
ખુણા દિશામાં અગર દક્ષિણ દિશામાં મુખ કરીને તેમજ પાતળા આસન
ઉપર બેસીને ભોજન કરવું નહીં. આસન ઉપર પગ રાખીને, તથા શ્વાન,

ચાંડાળ અને પતિત લોકોની નજર પડતી હોય તેવી જગ્યાએ ભોજન કરવું નહીં. તેમજ ભાગેલા અથવા મલિન વાસણમાં ભોજન કરવું નહીં. અપવિત્ર વસ્તુથી ઉત્પન્ન થએલું, ગર્ભહત્યા વગેરે કરનાર લોકોએ જોએલું, રજસ્વળા સ્ત્રીએ સ્પર્શ કરેલું, તથા ગાય, શ્વાન, પક્ષી વગેરે જીવોએ સુંઘેલું એવું અન્ન ખાવું નહીં. જે ભક્ષ્ય વસ્તુ કયાંથી આવી ? તેની ખબર ન હોય, તથા જે વસ્તુ અજાણી હોય તે ખાવી નહીં. એક વાર રાંધેલું અન્ન ફરી વાર ઉન્નુ કર્યું હોય તો તે પણ ન ખવુ. તથા ભોજન કરતી વેળાએ "બચ બચ" એવો શબ્દ અથવા વાંકું ચૂંકું મોં કરવુ નહીં.

ભોજન કરતી વખતે આસપાસ રહેલા લોકોને ભોજન કરવા બોલાવીને પ્રીતિ ઉપજાવવી. પોતાના ઇષ્ટ દેવનું નામ સ્મરણ કરવું. તથા સરખું, પહોળું અને ઘણું નીચું ઉંચું નહીં એવા સ્થિર આસન ઉપર બેસીને પોતાની માશી, માતા, બ્હેન અથવા સ્ત્રી વગેરે લોકોએ રાંધેલું તથા પવિત્ર અને ભોજન કરેલા લોકોએ આદરથી પીરશેલું અન્ન એકાંતમાં જમણો સ્વર વહેતો હોય ત્યારે ખાવું. ભોજન કરતી વેળાએ મૌન કરવું, તથા શરીર વાંકું ચુંકું ન રાખવું, અને પ્રત્યેક ખાવા યોગ વસ્તુ સૂંઘવી; કેમકે, તેથી દૃષ્ટિદોષ ટળે છે. ઘણું ખારૂં, ઘણું ખાટું, ઘણું ઉન્હું તથા ઘણું ઠંડું અન્ન ખાવું નહીં. શાક ઘણું ન ખાવું, અતિશય મીઠી વસ્તુ ન ખાવી. તથા રૂચિકર વસ્તુ પણ ઘણી ન ખાવી. અતિશય ઉનું અન્ન રસનો નાશ કરે, અતિશય ખાટું અન્ન ઇંદ્રિયોની શક્તિ ઓછી કરે, અતિશય ખારૂં અન્ન નેત્રોને વિકાર કરે; અને અતિશય ચીકણું અન્ન ગ્રહણીને (કોઠામાંની છઠી કોથળીને) બગાડે. કડવા અને તીખા આહારથી કફનો, તૂરા અને મીઠા આહારથી પિત્તનો, સ્નિગ્ધ અને ઉષ્ણ આહારથી વાયુનો તથા ઉપવાસથી બાકીના રોગોનો નાશ કરવો. જે પુરૂષ શાક ભાજી બહુ ન ખાય, ઘીની સાથે અન્ન ખાય, દૂધ આદિ ચીકણી વસ્તુ સેવે, બહુ પાણી ન પીએ, અજીર્ણ છતાં ભોજન ન કરે, મૂળ તથા વિદાહી વસ્તુ ન સેવે, ચાલતાં ખાય નહીં, અને ખાધેલું પચ્યા પછી અવસરે ભોજન કરે, તેને શરીરે રોગ કદાચ થાય તો બહુજ

થોડો થાય.

નીતિના જાણુ પુરૂષો પ્રથમ મધુર, વચ્ચે તીખું અને છેડે કડવું એવું દુર્જનની મૈત્રી સરખું ભોજન ઇચ્છે છે. ઉતાવળ ન કરતાં પ્રથમ મધુર અને સ્નિગ્ધ રસ ભક્ષણ કરવા; મધ્યે પાતળા, ખાટા અને ખારા રસ ભક્ષણ કરવા, તથા અંતે કડવા અને તીખા રસ ભક્ષણ કરવા. પુરૂષે પહેલા પાતળા રસ મધ્યે કડવા રસ અને અંતે પાછા પાતળા રસનો આહાર કરવો તેથી બળ અને આરોગ્ય જળવાય છે. ભોજનની શરૂઆતમાં જળ પીએ તો અગ્નિ મંદ થાય, મધ્યભાગમાં પીએ તો રસાયન માફક પુષ્ટિ આપે, અને અંતે પીએ તો વિષ માફક નુકશાન કરે. માણસે ભોજન કરી રહ્યા પછી સર્વ રસથી ખરડાયલા હાથે એક પાણીનો કોગળો દરરોજ પીવો. પાણી પશુની માફક ગમે તેટલું ન પીવું, એટલું રહેલું પણ ન પીવું; તથા ખોબેથી પણ ન પીવું. કેમકે, પાણી પરિમિત પીવું તેજ હિતકારી છે. ભોજન કરી રહ્યા પછી ભીને હાથે બે ગાલને, ડાબા હાથને અથવા નેત્રોને સ્પર્શ ન કરવો. પરંતુ કલ્યાણને માટે બે ઢીંચણને હાથ લગાડવા. બુદ્ધિશાળી પુરૂષે ભોજન કરી રહ્યા પછી કેટલીક વાર સુધી શરીરનું મર્દન, મળમૂત્રનો ત્યાગ, ભાર ઉપાડવો, બેસી રહેવું, ન્હાવું વગેરે કરવું નહીં. ભોજન કર્યા પછી તુરત બેસી રહે તો પેટ ભેદથી જાડું થાય; ચતો સુઇ રહે તો બળની વૃદ્ધિ થાય; ડાબે પાસે સુઇ રહે તો આયુષ્ય વધે, અને દોડે તો મૃત્યુ સામું આવે. ભોજન કરી રહ્યા પછી તુરત ડાબે પાસે સુઇ રહેવું; પણ ઉંઘવું નહીં. અથવા સો પગલાં ચાલવું. આ રીતે ભોજનનો લૌકિક વિધિ કહ્યો છે. સિદ્ધાંતમાં કહેલો વિધિ નીચે પ્રમાણે છેઃ—

સુશ્રાવકો નિર્વદ્ય, નિર્જીવ અને પરિત્તમિશ્ર એવા આહારવડે પોતાનો નિર્વાહ કરનારા એવા હોય છે. શ્રાવકે સાધુની માફક સર સર અથવા ચવ ચવ શબ્દ ન કરતાં, ઘણી ઉતાવળ અથવા ઘણી સ્થિરતા ન રાખતાં, નીચે દાણા અથવા બિંદુ ન પાડતાં તથા મન વચન કાયાની બરોબર ગુપ્તિ રાખીને એ રીતે ઉપયોગથી ભોજન કરવું.

જેવી ગાડી ખેડવાના કામમાં ઉંજવાથી લેપની યુક્તિ હોય છે, તે પ્રમાણે સંયમ રૂપ રથ ચલાવવાને માટે સાધુઓને આહાર કહ્યો છે. અન્ય

ગૃહસ્થોએ પોતાને અર્થે કરેલું તીખું, કડવું, તૂરું, ખાટું, મીઠું અથવા ખારું એવું જેવું અન્ન મળે તેવું સાધુઓએ મીઠા ઘૃતની માફક ભક્ષણ કરવું. તેમજ રોગ, મોહનો ઉદય, સ્વજન વગેરેનો ઉપસર્ગ થએ છતે, જીવદયાનું રક્ષણ કરવાને માટે તપસ્યાને માટે તથા આયુષ્યનો અંત આવે શરીરનો ત્યાગ કરવાને અર્થે આહારનો ત્યાગ કરવો.

એ વિધિ સાધુ આશ્રયી કહ્યો. શ્રાવક આશ્રયી વિધિ પણ યથાયોગ્ય જાણવો. બીજે સ્થળે પણ કહ્યું છે કે—વિવેકી પુરૂષે શક્તિ હોય તો દેવ, સાધુ, નગરનો સ્વામી, તથા સ્વજન સંકટમાં પડયા હોય, અથવા સૂર્ય ચંદ્રને ગ્રહણ લાગ્યું હોય ત્યારે ભોજન કરવું નહીં. તેમજ અજીર્ણથી રોગો ઉત્પન્ન થાય છે માટે અજીર્ણ, નેત્રવિકાર વગેરે રોગ થયા હોય તો ભોજન કરવું નહીં. કહ્યું છે કે—તાવની શરૂઆતમાં શક્તિ ઓછી ન થાય એટલી લાંઘણ કરી. પણ વાયુથી, થાકથી, ક્રોધથી, શોકથી, કામવિકારથી અને પ્રહાર થવાથી ઉત્પન્ન થએલા તાવમાં લાંઘણ કરવી નહીં. તથા દેવ, ગુરૂને વંદનાદિકનો યોગ ન હોય; તીર્થને અથવા ગુરૂને વંદના કરવી હોય, વિશેષ વ્રત પચ્ચખાણ લેવાં હોય, મ્હોટું પુણ્યકાર્ય આરંભવું હોય તે દિવસે, તેમજ અષ્ટમી ચતુર્દશી વગેરે મ્હોટા પર્વના દિવસે પણ ભોજન કરવું નહીં. માસક્ષમણ વગેરે તપસ્યાથી આલોકમાં તથા પરલોકમાં ઘણા ગુણ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે—તપસ્યાથી અસ્થિર કાર્ય હોય તે સ્થિર, વાંકું હોય તે સરળ, દુર્લભ હોય તે સુલભ તથા અસાધ્ય હોય તે સુસાધ્ય થાય છે. વાસુદેવ, ચક્રવર્તી વગેરે લોકોનાં તે તે દેવતાને પોતાનો સેવક બનાવવા વગેરે ઈહલોકનાં કાર્યો પણ અઠમ વગેરે તપસ્યાથીજ સિદ્ધ થાય છે; પણ તે વિના સિદ્ધ થતાં નથી. આ રીતે ભોજન વિધિ કહ્યો છે.

સુશ્રાવક ભોજન કરી રહ્યા પછી નવકાર સ્મરણ કરીને ઊઠે, અને ચૈત્યવંદન વિધિવડે દેવને તથા ગુરૂને યોગ હોય તે પ્રમાણે વાંદે. ચાલીસ ગાથામાં **सुपत्तदाणाइजुत्तीए** એ પદમાં આદિ શબ્દનું ગ્રહણ કર્યું છે, તેથી એ સર્વ વિધિ સૂચવ્યો એમ જાણવું.

હવે ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરીએ છીએ—ભોજન કરી રહ્યા

પછી દિવસચરિમ અથવા ગ્રંથિ સહિત પ્રમુખ પચ્ચખાણ ગુરૂ પ્રમુખને બે વાંદણાં દઇને અથવા તે વિના ગ્રહણ કરવું. અને ગીતાર્થ મુનિરાજ પાસે અથવા ગીતાર્થ એવા શ્રાવક, સિદ્ધપુત્ર વગેરેની પાસે યોગ હોય તેમ પાંચ પ્રકારની સઝાય કરવી. ૧ વાચના, ૨ પૃચ્છના, ૩ પરાવર્ત્તના, ૪ ધર્મકથા અને ૫ અનુપ્રેક્ષા એ સઝાયના પાંચ પ્રકાર છે. તેમાં નિર્જરાને માટે યથાયોગ્ય સૂત્ર વગેરેનું દાન કરવું અથવા ગ્રહણ કરવું તે વાચના કહેવાય છે. વાચનામાં કાંઇ સંશય રહ્યો હોય તે ગુરૂને પૂછવો તે પૃચ્છના કહેવાય છે. પૂર્વે ભણેલા સૂત્રાદિકને ભૂલી ન જવાય તે માટે વારંવાર ફેરવવું તે પરાવર્ત્તના કહેવાય છે. જંબૂસ્વામી વગેરે સ્થવિરોની કથા સાંભળવી અથવા કહેવી તે ધર્મકથા કહેવાય છે. મનમાંજ સૂત્રાદિકનું વારંવાર સ્મરણ કરવું તે અનુપ્રેક્ષા કહેવાય છે. અહિં ગુરૂ મુખથી સાંભળેલા શાસ્ત્રાર્થનો જાણુ પુરૂષો પાસે વિચાર કરવા રૂપ સઝાય વિશેષ કૃત્ય તરીકે જાણવી. કારણકે, " તે તે વિષયના જાણુ પુરૂષોની સાથે શાસ્ત્રાર્થના રહસ્યની વાતોનો વિચાર કરવો " એવું શ્રી યોગશાસ્ત્રનું વચન છે. એ સઝાય ઘણી ગુણકારી છે. કહ્યું છે કે—સઝાયથી શ્રેષ્ઠ ધ્યાન થાય છે, સર્વે પરમાર્થનું જ્ઞાન થાય છે, તથા સઝાયમાં રહેલો પુરૂષ ક્ષણે ક્ષણે વૈરાગ્યદશા મેળવે છે. પાંચ પ્રકારની સઝાય ઉપર દૃષ્ટાંત વગેરે આચારપ્રદીપ ગ્રંથમાં આ ગ્રંથકારે કહ્યું છે, તેથી અત્રે તે કહ્યો નથી. આ રીતે આઠમી ગાથાનો અર્થ અત્રે પુરો થયો. (૮)

(મૂળગાથા.)

संझाइ जिणं पुणरवि, पूअइ पडिकमइ कुणइ तह विहिणा ॥
विस्समणं सष्भायं, गिहं गओ तो कहइ धम्मं ॥ ९ ॥

સંક્ષેપાર્થઃ—સંધ્યા વખતે ફરીથી અનુક્રમે જિનપૂજા, પ્રતિક્રમણ, તેમજ વિધિ પ્રમાણે મુનિરાજની સેવા ભક્તિ અને સઝાય કરવી. પછી ઘેર જઇ સ્વજનોને ધર્મોપદેશ કરવો. ॥ ૯ ॥

વિસ્તારાર્થઃ—શ્રાવકે હમેશાં એકાસણાં કરવાં એવો ઉત્સર્ગ માર્ગ છે. કહ્યું છે કે—શ્રાવક ઉત્સર્ગ માર્ગે સચિત વસ્તુને વર્જનારો, હમેશાં એકાસણું કરનારો તેમજ બ્રહ્મચર્યવ્રત પાળનારો હોય છે, પરંતુ જેનાથી

દરરોજ એકાસણું થઈ ન શકે એમ હોય, તેણે દિવસના આઠમા ચોઘડિયામાં પહેલી બે ઘડીએ અર્થાત્ બે ઘડી દિવસ બાકી રહે છતે ભોજન કરવું. છેલ્લી બે ઘડી દિવસ રહે ત્યારે ભોજન કરે તો રાત્રિભોજનનો મહા દોષ લાગવાનો પ્રસંગ આવે છે. સૂર્ય અસ્ત થયા પછી રાત્રિએ મોડું ભોજન કરે તો ઘણા દોષ લાગે છે. તેનું દૃષ્ટાંત સહિત સ્વરૂપ આ ગ્રંથકારે કરેલી અર્થદીપિકા ઉપરથી જાણવું. ભોજન કરી રહ્યા પછી પાછો સૂર્યનો ઉદય થાય, ત્યાં સુધીનું ચઉવિહાર અથવા દુવિહાર દિવસચરિમ પચ્ચખાણ કરે. એ પચ્ચખ્ખાણ મુખ્ય ભાગે તો દિવસ છતાંજ કરવું જોઇએ, પણ બીજે ભાગે રાત્રિએ કરે તો પણ ચાલે એમ છે.

શંકાઃ—દિવસચરિમ પચ્ચખાણ નિષ્ફળ છે. કારણ કે, એકાશન વગેરે પચ્ચખાણોમાં તે સમાઇ જાય છે. **સમાધાનઃ**—એમ નહી. એકાશણ વગેરે પચ્ચખાણના આઠ ઇત્યાદિક આગાર છે, અને દિવસચરિમના ચાર આગાર છે. માટે આગારનો સંક્ષેપ એજ દિવસચરિમમાં મુખ્ય છે. તેથી તે સફળ છે. દિવસ બાકી છતાં કરવાનું છે, તથા રાત્રિભોજન પચ્ચખાણનું યાદ કરાવનારૂં છે, માટે રાત્રિભોજન પચ્ચખાણવાળાને પણ તે ફળદાયી છે. એમ આવશ્યક લઘુવૃત્તિમાં કહ્યું છે. એ પચ્ચખાણ સુખે કરાય એવું તથા બહુ ફળદાયી છે. એના ઉપર નીચે પ્રમાણે એક દૃષ્ટાંત છેઃ—

દશાર્ણ નગરમાં એક શ્રાવિકા સાંજે ભોજન કરીને પ્રતિદિન દિવસચરિમ પચ્ચખાણ કરતી હતી. તેનો ભર્તાર મિથ્યાદૃષ્ટિ હતો. તે "સંધ્યાએ જમ્યા પછી રાત્રિએ કોઇ કાંઇ ભક્ષણ કરતું નથીજ. માટે એ (દિવસચરિમ) બ્હોટું પચ્ચખાણ કરે છે." એવી રીતે શ્રાવિકાની હમેશાં હાંસી કરતો હતો. એક વખતે શ્રાવિકાએ "તું ભાગીશ" એમ કહીને ઘણી ના પાડી, તો પણ તેણે દિવસચરિમ પચ્ચખાણ કર્યું. રાત્રિએ સમ્યગ્દૃષ્ટિ દેવી પરીક્ષા કરવા માટે તથા શીખામણ દેવાને માટે તેની બ્હેનનું રૂપ ધારણ કરી તેને ઘેબર વગેરે આપવા લાગી. શ્રાવિકાએ ઘણો વાર્યો, તો પણ જીભની લોલુપતાથી તેણે તે ખાવા માંડ્યું. એટલામાં દેવીએ તેને માથા ઉપર એવો એક પ્રહાર કર્યો કે જેથી તેના ડોળા બહાર નીકળી ભૂમિ ઉપર પડ્યા! "મ્હારો અપયશ થશે" એમ ધારી શ્રાવિ-

કાએ કાઉસ્સગ્ગ કર્યો. પછી શ્રાવિકાના કહેવાથી દેવીએ એક તત્કાળ કોઇએ મારી નાંખેલા બોકડાનાં નેત્ર લાવી તે પુરૂષને લગાડ્યાં. તેથી તેનું **એડકાક્ષ** એવું નામ પડ્યું. પછી પ્રત્યક્ષ ખાત્રી થવાથી તે પુરૂષ શ્રાવક થયો. લોકો કૌતુકથી તેને જોવા માટે આવવા લાગ્યા. તેથી તે નગરનું પણ **એડકાક્ષ** નામ પડ્યું. તેને જોવાથી ઘણા લોકો શ્રાવક થયા. આ રીતે દિવસચરિમ ઉપર એડકાક્ષનું દૃષ્ટાંત કહ્યું છે.

પછી સંધ્યા વખતે એટલે છેલ્લી બે ઘડી દિવસ રહે, ત્યારે સૂર્યબિંબનો અર્ધો અસ્ત થતાં પહેલાં ફરીથી ત્રીજી વાર યથાવિધિ જિનપૂજા કરવી.

प्रकाश २ रात्रिकृत्य.

દિનકૃત્ય સંબંધી કહ્યા પછી, હવે રાત્રિકૃત્ય કહીએ છીએ. શ્રાવક મુનિરાજની પાસે અથવા પૌષધશાળા વગેરેમાં જઈ યતનાથી પૂંજી સામાયિક કરવા વગેરે વિધિ સહિત ષડાવશ્યક રૂપ પ્રતિક્રમણ કરે, તેમાં સ્થાપનાચાર્યની સ્થાપના, મુહપત્તી, ચરવળો ઇત્યાદિ ધર્મોપકરણ ગ્રહણ કરવાં તથા સામાયિક કરવું. આ સંબંધી તથા બીજી કેટલીક વિધિ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર વૃત્તિમાં કાંઈક કહી છે, માટે અહિં કહેવામાં આવી નથી. શ્રાવકે સમ્યક્ત્વાદિકના સર્વે અતિચારની શુદ્ધિને માટે તથા ભદ્રક પુરૂષે અભ્યાસાદિકને સારૂ દરરોજ બે વખત જરૂર પ્રતિક્રમણ કરવું. વૈદ્યના ત્રીજા રસાયન ઔષધ સરખું પ્રતિક્રમણ છે, માટે કદાચ અતિચાર લાગ્યા ન હોય, તો પણ શ્રાવકે તે ખાસ કરવું. સિદ્ધાંતમાં કહ્યું છે કે—પહેલા અને છેલ્લા તીર્થંકરમાં શાસનમાં પ્રતિક્રમણ દરરોજ જરૂરનું છે, અને બાકીના વચલા બાવીસ તીર્થંકરના શાસનમાં કારણ હોય તો પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. કારણ હોય તો એટલે મધ્ય તીર્થંકરના વારામાં અતિચાર લાગ્યો હોય તો, બપોરનાજ પ્રતિક્રમણ કરે છે, અને ન લાગ્યો હોય તો સવાર સાંજ પણ ન કરે. ત્રણ પ્રકારનાં ઔષધ કહ્યાં છે તે એ કે:— ૧ પ્રથમ ઔષધ વ્યાધિ હોય તો મટાડે અને ન હોય તો નવો ઉત્પન્ન કરે, ૨ બીજું ઔષધ વ્યાધિ હોય તો મટાડે, પણ ન હોય તો નવા ઉત્પન્ન ન કરે. ૩ ત્રીજું ઔષધ રસાયન એટલે પૂર્વે થએલો વ્યાધિ હોય તો તેને મટાડે અને વ્યાધિ ન હોય તો સર્વાંગને પુષ્ટિ આપે, તથા સુખની અને બળની વૃદ્ધિ કરે; તેમજ ભાવિકાળે થનારા દોષોને બંધ પાડે. પ્રતિક્રમણ ઉપર કહેલા ત્રણ પ્રકારમાં ત્રીજા રસાયન ઔષધ સમાન છે. તેથી તે અતિચાર લાગ્યા હોય તો તેની શુદ્ધિ કરે છે, અને ન લાગ્યા હોય તો ચારિત્રધર્મની પુષ્ટિ કરે છે.

શંકા:—આવશ્યકચૂર્ણિમાં કહેલો સામાયિક વિધિ તેજ શ્રાવકનું પ્રતિક્રમણ છે. કેમકે, પ્રતિક્રમણના છ પ્રકાર તથા બે વખત જરૂર કરવું

એ સર્વે એમાંજ (સામાયિક વિધિમાંજ) ઘટાવાય તેમ છે. તે એ રીતે કેઃ—પ્રથમ ૧ સામાયિક કરી, પછી એક પછી એક એમ ૨ ઇરિયાવહી, ૩ કાયોત્સર્ગ, ૪ ચોવીસત્થો, ૫ વાંદણાં, અને ૬ પચ્ચખાણ કરવાથી છ આવશ્યક પૂરા થાય છે. તેમજ " **सामाइयमुभयसंझं** " એવું વચન છે, તેથી પ્રભાતે અને સંધ્યાએ કરવાનું પણ નક્કી થાય છે.

समाधानः—ઉપર કહ્યું તે બરોબર નથી. કેમકે, સામાયિક વિધિમાં છ આવશ્યક અને કાળ નિયમ સિદ્ધ થતા નથી. તે એમ કેઃ—તહારા (શંકાકારના) અભિપ્રાય મુજબ પણ ચૂર્ણિકારે સામાયિક, ઇરિયાવહી અને વાંદણાં એ ત્રણજ ખાસ દેખાડયાં છે; બાકીનાં દેખાડયાં નથી. તેમાં પણ ઇરિયાવહી પ્રતિક્રમણ કહ્યું છે, તે ગમનાગમન સંબંધી છે, પણ આવશ્યકના ચોથા અધ્યયન રૂપ નથી. કારણ કે, ગમનાગમન તથા વિહાર કરે છતે, રાત્રિએ નિદ્રાના અંતે તથા સ્વપ્ન જોવા પછી, તેમજ નાવમાં બેસવું પડે તો તથા નદી ઉતરવી પડે તો ઇરિયાવહી કરવી, એવું વચન છે. બીજું શ્રાવકને સાધુની માફક ઇરિયાવહિમાં કાઉસ્સગ્ગ અને ચોવીસત્થો જેમ કહ્યાં છે, તેમ સાધુની માફક પ્રતિક્રમણ પણ કેમ ન કહેવાય ? વળી શ્રાવકે સાધુનો જોગ ન હોય તો ચૈત્ય સંબંધી પૌષધશાળામાં અથવા પોતાના ઘરમાં સામાયિક તથા પ્રતિક્રમણ કરવું. એ રીતે આવશ્યક ચૂર્ણિમાં પણ સામાયિકથી પ્રતિક્રમણ જૂદું કહ્યું છે. તેમજ સામાયિકનો કાળ પણ નિયમિત નથી. કારણ કે, " જ્યાં વિશ્રાંતિ લે, અથવા નિર્વ્યાપારપણે બેસે, ત્યાં સર્વત્ર સામાયિક કરવું. " તેમજ " જ્યારે અવસર મળે ત્યારે સામાયિક કરવું. " તેથી કાંઇ પણ ભંગ ન લાગે એવાં ચૂર્ણિનાં પ્રમાણભૂત વચન છે.

હવે " **सामाइयमुभयसंझं** " એવું જે વચન છે તે સામાયિક પ્રતિભાની અપેક્ષાથી કહ્યું છે. કેમકે, ત્યાંજ સામાયિકનો નિયમિત કાળ સંભળાય છે. અનુયોગદ્વાર સૂત્રમાં તો ખાસ શ્રાવકને પ્રતિક્રમણ કહ્યું છે. તે એમ કેઃ—સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા એ સર્વે જણ પોતાના ચિત્ત, મન લેશ્યા, સામાન્ય અધ્યવસાય, તિવ્ર અધ્યવસાય તથા ઇંદ્રિયો પણ આવશ્યકને વિષેજ તલ્લીન કરી તથા અર્થ ઉપર બરોબર ઉપયોગ

રાખી આવશ્યકનીજ ભાવના ભાવતાં પ્રભાત કાળે તથા સંધ્યાએ પ્રતિક્રમણ કરે. વળી તેજ સૂત્રમાં કહ્યું છે કે, જે માટે સાધુને અને શ્રાવકને રાત્રિના તથા દિવસના અંતભાગે પ્રતિક્રમણ કરવું પડે છે, માટે પ્રતિક્રમણને આવશ્યક કહે છે. માટે સાધુની પેઠે શ્રાવકે પણ શ્રીસુધર્માસ્વામી આદિ આચાર્યની પરંપરાથી ચાલતું આવેલું પ્રતિક્રમણ મુખ્ય માર્ગે ઉભય કાળ કરવું. કેમકે, તેથી દિવસે તથા રાત્રિએ કરેલાં પાપોની શુદ્ધિ થતી હોવાથી ઘણી ફળપ્રાપ્તિ થાય છે. વળી કહ્યું છે કે—પાતકોને જીવ પ્રદેશમાંથી કાઢી નાખનારૂં, કષાયરૂપ ભાવશત્રુને જીતનારૂં, પુણ્યને ઉત્પન્ન કરનારૂં અને મુક્તિનું કારણ એવું પ્રતિક્રમણ દરરોજ બે વાર કરવું. પ્રતિક્રમણ ઉપર એક દૃષ્ટાંત નીચે પ્રમાણે સંભળાય છે.

દિલ્હીમાં દેવસી રાઇ પ્રતિક્રમણનો અભિગ્રહ પાળનારો એક શ્રાવક રહેતો હતો. રાજવ્યાપારમાં કાંઇ તહોમતમાં આવવાથી બાદશાહે તેને સર્વાંગે બેડીઓ જડીને બંદીખાને નાંખ્યો. તે દિવસે લાંઘણ થઇ હતી, તો પણ તેણે સંધ્યા વખતે પ્રતિક્રમણ કરવાને સારૂ રખવાળોને એક વખત સોનું આપવાનું કબૂલ કરી બે ઘડી સુધી હાથ છોડાવ્યા, અને પ્રતિક્રમણ કર્યું. એ રીતે તેણે એક મહિનામાં સાડ વાર સોનું પ્રતિક્રમણને માટે આપ્યું. પોતાનો નિયમ પાળવામાં તેની એવી દૃઢતા જાણીને બાદશાહ સંતુષ્ટ થયો, અને તેણે તેને બંદીખાનાથી છોડી મુકી પહેરામણી આપી, અને અમાઉની માફક તેનું વધુ સન્માન કર્યું. આ રીતે પ્રતિક્રમણ કરવામાં યતના અને દૃઢતા રાખવી જરૂરની છે.

પ્રતિક્રમણના, ૧ દેવસી, ૨ રાઇ, ૩ પખ્ખી, ૪ ચોમાસી, અને ૫ સંવત્સરી એવા પાંચ પ્રકાર છે. એમનો સમય ઉત્સર્ગ માર્ગે કહ્યો છે તે આ પ્રમાણે. ગીતાર્થ પુરૂષો સૂર્યબિંબનો અર્ધ ભાગ અસ્ત થાય ત્યારે પ્રતિક્રમણ સૂત્ર કહે છે. એ વચન પ્રમાણભૂત છે તેથી દેવસી પ્રતિક્રમણનો સમય સૂર્યનો અર્ધો અસ્ત એજ જાણવો. રાઇ પ્રતિક્રમણનો કાળ એવી રીતે કહ્યો છે કે:—આચાર્યો આવશ્યક (પ્રતિક્રમણ) કરવાનો વખત થાય છે ત્યારે ઉંઘ તજી દેછે, અને આવશ્યક એ રીતે કરે છે કે, જેથી દશ પડિલેહણા કરતાં વારજ સૂર્યોદય થાય. અપવાદ માર્ગથી તો દેવસી

પ્રતિક્રમણ દિવસના ત્રીજા પહોરથી અર્ધી રાત્રી સુધી કરાય છે. યોગશાસ્ત્રની વૃત્તિમાં તો દેવસી પ્રતિક્રમણ બપોરથી માંડી અર્ધી રાત્રી સુધી કરાય એમ કહ્યું છે. તેમજ રાઇ પ્રતિક્રમણ મધ્ય રાત્રીથી માંડી બપોર સુધી કરાય. વળી કહ્યું છે કે—" રાઈ પ્રતિક્રમણ આવશ્યક ચૂર્ણિના અભિપ્રાય પ્રમાણે ઉગ્ઘાડપોરિસિ સુધી કરાય છે, અને વ્યવહાર સૂત્રના અભિપ્રાય પ્રમાણે બપોર સુધી કરાય. " પાક્ષિક પ્રતિક્રમણ પખવાડિયાના છેડે, ચાતુર્માસિક ચોમાસાને અંતે અને સાંવત્સરિક વર્ષને અંતે કરાય છે. **શંકા**:—પખ્ખી પ્રતિક્રમણ ચૌદશે કરાય ? કે અમાસ પૂનમે કરાય? **ઉત્તર**:—ચૌદશે જ કરાય એમ અમારૂં કહેવું છે. જો અમાસે તથા પૂનમે પખ્ખી પ્રતિક્રમણ કરાય, તો ચૌદશે તથા પખ્ખીને દિવસે પણ ઉપવાસ કરવાનો કહ્યો છે, તેથી પખ્ખી આક્ષેપણા પણ છઠ્ઠવડે થાય. અને તેમ કરવાથી આગમ વચનને વિરોધ આવે છે. આગમમાં કહ્યું છે કે—[1]**अट्ठम छठ चउच्छं, संवच्छर चाउमास पक्खेसु** બીજું આગમમાં જ્યાં **पाक्षिक** શબ્દનું ગ્રહણ કર્યું છે, ત્યાં **चतुर्दशी** શબ્દ જૂદો લીધો નથી, અને જ્યાં **चतुर्दशी** શબ્દનું ગ્રહણ કર્યું છે, ત્યાં **पाक्षिक** શબ્દ જૂદો લીધો નથી. તે આ રીતેઃ—[2]**अट्ठमि चउद्दसीसु उपवासकरणं** એ વચન પાક્ષિક ચૂર્ણિમાં છે. [3]**सो अट्ठमिचउद्दसीसु उपवासं करेइ** " એ વચન આવશ્યક ચૂર્ણિમાં છે. [4]**चउच्छछठठमकरणे अट्ठमिपक्खचउमासवरिसे अ** એ વચન વ્યવહારભાષ્ય પીઠિકામાં છે. **अट्ठमिचउद्दसीणाए पंचमीचउमास**—વગેરે વચન મહાનિશીથમાં છે. વ્યવહાર સૂત્રના છઠ્ઠા ઉદ્દેશમાં **पक्खस्स अट्ठमी खलु, मासस्स य पक्खिअं मुणेअव्वं** એ વચનની વ્યાખ્યા કરતાં વૃત્તિકારે **पाक्षिक** શબ્દનો અર્થ ચતુર્દશી એમજ કર્યો છે. જો પખ્ખી અને ચતુર્દશી જૂદાં હોત તો આગમમાં બે શબ્દ જૂદા આવત, પણ તેમ નથી. તેથી અમે એવા ઠરાવ ઉપર આવીએ છીએ કે,

---

૧ સંવત્સરીએ અઠ્ઠમ, ચોમાસીએ છઠ્ઠ, અને પખ્ખીએ ઉપવાસ કરવો. ૨ આઠમ ચઉદશે ઉપવાસ કરવો. ૩ તે આઠમ ચઉદશે ઉપવાસ કરે. ૪ આઠમે તથા પખ્ખીએ ઉપવાસ, ચોમાસીએ છઠ્ઠ અને સંવત્સરીએ અઠ્ઠમ કરવું.

પંચમી ચતુર્દશીને દિવસેજ થાય.

અગાઉ ચોમાસી પૂનમે અને સંવત્સરી પાંચમે કરતા હતા, પણ હાલના વખતમાં શ્રી કાલિકાચાર્યની આચરણાથી ચોમાસી ચૌદશે અને સંવત્સરી ચોથે કરાય છે. એ વાત સર્વ સંમત હોવાથી પ્રામાણિક છે. શ્રી કલ્પભાષ્ય આદિ ગ્રંથોમાં કહ્યું છે કે–કોઇપણ આચાર્યે કોઇ પણ વખતે મનમાં શઠતા ન રાખતાં જે કાંઇ નિરવદ્ય આચરણ કર્યું હોય, અને અન્ય આચાર્યોએ તેનો જો પ્રતિષેધ ન કર્યો હોય, તો તે બહુમત આચરિતજ સમજવું. તીર્થોદ્ધાર નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે—શાલિવાહન રાજાએ સંઘના આદેશથી શ્રીકાલિકાચાર્ય પાસે ચૌદશને દિવસે ચોમાસી અને ચોથને દિવસે સંવત્સરી કરાવી. નવસો ત્રાણુંની સાથે ચતુર્વિધ શ્રી સંઘે ચૌદશને દિવસે ચોમાસી પ્રતિક્રમણ કર્યું. તે આચરણ પ્રમાણભૂત છે. આ વિષયમાં અધિક ચર્ચા જોવી હોય તો પૂજ્ય શ્રી કુલમંડનસૂરિએ કરેલો વિચારામૃતસંગ્રહ નામનો ગ્રંથ જોવો.

પ્રતિક્રમણ કરવાનો વિધિ યોગશાસ્ત્રની વૃત્તિમાં ચિરંતનાચાર્ય કૃત ગાથાઓ કહી છે, તે ઉપરથી ધારવો. તે નીચે પ્રમાણે છેઃ—

पंचविहायारविसु-द्धि हेउमिह साहु सावगो वावि ॥
पडिकमणं सह गुरुणा, गुरुविरहे कुणइ इक्को वि ॥ १ ॥

અર્થઃ—આ મનુષ્યભવમાં સાધુએ તથા શ્રાવકે પણ પંચવિધ આચારની શુદ્ધિ કરનારૂં પ્રતિક્રમણ ગુરૂની સાથે, અથવા ગુરૂનો યોગ ન હોય તો એકલાએ અવશ્ય કરવું. (૧)

वंदित्तु चेइयाई, दाउं चउराइए खमासमणे ॥
भूनिहिअसिरो सयला-इआरमिच्छोक्कडं देइ ॥ २ ॥

અર્થઃ—ચૈત્યવંદન કરી ચાર પ્રમુખ ખમાસમણાં દઈ ભૂમીને વિષે મસ્તક રાખી સર્વે અતિચારનું **मिच्छामीदुक्कडं** દેવું. (૨)

सामाइअपुव्वमिच्छा-मि ठाइउं काउसग्गमिच्चाइ ॥
सुत्तं भणिअपलंबिअ-भुअकुप्परधरिअ पहिरणओ ॥ ३ ॥
घोडगमाई दोसे-हिं विरहिअं तो करेइउस्सग्गं ॥
नाहिअहो जाणुट्ठं, चउरंगुलठइअकडिपट्टो ॥ ४ ॥

અર્થ:—પ્રથમ સામાયિક લઇ **इच्छामि ठामि काउस्सग्गं** ઇત્યાદિ સૂત્ર બોલવું. અને પછી ભુજાઓ તથા કોણિ લાંબી કરી રજોહરણ અથવા ચરવળો તથા મુહપત્તિ હાથમાં રાખી ઘોડગ વગેરે દોષ ટાળી કાઉસગ્ગ કરે. તે વખતે પહેરેલો ચોળપટ્ટો નાભિથી નીચે અને ઢીંચણથી ચાર આંગળ ઉંચો હોવો જોઇએ. (૩-૪)

तत्थय धरेइ हिअए, जहक्कमं दिणकए अईआरे ॥
पारेत्तु णमोक्कारे-ण पढइ चउवीसथयदंडं ॥ ५ ॥

અર્થ:—કાઉસગ્ગ કરતાં મનમાં દિવસે કરેલા અતિચાર અનુક્રમે ચિંતવવા. પછી નવકારવડે કાઉસગ્ગ પારી લોગસ્સ કહેવો. (૫)

संडासगे पमज्जिअ, उवविसिअ अलग्ग विअय बाहुजुगो ॥
मुहणंतगं च कायं, च पेहए पंचवीसइहा ॥ ६ ॥

અર્થ:—સંડાસક પૂંજી નીચે બેસી અલગી અને લાંબી બે ભુજાઓ કરી મુહપત્તિની તથા કાયાની પચ્ચીશ પચ્ચીશ પડિલેહણા કરવી. (૬)

उठिअ ठिओसविणयं, विहिणा गुरुणो करेइ किइकम्मं ॥
बत्तीस दोस रहिअं, पणवीसावस्सग विसुद्धं ॥ ७ ॥

અર્થ:—ઉઠી, ઉભા રહી વિનયથી વિધિપૂર્વક ગુરૂને વંદના કરવી. તેમાં બત્રીશ દોષ ટાળવા, અને પચ્ચીશ આવશ્યકની વિશુદ્ધિ સાચવવી.

अह संममघणयंगो, करजुअ विहि धरिअ पुत्ति रयहरणो ॥
परिकित्तइ अइआरे, जहक्कमं गुरुपुरो विअडे ॥ ८ ॥

અર્થ:—પછી સમ્યક્ પ્રકારે શરીર નમાવી બે હાથમાં યથાવિધિ મુહપત્તિ અને રજોહરણ અથવા ચરવળો લઇ ગુરૂ આગળ અનુક્રમે પ્રકટપણે અતિચાર ચિંતવવા. (૮)

अह उववीसित्तु सुत्तं, सामाइअमाइअं पढिअ पयओ ॥
अब्भुठिअमि इच्चा-इ पढइ दुहउठिओ विहिणा ॥ ९ ॥

અર્થ:—પછી નીચે બેસી સામાયિક વગેરે સૂત્ર યતનાથી કહે. તે પછી ઉઠીને "अब्भुठिअमि" વગેરે પાઠ વિધિપૂર્વક કહે. (૯)

दाऊण वंदणं तो, पणगाइसु जइसु खामए तिण्णि ॥
किइकम्मं करि आयरि-अमाइ गाहातिगं पढए ॥ १० ॥

અર્થ:—પછી વાંદણાં દઇ ત્રણ વાર ખમાવે. આ રીતે વંદના કરી આયરિઅ ઇત્યાદિ ત્રણ ગાથાનો પાઠ કહે. (૧૦)

इअ सामाइअउस्स-ग्गसुत्तमुच्चरिअ काउसग्गठिओ ॥
चिंतइ उज्जोअदुगं, चरित्तअइआरसुद्धिकए ॥ ११ ॥

અર્થ:—આ રીતે સામાયિકસૂત્ર તથા કાયોત્સર્ગ સૂત્રનો પાઠ કહી, પછી ચારિત્રાચાર શુદ્ધિને અર્થે કાઉસગ્ગ કરી બે લોગસ્સ ચિંતવવા. (૧૧)

विहिणा पारिअ संम-त्तसुद्धिहेउं च पढइ उज्जोअं ॥
तह सव्वलोअअरिहं-तचेइआराहणुस्सग्गं ॥ १२ ॥
काउं उज्जोअगरं, चिंतिअ पारेइ सुद्धसंमत्तो ॥
पुक्खरवरदीवड्ढं, कड्ढइ सुअसोहणनिमित्तं ॥ १३ ॥

અર્થ:—પછી યથાવિધિ કાઉસ્સગ્ગ પારીને સમ્યક્ત્વ શુદ્ધિને અર્થે પ્રગટ લોગસ્સ કહે. તેમજ સર્વ લોકને વિષે રહેલા અરિહંત ચૈત્યોની આરાધનાને માટે કાઉસ્સગ્ગ કરી તેમાં એક લોગસ્સ ચિંતવે, અને તેથી શુદ્ધ સમ્યક્ત્વધારી થઇને કાઉસ્સગ્ગ પારે. તે પછી શ્રુતશુદ્ધિને માટે પુ-ષ્ખરવરદી કહે. (૧૨-૧૩)

पुण पणवीसोस्सासं, उस्सग्गं कुणइ पारए विहिणा ॥
तो सयलकुसलकिरिआ-फलाणसिद्धाण पढइ थयं ॥ १४ ॥

અર્થ:—પછી પચીશ ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે, અને યથાવિધિ પારે. તે પછી સકળ શુભ ક્રિયાનાં ફળ પામેલા એવા સિદ્ધ પરમાત્મા-નો સ્તવ કહે. (૧૪)

अह सुअसमिद्धिहेउं, सुअदेवीए करेइ उस्सग्गं ॥
चिंतेइ नमोक्कारं, सुणइव देईव तीइ थुइं ॥ १५ ॥

અર્થ:—પછી શ્રુતસમૃદ્ધિને અર્થે શ્રુતદેવીનો કાઉસ્સગ્ગ કરે, અને તેમાં નવકાર ચિંતવે. તે પછી શ્રુતદેવીની થુઈ સાંભળે, અથવા પો-તે કહે. (૧૫)

एवं खेत्तसुरीए, उस्सग्गं कुणइ सुणइ देइ थुइं ॥
पढिऊण पंचमंगलमुवविसइ समज्जसंडासे ॥ १६ ॥

અર્થ:—એજ રીત ક્ષેત્રદેવીનો કાઉસ્સગ્ગ કરી તેની થુઈ સાંભળે,

અથવા પોતે કરે. પછી પંચ મંગળ કહી સંડાસા પ્રમાર્જીને નીચે બેસે. (૧૬)

पुव्वविहिणेव पोहिअ, पुत्ति दाऊण वंदणं गुरुणो ॥
इच्छामो अणुसट्ठिं, ति भणिअ जाणूहिं तो ठाइ ॥ १७ ॥

અર્થ:—પછી પૂર્વોક્ત વિધિએજ મુહપત્તિ પડિલેહી શેરૂને વાંદણાં દેવાં. તે પછી " **इच्छामो अणुसट्ठिं** " કહી ઢીંચણ ઉપર બેસવું. (૧૭)

गुरुथुइ गहणे थुइति-ण्णि वद्धमाणक्खरस्सरा पढइ ॥
सक्कत्थवं थवं पढि-अ कुणइ पच्छित्तउस्सग्गं ॥ १८ ॥

અર્થ:—ગુરૂ સ્તુતિ કહી " **नमोस्तु वर्द्धमानाय** " વગેરે ત્રણ શુભ ઉચ્ચ સ્વરે કહેવી. તે પછી નમોત્થુણં કહી પ્રાયશ્ચિત્તને માટે કાઉસ્સગ્ગ કરવો. (૧૮)

एवं ता देवसिअं, राइअमवि एवमेव नवरितहिं ॥
पढमं दाउं मिच्छा-मि दुक्कडं पढइ सक्कथयं ॥ १९ ॥

અર્થ:—આ રીતે દેવસી પ્રતિક્રમણ વિધિ કહ્યો. રાઇ પ્રતિક્રમણ વિધિ પણ એ પ્રમાણેજ છે. તેમાં એટલોજ વિશેષ કે, પ્રથમ મિચ્છામિ દુક્કડ દઈને પછી શક્રસ્તવ કહેવું. (૧૯)

उठिअ करेइ विहिणा, उस्सग्गं चिंतए अ उज्जोअं ॥
बीअं दंसणसुद्धी-इ चिंतए तत्थ इममेव ॥ २० ॥

અર્થ:—ઉઠીને યથાવિધિ કાઉસ્સગ્ગ કરે, અને તેમાં લોગસ્સ ચિંતવે તથા દર્શનશુદ્ધિને માટે બીજો કાઉસ્સગ્ગ કરી તેમાં પણ લોગસ્સ જ ચિંતવે. (૨૦)

तइए निसाइआरं, जहक्कमं चिंतिऊण पारेइ ॥
सिद्धत्थयं पढित्ता, पमज्ज संडासमुवविसइ ॥ २१ ॥

અર્થ:—ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિએ થએલા અતિચાર અનુક્રમે ચિંતવે, અને પછી પારે. તે પછી સિદ્ધસ્તવ કહી સંડાસા પ્રમાર્જી બેસે. ૨૧

पुव्वं व पुत्तिपेहण-वंदणमालोअणुत्तपढणं च ॥
वंदणखामण वंदण-गाहातिगपढणमुस्सग्गो ॥ २२ ॥

અર્થ:—પૂર્વની પેઠે મુહપત્તિની પડિલેહણા, વંદના તથા લોગસ્સ

સૂત્રના પાઠ સુધી કરવું. તે પછી વંદના, ખામણાં, પાછી વંદના કરી થુ
ઇની ત્રણ ગાથા કહી કાઉસ્સગ્ગ કરવો. (૨૨)

तत्थय चिंतइ संजम-जोगाण न होइ जेण मे हाणी ॥
तं पडिवज्जामि तवं, छम्मासं ता न काउमलं ॥ २३ ॥

અર્થ:—તે કાઉસ્સગ્ગમાં આ રીતે ચિંતવે કે, "જેથી મ્હારા સં-
યમયોગની હાનિ ન થાય, તે તપસ્યાનો હું અંગીકાર કરૂં. પહેલા છમાસી
તપ કરવાની તો મ્હારામાં શક્તિ નથી. ૨૩

एगाइ इगुणतासू-णयं पि न सहो न पंचमासमवि ॥
एवं चउ-ति-दु-मासं, न समत्थो एगमासं पि ॥ २४ ॥

અર્થ:—છમાસીમાં એક દિવસ ઓછો, બે દિવસ ઓછા એમ કરતાં
ઓગણત્રીશ દિવસ ઓછા કરીએ તોપણ તેટલી તપસ્યા કરવાની મ્હારામાં
શક્તિ નથી, તેમજ પંચમાસી, ચોમાસી, ત્રીમાસી, બેમાસી, તથા એક
માસખમણ પણ કરવાની મ્હારામાં શક્તિ નથી. (૨૪)

जा तं पि तेरसूणं, चउतोसद्धमाइओ दुहाणीए ॥
जा चउथं तो आयं-बिलाइ जा पोरिसि नमो वा ॥ २५ ॥

અર્થ:—માસખમણમાં તેર ઊણા કરીએ ત્યાં સુધી તથા સોળ ઉપ-
વાસથી માંડી એકેક ઉપવાસ ઓછો કરતાં ઠેઠ ચોથભક્ત (એક ઉપવાસ)
સુધી તપસ્યા કરવાની પણ મ્હારામાં શક્તિ નથી. એમજ આંબિલ આદિ,
પોરિસિ તથા નવકારસી સુધી ચિંતવવું. (૨૫)

जं सक्कइ तंहिअह, धरेत्तु पारेत्तु पेहण पोत्ति ॥
दाउं वंदणमसढो, तं चिअ पच्चख्खए विहिणा ॥ २६ ॥

અર્થ:—ઉપર કહેલી તપસ્યામાં જે તપસ્યા કરવાની શક્તિ હોય તે
હૃદયમાં ધારવી, અને કાઉસ્સગ્ગ પારી મુહપત્તિ પડિલેહવી. પછી સરળ
ભાવથી વાંદણાં દઇ જે તપસ્યા મનમાં ધારી હોય તેનું યથાવિધિ પચ્ચ-
ખ્ખાણ લેવું. (૨૬)

इच्छामो अणुसठिं, ति भणिअ उवविसिअ पढइ तिण्णि थुइ ॥
मिउसद्दण सक्क-त्थयाइ ता चेइए वंदे ॥ २७ ॥

અર્થ:—પછી ઇચ્છામો અણુસંઠિ કહી નીચે બેસી ધીમા સ્વરથી

ત્રણ થુઈનો પાઠ કહે. તે પછી **નમોત્થુણં** વગેરે કહી ચૈત્યવંદન કરવું. ૨૭

अहपक्खिअं चउद्दसि-दिणंमि पुव्वं व तत्थ देवसिअं ॥
सुत्तंतं पडिकामिउं, तो सम्ममिमं कमं कुणइ ॥ २८ ॥

અર્થ:—હવે ચૌદશે કરવાનું પખ્ખી પ્રતિક્રમણ કહીએ છીએ. તેમાં પહેલા અગાઉ કહ્યા પ્રમાણે દેવસી પ્રતિક્રમણ સૂત્રના પાઠ સુધી વિધિ કહી પ્રતિક્રમણ કરી પછી આગળ કહેવાશે. તે અનુક્રમ પ્રમાણે સારી પેઠે કરવું (૨૮)

मुहपोत्ती वंदणयं, संवुद्धा खामणं तहा लोए ॥
वंदणपत्तेअख्खा-मणं च वंदणयमह सुत्तं ॥ २९ ॥

અર્થ—પ્રથમ મુહપત્તિ પડિલેહવી તથા વંદના કરવી, પછી સં. બુદ્ધા ખામણાં તથા અતિચારની આલોચના કરી, પછી વંદના તથા પ્રત્યેક ખામણાં કરવાં. તે પછી વંદિત્તાસૂત્ર કહેવું. (૨૯)

सुत्तं अब्भुठाणं, उस्सग्गो पुत्ति वंदणं तहय ॥
पज्जंति अ खामणयं, तह चउरो छोभवंदणया ॥ ३० ॥

અર્થ:—પછી અબ્ભુઠાણ સૂત્રનો પાઠ કહી કાઉસ્સગ્ગ કરવો. તે પછી મુહપત્તિ પડિલેહી, વંદના કરી પાર્યતિક ખામણાં કરે અને ચાર થોભવંદના કરે. (૩૦)

पुव्वविहिणेव सव्वं, देवसिअं वंदणाइ तो कुणइ ॥
भुयन देवतानो उस्सग्गे, भेओ संतिथय पढण अ ॥ ३१ ॥

અર્થ:—પછી અગાઉ કહેલી વિધિ પ્રમાણે દેવસી વંદનાદિક કરવું. તેમાં સિજ્જાસુરી કાઉસ્સગ્ગ કરે અને અજિત શાંતિ કહે. પાઠમાં ફેરફાર છે. (૩૧)

एवं चिअ चउमासे, वरिसे अ जहक्कमं विही णेओ ॥
पक्खचउमास वरिसे-सु नवरि नामंमि नाणत्तं ॥ ३२ ॥

અર્થ:—એ રીતેજ ચોમાસી પ્રતિક્રમણનો તથા સંવત્સરી પ્રતિક્રમણનો વિધિ જાણવો. તેમાં એટલો વિશેષ કે, પખ્ખી પ્રતિક્રમણ હોય તો **પખ્ખી**, ચોમાસી હોય તો **ચોમાસી** અને સંવત્સરી હોય તો **સંવત્સરી** એવાં જૂદાં જૂદાં નામ આવે છે. (૩૨)

तह उस्सग्गोज्जोआ, बारसवीसा स मंगलचत्ता ॥
संबुद्धखामणं तिप-ण सत्त साहुण जह संखं ॥ ३३ ॥

અર્થ:—તેમજ પખ્ખીના કાઉસ્સગ્ગમાં બાર, ચોમાસીના કાઉસ્સગ્ગમાં વીસ અને સંવત્સરીના કાઉસ્સગ્ગમાં ચાળીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ નવકાર સહિત ચિંતવવો. તથા સંબુદ્ધખામણું પખ્ખી, ચોમાસી અને સંવત્સરીએ અનુક્રમે ત્રણ, પાંચ તથા સાત સાધુનાં અવશ્ય કરવાં. (૩૩) આ રીતે ચિરંતનાચાર્યોક્ત પ્રતિક્રમણ ગાથા કહી.

હરિભદ્રસૂરિ કૃત આવશ્યક વૃત્તિમાં વંદનક નિર્યુક્તિની અંદર આવેલી **चत्तारि पडिक्कमणे** એ ગાથાની વ્યાખ્યાને અવસરે સંબુદ્ધ ખામણાના વિષયમાં કહ્યું છે. તે એ કે.—દૈવસી પ્રતિક્રમણમાં જઘન્ય ત્રણ, પખ્ખી તથા ચોમાસીમાં પાંચ અને સંવત્સરીમાં સાત સાધુઓને જરૂર ખમાવવા. પ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં આવેલી વૃદ્ધસામાચારીમાં પણ એ પ્રમાણે કહ્યું છે

હવે પ્રતિક્રમણના અનુક્રમનો વિચાર પૂજ્ય શ્રીજયચંદ્રસૂરિ કૃત ગ્રંથમાંથી જાણવો. પ્રતિક્રમણ વિધિ ઉપર કહી તે પ્રમાણે છે.

તેમજ આશાતના ટાળવા વગેરે વિધિથી મુનિરાજની અથવા ગુણવંત તથા અતિશય ધર્મિષ્ઠ શ્રાવક આદિની સેવા કરે વિશ્રામણા એક ઉપલક્ષણ છે, માટે સુખ સંયમયાત્રાની પૃચ્છા વગેરે પણ કરે, પૂર્વભવે પાંચમો સાધુઓની સેવા કરવાથી ચક્રવર્તી કરતાં અધિક બળવાન્ થએલા બાહુબળિ વગેરેના દૃષ્ટાંતથી સેવાનું ફળ વિચારવું. ઉત્સર્ગ માર્ગ જોતાં સાધુઓએ કોઈ પાસે પણ સેવા ન કરાવવી. કારણ કે, **संवाहण दंत पहोअणाअ** એ આગમ વચનમાં નિષેધ કર્યો છે. **અપવાદ**—સાધુઓએ સેવા કરાવવી હોય તો સાધુ પાસેજ કરાવવી. તથા કારણ પડે સાધુને અભાવે લાયક શ્રાવક પાસે કરાવવી. જો કે મ્હોટા મુનિરાજ સેવા કરાવતા નથી, તથાપિ મનના પરિણામ શુદ્ધ રાખી સેવાને બદલે મુનિરાજને ખમાસમણ દેવાથી પણ નિર્જરાનો લાભ થાય છે, અને વિનય પણ સચવાય છે. તે પછી પૂર્વે કહેલા દિનકૃત્ય આદિ શ્રાવકનો વિધિ દેખાડનારા ગ્રંથોની અથવા ઉપદેશમાળા, કર્મગ્રંથ વગેરે ગ્રંથોને ફેરવવા રૂપ, શીલાંગ વગેરે

રથની ગાથા ગણવા ૩૫ અથવા નવકારની વલયાકાર આવૃત્તિ વગેરે સ્વાધ્યાય પોતાની બુદ્ધિ પ્રમાણે મનની એકાગ્રતાને માટે કરવી.

શીલાંગ રથ આ ગાથા ઉપરથી જાણવો.

करणे ३ जोए ३ सन्ना ४, इंदिअ ५ भूमाइ १० समणधम्मो अ १० ॥
सिलंग सहस्साणं, अठारसगस्स निप्फत्ती ॥ १ ॥

અર્થ:—કરણ, કરાવણ, અનુમોદન એ ત્રણ કરણ, એ ત્રણેને મન, વચન અને કાયાના ત્રણ યોગથી ગુણતાં નવ થયા. તે નવને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી ગુણતાં ૩૬ છત્રીશ થયા. તેને ચક્ષુ, સ્પર્શ, શ્રોત્ર, રસ અને ઘ્રાણ એ પાંચ ઇંદ્રિયોથી ગુણતાં ૧૮૦ એકસો એંશી થયા. તેને પૃથિવીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિ કાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરેંદ્રિય, પચેંદ્રિય, અને અજીવકાય એ દસ જીવ ભેદની સાથે ગુણતાં ૧૮૦૦ અઢારસો થયા. તેને ૧ ક્ષાંતિ, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ મુક્તિ (નિર્લોભતા), ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ (પવિત્રતા), ૯ અકિંચનતા (પરિગ્રહત્યાગ) અને ૧૦ બ્રહ્મચર્ય એ દસ પ્રકારના સાધુધર્મે ગુણતાં ૧૮૦૦૦ અઢાર હજાર થાય. એ રીતે શીલાંગ રથના અઢાર હજાર અંગની ઉત્પત્તિ જાણવી. હવે શીલાંગ રથના ભાવના અંક આ રીતે છે:—

*जे नो करंति मणसा, निज्जिअ आहार सन्न सोइंदी ॥
पुढविक्कायारंभं, खंतिजुआ ते मुणी वंदे ॥ १ ॥ વગેરે.

એનું વિશેષ સ્વરૂપ યંત્ર ઉપરથી જાણવું. હવે સાધુધર્મ રથનો પાઠ આ રીતે છે:—

†न हणेइ सयं साहू, मणसा आहार सन्न संवुडओ ॥
सोइंदिअ संवरणो, पुढविजिए खंति संपन्नो ॥ १ ॥

---

*આહાર આદિ સંજ્ઞા અને શ્રોત્ર વગેરે ઇંદ્રિયોને જિતનાર જે મુનીઓ પૃથ્વીકાય વગેરેનો આરંભ મનથી પણ નથી કરતા, તે ક્ષાંતિ વગેરે દશવિધ ધર્મના પાળનાર મુનિઓને હું વંદના કરું છું.

†આહાર વગેરે સંજ્ઞાઓનો, શ્રોત્ર આદિ ઇંદ્રિયોનો સંવર કરનાર, પૃથ્વીકાય વગેરે આરંભને વર્જનાર તથા ક્ષાંતિ આદિ દશવિધ ધર્મને પાળનાર એવા સાધુ પોતે મનવડે પણ હિંસા ન કરે.

વગેરે સામાચારી રથ, ક્ષમણા રથ, નિયમ રથ, આલોચના રથ, તપો રથ, સંસાર રથ, ધર્મ રથ, સંયમ રથ, વગેરેના પાઠ પણ આ રીતેજ જાણવા. વધુ લંબાણ થવાની બીકથી તે અત્રે દાખલ કર્યા નથી.

નવકારની વલક ગણનામાં તો પાંચ પદ આશ્રયી એક પૂર્વાનુપૂર્વી, એક પશ્ચાનુપૂર્વી અને બાકી એકસો ને અઢાર (૧૧૮) અનાનુપૂર્વીઓ આવે છે. નવપદ આશ્રયી અનાનુપૂર્વિ તો (૩૬૨૮૭૮૦) ત્રણ લાખ બાસઠ હજાર આઠસો અડોત્તેર થાય છે. અનાનુપૂર્વિ વગેરે ગણવાનો વિચાર તથા તેનું સ્વરૂપ પૂજ્યથી જિનકીર્તિસૂરિ કૃત સટીક પરમેષ્ટિસ્તવથી જાણવું. આ રીતે નવકાર ગણવાથી દુષ્ટ એવા શાકિની, વ્યંતર, વૈરી, ગ્રહ, મહારોગ વગેરેનો શીઘ્ર નાશ થાય છે. એ એનું આ લોકમાં પણ પ્રત્યક્ષ ફળ છે. પરલોક આશ્રયી એનું ફળ તો અનંત કર્મક્ષય પ્રમુખ છે. કેમકે—જે પાપ કર્મની નિર્જરા માસની અથવા એક વર્ષની તીવ્ર તપસ્યાથી થાય છે, તેજ પાપની નિર્જરા નવકારની અનાનુપૂર્વિ ગુણવાથી અર્ધ ક્ષણમાં થાય છે. શીલાંગ રથ વગેરેના ગણવાથી પણ મન વચન કાયાની એકાગ્રતા થાય છે, અને તે થકી ત્રિવિધ ધ્યાન થાય છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે—ભંબિક શ્રુત ગણનારો પુરૂષ ત્રિવિધ ધ્યાનમાં વર્તે છે.

આ રીતે સ્વાધ્યાય કરવાથી ધર્મદાસની માફક પોતાને કર્મક્ષયાદિ તથા બીજાને પ્રતિબોધાદિક ઘણો ગુણ થાય છે. ધર્મદાસનો દાખલો નીચે પ્રમાણે છે:—

ધર્મદાસ દરરોજ સંધ્યા વખતે દેવસી પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરતો હતો. તેનો પિતા સુશ્રાવક હોવા છતાં સ્વભાવથીજ ઘણો ક્રોધી હતો. એક સમયે ધર્મદાસે પોતાના પિતાને ક્રોધનો ત્યાગ કરવાને માટે ઉપદેશ કર્યો. તેથી તે ઘણો ગુસ્સે થયો, અને હાથમાં લાકડી લઈ દોડતાં રાત્રિનો વખત હોવાથી થાંભલા સાથે અથડાઇને મરણ પામ્યો, અને દુષ્ટ સર્પની યોનિમાં ગયો એક વખતે તે દુષ્ટ સર્પ અંધકારમાં ધર્મદાસને કરડવાને સારૂ આવતો હતો. એટલામાં સ્વાધ્યાય કરવા બેઠેલા ધર્મદાસના મુખમાંથી એક ગાથા તેણે સાંભળી. તે એ કે:—

तिव्वं पि पुव्वकोडी, कयंपि सुकयं मुहुत्तमित्तेण ॥
कोहग्गहिओ हणिउं, ह हा हवइ भवदुग वि मुही ॥१॥

વગેરે સ્વાધ્યાય ધર્મદાસના મુખથી સાંભળતાંજ તે સર્પને જાતિ-સ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પછી તે અનશન કરી સૌધર્મ દેવલોકે દેવતા થયો, અને પુત્રને (ધર્મદાસને) સર્વે કામોમાં મદદ આપવા લાગ્યો. એક વખને સ્વાધ્યાયમાં તલ્લીન છતાંજ ધર્મદાસને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, અને તેટલાજ સારૂ જરૂર સ્વાધ્યાય કરવી.

પછી શ્રાવકે સામાયિક પારીને પોતાને ઘેર જવું, અને પોતાની સ્ત્રી, પુત્ર, મિત્ર, ભાઈ, સેવક, બ્હેન, પુત્રની વહુ, પુત્રી, પૌત્રો, પૌત્રી, કાકો, ભત્રીજો, અને વાણોતર તેમજ બીજા સ્વજનોને પણ જેની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે ધર્મનો ઉપદેશ કરવો. ઉપદેશમાં સમ્યક્ત્વ મૂળ બાર વ્રત સ્વીકારવાં, સર્વે ધર્મકૃત્યોમાં પોતાની સર્વ શક્તિવડે યતના વગેરે કરવી. જ્યાં જિનમંદિર તથા સાધર્મિ ન હોય એવા સ્થાનકમાં ન રહી કુસંગતિ તજવી, નવકાર ગણવા, ત્રિકાળ ચૈત્યવંદન તથા જિનપૂજા કરવી, અને પચ્ચખ્ખાણ વગેરે અભિગ્રહ લેવા, શક્તિ પ્રમાણે ધર્મનાં સાતે ક્ષેત્રોને વિષે ધન વાપરવું વગેરે વિષય કહેવા. હિતકૃત્યમાં કહ્યું છે કે—જો ગૃહસ્થ પોતાના સ્ત્રી પુત્ર વગેરેને સર્વજ્ઞ પ્રણીત ધર્મને વિષે ન લગાડે, તો તે ગૃહસ્થ આ લોકમાં તથા પરલોકમાં તેમના કરેલાં કુકર્મોથી લેપાય. કારણ કે, એવો લોકમાં રીવાજ છે. જેમ ચોરને અન્ન પાન વગેરે સહાય આપનાર માણસ પણ ચોરીના અપરાધમાં સપડાય છે, તેમ ધર્મની બાબતમાં પણ જાણવું. માટે તત્ત્વના જાણુ શ્રાવકે દરરોજ સ્ત્રી પુત્ર વગેરેને દ્રવ્યથી યથાયોગ્ય વસ્ત્ર વગેરે આપીને તથા ભાવથી ધર્મોપદેશ કરીને તેમની સારી અથવા માઠી સ્થિતિની ખબર લેવી. **पोष्य पोषकः** એવું વચન છે, માટે શ્રાવકે સ્ત્રી પુત્રાદિકને વસ્ત્રાદિ દાન અવશ્ય કરવું. અન્ય સ્થળે પણ કહ્યું છે કે—દેશનું કરેલું પાપ રાજાને માથે, રાજાનું કરેલું પાપ પુરોહિતને માથે, સ્ત્રીનું કરેલું પાપ ભર્તારને માથે અને શિષ્યનું કરેલું પાપ ગુરૂને માથે છે. સ્ત્રી પુત્ર વગેરે કુટુંબના લોકો ઘરના કામમાં વળગી રહેલા હોવાથી તથા પ્રમાદી વગેરે હોવાને લીધે તેમનાથી ગુરૂ પાસે જઈ ધર્મ સંભળાતો

નથી. માટે ગૃહસ્થ ઉપર કહ્યા પ્રમાણે ધર્મોપદેશ કરવાથી તે ધર્મને વિષે પ્રવર્તે છે. અહિં ધન્યશ્રેષ્ઠિના કુટુંબનું દૃષ્ટાંત નીચે પ્રમાણે જાણવું:—

ધન્યપુર નગરમાં રહેનાર ધન્યશેઠ ગુરૂના ઉપદેશથી સુશ્રાવક થયો. તે દરરોજ સંધ્યા વખતે પોતાની સ્ત્રીને અને ચાર પુત્રોને ધર્મોપદેશ કરતો હતો. એક પછી એક એમ સ્ત્રી અને ત્રણે પુત્ર પ્રતિબોધ પામ્યા; પણ ચોથો પુત્ર નાસ્તિકની માફક પુણ્ય પાપનું ફળ કયાં છે? એમ કહેતો હોવાથી પ્રતિબોધ ન પામ્યો. તેથી ધન્યશ્રેષ્ઠીના મનમાં ઘણો ખેદ થતો હતો. એક વખતે પડોશમાં રહેનારી એક વૃદ્ધ સુશ્રાવિકાને મરણ વખતે તેણે ધર્મ સંભળાવ્યો અને એવો દરાવ કરી રાખ્યો કે, "દેવતા થઇને હારા પુત્રને પ્રતિબોધ પમાડવો." તે વૃદ્ધ સ્ત્રી મરણ પામીને સૌધર્મ દેવલોકે દેવી થઇ. પછી તેણે પોતાની દિવ્ય ઋદ્ધિ વગેરે દેખાડીને ધન્યશ્રેષ્ઠિના પુત્રને પ્રતિબોધ પમાડયો. આ રીતે ઘરના સ્વામીએ પોતાના સ્ત્રી પુત્ર વગેરેને પ્રતિબોધ કરવો. એમ કરતાં પણ કદાચ તેઓ પ્રતિબોધ ન પામે, તો પછી ઘરના ધણીને માથે દોષ નથી. કેમકે—સર્વે શ્રોતા જનોને હિત વચન સાંભળવાથી ધર્મ મળેજ છે, એવો નિયમ નથી; પરંતુ ભવ્ય જીવો ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી ધર્મોપદેશ કરનારને તો જરૂર ધર્મપ્રાપ્તિ થાય છે. આ રીતે નવમી ગાથાનો વિસ્તાર પૂર્વક અર્થ છે. (૯)

(મૂળગાથા)

पायं अबंभविरओ, समए अप्पं करेइ तो निद्दं ॥
निद्दोवरमे थीतणु-असुइत्ताई विचिंतिज्जा ॥ १० ॥

સંક્ષેપાર્થ:—તે પછી સુશ્રાવકે ઘણું કરીને સ્ત્રી સંભોગથી છુટા રહીને થોડા વખત ઉંઘ લેવી. અને ઉંઘ ઉડી જાય, ત્યારે મનમાં સ્ત્રીના શરીરનું અશુચિપણું ચિંતવવું. (૧૦)

વિસ્તારાર્થ:—સુશ્રાવક સ્વજનોને ધર્મોપદેશ કરી રહ્યા પછી એક પહોર રાત્રિ ગયા પછી અને મધ્યરાત્રિ થયા પહેલાં પોતાની શરીર પ્રકૃતિને અનુકૂળ આવે તે વખતે સુવાના સ્થળે જઇને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થોડી ઉંઘ લે. ઉંઘવા જતી વખતે શ્રાવકે કેવું રહેવું જોઇએ? તે વિષે

કહે છે. અબ્રહ્મ તે સ્ત્રીસંભોગ તેથી નીરાળા રહેવું. કારણ કે:—યાવજ્જીવ ચતુર્થ વ્રત પાળવાને અસમર્થ એવા તરૂણ શ્રાવકે પણ પર્વતિથિ આદિ ઘણા દિવસોને વિષે બ્રહ્મચારીપણેજ રહેવું જોઇએ. કેમકે, બ્રહ્મચર્યનું ફળ બહુજ મ્હોટું છે. મહાભારતમાં પણ કહ્યું છે કે—હે ધર્મરાજ! એક રાત્રિ સુધી બ્રહ્મચર્ય પાળનાર બ્રહ્મચારીને જે શુભગતિ થાય છે, તે શુભગતિ હજારો યજ્ઞ કરવાથી પણ થાય કે નહીં? તે માટે શંકા રહે છે.

ચાલતી ગાથામાં निद्दं એ વિશેષ્ય છે, અને अप्पं એ નિદ્રાનું વિશેષણ છે. તથા એવો ન્યાય છે કે, "કોઇ પણ વિધિ અથવા વિશેષણ સહિત કહ્યા હોય તો તે વિધિ અથવા પોતાનો સંબંધ વિશેષણની સાથે રાખે છે." તેથી "ઉંઘ લેવી હોય તો થોડી લેવી" એમ અહિં કહેવાનો ઉદ્દેશ છે, પણ ઉંઘ લેવી એવો કહેવાનો ઉદ્દેશ નથી. કારણ કે, દર્શનાવરણીય કર્મનો ઉદય થવાથી ઉંઘ એની મેળે આવે છે. માટે ઉંઘ લેવાની વિધિ શાસ્ત્ર શું કરવા કરે? જે વસ્તુ બીજે કોઈ પ્રકારે મળતી નથી, તેનો વિધિ શાસ્ત્ર કરે છે, એવો નિયમ છે. એ વાત અગાઉ એક વખત કહેવામાં આવી છે. બહુ નિદ્રા લેનાર માણસ આ ભવથી તથા પરભવથી પણ ભ્રષ્ટ થાય છે, ચોર, વૈરી, ધૂતારા, દુર્જન વગેરે લોકો પણ સહજમાં તેની ઉપર હુમલો કરી શકે છે. થોડી ઉંઘ લેવી એ મહા પુરૂષનું લક્ષણ છે. આગમમાં કહ્યું છે કે—જે પુરૂષ અલ્પાહારી, અલ્પ વચની, અલ્પ નિદ્રા લેનારો તથા ઉપાધિ અને ઉપકરણ પણ અલ્પ રાખનારો એવો હોય છે, તેને દેવતા પણ પ્રણામ કરે છે. નીતિશાસ્ત્રાદિકમાં કહેલો નિદ્રા વિધિ નીચે પ્રમાણે છે:—

માંકડ વગેરે જીવોથી ભરેલો, ટૂંકો, ભાંગેલો, હેરાન કરનાર મેલો, પડપાયાવાળો, તથા બાળવાના લાકડાંથી બનાવેલો એવો ખાટલો સૂવાના કામમાં વાપરવો નહીં. સુવાના તથા બેસવાના કામમાં ચાર સુધી જોડેલાં લાકડાં હોય તે સારાં; પણ પાંચ આદિ લાકડાનો યોગ સુનાર ધણીનો તથા તેના કુળનો નાશ કરે છે. પોતાના પૂજનીક પુરૂષથી ઊંચે સ્થાનકે ન સુવું, તથા પગ બીના રાખીને, ઉત્તર પશ્ચિમ* દિશાએ મસ્તક કરીને.

* અંગ્રેજી વૈદકશાસ્ત્ર પુત્રપ્રાપ્તી માટે નીચે પ્રમાણે સુવા વિષે

વાંસની પેઠે લાંબો થઈને, પગ મૂકવાને ઠેકાણે મસ્તક કરીને ન સૂવું; પરંતુ હસ્તિના દંતની માફક સૂવું. દેવમંદિરમાં, રાફડા ઉપર, વૃક્ષની નીચે, સ્મશાનમાં તથા વિદિશાએ (ખૂણાની દિશાએ) મસ્તક કરીને ન સૂવું. કલ્યાણની ઇચ્છા કરનાર પુરૂષે સૂવાને વખતે મળમૂત્રની શંકા હોય તો તે દૂર કરવી. મળ મૂત્ર કરવાનું સ્થાનક ક્યાં છે તે બરોબર જાણવું, પાણી પાસે છે કે નહીં તે જોવું, અને બારણું બરોબર બંધ કરવું. ઇષ્ટદેવને નમસ્કાર કરીને અપમૃત્યુનો ભય ટાળવો. પવિત્ર થવું, તે પછી વસ્ત્ર બરોબર પહેરીને રક્ષામંત્રથી પવિત્ર કરેલી પથારીને વિષે સર્વ આહારનો પરિત્યાગ કરીને ડાબે પડખે સૂઈ રહેવું. ક્રોધથી, ભયથી, શોકથી, મદ્યપાનથી, સ્ત્રીસંભોગથી, ભાર ઉપાડવાથી, વાહનમાં બેસવાથી તથા માર્ગે ચાલવાથી ગ્લાનિ પામેલા, અતિસાર, શ્વાસ, હેડકી, શૂળ, ક્ષત (ઘા), અજીર્ણ વગેરે રોગથી પીડાયલા, વૃદ્ધ, બાળ, દુર્બળ, ક્ષીણ થએલા અને તૃષાતુર થએલા એટલા પુરૂષોએ કોઇ વખતે દિવસે સૂઈ રહેવું. ગ્રીષ્મ ઋતુમાં વાયુનો સંચય, હવામાં રૂક્ષતા તથા ટૂંકી રાત્રિ હોય છે, માટે તે ઋતુમાં દિવસે ઉંઘ લેવી લાભકારી છે; પણ બીજી ઋતુમાં દિવસે નિદ્રા લે તો તેથી કફ પિત્ત થાય. ઘણી આસક્તિથી અથવા અવસર વિના ઉંઘ લેવી સારી નથી. કેમકે, તેવી ઉંઘનો વખત રાત્રિની માફક સુખનો તથા આયુષ્યનો નાશ કરે છે. સૂતી વખતે પૂર્વ દિશાએ મસ્તક કરે તો વિદ્યાનો, અને દક્ષિણ દિશાએ કરે તો ધનનો લાભ થાય. પશ્ચિમ દિશાએ મસ્તક કરે તો ચિંતા ઉપજે, તથા ઉત્તર દિશાએ કરે તો મૃત્યુ અથવા નુકશાન થાય. આ રીતે નીતિશાસ્ત્રાદિકમાં કહેલો શયનવિધિ કહ્યો છે.

આગમમાં કહેલો વિધિ આ પ્રમાણે છે:—સુતી વખતે ચૈત્યવંદન વગેરે કરીને દેવને તથા ગુરૂને વંદના કરવી. ચઉવિહાર વગેરે પચ્ચખાણ ગ્રંથિ સહિત ઉચ્ચરવું, તથા પૂર્વે ગ્રહણ કરેલા વ્રતમાં રાખેલા પરિમાણનો સંક્ષેપ કરવા રૂપ દેશાવકાશક વ્રત સ્વીકારવું. દિનકૃત્યમાં કહ્યું છે કે—

કહે છે:—ઉત્તર અથવા દક્ષિણ દિશા તરફ સુનારને પુત્ર કે પુત્રી થતી નથી. પણ પશ્ચિમ તરફ માથું કરનારને પુત્ર થાય છે અને પૂર્વ તરફ માથું કરનારને પુત્રી થાય છે. ટૉડ્ડ સૃષ્ટી શાસ્ત્ર, પા. ૬૯૫

पाणिवह मुसादत्तं, मेहुण दिणलाभणत्थदंडं च ॥
अंगीकयं च मुत्तुं, सव्वं उपभोगपरिभोगं ॥ १ ॥
गिहमज्झं मुत्तूणं, दिसिगमणं मुत्तुमसग जूआई ॥
वय काएहिं न करे, न कारवे गंठिसहिएणं ॥ २ ॥

અર્થ:—પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને દિનલાભ (પ્રભાત સમયે વિદ્યમાન પરિગ્રહ), એ સર્વે પૂર્વે નિયમિત નથી તેનો નિયમ કરૂં છું. તે એ કે:—એકેંદ્રિયને તથા મશક, જૂ વગેરે ત્રસ જીવોને મૂકીને બાકીનો આરંભજ અને સાપરાધ ત્રસ જીવ સંબંધી તથા બીજો સર્વ પ્રાણાતિપાત, મનને રોકવું અશક્ય છે, માટે વચનથી તથા કાયાથી ગાંઠ ન છોડું ત્યાંસુધી ન કરૂં અને ન કરાવું. એ રીતેજ મૃષાવાદ, અદત્તાદાન અને મૈથુનનો પણ નિયમ જાણવો. તથા દિનલાભ પણ નિયમિત નહીં હતો, તેનો હમણાં નિયમ કરૂં છું. તેમજ અનર્થદંડનો પણ નિયમ કરૂં છું. શયન, આચ્છાદન વગેરે મૂકીને બાકીના સર્વ ઉપભોગ પરિભોગને, ઘરનો મધ્ય ભાગ મૂકી બાકી સર્વ દિશિગમનને ગાંઠ ન છોડું ત્યાં સુધી વચનથી તથા કાયાથી ન કરૂં અને ન કરાવું. આ રીતે દેશાવકાશિક સ્વીકારવાથી મ્હોટું ફળ મળે છે. અને એથી મુનિરાજની માફક નિઃસંગપણું પેદા થાય છે. આ વ્રત વૈદ્યના જીવ વાનરે જેમ પ્રાણાંત સુધી પાળ્યું, અને તેથી તે જેમ આવતે ભવે સર્વોત્કૃષ્ટ ફળ પામ્યો, તેમ બીજા વિશેષ ફળના અર્થી મનુષ્યે પણ મુખ્ય માર્ગે પાળવું. પરંતુ તેમ પાળવાની શક્તિ ન હોય તો અનાભોગાદિ ચાર આગારોમાં ચોથા આગાર વડે અગ્નિ સળગવા વગેરે કારણથી તે (દેશાવકાશિક) વ્રત મૂકે, તો પણ વ્રતભંગ ન થાય. વૈદ્યના જીવ વાનરનું દૃષ્ટાંત આ ગ્રંથકારે રચેલા આચારપ્રદીપ ગ્રંથમાં જોઈ લેવું †

તેમજ ચાર શરણાંનો અંગીકાર કરવો. સર્વે જીવરાશિને ખમાવવા. અઢારે પાપસ્થાનકનો ત્યાગ કરવો. પાપની નિંદા કરવી. પુણ્યની અનુમોદના કરવી. પહેલા નવકાર ગણિ,

† આ ગ્રંથના કેટલાક ભાગનું ભાષાંતર શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથે તૈયાર કરી બહાર પાડેલું છે.

*जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ॥
आहारमुवहिं देहं, सव्वं तिविहेण वोसिरिअं ॥ १ ॥

આ ગાથાવડે ત્રણ વાર સાગારી અનશણ કરવું, અને સૂતી વખતે નવકાર ચિંતવવો એકાંત શય્યાને વિષેજ સૂવું, પણ જ્યાં સ્ત્રી વગેરેનો સંસર્ગ હોય ત્યાં ન સૂવું. કેમકે, વિષયસેવનનો અભ્યાસ અનાદિ કાળનો છે, અને વેદનો ઉદય ખમવો બહુ મુશ્કેલ છે, તેથી કદાચ કામવાસનાથી જીવ પીડાય. કેમ કે—જેમ લાખની વસ્તુ અગ્નિની પાસે મૂકતાં વાર પીગળી જાય છે, તેમ ધીર અને દૃઢ શરીરવાળા પુરૂષ હોય તો પણ તે સ્ત્રી પાસે હોય તો પિગળી જાય છે. પુરૂષ મનમાં જે વાસના રાખીને સૂઈ જાય છે, તેજ વાસનામાં તે પાછો જાગૃત થાય ત્યાં સુધી રહે છે એવું ડાહ્યા પુરૂષોનું કહેવું છે. માટે મોહનો સર્વથા ત્યાગ કરીને વૈરાગ્ય વગેરેની ભાવના ભાવતાં ઉંઘ લેવી. તેમ કરવાથી ખોટું સ્વપ્ન અથવા દુસ્વપ્ન આવતાં નથી. ધર્મની બાબતનાંજ સારાં સ્વપ્ન આવે છે. બીજું, સૂતી વખતે શુભ ભાવના ભાવે તો, સૂતો માણસ પરાધીન હોવાથી, આપદા ઘણી હોવાથી, આયુષ્ય સોપક્રમ હોવાથી તથા કર્મગતિ વિચિત્ર હોવાથી કદાચ મરણ પામે તો પણ તેની શુભ ગતિજ થાય. કેમકે, "છેવટે જેવી મતિ, તેવી ગતિ થાય" એવું શાસ્ત્રવચન છે. અહિં કપટી સાધુએ હણેલા પોસાતી ઉદાઇ રાજાનું દૃષ્ટાંત જાણવું.

હવે ચાલતી ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરીએ છીએ. પછી પાછલી રાત્રિએ ઉંઘ ઉડી જાય, ત્યારે અનાદિ કાળના ભવના અભ્યાસના રસથી ઉદય પામતા એવા દુર્જય કામરાગને જીતવાને માટે સ્ત્રીના શરીરનું અશુચિપણું વગેરે મનમાં ચિંતવવું. "अशुचिपणुं वगेरे" એમાં વગેરે શબ્દ કહ્યો છે, માટે જંબૂસ્વામી, સ્થુળભદ્ર સ્વામી અદિ મ્હોટા ઋષિઓએ તથા સુદર્શન વગેરે સુશ્રાવકોએ દુઃખથી પમાય એવું શીળ પાળવાને માટે જે મનની એકાગ્રતા કરી તે, કષાય વગેરેનો જય કરવાને માટે જે ઉપાય કર્યા તે, સંસારની અતિશય વિષમ સ્થિતિ, અને ધર્મના

* જો આ રાત્રીમાં આ દેહવડે મ્હારાથી પ્રમાદ થાય, તો આ દેહ, આહાર અને ઉપધિ એ સર્વને ત્રિવિધે કરી વોસિરાવું છું. (૧)

મનોરથ મનમાં ચિંતવવા. તેમાં સ્ત્રીના શરીરનું અપવિત્રપણું, નિંદ્યપણું વગેરે સર્વ પ્રસિદ્ધ છે. પૂજ્ય શ્રી મુની ચંદ્રસૂરીજીએ અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે કે—અરે જીવ! ચામડી, હાડકાં, મજ્જા, આંતરડાં, ચરબી, લોહી, માંસ, વિષ્ટા વગેરે અશુચિ અને અસ્થિર એવા પુદ્ગલોના સ્કંધ સ્ત્રીના શરીરના આકારે પરિણમ્યા છે, તેમાં તને રમણીય શું લાગે છે? અરે જીવ! વિષ્ટા વગેરે અપવિત્ર વસ્તુ દૂર થોડી પડેલી જોવામાં આવે, તો તું થુ થુ કરે છે, અને નાક મરડે છે, એમ છતાં હે મૂર્ખ! તેજ અશુચિ વસ્તુથી ભરેલા સ્ત્રીના શરીરની તું શા સારૂ અભિલાષા કરે છે? વિષ્ટાની જાણે કોથળીજ હોયની! એવી, શરીરના છિદ્રમાંથી નીકળતા ઘણા મળથી મલીન થએલી, ઉત્પન્ન થએલા કૃમિના જાળાથી ભરેલી, તથા ચપળતાથી, કપટથી, અને અસત્યથી પુરૂષને ઠગનારી એવી સ્ત્રીને તેની બહારની સફાઇથી મોહમાં પડી જે ભોગવે છે, તેથી તેને નરક મળે છે. કામવિકાર ત્રણે લોકને વિટંબના કરનારો છે, તથાપિ મનમાં વિષય સંકલ્પ કરવાનું વર્જે, તો કામવિકારને સહજમાં જીતાય. કહ્યું છે કે—હે કામદેવ! હું તારૂં મૂળ જાણું છું. તું વિષય સંકલ્પથી ઉત્પન્ન થાય છે. માટે હું વિષય સંકલ્પજ ન કરૂં કે, જેથી તું મ્હારા ચિત્તમાં ઉત્પન્ન ન થઈશ. આ રીતે વિષય ઉપર પોતે નવી પરણેલી આઠ શ્રેષ્ઠિકન્યાઓને પ્રતિબોધ પમાડનાર અને નવાણું ક્રોડ સોનૈયા જેટલા ધનનો ત્યાગ કરનાર શ્રી જંબૂસ્વામીનું, ક્રોશા વેશ્યાને વિષે આસક્ત થઇ, સાડીબાર ક્રોડ સોનૈયા ખરચી કામવિલાસ કરનાર તત્કાળ દીક્ષા લઇ ક્રોશ્યાના મહેલમાંજ ચોમાસું રહેનાર શ્રી સ્થૂળભદ્રસ્વામીનું, તથા અભયા રાણીએ કરેલા નાનાવિધ અનુકૂળ તથા પ્રતિકૂળ ઉપસર્ગથી મનમાં કાંચિત્માત્ર પણ વિકાર ન પામનાર સુદર્શન શેઠ વગેરેનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે, માટે અહિં તે સવિસ્તર કહેવાની કાંઇ જરૂર જણાતી નથી.

હવે કષાય વગેરે દોષનો જય, તે તે દોષની મનમાં વિરૂદ્ધ ભાવના વગેરે કરવાથી થાય છે. જેમ ક્રોધનો જય ક્ષમાથી, માનનો નિરાભિમાનપણાથી, માયાનો સરળતાથી, લોભનો સંતોષથી, રાગનો વૈરાગથી, દ્વેષનો મૈત્રીથી, મોહનો વિવેકથી, કામનો સ્ત્રીના શરીર ઉપર અશુ-

ચિ ભાવના કરવાથી, મત્સરનો બીજાની વધી ગએલી સંપદા જોવામાં આવે તો પણ મનમાં અદેખાઈ ન રાખવાથી, વિષયનો ઇંદ્રિયદમનથી, મન વચન કાયાના અશુભ યોગનો ત્રણ ગુપ્તિથી, પ્રમાદનો સાવધાન રહેવાથી અને અવિરતિનો જય વિરતીથી સુખે થાય છે. તક્ષક નાગના માથે રહેલો મણિ મેળવવો, અથવા અમૃતપાન કરવું, એવા ઉપદેશ માફક આ વાત બનવી મુશ્કેલ છે; એવી પણ મનમાં કલ્પના ન કરવી. સાધુ મુનિરાજ વગેરે તે તે દોષનો ત્યાગ કરીને સદ્‌ગુણી થએલા દેખાય છે. તથા દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, રોહિણિય ચોર વગેરે પુરૂષોના દાખલા પણ આ વિષય ઉપર જાહેર છે. કહ્યું છે કે—હે લોકો! જે જગત્‌માં પૂજ્ય થયા તે પહેલા આપણા જેવાજ સાધારણ માણસ હતા, એમ સમજી તમે દોષનો ત્યાગ કરવામાં ઘણા ઉત્સાહવંત થાઓ. કાંઇ કોઇ એવું ખેતર નથી કે, જેમાં સત્પુરૂષો ઉત્પન્ન થાય છે! અને શરીર, ઇંદ્રિયો વગેરે વસ્તુ જેમ માણસને સ્વાભાવિક હોય છે, તેમ સાધુપણું સ્વાભાવિક નથી મળતું: પરંતુ જે પુરૂષ ગુણોને ધારણ કરે છે તેજ સાધુ કહેવાય છે, માટે ગુણોનું ઉપાર્જન કરો.

અહો! હે પ્રિયમિત્ર વિવેક! તું ઘણા પુણ્યથી મને મળ્યો. તારે ક્યારે પણ અમારી પાસેથી ક્યાંય પણ ન જવું. હું તારા સહાયથી ઉતાવળથી જન્મનો તથા મરણનો ઉચ્છેદ કરૂં છું. કોણ જાણે ફરીથી તારો અને મ્હારો મેળાપ થાય કે ન થાય. ઉદ્યમ કરવાથી ગુણોની પ્રાપ્તિ થાય છે, અને પ્રયત્ન કરવો આપણા હાથમાં છે, એમ છતાં "ફલાણો મ્હોટો ગુણી છે" એ વાત કોણ જીવતો પુરૂષ સહન કરી શકે? ગુણથીજ સન્માન મળે છે. જ્ઞાતિ જાતિના આડંબરથી કાંઇ ન થાય. વનમાં ઉત્પન્ન થએલું પુષ્પ લેવાય છે, અને પ્રત્યક્ષ પોતાના શરીરથી ઉત્પન્ન થએલો મળ નાંખી દેવાય છે. ગુણથીજ જગત્‌માં મહિમા વધે છે; પણ મ્હોટા શરીરથી અથવા પાકટ-મ્હોટી વયથી વધતો નથી. જુઓ, કેવડાનાં મ્હોટાં અને જૂનાં પાંદડાં કોરે રહે છે, અને વચ્ચે આવેલાં નહાનાં અને નવાં પાંદડાં સુગંધી હોવાથી તેને સર્વે સ્વીકારે છે. તેમજ, જેથી કષાયાદિકની ઉત્પત્તિ થતી હોય તે વસ્તુનો અથવા પ્રદેશનો ત્યાગ

કરવાથી તે તે દોષનો નાશ થાય છે. કેમકે—જે વસ્તુથી કષાયરૂપ અગ્નિની ઉત્પત્તિ થાય તે વસ્તુ મૂકવી, અને જે વસ્તુથી કષાયનો ઉપશમ થાય તે વસ્તુ અવશ્ય લેવી. એમ સંભળાય છે કે, સ્વભાવે ક્રોધી એવાં ચંડરૂદ્ર આચાર્ય ક્રોધની ઉત્પત્તિ ન થવાને માટે શિષ્યોથી જૂદા રહ્યા.

હવે સંસારની અતિશય વિષમ સ્થિતિ, પ્રાયે ચારે ગતિમાં દુઃખ ઘણું ભોગવાય છે તે ઉપરથી વિચારવી. તેમાં નારકી અને તિર્યંચ એ બન્નેમાં બહુ દુઃખ છે તે તો પ્રસિદ્ધજ છે. કેમકે— સાતે નરકભૂમિમાં ક્ષેત્રવેદના અને શસ્ત્ર વિના એક બીજાને ઉપજાવેલી વેદના પણ છે. પાંચ નરકભૂમિમાં શસ્ત્રજન્ય વેદના છે અને ત્રણમાં પરમાધર્મી દેવતાની કરેલી વેદના પણ છે. નરકમાં અહોનિશ પચી રહેલા નારકી જીવોને આંખ મિંચાય એટલા કાળ સુધી પણ સુખ નથી. એક સરખું દુઃખજ છે. હે ગૌતમ! નારકી જીવો નરકમાં જે તીવ્ર દુઃખ પામે છે, તેના કરતાં અનંતગણું દુઃખ નિગોદમાં જાણવું. તિર્યંચ પશુ ચાબુક, અંકુશ, પરોણી આદિનો માર સહે છે વગેરે. મનુષ્ય ભવમાં પણ ગર્ભવાસ, જન્મ, જરા, મરણ, નાનાવિધ પીડા, વ્યાધિ, દરિદ્રતા વગેરે ઉપદ્રવ હોવાથી દુઃખજ છે. કહ્યું છે કે— હે ગૌતમ! અગ્નિમાં તપાવી લાલ ચોળ કરેલી સોયો એક સરખી શરીરમાં ધોચવાથી જેટલી વેદના થાય છે, તે કરતાં આઠ ગણી વેદના ગર્ભવાસમાં છે. જીવ ગર્ભમાંથી બહાર નીકળતાં યોનિયંત્રમાં પીલાય છે. ત્યારે તેને ઉપર કહેલી વેદનાથી લક્ષ ગણી અથવા ક્રોડાક્રોડ ગણી વેદના થાય છે. બંદીખાનામાં અટકાય, વધ, બંધન, રોગ, ધનનો નાશ, મરણ, આપદા, મનમાં તાપ, અપયશ, નિંદા એવાં દુઃખ મનુષ્ય ભવમાં છે. કેટલાક જીવો મનુષ્ય ભવ પામીને પણ માઠી ચિંતા, સંતાપ, દારિદ્ર અને રોગ એથી ઘણો ઉદ્વેગ પામીને મરી જાય છે. દેવ ભવમાં પણ ચ્યવન, પરાભવ, અદેખાઈ વગેરે છેજ. વળી કહ્યું છે કે—અદેખાઇ, ખેદ, મદ, અહંકાર, ક્રોધ, માયા, લોભ, વગેરે દોષથી દેવતાઓ પણ લપટાણા છે. તેથી તેમને સુખ તે કયાંથી હોય? વગેરે.

ધર્મના મનોરથ આ રીતે ભાવવા:—શ્રાવકના ઘરમાં જ્ઞાન દર્શનવારી દાસ થયું સારું; પણ મિથ્યાત્વવડે ભરમેલ બુદ્ધિવાળો ચક્રવર્તી પણ અન્ય

ઠેકાણે થવું એ ઠીક નથી. હું સ્વજનાદિનો સંગ મૂકીને ક્યારે ગીતાર્થ અને સંવેગી એવા ગુરુ મહારાજના ચરણકમળ પાસે દીક્ષા લઈશ? હું તપસ્યાથી દુર્બળ શરીરવાળો થઈ ક્યારે ભયથી અથવા ઘોર ઉપસર્ગથી ન ડરતાં સ્મશાન વગેરેને વિષે કાઉસ્સગ્ગ કરી ઉત્તમ પુરુષોની કરણી કરીશ? વજેરે અત્રે દશમી ગાથાનો વિસ્તારાર્થ સંપૂર્ણ થયો.

प्रकाश ३. पर्वकृत्य.

रात्रिकृत्य कह्युं, हवे पर्वकृत्य कहीओ छीओ.

(मूळगाथा.)

पव्वेसु पोसहाईबंभअणारंभतवविसेसाई ॥
आसोअचित्तअठ्ठाहिअपमुहेसुं विसेसेणं ॥ ११ ॥

संक्षेपार्थः—सुश्रावके पर्वोने विषे तथा घणुं करी आसो महिनानी तथा चैत्र महिनानी अठ्ठाइ--(ओळी)-ने विषे पौषध वगेरे करवुं, ब्रह्मचर्य पाळवुं, आरंभ वर्जवो, अने घणी तपस्या वगेरे करवी. (११)

विस्तारार्थः—पौषने (धर्मनी पुष्टीने) ध एटले धारण करे ते पौषध कहेवाय छे. श्रावके सिद्धांतमां कहेला आठम, चौदश वगेरे पर्वोने विषे पौषध आदि व्रत जरूर करवुं. आगममां कह्युं छे के—जिनमतमां सर्वे काळ पर्वोने विषे प्रशस्त योग छेज. तेमां पण श्रावके आठम तथा चौदशने विषे अवश्य पौषध करवो. उपर पौषध वगेरे कह्युं छे माटे वगेरे शब्द वडे शरीरे आरोग्य न होवाथी अथवा बीजा एवाज कांइ योग्य कारणथी पोसो न करी शकाय, तो बे वार प्रतिक्रमण, घणुं सामायिक, दिशा वगेरेनो अतिशय संक्षेपवाळुं देशावकाशिक व्रत वगेरे जरूर करवुं. तेमज पर्वोने विषे ब्रह्मचर्य पाळवुं, आरंभ वर्जवो, उपवास वगेरे तपस्या शक्ति माफक पहेला करतां वधारे करवी. गाथामां आदि शब्द छे, तेथी स्नात्र, चैत्यपरिपाटी, सर्व साधुओने वंदना, सुपात्रदान वगेरे करीने, हमेशां जेटलुं देव गुरु पूजन, दान वगेरे कराय छे ते करतां पर्वने दिवसे विशेष करवु. केम के—जो दररोज धर्मनी क्रिया सम्यक् प्रकारे पाळो, तो तो घणो लाभ छे; पण जो तेम करी शकातुं न होय, तो पर्वने दिवसे तो अवश्य पाळो. दसेरा, दीवाळी, अक्षात्रीज, वगेरे लैकिक पर्वोने विषे जेम मिष्टान्न भक्षणनी तथा वस्त्र, आभूषण पहेरवानी विशेष यतना राखाय छे, तेम धर्मना पर्व आवे धर्मने विषे पण विशेष यतना राखवी.

અન્યદર્શની લોકો પણ અગીઆરશ અમાસ વગેરે પર્વોને વિષે કેટલોક આરંભ વર્જે છે, અને ઉપવાસ વગેરે કરે છે; તથા સંક્રાંતિ, ગ્રહણ વગેરે પર્વોને વિષે પણ પોતાની સર્વ શક્તિથી દાનાદિક આપે છે. માટે શ્રાવકે તો સર્વે પર્વદિવસો અવશ્ય પાળવા જોઇએ. પર્વ દિન કહ્યા છે, તે આ રીતેઃ—આઠમ ૨, ચૌદશ ૨, પૂનમ ૧ અને અમાસ ૧ એ ૬ પર્વ દરેક માસમાં આવે છે, અને દરેક પખવાડિયામાં ત્રણ (આઠમ, ૧ ચૌદશ, ૧ અને પૂનમ ૧ અથવા અમાસ ૧) પર્વ આવે છે. તેમજ "ગણધર શ્રી ગૌતમસ્વામીએ બીજ, પાંચમ, આઠમ, અગીઆરસ અને ચૌદશ" એ પાંચ પર્વતિથિયો કહી છે. બીજ બે પ્રકારનો ધર્મ આરાધવાને અર્થે, પાંચમ પાંચ જ્ઞાન આરાધવાને અર્થે, આઠમ આઠે કર્મ ખપાવવાને અર્થે, અગીઆરશ અગીઆર અંગની સેવાને અર્થે તથા ચૌદશ ચૌદ પર્વોની આરાધનાને માટે જાણવી. આ પાંચ પર્વમાં અમાસ પૂનમ ઉમેરીએ તો પ્રત્યેક પખવાડિયામાં ઉત્કૃષ્ટ ૬ પર્વ થાય છે. આખા વર્ષમાં તો અઠ્ઠાઈ, ચોમાસી વગેરે ઘણાં પર્વો છે.

પર્વને દિવસે આરંભ સર્વથા વર્જી ન શકાય તો પણ થોડામાં થોડો અથવા થોડો આરંભ કરવો સચિત્ત આહાર જીવહિંસામય હોવાથી, તે કરવામાં ઘણો આરંભ થાય છે, માટે ચાલતી ગાથામાં આરંભ વર્જવાનું કહ્યું છે, તેથી પર્વને દિવસે સચિત્ત આહાર અવશ્ય વર્જવો એમ સમજવું. માછલાંઓ (સચિત્ત) આહારની અભિલાષાથી સાતમી નરક ભૂમીએ જાય છે, માટે સચિત્ત આહાર મનથી પણ માગવો યોગ્ય નથી એવું વચન છે. માટે મુખ્ય માર્ગ તો શ્રાવકે હમેશાં સચિત્ત આહાર વર્જવો જોઇએ, પણ કદાચ તેમ ન કરી શકે તો પર્વને દિવસે તો જરૂર વર્જવોજ જોઇએ. તેમજ પર્વને દિવસે સ્નાન, માથાના વાળ વગેરે સમારવા, માથું ગુંથવું, વસ્ત્ર વગેરે ધોવાં અથવા રંગવાં, ગાડાં, હળ વગેરે ખેડવાં, ધાન્ય વગેરેના મૂડા ભાંગવા, ચરખા વગેરે યંત્ર ચલાવવા, દળવું, ખાંડવું, પીસવું, પાન ફૂલ ફળ વગેરે તોડવાં, સચિત્ત ખડી, રમચી આદિ વાટવી, ધાન્ય આદિ લણવાં, લીંપવું, માટી વગેરે ખણવી, ઘર વગેરે બનાવવું ઇત્યાદિ સર્વ આરંભ યથાશક્તિ વર્જવો. પોતાના કુટુંબનો નિર્વાહ આરંભ વિના

કરી ન શકે તો કેટલોક આરંભ તો ગૃહસ્થે કરવો પડે, પણ સચિત્ત આહારનો ત્યાગ કરવો પોતાના હાથમાં હોવાથી અને સહજમાં કરી શકાય તેમ હોવાથી તે અવશ્ય કરવો. ઘણી માંદગી વગેરે કારણથી સર્વ સચિત્ત આહારનો ત્યાગ કરી ન શકાય, તો એક બે આદિ સચિત્ત વસ્તુ નામ લઈને મોકળી રાખી બાકીની સર્વ સચિત્ત વસ્તુનો નિયમ કરવો.

તેમજ આસોની તથા ચૈત્રની અઠાઇ, તથા ગાથામાં પ્રમુખ શબ્દ છે તેથી, ચોમાસાની તથા સંવત્સરીની અઠાઇ, (આષાઢ, કાર્તિક અને ફાગણ એ) ત્રણ ચોમાસાં અને સંવત્સરી વગેરે પર્વોને વિષે ઉપર કહેલા વિધિ મુજબ વિશેષ ધર્માનુષ્ઠાન કરવું. કહ્યું છે કે—સુશ્રાવકે સંવત્સરીની, ચોમાસીની તથા અઠાઇની તિથિયોને વિષે પરમ આદરથી જિનરાજની પૂજા, તપસ્યા તથા બ્રહ્મચર્યાદિક ગુણોને વિષે તત્પર રહેવું. સર્વે અઠાઇઓમાં ચૈત્રની અને આસોની અઠાઇઓ શાશ્વતી છે. કારણ કે, તે બન્ને અઠાઇઓને વિષે વૈમાનિક દેવતા પણ નંદીશ્વર દ્વીપ આદિ તીર્થોને વિષે તીર્થયાત્રા આદિ ઉત્સવ કરે છે. કેમકે—એ યાત્રાઓ શાશ્વતી છે. તેમાં એક ચૈત્ર માસને વિષે અને બીજી આસો માસને વિષે અઠાઈ મહિમારૂપ થાય છે. એ બન્ને યાત્રાઓ શાશ્વતી છે. તેને સર્વ દેવતાઓ તથા વિદ્યાધરો નંદીશ્વરદ્વીપને વિષે કરે છે, તથા મનુષ્યો પોત પોતાના સ્થાનકોને વિષે કરે છે. તેમજ ત્રણ ચોમાસાં, સંવત્સરી, છ પર્વ તિથિઓ, તથા તીર્થંકરનાં જન્માદિ કલ્યાણક વગેરેને વિષે યાત્રાઓ કરે છે, તે અશાશ્વતી જાણવી. જીવાભિગમ સૂત્રમાં તો આ રીતે કહ્યું છે કે—ઘણા ભવનપતિ, વાણમંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓ તે નંદીશ્વર દ્વીપને વિષે ત્રણ ચોમાસીએ તથા સંવત્સરીએ ઘણા મહિમાથી અઠાઇ મહોત્સવ કરે છે.

પ્રભાત વખતે પચ્ચખ્ખાણ કરવાની વેળાએ જે તિથિ આવે તેજ લેવી. સૂર્યોદયને અનુસરીનેજ લોકમાં પણ દિવસ વગેરે સર્વ વ્યવહાર ચાલે છે. કહ્યું છે કે—

चाउम्मासिअ वरिसे, पक्खि अ पंचदमीसु नायव्वा ॥
तअो तिहीउ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥ १ ॥

पूआ पच्चक्खाणं, पडिकमणं तहय नियमगहणं च ॥
जीए उदेइ सूरो, तीइ तिहीए उ कायव्वं ॥ २ ॥
उदयंमि जा तिही सा, पमाणमियरीइ कीरमाणीए ॥
आणाभंगणवत्था, मिच्छत्त विराहणं पावे ॥ ३ ॥

પારાશરસ્મૃતિ નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે—જે તિથિ સૂર્યોદયની વેળાએ થોડી પણ હોય, તેજ તિથિ સંપૂર્ણ જાણવી. પરંતુ ઉદય વેળાએ નહિ છતાં તે પછી ઘણો કાળ સુધી હોય તો પણ તે સંપૂર્ણ ન જાણવી. શ્રીઉમાસ્વાતિ વાચકનું વચન પણ એમ સંભળાય છે કે, પર્વતિથિનો ક્ષય થાય તો તેની પૂર્વની તિથિ કરવી, તથા વૃદ્ધિ થાય તો બીજી કરવી, અને શ્રીવીર ભગવાનનાં જ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક લોકને અનુસરીને કરવાં. અરિહંતનાં જન્માદિ પાંચ કલ્યાણક પણ પર્વતિથિરૂપજ જાણવાં. બે ત્રણ કલ્યાણક જે દિવસે હોય, તે તો વિશેષ પર્વતિથિ જાણવી.

સાંભળવામાં છે કે—સર્વે પર્વતિથિઓની આરાધના કરવાને અસમર્થ એવા કૃષ્ણ મહારાજે શ્રી નેમિનાથ ભગવાનને પૂછ્યું કે, "હે સ્વામિન્! આખા વર્ષમાં આરાધવા યોગ્ય ઉત્કૃષ્ટ પર્વ કયું?" ભગવાને કહ્યું. "હે મહાભાગ! જિનરાજનાં પાંચ કલ્યાણકોથી પવિત્ર થએલી માગશર શુદિ અગીઆરશ (મૌન અગીઆરશ) આરાધવા યોગ્ય છે. આ તિથિને વિષે પાંચ ભરત અને પાંચ ઐરવત મળી દશ ક્ષેત્રમાં એકેકમાં પાંચ પાંચ પ્રમાણે સર્વ મળી પચાસ કલ્યાણક થયાં." પછી કૃષ્ણે મૌન, પોસો, ઉપવાસ વગેરે કરીને તે દિવસની આરાધના કરી. તે પછી "જેવો રાજા તેવી પ્રજા" એવો ન્યાય હોવાથી સર્વ લોકોમાં "એ એકાદશી આરાધવા યોગ્ય છે" એવી પ્રસિદ્ધિ થઇ. પર્વતિથિએ વ્રત પચ્ચખ્ખાણ વગેરે કરવાથી મોટું ફળ મળે છે. કેમકે, તેથી શુભ ગતિનું આયુષ્ય બંધાય છે. આગમમાં કહ્યું છે કે—**प्रश्नः**—હે ભગવન્! બીજ વગેરે તિથિઓને વિષે કરેલું ધર્માનુષ્ઠાન શું ફળ આપે છે? **उत्तरः**—હે ગૌતમ! બહુ ફળ થાય છે. કેમકે, પ્રાયે આ પર્વતિથિઓને વિષે પરભવનું આયુષ્ય બંધાય છે. માટે એને વિષે જાત જાતની તપસ્યા તથા ધર્માનુષ્ઠાન કરવાં, કે જેથી શુભ આયુષ્ય ઉપાર્જન કરાય. પ્રથમથીજ આયુષ્ય બંધાએલું હોય

તો પાછળથી ઘણુંએ ધર્માનુષ્ઠાન કરવાથી પણ તે ટળતું નથી. જેમ પૂર્વે શ્રેણિક રાજાએ ગર્ભવતી હરિણીને હણી, તેનો ગર્ભ જૂદો પાડી પોતાના બાળા તરફ દૃષ્ટિ કરતાં નરક ગતિનું આયુષ્ય ઉપાર્જ્યું. પાછળથી તેને ક્ષાયિક સમ્યક્ત્વ થયું, તો પણ તે આયુષ્ય ટળ્યું નહીં. અન્યદર્શનમાં પણ પર્વતિથિએ તેલ ચોપડીને નહાવું મૈથુન વગેરે કરવાની ના કહી છે. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે—હે રાજેંદ્ર! ચૌદશ, આઠમ, અમાસ, પૂનમ, અને સૂર્યની સંક્રાંતિ એટલાં પર્વ કહેવાય છે. જે પુરૂષ આ પર્વોને વિષે અભ્યંગ કરે, સ્ત્રી ભોગવે, અને માંસ ખાય, તે પુરૂષ મરણ પામીને **વિષ્ણુમૂત્રભોજન** નામે નરકે જાય. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે—ઋતુને વિષેજ સ્ત્રીસંભોગ કરનારો અને અમાવાસ્યા, અષ્ટમી, પૂર્ણિમા અને ચતુર્દશી એ તિથિયોને વિષે સંભોગ ન કરનારો બ્રાહ્મણ હમેશા બ્રહ્મચારી કહેવાય છે. માટે પર્વ આવે તે વખતે પોતાની સર્વ શક્તિવડે ધર્માચરણને સારૂ યત્ન કરવો. અવસરે થોડું પણ પૌંન ભોજન કરવાથી જેમ વિશેષ ગુણ થાય છે, તેમ અવસરે થોડું પણ ધર્માનુષ્ઠાન કરવાથી ઘણું ફળ મળે છે. વૈદ્યકશાસ્ત્રમાં કહ્યું છે કે—શરદૃઋતુમાં જે કાચ જળ પીધું હોય, પોષ માસમાં તથા માહા માસમાં જે કાંઈ ભક્ષણ કર્યું હોય, અને જ્યેષ્ઠ માસમાં તથા અસાડ માસમાં જે કાંઈ ઉંધ્ર ક્રીધું હોય, તે ઉપર માણસો જીવે છે. વર્ષાઋતુમાં મીઠું, શરદૃઋતુમાં પાણી, હેમંત (માગશર પોષ) ઋતુમાં ગાયનું દૂધ, શિશિર (માહા તથા ફાગણ) ઋતુમાં આમળાનો રસ, વસંત (ચૈત્ર તથા વૈશાખ) ઋતુમાં ઘી અને ગ્રીષ્મ (જ્યેષ્ઠ તથા અષાડ) ઋતુમાં ગોળ અમૃત સમાન છે. પર્વનો મહિમા એવો છે કે, તેથી પ્રાયે અધર્મીને ધર્મ કરવાની, નિર્દયને દયા કરવાની, અવિરતિ લોકોને વિરતિનો અંગીકાર કરવાની, કૃપણ લોકોને ધન વાપરવાની, કુશળ પુરૂષોને શીળ પાળવાની અને કોઈ કાળે તપસ્યા ન કરનારને પણ કરવાની બુદ્ધિ થાય છે. આ વાત હાલમાં સર્વે દર્શનોને વિષે દેખાય છે. કેમકે—જે પર્વોના પ્રભાવથી નિર્દય તથા અધર્મી પુરૂષોને પણ ધર્મ કરવાની બુદ્ધિ થાય છે, એવા સંવત્સરી અને ચોમાસી પર્વો જેણે યથાવિધિ આરાધ્યા, તે પુરૂષ જયવંતો રહ્યો. માટે પર્વને વિષે પૌ-

પધ વગેરે ધર્માનુષ્ઠાન જરૂર કરવું. તેમાં પૌષધના ચાર પ્રકાર વગેરે વિષય અર્થદીપિકામાં કહ્યા છે, અને વિસ્તારના લીધે તે અત્રે કહ્યા નથી.

૧ અહોરાત્રી પૌષધ, ૨ દિવસ પૌષધ અને ૩ રાત્રિ પૌષધ એવા ત્રણ પ્રકારનો પૌષધ છે. તેમાં અહોરાત્રી પૌષધનો વિધિ એ છે કે:—શ્રાવકે જે દિવસે પૌષધ લેવો હોય, તે દિવસે સર્વે ગૃહ વ્યાપાર તજવા, અને પૌષધનાં સર્વે ઉપકરણ લઈ પૌષધશાળાએ અથવા સાધુની પાસે જવું. પછી અંગનું પડિલેહણ કરીને વડીનીતિની તથા લઘુનીતિની ભૂમિ પડિલેહવી. તે પછી ગુરૂની પાસે અથવા નવકાર ગણી સ્થાપનાચાર્યની સ્થાપના કરી ઇરિયાવહી પડિક્કમે. પછી એક ખમાસમણે વંદના કરી પૌષધ મુહપત્તિ પડિલેહે. પાછું એક ખમાસમણ દઈ ઉભો રહિને કહે કે, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહં સંદિસાવેમિ** ફરી વાર એક ખમાસમણ દેઈ કહે કે, **પોસહં ઠાવેમિ** એમ કહી નવકાર ગણી પૌષધ ઉચ્ચરાવે તે એવી રીતે કે:—**કરેમિ ભંતે પોસહં આહાર પોસહં સવ્વઓ દેસઓ વા, સરીર સક્કાર પોસહં સવ્વઓ, બંભચેર પોસહં સવ્વઓ, અવ્વાવાર પોસહં સવ્વઓ, ચઉવ્વિહે પોસહે ઠામિ, જાવ અહોરત્તં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણ મણેણં વાયાએ કાએણં, ન કરોમિ ન કારવેમિ તસ્સભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ, અપ્પાણં વોસિરામિ** પછી મુહપત્તિ પડિલેહી બે ખમાસમણાં દઈ સામાયિક કરે. ફરી વારે બે ખમાસમણ દઇ જો ચોમાસુ હોય તો કાષ્ઠાસનનો અને બાકીના આઠ માસ હોય તો પાટિંછણ ગનો **બેસણે સંદિસાવેમિ** એમ કહી આદેશ માગવો. તે પછી બે ખમાસમણ દઈ સઝાય કરે. પછી પડિક્કમણ કરી બે ખમાસમણ દઇ **બહુવેલં સંદિસાવેમિ** એમ કહે. તે પછી એક ખમાસમણ દઇ **પડિલેહણં કરેમિ** એમ કહે. તથા મુહપત્તિ, પુંજણું, અને પહેરવાનું વસ્ત્ર પડિલેહે. સ્ત્રિકા તે મુહપતિ, પુંજણું ઓઢેલું કપડુ, કાંચળી અને, ચણિયો પડિલેહે. પછી એક ખમાસમણ દઇ **ઇચ્છકારિ ભગવન્ પડિલેહણા પાડિલેહાવો** એમ કહે. તે પછી **ઇચ્છં** કહી સ્થાપનાચાર્યને પડિલેહી સ્થાપીને એક ખમાસમણ દેવું. ઉપરિ મુહપત્તિની પડિલેહણા કરી **ઉપધિ સંદેસાવો** એમ કહે. પછી વસ્ત્ર, કંબળ વગેરે પડિલેહી, પૌષ-

પશાળા પ્રમાર્જી, કામ્બે ઉપાડીને પરઠવે. તે પછી **ઇરિયાવહી પડિક્કમી ગમણાગમણ આલોઇ** એક ખમાસણ દઈ માંડળામાં બેસે, અને સાધુની માફક સઝાય કરે. પછી પોણી પોરિસી થાય, ત્યાં સુધી ભણે, ગણે અથવા પુસ્તક વાંચે. પછી એક ખમાસમણ દઇ મુહપત્તિ પડિલેહી કાળ વેળા થાય, ત્યાં સુધી પૂર્વની માફક સઝાય કરે. જો દેવ વાંદવા હોય તો **આવસ્સઇ** કહી જિનમંદિરે જઇ દેવ વાંદે. જો આહાર કરવો હોય તો પચ્ચખાણ પૂર્ણ થએ એક ખમાસમણ દઇ મુહપત્તિ પડિલેહી, પાછું એક ખમાસમણ દઈ કહે કે, **પારાવહ પોરિસી પુરિમઢ્ઢો વા ચઉહાર કઓ તિહાર કઓ વા આસિ, નિવ્વિણં આયંબિલેણં એગાસણેણં પાણાહારેણં વા જા કાઇ વેલા તીએ** આ રીતે કહી, દેવ વાંદી, સઝાય કરી, ઘેર જઇ, જો ઘર સો હાથ કરતાં વધારે દૂર હોય તો **ઇરિયાવહી પડિક્કમી આગમણ** આલોઇ સંભવ હોય તે પ્રમાણે અતિથિસંવિભાગ વ્રત સાચવે. પછી સ્થિર આસને બેસી, હાથ, પગ તથા મુખ પડિલેહી એક નવકાર ગણી પ્રાસુક અન્ન રાગદ્વેષ ન રાખતાં જમે. અથવા પૂર્વે કહી રાખેલા સ્વજને લાવેલું અન્ન ખાય; પરંતુ ભિક્ષા ન માગે. પછી પૌષધશાળાએ જઈ ઇરિયાવહી પડિક્કમી દેવ વાંદી વાંદણાં દઈ તિવિહારનું અથવા ચઉવિહારનું પચ્ચખાણ કરે. જો શરીરચિંતા કરવી હોય તો **આવસ્સઇ** કહી સાધુની માફક ઉપયોગ રાખતો જીવ રહિત શુદ્ધ ભૂમીએ જઇ વિધિ માફક મળમૂત્રનો ત્યાગ કરી, શુદ્ધતા કરી પૌષધશાળાએ આવે. પછી ઇરિયાવહી પડિક્કમી એક ખમાસમણ દઈ કહે કે, **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ગમણાગમણં આલોડં**" પછી "**ઇચ્છ**" કહી "**આવસ્સઇ**" કરી વસતિ થકી પશ્ચિમ તથા દક્ષિણ દિશાએ જઇ દિશાઓ જોઇને **અણુજાણહ જસ્સુગ્ગહો** એમ કહે. પછી સંડાસગ અને સ્થંડિલ પ્રમાર્જીને વડી નીતિ તથા લઘુનીતિ વોસિરાવે. તે પછી **નિસિહી** કહીને પૌષધશાળામાં જાય અને **આવંત જંતેહિં જં ખંડિઅં જં વિરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં** એમ કહે. પછી પાછલો પહોર થાય ત્યાં સુધી સઝાય કરે. તે પછી એક ખમાસમણ દઇ પડિલેહણનો આદેશ માગે. બીજું ખમાસમણ દઇ પૌષધશાળા પ્રમાર્જવાનો આદેશ માગે. પછી શ્રાવકે મુહપત્તિ,

પુંછણું, પહેરવાનું વસ્ત્ર પડિલેહવું, અને શ્રાવિકાએ મુહપત્તી, પુંછણું, ચરવળો, કાંબળી અને ઓઢેવું વસ્ત્ર પડિલેહવું. પછી સ્થાપનાચાર્યની પડિલેહણા કરી પૌષધશાળા પ્રમાર્જને એક ખમાસમણ દઈ ઉપધિ મુહપત્તિનું પડિલેહણ કરી એક ખમાસમણ દઇ મંડળીમાં ઢીંચણ ઉપર બેસી સઝાય કરે. પછી વાંદણાં દઇને પચ્ચખાણ કરે. બે ખમાસમણ દઈ ઉપધિ પડિલેહવા આદેશ માગે. પછી વસ્ત્ર, કાંબળી વગેરે પડિલેહિને જો ઉપવાસ કર્યો હોય તો સર્વે ઉપધિને છેડે પહેરવાનું વસ્ત્ર પડિલેહે. શ્રાવિકા તો પ્રભાતની માફક ઉપધિનું પડિલેહણ કરે. સાંજનો સમય થાય, ત્યારે પથારીને વિષે અંદર તથા બાહિર બાર બાર માત્રાની તથા થંડિલની ભૂમિ પડીલેહે. પછી દેવસી પડિક્કમણ કરીને યોગ હોય તો સાધુની સેવા કરી એક ખમાસમણ દઇ પોરસી થાય ત્યાં સુધી સઝાય કરે. પોરસી પૂરી થાય ત્યારે એક ખમાસમણ દઇ **इच्छाकारेण संदिसह भगवन् बहु पडिपुन्ना पोरिसो राइ संथारए ठामि** એમ કહે. પછી દેવ વાંદી શરીરે મળમૂત્રની શંકા હોય તો તપાસી સર્વે બહારની ઉપધિ પડિલેહે, ઢીંચણ ઉપર સંથારાનો ઉત્તરપટ મૂકીને જ્યાં પગ મૂકવા હોય ત્યાં ભૂમિ પ્રમાર્જિને ધીરે ધીરે પાથરે. પછી "મહારાજ આદેશ આપો" એમ કહેતો સંથારા ઉપર બેસી નવકારને આંતરે ત્રણ વાર **करेमि भंते सामाइअं** કહે. પછી આ ચાર ગાથા કહે.

अणुजाणह परमगुरु, गुणगणरयणेहिं भूसिअसरीरा ॥
बहु पडिपुन्ना पोरिसि, राई संथारए ठामि ॥ १ ॥
अणुजाणह संथारं, बाहुवहाणेण वामपासेण ॥
कुक्कुडिपाय पसारण-अंतरं तु पमज्जए भूमिं ॥ २ ॥
सं कोए संडासं, उव्वट्टंते अकाय पडिलेहा ॥
दव्वाई उवओगं, ऊसासनिरुंभणो लोए ॥ ३ ॥
जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ॥
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥ ४ ॥

એ ચાર ગાથા કહી "**चत्तारि मंगलं**" વગેરે ભાવના ભાવીને નવકારનું સ્મરણ કરતો છતો ચરવળા વગેરેથી શરીરને સંથારા ઉપર પ્ર-

માર્જીને ડાબે પાસે બાહુ ઓશિકે લઈને સુવે. જો શરીર ચિંતાએ જવુ પડે તો સંથારો બીજાને સંઘટ્ટાવીને **आवस्सई** કરી પહેલા પડિલેહી કાયચિંતા કરે. પછી ઈરિયાવહી કરી ગમણાગમણું આલોઇ જઘન્યથી પણ ત્રણ માથાઓની સઝાય કરીને નવકારનું સ્મરણ કરતો પૂર્વની માફક સુઇ રહે. રાત્રિને પાછલે પહોરે જાગૃત થાય, ત્યારે ઈરિયાવહી પડિક્કમીને કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરે. પછી ચૈત્યવંદન કરી આચાર્ય વગેરે ને વાંદી પ્રતિક્રમણની વેળા થાય ત્યાં સુધી સઝાય કરે. તે પછી પૂર્વની માફક પ્રતિક્રમણથી માંડી મંડળીમાં સઝાય કરવા સુધી કરે. જો પોસહ પારવાની ઇચ્છા હોય તો એક ખમાસમણ દઇ **इच्छाकारेण संदिसह भगवन् मुहपत्तिअं पडिलेहेमि** એમ કહે. ગુરૂ કહે **पडिलेहह** પછી મુહપત્તિ પડિલેહી એક ખમાસણ દઇ **इच्छाकारेण संदिसह भगवन् पोसह पारुं ?** ગુરૂ કહે. **पुणो वि कायव्वो** પછી કહેવું કે, **पोसहं पारिअं** ગુરૂ કહે **आयारो न मुत्तव्वो** પછી ઉભા રહી નવકાર ગણી ઢીંચણે બેસી તથા ભૂમીએ મસ્તક લગાડી આ ગાથાઓ કહેવી:—

सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ॥
जेसिं पोसह पडिमा, अखंडिआ जीविअंते वि ॥ १ ॥
धन्ना सलाहणिज्जा, सुलसा आणंदकामदेवा अ ॥
जेसिं पसंसइ भयवं, दढव्वयं तं महावीरो ॥ २ ॥

પછી પોસહ વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કાંઇ અવિધિ, ખંડના તથા વિરાધના મન વચન કાયાએ કરી થઈ હોય તો " तस्स मिच्छामि दुक्कडं " એમ કહેવું.

સામાયિકનો વિધિ પણ આ રીતેજ જાણવો, તેમાં એટલોજ વિશેષ કે, સાગરચંદોને બદલે આ ગાથાઓ કહેવી:—

सामइअवयजुत्तो, जावमणे होइ निअमसंजुत्तो ॥
छिन्नइ असुहं कम्मं, सामाइअ जत्तिआवारा ॥ १ ॥
छउमत्थो मूढमणो, कित्तिअमित्तं च संभरइ जीवो ॥
जं च न सुमरामि अहं, मिच्छा मे दुक्कडं तस्स ॥ २ ॥

सामाइअ पोसहसं-ठिअस्स जीवस्स जाइ जो कालो ॥
सो सफलो बोधव्वो, सेसो संसारफलहेउ ॥ ३ ॥

પછી સામાયિક વિધિએ લીધું ઇત્યાદિ કહે. દિવસ પોસહ પણ આ રીતેજ જાણવો. વિશેષ એટલોજ કે, પૌષધ દંડકમાં "**जाव दिवसं पज्जुवासामि**" એમ કહેવું. દેવસી પ્રતિક્રમણ કરી રહ્યા પછી દિવસ પોસો પારી શકાય છે. રાત્રિ પોસો પણ આ રીતેજ જાણવો, તેમાં એટલોજ ફેર છે કે, પોસહ દંડકમાં **जाव दिवसेसं रत्तिं पज्जुवासामि** એમ કહેવું. બપોર પછી બે ઘડી દિવસ રહે ત્યાં સુધી રાત્રિપોસો લેવાય છે. પોસહના પારણાને દિવસે સાધુનો જોગ હોય તો જરૂર અતિથિસંવિભાગ વ્રત કરીને પારણું કરવું. આ રીતે પૌષધવિધિ કહ્યો છે.

આ રીતે પૌષધ આદિ કરીને પર્વદીનની આરાધના કરવી. એની ઉપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છે:—

ધન્યપુરમાં ધનેશ્વર નામે શેઠ, ધનશ્રી નામે તેની સ્ત્રી અને ધનસાર નામે તેનો પુત્ર એવું એક કુટુંબ રહેતું હતું. ધનેશ્વર શેઠ પરમ શ્રાવક હતો. તે કુટુંબ સહિત દર પખવાડિયે વિશેષ આરંભ વર્જવા વગેરે નિયમ પાળતો હતો, અને "चतुर्दशी, अष्टमी, अमावास्या तथा पूर्णिमा એ તિથિયોને વિષે પરિપૂર્ણ પૌષધ કરનારો હતો." આ રીતે ભગવતી સૂત્રમાં તુંગિકા નગરીના શ્રાવકના વર્ણનને પ્રસંગે કહ્યું છે, તે પ્રમાણે દર માસે છ પર્વતિથિયોને વિષે તે પૌષધ વગેરે યથાવિધિ કરતો હતો. એક વખતે ધનેશ્વરશ્રેષ્ઠી અષ્ટમીનો પૌષધ કરેલો હોવાથી રાત્રિએ શૂન્ય ઘરમાં પ્રતિમા અંગીકાર કરીને રહ્યા. ત્યારે સૌધર્મેંદ્રે તેની ધર્મની દૃઢતાની ઘણી પ્રશંસા કરી. તે સાંભળી કોઈ મિથ્યાદૃષ્ટિ દેવતા તેની પરીક્ષા કરવા આવ્યો. પહેલા તેણે શેઠના દોસ્તનું રૂપ પ્રકટ કરી ક્રોડો સોનૈયાનો નિધિ છે. તમે આજ્ઞા કરો તો તે હું લઉં." એમ ઘણી વાર શેઠને વિનંતી કરી, પછી તે દેવતાએ, શેઠની સ્ત્રીનું રૂપ પ્રકટ કર્યું, અને આલિંગન વગેરે કરીને તેની (શેઠની) ઘણી કદર્થના કરી. તે પછી મધ્યરાત્રી છતાં પ્રભાત કાળનો દેખાવ સૂર્યનો ઉદય તથા સૂર્યનાં કિરણ વગેરે વિકુર્વીને તે દેવતાએ શેઠનાં સ્ત્રી પુત્ર વગેરેનાં રૂપ પ્રકટ કરી શેઠને પૌષધનું પારણું કરવાને

માટે ઘણી વાર પ્રાર્થના કરી. એવા ઘણા અનુકૂળ ઉપસર્ગ કર્યા, તો પણ સદ્ગુણ ગણવાને અનુસારે મધ્યરાત્રી છે એમ શેઠ જાણતો હતો, તેથી તિલમાત્ર પણ ભ્રમમાં પડયો નહીં. તે જોઈ દેવતાએ પિશાચનું રૂપ લિધું, અને ચામડી ઉખેડવી, તાડના કરવી, ઉછાળવું, શિળા ઉપર પછાડવું, સમુદ્રમાં ફેંકી દેવું, વગેરે પ્રાણાંતિક પ્રતિકૂળ ઉપસર્ગ કર્યા; તો પણ શેઠ ધર્મધ્યાનથી ચલિત થયો નહીં. કહ્યું છે કે—આ પૃથ્વીને દિશાઓના હસ્તી, કાચબો, કુલપર્વત અને શેષનાગ એમણે પકડી રાખી છે, તો પણ ચલે છે; પરંતુ શુદ્ધ અંતઃકરણવાળા સત્પુરૂષોનું અંગીકાર કરેલું વ્રત પ્રલય થાય તો પણ ચલે નહીં.

પછી દેવતાએ પ્રસન્ન થઇ ધનેશ્વર શેઠને કહ્યું. "હું સંતોષ પામ્યો છું. તું વાંછિત વર માગ." એમ કહ્યું તો પણ શેઠે પોતાનું ધર્મધ્યાન છોડયું નહીં. તથા અતિશય પ્રસન્ન થએલા દેવતાએ શેઠના ઘરમાં ક્રોડો સોનૈયાની અને રત્નોની વૃષ્ટિ કરી. તે મહિમા જોઈ ઘણા લોકો પર્વ પાળવાને વિષે આદરવંત થયા. તેમાં પણ રાજાનો ધોબી, વાંચી, અને એક કૌટુંબિક (ખેડૂત નોકર) એ ત્રણે જણા જે કે રાજાની પ્રસન્નતા મેળવવા ઉપર એમને ઘણું ધ્યાન આપવું પડતું હતું, તો પણ છએ પર્વોને વિષે પોતપોતાનો ધંધો તેઓ બંધ રાખતા હતા. ધનેશ્વર શેઠ પણ નવા સાધર્મી જાણી તેમને પારણાને દિવસે સાથે જમાડી, પહેરામણી આપી જોઇએ તેટલું ધન વગેરે આપી તેમનો ઘણો આદર સત્કાર કરતો હતો. કહ્યું છે કે—સુશ્રાવક સાધર્મીનું જેવું વાત્સલ્ય કરે છે, તેવું વાત્સલ્ય માતા, પિતા અથવા બાંધવ જનો પણ કોઈ કાળે કરી ન કરે. આ રીતે શેઠનો ઘણો સહવાસ થવાથી તે ત્રણે જણા સમ્યક્ત્વધારી થયા. કહ્યું છે કે—જેમ મેરૂપર્વતે વળગી રહેલું તૃણ પણ સુવર્ણ બની જાય છે, તેમ સત્પુરૂષોનો સમાગમ કુશીળિયાને પણ સુશીલ કરે છે. એક દિવસે કૌમુદી મહોત્સવ થવાનો હતો, તેથી રાજાના લોકોએ "આજે ધોબીને લાવ" એમ કહી ચતુર્દશીને દિવસે રાજાનાં અને રાણીનાં વસ્ત્ર તે શ્રાવકે ધોબીને ધોવા આપ્યાં. ધોબીએ કહ્યું. "મને તથા મ્હારા કુટુંબને બાવા હોવાથી અમે પર્વને દિવસે વસ્ત્ર ધોવા આદિ આરંભ કરતા નથી." રાજાના લોકોએ

કહ્યું કે, "રાજાની આગળ તમારી બાયા તે શી ? રાજાની આજ્ઞાનો ભંગ થાય તો પ્રાણાંતિક દંડ થશે."

પછી ધોબીના સાથીઓએ તથા બીજા લોકોએ પણ વસ્ત્ર ધોવાને માટે તેને ઘણું કહ્યું. ધનેશ્વર શેઠે પણ "રાજદંડ થવાથી ધર્મની હીલના વગેરે ન થાય. એમ વિચારી **रायाभिओगेणं** એવો આગાર છે, ઇત્યાદિ યુક્ત દેખાડી, તો પણ ધોબીએ "દૃઢતા વિનાનો ધર્મ શા કામનો ?" એમ કહી પોતાના નિયમની દૃઢતા ન મૂકી. એણે એવા દુઃખના વખતમાં પણ કોઇનું કહ્યું ન માન્યું. પોતાના માણસોના કહેવાથી રાજા પણ રૂષ્ટ થયો, અને મ્હારી "આજ્ઞા તોડશે તો સવાર થતા તને તથા તારા કુટુંબને શિક્ષા કરીશ" એમ કહેવા લાગ્યો. એટલામાં રાત્રિએ કર્મયોગથી રાજાના પેટમાં એવો શૂળરોગ થયો, કે જેથી આખા નગરમાં હાહાકાર વર્તી રહ્યો એમ કરતાં ત્રણ દિવસ ચાલ્યા ગયા. ધર્મના પ્રભાવથી ધોબીએ પોતાનો નિયમ બરોબર પાળ્યો. પછી પડવાને દિવસે રાજાનાં તથા રાણીનાં વસ્ત્ર ધોયાં. બીજને દિવસે રાજાના માણસોએ માગ્યાં, ત્યારે તે તેણે તુરત આપ્યાં. એમજ કાંઈ ખાસ કામને સારૂ બહુ તેલનો ખપ પડવાથી રાજાએ શ્રાવક ઘાંચીને ચતુર્દશીને દિવસે ઘાણી ચલાવવાનો હૂકમ આપ્યો. ઘાંચીએ પોતાના નિયમની દૃઢતા જણાવી, તેથી રાજા ગુસ્સે થયો. એટલામાં પરચક્ર આવ્યું. રાજાને પોતાની સેના સાથે લેઈ શત્રુની સામે જઇ સંગ્રામમાં ઉતરવું પડ્યું. પછી રાજાનો જય થયો. પણ એ કામમાં રાજા વ્યગ્ર થઇ જવાથી તેલનો ખપ પડ્યો નહીં, અને ઘાંચીનો નિયમ સચવાયો.

હવે રાજાએ એક વખતે અષ્ટમીને શુભ મુહૂર્તે તે શ્રાવક કણબીને હળ ખેડવાની આજ્ઞા કરી. ત્યારે તેણે પોતાનો નિયમ કહ્યો. તેથી રાજાને ક્રોધ ચઢ્યો. પણ એટલામાં ધારાબંધ એક સરખો વર્ષાદ પડવા માંડવાથી તેનો નિયમ સુખેથી સચવાયો. આ રીતે પર્વનો નિયમ અખંડ પાળવાના પુણ્યથી તે ત્રણે જણા અનુક્રમે મરણ પામી છઠા લાંતક દેવલોકે ચૌદ સાગરોપમ આયુષ્યવાળા દેવતા થયા. ધનેશ્વર શેઠ સમાધિએ મરણ પામી બારમા અચ્યુત દેવલોકે ગયો. પછી તે ચારે દેવતાઓની ઘણી મૈત્રી થઈ. શેઠનો જીવ જે દેવતા થયો હતો, તેની પાસે બીજા ત્રણે દેવતા-

ઓએ પોતાના ચ્યવનને અવસરે કબૂલ કરાવ્યું હતું કે, "તહારે પૂર્વભવની માફક આવતે ભવે પણ અમને પ્રતિબોધ કરવો." પછી તે ત્રણે જણા દેવલોકથી જૂદા જૂદા રાજકુળને વિષે અવતર્યા. અનુક્રમે જવાન અવસ્થા પામી મ્હોટા દેશના અધિપતિ થઈ ધીર, વીર અને હીર એવે નામે જગતમાં પ્રસિદ્ધ થયા. તેમાં ધીર રાજાના નગરમાં એક શેઠને પર્વને દિવસે સદા કાળ પરિપૂર્ણ લાભ થતો હતો, પરંતુ કોઈક વખતે પર્વતિથિએ હાનિ પણ બહુ થતી હતી. તેણે એક વખતે જ્ઞાનીને આ વાત પૂછી. જ્ઞાનીએ કહ્યું. "તેં પૂર્વભવને વિષે દરિદ્રાવસ્થામાં સ્વીકારેલા નિયમને દૃઢપણે વળગી રહી યથાશક્તિ પર્વ દિવસો સમ્યક્ પ્રકારે પાળ્યા; પરંતુ એક વખતે ધર્મસામગ્રીનો જોગ છતાં પણ તું ધર્માનુષ્ઠાન કરવામાં આલસ્ય વગેરે દોષથી પ્રમાદી થયો. તેથી આ ભવને વિષે તને આ રીતે લાભ હાનિ થાય છે. વળી કહ્યું છે કે—વૈર્યને વિષે પ્રમાદ કરનારો માણસ જે કાંઈ પોતાનું નુકશાન કરી લે છે, તે ચોરના લૂટવાથી, અગ્નીના બાળવાથી, અથવા જૂગટામાં હાર ખાધાથી પણ થતું નથી.

જ્ઞાનીનું એવું વચન સાંભળી તે શેઠ પોતાના કુટુંબ સહિત હમેશાં ધર્મકૃત્યોને વિષે સાવધાન રહ્યો, અને પોતાની સર્વ શક્તિથી સર્વે પર્વોની આરાધના કરવા લાગ્યો, અને ઘણોજ થોડો અથવા થોડો આરંભ કરી તથા વ્યવહારશુદ્ધિ બરોબર સાચવીને વ્યાપાર વગેરે બીજ આદિ પર્વને દિવસેજ કરતો હતો, પરંતુ બીજે વખતે નહીં. તેથી સર્વે ગ્રાહકોને વિશ્વાસ પડી ગયો. સર્વે તેની સાથેજ વ્યવહાર કરવા લાગ્યા, પણ બીજાઓની સાથે કોઇ વ્યવહાર કરે નહીં. થોડા દિવસમાં તે ક્રોડો સોનૈયાનો ધણી થયો. કાગડા, કાયસ્થ અને કૂકડા એ ત્રણ જણા પોતાના કુળનું પોષણ કરે છે, અને વણિક, શ્વાન, ગજ તથા બ્રાહ્મણ એ ચારે જણ પોતાના કુળનો નાશ કરે છે. એવી કહેવત છે, તે પ્રમાણે બીજા વણિક લોકોએ અદેખાઈથી રાજાની પાસે ચાડી ખાધી કે, "એને ક્રોડો સોનૈયાનું નિધાન મળ્યું." તેથી રાજાએ શેઠને ધનની વાત પૂછી. શેઠે કહ્યું. "મેં સ્થૂળ મૃષાવાદ, સ્થૂળ અદત્તાદાન વગેરેનો ગુરૂ પાસે નિયમ લીધો છે." પછી બીજા વણિકોના કહેવાથી રાજાએ "એ ધર્મદંભ છે"

એમ વિચારી તેનું સર્વ ધન પોતાના કબજામાં લઇ તેને તથા તેના પરિવારને પોતાના મહેલમાં કબજે રાખ્યો. શેઠે મનમાં વિચાર્યું કે, " આજે પંચમી પર્વ છે. તેથી આજ મને કોઇ પણ રીતે અવશ્ય લાભ થવોજ જોઇએ. "

પ્રભાત વખતે રાજા પોતાના સર્વ ભંડાર ખાલી થએલા અને શેઠનું ઘર સોનામ્હોરથી તથા ઝવેરાતથી સંપૂર્ણ ભરાઈ ગએલું જોઇ ઘણું આશ્ચર્ય અને ખેદ પામ્યો. પછી તેણે શેઠને બોલાવીને પૂછ્યું કે, " હે શેઠજી ! આ ધન શી રીતે તમારે ઘેર ગયું ?" શેઠે કહ્યું. " હે ધણી ! હું કાંઇ જાણતો નથી, પરંતુ પર્વને દિવસે પુણ્યના મહિમાથી મને લાભજ થાય છે. " આ રીતે સર્વ વાત શેઠે કહી, ત્યારે પર્વનો મહિમા સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામેલા રાજાએ પણ છએ પર્વો પાળવાનો યાવજ્જીવ નિયમ લીધો. તેજ વખતે ભંડારીએ આવી રાજાને વધામણી આપી કે, " વર્ષાકાળના વરસાદથી જેમ સરોવરો ભરાય છે, તેમ આપણા સર્વે ભંડાર ધનથી હમણાંજ પરિપૂર્ણ થયા છે. " તે સાંભળી રાજા ઘણું અજાયબ અને હર્ષ પામ્યો. એટલામાં ચંચળ એવા કુંડળ આદિ આભૂષણોથી દેદીપ્યમાન એવો એક દેવતા પ્રકટ થઇ કહેવા લાગ્યો કે, " હે રાજન્ ! તમારો પૂર્વભવનો મિત્ર જે શેઠનો પુત્ર કે, જે હમણાં દેવતાનો ભવ ભોગવે છે, તેને તું ઓળખે છે ? મેં પૂર્વભવે વચન આપ્યું હતું તેથી તને પ્રતિબોધ કરવાને અર્થે તથા પર્વ દિવસની આરાધના કરનાર લોકોમાં અગ્રેસર એવા એ શેઠને સહાય્ય કરવાને સારૂ આ કામ કર્યું. માટે તું ધર્મકૃત્યમાં પ્રમાદ ન કર. હવે હું ધાંચીના અને કૌટુંબિકના જીવ જે રાજાઓ થયા છે, તેમને પ્રતિબોધ કરવા જઉં છું. "

એમ કહી દેવતા ગયો. પછી તેણે તે બન્ને રાજાઓને સમકાળે સ્વપ્નમાં પૂર્વભવ દેખાડ્યો. તેથી તેમને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી તેઓ શ્રાવક ધર્મની અને વિશેષે કરી પર્વદિવસોની સમ્યક્ પ્રકારે આરાધના કરવા લાગ્યા. પછી તે ત્રણે રાજાઓએ દેવતાના કહેવાથી પોત પોતાના દેશને વિષે અમારિની પ્રવૃત્તિ, સાતે વ્યસનોની નિવૃત્તિ, ઠેકાણે ઠેકાણે નવા નવા જિનમંદિરો, પૂજા, યાત્રા, સાધર્મિક વાત્સલ્ય, પ-

વૈને પહેલે દિવસે પટહની ઉદ્ઘોષણા તથા સર્વે પર્વોને વિષે સર્વે લોકોને ધર્મકૃત્યને વિષે લગાડવા વગેરે ધર્મની ઉન્નતિ એવી રીતે કરી કે, જેથી એક છત્ર સામ્રાજ્ય જેવો જૈનધર્મ પ્રવર્તી રહ્યો, અને તેના પ્રભાવથી તથા શેઠના જીવ દેવતાની મદદથી તે ત્રણે રાજાઓના દેશોમાં તીર્થંકરની વિહારભૂમિની માફક અતિવૃષ્ટિના, અનાવૃષ્ટિના, દુર્ભિક્ષના, સ્વચક્ર–પરચક્રના, વ્યાધિના, મરકીના તથા દારિદ્ર વગેરેના ઉપદ્રવ સ્વપ્નમાં પણ રહ્યા નહીં. એવી દુઃસાધ્ય વસ્તુ શી છે કે, જે ધર્મના પ્રભાવથી સુસાધ્ય ન થાય? આ રીતે સુખમય અને ધર્મમય રાજ્યલક્ષ્મીને ચિરકાળ ભોગવી તે ત્રણે રાજાઓએ સાથે દીક્ષા લઈ ઘણી તપસ્યાથી શીઘ્ર કેવળજ્ઞાન ઉપાર્જ્યું. શેઠનો જીવ દેવતા, તેમનો મહિમા ઠેકાણે ઠેકાણે ઘણોજ વધારવા લાગ્યો. પછી પ્રાયે પોતાનુંજ દૃષ્ટાંત કહી ઉપદેશ કરી પૃથ્વીને વિષે સર્વ પર્વરૂપ સમ્યક્ ધર્મનું સામ્રાજ્ય અતિશય વિસ્તાર્યું, અને ઘણા ભવ્ય જીવોનો ઉદ્ધાર કરી પોતે મોક્ષે ગયા. શેઠનો જીવ દેવતા પણ અચ્યુત દેવલોકથી ચ્યવી મહોટો રાજા થઈ ફરી વાર પર્વનો મહિમા સાંભળવાથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને દીક્ષા લઈ મોક્ષે ગયો. આ રીતે પર્વની આરાધના ઉપર કથા કહી. અગીઆરમી ગાથાનો અર્થ ઉપર પ્રમાણે છે. (૧૧)

प्रकाश ४. चातुर्मासिक कृत्य.

પર્વકૃત્ય કહ્યું. હવે અર્ધ ગાથાએ ચાતુર્માસિક કૃત્ય કહેવામાં આવે છે.

पइचउमासं समुचिअ—नियमगहो पाउसे विसेसेण ॥

संक्षेपार्थः—શ્રાવકે દરેક ચોમાસામાં તથા ઘણું કરી વર્ષાકાળના ચોમાસામાં ઉચિત નિયમ ગ્રહણ પાળવા.

विस्तारार्थः—જે શ્રાવકે પરિગ્રહ પરિમાણું વ્રત લીધું હોય, તેણે દરેક ચોમાસાને વિષે પૂર્વે લીધેલા નિયમમાં કાંઇક ઓછું કરવું. જેણે પરિગ્રહ પરિમાણ વ્રત પૂર્વે ન લીધું હોય, તેણે પણ દરેક ચોમાસામાં યોગ્ય એવા નિયમ અંગીકાર કરવા. વર્ષાકાળના ચોમાસામાં તો ઘણું કરી ઉચિત નિયમ ગ્રહણ કરવાજ. તેમાં જે નિયમ જે સમયે લીધાથી બહુ ફળ થાય, તથા જે નિયમ ન લીધાથી ઘણી વિરાધના અથવા ધર્મની નિંદા વગેરે દોષ થાય, તે નિયમ તે વખતે ઉચિત કહેવાય છે. જેમ વર્ષાકાળમાં ગાડાં ગાડી ચલાવવાની બાધા વગેરે લેવી તથા વાદળ, વર્ષાદિ આદિ થવાથી ધ્રુંધો વગેરે પડવાને લીધે રાયણ તથા આંબા વગેરેનાં ફળનો ત્યાગ કરવો તે ઉચિત નિયમ જાણવા. અથવા દેશ, પુર, ગામ, જાતિ, કુળ, વય, અવસ્થા વગેરેની અપેક્ષા એ ઉચિત નિયમ જાણવા. તે નિયમ બે પ્રકારના છે. એક દુઃખે પળાય એવા, તથા બીજા સુખે પળાય એવા. ધનવંત વ્યાપારી અને અવિરતિ લોકોને સંચિત્ત રસનો તથા શાકનો ત્યાગ અને સામાયિકનો સ્વીકાર વગેરે નિયમ દુઃખે પળાય એવા છે, પરંતુ પૂજા, દાન વગેરે નિયમો તેમનાથી સુખે પળાય તેમ છે.

દરિદ્રી પુરૂષોની વાત એથી ઉલટી છે. એમ છે, તો પણ ચિત્તની એકાગ્રતા હોય તો ચક્રવર્તીએ તથા શાલિભદ્ર વગેરે લોકોએ જેમ દીક્ષાદિ કષ્ટ સહન કર્યા, તેમ સર્વે નિયમ સર્વેથી સુખે પળાય તેવા છે. કહ્યું છે કે—જ્યાં સુધી ધીર પુરૂષો દીક્ષા લેતા નથી, ત્યાં સુધી મેરૂપર્વત ઉંચો છે, સમુદ્ર દુસ્તર છે, અને કામની ગતિ વિષમ છે. એમ છતાં પાળી ન શકાય એવા નિયમ લેવાની શક્તિ ન હોય, તો પણ સુખે પળાય એવા

નિયમ તો શ્રાવકે જરૂર લેવાજ. જેમ વર્ષાકાળમાં કૃષ્ણની માફક તથા કુમારપાળ વગેરેની માફક સર્વે દિશાએ જવાનો ત્યાગ કરવો ઉચિત છે. તેમ કરવાની શક્તિ ન હોય તો જે વખતે તે દિશાઓને વિષે ગયા વિના પણ નિર્વાહ થઇ શકે એમ હોય, તે વખતે તે દિશાઓ તરફ જવું નહીં. એમજ સર્વ સચિત્ત વસ્તુનો ત્યાગ કરી ન શકે તો, જે વખતે જે વસ્તુ વિના નિર્વાહ થઇ શકે એમ હોય, તે વખતે તે વસ્તુનો નિયમ લેવો. જે માણસને જે ઠેકાણે, જે વખતે જે વસ્તુ મળવાનો સંભવ ન હોય, જેમ કે, દરિદ્રી પુરૂષને હાથી વગેરે, મેરૂદેશમાં નાગરવેલનાં પાન વગેરે, તથા આંબા વગેરે ફળની ઋતુ ન હોય તો, તે તે ફળો દુર્લભ છે, માટે તે પુરૂષે તે ઠેકાણે તે વખતે તે વસ્તુનો નિયમ ગ્રહણ કરવો. આ રીતે અછતી વસ્તુનો નિયમ કરવાથી પણ વિરતિ વગેરે મોટું ફળ થાય છે.

એમ સંભળાય છે કે—રાજગૃહી નગરીમાં એક ભીખારીએ દીક્ષા લીધી, તે જોઇ લોકો "એણે ઘણું ધન છોડીને દીક્ષા લીધી!" એ રીતે તેની હાંસી કરવા લાગ્યા. તેથી ગુરૂ મહારાજે વિહાર કરવાની વાત કરી, ત્યારે અભયકુમારે ચૌટામાં ત્રણ ક્રોડ સોનૈયાનો એક મ્હોટો ઢગલો કરી સર્વે લોકોને બોલાવીને કહ્યું કે, "જે પુરૂષ કૂવા વગેરેનું પાણી, દેવતા, અને સ્ત્રીનો સ્પર્શ, એ ત્રણ વાનાં યાવજ્જીવ મૂકી દે, તેણે આ ધનનો ઢગલો ગ્રહણ કરવો." લોકોએ વિચાર કરીને કહ્યું કે, "ત્રણ ક્રોડ ધન છોડી શકાય, પરંતુ પાણી વગેરે ત્રણ વસ્તુ ન છોડાય." પછી મંત્રીએ કહ્યું કે, "અરે મૂઢ લોકો! તો તમે આ દ્રમક મુનિની હાંસી કેમ કરો છો? એણે તો જાણીબૂઝીને ત્રણ વસ્તુનો ત્યાગ કરેલો હોવાથી ત્રણ ક્રોડ કરતાં પણ બહુ ધનનો ત્યાગ કર્યો છે." પછી પ્રતિબોધ પામેલા લોકોએ દ્રમક મુનિને ખમાવ્યા. આ રીતે અછતી વસ્તુનો ત્યાગ કરવા ઉપર દાખલો કહ્યો છે.

માટે અછતી વસ્તુના પણ નિયમ ગ્રહણ કરવા. તેમ ન કરે તો તે તે વસ્તુ ગ્રહણ કરવામાં પશુની માફક અવિરતિપણું રહે છે. તે નિયમ ગ્રહણ કરવાથી દૂર થાય છે. ભર્તૃહરિએ કહ્યું છે કે—અમે ક્ષમાવડે ખમ્યું નહીં; ધરનો ઉચિત સુખનો (વિષય સુખનો) સંતોષથી ત્યાગ કર્યો નહીં, ખ-

મી ન શકાય એવી ટાઢ, તાપ અને પવનની પીડા સહન કરી, પણ તપસ્યા કરી નહીં; અહર્નિશ મનમાં ધનનો વિચાર કર્યો પણ પ્રાણાયામ કરી મુક્તિનું પદ ચિંતવ્યું નહીં, સારાંશ—અમે એવું કર્યું કે, જેથી મુનિયો તે તે ફળવડે અમને ઠગી શકયા. અહોરાત્રમાં દિવસે એક વાર ભોજન કરે, તો પણ પચ્ચખ્ખાણ કર્યા વિના એકાશણનું ફળ મળતું નથી. લોકમાં પણ એવીજ રીતિ છે કે, કોઇ માણસ કોઇનું ઘણું ધન ઘણા કાળ સુધી વાપરે, તો પણ કહ્યા વિના તે ધનનું થોડું વ્યાજ પણ મળતું નથી. અછતી વસ્તુનો નિયમ ગ્રહણ કર્યો હોય તો, કદાચ કોઇ રીતે તે વસ્તુનો યોગ આવી જાય તોપણ નિયમ લેનાર માણસ તે વસ્તુ લઈ ન શકે, અને નિયમ ન લીધો હોય તો લઇ શકે. આ રીતે અછતી વસ્તુનો નિયમ ગ્રહણ કરવામાં પણ પ્રકટ ફળ દેખાય છે. જેમ પલ્લીપતિ વંકચૂલને ગુરૂ મહારાજે "અજાણ્યાં ફળ ભક્ષણ ન કરવાં" એવો નિયમ આપ્યો હતો, તેથી તેણે ભુખ ઘણી લાગી હતી, અને લોકોએ ઘણું કહ્યું, તોપણ અટવીમાં કિંપાકફળ અજાણ્યાં હોવાથી ભક્ષણ કર્યાં નહીં. તેની સાથેના લોકોએ ખાધા, અને તેથી તે લોક મરણ પામ્યા.

દરેક ચોમાસામાં નિયમ લેવાનું કહ્યું, તેમાં ચોમાસું એ ઉપલક્ષણ જાણવું. તેથી પખવાડિયાના અથવા એક, બે ત્રણ માસના તથા એક, બે અથવા તેથી વધુ-વર્ષના પણ નિયમ શક્તિ માફક ગ્રહણ કરવા. જે નિયમ જ્યાં સુધી અને જે રીતે આપણાથી પળાય, તે નિયમ ત્યાં સુધી અને તે રીતે લેવો. નિયમ એવી રીતે ગ્રહણ કરવા કે, જેથી નિયમ વિના એક ઘડી પણ રહી ન શકે. કેમકે, વિરતિ કરવામાં મોટો ફળનો લાભ છે, અને અવિરતિપણામાં ઘણા કર્મબંધનાદિક દોષ છે. એ વાત પૂર્વે કહેવામાં આવી છે. પૂર્વે જે નિત્ય નિયમ કહેવામાં આવ્યા છે, તેજ નિયમ વર્ષાકાળના ચોમાસામાં વિશેષે કરી લેવા. તેમાં દિવસમાં બે વાર અથવા ત્રણ વાર પૂજા, અષ્ટ પ્રકારી પૂજા, સંપૂર્ણ દેવવંદન, જિનમંદિરે સર્વે જિનબિંબની પૂજા અથવા વંદના, સ્નાત્ર મહોત્સવ, મહાપૂજા, પ્રભાવના વગેરે અભિગ્રહ લેવા. તથા ગુરૂને મોટી વંદના, દરેક સાધુને વંદના, ચોવીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ, નવા જ્ઞાનનો પાઠ, ગુરૂની સેવા, બ્રહ્મચર્ય, અચિત્ત

પાણી પીવું, સચિત્ત વસ્તુનો ત્યાગ ઇત્યાદિ અભિગ્રહ લેવા. તથા વાસી, વિદળ, પૂરી, પાપડ, વડી, સૂકું શાક, તાંદલજા વગેરે પાંદડાંની ભાજી, ખારેક, ખજૂર, દ્રાક્ષ, ખાંડ, સૂંઠ, વગેરે વસ્તુનો વર્ષાકાળના ચોમાસામાં ત્યાગ કરવો. કેમકે, એ વસ્તુમાં લીલફૂલ, કુંથુઆ, અને ઇયળો વગેરે સંસક્ત જીવ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. ઔષધ વગેરે કામમાં ઉપર કહેલી વસ્તુ લેવી હોય તો સારી પેઠે તપાસીને ઘણીજ સંભાળથી લેવી. તેમજ વર્ષાકાળના ચોમાસામાં ખાટલો, ન્હાવું, માથામાં ફૂલ વગેરે ગુંથાવવાં, લીલું દાતણ, પગરખાં વગેરે વસ્તુનો યથાશક્તિ ત્યાગ કરવો. ભૂમિ ખોદવી, વસ્ત્ર વગેરે રંગવાં, ગાડી વગેરે ખેડવાં, બીજે ગામે જવું વગેરેની પણ બાધા લેવી.

ઘર, હાટ, ભીંત, થાંભલો, કપાટ, પાટ, પાટિયું, પાટી, શીંકું, ઘીનાં, તેલનાં તથા પાણી વગેરેનાં તથા બીજાં વાસણ, ઘૂંધણાં ધાન્ય વગેરે સર્વે વસ્તુઓને નીલફૂલ વગેરે જીવની સંસક્ત ન થાય, તે માટે જેને જે યોગ્ય હોય તે પ્રમાણે કોઠને ચૂનો લગાડવો, કોઠમાં રાખ ભેળવવી, તથા મેંદ્ર ઢાંકી નાંખવો, તડકામાં મૂકવું, શરદી અથવા ભેજ ન હોય તેવા સ્થાનકમાં રાખવું વગેરે સંભાળ લેવી. પાણીને પણ બે ત્રણ વાર ગાળવા વગેરેથી સંભાળવું. ચીકણી વસ્તુ, ગોળ, છાશ, પાણી વગેરેની પણ સારી પેઠે ઢાંકણું વગેરે મૂકીને સંભાળ કરવી. ઓસામણનું તથા સ્નાનનું પાણી વગેરે લીલફૂલ વગેરે ન હોય એવી ધૂળવાળી શુદ્ધ ભૂમિને વિષે છૂટું છૂટું અને ઘેાડું ઘેાડું નાંખવું. ચૂલાને અને દીવાને ઉઘાડો ન મૂકવો અને તે માટે ખાસ સંભાળ લેવી. ખાંડવું, દળવું, રાંધવું, વસ્ત્ર પાત્ર વગેરે ધોવું ઇત્યાદિ કામમાં પણ સમ્યક્ પ્રકારે જોઈ કરીને સંભાળ રાખવી. જિનમંદિરની તથા પૈાષધશાળા વગેરેની પણ જોઇએ તેવી રીતે સમારવાવડે દ્રવિત યતના રાખવી. તેમજ ઉપધાન, માસાદિ પ્રતિમા, કષાયજય, ઇંદ્રિયજય, ચેાગવિશુદ્ધિ, વીશ સ્થાનક, અમૃત આઠમ, અગીયાર અંગ, ચૌદ પૂર્વ વગેરે તપસ્યા તથા નમસ્કાર ફળતપ, ચતુર્વિંશતિકા તપ, અક્ષયનિધિ તપ, દમયંતી તપ, ભદ્રશ્રેણી તપ, મહાભદ્ર શ્રેણી તપ, સંસારતારણ તપ, અઠાઈ, પક્ષખમણ, માસખમણ વગેરે વિશેષ તપસ્યા પણ યથાશક્તિ કરવી. રાત્રિએ

એકવિહાર અથવા તિવિહારનું પચ્ચખ્ખાણ કરવું. પર્વને વિષે વિગયનો ત્યાગ તથા પૌષધ ઉપવાસ વગેરે કરવું. દરરોજ અથવા પારણાને દિવસે અતિથિસંવિભાગનો અવશ્ય લાભ લેવો. વગેરે.

પૂર્વાચાર્યોએ ચોમાસાના અભિગ્રહ કહ્યા છે, તે આ પ્રમાણે:—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આશ્રયી દ્રવ્યાદિ ભેદથી અનેક પ્રકારના ચાતુર્માસિક અભિગ્રહ હોય છે.

તેનો અનુક્રમ આ પ્રમાણે:—તત્ર જ્ઞાનાચારને વિષે મૂળસૂત્રવાંચવારૂપ સઝાય કરવી, વખાણ સાંભળવું, સાંભળેલા ધર્મનું ચિંતવન કરવું, અને શક્તિ પ્રમાણે અજવાળી પાંચમને દિવસ જ્ઞાનની પૂજા કરવી. (૧) દર્શનાચારને વિષે જિનમંદિરમાં કાજો કાઢવો, લીંપવું, ગુંહલિ માંડવી વગેરે જિન પૂજા, ચૈત્યવંદન અને જિનબિંબને ઉવટણાં કરીને નિર્મળ કરવા આદી કાર્યો કરવાં (૨). ચારિત્રાચારને વિષે જળો મૂકાવવી નહિં, જૂ તથા શરીરમાં રહેલા ગંડોળ પાડવા નહિં, ફળાવાળી વનસ્પતિને ખાર ન દેવો, લાકડામાં, અગ્નિમાં તથા ધાન્યમાં ત્રસ જીવની રક્ષા કરવી. ક્રોધને આળ ન દેવું, આક્રોશ ન કરવો, કઠોર વચન ન બોલવું, દેવ ગુરૂના સોગન ન ખાવા, ચાડી ન કરવી તથા પારકો અવર્ણવાદ ન બોલવો. પિતાની તથા માતાની દૃષ્ટિ ચૂકવીને કામ ન કરવું, નિધાન, દાન અને પડેલી વસ્તુને વિષે યતના કરવી. દિવસે બ્રહ્મચર્ય પાળવું, રાત્રિને વિષે પુરૂષે પરસ્ત્રીની તથા સ્ત્રીએ પર પુરૂષની સેવા ન કરવી, ધન ધાન્ય વગેરે નવવિધ પરિગ્રહનું પરિમાણ જેટલું રાખ્યું હોય તેમાં પણ ઘટાડો કરવો. દિશાપરિમાણ વ્રતમાં પણ ક્રોધને મોકલવું, સંદેશો કહેવરાવવો, અબોભૂમીએ જવું વગેરે તજવું. સ્નાન ઉવટણું, ધૂપ, વિલેપન, આભૂષણ, પૂલ, તાંબૂલ, બરાસ, અગર, કેસર, ખોલિસ અને કસ્તૂરી એ વસ્તુનું પરિમાણ રાખવું. મજીઠથી, લાખથી કસુંબાથી અને મળીથી રંગેલાં કપડાનું પરિમાણ કરવું, તથા રત્ન હીરા, મણિ, સોનું રૂપું, મોતી વગેરેનું પરિમાણ કરવું. ખજૂર, દ્રાક્ષ, દાડમ, ઉત્તમિ, નાળિએર, કેળાં, મીઠાં લિંબુ, જાંબુફળ, જાંબુ, રાયણ, નારંગી, બીજોરાં, દાડી, અખોડ, વાયમફળ, ફોડ, ટિંબરૂ, બિલીફળ, આમલી, બોર, બિલ્લુફળ, ચીભડાં, ચીભડી, કેરાં, કરમદાં, ભોરડ, લિંબુ, આમ્રવેતસ એમનું

અથાણું, અંકુરા, જાત જાતનાં ફૂલ તથા પત્ર, સચિત્ત, બહુબીજ, અનંતકાય પણ એક પછી એક વર્જવા. તથા વિગઇનું અને વિગઇની અંદર આવનારી વસ્તુનું પરિમાણ કરવું. વસ્ત્ર ધોવાં, લિંપવું, ખેત્ર ખણવું, ન્હવરાવવું, બીજાની જૂ કાઢવી, ક્ષેત્ર સંબંધી જાત જાતનાં કામો, ખાંડવું, દળવું, પાણીમાં ઝીલવું, અન્ન રાંધવું, ઉચટણું લગાડવું વગેરેનો ધટાડો કરવો. તથા ખોટી સાક્ષી પૂરવી નહીં. દેશાવકાશિક વ્રતને વિષે ભૂમિ ખોદવાનું, પાણી લાવવાનું, કપડાં ધોવાનું, ન્હાવાનું, પીવાનું, અગ્નિ સળગાવવાનું, દીવો કરવાનું, પવન નાખવાનું, લીલોત્રી કાપવાનું, મ્હોટા વડિલોની સાથે છૂટથી બોલવાનું, અદત્તાદાનનું, તથા સ્ત્રીએ પુરૂષની સાથે તથા પુરૂષે સ્ત્રીની સાથે બેસવું, સૂવું, બોલવું, જોવું વગેરેનું વ્યવહારના સંબંધમાં પરિમાણ રાખવું, દિશિનું માન રાખવું, તથા ભોગોપભોગનું પણ પરિમાણ રાખવું. તેમજ સર્વે અનર્થદંડનો સક્ષેપ કરવો, સામાયિક પૌષધ તથા અતિથિસંવિભાગમાં પણ જે છૂટ રાખી હોય, તેમાં દરરોજ કાંઇ કમી કરવું. ખાંડવું, દળવું, રાંધવું, જમવું, ખણવું, વસ્ત્રાદિ રંગવું, કાંતવું, પીંજવું, લોઢવું, ઘર વગેરે ધોળાવવું, લીંપવું, ઝાટકવું, વાહન ઉપર ચઢવું, લીખ વગેરે જોવી, પગરખાં પહેરવાં, ખેતર નીંદવું, લણવું, ઓછણ કરવું, વગેરે કાર્યોને વિષે દરરોજ બનતા સુધી સંવર રાખવો. ભણવું, જિનમંદિરે દર્શન કરવું, વ્યાખ્યાન સાંભળવું, ગણવું, એટલાં કામોને વિષે તથા જિનમંદિરનાં સર્વે કામોને વિષે ઉદ્યમ કરવો. તથા વર્ષની અંદર ધર્મને અર્થે આઠમ, ચૌદશ, વિશેષ તપસ્યા અને કલ્યાણક તિથિને વિષે ઉજમણાનો મહોત્સવ કરવો. ધર્મને અર્થે મુહપત્તિ, પાણીનાં ગળણાં, તથા ઔષધ વગેરે આપવાં, યથાશક્તિ સાધર્મી વાત્સલ્ય કરવું, અને ગુરૂનો વિનય સાચવવો. દર મહિને સામાયિક તથા દર વર્ષે પૌષધ તથા અતિથિસંવિભાગ યથા શક્તિ કરવો. " આ રીતે શ્રાવક શ્રાવિકાના ચોમાસા સંબંધી નિયમ કહ્યા છે.

હવે આ વિષય સંબંધી નીચે પ્રમાણે કથા છે.

વિજયપુરમાં વિજયસેન નામે રાજા હતો તેને ઘણા પુત્રો હતા. તેમાં વિજયશ્રી રાણીનો પુત્ર રાજ્ય ચલાવવા લાયક થયો, એમ જાણી રાજાએ

તેને આદર સન્માન દેવાનું મૂકી દીધું. એમ કરવામાં રાજાનો એવો અભિપ્રાય હતો કે, "બીજા પુત્રો અદેખાઇથી એને મારી નાખે નહી." તેથી રાજકુમારને ઘણું દુઃખ થયું. તે મનમાં વિચારવા લાગ્યો કે, "પગથી હણાયલી ધૂળ પણ હણનારને માથે ચઢે છે. માટે મૂગે મોઢે અપમાન સહન કરનાર માણસ કરતાં ધૂળ ઉત્તમ છે, એવું નીતિશાસ્ત્રનું વચન છે, માટે મ્હારે અહિં રહીને શું કરવું છે ? હું હવે પરદેશ જઇશ. કેમકે—જે પુરૂષ ઘરમાંથી બહાર નીકળીને શેંકડો આશ્ચર્યથી ભરેલા સંપૂર્ણ પૃથ્વીમંડળને જોતો નથી, તે કૂવાના દેડકા જેવો છે. પૃથ્વીમંડળને વિષે ભ્રમણ કરનાર પુરૂષો દેશ દેશની ભાષાઓ જાણે છે, દેશ દેશના વિચિત્ર રિવાજ જાણે છે, અને વિવિધ પ્રકારના આશ્ચર્યકારી ચમત્કાર જુએ છે." રાજકુમાર એમ વિચારી રાત્રિયે કોઇ ન જાણે તેવી રીતે હાથમાં તરવાર લઇ બહાર નીકળ્યો, અને પૃથ્વીને વિષે પોતાની ઇચ્છા પ્રમાણે ફરવા લાગ્યો. કોઇ વખતે અટવીમાં ફરતાં બપોરના વખતે ભુખ તરસથી બહુ હેરાન થયો. એટલામાં સર્વાંગે દિવ્ય આભૂષણ પહેરેલો એક દિવ્ય પુરૂષ આવ્યો. તેણે સ્નેહપૂર્વક તેની સાથે કેટલી વાર્તા કરી અને કુમારને એક સર્વે પ્રકારના ઉપદ્રવને દુર કરનારૂં અને બીજું સર્વ ઉત્તમ વસ્તુને આપનારૂં એવાં બે રત્ન આપ્યાં. કુમારે "તું કોણ છે ?" એમ તેને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે, "જ્યારે તું તારા શહેરમાં જઇશ, ત્યારે મુનિરાજના વચનથી મ્હારૂં ચરિત્ર જાણીશ."

પછી રાજકુમાર તે રત્નોના મહિમાથી સર્વ ઠેકાણે યથેચ્છ વિલાસ કરતો રહ્યો. એક વખતે પડહનો ઉદ્‌ઘોષ સાંભળવાથી તેના જાણવામાં આવ્યું કે, "કુસુમપુરનો દેવશર્મા નામે રાજા આંખના દરદથી ઘણીજ વેદના ભોગવે છે." પછી રાજકુમારે તુરતજ ત્યાં જઇ રત્નના પ્રભાવથી આંખની બળ દૂર કરી. રાજાએ પ્રસન્ન થઇ રાજકુમારને પોતાનું રાજ્ય તથા પુણ્યશ્રી નામે પુત્રી આપી પોતે દીક્ષા લીધી. પછી કુમારના પિતાએ પણ કુમારને રાજ્ય ઉપર બેસારી પોતે દીક્ષા લીધી. આ રીતે રાજકુમાર બે રાજ્યો ચલાવવા લાગ્યો. એક વખતે ત્રણ જ્ઞાનના ધણી થએલા દેવશર્મા રાજર્ષિએ કુમારનો પૂર્વભવ કહ્યો. તે એ રીતે કે:—"ક્ષેમાપુરીને

વિષે સુવ્રત નામે શેઠ હતો, તેણે ગુરૂની પાસે પોતાની શક્તિ પ્રમાણે ચોમાસા સંબંધી નિયમ લીધા હતા. તેનો એક ચાકર હતો, તે પણ દરેક વર્ષાકાળના ચોમાસામાં રાત્રિભોજનનો તથા મદ્ય માંસ સેવનનો નિયમ કરતો હતો. પછી તે ચાકર મરણ પામ્યો અને તેનો જીવ તું રાજકુમાર થયો, અને સુવ્રત શેઠનો જીવ મ્હોટો ઋદ્ધિવંત દેવતા થયો. તેણે પૂર્વભવની પ્રીતીથી તેને બે રત્નો આપ્યાં " આ રીતે પૂર્વભવ સાંભળી કુમાર જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને ઘણા પ્રકારના નિયમ પાળીને સ્વર્ગે ગયો. ત્યાંથી ચવીને મહાવિદેહમાં સિદ્ધ થશે. આ રીતે ચોમાસાના નિયમ ઉપર કથા કહી છે.

લૌકિક ગ્રંથમાં પણ આ વાત કહી છે. તે એ કેઃ—વસિષ્ઠ ઋષિએ પૂછ્યું કે, "હે બ્રહ્મદેવ! વિષ્ણુ ક્ષીરસમુદ્રમાં શી રીતે નિદ્રા કરે છે? અને તે નિદ્રા કરે, ત્યારે શી શી વસ્તુ વર્જવી? અને તે વસ્તુ વર્જવાથી શું શું ફળ થાય!" બ્રહ્મદેવે કહ્યું. "હે વસિષ્ઠ! વિષ્ણુ ખરેખર નિદ્રા કરતો નથી, અને જાગૃત પણ થતો નથી, પરંતુ વર્ષાકાળ આવે છતે ભક્તિથી વિષ્ણુને એ સર્વ ઉપચાર કરાય છે. હવે વિષ્ણુ યોગનિદ્રામાં રહે, ત્યારે શું શું વર્જવું? તે સાંભળ. જે પુરૂષ ચોમાસામાં મુસાફરી ન કરે, માટી ન ખણે, તથા રિંગણાં, ચોળા, વાલ, કલથી, તુવેર, કાલિંગડાં, મૂળા અને તાંદળજો એટલી વસ્તુનો ત્યાગ કરે. તથા હે વસિષ્ઠ! જે પુરૂષ ચોમાસામાં એક અન્ન ખાય, તે પુરૂષ ચતુર્ભુજ થઈ પરમપદે જાય. જે પુરૂષ હમેશાં તથા ઘણું કરી ચોમાસામાં રાત્રિભોજન ન કરે, તે આલોકમાં તથા પરલોકમાં સર્વ અભિષ્ટ વસ્તુ પામે. જે પુરૂષ ચોમાસામાં મદ્ય માંસ વર્જે છે, તે દરેક માસમાં સો વર્ષ સુધી કરેલા અશ્વમેધ યજ્ઞનું પુણ્ય પામે છે. વગેરે.

ભવિષ્યપુરાણમાં પણ કહ્યું છે કેઃ—હે રાજન્! જે પુરૂષ ચોમાસામાં તૈલમર્દન કરતો નથી, તે ઘણા પુત્ર તથા ધન પામે છે, અને નિરોગી રહે છે. જે પુરૂષ પુષ્પાદિકના ભોગ છોડી દે છે, તે સ્વર્ગલોકને વિષે પૂજાય છે. જે પુરૂષ કડવો, ખાટો, તીખો, તૂરો, મીઠો, અને ખારો એ રસને વર્જે, તે પુરૂષ કુરૂપતા તથા દૌર્ભાગ્ય કોઇ ઠેકાણે પણ પામતો નથી. તાંબૂલ ભક્ષણ કરવાનું વર્જે તો ભોગી થાય, અને શરીરે લાવણ્ય

પામે. જે ફળ, શાક અને પાંદડાંનું શાક વર્જે. તે ધન તથા પુત્ર પામ. હે રાજન્! ચોમાસામાં ગોળ ન ખાય તો મધુર સ્વરવાળો થાય. તાવડી ઉપર પાકેલું અન્ન ભક્ષણ કરવાનું તજે તો, બહુ સંતતિ પામે. ભૂમીને વિષે સાથરે સૂઇ રહે તો વિષ્ણુનો સેવક થાય. દહીં તથા દૂધ વર્જે તો ગોલોક નામે દેવલોકે જાય. બપોર સુધી પાણી પીવાનું તજે તો રોગોપદ્રવ ન થાય. જે પુરૂષ ચોમાસામાં એકાંતર ઉપવાસ કરે તે બ્રહ્મલોકમાં પૂજાય. જે પુરૂષ ચોમાસામાં નખ અને કેશ ન ઉતારે તે દરરોજ ગંગાસ્નાનનું ફળ પામે. જે પારકું અન્ન તજે તે અનંત પુરૂષ પામે. ચોમાસામાં ભોજન કરતી વેળાએ જે મૌન ન રહે, તે કેવળ પાપજ ભોગવે એમ જાણવું. મૌનપણે ભોજન કરવું ઉપવાસ સમાન છે. માટે ચોમાસામાં જરૂર મૌન ભોજન તથા બીજા નિયમ રાખવા. વગેરે.

પ્રકાશ ૫ વર્ષકૃત્ય.

ચોમાસા સંબંધી કૃત્ય કહ્યું. હવે રહેલી અર્ધ ગાથા તથા તેરમી ગાથા મળી દોઢ ગાથાનો અગીઆર દ્વારવડે વર્ષકૃત્ય કહે છે.

(મૂળગાથા)

पइवरिसं संघच्चण-साहम्मि अभत्तिजत्ततिगं ॥ १२ ॥
जिणागेहि एइवयं जिणथण-वुड्ढी महपूअधम्मजागरिआ ॥
सुअपूआ उज्जवणं, तह तित्थपभावणा सोही ॥ १३ ॥

સંક્ષેપાર્થઃ—સુશ્રાવકે વર્ષોવર્ષ ૧ સંઘની પૂજા, ૨ સાધર્મી વાત્સલ્ય, ૩ ત્રણ યાત્રાઓ, ૪ જિનમંદિરે સ્નાત્રમહોત્સવ, ૫ દેવદ્રવ્યની વૃદ્ધિ, ૬ મહાપૂજા, ૭ રાત્રિએ ધર્મ જાગરિકા ૮ શ્રુતજ્ઞાન પૂજા, ૯ ઉજમણું, ૧૦ શાસનની પ્રભાવના, અને ૧૧ આલોયણા એટલાં ધર્મકૃત્ય કરવાં. ૧૨–૧૩.

વિસ્તારાર્થઃ—શ્રાવકે દરવર્ષ જઘન્યથી એકવાર પણ ૧ ચતુર્વિધ શ્રી સંઘની પૂજા, ૨ સાધર્મી વાત્સલ્ય, ૩ તીર્થયાત્રા, રથયાત્રા અને અઠાહી યાત્રા એ ત્રણ યાત્રાઓ, ૪ જિનમંદિરને વિષે સ્નાત્રમહોત્સવ, ૫ માળા પહેરવી, ઈંદ્રમાળા વગેરે પહેરવી, પહેરામણી કરવી, ધોતિયાં વગેરે આપવાં તથા દ્રવ્યની વૃદ્ધિ થાય તેવી રીતે આરતી ઉતારવી વગેરે ધર્મકૃત્યો કરીને દેવદ્રવ્યની વૃદ્ધિ, ૬ મહાપૂજા, ૭ રાત્રિને વિષે ધર્મજાગરિકા, ૮ શ્રુતજ્ઞાનની વિશેષ પૂજા, ૯ અનેક પ્રકારનાં ઉજમણાં, ૧૦ જિનશાસનની પ્રભાવના, અને ૧૧ આલોયણા એટલાં ધર્મકૃત્યો યથાશક્તિ કરવાં.

તેમાં શ્રીસંઘની પૂજામાં પોતાના કુળને તથા ધન વગેરેને અનુસરીને ઘણા આદરથી અને બહુમાનથી સાધુ સાધ્વીના રૂપમાં આવે એવી આધાકર્માદિ દોષ રહિત વસ્તુ ગુરૂ મહારાજને આપવી. તે વસ્તુ એકેઃ— વસ્ત્ર, કંબળ, પ્રોંછનક, સૂત્ર, ઉન, પાત્રાં, પાણીનાં તુંબડાં વગેરે પાત્ર, દાંડો, દાંડી, સોય, કાંટાને ખેંચી કાઢનારો ચીપીયો, કાગળ, ખડીયા, લેખણીનો સંગ્રહ પુસ્તક વગેરે. દિનકૃત્યમાં કહ્યું છે કે—વસ્ત્ર, પાત્ર આપવાદિક પાંચે પ્રકારનું પુસ્તક, કંબળ પાદપ્રોંછનક, દાંડો, સંથારો, સિજ્જા

તથા બીજું પણ ઔધિક તથા ઔપગ્રહિક મુહપત્તિ પુંછણા વગેરે જે કાંઇ શુદ્ધ સંયમને ઉપકારી હોય તે આપવું. પ્રવચનસારોદ્ધાર વૃત્તિમાં વળી કહ્યું છે કે—" જે વસ્તુ સંયમને ઉપકારી હોય, તે વસ્તુ ઉપકાર કરનારી હોવાથી ઉપકરણ કહેવાય છે. તેથી અધિક વસ્તુ રાખવી તે અધિકરણ કહેવાય છે. અસંયતપણે વસ્તુનો પરિહાર એટલે પરિભોગ (સેવન) કરનારો અસંયત કહેવાય છે." અહિં પરિહાર શબ્દનો અર્થ પરિભોગ કરનારો એવો કર્યો તેનું કારણ કે **पारेहार परिभोग** એવું વચન છે તેથી અસંયતપણે જે પરિભોગ કરવો એવો અર્થ થાય છે. એમ પ્રવચન સારોદ્ધાર વૃત્તિમાં કહ્યું છે.

એમજ પ્રાતિહારિક, પીઠ, ફલક, પાટયો વગેરે સંયમોપકારિ સર્વે વસ્તુઓ સાધુ મુનિરાજને શ્રદ્ધાથી આપવી. સોય વગેરે વસ્તુઓ પણ સંયમનાં ઉપકરણ છે એમ શ્રીકલ્પમાં કહ્યુ છે. તે એવી રીતે કે—**असणाई वत्थाई सूआइ चउक्कगा तिन्नि** અર્થ:—અશનાદિક, વસ્ત્રાદિક, અને સોયાદિક એ ત્રણ ચતુષ્ક મળીને બાર; જેમ કે, ૧ અશન, ૨ પાન, ૩ ખાદિમ અને ૪ સ્વાદિમ એ અશનાદિક ચાર, ૫ વસ્ત્ર, ૬ પાત્ર, ૭ કંબલ અને ૮ પાદપ્રોંછનક એ વસ્ત્રાદિક ચાર; તથા ૯ સોય ૧૦ અસ્ત્રા ૧૧ નરાણી અને ૧૨ કાન ખોતરવાની સળી એ સોયાદિક ચાર; આ રીતે ત્રણ ચતુષ્ક મળીને બાર વસ્તુ સંયમનાં ઉપકરણ છે.

એમજ શ્રાવક શ્રાવિકા રૂપ સંઘનો પણ શક્તિ માફક ભક્તિથી પહેરામણી વગેરે આપીને સત્કાર કરે. દેવ ગુરૂ વગેરેના ગુણ ગાનારા યાચકાદિકોને પણ ઉચિત લાગે તેમ તૃપ્ત કરે.

સંઘપૂજા ત્રણ પ્રકારની છે. એક ઉત્કૃષ્ટ, બીજી મધ્યમ અને ત્રીજી જઘન્ય. જિનમતધારી સર્વ સંઘને પહેરામણી આપે તો ઉત્કૃષ્ટ સંઘપૂજા થાય. સર્વ સંઘને માત્ર સૂત્ર વગેરે આપે તો જઘન્ય સંઘપૂજા થાય. બાકી રહેલી સર્વે મધ્યમ સંઘપૂજા જાણવી. તેમાં જેને વધારે ધન ખરચવાની શક્તિ ન હોય, તેણે પણ ગુરૂ મહારાજને સૂત્ર, મુહપત્તિ વગેરે તથા બે ત્રણ શ્રાવક શ્રાવિકાઓને સોપારી વગેરે આપીને દરવર્ષે સંઘપૂજા ભક્તિથી સાચવવી. દરિદ્રી પુરૂષ એટલું કરે, તો પણ તેને ઘણો લાભ

છે. કેમકે—લક્ષ્મી ઘણી છતાં નિયમ ગાદરવો, શક્તિ છતાં ખમવું, યૌવન અવસ્થામાં વ્રત લેવું, અને દરિદ્રી અવસ્થામાં થોડુ પણ દાન આપવું એ ચારે વસ્તુથી બહુ ફળ મળે છે વસ્તુપાળ મંત્રી વગેરે લોકો તો દરેક ચોમાસામાં સંઘપૂજન વગેરે કરતા હતા અને ઘણા ધનનો વ્યય કરતા હતા, એમ સંભળાય છે. દિલ્હીમાં જગસી શેઠનો પુત્ર મહણસિંહ શ્રીતપાગચ્છાધિપ પૂજ્ય શ્રીદેવેન્દ્રસૂરીજીનો ભક્ત હતો. તેણે એકજ સંઘપૂજનમાં જિનમતધારી સર્વ સંઘને પહેરામણી વગેરે આપીને ચોરાશી હજાર ટંકનો વ્યય કર્યો. બીજેજ દિવસે પંડિત દેવમંગળગણિ ત્યાં પધાર્યા. પૂર્વે મહણસિંહે બોલાવેલા શ્રીગુરૂ મહારાજે તે ગણિજીને મોકલ્યા હતા. તેમના પ્રવેશને વખતે મહણસિંહે ઠુકામાં સંઘપૂજા કરી, તેમાં છપ્પન હજાર ટંકનો વ્યય કર્યો. આવી વાર્તાઓ સાંભળવામાં આવે છે. એ પ્રકારે સંઘપૂજન વિધિ કહી છે.

સાધર્મિક વાત્સલ્ય પણ સર્વે સાધર્મિ ભાઇઓનું અથવા કેટલાકનું શક્તિ પ્રમાણે કરવું. સાધર્મિ ભાઇનો યોગ મળવો જ્યે કે દુર્લભ છે. કેમકે—સર્વે જીવો સર્વે પ્રકારના સંબંધ માંહોમાંહે પૂર્વે પામેલા છે. પરંતુ સાધર્મિક આદી સંબંધને પામનારા જીવો તો કોઇક ઠેકાણે વિરલાજ હોય છે. સાધર્મિ ભાઇનો મેલાપ પણ ઘણો પુણ્યકારી છે. તો પછી સાધર્મીનો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આદર સત્કાર કરે તો ઘણો પુણ્યબંધ થાય એમાં શું કહેવું ? કહ્યું છે કે—એક તરફ સર્વે ધર્મ અને બીજી તરફ સાધર્મિક વાત્સલ્ય રાખી બુદ્ધિ રૂપી ત્રાજુવાએ તોળિયે તો બન્ને સરખાં ઉતરે છે એમ કહ્યું છે. સાધર્મિકનો આદર સત્કાર નીચે પ્રમાણે કરવોઃ—

પોતાના પુત્ર વગેરેનો જન્મોત્સવ, વિવાહ વગેરે હોય તો સાધર્મિ ભાઇઓને નિમંત્રણ કરવું અને ઉત્તમ ભોજન, તાંબૂલ, વસ્ત્ર આભરણ વગેરે આપવું. કદાચ તેઓ કોઈ વખતે બહુ મુસ્કેલીમાં આવી પડે તો ગાંઠનું ધન ખરચીને તેમને આફતમાંથી ઉગારવા. પૂર્વ કર્મના અંતરાયના દોષથી કોઇનું ધન જતું રહે તો તેને પાછો પૂર્વની અવસ્થામાં લાવવો. જે પોતાના સાધર્મિ ભાઇઓને પૈસેટકે સુખી ન કરે, તે પુરૂષની મોટાઇ

શા ક્રમની ? કેમકે—જેમણે દીન જીવોનો ઉદ્ધાર ન કર્યો, સાધર્મિકોનું વાત્સલ્ય ન કર્યું, અને હૃદયને વિષે વીતરાગનું ધ્યાન ન કર્યું. તેમણે પોતાનો જન્મ વૃથા ગુમાવ્યો. પોતાના સાધર્મિ ભાઈઓ જો ધર્મથી ભ્રષ્ટ થતા હોય તો, ગમે તે રિતે તેમને ધર્મને વિષે દૃઢ કરવા. જો તેઓ ધર્મકૃત્ય કરવામાં પ્રમાદ કરતા હોય તો, તેમને યાદ કરાવવું, અને અનાચારથી નિવારવા પ્રયત્ન કરવો. કેમકે:—પ્રમાદ કરે તો યાદ કરાવી, અનાચારને વિષે પ્રવૃત્ત થાય તો નિવારવા, ભૂલે તો પ્રેરણા કરવી, અને વારંવાર ચૂકે તો વખતો વખત પ્રેરણા કરવી. તેમજ પોતાના સાધર્મિકોને વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા, અને ધર્મકથા વગેરેને વિષે જોગ મળે તેમ જોડવા, અને શ્રેષ્ઠ ધર્માનુષ્ઠાનને વિષે સાધારણ પૌષધશાળા વગેરે કરાવવી. વગેરે.

શ્રાવિકાઓનું વાત્સલ્ય પણ શ્રાવકની માફક કરવું. કાંઇ પણ ઓછું વધતું ન કરવું. કેમકે, જ્ઞાન, દર્શન અને ચારિત્રને ધારણ કરનારી, ઉત્કૃષ્ટ શીળને પાળનારી તથા સંતોષવાળી એવી શ્રાવિકાઓ જૈનધર્મને વિષે મનમાં અનુરાગવાળી હોય છે, માટે તેમને સાધર્મિકપણે માનવી.

શંકા:—લોકમાં તથા શાસ્ત્રમાં સ્ત્રીઓ ઘણી પાપી કહેવાય છે, એઓ તો ભૂમિ વિનાની ઝેરી કેળનું ઝાડ, મેઘ વિનાની વિજળી, જેના ઉપર ઔષધ ચાલતું નથી એવી, કારણ વિનાનું મૃત્યુ, નિમિત્ત વિનાનો ઉત્પાત, ફણા વિનાની સર્પિણી, અને ગુદા વિનાની વાઘણ સરખી છે. એમને તો પ્રત્યક્ષ રાક્ષસી સમાનજ ગણવી. ગુરૂ ઉપરનો તથા ભાઈ ઉપરનો સ્નેહ તૂટવાનું કારણ એઓજ છે. કેમકે—અસત્ય વચન, સાહસિકપણું, કપટ, મુર્ખતા, અતિલોભ, અશુચિપણું અને નિર્દયપણું એટલા સ્ત્રીઓના દોષ સ્વાભાવિક છે. કેમકે—હે ગૌતમ! જ્યારે અનંતી પાપની રાશીઓ ઉદય આવે, ત્યારે સ્ત્રીપણું પમાય છે, એમ તું સમ્યક્ પ્રકારે જાણ. આ રીતે સર્વે શાસ્ત્રોમાં સ્ત્રીઓની નિંદા પગલે પગલે જોવામાં આવે છે. માટે તેઓથી દૂર રહેવું. એમ છતાં તેમનું દાન સન્માન રૂપ વાત્સલ્ય કરવું શી રીતે ઘટે ?

સમાધાન:—"સ્ત્રીઓજ પાપી હોય છે" એવો એકાંત પક્ષ નથી. જેમ

સ્ત્રીઓમાં તેમ પુરૂષોમાં પણ પાપીપણું સરખુંજ છે. કેમ કે, પુરૂષો પણ ક્રૂર મનવાળા, ઘણા દુષ્ટ, નાસ્તિક, કૃતઘ્ન, પોતાના શેઠની સાથે દુશ્મનાવટ કરનારા, વિશ્વાસઘાતી, જુઠું બોલનાર, પારકું ધન તથા પારકી સ્ત્રી હરણ કરનારા, નિર્દય તથા ગુરૂને પણ ઠગનારા એવા ઘણા જોવામાં આવે છે. પુરૂષ જાતિમાં કેટલાક એવા લોકો છે, તેથી સત્પુરૂષોની અવજ્ઞા કરવી જેમ ઘટિત નથી, તેમજ સ્ત્રી જાતિમાં પણ કેટલીક પાપી સ્ત્રીઓ છે, તેથી સારી સ્ત્રીઓની અવજ્ઞા કરવી એ પણ ઘટિત નથી. જેમ ઘણી પાપી તેમ ઘણી ગુણવંતી સ્ત્રીઓ પણ છે. જેમ તીર્થંકરની માતાઓ ઉત્તમ ગુણવડે યુક્ત હોય છે. માટે તેમની દેવતાના ઇંદ્રો પણ પૂજા કરે છે, અને મુનિયો પણ સ્તુતિ કરે છે. લૌકિક શાસ્ત્રના જાણ પણ કહે છે કે, સ્ત્રીઓ એવો કોઇ અદ્‌ભુત ગર્ભ ધારણ કરે છે કે, જે ત્રણે જગતનો ગુરૂ થાય છે. માટેજ પંડિત લોકો સ્ત્રીઓની ઘણી મ્હોટાઈ કબૂલ કરે છે. કેટલીક સ્ત્રીઓ પોતાના શીળના પ્રભાવથી અગ્નિને જળ સમાન, જળને સ્થળ સમાન, ગજને સિયાળિયા સમાન, સર્પને દોરડી સમાન અને ઝેરને અમૃત સમાન કરે છે, તેમજ ચતુર્વિધ શ્રીસંઘનું ચોથું અંગ શ્રાવિકાઓ છે. શાસ્ત્રમાં જે તેમની ઘણી નિંદા સંભળાય છે, તે પુરૂષોએ તેમને વિષે આસક્તિ ન કરવી એવા ઉપદેશ માટેજ છે. સુલસા વગેરે શ્રાવિકાઓના ગુણોની તો તીર્થંકરોએ પણ ઘણી પ્રશંસા કરી છે. તેમની ધર્મને વિષે રહેલી દૃઢતા ઇંદ્રોએ પણ સ્વર્ગોને વિષે વખાણી છે; અને જબરા મિથ્યાત્વીઓ પણ એમને સમકિતથી ચલાવી શકયા નહિ. તેમજ કેટલીક શ્રાવિકાઓ ચરમ દેહવાળી તથા કેટલીક બે ત્રણ વગેરે ભવ કરીને મોક્ષે જનારી શાસ્ત્રમાં સંભળાય છે. માટે માતાની માફક, બ્હેનની માફક તથા પુત્રીની માફક એમનું વાત્સલ્ય કરવું ઘટિતજ છે. આ વિષય ઉપર અત્રે વધુ વિસ્તારની જરૂર જણાતી નથી.

સાધર્મીકવાત્સલ્ય કરીનેજ રાજાઓ પોતાનું અતિથિસંવિભાગ વ્રત સાચવે છે. કેમકે, મુનિયોને રાજપિંડ કલ્પતો નથી. આ વિષય ઉપર ભરતના વંશમાં થએલા ત્રણેખંડના અધિપતિ દંડવીર્ય રાજાનું દૃષ્ટાંત કહે છે.

દંડવીર્ય રાજા હમેશાં સાધર્મી ભાઈને જમાડી પછીજ પોતે ભોજન

કરતો હતો. એક વખતે ઈંદ્રે મનમાં તેની પરીક્ષા કરવાનું ધાર્યું. તેણે જ્ઞાન દર્શન, ચારિત્ર રૂપ ત્રણ રત્નોનું સૂચક સુવર્ણની જનોઇ અને બાર વ્રતોના સૂચક બાર તિલકને ધારણ કરનારા તથા ભરતે રચેલા ચાર વેદનો મુખે પાઠ કરનારા એવા તીર્થયાત્રા કરતા આવેલા ક્રોડો શ્રાવક જણાયા. દંડવીર્ય તેમને ભક્તિથી નિમંત્રણ કરી જમાડી રહે છે, એટલામાં સૂર્ય આથમ્યો. એ રીતે લાગટ આઠ દિવસ શ્રાવક પ્રકટ કર્યા. તેથી રાજાને આઠ ઉપવાસ થયા. પણ તેની સાધર્મિક ભક્તિ તો તરૂણ પુરૂષની શક્તિની માફક દિવસે દિવસે વધતીજ રહી. તેથી ઈંદ્ર પ્રસન્ન થયો, અને તેણે તેને દિવ્ય ધનુષ્ય, બાણ, રથ, હાર તથા બે કુંડળ આપી શત્રુંજયની યાત્રા કરવા માટે પ્રેરણા કરી. દંડવીર્યે પણ તે પ્રમાણે કર્યું.

શ્રી સંભવનાથ ભગવાન્ પણ પૂર્વના ત્રીજા ભવમાં ધાતકીખંડની અંદર આવેલા ઐરવત ક્ષેત્રની ક્ષેમાપુરી નગરીમાં વિમળવાહન નામે રાજા હતા; ત્યારે તેમણે મ્હોટા દુકાળમાં સર્વે સાધર્મિ ભાઇયોને ભોજનાદિક આપીને જિનનામ કર્મ બાંધ્યું. પછી દીક્ષા લઈ દેહપાત થએ આનત દેવલોકમાં દેવતાપણું ભોગવી શ્રી સંભવનાથ તીર્થંકર થયા. તેઓ ફાગણ સુદિ આઠમને દિવસે અવતર્યા, ત્યારે મ્હોટો દુકાળ છતાં તેજ દિવસે ચારે તરફથી સર્વે જાતનું ધાન્ય આવી પહોંચ્યું, તેથી તેમનું સંભવ એવું નામ પડયું. બૃહદ્ભાષ્યમાં કહ્યું છે કે—શં શબ્દનો અર્થ સુખ કહેવાય છે. ભગવાનના દર્શનથી સર્વે ભવ્ય જીવોને સુખ થાયછે, માટે તેમને શંભવ કહે છે. આ વ્યાખ્યાનને અનુસરીને સર્વે તીર્થંકરો શંભવ નામથી બોલાય છે. સંભવનાથજીને સંભવ નામથી બોળખવાનું બીજું પણ એક કારણ છે. કોઇ વખતે શ્રાવસ્તી નગરીમાં કાળ દોષથી દુકાળ પડયો, ત્યારે સર્વે માણસો દુઃખી થયા. એટલે સેનાદેવીની કુક્ષિમાં સંભવનાથજી અવતર્યા. ત્યારે ઈંદ્રે પોતે આવીને સેનાદેવી માતાની પૂજા કરી, અને જગતને વિષે એક સૂર્ય સમાન એવા પુત્રની પ્રાપ્તિ થવાની તેને (સેનાદેવીને) વધામણી આપી. તેજ દિવસે ધાન્યથી પરિપૂર્ણ ભરેલા ઘણા સાર્થો ચારે તરફથી આવ્યા, અને તેથી ત્યાં સારૂં સુભિક્ષ થયું. જે માટે તે ભગવાનના સંભવને (જન્મને) વિષે સર્વે ધાન્યોનો સંભવ થયો, તે માટે માતા પિતાએ

તે ભગવાનનું સંભવ નામ આપ્યું.

દેવગિરિને વિષે જગસિંહ નામે શેઠે પોતાના જેવા સુખી કરેલા ત્રણસોસાઠ વાણોતર પાસે હમેશાં બહોતેર હજાર ટંકનો વ્યય કરી પ્રતિદિવસ એકેક સાધર્મિક વાત્સલ્ય કરાવતો હતો. આ રીતે દર વર્ષે તે શેઠનાં ત્રણસો સાઠ સાધર્મિક વાત્સલ્ય થતાં હતાં. થરાદમાં શ્રીમાળ આભૂ નામા સંઘપતિએ ત્રણસો સાઠ સાધર્મિ ભાઇઓને પોતાના સરખા કર્યા. કહ્યું છે કે—તે સુવર્ણ પર્વતનો[1] તથા રૂપાના પર્વતનો[2] શું ઉપયોગ? કારણ કે, જેનો આશ્રય કરી રહેલાં વૃક્ષો કાષ્ઠમયનાં કાષ્ઠમય રહે છે, પણ સોના રૂપાનાં થતાં નથી. એક મલય પર્વતનેજ અમે ઘણું માન આપીએ છીએ; કેમકે, તેનો આશ્રય કરી રહેલાં આંબા લિંમડા અને કુટજ નામનાં વૃક્ષો પણ ચંદનમય થાય છે. સારંગ નામા શ્રેષ્ઠિએ પંચપરમેષ્ઠિ મંત્રનો પાઠ કરતારા લોકોને પ્રવાહવડે દરેકને સુવર્ણના ટંક આપ્યા. એક ચારણ બોલ્યો એમ ફરી ફરી કહેવાથી નવ વાર નવકાર બોલ્યો, ત્યારે તેણે તેને નવ સોનૈયા આપ્યા. આ રીતે સાધર્મિક વાત્સલ્યનો વિધિ કહ્યો છે.

આમજ દરવર્ષે જઘન્યથી એક પણ યાત્રા કરવી. યાત્રાઓ ત્રણ પ્રકારની છે. તે એ કે:—૧ અઠ્ઠાહી યાત્રા ૨ રથયાત્રા અને ૩ તીર્થયાત્રા. આ રીતે ત્રણ પ્રકારની યાત્રા પંડિત જનો કહે છે. તેમાં ૧ અઠ્ઠાહી યાત્રાનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે. તેમાં સવિસ્તર સર્વ ચૈત્યપરિપાટી કરવા વગેરે જે અઠ્ઠાહી યાત્રા તે ચૈત્યયાત્રા પણ કહેવાય છે. ૨ રથયાત્રા તો હેમચંદ્રસૂરિ વિરચિત પરિશિષ્ટપર્વમાં કહી છે, તે એ રીતે કે:—પૂજ્ય શ્રીસુહસ્તિ આચાર્ય અવંતી નગરીમાં વસતા હતા, ત્યારે એક વર્ષે સંઘે ચૈત્યયાત્રા ઉત્સવ કર્યો. ભગવાન્ સુહસ્તી આચાર્ય પણ દરરોજ સંઘની સાથે ચૈત્યયાત્રામાં આવી મંડપને શોભાવતા હતા. ત્યારે સંપ્રતિ રાજા નહાનામાં નહાના શિષ્યની પેઠે હાથ જોડી સુહસ્તિસ્વામીની આગળ બેસતો હતો. ચૈત્યયાત્રા-ઉત્સવ થઈ રહ્યા પછી સંઘે રથયાત્રા શરૂ કરી. કેમકે, યાત્રાનો ઉત્સવ રથયાત્રા કરવાથી સંપૂર્ણ થાય છે. સુવર્ણની તથા માણિક્ય રત્નોની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરનાર એવો સૂર્યના રથ સરખો રથ રથશાળા-

---

૧. મેરૂપર્વત. ૨. વૈતાઢ્ય પર્વત.

માંથી નીકળ્યો. વિધિના જાણુ અને ધનવાન શ્રાવકોએ રથમાં પધરાવેલી જિનપ્રતિમાનું સ્નાત્રપૂજા વગેરે કર્યું. અરિહંતનું સ્નાત્ર કર્યું, ત્યારે જન્મ કલ્યાણકને અવસરે જેમ મેરૂના શિખર ઉપરથી, તેમ રથમાંથી સ્નાત્ર જળ નીચે પડવા લાગ્યું. જાણે ભગવાનની કાંઇ નિંતિજ કરતા હોયની! એવા મુખે મુખકોશ બાંધેલા શ્રાવકોએ સુગંધિ ચંદનાદિ વસ્તુથી ભગવાનને વિલેપન કર્યું. માલતી, કમળ વગેરે ફૂલોની માળાઓથી ભગવાનની પ્રતિમા પૂજાઇ, ત્યારે તે શરત્કાળના મેઘોથી વીંટાયલી ચંદ્રકળાની માફક શોભવા લાગી. બળતા મલયાગરના ધૂપથી ઉત્પન્ન થએલી ધૂમાડાની રેખાઓથી વિંટાયલી ભગવાનની પ્રતિમા નીલ વસ્ત્રોથી પૂજાયલી હોયની! એવી રીતે શોભવા લાગી. જેની અંદર દીપતી દીપશિખાઓ છે એવી ભગવાનની આરતી શ્રાવકોએ કરી. તે દીપતી ઔષધીવાળા પર્વતની ટૂંક માફક શોભતી હતી. અરિહંતના પરમભક્ત એવા તે શ્રાવકોએ ભગવાનને વંદના કરી અશ્વની માફક આગળ થઈ પોતે રથ ખેંચ્યો. તે વખતે નગરવાસી જનોની સ્ત્રીઓએ હલ્લીસક રાસ શરૂ કર્યા. શ્રાવિકાઓ ચારે તરફ ઘણાં મંગળ ગીતો ગાવા લાગી, પાર વિનાનું કેશરનું જળ રથમાંથી નીચે પડતું હોવાથી આગળના રસ્તામાં છંટકાવ થવા માંડ્યો. આ રીતે પ્રત્યેક ઘરની પૂજા ગ્રહણ કરતો રથ, દરરોજ સંપ્રતિ રાજાના દ્વારમાં હળવે હળવે આવતો હતો. તે જોઇ સંપ્રતિ રાજા પણ રથની પૂજા કરવાને તૈયાર થાય અને કૃણસ કૂળની માફક સર્વાંગે વિકસ્વર રોમરાજીવાળો થઈ ત્યાં આવે. પછી નવા આનંદ રૂપ સરોવરમાં હંસની માફક ક્રીડા કરતો સંપ્રતિ રાજા, રથમાં વિરાજમાન થએલી પ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરે.

મહાપદ્મ ચક્રીએ પણ પોતાની માતાના મનોરથ પૂર્ણ કરવાને સારૂ ઘણા આડંબરથી રથયાત્રા કરી. કુમારપાળે કરેલી રથયાત્રા આ રીતે કહી છે:—ચૈત્ર માસની આઠમને દિવસે ચોથે પહોરે જાણે ચાલતો મેરૂ પર્વતજ હોયની! એવો અને સુવર્ણમય મ્હોટા દંડ ઉપર રહેલી ધ્વજા, છત્ર, ચામર વગેરે વસ્તુથી દીપતો એવો સુવર્ણમય રથ ઘણી ઋદ્ધિની સાથે નીકળે છે, તે વખતે હર્ષથી નગરવાસી લોકો ઓકઠા મળીને મંગળકારી જય શબ્દ કરે છે. શ્રાવકો સ્નાત્ર તથા ચંદનનું વિલેપન કરી સુગંધી પુષ્પો-

થી પૂજાયલી શ્રીપાર્શ્વજિનની પ્રતિમાને કુમારપાળના બંધાવેલા મંદિર આગળ ઉભા રહેલા રથમાં ઘણી ઋદ્ધિથી સ્થાપન કરે છે. વાજિંત્રના શબ્દથી જગતને પૂર્ણ કરનાર અને હર્ષથી મંગળ ગીતો ગાનારી સુંદર સ્ત્રીઓની તથા સામંતના અને મંત્રીઓના મંડળની સાથે તે રથ કુમારપાળના રાજમહેલ આગળ જાય. પછી રાજા રથની અંદર પધરાવેલી પ્રતિમાની પટ્ટવસ્ત્ર, સુવર્ણમય આભૂષણ વગેરે વસ્તુઓથી પોતે પૂજા કરે, અને વિવિધ પ્રકારનાં ગાયન, નાટક વગેરે કરાવે. પછી તે રથ ત્યાં એક રાત રહી સિંહદ્વારની બહાર નીકળે, અને ફરકતી ધ્વજાઓથી જાણે નૃત્યજ કરી રહેલો હોયની ! એવા પટમંડપમાં આવીને રહે. પ્રભાત કાલે રાજા ત્યાં આવી રથમાં શોભતી જિનપ્રતિમાની પૂજા વગેરે કરે, અને ચતુર્વિધ સંઘ સમક્ષ પોતે આરતી ઉતારે. પછી હાથી જોતરેલો રથ સ્થાનકે સ્થાનકે બંધાવેલા ઘણા પટમંડપમાં રહેતો નગરમાં ફરે વગેરે.

હવે ૩ તીર્થયાત્રાનું સ્વરૂપ કહું છું. તેમાં શ્રીશત્રુંજય, ગિરનાર વગેરે તીર્થો સમજવાં. તેમજ તીર્થંકરોની જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ અને વિહારની ભૂમિઓ પણ ઘણા ભવ્ય જીવોને શુભ ભાવ ઉત્પન્ન કરે છે અને ભવ સમુદ્રમાંથી તારે છે, માટે તે ભૂમિઓ પણ તીર્થજ કહેવાય છે. આ તીર્થોને વિષે સમ્યક્ત્વ શુદ્ધિને સારૂ ગમન કરવું, તે તીર્થયાત્રા કહેવાય છે. તેનો વિધિ એ છે કેઃ—એક આહાર, સચિત્ત પરિહાર, ભૂમિશયન, બ્રહ્મચર્ય વ્રત વગેરે કઠણ અભિગ્રહ યાત્રા કરાય ત્યાં સુધી પળાય એવા પ્રથમ ગ્રહણ કરવા. પાલખી, સારા ઘોડા, પલંગ વગેરે સમગ્ર ઋદ્ધિ હોય, તો પણ યાત્રા કરવા નીકળેલા ધનાઢય શ્રાવકને પણ શક્તિ હોય તો પગે ચાલવુંજ ઉચિત છે. કેમકે—યાત્રા કરનાર શ્રાવકે ૧ એકાહારી, ૨ સમકિતધારી, ૩ ભૂમિશયનકારી, ૪ સચિત્તપરિહારી, ૫ પાદચારી અને ૬ બ્રહ્મચારી રહેવું. લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—યાત્રા કરતાં વાહનમાં બેસે તો યાત્રાનું અર્ધું ફળ જાય, પગરખાં પહેરે તો ફળનો ચોથો ભાગ જાય, મુંડન ન કરે તો ત્રીજો ભાગ જાય, અને તીર્થે જઇને દાન લે તો યાત્રાનું સર્વ ફળ જતું રહે. માટે તીર્થયાત્રા કરનાર પુરૂષે એક ટંક ભોજન કરવું, ભૂમિ ઉપર સૂવું, અને સ્ત્રી ઋતુવંતી છતાં પણ બ્રહ્મચારી રહેવું.

ઉપર કહ્યા પ્રમાણે અભિગ્રહ લીધા પછી શક્તિ પ્રમાણે રાજાને ભેટણું વગેરે આપી પ્રસન્ન કરી તેની આજ્ઞા લેવી. યાત્રામાં સાથે લેવા માટે શક્તિ પ્રમાણે ઉત્તમ મંદિર તૈયાર કરવાં. સ્વજનના તથા સાધર્મિ ભાઇઓના સમુદાયને યાત્રાએ આવવા માટે નિમંત્રણ કરવું. પરમ ભક્તિથી પોતપોતાના સદ્‌ગુરૂને પણ નિમંત્રણ કરવું. અમારી પ્રવર્તાવવી. જિનમંદિરોમાં મહાપૂજાદિ મહોત્સવ કરાવવા. જેની પાસે ભાતું ન હોય તેને ભાતું તથા જેને વાહન ન હોય તેને વાહન આપવું. નિરાધાર માણસોને પૈસાનો તથા સારા વચનનો આધાર આપવો. **યોગ્ય મદદ આપોશ** એવી ઉદ્‌ઘોષણા કરી ઉત્સાહ વિનાના યાત્રાળુ લોકોને પણ સાર્થવાહની પેઠે હિમ્મત આપવી. આડંબરથી મ્હોટા અને અંદરના ભાગમાં ઘણા સમાસવાળી કોઠીઓ, શરાવલાં, કનાતો, તંબૂઓ, મ્હોટી કઢાઈનું તથા બીજાં પણ પાણીનાં મ્હોટાં વાસણો વગેરે કરાવવાં. ગાડાં, પડદાવાળા રથ, પાલખી, પોઠિયા, ઉંટ, અશ્વ વગેરે વાહનો સજ્જ કરાવવાં. શ્રીસંઘની રક્ષાને સારૂ ઘણા શૂર અનેક સુભટોને સાથે લેવા; અને કવચ; શિરસ્ત્રાણ વગેરે ઉપકરણ આપીને તેમનો સત્કાર કરવો. ગીત, નૃત્ય, વાજિંત્ર વગેરે સામગ્રી તૈયાર કરાવવી. પછી સારા શકુન, નિમિત્ત વખતે જેમને ઘણા ઉત્સાહવાળા થઇ સારા મુહૂર્ત ઉપર જવું.

માર્ગમાં યાત્રાળુના સર્વ સમુદાયને એકઠો કરવો. સારાં પકવાન્નો જમાડી તેમને તાંબૂલ વગેરે આપવું. તેમને અંગે આભૂષણ તથા વસ્ત્રો પહેરાવવાં. સારા પ્રતિષ્ઠિત, ધર્મિષ્ઠ પૂજ્ય અને ઘણા ભાગ્યશાળી પુરૂષો પાસે સંઘવીપણાનું તિલક કરાવવું. સંઘપૂજનાં વગેરે મ્હોટો ઉત્સવ કરવો. બીજાઓ પાસે પણ યોગ્યતા પ્રમાણે સંઘવીપણા વગેરેનું તિલક કરવાનો ઉત્સવ કરાવવો. સંઘનું જોખમ માથે લેનારા, આગળ ચાલનારા, પાછળ રહી રક્ષણ કરનારા તથા મુખ્યપણે સંઘનું કામ કરનારા વગેરે લોકોને યોગ્ય સ્થાનકે રાખવા. શ્રીસંઘના ચાલવાના તથા મુકામ વગેરેના જે હરાવ થયા હોય, તે સર્વ પ્રસિદ્ધ કરવા. માર્ગમાં સર્વે સાધર્મીઓની સારી પેઠે સાર સંભાળ કરવી. કોઇનું ગાડાનું પૈડું ભાંગે, અથવા બીજી કાંઈ હરકત આવે તો પોતે તેમને સર્વ શક્તિએ યોગ્ય મદદ કરવી. દરેક ગામમાં

તથા નગરમાં જિનમંદિરને વિષે સ્નાત્ર, મ્હોટી ધ્વજા ચઢાવવી, ચૈત્યપરિપાટી વગેરે મ્હોટો ઉત્સવ કરવો. જીર્ણોદ્ધાર વગેરેનો પણ વિચાર કરવો. તીર્થનાં દર્શન થએ સોનું રત્ન, મોતી આદિ વસ્તુવડે વધામણી કરવી. લાપશી, લાડુ આદિ વસ્તુ મુનિરાજોને વહોરાવવી. સાધર્મિકવાત્સલ્ય કરવું. ઉચિતપણે દાન વગેરે આપવું, તથા મ્હોટો પ્રવેશોત્સવ કરવો. તીર્થે દાખલ થયા પછી પહેલા હર્ષથી પૂજા, ઢોકન વગેરે આદરથી કરવું, અષ્ટ પ્રકારી પૂજા કરવી તથા સ્નાત્ર વિધિથી કરવું. માળ પહેરાવવી વગેરે કરવું. ઘીની ધારાવાડી દેવી. પહેરામણી મૂકવી. જિનેશ્વર ભગવાનની નવાંગે પૂજા કરવી. તથા પૂલઘર, કેતિઘર વગેરે મહાપૂજા, રેશમી વસ્ત્રમય ધ્વજાનું દાન, કોઇને હરકત ન પડે એવું દાન (સદાવર્ત), રાત્રિજાગરણ, ગીત નૃત્ય વગેરે નાનાવિધ ઉત્સવ, તીર્થપ્રાપ્તિનિમિત્ત ઉપવાસ છઠ વગેરે તપસ્યા કરવી. ક્રોડ, લાખ ચોખા વગેરે વિવિધ વસ્તુ વિવિધ ઉજમણામાં મૂકવી.

જાત જાતનાં ચોવીશ, બાવન, બહોતેર અથવા એકસો આઠ ફળો અથવા બીજી જાત જાતની એટલીજ વસ્તુઓ તથા સર્વ ભક્ષ્ય અને ભોજ્ય વસ્તુથી ભરેલી થાળી ભગવાન આગળ ધરવી. તેમજ રેશમી વગેરે ઉત્તમ વસ્ત્રના ચંદુઆ, પહેરામણી, અંગલૂહણાં, દીવાને સારૂ તેલ, ધોતિયાં ચંદન કેસર, ભોગની વસ્તુ, પુષ્પ લાવવાની છાબડી, પિંગાનિકા, કળશ, ધૂપધાણું, આરતિ, આભૂષણ, દીવીઓ, ચામર, નાળીવાળા કળશ, થાલીઓ, કચોળા, ઘંટાઓ, ઝલરી, પટહ વગેરે વાજિંત્રો આપવાં. ગોઠી રાખવા. સૂત્રધાર વગેરેનો સત્કાર કરવો. તીર્થની સેવા. વિણસતા તીર્થનો ઉદ્ધાર. તથા તીર્થના રક્ષક લોકોનો સત્કાર કરવો. તીર્થને ગરાસ આપવો. સાધર્મિક વાત્સલ્ય, ગુરૂની ભક્તિ તથા સંઘની પહેરામણી વગેરે કરવું યાચક વગેરેને ઉચિત દાન આપવું જિનમંદિર વગેરે ધર્મકૃત્યો કરવાં યાચકોને દાન આપવાથી કીર્તિમાત્ર થાય છે, એમ સમજી તે નિષ્ફળ છે એમ ન માનવું. કેમકે, યાચકો પણ દેવતા. ગુરૂના તથા સંઘના ગુણો ગાય છે માટે તેમને આપેલું દાન બહુ ફળદાયિ છે. ચક્રવર્તી વગેરે લોકો જિનેશ્વર ભગવાનના આગમનની વધામણી આપનારને પણ

સાડાબાર ક્રોડ સોનૈયા વગેરે દાન આપતા હતા. સિદ્ધાંતમાં કહ્યું છે કે— સાડાબાર લાખ તથા સાડાબાર ક્રોડ સોનૈયા જેટલું, ચક્રવર્તીનું પ્રીતિદાન જાણવું. આ રીતે યાત્રા કરી પાછો વળતો સંઘવી ઘણા ઉત્સવથી પોતાના ઘરમાં પ્રવેશ કરે. પછી દેવાવ્હાનાદિ ઉત્સવ કરે, અને એક વર્ષસુધી અથવા તેથી વધારે મુદ્દત સુધી તીર્થોપવાસ વગેરે કરે, આ રીતે તીર્થયાત્રાનો વિધિ કહ્યો છે.

શ્રીસિદ્ધસેન દિવાકરે પ્રતિબોધ પમાડેલો વિક્રમાદિત્ય રાજા શત્રુંજયની યાત્રાએ ગયા, ત્યારે તેના સંઘમાં એકસો અગનોતેર (૧૬૯) સુવર્ણમય અને પાંચસો (૫૦૦) દાંત, ચંદનાદિમય જિનમંદિર હતાં શ્રી સિદ્ધસેન દિવાકર વગેરે પાંચ હજાર (૫૦૦૦) આચાર્ય હતા. ચૌદ (૧૪) મુકુટધારી રાજાઓ હતા. તથા ત્રિતેર લાખ (૭૩૦૦૦૦૦) શ્રાવકનાં કુટુંબ, એક ક્રોડ દશ લાખ નવ હજાર (૧૧૦૦૯૦૦૦) ગાડાં, અઢાર લાખ (૧૮૦૦૦૦૦) ઘોડા, છોતેરસો, (૭૬૦૦) હાથીઓ અને આ રીતેજ ઉંટ, બળદ વગેરે હતા. કુમારપાળે કાઢેલા સંઘમાં સુવર્ણરત્નાદિમય અઢારસે ચુમ્મોતેર (૧૮૭૪) જિનમંદિર હતાં થરાદમાં પશ્ચિમ મંડળિક નામે પ્રસિદ્ધ એવા આલુ સંઘની યાત્રામાં સાતસો (૭૦૦) જિનમંદિર હતાં, અને તેણે યાત્રામાં બાર ક્રોડ સોનૈયાનો વ્યય કર્યો. પેથડ નામા શ્રેષ્ટીએ તીર્થનાં દર્શન કર્યાં. ત્યારે અગીયાર લાખ રૂપામય ટંકનો વ્યય કર્યો; અને તેના સંઘમાં બાવન દેરાસર અને સાત લાખ માણસ હતાં. વસ્તુપાળ મંત્રીએ કરેલી સાડીબાર યાત્રાઓ પ્રસિદ્ધ છે. આ રીતે ત્રિવિધ યાત્રાઓનું સ્વરૂપ કહ્યું છે.

તેમજ જિનમંદિરમાં દરરોજ ઘણા આડંબરથી સ્નાત્રોત્સવ કરવો, તેમ કરવાની શક્તિ ન હોય તો દરેક પર્વને વિષે કરવો, તેમ પણ ન કરી શકાય તો વર્ષમાં એક વાર તો અવશ્ય સ્નાત્રોત્સવ કરવો. તેમાં મેરૂની રચના કરવી. અષ્ટ મંગળીકની સ્થાપના કરવી. નૈવેદ્ય ધરવું તથા ધૂપ ભાવનાચંદન, કેશર, સુગંધી પુષ્પો અને ભોગ વગેરે સકળ વસ્તુનો સમુદાય એકઠો કરવો. સંગીત આદીની સામગ્રી સારી રીતે તૈયાર કરવી. રેશમી વસ્ત્રમય મહાધ્વજા આપવી, અને પ્રભાવના વગેરે કરવી. સ્નાત્રોત્સવમાં પોતાની સંપત્તિ, કુળ, પ્રતિષ્ઠા વગેરેને અનુસરી સર્વ શક્તિ વડે

ધનનો વ્યય વગેરે કરી સર્વ આડંબરથી જિનમતની ઘણી પ્રભાવના કરવાને સારૂ પ્રયત્ન કરવો. સંભળાય છે કે—પેથડ શેઠે શ્રીગિરનારજી ઉપર સ્નાત્રમહોત્સવને અવસરે છપ્પન ઘડી પ્રમાણ સુવર્ણ આપી ઇંદ્રમાળા પહેરી. અને તેણે શ્રીશત્રુંજય ઉપર તથા ગિરનારજી ઉપર એકજ સુવર્ણમય ધ્વજા આપી. તેના પુત્ર ઝાંઝણ શેઠે તો રેશમી વસ્ત્રમય ધ્વજા આપી. આ રીતે સ્નાત્રોત્સવનું સ્વરૂપ કહ્યું છે.

વળી દેવદ્રવ્યની વૃદ્ધિને સારૂ દરેક વર્ષે માળોદ્ઘટ્ટન કરવું. તેમાં ઇંદ્રમાળા અથવા બીજી માળા દરવર્ષે શક્તિ પ્રમાણે ગ્રહણ કરવી. શ્રી કુમારપાળના સંઘમાં માળોદ્ઘટ્ટન થયું, ત્યારે વાગ્ભટ મંત્રી વગેરે સમર્થ લોકો ચાર આઠ લાખ ઇત્યાદી સંખ્યા બોલવા લાગ્યા, તે સમયે સોરઠ દેશનો મહુઆનો રહીશ પ્રાગ્વાટ હંસરાજ ધારૂનો પુત્ર જગડુશા, મલીન શરીરે મલીન વસ્ત્ર પહેરી ઓઢીને ત્યાં ઉભો હતો. તેણે એકદમ સવા ક્રોડની રકમ કહી. આશ્ચર્યથી કુમારપાળ રાજાએ પૂછયું, ત્યારે તેણે કહ્યું કે, મ્હારા પિતાએ નૌકામાં બેસી દેશ દેશાંતર વ્યાપાર કરી ઉપાર્જન કરેલા દ્રવ્યથી સવા ક્રોડ સોનૈયાની કિમતનાં પાંચ માણિક્ય રત્ન ખરીદ્યાં, અને અંત વખતે મને કહ્યું કે, " શ્રીશત્રુંજય, ગિરનાર અને કુમારપાળ પટ્ટન એમાં નિવારા કરનારા ભગવાનને એકેક રત્ન તમારે આપવું, અને બે રત્ન પોતાને સારૂ રાખવાં " પછી જગડુશાએ તે ત્રણે રત્નો સુવર્ણજડિત કરી શત્રુંજય નિવાસી ઋષભ ભગવાનને, ગિરનારવાસી શ્રીનેમિનાથજીને તથા પટ્ટણવાસી શ્રીચંદ્રપ્રભજીને કંઠાભરણ તરીકે આપ્યાં.

એક વખતે શ્રીગિરનારજી ઉપર દિગંબર તથા શ્વેતાંબર એ બન્નેના સંઘ સમકાળે આવી પહોચ્યા, અને બન્ને જણા અમારૂં તીર્થ કહી ઝગડો કરવા માંડયો. ત્યારે ' જે ઇંદ્રમાળા પહેરે તેનું આ તીર્થ છે ' એવા વૃદ્ધ જનોના વચનથી પેથડ શેઠે છપ્પન ઘડી પ્રમાણ સુવર્ણ આપી ઇંદ્રમાળા પહેરી, અને યાચકોને ચાર ઘડી પ્રમાણ સુવર્ણ આપી તીર્થ પોતાનું છે એમ સિદ્ધ કર્યું. આ રીતેજ પહેરામણી, નવી ધોતીઓ, જાત જાતના ચંદુઆ, અંગલૂહણાં, દીપકને સારૂ તેલ, ઉંચું ચંદન, કેસર, ભોગ વગેરે જિનમંદિરે બબમાં આવતી વસ્તુઓ દરવર્ષે શક્તિ પ્રમાણે આપતા.

તેમજ ઉત્તમ આંગી, વેલણુટ્ટિની રચના, સર્વાંગનાં આભૂષણ, ફૂલઘર, ફૅલિઘર, પૂતળીના હાથમાંના ફૂવારા વગેરે રચના તથા વિવિધ પ્રકારનાં ગાયન, નૃત્ય વગેરે ઉત્સવવડે મહાપૂજા તથા રાત્રિજાગરણ કરવાં. જેમ એક શેઠ સમુદ્રમાં મુસાફરી કરવા જતાં એક લાખ દ્રવ્ય ખરચીને મહાપૂજા ભણાવી, અને મનગમતો લાભ થવાથી બાર વર્ષે પાછો આવ્યો, ત્યારે હર્ષથી એક ક્રોડ રૂપિયા ખરચી જિનમંદિરે મહાપૂજા વગેરે ઉત્સવ કર્યો.

તેમજ પુસ્તક વગેરેમાં રહેલા શ્રુતજ્ઞાનની કપૂર આદિ વસ્તુવડે, સામાન્ય પૂજા તો ગમે ત્યારે બની શકે તેમ છે. મૂલ્યવાન વસ્ત્ર વગેરે વસ્તુવડે વિશેષ પૂજા તો દરમાસે અજવાળી પાંચમને દિવસે શ્રાવકને કરવી યોગ્ય છે. તેમ કરવાની શક્તિ ન હોય તો જઘન્યથી વર્ષમાં એકવાર તો અવશ્ય કરવાજ. આ વાત જન્મકૃત્યની અંદર આવેલા જ્ઞાનભક્તિ દ્વારમાં વિસ્તારથી કહીશું. તેમજ નવકાર, આવશ્યક સૂત્ર, ઉપદેશમાળા, ઉત્તરાધ્યયન વગેરે જ્ઞાન, દર્શન અને જુદા જુદા પ્રકારના તપ સંબંધી ઉજમણાં જઘન્યથી એક ઉજમણું તો દરવર્ષે યથાવિધિ જરૂર કરવું. કેમકે— માણસોને ઉજમણું કરવાથી લક્ષ્મી સારે સ્થાનકે જોડાય, તપસ્યા પણ સફળ થાય, અને નિરંતર શુભ ધ્યાન, ભવ્ય જીવોને સમકિતનો લાભ, જિનેશ્વર મહારાજની ભક્તિ તથા જિનશાસનની શોભા થાય, એટલા ગુણ થાય છે. તપસ્યા પૂરી થયા પછી ઉજમણું કરવું તે નવા બનાવેલા જિનમંદિરે કળશ ચઢાવવા સમાન, ચોખાથી ભરેલા પાત્ર ઉપર ફળ મૂકવા સમાન અથવા ભોજન કરી રહ્યા પછી તાંબૂલ દેવા સમાન છે. શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે નવકાર લાખ અથવા ક્રોડ વાર ગણી જિનમંદિરે સ્નાત્રોત્સવ, સાધર્મીક વાત્સલ્ય સંઘપૂજા વગેરે ઘણા આડંબરથી કર્યું. લાખ અથવા ક્રોડ ચોખા, અડસઠ સોનાની અથવા રૂપાની વાડકિયો પાટિયો, લેખણો તથા રત્નો, મોતી, પરવાળાં, નાણું, તેમજ નાળિએર વગેરે અનેક ફળો, જાત જાતનાં પકવાનો, ધાન્યો, તથા ખાદ્ય અને સ્વાદ્ય એવી અનેક વસ્તુઓ, કપડાં, વગેરે વસ્તુઓ મૂકી નવકારનું ઉજમણું કરનાર, ઉપધાન વહેવા આદિ વિધિ સહિત માળા પહેરી આવશ્યક સૂત્રનું ઉજમણું કરનાર, ગાથાની સંખ્યા માફક એટલે પાંચસો ચુંવાલીશ પ્રમુખ મોદક, નાળિએર

વાડટિયો વગેરે વિવિધ વસ્તુ મૂકીને ઉપદેશમાળાદિકનાં ઉજમણાં કરનાર, સોનૈયા વગેરે વસ્તુ રાખી લાડવા આદિ વકતુની પ્રભાવના કરી દર્શનાદિકનાં ઉજમણાં કરનારા ભવ્ય જીવો પણ હાલના કાળમાં દેખાય છે.

માળા પહેરવી એ મોટું ધર્મકૃત્ય છે. કેમ કે, નવકાર, ઇરિયાવહી ઇત્યાદિ સૂત્રો શક્તિ પ્રમાણે તથા વિધિ સહિત પચ્ચક્ખાન વગર વિના ભણ્યા ગણ્યા એ અશુદ્ધ ક્રિયા ગણાય છે, શ્રુતની આરાધના માટે જેમ સાધુ ઓને યોગ દહેવા, તેમજ શ્રાવકોને ઉપધાન તપ જરૂર કરવું જોઇએ. માળા પહેરવી એજ ઉપધાન તપનું ઉજમણું છે. કેમકે—કોઇ શેઠ જીવ ઉપધાન તપ યથાવિધિ કરી, પોતાના કંઠમાં નવકાર આદી સૂત્રની માળા તથા ગુરૂએ પ્રહેરાવેલી સૂત્રની માળા ધારણ કરે છે, તે બે પ્રકારની શિવશ્રી (નિરૂપદ્રવપણું અને મોક્ષલક્ષ્મી) ઉપાર્જે છે મુક્તિ રૂપ કન્યાની વરમાળાજ હોયની! સુકૃતરૂપ જળ બેચી કાઢવાની ઘડાની માળા હોયની! તથા પ્રત્યક્ષ મુણોની ગુંથેલી માળાજ હોયની! એવી માળા ઘનઘાનથીજ પહેરાય છે. આ રીતે અજવાળી પાંચમ વગરે વિવિધ તપસ્યાઓનાં ઉજમણાં પણ તે તે તપસ્યાના ઉપવાસ વગેરેની સંખ્યા પ્રમાણે નાણું, વાડકિયો, નાળિએર, લાડુ વગેરે જુદી જુદી વસ્તુ મૂકી શાસ્ત્રો તથા સંપ્રદાયને અવલંબીને કરવાં.

તેમજ તીર્થની પ્રભાવનાને માટે શ્રીગુરૂ મહારાજ પધારવાના હોય, ત્યારે તેમનું સામૈયું, પ્રભાવના વગેરે દર વર્ષે જઘન્યથી એક વાર તો શક્તિ પ્રમાણે જરૂર કરવીજ. તેમાં શ્રીગુરૂ મહારાજ પ્રવેશોત્સવ બંધી રીતે ઘણા આડંબરથી ચતુર્વિધ સંઘ સહિત સામા જઇ તથા શ્રીગુરૂ મહારાજનો તથા સંઘનો સત્કાર વગેરે કરીને શક્તિ પ્રમાણે કરવો. કેમકે—શ્રીગુરૂ મહારાજને સન્મુખ ગમન, વંદન, નમસ્કાર અને સુખશાતાની પૂછા કરવાથી ચિરકાળથી સંચિત કરેલું પાપ એક ઘડી વારમાં શિથિળ બંધવાળું થાય છે. પેથડ શેઠે તપા૦ શ્રીધર્મઘોષસૂરિજીના પ્રવેશોત્સવણાં બહોતેર હજાર ટંકનો વ્યય કર્યો. 'સંવેગી સાધુઓનો પ્રવેશોત્સવ કરવો એ વાત અનુચિત છે' એવી ખોટી કલ્પના કરવી નહીં. કેમકે, સિદ્ધાંતમાં સામું જઇ તેમનો સત્કાર કર્યાનું પ્રતિપાદન કરેલું છે. એજ વાત સાધુની

પ્રતિમાને અધિકારે શ્રીવ્યવહાર ભાષ્યમાં કહી છે. તે એ કે:—

तीरिअउप्पामनिओ-अ दरिसणं सहिसाहुमप्पाहे ॥
दंडिअ भोइअ अस्सई, सावगसंघो प सक्कारं ॥ १ ॥

અર્થ:—પ્રતિમા પૂરી થાય ત્યાર પ્રતિમાવાહક સાધુ, જ્યાં સાધુ-ઓનો સંચાર હોય એવા ગામમાં પોતાને પ્રકટ કરે, અને સાધુને અથવા શ્રાવકને સંદેશો કહેવરાવે,

પછી ગામનો રાજા, અધિકારી અથવા તે ન હોય તો શ્રાવક શ્રા-વિકાઓનો અને સાધુ સાધ્વીઓનો સમુદાય તે પ્રતિમાવાહક સાધુનો આદર સત્કાર કરે. આ ગાથાનો ભાવાર્થ એવો છે કે, "પ્રતિમા પૂરી થઈ છતે જે નજીકનાં ગામમાં ઘણા ભિક્ષાચરો તથા સાધુઓ વિચરતા હોય, ત્યાં આવી પોતાનો પ્રકટ કરે, અને તેમ કરતાં જે સાધુ અથવા શ્રાવક જોવામાં આવે, તેની પાસે સંદેશો કહેવરાવે કે, "મેં પ્રતિમા પૂરી કરી, અને તેથી હું આવ્યો છું." પછી ત્યાં આચાર્ય હોય તે રાજાને આ વાત જાહેર કરે, "અમુક મોટા તપસ્વી સાધુએ પોતાનું તપસ્યા યથાવિધિ પૂરી કરી છે, તેથી તેનો ઘણા સત્કારથી ગચ્છમાં પ્રવેશ કરવો છે." પછી રાજા, તે ન હોય તો ગામનો અધિકારી, તે ન હોય તો સાધ્વી આદી ચતુર્વિધ શ્રીસંઘ પ્રતિમાવાહક સાધુનો યથાશક્તિ સત્કાર કરે. ઉપર ચંદુઓ બાંધવો, મંગળ વાજીંત્રો વગાડવાં, સુગંધી વાસક્ષેપ કરવો વગેરે સત્કાર કહેવાય છે. એવો સત્કાર કરવામાં ગુણ છે. તે એવો કે:—

उप्पावणा पवयणे, सद्धाजणणं तहेव बहुमाणो ॥
ओहावणा कुतित्थे, जोअं तह तित्थवुड्ढीअ ॥ १ ॥

અર્થ:—પ્રવેશને વખતે સત્કાર કરવાથી જૈનશાસન ઘણું શોભે છે, બીજા સાધુઓને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, કે જેથી એવી શાસનની ઉન્નતિ થાય છે, તે સત્કૃત્ય અમે પણ એવી રીતે કરીશું: તેમજ શ્રાવક શ્રાવિકા-ઓની તથા બીજાઓની પણ જિનશાસન ઉપર બહુમાન બુદ્ધિ ઉત્પન્ન થાય છે, "જેમાં એવા મોટા તપસ્વીઓ થાય છે, તે જિનશાસન મહા પ્રતાપી છે." તેમજ ખોટા તિર્થિઓની હીલના થાય છે, કેમકે, તેમનામાં એવા મહા સ-ત્યવંત પુરૂષો નથી. તેમજ પ્રતિમા પૂરી કરનાર સાધુનો સત્કાર કરવો એ આ-

ચાર છે. તેમજ તીર્થની વૃદ્ધિ થાય છે, એટલે પ્રવચનનો અતિશય જોઇને ઘણા ભવ્ય જીવો સંસાર ઉપર વૈરાગ પામી દીક્ષા લે છે. આ રીતે વ્યવહાર ભાષ્યની વૃત્તિમાં કહ્યું છે. તેમજ શક્તિ પ્રમાણે શ્રીસંઘની પ્રભાવના કરવી, એટલે બહુમાનથી શ્રીસંઘને આમંત્રણ કરવું, તિલક કરવું, ચંદન, જવાદિ, કપૂર, કસ્તુરી વગેરે સુગંધી વસ્તુનો લેપ કરવો, સુગંધી પૂલ અર્પણ કરવાં, નાળિએર આદિ વિવિધ ફળ આપવાં તથા તાંબૂલ અર્પણ કરવું. વગેરે પ્રભાવના કરવાથી તીર્થંકરપણું વગેરે શુભ ફળ મળે છે. કહ્યું છે કે—અપૂર્વ જ્ઞાન ગ્રહણ, શ્રુતની ભક્તિ, અને પ્રવચનની પ્રભાવના આ ત્રણ કારણોવડે જીવને તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. ભાવના શબ્દ કરતાં પ્રભાવના શબ્દમાં 'પ્ર' એ અક્ષર વધારે છે, તે યુક્તજ છે. કેમકે, ભાવના તો તેનાં કરનારનેજ મોક્ષ આપે છે, અને પ્રભાવના તો તેના કરનારને તથા બીજાને પણ મોક્ષ આપે છે.

વળી ગુરૂનો યોગ હોય તો હરવર્ષે જઘન્યથી એક વાર તો ગુરૂ પાસે જરૂર આલોયણા લેવી. કેમકે—હરવર્ષે ગુરૂ આગળ આલોયણા લેવી. કારણ કે, પોતાના આત્માની શુદ્ધિ કરવાથી તે દર્પણની માફક નિર્મળ થાય છે. આગમમાં તો શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે, તે એકે:—ચોમાસી તથા સંવત્સરીને વિષે આલોયણા તથા નિયમ ગ્રહણ કરવા. તેમજ અભિગ્રહ ગ્રહણ કરેલા અભિગ્રહ કહીને નવા અભિગ્રહ લેવા. શ્રાદ્ધજીતકલ્પ આદિ ગ્રંથોમાં આલોયણા વિધિ કહ્યો છે, તે નીચે પ્રમાણે:—

पक्खिअचाउम्मासे, वरिसे उक्कोसओ अ बारसहिं ॥
नियमा आलोइज्जा, गीआइगुणस्स भणिअं च ॥ १ ॥

અર્થ:—પખ્ખી, ચોમાસી અથવા સંવત્સરીને દિવસે તેમ ન બને તો, ઘણામાં ઘણા બાર વરસ જેટલા કાળે તો અવશ્ય ગીતાર્થ ગુરૂ પાસે આલોયણા લેવી. કેમકે—

सहस्सुद्धरणमिसिं, खित्तंमो सत्तजोअणसयाइं ॥
काले बारसवरिसा, गीअत्थगवेसणं कुज्जा ॥ २ ॥

અર્થ:—આલોયણા લેવાને સારૂ ક્ષેત્રથી સાતસો યોજન પ્રમાણ ક્ષેત્રમાં તથા કાળથી બાર વરસ સુધી ગીતાર્થ ગુરૂની ગવેષણા કરવી.

હવે આલોયણા આપનાર આચાર્યનું લક્ષણ કહે છે.

गीअत्थो कडजोगी, चारित्ती तहय गाहणा कुसलो ॥
खेअन्नो अविसाई, भणिओ आलो अणायरिओ ॥ २ ॥

અર્થ:—આલોયણા આપનાર આચાર્ય ગીતાર્થ એટલે નિશ્ચિત્ય વગેરે સૂત્રના અર્થના જાણ, કૃતયોગી એટલે મન વચન કાયાના શુભયોગ રાખનારા અથવા વિવિધ તપસ્યા કરનારા, અર્થાત્ વિવિધ પ્રકારના શુભ ધ્યાનથી તથા વિશેષ તપસ્યાથી પોતાના જીવને તથા શરીરને સંસ્કાર કરનારા, ચારિત્રી એટલે નિરતિચાર ચારિત્ર પાળનારા, ગ્રાહણા કુશળ એટલે આલોયણા લેનાર પાસે બહુ યુક્તિથી જુદા જુદા પ્રકારનાં પ્રાયશ્ચિત્ત તથા તપ આદિ કબૂલ કરાવવામાં કુશળ, ખેદજ્ઞ એટલે આલોયણા તરીકે આપેલી તપસ્યા વગેરે કરવામાં કેટલો શ્રમ પડે છે? તેના જાણ અથવા આલોયણા વિધિનું જેમણે ઘણા અભ્યાસથી જ્ઞાન મેળવ્યું છે એવા, અવિષાદી એટલે આલોયણા લેનારનો મોટો દોષ સાંભળવામાં આવે, તોપણ વિષાદ ન કરનારા, આલોયણા લેનારને જૂદાં જૂદાં દૃષ્ટાંત કહી વૈરાગ્યના વચનથી ઉત્સાહ આપનારા એવા શાસ્ત્રમાં કહ્યા છે.

आयारव माहारव, ववहारुव्वीलए पकुव्वीअ ॥
अपरिस्सावी निज्जेव, अवायदंसी गुरू भणिओ ॥ १ ॥

આચારવાન્ એટલે જ્ઞાનાદિ પાંચ આચારને પાલન કરનારા, ૨ આધારવાન્ એટલે આલેએળા દોષનું બરાબર મનમાં સ્મરણ રાખનારા, ૩ વ્યવહારવાન્ એટલે પાંચ પ્રકારનો વ્યવહાર જાણી પ્રાયશ્ચિત્ત આપવામાં સમ્યક્ પ્રકારે વર્તન કરનારા, પાંચ પ્રકારનો વ્યવહાર છે, તે એ કે:—૧ પહેલો આગમ વ્યવહાર તે કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચતુર્દશપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વીનો જાણવો. ૨ બીજો શ્રુત વ્યવહાર તે આઠથી અર્ધપૂર્વ સૂત્રોના પૂર્વધર, અગીઆર અંગના ધારક તથા નિશીથાદિક સૂત્રના જાણ વગેરે સર્વે શ્રુતજ્ઞાનીઓનો જાણવો. ૩ ત્રીજો આજ્ઞા વ્યવહાર તે ગીતાર્થ બે આચાર્યો દૂર દેશમાં રહેલા હોવાથી એક બીજાને મળી ન શકે તો તેનું કોઇ જાણી ન શકે એવી રીતે જે માંહોમાંહે આલોયણા–પ્રાયશ્ચિત્ત આપે છે તે પ્રમાણે જાણવો. ૪ ચોથો ધારણા વ્યવહાર તે પોતાના ગુરૂએ જે દોષનું જે પ્રાયશ્ચિત્ત આપ્યું હોય, તે ધ્યાનમાં રાખી તે

મુજબ બીજાને આપવું તે રૂપ જાણવો. ૫ પાંચમો જીત વ્યવહાર તે સિદ્ધાંતમાં જે દોષનું જેટલું પ્રાયશ્ચિત્ત કહ્યું હોય, તે કરતાં ઓછું અથવા અધીક પ્રાયશ્ચિત્ત પરંપરાને અનુસરીને આપવું એ રૂપ જાણવો. ૪ અપત્રીડક એટલે આલોયણા લેનાર શરમથી બરાબર ન કહેતો હોય તો તેને વૈરાગ્ય ઉત્પન્ન કરનારી કથાઓ એવી રીતથી કહે કે, તે સાંભળતાંજ આલોયણા લેનાર શરમ છોડીને સારી રીતે આલોવે એવા. ૫ પ્રકુર્વી એટલે આલોયણા લેનારની સમ્યક્ પ્રકારે શુદ્ધિ કરે એવા. ૬ અપરિસ્રાવી એટલે આલોયણા આપી હોય તે બીજાને ન કહેનારા એવા. ૭ નિર્યાપ એટલે જે જેટલુ પ્રાયશ્ચિત લઇ શકે તેને તેટલુંજ આપનારા. ૮ અપાયદર્શી એટલે સમ્યક્ આલોયણા અને પ્રાયશ્ચિત્ત ન કરનારને આ ભવમાં તથા પરભવમાં કેટલું દુઃખ થાય છે તે જાણનારા; એવા આઠ ગુણવાળા ગુરૂ આલોયણા આપવાને સમર્થ છે એમ કહ્યું છે.

आलोअणापरिणओ, सम्मं संपट्ठिओ गुरुसगासे ॥
जइ अंतराविकाळ, करिज्ज आराहओ तहवि ॥ ५ ॥

અર્થ:—આલોયણા લેવાના શુભ પરિણામથી ગુરૂની પાસે જવા નીકળેલો ભવ્ય જીવ, જો કદાચ આલોયણા લીધા વિના વચ્ચેજ કાળ કરી જાય, તોપણ તે આરાધક થાય છે.

आयरिआइ सगच्छे, संभोइअअर गीअ पासत्थे ॥
सारूवी पच्छाकड, देवयपडिमाअरिहसिद्धे ॥ ६ ॥

અર્થ—સાધુએ અથવા શ્રાવકે પરેલા તો પોતાના ગચ્છનાજ જે આચાર્ય હોય, તેમની પાસે જરૂર આલોયણા લેવી. તેમનો જોગ ન હોય તો પોતાના ગચ્છનાજ ઉપાધ્યાય, તે ન હોય તો પોતાના ગચ્છનાજ પ્રવર્તક, સ્થવિર અથવા ગણાવચ્છેદી એમની પાસે આલોયણા લેવી. પોતાના ગચ્છમાં ઉપર કહેલા પાંચેનો જોગ ન હોય તો સંભોગિક પોતાની સામાચારીએ મળતા એવા બીજા ગચ્છમાં આચાર્ય આદી પાંચેમાં જેનો જોગ મળે તેની પાસે આલોયણા લેવી. સામાચારીને મળતા પરગચ્છમાં આચાર્યાદિ પાંચેનો યોગ ન હોય તો, ભિન્ન સામાચારીવાળા, પરગચ્છમાં પણ સંવેગી આ-

ચાર્યાદિકમાં જેનો યોગ હોય. તેની પાસે આળોયણા લેવી. તેમ ન બને તો ગીતાર્થ પાસસ્થાની પાસે આળોયણા લેવી. તેમ ન બને તો ગીતાર્થ એવા સારૂપિક પાસે આળોયણા લેવી. તેનો પણ જોગ ન મળે તો ગીતાર્થ પશ્ચાત્કૃત પાસે આળોવવું સફેદ કપડાં પહેરનારો, મુંડી, કચ્છ વિનાનો રજોહરણ વગેરે ન રાખનારો, બ્રહ્મચર્ય ન પાળનારો. ભાર્યા રહિત અને ભિક્ષાવૃત્તિએ નિર્વાહ કરનારો એવો હોય તે સારૂપિક કહેવાય છે. સિદ્ધપુત્ર તો શિખા અને ભાર્યા સહિત હોય છે. ચારિત્ર તથા સાધુનો વેષ મૂકી, ગૃહસ્થ થએલો તે પશ્ચાત્કૃત કહેવાય છે ઉપર કહેલા પાસત્થાદિકને પણ ગુરૂની માફક વંદન વગેરે યથાવિધિ કરવું કારણ કે, ધર્મનું મૂળ વિનય છે. જો પાસત્થાદિક પોતાને ગુણ રહિત માને અને તેથીજ તે વંદના ન કરાવે, તો તેને આસન ઉપર બેસારી પ્રણામ માત્ર કરવો, અને આળોયણા લેવી. પશ્ચાત્કૃતને તો બે ઘડીનું સામાયિક તથા સાધુનો વેષ આપી વિધિ સહિત આળોયણા લેવી. ઉપર કહેલા પાસત્થાદિકનો પણ યોગ ન મળે તો, રાજગૃહી નગરીમાં ગુણશિલાદિક ચૈત્યને વિષે જ્યાં ઘણી વાર જે દેવતાએ અરિહંત, ગણધર વગેરે મહા પુરૂષોને આળોયણા આપતાં દીઠા હોય, ત્યાં તે સમ્યક્‌દૃષ્ટિ દેવતાને અઠમ વગેરે તપસ્યાથી પ્રસન્ન કરી તેની પાસે આળોયણા લેવી. કદાચ તે સમયનો દેવતા ચવ્યો હોય, અને બીજો ઉત્પન્ન થયો હોય તો તે મહાવિદેહ ક્ષેત્રમાં જઇ અરિહંત ભગવાનને પૂછી પ્રાયશ્ચિત્ત આપે છે. તેમ ન બને તો અરિહંતની પ્રતિમા આગળ આળોઇ પોતેજ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરે. અરિહંતની પ્રતિમાનો પણ જોગ ન હોય તો પૂર્વ અથવા ઉત્તર દિશાએ મ્હોડું રાખીને અરિહંતોની તથા સિદ્ધોની સમક્ષ આળોવે, પણ આળોયા વગેરે ન રહે. કેમકે, શલ્ય સહિત જીવ આરાધક કહેવાતો નથી.

अग्गीओ न वि जाणइ, सोहिंचरणस्स देइऊणहिअं ॥
तो अप्पाणं आ लो-अगंच पाडेइ, संसारे ॥ ७ ॥

અર્થ:—પોતે ગીતાર્થ નહી હોવાથી ચરણશુદ્ધિ તથા આળોયણા આપવાથી થતું હિત ન જાણે, તો તે પુરૂષ પોતાને અને આળોયણા લેનારને પણ સંસારમાં પાડે છે.

जह बालो जंपंतो, कज्जमकज्जं च उज्जुअं भणइ ॥
तं तह आलोइज्जा, मायामयविप्पमुक्को अ ॥ ८ ॥

अर्थः—જેમ બાળક બોલતું હોય, ત્યારે તે કાર્ય અથવા અકાર્ય જે હોય તે સરળતાથી કહે છે, તેમ આલોયણા લેનારે માયા અથવા મદ ન રાખતાં આલોવવું.

मायाइ दोसरहिओ, पइसमयं वड्ढमाण संवेगो ॥
आलोइज्ज अकज्जं, न पुणो काहंति निच्छयओ ॥ ९ ॥

अर्थः—માયા મદ વગેરે દોષ ન રાખતાં વખતે વખતે સંવેગભાવનાની વૃદ્ધિ કરી જે અકાર્યની આલોયણા કરે, તે અકાર્ય જરૂર ફરીથી ન કરે,

लज्जाइगारवेणं, बहु सुअमएण वा वि दुच्चरिअं ॥
जो न कहेइ गुरूणं, न हु सो आराहओ भणिओ ॥१०॥

अर्थः—જે પુરૂષ શરમ વગેરેથી, રસાદિ ગારવમાં લપટાઇ રહ્યાથી એટલે તપસ્યા ન કરવાની ઇચ્છાથી અથવા હું બહુ શ્રુત ભણ્યો એવા અહંકારથી, અપમાનની બીકથી અથવા આલોયણા ઘણી આવશે એવા ડરથી ગુરૂની પાસે પોતાના દોષ કહીને ન આલોવે, તે જરૂર આરાધક કહેવાતો નથી.

संवेगपरं चित्तं, काऊणं तेहिं तेहिं सुत्तेहिं ॥
सल्लाणुद्धरणाविवा-यदंसगाईहिंआलोए ॥ ११ ॥

अर्थः— તે તે સંવેગ ઉત્પન્ન કરનાર આગમ વચનોનો વિચાર કરી તથા શલ્યનો ઉદ્ધાર ન કરવાનાં ખોટાં પરિણામ ઉપર નજર દઇ પોતાનું ચિત્ત સંવેગવાળું કરવું, અને આલોયણા લેવી.

હવે આલોયણા લેનારના દસ દોષ કહે છે.

आकंपइत्ता अणुमाणइत्ता, जं दिठं बायरं व सुहुमं वा ॥
छन्नं सद्दाउलयं, बहुजणअव्वत्ततस्सेवी ॥ १२ ॥

अर्थः—ગુરૂ થોડી આલોયણા આપશે, એમ ધારી તેમને વૈયાવચ્ચ વગેરેથી પ્રસન્ન કરી પછી આલોયણા લેવી, તે પહેલો દોષ. ૨ તેમજ આ ગુરૂ થોડી તથા શેડેલી આલોયણા આપનારા છે એવી કલ્પના કરી

આળોવવું, તે બીજો દોષ. ૩ જે પોતાના દોષ બીજા કોઇએ જોયા હોય, તેજ આળોવે, પણ બીજા છાના ન ઓળાવે તે ત્રીજો દોષ ૪ સૂક્ષ્મ (નહાના) દોષ ગણુત્રીમાં ન ગણવા, અને બાદર (મ્હોટા) દોષનીજ માત્ર આળોયણા લેવી તે ચોથો દોષ. ૫ સૂક્ષ્મની આળોયણા લેનાર બાદર દોષ મૂકે નહિ, એમ જ-ણાવવાને સારૂ તૃણ ગ્રહણાદિ નાના દોષની માત્ર આળોયણા લેવી, અને બાદરની ન લેવી તે પાંચમો દોષ. ૬ છન્ન એટલે પ્રકટ શબ્દથી ન આળોવવું તે છઠો દોષ. ૭ તેમજ શબ્દાકુળ એટલે ગુરૂ સારી પેઠે ન જાણે એવા શ-બ્દના આડંબરથી અથવા આશપાશના લોકો સાંભળે તેવી રીતે આળોવવું તે સાતમો દોષ. ૮ આળોવવું હોય તે ઘણા લોકોને સંભળાવે, અથવા આ-લોયણા લઇ ઘણા લોકોને સંભળાવે તે આઠમો દોષ. ૯ અવ્યક્ત એટલે છેદ ગ્રંથના જાણ નહિ એવા ગુરૂ પાસે આળોવવું તે નવમો દોષ. ૧૦ લોકમાં નિંદા વગેરે થશે એવા ભયથી પોતાના જેવાજ દોષને સેવન કર-નાર ગુરૂની પાસે આળોવવું તે દસમો દોષ. આ દસ દોષ આળોયણા લે-નારે તજવા.

હવે સમ્યક્ પ્રકારે આળોવે તો તેના ગુણ કહે છે.

लहुआ लहाईजणणं, अप्पपर नियत्ति अज्जवं सोही ॥
दुक्करकरणं आणा, निस्सल्लत्तं च सोहिगुणा ॥ १३ ॥

અર્થઃ—૧ જેમ ભાર ઉપાડનારને ભાર ઉતારવાથી શરીર હલકું લાગે છે, તેમ આળોયણા લેનારને પણ શલ્ય કાઢી નાંખ્યાથી પોતાનો જીવ હલકો લાગે છે, ૨ આનંદ થાય છે, ૩ પોતાના તથા બીજાઓના પણ દોષ ટળે છે, એટલે પોતે આળોયણા લઇ દોષમાંથી છૂટો થાય છે એ જાહેરજ છે, તથા તેને જોઇને બીજાઓ પણ આળોયણા લેવા તૈયાર થાય છે તેથી તેમના દોષ પણ દૂર થાય છે. ૪ સારી રીતે આળોયણા કરવાથી સરળતા પ્રકટ થાય છે. ૫ અતિચાર રૂપ મળ ધોવાઇ ગયાથી આ-ત્માની શુદ્ધિ થાય છે, ૬ તેમજ આળોયણા લેવાથી દુષ્કર કામ કર્યું એમ થાય છે. કેમકે, દોષનું સેવન કરવું તે કાંઇ દુષ્કર નથી, કેમકે, અનાદિ કાળથી દોષ સેવનનો અભ્યાસ પડી ગયો છે. પણ દોષ કર્યા પછી, તે આળોવવા એ દુષ્કર છે. કારણ કે, મોક્ષ સુખી પહોચે એવા પ્રબળ આ-

ત્મચીર્યના વિશેષ ઉલ્લાસથીજ એ કામ બને છે. નિશીથ ચૂર્ણીમાં પણ કહ્યું છે કે—જીવ જે દોષનું સેવન કરે છે, તે દુષ્કર નથી; પણ સમ્યક્ પ્રકારે આળોવે, આ જે વાત છે તેજ દુષ્કર છે, માટેજ સમ્યક્ આળોયણાની ગણતરી પણ અભ્યંતર તપમાં ગણી છે, અને તેથીજ તે માસખમણ વગેરેથી પણ દુષ્કર છે. લક્ષણા સાધ્વી વગેરેની તેવી વાત સંભળાય છે, તે નીચે આપી છેઃ—

આ ચોવીશીથી અતીત કાળની બેશીમી ચોવીશીમાં એક બહુ પુત્રવાન રાજાને શેંકડો માનતાથી એક બહુમાન્ય પુત્રી થઈ. તે સ્વયંવર મંડપમાં પરણી, પણ દુર્દૈવથી ચોરીની અંદરજ પતિના મરણથી વિધવા થઈ. પછી તે સમ્યક્ પ્રકારે શીળ પાળી સતી સ્ત્રીઓમાં પ્રતિષ્ઠા પામી, અને જૈન ધર્મને વિષે ઘણીજ તત્પર રહી. એક વખતે તે ચોવીશીના છેલ્લા અરિહંતે તેને દીક્ષા આપી. પછી તે લક્ષણા એવા નામથી જાણીતી થઇ. એક વખતે ચકલા ચકલીનો વિષયસંભોગ જોઇને તે મનમાં વિચારવા લાગી કે, "અરિહંત મહારાજે ચારિત્રિયાને વિષયભોગની કેમ અનુમતિ ન આપી? અથવા તે (અરિહંત) પોતે વેદ રહિત હોવાથી વેદનું દુઃખ જાણતા નથી." વગેરે મનમાં ચિંતવીને ક્ષણવારમાં લક્ષણા સાધ્વી ઠેકાણે આવી અને પસ્તાવો કરવા લાગી. 'હવે હું આળોયણા શી રીતે કરીશ?' એવી તેને લજ્જા ઉત્પન્ન થઇ. તથાપિ શલ્ય રાખવાથી કોઇ પણ રીતે શુદ્ધિ નથી, એ વાત ધ્યાનમાં લઇ તેણે આળોયણા કરવા પોતાને ધીરજ આપી, અને તે ત્યાંથી નીકળી. એટલામાં ઓચિંતો એક કાંટો પગમાં ભાગ્યો. તે અપશકુન થયા એમ સમજી લક્ષણા મનમાં ખીજવાઇ, અને "જે એવું માઠું ચિંતવે, તેને શું પ્રાયશ્ચિત્ત?" એમ બીજા કોઈ અપરાધીને બ્હાને પૂછી આળોયણા લીધી, પણ શરમને મારે અને મ્હોટાઇનો ભંગ થશે એવી બીકથી લક્ષણાએ પોતાનું નામ જાહેર કર્યું નહિ. પછી તે દોષના પ્રાયશ્ચિત્ત તરીકે તેણે પચાસ વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરી. કહ્યું છે કે—વિગય રહિતપણે છઠ, અઠમ, દશમ (ચાર ઉપવાસ) અને દુવાલસ (પાંચ ઉપવાસ) એ તપસ્યા દસ વર્ષ; તેમ ઉપવાસ સહિત બે વર્ષ; ભોજનવડે બે વર્ષ; માસખમણ તપસ્યા સોળ વર્ષ;

અને આંબિલ તપસ્યા વીસ વર્ષ. આ રીતે લક્ષ્મણા સાધ્વીએ પચાસ વર્ષ સુધી તપસ્યા કરી આ તપસ્યા કરતાં તે સાધ્વીએ પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયા અટ્ઠિ મૂકી નહિ. તથા મનમાં દીનપણું કિંચિત્ પણ આણ્યું નહિ. આ રીતે દુષ્કર તપસ્યા કરી તો પણ લક્ષ્મણા સાધ્વી શુદ્ધ થઇ નહિ. છેવટ આર્તધ્યાનમાં તેણે કાળ કર્યો. દાસી વગેરે અસંખ્યાત ભવોમાં ઘણા આકરાં દુઃખ ભોગવી અંતે શ્રીપદ્મનાભ તીર્થંકરના તીર્થમાં તે સિદ્ધિ પામશે. કહ્યું કે—શલ્યવાળો જીવ ગમે તો દિવ્ય હજાર વર્ષ સુધી ઘણી ઉગ્ર તપસ્યા કરે, તો પણ શલ્ય હોવાથી તેની તે તપસ્યા તદ્દન નકામી છે, જેમ ઘણો કુશળ એવો પણ વૈદ્ય પોતાનો રોગ બીજા વૈદ્યને કહીનેજ સાજો થાય, તેમ જ્ઞાની પુરૂષના પણ શલ્યનો ઉદ્ધાર બીજા જ્ઞાની પાસેથીજ થાય.

૭ તેમજ આલોયણા કરવાથી તીર્થંકરોની આજ્ઞા આરાધિત થાય છે. ૮ નિઃશલ્યપણું જાહેર થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે—હે ભગવંત! જીવ આલોયણા લેવા વડે શું ઉત્પન્ન કરે છે? (જવાબ) ઋજુભાવને પામેલો જીવ અનંત સંસારને વધારનાર એવા માયાશલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય એ ત્રણ પ્રકારના શલ્યથી રહિત નિષ્કપટ થઇ સ્ત્રીવેદને તથા નપુંસક વેદને બાંધતો નથી, અને પૂર્વે બાંધ્યો હોય તો તેની નિર્જરા કરે છે. આલોયણાના આઠ ગુણ છે. આ રીતે શ્રાદ્ધજીતકલ્પમાંથી તથા તેની વૃત્તિમાંથી લેશમાત્ર ઉદ્ધાર કરી કાઢેલો આલોયણા વિધિ પૂર્ણ થયો છે.

અતિશય તીવ્ર પરિણામથી કરેલું મ્હોટું તથા નિકાચિત થએલું પણ બાળહત્યા, સ્ત્રીહત્યા, યતિહત્યા, દેવ, જ્ઞાન વગેરેના દ્રવ્યનું ભક્ષણ, રાજાની સ્ત્રી સાથે ગમન વગેરે મહા પાપની સમ્યક્ પ્રકારે આલોયણા કરી ગુરૂએ આપેલું પ્રાયશ્ચિત યથાવિધિ કરે તો તે જીવ તેજ ભવમાં શુદ્ધ થાય છે. એમ ન હોત તો દૃઢપ્રહારી વગેરેને તેજ ભવે મુક્તિ શી રીતે થાત? માટે આલોયણા દરેક ચોમાસે અથવા દર વર્ષે જરૂર લેવી. આ રીતે વર્ષકૃત્ય ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કહ્યો છે.

प्रकाश ६. जन्मकृत्य.

વાર્ષિક કૃત્ય કહ્યું. હવે જન્મકૃત્ય ત્રણ ગાથા તથા અઢાર દ્વારવડે કરે છે.

जम्ममि वासठाणं, [1] तिवग्गसिद्धीइ कारणं उचिअं ॥
[2] उचिअं विज्जागहणं, [3] पाणिग्गहणं च [4] मित्ताई ॥ १२ ॥

सक्षिप्तार्थः—જન્મમાં ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ સધાય એવી રીતનું ૧ નિવાસસ્થાન, ૨ વિદ્યા સંપાદન, ૩ પાણિગ્રહણ અને ૪ મિત્રાદિક આ ચાર વાનાં કરવાં યોગ્ય છે. (૧૨)

विस्तारार्थः—૧ જન્મરૂપ બંદીખાનામાં પહેલા નિવાસસ્થાન ઉચિત લેવું. નિવાસસ્થાન કેવું ઉચિત? તે વિશેષણ વડે કહે છે. જેથી ત્રિવર્ગની એટલે ધર્માર્થકામની સિદ્ધિ એટલે ઉત્પત્તિ થાય એવું તાત્પર્ય કે, જ્યાં રહેવાથી ધર્મ, અર્થ અને કામ સધાય, ત્યાં શ્રાવકે રહેવું. બીજે ન રહેવું. કેમકે, તેમ કરવાથી આભવથી તથા પરભવથી ભ્રષ્ટ થવાનો સંભવ રહે છે. વળી કહ્યું છે કે—ભિલ્લ લોકોની પલ્લીમાં, ચોરના રહેઠાણમાં, જ્યાં પહાડી લોકો રહેતા હોય તેવી જગામાં અને હિંસક તથા પાપી લોકોનો આશ્રય કરનારા લોકોની પાસે સારા માણસે ન રહેવું. કેમકે, કુસંગત સજ્જનને એબ લગાડનારી છે. જે સ્થાનકે રહેવાથી મુનિરાજો પોતાને ત્યાં પધારે, તથા જે સ્થાનકની પાસે જિનમંદિર હોય, તેમજ જેની આસપાસ શ્રાવકોની વસ્તી હોય, એવા સ્થાનકમાં ગૃહસ્થે રહેવું. જ્યાં ઘણા ખરા વિદ્વાન્ લોકો રહેતા હોય, જ્યાં રીળ, જીવતર કરતાં પણ વધારે વહાલું ગણાતું હોય, અને જ્યાંના લોકો હમેશાં સારા ધર્મિષ્ઠ રહેતા હોય, ત્યાં સારા માણસે રહેવું. કેમકે, સત્પુરૂષોની સોબત કલ્યાણને સારૂ છે. જે નગરમાં જિનમંદિર, સિદ્ધાંતના જાણુ સાધુ અને શ્રાવકો હોય, તથા જળ અને ઈંધણાં પણ ઘણાં હોય, ત્યાં હમેશાં રહેવું.

ત્રણસો જિનમંદિર તથા ધર્મિષ્ટ, સુશીળ અને જાણુ એવા શ્રાવક વિગેરેથી શોભતું એવું અજમેરથી નજીક હર્ષપુર નામનું એક સારૂં નગર હતું.

ત્યાં રહેનાર અઢાર હજાર બ્રાહ્મણો અને તેમના શિષ્યો છત્રીશ હજાર મ્હોટા શેઠીયાઓ જ્યારે શ્રીપ્રિયગ્રંથસૂરિ તે નગરમાં પધાર્યા, ત્યારે પ્રતિબોધ પામ્યા. સારા સ્થળમાં રહેવાથી પૈસાવાળા ગુણી અને ધર્મિષ્ઠ લોકોનો સમાગમ થાય છે. વળી તેથી ધન, વિવેક, વિનય, વિચાર, આચાર, ઉદારતા, ગંભીરપણું, ધૈર્ય, પ્રતિષ્ઠા વગેરે ગુણો તથા સર્વ રીતે ધર્મકૃત્ય કરવામાં કુશળતા પ્રાયે વિના પ્રયત્ને મળે છે. એ વાત હમણાં પણ સાક્ષાત્ નજરે જણાય છે. માટે અંત પ્રાંત ગામડા વગેરેમાં ધન પ્રાપ્તિ વગેરેથી સુખે નિર્વાહ થતો હોય, તોપણ ન રહેવું. કેમકે જ્યાં જિન, જિનમંદિર અને સંઘનું મુખકમળ એ ત્રણ વસ્તુ દેખાતી નથી, તેમજ જિનવચન સંભળાતું નથી; ત્યાં ઘણી સંપદા હોય તે શા કામની ? જો તહારે મૂર્ખતા જોઈતી હોય, તો તું ગામડામાં ત્રણ દિવસ રહે. કારણ કે, ત્યાં નવું અધ્યયન થાય નહિ, અને પૂર્વે ભણેલું હોય તે પણ ભુલી જાય.

એવી વાત સંભળાય છે કે—કોઇ નગરનો રહીશ વણિક થોડા વણિકની વસતિવાળા એક ગામડામાં જઇ દ્રવ્યલાભને માટે રહ્યો. ખેતી તથા બીજા ઘણા વ્યાપાર કરી તેણે ધન મેળવ્યું, એટલામાં તેનું રહેવાનું ઘાસનું ઝુંપડું હતું તે બળી ગયું. આ રીતે ફરી ફરી ધન મેળવ્યા છતાં કોઇ વખતે ચોરની ધાડ, તો કોઈ વખતે દુકાળ, રાજદંડ વગેરેથી તેનું ધન જતું રહ્યું. એક વખતે તે ગામડાના રહીશ ચોરોએ કોઇ નગરમાં ધાડ પાડી, તેથી રાજાએ ગુસ્સે થઇ તેમનું (ચોરોનું) ગામડું બાળી નાંખ્યું, અને શેઠના પુત્રાદિકને સુભટોએ પકડ્યા. ત્યારે શેઠ સુભટોની સાથે લડતાં માર્યો ગયો. આ રીતે કુગ્રામવાસ ઉપર દ્રાખલો છે. રહેવાનું સ્થાનક ઉચિત હોય, તો પણ ત્યાં સ્વચક્ર, પરચક્ર, વિરોધ, દુષ્કાળ, મરકી, અતિવૃષ્ટિ વગેરે, પ્રજાની સાથે કલહ, નગર આદિનો નાશ ઇત્યાદિ ઉપદ્રવથી અસ્વસ્થતા ઉત્પન્ન થઈ હોય તો, તે સ્થાન શીઘ્ર છોડી દેવું. તેમ ન કરે તો ધર્માર્થ કામની કદાચ હાનિ થાય. જેમ યવન લોકોએ દિલ્લી શેહેર ભાગી નાંખ્યું, ત્યારે ભય ઉત્પન્ન થવાથી જેમણે દિલ્લી, છોડી, અને ગુજરાત વગેરે દેશમાં નિવાસ કર્યો, તેમણે પોતાના ધર્મ અર્થ કામની પુષ્ટિ કરીને આભવ તથા પરભવને સફળ કર્યા, અને જેમણે દિલ્લી છોડી નહિ, તે

લોકોએ બંદીખાનામાં પડવા આદિના ઉપદ્રવ પામી પોતાના બન્ને ભવ પાણીમાં ગુમાવ્યા. નગર ક્ષય થએ સ્થાન ત્યાગ ઉપર ક્ષિતપ્રતિષ્ઠિત પુર, ચણકપુર, ઋષભપુર વગેરેના દાખલા જાણવા. સિદ્ધાંતમાં કહ્યું છે કે— ક્ષિતિપ્રતિષ્ઠિત, ચણકપુર, ઋષભપુર, કુશાગ્રપુર, રાજગૃહ, ચંપા, પાટલીપુત્ર વગેરે. અહિં સુધી રહેવાનું સ્થાનક એટલે નગર ગામ વગેરેનો વિચાર કર્યો. હવે ઘર પણ રહેવાનું સ્થાનક કહેવાય છે. માટે તેનો વિચાર કરીએ છીએ. સારા માણસે પોતાનું ઘર જ્યાં સારા પાડોશી હોય ત્યાં કરવું, તથા બહુ ખૂણામાં ગુપ્ત ન કરવું. શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે પરિનિત બારણાં આદિ ગુણ જે ઘરમાં હોય, તે ઘર ધર્માર્થ કામને સાધનારૂં હોવાથી રહેવાને ઉચિત છે. ખરાબ પાડોશી શાસ્ત્રમાં નિષિદ્ધ કર્યા છે તે એટલા સારૂં કે:—વેશ્યા, તિર્યંચયોનિના પ્રાણી, તલાર, બૌધ વગેરેના સાધુ, બ્રાહ્મણ, સ્મશાન, વાઘરી, વ્યાધ, ગુમિપાળ, ધાડપાડુ, ભિલ્લ, મચ્છીમાર, જુગારી, ચોર, નટ, નાચનાર, ભટ્ટ, ભવૈયા અને કુકર્મ કરનારા એટલા લોકોનો પાડોશ પોતાના ઘર આગળ અથવા દુકાન આગળ પણ સારા માણસે તજવો. તથા એમની સાથે દોસ્તી પણ કરવી નહીં. તેમજ દેવ-મંદિર પાસે ઘર હોય તો દુઃખ થાય, ચૌટામાં હોય તો હાનિ થાય, અને ઠગ તથા પ્રધાન એમના ઘર પાસે આપણું ઘર હોય તો પુત્રનો તથા ધનનો નાશ થાય. પોતાનું હિત ઇચ્છનારો બુદ્ધિશાળી પુરૂષ મૂર્ખ, અધર્મી, પાખંડી, પતિત, ચોર, રોગી, ક્રોધી, ચંડાળ, અહંકારી, ગુરૂની સ્ત્રીને ભોગવનાર, વૈરી, પોતાના સ્વામિને ઠગનાર, લોભી અને મુનિહત્યા, સ્ત્રીહત્યા અથવા બાળહત્યા કરનારા એમનો પાડોશ તજે. કુશીલિયા વગેરે પાડોશી હોય તો તેમનાં વચન સાંભળવાથી તથા તેમની ચેષ્ટા જોવાથી માણસ પોતે સદ્‌ગુણી હોય, તોપણ તેના ગુણની હાનિ થાય. પાડોશણે જેને ખીર સંપાદન કરી આપી, તે સંગમ નામા શાલિભદ્રનો જીવ સારા પાડોશીના દાખલા તરીકે, તથા પર્વ દિવસે મુનિને વહોરાવનાર પાડોશણના સાસુ સસરાને ખોટું સમજાવનારી સોમભટ્ટની ભાર્યા ખરાબ પાડોશણના દાખલા તરીકે જાણવી.

અતિશય જાડેર સ્થળમાં ઘર કરવું સારૂ નથી. કેમકે, આશપાશ

બીજાં ઘર ન હોવાથી તથા ચારે તરફ ખુલ્લો ભાગ હોવાથી ચોર વગેરે ઉપદ્રવ કરે છે. અતિશય ગીચ વસ્તિવાળા ગુપ્ત સ્થળમાં પણ ઘર હોય તો પણ સારૂ નહિ. કેમકે, ચારે તરફ બીજાં ઘરો આવેલાં હોવાથી તે ઘરની પોતાની શોભા જતી રહે છે. તેમજ આગ વગેરે ઉપદ્રવ થએ ઝટ અંદર જવું. અથવા બહાર આવવું. કઠણ થઇ પડે છે. ઘરને માટે સારી જગ્યા તે શલ્ય, ભસ્મ, ખાત્ર વગેરે દોષથી તથા નિષિદ્ધ આયથી રહિત હોવું જોઇએ. તેમજ દુર્ગંધો, કૂપલાં, દર્ભના ગુચ્છ વગેરે જ્યાં ઘણા હોય, એવું તથા સારા વર્ણની અને સારા ગંધની માટી, મધુર જળ તથા નિધાન વગેરે જેમાં હોય એવું હોવું જોઇએ. કહ્યું છે કે— ઉનાળામાં ઠંડા સ્પર્શવાળી અને શિયાળામાં ઉન્હા સ્પર્શવાળી, તથા વર્ષાઋતુમાં ઠંડા તથા ઉન્હા સ્પર્શવાળી જે ભૂમિ હોય, તે સર્વેને શુભકારી જાણવી. એક હાથ ઊંડો ભૂમિ ખોદીને પાછી તેજ માટીથી તે ભૂમિ પૂરી નાંખવી. જો માટી વધે તો શ્રેષ્ઠ. બરાબર થાય તો મધ્યમ અને ઓછી થાય તો અધમ ભૂમિ જાણવી. જે ભૂમિમાં ખાડો કરીને જળ ભર્યું હોય તો તે જળ સો પગલાં જઇએ, ત્યાં સુધીમાંજ જેટલું હતું તેટલુંજ રહે તો તે ભૂમિ સારી. આંગળ જેટલું ઓછું થાય તો મધ્યમ અને તે કરતાં વધારે ઓછું થાય તો અધમ જાણવી. અથવા જે ભૂમિના ખાડામાં રાખેલાં પુષ્પ બીજે દિવસે તેવાને તેવાંજ રહે તો તે ઉત્તમ ભૂમિ, અર્ધા સૂકાઇ જાય તો મધ્યમ અને સર્વે સૂકાઇ જાય તો અધમ જાણવી. જે ભૂમિમાં વાવેલું ડાંગેર વગેરે ધાન્ય ત્રણ દિવસમાં ઉગે તે શ્રેષ્ઠ, પાંચ દિવસમાં ઉગે તે મધ્યમ અને સાત દિવસમાં ઉગે તે અધમ ભૂમિ જાણવી. ભૂમિ રાફડાવાળી હોય તો વ્યાધિ. પોલી હોય તો દારિદ્ર, ફાટવાળી હોય તો મરણ અને શલ્યવાળી હોય તો દુઃખ આપે છે. માટે શલ્ય ઘણાજ પ્રયત્નથી તપાસવું, માણસનું હાડકું વગેરે શલ્ય નીકળે તો તેથી માણસનીજ હાનિ થાય, ગધેડાનું શલ્ય નીકળે તો રાજદ્વિથી ભય ઉત્પન્ન થાય, શ્વાનનું શલ્ય નીકળે તો બાળકનો નાશ થાય, બાળકનું શલ્ય નીકળે તો ઘરધણી મુસાફરીએ જાય, ગાયનું અથવા બળદનું શલ્ય નીકળે તો ગાય બળદોનો નાશ થાય અને માણસના કેશ, કપાળ, ભસ્મ

ાવગેરે નીકળે તો તેથી મરણ થાય. વગેરે.

પહેલો અને ચોથો પહોર મૂકી બીજા અથવા ત્રીજા પહોરે ઘર ઉપર આવનારી ઝાડની અગર ધ્વજા વગેરેની છાયા સદા કાળ દુઃખ આપનારી છે. અરિહંતની પૂંઠ, બ્રહ્મા અને વિષ્ણુનું પડખું, ચંડિકા અને સૂર્ય એમની નજર તથા મહાદેવનું ઉપર કહેલું સર્વ (પૂંઠ, પડખું અને નજર) વર્જવું. વાસુદેવનું ડાબું અંગ, બ્રહ્માનું જમણું અંગ, નિર્નાલ્ય, ન્હવણ જળ, ધ્વજની છાયા, વિલેપન, શિખરની છાયા અને અરિહંતની દૃષ્ટિ એટલાં વાનાં ઉત્તમ છે. તેમજ કહ્યું છે કે—અરિહંતની પૂંઠ, સૂર્ય અને મહાદેવ એમની દૃષ્ટિ, વાસુદેવનો ડાબો ભાગ એ વર્જવા. ચંડી સર્વ ઠેકાણે અશુભ છે, માટે તેને સર્વથા વર્જવી. ઘરના જમણે પાસે અરિહંતની દૃષ્ટિ પડતી હોય અને મહાદેવની પૂંઠ ડાબે પાસે પડતી હોય તો તે કલ્યાણકારી છે. પણ એથી વિપરીત હોય તો બહુ દુઃખ થાય. તેમાં પણ વચ્ચે માર્ગ હોય તો કાંઇ દોષ નથી. શહેરમાં અથવા ગામમાં બ્રહ્માનાદિ કોણ દિશામાં ઘર ન કરવું. તે ઉત્તમ જાતિના લોકને અશુભકારી છે; પણ ચંડાળ વગેરે નીચ જાતિને ઋદ્ધિકારી છે. રહેવાના સ્થાનકના ગુણ તથા દોષ, શકુન, સ્વપ્ન, શબ્દ વગેરે નિમિત્તોના બળથી જાણવાં.

સારું સ્થાન પણ ઉચિત મૂલ્ય આપી તથા પાડોશીની સમ્મતી વગેરે સહજ ન્યાયથીજ ગ્રહણ કરવું. પણ કોઇનો પરાભવ આદી કરીને લેવું નહી. તેમ કરવાથી ધર્માર્થ કામનો નાશ થવાનો સંભવ છે. આ રીતેજ ખાટો, લાકડાં, પત્થર વગેરે વસ્તુ પણ દોષ વિનાની, મજબૂત એવી હોય તેજ ઉચિત મૂલ્ય આપીને વેચાતી લેવી; અને મંગાવવી. તે વસ્તુ પણ વેચનારે એની મેળે તૈયાર કરેલી લેવી; પણ પોતાને માટે તેની પાસે તૈયાર કરાવીને ન લેવી. કેમકે, તેથી મહા આરંભ વગેરે દોષ લાગવાનો સંભવ છે.

ઉપર કહેલી વસ્તુ જિનમંદિર વગેરેની હોય તો લેવી નહીં. કેમકે તેથી ઘણી હાનિ વગેરે થાય છે. એવી વાત સંભળાય છે કે, કોઈ બે વણિક પાડોશી હતા. તેમાં એક પૈસાદાર હતો, તે બીજાનો પગલે પગલે પરાભવ કરતો હતો. બીજો દરિદ્રી હોવાથી પહેલાનું નુકશાન કોઈ બીજી રીતે

કાંઈ કરી શક્યો નહી. ત્યારે તેણે પહેલાનું ઘર નવું બંધાતું હતું, તેની ભીંતમાં કોઇ ન જાણે તેવી રીતે જિનમંદિરનો પડેલો એક ઇટનો કટકો નાંખ્યો. ઘર બંધાઈને તૈયાર થયું ત્યારે દરિદ્રો પાડોશીએ શ્રીમંત પાડોશીને જે વાત બની હતી તે પ્રમાણે કહી દીધી. ત્યારે શ્રીમંત પાડોશીએ કહ્યું કે, "એટલામાં શું દોષ છે ? એની અવજ્ઞા કરવાથી વિદ્યુત્પાત વગેરે થઈ શ્રીમંત પાડોશીનો સર્વ પ્રકારે નાશ થયો. કહ્યું છે કે—જિનમંદિર, કૂવા, વાવ, સ્મશાન. મઠ અને રાજમંદિરનો સરસવ જેટલો પણ પત્થર, ઈંટ કે કાષ્ટ તજવાં.

પાષાણ મય સ્તંભ, પીઠ, પાટિયાં બારસાખ વગેરે વસ્તુઓ ગૃહસ્થને નિરૂદ્ધ કારક છે, પરંતુ તે ધર્મસ્થાનકે શુભ જાણવી. પાષાણમય વસ્તુ ઉપર કાષ્ટ અને કાષ્ટમય વસ્તુ ઉપર પાષાણના સ્તંભ વગેરે વસ્તુઓ ઘરમાં અથવા જિનમંદિરમાં પ્રયત્નથી વર્જવી. હળનું કાષ્ટ, ઘાણી, શકટ વગેરે વસ્તુ તથા રહેંટ આદી યંત્રો, એ સર્વ કાંટાવાળા વૃક્ષના વડ આદી પાંચ ઉંબરના તથા જેમાંથી દૂધ નીકળતું હોય એવા આકડા વગેરે ઝાડના લાકડાનાં વર્જવાં. વળી ઉપર કહેલી વસ્તુઓ બીજોરી, કેળ, દાડમ, મીઠાં લિંબૂ, એ જાતની હળદર, આમલી, બાવળ, બોરડી તથા ધંતુરા એમનાં લાકડાની પણ વર્જવી. જે ઉપર કહેલા વૃક્ષોનાં મૂળો પાડોશથી ઘરની ભૂમિમાં પેસે, અથવા એ ઝાડોની છાયા ઘર ઉપર આવે, તો તે ઘરધણીના કુળનો નાશ થાય છે. ઘર પૂર્વ ભાગમાં ઉંચું હોય તો ધન જતું રહે છે, દક્ષિણ ભાગમાં ઉંચું હોય તો ધનની સમૃદ્ધિ થાય છે, પશ્ચિમ ભાગમાં ઉંચું હોય તો વૃદ્ધિ થાય છે, અને ઉત્તર દિશામાં ઉંચું હોય તો શૂન્ય થાય છે. વલયાકારવાળું, ઘણા ખૂણાવાળું, અથવા એક બે કે, ત્રણ ખુણાવાળું, જમણી તથા ડાબી બાજૂએ લાંબું એવા ઘરમાં રહેવું નહિ. જે કમાડ પોતાની મેળે બંધ થાય, અથવા ઉઘડે તે સારાં નહિ. ઘરના મૂળ બારણામાં ચિત્રમય કળશાદિકની વધુ શોભા સારી કહેવાય છે. જે ચિત્રમા યોગિનીના નૃત્યનો આરંભ, ભારત રામાયણમાંનો અથવા બીજા રાજાઓનો સંગ્રામ, ઋષિના અથવા દેવનાં ચરિત્ર હોય, તે ચિત્ર ઘરને વિષે સારાં ન જાણવાં. ફળેલાં ઝાડ, ફુલની વેલડીઓ, સરસ્વતિ નવનિધાન

યુક્ત લક્ષ્મી, કળશ, વધામણાં, ચૌદ સ્વપ્નની શ્રેણી વગેરે ચિત્રો શુભ જાણવાં. જે ઘરમાં ખજૂરી, દાડમી, કેળ, બોરડી અથવા બિજોરી એમનાં ઝાડ ઉગે છે, તે ઘરનો સમૂળો નાશ થાય છે. ઘરમાં જેમાંથી દૂધ નીકળે એવા ઝાડ હોય તો તે લક્ષ્મીનો નાશ કરે છે, કાંટાવાળા હોય તો શત્રુથી ભય આપે છે, ફળવાળા હોય તો સંતતિનો નાશ કરે છે, માટે એમનાં લાકડાં પણ ઘર બનાવવામાં વાપરવા નહીં કોઇ ગ્રંથકાર કહે છે કે, ઘરના પૂર્વ ભાગમાં વડનું ઝાડ, દક્ષિણ ભાગમાં ઉમર, અને પશ્ચિમ ભાગમાં પિંપળો અને ઉત્તર ભાગમાં પ્લક્ષ ઝાડ શુભકારી છે.

ઘરના પૂર્વ ભાગમાં લક્ષ્મીનું ઘર (ભંડાર), અગ્નિ ખુણામાં રસોઇ, દક્ષિણ ભાગમાં સુવાનું સ્થાનક, નૈરૂત્ય ખૂણામાં આયુધ વગેરેનું સ્થાનક, પશ્ચિમ દિશામાં ભોજન કરવાનું સ્થાનક, વાયવ્ય ખૂણામાં ધાન્યનો સંગ્રહ કરવાનું સ્થાનક, ઉત્તર દિશામાં પાણિયારૂં અને ઇશાન ખૂણામાં દેવમંદિર કરવું. ઘરના દક્ષિણ ભાગમાં અગ્નિ, જળ, ગાય, વાયુ અને દીપક એમનાં સ્થાનક કરવાં, અને ઉત્તર તથા પશ્ચિમ ભાગમાં ભોજન, ધાન્ય, દ્રવ્ય અને દેવ એમનાં સ્થાનક કરવાં. ઘરના દ્વારની અપેક્ષાએ એટલે જે દિશામાં ઘરનું બારણું હોય તે પૂર્વ દિશા અને તેને અનુસરતી બીજી દિશાઓ જાણવી. જેમ છીંકમાં તેમ અહિં પણ જેમાં સૂર્યનો ઉદય થાય છે, તે પૂર્વ દિશા ન જાણવી. તેમજ ઘર બનાવનાર સૂતાર તથા બીજા મજૂર વગેરેને જે દરાજ કર્યો હોય, તે કરતાં વધુ પણ ઉચિત આપી તેમને રાજી રાખવા, પરંતુ કોઇ ઠેકાણે પણ તેમને ઠગવા નહિ. જેટલામાં પોતાના કુટુંબાદિકનો સુખે નિર્વાહ થાય, અને લોકમાં પણ શોભા વિગેરે દેખાય, તેટલોજ વિસ્તાર (લાંબાં પહોળાં) ઘર બંધાવવામાં કરવો. સંક્ષોષ ન રાખતાં વધારે ને વધારેજ વિસ્તાર કરવાથી નાહક ધનનો વ્યય અને આરંભ વગેરે થાય છે. ઉપર કહ્યા પ્રમાણે કરેલું ઘર પણ પરિમિત (પ્રમાણવાળા) દ્વારવાળુજ જોઇએ. કેમકે, ઘણાં બારણાં હોય તો દુષ્ટ લોકની આવ જાવ ઉપર નજર ન રહે, અને તેથી સ્ત્રી, ધન વગેરેનો નાશ થવાનો સંભવ રહે છે. પરિમિત (પ્રમાણવાળા) બારણાનાં પણ પાટિયાં, ઉલાળો, સાંકળ, ભૂંગળ વગેરે ઘણાં મજબૂત કરવાં. તેથી ઘર

સુરક્ષિત રહે છે. નહિ તો ઉપર કહ્યા પ્રમાણે સ્ત્રી વગેરેનો નાશ થવાનો સંભવ રહે છે કમાડ પણ સુખે વસાય અને ઉઘાડાય એવાં જોઇએ અને તેવી સ્થિતિમાં હોય તો સારાં; નહિ તો અધિક અધિક જીવ વિરાધના થાય અને જવું આવવું વગેરે કાર્ય જેટલું તરતજ થવું જોઇએ તેટલું શીઘ્ર ન થાય. ભીતમાં રહેનારી ભૂંગળ કોઈ પણ રીતે સારી નહિ. કારણ કે, તેથી પંચેંદ્રિય વગેરે જીવની પણ વિરાધના થવાનો સંભવ છે. એવાં કમાડ પણ વાસવાં હોય તો જીવ જંતુ વગેરે બરાબર જોઇનેજ વાસવાં. આ રીતેજ પાણીની પરનાળ, બાળ વગેરેની પણ યથાશક્તિ યતના રાખવી ઘરનાં પરિમિત બારણાં રાખવાં વગેરે સંબંધી શાસ્ત્રમાં પણ કહ્યું છે.

જે ઘરમાં વેધ આદિ દોષ ન હોય, આખું દળ (પાષાણ, ઇટ અને લાકડાં) નવું હોય, ઘણાં બારણાં ન હોય, ધાન્યનો સંગ્રહ હોય, દેવપૂજા થતી હોય, આદરથી જળ વગેરેનો છંટકાવ થતો હોય, લાત્ર પડદો હોય, વાળવું વગેરે સંસ્કાર હમેશાં થતા હોય, ન્હાના મ્હોટાની મર્યાદા સારી રીતે પળાતી હોય, સૂર્યનાં કિરણ અંદર આવતાં ન હોય, દીપક પ્રકાશિત રહેતો હોય, રોગીયોની ચાકરી ઘણી સારી રીતે થતી હોય, અને થાકી ગએલા માણસનો થાક દૂર કરાતો હોય, તે ઘરમાં લક્ષ્મી વાસો કરે છે. આ રીતે દેશ, કાળ, પોતાનું ધન તથા જાતિ વગેરેને ઉચિત દેખાય એવું બંધાવેલું ઘર યથાવિધિ સ્નાત્ર, સાધર્મિ વાત્સલ્ય, સંઘપૂજા વગેરે કરીને શ્રાવકે વાપરવું. સારાં મુહૂર્ત તથા શકુન વગેરેનું બળ પણ ઘર બંધાવવા-ના તથા તેમાં પ્રવેશ કરવાના વખતે જરૂર જોવું. આ રીતે યથાવિધિ બનાવેલા ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ વગેરે થવું દુર્લભ નથી.

એમ સંભળાય છે કે, ઉજ્જયિની નગરીમાં દાંતાક નામા શેઠે અ-ઢાર ક્રોડ સોનૈયા ખરચી વાસ્તુશાસ્ત્રમાં કહેલા રીત પ્રમાણે એક સાત માળવાળો મહેલ તૈયાર કરાવ્યો. તેને તૈયાર થતાં બાર વર્ષ લાગ્યાં હતાં. તે મહેલમાં દાંતાક રહેવા ગયો, ત્યારે રાત્રીએ પડું કે ? પડું કે ? એવો શબ્દ તેના સાંભળવામાં આવ્યો. તેથી ભય પામી શેઠે મૂલ્ય તરીકે ધન લઇ તે મહેલ વિક્રમરાજાને આપ્યો. વિક્રમરાજા તે મહેલમાં ગયો, અને પડું કે ? પડું કે ? એવો શબ્દ સાંભળતાંજ રાજાએ કહ્યું. પડ કે તુ-

રતજ સુવર્ણ પુરૂષ પડયો. વગેરે તેમજ વિધિ પ્રમાણે બનાવેલા અને વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરેલા શ્રીમુનિસુવ્રત સ્વામિના સ્તૂપના મહિમાથી કોણિક રાજા પ્રબળ સેનાનો ધણી હતો, તથાપિ તે વિશાળા નગરીને બાર વર્ષમાં પણ લઇ શકયો નહિ. ભ્રષ્ટ થએલા કૂલવાલકના કહેવાથી જ્યારે તેણે સ્તૂપ પાડી નંખાવ્યો, ત્યારે તેજ વખતે નગરી તાબામાં લીધી. આ રીતેજ એટલે જેમ ઘરની યુક્તિ કહી, તે પ્રમાણે દુકાન પણ સારો પાડોશ જોઇ ઘણું જાહેર નહિ, તથા ઘણું ગુપ્ત નહિ એવી જગ્યા એ પરિમિત આરણાવાળી પૂર્વ કહેલ વિધિ પ્રમાણે બનાવવી એજ સારૂં છે. કેમ કે, તેથીજ ધર્મ, અર્થ અને કામ એમની સિદ્ધિ થાય છે. ઇતિ પ્રથમ દ્વાર સંપૂર્ણ. (૧)

ત્રિવર્ગ સિદ્ધિનું કારણ એ પદોનો સંબંધ બીજા દ્વારમાં પણ લેવાય છે, તેથી એવો અર્થ થાય છે કે, ધર્મ, અર્થ અને કામ એ ત્રણની સિદ્ધિ જેથી થતી હોય, તે વિદ્યાઓનું એટલે લખવું, ભણવું, વ્યાપાર વગેરે કળાઓનું ગ્રહણ એટલે અધ્યયન સારી રીતે કરવું. કેમ કે, જેને કળાઓનું શિક્ષણ ન મળ્યું હોય, તથા તેમનો અભ્યાસ જેણે ન કર્યો હોય, તેને પોતાની મૂર્ખતાથી તથા હાંસી કરવા યોગ્ય હાલતથી પગલે પગલે તિરસ્કાર ખમવો પડે છે. જેમ કે, કાળીદાસ કવિ, પહેલા તો ગાયો ચારવાનો ધંધો કરતો હતો. એક વખત રાજાની સભામાં તેણે **સ્વસ્તિ** એમ કહેવાને બદલે **ઉશરટ** એમ કહ્યું. તેથી તે ઘણો ધીક્કારાયો પછી દેવતાને પ્રસન્ન કરી મોટો પંડિત તથા કવિ થયો. ગ્રંથ સુધારવામાં, ચિત્રસભા દર્શનાદિક કામોમાં જે કળાવાન્ હોય; તે જો કે, પરદેશી હોય તો પણ વાસુદેવાદિકની માફક સત્કાર પામે છે. કેમ કે, પંડિતાઈ અને રાજપણું એ બે સરખાં નથી કારણ કે, રાજા પોતાના દેશમાંજ પૂજાય છે, અને પંડિત સર્વ ઠેકાણે પૂજાય છે.

સર્વે કળાઓ શીખવી. કેમકે, દેશ, કાળ વગેરેને અનુસરી સર્વે કળાઓનો વિશેષ ઉપયોગ થવાનો સંભવ છે. તેમ ન કરે તો કદાચ માણસ પડતી દશામાં આવે છે. કહ્યું છે કે—**અટ્ટમટ્ટ** પણ શીખવું. કારણ કે, શીખેલું નકામું જતું નથી. **અટ્ટમટ્ટના** પ્રસાદથી ગોળ અને તુંબડું

ખવાય છે. સર્વે કળાઓ આવડતી હોય તો પહેલા કહેલા આ જીવિકાના સાત ઉપાયોમાંના એકાદ ઉપાયથી સુખે નિર્વાહ થાય, તથા વખતે સમૃદ્ધિ આદિ પણ મળે. સર્વે કળાઓનો અભ્યાસ કરવાની શક્તિ ન હોય તો, શ્રાવક પુત્રે જેથી આલોકમાં સુખે નિર્વાહ અને પરલોકમાં શુભ ગતિ થાય, એવી એક કળાનો પણ સમ્યક્ પ્રકારે અભ્યાસ જરૂર કરવો. વળી કહ્યું છે કે—શ્રુતરૂપ સમુદ્ર અપાર છે, આયુષ્ય થોડું છે, હાલના જીવ ઓછી બુદ્ધિના છે. માટે એવું કાંઇક શીખવું કે, જે થોડું અને જે સાર કાર્ય સાધી શકે એટલું હોય. આલોકમાં ઉત્પન્ન થએલ મનુષ્યને બે વાત જરૂર શીખવી જોઇએ. એક તો જેથી પોતાનો સુખે નિર્વાહ થાય તે, અને બીજી મરણ પછી જેથી સદ્ગતિ પામે તે. નિંદ્ય અને પાપમય વ્યાપારવડે નિર્વાહ કરવો તે અનુચિત છે. મૂળ ગાથામાં " ઉચિત " પદ છે, માટે નિંદ્ય તથા પાપમય વ્યાપારનો નિષેધ થયો એમ જાણવું. ઇતિ બીજું દ્વાર સંપૂર્ણ. ૨

(૩) પાણિગ્રહણ એટલે વિવાહ. તે પણ ત્રિવર્ગની એટલે ધર્મ, અર્થ અને કામની સિદ્ધિનું કારણ છે, માટે ઉચિતપણાથી કરવો જોઇએ. તે (વિવાહ) પોતાથી જૂદા ગોત્રમાં થએલા તથા કુળ, સારો આચાર, શીળ, રૂપ, વય, વિદ્યા, સંપત્તિ, વેષ, ભાષા, પ્રતિષ્ઠા વગેરેથી પોતાની બરાબરીના હોય તેમની સાથેજ કરવો. બન્નેનાં કુળ, શીળ વગેરે સરખાં ન હોય તો માંહોમાંહે હીલના, કુટુંબમાં કલહ, કલંક વગેરેની પ્રાપ્તિ થાય છે. જેમ પોતનપુર નગરમાં શ્રીમતી નામે એક શ્રાવક કન્યા આદર સહિત કોઈ અન્યધર્મીની સાથે પરણી હતી. તે ધર્મને વિષે ઘણી દૃઢ હતી, પણ તેનો પતિ પરધર્મી હોવાથી તેના ઉપર રાગ રહિત થયો. એક વખતે પતિએ ઘરની અંદર ઘડામાં સર્પ રાખી શ્રીમતીને કહ્યું કે, "ફલાણા ઘડામાં પુષ્પની માળા છે તે લાવ." નવકાર સ્મરણના મહિમાથી સર્પની પુષ્પમાળા થઇ. પછી શ્રીમતીના પતિ વગેરે લોકો શ્રાવક થયા. બન્નેનાં કુળ, શીળ વગેરે સરખાં હોય તો ઉત્તમ સુખ, ધર્મ તથા મ્હોટાઇ આદિ મળે છે, એ ઉપર પેથડશેઠ તથા પ્રથમિણી સ્ત્રી વગેરેનાં દૃષ્ટાંત સમજવાં.

સામુદ્રિકાદિક શાસ્ત્રોમાં કહેલાં શરીરનાં લક્ષણ તથા જન્મપત્રિકાનો તપાસ વગેરે કરીને કન્યાની તથા વરની પરીક્ષા કરવી. કહ્યું છે કે—૧

,કુળ, ૨ શીળ, ૩ સગાંવહાલાં, ૪ વિદ્યા, ૫ ધન, ૬ શરીર અને ૭ વય એ સાત ગુણ વરને વિષે કન્યાદાન કરનારે જોવા. એ ઉપરાંત કન્યા પોતાના ભાગ્યના આધાર ઉપર રહે છે. મૂર્ખ, નિર્ધન, દૂર દેશાંતરમાં રહેનારો, ક્રૂર, મોક્ષની ઇચ્છા કરનારો અને કન્યાથી ત્રણ ગુણી કરતાં પણ વધુ ઉમ્મરવાળો એવા વરને ડાહ્યા માણસે કન્યા ન આપવી. ઘણું આશ્ચર્ય લાગે એટલી સંપત્તિવાળો, ઘણોજ ઠંડો અથવા ઘણોજ ક્રોધી, હાથે, પગે અથવા કોઇ પણ અંગે અપંગ તથા રોગી એવા વરને પણ કન્યા ન આપવી. કુળ તથા જાતિવડે હીણ, પોતાના માતા પિતાથી છુટા રહેનારા અને જેને પૂર્વે પરણેલી સ્ત્રી તથા પુત્ર હોય એવા વરને કન્યા ન આપવી. ઘણું વૈર તથા અપવાદવાળા, હમેશાં જેટલું ધન મળે તે સર્વનું ખરચ કરનારા, આળસથી શૂન્ય મનવાળા એવા વરને કન્યા ન આપવી. પોતાના ગોત્રમાં થએલા, જુગાર, ચોરી વગેરે વ્યસનવાળા તથા પરદેશી એવા વરને કન્યા ન આપવી. પોતાના પતિ વગેરે લોકોની સાથે નિષ્કપટપણે વર્તનારી, સાસુ વગેરે ઉપર ભક્તિ કરનારી, સ્વજન ઉપર પ્રીતિ રાખનારી, બંધુવર્ગ ઉપર સ્નેહવાળી અને હમેશાં પ્રસન્ન મુખવાળી એવી કુળસ્ત્રો હોય છે. જે પુરૂષના પુત્ર આજ્ઞામાં રહેનારા તથા પિતા ઉપર ભક્તિ કરનારા હોય, સ્ત્રી મન માફક વર્ત્તનારી હોય, અને મન ધરાય એટલી સંપતિ હોય; તે પુરૂષને આ મર્ત્યલોક સ્વર્ગ સમાન છે.

અગ્નિ તથા દેવ વગેરેની રૂબરૂ હસ્તમેળાપ કરવો, તે વિવાહ કહેવાય છે. તે લોકમાં આઠ પ્રકારનો છે. ૧ આભૂષણ પહેરાવી તે સહિત કન્યાદાન કરવું તે બ્રાહ્મવિવાહ કહેવાય છે. ૨ ધન ખરચીને કન્યાદાન કરવું તે પ્રાજાપત્ય વિવાહ કહેવાય છે- ૩ ગાય બળદનું જોડું આપીને કન્યાદાન કરવું તે આર્ષ વિવાહ કહેવાય છે. ૪ યજમાન બ્રાહ્મણને યજ્ઞની દક્ષિણા તરીકે કન્યા આપે તે દૈવ વિવાહ કહેવાય છે. આ ચાર પ્રકારના વિવાહ ધર્મને અનુસરતા છે. ૫ માતા, પિતા અથવા બંધુવર્ગ એમને ન ગણતાં માંહોમાંહે પ્રેમ બંધાયાથી કન્યા મનગમતા વરને વરે તે ગાંધર્વ વિવાહ કહેવાય છે. ૬ કોઇ પણ ઠરાવ કરીને કન્યાદાન કરે, તે આસુરી વિવાહ કહેવાય છે. ૭ જબરાઇથી કન્યા હરણ કરવી તે રાક્ષસ વિવાહ

કહેવાય છે. ૮ સૂતેલી અથવા પ્રમાદમાં રહેલી કન્યાનું ગ્રહણ કરવું તે પૈશાચ વિવાહ કહેવાય છે. આ ચારે વિવાહ ધર્મને અનુસરતા નથી. જો વહુની તથા વરની માંહોમાંહે પ્રીતિ હોય તો છેલ્લા ચાર વિવાહ પણ ધર્મને અનુસરતાજ કહેવાય છે. પવિત્ર સ્ત્રીનો લાભ એજ વિવાહનું ફળ છે. પવિત્ર સ્ત્રીનો લાભ થાય અને પુરૂષ તેનું જો બરાબર રક્ષણ કરે તો તેથી સંતતિ સારી થાય છે, મનમાં હમેશાં સમાધાન રહે છે, ગૃહકૃત્ય વ્યવસ્થાથી ચાલે છે, કુલીનપણું જળવાઇ રહે છે, આચાર વિચાર પવિત્ર રહે છે, દેવ, અતિથિ તથા બાંધવ જનનો સત્કાર થાય છે, અને પાપનો સંબંધ થતો નથી.

હવે સ્ત્રીનું રક્ષણ કરવાના ઉપાય કહીએ છીએ. તે એ કે:—તેને ઘરકામમાં જોડવી, તેના હાથમાં ખરચ માટે મામુલશર રકમ રાખવી, તેને સ્વતંત્રતા આપવી નહિ. હમેશાં માતા સમાન સ્ત્રીઓના સહવાસમાં તેને રાખવી. આ વગેરે સ્ત્રીના સંબંધમાં પૂર્વે જે યોગ્ય આચરણ કહ્યું છે, તેમાં આ વાતનો વિચાર ખુલ્લો રીતે કહી ગયા છીએ. વિવાહ વગેરેમાં જે ખરચ તથા ઉત્સવ વગેરે કરવો, તે આપણું કુળ, ધન, લોક વગેરેના ઉચિતપણા ઉપર ધ્યાન દેઈ જેટલું કરવું જોઇએ તેટલુંજ કરે, પણ વધારે ન કરે. કારણ કે, વધુ ખરચ આદિ કરવું તે ધર્મકૃત્યમાંજ ઉચિત છે. આ રીતેજ બીજે ઠેકાણે પણ જાણવું. વિવાહ વગેરેને વિષે જેટલું ખરચ થયું હોય, તે અનુસારે સ્નાત્ર, મહાપૂજા, મોટા નૈવેદ્ય, ચતુર્વિધ સંઘનો સત્કાર વગેરે ધર્મકૃત્ય પણ આદરથી કરવું. સંસારને વધારનાર વિવાહ વગેરે પણ આ રીતે પુણ્ય કરવાથી સફળ થાય છે. ઇતિ ત્રીજું દ્વાર સંપૂર્ણ. (૩)

(૪) વળી મિત્ર જે છે તે સર્વ કામમાં વિશ્વાસ રાખવા યોગ્ય હોવાથી અવસરે મદદ આદિ કરે છે. ગાથામાં આદિ શબ્દ છે, તેથી વણિકપુત્ર, મદદ કરનાર નોકર વગેરે પણ ધર્મ, અર્થ તથા કામનાં કારણ હોવાથી ઉચિતપણાથીજ કરવા. તેમનામાં ઉત્તમ પ્રકૃતિ, સાધર્મિકપણું, ધૈર્ય, ગંભીરતા, ચાતુર્ય, સારી બુદ્ધિ આદિ ગુણ અવશ્ય હોવા જોઇએ. આ વાત ઉપરનાં દૃષ્ટાંતો પૂર્વે વ્યવહારશુદ્ધિ પ્રકરણમાં કહી ગયા છીએ.

ઇતિ ચતુર્થ દ્વાર સંપૂર્ણ. (૪) અત્રે ૧૪ મી ગાથાનો અર્થ પૂરો થાય છે.

(મૂળગાથા)

૫ ૬ ૭ ૮ ૯
चेइअ पडिम पइठ्ठा, सुआइ पव्वावणाय पयठवणा ॥
૧૦ ૧૧
पुत्थयलेहणवायण, पोसहसालाइकारवणं ॥ १५ ॥

સંક્ષિપ્તાર્થ:—૫ જિનમંદિર કરાવવું, ૬ તેમાં પ્રતિમા પધરાવવી, ૭ જિનબિંબની પ્રતિષ્ઠા કરવી, ૮ પુત્ર વગેરેનો દીક્ષાઉત્સવ કરવો, ૯ આચાર્યાદિ પદની સ્થાપના કરવી. ૧૦ પુસ્તકોનું લખાવવું, વંચાવવું, અને ૧૧ પૌષધશાળા વગેરે કરાવવું. (૧૫)

વિસ્તારાર્થ:—તેમજ (૫) ઉંચાં તોરણ, શિખર, મંડપ વગેરેથી શોભતું, ભરત ચક્રવર્તી વગેરેએ જેમ કરાવ્યું તેમ રત્નચિત, સોનામય, રૂપામય, વગેરે અથવા શ્રેષ્ઠ પાષાણાદિમય મ્હોટું જિનપ્રાસાદ કરાવવું. તેટલી શક્તિ ન હોય તો ઉત્તમ કાષ્ઠ, ઈંટો વગેરેથી જિનમંદિર કરાવવું. તેમ કરવાની પણ શક્તિ ન હોય તો જિનપ્રતિમાને અર્થે ઘાસની ઝુંપડી પણ ન્યાયથી કમાએલા ધનવડે બંધાવવી. કેમ કે—ન્યાયથી ઉપાર્જન કરેલા ધનનો ધણી, બુદ્ધિમાન્, શુભ પરિણામી અને સદાચરણી એવો શ્રાવક ગુરૂની આજ્ઞાથી જિનમંદિર કરાવવાને અધિકારી થાય છે." દરેક જીવે પ્રથમે અનાદિ ભવમાં અનંતાં જિનમંદિર અને અનંતી જિનપ્રતિમાઓ કરાવી; પણ તે કૃત્યમાં શુભ પરિણામ ન હોવાને લીધે તેથી સમકિતનો લવલેશ પણ તેને મળ્યો નહિ. જેમણે જિનમંદિર તથા જિનપ્રતિમા કરાવી નહિ, સાધુઓને પૂજ્યા નહિ, અને દુર્ધર વ્રત પણ અંગીકાર કર્યું નહિ, તેમણે પોતાનો મનુષ્યભવ નકામો ગુમાવ્યો. જે પુરૂષ જિનપ્રતિમાને સારૂ એક ઘાસની ઝુંપડી પણ કરાવે, તથા ભક્તિથી પરમ ગુરૂને એક ફૂલ પણ અર્પણ કરે, તો તેના પુણ્યની ગણત્રી ક્યાંથી થાય ? વળી જે પુણ્યશાળી મનુષ્યો શુભ પરિણામથી મ્હોટું, મજબૂત અને નક્કર પત્થરનું જિનમંદિર કરાવે છે, તેમની તો વાતજ શી ? તે અતિ ધન્ય પુરૂષો તો પરલોકે વિમાનવાસી દેવતા થાય છે. જિનમંદિર કરાવવાને વિધિ તો પવિત્ર ભૂમિ તથા પવિત્ર દળ (પત્થર લાકડાં વગેરે), મજૂર વગેરેને

ન હણવું, મુખ્ય કારીગરનું સન્માન કરવું વગેરે પૂર્વે કહેલ ઘરના વિધિ પ્રમાણે સર્વ ઉચિત વિધિ અહિં વિશેષે કરી જાણવો. કહ્યું છે કે—ધર્મ કરવાને સારૂ ઉદ્યમવાન થએલા પુરૂષે કોઇને પણ અપ્રીતિ થાય એમ કરવું નહીં. આ રીતેજ સંયમ ગ્રહણ કરવો તે શ્રેય કરે છે.

આ વાતમાં ભગવાન્ મહાવીર સ્વામીનું દૃષ્ટાંત છે. તે ભગવાને "મ્હારા રહેવાથી આ તાપસોને અપ્રીતિ થાય છે, અને તે અપ્રીતિ અબોધિનું બીજ છે" એમ જાણી ચોમાસાના કાળમાં પણ તાપસનો આશ્રમ તજી દઇ વિહાર કર્યો. જિનમંદિર બનાવવાને અર્થે કાષ્ટ વગેરે દળ પણ શુદ્ધ જોઇએ. કોઇ અધિષ્ઠાયક દેવતાને રોષ પમાડી અવિધિથી લાવેલું અથવા પોતાને સારૂ આરંભ સમારંભ લાગે એવી રીતે બનાવેલું પણ જે ન હોય, તેજ કામ આવે. રાંક એવા મજૂર લોકો વધુ મજૂરી આપવાથી ઘણો સંતોષ પામે છે, અને સંતોષવાળા થઇ પહેલા કરતાં વધારે કામ કરે છે. જિનમંદિર અથવા જિનપ્રતિમા કરાવે ત્યારે ભાવશુદ્ધિને સારૂ ગુરૂ તથા સંઘ રૂબરૂ એમ કહેવું કે, "આ કામમાં અવિધિથી જે કાંઇ પારકું ધન આવ્યું હોય, તેનું પુણ્ય તે માણસને થાઓ." ષોડશકમાં કહ્યું છે કે—જે જેની માલકીનું દ્રવ્ય આ કામમાં અનુચિતપણે આવ્યું હોય તેનું પુણ્ય તે ધણીને થાઓ. આ રીતે શુભ પરિણામથી કહે તો તે ધર્મકૃત્ય ભાવ શુદ્ધ થાય. પાયો ખોદવો, પૂરવો, કાષ્ટનાં દળ પાડવાં, પત્થર ઘડાવવા, ચણાવવા વગેરે મહારંભ સમારંભ જિનમંદિર કરાવવામાં કરવો પડે છે, એવી શંકા ન કરવી. કારણ કે, કરાવનારની યતના પૂર્વક પ્રવૃત્તિ હોવાથી તેમાં દોષ નથી, તથા જિનમંદિર કરાવવાથી નાનાવિધ પ્રતિમા સ્થાપન, પૂજન, સંઘનો સમાગમ, ધર્મદેશના કરણ, સમકિત વ્રત વગેરેનો અંગીકાર, શાસનની પ્રભાવના, અનુમોદના વગેરે અનંત પુણ્યની પ્રાપ્તિ હોવાથી તેનાં સારાં પરિણામ નીપજે છે. કહ્યું છે કે—સૂત્રોક્ત વિધિનો જાણ પુરૂષ યતના પૂર્વક કોઇ કામમાં પ્રવર્તે, અને જો કદાચ તેમાં કાંઇ વિરાધના થાય, તો પણ અધ્યવસાયની શુદ્ધિ હોવાને લીધે તે વિરાધનાથી નિર્જરાજ થાય છે. દ્રવ્યસ્તવ ઉપર કૂવાનું દૃષ્ટાંત વગેરે અગાઉ કહી ગયા છીએ.

જીર્ણોદ્ધાર કરવાના કામમાં પણ ઘણોજ પ્રયત્ન કરવો. કેમકે—જેટલું

પુણ્ય નવું જિનમંદિર કરાવવામાં છે, તે કરતાં આઠગણું પુણ્ય જીર્ણોદ્ધાર કરાવવામાં છે. જીર્ણ જિનમંદિર સમરાવવામાં જેટલું પુણ્ય છે, તેટલું નવું કરાવવામાં નથી. કારણ કે, નવું મંદિર કરાવવામાં ઘણા જીવોની વિરાધના તથા મ્હારૂં મંદિર એવી પ્રખ્યાતિ પણ ખરી. માટે તેમાં જીર્ણોદ્ધારના જેટલું પુણ્ય નથી. તેમજ કહ્યું છે કે:—જિનકલ્પી સાધુ પણ રાજા, પ્રધાન, શેઠ તથા કૌટુંબિક એમને ઉપદેશ કરી જીર્ણ જિનમંદિર સમરાવે. જે પુરૂષો જીર્ણ થયેલાં, પડેલાં જિનમંદિરોનો ભક્તિથી ઉદ્ધાર કરે છે, તેઓ ભયંકર સંસાર સમુદ્રમાં પડેલા પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે. આ વાત ઉપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છે:—

શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરવાનું પિતાએ અભિગ્રહ સહિત ધાર્યું હતું, તેથી મંત્રી વાગ્ભટ્ટે તે કામ શરૂ કરાવ્યું, ત્યારે મ્હોટા શેઠીઆ લોકોએ પોતાની ગાંઠનું નાણું પણ તે કામમાં આપ્યું. છ દ્રમ્મની મૂડી રાખનાર ભીમ નામે એક ઘી વેચનાર હતો, તેની પાસે ફરતી ટીપ આવી, ત્યારે તેણે ઘી વેચી મૂડી સહિત સર્વ દ્રવ્ય આપી દીધું. તેથી તેનું નામ સર્વની ઉપર લખાયું, અને તેને સુવર્ણનિધિનો લાભ થયો. વગેરે વાર્તા જાહેર છે. પછી કાષ્ઠમય ચૈત્યને સ્થાનકે શિળામય મંદિર તૈયાર થવાની વધામણી દેનારને મંત્રીએ બત્રીશ સુવર્ણની જીભો આપી. તે ઉપરાંત જિન મંદિર વીજળી પડવાથી તુટી પડયું, એવી વાત કહેનારને તો મંત્રીએ ચોસઠ સુવર્ણની જીભો આપી. તેનું કારણ કે, મંત્રીએ મનમાં એમ વિચાર્યું કે, "હું જીવતાં છતાં બીજો ઉદ્ધાર કરવા સમર્થ થયો છું." બીજા જીર્ણોદ્ધારમાં બે ક્રોડ સત્તાણું હજાર એટલું દ્રવ્ય લાગ્યું. પૂજાને સારૂ ચોવીશ ગામ અને ચોવીશ બગીચાઓ આપ્યા. વાગ્ભટ્ટ મંત્રીના ભાઈ આંબડ મંત્રીએ ભરૂચમાં દુષ્ટ વ્યંતરીના ઉપદ્રવને ટાળનાર શ્રીહેમચંદ્રસૂરિની મદદથી અઢાર હાથ ઊંચા શકુનિકા વિહાર નામે પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો. મલ્લિકાર્જુન રાજાના ભંડાર સંબંધી બત્રીશ ઘડી સુવર્ણનો બનાવેલો કળશ શકુનિકા વિહાર ઉપર ચઢાવ્યો. તથા સુવર્ણમય દંડ, ધ્વજા વગેરે આપી અને મંગળિક દીપને અવસરે બત્રીશ લાખ દ્રમ્મ યાચક જનોને આપ્યા. પહેલા જીર્ણોદ્ધાર કરી પછીજ નવું જિનમંદિર કરાવવું ઉ-

ચિત્ત છે. માટેજ સંપ્રતિ રાજાએ પણ પહેલા નેવ્યાશી હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા, અને નવાં જિનમંદિર તો છત્રીશ હજાર કરાવ્યાં. આ રીતે કુમારપાળ, વસ્તુપાળ, વગેરે ધર્મિષ્ઠ લોકોએ પણ નવાં જિનમંદિર કરતાં જીર્ણોદ્ધારજ ઘણા કરાવ્યા. તેની સંખ્યા વગેરે પણ, પૂર્વે કહી ગયા છીએ.

જિનમંદિર તૈયાર થયા પછી વિલંબ ન કરતાં પ્રતિમા સ્થાપન કરવી. શ્રીહરિભદ્ર સૂરિજીએ કહ્યું છે કે, બુદ્ધિશાળી પુરૂષે જિનમંદિરમાં જિનબિંબની શીઘ્ર પ્રતિષ્ઠા કરાવવી. કેમકે, એમ કરવાથી અધિષ્ઠાયક દેવતા તુરત ત્યાં આવી વસે છે, અને તે મંદિરની આગળ જતાં વૃદ્ધિજ થતી જાય છે. મંદિરમાં તાંબાની કૂંડીઓ, કળશ, ઓરસીઓ, દીવા વગેરે સર્વે પ્રકારની સામગ્રી પણ આપવી. તથા શક્તિ પ્રમાણે મંદિરનો ભંડાર કરી તેમાં રોકડ નાણું તથા વાડી, બગીચા વગેરે આપવા. રાજા વગેરે જો મંદિર કરાવનાર હોય તો, તેણે ભંડારમાં ઘણું નાણું તથા ગામ, ગોકુળ વગેરે આપવું જોઇએ. જેમ કે, માલવ દેશના જાકુડી પ્રધાને પૂર્વે ગિરનાર ઉપર કાષ્ઠમય ચૈત્યને સ્થાનકે પાષાણમય જિનમંદિર બંધાવવું શરૂ કરાવ્યું, અને માઠા કર્મથી તે સ્વર્ગે ગયો. પછી એકસો પાંત્રીશ વર્ષ પ્રસાર થયાં છતા સિદ્ધરાજ જયસિંહના દંડાધિપતિ સજ્જને ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર દેશની ઉપજ સત્તાવીસ લાખ દ્રમ્મ આવી હતી, તે ખરચી જિનપ્રાસાદ પૂરૂં કરાવ્યું. સિદ્ધરાજ જયસિંહે ત્રણ વર્ષનું પેદા કરેલું દ્રવ્ય સજ્જન પાસે માગ્યું, ત્યારે તેણે કહ્યું કે, "મહારાજ ! ગિરનાર પર્વત ઉપર તે દ્રવ્યનો સંગ્રહ કરી રાખ્યો છે." પછી સિદ્ધરાજ ત્યાં આવ્યો, અને નવું સુંદર જિનમંદિર જોઇ હર્ષ પામી બોલ્યો કે, "આ મંદિર કોણે બનાવ્યું?" સજ્જને કહ્યું. "મહારાજ સાહેબે કરાવ્યું." આ વચન સાંભળી સિદ્ધરાજ બહુજ અજબ થયો. પછી સજ્જને જેમ બની તેમ સર્વ વાત કહીને અરજ કરી કે, "આ સર્વે મહારાજનો આપ સાહેબનું દ્રવ્ય આપે છે, તે લ્યો; અથવા જિનમંદિર કરાવ્યાનું પુણ્યજ લ્યો. આપની મરજી હોય તે મુજબ કરો." પછી વિવેકી સિદ્ધરાજે પુણ્યજ ગ્રહણ કર્યું, અને તે નેમિનાથજીના મંદિરને ખાતે પૂજાને સારૂ બાર ગામ આપ્યાં. તેમજ જીવંતસ્વામિની પ્રતિમાનું મંદિર પ્રભાવતી રા-

ણીએ કરાવ્યું, અને પછી અનુક્રમે ચંડપ્રદ્યોત રાજાએ તે પ્રતિમાની પૂજાને સારૂ બાર હજાર ગામ આપ્યાં. તે વાત નીચે પ્રમાણે છે.

ચંપા નગરીમાં સ્ત્રીલંપટ એવો એક કુમારનંદી નામનો સોની રહેતો હતો. તે પાંચસે પાંચસે સોનૈયા આપીને સુંદર કન્યા પરણે. આ રીતે પરણેલી પાંચસે સ્ત્રીઓની સાથે ઇર્ષ્યાવાળો તે કુમારનંદી એક થંભવાળા પ્રાસાદમાં ક્રીડા કરતો હતો. એક વખતે પંચશૈલ દ્વીપની રહીશ હાસા તથા પ્રહાસા નામની બે વ્યંતરીઓએ પોતાનો પતિ વિદ્યુન્માળી ચવ્યો, ત્યારે ત્યાં આવી પોતાનું રૂપ દેખાડીને કુમારનંદીને વ્યામોહ પમાડયો. કુમારનંદી ભોગની પ્રાર્થના કરવા લાગ્યો, ત્યારે "પંચશૈલ દ્વીપમાં આવ" એમ કહી તે બન્ને જણીઓ નાશી ગઇ. પછી કુમારનંદીએ રાજાને સુવર્ણ આપી પડહ વજડાવ્યો કે, "જે પુરૂષ મને પંચશૈલ દ્વીપે લઇ જાય, તેને હું ક્રોડ દ્રવ્ય આપું" પછી એક વૃદ્ધ ખલાસી હતો, તે કોટિ દ્રવ્ય લઇ તે પોતાના પુત્રોને આપી કુમારનંદીને વહાણમાં બેસારી સમુદ્રમાં બહુ દૂર ગયો, અને પછી કહેવા લાગ્યો કે, "આ વડવૃક્ષ દેખાય છે, તે સમુદ્રને કિનારે આવેલી હુંગરની તલાટીએ થઇને છે. એની નીચે આપણું વહાણ જાય, ત્યારે તું વડની શાખાને વળગી રહેજે; ત્રણ પગવાળા ભારંડપક્ષી પંચશૈલ દ્વીપથી આ વડ ઉપર આવીને સૂઇ રહે છે. તેમના વચલે પગે તું પોતાના શરીરને વસ્ત્ર વડે મજબૂત બાંધી રાખજે. પ્રભાત થતાં ઉડી જતાં ભારંડપક્ષીની સાથે તું પણ પંચશૈલ દ્વીપે પહોંચી જઇશ આ વહાણ તો હવે ખડોટા ભમરમાં સપડાઈ જશે." પછી નિર્યામકના કહેવા પ્રમાણે કરી કુમારનંદી પંચશૈલ દ્વીપે ગયો. ત્યારે હાસા પ્રહાસાએ તેને કહ્યું કે, "તહારાથી આ શરીર વડે અમારી સાથે ભોગ કરાય નહીં. માટે અગ્નિપ્રવેશ વગેરે કર." એમ કહી તે સ્ત્રીઓએ કુમારનંદીને હાથના તળે બેસારી ચંપા નગરીના ઉદ્યાનમાં મૂકયો. પછી તેના મિત્ર નાગિલ શ્રાવક ઘણો વાર્યો, તો પણ તે નિયાણું કરી અગ્નિમાં પડયો, અને મરણ પામી પંચશૈલ દ્વીપનો અધિપતિ વ્યંતર દેવતા થયો. નાગિલને તેથી વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને તે દીક્ષા લઇ કાળ કરી બારમા અચ્યુત દેવલોકે દેવતા થયો.

એક વખતે નંદીશ્વર દ્વીપે જનારા દેવતાઓની આજ્ઞાથી હાસા પ્રહાસા એ કુમારનંદીના જીવ વ્યંતરને કહ્યું કે, "તું પડહ ગ્રહણ કર." તે અહંકારથી હુંકાર કરવા લાગ્યો; એટલામાં પડહ તેને ગળે આવીને વળગ્યો. કોઇ પણ ઉપાયે તે (પડહ) છૂટો પડે નહિ. તે વખતે અવધિજ્ઞાનથી જાણીને નાગિલ દેવતા ત્યાં આવ્યો. જેમ ઘૂવડ સૂર્યના તેજથી, તેમ તે દેવતાના તેજથી કુમારનંદી વ્યંતર નાસવા લાગ્યો. ત્યારે નાગિલ દેવતાએ પોતાનું તેજ સંહરીને કહ્યું કે, "તું મને ઓળખે છે?" વ્યંતરે કહ્યું "ઇંદ્ર આદિ દેવતાઓને કોણ ઓળખે નહીં?" પછી નાગિલ દેવતાએ પૂર્વભવના શ્રાવકના રૂપે પૂર્વભવ કહી વ્યંતરને પ્રતિબોધ પમાડ્યો. ત્યારે વ્યંતરે કહ્યું. "હવે મારે કરવું શું?" દેવતાએ કહ્યું. "હવે તું ગૃહસ્થપણામાં કાયોત્સર્ગ કરી રહેલા ભાવયતિ શ્રીમહાવીર સ્વામીની પ્રતિમા કરાવ. એમ કરવાથી તને આવતે ભવે બોધિલાભ થશે." દેવતાનું આ વચન સાંભળી વ્યંતરે શ્રીમહાવીરસ્વામીની પ્રતિમા જોઇ, નમસ્કાર કરી મહા હિમવંત પર્વતથી લાવેલા ગોશીર્ષ ચંદનવડે તેવીજ બીજી પ્રતિમા તૈયાર કરી. પછી પ્રતિમા કરી સર્વાંગે આભૂષણ પહેરાવી તેની પુષ્પાદિક વસ્તુવડે પૂજા કરી, અને જાતિવંત ચંદનના ડાભડામાં રાખી.

પછી એક વખતે વ્યંતરે સમુદ્રમાં એક વહાણના છ મહિનાના ઉપદ્રવ તે પ્રતિમાના પ્રભાવથી દૂર કર્યા; અને તે વહાણના ખલાસીને કહ્યું કે, "તું આ પ્રતિમાનો ડાભડો સિંધુસૌવીર દેશમાંના વીતભય પાટણે લઈ જા, અને ત્યાંના ચૈટામાં "દેવાધિદેવની પ્રતિમા લ્યો." એવા ઉલ્લાપણા કર." ખલાસીએ તે પ્રમાણે કર્યું, ત્યારે તાપસનો ભક્ત ઉદાયન રાજા તથા બીજા પણ ઘણા દર્શનીઓ પોત પોતાના દેવનું સ્મરણ કરી તે ડાભડા ઉપર કુહાડાવડે પ્રહાર કરવા લાગ્યા. તેથી કુહાડા ભાગી ગયા તો પણ ડાભડો ઉઘડ્યો નહિ. સર્વે લોકો ઉદ્વિગ્ન થયા. બપોરનો અવસર પણ થઇ ગયો. એટલામાં પ્રભાવતી રાણીએ રાજાને ભોજન કરવા બોલાવવા માટે એક દાસી મોકલી. તેજ દાસીને હાથે સંદેશો મોકલી રાજાએ પ્રભાવતીને કૌતુક જોવાને સારૂ તેડાવી. પ્રભાવતી રાણીએ આવતાંજ કહ્યું કે, "આ ડાભડામાં દેવાધિદેવ શ્રી અરિહંત છે, પણ બીજા કોઇ નથી.

હમણાં કૌતુક જુવો " એમ કહી રાણીએ યક્ષ કર્દમવડે ડાબડા ઉપર અભિષેક કર્યો, અને પુષ્પની એક અંજલી મૂકીને કહ્યું કે, " દેવાધિદેવ મને દર્શન આપો. " એમ કહેતાંજ પ્રભાત સમયમાં જેમ કમળકલિકા પોતાની મેળે ખીલે છે તેમ ડાબડો પોતાની મેળે ઉઘડી ગયો! નહિ સુકાઇ ગએલાં ફૂલની માળાવાળી પ્રતિમા અંદરથી બ્હાર દેખાઇ, અને જૈનધર્મની ઘણી ઉન્નતિ થઇ. પછી પ્રભાવતી રાણી તે પ્રતિમાને પોતાના અંતઃપુરે લઇ ગઇ, અને પોતે નવા બંધાવેલા ચૈત્યમાં સ્થાપન કરી દરરોજ ત્રણ ટંક પૂજા કરવા લાગી.

એક વખતે રાણીના આગ્રહથી રાજા વીણા વગાડતો હતો, અને રાણી ભગવાન્ આગળ નૃત્ય કરતી હતી. એટલામાં રાજાને રાણીનું શરીર માથા વિનાનું જોવામાં આવ્યું. તેથી રાજા ગભરાઇ ગયો, અને વીણા વગાડવાની કંબિકા તેના હાથમાંથી નીચે પડી ગઇ. નૃત્યમાં રસભંગ થવાથી રાણી કોપાયમાન થઇ, ત્યારે રાજાએ યથાર્થ જે હતું તે કહ્યું. એક વખતે દાસીએ લાવેલું વસ્ત્ર સફેદ છતાં પ્રભાવતીએ રાતા રંગનું જોયું, અને ક્રોધથી દર્પણવડે દાસીને પ્રહાર કર્યો, તેથી તે (દાસી) મરણને શરણ થઇ. પછી તે વસ્ત્ર પ્રભાવતીએ જોયું તો સફેદજ દેખાયું, તે દુર્નિમિત્તથી તથા નૃત્ય કરતાં રાજાને માથા વિનાનું શરીર દેખાયું, તેથી પોતાનું આયુષ્ય થોડું રહ્યું એવો રાણીએ નિશ્ચય કર્યો, અને સ્ત્રીહત્યાથી પહેલા પ્રાણાતિપાત વિરમણ વ્રતનો ભંગ થયો, તેથી વૈરાગ્ય પામી દીક્ષા લેવાની રજા લેવા સારૂ રાજા સમીપ ગઇ. રાજાએ " દેવતાના ભવમાં તું મને સમ્યક્ પ્રકારે ધર્મને વિષે પ્રવર્તાવજે " એમ કહી આજ્ઞા આપી. પછી પ્રભાવતીએ તે પ્રતિમાની પૂજાને સારૂ દેવદત્તા નામની કુબ્જાને રાખીને પોતે ઘણા ઉત્સવ સહિત દીક્ષા લીધી, અને તે અનશનવડે કાળ કરી સૌધર્મ દેવલોકે દેવતા થઇ. પછી પ્રભાવતીના જીવ દેવતાએ ઘણો બોધ કર્યો, તો પણ ઉદાયન રાજા તાપસની ભક્તિ ન મૂકે. દૃષ્ટિરાગ તોડવો એ કેટલો મુશ્કેલ છે! હશે, પછી દેવતાએ તાપસના રૂપે રાજાને દિવ્ય અમૃત ફળ આપ્યું. તેનો રસ ચાખતાંજ લુબ્ધ થએલા રાજાને તાપસરૂપી દેવતા પોતે વિકૂર્વેલા આશ્રમમાં લઈ ગયો. ત્યાં વેષધારી તાપ-

સોએ ઘણી તાડના કરવાથી તે (રાજા) નાઠો, તે જૈનસાધુઓના ઉપાશ્રયે આવ્યો. સાધુઓએ અભયદાન આપ્યું, તેથી રાજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. પછી દેવતા પોતાની ઋદ્ધિ દેખાડી, રાજાને જૈનધર્મને વિષે દૃઢ કરી "આપદા આવે મને યાદ કરજે" એમ કહી અદૃશ્ય થયો.

હવે ગાંધાર નામનો કોઇ શ્રાવક સર્વ કૈકાણે ચૈત્યવંદન કરવા નીકળ્યો હતો. ઘણા ઉપવાસ કરવાથી તુષ્ટ થએલી દેવીએ તેને વૈતાઢ્ય પર્વતે સર્વ જગ્યાની પ્રતિમાઓને વંદાવ્યો, અને પોતાની ઇચ્છા પાર પડે તેવી એકસો આઠ ગોળીઓ આપી. તેણે તેમાંની એક ગોળી મોંમાં નાંખીને ચિંતવ્યું કે, "હું વીતભય પાટણ જઉં છું." ગુટિકાના પ્રભાવથી તે ત્યાં આવ્યો. કુબ્જા દાસીએ તેને તે પ્રતિમાને વંદાવ્યો. પછી તે ગાંધાર શ્રાવક ત્યાં માંદો પડ્યો કુબ્જા દાસીએ તેની સારસાર કરી. પોતાનું આયુષ્ય થોડું રહ્યું એમ જાણી તે શ્રાવકે બાકીની સર્વે ગુટિકાઓ કુબ્જા દાસીને આપી દીક્ષા લીધી. કુબ્જા દાસી એક ગુટિકા ભક્ષણ કરવાથી ઘણી સુંદર થઇ. તેથીજ તેનું સુવર્ણગુલિકા એવું નામ પ્રસિદ્ધ થયું. બીજી ગોળી ભક્ષણ કરીને તે દાસીએ ચિંતવ્યું કે, "ચૌદ મુકુટધારી રાજાઓએ સેવિત એવો ચંડપ્રદ્યોત રાજા મ્હારો પતિ થાઓ, એટલે ઉદાયન રાજા પિતા સમાન થશે, અને બીજા રાજાઓ તો ઉદાયનના સેવક છે"

પછી દેવતાના વચનથી ચંડપ્રદ્યોત રાજાએ સુવર્ણગુલિકાને ત્યાં દૂત મોકલ્યો, પણ સુવર્ણગુલિકાએ ચંડપ્રદ્યોતને બોલાવ્યાથી તે અનિલવેગ હાથી ઉપર બેસી સુવર્ણગુલિકાને તેડવા માટે ત્યાં આવ્યો. સુવર્ણગુલિકાએ કહ્યું કે, "આ પ્રતિમા લીધા વિના હું ત્યાં ન આવું. માટે આ પ્રતિમા સરખી બીજી પ્રતિમા કરાવીને અહિં સ્થાપન કર, એટલે આ પ્રતિમા સાથે લઇ જવાશે. પછી ચંડપ્રદ્યોતે ઉજ્જયિનીએ જઇ બીજી પ્રતિમા કરાવી, અને દર્પિક નામા કેવળીને હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. તે પ્રતિમા સહિત પાછો વીતભય પાટણ આવ્યો. નવી પ્રતિમા ત્યાં સ્થાપન કરી જૂની પ્રતિમાને તથા સુવર્ણગુલિકા દાસીને લઇ ચંડપ્રદ્યોત કોઇ ન જાણે તેવી રીતે રાત્રિએ પાછા ઘેર આવ્યો. પછી સુવર્ણગુલિકા અને ચંડપ્રદ્યોત બન્ને વિષયાસક્ત થયાં, તેથી તેમણે વિદિશાપુરીના રહીશ ભાય-

લસ્વામી શ્રાવકને તે પ્રતિમા પૂજા કરવાને સારૂ આપી.

એક વખતે કંબલ શંબલ નાગકુમાર તે પ્રતિમાની પૂજા કરવા આવ્યા. પાતાળમાંની જિનપ્રતિમાઓને વાંદવાની ઇચ્છા કરનાર ભાયલને તે નાગકુમારો દ્રહને માર્ગે પાતાળે લઇ ગયા, તે વખતે ભાયલ પ્રતિમાની પૂજા કરતો હતો, પણ જવાની ઉતાવળથી અર્ધીજ પૂજા થઇ. પાતાળમાં જિનભક્તિથી પ્રસન્ન થએલ ભાયલે કહ્યું કે, "જેમ મ્હારા નામની પ્રસિદ્ધિ થાય તેમ કરો." નાગેંદ્રે કહ્યું. 'તેમજ થશે.' ચંડપ્રદ્યોત રાજા વિદિશાપુરીનું તમ્હારા નામને અનુસરી દેવકીયપુર એવું નામ રાખશે. પણ તું અર્ધી પૂજા કરી અહિં આવ્યો તેથી આવતા કાળમાં તે પ્રતિમા પોતાનું સ્વરૂપ ગુપ્તજ રાખશે, અને મિથ્યાદૃષ્ટિઓ તેની પૂજા કરશે. "આ આદિત્ય ભાયલસ્વામી છે." એમ કહી અન્યદર્શનીઓ તે પ્રતિમાની બહાર સ્થાપના કરશે. વિષાદ ન કરીશ, દુષમકાળના પ્રભાવથી એમ થશે." ભાયલ, નાગેંદ્રનું આ વચન સાંભળી જેવો આવ્યો હતો તેવો પાછો ગયો.

હવે વીતભય પાટણમાં પ્રાતઃકાળે પ્રતિમાની માળા સૂકાઇ ગએલી, દાસી જતી રહેલી અને હાથીના મદનો સ્રાવ થએલો જોઇ લોકોએ નિર્ણય કર્યો, કે, ચંડપ્રદ્યોત રાજા આવ્યો હશે. અને તેણે તે પ્રમાણે કર્યું હશે. પછી સોળ દેશના અને ત્રણસો ત્રેસઠ પુરના સ્વામી ઉદાયન રાજાએ મહાસેનાદિક દસ મુકુટધારી રાજાઓને સાથે લઇ ચઢાઇ કરી. માર્ગમાં ઉન્હાળાની ઋતુને લીધે પાણીની અડચણના લીધે રાજાએ પ્રભાવતીના જીવ જે દેવતા, તેનું સ્મરણ કર્યું તેણે તુરત આવી પાણીથી પરિપૂર્ણ એવાં ત્રણ તળાવો ભરી નાંખ્યાં. અનુક્રમે યુદ્ધ કરવાનો અવસર આવ્યો, ત્યારે રથમાં બેસીને યુદ્ધ લડવાનો ઠરાવ છતાં ચંડપ્રદ્યોત રાજા અનિલવેગ હાથી ઉપર બેસીને આવ્યો. તેથી પ્રતિજ્ઞા ભંગ કરવાનો દોષ ચંડપ્રદ્યોતને માથે પડ્યો. પછી હાથીના પગ શસ્ત્રવડે વિંધાવાથી તે પડ્યો, ત્યારે ઉદાયને ચંડપ્રદ્યોતને બાંધી તેના કપાળે **મ્હારી દાસીનો પતિ** એવી છાપ દેવાડી. પછી ઉદાયન રાજા ચંડપ્રદ્યોતને સાથે લઇ પ્રતિમા લેવાને સારૂ વિદિશા નગરીએ ગયો. પ્રતિમાનો ઉદ્ધાર કરવાને ઘણો પ્રયત્ન કર્યો. તથાપિ તે કિંચિત્ માત્ર પણ સ્થાનફર-

થી ખશી નહિ. પછી પ્રતિમાએ કહ્યું કે, "હું જઇશ તો વીતભય પાટણમાં ધૂળની વૃષ્ટિ થશે, માટે હું આવતી નથી." તે સાંભળી ઉદાયન રાજા પાછો વળ્યો. રસ્તામાં ચોમાસું આવ્યું, ત્યારે એક ઠેકાણે પડાવ કરી સેનાની સાથે રહ્યો. સંવત્સરી પર્વને દિવસે ઉદાયન રાજાએ ઉપવાસ કર્યો. રસોઇયાએ ચંડપ્રદ્યોતને પૂછ્યું કે,—'આજે રસોઇ શી કરવાની?' ચંડપ્રદ્યોતના મનમાં 'એ મને કદાચ અન્નમાં વિષ આપશે' એવો ભય ઉત્પન્ન થયો, તેથી તેણે કહ્યું કે, "તેં ઠીક યાદ કરાવી મ્હારે પણ ઉપવાસ છે. મ્હારા માતા પિતા શ્રાવક હતા." તે જાણી ઉદાયને કહ્યું કે, "એનું શ્રાવકપણું જાણ્યું! તથાપિ તે જો એમ કહે છે, તો તે નામ માત્રથી પણ મ્હારો સાધર્મી થયો, માટે તે બંધનમાં હોય ત્યાં સુધી મ્હારૂં સંવત્સરી પ્રતિક્રમણ કેવી રીતે શુદ્ધ થાય?" એમ કહી ઉદાયને ચંડપ્રદ્યોતને બંધનમાંથી મુક્ત કર્યો, ખમાવ્યો, અને કપાળે લેખવાળો પટ્ટ બાંધી તેને અવંતી દેશ આપ્યો. ઉદાયન રાજાના ધર્મિષ્ટપણાની તથા સંતોષ વગેરેની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. ચોમાસું પુરૂં થયા પછી ઉદાયન રાજા વીતભય પાટણે ગયો. સેનાને સ્થાનકે આવેલા વધુિક લોકોના રહેઠાણથી દશપુર નામે એક નવું નગર વસ્યું. તે નગર ઉદાયન રાજાએ જીવંતસ્વામીની પૂજાને માટે અર્પણ કર્યું. તેમજ વિદિશા પુરીને ભાયલસ્વામીનું નામ દઈ તે તથા બીજાં બાર હજાર ગામ જીવંતસ્વામીની સેવામાં આપ્યાં.

હવે ઉદાયન રાજા, પ્રભાવતીનો જીવ જે દેવતા, તેના વચનથી કપિલ કેવળીએ પ્રતિષ્ઠા કરેલી પ્રતિમાનું નિત્ય પૂજન કરતો હતો. એક વખતે પખ્ખી પૌષધ હોવાથી તેણે રાત્રિજાગરણ કર્યું, ત્યારે તેને એકદમ ચારિત્ર લેવાના દૃઢ પરિણામ ઉત્પન્ન થયા. પછી પ્રાતઃકાળે તેણે કપિલ કેવળીએ પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજાને સારૂ ઘણાં ગામ, આકર, પુર વગેરે આપ્યાં. "રાજ્ય અંતે નરક આપનારૂં છે, માટે તે પ્રભાવતીના પુત્ર અભીચિને શી રીતે આપું?" મનમાં એવો વિચાર આવ્યાથી રાજાએ કેશિ નામના પોતાના ભાણેજને રાજ્ય આપ્યું, અને પોતે શ્રીવીર ભગવાન પાસે ચારિત્ર લીધું. તે વખતે કેશિ રાજાએ દીક્ષા ઉત્સવ કર્યો.

એક વખતે અકાળે અપથ્ય આહારના સેવનથી ઉદાયન રાજર્ષિના શરીરે મહા વ્યાધી ઉત્પન્ન થયો. "શરીર એ ધર્મનું મુખ્ય સાધન છે" એમ વિચારી વૈદ્યે ભક્ષણ કરવા કહેલા દહીંનો જોગ થાય, તે માટે ગોવાળોના ગામોમાં મુકામ કરતા તે વીતભય પાટણે ગયા. કેશીરાજા ઉદાયન મુનિનો રાગી હતો, તો પણ તેના પ્રધાન વર્ગે તેને સમજાવ્યો કે, "ઉદાયન રાજ્ય લેવા માટે અહિં આવ્યો છે." પ્રધાનોની વાત ખરી માનીને કેશી રાજાએ ઉદાયન મુનિને વિષમિશ્ર દહીં અપાવ્યું. પ્રભાવતી દેવતાએ વિષ અપહરી ફરીથી દહીં લેવાની મના કરી. દહીંનો બંધ થવાથી પાછો મહા વ્યાધિ વધ્યો. દહીંનું સેવન કરતાં ત્રણ વાર દેવતાએ વિષ અપહર્યું. એક વખતે પ્રભાવતી દેવતા પ્રમાદમાં હતો; ત્યારે વિષમિશ્ર દહીં ઉદાયન મુનિના આહારમાં આવી ગયું. પછી એક માસનું અનશન કરી કેવળજ્ઞાન થએ ઉદાયન રાજર્ષિ સિદ્ધ થયા. પછી પ્રભાવતી દેવતાએ રોષથી વીતભય પાટણ ઉપર ધૂળની વૃષ્ટિ કરી, અને ઉદાયન રાજાનો શય્યાતર એક કુંભાર હતો, તેને સિનપલ્લીમાં લઇ જઈ તે પલ્લીનું નામ **કુંભારકૃત પલ્લી** એવું રાખ્યું.

ઉદાયન રાજાનો પુત્ર અભીચિ, પિતાએ યોગ્યતા છતાં રાજ્ય આપ્યું નહિ તેથી દુઃખી થયો, અને તેની માશીના પુત્ર કોણિક રાજાની પાસે જઇ સુખે રહ્યો. ત્યાં સમ્યક્ પ્રકારે શ્રાવક ધર્મની આરાધના કરતો હતો, તો પણ "પિતાએ રાજ્ય ન આપી મહારૂં અપમાન કર્યું" એમ વિચારી પિતાની સાથે બાંધેલા વૈરની આલોચના કરી નહિ, તેથી પંદર દિવસ અનશનવડે મરણ પામી એક પલ્યોપમ આયુષ્યવાળો શ્રેષ્ઠ ભવનપતિ દેવતા થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. પ્રભાવતી દેવતાએ ધૂળની વૃષ્ટિ કરી, ત્યારે ભૂમિમાં દટાઇ ગએલી કપિલ કેવળિ પ્રતિષ્ઠિત પ્રતિમા કુમારપાળ રાજાએ ગુરૂના વચનથી જાણી. પછી તેણે પ્રતિમા જ્યાં દટાઇ હતી તે જગ્યા ખોદાવી, ત્યારે અંદરથી પ્રતિમા જાહેર થઇ, અને ઉદાયને આપેલો તામ્રપટ્ટ પણ નીકળ્યો. યથાવિધિ પૂજા કરી કુમારપાળ તે પ્રતિમાને ઘણા ઉત્સવથી અણહિલ્લપુર પાટણે લઇ આવ્યો. નવા કરાવેલા સ્ફટિકમય જિનમંદિરમાં તે પ્રતિમાની તેણે સ્થાપના કરી, અને

ઉદાયન રાજાએ તામ્રપટ્ટમાં જેટલાં ગામ, પુર વગેરે આપ્યાં હતાં, તે સર્વ કબૂલ રાખી ઘણા વર્ષ સુધી તે પ્રતિમાની પૂજા કરી. તેથી તેની સર્વ પ્રકારે વૃદ્ધિ થઇ. આ રીતે દેવાધિદેવની પ્રતિમાનો તથા ઉદાયન રાજા વગેરેનો સંબંધ કહ્યો છે.

આવી રીતે દેવને ગ્રાસ આપવાથી નિરંતર ઉત્તમ પૂજા વગેરે, તથા જિનમંદિરથી જોઇએ તેવી સાર સંભાળ, રક્ષણ આદિ પણ સારી યુક્તિથી થાય છે. કેમકે—જે પુરૂષ પોતાની યથાશક્તિ પ્રમાણે ઐશ્વર્યવાળું જિનમંદિર કરાવે, તે પુરૂષ દેવલોકમાં દેવતાઓએ વખણાયો છતો ઘણા કાળ સુધી પરમ સુખ પામે છે. એમ પાંચમું દ્વાર સમાપ્ત થયું.

૬ તેમજ રત્ન ની, સુવર્ણ ની, ધાતુની, ચંદનાદિક કાષ્ઠની, હસ્તિદંતની, શિલાની અથવા માટી વગેરેની જિનપ્રતિમા યથાશક્તિ કરાવવી. તેનું પરિમાણ જઘન્ય અંગુઠા પ્રમાણ જેટલું અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્ય જાણવું. કહ્યું છે કે—જે લોકો સારી મૃત્તિકાનું, નિર્મળ શિલાનું, હસ્તિદંતનું, રૂપાનું, સુવર્ણનું, રત્નનું, માણેકનું અથવા ચંદનનું સુંદર જિનબિંબ શક્તિ માફક આલોકમાં કરાવે છે, તે લોકો મનુષ્યલોકમાં તથા દેવલોકમાં પરમ સુખ પામે છે. જિનબિંબ કરાવનાર લોકોને દારિદ્ર, દુર્ભાગ્ય, નિંદ્ય જાતિ, નિંદ્ય શરીર, માઠી ગતિ, દુર્બુદ્ધિ, અપમાન, રોગ અને શોક એટલાં વાનાં ભોગવવાં પડતાં નથી. શાસ્ત્રશાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે તૈયાર કરેલી, શુભ લક્ષણવાળી પ્રતિમાઓ આલોકમાં પણ ઉદય વગેરે ગુણ પ્રકટ કરે છે. કહ્યું છે કે—અન્યાયથી ઉપાર્જન કરેલા ધનથી કરાવેલી, પારકી વસ્તુના દ્રવ્યથી કરાવેલી તથા ઓછા અથવા અધિક અંગવાળી પ્રતિમા પોતાની તથા પરની ઉન્નતિનો વિનાશ કરે છે.

જે મૂળનાયકજીનાં મુખ, નાક, નયન, નાભિ અથવા કેડ એટલામાંથી કોઇ પણ અવયવનો ભંગ થયો હોય, તે મૂળનાયકજીનો ત્યાગ કરવો. પણ જેનાં આભૂષણ, વસ્ત્ર, પરિવાર, લંછન અથવા આયુધ એમનો ભંગ હોય, તે પ્રતિમા પૂજવાને કાંઇ પણ હરકત નથી. જે જિનબિંબ સો વર્ષ કરતાં વધારે જૂનું હોય તથા ઉત્તમ પુરૂષે પ્રતિષ્ઠા કરેલું હોય, તે બિંબ કદાચ અંગહીણ થાય, તો પણ તેની પૂજા કરવી. કારણ કે, તે બિંબ

લક્ષણહીણ થતું નથી. પ્રતિમાના પરિવારમાં અનેક જાતની શિળાઓનું મિશ્રણ હોય તે શુભ નહિ. તેમજ બે, ચાર, છ આદિ સરખા આંગળવાળી પ્રતિમા કોઈ કાળે પણ શુભકારી ન થાય. એક આંગળથી માંડી અગીઆર આંગળ પ્રમાણની પ્રતિમા ઘરમાં પૂજવા યોગ્ય છે. અગીઆર આંગળ કરતાં વધારે પ્રમાણની પ્રતિમા જિનમંદિરે પૂજવી, એમ પૂર્વાચાર્યો કહી ગયા છે. નિરયાવળિ સૂત્રમાં કહ્યું છે કે—લેપની, પાષાણની, કાષ્ઠની, દંતની તથા લોઢાની અને પરિવાર વિનાની અથવા પ્રમાણ વિનાની પ્રતિમા ઘરમાં પૂજવા યોગ્ય નથી. ઘરદેરાસરમાંની પ્રતિમા આગળ બલિનો વિસ્તાર (નૈવેદ્ય વધું મુકવું.) ન કરવો, પણ દરરોજ ભાવથી ન્હવણ અને ત્રણ ટંક પૂજા તો જરૂર કરવી.

સર્વે પ્રતિમાઓ મુખ્યમાર્ગે તો પરિવાર સહિત અને તિલકાદિ આભૂષણ સહિત કરવી. મૂળનાયકજીની પ્રતિમા તો પરિવાર અને આભૂષણ સહિત હોવી જોઇએ, તેમ કરવાથી વિશેષ શોભા દેખાય છે, અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ વગેરે થાય છે. કહ્યું છે કે—જિન પ્રાસાદમાં વિરાજતી પ્રતિમા સર્વ લક્ષણ સહિત તથા આભૂષણ સહિત હોય તો, ભક્તને જેમ જેમ આહ્લાદ ઉપજાવે છે, તેમ તેમ કર્મનિર્જરા થાય છે. જિનમંદિર, જિનબિંબ વગેરેની પ્રતિષ્ઠા કરાવવામાં બહુ પુણ્ય છે. કારણ કે, તે મંદિર અથવા પ્રતિમા વગેરે જ્યાં સુધી રહે, તેટલો અસંખ્યાત કાળ સુધી તેનું પુણ્ય ભોગવાય છે. જેમ કે, ભરતચક્રિએ ભરાવેલી અષ્ટાપદજી ઉપરના દેરાસરની પ્રતિમા, ગિરનાર ઉપર ઇન્દ્રે કરેલ કાંચન બલાનકાદિ દેરાસરની પ્રતિમા, ભરતચક્રવર્તીની મુદ્રિકામાંની કુલ્યપાક તીર્થે વિરાજતી માણિક્ય સ્વામીની પ્રતિમા તથા સ્તંભનપાર્શ્વનાથ વગેરેની પ્રતિમાઓ હજી સુધી પૂજાય છે. કહ્યું છે કે—જળ, ઠંડુ અન્ન, ભોજન, માસિક આજીવિકા, વસ્ત્ર, વર્ષની આજીવિકા, જાવજ્જીવની આજીવિકા. એ વસ્તુઓના દાનથી અનુક્રમે ક્ષણવાર, એક પહોર, એક દિવસ, એક માસ, છ માસ, એક વર્ષ અને જાવજ્જીવ સુધી ભોગવાય એટલું પુણ્ય થાય છે; પરંતુ જિનમંદિર, જિનપ્રતિમા વગેરે કરાવવાથી તો તેનાં દર્શન વગેરેથી થએલું પુણ્ય અસંખ્યાત કાળ સુધી ભોગવાય છે. માટેજ આ ચોવીશીમાં પૂર્વ-

કાળે ભરતચક્રવર્તિએ શત્રુંજય પર્વત ઉપર રત્નમય ચતુર્મુખથી વિરાજમાન ચોરાશી મંડપોથી શોભતું, એક ગાઉ ઉંચું ત્રણ ગાઉ લાંબું એવું જિનમંદિર પાંચ ક્રોડ મુનિ સહિત શ્રજ્યાં શ્રીપુંડરીકસ્વામી જ્ઞાન અને નિર્વાણ પામ્યા હતા, ત્યાં કરાવ્યું.

તેમજ બાહુબળિની તથા મરૂદેવી વગેરેની ટૂંકોને વિષે, ગિરનાર ઉપર, આબૂ ઉપર, વૈભાર પર્વતે, સમ્મેત શિખરે તથા અષ્ટાપદ વગેરેને વિષે પણ ભરતચક્રવર્તીએ ઘણા જિન પ્રાસાદ, અને પાંચસો ધનુષ્ય વગેરે પ્રમાણની તથા સુવર્ણ વગેરેની પ્રતિમાઓ પણ કરાવી. દંડવીર્ય, સગર ચક્રવર્તી આદિ રાજાઓએ તે મંદિરોના તથા પ્રતિમાઓના ઉદ્ધાર પણ કરાવ્યા. હરિષેણ ચક્રવર્તીએ જિનમંદિરથી પૃથ્વીને સુશોભિત કરી સંપ્રતિ રાજાએ પણ સો વર્ષ આયુષ્યના સર્વે દિવસની શુદ્ધિના સારૂ છત્રીશ હજાર નવાં તથા બાકીનાં જીર્ણોદ્ધાર મળી સવા લાખ જિનદેરાસર બનાવ્યાં. સુવર્ણ વગેરેની સવાક્રોડ પ્રતિમાઓ ભરાવી. આમરાજાએ ગોવર્દ્ધન પર્વત ઉપર સાડા ત્રણક્રોડ સોના મ્હોર ખરચી સાત હાથ પ્રમાણ સુવર્ણની પ્રતિમા યુક્ત મહાવીર સ્વામીનું દેરાસર કરાવ્યું. તેમાં મૂળ મંડપમાં સવા લાખ સુવર્ણ તથા રંગમંડપમાં એકવીસ લાખ સુવર્ણ લાગ્યું કુમારપાળે તો ચૌદસો ચુંવાલીશ નવાં જિનમંદિર તથા સોળસો જીર્ણોદ્ધાર કરાવ્યા. છનું ક્રોડ દ્રવ્ય ખરચીને પિતાના નામથી બનાવેલા ત્રિભુવનવિહારમાં એકસો પચીશ આંગળ ઉંચી મૂળ નાયકજીની પ્રતિમા અરિષ્ટરત્ન મયી હતી. ફરતી બહોત્તેર દેરીઓમાં ચૌદ ભાર પ્રમાણની ચોવીશ રત્નમયી, ચોવીશ સુવર્ણમયી અને ચોવીશ રૂપામયી પ્રતિમાઓ હતી.

વસ્તુપાળ મંત્રીએ તેરસો તેર નવાં જિનમંદિર, અને બાવીસે જીર્ણોદ્ધાર કરાવ્યા. તથા સવા લાખ જિનબિંબ ભરાવ્યાં. પેથડ શાહે ચોરાશી જિનપ્રાસાદ કરાવ્યા. તેમાં સુરગિરિને વિષે ચૈત્ય નહિ હતું, તે બનાવવાનો વિચાર કરી વીરમદ રાજાના પ્રધાન વિપ્ર હેમાદ્રિના નામથી તેની પ્રસન્નતાને સારૂ પેથડ શાહે માંધાતાપુરમાં તથા ઓંકારપુરમાં ત્રણ વર્ષ સુધી દાનશાળા માંડાવી. હેમાદ્રિ તુષ્ટમાન થયો અને સાત રાજમંડિત જેટલી ભૂમિ પેથડને આપી. પાયો ખોદ્યો અને મીંડું

પાણી નીકળ્યું, ત્યારે કોઇએ રાજા પાસે જઇ ચાડી ખાધી કે, "મહારાજ! મીઠું પાણી નીકળ્યું છે માટે વાવ્ય બંધાવો." તે વાત જાણતાંજ રાતોરાત પેથડ શાહે બાર હજાર ટંકનું મીઠું પાણીમાં નંખાવ્યું. આ ચૈત્ય બનાવવા સારૂ સોનૈયાથી ભરેલી બત્રીશ ઊંટડીઓ મોકલી. પાયામાં ચોરાશી હજાર ટંકનું ખરચ થયું. ચૈત્ય તૈયાર થયું, ત્યારે વધામણી આપનારને ત્રણ લાખ ટંક આપ્યા. આ રીતે પેથડ વિહાર બન્યો. વળી તે પેથડેજ શત્રુંજય પર્વત ઉપર શ્રીઋષભદેવ ભગવાનનું ચૈત્ય એકવીશ ઘડી પ્રમાણ સુવર્ણથી ચારે તરફ મઢાવીને મેરૂપર્વતની માફક સુવર્ણમય કર્યું. ગિરનાર પર્વત ઉપરના સુવર્ણમય બલાનકનો સંબંધ નીચે પ્રમાણે છેઃ—

ગઇ ચોવીશીમાં ઉજ્જયિની નગરીને વિષે ત્રીજા શ્રીસાગર તીર્થંકરની કેવળીની પર્ષદા જોઈ નરવાહન રાજાએ પૂછ્યું કે, "હું ક્યારે કેવળી થઇશ?" ભગવાને કહ્યું. "આવતી ચોવીશીમાં બાવીશમા તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાનના તીર્થમાં તું કેવળી થઇશ." તે સાંભળી નરવાહન રાજાએ દીક્ષા લીધી, અને આયુષ્યને અંતે બ્રહ્મેંદ્ર થઇ શ્રીનેમિનાથ ભગવાનની વજ્રમૃત્તિકામય પ્રતિમા કરી દશ સાગરોપમ સુધી તેની પૂજા કરી. પોતાના આયુષ્યનો અંત આવ્યો, ત્યારે ગિરનાર પર્વત ઉપર સુવર્ણરત્નમય પ્રતિમાવાળા ત્રણ ગમારા કરી તેની આગળ એક સુવર્ણમય બલાનક કર્યું; અને તેમાં તે વજ્રમૃતિકામય પ્રતિમાની સ્થાપના કરી. અનુક્રમે સંઘવી શ્રીરત્નશ્રેષ્ઠી મોટા સંઘ સહિત ગિરનાર ઉપર યાત્રા કરવા આવ્યો. ઘણા હર્ષથી સ્નાત્ર કરવાથી મૃત્તિકામય (લેપ્યમય) પ્રતિમા ગળી ગઇ. તેથી રત્નશ્રેષ્ઠી ઘણો ખેદ પામ્યો. સાઠ ઉપવાસ કરવાથી પ્રસન્ન થએલ અંબા દેવીના વચનથી સુવર્ણમય બલાનકમાંની પ્રતિમા કે, જે કાચા સૂત્રથી વીંટાયલા હતી તે લાવ્યો. ચૈત્યના દ્વારમાં આવતાં પાછળ જોયું તેથી તે પ્રતિમા ત્યાંજ સ્થિર થઇ. પછી ચૈત્યનું દ્વાર ફેરવી નાંખ્યું. તે હજુ સુધી તેમજ છે. કેટલાક એમ કહે છે કે, સુવર્ણમય બલાનકમાં અહોત્તર મ્હોટી પ્રતિમાઓ હતી. તેમાં અઢાર સુવર્ણમયી, અઢાર રત્નમયી, અઢાર રૂપામયી અને અઢાર પાષાણમયી હતી. આ રીતે શ્રીગિરનાર ઉપરના શ્રી નેમિનાથ ભગવાનનો પ્રબંધ છે. અત્રે છઠું દ્વાર સમાપ્ત થયું.

૭ તેમજ પ્રતિમાની પ્રતિષ્ઠા અંજનશલાકા શીઘ્ર કરાવવી, કેમકે ષોડશકમાં કહ્યું છે કેઃ—પૂર્વે કહેલ વિધિ પ્રમાણે બનાવેલી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા તત્કાળ દશ દિવસની અંદર કરવી. પ્રતિષ્ઠા સંક્ષેપથી ત્રણ પ્રકારની છે. એક વ્યક્તિ પ્રતિષ્ઠા, બીજી ક્ષેત્ર પ્રતિષ્ઠા અને ત્રીજી મહા નામની. સિદ્ધાંતના જાણુ લોકો એમ કહે છે કે, જે સમયમાં જે તીર્થંકરનો વારો ચાલતો હોય, તે સમયમાં તે તીર્થંકરનીજ એકલી પ્રતિમા હોય તે વ્યક્તિ પ્રતિષ્ઠા કહેવાય છે, ઋષભદેવ આદી ચોવીશેની ક્ષેત્રપ્રતિષ્ઠા કહેવાય છે, અને એકસો શિત્તેર ભગવાનની મહાપ્રતિષ્ઠા કહેવાય છે. બૃહદ્ભાષ્યમાં કહ્યું છે કે—એક વ્યક્તિ પ્રતિષ્ઠા, બીજી ક્ષેત્ર પ્રતિષ્ઠા અને ત્રીજી મહા પ્રતિષ્ઠા. તે અનુક્રમે એક, ચોવીશ અને એકસો શિત્તેર ભગવાનની જાણવી. સર્વે પ્રકારની પ્રતિષ્ઠાની સામગ્રી સંપાદન કરવી, શ્રીસંઘને તથા શ્રીગુરૂ મહારાજને બોલાવવા. તેમનો પ્રવેશ વગેરે ઘણા ઉત્સવથી કરી સમ્યક્ પ્રકારે તેમની આગત સ્વાગત કરવી. ભોજન વસ્ત્ર વગેરે આપી તેમનો સર્વ પ્રકારે સત્કાર કરવો. બંદીવાનોને છોડાવવા. અમારી પ્રવર્ત્તાવવી. કોઈને પણ હરકત ન પડે એવી દાનશાળા ચલાવવી. સૂત્રાર વગેરેનો સત્કાર કરવો. ઘણા ઠાઠથી સંગીત આદિ અદ્‌ભુત ઉત્સવ કરવો. અઢાર સ્નાત્ર કરવાં. વગેરે પ્રતિષ્ઠાવિધિ પ્રતિષ્ઠાકલ્પ આદિ ગ્રંથોથી જાણવો.

પ્રતિષ્ઠામાં સ્નાત્રને અવસરે ભગવાનની જન્માવસ્થા ચિંતવવી. તથા ફળ, નૈવેદ્ય, પુષ્પ, વિલેપન, સંગીત વગેરે ઉપચારને વખતે કુમાર આદિ ચઢતી અવસ્થા ચિંતવવી. છદ્મસ્થપણાના સૂચક વસ્ત્રાદિકવડે શરીરનું ઢાંકવું કરવું વગેરે ઉપચાર વડે ભગવાનની શુદ્ધ ચારિત્રાવસ્થા ચિંતવવી. અંજનશલાકાવડે નેત્રનું ઉઘાડવું કરતાં ભગવાનની કેવળી અવસ્થા ચિંતવવી. તથા પૂજામાં સર્વ પ્રકારના મ્હોટા ઉપચાર કરવાને અવસરે સમવસરણમાં રહેલી ભગવાનની અવસ્થા ચિંતવવી. શ્રાદ્ધસામાચારીવૃત્તિમાં કહ્યું છે કે—પ્રતિષ્ઠા કર્યા પછી બાર માસ સુધી મહિને મહિને તે દિવસે ઉત્તમ પ્રકારે સ્નાત્ર વગેરે કરવું. વર્ષ પૂરૂં થાય ત્યારે અઠાઇ ઉત્સવ કરવો, અને આઉખાની ગાંઠ બાંધવી. તથા ઉત્તરોત્તર વિશેષ પૂજા કરવી. વર્ષગાંઠને દિવસે સાધર્મિવાત્સલ્ય તથા સંઘપૂજા વગેરે શક્તિ પ્રમાણે કરવું.

પ્રતિષ્ઠાશોડકમાં તો વળી કહ્યું છે કે—ભગવાનની આઠ દિવસ સુધી એક સરખી પૂજા કરવી. તથા સર્વે પ્રાણિઓને યથા શક્તિ દાન આપવું. આ રિતે સાતમું દ્વાર સમાપ્ત થયું.

તેમજ પુત્ર, પુત્રી, ભાઈ, ભત્રીજો, પોતાનો મિત્ર, સેવક આદિનો દીક્ષાનો તથા વડી દીક્ષાનો ઉત્સવ ઘણા આડંબરથી કરવો. જેમકે—ભરત ચક્રવર્ત્તીના પાંચસો પુત્ર અને સાતસો પૌત્ર એટલા કુમારોએ તે સમવસરણમાં સાથે દીક્ષા લીધી. શ્રીકૃષ્ણે તથા ચેકટ રાજાએ પોતાની સંતતિને પરણાવવાનો નિયમ કર્યો હતો, તથા પોતાની પુત્ર આદિને તથા બીજા થાવચ્ચા પુત્ર વગેરેને ઘણા ઉત્સવથી દીક્ષા અપાવી તે વાત પ્રસિદ્ધ છે. દીક્ષા અપાવવી એનાં ઘણું પુણ્ય છે. જેમકે—જેમના કુળમાં ચારિત્રધારી ઉત્તમ પુત્ર થાય છે, તે માતા, પિતા અને સ્વજનવર્ગ ઘણા પુણ્યશાળી અને ધન્યવાદને યોગ્ય છે. લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—જ્યાં સુધી કુળમાં કોઇ પુત્ર પવિત્ર સંન્યાસી થતો નથી, ત્યાં સુધી પિંડની ઇચ્છા કરનારા પિતરાઇઓ સંસારમાં ભમે છે. અત્રે આઠમું દ્વાર સમાપ્ત થયું.

૯ તેમજ પદસ્થાપના એટલે ગણિ, વાચનાચાર્ય, વાચકાચાર્ય દીક્ષા લીધેલા પોતાના પુત્ર આદી તથા બીજા પણ જે યોગ્ય હોય, તેમની પદ સ્થાપના શાસનની ઉન્નતિ વગેરેને સારૂ ઘણા ઉત્સવથી કરાવવી. સંભળાય છે કે, અરિહંતના પ્રથમ સમવસરણને વિષે ઇંદ્ર પોતે ગણધરપદની સ્થાપના કરાવે છે. વસ્તુપાળ મંત્રીએ પણ એકવીશ આચાર્યોની પદસ્થાપના કરાવી. નવમું દ્વાર સમાપ્ત.

૧૦ તેમજ શ્રીકલ્પ આદિ આગમ, જિનેશ્વર ભગવાનનાં ચરિત્ર વગેરે પુસ્તકો ન્યાયથી સંપાદન કરેલા દ્રવ્યવડે શુદ્ધ અક્ષર તથા સારાં પાનાં વગેરે યુક્તિથી લખાવવાં. તેમજ વાચન એટલે સંવેગી ગીતાર્થ એવા મુનિરાજ પાસે ગ્રંથનો આરંભ થાય, તે દિવસે ઘણો ઉત્સવ વગેરે કરી અને દરરોજ બહુ માનથી પૂજા કરી વ્યાખ્યાન કરાવવું. તેથી ઘણા ભવ્ય જીવો પ્રતિબોધ પામે છે. તેમજ વ્યાખ્યાન વાંચનાર તથા ભણનાર મુનિરાજોને કપડાં વગેરે વહોરાવી તેમને સાહાય્ય કરવી. કહ્યું છે કે—જે

લેાકેા જિનશાસનનાં પુસ્તકેા લખાવે, વ્યાખ્યાન કરાવે, ભણે, ભણાવે, સાંભળે અને પુસ્તકેાની ઘણી યતનાથી રક્ષા કરે, તે લેાકેા મનુષ્ય લેાકનાં, દેવલેાકનાં તથા નિર્વાણનાં સુખ પામે છે. જે પુરૂષ કેવળી ભાષિત સિદ્ધાંતને પેાતે ભણે, ભણાવે અથવા ભણનારને વસ્ત્ર, ભેાજન, પુસ્તક વગેરે આપી સહાય્ય કરે, તે પુરૂષ આલેાકમાં સર્વજ્ઞ થાય છે. જિનભાષિત આગમની કેવળજ્ઞાન કરતાં પણ શ્રેષ્ઠતા દેખાય છે. કહ્યું છે કે— ઊંધથી શ્રુતેાપયેાગ રાખનાર શ્રુતજ્ઞાની સાધુ જો કદાચ અશુદ્ધ વસ્તુ વહેારી લાવે તેા તે વસ્તુને કેવળી ભગવાન પણ ભક્ષણ કરે છે. કારણ કે, એમ ન કરે તેા શ્રુતજ્ઞાન અપ્રમાણ થાય. સાંભળવામાં છે કે, અગાઉ દુષમ કાળના વશથી બાર વર્ષ સુધી દુકાળ પડયેા. તેથી તથા બીજા અનેક કારણેાથી સિદ્ધાંત ઉચ્છિન્ન પ્રાય થએલાં જોઇ ભગવાન્ નાગાર્જુન, સ્કંદિલાચાર્ય વગેરે લેાકેાએ તેને પુસ્તકારૂઢ કર્યાં.” માટે સિદ્ધાંતને માન આપનાર માણસે તે પુસ્તકને વિષે લખાવવું, તથા રેશમી વસ્ત્ર આદિ વસ્તુવડે તેની પૂજા કરવી. સંભળાય છે કે, પેથડ શાહે સાત ક્રોડ તથા વસ્તુપાળ મંત્રીએ અઢાર ક્રોડ દ્રવ્ય ખરચીને ત્રણ જ્ઞાનભંડાર લખાવ્યા. થરાદના સંઘવી આભૂએ ત્રણ ક્રોડ ટંક ખરચીને સર્વ આગમની એકેક પ્રત સુવર્ણમય અક્ષરથી અને બીજી સર્વ ગ્રંથની એકેક પ્રત શાહિથી લખાવી. દસમું દ્વાર સમાપ્ત.

૧૧ તેમજ પૌષધશાળા એટલે શ્રાવક વગેરેને પૌષધ લેવાને સારૂ ખપમાં આવતી સાધારણ જગ્યા પણ પૂર્વે કહેલ ઘર બનાવવાની વિધિ માફક કરાવવી. સાધર્મિકેાને સારૂ કરાવેલી તે પૌષધશાળા સારી સગવડવાળી અને નિરવદ્ય યેાગ્ય સ્થાનક હેાવાથી અવસર ઉપર સાધુઓને પણ ઉપાશ્રય તરીકે આપવી. કારણ કે તેમ કરવામાં ઘણું પુન્ય છે, કહ્યું છે કે—જે પુરૂષ તપસ્યા તથા બીજા ઘણા નિયમ પાળનાર એવા સાધુ મુનિરાજોને ઉપાશ્રય આપે, તે પુરૂષે વસ્ત્ર, અન્ન, પાન, શયન આસન વગેરે સર્વ વસ્તુઓ મુનિરાજને આપી એમ સમજવું. વસ્તુપાળ મંત્રીએ નવસો ચેારાશી પૌષધશાળાઓ કરાવી. સિદ્ધરાજ જયસિંહના મુખ્ય મંત્રી સાન્તૂએ પેાતાનેા નવેા મહેલ વાદિ દેવસૂરિને દેખાડીને કહ્યું કે, “એ કેવેા

છે?" ત્યારે શિષ્ય માણિક્યે કહ્યું કે, "જો એની પૌષધશાળા કરો તો અમે એને વખાણીએ." મંત્રીએ કહ્યું. "એ પૌષધશાળા થાઓ." તે શાળામાંની બહારની પરશાળમાં શ્રાવકોને ધર્મધ્યાન કરી રહ્યા પછી મુખ જોવાને મુખથી પોતાનું આયુષ્ય પાંચ દિવસ બાકી છે. એમ સાંભળી તુરતજ દીક્ષા સારૂ એક પુરૂષ પ્રમાણ ઉંચા એવા બે આરિસા બે બાજૂએ રાખ્યા હતા. અગ્યારમું દ્વાર તથા પંદરમી ગાથાનો અર્થ અત્રે સમાપ્ત થયો.

(મૂળગાથા.)

૧૨ ૧૩ ૧૪
आजम्मंसम्मत्तं, जहसत्ति वयाइदिख्ख गहअहवा ॥
૧૫ ૧૬ ૧૭ ૧૮
आरंभचाउबंभं पडिमाई अंतिआरहणा ॥ १६ ॥

સંક્ષેપાર્થઃ—૧૨ જાવજ્જીવ સમકિત પાળવું, ૧૩ યથાશક્તિ વ્રત પાળવાં, ૧૪ અથવા દીક્ષા લેવી, ૧૫ આરંભનો ત્યાગ કરવો, ૧૬ બ્રહ્મચર્ય પાળવું, ૧૭ શ્રાવકની પ્રતિમા વહેવી, ૧૮ તથા અંતે આરાધના કરવી. ॥ ૧૬ ॥

વિસ્તારાર્થઃ—૧૨-૧૩ આ જન્મ એટલે બાલ્યાવસ્થાથી માંડીને જાવજ્જીવ સુધી સમકિત અને અણુવ્રત આદિ યથાશક્તિ પાળવાં. આનું સ્વરૂપ અર્થ દીપિકામાં કહ્યું છે, માટે અત્રે કહ્યું નથી.

૧૪ તેમજ દીક્ષા ગ્રહણ એટલે અવસર આવે ચારિત્ર સ્વીકારવું. એનો ભાવાર્થ એ છે કે—શ્રાવક બાલ્યાવસ્થામાં દીક્ષા ન લેવાય તો પોતાને ઠગેલાની પેઠે સમજે. કેમકે—જેમણે સર્વ લોકને દુઃખદાયી કામ દેવને જીતીને કુમાર અવસ્થામાંજ દીક્ષા લીધી, તે બાળ મુનિરાજોને ધન્ય છે. પોતાના કર્મના વશથી મળેલું ગૃહસ્થપણું, સર્વ વિરતિના પરિણામ એકાગ્ર ચિત્તથી અહર્નિશ રાખીને પાણીનું બેડું માથે ધારણ કરનારી હલકી સ્ત્રીની માફક પાળવું. કહ્યું છે કે—એકાગ્ર ચિત્તવાળો યોગી અનેક કર્મ કરે, તો પણ પાણી લાવનારી સ્ત્રીની માફક તેના દોષથી લેપાય નહિ. જેમ પર પુરૂષને વિષે આસક્ત થએલી સ્ત્રી ઉપરથી પતિની મરજી રાખે છે, તેમ તત્ત્વજ્ઞાનમાં રાચી રહેલો યોગી સંસારને અનુસરે છે. જેમ શુદ્ધ વેશ્યા મનમાં પ્રીતિ ન રાખતાં 'આજે અથવા કાલે એને છોડી

દાસ ' એવો ભાવ રાખી જાર પુરૂષને સેવે છે, અથવા જેનો પતિ મુસાફરી આદિ કામ કરવા ગયો છે, એવી કુલીન સ્ત્રી પ્રેમરંગમાં રહી પતિના ગુણોનું સ્મરણ કરતી છતી ભોજન પાન વગેરેથી શરીરનો નિર્વાહ કરે છે, તેમ સુશ્રાવક સર્વ વિરતિના પરિણામ નિત્ય મનમાં રાખી પોતાને અધન્ય માનતો છતો ગૃહસ્થપણું પામે. જે લોકોએ પ્રસરતા મોહને રોકીને જૈની દીક્ષા લીધી, તે સત્પુરૂષોને ધન્ય છે, અને તેમના વડે આ પૃથ્વી મંડળ પવિત્ર થએલું છે.

ભાવશ્રાવકનાં લક્ષણ પણ એ રીતે કહ્યાં છેઃ કઃ—૧ સ્ત્રીને વશ ન થવું, ૨ ઇંદ્રિયો વશ રાખવી, ૩ ધન અનર્થનું હેતુ છે એમ માનવું, ૪ સંસાર અસાર જાણવો, ૫ વિષયનો અભિલાષ રાખવો નહીં, ૬ આરંભ તજવો, ૭ ગૃહવાસ બંધન સમાન ગણવો, ૮ આ જન્મ સમકિત પાળવું, ૯ સાધારણ માણસો જેમ ગાડરિયા પ્રવાહે ચાલે છે, એમ વિચારવું. ૧૦ આગમના અનુસારે સર્વ ઠેકાણે જવું, ૧૧ દાનાદિ ચતુર્વિધ ધર્મ યથાશક્તિ આચરવો, ૧૨ ધર્મ કરતાં કોઇ અજ્ઞ જન હાંસી કરે તો તેની શરમ ન રાખવી, ૧૩ ગૃહકૃત્યો રાગદ્વેષ ન રાખતાં કરવાં, ૧૪ મધ્યસ્થપણું રાખવું, ૧૫ ધનાદિક હોય તો પણ તેમાંજ લપટાઈ ન રહેવું, ૧૬ પરાણે કામોપભોગ સેવવા, ૧૭ વેશ્યા સમાન ગૃહવાસમાં રહેવું. આ સત્તર પદવાળું ભાવ શ્રાવકનું લક્ષણ ભાવથી સંક્ષેપમાં જાણવું. હવે પ્રત્યેક પદોના ખુલાસા વિસ્તારથી કહીએ છીએ.

૧ અનર્થને ઉત્પન્ન કરનાર, ચંચળ ચિત્તવાળી અને નરકે જવાના રસ્તા સરખી એવી સ્ત્રીને જાણી પોતાનું હિત વાંછનાર શ્રાવકે તેના વશમાં ન રહેવું, ૨ ઇંદ્રિય રૂપ ચપળ ઘોડા હમેશાં દુર્ગતિના માર્ગે દોડે છે, તેને સંસારનું સ્વરૂપ યથાર્થપણે જાણનાર શ્રાવકે સમ્યગ જ્ઞાનરૂપ લગામ વડે તેમને ખોટા માર્ગે જતાં અટકાવવા. ૩ બધા અનર્થોનું, પ્રયાસનું ક્લેશનું કારણ અને અસાર એવું ધન જાણીને બુદ્ધિશાળી પુરૂષે કીંચા માત્ર પણ દ્રવ્યનો લોભ ન રાખવો. ૪ સંસાર પોતે દુઃખ રૂપ દુઃખદાયિ ફળ આપનાર, પરિણામે પણ દુઃખની સંતતિ ઉત્પન્ન કરનાર, વિટંબણા રૂપ અને અસાર છે એમ જાણી તેના ઉપર પ્રીતિ રાખવી નહીં. ૫ વિષ સર-

ખા વિષયો ક્ષણમાત્ર સુખ દેનારા છે, એવો હમેશાં વિચાર કરનારો પુરૂષ। સંસારથી ડરનારો અને તત્ત્વનો જાણુ હોવાથી તેમનો અભિલાષ ન કરવો. ૬ તીવ્ર આરંભ વર્જે. નિર્વાહ ન થાય તો સર્વે જીવ ઉપર દયા રાખી પરાણે થોડો આરંભ કરે, અને નિરારંભી સાધુઓની સ્તુતિ કરવી, ૭ ગૃહવાસને પાશ સમાન ગણુતો તેમાં દુઃખથી રહે, અને ચારિત્રમોહનીય કર્મ ખપાવવાનો ઘણો ઉદ્યમ કરવો. ૮ બુદ્ધિશાળી પુરૂષ મનમાં ગુરૂભક્તિ અને ધર્મની શ્રદ્ધા રાખીને ધર્મની પ્રભાવના, પ્રશંસા વગેરે કરતો છતો નિર્મળ સમકિત પાળે. ૯ વિવેકથી પ્રવૃત્તિ કરનારો ધીર પુરૂષ, 'સાધારણ માણસો ગાડરિયા પ્રવાહથી એટલે જેમ એકે કર્યું તેમ બીજાએ કરવું એમ અણસમજથી ચાલનારા છે,' એમ જાણી અને ધીર એવા શ્રાવકે પોતે લોક સંજ્ઞાનો ત્યાગ કરવો. ૧૦ એક જિનાગમ મૂકીને બીજું પ્રમાણ નથી, અને બીજો મોક્ષ માર્ગ પણ નથી, એમ જાણી જાણુ પુરૂષે સર્વે ક્રિયાઓ આગમને અનુસારે કરવી. ૧૧ જીવ પોતાની શક્તિ ન ગોપવતાં જેમ ઘણાં સંસારનાં કૃત્યો કરે છે, તેમ બુદ્ધિમાન પુરૂષ શક્તિ ન ગોપવતાં દાનાદિ ચતુર્વિધ ધર્મને જેમ આત્માને બાધા પીડા ન થાય તેવી રીતે આદરે. ૧૨ ચિંતામણિ રત્નની માફક દુર્લભ એવી હિતકારી અને નિરવદ્ય ધર્મક્રિયા પામીને સમ્યક્ પ્રકારે આચરણ કરતાં આપણને જોઈ અજ્ઞાન લોકો આપણી હાંસી કરે, તોપણ તેથી મનમાં લજ્જા લાવવી નહિ. ૧૩ દેહસ્થિતિનાં મૂળ કારણ એવી ધન, સ્વજન, આહાર, ગૃહ વગેરે સંસારગત વસ્તુઓને વિષે રાગ દ્વેષ ન રાખતાં સંસારમાં રહેવું. ૧૪ પોતાનું હિત વાંછનાર પુરૂષે મધ્યસ્થપણામાં રહેવું તથા નિત્ય મનમાં સમતાનો વિચાર રાખી રાગ દ્વેષને વશ ન થવું તથા કદાગ્રહને પણ સર્વથા છોડી દેવો. ૧૫ નિત્ય મનમાં સર્વ વસ્તુઓની ક્ષણભંગુરતાનો વિચાર કરનારો પુરૂષ ધનાદિકનો ઘણી છતાં પણ ધર્મકૃત્યને હરકત થાય એવો તેમનો સંબંધ ન રાખે. ૧૬ સંસારથી વિરક્ત થએલા શ્રાવકે ભોગોપભોગથી જીવની તૃપ્તિ થતી નથી, એમ વિચારી સ્ત્રીના આગ્રહથી પરાણે કામભોગ સેવવો. ૧૭ વેશ્યાની માફક આશંસા રહિત શ્રાવકે આજે અથવા કાલે છોડી દઇશ એમ વિચાર કરતો ચારકી વસ્તુની માફક શિથિલ ભા-

વર્ષો ગૃહવાસ પાળવો. આ રીતે કહેલા સત્તર ગુણવાળો પુરૂષ, જિનાગમમાં ભાવ શ્રાવક કહેવાય છે. એજ ભાવ શ્રાવક શુભ કર્મના યોગથી શીઘ્ર ભાવસાધુપણું પામે છે. આ રીતે ધર્મરત્નશાસ્ત્રમાં કહ્યું છે.

ઉપર કહેલી રીતે શુભ ભાવના કરનારો, પૂર્વે કહેલ દિનકૃત્યને વિષે તત્પર એટલે "આ નિર્ગ્રંથ પ્રવચનજ અર્થરૂપ તથા પરમાર્થરૂપ છે, બાકી સર્વ અનર્થ છે, એવી સિદ્ધાંતમાં કહેલી રીતિ મુજબ સર્વ કાર્યોમાં સર્વ પ્રયત્નથી યતનાવડેજ પ્રવૃત્તિ કરનારો, કોઇ ઠેકાણે પણ જેનું ચિત્ત પ્રતિબંધ પામ્યું નથી એવો અને અનુક્રમે મોહને જીતવામાં નિપુણ થએલો પુરૂષ પોતાના પુત્ર, ભત્રીજા વગેરે ઘરનો ભાર ઉપાડવા લાયક થાય ત્યાં સુધી અથવા બીજા કાંઇ કારણસર કેટલોક વખત ગૃહવાસમાં ગાળી, યોગ સમયે પોતાની તુલના કરે. પછી જિનમંદિરે અઠાઇ ઉત્સવ, ચતુર્વિધ સંઘની પૂજા, અનાથ વગેરે લોકોને યથાશક્તિ અનુકંપા દાન અને મિત્ર સ્વજન આદિને ખમાવવું વગેરે કરીને સુદર્શન આદિ શેઠની માફક વિધિપૂર્વક ચારિત્ર ગ્રહણ કરે. કહ્યું છે કે—કોઇ પુરૂષ સર્વથા રત્નમય એવા જિનમંદિરવડે સમગ્ર પૃથ્વીને અલંકૃત કરે, તે પુણ્ય કરતાં પણ ચારિત્રની ઋદ્ધિ અધિક છે. તેમજ પાપકર્મ કરવાની પીડા નથી, ખરાબ સ્ત્રી, પુત્ર તથા ધણી એમનાં દુર્વચન સાંભળવાથી થનારૂં દુઃખ નથી, રાજા આદિને પ્રણામ કરવો ન પડે, અન્ન, વસ્ત્ર, ધન, સ્થાન એની ચિંતા કરવી ન પડે, જ્ઞાનની પ્રાપ્તિ થાય, લોકથી પૂજાય, ઉપશમ સુખમાં રતિ રહે, અને પરલોકે મોક્ષ આદિ પ્રાપ્ત થાય. ચારિત્રમાં આટલા ગુણ રહ્યા છે. માટે હે બુદ્ધિશાળી પુરૂષો! તમો તે ચારિત્ર આદરવાને અર્થે પ્રયત્ન કરો. ચૌદમું દ્વાર અત્રે સમાપ્ત થયું.

૧૫ હવે કદાચ કાંઇ કારણથી અથવા પાળવાની શક્તિ વગેરે ન હોવાથી શ્રાવક જો ચારિત્ર ન આદરી શકે, તો આરંભ વર્જનાદિક કરે. તેજ કહે છે. અથવા એટલે દીક્ષા આદરવાનું ન બને તો આરંભનો ત્યાગ કરવો. તેમાં પુત્રાદિક કોઈ પણ ઘરનો સર્વ કારભાર નભાવે એવો હોય તો સર્વ આરંભ છોડવો, અને તેમ ન હોય તો સચિત્ત વસ્તુનો આહાર વગેરે કેટલોક આરંભ જેમ નિર્વાહ થાય તેમ તજવો. બની શકે તો પો-

તાને સારૂ અન્નનો પાક વિગેરે પણ ન કરે. કહ્યું છે કે—જેને માટે અન્ન-પાક (રસોઇ) થાય, તેને માટેજ આરંભ થાય છે. આરંભમાં જીવહિંસા છે, અને જીવહિંસાથી દુર્ગતિ થાય છે." એમ પંદરમું દ્વાર સમાપ્ત થયું.

૧૬ શ્રાવકે યાવજ્જીવ બ્રહ્મચર્ય પાળવું જેમ પેથડશાહે બત્રીશમે વર્ષે બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું અને પછી તે ભીમસોનીની મઢીમાં ગયો. બ્રહ્મચર્ય વગેરેનું ફળ અર્થદીપિકામાં કહ્યું છે. ઇતિ સોળમું દ્વાર.

૧૭ તેમજ શ્રાવકે પ્રતિમાદિ તપસ્યા કરવી. આદી શબ્દથી સંસાર તારણાદિક કઠણ તપસ્યા જાણવી. તેમાં એક માસિકી આદિ ૧૧ પ્રતિમાઓ કહી છે તે બતાવે છેઃ—

दंसण १ वय २ सामाइअ ३ पोसह, ४ पडिमा ५ अबंभ ६ सच्चित्ते ७ ॥ आरंभ ८ पेस ९ उद्दि-ट्ठवज्जए १० समणभूए ११ अ ॥ १ ॥

અર્થઃ—૧ પહેલી દર્શન પ્રતિમા તે રાજાભિયોગાદિ છ આગાર રહિત, શ્રદ્ધાન પ્રમુખ ચાર ગુણે કરી સહિત એવા સમકિતને ભય, લોભ, લજ્જા આદી દોષ વડે અતિચાર ન લગાડતાં એક માસ સુધી પાળવું, અને ત્રિકાળ દેવપૂજા વગેરે કરવું તે રૂપ જાણવી. ૨ બીજી વ્રતપ્રતિમા તે એ માસ સુધી ખંડના તથા વિરાધના વગર પાંચ અણુવ્રત પાળવાં, તથા પ્રથમ પ્રતિમાની ક્રિયા પણ સાચવવી, તે રૂપ જાણવી. ૩ ત્રીજી સામાયિક પ્રતિમા તે, ત્રણ માસ સુધી ઉભયકાળ પ્રમાદ વજ્જી એ ટંક સામાયિક કરવું, તથા પૂર્વે કહેલ પ્રતિમાની ક્રિયા પણ સાચવવી તે રૂપ જાણવી. ૪ ચોથી પૌષધ પ્રતિમા તે, પૂર્વોક્ત પ્રતિમાના નિયમ સહિત ચાર માસ સુધી ચાર પર્વ તિથિએ અખંડિત અને પરિપૂર્ણ પૌષધ કરવો તે રૂપ જાણવી. ૫ પાંચમી પડિયા પ્રતિમા એટલે કાયોત્સર્ગ પ્રતિમા તે, પૂર્વોક્ત પ્રતિમાની ક્રિયા સહિત પાંચ માસ સુધી સ્નાન વજ્જે, રાત્રિએ ચઉવિહાર પચ્ચખાણ કરી, દિવસે બ્રહ્મચર્ય પાળવું, તથા કાછડી છૂટી રાખી ચાર પર્વ તિથિએ ઘરમાં, ઘરના દ્વારમાં અથવા ચૌટામાં પરીષહ ઉપસર્ગથી ન ડગમગતાં આખી રાત સુધી કાઉસગ્ગ કરવો તે રૂપ જાણવી. હવે કહીશું તે સર્વ પ્રતિમામાં પૂર્વોક્ત પ્રતિમાની ક્રિયા સાચવવી પડે તે જાણી

લેવું. ૬ છઠી બ્રહ્મચર્ય પ્રતિમા તે ૭ માસ સુધી નિરતિચાર બ્રહ્મચર્ય પાળવું તે રૂપ જાણવી. ૭ સાતમી સચિત્ત પરિહાર પ્રતિમા તે, સાત માસ સુધી સચિત વર્જવી તે રૂપ જાણવી. ૮ આઠમી આરંભ પરિહાર પ્રતિમા તે આઠ માસ સુધી પોતે કાંઇ પણ આરંભ ન કરવો તે રૂપ જાણવી. ૯ નવમી પ્રેષણ પરિહાર પ્રતિમા તે નવ માસ સુધી પોતાના નોકર વગેરે પાસે પણ આરંભ ન કરાવે તે રૂપ જાણવી. ૧૦ દશમી ઉદ્દિષ્ટ પરિહાર પ્રતિમા તે દસ માસ સુધી માથું મુંડાવવું, અથવા ચોટલીજ રાખવી, નિવાનમાં રાખેલા ધન સંબંધી કોઇ સ્વજન સવાલ કરે તો તે જાણમાં હોય તો દેખાડવું, અને ન હોય તો હું જાણતો નથી એમ કહેવું, બાકી સર્વ ગૃહકૃત્ય તજવું, તથા પોતાને સારૂ તૈયાર કરેલો આહાર પણ ભક્ષણ કરવો નહી તે રૂપ જાણવી. ૧૧ અગીયારમી શ્રમણભૂત પ્રતિમા તે, અગીઆર માસ સુધી ઘર આદિ છોડવું, લોચ અથવા મુંડન કરાવવું, ઓઘો, પાત્રાં આદિ મુનિવેષ ધારણ કરવો, પોતાની આધીનતામાં રહેલાં ગોકુળ વગેરેને વિષે વાસ કરવો, અને **प्रतिमावहकाय श्रमणोपासकाय भिक्षां दत्त** એમ કહી સાધુની માફક આચાર પાળવો, પણ ધર્મ લાભ શબ્દ ન ઉચ્ચારવો તે રૂપ જાણવી. આ રીત અગીઆર શ્રાવક પ્રતિમાનું સ્વરૂપ કહ્યું છે. ઇતિ સત્તરમું દ્વાર.

૧૮ તેમજ અંતે એટલે આયુષ્યનો છેડો સમીપ આવે, આગળ કહીશું તે પ્રમાણે સંલેખના આદી વિધિ સહિત આરાધના કરવી, એનો ભાવાર્થ એ છે કે:—જે પુરૂષ અવશ્ય કરવા યોગ્ય કાર્યનો ભંગ થએ અને મૃત્યુ નજદીક આવે છતે પ્રથમ સંલેખના કરી પછી ચારિત્ર સ્વીકાર કરી" વગેરે યથોક્ત વચન છે, માટે શ્રાવક અવશ્ય કર્તવ્ય જે મૂળ પ્રતિક્રમણ વગેરે ક્રિયા, તે કરવાની શક્તિ ન હોય તો અથવા મૃત્યુ નજદીક આવો પહોંચે તો દ્રવ્યથી તથા ભાવથી બે પ્રકારે સંલેખના કરે. તેમાં અનુક્રમે આહારનો ત્યાગ કરવો તે દ્રવ્ય સંલેખના અને ક્રોધાદિ કષાયનો ત્યાગ કરવો તે ભાવ સંલેખના કહેવાય છે. કહ્યું છે કે—શરીર સંલેખનાવાળું ન હોય તો મરણ વખતે સાત ધાતુનો એકદમ પ્રકોપ થવાથી જીવને આર્તધ્યાન ઉત્પન્ન થાય છે. હું તારૂં આ (શરીર)

વખાણનો નથી. શરીર કોનું સારૂં છે? તહારી આંગળી ભાગી ગઈ કે શું? માટે હે જીવ! તું ભાવ સલેખના કર. નજદીક આવેલ મૃત્યુ સ્વપ્ન શકુન તથા દેવતાના વચન વગેરેથી ધારવું. કહ્યું છે કે—માહાં સ્વપ્ન, પોતાની હમેશની પ્રકૃતિમાં થએલો જૂદી રીતનો ફેરફાર, માહાં નિમિત્ત, અચળા ગ્રહ, સ્વરના સંચારમાં વિપરીતપણું એટલાં કારણોથી પુરૂષે પોતાનું મરણ નજદીક આવેલું જાણવું. આ રીતે સંલેખના કરી સકળ શ્રાવક ધર્મના ઉદ્યાપનને સારૂજ હોયની! તેમી રીતે અંતકાળને વિષે પણ ચારિત્ર ગ્રહણ કરે. કહ્યું છે કે—જીવ શુભ પરિણામથી એક દિવસ સુધી પણ જો ચારિત્રો પ્રાપ્ત થાય, તો પણ મોક્ષને પામે નહીં, તથાપિ વૈમાનિક દેવતા તો જરૂર થાય છે.

નળ રાજાના ભાઈ કૂબરનો પુત્ર નવો પરણ્યો હતો, તો પણ હવે "તારૂં આયુષ્ય પાંચજ દિવસ છે" એમ જ્ઞાનીનું કહેવું સાંભળીને તત્કાળ તેણે દીક્ષા લીધી અને છેવટ સિદ્ધ પદને પામ્યો. હરિવાહન રાજા જ્ઞાનીનાં વચનથી પોતાનું આયુષ્ય નવ પહોર બાકી જાણી દીક્ષા લઇ સર્વાર્થ સિદ્ધિ વિમાને પહોચ્યો. સંથારાને અવસરે શ્રાવક દીક્ષા લે, ત્યારે પ્રભાવના વગેરેને અર્થે શક્તિ પ્રમાણે ધર્મમાં ધનનો વ્યય કરે. થરાદના આભૂ સંઘવીએ જેમ આતુર દીક્ષાને અવસરે (અંત વખતે) સાત ક્ષેત્રોમાં સાત ક્રોડ ધન વાપર્યું. હવે અંતકાળે સંયમ લેવાતું જોગાથી ન બને, તે શ્રાવક અંત સમય આવે સંલેખના કરી શત્રુંજય આદિ શુભ તીર્થે જાય, અને નિર્દોષ સ્થંડિલને વિષે (જીવ જંતુ રહિત ભૂમિને વિષે) શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ચતુર્વિધ આહારનું પચ્ચખાણ કરી આનંદાદિક શ્રાવકોની માફક અનશન સ્વીકારે. કહ્યું છે કે—તપસ્યાથી અને વ્રતથી મોક્ષ થાય છે, દાનથી ઉત્તમ ભોગ મળે છે, દેવપૂજાથી રાજ્ય મળે છે, અને અનશન કરી મરણ પામવાથી ઇંદ્રપણું પમાય છે. લૌકિકશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—હે અર્જુન! વિધિપૂર્વક પાણીમાં અંત વખતે રહે તો સાત હજાર વર્ષ સુધી, અગ્નિમાં પડે તો દસ હજાર વર્ષ સુધી, ઝંપાપાત કરે તો સોળ હજાર વર્ષ સુધી, મ્હોટા સંગ્રામમાં પડે તો સાઠ હજાર વર્ષ સુધી, ગાય છોડાવવાને સારૂ દેહ ત્યાગ કરે તો એશી હજાર વર્ષ સુધી

શુભ ગતિ ભોગવે, અને અંતકાળે અનશન કરે તો અક્ષય ગતિ પામે.

પછી સર્વ અતિચારના પરિહારને સારૂ ચાર શરણરૂપ આરાધના કરે. દશ દ્વાર રૂપ આરાધના એ રીતે કહી છે. કેઃ—૧ અતિચારની આલેયણા કરવી, ૨ વ્રતાદિક ઉચ્ચરવાં, ૩ જીવોને ખમાવવા, ૪ ભાવિતાત્મા એવો શ્રાવક અઢાર પાપસ્થાનકને વોસિરાવે, ૫ અરિહંત આદિ ચારે શરણ કરવાં, ૬ કરેલાં દુષ્કૃતની નિંદા કરવી, ૭ કરેલા શુભ કર્મોની અનુમોદના કરવી, ૮ શુભ ભાવના ભાવવી, ૯ અનશન આદરવું, અને ૧૦ પંચપરમેષ્ઠિ નવકાર ગણવા. એવી આરાધના કરવાથી જો પણ તેજ ભવમાં સિદ્ધ ન થાય, તો પણ શુભ દેવતાપણું તથા શુભ મનુષ્યપણું પામી આઠ ભવની અંદર સિદ્ધ થાયજ. કારણ કે, સાત અથવા આઠ ભવ ગ્રહણ કરે, તેથી વધારે ન કરે એવું આગમ વચન છે. ઇતિ અઢારમું દ્વાર તથા સોલમી ગાથાનો અર્થ સંપૂર્ણ.

હવે પ્રકરણનો ઉપસંહાર કરતાં દિનકૃત્યાદિકનું ફળ કહે છે.

(મૂળગાથા)

एअं गिहिधम्मविहिं, पइदिअहं निव्वहंति जे गिहिणो ॥
इह भवि परभवि निव्वुइसुहं लहुं ते लहंति धुवं ॥ १७ ॥

સંક્ષેપાર્થઃ—જે શ્રાવકો આ ગ્રંથમાં કહેલા શ્રાવક ધર્મના વિધિને દરરોજ આચરે, તે શ્રાવક આ ભવમાં અનુક્રમે પરભવમાં શીઘ્ર મુક્તિસુખ અવશ્ય પામે. ॥ ૧૭ ॥

વિસ્તારાર્થઃ—આ ઉપર કહેલો દિનકૃત્ય આદિ છ દ્વારવાળો શ્રાવકનો જે ધર્મવિધિ, તેને નિરંતર જે શ્રાવકો સમ્યક્ પ્રકારે પાળે, તેઓ આ વર્તમાન ભવને વિષે સારી અવસ્થામાં રહી સુખ પામે, તથા પરલોકે સાત આઠ ભવની અંદર પરંપરાએ મુક્તિસુખ તત્કાળ જરૂર પામે.

સમાપ્ત.

प्रशस्ति.

विख्यात तपेत्याख्या जगति जगच्चन्द्रसूरयोऽभूवन् ॥
श्रीदेवसुन्दरगुरु-क्षमाश्च तदनुक्रमाद्विदिताः ॥ १ ॥

અર્થ:—આ જગત્માં તપા એવું પ્રખ્યાત નામ ધારણ કરનારા શ્રીજગચ્ચંદ્રસૂરિ થયા. તેમના પછી અનુક્રમે પ્રખ્યાત શ્રીદેવસુંદર ગુરૂવર્ય થયા.

पञ्च च तेषां शिष्या-स्तेष्वाद्या ज्ञानसागरा गुरवः ॥
विविधावचूर्णिलहरि-प्रकटनतः सान्वयाह्वानाः ॥ २ ॥

અર્થ:—શ્રી દેવસુંદર ગુરૂવર્યના પાંચ શિષ્યો હતા. તેમાં પ્રથમ શિષ્ય શ્રી જ્ઞાનસાગર ગુરૂ થયા. વિવિધ પ્રકારની અવચૂર્ણિ (અવચૂરિ) રૂપ લહેરો પ્રકટ કરી તેમણે પોતાનું જ્ઞાનસાગર નામ યથાર્થ કર્યું. ॥ ૨ ॥

श्रुतगतविधिधालापक-समुध्धृतः समभवंश्च सूरीन्द्राः ॥
कुलमण्डना द्वितीयाः, श्रीगुणरत्नास्तृतीयाश्च ॥ ३ ॥

અર્થ:—શાસ્ત્રમા રહેલાં વિવિધ આલાવાના ઉદ્ધાર કરનારા કુલમંડન નામા સૂરિન્દ્ર બીજા શિષ્ય અને શ્રીગુણરત્ન નામા ત્રીજા શિષ્ય થયા. ૩

षड्दर्शनवृत्तिक्रिया-रत्नसमुच्चय विचार निचय सृजः ॥
श्रीभुवनसुन्दरादिषु, भेजुर्विद्यागुरुत्वं ये ॥ ४ ॥

અર્થ:—જે શ્રીગુણરત્ન ગુરૂવર્ય ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ અને ક્રિયારત્નસમુચ્ચય એ ગ્રંથના રચનાર અને શ્રી ભુવનસુંદર આદી આચાર્યોના વિદ્યાગુરૂ થયા. ૪

श्रीसोमसुन्दरगुरु-प्रवरास्तुर्या अहार्यमहिमानः ॥
येभ्यः संततिरुच्चै-रभवद्वेधा सुधर्मेभ्यः ॥ ५ ॥

અર્થ:—ઉત્કૃષ્ટ મહિમાવાળા શ્રીસોમસુંદર ગુરૂવર્ય ચોથા શિષ્ય થયા. દ્રવ્યથી તથા ભાવથી ભલા ધર્મવંત એવા જે ગુરૂવર્યથી ઘણી શિષ્ય સંતતિ વૃદ્ધિ પામી. ॥ ૫ ॥

यतिजीतकल्पविवृत-श्च पञ्चमाः साधुरत्नसूरिवराः ॥
यैर्मादृशोऽप्यकृष्यत, करप्रयोगेण भवकूपात् ॥ ६ ॥

અર્થઃ-યતિજીતકલ્પની વ્યાખ્યા કરનારા શ્રી સાધુરત્નસૂરિના પાંચમા શિષ્ય થયા, જેમણે હાથ લાંબો કરીને મ્હારા જેવાનો સંસાર રૂપ કૂવામાંથી ઉદ્ધાર કર્યો. ॥ ૬ ॥

श्रीदेवसुन्दरगुरोः, पट्टे श्रीसोमसुन्दरगणेन्द्राः ॥
युगवरपदवीं प्राप्ता-स्तेषां शिष्याश्च पञ्चैते ॥ ७ ॥

અર્થઃ-શ્રી દેવસુંદર ગુરૂની પાટે શ્રીસોમસુંદર ગુરૂ થયા. તેમના યુગ પ્રધાન પદવી પામેલા આ પાંચ શિષ્યો થયા. ॥ ૭ ॥

मारीत्यत्वमनिराकृति-सहस्रनामस्मृतिप्रभृतिकृत्यैः ॥
श्रीमुनिसुन्दर गुरव-श्चिरंतनाचार्यमहिमभृतः ॥ ८ ॥

અર્થઃ-એક શ્રીમુનિસુંદર ગુરૂ મારી, ઇતિ પ્રમુખ ઉપદ્રવનું વારવું તથા જિનસહસ્ત્ર નામ સ્મરણ કરવું ઇત્યાદિ કૃત્યોવડે ચિરંતન આચાર્યનો મહિમા ધારણ કરનારા થયા. ॥ ૮ ॥

श्री जयचन्द्र गणेन्द्रा-निस्तन्द्राः संघगच्छकार्येषु ॥
श्रीभुवनसुन्दरवरा, दूरविहारैर्गणोपकृतः ॥ ९ ॥

અર્થઃ-બીજા સંઘના તથા ગચ્છના કાર્યમાં પ્રમાદ ન કરનારા એવા શ્રી જયચંદ્ર આચાર્ય તથા ત્રીજા દૂર વિહાર કરીને સંઘ ઉપર ઉપકાર કરનારા શ્રી ભુવનસુંદરસૂરિ થયા. ॥ ૯ ॥

विषममहाविद्यान-द्विडम्बनाब्धौ तरीव वृत्तिर्यैः ॥
विदधे यज्ज्ञाननिधिं, मदादिशिष्या उपाजीवन् ॥ १० ॥

અર્થઃ-જેમણે વિષમ મહાવિદ્યાના અજ્ઞાનથી વિડંબણા રૂપ સમુદ્રમાં પડેલા લોકોને નાવ સમાન એવી મહા વિદ્યાવૃત્તિ કરી, અને જેમના જ્ઞાનનિધિ પ્રત્યે મ્હારા જેવા શિષ્યો પોતાનો નિર્વાહ કરી રહ્યા. ॥ ૧૦ ॥

एकाङ्गा अप्येकादशाङ्गिनश्च जिनसुन्दराचार्याः ॥
निर्ग्रन्था ग्रन्थकृतः, श्रीमज्जिनकीर्तिगुरवश्च ॥ ११ ॥

અર્થઃ-ચોથા એક અંગ (શરીર) ધારણ કરનાર છતાં પણ અગીઆર અંગ (સૂત્ર) ધારણ કરનારા શ્રી જિનસુંદર સૂરિ તથા પાંચમા નર્ગ્રંથ (ગ્રંથ) (પરિગ્રહ વિનાના) છતાં પણ ગ્રંથ રચના કરનારા એવા શ્રી જિનકીર્તિ ગુરૂ થયા. ॥ ૧૧ ॥

एषां श्रीसुगुरूणां, प्रसादतःषट्खातिथिमिते (१५०६) वर्षे ॥
श्राद्धविधिसूत्रवृत्तिं, व्यधित श्रीरत्नशेखरःसूरिः ॥ १२ ॥

અર્થઃ–શ્રી રત્નશેખરસૂરિએ ઉપર કહેલા શ્રીગુરૂઓના પ્રસાદથી વિક્રમ સંવત્ ૧૫૦૬ માં શ્રાદ્ધવિધિ સૂત્રની વૃત્તિ કરી. ॥ ૧૨ ॥

अत्र गुणसत्रविज्ञावतंसजिनहंसगणिवरप्रमुखैः ॥
शोधन लिखनादिविधौ, व्यधायि सांनिध्यमुद्युक्तैः ॥ १३ ॥

અર્થઃ–પરમ ગુણવંત અને વિદ્વદ્રત્ન શ્રી જિનહંસગણિ પ્રમુખ વિદ્વાનોએ આ ગ્રંથ રચતાં શોધતાં લખવા વગેરે કાર્યમાં પરિશ્રમ લઈ સાહાય્ય કરી. ॥ ૧૩ ॥

विधिवैविध्या च्छ्रुतगत-नैयत्यादर्शनाच्च यत्किंचित् ॥
अत्रोत्सूत्रमसूत्र्यत, तन्मिथ्यादुष्कृतं मेऽस्तु ॥ १४ ॥

અર્થઃ–વિધિ નાના પ્રકારના હોવાથી તથા સિદ્ધાંતમાં રહેલી નિશ્ચય વાતને નહિ દેખવાથી આ ગ્રંથમાં મેં જે કાંઈ ઉત્સૂત્ર રચના કરી હોય, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ॥ ૧૪ ॥

विधिकौमुदीति नाम्न्यां, वृत्तावस्यां विलोकितैर्वर्णैः ॥
श्लोकाः सहस्रषट्कं, सप्तशती चैकषष्ट्यधिका ॥ १५ ॥

અર્થઃ–વિધિકૌમુદી નામની આ વૃત્તિમાં અક્ષરે અક્ષરની સંખ્યા કરતાં આ ગ્રંથની શ્લોક સંખ્યા ૬૭૬૧ થાય છે. ॥ ૧૫ ॥

श्राद्धहितार्थं विहिता, श्राद्धविधिप्रकरणस्थसूत्रयुता ॥
वृत्तिरियं चिरसमयं, जयताज्जयदायिनी कृतिनाम् ॥ १६ ॥

અર્થઃ–શ્રાદ્ધવિધિ નામના મૂળગ્રંથ સહિત તેની આવૃત્તિ મેં શ્રાવકના હિતાર્થે રચી. તે (વૃત્તિ) કુશલ પુરૂષોને જય આપનારી થઇ ચિરકાળ જયવંતી વર્તો. ॥ ૧૬ ॥

સમાપ્ત.

રા. રા. ભગુભાઇ કેતેહચંદકૃત પુસ્તકો.

લંગડો જરવાસ.	૦—૮—૦
કુમુદા.	૦—૧૨—૦
નળાખ્યાન.	૦—૫—૦
લંડનરાજ્યરહસ્ય.	૧—૮—૦
લંડનરહસ્ય....	૧—૪—૦
નસીબ અને ઉદ્યોગ	૦—૩—૦
સ્ટુડન્ટસ્ અંગ્રેજી–ગુ. ડિક્ષનેરી.	૩—૦—૦
,, ગુજરાતી અં. ,, ...	૩—૮—૦
સ્ટાર અંગ્રેજી ગુ. ડિક્ષનેરી.	૦—૧૦—૦
,, ગુજરાતી અં. ,, ...	(છપાય છે)
સૅલ્ફ ઈંગ્લીશ ઇન્સ્ટ્રકટર	૧—૪—૦

સ્વામી વિવેકાનંદકૃત વ્યાખ્યાનમાળા.

સનાતન હિંદુધર્મ...	૦—૧—૦
કર્મયોગ	૦—૧૨—૦
રાજયોગ	૧—૪—૦
ભક્તિયોગ (છપાય છે.)	૦—૧૦—૦
જ્ઞાનયોગ (,,)	૧—૮—૦

અપૂર્વક ઐતિહાસિક પુસ્તક.

ટૉડરાજસ્થાન (છપાય છે) ... ... ૧૦—૦—૦

મળવાનું ઠેકાણું:—

જૈનપત્રની ઓફીસ.

અમદાવાદ.

શ્રી "જૈન" પ્રિન્ટિંગ પ્રેસ—